# શ્રી મહાવીર ચરિત્ર



પ્રસિદ્ધકર્તા

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

શેઠશ્રી માણેકચંદ જેચંદભાઇ ગ્રંથમાળા નં. ૧ લો.

શ્રી ગુણચંદ ગણિકૃત

# શ્રી-મહાવીર-ચરિત્ર.

( જેમાં પ્રભુના સતાવીશ ભવો, દેવ મનુષ્ય અને તિર્યંચે કરેલ ઉપસર્ગો, જન્મ મહોત્સવ, કલ્યાણકોનું વિસ્તારપૂર્વક વર્ણન, પ્રભુની અપૂર્વ દેશના સાથે આવેલ બોધપ્રદ રસિક કથાઓ આપવામાં આવેલ છે. )



શેઠશ્રી માણેકચંદ જેચંદભાઇએ આપેલી આર્થિક
સહાયવડે

પ્રસિદ્ધકર્ત્તા

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

વીર સંવત ૨૪૬૪ આત્મ સંવત ૪૦ વિક્રમ સંવત ૧૯૯૪

શ્રી આત્માનંદ જૈન
ગ્રંથમાળા નંબર ૭૪

શાર્દૂલવિક્રીડિત છંદ.


वीरः सर्वसुरासुरेन्द्रमहितो वीरं बुधाः संश्रिता.
वीरेणाभिहतः स्वकर्मनिचयो वीराय नित्यं नमः ।
वीरात्तीर्थमिदं प्रवृत्तमतुलं वीरस्य घोरं तपो.
वीरे श्रीधृतिकीर्तिकान्तिनिचयः श्रीवीर ! भद्रं दिश ॥

**ભાવાર્થ**—જે સર્વ સુરેન્દ્ર તથા અસુરેન્દ્રોથી પૂજિત છે, જેનો વિદ્વાનોએ આશ્રય ગ્રહણ કર્યો છે, જેમણે પોતાનાં કર્મનો સમૂહ બિલકુલ નષ્ટ કર્યો છે, તે પ્રભુને હંમેશાં નમસ્કાર થાઓ. જેનાથકી આ અનુપમ તીર્થનો પ્રચાર થયો છે, જેમની તપશ્ચર્યા અતિ દુષ્કર છે અને જેમનામાં લક્ષ્મી, ધીરજ, કીર્તિ અને-કાન્તિ વિદ્યમાન છે એવા હે મહાવીર પ્રભો ! તમે અમને કલ્યાણ આપો.

મુદ્રક:—
શેઠ દેવચંદ દામજી
આનંદ પ્રેસ ભાવનગર.

ન્યાયામ્ભોનિધિ શ્રી ૧૦૦૮ શ્રી વિજયાનન્દ સૂરિ.

( પ્રસિદ્ધનામ શ્રીઆત્મારામજી મહારાજ. )



# પ્રસ્તાવના

વર્તમાનકાળમાં વિશ્વનો ઉદ્ધાર કરવાની શક્તિવાળા તીર્થંકર ભગવાન જેવા પરમ ઉપકારી મહાન પુરુષો મળી શકતા નથી, જેથી આ સમય માટે શાસ્ત્રકાર મહારાજે જિનબિંબ અને જિનાગમની ઉપાસનાથી મનુષ્યો પોતાનું કલ્યાણ સાધી શકે છે એમ જણાવેલ છે; અને એવા મહાન પુરુષોએ તેમના કાળમાં ભાવિ માટે આપેલ ઉપદેશ-સાહિત્યરૂપે તેઓ અમર થયા હોવાથી તે સાહિત્યની સેવાથી જ શ્રેય સાધી શકાય છે; એટલા માટે જિનાગમ-જૈન સાહિત્યના પ્રચારની આ કાળ માટે ઘણીજ અગત્ય છે. પ્રભુએ ઉપદેશેલા તે આગમો દુનિયાના કોઇપણ દર્શનના તત્ત્વજ્ઞાન કરતાં વિશેષે કરીને એકાંત સત્યપણે મુખ્યતા ભોગવે છે; તેથી એ સાહિત્યને જુદા જુદા દેશની ભાષાદ્વારા પ્રકટ કરાવીને જો મૂકવામાં આવે તો સમગ્ર રીતે તેની સુંદરમાં સુંદર અસર થયા સિવાય રહે નહિ, જેથી પ્રભુના તે ઉપદેશનો હાલ કાળમાં પ્રચાર કરીએ તો તે તીર્થંકર ભગવાનની જ ભક્તિ કરી લેખાય.

આજે જૈન સાહિત્ય છુટું છુટું ઘણું પ્રકટ થાય છે, પરંતુ મનુષ્ય જીવનને અસર કરી કલ્યાણ સાધી શકે તેવા સાહિત્યના પ્રકાશનની તો ઉણપ જ છે: એવા સાહિત્ય તરીકે આધ્યાત્મિક જીવન જીવી લોકકલ્યાણ કરી ગએલા, અહિંસા અને સત્યનો પાઠ દુનિયાના જીવોને આપી ગયેલા મહાપુરૂષોનાં જીવનચરિત્રનું સ્થાન ઘણું ઉંચુ અને મુખ્ય છે. જીવનચરિત્રના અવલોકન-મનનપૂર્વક વાંચનથી વાસ્તવિક રીતે જીવનની ઉંડી અસર મનુષ્યો ઉપર થાય છે અને તેમાંથી મનુષ્યોને અનેક બોધ મળતાં તે આત્મકલ્યાણના માર્ગો મેળવી શકે છે, અને અંતિમ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. એમ ધારી અમોએ વર્તમાન ચોવીશીનાં શ્રી ૨૨નેમનાથ પ્રભુ, શ્રી ૭સુપાર્શ્વનાથ પ્રભુ, શ્રી ૧૩વિમલનાથ પ્રભુ તથા શ્રી ૮ચંદ્રપ્રભુસ્વામીના વિસ્તારપૂર્વક...ચરિત્રો ગુજરાતી ભાષામાં અનુક્રમે પ્રકટ કરેલા છે, અને છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર પ્રભુનું આ સુંદર, રસિક અને નવીન જાણવા જેવી અનેક હકીકતોથી ભરપૂર ચરિત્ર પણ તેવાં અને નીચે જણાવેલા કારણોથી પ્રગટ કરીએ છીએ.

શ્રી મહાવીર ચરિત્ર ખાસ કરીને આચારાંગ સૂત્ર, સૂત્રકૃતાંગ સૂત્ર, ભગવતી સૂત્ર, કલ્પસૂત્ર અને આવશ્યક નિર્યુક્તિ એ આગમોમાં તથા શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષચરિત્ર વગેરે ગ્રંથોમાં પૂર્વાચાર્યોએ વિદ્વત્તાપૂર્ણ, રસિક અને સુંદર લખેલા આપણા જ્ઞાનભંડારમાં મોજુદ હોવા છતાં, અત્યારની લોકરૂચીને અનુકૂળ થઇ પડે, અને જૈન કે જૈનેતર કોઇપણ મનુષ્ય તેનો સ્વીકાર કરી શકે તેવા ચરિત્રની ખોટ હજી પુરી પડી નથી

તેમજ જૈન અને જૈનેતર વિદ્વાનો તથા પૂર્વ અને પાશ્ચિમાત્ય દર્શનશાસ્ત્રના અભ્યાસીઓ તેવા જીવનચરિત્રની તો હજુ માગણી પણ કરી રહ્યા છે. જીવનચરિત્રનો ગ્રંથ સંપૂર્ણ અને ઐતિહાસિક તેમજ બીજી હકીકતથી પૂર્ણ હોય તો જ તે જીવન ઉપર અસર કરી શકે છે; પરંતુ તેને માટેની સર્વ સામગ્રી સાથે અસાધારણ વિદ્વાનોથી તૈયાર કરવાનો પ્રયત્ન શરૂ ન થાય ત્યાં સુધી તેની રાહ જોઈ બેસી ન રહેવાય, પરંતુ નાના કે મોટા કોઇપણ જાતના શ્રી તીર્થંકર ચરિત્રો પૂર્વાચાર્યકૃત લોકભોગ્ય ભાષામાં પ્રકાશિત કરવા તરફ આપણે જરૂર ધ્યાન આપવું જ જોઇએ. આ વસ્તુ તરફ સભાનું લક્ષ ઘણા વખતથી ગયેલ હોવાથી બીજો સવિશેષ પ્રયત્ન ન થાય ત્યાં સુધી આવી રીતે શ્રી પૂર્વાચાર્યકૃત તીર્થંકર ચરિત્રો પ્રકટ કરવાનું કાર્ય શરૂ રાખેલ છે, જે ઉપર જણાવેલ છે. દરમ્યાન પ્રાતઃસ્મરણીય **શ્રી હંસવિજયજી મહારાજ** તથા પન્યાસજી **શ્રી સંપત્તવિજયજી** મહારાજશ્રીને વાંદવા આ સભાના સેક્રેટરી પાટણ ગયા હતા, તે વખતે આ શ્રી ગુણચંદ્ર ગણિકૃત શ્રી **મહાવીર ચરિત્ર** કે જે સુંદર, સરલ, અને બીજાં લભ્ય અને વગર પ્રકાશિત ચરિત્ર કરતાં વિસ્તારપૂર્વક હોવાથી તેનું ગુજરાતી ભાષાંતર કરાવી સભા તરફથી પ્રકાશિત કરવા તે પૂજ્ય ગુરૂઓએ આજ્ઞા કરી, જેથી આ સભાએ તે પ્રયત્ન શરૂ કર્યો. જે સંપૂર્ણ થતાં આ સભાને ઘણો જ આનંદ થાય છે. જે માટે તે પૂજ્ય મહાત્માઓનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી.

---

આ જીવ સંયોગવશાત્ કઇ સ્થિતિએ પહોંચે છે, કેવા કેવા સુખદુઃખ અનુભવે છે, ઉન્નતિ-જીવનવિકાસના માર્ગમાં આવ્યા છતાં કેવી રીતે અધઃપતનના ઉંડા ખાડામાં પટકાઇ જાય છે અને પછી કેટલો પુરૂષાર્થ અને કેવું અપૂર્વ વીર્ય ફોરવી સંપૂર્ણ ઉન્નતિના શિખરે પહોંચે છે, એના દૃષ્ટાંતો જગતમાં બહુજ વિરલ હોય છે, એ દૃષ્ટાંત **શ્રી મહાવીર પ્રભુનું** મુખ્ય અદ્ભુત અને આબેહુબ છે. **નયસારના** ભવથી તીર્થંકરપણું પ્રાપ્ત કર્યું ત્યાં સુધીના દરેક મુખ્ય ભવો–પ્રસંગો આ ચરિત્રમાંથી મનનપૂર્વક વાંચવાથી આત્માને આલ્હાદ ઉત્પન્ન થાય છે.

ભગવાન **મહાવીરનો** જીવ એક વખત સામાન્ય સ્થિતિએથી અસામાન્ય સ્થિતિએ પહોંચે છે, જો ત્યાં અમુક પ્રસંગો ન બન્યા હોત તો ત્યાં જ, તે ભવેજ આત્મા સંપૂર્ણ વિકાસે પહોંચત, પરંતુ ભાવિભાવ બળવાન અને જે બનવાનું હોય તે મિથ્યા થતું નથી. તેમજ એ કર્મ સિદ્ધાંત કે વિધિનું વિધાન ફરી શકતું નથી, તેથી મરીચિના ભવથી પતનની શરૂઆત થાય છે. એ પતન કેવું આકરૂં, ભયંકર અને ભિષણ હતું તે આ ચરિત્રમાં પ્રભુના જીવનના એકએક પ્રસંગો વાંચતાં રોમાંચ ખડા થાય છે, અને અમુક પ્રસંગો એવા છે કે તે માટે હૃદય દ્રવ્યા વગર રહેતું નથી. આ ચોવીસીના કોઇપણ તીર્થંકર દેવોને શ્રી મહાવીર પ્રભુના આત્મા જેવા ઉપસર્ગો થયા નથી તેમજ ભૂતકાળમાં પતન થયેલું નથી.

સંસારમાં અનેક જીવો જન્મે છે, અને મરણ પામે છે. તે તો ક્રમ છે, તેનો ઉહાપોહ પણ હોતો નથી. પરંતુ વિપત્તિના પહાડ તૂટી પડયા હોય, મરણાંત કષ્ટો, ઉપસર્ગો એક પછી એક આવતા હોય અને એક વખત ઉન્નતિના શિખરે ગયા પછી અધઃપતનના

ઊંડા ખાડામાં પડવું પડ્યું હોય છતાં હિંમતપૂર્વક, ગૌરવપણે ને અડગ રીતે કોઇની પણ દયાની ભિક્ષા માગ્યા સિવાય, દેવતા કે ઈંદ્રની સહાયની અપેક્ષા રાખ્યા વગર, આર્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાન કર્યા સિવાય, ઉપસર્ગ કરનાર પાપી મનુષ્યો ઉપર પણ અનુકંપા ચિંતવી, પોતે પૂર્વે કરેલા કર્મના ફળ સમજી, તેને બહાદુરીથી ભોગવી-તોડી બાળી ભસ્મ કરી, ઉન્નત અને દિવ્ય જીવન જીવી, સંસારના અનેક પ્રાણીઓનું કલ્યાણ કરી મોક્ષમાં પધાર્યા છે. એવું મહાન અને પ્રભાવશાળી જીવન શ્રી મહાવીર પ્રભુનું છે. આવી રીતે પોતાના આત્માનો સંપૂર્ણ વિકાસ સાધી ઉન્નતિના શિખરે ચડનાર જીવો જ મહાપુરૂષ અને જગતવંદનીય બને છે. ભગવાન **મહાવીર** સ્વામી એ જ કોટીના મહાન પુરૂષ છે. અને તેઓશ્રીનું આ ચરિત્ર શ્રદ્ધાપૂર્વક વાંચતા દરેક આત્માને તેમના પ્રત્યે પરમપૂજ્ય પરમાત્મ ભાવ પ્રગટ થાય છે.

શ્રી મહાવીર દેવના આ ચરિત્રમાં પ્રથમ નયસારના ભવથી ચરિત્ર શરૂ થાય છે, કે જે નયસારને સમ્યકત્ત્વ પ્રાપ્તિ થાય છે, પછી શ્રી આદિનાથ પ્રભુના વખતમાં તેમના પુત્ર ભરત મહારાજના પુત્ર મરીચિ તરીકે તેઓ જન્મે છે. જ્યાં નિકાચિત-નીચ ગૌત્રનું ઉપાર્જન કરે છે, અહિંથી અધ:પતનની શરૂઆત થાય છે. તે પતન ત્યાથી ન અટકતાં સમકત નાશ અને શુમાર વગરના સંસાર વૃદ્ધિની શરૂઆત થાય છે. મરિચિ, કૌશિક, પુષ્પમિત્ર, અગન્યુદ્યોત અને અગ્નિભૂતિ, ભારદ્વાજ અને સ્થાવર આ મુખ્ય છ ભવોમાં, ભિક્ષુકુળમાં જન્મ. દારિદ્રયપૂર્ણ જીવન અને મિથ્યાત્વધર્મનો ઉદય થાય છે. ઘણાં ભવોમાં ફરી અજ્ઞાન કષ્ટ, તપો વગેરે ત્યા કરે છે. વચ્ચે વચ્ચે દેવભવ પણ પ્રાપ્ત થાય છે. અંતે ઘણા ભવ ભમ્યા પછી પૂર્વપુણ્ય ઉદયે રાજગૃહીના યુવરાજ. વિશાખાભૂતિના પુત્ર, વિશ્વભૂતિ તરીકે મરીચિનો જીવ જન્મ લે છે. અહીં રાજકુળ પ્રાપ્ત થાય છે. અને રાજપાટ છોડી સંયમ લે છે ત્યાં ચારિત્રબળે ખુબ ત્યાગ અને ઘોર તપશ્ચર્યા આદરે છે, અને વિશુદ્ધ ચારિત્રથી આત્માને શુદ્ધ કરી ફરી સમ્યક્દર્શનથી પોતાના આત્માને સુવાસિત બનાવે છે. પરંતુ ઐહિક સુખની લાલસાએ અહીં નિયાણું બાંધી ચારિત્રને પાણીના મૂલ્યે વેચે છે. નિયાણાવડે ત્રિપૃષ્ઠ વાસુદેવ થાય છે, અને શય્યાપાલકના કાનમાં સીસું રેડાવે છે. અને નવું અશુભ કર્મ ઉપાર્જન કરે છે. જેનો ઉદય શ્રી તીર્થંકર ભવમાં થતા તે કાનમાં ખીલા ભોકાતા અસાધ્યવેદના શાંત રીતે ભોગવી છૂટે છે. તે ભવ પછી મહાવિદેહમાં ચક્રવર્તિપણે જન્મે છે, ત્યાં સંસારત્યાગ કરી કર્મોને ખપાવે છે અને તેમના આત્માને સાધક દશામાં તે વડે લાવી મૂકે છે. અને દેવતા સિવાય તીર્થંકરના ભવ સુધી ચારિત્રનો ઉદય થયા કરે છે. મહાશુક્ર દેવલોકમાં દેવ આયુ પુરૂં કરી છત્રા નગરીમાં નંદ નામે રાજપુત્રપણે જન્મે છે કે જ્યાં સંજમ લઇ વિશસ્થાનક તપનું આરાધન કરી, તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. ત્યાંથી દસમા દેવલોકમાં જઇ ચોવીશમા છેલ્લા તીર્થંકરપણે ( છેલ્લો ભવ કરે છે ) ક્ષત્રિયકુંડ નગરમાં શ્રી સીધાર્થ રાજાને ત્યાં તેમની રાણી શ્રી ત્રીશલારાણીની કૂક્ષીમાં

પુત્રપણે જન્મે છે. તે જ ભવમાં પણ પૂર્વે મરીચિના ભવમાં નીચ ગોત્રકર્મ ઉપાર્જન કરેલ તે ઉદય આવવાથી પ્રથમ દેવાનંદા બ્રાહ્મણીનાં ગર્ભમાં ૮૨ દિવસ રહે છે, પછી હરણગમેષિ દેવદ્વારા ગર્ભનું હરણ થતાં ત્રિશલા માતાની કુક્ષીમાં આવે છે. ત્યાં તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામી જન્મે છે. પછી સંજમ લે છે, કેવળજ્ઞાન પામે છે. આ ભવમાં અનેક ઉપસર્ગો ઉત્પન્ન થાય છે, તે સહન કરી છેવટે કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરી અનેક જીવોનું કલ્યાણ કરી મોક્ષ પામે છે. આ આખું ચરિત્ર શ્રદ્ધા અને મનન-પૂર્વક વાંચનાર પોતાનાં આત્માને ઉજ્જવલ અને પવિત્ર બનાવી શકે છે અને મહાવીર પણ બની શકે છે.

મહાવીર બનનારે આવા ચરિત્રો વાંચી કેવી યોગ્યતા મેળવી જોઇએ, કેવી ક્ષમા, સહનશીલતા, ઉદારતા, અનુકંપા, મહાનુભાવતા કેળવવી જોઇએ એનું જીવતુંજાગતું દૃષ્ટાંત આ **મહાવીર પ્રભુનું** ચરિત્ર પુરૂં પાડે છે. બધા તીર્થંકરો પૂજ્ય, દેવાધિદેવ, જગત-ઉદ્ધારક અને ઉપકારક ખરા, કર્મશત્રુને સંપૂર્ણપણે જીતનારા ખરા પરંતુ **શ્રી મહાવીર પ્રભુના** જીવનમાંથી જે આદર્શો, માતપિતાની ભક્તિ, બંધુપ્રેમ, ક્ષમા વગેરે અપૂર્વ ગુણો આપણને મળે છે; એવા અન્યત્ર ભાગ્યે જ મળે છે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુના મોક્ષમાં ગયા પછી કેટલાક વર્ષ પછી જ્યારે જગતમાં ધર્મને નામે હિંસા થતી હતી, જગતમાં મિથ્યાત્વરૂપી અંધકાર વ્યાપિ રહ્યો હતો, મનુષ્યમાત્રોની કલ્યાણ-ભાવના મંદ થઇ હતી, ધર્મને નામે કલેશ અને મિથ્યાત્વનો પ્રચાર થઇ રહ્યો હતો, અને જ્યારે એક દિવ્ય પુરૂષની જગતને જરૂર હતી, તે વખતે જ **શ્રી મહાવીર** પ્રભુનો જન્મ થયો. પોતાના જીવનમાં જીવદયાનો ઝંડો ફરકાવ્યો. મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કર્યો. વીરતાથી, અજોડ પરાક્રમથી કર્મસમુચ્ચયના બંધનો મૂળમાંથી વિદારી આત્મલક્ષ્મીનો સાક્ષાત્કાર કર્યો: દુનીયાના સકળ જંતુઓને કલ્યાણનો માર્ગ ઉપદેશ્યો—દેખાડ્યો અને સ્યાદ્વાદનો અમૂલ્ય સિદ્ધાંત જગતને આપ્યો અને કલેશ, અધર્મ, અને વિખવાદોના વિષ ભર્યા વાતાવરણ-માંથી જગતે છુટકારોનો દમ ખેંચ્યો. એવા મહાન પુરૂષના ચરિત્રનું અનુકરણ અને તેમના ઉપદેશેલા માર્ગે ચાલવાથી મનુષ્યો મહાન પુરૂષ બને છે. આવા ચરિત્રો પ્રકટ કરવાનો હેતુ પણ અમારો તે હોવાથી આ ચરિત્ર પ્રકટ કરીએ છીએ. જેથી દરેક પ્રાણી તેનું શ્રદ્ધા પુર્વક વાંચન કરી, તે માર્ગે ચાલી અંતિમ શ્રી મહાવીર પ્રભુ બને એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ


શ્રી વીરપ્રભુના સતાવીશ ભવમાં બનેલા અનેક બનાવો જાણવા જેવાં છે. અને આ ગ્રંથમાં જેટલા વિસ્તારથી આપેલા છે તેટલાં બીજે મળતાં નથી. આ ગ્રંથના મૂળ કર્તા શ્રી ગુણચંદ્રગણિ મહારાજે આ ચરિત્રમાં જેટલું વર્ણન વિસ્તારથી કર્યું છે તેવું જાણવા પ્રમાણે અન્ય ચરિત્રોમાં તેટલા પુરતું નથી; તેમજ અન્ય પૂર્વાચાર્ય મહારાજે રચેલા જીવનચરિત્ર કરતાં આ કૃતિ ઘણી વિસ્તારપૂર્વક અને બધાં કરતાં વિશેષ વર્ણનયુક્ત સરલ અને સુંદર છે એમ સ્વર્ગવાસી મહાત્મા શ્રી **હંસવિજયજી** મહારાજનું કથન હતું.

જેમ આ સુંદર શ્રી મહાવીર ચરિત્ર પ્રકટ કરવાની મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજે આજ્ઞા કરી, તેમ આવા ઉત્તમ ચરિત્ર સાથે કોઇ પુણ્યશાળી બંધુનું નામ ગ્રંથમાળા તરીકે જોડાય તો તે સુમેળ થયો ગણાય, તેમ સભાની ઇચ્છા હતી.

શાંતમૂર્ત્તિ મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજ.



પંન્યાસજી શ્રી સંપતવિજયજી મહારાજ.



જેમની કૃપા અને આજ્ઞાવડે આ ગ્રંથ પ્રગટ થયેલ છે.

આનંદ પ્રેસ-ભાવનગર.

દરમ્યાન આ સભાના પ્રમુખશ્રી અને સેક્રેટરીએ શેઠ માણેકચંદભાઇને તે હકીકત જણાવી જેથી શેઠ માણેકચંદ ભાઇએ સભાના કાર્ય માટે અંતઃકરણપૂર્વક પ્રશંસા કરી, અને જણાવ્યું કે " સારામાં સારૂં હિંદમાં પ્રથમ દરજ્જે આ સભા કાર્ય કરે છે, તે હું જોઇ રહ્યો છું.અને તે માટે માન અને સભા ઉપર પ્રેમ છે. તેથી જ તીર્થંકર ભગવાનના આ ચરિત્રમાં પ્રગટ થાય તેમાં હું પ્રભુની અને જ્ઞાનની ભક્તિ માનું છું. અને સભાના સભ્ય તરીકે સહાય આપવાનું મારૂં કર્તવ્ય માનું છું " તેમ કહી સભાને આ ગ્રંથ પ્રકટ કરવા એક રકમ ધારા પ્રમાણે આપી.

આ ગ્રંથનું તૈયાર થયેલ સાત પ્રસ્તાવનું ભાષાંતર પ્રથમ મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજે અને પાછળનું પંન્યાસજી શ્રી સંપત્તવિજયજી મહારાજે તપાસ્યું હતું, અને આ ગ્રંથ પૂરો છપાતાં પહેલાં બંને પૂજ્ય મહાત્માઓનો સ્વર્ગવાસ થયેલો હોવાથી સભાને તે ખેદનો વિષય છે. છતાં તેઓની સંપૂર્ણ કૃપાવડે આ ચરિત્ર પ્રકટ થયેલું હોવાથી સભા તે માટે આનંદ પામે છે.

શ્રી મહાવીર સ્વામી પછી તેમની પાટે ઉત્તરોત્તર વજ્રસ્વામી થયા. તેમની શાખામાં અને ચંદ્રનામના કુળમાં શ્રી વર્ધમાન નામના મુનિંદ્ર થયા. તેમને બે શિષ્યો શ્રી જિનેશ્વરસુરિ અને બુદ્ધિસાગરસુરિ થયા. તેમના શ્રી જિનચંદ્રસુરિ અને બીજા અભયદેવસુરિ નામના બે શિષ્ય થયા કે જેમણે નવાંગવૃત્તિ રચી હતી. તેમના શિષ્ય શ્રી પ્રસન્નચંદ્રસુરિ થયા. તેમની આજ્ઞાથી શ્રી સુમતિવાચકના લઘુ શિષ્ય શ્રી ગુણચંદ્રગણીએ આ ચરિત્ર ૧૨૦૨૫ શ્લોક પ્રમાણે પ્રાકૃત ભાષામાં રચેલ જેનું આ ગુજરાતી ભાષાંતર છે. આ ગ્રંથની પ્રશસ્તિમાં નીચે પ્રમાણે હકીકત પણ છે.

કપડવંજના રહીશ શ્રેષ્ઠી ગોવરધન અને તેને સોઢી નામની સ્ત્રી હતી. તેમને ચાર પુત્રો હતા. તેમના છેલ્લા પુત્ર નન્નય ને સાવિત્રી નામની ભાર્યાથી ગોપાદિત્ય અને કપર્દી નામના બે પુત્રો થયા. ગોવરધન શ્રેષ્ઠીના ત્રીજા પુત્ર જજ્જણાગને સુંદરી નામની ભાર્યા હતી. તેને શિષ્ટ અને વીર નામના બે પુત્રો હતા, જેમણે સર્વ આગમોના પુસ્તકો લખાવી અજ્ઞાન જનોની જ્ઞાનરૂપી તૃષા છીપાવી હતી. તેમણે તીર્થંકરોની પરમ ભક્તિને વહન કરનારૂં અને મુગ્ધ જનોને બોધ કરનારૂં આ શ્રી મહાવીર ચરિત્ર સંવત ૧૧૯૩ ની સાલમાં છત્રાવલી નગરીમાં મુનિ અંગેશ્વરના ઘરમાં રહીને રચાવેલું છે, કે જે ત્યારપછી માધવ નામના લહીયાએ લખ્યું છે. તે સાલના જેઠ શુદ ૩ ને સોમવારે લખી સંપૂર્ણ કર્યું છે.

આ ગ્રંથની શુદ્ધિ માટે યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવ્યો છે. છતાં ભાષાંતરમાં કે છાપકામમાં દ્રષ્ટિદોષ, પ્રેસદોષ વગેરેને લઇને કોઇપણ સ્થળે સ્ખલના જણાય તો ક્ષમા માગીએ છીએ, અને અમોને જણાવવા નમ્ર સૂચના કરીએ છીએ.

વીર સંવત ૨૪૬૫.
સંવત ૧૯૯૪ ના
શ્રી મહાવીર જન્મદિન
( ચૈત્ર શુદ ૧૩ )

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.

ભાવનગર.

# લાઈફ મેમ્બર.

**આ સભાનાં થનારાં લાઇફમેમ્બર સાહેબોને થતા અપૂર્વ ગ્રંથોનો લાભ.**

કોઈપણ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન આ સભામાં સભાસદ તરીકે દાખલ થઈ શકે છે.

એક સાથે રૂા. ૫૦૦) આપનાર ગૃહસ્થ આ સભાના પેટ્રન (માનવંતા મુરબ્બી) થઈ શકે છે. તેઓશ્રીને સીરીઝમાં હોય તે ધારા પ્રમાણે આગલા તથા તે પછી છપાતા કોઇ પણ ગ્રંથ અને માસિક ભેટ આપવામાં આવે છે.

એક સાથે રૂા ૧૦૦) આપનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકે છે.

એક સાથે રૂા. ૫૦) આપનાર બીજા વર્ગના લાઇફ મેમ્બર થઇ શકે છે.

જૈન લાઇબ્રેરી, શાળા કે સંસ્થા મેમ્બર તરીકે રજીસ્ટર્ડ થવા માગે તો રૂા. ૫૦) ભરવાથી બીજા વર્ગના લાઈફમેમ્બરોના હક્કો ભોગવી શકશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને સભા તરફથી પ્રગટ તથા પુસ્તકની એક એક નકલ તથા આત્માનંદ પ્રકાશ માસિક તેમની જિંદગી સુધી ભેટ આપવામાં આવશે.

બીજા વર્ગના લાઈફ મેમ્બરોને સભા તરફથી પ્રકાશિત થતા બે રૂપીઆની કિંમત સુધીના દરેક ગ્રંથની એક એક નકલ ભેટ આપવામાં આવશે. ઉપરાંતની કિંમત લઈ ભેટ મળી શકે છે, તેમજ આત્માનંદ પ્રકાશ માસિક પણ તેમની જિંદગી સુધી ભેટ આપવામાં આવે છે.

---

## શ્રી ઉપયોગી વાંચનમાળાની યોજના.

**અમારું સીરીઝ ગ્રંથમાળા ખાતું.**

એક હજાર કે તેથી વિશેષ રકમ આપનાર જૈન બંધુઓ કે બ્હેનોના નામે ઉત્તરોત્તર અનેક ગ્રંથો પ્રકટ કરી જ્ઞાનોદ્ધાર યાને જ્ઞાનભક્તિનું કાર્ય, સભા, ( સાથે તે રકમ આપનાર પણ અનેક બંધુઓ તેનો લાભ લઈ ) કરી રહેલ છે. સાથે અનેક સાહિત્યના ગ્રંથોનો પણ ( કંઈપણ બદલો લીધા વગર ) લાભ મળી રહેલ છે તે રીતે કોઇ પણ સંસ્થા કરી શકેલ નથી જે સાહિત્યરસિક સર્વ બંધુઓ જાણે છે.

અત્યારસુધી અનેક જૈન બંધુઓ તેવી રકમ સભાને સુપ્રત કરી પોતાના નામથી ગ્રંથમાળા પ્રકટ કરાવી જ્ઞાનભકિત કરી રહેલ છે, તેનું શુભ અનુકરણ કરી હાલમાં **શ્રીમતી કસ્તુર બ્હેને** પણ એક રકમ તે માટે ( શ્રી ઉપયોગી સીરીઝ પ્રગટ કરવા ) આ સભાને સુપ્રત કરેલ છે; તેમાંથી ઉત્તરોત્તર શ્રી ઉપયોગી ( સતી ચરિત્રો, શ્રી ઉપયોગી વિષયોના ) ગ્રંથો પ્રગટ કરવાનું આ સભાએ શરૂ કરેલ છે. તેવી રીતે અન્ય બ્હેનોએ પણ જ્ઞાનભકિત અને ઉદ્ધાર કરી લાભ લેવાનો છે. સીરીઝના ધારાધોરણ બીજા પેજ ઉપર છે, આ લાભ દરેક જૈનબંધુઓ અને બ્હેનોએ લેવા જેવો છે.

સ્વર્ગવાસી આપ્તજનોના સ્મરણાર્થે ને ભકિત સાથે જ્ઞાનની સેવા કરવાનું ને સ્મરણ સાચવવાનું આ અમૂલ્ય સાધન છે—અમરનામ કરવાનું પણ સાધન છે.

કોઈ પણ સ્થળે પૂરતી ખાત્રી કર્યા સિવાય લખાણ કે બીજાથી લલચાઈને રકમ આપતાં પહેલાં અવશ્ય વિચારવાનું છે. **શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

# શેઠ માણેકચંદ જેચંદભાઈની જીવનરેખા.

કોઇપણ મનુષ્ય પોતાના જીવનમાં કરેલ શુભ કાર્યો, ધાર્મિક પ્રવૃત્તિઓ અને સરલ હ્રદયથી પુણ્યશાળી કહેવાય છે. આજે આપણે જેમનું જીવનવૃત્તાંત આપીએ છીએ, તેમની અત્યારના વ્યવહારમાં પ્રવૃતિ, દયા, દેવગુરુ ધર્મ પરની શ્રદ્ધા, દાનવીરપણું, સરલ હ્રદય, કીર્તિની અભિલાષા વગરના સખાવતો, એવી શુભ પ્રવૃત્તિથી મળેલ લક્ષ્મીનો ક્રમે ક્રમે સદ્વ્યય કરી મનુષ્ય જન્મનું સાર્થક કરી રહેલ છે આવા સરલ અને સાદું જીવન જીવનાર મનુષ્યની પ્રવૃત્તિ અનુકરણીય હોઇ જીવનરેખા લખાય તે આવશ્યક વસ્તુ છે. કોઇપણ મનુષ્યના જીવન-ચરિત્રનું નિરૂપણ કરવા માટે તે મનુષ્યની દરેક માનસિક વૃત્તિનું પણ નિરૂપણ કરવું પડે છે. આદતના સમુચ્ચયને સામાન્ય રીતે ચારિત્ર કહેવામાં આવે છે. આદત તે દ્રઢ સંસ્કાર અને જીવનની પ્રવૃત્તિઓનું સ્વરૂપ ધારણ કરી લે છે.

પ્રવૃત્તિ અને સંસ્કાર તે પૂર્વજન્મના કર્મો સાથે સંબંધ ધરાવે છે, તેથી તે અવસરે કાર્યરૂપમાં પ્રણિત થાય છે. પ્રવૃત્તિના બે પ્રકાર છે- એક તો જન્મથી પડેલા અને બીજી જીવનમાં ઉપદેશ, વાંચન વગેરેથી પ્રાપ્ત થયેલી. જીવનમાં સંસ્કાર દ્વારા ઉદયકાળે પ્રાપ્ત થયેલા ઉપાર્જિત પ્રવૃત્તિ છે. સંસ્કારજનિત પ્રવૃત્તિઓ પૂર્વ પૂણ્યથી ઉદયમાં આવેલી મનુષ્યોને દેવ, ગુરુ, ધર્મ ઉપર શ્રદ્ધા કરાવી સત્કાર્યો-પુણ્યકાર્યો-દયા-દાન વગેરે તરફ આત્માને પ્રેરે છે. ચરિત્રનાયક શ્રી માણેકચંદભાઇ આવી રીતે જન્મથી ઉચ્ચ સંસ્કાર પામેલ હોવાથી તેમના જીવનના શુભ કાર્યો તેમને તે રીતે ઓળખાવે છે.

વિક્રમ સંવત ૧૯૪૫ ના ફાગણ શુદ ૧૫ ના રોજ ચંદ્રમા અને નક્ષત્રના શુભ યોગે ભાવનગર જૈન સમાજરૂપી ગગનમંડળમાં જૈનના એક પ્રકાશમાન તારાનો માતુશ્રી વજુબાઇની કુક્ષીએ ઉદય થયો. માતા વજુબાઇ અને પિતાશ્રી જેચંદભાઇ જુઠાભાઇના લાલનપાલન અને પૂર્વ-પૂણ્યથી તે બાળક વૃદ્ધિ પામવા લાગ્યો. અને તેમનું માણેકચંદ નામ આપવામાં આવ્યું. શિક્ષણ મેળવવાની યોગ્ય વય થતાં દરબારી સ્કુલમાં દાખલ થતાં ગુજરાતી છઠ્ઠા ધોરણ સુધી અને ઇંગ્લીશ પોતાના વ્યાપારમાં જોઇએ તે પુરતું શિક્ષણ લીધું; ત્યારબાદ યોગ્ય વયે સં. ૧૯૬૧ ની

સાલમાં પ્રથમ લગ્ન ઉમરાળા જસાણી કુટુંબના હરીચંદ ગીગાભાઇના સુપુત્રી દીવાળી બ્હેન વેરે થયું. પ્રારબ્ધયોગે દીવાળી બ્હેનથી સં. ૧૯૬૭ ના સાલમાં ચિ. મણીલાલનો અને સં. ૧૯૭૬ ની સાલમાં બીજા પુત્ર મનુભાઇનો જન્મ થયો. સિવાય સુપુત્રી જસકોર અને કંચન એ બે પુત્રીઓ થયા બાદ થોડા વખતમાં માંદગી ભોગવી સં. ૧૯૮૧ ના માગશર માસમાં દીવાળી બ્હેનનો સ્વર્ગવાસ થયો. તેવી સદ્‌ગુણી પત્નીનો સ્વર્ગવાસ થવાથી માણેકચંદભાઇને અત્યંત દુઃખ થયું. અને ભાવિભાવ બળવાન હોઇ તે વાત વિસારે પડતાં તેજ સાલના વૈશાક માસમાં ભાવનગર શેઠ હરજીવન ત્રાકમજીની સુપુત્રી શ્રીમતી શાંતાબ્હેન વેરે ફરી લગ્ન થયું, જેનાથી એક પુત્રની પ્રાપ્તિ થઇ.-

માણેકચંદભાઇની અભ્યાસ છોડ્યા પછી સુમારે પંદર વર્ષની ઉમરે વ્યાપારક્ષેત્રમા પડવાની ઇચ્છા થઇ. પૂર્વ સંસ્કારે બુદ્ધિબળ તો તે માટે તૈયાર હતું; જેથી રૂનો વેપાર શરૂ કર્યો, પરંતુ પ્રારબ્ધમાં પુણ્યયોગે લક્ષ્મીનો યોગ હોવાથી અને તે વડે જ્ઞાન-પુણ્યધર્મના શુભ કાર્યો અમુક તેઓના હાથે ભાવિમાં થવાના હોવાથી તે પુણ્યબળે મુંબઇ જેવા બ્યાપારના વિશાળ ક્ષેત્રમાં જવાની અને ત્યાં જઇ બ્યાપારવૃદ્ધિ કરવાની ઇચ્છા થઇ અને મુંબઇ જઇ વ્યાપારમાં ઝંપલાવ્યું. પૂર્વના લાભાંતર કર્મના ક્ષયોપશમથી લક્ષ્મીનો યોગ તૈયાર હતો. ક્ષેત્ર અને કાળની પારપકવતા થતાં લક્ષ્મી વધતી ચાલી. બીજા મનુષ્યોને જેમ લક્ષ્મી મળતાં જે ભોગ, ઉપભોગ અભિમાન, કુટેવો આવો પડે છે તેમ શ્રી માણેકચંદ ભાઇને ન બનતાં જૈન જેવા ઉત્તમ કુળમાં જન્મ સાથે ઉચ્ચ સંસ્કાર પણ વારસામાં હતા, તેથી દેવભકિત, અને ગુરુપદેશ ઉપર પ્રેમ હોવાથી તે વડે તેમનું માનસ દિવસે દિવસે દેવ ગુરુ ધર્મ ઉપર વિશેષ શ્રદ્ધાળુ થતું ગયું. દયા, સ્વામીવાત્સલ્ય, દેવભકિત, જ્ઞાનોદ્ધાર વગેરેના કાર્યો કરવાની દિવસાનુદિવસ અભિલાષા વધતી ગઇ. ( જે હકીકત અત્યાર સુધી પોતાના જીવનમાં નીચે જણાવેલ અનેક બાબતોમાં કરેલ સખાવતો જ આ તેમની જીવનરેખાને સત્ય સ્વરૂપમાં મૂકે છે. ) અત્યારે તેઓશ્રીની સુમારે પચાસ વર્ષની ઉમર થયેલ હોવા છતાં દર વર્ષે તેઓના તરફથી થતી સખાવતો, તેમાં થતી વૃદ્ધિથી તેમને જો દાનવીર પુરુષ કહેવામાં આવે તે યોગ્ય જ છે. કોઇ પણ મનુષ્ય તેમની પાસે ધાર્મિક કાર્ય માટે રકમ લેવા આવે, કોઇ સંસ્થા આર્થિક સહાય માટે જણાવે તો તે સમજી લઇ તેમને પોતાની ઇચ્છા અને સામાની વ્યાજબી જરૂરીયાત


જોઇ સહાય આપે છે. પોતે કરેલી સખાવતો માટે નથી કોઇ શરત કરતા, નથી માલેકીપણું માગતા, નથી ફરી તેની સામું જોવાપણું રાખતા, અને નથી કીર્તિની અભિલાષા માટે વિચાર કરતાં કે કહેરાવતાં; પરંતુ સરલ હૃદયે, નિરભિમાનપણે કીર્તિની અભિલાષા વગર જેઓને આર્થિક સહાય આપે છે તેઓને તેઓશ્રીના માટે માન ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે-"आकृतिः गुणान् कथयति।" તેઓની મુખમુદ્રા તેઓની ધર્મશ્રદ્ધા અને સરલ હૃદયની સાક્ષી પૂરે છે.

શ્રી માણેકચંદભાઇની જેમ જેમ ઉમરમાં વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ લક્ષ્મીની વિશેષ પ્રાપ્તિ, દાનપુણ્ય, સખાવત, અને ઉત્તમ કાર્યો વિશેષ કરતા રહે છે અને પુણ્યયોગે મળેલી સુકૃતની લક્ષ્મીનો સદ્વ્યય વિશેષ કરી પોતાના આત્માની ઉજ્જવળતા, યશપ્રાપ્તિ, અને મનુષ્ય જન્મનું સાર્થક કરી પુણ્યાનુબંધિપુણ્ય પ્રાપ્ત કરી રહ્યા છે. પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ કે તેઓ દીર્ઘાયુ થઇને સુખશાંતિપૂર્વક જીવન જીવી અને પુણ્ય-કાર્યો પોતાનામાં જીવન વિશેષવિશેષ ઉદારચિત્તે કરે અને વધતી જતી લક્ષ્મીવડે ધર્મ અને પુણ્યનો સંચય વધારે કરે.

અત્યાર સુધીમાં કરેલી મુખ્ય મુખ્ય સખાવતોની યાદી નીચે મુજબ છે.

૧૯૦૦) શ્રી જીવદયા જ્ઞાનપ્રચારક મંડળ. મુંબઇ.
૧૨૫૧) શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ. પાલીતાણા.
૧૦૦૦) શ્રી મંચર દવાખાનામાં બે હોલ માટે.
૫૦૦) કાર્તિકી પૂર્ણિમા ઉપર યાત્રિકોના જમણ માટે.
૫૦૭) શ્રી ભાવનગર આયંબિલ વર્ધમાન ખાતામાં.
૧૫૦૦) શ્રી યશોવિજય જૈન ગુરૂકુળ પાલીતાણા.
૧૨૫૧) શ્રી શંખેશ્વર નવી ધર્મશાળામાં ઓરડા ૧ ના.
૧૧૦૦) શ્રી જીવદયા ખાતામાં.
૧૩૦૭) શ્રી જૈન ભોજનશાળા. મુંબઇ.
૧૦૦૦) આ ગ્રંથ સીરીઝ તરીકે પ્રગટ કરવા સાહિત્ય ઉદ્ધાર માટે.
૧૧૦૦૦) શ્રી કદંબગિરિ તીર્થે એક નવા જિનાલયમાં મૂળનાયકજીની પ્રતિષ્ઠા માટે.
૧૦૦૦) શ્રી ભાવનગર જૈન ભોજનશાળાને.

નાની સખાવતો જુદી છે.



ॐ અર્હં નમઃ

# વિષયાનુક્રમ.

## પ્રથમ પ્રસ્તાવ.


૧ મંગળાચરણ. ૧

૨ ચરિત્ર પ્રારંભ—નયસારનું વૃત્તાંત. શ્રી મહાવીરપ્રભુનો (૧ લો ભવ.) ૪

૩ સૌધર્મ દેવલોકે દેવપણે ઉપજવું. (૨ જો ભવ.) ૧૨


## દ્વિતીય પ્રસ્તાવ.


૪ પ્રથમ જિનપતિ શ્રીઋષભસ્વામી વૃતાંત—ઇક્ષ્વાકુ વંશ વિગેરેની ઉત્પત્તિ. ૧૪

૫ પ્રભુનું વરસીદાન અને દીક્ષા. ૧૫

૬ મરુદેવા માતાનું મોક્ષગમન તથા ચતુર્વિધ સંઘની સ્થાપના. ૧૮

૭ મરીચિનો જન્મ અને દીક્ષાગ્રહણ (૩ જો ભવ.) ૧૯

૮ ઋષભસ્વામીના અઠ્ઠાણું પુત્રોની દીક્ષા, બાહુબલી પ્રતિબોધ. ૨૧

૯ મરીચિની પરિવ્રાજક માર્ગની પ્રવૃત્તિ. ૨૪

૧૦ પાંચ અવગ્રહ અને તેનું સ્વરૂપ. ૨૭

૧૧ મરીચિનું ભવિષ્યકથન, ભરત મહારાજાનું વંદન. ૨૯

૧૨ મરીચિને થએલો કુળમદ, ઋષભસ્વામીની મોક્ષપ્રાપ્તિ. ૩૦

૧૩ અસારતા ચિંતવતા ભરત મહારાજાને આરિસા ભુવનમાં કેવળજ્ઞાન. ૩૨

૧૪ મરીચિની રોગોત્પત્તિ ને કપિલ રાજપુત્રનું શિષ્યપણું. ૩૪

૧૫ બ્રહ્મ દેવલોકે દેવતા થવું. (ચોથો ભવ) ૩૫

૧૬ પાંચથી દસ ભવ સુધીનું સંક્ષિપ્ત વૃત્તાંત. (૫ થી ૧૦ ભવ.) ૩૬

૧૭ અગ્યારમો તથા બારમો ભવ. (૧૧–૧૨ ભવ.) ૩૯

૧૮ તેરમો તથા ચોદમો ભવ. (૧૩–૧૪ ભવ.) ૪૦

૧૯ પરિવ્રાજકનું આત્મવૃત્તાંત. ૪૦

૨૦ બ્રહ્મ દેવલોકે દેવ. (૧૫મો ભવ.) ૪૪

## તૃતીય પ્રસ્તાવ.


૨૧ વિશ્વભૂતિનો જન્મ (૧૬મો ભવ.) ૪૫
૨૨ વિશ્વભૂતિનું વસંત ખેલન. ૪૬
૨૩ કપટથી વિશ્વભૂતિને માંડલિક રાજા પાસે મોકલવો. ૫૨
૨૪ વિશ્વભૂતિની પ્રવજ્યા. ૫૯
૨૫ ઉગ્ર તપશ્ચર્યા અને નિયાણું બાંધવું. ૬૨
૨૬ મહાશુક્ર દેવલોકે દેવ. ( સત્તરમો ભવ. ) ૬૩
૨૭ રિપુપ્રતિશત્રુ રાજાનું સ્વ-પુત્રી સાથે લગ્ન. ૬૫
૨૮ ત્રિપૃષ્ઠનો જન્મ. ( અઢારમો ભવ. ) ૬૬
૨૯ પ્રતિવાસુદેવ અશ્વગ્રીવની પોતાને મારનાર કોણ થશે ? તેવી પૃચ્છા. ૬૮
૩૦ પ્રતિવાસુદેવ અશ્વગ્રીવને હણી ત્રિપૃષ્ઠનું વાસુદેવ બનવું. ૮૮
૩૧ દિગ્વિજય માટે પ્રયાણ. ૯૦
૩૨ વિદ્યાધર કન્યા તેમજ બત્રીશ હજાર કન્યાનું પાણિગ્રહણ. ૯૧
૩૩ શ્રી શ્રેયાંસનાથની ધર્મોપદેશના. ૯૩
૩૪ શય્યાપાલકના કાનમાં સીસું રેડવાની આજ્ઞા. ૯૪
૩૫ ઓગણીસથી બાવીશ સુધીના ભવનું સંક્ષિપ્ત વૃત્તાંત. ( ૧૯–૨૨ ભવ. ) ૯૫
૩૬ પ્રિયમિત્ર ચક્રવર્તી અને છ ખંડ સાધના. ( ૨૩ મો ભવ. ) ૯૭
૩૭ દીક્ષાગ્રહણ અને મહાશુક્ર દેવલોકમાં દેવ તરીકે ઉદ્ભવવું. ( ૨૪ મો ભવ. ) ૧૦૬


## ચતુર્થ પ્રસ્તાવ.


૩૮ નંદન નરપતિ તરીકે જન્મ. ( ૨૫ મો ભવ. ) ૧૦૭
૩૯ નરસિંહ રાજાની વિસ્તૃત કથા. ૧૦૯
૪૦ નંદન નરેશનું દીક્ષાગ્રહણ અને વીશ સ્થાનક તપનું આરાધન. ૧૬૩
૪૧ પ્રાણત દેવલોકમાં દેવપણે ઉપજવું. ( ૨૬ મો ભવ. ) ૧૬૪
૪૨ દેવાનંદાની કૂખમાં આવવું. ( ૨૭ મો ભવ. ) ૧૬૫
૪૩ દેવાનંદાની કૂખમાંથી ભગવંતનું અપહરણ. ( ત્રિશલા રાણીની કુક્ષીમાં આવવું. ) (૨૭ મો ભવ) ૧૬૬
૪૪ ગર્ભમાં રહ્યા રહ્યા પણ પ્રભુની માતૃ ભક્તિ. ૧૭૦
૪૫ પ્રભુનો જન્મ મહોત્સવ, મેરુને કંપાવવો ૧૭૧
૪૬ સૌધર્મ સભામાં પ્રભુની પ્રશંસા, મિથ્યાત્વી દેવનું આગમન અને ખેલન. ૧૮૪
૪૭ તારુણ્ય અને માતાના આગ્રહથી પાણિગ્રહણ. ૧૮૭
૪૮ પ્રભુના માતા પિતાનો સ્વર્ગવાસ. ૧૯૫
૪૯ પ્રભુનું વાર્ષિકદાન. ૧૯૭
૫૦ દીક્ષાભિલાષા અને નંદિવર્ધને કરેલ દીક્ષા મહોત્સવની તૈયારી. ૨૦૦
૫૧ પ્રભુનો દીક્ષાભિષેક–નિષ્ક્રમણોત્સવ. ૨૦૩
૫૨ પ્રભુનું દીક્ષા કલ્યાણક. ૨૦૭

## પંચમ પ્રસ્તાવ.

૫૩ સોમ વિપ્રને દેવદૂષ્ય વસ્ત્રનું દાન. ૨૧૧
૫૪ ગોપ ઉપસર્ગ નિવારણ તેમજ ઇંદ્રની પ્રભુ પ્રત્યે પ્રાર્થના. ૨૧૩
૫૫ બહુલ બ્રાહ્મણે પ્રભુને કરાવેલું પારણું. ૨૧૩
૫૬ પ્રભુને તાપસ-ઉપાલંભ. ૨૧૫
૫૭ અસ્થિગ્રામ અભિધાનનું કારણ અને શૂળપાણી યક્ષનો પૂર્વવૃત્તાંત. ૨૧૭
૫૮ શૂળપાણિનો પ્રભુને ઉપસર્ગ. ૨૨૫
૫૯ પ્રભુને આવેલ દશ મહાસ્વપ્નો. ૨૨૭
૬૦ અચ્છંદક પાખંડીનું વૃત્તાંત. ૨૨૯
૬૧ ચંડકૌશિકના પૂર્વભવનું વૃત્તાંત. ૨૩૪
૬૨ ચંડકૌશિકનો પ્રભુને ઉપસર્ગ પ્રભુએ આપેલ પ્રતિબોધ. ૨૫૯
૬૩ ગંગા નદી ઉતરતાં ઉપસર્ગ. ૨૬૨
૬૪ કંબલ-શંબલનો પૂર્વભવ. ૨૬૩
૬૫ પુષ્પ નૈમિત્તિકની શંકાનિવારણાર્થે ઇંદ્ર આગમન. ૨૬૭

## ષષ્ઠ પ્રસ્તાવ.

૬૬ સંખ ચરિત્ર. ૨૭૦
૬૭ ગોશાલ ઉત્પત્તિ. ૨૭૩
૬૮ પ્રભુ સાથે મીલન ને શિષ્યપણું. ૨૭૪
૬૯ ગોશાલાનો નિયતિવાદનો સ્વીકાર. ૨૭૫
૭૦ ઉપનંદનો ગૃહદાહ. ૨૭૭
૭૧ કૌતુકને કારણે ગોશાળાને પડેલો માર. ૨૭૮
૭૨ કુમાર સંનિવેશમાં શ્રી મુનિચંદ્રાચાર્ય. ૨૭૯
૭૩ ચરપુરુષની આશંકાથી પ્રભુ તથા ગોશાળાને પીડન. ૨૮૧
૭૪ દરિદ્રસ્થવિરો પાંખંડીઓનું વર્ણન. ૨૮૨
૭૫ પ્રભુએ સહન કરેલ અગ્નિ-પરીસહ ૨૮૪
૭૬ ગોશાળાને વધુ વિડંબના. ૨૮૫
૭૭ કર્મનિર્જરા માટે પ્રભુનું અનાર્ય દેશમાં ગમન. ૨૮૭
૭૮ ઇંદ્રે નિવારેલ ઉપસર્ગ ૨૮૭
૭૯ નંદિષેણ સ્થવિરનું દેવલોકગમન. ૨૮૮
૮૦ કૂપિકા સંનિવેશમાં પ્રભુને કદર્થના. ૨૮૮
૮૧ વૈશાલી તરફ જતાં ગોશાળાનું છુટું પડવું અને કદર્થના. ૨૮૯
૮૨ વૈશાલીમાં ઇંદ્રે નિવારેલ બીજો ઉપસર્ગ. ૨૯૦
૮૩ બિભેલક યક્ષનું વૃત્તાંત. ૨૯૧
૮૪ કટપૂતના વાણવ્યંતરીનો ઉપસર્ગ. ૩૧૨
૮૫ ગોશાલક ચેષ્ટા અને માર. ૩૧૩
૮૬ વગ્ગુર શ્રેષ્ઠીનું વૃત્તાંત. ૩૧૪
૮૭ મજાકને કારણે ગોશાળાને તાડન. ૩૧૮
૮૮ અનાર્ય દેશમાં પ્રભુનું પુનઃ ગમન. ૩૧૯
૮૯ વૈશ્યાયન તાપસનો વૃત્તાંત. ૩૨૦
૯૦ ગોશાળાને તેજોલેશ્યાપ્રાપ્તિ. ૩૨૭

## સપ્તમ પ્રસ્તાવ.

૯૧ પ્રભુને નાવિકાનો ઉપસર્ગ. ૩૨૮
૯૨ ભદ્રાદિ પ્રતિમાનું વહન. ૩૩૦
૯૩ ઇંદ્રે કરેલ પ્રભુ-પ્રશંસા અને મિથ્યાત્વી સંગમ દેવની પ્રતિજ્ઞા. ૩૩૨

૯૪ સંગમે કરેલ પ્રભુને તીવ્ર ઉપસર્ગો. ૩૩૩
૯૫ સંગમને સ્વર્ગમાંથી દૂર કરવો. ૩૩૮
૯૬ વિદ્યુત્કુમારેંદ્રે કરેલ પ્રભુસ્તુતિ. ૩૩૯
૯૭ સ્કંદક પ્રતિમાને બદલે ઇંદ્રે પ્રસરાવેલ પ્રભુપૂજા-મહાત્મ્ય. ૩૪૦
૯૮ જીર્ણશેઠ અને અભિનવ શ્રેષ્ઠીનો વૃત્તાંત. ૩૪૧
૯૯ ચમરેન્દ્રનો વૃત્તાંત. ૩૪૨
૧૦૦ ઇંદ્રે નિવારેલ વધુ પ્રભુ-ઉપસર્ગો. ૩૫૧
૧૦૧ પ્રભુએ અંગીકાર કરેલ ઘોર અભિગ્રહ. ૩૫૨
૧૦૨ શતાનીકે ચંપાનગરીનું જીતવું. ૩૫૪
૧૦૩ રાજપુત્રી વસુમતીનું પકડાવું અને વેચાવું. ૩૫૬
૧૦૪ વસુમતીનું અપરનામ ચંદના ૩૫૬
૧૦૫ ચંદનબાળાએ પૂર્ણ કરેલ પ્રભુ અભિગ્રહ. ૩૫૯
૧૦૬ ધાહિલનો ઉપસર્ગ. ૩૬૧
૧૦૭ સ્વાતિદત્ત દ્વિજને ઉપદેશ. ૩૬૧
૧૦૮ ગોવાળનો ઉપસર્ગ ૩૬૨
૧૦૯ છદ્મસ્થાવસ્થાનું પ્રભુનું તપોવિધાન. ૩૬૪
૧૧૦ પ્રભુને કેવળજ્ઞાનપ્રાપ્તિ. ૩૬૫

## અષ્ટમ પ્રસ્તાવ.

૧૧૧ સમવસરણ રચના. ૩૬૬
૧૧૨ પ્રભુની ધર્મોપદેશના. ૩૬૯
૧૧૩ ઇંદ્રભૂતિ આદિને પ્રતિબોધ. ૩૭૦
૧૧૪ ચંદનબાળાની પ્રવ્રજ્યા અને ગણધર સ્થાપના. ૩૭૭
૧૧૫ બ્રાહ્મણકુંડમાં પ્રભુનું આગમન. ૩૭૯
૧૧૬ દેવાનંદા અને ઋષભદત્તનું દીક્ષાગ્રહણ. ૩૮૧
૧૧૭ પ્રભુદેશના અને જમાલિની પ્રવ્રજ્યા. ૩૮૫
૧૧૮ જમાલીનું નિહ્નવપણું. ૩૯૩
૧૧૯ ગૌતમસ્વામીના પ્રશ્નથી જમાલિનું નિરુત્તર રહેવું. ૩૯૫
૧૨૦ પ્રિયદર્શિનાને પ્રતિબોધ અને જમાલિનું પંચત્વ. ૩૯૬
૧૨૧ વરદત્ત ચિત્રકારનું વૃત્તાંત. ૩૯૭
૧૨૨ સુવર્ણકારનું વર્ણન. ૪૦૪
૧૨૩ મૃગાવતીની પ્રવ્રજ્યા ને કેવળજ્ઞાન ૪૦૭
૧૨૪ ચંદ્ર-સૂર્યનું મૂળ વિમાન સહિત આગમન. ૪૦૮
૧૨૫ દશ અચ્છેરાનું વર્ણન. ૪૦૯
૧૨૬ શ્રાવસ્તિમાં ગોશાળાનું આગમન ૪૦૯
૧૨૭ ગોશાળે આણંદ શ્રાવકને કહેલ કથા. ૪૧૦
૧૨૮ ગોશાળાએ સર્વાનુભૂતિ, સુનક્ષત્ર તથા પ્રભુ પર મૂકેલ તેજોલેશ્યા. ૪૧૫
૧૨૯ ગોશાલકની ચેષ્ટા. ૪૧૭
૧૩૦ અયંપુલનો વૃત્તાંત. ૪૧૮
૧૩૧ ગોશાલાનો પશ્ચાત્તાપ અને મૃત્યુ. ૪૧૯
૧૩૨ સિંહમુનિનું રુદન અને પ્રભુને રોગશાંતિ. ૪૨૧
૧૩૩ ગોશાળાના આગામી ભવોનું વર્ણન. ૪૨૩
૧૩૪ શ્રેણિકને ધર્મોપદેશ. ૪૨૯
૧૩૫ મેઘકુમારની દીક્ષા, પૂર્વભવનું વૃત્તાંત. ૪૩૦

૧૩૬ નંદીષેણની દીક્ષા. ૪૩૨

૧૩૭ કર્પક દીક્ષા. ૪૩૪

૧૩૮ અણુવ્રત સ્વરૂપ. ૪૩૭

૧૩૯ પ્રથમ અણુવ્રતે હરિવર્મ રાજાની કથા. ૪૩૮

૧૪૦ બીજા અણુવ્રતે સત્યશ્રેષ્ઠીની કથા. ૪૪૮

૧૪૧ ત્રીજા અણુવ્રતે વસુદત્તની કથા. ૪૫૧

૧૪૨ ચોથા અણુવ્રતે સુરેન્દ્રદત્તની કથા. ૪૫૭

૧૪૩ ,, ,, અંતર્ગત શુભંકર કથા. ૪૬૧

૧૪૪ પાંચમા અણુવ્રતે વાસવદત્તની કથા. ૪૭૧

૧૪૫ પહેલા ગુણવ્રતે જિનપાલિતની કથા. ૪૭૫

૧૪૬ બીજા ગુણવ્રતે રવિ તથા પાલકની કથા. ૪૭૮

૧૪૭ ત્રીજા ગુણવ્રતે કાર્તિકની કથા. ૪૮૩

૧૪૮ પહેલા શિક્ષાવ્રતે કામદેવની કથા. ૪૮૭

૧૪૯ બીજા શિક્ષાવ્રતે સાગરદત્તની કથા. ૪૯૦

૧૫૦ ત્રીજા શિક્ષાવ્રતે જિનદાસની કથા. ૪૯૪

૧૫૧ ચોથા શિક્ષાવ્રતે સાધુરક્ષિતની કથા. ૪૯૬

૧૫૨ શ્રેણિકે અંગીકાર કરેલ સમકિત. ૫૦૧

૧૫૩ ગણધર દેશના—દુર્દરાંક દેવાગમન. ૫૦૨

૧૫૪ નરકગમનથી શ્રેણિકને પશ્ચાત્તાપ. ૫૦૭

૧૫૫ ગાગલ્યાદિ શાલાદિ કેવળજ્ઞાન. ૫૦૯

૧૫૬ ગૌતમસ્વામીની કેવળજ્ઞાન સંબંધે પૃચ્છા અને, અષ્ટાપદ પ્રત્યે ગમન. ૫૦૯

૧૫૭ ગૌતમસ્વામીએ વૈશ્રમણ દેવને સંભળાવેલ પુંડરીક અધ્યયન. ૫૧૦

૧૫૮ તાપસ પ્રતિબોધ. ૫૧૧

૧૫૯ પાંચમા આરાનું સ્વરૂપ. ૫૧૨

૧૬૦ પ્રભુપરિવારનું વર્ણન. ૫૧૩

૧૬૧ ભસ્મરાશિના પ્રભાવને પાછો હઠાવવા ઈંદ્ર પ્રાર્થના. ૫૧૪

૧૬૨ પ્રભુનું નિર્વાણ. ૫૧૫

૧૬૩ ગૌતમસ્વામી કેવળજ્ઞાન. ૫૧૭

૧૬૪ પ્રશસ્તિ. ૫૧૮

# તમારૂં નામ અમર કરવું હોય તો

## આટલું વાંચી નિર્ણય કરી લ્યો.

આ જગતમાં જન્મ ને મરણ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે, જેથી મનુષ્યો જ્ઞાન અને બુદ્ધિવડે પોતાના માટે આત્મકલ્યાણનો માર્ગ શોધી કાઢે છે; જેથી તમારે આ જીવનમાં તમારૂં નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય, જૈન સાહિત્યસેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય તો તે આત્મિક ઉન્નતિ માટે નીચેની યોજના વાંચી-વિચારી આજે જ આપ નિર્ણય કરો અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી અમૂલ્ય લાભ મેળવો.

## યોજના.

૧ જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂા. ૧૦૦૦) એક હજાર આ સભાને આપે તેમના નામથી ગ્રંથમાળા ( સીરીઝ ) ( ગ્રંથો ) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨ સીરીઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે વધારેમાં વધારે રૂા. ૧૦૦૦) સુધીનો આ સભાએ વ્યય કરવો.

૩ જાહેર લાઈબ્રેરી કે ભંડાર તેમજ સાધુ-સાધ્વી મહારાજ વગેરેને અમુક સંખ્યામાં ગ્રંથો સીરીઝના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે ' સીરીઝવાલાની વતી સભા મારફત ભેટ ' મોકલવામાં આવશે.

૪ તે સીરીઝની છપાતી દરેક બુકની પચીશ કોપી જે ગૃહસ્થના તરફથી આ ગ્રંથમાળા છપાય તેમને ભેટ આપવામાં આવશે.

૫ તે સીરીઝના પ્રથમ ઓછામાં ઓછા અડધા ગ્રંથો ખપી ગયા હોય તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ ( સીરીઝનો ) સભાએ છપાવવો શરૂ કરવો. એ જ ક્રમ સાચવી સીરીઝના બીજા ગ્રંથો સભાએ નિરંતર છપાવવા. '

૬ ગ્રંથમાળાના પ્રથમના એક જ ગ્રંથમાં સીરીઝવાળા ગૃહસ્થનું ટૂંકું જીવનચરિત્ર, ફોટોગ્રાફ અને અર્પણપત્રિકા તેમની ઇચ્છાનુસાર આપવામાં આવશે.

નીચે પ્રમાણેના મહાશયોની ઉદારતાથી તેમના નામથી ગ્રંથમાળાઓ પ્રકટ થઈ ચૂકી છે અને થશે.

| | |
|---|---|
| ૧ શેઠ આણંદજી પુરૂષોત્તમદાસ | ૨ વોરા હઠીસંગભાઈ ઝવેરચંદ |
| ૩ શ્રીમાન્ સુખસાગરજી મહારાજ | ૪ શ્રીમાન્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજ |
| ૫ વકીલ હરીચંદ નથુભાઈ | ૬ શ્રી આત્મવલ્લભ ગ્રંથમાળા |
| ૭ શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ-રાણપુર | ૮ શેઠ ઝવેરભાઈ ભાઇચંદ |
| ૯ શાહ મગનલાલ ઓધવજી | ૧૦ શેઠ [illegible]ચંદ [illegible]નદાસ |
| ૧૧ શેઠ દીપચંદ ગાંડાભાઈ | ૧૨ શેઠ ફૂલચંદ ત્રીકમજી |
| ૧૩ શ્રીમતી કસ્તુરબ્હેન | ૧૪ સ્વર્ગસ્થ જગજીવનદાસ ફુલચંદ |
| ૧૫ શેઠ માણેકચંદ જેચંદભાઇ | |

ઉપરના મહાશયોએ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે. આપ પણ વિચારીને તે રસ્તે ચાલવા પ્રયત્નશીલ થઇ સાહિત્યના ક્ષેત્રમાં આપનું નામ અમર કરશો તેમ ઈચ્છીએ છીએ.

લખોઃ—શ્રી આત્માનંદ સભા-ભાવનગર.

श्री महावीरस्वामिने नमः॥

श्रीमान् गुणचंद्रसूरि विरचित—

# श्री महावीर चरित्र भाषान्तर.

## प्रथम प्रस्ताव.

### ( મંગળાચરણ ) અને સમકિતના લાભનું વર્ણન.

સમસ્ત પરમાર્થના વિસ્તારને સ્પષ્ટપણે પ્રગટ કરનાર ભવ્યજનરૂપ ચક્રવાકને આનંદ પમાડનાર તથા દોષ પક્ષે દોષા–રાત્રિનો ધ્વંસ કરનાર એવું જેમનું જ્ઞાન રવિમંડળની જેમ ઝળકતું વર્તે છે, નમસ્કાર કરતા ઇંદ્રોના લોચનરૂપ કમળ–વનો જેમાં સંક્રાંત–પ્રતિબિંબિત થયેલાં છે, મત્સ્ય અને મગર જેના તલને વિષે ચિન્હરૂપે લીન થઇ રહેલા છે તથા નખના કિરણરૂપ જેમાં જળ ભરેલ છે એવું જેમના ચરણરૂપ વિમલ સરોવર શોભી રહ્યું છે, સંગમ દેવતાએ પ્રગટ કરેલ તથા કટાક્ષપાતથી ક્ષોભ પમાડવામાં ભારે ચાલાક એવી રમણીઓ, જેમના મનને પોતાની પ્રતિજ્ઞાથી લેશ પણ ચલાયમાન કરવામાં સમર્થ ન થઇ શકી. તેમજ દેવતા, મનુષ્ય અને તિર્યંચના કરેલા ઉપસર્ગરૂપ શત્રુવર્ગનો વિજય કરવાથી અપૂર્વ યશ મેળવનાર અને અન્ય સામાન્ય યોદ્ધાઓને પરાભૂત કરનાર એવા **શ્રી મહાવીર** જિનેશ્વર જયવંત વર્તે છે.

જેમણે ગૃહસ્થધર્મ તથા સાધુધર્મરૂપ પ્રાસાદ-ભવ્ય મ્હેલના મૂળને સ્થાપન કર્યું તથા ઉત્કટ કામ-સેનાનું દલન કરનાર એવા **શ્રી ઋષભજિનરૂપ** ચંદ્રને હે ભવ્યાત્માઓ ! તમે વારંવાર નમસ્કાર કરો.

જેના ચરણ-કમળ પ્રત્યે ચોસઠ ઇંદ્રોએ ભક્તિભાવથી મસ્તક નમાવેલ છે તથા **શેષનાગ**ની જેમ ધર્મરૂપ વસુંધરાને ધારણ કરવામાં ધીર એવા અન્ય **અજિતનાથ** વગેરે જિનેશ્વરો પણ જયવંતા વર્તે છે.

પોતે ધર્મોપદેશમાં બતાવનાર એવા સાત **જીવાજીવાદિક**ની સંખ્યાને જાણે બતાવતા હોય એવી ધરણેંદ્રની સાત ફણાઓ જેમના શિરપર શોભી રહી છે એવા **શ્રીપાર્શ્વનાથ** ભગવંત જયવંતા વર્તે છે.

કવિજનોએ જેના ચરણ-કમળ સેવ્યાં છે, અખંડ વાગ્ધારાથી મહાભોગ સાધનાર તથા પંડિતજનોને સુખ પમાડનાર એવી **સરસ્વતી** દેવી સરિતાની જેમ જયવંતી વર્તે છે. સરસ્વતી નદી પણ ગોવર્ગ-પશુવર્ગને જળપ્રદાનથી આનંદ પમાડે છે.

સમસ્ત સ્વર્ગ તથા મોક્ષમાર્ગને બતાવનાર એવા ગુણવંત **ગૌતમાદિ** ગુરૂના પદ-પંકજને હું સદા સ્તવું છું.

હવે અહીં ( આ ગ્રંથને વિષે ) પ્રણામના માહાત્મ્યથી વિઘ્નોનો વિનાશ કરનાર, જેના સમસ્ત પદો પ્રશંસનીય છે અને ભવ્યાત્માઓને સુખના એક કારણરૂપ એવા ધર્મોપદેશનું હું કથન કરીશ. મહાસાગરના અગાધ જળમાં પડી ગયેલા રત્નની જેમ અત્યંત દુર્લભ એવા માનવભવને પામીને સુજ્ઞજનોએ સદા પુરૂષાર્થ-પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો ઉચિત છે. તે સમસ્ત પુરૂષાર્થોમાં મુગટ સમાન એવો અનુપમ ધર્મ તો અત્યંત શોભાકારી છે. તે ધર્મ, પ્રતિદિન સુચરિત્રો સાંભળવાથી ભવ્યજનોને પ્રાપ્ત થાય છે. તે અદ્ભુત ધર્મના પ્રકાશક ચરમ તીર્થંકર **શ્રી મહાવીર** હોવાથી આસન્ન-ઉપકારી છે. માટે ચરિત્ર પણ તેમનું જ સાંભળવું વધારે યુક્ત છે, પરંતુ તે વીરચરિત્ર એટલું બધું ગંભીર અને ગહન છે કે સમસ્ત આગમરૂપ સમુદ્રનો પાર પામવામાં અસમર્થ એવા પ્રાણીઓને ભારે નિપુણ ગુરૂ પણ તે સમસ્ત ચરિત્ર કહેવાને સમર્થ થઇ શકે નહિ.

તે આ પ્રમાણે—ત્રણે ભુવનના એક ગુરૂ, અખંડ ભાવથી ધર્મ-ધુરાને ધારણ કરનાર, મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન એવા **શ્રી મહાવીર**, પૂર્વે તિર્યંચ, દેવતા અને મનુષ્યાદિ ભવે અત્યંત, અનંત અને પારાવાર આ ભવસાગર વારંવાર ભમીને આ અવસર્પિણીમાં પ્રથમ ગામચિંતક ( ગામમુખી ) ના ભવમાં સમસ્ત સુખના કારણરૂપ ઉત્તમ સમ્યકત્વ પામ્યા. ત્યાંથી ઉત્તમ દેવત્વ પામી, ભોગ ભોગવી, ચવીને **ભરત** ચક્રવર્તીનો **મરીચિ** નામે પુત્ર થયો. તેણે જિનપ્રણીત દીક્ષા લીધી, પરંતુ દુસ્સહ પરિસહથી મનમાં કાયર બની, **કપિલ**ના કુવચનથી મિથ્યાત્વમાં ભ્રમિત થઇ, **ત્રિદંડી**-વ્રત પ્રગટ કરવામાં પ્રયત્ન કર્યો. આ કુમાર્ગની પ્રરૂપણાથી તેણે કોડાકોડીસાગરોપમ જેટલો પોતાનો સંસાર વધારી મૂકયો, તે પછી છ ભવ ભમીને પરિવ્રાજકપણું તેણે લીધું, ત્યાંથી દીર્ઘ સંસાર

ભમતાં **રાજગૃહ** નગરમાં રાજપુત્ર **વિશ્વભૂતિ** થયો, ત્યાં તેણે ઘોર **સંયમનું** આચરણ કર્યું, પરંતુ મરણ વખતે તેણે નિયાણું બાંધ્યું. ત્યાંથી દેવપણાના ભોગ ભોગવી **પોતનપુર** નગરમાં તે **ત્રિપૃષ્ઠ** નામે વાસુદેવ થયો. ત્યાંથી **મૂકા** નગરીમાં **પ્રિયમિત્ર** નામે ચક્રવર્તી થયો, ત્યાં તેણે ચારિત્રનું પરિપાલન કર્યું, ત્યાંથી **છત્રા** નગરીમાં **નંદન** નામે પ્રજાપતિ થયો, ત્યાં પણ તેણે પ્રવ્રજ્યા પાલન કરી અને વીશ સ્થાનક તપ આદરી તીર્થંકર નામ-કર્મનું ઉપાર્જન કર્યું, ત્યાંથી **પ્રાણત** નામે દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. પછી ત્યાંથી ચવી **ક્ષત્રિયકુંડ** નગરમાં **સિદ્ધાર્થ** રાજાનો પુત્ર થયો, ત્યાં જગતના તમામ જીવોનો ઉદ્ધાર કરવા તેમણે સર્વવિરતિ આદરી અને બાવીશ પરીષહ સહન કરી, કેવળ-કમળા પામી, અખંડ મોક્ષસુખ પામ્યા. એ પ્રમાણે પરમ પવિત્ર મહાવીરનું અદ્ભુત ચરિત્ર જેમ કહેવામાં આવેલ છે, તેમ હું સિદ્ધાંતના આધારે આઠ પ્રસ્તાવમાં કહીશ.

અથવા તો એ જગતના અદ્વિતીય પ્રભુનું ચરિત્ર ક્યાં? અને અમારા જેવા કુ-મંદ કવિ ક્યાં? આ તો મહાસાગર તરવાનો અભિલાષ કરવા જેવું સાહસ છે. તથાપિ ગુરૂ-જનોના આગ્રહ-વચનથી આ ચરિત્ર હું રચું છું. એથી મુગ્ધ (ભોળા) ભવ્યજનોને અવશ્ય સુખે બોધ થાય તેમ છે, છતાં કાંઇ સ્ખલના જોવામાં આવે તો મહંત આચાર્યોએ તેની ક્ષમા કરવી. મહાકલ્યાણરૂપ લતાઓને અમૃતજળની નીક સમાન તથા નાના પ્રકારની વસ્તુસંકલનાથી વ્યાપ્ત એવા આ પ્રસ્તુત ચરિત્રમાં કોઈ સ્થાને જો કે કંઈક પ્રસંગને અનુસરતું, કંઇક વૃદ્ધ-વચનને અનુસરતું અને કંઇક અન્ય શાસ્ત્રને અનુસરીને અપૂર્વ કહેવામાં આવશે, તથાપિ આ ચરિત્રમાં કુશળ પુરૂષોએ કોઈ સ્થાને શંકા ન કરવી. કારણ કે આમાં ઉપકથા પ્રમુખનું વિશેષ વર્ણન બતાવેલ છે. હવે અહીં આ કરતાં અધિક પ્રસંગ બતાવવાનું કાંઈ પ્રયોજન નથી.



# ચરિત્ર પ્રારંભ.

## ( નયસારનું ચરિત્ર. )

સમસ્ત પશ્ચિમ **મહાવિદેહ**ના અલંકાર સમાન, ઇંદ્રના મણિમુગટનો તિરસ્કાર કરનાર એવા વિવિધ રત્નોથી વ્યાપ્ત, જિનપતિના વિહારથી જ્યાં રોગાદિક તથા પરચક્રના ભય ભગ્ન થયા છે, જિન મંદિરોના ઉંચા શિખરોથી હિમાલયને હસી કહાડનાર, શ્રેષ્ઠ રત્નો અને સુવર્ણ કલશોના સમૂહયુક્ત પ્રાસાદોથી પૃથ્વીપીઠને શોભાવનાર, ભોગ–ઉપભોગમાં આસક્ત થનારા લોકોને સંતોષ પમાડનાર, તથા સ્વર્ગના સૌભાગ્યનો ગર્વ ઉતારનાર એવો **મહાવપ્ર** નામે વિજય વિદ્યમાન છે. એ વિજયમાં વિશાલ કિલ્લાયુક્ત ખાતિકા ( ખાઈ) થી વીંટાયેલ, નાના પ્રકારના વિહાર માટે તૈયાર કરવામાં આવેલ વાવો, કુવાઓ, મહા સરોવરો, સરિતાઓ તથા કુંડયુક્ત ઉપવનોથી અભિરામ, સારી રીતે અલગ પડતા ત્રિક, ચતુષ્ક, ચચ્ચર તથા ચતુષ્પથ એ માર્ગોની રચનાથી અત્યંત સુશોભિત, સેંકડો પ્રાસાદોની શ્રેણિથી અલંકૃત, પવિત્ર વેશ તથા મોટી ઇચ્છાવાળા સુજ્ઞ જનોથી વ્યાપ્ત અમરાવતીની જેમ જ્યાં વિવિધ રત્નો ચળકી રહ્યાં છે, બ્રહ્માની મુક્તિની જેમ સર્વતોમુખી (ચોતરફ મુખ–દ્વારયુક્ત) **વિંધ્યાચલ**ની મેખલાની જેમ પુન્નાગ-વૃક્ષવિશેષ પક્ષે ઉત્તમ પુરૂષો તેમજ મેખલા પક્ષે નાગ–સર્પો તથા નગરી પક્ષે હાથીઓથી શોભાયમાન, એવી યથાર્થ નામને ધારણ કરનારી **જયંતી** નામે નગરી છે. જે નગરી કુલ પર્વતો રૂપ સ્તનોયુક્ત તથા ગંગાનદીના જળરૂપ હાર સહિત એવી ધરણી–પૃથ્વી રૂપ રમણીના મુખમાં ચિત્રલેખાની જેમ શોભે છે. વળી જે નગરી વાજીંત્રોના ધ્વનિથી અમરાવતીને જાણે હસી કહાડતી હોય એવી ભાસે છે, કારણ કે સ્વર્ગમાં તો સાત ઋષિ–સપ્તર્ષિ છે અને અહીં તો અનેક મુનિઓ વિદ્યમાન છે; સ્વર્ગમાં તો એક બુધ છે અને અહીં તો સંખ્યાબંધ બુધ–પંડિતો વિદ્યમાન

છે. વળી જ્યાં માત્ર કમળ-ખંડોને મિત્ર-સૂર્ય વિરહના સંકોચની પીડા હતી, પણ માણસોને મિત્રવિરહની પીડા ન હતી, માત્ર મુનિઓજ કરવાલ-કમંડળ ઉપાડતા પણ લોકોને કરવાલ તરવાર ઉપાડવાની જરૂર પડતી ન હતી, માત્ર બાળ-હસ્તીમાં જ કલભ-શબ્દ હતો, પરંતુ લોકોમાં કલહ-શબ્દ જણાતો ન હતો, માત્ર ચક્રવાક-મિથુનોને જ પ્રિય વિરહની વેદના સહન કરવી પડતી, પણ મનુષ્યોને નહિ, માત્ર વણકરોના સ્થાનોમાંજ વસન-વસ્ત્રની ઉત્પત્તિ હતી, પરંતુ લોકોમાં વ્યસન-દુઃખનો પ્રાદુર્ભાવ ન હતો. તે નગરીમાં **શત્રુમર્દન** નામે રાજા પ્રજાનું પાલન કરતો હતો, કે જે સમસ્ત સુખના કારણરૂપ હતો અને લોકોના મનને ભારે આનંદ પમાડતો હતો. વળી જે રાજા શત્રુઓના ગર્વને ગંજનાર, રાજવંશના અલંકાર રૂપ, અખંડ આજ્ઞા ચલાવનાર અને અનીતિના પંથે ચાલતા લોકોને દબાવનાર હતો. આદરપૂર્વક પ્રણામ કરતા મોટા સામંતોના મુગટ-મણિઓથી જેનું પાદપીઠ અધિક ચળકતું હતું, પોતાના પ્રચંડ ભુજદંડથી વાળેલ ધનુષ્ય પર ચડાવેલ તીક્ષ્ણ બાણોથી સેંકડો શત્રુઓના ખંડિત થયેલાં મસ્તકોથી સમરાંગણને શોભાવનાર, ગર્વિષ્ઠ બનેલા સુભટોથી પરવરેલ હજારો દંડનાયકો-કોટવાલો જેની પાછળ પાછળ અનુસરી રહ્યા છે, યાચક લોકોના ઇચ્છા ઉપરાંત મનોરથને પૂરનાર રથની જેમ સુશ્લિષ્ટ-સારી રીતે મળેલ લષ્ટ-મજબુત ચક્ર (સૈન્ય) થી કુચ કરનાર, રણરસિક પુરૂષની જેમ ઘણા કવચોનો સંગ્રહ કરનાર, ગ્રહગણની જેમ કવિ પ્રમુખ ગુરૂ વચનને અનુસરીને ચાલનાર, ગજ-હાથીની જેમ નિરંતર દાન-મદજળને આપનાર, ઋષિની જેમ કામ ક્રોધાદિ છ વર્ગના પ્રચારને જીતનાર, પૂર્વજ રાજાઓએ પ્રવર્તાવેલ ન્યાયરૂપ નગરના પ્રાકાર-કિલ્લા સમાન, ફીણના પિંડની જેમ ઉજ્વળ કીર્ત્તિરૂપ સુર સરિતાને ઉત્પન્ન કરવામાં હિમાલય સમાન તથા અનેક ગુણ-રત્નોના સમૂહને પેદા કરવામાં મહાસાગર સમાન એવા જે રાજાએ પોતાની પ્રબળ ભુજારૂપ પરિઘાને વિષે રાજ્યભાર આરોપિત કરતાં મંત્રીઓ માત્ર રાજનીતિની ખાતર રાખવામાં આવ્યા હતા, હાથી, ઘોડા, રથ અને યોધાઓની સામગ્રી માત્ર રાજ્યની શોભા રૂપ હતી, તરવાર, ચક્ર, ધનુષ્ય, બાણ, ભાલા, પ્રમુખ શસ્ત્ર-સંગ્રહ માત્ર આડંબર રૂપ હતો, સેવકો પાસે માત્ર પ્રણય-વફાદારીની અપેક્ષા રાખવામાં આવતી, પોતાને અંગરક્ષાની અપેક્ષા ન હોવાથી અંગરક્ષકો માત્ર દેખાવની ખાતર હતા.

હવે તે રાજાને **પૃથ્વીપ્રતિષ્ઠાન** નામના ગામમાં **નયસાર** નામે એક ગામચિંતક-ગામનો મુખી હતો, કે જે વિશિષ્ઠ આચાર પાળવામાં તત્પર ધર્મશાસ્ત્ર સાંભળવાથી હેય-તજવા લાયક, ઉપાદેય-આદરવા લાયક, વસ્તુસ્વરૂપને જાણનાર ગાંભીર્યાદિ ગુણસમૂહના આવાસરૂપ, સ્વભાવે સરલ, વિનયશીલ, પ્રિયંવદ-

મધુર બોલનાર તથા પરોપકાર–પરાયણ હતો. જો કે તેને તથાપ્રકારની સાધુ-સેવાનો યોગ મળ્યો ન હતો; છતાં તે અકાર્યની પ્રવૃત્તિમાં આળસુ, પરપીડામાં વિમુખ, ગુણગણ મેળવવામાં સયત્ન–યત્નવાન્, અને પરાયા છિદ્ર–દોષ અવલોકવામાં તે લોચનહીન હતો. આવા પ્રકારના ગુણોથી લાયક બનેલ એવા તે નયસારને અધિક ગુણો સાધવા માટે એકદા ગુરૂજને ( વડીલે ) કહ્યું—

" હે વત્સ ! ધનની આબાદી અત્યંત વધાર્યા છતાં તે દીપશિખાની જેમ દુર્વિનયરૂપ પવનથી પ્રતિઘાત પામતાં એક પલવારમાં દષ્ટનષ્ટ થઇ જાય છે. હે પુત્ર ! અન્ય ગુણોનો સંગ્રહ બરફ સમાન ધવલ છતાં લોચન વિનાના વદન-મુખની જેમ તે વિના શોભતો નથી. વિનય વિના ભલે પુરૂષ જગતમાં પ્રખ્યાત હોય, બધાને અત્યંત પ્રિય હોય અને પરોપકારી હોય, છતાં મોટા ભુજંગની જેમ તે તજાય છે, હે વત્સ ! એ પ્રમાણે દુર્વિનયના દોષને બુદ્ધિપૂર્વક અવલોકીને સમસ્ત કલ્યાણના કુલભવનરૂપ એવા વિનયમાં તું રમણ કર. વળી કહ્યું છે કે—' વિનયથી ગુણો પ્રાપ્ત થાય છે. ગુણોથી લોકોનો અનુરાગ વધે છે અને સેંકડો લોકોનો અનુરાગ થવાથી બધી સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ઋદ્ધિ પ્રાપ્ત થતાં ગજરાજની જેમ પુરૂષ–સતત દાનવૃષ્ટિથી પોતાના સંબંધી તેમજ યાચક જનોપર લીલામાત્રથી ઉપકાર કરી શકે છે. ઉપકાર કરવાથી પુરૂષ આચંદ્ર કીર્ત્તિ મેળવી શકે છે. એ જગજાહેર કીર્ત્તિ મેળવતાં જગતમાં શું બાકી રહ્યું ? એ કીર્ત્તિ અચળ થતાં યુગપલટો થતાં પણ કદિ નાશ પામતી નથી. પરંતુ ઉત્પત્તિ અને નાશના ભાવથી જે કલિત ( સહિત ) છે, તે તો માત્ર અલ્પ દિવસ જ ટકી શકે છે. " એ પ્રમાણે વડીલ જનની શિખામણ પામતા નયસારે પોતાની પ્રવૃત્તિ એટલી બધી સુધારી દીધી કે જેથી તે રાજાનું એક અસાધારણ વિશ્વાસનું સ્થાન થઇ પડયો.

એક દિવસે **શત્રુમર્દન** રાજાએ પ્રાસાદ તથા રથ કરાવવા માટે સારાં કાષ્ઠ લાવવા તે નયસારને બોલાવ્યો અને તેને જણાવ્યું કે—" હે ભદ્ર ! તમે ઘણાં ગાડાં તથા સેવકસમૂહને લઇને મજબૂત કાષ્ઠ આણવા માટે મહાઅટવીમાં જાઓ " એ પ્રમાણે રાજાની આજ્ઞા શિરસાવંદ્ય સમજીને વિશિષ્ટ ભાતું તથા બધી સામગ્રી લઇ નિરંતર પ્રયાણ કરતાં તે નયસાર મહાઅટવીમાં જઈ પહોંચ્યો, કે જે અટવી ગગનતલસ્પર્શી મોટી વિચિત્ર વૃક્ષઘટાથી સમસ્ત દિશાઓને રોકનાર, નિરંતર ઝરતા ગિરિનિઝરણાના ધ્વનિથી મનોહર, પોતાની ઇચ્છાનુસાર વિચરતા શીયાળ, રિંછ, સિંહ, હરિણ તથા શાર્દૂલ વિગેરે શ્વાપદોના અવાજથી ભયંકર ભાસતી મહાપુરૂષના વક્ષસ્થળની જેમ શ્રીવત્સ (વૃક્ષ વિશેષ)થી અલંકૃત, મૃગરાજની કંધરાની જેમ કેસરા ( વૃક્ષ વિશેષ ) ના સમૂહથી વિરાજિત, વસ્તીહીન નગરભૂમિની જેમ માતંગ ( અંત્યજો, પક્ષે હાથીઓ ) ના

સમૂહથી વ્યાપ્ત, સુભટશ્રેણિની જેમ બાણાસન, પક્ષે અસન–વૃક્ષોને ધારણ કરનાર એવી તે અટવીમાં નિયુક્ત પુરૂષો સરલ, લાંબા, વિશાળ, સુંદર અને ગોળ સ્કંધયુક્ત એવા વૃક્ષોને કાપવા લાગ્યા. એ પ્રમાણે કાપતાં મધ્યાન્હ સમય થવા આવ્યો અને ભોજનવેળા પણ થઇ. આ વખતે નયસાર ભોજન કરવા તૈયાર થયો. તે વખતે કિંકરોએ વિચિત્ર રસપ્રધાન રસોઈ લાવીને તેની પાસે હાજર કરી. આ વખતે નયસારને વિચાર આવ્યો કે—" જો અત્યારે સાર્થભ્રષ્ટ અથવા માર્ગને ન જાણનાર ક્ષુધાભિભૂત ભિક્ષુક કે શ્રમણસમુદાય અતિથિ તરીકે અહીં આવી જાય તો તેને કંઈક ભિક્ષા આપીને હું ભોજન કરૂં " એ પ્રમાણે સંકલ્પ કરી નયસાર કંઇક આગળ જઇને તરત ચોતરફ દિશાઓનું અવલોકન કર્યું. એવામાં સાર્થથી ભ્રષ્ટ થયેલા, બહુજ થાકી ગયેલા, ક્ષુધાપિપાસાથી આકુળ વ્યાકુળ બનેલા મધ્યાન્હ કાળે તપેલા સૂર્યના તાપથી ગળતા, પસીનાથી તરબોલ તથા વૃક્ષોના પતનથી થતા કડકડાટ અવાજ સાંભળતાં સાર્થના આવાસની આશંકા લાવતા એવા તપસ્વી મુનિવરો તે સ્થાને આવ્યા. એટલે અત્યંત હર્ષાવેશથી તેણે જોયા અને તરતજ તેમની સન્મુખ ગયો. ત્યાં પ્રણામ કરીને અત્યંત કરૂણારસથી ઓતપ્રોત થતા મનથી તેણે પૂછ્યું—" હે ભગવન્ ! કેમ વિજન પ્રદેશમાં આપ વિહાર કરો છો ? "

સાધુઓ બોલ્યા—" હે ભદ્ર ! પ્રથમ તો અમે સાર્થ સાથે નીકળ્યા, અને આહાર સમયે જેટલામાં આહારપાણી નિમિત્તે ગામમાં ગયા, તેવામાં સાથ ચાલ્યો ગયો. એટલે અમે પણ તરત સાથની પાછળ પાછળ ચાલ્યા અને આ મહાઅટવીમાં આવી પહોંચ્યા. "

નયસાર બોલ્યો—" અહો નિઃકરૂણા ! અહો અધમાચાર ! અહો નરકનિવાસની અભિલાષા ! અહો ! વિશ્વાસઘાત ! અહો પાપની નીડરતા ! અહો તે સાર્થવાસીઓએ આજન્મ પોતાના કુળને કલંક લગાડયું ! ! અહો ! સાધુઓ પ્રત્યે પણ તેમણે કેટલી બધી નિર્દયતા વાપરી ? વળી કહ્યું છે કે—' સાત પગલાં સામે જઇ સ્હેજ સ્તુતિ કરતાં પણ સજ્જનો સ્નેહને વધારતા રહે છે અને દયા રહિત મનવાળા દુર્જનો તો આજન્મ-જન્મથી પ્રસંગમાં આવતાં પણ પોતાના અંતરમાં સ્નેહને અવકાશ આપતા નથી. વળી જો એમ કરવું હોત તો સાથની સાથે ચાલતી વખતે એ મહાનુભાવ સાધુઓને તે પાપીઓએ પ્રથમથીજ કેમ અટકાવ્યા નહિ ? જો આવી ભયંકર અટવીમાં એમને સિંહાદિક ઉપદ્રવ કરે, તો અવશ્ય તે પાપાધમોને નરકમાંજ સ્થાન મળે. અથવા તો પોતાના ધર્મને દૂષિત કરનાર એવી તે પાપીઓની કથા કરવાથી પણ શું ? હે મહાનુભાવો ! હવે તમે મારા આવાસમાં ચાલો અને અત્યારે મારાપર એટલો પ્રસાદ કરો. "

એ પ્રમાણે નયસારની વિનતિથી, પ્રત્યક્ષ ધર્મના નિધાન સમાન, ધીર અને યુગ–ધોંસરી પ્રમાણ ભૂમિમાં દૃષ્ટિને સ્થાપન કરનાર એવા તે મુનિઓ તેના આવાસમાં ગયા. ત્યાં પુણ્યસંયોગે સાધુદર્શનથી ઉત્પન્ન થયેલા સ્નેહને લીધે વૃદ્ધિ પામેલ તીવ્ર શ્રદ્ધાથી તેણે વિધિપૂર્વક સાધુઓને ઉત્તમ આહાર–પાણી પડિલાભ્યા. એટલે ભક્ત–પાન વ્હોરી પાછા ફરીને જંતુ રહિત નિર્દોષ સ્થાને ઈરિયાવહી પડિક્કમી, ભક્ત–પાન આલોચી, ચૈત્યવંદન કરી, તે કાલને ઉચિત સજ્ઝાય આચરી, ક્ષણવાર શુભ ધ્યાનમાં વ્યતીત કરી, રાગ, દ્વેષને પરિહરીને તે મુનિઓએ આહાર–પાણીનો ઉપયોગ કર્યો, એવામાં નયસાર પણ પોતાના આત્માને કૃતાર્થ માનતો ભોજન કરીને મુનિઓ પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે—" હે ભગવન્ ! તમે મારી સાથે આવો, હું તમને નગરનો માર્ગ બતાવું." એટલે સાધુઓ તેની સાથે ચાલ્યા. તેમનામાં એક મુનિ ધર્મકથાની લબ્ધિથી સંપન્ન હતા. તેમણે જાણ્યું કે—' આ વખતે એને ધર્મ પમાડવાનો સારો યોગ છે. માટે અવશ્ય એ સદ્ધર્મમાં જોડવા લાયક છે.' એમ ધારીને મુનિએ તે નયસારને કહ્યું કે—

" હે મહાયશ ! માર્ગભ્રષ્ટ થતાં પરિભ્રમણથી પીડિત થયેલા, ક્ષુધા–તૃષ્ણાથી અભિભૂત એવા અમોને તથા પ્રકારના આદર–સત્કારપૂર્વક અશન–પાનનું દાન કરતાં તમે અમારા પરમ ઉપકારી છો, તેથી તમને કાંઇક ધર્મોપદેશ દેવાની અમારી ઇચ્છા છે." નયસાર બોલ્યો—' હે ભગવાન્ ! તમે આવી આશંકા કેમ લાવો છો ? હું આપની આજ્ઞા શિર સાટે સ્વીકારવાને પણ તૈયાર છું.' એટલે સાધુએ ધર્મદેશના આપવાનો પ્રારંભ કર્યો તે આ પ્રમાણે—

" ધનુર્વિદ્યા શીખ્યા વિના પુરૂષે ચલાવેલ બાણથી થયેલ રાધાવેધની જેમ કોઇ મહા પુણ્યયોગે કુશળ બુદ્ધિમાન્ પુરૂષે મનુષ્ય-જન્મ પામીને સ્વર્ગ અને મોક્ષરૂપ ફળને સાધનાર એવા ધર્મરૂપ વૃક્ષના મૂળ સમાન એવા સમ્યક્ત્વને પ્રયત્નપૂર્વક અવશ્ય જાણી લેવું. મિથ્યાત્વરૂપ કાદવના પડલથી સુજ્ઞાનરૂપ લોચન વિલુપ્ત થતાં લોકોને એ સમકિતની વાર્તામાત્ર પણ શિરશૂળ સમાન લાગે છે. કોઇ કરૂણાપ્રધાન બુદ્ધિમાને યુક્તાયુક્તનો કરેલ ઉપદેશ પણ દુઃસ્વપ્નની જેમ તુચ્છમતિ પુરૂષ તે સાંભળવાને પણ ઇચ્છતો નથી. અત્યંત મૂઢ ગુરૂની પ્રરૂપણાના વશે કેટલાક લોકો એવા પ્રકારનું કર્મ આચરે છે કે જેથી તેઓ કુવાને ખોદનાર પુરૂષની જેમ અધોભૂમિમાં ઉતરતા જાય છે. જેમ ધતુરાનું પાન કરનાર પુરૂષ પત્થર–કટકાને સુવર્ણ બુદ્ધિથી સ્વીકારે છે, તેમ મિથ્યાત્વના ઉદયથી પ્રાણી અગુરૂને પણ ગુરૂ અને કુદેવને પણ દેવ તરીકે માની લે છે અને તેથી પ્રાણીઓ અસંખ્યાતો કાલ એવા પ્રકારનાં દુઃખોનો અનુભવ કરે છે કે જેનું યથાર્થ વર્ણન કેવળજ્ઞાની જ કરી શકે અને જાણી શકે. માટે હે દેવાનુપ્રિય !

સમસ્ત દોષોના સ્થાનરૂપ અને દુર્ગતિમાં ભમાવનાર એવા મિથ્યાત્વનો સત્વર ત્યાગ કરો. વળી સમ્યક્ત્વ તો તમામ દોષ રહિત, બધા સુખને આપનાર તથા પ્રાણીઓના તીવ્ર જન્મ, જરા અને મરણના દુઃખનો ઉચ્છેદ કરવામાં સમર્થ છે, કે જે કલ્યાણરૂપ લતાઓને જળની નીક સમાન એવું સમકિત, મોહનીય કર્મની પ્રબળતા દૂર થવાથી અથવા તો ગુરૂ સમાગમથી કે સ્વયમેવ પ્રગટ થાય છે. એ સમકિત ઉત્પન્ન થતાં અઢાર દોષ રહિત જિનેશ્વરમાં દેવબુદ્ધિ પ્રગટે છે કે જે અત્યંત દૃઢ અને નિરવદ્ય ( નિર્દોષ ) હોય છે. તેમજ ધર્મમાં તત્પર સિદ્ધાંતના પઠન-પાઠનમાં કુશળ તથા ધર્મોપદેશમાં અનુરક્ત એવા સાધુઓમાં પોતાની મેળે પણ ગુરૂબુદ્ધિ ઉત્પન્ન થાય છે અને જિનવચન સાંભળવાથી સમસ્ત તત્ત્વ–રત્નને જાણનાર એવા તે પ્રાણીની મતિ, પરાધીન થયેલા કેદીની જેમ લૌકિક ધર્મથી વિરામ પામે છે. વળી દુર્ગતિનાં દુઃખરૂપ મગરથી ભીષણ તથા કર્મરૂપ જળસમૂહથી વ્યાપ્ત તથા અરતિથી અતિ રૌદ્ર એવા ભવસમુદ્રને તે ગોષ્પદ સમાન તુચ્છ ગણે છે તથા સમ્યક્ત્વરૂપ ઉત્તમ બખ્તરથી રક્ષા પામતાં તે એક સુભટની જેમ લૌકિક સુભટોથી ઉત્કટ છતાં મિથ્યાત્વરૂપ સંગ્રામને ક્ષણવારમાં ક્ષોભ પમાડી દે છે. એ સમકિતને ધર્મરૂપ પ્રાસાદના પાયા સમાન, ધર્મરૂપ નગરના દ્વારતુલ્ય, ધર્મરૂપ વૃક્ષના મૂળ સમાન અને બાર પ્રકારના શ્રાવકધર્મના આદ્ય કારણરૂપ બતાવેલ છે. માટે હે ભવ્ય ! એ પ્રમાણે સમકિતના સ્વરૂપને સમજીને લૌકિકમાર્ગમાં અનુરક્ત ન થતાં સદ્દહણા અને જ્ઞાનના સારરૂપ તથા અનુપમ તત્ત્વરૂપ એવા એ સમકિતનો આદરપૂર્વક સ્વીકાર કર. ”

એ પ્રમાણે ગુરૂમહારાજનાં વચન સાંભળી ભક્તિના ભારથી નમતા લલાટપર પોતાના કરકમળ જોડીને નયસાર ભકિતપૂર્વક કહેવા લાગ્યો—“ હે ભગવન્ ! સાક્ષાત્ પશુ સમાન, અત્યંત અયોગ્ય, બુદ્ધિરહિત અને નિરંતર પાપકર્મમાં આસક્ત એવા અમારા જેવાઓને પણ આપ આવો ઉપદેશ કેમ આપો છો ? ”

ગુરૂ બોલ્યા—“ હે ભદ્ર ! તું એ પ્રમાણે ન બોલ. કારણ કે અત્યારે કેટલાક પ્રત્યક્ષ લક્ષણોથી તારામાં સંપૂર્ણ યોગ્યતા જણાઇ આવે છે. નહિં તો આવા પ્રકારની ભયંકર અટવીમાં આવી પડેલા, માર્ગથી ભ્રષ્ટ થયેલા અને અત્યંત પરિશ્રાંત એવા અમે તારા જોવામાં પણ શી રીતે આવીએ ? કદાચ અમે જોવામાં આવ્યા, છતાં લાંબાકાળે જોવામાં આવેલ વલ્લભજનની જેમ અમને જોતાં જ તને રોમાંચ પ્રગટ થવાથી અનુપમ પ્રમોદ જે થયો, તે કયાંથી થાય ? અથવા તો ક્ષુધા-પિપાસાથી પરાભૂત થયેલા એવા અમને, ભોજન સમયે આણેલ પોતાના ભોજનનું દાન કરવાની મતિ ક્યાંથી થાય ? પુણ્યહીન જનોને આવો ભાવ કદિ ઉત્પન્ન ન જ થાય અને અમારા જેવા અતિથિ પણ તેમના દૃષ્ટિપથમાં

ન જ આવે. કારણ કે રંકના ઘરમાં રત્નનિધાન, મરૂસ્થળમાં કલ્પવૃક્ષ અને સ્થળ -કોરી ભૂમિમાં જળકમળ શું કદિ સંભવે ? માટે આવા પ્રકારની સામગ્રીના લક્ષણોથી શ્રદ્ધા કરવા યોગ્ય એવી સદ્ધર્મની યોગ્યતા હે ભદ્ર ! તારામાં કેમ ન હોઇ શકે ? કારણ કે આવા પ્રકારની સામગ્રી, ભારે પુણ્યના પ્રભાવે મોક્ષ-લક્ષ્મીને ઇચ્છનારા મનુષ્યોને જ નિશ્ચયથી ઘટી શકે. આર્યક્ષેત્રમાં ઉત્પત્તિ, કલંકરહિત ઉત્તમ કુળ, મનુષ્યજન્મ, અનુપમ રૂપ, રોગરહિત શરીર, સંપૂર્ણ આયુષ્ય, સમસ્ત કળાઓમાં કુશળતા, અને સાધુઓનો યોગ-આ બધી સામગ્રી તને પ્રાપ્ત થઇ છે. આમાંની એકાદ વસ્તુ તો એક સામાન્ય ચીજની જેમ પોતાના કર્મરૂપ પવનથી પ્રતિઘાત પામેલા અને સંસારમાં ભમતા અનંત પ્રાણીઓ પામ્યા છે; પરંતુ પુણ્યના પ્રકર્ષથી તમને એ સમસ્ત સામગ્રી પ્રાપ્ત થઇ છે, તેથી હવે અનુપમ મોક્ષસુખરૂપ ફળ આપવામાં એ સમર્થ છે. જેમ મયૂરનો પુચ્છકલાપ અને શેષનાગની ફણાનું રત્ન જેમ સારરૂપ છે; તેમ હે ભદ્ર ! પૂર્વે પ્રાપ્ત ન થયેલ એવા એક જિનકથિત ધર્મનો તું સ્વીકાર કર. ”

એ રીતે ગુરૂના કહેવાથી તીવ્ર સંવેગ ઉત્પન્ન થતાં નયસાર વિચારવા લાગ્યો—“ અહો ! સ્વકાર્ય સાધવામાં પણ વિમુખ, ગુણના નિધાન, કેવળ કરૂણરસના સાગર અને રાજા કે રંકમાં સમાન દૃષ્ટિ રાખનારા એવા આ ગુરૂ મહારાજનું ક્ષણભર દર્શન થતાં પણ મને કેવી લાગણી પ્રગટ થઇ આવી ? આવા શ્રમણો પુણ્યહીન જનોપર પોતાની દૃષ્ટિ પણ ફેરવતા નથી. માટે હવે સર્વથા મારે એમના વચનને અનુસરીને ચાલવું જ યોગ્ય છે. ” એમ ચિંતવીને વસુધાતલપર મસ્તક નમાવી ગુરૂના ચરણે નમસ્કાર કરી, આંખમાં આનંદાશ્રુ લાવી તે કહેવા લાગ્યો—

“ હે નિષ્કારણ વત્સલ ! હે ભગવન્ ! હે સમસ્ત પ્રાણીઓને તારવામાં તત્પર ! હવે ભવવિરક્ત થયેલા એવા મારામાં તમે સમ્યક્ત્વનું આરોપણ કરો. ”

એટલે જિનકથિત નીતિથી યોગ્યતાના ગુણને જાણી, ચિત્તના ઉત્સાહ પ્રમુખ પ્રધાન શકુનો જોવામાં આવતાં, ગુરૂમહારાજે ‘ તારે અરિહંતને દેવ, સુસાધુને ગુરૂ અને જિનેશ્વરભાષિત ધર્મ-એ ત્રણ તત્ત્વને આદરપૂર્વક માનવાં. ’ એમ આજન્મ સમ્યક્ત્વ તેનામાં આરોપિત કર્યું, અને કહ્યું કે—“ હે ભદ્ર ! નિર્વાણ-મોક્ષ-લક્ષ્મીના કારણરૂપ એવું એ સમકિત મેં તને આપ્યું છે, તો હવે શંકાદિ દોષરહિત એનું તારે સર્વથા પરિપાલન કરવું. હે ભદ્ર ! તું ધન્ય છે કે સેંકડો દુઃખોથી રૌદ્ર એવા આ ભવસમુદ્રમાં નાવ સમાન એવો જિનધર્મ તું પામ્યો. સદા એનું પાલન કરતાં એના પ્રભાવથી અનંત જીવોએ દુઃખોને જલાંજલિ આપી છે. વળી હે ભદ્ર ! સ્વભાવે ક્ષણભંગુર એવા સંસારના સુખ નિમિત્તે કોઈવાર પણ એ ધર્મમાં તું પ્રમાદ કરીશ નહિ. ”

હવે ભવભીત પ્રાણીઓને શરણરૂપ એવા ગુરૂમહારાજના ચરણે નમસ્કાર કરીને ભારે હર્ષપૂર્વક નયસાર આ પ્રમાણે કહેવા લાગ્યો—"લોકો અલ્પ ઉપકાર કરનારની પણ અતિ બહુમાનથી પૂજા કરે છે, તો આવા પ્રકારનો અનુપમ ઉપકાર કરનાર એવા તમારો હું અત્યારે શું પ્રત્યુપકાર કરૂં ? તથાપિ હે ભગવન્ ! તમે હવે આ ભિક્ષાચરવૃત્તિથી નિવૃત્ત થઇ ધન, રત્ન, ભવન અને સંસારનો સ્વીકાર કરો. અથવા તો એટલું માત્ર આપવાથી પણ શું ? આ મારો જીવ પણ તમારે આધીન છે."

એ પ્રમાણે સાંભળતાં પોતાના શરીરને વિષે પણ મમતારહિત એવા ગુરૂ મહારાજે નયસારને પ્રતિબોધ પમાડતાં કહ્યું કે—'હે મહાસત્ત્વ ! તમે સારૂં કર્યું કે જેથી એવું વચન બોલ્યા. કારણ કે સમ્યક્ત્વદાયક ગુરૂ પ્રત્યે સર્વ ગુણો સાથે હજારો કે કોટિગમે ઉપકારો કરતાં ઘણા ભવોસુધીમાં પણ તેમનો પ્રત્યુપકાર ન થઇ શકે. પરંતુ હે ભદ્ર ! આ ધર્મ-કર્મમાં નિરંતર ઉદ્યમ કરતાં પરમાર્થથી તો તમે અમને બધું આપી ચૂકયા છો." એ રીતે જિનધર્મનો સર્વ પરમાર્થ સમજાવીને ગુરૂ પુનઃ બોલ્યા—'હે ભદ્ર ! હવે અમને આગળ જવાની અનુજ્ઞા આપો.' એમ સાંભળતાં ગુરૂદર્શનના અસહ્ય વિરહની વેદનાથી વ્યાકુળ થતો નયસાર લાંબા માર્ગ સુધી ગુરૂની પાછળ જઇ, તેમને માર્ગ બતાવીને તે પાછો વળ્યો, અને ગુરૂવચનને ભાવતો, મહાભયંકર ભવભયને ચિંતવતો તથા સમકિતથી અલંકૃત થયેલ તે પોતાના આવાસમાં આવ્યો.

પછી જે કામ કરવાનું હતું તે કરી, સારા કાષ્ઠના ગાડાં ભરી બધા નોકરવર્ગ સહિત તે નયસાર પોતાના ગામ તરફ પાછો વળ્યો અને અનુક્રમે સ્વસ્થાને આવી પહોંચતાં તેણે કાષ્ઠ બધાં રાજાને મોકલી આપ્યાં, ત્યારથી પ્રતિદિન જિનધર્મનો અભ્યાસ કરતાં, મુનિજનોની ભક્તિ સાધતાં, જીવાજીવાદિક નવ પદાર્થો ચિંતવતાં, જીવદયા પાળતાં, સાધર્મિ બંધુઓનું બહુમાન કરતાં અને અત્યંત આદરપૂર્વક જિનશાસનનો મહિમા વધારતાં તે નયસાર કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એકદા જીવલોક મરણ-પર્યાયને આધીન હોવાથી અને સર્વ પદાર્થોના ક્ષણભંગુરપણાથી, તથાપ્રકારનું ઉપક્રમણ-કારણ પામતાં તે નયસાર બરાબર સમ્યગ્દર્શનનું નિરંતર પાલન કરી, પ્રાંતે આરાધના આચરી, પંચ નમસ્કારનું સ્મરણ કરતાં તે પંચત્વ-મૃત્યુ પામ્યો.

**ઇતિ પ્રથમ ભવ.**

હવે ત્યાંથી મરણ પામતાં સમ્યગ્દૃષ્ટિ નયસારનો જીવ **સૌધર્મ** દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો, ત્યાં એક પલ્યોપમના આઉખે અને અંતર્મુહૂર્તમાત્રમાં તે પર્યાપ્તભાવને પામ્યો. વળી ઉત્પાતશય્યામાં ઉત્પન્ન થતાં જ સેવક દેવો 'જય જય નંદા! જય જય ભદ્દા!' એ પ્રમાણે ઘોષ કરવા લાગ્યા અને ભારે હર્ષથી તેમણે પોતાનું ઉચિત કર્ત્તવ્ય બજાવ્યું. પછી ઉન્નત સ્તનપર લટકતી મોતીઓની માળાઓથી શોભાયમાન, ચંદ્રમા સમાન મુખવાળી, કુવલય તુલ્ય લોચનવાળી, નિર્મળ ગાલપર આળેખેલ વિચિત્ર રચનાવાળી પત્રવલ્લિયુક્ત, કર–કિસલયમાં લટકતા સુવર્ણના સુંદર કંકણથી વિરાજમાન એવી દેવાંગનાઓ સાથે પોતાની ઇચ્છા પ્રમાણે વિવિધ સ્થાનોમાં ક્રીડા કરતાં રતિસાગરમાં નિમગ્ન થઇ તે દેવ લીલાપૂર્વક કાળ નિર્ગમન કરવા લાગ્યો. તેમજ જિનેશ્વરોના ચ્યવન પ્રમુખ પાંચ કલ્યાણકોમાં પોતાની સમસ્ત અન્ય પ્રવૃત્તિનો ત્યાગ કરી **નંદીશ્વરાદિક** દ્વીપોમાં, 'અમારા જેવા અવિરતિ જીવોને એ ભવસાગરમાં નાવ સમાન છે, ત્રણ પ્રકારના દુઃખોથી તપ્ત થયેલાઓને એ અમૃત સમાન છે, મનોવાંછિત પૂરવામાં એ ચિંતામણિ તુલ્ય છે' એ પ્રમાણે અત્યંત બહુમાનથી, અસાધારણ હર્ષથી ઓતપ્રોત બની તે અઠ્ઠાઇ મહોત્સવ કરવા લાગ્યો. વળી **હિમવંત, મહાહિમવંત** પ્રમુખ કુલપર્વતો પર રહેલા સિદ્ધાયતનોના, દિવ્ય વિમાનપર આરૂઢ થઇને તે નિરંતર દર્શન કરવા લાગ્યો. તથા સાક્ષાત્ વિચરતા અરિહંતના મુખકમળથી સંસારથી ઉદ્વેગ પમાડનાર એવો ધર્મોપદેશ તે અત્યંત ભક્તિથી સાંભળવા લાગ્યો. તેમજ દુષ્કર તપ અને ચારિત્ર આચરતાં દુર્બળ બની ગયેલા અને સર્વ સંગથી વર્જિત તથા મન, વચન, કાયાથી ગુપ્ત (ત્રણ ગુપ્તિ સહિત) એવા મુનિજનોની તે ઉપાસના કરવા લાગ્યો.

એ પ્રમાણે પ્રવર સિદ્ધિ–મંદિરના સોપાનની શ્રેણિ સમાન, ગુણ–પંક્તિના આવાસરૂપ એવા શ્રી મહાવીરસ્વામીના ચરિત્રમાં અત્યંત ઉત્તમ સમ્યક્ત્વના લાભરૂપ, ભવ્યજનોના મનને પ્રમોદ પમાડનાર આ પ્રથમ પ્રસ્તાવ કહી બતાવ્યો.

## પ્રથમ પ્રસ્તાવ અને બીજો ભવ પૂરો થયો.

# द्वितीय प्रस्ताव.

## ( મરીચિનું ચરિત્ર. )

### ત્રીજો ભવ.

સમસ્ત સમુદ્રો અને દ્વીપોથી પરિવેષ્ટિત તથા મધ્યભાગે મેરૂપર્વતથી વિરાજિત એવા આ **જંબૂદ્વીપ** નામના દ્વીપને વિષે આરોપિત ધનુષ્યની દોરી સમાન તથા ગંગા-સિંધુ મહાનદીઓ જેના મધ્ય ભાગમાં વહન કરી રહી છે એવા **દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રને** વિષે **વિનીતા** નામે નગરી છે કે જે નગરી ચારે બાજુ પ્રશસ્ત વૃક્ષોની શ્રેણિથી વિરાજિત, નજીકના સીમાડામાં ઉગેલ શ્વેત શેલડી, તાલ તથા નીવાર (ધાન્ય વિશેષ) થી શોભાયમાન, વિવિધ મણિ-રત્નોથી જ્યાં ધરણીપીઠ બાંધેલ છે, અમરાવતીની જેમ નાસત્ય (દેવ વિશેષ) પક્ષે સત્યતાયુક્ત અભિનવ પુરીની જેમ જે નવીન કુળોથી અલંકૃત, સીતાની જેમ કુશ-લવ, પક્ષે કુશળ-બળથી ગરિષ્ઠ, વિલાસિની વનિતાની જેમ દીર્ઘ લોચન. પક્ષે મોટા મ્હોલા-પોળથી સુશોભિત, રામચંદ્રની સેનાની જેમ બિભીષણ, પક્ષે ભીષણ દોષથી અદૃષ્ટ, પાતાલ નગરીની જેમ શેષ-નાગકુમારો પક્ષે ઉત્તમ જનોથી પરિવૃત, તથા દેવેંદ્રની આજ્ઞાથી પ્રમોદ પામેલા કુબેર ભંડારીએ રચેલ, બાર યોજન લાંબી અને નવ યોજન વિસ્તીર્ણ, અત્યંત ઉંચા કનક કિલ્લાથી વેષ્ટિત, શ્રેષ્ઠ મકાનોની એક શ્રેણિઓથી અભિરામ તથા ધન, કંચન, રત્નોથી ભરપૂર એવી જે નગરીમાં અખંડ રૂપ, લાવણ્ય, યૌવન-ગુણના વિલાસી નગરજનો કામદેવ સમાન શોભતા હતા, જ્યાં તરૂણીઓ પોતાના રૂપગુણથી અકૃત્રિમ અલંકારવાળી દેવાંગનાઓને હસી કાઢતી હતી, વળી જ્યાં માર્ગણ-બાણ શબ્દમાત્ર સુભટોમાં જ સંભળાતો, પણ પ્રજામાં માર્ગણ-યાચકનું નામ ન હતું, દોસી-કાપડીઆ લોકો જ જ્યાં દોષ્યાભિલાષ-વસ્ત્રો વેચવાની ઇચ્છા કરતા, પણ અન્ય લોકો દોષને ઇચ્છતા ન હતા, વળી જ્યાં વૃક્ષોમાં જ

હાથીઓ અટકતા, પરંતુ લોકોને ગદા-અસ્ત્રાદિકનો પરાભવ ન હતો, તથા વઇરિ-વજ્ર શબ્દ જ્યાં રત્નોમાં જ વપરાતો, પણ પ્રજામાં વૈરનું નામ પણ ન હતું. એ નગરીમાં શ્રી **ઋષભ** રાજા રાજ્ય કરતો હતો કે જેનો, આસન ચલાયમાન થવાથી કનક-કળશ લઇને આવેલ ઇંદ્રોએ રાજ્યાભિષેક કર્યો, એટલે તત્કાલ ઉગ્ર ભોગ, રાજન્ય, ક્ષત્રિય, તથા ચાર પ્રકારની પ્રધાન સેનાનો જેમણે સ્વીકાર કર્યો, તે વખતે સુરપતિએ આપેલ કંચનના કંકણ તથા બાજુબંધ અને મણિ-મુગટ પ્રમુખ દિવ્ય અલંકારોથી શરીરે શોભાયમાન એવા **ઋષભ**સ્વામી રાજ્ય ચલાવતા હતા, જે સ્વામી આષાઢ માસની કૃષ્ણ ચતુર્થીએ **સર્વાર્થ સિદ્ધ** વિમાનનો ત્યાગ કરી, **ઉત્તરા**ષાઢા નક્ષત્રની સાથે ચંદ્રમાનો યોગ થતાં ગજ પ્રમુખ ચૌદ મહાસ્વપ્નોથી સૂચિત, **શ્રીનાભિ** કુલકરના ઘરે **શ્રીમરૂદેવી** માતાના ઉદરમાં આવીને ગર્ભપણે ઉત્પન્ન થયા. તે વખતે પૂર્વોપાર્જિત પુણ્ય-સમૂહના પ્રભાવે ઇંદ્રનું સિંહાસન ચલાયમાન થતાં તે દેવેંદ્ર ભક્તિપૂર્વક ત્યાં આવ્યો અને પ્રભુને ગર્ભમાં તેમજ તેમની જનની-માતાને તેણે ભારે હર્ષ-પૂર્વક નમસ્કાર કર્યા. પછી ચૈત્ર મહિનાની કૃષ્ણ અષ્ટમીએ ઉત્તરાષાઢા નક્ષત્રમાં અર્ધરાત્રે ત્રણે ભુવનના જીવોને ક્ષણભર આનંદ પમાડતાં ઋષભસ્વામી પૂર્ણ ચંદ્રમાની જેમ જન્મ પામ્યા. એટલે તત્કાલ આસન કંપવાથી પોતપોતાના અધિકાર પ્રમાણે છપ્પન્ન દિશાકુમારીઓએ ભગવંતની જન્મ-ક્રિયા કરી. તેમજ પોતપોતાના દેવસમુદાય સહિત બત્રીશ દેવેંદ્રોએ કનકાચલપર જેમનો જન્મ-મજ્જનનો મહોત્સવ કર્યો, વળી જેમના સાથળમાં વૃષભનું લાંછન જોઇ હર્ષ પામતા નાભિરાજાએ જેમનું **ઋષભ** એવું નામ પાડયું, ઇંદ્રના હાથમાં રહેલ શેલડીના સાંઠાને પોતાના હાથમાં ધરતાં જેમણે પોતાના વંશનું **ઇક્ષ્વાકુ** એવું યથાર્થ નામ સ્થાપન કર્યું. જેમણે પ્રથમ **લેખ** પ્રમુખ બહોંતેર કળાઓ બતાવી કે જે કૃષિવિદ્યા, લુહારની કળા, ચિત્રકળા, કુંભારની, વસ્ત્ર વણવાની અને શિલ્પ-કળા વિગેરે અનેક પ્રકારની સમજવી. વળી ક્ષેત્ર, વાણિજ્ય તથા અપક્વ ધાન્ય ખાવાથી દુ:ખ પામતા લોકોને અગ્નિમાં પાચન કરવાની કળા દર્શાવી. તથા શઠ અને પ્રશસ્ત જનોને શિક્ષણ આપવા જેમણે જગતમાં શિષ્ટજનના રક્ષણ માટે સામ, દામાદિ ચાર પ્રકારની નીતિ બતાવી. વળી જેમના વિવાહ વખતે ઇંદ્રે મહોત્સવપૂર્વક પોંખવાની વિધિસહિત લગ્નોત્સવ કર્યો. જે ઋષભસ્વામીએ વ્યાકરણ, છંદશાસ્ત્ર, કથા, કાવ્યકળા, જ્યોતિષ પ્રમુખ અનેક વિદ્યા પામીને પ્રથમ શુદ્ધ બુદ્ધિથી જગતને બતાવતાં લેશ પણ સંકોચ ન કર્યો. પોતપોતાના કર્મ પ્રમાણે નિયમિત વર્તન, ગુરૂજન-વડીલોને નમન ઇત્યાદિ જેમણે જગતમાં જાતિ-કુળની બધી વ્યવસ્થા કરી. વધારે તો શું ? પરંતુ યોગ્યાયોગ્ય વસ્તુ-વિજ્ઞાનથી શૂન્ય જનોના હૃદયમાં અદ્યાપિ જેમની સર્વવ્યાપક કીર્ત્તિની જેમ જે નીતિ પ્રવર્ત્તી રહી છે.

એ પ્રમાણે ગજ, અશ્વ પ્રમુખ રાજ્યાંગયુક્ત અને સંશય પડતાં દરેક વ્યવસ્થામાં, કુલાગારોમાં, પરોપકારના વિસંવાદમાં બધા લોકના પ્રશ્નનું નિરાકરણ કરતા એવા ભગવંતના **નંદા** અને **સુમંગલા** રાણી સાથે વિષયસુખ ભોગવતાં દિવસો વ્યતીત થવા લાગ્યા.

એકદા સુમંગલા દેવીએ **ભરત** અને **બ્રાહ્મીને** સાથે જન્મ આપ્યો તથા સુનંદાએ **બાહુબાલ** અને **સુંદરીને** સાથે જન્મ આપ્યો. એમ કાળ વ્યતીત થતાં સુમંગલાએ બીજાં ઓગણપચાશ પુત્રયુગલો–જોડલાંને જન્મ આપ્યો, તે **ભરત** પ્રમુખ કુમારો વૃદ્ધિ પામતાં સમસ્ત કળાઓમાં કુશળ થયા.

એમ સર્વ કળાઓ અને કુળ–વ્યવસ્થા બતાવી શુભ લોકવ્યવહાર પાળતાં વ્યાશી લાખપૂર્વ ગૃહસ્થ–પર્યાય અનુભવી, પરલોકના માર્ગને યોગ્ય એવા ધર્મવ્યવહારથી રહિત અને સંસાર–પંકમાં નિમગ્ન થતા લોકોને જોઇ, હૃદયમાં અત્યંત કરૂણારસની બુદ્ધિ વૃદ્ધિ પામતાં તત્કાલ સિંહાસન ચલાયમાન થવાથી **સારસ્વત** પ્રમુખ લોકાંતિક દેવતાઓએ આવી સંસારવાસી પ્રભુને ધર્મ–રથ ચલાવવાની વિનંતિ કરતાં તરતજ ભોગપિપાસાથી નિવૃત્ત થઇ ભગવંતે ભરત પ્રમુખ પોતાના પુત્રોને બોલાવ્યા, અને તે સો પુત્રોને રાજ્ય વ્હેંચી આપ્યું. પોતે પૃથ્વીના ભારનો ત્યાગ કરી, એક વરસ સુધી સુવર્ણ–દાન વરસાવતાં દીન અને યાચકજનોને અત્યંત આનંદ પમાડી, ચૈત્ર માસની કૃષ્ણ અષ્ટમીના દિવસે ઉત્તરાષાઢા નક્ષત્રમાં પાછલા પહોરે **કચ્છ** અને **મહાકચ્છ** પ્રમુખ કે જેમણે પોતાનું રાજ્ય પુત્રોને આપી દીધું છે એવા ચાર હજાર મંડલેશ્વરો સહિત, દેવ, દાનવોએ ઉપાડેલ, વિચિત્ર ચિત્રોથી શોભતી એવી **સુદર્શના** નામની **શિબિકા**–પાલખીપર બિરાજમાન, પરમ વિભૂતિસહિત, સમસ્ત ઉદ્યાનોની લક્ષ્મીના લીલાવન સમાન ઉદ્યાનમાં કષ્ટપૂર્વક ઉત્કૃષ્ટ તપ કરનાર, સર્વાંગે ધારણ કરેલા અલંકારોને તજી, પોતે ચાર મુષ્ટિથી લોચ કરી, સિદ્ધ ભગવંતને નમસ્કાર કરી જેમણે સર્વસાવદ્ય યોગની વિરતિ સ્વીકારી. આ વખતે ચાર નિકાયના દેવો સહિત બત્રીશે ઇંદ્રો સદ્‌ભાવયુક્ત, મહા અર્થ સહિત અને પ્રશસ્ત વાણીથી જેમની સ્તુતિ કરી રહ્યા છે તથા પાંચ ઇંદ્રિયોરૂપ અશ્વોને દમન કરનાર એવા ભગવંત સંસાર તજી શ્રમણ થયા.

તે વખતે ઇંદ્રે સ્કંધપર સ્થાપન કરેલ વિશિષ્ટ દેવદૂષ્ય વસ્ત્રને વહન કરતા, કચ્છ, મહાકચ્છ પ્રમુખ મુનિઓથી પરિવરેલા, સર્વસાવદ્ય યોગના સંગને તજી ત્રણ ગુપ્તિયુક્ત, અપ્રતિબદ્ધ એવા ઋષભસ્વામી ત્યાંથી ગ્રામાનુગ્રામ વિહાર કરવા લાગ્યા. તે વખતે ધન, કંચનથી સમૃદ્ધ લોકો ‘ ભિક્ષા શું અને તેને ગ્રહણ કરનાર કોણ ? ’ એમ જાણતા ન હતા; તેથી ભિક્ષાને માટે ભ્રમણ કરતા

ભગવંતને તેઓ પોતાના સ્વામી સમજીને પ્રણામ કરતા; કનક, હાથી, અશ્વ, કન્યા, મહા કીંમતી વસ્ત્રો તથા પોતાને ઇષ્ટ એવી અન્ય વસ્તુઓ પણ આપતા નમ્ર થઇને પ્રણામ કરતા હતા. એટલે ભિક્ષા ન પામતા કચ્છ અને મહાકચ્છ પ્રમુખ મુનિઓ પ્રતિદિન અનશનને લીધે શરીરે ભારે સંતાપ પામવા લાગ્યા. અત્યારે ભગવંત તો મૌનવ્રતધારી હતા. જેથી અન્ય ઉપાય હાથ ન લાગવાથી જંગલમાં તેઓ વૃક્ષથી પડી ગયેલાં પાકાં પાંદડાં ખાઇને ત્યાં જ રહેવા લાગ્યા. ભગવાન્ પણ કનકાચલની જેમ નિષ્કંપ બની વિશિષ્ટ સંઘયણયુક્ત હોવાથી મનમાં જરા પણ ખેદ ન પામતાં પોતે એકલા પૃથ્વીપર પ્રતિદિન વિચરવા લાગ્યા.

એવામાં રાજ્ય-લક્ષ્મીને ઇચ્છતા, કચ્છ, મહાકચ્છના પુત્ર **નમિ, વિનમિ** ત્યાં આવીને ચિંતામણિની જેમ અત્યંત આદર સહિત ભગવંતની સેવા કરવા લાગ્યા. તેમની સેવા-ભક્તિથી રંજિત થયેલા નાગેંદ્રે શ્રેષ્ઠ વિદ્યાઓ અને વિદ્યાધરોનું રાજ્ય આપ્યું, જેથી તેઓ ભારે પ્રમોદ પામીને ઇચ્છિત સ્થાને ચાલ્યા ગયા.

અહીં ભિક્ષા ન પામવાથી શરીરે કૃશ બનેલા ભગવાન્ પણ ગામ, નગર અને આકર વિગેરે સ્થાનોમાં વિચરતાં **કુરૂદેશ**માં આવેલ **ગજપુર** નગરમાં ગયા. તે વખતે **શ્રી બાહુબલિ**ના પૌત્ર **શ્રેયાંસકુમાર** કે જેને પ્રભુદર્શનથી પૂર્વજન્મનું સ્મરણ થતાં તીવ્ર શ્રદ્ધા થવાથી તત્કાલ આવેલ પુરૂષોએ લાવેલ શેલડીના તાજા રસથી તેણે એક વરસના પ્રાંતે ત્યાં ભગવંતને પારણું કરાવ્યું. એટલે તે જ વખતે કનકધારા પડી અને દેવતાઓએ વાજીંત્રો વગાડ્યાં, જેથી નગરજનો એકઠા થયા અને કુમારે પોતાનો બધો વૃત્તાંત તેમને કહી સંભળાવ્યો.

ભગવાન્ પણ પારણું કરી **બાહલી, લંકા** વિગેરે દેશોમાં વિચરતાં પોતે મૌનધારી છતાં પોતાના માહાત્મ્યથી ત્યાં વસતા જનોને ભદ્રકભાવ પમાડતા, વિવિધ તપ-ચરણમાં પરાયણ, તે કાલના લોકોના નિર્દોષપણાથી અને તથાવિધ વેદનીયકર્મના અભાવે ઉપસર્ગ રહિત સંયમ પાળતા ભગવંતને એકહજાર વરસ વ્યતીત થયાં.

એકદા પ્રભુ વિનીતાનગરીની પાસે **પુરિમતાલ** નગરમાં આવ્યા. તેની ઇશાનખુણે **શકટમુખ** નામના ઉદ્યાનમાં **ન્યગ્રોધ** વૃક્ષ નીચે રહેતાં, અઠ્ઠમ તપ કરતાં, દિવસના પૂર્વભાગે ફાગણ માસની કૃષ્ણ અગીયારસના દીવસે ઉત્તરાષાઢા નક્ષત્રમાં, ત્રણે ભુવનના એક બંધવ એવા સ્વામીને ઉત્કૃષ્ટધ્યાનમાં લીન થતાં, દિવ્ય, અનંત, લોકાલોકના ભાવાભાવ, સ્વભાવ, સમસ્ત વસ્તુઓના પરમાર્થને પ્રકાશવામાં સમર્થ એવું **કેવળજ્ઞાન** ઉત્પન્ન થયું.

તે વખતે ભગવંતને જ્ઞાન ઉત્પન્ન થવાના માહાત્મ્યથી સિંહાસન કંપાયમાન થતાં પ્રયુંજેલ અવધિજ્ઞાનથી કેવલજ્ઞાનનો વ્યતિકર જાણવામાં આવતાં દેવેંદ્રોએ પટહપ્રમુખ ગંભીર વાજીંત્રો વગાડયાં, જેથી દેવલોક ક્ષોભ પામ્યો. અત્યંત હર્ષપૂર્વક નૃત્ય કરતી દેવાંગનાઓની ભુજામાં લટકતા રત્ન-કંકણોના ધ્વનિથી ભુવનનો ખાલી ભાગ ભરાઇ જતાં બત્રીશ ઇંદ્રો પોતપોતાના દેવતાઓના પરિવાર સહિત ત્યાં આવ્યા અને સમવસરણ રચવા લાગ્યા. તે કેવું અદ્ભુત હતું ?

અત્યંત સુગંધિ અને શીતલ પવનથી બારીક રજકણનો સમૂહ પણ જ્યાં શાંત થઇ ગયો છે, કેસર અને કપૂરના ગંધથી અભિરામ એવા સુગંધિ જળથી જ્યાં રજ ઉપશાંત છે, જાનુ-ઢીંચણ પર્યંત નાખેલાં પુષ્પોથી જ્યાં રત્નથી રચેલ પૃથ્વીપીઠ શોભી રહેલ છે, બળતા ધૂપધૂમના અંધકારથી જ્યાં મયૂરો મેઘની શંકા કરી રહ્યા છે. મણિ, સુવર્ણ તથા અગ્નિ-સંસ્કારથી ઉત્કૃષ્ટ ઉજ્વળ બનેલ રૂપાના ત્રણ ગઢથી શોભાયમાન, ચોતરફ મણિરત્નના બનાવેલા સિંહાસનયુક્ત, ફીણના પિંડ સમાન અત્યંત ઉજળા ત્રણ છત્રથી જ્યાં સૂર્યના કિરણો અટકી રહેલ છે, પવનથી ચાલતા અશોકવૃક્ષના પલ્લવોથી જ્યાં નભોમંડળ ચિત્રિત બનેલ છે. આકાશમાં રહેલા દેવતાઓ જ્યાં દુંદુભિનો ગંભીર નાદ કરી રહ્યા છે, દિશાઓમાં પ્રસરતા ભામંડળથી જ્યાં અંધકાર પરાસ્ત થયેલ છે, તથા શરદૃઋતુના ચંદ્રમાના કિરણસમૂહ સમાન ધવલ ચામરો જ્યાં ઢળી રહ્યાં છે, અને ઉત્કટ દોષને હરનાર એવું સમવસરણ શોભવા લાગ્યું. ત્યાં દેવતાઓથી વંદાયેલા અને જગતના એક ગુરૂ ભગવંત ઋષભસ્વામી પૂર્વાભિમુખ થઇ " नमो तित्थस्स " એમ કહીને પ્રવર સિંહાસનપર બિરાજમાન થયા. એટલે અત્યંત હર્ષિત થયેલા ચાર પ્રકારના દેવતાઓ પોતપોતાના સ્થાને બેઠા. તે વખતે જતા આવતા દેવોના લાખો વિમાનોપર લટકતી પાંચ વર્ણની ધ્વજાઓથી આકાશ સંકીર્ણ થવા લાગ્યું.

એવામાં જિનેશ્વરના આગમનને જણાવવા નિમિત્તે પૂર્વે નિયુક્ત કરેલા પુરૂષો, ભગવંતના કેવળજ્ઞાનની ઉત્પત્તિ નિવેદન કરવા તથા આયુધશાળામાં પ્રગટ થયેલ, અનેક યક્ષોથી અધિષ્ઠિત, અસાધારણ ચળકતી પ્રભાથી અંધકારને પરાસ્ત કરનાર એવા **ચક્રરત્ન**ના વ્યતિકરને નિવેદન કરવા, એકદમ વેગથી તે લોકો **ભરત**રાજા પાસે સમકાળે આવી હાજર થયા. તેમના વૃત્તાંતથી ભરત રાજાએ વિચાર કર્યો કે—' ચક્રરત્ન તો માત્ર આ લોક સંબંધી તુચ્છ સુખ સંપાદન કરવામાં સાધનભૂત છે અને ભગવંતનું જ્ઞાન તો ઉભય લોકના અનુપમ સુખને સંપાદન કરવામાં કારણભૂત છે.' એમ પોતાના મનમાં નિશ્ચય

કરી, પુત્રવિરહના દુઃખથી વ્યાકુળ થતા **મરૂદેવા** માતાને પ્રવર હાથણીના સ્કંધપર બેસારી, સમસ્ત કુમારો અને ચતુરંગ સેનાસહિત **ભરત** મહારાજા ભારે પ્રમોદપૂર્વક પ્રભુના કેવળજ્ઞાનનો મહિમા કરવા નીકળ્યા. આગળ ચાલતાં મરૂદેવા ભગવંતની છત્રાદિ વિભૂતિ જોતાં, તથાપ્રકારની ભવિતવ્યતાના યોગે શુભ ધ્યાનમાં લીન થતાં અંતકૃત કેવલી થયા અને તરત જ સિદ્ધગતિને પામ્યા. તે વખતે ' આ ભરતક્ષેત્રમાં મરૂદેવા માતા પ્રથમ સિદ્ધ થયા. ' એમ ધારી દેવ, દાનવોએ તેમનો મહોત્સવ કર્યો, અને તેમનું શરીર ક્ષીરસાગરમાં નાંખ્યું. અહીં ભરત નરેંદ્ર પરમ પ્રમોદને ધારણ કરતાં, ભગવંતને ત્રણ પ્રદક્ષિણા દઇ, અનેક પ્રકારે પ્રભુની સ્તુતિ કરી, તે દેવ, મનુષ્ય અને અસુરોની સભામાં બેઠા. એટલે ઋષભસ્વામીએ પણ સજળ મેઘના ધ્વનિ સમાન ગંભીર, એક યોજન પ્રમાણ ક્ષેત્રગામિની, એકી સમયે દરેક જનના સંશયને છેદનાર એવી વાણીથી ધર્મદેશના આપવા માંડી કે—

" હે ભવ્યાત્માઓ ! દુર્લભ મનુષ્યજન્મ પામી અને ઉત્પત્તિ તથા વિનાશયુક્ત ભવસ્વરૂપ જાણીને ધર્મ સાધ્યા વિના સ્વજન, શરીરાદિકના મોહમાં મૂઢ બની નિરર્થક શા માટે પોતાના જીવિતને ગુમાવો છો ? વૃથા વ્યવસાયોમાં વ્યાકુળ બની અનંતીવાર તીવ્ર દુઃખોથી તમે સંતપ્ત થયા, તે હરદમ કેમ યાદ કરતા નથી ? વળી તમે ચારે ગતિમાં જે દુઃખો સહન કર્યાં, તે તો યાદ કરો-નરકમાં પરમાધામીઓએ શસ્ત્રથી તમારા પ્રત્યેક અંગનું છેદન કર્યું. તિર્યંચપણામાં તમે વધ, બંધન, દાહ, અંગછેદ, વાહન વિગેરેનાં દુઃખો સહ્યાં. દેવપણામાં ઇર્ષ્યા, વિષાદ, સેવકત્વના સંતાપથી તમે સંતપ્ત થયા અને મનુષ્યપણામાં દૌર્ભાગ્ય, દારિદ્રય, વ્યાધિ વિગેરેનાં સંકટો ચિરકાળ સહન કર્યાં. એ પ્રમાણે ચારે ગતિનાં દુઃખો સંભારી જો તમે મોક્ષસુખને ઇચ્છતા હો તો નિર્દોષ પ્રવ્રજ્યા–દીક્ષા આદરી ધર્મને સાધવાનો ઉદ્યમ કરો. "

એ પ્રમાણે ભગવંતની ધર્મદેશના સાંભળતાં **ભરત** રાજા શ્રાવક થયો. **બ્રાહ્મી** સાધ્વી થયાં. પૂર્વભવમાં ગણધર નામગોત્ર બાંધનાર એવા ભરતપુત્ર **ઋષભસેને** સંવેગ પામીને દીક્ષા અંગીકાર કરી અને **સુંદરી** શ્રાવિકા થઇ. એ રીતે પ્રથમ સમવસરણમાં ભગવંતે ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરી. એવામાં પ્રભુનો કેવળ–મહિમા સાંભળી અને ભગવંતને ભવનપતિ, વાણવ્યંતર, વૈમાનિક અને જ્યોતિષી દેવોથી પરિવરેલા જોઇ કચ્છ અને મહાકચ્છ સિવાય જે પૂર્વે તાપસો થયા હતા, તેમણે પ્રભુ પાસે પુનઃ દીક્ષા અંગીકાર કરી. આ વખતે ભવવૈરાગ્ય ઉત્પન્ન થતાં તૃણની જેમ રાજવૈભવ તજી ભરતના પાંચસો પુત્રો અને સાતસો પૌત્રોએ એકીસાથે તેજ સમવસરણમાં પ્રવ્રજ્યા અંગીકાર કરી.

હવે નયસારનો જીવ સૌધર્મ દેવલોકમાં દેવપણું પાળી પલ્યોપમના પ્રાંતે પૂર્વભવે સાધુસમાગમથી પામેલ ધર્મના પ્રભાવે ભરતરાજાની ભાર્યા વામાદેવીના ઉદરમાં શ્રેષ્ઠ સ્વપ્નથી સૂચિત ગર્ભપણે ઉત્પન્ન થયો. નવ માસ અને સાડાસાત દિવસ ગર્ભાવાસમાં વસી તે ભાગ્યશાળી, પવિત્ર નક્ષત્ર અને શુભ મુહૂર્તે દશે દિશાઓમાંના અંધકારને પરાસ્ત કરનાર અને દેવતાની જેમ પ્રસરતા ઉત્તમ તેજને વિસ્તારનાર તે પુત્રપણે જન્મ પામ્યો. તેનો અદ્ભુત અને ઉત્તમ જન્મ-વૃત્તાંત સાંભળતાં ભરતરાજાએ તેનું **મરીચિ** એવું યથાર્થ નામ રાખ્યું. અશોક-વૃક્ષની જેમ કર-કિસલયથી શોભાયમાન અને લોકોના મનને આનંદ પમાડનાર એવો મરીચિ દેહવૃદ્ધિની સાથે કુમારપણાને પામ્યો.

એવામાં એક વખતે તે મરીચિકુમાર, ચાર પ્રકારના દેવતાઓએ કરેલ અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ પ્રમુખ ભગવંત આદિનાથની પ્રાતિહાર્યની વિભૂતિ જોતાં તથા ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન વસ્તુ-સમૂહમાં નડતા સંદેહરૂપ અગ્નિને શાંત કરવામાં અમૃતની ધારા સમાન એવી પ્રભુની ધર્મદેશના સાંભળી, જીવિતને ગજકર્ણ સમાન ચંચલ સમજી, કમલાક્ષીઓના સંયોગસુખને વિકાસ પામેલ મોટી વિષલતા તુલ્ય ધારી, સ્નેહી જનોના સ્નેહ-સંબંધને અકાળે પડતી વિજળી સમાન ક્ષણભંગુર જાણી; સદ્ધર્મના પરિણામ અત્યંત વૃદ્ધિ પામતાં તેણે મહા-વિભૂતિપૂર્વક પોતાના પિતામહ-દાદા પાસે દીક્ષા લીધી.

એ રીતે સમ્યક્પ્રકારે શ્રમણધર્મ આદરી, પાંચ પ્રકારના આચારમાં તત્પર, પાંચ સમિતિસમેત, ત્રણ ગુપ્તિગુપ્ત, પાંચ મહાવ્રત પાળવામાં અત્યંત સાવધાન પોતાના દેહમાં પણ મમત્વ રહિત, રત્નવણિકની જેમ લોહ-લોખંડ અથવા લોભના ભાવને તજનાર, સાગરની જેમ મગરને હિતકારી, પક્ષે મદરહિત, દિનકરની જેમ દોષા-રાત્રિ, પક્ષે દોષને પરાસ્ત કરનાર, નાગરાજની જેમ પૃથ્વી-પીઠ, પક્ષે ક્ષમાને ધારણ કરનાર, મંદરાચલની જેમ જલધિ, પક્ષે ચાર કષાયને મથિત કરનાર, સુભટ-સુઘડની જેમ વિષમકરણ, પક્ષે વિષમક્રિયાને ટાળનાર, ગામ કે નગરમાં અપ્રતિબદ્ધપણે વિચરનાર અને સ્થવિરો પાસે સામાયિકાદિ અગીયાર અંગો સૂત્ર અને અર્થ સાથે દઢપણે ધારનાર એવા મરીચિમુનિ, સ્વામી સાથે વિચરવા લાગ્યા.

હવે અહીં ચક્રરત્ન ઉત્પન્ન થતાં ચતુરંગ સૈન્યસહિત ભરત ભૂપાલ પ્રથમ પૂર્વ દિશામાં **માગધતીર્થ**, દક્ષિણ દિશામાં **વરદામ** તીર્થ, પશ્ચિમ દિશામાં **પ્રભાસ** તીર્થ અને ઉત્તર દિશામાં ક્ષુદ્ર **હિમવંત** સુધી ભરતક્ષેત્રના છ ખંડ સાધી સાઠ હજાર વર્ષે બત્રીશ હજાર મુગટબંધ રાજાઓના પરિવાર સાથે પોતાની રાજધાનીમાં પાછા આવ્યા. ત્યાં બાર વરસ સુધી તેનો મહારાજ-

અભિષેક કરવામાં આવ્યો, પછી ભરત મહારાજે વિસર્જન કરેલા તે રાજાઓ કે જેઓ બહુ દૂર દેશોમાંથી આવેલ હતા, તેઓ પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

હવે એક વખતે ભરત મહારાજાએ પોતાના અઠ્ઠાણુ લઘુ બંધુઓને દૂત મોકલીને કહેવરાવ્યું કે—"તમો મારી સેવા સ્વીકારો કે રાજ્યોનો ત્યાગ કરો, અથવા યુદ્ધ કરવા સજ્જ થાઓ, નહિ તો બીજો કોઇ ઉપાય શોધી કહાડો." એ પ્રમાણે રાજાનું વચન બરાબર ધારીને દૂત ત્યાંથી ચાલતો થયો અને તેમની પાસે જઇને ભરતનરપતિનો આદેશ નિવેદન કર્યો. તે સાંભળતાં કોપથી જેમના લોચન રક્ત થયાં છે અને લીલાયષ્ટિથી ધરણીપીઠને તાડન કરતા તેઓ કહેવા લાગ્યા કે—"અરે! દૂતાધમ! એ ભરત કોણ? અને આવો આદેશ કરવામાં તેનો અધિકાર શો? કારણ કે તેને અને અમને પિતાએ રાજ્ય વ્હેંચી આપ્યું છે, તો તાત જે આજ્ઞા ફરમાવશે, તે પ્રમાણે અમો વર્ત્તવા તૈયાર છીએ." એમ કહી રોષથી તે દૂતને ગળે પકડીને તેમણે પાછળના દ્વારમાર્ગે કહાડી મૂક્યો. એવામાં ગ્રામાનુગ્રામ વિહાર કરતા ભગવંત ઋષભસ્વામી **અષ્ટાપદ** પર્વતપર સમોસર્યા. એટલે ચાર નિકાયના દેવતાઓ ત્યાં હાજર થયા, તેમજ તે અઠ્ઠાણુ કુમારો પણ સત્વર સમવસરણમાં આવ્યા અને ભારે હર્ષ સાથે ભગવંતને વંદન કરીને ઉચિત સ્થાને બેઠા. પછી પ્રસંગ આવતાં તેમણે ભરત-રાજાનો આદેશ સંભળાવીને પૂછ્યું કે—'હે તાત! આપ આજ્ઞા કરો કે અમે શું યુદ્ધ કરીએ કે રાજ્યોનો ત્યાગ કરીએ?' એટલે ભગવંતે તેમની યોગ્યતા જાણીને ભોગથી નિવૃત્ત થવા નિમિત્તે અને અશુભ ભાવને દૂર કરવા તેમને **અંગારદાહકનો દૃષ્ટાંત** કહી સંભળાવ્યો.—

## અંગારદાહક દૃષ્ટાંત.

એક પુરૂષ જળપાત્ર લઇ ઉનાળામાં અંગારા નિમિત્તે વનમાં ગયો, ત્યાં એક ઠેકાણે ખેર પ્રમુખના સારાં કાષ્ઠ બહુ હતાં, તે બધાં એકઠાં કરી તેમાં અગ્નિ સળગાવ્યો અને પોતે તેની પાસે બેસી રહ્યો. ત્યાં બળતા કાષ્ઠના અગ્નિથી તે તપ્ત થયો, વળી કાષ્ઠ કાપવાથી થાકેલ હતો અને મધ્યાહ્નકાળના સૂર્યથી પીડિત હોવાથી તૃષાતુર થતાં તે સુઇ ગયો, એવામાં તેને સ્વપ્ન આવ્યું, તેમાં પૂર્વે લાવેલ પાણી બધું, ગ્રીષ્મઋતુના તાપથી વ્યાકુળ થયેલ, મારવાડના વૃદ્ધ વૃષભની જેમ તે પી ગયો. તથાપિ તેની તૃષ્ણા શાંત ન થઈ, એટલે ઘરે જઇને ગોળા વિગેરેનું બધું જળ તેણે પીધું અને પછી ગૃહોદ્યાનમાં રહેલ વાવ, કુવા અને પુષ્કરિણીમાં તે પેઠો. તેનું પણ બધું પાણી પીને તે ગંગાપ્રમુખ મહા નદીઓમાં પડ્યો, અને પ્રલયકાળના પ્રચંડ માર્તંડ-સૂર્યની જેમ તે મહાનદીઓને પણ તેણે શુષ્ક બનાવી દીધી, પછી અંજલિજળની જેમ તે સાગરનું

પાણી પણ બધું પી ગયો; તો પણ તેની તૃષ્ણા ઉપશાંત ન થતાં ઉલટી અધિકાધિક વધવા લાગી, એટલે સમસ્ત ભુવનમાં ક્યાંય પણ જળ ન પામતાં અત્યંત સંતપ્ત થયેલ તે પ્રયત્નપૂર્વક જળની શોધ કરવા લાગ્યો. એવામાં એક ઠેકાણે અત્યંત ઉંડો અને દુર્ગંધયુક્ત અલ્પ જળવાળો એક કુવો તેના જોવામાં આવ્યો. લાંબા કાળે કુવો જોવાથી તેના પ્રમોદનો પાર ન રહ્યો. તે કુવામાં પ્રવેશ કરવાને અસમર્થ એવા તેણે તૃષ્ણાજન્ય દુઃખ ટાળવાને એક લાંબી દોરડીમાં ઘાસનો પૂળો બાંધીને તેમાં નાંખ્યો. પછી બહાર કહાડતાં તે પૂળામાંથી ગળતા બિંદુઓ, ઉંચે મુખ વિસ્તારીને પીતાં તે કાળ નિર્ગમન કરવા લાગ્યો. ”

હે વત્સો ! જેમ વાવ, દીર્ઘિકા, સાગરના જળથી તેની તૃષ્ણા શાંત ન થઇ, તો ઘાસના પૂળામાંથી ગળતા જળબિંદુઓથી તેની તરસ શું છીપવાની હતી ? એ પ્રમાણે હે દેવાનુપ્રિયો ! તમે પૂર્વભવોમાં પાંચ પ્રકારના પ્રવર શબ્દાદિ વિષયો ભોગવી ચુક્યા. વળી ગતભવમાં સર્વોત્તમ સર્વાર્થસિદ્ધ વિમાનનાં સુખો તેત્રીશ સાગરોપમ સુધી તમે નિર્વિઘ્ને ભોગવ્યા; છતાં હે મહાનુભાવો ! તમને કોઈ રીતે ભોગમાં તૃપ્તિ ન થઇ, તો આ તુચ્છ રાજ્ય ભોગવવાથી શું તૃપ્તિ થવાની ? માટે અશુચિજન્ય, બહુ અલ્પ કાળ રહે તેવા, પ્રાંતે દુઃખ આપનારા, તુચ્છ, શરૂઆતમાં મધુર, નિંદનીય, હજારો જન્મ મરણના કારણરૂપ, સાધુજનોએ તજી દીધેલા, એવા મનુષ્ય સંબંધી ભોગોને વિષે એક મુહૂર્તમાત્ર પણ આસક્ત ન બનો. ” એ પ્રમાણે પ્રતિબોધી, તરતજ **વૈતાલિક** પ્રવર અધ્યયન બનાવી, ભગવંતે તે બધાને એકીસાથે દીક્ષા આપી. પછી શ્રમણપણાના સુચરિત્રથી શોભતા, અશેષ ઘાતિકર્મનો જેમણે ઘાત કર્યો છે અને સમસ્ત જનોએ જેમના ચરણે વંદન કરેલ છે એવા તે સર્વ મુનિઓ કેવળજ્ઞાન પામ્યા અને ગામ નગરથી મંડિત વસુધાપર ભગવંત સાથે વિહાર કરવા લાગ્યા.

હવે ભરત રાજાએ પ્રથમની જેમ પોતાના લઘુ બંધુ **બાહુબલિને** પણ દૂત મોકલ્યો. એટલે તેણે પણ દૂતને નિર્ભ્રંછીને ભરતભૂપતિની સાથે દૃષ્ટિવાદાદિક સંગ્રામ આદર્યો અને છેવટે સંવેગ થવાથી સ્વયમેવ દીક્ષા લઇ લીધી. સંયમ લીધા પછી બાહુબલિને વિચાર આવ્યો કે—' મારા નાના ભાઇઓ અગાઉથી મુનિ થયા છે, તેમને હું વંદન કેમ કરૂં ? ' એમ ધારીને બાહુબલિ મુનિ ત્યાંજ કાયોત્સર્ગે રહ્યા. એટલે તેમને પ્રતિબોધ પમાડવા પ્રભુએ બ્રાહ્મી અને સુંદરીને મોકલી. તેમણે હાથીના ઉદાહરણથી સમજાવ્યું, એટલે બાહુબલિ મુનિ ત્યાંથી જિન પ્રત્યે ચાલતાંજ કેવલજ્ઞાન પામ્યા. ભરત મહારાજા પણ સમસ્ત શત્રુઓને જીતીને પોતાની રાજધાનીમાં રાજ્ય કરવા લાગ્યા.

અહીં દશ પ્રકારની આવશ્યક સામાચારી પાળતાં, સિદ્ધાંતમાં બતાવેલ સંયમ–કરણમાં પરાયણ, સંસારની અસારતાને ભાવતાં, અઢાર પ્રકારના બ્રહ્મચર્યને આચરતાં તે **મરીચિ** મુનિએ ઘણાં વરસો વ્યતીત કર્યાં. એવામાં એકદા ઉનાળામાં અગ્નિની જ્વાળા સમાન વિકરાળ સૂર્યના કિરણો તપતાં, લુવારની ધમાતી ધમ્મણ સમાન ભારે ગરમ પવન વાતાં, વિરહિણી મહિલાના હૃદય તુલ્ય મહીતલ તપતાં, સ્નાન ન કરવાના યોગે પ્રસરતા બહુ મેલથી વ્યાપ્ત શરીર હોવાથી, આખા શરીરે વહેતા પસીનાના સમૂહથી વ્યાકુળતા થતાં અને અત્યંત ખેદ પામતાં, દઢ ચારિત્રાવરણીયકર્મના દોષથી હૃદય મલિન થતાં, કુમિત્રના અભાવે અને ગુરૂકુળના વાસમાં રહ્યા છતાં છઠ્ઠ, અઠ્ઠમના દુષ્કર તપથી શરીર કૃશ થયા છતાં, સદા અગીયાર અંગ અને સૂત્રાર્થ ચિંતવતાં છતાં, પ્રચંડ ગ્રીષ્મના તાપથી સર્વાંગે સંતપ્ત થતાં તૃષ્ણાથી પરાભવ પામેલ એવા મરીચિ મુનિનું મન સંયમથી તરતજ પલટી ગયું–શિથિલ થયું.

અત્યંત બલિષ્ઠ મોહ સુભટ જ્યારે આવા મહાત્માઓનું મન પણ ચલાયમાન કરી મૂકે છે, તો અઘટિતને સુઘટિત કરવામાં સમર્થ એવા કર્મોને શું સાધ્ય ન હોય ? અને વળી જ્યાં સુધી મોહ–મહાપિશાચના પાશમાં પ્રાણી પડયો નથી, ત્યાં સુધીજ ધર્મબુદ્ધિ જાગૃત રહે છે અને ત્યાં સુધીજ પ્રાણી નિંદિત વ્યવહારનો પરિહાર કરી શકે છે, વળી એથી મોક્ષ મહા નિધાન નષ્ટ થાય છે અને પછી તરતજ વિષધરોની જેમ બાવીશ પરીષહો, પ્રયત્નશીલ શ્રમણને પરાસ્ત બનાવી દે છે.

હવે સંયમથી શિથિલ થયેલા મરીચિ મુનિએ વિચાર કર્યો કે—" અત્યારે સમ્યક્ પ્રકારે સાધુપણું પાળવાને હું સર્વથા અસમર્થ છું. માટે શું કરૂં ? કયો ઉપાય આદરૂં ? શું દેશાંતર ચાલ્યો જાઉં કે કોઇની સાધના કરૂં ? અથવા તો એવા વિકલ્પો કરવાથી શું ? દીક્ષાનો ત્યાગ કરી હવે અત્યારે પોતાના ઘરે ચાલ્યો જાઉં. અથવા તો એ માર્ગ પણ મારા માટે સલામત નથી. કારણ કે—ચતુરૂદધિ મેખલાથી મંડિત મહી મહિલાના અધિપતિ, પ્રચંડ ભુજદંડથી દુર્દાંત શત્રુવર્ગને દલિત કરનાર, પ્રણામ કરતા સમસ્ત ભૂપાલોના મુગટના કિરણ–સમૂહથી જેના ચરણ ચિત્ર–વિચિત્ર થયેલ છે, છન્નુ કોટિ ગામના નાથ તથા જેની આજ્ઞા અખંડ પ્રવર્તે છે એવા ભરત ચક્રવર્તીનો પુત્ર થઇ, પોતાની મેળે તજી દીધેલ ગૃહાદિકનો પુનઃ સ્વીકાર કરતાં હું લજ્જા કેમ ન પામું ? અથવા તો ઘરે જતાં મને પ્રતિજ્ઞાભ્રષ્ટ જાણીને મારા માતપિતા લજ્જાથી નતમુખા કેમ ન થાય ? અથવા હિમ, હાર, ગોક્ષીર, કુંદપુષ્પ અને ચંદ્રમા સમાન ધવલ ઇક્ષ્વાકુ કુળને હું પ્રથમ કલંક લગાડનાર કેમ ન થાઉં ? વળી સાથે વૃદ્ધિ પામેલ એવા મારા બંધુઓ, અંગીકાર કરેલ

ઉત્તમ ધર્મનો ત્યાગ કરતાં, કોણ મારી નિંદા નહિ કરે ? અથવા કયા મહા-પાપીઓના દૃષ્ટાંતરૂપ હું નહિ બનું ? માટે હવે ઘરે જવું તો સર્વથા અયુક્ત જ છે; પરંતુ હવે તો ગમે તે રીતે પોતાના મનનો શુદ્ધ નિગ્રહ કરવો એજ મને યુક્ત છે. છતાં તે પર્વતના શિખરપરથી આળોટતા મોટા પત્થરની જેમ, પ્રલયકાળના વાયુથી ઉછળતા સિંધુ-સાગરના મોટા કલ્લોલ સમાન, પ્રચંડ સૂર્યમંડળમાંથી નીકળતા પ્રભાસમૂહ તુલ્ય અને અત્યંત સુકાઇ ગયેલા જંગલમાં બળતા મહા અગ્નિ સમાન ક્ષણવાર પણ સ્થિર રાખવાને હું સમર્થ નથી. વળી આ યતિધર્મ અત્યંત અપ્રમત્ત અને મહા સત્વશાળીને જ આદરવા-પાળવા યોગ્ય છે, અને હું તો દુર્દંત ગર્દભ સમાન છું. એ તો પ્રબળ સ્કંધવાળા મહા હસ્તીની જેમ મહાન્ જનને ધારવા યોગ્ય છે અને હું તો કાયર છું, જેથી વારંવાર ભ્રકુટીની ભયંકરતા બતાવતા ઉત્કટ સુભટોથી અત્યંત ભીષણ સંગ્રામમાં કેમ જઇ શકું ? વળી દુસ્સહ પરિસહોરૂપ સૈન્યથી પરાજિત થયેલ હું અઢાર હજાર શીલાંગથી અભિરામ એવા યથોક્ત શ્રમણધર્મને આચરવાને સર્વથા અસમર્થ છું. વળી આ સંયમ તો મેરૂપર્વત સમાન દુર્વહ છે અને હું તો ભગ્ન પરિણામવાળો છું, તો એવા કાયર મનના મારે જન્મ પર્યંત એનો ભાર શી રીતે ઉપાડવો ? ભવ-વિનાશથી પ્રગટપ્રભાવી એવા એ પિતામહ-ભગવંત જો કે કરતલમાં રહેલ ફળની જેમ મારૂં વિઘટિત મન જાણી રહ્યા છે, તથાપિ સંસારના ઉદ્વેગથી વિરકતપણે આવી પ્રવૃત્તિથી મહાઘોર મુનિધર્મ પાળવાને કેમ સમર્થ થઇ શકું ? ધર્મગુરૂની અનુવૃત્તિ-આજ્ઞા કદાચ થોડા દિવસ તો પાળી શકાય, પરંતુ આજન્મ સંયમ શી રીતે પળાય ? હવે મારૂં મન ઓસરી ગયું છે, જેથી કલંક રહિત-નિર્દોષ સંયમ આચરવાને તો હું અસમર્થ જ છું અને ગૃહસ્થપણું તો અશુભ છે, તો હવે કયો ઉપાય આદરૂં ?"

એ પ્રમાણે 'શું કરવું ?' એવા વિચારમાં મૂઢ બનેલા, કર્મોના અચિંત્ય મહિમાથી, અપાર સંસાર-સાગર પરિભ્રમણાની અનુકૂળતાથી, જીવને અવશ્ય ભવિતવ્યતાના યોગે તથાવિધ ભાવના ઉત્પન્ન થવાથી તથા આમતેમ ઉભય પ્રકારના માર્ગને અનુકૂળ ઉપાય શોધતા એવા મરિચિ મુનિને પોતાની મેળે આવા પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન થઇ આવી કે—" મહાત્મા-મુનિઓ મન, વચન, કાયાના ત્રણ દંડથી રહિત છે અને અશુભ પ્રવૃત્તિના ત્યાગથી સદા નિર્દોષ શરીરની પ્રવૃત્તિવાળા છે, અને હું એવા પ્રકારના ગુણથી રહિત છું, જેથી ઇંદ્રિયોએ મને જીતી લીધેલ છે તથા ઉચ્છૃંખલ મન, વચન, કાયાના દંડોથી અભિભૂત છું, તે માટે એવા પ્રકારના મને સચ્ચરિત્રપ્રકાશક ત્રિદંડરૂપ ચિન્હ હો, અને વળી એ ત્રિદંડને વારંવાર જોતાં પોતાના દુશ્ચરિત્રના પ્રચ્છાદન-

આચ્છાદનને લીધે વિશિષ્ટ–પરિપાલનનો ઉદ્યમ મને કાયમ રહો. ૧. વળી મુનિઓ મસ્તકના કેશનો લોચ કરવાથી અને સર્વ ઇંદ્રિયોના નિગ્રહથી મુંડનસહિત હોય છે અને ઇંદ્રિયોના નિગ્રહરહિત એવા મને વૃથા કેશનો લોચ શા માટે જોઇએ ? તો ખુર–મુંડન અને મુનિવેશથી વિલક્ષણ એવી શિરપર શિખા કાયમ રહો. ૨. વળી મુનિઓ ત્રિવિધ ત્રિવિધે સૂક્ષ્મ, બાદર પ્રમુખ ભેદથી જીવદયાના પાલક થઇ સંયમ પાળે છે અને તેવા પ્રકારની યોગ્યતા રહિત એવા મને સ્થૂલ હિંસાની વિરતિ યુક્ત છે. ૩. મુનિઓ સમસ્ત પ્રકારે ત્યાગી છે અને હું તેવો નથી, માટે મને પોતાના માર્ગની નિશાની નિમિત્તે સુવર્ણની મુદ્રિકા-માત્ર ( જનોઇમાત્ર ) જેટલો પરિગ્રહ હો. ૪. મુનિઓ ભગવંતે બતાવેલ સમગ્ર શીલરૂપ જળના પ્રક્ષાલનથી કર્મ–મેલને ધોઇ નાંખનાર હોવાથી સદા સુગંધથી અભિરામ છે અને હું નિર્મળપણાથી દુર્ગંધયુકત છું તેથી બહાર પણ તેને ટાળવા નિમિત્તે ગંધ, ચંદનાદિકનો પરિગ્રહ મને સમુચિત છે. ૫. તપસ્વી મુનિઓ મોહરહિત અને કારણ વિના ઉપાનહના પરિભોગથી મુક્ત છે અને હું મહામોહથી પરિભૂત હોવાથી શરીરની રક્ષા કરવામાં તત્પર છું, તેથી છત્ર તથા ઉપાનહની મને જરૂર છે. ૬. મહાનુભાવ મુનિઓ જીર્ણ, શ્વેત, કુત્સિત, અલ્પ અને મલિન વસ્ત્રો ધારે છે અને હું ગાઢ કષાયથી કલુષિત બુદ્ધિવાળો છું, તેથી મારે ધાતુથી રક્ત થયેલાં વસ્ત્રો ધારણ કરવા. ૭. તથા મુનિઓ સાવદ્ય યોગથી ભીરૂ હોવાથી, મનથી પણ બહુ જંતુથી વ્યાપ્ત એવો જળ–આરંભ ઇચ્છતા નથી, અને હું તો સંસારને અનુસરનાર હોવાથી પરિમિત જળે પાન, સ્નાનાદિકની પ્રવૃત્તિ કરીશ. ૮. ”

એ પ્રમાણે પોતાની બુદ્ધિથી કલ્પેલ અને યતિથી વિલક્ષણ એવા વેશથી યતિધર્મના માર્ગને તજીને તેણે પરિવ્રાજક–માર્ગની પ્રવૃત્તિ શરૂ કરી; છતાં સુબોધ શ્રવણ કરવામાં નિરંતર અંતરમાં પક્ષપાતને વહન કરતો તે મરીચિ-પરિવ્રાજક શ્રી આદિનાથ પ્રભુની સાથે ગામ, નગરાદિકમાં વિચરવા લાગ્યો.

હવે પોતાના કરતલમાં છત્રને ધારણ કરતા, મસ્તક પર લાંબી લટકતી શિખાયુક્ત, પાસે રાખેલ ત્રિદંડ સહિત, શરીરશુશ્રૂષાથી પરિકલિત, સંધ્યાના રવિબિંબ સમાન ગેરૂના રંગથી રક્ત બનાવેલ વસ્ત્રથી વિરાજિત, ચંદન–ચર્ચિત તથા પગે ઉપાનહ ધારણ કરતા એવા તે પરિવ્રાજકને સમસ્ત શ્રમણ સંઘમાં વિલક્ષણ વેશધારી જોઇને કૌતુક પામતા ઘણા લોકો તેને ધર્મ પૂછવા લાગ્યા. એટલે મરીચિ પણ બરાબર સૂત્રાર્થ ભણેલ હોવાથી તથા તત્ત્વોપદેશ આપવામાં સમર્થ હોવાથી લોકોને વિસ્તારથી મુનિ–ધર્મ કહેવા લાગ્યા કે—

“ મુનિએ આજન્મ સૂક્ષ્મ બાદર સર્વ જીવો પ્રત્યે સંઘટ્ટન કે ઉપદ્રવનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો જોઇએ. ક્રોધ, લોભ, હાસ્ય, ભય કે વિનાશકાળે પણ

જીવ-વધ નિમિત્તે અસત્ય કદિ ન બોલવું. ગામ કે નગરમાં અલ્પ કે અધિક, સચિત્ત કે અચિત્ત સર્વ અદત્ત ત્રિવિધે કદિ ગ્રહણ ન કરવું. પ્રવર લાવણ્યથી શરીરે શોભાયમાન દેવ, મનુષ્ય કે તિર્યંચની સ્ત્રીઓને સાક્ષાત્ ભુજંગી સમાન સમજી ક્ષણવાર પણ તેઓમાં મન ન રમાડવું. ધર્મને ઉપયોગી વસ્ત્રાદિ ઉપકરણ સિવાય બાકીના પરિગ્રહને અધિકરણરૂપ–પાપના સાધનરૂપ સમજી પ્રયત્નપૂર્વક તેનો પરિહાર કરવો જોઇએ. એક સંથારા સિવાય તકીયા કે તળાઇઓ કે જે સ્પર્શ સુખને અનુકૂળ હોય, તે કોઇવાર પણ માગવાની મરજી ન કરવી. રસ-રહિત, વિરસ અન્ન પાનાદિકથી પીડિત છતાં મધુર રસયુક્ત ભોજનમાં લેશ પણ ચિત્ત લગાડવું નહિ. બકુલ, માલતી, કમળની રમ્ય સુગંધમાં કે તે કરતાં વિપરીત દુર્ગંધમાં ઘ્રાણેંદ્રિયને ગોચર પ્રાપ્ત થતાં પણ સમાનભાવ રાખવો. લોચન તથા મનને આનંદ પમાડનાર એવા સુંદર રૂપ જોતાં કે તેથી વિપરીત કુરૂપ જોતાં પણ તોષ કે રોષ કદિ કરવો નહિ. વેણુ, વીણા તથા કિન્નરોના વિ-વિધ સંગીત, તેમજ ખર કે માર્જારના વિરસ શબ્દો સાંભળતાં પણ સમભાવ રાખવો. તર્જના તાડન, હીલણા કરવામાં તત્પર એવા અજ્ઞ જનપર ચિરકાળના સંબંધીની જેમ જરા પણ રોષ ન કરવો, જીતથી પ્રસિદ્ધિ પામતાં અને સમ-સ્ત લોકને આશ્ચર્ય પમાડ્યા છતાં તેમજ ગુણોથી ગરિષ્ઠ છતાં મનમાં લેશ પણ માન–અભિમાન ન કરવું, વિશ્વાસનો વિનાશ કરનાર, સદ્ગતિના દ્વારને બંધ કરનાર તથા દુઃખ પમાડવામાં તત્પર એવી માયાનો કુભાર્યાની જેમ સત્વર ત્યાગ કરવો, લેશ પણ છિદ્ર પામી છળ કરવામાં તત્પર એવા પાપી લોભરૂપ પિશાચને કદિ અવકાશ ન આપવો, શ્રેષ્ઠ છાયા, શુભ ફળ તથા મતિ રૂપ પક્ષીયુકત એવા પ્રવર શીલરૂપ વૃક્ષને ભાંગતા વનહસ્તીની જેમ દુષ્ટ મનનો નિગ્રહ કરવો, સાવદ્યયોગમાં તો અવશ્ય સત્ય જ બોલવું; પરંતુ જ્યાં જીવોને દુઃખ ઉપજવાનો પ્રસંગ આવતો હોય, તેવા પ્રસંગે સત્ય ભાષણમાં પણ જીભને સ્ખલના પમાડવી, અર્થાત્ વચન ફેરવી નાખવું, તપ્ત લોઢાના ગોળા સમાન પ્રમત્ત ચિત્ત અને દેહનો વિવધ વ્યાપાર કોને કલેશ ન પમાડે? માટે દેહનો નિગ્રહ કરવો, સત્તર પ્રકારે યતિધર્મ જે અપ્રમત્તપણે નિત્ય આચરવો, તેથીજ એ દુષ્કર બતાવેલ છે. ગ્રીષ્મકાળમાં વ્યાકુળ થયા છતાં છત્ર કે ઉપાનહનો ઉપયોગ ન કરવો અને શરીર–સત્કારનો સર્વથા ત્યાગ કરવો, કષ્ટાનુષ્ઠાન છતાં શિરલોચ પ્રમુખનો ત્યાગ ન કરવો, તેમજ ધાતુથી રંગેલ વસ્ત્રની પણ કદિ પ્રાર્થના ન કરવી. એ પ્રમાણે યતિધર્મ સંબંધી સર્વ કર્ત્તવ્ય–વિધિની તમને વ્યાખ્યા કરી બતાવી. જો અખંડ મોક્ષસુખને તમે વાંછતા હો, તો એ ધર્મને બરાબર આચરો.”

એ રીતે સાંભળતાં મનમાં હર્ષ પામીને લોકો કહેવા લાગ્યા કે—" હે ભગવન્ ! જો એવા પ્રકારનો ચારિત્રધર્મ છે, તો તમે છત્ર પ્રમુખ ઉપકરણ શા માટે રાખો છો ? શિરલોચાદિક બરાબર કેમ આચરતા નથી ? "

ત્યારે મરીચિ કહેવા લાગ્યા કે—" હે મહાનુભાવો ! તમે એવી આશંકા ન કરો કે ' આ મુનિ કહે છે જુદું અને આચરણ અન્યથા કરે છે. ' કારણ કે મારી બુદ્ધિ સંસારને વશ છે, મોહરૂપ મહામલ્લે મને જીતી લીધો છે, ઉચ્છૃંખલ કષાય રૂપ દુર્જનોથી હું સ્ખલિત થયો છું, દુર્દાંત ઇંદ્રિયરૂપ ચોરોએ મારૂં પ્રશમ–ધન લુંટી લીધું છે, દુર્ગતિરૂપ રાક્ષસી મને સાદર જોઇ રહી છે; માટે મારા ગુણ–દોષનું અવલોકન તજી નીચ જને લાવેલ મહા મણિની જેમ, ખેચરે આપેલ પરમ વિદ્યાની જેમ, માતંગે બતાવેલ ઇષ્ટ નગરના માર્ગની જેમ અને રોગગ્રસ્ત વૈદ્યે દર્શાવેલ પરમ ઔષધની જેમ તમે સર્વથા મુનિધર્મ સ્વીકારી કૃતાર્થ થાઓ."

એ પ્રમાણે સાંભળતાં ભવવૈરાગ્ય પામી, પોતાની નિપુણબુદ્ધિથી પરમાર્થ જાણી, તૃણની જેમ પુત્ર, કલત્ર, મિત્ર અને ધનને તજી, જિનધર્મમાં સ્થિર મન કરી, અનેક ઉગ્રભોગવાળા રાજન્ય ક્ષત્રિય પ્રમુખ જનો શ્રમણ-દીક્ષા સ્વીકારવાને તત્પર થયા. એટલે શિષ્યભાવે ઉપસ્થિત થયેલા તેમને જાણી મરીચિએ પણ ભુવનના એક સ્વામી, સંસારરૂપ વૃક્ષને બાળવામાં દાવાનળ સમાન તથા આઠ પ્રકારના પ્રવર પ્રાતિહાર્યથી પ્રગટ પ્રભાવવાળા એવા ભગવંત આદિનાથ પાસે મોકલ્યા એમ પ્રતિદિન સદ્ધર્મ–દેશનાથી લોકોને પ્રતિબોધ પમાડતા, પોતાના દુશ્ચરિત્રને નિરંતર નિંદતા, શ્રમણ મહાત્માઓનો પક્ષપાત કરતા, સુખ શીલતાથી મનમાં સૂત્રાર્થને ચિંતવતા અને પોતાની બુદ્ધિથી કલ્પિત પરિવ્રાજક-વેશને ધારણ કરતા મરીચિ ભગવંતની સાથે ગામ નગરાદિકમાં વિચરતા કાળ નિર્ગમન કરવા લાગ્યા.

હવે મહીતલ પર વિચરતા ભગવંત એક વખતે અષ્ટાપદ પર્વતપર સમોસર્યા એટલે પોતાના નાના ભાઇઓએ દીક્ષા લીધેલ સાંભળી ભરતચક્રીને ભારે શોક થયો. તેણે વિચાર કર્યો કે—' ભોગ–રાજ્ય આપતાં હજી પણ તેઓ વખતસર ગ્રહણ કરશે ' એમ ધારી તે ભગવંત ઋષભસ્વામીને વંદન કરી, ભાઇઓને ભોગ સુખ માટે વિનંતિ કરવા લાગ્યો. એટલે આ લોક સંબંધી સુખની અપેક્ષા ન કરનારા એવા તેમણે જણાવ્યું કે—" હે મહાયશ ! દુઃખ સમૂહ આપવામાં કારણભૂત અને અંતરના ગુપ્ત શલ્ય તુલ્ય એવા ભોગોનો પોતાની મેળે ત્યાગ કર્યા છતાં પાછા તેનો સ્વીકાર કેમ કરીએ ? પ્રેમ સંબંધ યુકત તરૂણીઓના શૃંગારથી તે ભોગો ભલે મનોહર ભાસતા હોય; છતાં અમો તો તેની વાત સાંભળવાને પણ ઇચ્છતા નથી. "

એ પ્રમાણે ભોગસુખનો પ્રતિષેધ કરતાં ભરત રાજાએ વિચાર કર્યો કે- 'એમણે બધા સંસાર-સંગનો ત્યાગ કર્યો છે, તો એમને આહાર-દાન આપીને પણ હું ધર્મ આદરવાનો લાભ લઉં.' એમ ધારીને તેણે પ્રવર ભોજનથી ભરેલાં પાંચસો ગાડાં મંગાવી, તે મુનિઓને અશન-દાનને માટે વિનંતિ કરી, ત્યારે ફરી પણ તેમણે નિષેધ કરતાં જણાવ્યું કે—'અરે મહાનુભાવ! સાધુઓને આધાકર્મી કે સામે આણેલ અશન, પાનાદિ ન જ કલ્પે' આથી તેણે ગૃહ નિમિત્તે કરેલા ભોજનની નિમંત્રણા કરી એટલે 'એ રાજપિંડ પણ ન કલ્પે' એમ કહીને સાધુઓએ તેનો પણ નિષેધ કર્યો. ત્યારે મનમાં અત્યંત સંતાપ પામતાં ભરતચક્રીને ખેદ થયો કે—'અહો! અત્યારે સર્વ પ્રકારે એ સાધુ-ઓએ મને તજી દીધો છે.' એ રીતે ભરતને શોકાતુર જાણી પોતે જાણતા છતાં તેને સંતોષ પમાડવા નિમિત્તે ઇંદ્રે ભગવંતને અવગ્રહના ભેદો પૂછયા. એટલે પ્રભુ કહેવા લાગ્યા કે—"હે દેવેંદ્ર! અવગ્રહના પાંચ પ્રકાર છે. તે આ પ્રમાણે—**ઇંદ્રાવગ્રહ. રાજાવગ્રહ, ગૃહપતિ અવગ્રહ, સાગારિક અવ-ગ્રહ અને સાધર્મિક અવગ્રહ.** તેમાં દેવેંદ્રાવગ્રહ તે જંબૂદ્વીપના દક્ષિણ ક્ષેત્ર-ના તમે અધિપતિ છો. હે ઇંદ્ર! તારી આજ્ઞાથી સાધુઓને ત્યાં વિચરવું કલ્પે. રાજાવગ્રહ તે જેમ અત્યારે છ ખંડ ભરતના અધિપતિ ભરતચક્રી. તેની આજ્ઞાથી મુનિઓ તેના દેશમાં રહી શકે. ગૃહપતિ તે મંડલેશ્વર, તે પણ પોતાના મંડલનો નાયક હોવાથી આજ્ઞા લેવા યોગ્ય સમજવો, તેની અનુમતિથી મુનિઓએ ત્યાં સ્થિતિ કરવી. સાગારિક તે શય્યાતર, અને શય્યા તે પોતાને માટે ગૃહ-શાળા પ્રમુખ સ્થાન વિશેષ, તે સ્થાનના દાનથી શય્યાતર સંસાર-સાગરનો પાર પામે છે, એ ગુણનિષ્પન્ન નામ છે. શય્યાના દાનથી શય્યાતર કેમ તરે છે, તે બતાવે છે. તે સ્થાનમાં રહેલા સાધુઓ, સજ્ઝાયધ્યાનમાં લીન થતાં ભવ્યજનોને ધર્મોપદેશથી જે ઉપકાર કરે છે અથવા જે અપૂર્વ શાસ્ત્રનો અભ્યાસ કરે છે, કે સંયમમાં પ્રવૃત્ત રહે છે, અથવા છટ્ઠ, અટ્ઠમાદિ જે દુષ્કર તપ તપે છે, વળી અન્યસ્થાને પણ વસ્ત્ર, પાત્ર કે આહારાદિક નિમિત્તે મુનિઓ સીદાતા નથી, ત્યાં સર્વત્ર પરમાર્થ થકી શય્યા જ કારણરૂપ હોઈ શકે. એ રીતે શય્યા-દાનથી દાતા, મોટા દુઃખરૂપ કલ્લોલ યુક્ત અગાધ સં-સાર સાગરથી સત્વર તરી જાય છે. શય્યાના અભાવે બરાબર જીવરક્ષા પણ થઈ શકતી નથી, તો સમસ્ત પ્રકારે સદ્ધર્મનું પાલન પણ નિર્વિઘ્ને કેમ થઈ શકે? સાધર્મિક અવગ્રહ તે સિદ્ધાંતમાં પ્રસિદ્ધ ન્યાયથી એક ક્ષેત્રે રહેવાને ઇચ્છતા સાધુઓને માટે સમજવું."

એ રીતે પાંચ પ્રકારે અવગ્રહની પ્રરૂપણા સાંભળી પંચાંગ નમસ્કારપૂર્વક

ઈંદ્ર કહેવા લાગ્યો કે–' હે ભગવન્! આજથી દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં જે આ નિર્ગ્રંથ શ્રમણો વિચરે છે, તેમને હું અવગ્રહની અનુજ્ઞા આપું છું.' ત્યારે ભગવંત બોલ્યા—' હે દેવેંદ્ર! એ યુક્ત છે.' એમ સાંભળતાં ભરત પણ સંતોષ પામી કહેવા લાગ્યો—' હે ભગવન્! ભરતક્ષેત્રમાં વિચરતા સાધુઓને હું પણ ક્ષેત્રની અનુજ્ઞા આપું છું.' પછી ઈંદ્રના વચનથી ભરત મહારાજાએ ત્યાં સાધુઓને માટે અણાવેલ ભોજન, અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત રૂપ ગુણ-ધારણ કરનારા એવા શ્રાવકોને અપાવ્યું એટલે એ રીતે પણ ભલે નિર્જરા થયા કરે' એમ સમજી ભરત રાજાએ પ્રતિદિન શ્રાવકોને ભોજનદાન શરૂ કર્યું. ઋષભસ્વામીએ પણ અન્ય સ્થાને વિહાર કર્યો.

હવે તે શ્રાવકો પણ બધા પોતાના ગૃહ–વ્યવહારનો ત્યાગ કરી, ભરતે બનાવેલ જિનસ્તુતિ ગર્ભિત વેદમાં પ્રવર્તતાં અને છઠ્ઠે મહિને તેમની નિશાની નિમિત્તે કાકિણી રત્નથી ઉત્તરાસંગ રૂપ ત્રણ રેખા આળેખતાં નિરવદ્ય–નિર્દોષ પ્રવૃત્તિથી પોતાનો કાળ નિર્ગમન કરવા લાગ્યા.

એવામાં એકદા ભગવાન્ અન્ય સ્થાનોમાં ભવ્યજનોને પ્રતિબોધી પુનઃ અષ્ટાપદ પર સમોસર્યા એટલે દેવતાઓએ વિશાળ ત્રણ પ્રાકાર યુક્ત, છત્રાદિથી રમણીય, આજાનુ–ઢીંચણ પર્યંત પાથરેલા અને ગુંજારવ કરતા ભ્રમરયુક્ત એવા પાંચ પ્રકારના પુષ્પોના પુંજ સહિત, આકાશથી ઉતરતા દેવતાઓના હજારો વિમાનોથી અભિરામ, મંદ મંદ ફરકતી ધજાઓથી શોભાયમાન, પ્રવર મણિમય અને વિસ્તૃત મોટા અશોકવૃક્ષથી વિરાજિત અને પાંચ વર્ણના રત્નોથી બનાવેલ સિંહાસનયુક્ત એવું સમવસરણ બનાવ્યું. ત્યાં ત્રણ લોકના એક પિતામહ એવા પ્રથમ જિનેશ્વર બિરાજમાન થયા, અનુક્રમે ગણધર પ્રમુખ સાધુઓ બેઠા અને અનેક કોટિ દેવોથી પરિવરેલા બત્રીશ ઇંદ્રો બેઠા. તે વખતે ભગવંતનું આગમન જાણવામાં આવતાં ભરત રાજા સર્વ વિભૂતિ સહિત ત્યાં આવ્યા અને પરમ ભક્તિથી ભગવંતને વંદના કરી તે ઉચિત સ્થાને બેઠો. પછી ભુવનમાં આશ્ચર્યકારી, જાણે સમસ્ત ત્રિભુવનની લક્ષ્મીથી રચેલ હોય, જાણે સર્વ અભ્યુદયના સ્થાનરૂપ હોય એવી શોભાયુક્ત પ્રભુનું સમવસરણ તથા પરમ ઐશ્વર્ય જોઇ હર્ષથી જેના લોચન વિકસિત થયાં છે એવો ભરત ભૂપાલ ભગવંતને આ પ્રમાણે પૂછવા લાગ્યો—"હે તાત! જેમ તમે ભુવનના ગુરૂ થઇ આવી પૂજ્યતાના પ્રકર્ષને પામ્યા છો, તેમ આ ભરતક્ષેત્રમાં બીજા પણ તમારી જેવા તીર્થંકર થશે કે નહિ?' ભગવંત બોલ્યા—' હે ભરત! થશે.' ભરત બોલ્યો—' તે કેવા પ્રકારના થશે?' એટલે ભગવંતે અજિતનાથથી મહાવીર પર્યંત ત્રેવીશ તીર્થંકરો કે જેમના બળ, બુદ્ધિ અને આચાર સમાન હોય છે અને જેમના ચરણ–કમળને ત્રિભુવનના જનોએ વંદન કરેલ છે, વળી તેમનું અન્યોન્ય

કાળનું અંતર, વર્ણ, દેહપ્રમાણ, આયુષ્ય, ગોત્ર, જનની, જનક, જન્મના નગર, કુમારકાલ, રાજ્ય, સર્વ દીક્ષાપર્યાય અને સિદ્ધિગતિ પર્યંત બધું ભરતને કહી સંભળાવ્યું. એટલે ભરતે પુનઃ પ્રશ્ન કર્યો કે—'હે પ્રભુ ! મારા જેવા ચક્રવર્ત્તી કેટલા થશે ?' સ્વામી બોલ્યા—'તારા જેવા **સગરાદિક** અગીઆર ચક્રધર થશે.' પછી ભરતના પૂછયા વિના ભગવંત પુનઃ બોલ્યા કે—'ભરત-ક્ષેત્રમાં નવ વાસુદેવ અને બળદેવના જોડલાં થશે.' ત્યારે ભરત મહારાજાએ વિદ્યાધર, અમરના સમૂહથી ભરેલ તથા છઠ્ઠ, અઠ્ઠમ તપથી કૃશ બનેલા સાધુઓ અને શ્રાવકો યુક્ત સભા જોઇને ત્રણ લોકરૂપ મંદિરના દીપક સમાન એવા પ્રભુને પ્રશ્ન કર્યો કે—"હે ભગવન્ ! આ પર્ષદામાં શું કોઇ તીર્થંકર પદની ઋદ્ધિ પામશે ? કે ચૌદ પ્રવર રત્નોના ગુણથી મહા કીંમતી ચક્રવર્ત્તીની લક્ષ્મી અથવા આ ભરતમાં કોઇ વાસુદેવપણું પામશે ?' ત્યારે ઋષભસ્વામીએ કુલિંગ-યુક્ત અને એકાંતમાં બેઠેલ એવો **મરીચિ** બતાવતાં કહ્યું કે—'આ તારો પુત્ર ચોવીશમો તીર્થંકર થશે. વળી એ ગામ, નગરથી સમૃદ્ધ એવા ભરતાર્ધનો સ્વામી, **ત્રિપૃષ્ઠ** નામે પ્રથમ વાસુદેવ થશે, તેમજ મહાવિદેહમાં **મૂકા** નગરીને વિષે પરમ સમૃદ્ધિ યુક્ત **પ્રિયમિત્ર** નામે ચક્રવર્ત્તી થશે.'

આ પ્રમાણે સાંભળતાં અત્યંત હર્ષ પામી, ભગવંતના ચરણ-કમળને વંદન કરી, તરતજ અનેક સારા સેનાપતિ સહિત **ભરત** નરેંદ્ર પોતાના પુત્ર મરીચિને વંદન કરવા ચાલ્યો. ત્યાં જતાં જતાં વચમાં ચારણ-લબ્ધિ સંપન્ન, અવધિજ્ઞાનધારી, મનઃપર્યવજ્ઞાની, ઉત્કૃષ્ટ તપ-કરણમાં તત્પર, સૂર્ય સામે આતાપના લેતા, વીરાસન પ્રમુખ દુષ્કર કાયકલેશ આચરતા તથા શ્રુતના ભાંગા પઢવામાં પરાયણ એવા મહામુનિઓને વિનયથી મસ્તક નમાવી પરમ ભક્તિથી સ્થાને સ્થાને વંદન કરતો અને અનિમેષદષ્ટિથી તેમને જોતો **ભરત** ત્યાં પહોંચ્યો કે જ્યાં **મરીચિ** બેઠો હતો. તેણે એક બાજુ પોતાનો ત્રિદંડ મૂકયો હતો, શ્વેત છત્રથી સૂર્યના તાપનું જેણે નિવારણ કર્યું હતું, તથા પોતાની મતિથી કલ્પેલ પ્રવૃત્તિને અનુકૂળ ઉપકરણથી વિલક્ષણ સ્વરૂપને જોતાં કૌતુહળથી આવતા લોકોને ધર્મ કહેવામાં જે દત્તચિત્ત હતો, તેને દૂરથી જોતાં જ રોમાંચના મિષથી જાણે અસાધારણ ભક્તિભરને પ્રગટ કરતો હોય, હૃદયમાંના અપૂર્વ સ્નેહને જાણે બતાવતો હોય, પ્રથમ દર્શન થતાં નમાવેલ મસ્તકથી પડતા પુષ્પસમૂહથી જાણે અર્ઘ્ય-પૂજા કરતો હોય, નિર્મળ હાથમાં રહેલ મુદ્રા-વીંટીના રત્નના દિશાઓમાં પ્રસરતા કિરણ-સમૂહથી જાણે મંગલ-દીપને જણાવતો હોય તથા પ્રદક્ષિણા આપવાથી જાણે ત્રિવિધ ભક્તિનો ઉત્કર્ષ બતાવતો હોય એવો ભરત રાજા પૃથ્વીતલ સુધી મસ્તક નમાવી-વંદન કરી, ભારે પ્રમોદથી ઓત-પ્રોત બની, આ પ્રમાણે કહેવા લાગ્યો—"હે વત્સ ! તું સમસ્ત પ્રવર લક્ષણોના

નિધાનરૂપ છે, સુકૃતી જનોમાં તારૂં નામ પ્રથમ રેખારૂપ છે, તો ત્રિભુવનમાં ઇક્ષ્વાકુઓનો વંશ સર્વોત્કૃષ્ટ કેમ ન ગણાય કે જ્યાં વિજયપતાકાની જેમ તારી વિમલ કીર્ત્તિ શોભી રહી છે, તારી ભાવિ ઋદ્ધિ સાંભળતાં કોનું મન રંજિત ન થાય ? અથવા તો તારા ચરણ-કમળથી અંકિત થયેલ ભૂમિ કોને વંદન કરવા યોગ્ય ન હોય ? ભવ્યજનો ભલે દુષ્કર તપોવિધાન કરે, તેમને જે ફળ મળવાનું છે, તે બધું તમે મેળવી ચુકયા છો. કારણ કે ભગવંતે તારી શ્રેષ્ઠતા બતાવતાં કહ્યું કે—' ભરતક્ષેત્રના **ક્ષત્રિયકુંડ** નગરમાં **સિદ્ધાર્થ** રાજાના સુત થઇ તમે આ અવસર્પિણી કાળમાં ચરમ—છેલ્લા તીર્થંકર થશો. તેમજ **પોતનપુર** નગરમાં વાસુદેવોમાં પ્રથમ **ત્રિપૃષ્ઠ** નામે વાસુદેવ ત્રણખંડ ભરતના સ્વામી થશો. વળી મહાવિદેહ ક્ષેત્રમાં **મૂકા** નગરીને વિષે પ્રથમ ચક્રવર્ત્તી થશો, તે વખતે બત્રીશ હજાર મહારાજાઓ તમારા ચરણને નમન કરશે. હું કાંઇ તારા આ પરિવ્રાજકપણાને નમતો નથી, પણ તું ચરમ તીર્થપતિ થઇશ, તેથી હું તને વંદન કરૂં છું." એ પ્રમાણે અધિક અધિક ભાવથી ગર્ભિત વાણીથી બહુ સ્તવી, **ભરત** રાજા જયકુંજરપર આરૂઢ થઇને **વિનીતા** નગરીમાં ચાલ્યો ગયો. અહીં **મરીચિ** પણ **ભરત**ના મુખથી પોતાના વખાણ સાંભળી હર્ષથી રોમાંચિત બની, મોટા કુળમાંના જન્મ સાથે ઉત્પન્ન થયેલ ગંભીરતા તજી, જિનવચનના અર્થને ચિંતવવાથી પ્રગટ થયેલ વિવેકનો ત્યાગ કરી, દેહ સાથે ઉત્પન્ન થયેલ અસાધારણ લજ્જાને પણ વિસારી મૂકી, દુર્વાર વેગથી વધતા એક ઉન્માદનો જ આશ્રય લઇ, રણાંગણમાં સુભટની જેમ અભિમાનથી ત્રિદંડને પછાડતાં, પાસે રહેલા મુનિઓ સમક્ષ લોકોના મધ્યભાગમાં આનંદથી લોચનને વિકસાવતાં તે આ પ્રમાણે પ્રગટ રીતે કહેવા લાગ્યો—" હું પ્રથમ વાસુદેવ થઇશ, વળી મહાવિદેહમાં ચક્રવર્ત્તી પણ થઇશ અને આ ભરતમાં ચરમ તીર્થંકર પણ થઇશ, તેથી ત્રિભુવનમાં મારા જેવો અન્ય કોઇ પુણ્યવાન્ નથી. સુકૃતવૃક્ષ, બીજા કોને આવું ફળ આપનાર થાય ? વળી તીર્થંકરોમાં મારા પિતામહ પ્રથમ-આદ્ય છે, ચક્રવર્ત્તીઓમાં મારા તાત પ્રથમ છે અને વાસુદેવોમાં હું પ્રથમ થવાનો છું, તેથી અહો ! મારૂં કુળ ઉત્તમ છે." એ પ્રમાણે પોતાના કુળની ઉત્કૃષ્ટતા ગાવાના અભિમાનથી **મરીચિ** પરિવ્રાજકે દઢ નીચગોત્ર-કર્મ બાંધી લીધું.

હવે ભગવંત ઋષભસ્વામી ગામ, નગર, પુર, પાટણ, દ્રોણ પ્રમુખ સ્થાનોમાં વિચરી કંઇક ન્યૂન એક લાખ પૂર્વ કેવલિ-પર્યાય પાળી, આયુઃકર્મની પ્રાંત સ્થિતિ જાણી **અષ્ટાપદ** પર્વતપર આવ્યા. ત્યાં મહા મહિનાની કૃષ્ણ તેરસના દિવસે અભિજીત્ નક્ષત્ર સાથે ચંદ્રમાનો યોગ થતાં દિવસના પૂર્વ ભાગમાં **સુષમદુઃષમ** નામના ત્રીજા આરાના નવ્યાશી પક્ષ અવશેષ રહેતાં, છ

ઉપવાસ કરી, દશ હજાર મુનિઓની સાથે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી, પાદપોપગમન અનશન આચરી, પર્યંકાસને બેસી, વેદનીય, આયુ, નામ અને ગોત્રકર્મ ખપાવી, અનુત્તર, અને અચલ એવા મોક્ષપદને પામ્યા.

એટલે બાષ્પ-અશ્રુના પ્રવાહથી આર્દ્ર બનેલા લોચનવાળા બત્રીશે ઇંદ્રો, દુઃસહ દુઃખથી વ્યાકુળ બનેલા ભરત નરેંદ્ર સાથે ત્યાં આવ્યા અને ભગવંતને પ્રણામ કરી, નંદનવનથી સરસ ગોશીર્ષ ચંદન, કૃષ્ણાગરૂ પ્રમુખ કીંમતી કાષ્ઠો તેમણે દેવોને મોકલીને મંગાવ્યા. પછી પ્રભુને માટે તેમણે પૂર્વદિશામાં ગોળાકાર ચિતા રચાવી, ઇક્ષ્વાકુ કુળના મુનિઓ માટે દક્ષિણદિશામાં ત્રિકોણ ચિતા અને શેષ મુનિઓના શરીરસંસ્કાર માટે પશ્ચિમ દિશામાં વિશિષ્ટ કાષ્ઠોથી વિસ્તૃત ચતુષ્કોણ ચિતા રચાવી. ત્યારબાદ ક્ષીરોદધિના જળથી સ્નાન કરાવી, શુચિ, સુગંધી ચંદનથી વિલિપ્ત કરેલા ભગવંતના શરીરને ઇંદ્રોએ ચિતાપર સ્થાપન કર્યું. પછી દુઃખાર્ત્ત થયેલા ભવનપતિ પ્રમુખ દેવતાઓએ શેષ સાધુઓના દેહને ન્હવણ-વિલેપન કરી, તૈયાર કરેલ ચિતાઓમાં આરોપણ કર્યા. તે પછી ઇંદ્રના આદેશથી અગ્નિકુમાર દેવોએ શોકાતુર મુખે યથાક્રમે તે ચિતાઓમાં જ્વાલા-યુકત અગ્નિ સળગાવી. એ પ્રમાણે આદરપૂર્વક તેમનો શરીર-સંસ્કાર કરી શોભા રહિત શ્યામ મુખે ઇંદ્રો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા અને મહાશોક પામતો ભરતનરેંદ્ર પણ પોતાના ઘરે આવ્યો, ત્યાં દઢ વજ્ર પડવા કરતાં પણ વધારે શોકથી શરીર જર્જરિત થતાં, વ્યાકુળતાથી કંઠ રૂંધાઇ જતાં અને આક્રંદ, પોકાર પોક મૂકીને મોટે સાદે રૂદન કરતાં મહાશોકમાં નિમગ્ન થઇ ભરતે અષ્ટાપદના શિખરપર કેવળ રત્નમય એક મોટો થૂભ-સ્તૂપ રચાવ્યો, તેમજ બાહુબલિ પ્રમુખ પોતાના નવ્વાણું ભાઇઓના બીજા નવ્વાણુ થુભ કરાવ્યા તથા ભગવંતના નિર્વાણપ્રદેશમાં ત્રણ ગાઉ ઉંચું, એક યોજન વિસ્તૃત, સિંહાસન-યુકત, સર્વ રત્નમય અને પોતપોતાના વર્ણ, પ્રમાણ સહિત ચોવીશ જિનપ્રતિમાથી અધિષ્ઠિત, અલગ અલગ સ્થાપેલ પુતળીઓથી અભિરામ એવા તોરણમાં બાંધેલ મનોહર અને ઉજ્વળ વંદનમાળા સંયુકત, દ્વારની બંને બાજુ સ્થાપિત અને સુગંધી પુંડરીક કમળોથી આચ્છાદિત એવા કનકના પૂર્ણ કળશોયુકત, શ્રેષ્ઠ પાંચ પ્રકારના પુષ્પ સમૂહ સહિત; કાલાગુરૂ, કુંદુરૂક, કર્પૂર પ્રમુખ સુગંધી વસ્તુઓથી સિદ્ધ કરેલ ધૂપના ધૂમથી જ્યાં દિશાઓ અંધકારમય બની ગઇ છે, અનેક દેવાંગનાઓ ઉત્તાલ કરતાળીઓપૂર્વક જ્યાં રાસડા રમી રહી છે, ભકિતના આવેશથી જ્યાં કિન્નરો ગાન કરી રહ્યા છે. દૂર પ્રદેશથી આવેલ વિદ્યાધરો, ચારણમુનિઓની વિચિત્ર સ્તુતિ-સ્તોત્રોથી જ્યાં આકાશ શબ્દમય થઇ રહેલ છે તથા જ્યાં લોહના યંત્રમય દ્વારપાલ સ્થાપવામાં આવેલ છે એવું જિનભવન ભરત રાજાએ ત્યાં કરાવ્યું, કે જે સંસારસાગરમાં પડતા પ્રાણી-

ઓને એક યાનપાત્ર-નાવ સમાન તથા પવનથી ઉડતી ધવલ ધ્વજાઓના આડંબરથી અત્યંત રમણીય લાગે છે. કૈલાસ પર્વત સમાન ઇક્ષ્વાકુ-કુળમાં ઉત્પન્ન થએલ રાજાની કીર્ત્તિરૂપ શિખર જાણે પ્રગટ રીતે પૃથ્વીપર સ્થાપન કરેલ હોય તેવું શોભે છે, પવનથી પ્રેરાયેલા જળધર-મેઘના પડલથી જેના શિખરનો સમગ્ર ભાગ વ્યાપી રહેલ છે, અર્ધ વિકસિત કુમુદકળીની જેમ જ્યાં ભ્રમરોના સમૂહ ભમી રહ્યા છે. વળી મને તો એમજ લાગે છે કે—પવનથી ઉડતી એ મહા ધ્વજાઓને જોતાં લોકમાં, પર્વતના શિખરપરથી પડતી ગગનસરિતાની કીર્ત્તિ પ્રગટ થઇ. ભરત રાજાએ કરાવેલ જિનમંદિરના દર્શનાનુસારે બીજા લોકો પણ જિનબિંબાદિક કરાવવામાં પ્રવૃત્ત થયા. એ પણ યુકતજ છે. કારણ કે—**જિનેશ્વરોનો એ ઉપદેશ છે કે જિનબિંબ વા જિનમંદિર એ દુર્ગતિના દ્વારને બંધ કરવાને એક પરિઘા-ભોગળ સમાન અને સમસ્ત પ્રાણીઓની રક્ષા કરવામાં એક કારણરૂપ છે. એટલા માટે તે કાળના મુનિ, ગણધરો અને કેવલીઓએ નિષેધ ન કર્યો, કારણ કે ચૈત્યાભાવે પાછળથી તીર્થનો** ઉચ્છેદ થઈ જાય. જિનેંદ્રનું અનુપમ બિંબ જોવાથી યથાર્થ વસ્તુનો પરમાર્થ જાણવામાં આવતાં સંસારના ભયથી ત્રાસ પામેલ કોઇ પ્રાણી કદિ ક્રિયાનો સ્વીકાર કરે, તેમ મુનિઓ પણ આમ તેમ વિહાર કરતાં ત્યાં વંદન નિમિત્તે આવે અને સિદ્ધાંત અનુસારે તેઓ સદ્ધર્મની દેશના પણ આપે, જે સાંભળતાં ભવ્ય જીવો પ્રતિબોધ પામે અને નિર્દોષ જિનધર્મનો સ્વીકાર કરે. એ પ્રમાણે સદાકાળ તીર્થની વૃદ્ધિ થયા કરે. વધારે શું કહીએ ? જિનભવનાદિ કરાવવાના ઉત્કૃષ્ટ પુણ્યથી સ્વર્ગ અને અપવર્ગ-મોક્ષની લક્ષ્મી, ભવ્યજનોના કરકમળમાં આવીને નિવાસ કરે છે. એમ ભગવંતનું શ્રેષ્ઠ ભવન ત્યાં કરાવીને ભરત નરેંદ્ર વિષયસુખ યુકત ચિરકાળ પોતાનું રાજ્ય ભોગવવા લાગ્યો.

એવામાં એકદા નિર્મળ સ્ફટિક રત્નમય આદર્શભવનમાં પોતાનું રૂપ જોવાને તે બધા અલંકારોથી સજ્જ થઇને આવ્યો. ત્યાં અનેક પ્રકારે રૂપ જોતાં હસ્ત-કમળમાંથી એક મુદ્રિકા-વીંટી નીચે સરી પડી, જેથી અંગુલિ બીભત્સ ભાસવા લાગી. તે શોભાહીન જોઈ, પોતાનું સ્વાભાવિક રૂપ જોવાને રાજાએ સર્વાંગના આભરણો ઉતારી મૂકયાં એટલે જ્યાં બધા તારા અસ્ત પામેલ છે એવા આકાશતલ તુલ્ય, ધાન્ય લણી લીધેલ ક્ષેત્રની જેમ, કમળ વિનાના સરોવર સમાન અને જેના શાખાના અગ્રભાગ છેદાયેલ છે એવા વૃક્ષ સદૃશ જાણે કાષ્ઠથી ઘડાયેલ હોય તેમ પ્રભા, રૂપ અને લાવણ્યહીન તથા ચર્મથી મઢેલ નિબિડ અસ્થિપિંજર સમાન એવા પોતાના શરીરને જોતાં સુનિપુણ બુદ્ધિએ સંવેગ પામતાં તથા વૈરાગ્યની વાસના વધતાં ભરતરાજા શરીરની અસારતાનો

વિચાર કરવા લાગ્યો કે—"આવા પ્રકારના નિંદિત દેહના નિમિત્તે અહો! મૂઢ બનેલ મેં ચિરકાળ અત્યંત રૌદ્ર મહાપાપ કેમ કર્યું ? વળી વિષયરૂપ આમિષ–માંસમાં મોહિત થયેલા અને પુણ્યહીન મેં જિનપ્રણીત ધર્મ કે જે મોક્ષફળને આપનાર છતાં તેનો આદર કેમ ન કર્યો ? ચિંતામણિ કલ્પવૃક્ષ કે કામધેનુ પ્રાપ્ત થયા છતાં શું કોઇ ચતુર જન કદિ તેનાથી વિમુખ થાય ? તે બાહુબલિ પ્રમુખ મારા ભાઇઓ ધન્ય અને ભાગ્યશાળી છે, કે જેમણે અસાર દેહથી સુંદર મોક્ષ સાધી લીધો." એ રીતે શુભ અધ્યવસાયરૂપ અગ્નિજ્વાળામાં તરતજ ઘાસના પૂળાની જેમ મોહ–પ્રસાગને બાળી નાંખી ભરત મહારાજા અનંતસુખના હેતુરૂપ કેવળજ્ઞાન પામ્યા એટલે દેવોએ સાધુવેશ આપતાં તેમણે ગૃહનો ત્યાગ કર્યો. તે વખતે દીક્ષા લીધેલ દશ હજાર રાજાઓ સહિત ભરતકેવલીએ વસુધા પર વિહાર કર્યો. પછી એક લાખ પૂર્વ કેવલિપર્યાય પાળી ભરત મુનિ એક સમયે નિર્વાણપદને પામ્યા.

હવે અહીં મરીચિ પરિવ્રાજક, સ્વામી નિર્વાણ પામતાં સાધુઓની સાથે અપ્રતિબદ્ધપણે ગ્રામ નગરાદિકમાં વિચરવા લાગ્યો અને અપૂર્વ સ્થાને ધર્મદેશના આપવા લાગ્યો. તે સાંભળતાં જે કોઇ પ્રતિબોધ પામે અને દીક્ષા લેવા તૈયાર થાય તેને સાધુઓ પાસે મોકલવા લાગ્યો. એ પ્રમાણે વિચરતાં તેને એકદા શરીરે મહાગ્લાનિ–પીડા ઉત્પન્ન થઈ આવી, જેથી તે પોતાના નિમિત્તે આહાર–પાણી લાવવાને પણ અશક્ત બની ગયો, શરીર–સંસ્કાર આચરવાને પણ તે અસમર્થ થયો, વચન માત્ર બોલવાને પણ તેનામાં તાકાત ન રહી, તેને તેવા પ્રકારની સ્થિતિમાં આવેલ જોયા છતાં 'એ અસંયત છે' એમ ધારી પાસે રહેલા સાધુઓ, તેને શરીરની વાર્ત્તા માત્ર પણ પૂછતા ન હતા, ભક્ત–પાન તેને આપતા નહિ, વૈદ્યને તે બતાવતા ન હતા, તેમ ઔષધના ઉપચાર પણ કરતા ન હતા, વધારે તો શું, પરંતુ તેને બોલાવતા પણ ન હતા. આ વખતે ભારે સંકટમાં આવી પડવાથી મરીચિ પણ ચિંતવવા લાગ્યો કે—"અહો ! આ સાધુઓ તો નિર્દય છે ! અહો ! મારા જેવા પ્રત્યે ચિત્ત પણ લગાડતા નથી ! અહો ! એ પોતાનું કાર્ય સાધવામાં સાવધાન છે ! અહો ! આ બધા લોકવ્યવહારથી વિમુખ છે! અહો ! એ પોતાનું ઉદર ભરવામાંજ રસિક છે, જેથી એઓ, ઉપકારી છતાં, ચિરપરિચિત છતાં, એક ગુરૂના હાથે દીક્ષિત છતાં, પાસે રહેલ છતાં, સમાન ધર્મમાં પ્રતિબદ્ધ છતાં તથા નિરંતર ગુણ ગ્રહણ કરવામાં પરાયણ છતાં મને સ્નિગ્ધદૃષ્ટિથી જોવા માત્રની પણ તસ્દી લેતા નથી. અથવા તો મારા એ વિચાર જ યોગ્ય નથી. કારણ કે—એ મહાનુભાવો પોતાના શરીર પ્રત્યે પણ મમતા ધરાવતા નથી. તો અસંયત

એવા મારો ઉપચાર કરવામાં એ કેમ પ્રવર્તે ? માટે કેવળ જો હું પણ આ રોગ–મહાસાગરનો પાર પામું, તો અવશ્ય પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને તત્પર થયેલા કોઇને પણ પોતે જ દીક્ષા આપું. કારણકે એકલા રહેવાથી આપદાઓ સહન કરવી મુશ્કેલ છે." એવામાં કોઇ રીતે ભવિતવ્યતાના યોગે અને વેદનીયકર્મના ક્ષયોપશમથી પારિવ્રાજ્યરૂપ પાખંડ-વંશના ચિરકાળ હોવાપણાથી તેમજ તથાવિધ–અનુકૂળ ઔષધ–સામગ્રી પ્રાપ્ત થવાથી મરીચિનો રોગ શાંત થતાં તેના શરીરમાં બળ આવ્યું અને તે અન્ય સ્થાને વિચરવા લાગ્યો.

એકદા ધર્મદેશના કરતાં, **કપિલ** નામે એક રાજપુત્ર તેની પાસે આવ્યો. એટલે મરીચિએ પણ પાંચ મહાવ્રતના રક્ષણવડે પ્રધાન, પ્રશમાદિ ગુણોયુક્ત પંચેંદ્રિયના નિગ્રહથી વિશુદ્ધ અને સમગ્ર શ્રેષ્ઠ ફળને આપનાર એવો સાધુધર્મ તેને કહી સંભળાવ્યો. ત્યારે કપિલ બોલ્યો કે—' હે ભગવન્ ! તમે બાહ્ય વેશથી વિલક્ષણ દેખાઓ છો અને કથન તમારૂં જુદા પ્રકારનું છે, તો એમાં સાચું શું સમજવું ? ' એટલે મરીચિએ કહ્યું—" હે ભદ્ર ! એ તો મેં તને સાધુધર્મ સંભળાવ્યો; પરંતુ યથોકત સાધુધર્મ પાળવાની શકિતના અભાવે પ્રબળ પાપ–કર્મના ઉદયથી તથા દુર્ગતિ ગમન કરવાના કારણે પોતાની બુદ્ધિ-રૂપ કળાથી પરિકલ્પિત આ કુલિંગ-કુવેશનો મેં સ્વીકાર કર્યો છે. હે વત્સ ! એ પરગચ્છનો વેશ છે, માટે મનમાં શંકા લાવ્યા વિના તમે શ્રમણધર્મ અંગીકાર કરો. " કપિલ કહેવા લાગ્યો—' હે ભગવન્ ! તેમ છતાં તમારી પાસે કંઈ નિર્જરાનું સ્થાન છે કે નહિ ? ' મરીચિએ કહ્યું—' હે ભદ્ર ! નિર્જરાનું સ્થાન તો શ્રમણધર્મમાં છે અને અહીં પણ કિંચિત છે ' એ પ્રમાણે અસત્ય વસ્તુના ઉપદેશથી તેણે કોડાકોડી સાગરોપમ પ્રમાણ પોતાનો સંસાર વધારી મૂકયો. અહીં કોઇ શંકા કરે કે એટલું માત્ર વિપરીત કહેવાથી એમ સંભવે ? તેમાં આશ્ચર્ય શું છે ? કારણ કે—જિનાગમથી એક પદ માત્ર પણ વિપરીત બોલતાં મિથ્યાત્વ લાગે. અપથ્ય ભોજનથી વેદનાજનક રોગ અવશ્ય ઉત્પન્ન થાય જ. વળી અહીં કોઇ પ્રશ્ન કરે કે—એ કરતાં મૂળ ઉત્તર ગુણ રહિત છતાં લિંગધારી પણ યથાસ્થિત સર્વજ્ઞ મતની પ્રરૂપણા કરનાર સંભળાય છે, તો ભવભય પામીને શરણે આવેલ જનને ઉન્માર્ગ–દેશના-રૂપ તીક્ષ્ણ ખડ્ગના ઘાતથી સતાવવું, એ શું તે કરતાં વધારે પાપ છે ? જિનવચન રૂપ સિદ્ધાંતથી વિપરીત પ્રરૂપણા કરવાથી જે પરિણામે પાપ-દુઃખ થાય છે, તેવું પાપ ભલે મોટું હોય છતાં તેનાથી જીવને તેટલું દુઃખ ઉત્પન્ન થતું નથી. હવે વિસ્તારનું પ્રયોજન નથી. પ્રસ્તુત વાત ચલાવીએ.

હવે તે કપિલ, સન્નિપાતથી પરાભૂત થયેલ જેમ પરમ ઔષધનો અનાદર કરે, મહાગ્રહથી ઘેરાયેલ જેમ તથા પ્રકારની મંત્રક્રિયાને ન સ્વીકારે, પૂર્વે બ્યુ-

દુઃખાહિત–વ્યાકુળ થયેલ જેમ સમ્યગ્વચનને ન માને, તેમ મહા પ્રબળ મિથ્યાત્વના વશથી તેણે લેશ પણ શ્રમણધર્મનો સ્વીકાર ન કર્યો, ત્યારે મરીચિ ચિંતવવા લાગ્યો કે—" આ કપિલ યતિધર્મનો આદર કરતો નથી, તો હવે મારે પણ છત્રાદિ ઉપકરણ ઉપાડવામાં ગ્રામાંતર જવામાં, શરીરને ગ્લાનિ થતાં તથા તેવા બીજા કોઇ ખાસ પ્રયોજન વખતે એકાદ સહાયકની જરૂર છે, માટે એને પરિવ્રાજકની દીક્ષા આપું. " એમ ધારીને તેણે કપિલને પોતાની દીક્ષા આપી અને કંઇક બાહ્ય કષ્ટાનુષ્ઠાન પણ શીખવ્યું, એ પ્રમાણે રંગેલા વસ્ત્રયુગલને ધારણ કરી, હાથમાં ત્રિદંડ લઇ, કમંડલ પ્રમુખ ઉપકરણયુક્ત તે કપિલ, મરીચિને પિતા, દેવ, સ્વામી, પરમ ઉપકારી, રત્નનિધાનને બતાવનાર તથા જીવિત-દાન આપનાર સમાન સમજી તેની ઉપાસના કરતો તે ગ્રામાનુગ્રામ તેની સાથે ભમવા લાગ્યો. એ રીતે કાલ નિર્ગમન કરતાં મરીચિ ચોરાશી લાખ વરસનું સંપૂર્ણ આયુષ્ય પાળી, પોતાના દુષ્કર્મને આલોચ્યા અને પ્રતિક્રમ્યા વિના કાળ કરી **બ્રહ્મ** દેવલોકમાં દશ સાગરોપમના આયુષ્યવાળો તે દેવ થયો.

અહીં કપિલ પણ શાસ્ત્રના પરમાર્થને શિખ્યા વિના, માત્ર બાહ્ય ઉપકરણ ધારણ કરવામાં રસિક, મરીચિના કહ્યા પ્રમાણે કષ્ટાનુષ્ઠાનથી પરમ કષ્ટ પામતો તે એકાકી ભમવા લાગ્યો, તેનો વિલક્ષણ વેશ જોઇ પ્રથમ પ્રમાણે ઘણા લોકો તેની પાસે ધર્મ સાંભળવા આવતા, એટલે તે પણ શ્રમણ-શાસ્ત્રોમાં અજ્ઞાનતાને લીધે તથા યથાર્થ ધર્મદેશનાની પદ્ધતિથી અજ્ઞાત હોવાથી વિચારવા લાગ્યો કે—' યુક્તાયુક્ત પરિજ્ઞાનથી રહિત એવા પુરૂષને આંતર કારણ સમજ્યા વિના મૌન છે એજ સર્વાર્થનું સાધન છે ' એમ ધારી ગાઢ મૌનવ્રત આદરીને તે દિવસો વીતાવવા લાગ્યો.

એકદા **આસુરિ** રાજપુત્ર પ્રમુખ શિષ્યવર્ગને પરિવ્રાજક વ્રત આપી, તેમને યથાદિષ્ટ બાહ્ય અનુષ્ઠાન દર્શાવી, ચિરકાલ બાલતપ આચરી, મરણ પામીને કપિલ બ્રહ્મ દેવલોકમાં દેવતા થયો. ત્યાં પૂર્વે ન સાંભળેલ અને ન જોયેલ એવી અદ્ભુત દેવલક્ષ્મી જોતાં અત્યંત આશ્ચર્ય પામીને કપિલ ચિંતવવા લાગ્યો કે—" હું ધારૂં છું કે મેં શું દુષ્કર તપ આચરેલ હશે ? કે ચંદ્રમા સમાન નિર્મળ અને ઉત્તમ શીલ પાળ્યું હશે ? કે દુષ્કર તપ અને નિયમમાં દત્તચિત્ત સાધુ–પાત્રોને પૂર્વે સ્વભુજાથી ઉપાર્જન કરેલ વિત્ત કે અશનાદિકનું દાન આપ્યું હશે ? અથવા તો સાહસ અવલંબીને પ્રજ્વલિત જવાળાની શ્રેણિયુક્ત એવા અગ્નિને પોતાનો દેહ અર્પણ કર્યો હશે ? " એ પ્રમાણે વિવિધ સંશયમાં ચિત્ત ચલાવી, ક્ષણવાર પછી તે બરાબર જાણવા નિમિત્તે તેણે અવધિજ્ઞાનથી ઉપયોગ દીધો. એટલે પારિવ્રાજ્ય પામેલ પોતાના દેહને જીવ રહિત દીઠો અને મુગ્ધ બુદ્ધિને લીધે ગ્રંથાર્થથી બાહ્ય એવા પોતાના તે શિ-

ષ્યોને પણ તેણે જોયા ત્યારે પોતાના દર્શન–મતના પક્ષપાતથી દેવ-કર્તવ્ય તજી, શિષ્યોને તત્ત્વ-સત્ય સંભળાવવા તે આકાશમાં ઉતર્યો, અને પ્રવર પંચ વર્ણના મંડળમાં અદૃશ્ય રૂપે રહી આસુરિ પ્રમુખ શિષ્યોને સંબોધીને તે આ પ્રમાણે બોલ્યો—' અવ્યકત થકી વ્યકત ઉત્પન્ન થાય છે.' ઇત્યાદિ તત્ત્વ-વચન સાંભળતાં આસુરીએ સાઠ તંત્ર-ગ્રંથો બનાવ્યા અને તેથી શિષ્ય–પ્રશિષ્ય વર્ગની પરંપરા ચાલુ થઇ, વળી તેમ થવાથી સર્વત્ર ત્રિદંડીનો ધર્મ વિસ્તાર પામ્યો. પછી કપિલ પણ મનમાં ભારે પ્રહર્ષ પામી, ત્યાંથી દેવલોકમાં ચાલ્યો ગયો અને ત્યાં અસાધારણ પાંચ પ્રકારના ભોગ ભોગવવા લાગ્યો.

હવે તે **મરીચિનો** જીવ આયુષ્ય પૂર્ણ થતાં બ્રહ્મ દેવલોક થકી ચવીને જ્યાં દૂર દેશોથી આવેલા વણિકજનો વિવિધ વેપાર કરી રહ્યા છે, જેની આસપાસના પ્રદેશમાં રહેલા સાધુજનો ધર્મક્રિયા સાધી રહ્યા છે અને સમસ્ત ગામના તિલક સમાન એવા **કોલ્લાગ** ગામમાં **કૌશિક** નામે બ્રાહ્મણ થયો, જે છ કર્મમાં અનુરકત વેદાર્થના વિચારમાં વિમલ બુદ્ધિવાળો અને જગતમાં પ્રસિદ્ધ યશવાળો હતો. વળી તે વિષયમાં આસકત, ધન પેદા કરવામાં વિવિધ વ્યવસાય કરનાર, પ્રાણિવધ પ્રમુખ મોટા પાપસ્થાનોમાં નિર્ભય અને મિથ્યાત્વમાં મન લગાડનાર હતો. તે એંશી લાખ પૂર્વનું સર્વ આયુષ્ય પાળી પ્રાંતે ત્રિદંડિવ્રત ધારણ કરીને મરણ પામ્યો. પછી પોતાના કર્મના પ્રભાવે દેવ, તિર્યંચ પ્રમુખ વિવિધ સ્થાનોમાં અનેકવાર ઉત્પન્ન થઇ, પશુની જેમ પરવશપણે દુઃખ સહન કરતાં ચિરકાળ સંસારમાં ભ્રમણ કરીને **સ્થુણાક** ગામમાં **પુષ્પમિત્ર** નામે બ્રાહ્મણપુત્ર થયો. ત્યાં પણ લાંબો કાળ રહી, કામભોગથી કંટાળો પામતાં ધર્મબુદ્ધિએ પરિવ્રાજક દીક્ષા લઇ, વિવિધ તપ આચરી પોતાના સિદ્ધાંતમાં બતાવેલ ધર્મવિધિ પાળી, બહોંતેર લાખ પૂર્વનું સર્વ આયુષ્ય ભોગવી, મરણ પામીને, તે પુષ્પમિત્ર ત્યાંથી સૌધર્મ દેવલોકમાં દિવ્ય ભૂષણથી વિભૂષિત દેવ થયો, પછી કાલક્રમે ત્યાંથી ચવીને **ચૈત્યસંનિવેશમાં** **અગ્નિદ્યોત** નામે બ્રાહ્મણ થયો. ત્યાં ચોસઠ લાખ પૂર્વનું આયુષ્ય પાળી પ્રાંતે પરિવ્રાજક દીક્ષા લઇ, મરણ પામીને તે **ઇશાન** દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળો દેવતા થયો. ત્યાં ચિરકાળ ભોગ ભોગવી, આયુ પૂર્ણ થતાં ત્યાંથી ચવીને **મંદિર** નામના ગામમાં **સોમિલ** વિપ્રની **શિવભદ્રા** ભાર્યાના પુત્રપણે તે ઉત્પન્ન થયો. તેનું **અગ્નિભૂતિ** નામ રાખવામાં આવ્યું અને અનુક્રમે તે તારૂણ્યાવસ્થા પામ્યો.

એકદા **સૂરસેન** નામે પરિવ્રાજક ભમતો ભમતો તે ગામમાં આવી ચડ્યો. તે સાઠ તંત્રશાસ્ત્રોમાં કુશળ હતો, ધર્મકથાના વ્યાખ્યાનમાં તે વિચક્ષણ હતો,

પરંતુ ચિત્ત પારખવામાં તે ચતુર હતો, તેને આવેલ સાંભળીને ઘણા લોકો તેની પાસે આવ્યા. એટલે તેણે પોતાના મતના તત્ત્વની પ્રરૂપણારૂપ પ્રપંચનો પ્રારંભ કર્યો. જે સાંભળતાં લોકો અંતરમાં આનંદ પામતા પોતાના સ્થાને ગયા. એથી તેની પ્રસિદ્ધિ થઇ. પછી બીજે દિવસે અગ્નિભૂતિ અને બીજા લોકો તેની પાસે આવ્યા. તેણે તેમનો યોગ્ય સત્કાર કર્યો. ત્યાં તેઓ ઉચિત પ્રદેશમાં બેઠા અને તેણે વિસ્તારથી પોતાના દર્શનનાં તત્ત્વો તેમને કહી સંભળાવ્યાં, જે સાંભળતાં બધા લોકો હર્ષ પામ્યા, એવામાં એક માણસે તે પરિવ્રાજકને પૂછયું કે—“ હે ભગવન્ ! ચંદ્રમાની જેમ લોકોના લોચનને આનંદ પમાડનાર, મુકતામાલાની જેમ હર્ષિત હરિણાક્ષીઓ સાથે સંવાસ કરવાને યોગ્ય, નંદનવનની જેમ વિવિધ વિલાસ કરવા લાયક, સાગરની જેમ લાવણ્યરસથી પૂર્ણ, પાતાલ રસાતલની જેમ ભુજંગ–સંગને સમુચિત તથા મન્મથના સૌભાગ્યને ભાંગનાર એવા આ અદ્‌ભુત તારૂણ્યમાં તમે પ્રવ્રજ્યાવ્રતનું કષ્ટાનુષ્ઠાન કેમ આદર્યું ? કારણકે મૃણાલતંતુથી બનાવેલ દોરડી કાંઇ મદોન્મત્ત હાથીના બંધનને સહન કરી શકે નહિ, સહકાર–આમ્રની મંજરી–માંજર કાંઇ મજબૂત ઢંક ( પક્ષિ વિશેષ ) ના, ચરણનો ભાર સહી શકે નહિ તેમજ તીક્ષ્ણ ધારાથી વિકરાલ તરવારની અણીનો ઉલ્લેખ કાંઇ કમળ–દળથી સહન ન થાય, તેમ તમારી આ શરીરલક્ષ્મી, નિષ્ઠુર જનને યોગ્ય તપ–ચરણ કરવાને સર્વથા અયોગ્ય છે. તેથી એમાં પ્રણયિની–પ્રમદાનો વિરહ કારણ હશે, અથવા ધન–ભંગનું ખાસ કારણ હશે, કે સ્વજનના વિયોગનું અથવા અન્ય કાંઇ કારણ હોવું જોઇએ. એ બાબતમાં મને મોટું કુતુહલ થાય છે, માટે જો અત્યંત અકથનીય જેવું ન હોય, તો તે કહી સંભળાવો. ” ત્યારે પરિવ્રાજક બોલ્યો—‘ હે ભદ્ર ! તમારા જેવાને અકથનીય શું હોય ? માટે જો કુતુહળ હોય તો સાંભળ.

“ હું પૂર્વે **કૌશાંબી** નગરીમાં અખંડ દ્રવ્યના ભાજનરૂપ હોઇ, અનેક દીન, દુઃસ્થિત, વિદેશી તથા ભયભીત જનોને દાન તથા તેમની રક્ષા કરવામાં તત્પર હતો. એકદા રાત્રે હું સુતો હતો, તેવામાં એકદમ ભયંકર કોલાહલ જાગ્યો. એટલે હું ભય પામી શય્યા થકી ઉઠયો અને જેટલામાં જોઉં છું, તો તીક્ષ્ણ ખડ્‌ગવાળા દઢપણે સજ્જ થયેલા, ધનુષ્ય, ચક્ર, ભાલા પ્રમુખ આયુધોને હાથમાં ધારણ કરતા, ‘ મારો મારો ’ એમ બોલતા, જાણે પોતે પૃથ્વીતલમાં દાટેલ હોય તેમ ધન–સંચયને ગ્રહણ કરતા, તેમજ ત્યાં રહેલ અશ્વશાળાઓને સ્વાધીન કરતા, સામે આવેલ પરિજન–નોકરવર્ગને વિવિધ પ્રકારે પરાભવ પમાડતા, કાંસાના ભાજન તેમજ ઘરવખરીને ઉપાડતા, જાણે યમના સુભટ હોય અથવા જાણે કલિકાલના મિત્રો હોય કે પાપના પિતામહ હોય તેવા ભીષણ

અને નિર્દય ભાસતા એવા ભીલ પુરૂષો મારા જોવામાં આવ્યા. તેમને જોતાં મરણ-ભયથી વ્યાકુળ થતાં તરતજ બહાર નીકળીને મેં આરક્ષક પુરૂષોને બોલાવ્યા, પરંતુ જાણે મહોન્મત્ત થયા હોય, મૂર્છિત બન્યા હોય, જાણે ચેતન રહિત થઇ ગયા હોય તેમ, અનેક રીતે બોલાવતાં છતાં પણ તેમણે હુંકારમાત્ર પણ ન આપ્યો, જેથી હું સમજી ગયો કે—' અવશ્ય આ ચોર લોકોએ એમને અવસ્વાપિની-વિદ્યા અથવા ઔષધ-પ્રયોગથી અચેતન બનાવ્યા હશે; નહિ તો આવી નિદ્રામાં તેઓ ઘેરાય નહિ, ' ગમે તેમ હો, પરંતુ હવે તો હું મારા જીવિતની રક્ષા કરૂં. " એમ ધારી હું હળવે હળવે આગળ ચાલીને એક ગહન વનમાં છુપાઇ રહ્યો. પાછળથી ભીલ લોકો મારા ઘરના પત્થર અને થાંભલા શિવાય શેષ કોડીમાત્ર પણ લઇને ચાલ્યા ગયા. એવામાં પ્રભાત થતાં લોકો ઉઠયા. નગરમાં વાતો થવા લાગી. ત્યારે હું અને લોકો ત્યાં આવ્યા, અને મેં મારૂં ઘર જોયું, તો ત્યાં એક દિવસના ભોજન જેટલું પણ બાકી રહ્યું ન હતું. એમ બધું ધન ક્ષીણ થવાથી અન્ય કાંઇ સાધન ચલાવવાને દ્રવ્ય પામી શકાય તેમ પણ ન હતું. એ પ્રમાણે જ્યારે નિર્વાહનો એકે માર્ગ ન રહ્યો, ત્યારે હું ચિંતવવા લાગ્યો કે—' આ નગરના સમસ્ત લોકોમાં પ્રધાનપણે-અગ્રેસરપણે રહીને હવે એક કાર્પટિક-ભિક્ષુકની જેમ રહેતાં હું લજ્જા કેમ ન પામું ? દીન અને દુઃસ્થિત જનોને દાન આપ્યા પછી ભોજન કરતો એવો હું અત્યારે પોતાના ઉદર-ભરણમાત્રમાં તત્પર રહેતાં શી શોભા પામી શકું ? અથવા પૂર્વે સેવક જનોને સાથે લઇ, અશ્વારૂઢ થઇને ફરનાર એવો હું અત્યારે એકાકી પગે શીરીતે ચાલી શકીશ ? તેમજ સાથે સાથે ધૂલિક્રીડા કરેલ બાંધવોને વાંછિતાર્થ પૂર્યા વિના હું નિરર્થક જીવિતને કેમ ધારણ કરીશ ? અત્યારે સમસ્ત વિભવ નષ્ટ થવાથી, ગર્વિષ્ઠ બનેલા શત્રુઓના સાક્ષાત્ દુઃસહ વચનો કેમ સાંભળી શકીશ ? માટે આ સ્થાન તજીને દેશાંતરમાં ચાલ્યો જાઉં. ' એમ ચિંતવીને હું ઉત્તર દિશા તરફ ચાલ્યો અને કેટલેક દિવસે એક ગામમાં પહોંચ્યો. ત્યાં ભિક્ષા લઇને મેં ભોજન કર્યું અને તેમ કરતાં કેટલાક દિવસો ત્યાંજ વીતાવ્યા.

એવામાં એક દિવસે કોઇ ત્રિદંડી મારા જોવામાં આવ્યો. તેને અત્યાદરથી વંદન કરીને હું તેની સમક્ષ બેઠો. પછી પરસ્પર અમે પોતપોતાની વીતક વાત કહી સંભળાવી, તેમાં મેં સંક્ષેપથી મારો વૃત્તાંત કહ્યો, એટલે ત્રિદંડીએ કહ્યું કે—" હે વત્સ ! શોક-સંતાપને તજીને, ધીરજને ધારણ કર. કારણકે એ વ્યતિકર સર્વ-સાધારણ છે. કહ્યું છે કે—' નિંદિતજન પાસે લક્ષ્મી જે સ્થિરતા કરતી નથી, તેમાં તો કંઇ ખેદ કરવા જેવું જ નથી, પરંતુ એ કુલટા કામિનીની જેમ પુરૂષોત્તમ-ઉત્તમ પુરૂષનો પણ ત્યાગ કરી દે છે. વળી બાળકની જેમ નિર્વિવેક અને પ્રમોદ પામતી એ લક્ષ્મી, પવિત્ર કુળ, રૂપ, બળ, વિજ્ઞાન

કે પરાક્રમ, એમાનું કશું જોતી નથી. અથવા તો મહાસાગરના તરંગ–સંગથી ચંચલતા પામેલ, કૌસ્તુભ મણિની સાથે ઉત્પન્ન થતાં અત્યંત નિષ્ઠુરતા વધી જતાં, ચંદ્રમાની સાથે રહેવાથી તેના કલંકને અનુસરતાં મલિન શીલ–સ્વભાવ થઇ જવાથી, દીવ્યાશ્વની સંગતિથી વિવેકને વેગળો તજી દેવાથી, દુઃસહ વિષની મૈત્રી સમાન પ્રાંતે દુઃખ અપાવનાર, કંબુશંખના સ્નેહને લીધે ગાઢ વક્ર બુદ્ધિ વધી જવાથી, તેમજ પારિજાત–કલ્પવૃક્ષ વિશેષના પ્રણય–પ્રભાવથી જડમાં પક્ષપાત ઉત્પન્ન થવાથી તથા સદા લવણ સમુદ્રમાં વસતાં મધુર ભાવને મૂકી દીધેલ હોવાથી એ મહાનુભાવ–મહા પ્રભાવવાળી લક્ષ્મી થકી સચ્ચરિત્ર કેમ સંભવે ? કારણકે વિસદૃશ સાથે સંસર્ગ કરનાર, વિશિષ્ટ ગુણના સાધનને નજ કરી શકે. માટે હે ભદ્ર ! હવે શોકને તજી પુરૂષાર્થને ધારણ કર તથા કર્તવ્ય કર્મમાં નિયુક્ત થા. કારણકે સત્પુરૂષો, સ્વરૂપ જાણ્યા પછી કંઇ પણ ગોપવતા નથી. વળી હે ભદ્ર! શું તું એકલોજ એ લક્ષ્મીથી તજાયેલ છે કે જેથી આટલો બધો સંતાપ ધરે છે ? અને વર્તમાનકાળે કર્ત્તવ્યને આચરતો નથી.' ત્યારે હું બોલ્યો 'હે ભગવન્! મારે હવે શું કરવાનું છે ?' તેણે કહ્યું—' મહાયશ ! તારે હવે અવશ્ય ધર્મ સર્વથા આદરવા યોગ્ય છે. કારણ કે એ ધર્મથી જેઓ રહિત છે, તેમની ઉત્કટ ઋદ્ધિ પણ વિનાશ પામે છે અને જેઓ ધર્મસહિત છે, તેઓ ધનહીન છતાં તેમને સત્વર સમૃદ્ધિ આવીને પ્રાપ્ત થાય છે ' એ પ્રમાણે સાંભળતાં ભવ-વૈરાગ્ય ઉત્પન્ન થવાથી મેં આ દુઃખવારક ત્રિદંડી દીક્ષાનો સ્વીકાર કર્યો. માટે હે ભદ્ર ! પૂર્વે તેં મને જે વૈરાગ્યનું કારણ પૂછયું, તે તને કહી સંભળાવ્યું. તો હવે તું ધર્મનો આદર કર. ”

એ પ્રમાણે સાંભળતાં અત્યંત રોમાંચિત થઇ, પરિવ્રાજકદીક્ષા લેવાની બુદ્ધિ ઉત્પન્ન થતાં મરીચિનો જીવ તે અગ્નિભૂતિ, ત્રિદંડીને નમન કરી, લલાટે અંજલિ જોડીને આ પ્રમાણે કહેવા લાગ્યો—' હે ભગવન્ ! તેવા પ્રકારના વૈરાગ્યના કારણમાં તમે જે દીક્ષા અંગીકાર કરી, તે સારૂં કર્યું. એ કથન સાંભળવાથી મારી પણ ગૃહવાસની વાસના નાશ પામી છે. માયા—મોહનો વિચ્છેદ થયો અને વિવેકરત્ન પ્રગટ થવા પામ્યું છે, માટે મને આપની દીક્ષા આપીને હવે અનુગ્રહ કરો. ' એમ તેના કહેવાથી પરિવ્રાજકે તરતજ તેને પ્રવ્રજ્યા આપી. પછી તે તપ આચરી, છપ્પન્ન લાખ પૂર્વનું સર્વાયુ પાળી, પ્રાંતે મરણ પામીને તે **સનત્**કુમાર દેવલોકમાં દેવતા થયો, કાળક્રમે ત્યાંથી ચવી, પ્રવર **શ્વેતં**બિકા નગરીમાં **ભારદ્વાજ** નામે બ્રાહ્મણ થયો. ત્યાં પણ સ્વકર્મજન્ય સુખ-દુઃખ ભોગવી, વૃદ્ધપણે પૂર્વકર્મના યોગે પુનઃ તેણે પારિવ્રાજ્ય લીધું અને ધૂલિથી આચ્છાદિત થઇ રમતા બાળકોની જેમ કુદેશનાના પાપરૂપ ધૂલિના પડલથી આચ્છાદિત બની તીવ્ર બાળતપ કરી, ચુમ્માલીશ લાખ પૂર્વનું સર્વાયુ

પાળી, પંચત્વ પામતાં **માહેંદ્ર** દેવલોકમાં તે દેવતા થયો. ત્યાં મણિ-રત્નોના કિરણોથી ઉદ્યોતિત થયેલા વિમાનમાં પોતાના પરિજનોથી પરિવૃત થઇ તે સ્વચ્છંદપણે ક્રીડા કરવા લાગ્યો. પછી આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચવી, કુદેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકમાં વારંવાર પરિભ્રમણ કરી, **રાજગૃહ** નગરમાં **કપિલ** નામે બ્રાહ્મણની **કાંતિમતી** ગૃહિણીના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો. યોગ્ય અવસરે તેનું **થાવર** એવું નામ રાખવામાં આવ્યું અને સત્ત્વ બળ અને શરીરથી વૃદ્ધિ પામતાં તે તરૂણાવસ્થાને પામ્યો. ત્યાં નિરંતર જન્મ, જરા મરણ અને વ્યાધિના દુઃખ-સમૂહથી પીડાતા લોકને જોઈ ધર્મ સાધવાની ઇચ્છા છતાં અત્યંત મોહથી મૂઢ બની તે, દુષ્કર તપોવિધાન કરતા જૈનમુનિઓની પાસે તેમજ અન્ય મતના પરિવ્રાજકો પાસે પણ કોઇવાર જતો જ ન હતો, એમ રહેતાં તેણે એક ત્રિદંડી શ્રમણને જોયો કે જેની નાસિકા ચિપટી હતી, જેના ઓષ્ઠપુટ અને દાંત ભગ્ન હતા, તેને જોતાં, ચંદ્રમાના દર્શનથી જેમ કુમુદ, સૂર્યના દર્શનથી જેમ કમળ, અળતાયુકત તરૂણના ચરણ-તાડનથી જેમ અશોકવૃક્ષ વિકાસ પામે, તેમ લોચન-કમળને વિકસાવતો તે, અતિદુર્લભ વલ્લભ જનના સમાગમની જેમ તરતજ પરમ પ્રમોદ પામ્યો. અને પ્રતિજન્મ પરિવ્રાજકવ્રત લેવાની અનુવૃત્તિથી પ્રગટ થતા સ્નેહને લઇને તત્ત્વપૂછવાને તે પરિવ્રાજક પાસે આવ્યો. ત્યાં આદરપૂર્વક તેના ચરણે નમીને તેણે ધર્મવિધાન પૂછયું. એટલે 'આ યોગ્ય લાગે છે' એમ ધારીને તે ત્રિદંડીએ પણ તેને ધર્મ સંભળાવ્યો, અને વળી બીજું એ પ્રમાણે કહ્યું કે—"હે ભદ્ર! પૂર્વે આ સંસારમાં હું જેમ દુઃખી થઇને રહ્યો અને વિષય પિપાસામાં પડયો, તેમ કુશળ એવા તારે ન રહેવું." ! ત્યારે થાવરે પૂછયું કે—'હે ભગવન્! પૂર્વે તમે દુઃખાર્ત્ત કેમ રહ્યા અને વિષય-પિપાસા તમને કેમ નડી? તે બદલ મને કુતુહળ છે, માટે કહી સંભળાવો.' એટલે ત્રિદંડી બોલ્યો—"હે ભદ્ર! સાંભળ—પૂર્વે વિષયરૂપ જળથી પરિપૂર્ણ, અજ્ઞાન રૂપ મીન-મત્સ્યોથી ભીષણ, ઇંદ્રિયોના વિષયોરૂપ ચંચળ કલ્લોલ યુક્ત, નિર્લજ્જતા રૂપ જલવેલા-વેળના વિલાસ-વ્યાપ્ત, દુઃસત્ત્વરૂપ આવર્ત્તોથી દુસ્તર, પાપવિકલ્પરૂપ કાદવપૂર્ણ, અસંખ્ય પ્રપંચરૂપ શંખસમૂહથી વ્યાપ્ત, અભિમાનરૂપ ઘોર ગર્જનાયુકત, પ્રચંડ મન્મથરૂપ વડવાનળની શિખા સહિત અને દોષરૂપ ઘન-ગાઢ પડલથી આર્દ્ર એવા તારૂણ્યરૂપ મહાર્ણવને હું પામ્યો. એટલે તેના યોગે તાપસની જેમ સ્વગૃહના નિવાસનો અને સ્વજન બાંધવોનો અનાદરથી ત્યાગ કરી, વિકસિત નીલ કમળ સમાન લોચનવાળી, પ્રવર પયોધર-સ્તનથી શોભતી, મહા ભોગને યોગ્ય, ઉછળતા કલ્લોલરૂપ બાહુના વિલાસયુકત, હંસ સમાન ચરણ-કમળથી ચાલતી, મંદ મંદ કલરવ કરતી, પક્ષે સારસ પક્ષીના કલરવ-

યુક્ત તથા સરસી–તલાવડીની જેમ સુંદર એવી વિલાસિની વામાઓમાં આસક્ત થતાં એક વખતે **અનંગસેના** વેશ્યાની સાથે વિલાસ કરતાં મેં ઘણો કાલ વીતાવ્યો. તેની સાથે અનુરાગમાં ફસાયેલ મેં પ્રવર અલંકારો આપતાં, નિરંતર મહાકીંમતી વસ્ત્રો, તંબોલ, પુષ્પ અને વિલેપનાદિ આપતાં, પિતા અને પિતામહે ઉપાર્જન કરેલ ઘણું ધન ખપાવી નાંખ્યું. એટલે હું મહા દરિદ્રી જેવો બની ગયો, એમ વેશ્યાના જાણવામાં આવ્યું, જેથી રસ કહાડી લીધેલ અળતાની જેમ, પીવાઇ ગયેલ મદિરા પાત્રની જેમ, જમતાં અવશેષ રહેલ ભોજનની જેમ, અનેક અપમાનના કારણોથી તેણે મને તજી દીધો. એટલે વેશ્યાના ઘરમાંથી નીકળીને હું પોતાના ઘરે ગયો. ત્યાં અનેક છિદ્રો સહિત, પૂર્વની શોભા જેની નષ્ટ થઇ છે અને મસાણની જેમ ભયાનક એવું ઘર જોતાં હું મહા વિષાદ ધરતો દેશાંતર જવા નીકળ્યો અને પ્રતિદિન ચાલતાં એક શૂન્ય ગામમાં ગયો. ત્યાં જમીનપર પડેલ એક રક્ષા–ભસ્મની પોટલી મારા જોવામાં આવી તે લઇ, લાખથી મજબુત જડેલ રાખની ગાંઠો મેં ખોલી જોઈ. તેમાંની એક ગાંઠમાં લખેલ ભોજપત્ર જોયું, તેને કૌતુકથી વાંચતાં, તેમાં લખેલ ગામનું નામ, દિશાભાગ તથા અન્ય લક્ષણયુક્ત કોટી રત્નપ્રમાણ નિધાનનો વ્યતિકર મારા જાણવામાં આવ્યો, જેથી મનમાં અતિ પ્રમોદ પામતાં સર્વ પ્રકારે તે પત્ર મેં ગોપવી રાખ્યું. પછી તેમાં લખેલ લક્ષણ–સ્થાન પ્રત્યે ગમન કરતાં અલ્પ વખતમાં હું તે ગામમાં પહોંચ્યો. ત્યાં નિધાનનું સ્થાન અને ચિન્હો અવલોક્યાં, જે બધાં પત્રના લેખ પ્રમાણે મળતાં આવ્યાં, તેથી મને પરમ પ્રમોદ થયો. પછી પ્રશસ્ત રાત્રે દિશાઓમાં બલિદાન આપીને હું તે નિધાન–સ્થાન ખોદવા લાગ્યો અને જેટલામાં એક હસ્તપ્રમાણ ન ખોદ્યું, તેવામાં તો ઉત્કટ ફણાના આટોપથી ભીષણ, વિદ્યુતની શિખા સમાન બંને ચંચલ જીભને ચલાવતા, મુખમાં લીધેલ પવનને પાછો વાળી અગ્નિના તણખા સમાન કહાડતા ઉદ્ગારોને લીધે દારૂણ, પુંછની છટાથી ધરણીપૃષ્ઠને તાડન કરતા અને દીપકની શિખા સમાન સ્ફુરાયમાન રક્ત લોચનને ફેરવતા એવા મહા ભુજંગો ત્યાં પ્રગટ થયા. તેમણે કરડીને મારા શરીરને તડતડાટથી તોડી નાંખ્યું. એટલે તેમના મહાવિષના આવેગથી હું મૂર્છિત થઇને જમીનપર પડી ગયો. એવામાં રાત્રિ વ્યતીત થઇ, અને જાણે મારાપર અનુકંપા કરી હોય તેમ ભગવાન દિનકર ઉદય પામ્યો. ત્યાં ગામના લોકોએ મને તેવી સ્થિતિમાં જોયો, તેમણે વિષ–વિકાર જાણીને દયાબુદ્ધિથી મારો ઉપચાર કર્યો. એટલે તથાવિધ ઔષધ અને મંત્રક્રિયાના પ્રભાવથી મારૂં શરીર સારૂં થયું. પછી ગામના લોકોએ મને રાત્રિનો વ્યતિકર પુછયો, જેથી યથાસ્થિત નિધાનનો વૃત્તાંત મેં તેમને કહી સંભળાવ્યો.

ત્યારબાદ કેટલાક દિવસો ત્યાંજ રહીને ફરી હું એક દિશા તરફ ચાલ્યો. આગળ જતાં એક દિવસે મને એક પુરૂષ મળ્યો. સમાન સ્વભાવને લીધે તેની સાથે મારે મિત્રાઇ થઇ, પછી કોઈ વાર પ્રસંગે તેણે મને સદ્દભાવથી એકાંતમાં, ગુફામાં જઇને યક્ષિણીને સાધવાનો કલ્પ બતાવ્યો અને બહુજ આદર પુર્વક તેણે મને વીનવ્યો કે—'જો તમે મારા સહાયક થાઓ, તો આપણે વિવર-ગુફામાં પ્રવેશ કરીએ,' એટલે ભોગ-વિલાસની ગાઢ આસક્તિને લીધે મેં તેનું વચન સ્વીકાર્યું. ત્યાંથી અખંડ પ્રયાણ કરતાં અમે વલયામુખ નામના વિવર પાસે ગયા. ત્યાં તેના દ્વારની તથા તે દ્વારનું રક્ષણ કરનારી જોગણીઓની અમે પૂજા કરી. પછી સારા મુહૂર્તે અને શુભ નક્ષત્રમાં અમે પુષ્કળ ભાતું લઇ, હાથમાં દીપક ધારણ કરીને તે વિવરમાં પેઠા, તેમાં ઉંચાં નીચાં સ્થાનોને ઓળંગતાં હળવે હળવે અમે દૂર પ્રદેશમાં નીકળી ગયા, ત્યાં એક ઠેકાણે એક યક્ષકન્યા તરત અમારા જોવામાં આવી કે જે વીજળીના પુંજ સમાન દેદીપ્યમાન અને પ્રવર કનકના સિંહાસન પર બિરાજમાન હતી, વળી ગાલપર લટકતા ઉજ્વળ કુંડળના પ્રભાસમૂહથી તેનું મુખ વિચિત્ર શોભાયુકત ભાસતું હતું, નાના પ્રકારના મણિભૂષણોથી તેની દેહલતા-શરીર ભારે સુશોભિત લાગતી, આમળા સમાન મોટા મોતીનો નવસરો હાર તેના સ્તનપર લટકતો હતો, વિકસિત અને મનોહર મન્મથરૂપ વૃક્ષની કોમળ શાખા સમાન, પાતાલ-લક્ષ્મી, રતિ કે દેવાંગનાની જેમ મનને મોહ પમાડનાર, લલિત કરમાં લીલા-કમળને ધારણ કરનાર અને મનોહર ગાત્રયુકત એવા તે યક્ષકન્યાનું પૂર્વે ન જોયેલ તથા જગતમાં એક આશ્ચર્યરૂપ એવું સ્વરૂપ જોતાં મદનના મદથી વિધુર-વ્યાકુળ બનેલા એવા અમે તેની પાસે ગયા. એવામાં અમને આવતા જોઇને તે યક્ષકન્યા, પાસે બળતી પ્રચંડ જ્વાળાથી વિકરાળ એવા કુંડમાં તરતજ પેસી ગઇ. એટલે મહામુદ્ગરથી ઘાયલ થયેલાની જેમ શ્યામ મુખે અમે ચિંતવવા લાગ્યા કે—"હવે શું આપણે પાછા ચાલ્યા જઇએ ? કે તેના અંગ-સંગથી સંલગ્ન એવા લાવણ્ય-પૂર્ણ અગ્નિકુંડમાં પતંગની જેમ આત્મા-દેહને હોમી દઇએ ? આ દારૂણ અગ્નિ તો કેવળ એક ક્ષણવારમાં દેહને દગ્ધ કરી મૂકશે અને તેણીનો મેલાપ તો સંશયયુકત છે, માટે જીવતાં તો ફરીને પણ ભદ્ર-સુખ-સંપત્તિ પામી શકીશું." એ પ્રમાણે અમો વિચાર કરતા હતા, તેવામાં તો તરતજ એક નિકુંજ-લતાગૃહમાંથી કુંજરની જેમ શરીરે બહુજ ભારયુકત, પોતાના અંગભારથી ધરણીતલને કંપાવનાર, પૃથ્વીતલને તાડન કરતાં ઉછળતા પ્રતિશબ્દોના સમૂહથી દિશાઓને બધિર બનાવનાર, દિશા-ભાગમાં પ્રસરતા અને કજ્જળ-કાજળ સમાન જંગલી મહિષના શૃંગથી બનાવેલ કંકણોની શ્યામ પ્રભાજાળથી ભયંકર, હાથમાં મોટા કપાળને ધારણ કરતો, જાણે કાળ-

રાત્રિને ઉત્પન્ન કરનાર હોય, મુખવડે દુષ્પ્રેક્ષ્ય અને ધૂમશ્રેણિને મૂકનાર, અત્યંત પુંફાડા મારતા રૌદ્ર અને કાળા ભુજંગવતી જેણે પોતાનો કેશ-કલાપ બાંધેલ છે એવો ક્ષેત્રપાલ તરત તે સ્થાને આવી પહોંચ્યો, તેણે અત્યંત રોષથી લોચન રક્ત કરી, અમને જોઇને કહ્યું કે—" અરે ! અધમપુરૂષો ! તમે તમારા શીલ સદાચારનો નાશ કરી, શરીરના અવાજ માત્રથી શરીરે ત્રાસ પામતા એવા તમને, તમારા મનને આશ્વાસન મળે એવો ક્યાંય આધાર ન મળ્યો ? કે અહીં આવી ચડયા ? માટે હવે એ દુર્વિનયનું ફળ ભોગવો.' એમ કહેતાંજ પવનથી પ્રેરાયેલા છિન્ન પત્ર-પર્ણની જેમ ભયથી કંપતા એવા અમને તરતજ બાળ બકરાની પેઠે પગે પકડીને ત્યાંથી મોટા વેગપૂર્વક ઉછાળ્યા એટલે અમે વલયામુખના દ્વાર આગળ પડયા. પછી અમે જાણે મોટી નિદ્રામાં પડયા હોઇએ તેમ રાત્રિ વીતાવી, સૂર્યોદય થતાં નયન-કમળ ઉઘડયાં, એટલે અમો ચિંતવવા લાગ્યા કે—' અહો ! આ પ્રદેશ કયો છે ? આપણને અહીં કોણ લાવેલ છે ? આ ધરણી પર આપણે કેમ સૂઇ ગયા ? તે વિવર કયાં ? અને તે યક્ષકન્યા કયાં ? અહો ! આ સ્વપ્ન કે માયા ? અથવા બિભીષિકા છે કે મતિ વિભ્રમ ?' એમ લાંબો વખત સંશયમાં પડયા પછી પરમાર્થ જાણવામાં આવતાં, તે સ્થાનથી અમો આગળ ચાલ્યા અને **એનાતટ** નગરમાં પહોંચ્યા. ત્યાં પણ એક **શિવસુંદર** નામે વિદ્યાસિદ્ધ પુરૂષ અમારા જોવામાં આવ્યો. એટલે અનેક પ્રકારે પ્રયત્ન કરી, વિનયાદિકથી તેને અમે સાધ્યો, જેથી તેણે પ્રસન્ન થઇને મને **કાત્યાયનીમંત્ર** આપ્યો અને સાધન-વિધિ બતાવ્યો. પછી ગુરૂએ બતાવ્યા પ્રમાણે મેં ચંડિકાના મંદિરમાં હોમવિધિ આદર્યો. તેવામાં સાહસરહિતપણાથી તૃણ કંપતાં પણ ભય પામનાર, છતાં ધૃષ્ટતાથી મંત્રસાધન કરતાં મારી સમક્ષ, ઉત્કટ અને ઉન્નત તથા વિકરાલ કાળવેતાલથી પરવરેલ એવો એક ભયંકર મહાપિશાચ તરતજ પ્રગટ થયો. એટલે તે વિકરાલના દર્શનથી ઉસન્ન થયેલ મરણ-ભયથી વ્યાકુળ થતાં મંત્રના પદ વિસ્મૃત થવાથી હું પોતાના સ્થાન તરફ દોડયો. એવામાં ' કોઇ ધૃષ્ઠથી તું દુઃશિક્ષા પામ્યો છે ' એમ કહેતાં શંકારહિત તેણે હાથ લંબાવી મને ખેંચીને ચંડિકા પાસે લાવી મૂકયો, તેણે મુષ્ટિપ્રહારથી મને એવી રીતે માર્યો કે મારી નાસિકા ચિપટી થઇ ગઈ અને નિર્ભાગ્યને લીધે મારા બીજા અગ્ર-આગળના દાંત પણ ભાંગી પડયા. માટે હે મહાશય ! તેં મને જે મારો પૂર્વ વૃત્તાંત પૂછયો, તે તને નિવેદન કરતાં જો ખાત્રી ન થતી હોય, તો મારૂં મુખ જોઇ લે. "

પછી થાવર કહેવા લાગ્યો કે—' હે ભગવન્ ! ભોગપિપાસાનો દોષ સાક્ષાત્ દૃશ્યમાન છતાં કયો મતિમાન્ પુરૂષ ન માને ? વળી તમે જે આ વ્રત લીધું, તે ઠીક કર્યું. હું પણ એ વ્રત ધારણ કરવા ઇચ્છું છું, માટે

દીક્ષા–પ્રદાનથી મારાપર આપ અનુગ્રહ કરો.' એટલે તેણે થાવરને દીક્ષા આપી અને તે ધર્મ–કરણમાં તત્પર થયો. વળી દુઃસહ તપ તપવામાં બહુજ દૃઢ હતો, છતાં મિથ્યાત્વને લીધે તેનું સત્ય જ્ઞાન વિલુપ્ત હતું. એમ ચોત્રીશ લાખ પૂર્વનું સર્વ આયુષ્ય પાળી, પ્રાંતે મરણ પામીને તે બ્રહ્મ દેવલોકમાં દેદીપ્યમાન દેવતા થયો. પોતાની બુદ્ધિરૂપ કળાથી કલ્પેલ ત્રિદંડીના દર્શનથી અનુરાગ પ્રગટ થતાં છ ભવસુધી તેને પારિવ્રાજ્ય પ્રાપ્ત થયું. વળી પોતાના કુળની પ્રશંસા કરવાથી બાંધેલ નીચ ગોત્ર–કર્મને લીધે મરીચિને બ્રાહ્મણ પ્રમુખના નીચ કુળમાં જન્મ લેવો પડયો. માટે જિનવચનથી વિપરીત પ્રરૂપણા અને કુળની પ્રશંસાનું પરિણામ જોઇને હે વિચક્ષણ ભવ્ય જનો! તમે સદાકાળ તેનો ત્યાગ કરો.

એ પ્રમાણે મહાકલ્યાણરૂપ લતાયુક્ત અને મિથ્યાત્વરૂપ ધૂલિથી મલિન બનેલા ભવ્યોના મનના મેલને ધોઇ નાંખવામાં જળ સમાન એવા શ્રી વર્ધમાન–ચરિત્રને વિષે ભરતસુત મરીચિએ પ્રથમ પ્રગટ કરેલ ત્રિદંડી–પાખંડના વર્ણનગર્ભિત તથા ભવ્ય જનોને આશ્ચર્ય પમાડનાર એવો બીજો પ્રસ્તાવ સમાપ્ત થયો.



# તૃતીય પ્રસ્તાવ.

## વિશ્વભૂતિનું ચરિત્ર ( સોળમો ભવ ).

આજ જંબૂદ્વીપમાં આવેલ **ભરતક્ષેત્રના** મુગટ સમાન, પ્રતિદિન થતા વિવિધ મહોત્સવોથી શોભાયમાન અને સમસ્ત નગરોમાં વિખ્યાત એવા **રાજગૃહ** નામના નગરમાં દાતાર જનોમાં અગ્રેસર, ગુણવંતોને વલ્લભ, પ્રજાવર્ગને માનનીય, સ્નેહી-સંબંધી જનોને પ્રાણપ્રિય, પોતાના ભુજદંડ પર જેણે લીલાથી ભૂમિભાર આરોપણ કરેલ છે અને વિશુદ્ધ બુદ્ધિના પ્રકર્ષથી ધર્મતત્ત્વનો વિચાર કરનાર એવો **વિશ્વનંદી** નામે રાજા હતો, તેને **મદનલેખા** નામે રાણી હતી અને **વિશાખનંદી** નામે કુમાર હતો, તેમજ ગાઢ પ્રેમાનુબંધ ધરાવનાર અને શરીરમાત્રથી વિભિન્ન એવો **વિશાખભૂતિ** નામે યુવરાજ હતો. તે વિશાખભૂતિને રૂપાદિ ગુણ-રત્નને ધારણ કરવામાં રોહણાચલની ભૂમિ સમાન એવી **ધારિણી** નામે પ્રિયા હતી.

હવે તે મરીચિનો જીવ બ્રહ્મલોકથકી ચવી ચાર ગતિરૂપ સંસાર-કાંતાર-જંગલમાં વારંવાર ભ્રમણ કરી, પાછળના ભવમાં કરેલ શુભ કર્મના પ્રભાવથી તે ધારિણીના ઉદરમાં પુત્રપણે આવીને ઉત્પન્ન થયો. અનુક્રમે શુભ દિવસે તે જન્મ પામ્યો. તેનું **વિશ્વભૂતિ** એવું નામ રાખવામાં આવ્યું, વખત જતાં તે તરૂણાવસ્થા પામ્યો, એટલે પિતાએ તેને કળાઓમાં કુશળ બનાવ્યો. પછી યૌવન પામતાં તેને પિતાએ, દેવાંગના સમાન વિલાસશાળી અને પ્રવર રાજકુળ -રાજવંશમાં ઉત્પન્ન થયેલ એવી બત્રીશ કન્યાઓ પરણાવી. તેમની સાથે અનેક પ્રકારે વિલાસ ભોગવતા તે કાલ નિર્ગમન કરવા લાગ્યો.

એકદા સમગ્ર ત્રૈલોકયને વિકાર બતાવનાર, વૃક્ષોને પણ લાવણ્યયુક્ત કરનાર, અને મુનિઓના ચિત્તને પણ ચમત્કાર પમાડનાર એવી **વસંતઋતુ** આવી, કે જેમાં પ્રૌઢ પ્રમદાઓના સ્થૂલ સ્તનમંડળને લીધે ગમનવેગ અટકી પડેલ છે, પ્રિયતમના વિરહથી વિધુર બનેલ તરૂણીજનના દીર્ઘ શ્વાસથી તરલિત થએલ

અને ચંદન, નીપ, કુમુદ, કમળ અને કુવલયના ગંધથી મનોહર એવો દક્ષિણ-પવન ચારે દિશામાં વાઇ રહ્યો છે, જેથી અન્ય ગંધ હસ્તીની શંકા લાવી ગંધસિંધુર-ગજરાજ ગર્જના કરી રહેલ છે, અને વળી ચંચળ ચરણે ચાલતા મનહર કનકનૂપુરનો જ્યાં ધ્વની થઇ રહેલ છે, હસ્તના મણિકંકણના ઝણ-કારથી જ્યાં મનોહર કલરવ પ્રસરી રહ્યો છે, નિતંબસુધી લટકતી કાંચળીની ઘુઘરીઓના અવાજથી જ્યાં લય ચાલી રહેલ છે એવું વારાંગનાઓનું સુંદર ગીતયુક્ત નૃત્ય ચોતરફ શોભી રહેલ છે. એવા પ્રકારની વસંતઋતુનો મહોત્સવ જોવાને વિશ્વભૂતિ કુમાર, સમસ્ત વિભૂતિપૂર્વક ખુશામતીયા નોકર, સુભટ તથા ચેટક જનોસહિત અને પોતાના અંતઃપુરની તરૂણીઓના સમુદાય સાથે પુષ્પકરંડક નામના ઉદ્યાનમાં ગયો, કે જ્યાં વૃક્ષો, અમંદ મકરંદનું પાન કરવાને પરવશ બની ભ્રમણ કરતા ભમરાઓના ગુંજારવથી જાણે ગાયન કરતાં હોય, પ્રચંડ પવનથી ઉછળતા મોટા પલ્લવરૂપ ભુજાઓથી જાણે નૃત્ય કરતાં હોય અને ફીણના પિંડ સમાન શ્વેત અને બરાબર ખીલેલાં એવા કેતકીના દીર્ઘદલ-પર્ણોથી જાણે હસતાં હોય એવા શોભી રહ્યાં હતાં. વળી જેમાં જાંબુ-વૃક્ષ, જંબીર, ખજુરી, અંજન, ઉંચી નાળીયેરી, ફણસ, અર્જુન, ખદિર, શ્રીખંડ, કર્પૂર, પૂગી, પીલુ, નિંબ, આમલી, બકુલ, વડ, પીંપળ, કદલી, નવ-માલિકા, માધવી, સાલ, શલ્લકી, સાગ, નીપ, હિંતાલ, વાંસ, તાપિચ્છ, કચ્છ, ઇત્યાદિ જળથી સુરક્ષિત થયેલાં વૃક્ષો સદાકાળ શોભતાં હતાં. તેમજ જે ઉદ્યાન કોઇ સ્થાને સહકાર-આમ્રવૃક્ષની મંજરી-માંજરથી મંડિત હતું, ક્યાંક ખીલતી લતાઓના ગંધથી વ્યાપ્ત હતું, કયાંક અશોકના નવપલ્લવથી અલંકૃત અને કયાંક કુલીન કાંતાઓના અળતાયુક્ત ચરણન્યાસથી સુશોભિત હતું, કયાંક નવ પાટલાવૃક્ષના પુષ્પસમૂહથી ઓતપ્રોત હતું, કયાંક ગુંજારવ કરતા ભમરા-ઓની શ્રેણિથી સંકુલ હતું. કયાંક નવ માલતીના પુષ્પોની શ્રેણિથી વ્યાપ્ત હતું, તેથી જાણે પોતાનો વૈભવ બતાવતાં રોમાંચિત હોય તેવું ભાસતું હતું. વળી કારંડ, હંસ, બગલા, ચક્રવાક, ભારંડ, શુક, કુરર, ચકોર, ચાતક, જળકાક, ખંજરીટ, હારીત, પંચ વર્ણના કબુતર પ્રમુખ જાણે સ્નિગ્ધ બાંધવ હોય તેમ વિવિધ પક્ષીઓ જેને સદા સેવી રહ્યા હતાં. તેમજ જ્યાં મન્મથના દુઃસહ બાણના અભિઘાતથી અંગે જર્જરિત થયેલ, કોમળ મૃણાલ અને ઉત્પલ-કમળપત્રના શીતલ સંથારાપર પડી રહીને વિરહિણી રમણીઓ કોયલડીના પ્રગટ અને રસિક ધ્વનિ સાંભળતાં મૂર્છા આવવાના ભયથી પોતાના હાથે કર્ણયુગલને બંધ કરી દિવસો ગાળતી હતી. વળી જ્યાં નવકુસુમના સમૂહથી જાણે મુગટયુકત હોય તેવા ચંપકવૃક્ષો, મદનરૂપ અગ્નિ પ્રગટાવી, પથિકસમૂહને જાણે બાળવા તૈયાર થયા હોય તેવા ભાસતા હતા, તેમજ પ્રચંડ પવનથી ઉરેલ મકરંદવડે સૂર્ય-

બિંબને આચ્છાદિત થયેલ જોઇ મધ્યાહ્નકાળે પણ ચક્રવાક પક્ષીઓ સંધ્યાની શંકા કરતા હતા. વળી જ્યાં પુષ્પસમેત વૃક્ષો, લોકોના દબાણને સહન કરી શકતા ન હતા, પણ પવિત્ર મુનિઓ ઇંદ્રિયો અને મદનને દમન કરતા હતા, તથા ભુજંગીઓ જ્યાં સારી લતાઓમાં પડી રહેવા અને વિલાસિની વનિતાઓ લેશ સુખની લીલામાં આસકત થયેલ ભાસતી હતી.

એવા પ્રકારના ઉદ્યાનમાં પ્રવર તરૂણીજનસહિત, અનિમેષ દૃષ્ટિથી વનલક્ષ્મી જોતાં, કૌતુક પામતા પરિજનો જેને માર્ગ બતાવી રહ્યા છે એવો વિશ્વભૂતિ કુમાર ઉદ્યાનના મધ્ય ભાગમાં ભમતો હતો, તેવામાં ઉદ્યાનપાલકે આવીને જણાવ્યું કે—“ હે કુમાર ! આદરપૂર્વક પ્રસન્ન થઇને તમે અવલોકન કરો જુઓ, આ તરફ સહકારશ્રેણીમાં માંજર આવવા લાગી છે, આ તરફ મલ્લિકાઓ પુષ્પિત થઇ રહી છે, આ તરફ કોમળ અશોકવૃક્ષોમાં પલ્લવો પ્રગટ થવા લાગ્યા છે, આ તરફ કુરબક વૃક્ષોમાં કળીઓ આવવા લાગી છે, આ તરફ કણેર વૃક્ષોમાં પુષ્પો આવતાં ભાસે છે, અને આ તરફ પુન્નાગ પ્રમુખ વૃક્ષોમાં નવાંકુરો આવવા લાગ્યા છે. ” એ પ્રમાણે તેણે વૃક્ષો બતાવતાં, કુમાર વનક્રીડામાં દીવસો વીતાવવા લાગ્યો. તે કોઇ કોઈ વાર રાજનીતિનાં શાસ્ત્રો સાંભળતો, કોઇ વાર ગૂઢાર્થ પદોનો વિચાર કરતો, કોઇવાર વિશિષ્ઠ કવિઓનાં રચેલાં, ભરતવિદ્યામાં વિચક્ષણ, હાવભાવમાં હસ્તાદિકની ચેષ્ટામાં ચતુર એવા નાટકીયા પુરૂષો પાસે નાટક કરાવતો, કોઇવાર ગાયક જનો પાસે બહુ આલાપતાનના પ્રકારથી મનોહર અને પંચમ સુરથી ગવાયેલ એવા વેણુ–વીણાનું સંગીત સાંભળતો હતો. એવામાં એકાંત પ્રદેશમાં રહેતાં, દૂતીનાં આવાં સોપાલંભ વચનો તેના સાંભળવામાં આવ્યાં.—

“ હે નાથ ! તે વખતે તેને સંકેત આપી, પ્રતિયુવતિ–શોકયનો સ્વીકાર કરતાં તેં યાવજ્જીવ લઘુતાનો કલંક આપ્યો. હે સુભગ ! તારા વિરહ રૂપ દુઃસહ અગ્નિને શાંત કરવા માટે તેના નિમિત્તે નવીન કમળ–નાલ લાવતાં તલાવડીઓમાં તે બધા ખલાસ થઇ ગયા, ઉદ્યાનના આમ્રવૃક્ષોમાં ઉત્પન્ન થયેલ નવ–મંજરી માંજર છેદીને પ્રતિદિવસે તેની રક્ષા નિમિતે લાવતાં મારી આંગળીઓના નખો બધા ઘસાઇ ગયા. નજીકમાં વિવિધ કલરવ કરનાર એવી મધુર કંઠવાળી કોયલને પ્રતિક્ષણે ઉડાવતાં મારી ભુજા થાકી ગઇ. ‘ આ પ્રિયતમ આવે છે, આ પ્રિયતમ આવે છે, આ તેજ હશે, માટે ક્ષણવાર ધીરજ ધર ’ એમ વારંવાર બોલતાં, હવે તો મારી જીભ પણ થાકી ગઇ છે. અત્યારે તારી પ્રિયતમાની આવી દુઃસહ અવસ્થા વર્તે છે, માટે જો તેને જીવતી વાંછતો હોય, તો હે કુમાર ! સત્વર તેની પાસે પહોંચી જા. ”

તેમજ કોઇવાર ગોત્રનો સ્ખલના થતાં કોપાયમાન થયેલ કામિનીઓને મનાવવા શાંત વચનના પ્રપંચ રચવામાં, કોઇવાર શુક, સારિકા-મેનાને બોલાવવાના વિનોદમાં, કોઇવાર શોકય કામિનીઓએ કરેલ પરસ્પર કલહનો કોલાહલ સાંભળવામાં, કોઇ વાર નાના પ્રકારના દૂર દેશોમાંથી આવેલ નવા વૃક્ષોને દોહદ પોષકદ્રવ્ય આપવામાં તથા કોઇવાર સમદ વનમયુરોનું નૃત્ય જોવામાં-એમ તે કુમાર વિવિધ ક્રીડા કરતો હતો.

એકદા કામિનીઓ સાથે દ્યૂતક્રીડા કરતાં મધ્યાન્હ કાળ થયો, તેથી અંતઃપુર સહિત કુમાર જળક્રીડા નિમિત્તે ચાલ્યો અને ઉદ્યાન-સરોવર પર ગયો. પછી ત્યાં સરસીતટપરના વૃક્ષપરથી કલરવપૂર્વક દીધેલ ઝંપાથી ઉછળતા જળસમૂહને, મોટા કલ્લોલની પ્રેરણામાં તણાતાં કુમાર ઝીલવા લાગ્યો. અવાજ કરતી મણિ-મેખલાના સમુહ યુકત, ભયથી ચંચલ લોચનવાળી અને પરસ્પર પ્રેરાયેલ તરૂણીઓ બલાત્કારથી એક બીજાને ધક્કા દઇને જળમાં નાખવા લાગી. કોપ અને જરા ભયથી હંસ પર બેઠેલ એવી પ્રૌઢ રમણીઓને, કનકની પીચકારીમાં પાણી ભરીને કુમાર, તેના પ્રહારથી સતાવવા લાગ્યો. પ્રિયતમના સ્પર્શથી વિકાસ પામતા નિતંબ ભાગમાં મેખલાના દોરા તૂટી પડવાથી પડી જતી ઘુઘરીઓને લીધે બાળાઓ તરત પલાયન કરી જતી. ઘોર ઘનાઘન-મેઘના આગમનની જેમ પાણીના પ્રવાહ-પૂર ઉછળતાં જાણે મુખ-લાવણ્યથી નિર્જિત થયાં હોય તેમ સરસીનાં કમળો બધાં બુડવા લાગ્યાં. એ પ્રમાણે વિવિધ જળક્રીડા કરી, યુવતીઓના પરિવાર સહિત કુમાર સરસી થકી બહાર નીકળ્યો અને પોતાના આવાસમાં ગયો.

એવામાં ગગનચુડામણિ સૂર્ય અસ્ત થયો. એટલે માનિનીઓના મન્યુ-કોપ સાથે કમળો મુકુલિત થયાં, મિથુનોના દિનવિરહની સાથે ચક્રવાક-યુગલો વિપ્રયુકત થયાં, પાંસુલા-કુટિલ કામિનીઓની જેમ આનંદ પામતા ઘૂવડ પક્ષીઓ આમ તેમ ભમવા લાગ્યા, મુનિજનોની જેમ પક્ષીઓ પોતપોતાના સ્થાનોમાં બેસી ગયાં, તેમજ રાક્ષસસૈન્યની જેમ ભીષણ અંધકાર પ્રસરી રહ્યો, કામદેવની જેમ સર્વત્ર સંધ્યાકાળના દીવાઓ પ્રગટ થયા. એ પ્રમાણે સંધ્યાસમય પ્રવૃત્ત થતાં પ્રદોષ-સંધ્યાકૃત્ય કરી કુમાર, તેવા પ્રકારના કુતુહળ અનેનર્મ-મશ્કરીયુકત આલાપ અને વ્યંગ વચનયુકત ગીતાદિ વિનોદમાં અલ્પ વખત ગાળીને તે સુખ-શય્યામાં સુતો. અનુક્રમે રાત્રિ વ્યતીત થતાં સૂર્યોદય થયો, એટલે કુમાર શય્યા થકી ઉઠયો અને પૂર્વ વિધિથી પ્રભાત કૃત્ય કરી, દોગુંદક દેવની જેમ વિલાસિની કાંતાઓની સાથે વિલાસ કરતો રહ્યો. એમ નિરંતર વિલાસ કરતાં તેના દિવસો પ્રસાર થવા લાગ્યા.

એક દિવસે વિશ્વનંદી મહારાજાની પટરાણીની દાસીઓ પુષ્પ, ફળાદિ લેવા માટે પુષ્પકરંડક ઉદ્યાનમાં આવી. ત્યાં અંતેઉર સહિત તેવા પ્રકારના વિલાસ કરતો વિશ્વભૂતિ કુમાર તેમના જોવામાં આવ્યો. એટલે અનેક પ્રકારે શૃંગારરસનો સ્વાદ લેતા તેને જોઇને, અત્યંત ગાઢ અમર્ષ-કોપ ઉત્પન્ન થતાં અને ઇર્ષ્યારૂપ શલ્યથી મન ભેદાઇ જતાં તેઓ તરત પાછી વળી અને કુમારનો ઉદ્યાનક્રીડાનો વ્યતિકર તેમણે પટરાણીને કહી સંભળાવ્યો. પછી ક્ષણવાર દીર્ઘ નિસાસા નાખીને પુનઃ તેઓ કહેવા લાગી કે—'હે દેવી! તારા જીવિતથી કે રાજ્ય-વિસ્તારથી પણ શું? અને વૈભવથી પણ શું? જો તારો વિશાખનંદી પુત્ર, પુષ્પકરંડક ઉદ્યાનમાં વિલાસ ન કરે તો તારૂં એ બધું વૃથા છે!' એ પ્રમાણે સાંભળતાં રમણીના અવિચારપણાને લીધે, સ્ત્રી સ્વભાભાવના દૂરદર્શીપણાના અભાવે, ટુંકી મતિના કારણે તથા પોતાના કુળને કલંક લાગવાના અભીરૂપણાથી પટરાણીને મહાકોપ ઉત્પન્ન થયો. જેથી તેણે ભોજનનો ત્યાગ કર્યો અને શરીર સત્કાર પણ તજી દીધો. પોતાના સખીવર્ગને તેણે પોતપોતાના સ્થાને વિસર્જન કર્યો અને કેટલીક દાસીઓને સાથે લઇને તેણે કોપગૃહમાં પ્રવેશ કર્યો. એવામાં રાત્રે વિશ્વનંદી રાજા આવતાં રાણીને ન જોવાથી કંચુકી પ્રમુખ પરિજનોને પૂછ્યું. એટલે એક સેવકે નિવેદન કર્યું કે—'હે દેવ! મ્લાનવદન-કમળયુક્ત રાણી કંઇક કારણને લીધે અમુક-કોપગૃહમાં ગઇ છે.' એ સાંભળતાં રાજા તરતજ ત્યાં ગયો અને ઉર્ધ્વશ્વાસ લેવાથી જાણે રોગાતુર હોય તેમ દીર્ઘ નિસાસા નાખતી અને કોપથી બળતી રાણી તેના જોવામાં આવી. પછી આપવામાં આવેલ આસન પર બેસતાં રાજા કહેવા લાગ્યો કે—'હે દેવી! તારી આવી અવસ્થા કેમ? અહીં કારણ શું છે? પરમાર્થ કહી દે. મેં કાંઇ તારા પ્રત્યે લેશ પણ અન્યાય કર્યો હોય, તો તે સ્મરણમાં નથી. તેમ મને અનુકૂળ વર્ત્તનાર કોઇ પરિજન તારૂં જરા પણ અપમાન કરી શકે તેમ નથી. વળી વિવિધ રત્નાલંકારોની કાંઇ ખામી નથી તો આ નિરર્થક કોપાડંબર કેવો?'

ત્યારે મહારાણી બોલી—'હે મહારાજ! એ બધું સત્ય છે. અહીં કોઈ પણ પ્રકારની ન્યૂનતા નથી. પરંતુ કેવળ નિરર્થક આ સકલજનમાં સાધારણપણાથી શું?' રાજા બોલ્યો—'ત્યારે અનિરર્થક અને સકલજનમાં અસાધારણપણું શું છે?' રાણીએ કહ્યું—'મહારાજ! પુષ્પકરંડક ઉદ્યાનનો પરિભોગ' રાજા બોલ્યો—'તારે તેનું શું પ્રયોજન છે?' રાણીએ જણાવ્યું—'વિશાખનંદી કુમારના વિલાસ માટે મારે તેનું પ્રયોજન છે.' રાજાએ કહ્યું—'હે દેવી! તમે કોપ ન કરો, આ અશુભ અધ્યવસાયને તજી દો, બીજનોને

સુલભ એવી ચપલતાનો પરિહાર કર, પોતાના કુલ-ક્રમને વિચાર, શું આપણા કુળમાં પુષ્પકરંડક ઉદ્યાનમાં એકની સ્થિતિ છતાં પૂર્વે અન્ય કોઇ કુમારને પ્રવેશ કરતો તેં જોયો છે? તો પૂર્વપુરૂષોની વ્યવસ્થાનો હું કેમ ભંગ કરૂં? માટે ગમે તે રીતે બીજું કાંઇ માગી લે.' ત્યારે રાણી કહેવા લાગી કે—'હે મહાશય! તમે પોતાના સ્થાને પધારો, ઉદ્યાનના લાભ વિના અન્ય પદાર્થની પ્રાર્થના શું માત્ર છે? એ કરતાં મારે રાજ્ય, રાષ્ટ્ર, ધન, સ્વજન, બાંધવ કે શરીર-પોષણથી પણ મારે કાંઇ પ્રયોજન નથી. હે નરનાથ! હું જીવતી છતાં તમારા પ્રસાદથી જો પુત્રને ત્યાં ક્રીડા કરતો ન જોઉં તો મારૂં જીવિત નિષ્ફળ છે. હે નાથ! તમારી સમક્ષ પણ આ મારો મનોરથ જો પૂર્ણ ન થાય, તો પછી અન્ય બીજું તો દૂર રહો, પરંતુ મારા ભોજન માત્રમાં પણ સંદેહ સમજવો. વળી હે દેવ! હું ધારૂં છું કે—તમે વજ્રથી ઘડાયેલા છો કે જેથી એક પુત્રને પણ પરિભવથી દુઃખાર્ત જોયા છતાં સુખે બેસી રહ્યા છો. અહો! તમને બિલકુલ અનુતાપ પણ થતો નથી.' ઇત્યાદિ સલિલ-જળ સમાન તેનાં વિવિધ વચનોથી મહાનદીના તટની જેમ સ્નેહથી નિબિડ છતાં રાજાનું મન દુઃખાતુર થઇ ગયું. પછી રાજાએ કહ્યું કે—'હે સુંદરી! તું સંતાપ ન પામ અને કર્ત્તવ્યને સંભાર. બીજું તો દૂર રહો, પરંતુ આ મારૂં જીવિત પણ તારે આધીન છે.' એમ અનેક રીતે સમજાવીને રાજા સભામંડપ-રાજસભામાં ગયો. ત્યાં મંત્રીઓને બોલાવીને તેણે એકાંતમાં રાણીના કોપનો બધો વ્યતિકર અને પોતાના કુળની વ્યવસ્થા તેમને કહી સંભળાવી. ત્યારે મંત્રીઓ બોલ્યા કે—'હે દેવ! તમે શાંત થાઓ. અમે પોતે જઇને રાણીને સમજાવીએ.' એટલે રાજાએ આજ્ઞા આપતાં તેઓ રાણી પાસે ગયા અને અનેક પ્રકારે તેમણે રાણીને સમજાવી, છતાં તે કોઇ રીતે સમજી નહિ. ત્યારે વિલક્ષણ મુખ કરીને તેઓ રાજા પાસે પાછા આવ્યા અને કહેવા લાગ્યા કે—'હે દેવ! ખરેખર રાણીનો કોપ બહુજ ગાઢ છે, જેથી તે વખતસર મરણના શરણને પણ સ્વીકારી લે. માટે ગમે તે રીતે તે મનાવવા યોગ્ય છે.' રાજા બોલ્યો—'અરે! તમે આ શું બોલો છો? શું તમે અમારા કુળની મર્યાદા જાણતા નથી? કે ઉદ્યાનમાં એક ક્રીડા કરતો હોય ત્યારે અન્ય પ્રવેશ ન કરી શકે. અત્યારે વસંતઋતુ આવતાં જ વિશ્વભૂતિ ત્યાં વિલાસ કરી રહ્યો છે.' ત્યારે મંત્રીઓ બોલ્યા—'હે દેવ! તે અમો જાણીએ છીએ, છતાં સ્ત્રીજાતિનો મહાગ્રહ-દુરાગ્રહ દુર્નિગ્રહ-દુઃખે નિગ્રહ કરવા યોગ્ય છે.' એટલે રાજાએ ખેદ સાથે જણાવ્યું કે—'એક બાજુ કુલક્રમાગત મર્યાદાનો લોપ થાય છે અને બીજી બાજુ પ્રિયતમા મરણ પામે છે. અહો! અત્યારે તો મહાસંકટ આવી પડયું છે. આ આપત્તિકાળે વિધિના યોગે દૃઢ સ્નેહધારી સ્વજન, સંબંધીઓના મન અવશ્ય તુટી જશે. વળી સ્ત્રીને આધીન

થયેલ રાજા યોગ્યાયોગ્યનો કાંઇ વિચાર કરતો નથી, જેથી આ અપયશ અસ્ખલિત રીતે દિશાઓમાં પ્રચાર પામીને ચિરકાળ ભમશે-જામશે; માટે હે મંત્રિઓ ! તમે હવે કોઇ વિશુદ્ધ ઉપાય શોધી કહાડો કે જેથી રાણી જીવતી રહે અને સ્વકુળની વ્યવસ્થા સચવાય.' એ પ્રમાણે સાંભળતાં 'જેવી દેવની આજ્ઞા' એમ કહીને મંત્રીઓ એકાંતમાં બેસી પોતાની નિપુણ બુદ્ધિથી કાર્યતત્ત્વનો બરાબર નિશ્ચય કરી, તેમણે રાજાને નિવેદન કર્યું કે—'હે દેવ ! અત્યારે સમયોચિત કરવા યોગ્ય એજ છે કે 'નજીકનો રાજા ઉચ્છૃંખલ થઇને દેશને ઉપદ્રવ પમાડે છે' એવા અર્થવાળા લેખો લેખહારક પુરૂષો લાવે અને તે તમને અર્પણ કરે. તે લેખો વાંચ્યા-વિચાર્યા પછી તમે પ્રયાણ કરવાની આજ્ઞા આપો. તેમ કરવાથી સામંતવર્ગ ક્ષોભ પામશે અને એ વ્યતિકર જાણવામાં આવતાં કુમાર વિશ્વભૂતિ પણ પુષ્પકરંડક ઉદ્યાન મૂકીને આવતો રહેશે. એ બન્ને રીતે અનુકૂળ થઇ પડશે.' એમ સાંભળતાં રાજાએ એ વાત સ્વીકારી એટલે મંત્રીઓ ઉઠયા અને એકાંતમાં બેઠેલ રાણીને એ વ્યતિકર તેમણે સંભળાવ્યો. જેથી હર્ષ પામતા તેણે ભોજન કર્યું અને કોપાડંબર મૂકી દીધો.

પછી બીજે દિવસે લખેલા કપટલેખ હાથમાં લઇ, પોતાની જંઘાઓ ધૂલિયુક્ત કરી અને ગાઢ પરિશ્રમથી કલાંત-થાકેલા નવા પુરૂષો, મંત્રીઓએ તૈયાર કર્યા અને તેમને રાજા પાસે લઈ ગયા. એટલે તેમણે લેખો રાજા આગળ મૂકયા, જે રાજાએ પોતે વાંચી જોયા અને તેનો અર્થ સમજી લીધો. ત્યારબાદ કપટકોપના આડંબરપૂર્વક તેણે પોતાના પુરૂષોને જણાવ્યું કે—'અરે ! સેવકજનો ! સંગ્રામમાં સજ્જ થવાની ભેરી વગાડો, હાથીઓને સજ્જ કરીને નગરની દૂર મોકલો, દિવ્ય આયુધો ધારણ કરો, જયહસ્તી મને સુપ્રત કરો કે જેથી હું પ્રયાણ કરૂં.' એમ રાજાએ આજ્ઞા કરતાં સેવક પુરૂષોએ બધું તે પ્રમાણે કર્યું. એવામાં ભેરીનો શબ્દ સાંભળતાં સામંતો બધા ક્ષોભ પામ્યા, મદઝરતા કુંજરોને સજ્જ કરવામાં આવ્યા, સુભટો બધા તૈયાર થઇ ગયા, અશ્વો ચોતરફ દોડાદોડી કરી રહ્યા, અને સેનાપતિઓ બધા એકઠા થયા. વધારે શું કહેવું ? બધું ભૂમંડળ આકુળવ્યાકુળ થવા લાગ્યું એટલે રાજાએ પ્રયાણ કર્યું. એવામાં રાજાને પ્રયાણ કરતો જાણીને પરમાર્થ સમજ્યા વિના વિશ્વભૂતિકુમાર પુષ્પકરંડક ઉદ્યાનમાંથી બહાર નીકળ્યો; અને રાજા પાસે આવી, તેના પગે પડીને તેણે હકીકત પૂછી. ત્યારે રાજા કહેવા લાગ્યો કે—“ હે વત્સ ! પાસેના સીમાડાપર **પુરૂષસિંહ** નામે મંડલાધિપ—માંડલિક રાજા છે, તે પૂર્વે સ્નેહભાવ તથા આજ્ઞા પ્રમાણે રહેવાનું કબૂલ કરીને, અત્યારે તીવ્ર વિકાર બતાવી, સીમાડાના ગ્રામ્યજનોને સતાવે છે અને આપણા મંડલનું અતિક્રમણ કરે છે; જેથી હે પુત્ર ! એ મારે એક મોટો પરિભવ છે

અને વળી પોતાના તાત કે પિતામહ પ્રમુખ પૂર્વજોએ ઉપાર્જિત કરેલ પૃથ્વીને પરાધીન થતી જોઇને અત્યારે નિરર્થક કલંકિત જીવિતને કેમ ધારણ કરીએ? આજે કેટલાક સ્વવંશીય પુરૂષો પ્રચંડ ભુજદંડથી શત્રુઓને પરાજિત કરી પરની પૃથ્વી છીનવી લે છે, અને અમે પોતાની ભૂમિનું પણ રક્ષણ કરી શકતા નથી. ભગ્નોત્સાહ, શત્રુવર્ગને આનંદ પમાડનાર, ચિત્તના અવષ્ટંભ તથા મિત્રવર્ગ રહિત એવા પુત્રને સ્ત્રીઓ શા માટે જન્મ આપતી હશે? માટે હે પુત્ર! અત્યારે મારે હવે અપયશરૂપ પંકને ધોવામાં જળ સમાન, અને જરાથી વિધુર અંગવાળાને રસાયનરૂપ એવું રણાંગણનું શરણ લેવું ઉચિત છે."

એ પ્રમાણે રાજાએ કહેતાં કોપથી ઓષ્ઠપુટને દબાવીને કુમાર ઉઠ્યો અને રાજાના પગે પડીને વિનંતી કરવા લાગ્યો કે—"હે તાત! આ કોપનો આ વેગ તજી દ્યો. તે દુરાચારી શું માત્ર છે? પોતાની લીલામાત્રથી મત્તમાતંગોના કુંભસ્થળોને દળી નાખનાર એવો કેસરીસિંહ કાંઇ શીયાળ સામે ગમન ન જ કરે. પોતાના કુળપર્વતોના ઉંચા શિખરોને દળવામાં સમર્થ એવું ઇંદ્રનું વજ્ર કાંઇ એરંડાપર પડે? પૂર્ણચંદ્ર તથા સૂર્યને ગળી જવામાં અભિલાષી એવા ગ્રહો કાંઇ તારાસમૂહને ગળવાને ઇચ્છે? માટે હે તાત! તમે પ્રસન્ન થઇને એ સાહસથી વિરામ પામો અને મને આદેશ આપો કે જેથી આપના પ્રસાદથી, ખોટી રીતે બળ બતાવનાર એવા તેના ભુજદંડની ખરજ–ખુજલીને દૂર કરૂં. વળી અમારા જેવા વિદ્યમાન છતાં તાતને આવા સાહસમાં ઉતરવું યોગ્ય નથી. ખરીરીતે તો તમારો પ્રતાપ જ કાર્યોને સાધે છે. કારણકે પૂર્વાચલના શિખરપર સૂર્યનો ઉદય થતાં સર્વત્ર પ્રસરેલ અંધકારને કિરણો પણ પરાસ્ત કરી મૂકે છે. ગંભીર અને ઉંડા ઘોષયુક્ત રત્નાકર–સમુદ્રની વેળજ પાતાલ–કળશાના મુખ આગળ મહા પ્રવાહરૂપે ગમનાગમન કરે છે. ઉત્કટ દંડ—નાલપર વિલાસ કરતા શ્રેષ્ઠ પત્ર, કોશ અને કેસરાયુક્ત હિમાલયના કમળોને પવનથી ઉછળેલ તુષાર-હિમકણો હણી નાખે છે."

એ પ્રમાણે કુમારે ગાઢ આગ્રહપૂર્વક કહેતાં, રાજાએ તેને આજ્ઞા આપી. એટલે પ્રણામપૂર્વક તે સ્વીકારીને કુમારે પ્રયાણ કરવાનો હુકમ કર્યો અને ચતુરંગ સેના ચાલતી થઇ, કે જેમાં ગંડસ્થળપરથી ઝરતા, ઉગ્રમદજળથી દિશાઓને અંધકારયુક્ત બનાવતા, ચંચળ કર્ણતાલથી મદગંધની વક્ર રેખાઓને પાડતા, અતિઘોર ઘોષની ગર્જનાથી ક્ષીરસાગરના મંથનની શંકા પમાડનાર તથા ઉજ્વળ તારારૂપ અથવા તારા સમાન આભરણયુક્ત ગગનાંગણ સમાન ભાસતા, કદલીના વન જેવી શોભા આપતા, ગેરૂના રંગથી જેમના વિકટ કુંભસ્થળો લિપ્ત છે અને જંગમ કુલપર્વતો સમાન ઉંચા એવા હાથીઓએ સત્વર પ્રયાણ કર્યું. તેમજ પવન સમાન વેગશાળી, કઠણ ખુરના અગ્રભાગથી જમીનને

ખોદતા અને ફીણ કહાડવાના મિષે જાણે કુમારના યશને વિસ્તારતા હોય એવા અશ્વો ચાલવા લાગ્યા. તથા હાથમાં કુંત, ધનુષ્ય, તિક્ષ્ણ ભાલા, બરછી તથા તરવારને ધારણ કરતા, બખ્તર બાંધીને સજ્જ થયેલા, પ્રચંડ ભુજદંડના બલ-યુક્ત, પોતાના શૌર્યના વેગથી રિપુસૈન્યને જીર્ણતૃણ સમાન ગણતા, પોતાંના સ્વામીના પ્રસાદથી પરાધીન હૃદયવાળા અને જીવિતની પણ દરકાર ન કરનારા, પ્રતિક્ષણે હુક્કારનો પોકાર મૂકવાથી ખેંચાણને લીધે જેમના કવચ તુટી પડ્યા છે, પોતાની દયિતાને ઘર ભણી પાછી વાળતા અને દર્પથી ઉદ્ભટ એવા સુભટો પણ ચાલ્યા. વળી અનેક પ્રકારના આયુધોથી ભરેલા, ઘણઘણાટના અવા-જથી રૌદ્ર તથા પવનથી ઉડતા ધ્વજ-પટના આડંબરયુક્ત એવા રથો ચોતરફ ચાલવા લાગ્યા. એ પ્રમાણે રાજાના વચનથી વધતા આનંદસહિત ચતુરંગ સૈન્ય, મુનિદાનથી ઉત્પન્ન થયેલા પુણ્યની જેમ કુમારની પાસે ઉપસ્થિત થયું.

પછી પર્વતોના શિખરોપર બાંધેલ ભીલોની મોટી પલ્લીઓને ભાંગતો, લોકોને સતાવવામાં તત્પર એવા લુંટારાઓની નિર્ભર્ત્સના કરતો, નગર, ગામ, પર્વત, આરામથી રમણીય એવા મહીમંડળનું અવલોકન કરતો, માર્ગમાં સામં-તોએ આપેલ વિવિધ અલંકાર, હાથી, અશ્વ પ્રમુખને સ્વીકારતો એવો વિશ્વ-ભૂતિકુમાર વિંધ્યાચલની સમીપે પહોંચ્યો. ત્યાં સેનાને એક ઠેકાણે સ્થાપન કરી અને પોતે વિચક્ષણ પ્રધાનપુરૂષોને લઇને કૌતુકથી વિંધ્યગિરિ જોવાને ચાલ્યો. જતાં જતાં માર્ગમાં યથેચ્છ ચરતા અને રેવાનદીના કાંઠે ઉગેલી મોટી દ્રાક્ષ-લતાઓનું ભક્ષણ કરતા એવા ઉન્નત-મત્ત-કુંજરો તેના જોવામાં આવ્યા. વળી પ્રેમપૂર્ણ યુવતિઓ સહિત કિન્નરોએ ઉચ્ચારેલ અને હસ્ત-તાલના કલર-વયુક્ત પંચમ ઉદ્ગારને સાંભળતો, નિઝરણાના ઝંકાર સાંભળતાં ઘન-મેઘના ઘોષની મનમાં શંકા લાવી, શિખ્યા વિના પંડિત બનેલા એવા મયૂરોના તાંડવ-નૃત્યને અવલોકતો, અને આગળ ચાલતાં, પવનના ગુંજારવથી જાણે ગાયન કરી રહેલ હોય, અત્યંત ઉછળતા તણખારૂપ ઉદ્ગારોથી જાણે હસતો હોય, પવનથી વિસ્તાર પામેલ મોટી જ્વાળાઓથી જાણે નૃત્ય કરતો હોય, અને ગગનાંગણ સુધી પહોંચેલ ધૂમના પડલથી જાણે કેશપાશને છૂટો કર્યો હોય એવો દારૂણ દાવાનળ તેણે જોયો, તેને ઓળંગીને આગળ જતાં પ્રધાનપુરૂષની જેમ ઉન્નતાકાર અને સુવંશ-પક્ષે સારા વાંસયુકત, રાજાની જેમ શ્રેષ્ઠ રત્ન-ભંડાર-પક્ષે સારી રચનાયુક્ત તથા લોકો જેના ચરણને અનુસરી રહ્યા છે, પક્ષે જેના કટક-ટેકરાની છાયામાં લોકો આરામ લઇ રહ્યા છે, કાપુરૂષ-કાયરની જેમ દુષ્ટ સત્ત્વ, પક્ષે દુષ્ટ પશુઓથી અધિષ્ઠિત તથા નિષ્ઠુર સ્વરૂપયુકત, મહિલાના હૃદયની જેમ દુલંઘનીય તથા પયોધર-સ્તન કે તળાવોથી શોભિત એવા વિંધ્યાચલ પર કુમાર આરૂઢ થયો. પછી લાંબો વખત જંગલ, નિઝરણા, ગુફાઓ, દુરારોહ શિખરો, કદલીઓનાં લીલાગૃહો, દેવોને ઉપભોગથી

ઉત્કટ ગંધયુક્ત શિલાઓ તથા વિવિધ પ્રકારના મનોહર પ્રદેશોમાં વિચરતાં પરિશ્રાંત થયેલ કુમાર એક માધવી-લતાગૃહમાં બેઠો. એવામાં એક ચારણ બોલ્યો કે ' હે કુમાર! તમે પણ વિંધ્યગિરિ સમાન છો, કારણ કે વિંધ્ય-પર્વત સાર-કાઠિન્યયુક્ત છે અને તમે સદા બળયુક્ત છો, પર્વત નર્મદાનદી-યુક્ત છે અને તમે નર્મભાષી સેવકો સહિત છો, પર્વત સારંગ-હરણોયુક્ત છે અને તમે બાણસહિત છો, પર્વત હસ્તી અને કલભ-નાના હાથીઓના ઉદયવાળો છે, અને તમે કુલના કલહરહિત તથા દયાયુક્ત છો, પર્વત ક્ષમા -પૃથ્વીના ભારને ધારણ કરનાર છે અને તમે ક્ષમાયુક્ત છો, પર્વત દેવતાઓને પ્રિય છે, અને તમે પંડિતોને પ્રિય છો, પર્વત મદન-એક જાતના વૃક્ષોથી શોભે છે અને તમે મદન-મન્મથ જેવા રૂપવાન છો, એમ તમે પણ વિંધ્યા-ચલથી ઉતરતા નથી. હે કુમાર! કહો, એમાં શું કહી બતાવ્યું ? ' એ પ્રમાણે સાંભળતા કુમાર ઘણો સંતુષ્ટ થયો અને બોલ્યો કે—' અહો! એણે ગિરિ-રાજનું બહુ જ સારૂં વર્ણન કર્યું, માટે એને એક લક્ષ-લાખ સોનામહોરો આપો. ' એટલે ' જેવી દેવની આજ્ઞા ' એમ કહીને ભંડારીએ તે પ્રમાણે હુકમ બજાવ્યો. ક્ષણાંતર પછી કુમાર પોતાના આવાસમાં આવ્યો અને પ્રયાણ કરતાં અનુક્રમે તે પ્રત્યાસન્ન-પાસેના દેશમાં પહોંચ્યો. ત્યાં અવલોકન કરતાં પોતાના દેશના લોકોને પ્રમોદપૂર્વક વિલાસ કરતાં, ગાયો, ભેંશો, ઉંટો, રાસભ-ગધેડા પ્રમુખ પશુઓ તથા ધન, ધાન્યથી સમૃદ્ધ તેમજ ગામ, નગર વિગેરે સુખી જોયા. જેથી મનમાં વિસ્મય પામી તેણે દેશના પ્રધાન પુરૂષો અને શ્રેષ્ઠીઓને બોલાવ્યા અને તંબોલ આપી બહુમાન સાથે તેમને લોક-પ્રજાજનોના સુખ-દુઃખની વાત પૂછી. એટલે તેમણે નિવેદન કર્યું—" હે દેવ! તમારા ભુજરૂપ પંજર-પાંજરામાં રહેતાં અમને કયો ચાલાક પુરૂષ મનથી પણ અસ્વસ્થ-દુઃખી કરવાની ઇચ્છા કરે? કારણ કે પોતાના જીવિતની દરકાર કરનાર કયો સુજ્ઞ, સિંહના કેસરા તોડવાને ઇચ્છે? અથવા નાગરાજની ફણાપર રહેલ મણિને ગ્રહણ કરવા કોણ પોતાનો હાથ લંબાવે? છતાં કેવળ એટલું-માત્ર દુઃખ છે કે-અહીં શુદ્ધ આદર આપતી અને નેત્રરૂપ ધનુષ્યથી છોડેલા કટાક્ષરૂપ બાણોથી, પણાંગનાઓ હતાશ બની માર્ગમાં અવલોકન કરતી તે ચારે દિશામાં પ્રયાણ કરતા પથિકોના હૃદયને પ્રતિદિન હરી લે છે-ઘાયલ કરે છે. વળી વિષય-દોષરૂપ દુઃખના સંચયનો ઉપદેશ આપવામાં પરાયણ અને પ્રતિદિન ધર્મમાર્ગ બતાવતા એવા મુનિજનો વિદ્યમાન છતાં ભવ-ભયની શંકા કરતા અમે ગૃહસ્થો ભોગોપભોગની જે વાંછા કરીએ છીએ, તેથી કર્ત્તવ્યને પામી શકતા નથી. "

એ પ્રમાણે સાંભળતાં સ્હેજ કપોલને વિકસાવતાં, જરા હસીને તેમના

વચન–વિન્યાસની પ્રશંસા કરતાં, તાંબૂલ અપાવીને કુમારે તે શ્રેષ્ઠીઓ તથા પ્રધાન પુરૂષોને વિસર્જન કર્યા. પછી દૂતના વચનથી પુરૂષસિંહને કહેવરાવ્યું કે–'કુમાર! તારા દર્શનનિમિત્તે બહુ ઉત્સુક થઈને બેઠો છે.' એમ સાંભળતાં પુરૂષસિંહે કુમારને બોલાવવા માટે પોતાના પ્રધાનપુરૂષો મોકલ્યા, એટલે તેના અનુરોધ-આગ્રહથી કુમાર આવ્યો. પુરૂષસિંહે તેને પરમવિભૂતિપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો અને આદરપૂર્વક ભોજન કરાવ્યું. પછી તેણે હાથી, ઘોડા અને રથો તેમજ બીજું પણ ઘણું ધન ભેટ આપ્યું, અને લલાટપર અંજલિ જોડીને વિનંતી કરી કે–'હે કુમાર! તમે પોતાના ચરણ–કમળોથી મારૂં ભવન જે પવિત્ર કર્યું, તેથી મારા પર મોટી કૃપા કરી. માટે હવે થોડા દીવસો અહીં જ ગુજારો. કારણ કે ફરી તમારૂં દર્શન દુર્લભ છે.' એમ તેણે કહેતાં કુમાર બોલ્યો કે–'હે નરેંદ્ર! તમારો પ્રેમાનુબંધ અપૂર્વ છે, તમારો પ્રિયાલાપ અસાધારણ વિનયસહિત છે, આદર–સત્કાર તો એક આશ્ચર્યરૂપ જ છે, અને તમારી સજ્જનતા મનથી પણ અચિંતનીય છે, તો આવા તમારા ગુણગણથી એક ક્ષણમાં મારૂં મન તમે અત્યંત આકર્ષી લીધું છે. હવે જો હું થોડા દીવસ પણ તારી સાથે રહું, તો મારા મનની પરાધીનતાને પહોંચી ન શકું. વળી આ પણ સત્ય કહ્યું છે કે—

" अत एव हि नेच्छान्ति, साधवः सत्समागमम् ।
यद्वियोगासिलूनस्य, मनसो नास्ति भैषजम् ॥ १ ॥

અર્થ:—સાધુઓ એટલા માટે જ સત્સમાગમને ઇચ્છતા નથી, કારણ કે તેના વિયોગરૂપ અસિ–તરવારથી ઘાયલ થયેલ અંતર–મનનું ઔષધ નથી.

માટે મને જવાની અનુજ્ઞા આપો." એમ કહેતાં તેના દુઃસહવિયોગના શોકથી અશ્રુને ધારણ કરતા, કુમારની પાછળ, હાથી ઘોડા અને રથની સામગ્રીથી ચાલતાં, પુરૂષસિંહ લાંબા માર્ગથી પાછો વળ્યો. કુમાર પણ અખંડ પ્રયાણથી રાજગૃહ નગર તરફ ચાલવા લાગ્યો.

અહીં વિશ્વનંદી રાજાએ પોતાના વિશાખનંદી કુમારને કહ્યું કે–'હે વત્સ! ઈંદ્રની પણ શંકા લાવ્યા વિના આ ઉદ્યાનમાં મૃગાક્ષી–રમણીઓના મધ્યમાં રહીને વનલક્ષ્મીનું અવલોકન કર.' એમ સાંભળતાં સમસ્ત અન્ય-પ્રવૃત્તિને મૂકી, વધતા આનંદ સાથે રમણીઓસહિત વિશાખનંદીકુમાર ઉદ્યાનમાં રહીને વિચિત્ર ક્રીડાઓથી વિલાસ કરવા લાગ્યો.

એવામાં નિરંતર પ્રયાણ કરતાં તે વિશ્વભૂતિકુમાર રાજગૃહ નગરમાં આવી પહોંચ્યો. તેણે સામંત, સેનાપતિપ્રમુખને પોતપોતાના સ્થાને મોકલી

દીધા અને ગાઢ અનુરાગને લીધે લાંબા વખતથી જોવાને ઉત્કંઠિત થયેલ કુમાર પ્રથમની રીતે પુષ્પકરંડક ઉદ્યાનમાં પ્રવેશ કરવા લાગ્યો. તેવામાં દ્વારપર રહેલ પ્રતિહારે કહ્યું કે—' હે કુમાર ! તમારે અહીં પ્રવેશ કરવો ઉચિત નથી. કારણ કે વિશાખનંદી અહીં અંતેઉર સહિત આવીને વિલાસ કરે છે. ' ત્યારે વિશ્વભૂતિકુમાર બોલ્યો કે—' હે ભદ્ર ! તે કયારે આવીને પેઠો છે ? ' તેણે કહ્યું કે—' તમે ગયા પછી તરતજ તે આવેલ છે. ' એમ સાંભળતાં ભારે કોપથી લોચન રક્ત કરી, લલાટ તટપર ભ્રકૂટી ચડાવતાં, મુખમાં ભયંકર ભાસતો અને તત્કાલ ઉત્પન્ન થતા પસીનાના બિંદુથી વ્યાપ્ત એવો કુમાર આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે—' પાસેના કોપાયમાન રાજાના વૈરના બાને રાજાએ પૂર્વે પોતાની બુદ્ધિથી ખરેખર ! મને આ ઉદ્યાનમાંથી કહાડી મૂકયો. કારણ કે તે દેશ તો ગામ, નગર અને ગોષ્ઠ–પશુસ્થાનથી સ્વસ્થ, ધન, ધાન્યથી સમૃદ્ધ અને પરચક્ર, ચોર અને બીજા ઉપદ્રવના ભયરહિત છે, એમ હું સાક્ષાત્ જોઇ આવ્યો. તેથી પોતાના પુત્રને આ ઉદ્યાનમાં વિલાસ કરવા નિમિત્તે, અપયશના પરિહાર માટે, આ બધી ખરેખર કપટ–રચના જ કરવામાં આવી છે. જેથી રાજાએ નિશ્ચય આ બહુ અયુક્ત જ કર્યું છે. કારણ કે વિશ્વાસ પામેલા જનપ્રત્યે માયા કરવી, તે ઘટિત નથી. ' એમ ક્ષણવાર વીતાવી ભારે કોપનો વેગ ઉત્પન્ન થતાં તેણે વિશાખનંદીના પુરૂષોની તર્જના કરતાં જણાવ્યું કે—' અરે ! દુરાચારીઓ ! મેં ત્યાગ ન કર્યા છતાં તમે ઉદ્યાનમાં શા માટે પેઠા ? તમારી તાકાત શી છે ? અથવા પરાક્રમ જાણ્યા વિના તમે અહીં સ્વચ્છંદપણે શા માટે રમો છો ? મારા હાથે પરાભવ પામતાં તમારૂં રક્ષણ કોણ કરશે ? ' એમ બોલતાં દુઃસહ અભિમાનની પરવશતાથી પોતાનું બળ દેખાડવા નિમિત્તે મજબૂત મુષ્ટિપ્રહારથી, ફળોના ભારે લચી રહેલા શાખાવાળા અને મોટો એક **કપિત્થ** વૃક્ષને તાડન કર્યું. તે અભિઘાતથી જાણે કુલપર્વતથી તાડિત થયેલ હોય તેમ મહીપૃષ્ઠ થરથરી રહ્યું અને નિબિડબંધનો તુટતાં તેનાં બધાં ફળો નીચે પડી ગયાં. તે વિશાખનંદીના પુરૂષોને ગર્વસહિત બતાવતાં કુમારે કહ્યું કે—' અરે ! પુરૂષાધમો ! જેમ આ ફળો પાડ્યાં, તેમ તમારાં શિર પાડી નાખીશ અને તમારા દુર્વિનયને પરાસ્ત કરીશ, તેમજ ઉદ્યાનમાં રમવાના તમારા કુતુહળનો નાશ કરીશ, પરંતુ એક તાતની લજ્જા નડે છે, પોતાના કુળના કલંકથી ભય લાગે છે તથા લોકાપવાદને ટાળવાનો કાંઇ ઉપાય નથી. ' એમ કહી તીવ્ર કોપનો વેગ શાંત થતાં, સંવેગનો રંગ પામતાં, વિશ્વભૂતિ વિચારવા લાગ્યો કે—

" વિષયને પરવશ થયેલા લોકો શું શું પરાભવ પામતા નથી ? અથવા કયા દુષ્કર વ્યવસાયમાં પણ પ્રવર્ત્તતા નથી ? તેમ દંભોલી–ઇંદ્રના વજ્ર સમાન, આપદાઓના આવર્ત્તથી વ્યાપ્ત એવાં તીક્ષ્ણ દુઃખો અણધાર્યાં કોના શિરે પડતાં

નથી ? વિબુધજનોએ નિંદિત છતાં અને મર્યાદારહિત છતાં એવો કયો તુચ્છ માણસ પણ વિષયાસક્ત જનોનો દુર્વિનય ન કરે ? અર્થાત્ તેવો હલકટ જન પણ તેમનો અનાદર કર્યા વિના ન રહે. વળી મૃગાક્ષી–કામિનીઓ, એ વિષયોના નિશ્ચય નિર્વિઘ્ન કારણરૂપ છે. પાપી વિધાતાએ એ અંગનાઓને શા માટે ઉત્પન્ન કરી હશે ? મનુષ્ય જો યુવતિજનથી વિમુખ હોય, તો દુર્ગતિનાં દુઃખો તે સ્વપ્નમાં પણ કદિ જોઇ ન શકે. હસ્તીઓના પાશ સમાન, હરિણોને વિષમ-બંધનરૂપ વાગુરા–જાળ સમાન, પક્ષીઓને પંજરતુલ્ય, પતંગોને દીપકની શિખા-તુલ્ય તથા મત્સ્યોને જાળ સમાન એવું આ મહિલારૂપ મોટું યંત્ર, સ્વેચ્છાએ સુખ ભોગવતા લોકો માટે અહા ! વિધાતાએ બનાવેલ છે અને વળી જેમના મનમાં હરિણાક્ષીનો વાસ નથી, તેમને નવમાલતીના પરિમલથી પુષ્ટ, નવકુસુમનો સુરભિગંધ પણ શું કરી શકે તેમ છે ? સકલ લોકોને સતાવનાર તથા મન્મથને અત્યંત જગાડનાર એવો મલયાનિલ–મલયાચલનો પવન પણ યુવતિ-વિરક્તજનને કદિ ચલાયમાન ન જ કરી શકે. તેમજ શરદ્ ઋતુના ચંદ્રકિરણોથી ઉજ્વળ એવી કૌમુદીચાંદની પંચબાણ–કામના બળને દળવામાં ધીર એવા પુરૂષોને લેશ પણ વિકાર ઉપજાવી શકે નહિ. યૌવનરૂપ તિમિરથી વિવેક–લોચન આચ્છાદિત થતાં અહા ! હું દુષ્ટમતિ આટલો કાલ પૂર્વે, નિરર્થક ગૃહાવાસમાં શું કરવા રહ્યો ? અથવા તો ગઇ વસ્તુનો મારે નિરર્થક શોક શો કરવો ? હજી પણ કાંઈ બગડયું નથી, માટે હું ધર્મ–કર્મમાં તત્પર થાઉં.”

એ પ્રમાણે અંતરમાં મહાસંવેગ પ્રગટ થતાં, સર્વથા વિષયવિરાગ વધતાં અને સંસારની અસારતાનો નિશ્ચય થતાં તે વિશ્વભૂતિકુમાર સંભૂતિસૂરિની પાસે ગયો, કે જે અતિપ્રશસ્ત ગુણ–રત્નોના સાગર, તેજસમૂહથી દિવાકરતુલ્ય, સૌમ્ય–ગુણથી સંપૂર્ણ ચંદ્રમા સમાન, વિશુદ્ધ-સુખની વલ્લિ–વેલડીના કંદતુલ્ય, મેરૂપર્વતના શિખર સમાન નિશ્ચલ, સંઘના કાર્યો કરવાને સમર્થ, દેવો અને નરેંદ્રો જેની આજ્ઞા ઉઠાવી રહ્યા છે, દુષ્ટ કામરૂપ તમ–પડલનો નાશ કરનાર, તપરૂપ અગ્નિથી પાપને દગ્ધ કરનાર વિશુદ્ધ ભાવનાયુક્ત, સદા ત્રિગુપ્તિએ ગુપ્ત, પ્રશસ્ત લેશ્યાસહિત, પ્રચંડ ત્રિદંડથી વર્જિત, જિનેંદ્રના માર્ગમાં ઉત્કંઠિત, ક્રોધ, માન, માયા અને મોહને પરાસ્ત કરનાર, ભવ્યજનોને બોધ આપનાર, કુતીર્થિઓના દર્પને દળનાર, અપૂર્વ કલ્પવૃક્ષ સમાન, શત્રુપક્ષ જેમનો નષ્ટ થયો છે એવા મુનિવરોથી વંદિત, સમસ્ત લોકોને આનંદ પમાડનાર, અનેક સંશયોને છેદનાર અને સર્વ દોષથી મુકત એવા ગુરૂ મહારાજને જોતાં, જાણે સમસ્ત તીર્થોના દર્શનથી પવિત્ર થયેલ હોય તેવા પોતાના આત્માને માનતો કુમાર સર્વ આદરપૂર્વક ચરણ-કમળને વંદન કરીને તે પાસેના ભૂમિભાગ પર બેઠો.

એટલે ગુરૂએ પણ કૃષ્ણે વગાડેલ શંખના ધ્વનિસમાન ગંભીર ઘોષથી ધર્મ-દેશના આ પ્રમાણે શરૂ કરી.—

“ સંસારરૂપ વિશાળ રંગભુમિમાં એવો કોઇ પ્રદેશ નથી, કે જ્યાં જીવો નર્ત્તક–એકટરની જેમ વિવિધરૂપ ધારણા કરીને નાચ્યા ન હોય. ચાર ગતિરૂપ જળ–પડલથી વ્યાપ્ત એવા ભવાણુવમાં કયાં પણ દુઃખાકુલ થઇને મજ્જન-ઉન્મજ્જન કરતાં કાચબાઓની જેમ લાંબો વખત નીકળી જતાં પણ પ્રાણીઓ આર્યક્ષેત્રની ઉત્પત્તિને પામતા નથી; તે પણ કદાચ કર્મના ક્ષયોપશમથી કયાં પામ્યા છતાં વિવિધ યોનિઓમાં ભ્રમણ કરતાં અને પાપથી પ્રતિઘાત પામેલા જીવો, ધર્મ, અર્થ અને કામ સાધવામાં એકાંતિક કારણરૂપ એવા મનુષ્યત્વને પામી શકતા નથી, તે પામ્યા છતાં જરા, શ્વાસ, કાસ–ખાંસી, કંડૂ–ખસ પ્રમુખ દુઃખોથી પરાભવ પામતાં તેઓ ધર્મ–કર્મનો ઉદ્યમ પણ કરી શકતા નથી; કદાચ આરોગ્ય પ્રાપ્ત થતાં પણ રૌદ્ર દારિદ્રયથી દુઃખિત થતાં પોતાનું કેવળ ઉદર ભરવામાં વ્યાકુળ થઇને તેઓ પોતાના જીવિતને વીતાવે છે, તેમ છતાં કદાચ ઐશ્વર્ય પામતાં પણ બહુ દ્રવ્ય વધારવાને વિવિધ વ્યાપારો વધારી, લોભને લીધે તેઓ અવસરે ભોજન કરવાને પણ અસમર્થ બને છે, કદાચ સંતોષવૃત્તિ પ્રાપ્ત થતાં પણ મિથ્યાત્વ–પંકના પ્રસરવાથી મતિ મલિન બનતાં સર્વજ્ઞ–મતને સાંભળે છે, પરંતુ તેઓ પ્રતિબોધ .પામતા નથી. વળી સર્વજ્ઞ–ધર્મનો બોધ થતાં પણ કર્મપરિણુતિના વશે સમસ્ત ગુણોના આવાસરૂપ એવા ગુરૂ કદાપિ સાંપડતા નથી, કદાચ સમસ્ત વસ્તુ–વિસ્તારને પ્રગટ રીતે જણાવવામાં દીપક સમાન એવા ગુરૂ પ્રાપ્ત થયા છતાં મોક્ષ–નગરને માટે એક પરમ-પદવી સમાન એવી વિરતિની મતિ જાગ્રત થતી નથી, કદાચ વિરતિના પરિણામ આવતાં પણ ઘણાં જ તીવ્ર દુઃખોના એક અસાધારણ કારણરૂપ એવું પાપ ઉદય આવતાં વનહસ્તીની જેમ પ્રમાદ તજવો મુશ્કેલ થઇ પડે છે. એમ ઉત્તરોત્તર મહાપ્રબંધના હેતુવડે સાધનીય એવા મોક્ષસુખમાં તો કોઇ ધન્ય પુરૂષોનું મન જ વિકસિત થાય છે. બીજાઓને તો એવા પ્રકારની સમગ્ર સામગ્રી પ્રાપ્ત થયા છતાં પ્રાંતે વિરસ એવાં સાંસારિક સુખોમાં મતિ મુંઝાઇ રહે છે. જેઓ કુતરાની જેમ વિષયરૂપ આમિષ–માંસમાં ગૃદ્ધ–આસક્ત છે, તેવા જનોમાં એ સામગ્રી પામી પણ કોણ શકે ? અને તેનું નામ પણ કોણ લઇ શકે ? અને વળી યૌવનના પડલથી જેમના લોચન આચ્છાદિત થયાં છે એવા પુરૂષો, તરૂણીઓના કેશોમાં રહેલ કુટિલતાને જાણે છે, પરંતુ તેમના મનની કુટિલતા–વક્રતાને જાણતા નથી, તેમજ કેટલાક જનો, બહુધા વચનવડે ઉદ્દામ, નાસિકાવડે ઉત્કટ, દીર્ઘલોચનયુક્ત અને આસક્તિમાં ઉત્કંઠિત એવા તરૂણી–ગણના મુખને જુવે છે, પરંતુ ભાવિ નરકને જોઇ શકતા નથી, વળી કેટલાક પુરૂષો

વિસ્તીર્ણશાળી અને ગોળ એવા તેમના સ્તનને જોઇ રાજી થાય છે, પણ ધર્મ–બુદ્ધિમાં દૃષ્ટિ કરતા નથી, તેમના કૃશ ઉદરને આનંદપૂર્વક નીહાળે છે, પરંતુ પોતાના આયુષ્યની અલ્પતાને જોતા નથી. દેવ અને મનુષ્યગતિ અટકાવવામાં પરિઘા–ભુંગળ સમાન તેમના સુંદર ભુજયુગલને ઘણા વખાણે છે, તેમ જંઘા અને ઉરૂયુગલ અતિઅશુચિ છતાં કદલીના સ્તંભ સાથે તેને ઉપમેય બનાવે છે. હે દેવાનુપ્રિય ! એ પ્રમાણે યુવતિજનોનો દેહ, અપ્રિય-દુઃખના હેતુરૂપ છતાં મનને મોહ પમાડનાર કામદેવથી જેમના હૃદય એકદમ ઘાયલ થઇ ગયાં છે એવા પુરૂષો તેની અભિલાષા કરે છે. તેવા પ્રમાણનું અવલંબન કરીને ભોગોમાં કોણ પ્રવર્ત્તે ? કારણ કે કુશળ જનને અનુસરનાર શું કદિ કુપથગામી થાય ? માટે હે ભદ્ર ! તું નવયૌવન છતાં, અપ્રતિમ રૂપશાળી છતાં, લક્ષ્મીનું સ્થાન છતાં અને અત્યંત વિલાસી છતાં અવશ્ય ધર્મને યોગ્ય છે, તેથી તને આવા પ્રકારના ઉપદેશરૂપ રત્નો આપવામાં આવે છે; કારણ કે પુણ્યરહિત જનો શું ચિંતામણિ રત્નને યોગ્ય કદિ હોઇ શકે ? ”

એ પ્રમાણે ગુરૂએ ઉપદેશ સંભળાવતાં ધર્મપરિણામ અધિકાધિક વૃદ્ધિ પામવાથી ભક્તિના વેગથી કુમાર કહેવા લાગ્યો કે—‘ હે ભગવન્ ! તમે જે કહ્યું, તે બધું મોક્ષસુખના ' કારણરૂપજ છે, માટે હવે મને અત્યારે જ નિરવદ્ય પ્રવ્રજ્યા-દીક્ષા આપો.’ એમ બોલતાં રત્નાભરણનો ત્યાગ કરી, ગુરૂના ચરણ–શરણ જેણે અંગીકાર કરેલ છે એવા કુમારને ગુરૂ મહારાજે સિદ્ધાંતમાં બતાવેલ વિધિ પ્રમાણે જિનદીક્ષા આપી અને પ્રતિદિન ક્રિયા–કલાપ તેને શીખવ્યો. વળી શિવસુખના કારણરૂપ સંયમ–ધનનું સ્વરૂપ સમજાવ્યું અને સામાયિક પ્રમુખ સૂત્રનો તેને અભ્યાસ કરાવ્યો.

હવે અહીં કુમારની પ્રવ્રજ્યા સાંભળવાથી જાણે વજ્રઘાત પામેલ હોય તેમ ભારે શોક ઉત્પન્ન થવાથી અંતઃપુર અને યુવરાજ સાથે વિશ્વનંદી રાજા ત્યાં આવ્યો અને આચાર્યને વિનયપૂર્વક વંદન કરીને તેણે વિશ્વભૂતિ સાધુને પ્રણામ કર્યા પછી ઉપાલંભ અને પ્રણયસહિત જણાવ્યું કે—“ હે પુત્ર ! પ્રવરકુળમાં ઉત્પન્ન થયેલા તમારા જેવાને શું આ યોગ્ય છે ? કે પોતાનો વૃત્તાંત જણાવ્યા વિના આવા પ્રકારનું દુષ્કર સાધુવ્રત સ્વીકારી લીધું, માટે હે વત્સ ! તારા ચિત્તને ખેદ–નિર્વેદ પમાડનાર કોણ ? તે કહે. અથવા તો અમારો શો દોષ જોયો ? તારા વચનનું કોણે અપમાન કર્યું ? કે આમ એકાએક અદાક્ષિણ્ય સ્વીકારી લીધું ? અથવા તો વધારે બોલવાથી શું ? તારા વિના કોની મદદથી હવે અમે સ્વકાર્યો સાધી શકીશું ? અથવા વિષમ આપદા આવી પડતાં અમારો આધાર કોણ ? માટે અત્યારે ગમે તે રીતે પ્રવ્રજ્યાનો પરિહાર કરી, રાજ્યને સ્વીકારી, સ્વેચ્છાએ પુષ્પકરંડક ઉદ્યાનમાં વિલાસ કર. શત્રુઓના મનો-

રથ ન પૂર, કોમળ કમલિનીના વન સમાન રમણીય વધૂજનોને અનાથ ન બનાવ, પૂર્વ પુરૂષોએ સુરક્ષિત કરેલ પોતાના દેશની ઉપેક્ષા ન કર અને ગાઢ ગાંઠની જેમ હૃદયને નિષ્ઠુર ન બનાવ. ”

એ પ્રમાણે સાંભળતાં વિશ્વભૂતિ મુનિ પ્રશમપૂર્વક બોલ્યા કે—“ હે રાજન્ ! તમે સંતાપ તજીને તમારા ઇષ્ટકાર્યને સાધો. અહીં કંઇ પણ વચનીય નથી. તમે બધા પોતપોતાના કામમાં પ્રવર્ત્તો, કારણ કે શેષ-અન્યનો ત્યાગ કરવા વડે લોકમાં પણ આ વાત પ્રગટ છે કે—સ્વજનાદિકના સ્નેહમાં મોહિત થઇને પ્રાણીઓ જે પાપ કરે છે, દુર્ગતિમાં જતાં તેમને તે કટુ વિપાકરૂપ ફળ આપે છે. એક જિનધર્મ વિના અનેક પ્રકારે સત્કારતાં પણ સંકટ વખતે સ્વજનો લેશ પણ આધારભૂત થતા નથી. ” એમ વિશ્વભૂતિ મુનિએ જણાવતાં પોતાના દુશ્ચરિત્રને જોવાથી ગાઢ સંતાપ પામેલ રાજા મુનિના પગે પડીને સ્વસ્થાને ચાલ્યો ગયો.

પછી વિશ્વભૂતિ સમ્યક્ પ્રકારે સાધુધર્મ સ્વીકારતાં, ગુરૂચરણની શુશ્રૂષામાં તત્પર રહી, સુખી સ્વજનોના સંસ્તવની અપેક્ષા ન રાખનાર, જીવિત-મરણની દરકાર ન કરનાર અને પંચેદ્રિંયરૂપ શત્રુનો વિજય કરનાર એવા તે લાંબો વખત ગુરૂકુળની ઉપાસના કરવા લાગ્યા. એકદા સારી રીતે સૂત્રાર્થને ધારણ કરનાર તથા વિશેષ પ્રકારે મનને સંસ્કારિત બનાવનાર એવા તેમને યોગ્ય સમજીને ગુરૂએ આજ્ઞા આપી. એટલે પોતે એકલવિહારીપણું સ્વીકારી, છઠ્ઠ, અઠ્ઠમાદિ દુષ્કર તપ કરતાં, પરીષહ-સૈન્યને સમ્યક્ પ્રકારે જીતતાં-સહન કરતાં, વીતરાગની જેમ ગ્રામ, નગરાદિકમાં અપ્રતિબંધપણે વિચરતાં, પ્રતિક્ષણે વીરાસન, કુર્કુટાસનાદિ કરતાં, પ્રતિદિન સૂર્ય સન્મુખ આતાપના લેતાં, પ્રાણીઓને પોતાના જીવિત કરતાં પણ અધિક સમજીને તેમની રક્ષા કરતાં, બેંતાલીશ દોષરહિત વિશુદ્ધ અને વિરસ આહાર લઇ પોતાના સંયમ-શરીરનું પાલન કરતાં અને ગ્રામાનુગ્રામ વિહાર કરતાં તે વિશ્વભૂતિ મુનિ, અમરાવતી સમાન વિલાસયુક્ત એવી મથુરા નગરીમાં ગયા. ત્યાં સ્ત્રી, પશુ અને પંઢ-નપુંસકરહિત અને ઉત્કૃષ્ટ તપમાં તત્પર એવા મુનિજનોયુક્ત એકાંત પ્રદેશમાં વસતાં એક વખતે પરમ સંવેગ લાવી પોતાના જીવિતના નિયમ નિમિત્તે તે ચિંતવવા લાગ્યા કે—

“ આ તુચ્છબુદ્ધિ જીવ સુખોને વાંછે છે અને દુઃખોને દૂરથી તજી દેવા ઇચ્છે છે; પરંતુ એમ જાણતો નથી કે ધર્મ સંબંધની સિદ્ધિ વિના તે કદિ પ્રાપ્ત થતાં નથી. જીવ ભોગોને વાંછે છે અને દેશ, સ્ત્રી, રાજા અને સુભોજન સંબંધી કથાઓમાં પ્રીતિ લાવે છે, વળી તે મૂઢમતિ પ્રમાદને લીધે શીત, ઉષ્ણ, ડાંસ અને મચ્છર પ્રમુખના પરિષહોને બરાબર સહન કરતો નથી. તીક્ષ્ણ ધારથી

વિકરાલ કાલ સમાન તરવારને ધારણ કરનાર, અત્યંત કોપાયમાન, એવો શત્રુ ઘાત કરવાને તત્પર થાય તે સારો, પ્રચંડ શરીરને ધરનાર તથા રક્ત લોચનયુક્ત એવો સર્પ કરડવાને તૈયાર થાય તે પણ સારો, ઉત્કટ પવનથી વૃદ્ધિ પામનાર લાંબી જવાળાયુક્ત એવો અગ્નિ અંગેસંલગ્ન થાય તે સારો; પરંતુ સમસ્ત દોષોના સ્થાનરૂપ એ અધમ પ્રમાદ એક ક્ષણવાર પણ સેવવો યુક્ત નથી. એ શત્રુ પ્રમુખ તીવ્ર છતાં મનુષ્યોને એકભવ પૂરતું મરણ આપે છે અને આ પ્રમાદ તો પ્રતિભવ દુઃસહ અને તીવ્ર એવાં સંખ્યાબંધ દુઃખો નીપજાવે છે, માટે એ વિશેષતાથી વર્જનીય છે. વળી એનું વર્જન આહાર ત્યાગથી સમ્યક્ પ્રકારે થઇ શકે છે, માટે મારે સર્વથા ઉગ્રતપનું આચરણજ યુક્ત છે. ”

એ પ્રમાણે મનમાં નિશ્ચય કરીને વિશ્વભૂતિ મુનિએ માસખમણનો પ્રારંભ કર્યો. તેઓ પ્રથમ કરતાં વિશેષ ક્રિયાદિકમાં ઉદ્યમ કરવા લાગ્યા. પ્રતિદિન ધ્યાનની ધારા ચલાવી, મનની નિરંકુશતાને એકદમ અટકાવી દીધી. એમ અનુક્રમે માસક્ષમણ પરિપૂર્ણ થતાં પાત્રાદિ ઉપકરણ પડિલેહી, ઉતાવળ અને ચપળતા વિના યુગ-ધોંસરી પ્રમાણ આગળ દૃષ્ટિ નાખતાં, સૂત્રાર્થના નિયમ પ્રમાણે પોરસીના પ્રાંતે તેઓ ઉંચા નીચા ગૃહોમાં ભિક્ષાનિમિત્તે ગોચરીએ ભમતાં પોતાના નિમિત્તે ઉપજાવેલ અથવા લાવેલ ઇત્યાદિ દોષોને સમ્યક્ રીતે અવલોકતાં, લાભાલાભમાં પણ આસક્તિ કે ખેદ પામ્યા વિના, પ્રકૃષ્ટ તપના આચરણથી શરીરે બહુ કૃશ થઇ જવાથી તૃણની જેમ પવનડે પણ કંપ પામતા, માંસ અને શોણિત-રક્ત શોષાઇ જવાથી માત્ર નસોથી પ્રગટ રીતે જેમનું હાડ-પિંજર જડેલ છે, અને કલાવશેષ પ્રતિપદાના ચંદ્રમા સમાન ધવલ એવા તે મુનિ, તેજ રાજમાર્ગે ઉતર્યા કે જ્યાં વિશાખનંદીકુમારને રાજાની બ્હેનની પુત્રી પરણાવવા નિમિત્તે રાણીએ પૂર્વે રાખેલ હતો. હવે તે મુનિને જોતાં કેટલીક નિશાનીઓથી તેને ઓળખી લઇને સેવકપુરૂષો વિશાખનંદી કુમારને કહેવા લાગ્યા—

“ હે સ્વામિન્ ! તમે આ મુનિને ઓળખો ” તે બોલ્યો—‘ હું બરાબરઓળખી શકતો નથી ’ તેમણે કહ્યું—‘ હે કુમાર! આ તે જ વિશ્વભૂતિકુમાર છે કે જેણે પૂર્વે દીક્ષા લીધી. ’ એટલે તે મુનિને બરાબર ઓળખીને તેને પૂર્વના અમર્ષથી ભારે કોપ થયો. એવામાં તે માર્ગે જતાં ઇર્યાસમિતિમાં ચિત્ત વ્યાક્ષિપ્ત હોવાથી અચાનક નવપ્રસૂતા ગાયે તેમને ઉછાળ્યા, અને ભૂકી દેતાં તે પૃથ્વીપર પડયા. એટલે વિશાખનંદી પ્રમુખના પુરૂષોએ તેને તેવી સ્થિતિમાં પડેલ જોઇને અત્યંત હર્ષ પામતાં સિંહનાદ કર્યો, ત્રણવાર જમીનપર પગ પછાડયા, તાળીઓ પાડી અને પરસ્પર કોલાહલ કરતાં મોટા અવાજથી કહ્યું કે—‘ અરે ! તે કપિત્થ ફળ પાડવાનું બળ અત્યારે કયાં ગયું કે એક સામાન્ય ગાય-

માત્રે તને પાડી નાખ્યો ? ? ' એમ સાંભળતાં ગ્રીવા—ડોક ફેરવી, લોચન વિકાસિત કરીને વિશ્વભૂતિ મુનિ રોષથી જોવામાં જુવે છે, તેવામાં વિશાખનંદી પ્રમુખ દીઠા અને તેમને ઓળખી પણ લીધા. ત્યારથી તેમનો ઉપશમભાવ નષ્ટ થયો, વિવેક ચાલ્યો ગયો, મહાકોપ ઉછાળા મારવા લાગ્યો, વીર્યબળ વિકાસ પામ્યું, એટલે દોડીને તે ગાયને શૃંગ—શીંગડામાં પકડી, તેમણે પતાકાની જેમ શિરપર ભમાડીને પછી પૃથ્વીપર નાખી દીધી, અને તેમને ઉદ્દેશીને કહ્યું કે—" અરે ! દુરાચારીઓ ! હીનપરાક્રમી અને સર્વરીતે નાલાયક ! તમે મારી મશ્કરી કરો છો, પરંતુ તમે જાણતા નથી કે દુર્બળ પણ સિંહના પરાક્રમને હજારો શીયાળીયા પણ ઓળંગી શકતા નથી, બાળ ગરૂડના કોમળ ચંચુપ્રહારને પણ સર્પો સહન કરી શકતા નથી, તેમ દુષ્કર તપોવિધાનથી જો કે તમે મને અત્યારે દુર્બળ સમજો છો, તથાપિ તમારા જેવા લાખો પુરૂષો પણ મારી તુલનામાં ન આવી શકે. અરે ! પરના કોળીયાથી પોષિત થયેલા અને પરના દોષથી દૂષિત થયેલા ! વધારે તમને કહેવાથી શું ? નજરે ચડયા છતાં તમે મને જરાપણ સંતાપ પમાડી શકો તેમ નથી "

એમ તેમને આક્ષેપસહિત તીક્ષ્ણ વચનોથી નિર્ભંછી, પોતાના સ્થાને જઇને તે મુનિ ચિંતવવા લાગ્યા કે—" હજુ પણ એ લોકો મારાપરનો પૂર્વનો ક્રોધ લેશ પણ તજતા નથી. હું પ્રવ્રજ્યા—પ્રતિપન્ન છતાં એ પાપીઓ મારા નિષ્કારણ વૈરી બન્યા છે, અથવા એ અજ્ઞોનું તેમાં શું દૂષણ છે ? કારણ કે પૂર્વે આચરેલા શુભાશુભનો એ વિપાક છે, માટે હવે એમ કરૂં કે જેથી પરભવે સ્વપ્નમાં પણ આવા પ્રકારના અપમાનનું સ્થાન ક્યાંય પણ ન થાઉં. " એ પ્રમાણે સમય તથા શાસ્ત્રનો પરમાર્થ વિચાર્યા વિના અને ઉત્તરોત્તર આવી પડતા સંસારના દુઃખસમૂહને ચિંતવ્યા વિના તે આહારના પચ્ચખ્ખાણ તથા નિદાન—નિયાણા-બંધ કરવા તૈયાર થયા; અને તે વખતે પાસે રહેલા મુનિઓને તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા—" જો છટ્ઠ, અટ્ઠમાદિ દુષ્કર તપ કે જે સર્વપ્રકારે આદરપૂર્વક સ્વાધ્યાય-ધ્યાન સાથે મેં કરેલ હોય, બેંતાલીશ એષણાદોષથી રહિત એવો શુદ્ધ આહાર જો મેં ગ્રહણ કરેલ હોય, સૂત્રાર્થના તત્ત્વચિંતનમાં અને ગુરૂજનનો વિનય કરવામાં જો મેં સમય વ્યતીત કરેલ હોય અને પંચમહાવ્રતને ધારણ કરતાં એ બધાનું જે કાંઇ અતુલ ફળ હોય, તો આવતા જન્મમાં હું અતુલ બળશાળી થાઉં" એમ નિદાનબંધ કરીને તેઓ શુદ્ધ શિલાતલપર બેસી રહ્યા. એવામાં તેમના નિદાનબંધને સાંભળી, અન્ય મુનિઓ,.પાસે રહેતા તપસ્વીઓ આવ્યા અને બહુમાનપૂર્વક કહેવા લાગ્યા કે—" હે મહાનુભાવ ! તમે પોતે સુકતાસુકતને જાણો છો, તેથી જો કે તમને કંઇપણ કહેવા જેવું નથી, છતાં કંઇક નિવેદન કરીએ છીએ કે—એક લોહની ખીલી નિમિત્તે કોઇ દેવલનો ધ્વંસ ન કરે, અથવા

તો એક કોડીને બદલે કોઇ કોટીપ્રમાણ રત્નો ન આપે, વળી અંગાર કરવાને કોઇ ગોશીર્ષ–ચંદન, અગરૂપ્રમુખ શ્રેષ્ઠ કાષ્ટોને ન બાળે, તેમ આવા પ્રકારના નિષ્કલંક અને લાંબા કાળ સુધી આચરેલ વિવિધ તપને બદલે પ્રાંતે કિંપાકના ફળની જેમ દારૂણ નિદાનબંધ કરવો તમને કોઇરીતે યુક્ત નથી; અને વળી કહ્યું છે કે—રૌદ્ર પવનના ગુંજારવથી શું મંદરાચલ કંપે ખરો ? દુર્જનનાં વચનોથી શું સાધુઓનું મન કદિ ક્ષોભ પામે ? સમુદ્રો શું પોતાની લાંબા વખતની મર્યાદાનું ઉલ્લંઘન કરે ? સૂર્ય અને ચંદ્ર શું તિમિરના પ્રસારથી નિરોધ પામે ? માટે હે નિર્મળ ગુણ–રત્નોના ભંડાર ! તમારા જેવા સત્પુરૂષો જો આવી પ્રવૃત્તિ કરે, તો ધર્મલક્ષ્મી પણ કયાં જઇને વસશે ? વિનય કયાં જશે ? અત્યારે ક્ષમાને ધારણ કરવા કોણ સમર્થ છે ? અને ભાંગેલ નિવાસવાળો વિવેક પણ બિચારો કયાં વાસ કરશે ?” ઇત્યાદિ વિવિધ વચનો સંભળાવ્યા છતાં વિશ્વભૂતિ મુનિએ જ્યારે કાંઇ પણ જવાબ ન આપ્યો, ત્યારે તે મુનિઓ નિરાનંદ થઇને પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. અહીં વિશ્વભૂતિ મુનિ પણ નિદાનબંધના અધ્યવસાયથી નિવૃત્ત ન થતાં અને મરણસમયે પણ તેની આલોચના ન કરતાં મૃત્યુ પામીને **મહાશુક્ર** નામે દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળો તે દેવતા થયો. ત્યાંથી ચવીને જે પ્રમાણે તે વાસુદેવ થશે અને તેનો પિતા જેમ પ્રજાપતિ થશે, તે પ્રમાણે હવે ચરિત્ર કહેવામાં આવે છે—

## ત્રિપૃષ્ટ વાસુદેવનું ચરિત્ર.

**આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં પોતનપુર** નામના નગરમાં યથાર્થ નામધારી **રિપુપ્રતિશત્રુ** નામે રાજા હતો. તેને બધા અંતઃપુરમાં પ્રધાનભૂત એવી **ભદ્રા** નામે પટ્ટરાણી હતી, તેમને ચાર મહાસ્વપ્નથી સૂચિત **અચલ** નામે પુત્ર કે જે અત્યંત મહાબલી અને વિખ્યાત થયો. પછી એકદા તે રાણીને પુનઃ ગર્ભ રહ્યો અને અનુક્રમે સર્વ લક્ષણોથી વિભૂષિત એવી કન્યા ઉત્પન્ન થઇ. યોગ્ય સમયે તેનું **મૃગાવતી** એવું નામ રાખવામાં આવ્યું. તે અનુક્રમે યૌવનારૂઢ થતાં આ પ્રમાણે શોભવા લાગી—તેના મસ્તકપર કૃષ્ણ, સ્નિગ્ધ અને વક્ર એવા કેશનો સમૂહ, મુખ–ચંદ્રમાના વિભ્રમથી આવેલ રાહુની શોભાને ધારણ કરતો હતો, તેના ભાલતલપર પ્રસરેલ અતિવક્ર કેશલતા તે જાણે કામરાજાની આળેખેલ વિજયપ્રશસ્તિ હોય તેવી શોભતી હતી, તેના સરલ લોચન અને ચંદ્રસમાન મનોહર કપોલવડે તથા પદ્મરાગ સમાન અધરથી તેનું મુખ, રત્ન–સ્થાન સમાન શોભતું હતું. વળી રેખા–વલયથી લાંછિત તથા વિચિત્ર મણિના આભૂષણથીયુક્ત એવો તેનો નિર્મળ કંઠ શંખના જેવો ભાસતો હતો. કંદર્પરાજાના નિવાસતુલ્ય તેના મોટા સ્તનપૃષ્ઠપર લટકતો હાર પ્રતિહારની શોભા આપતો હતો, કનક–કમળ સમાન મનોહર અને કદલી જેવા પીવર

તેના ઉરૂ-સાથળ યુગલ, તે વિષયના મહાસૌખ્યરૂપ ભવનના જાણે બે સ્તંભ હોય તેવા લાગતા હતા, અધિક અળતાના રસથીવ્યાપ્ત અને મણિજડિત ભૂમિમાં સંક્રાંત થયેલ એવા તેના ચરણ યુગલ જાણે લક્ષ્મીની ભેટ હોય તેવી શોભા આપતા હતા. એવા પ્રકારની તેને વરયોગ્ય સમજી, શરીરે સર્વાલંકાર પહેરાવીને, ભદ્રાએ પિતા-રાજાને પગે પડવા મોકલી. એટલે દાસીઓના પરિવાર સાથે તે રાજા પાસે ગઇ અને તેના પગે પડી. રાજાએ અત્યંત આદરપૂર્વક સંભ્રાંત લોચનથી તેને જોઇ અને સ્નેહાલાપપૂર્વક પોતાના ઉત્સંગ-ખોળામાં બેસારી. રૂપ અને યૌવનગુણથી મનમાં ભારે આક્ષેપ પામતાં તે ચિંતવવા લાગ્યો કે—"અહો! દેવાંગનાઓના રૂપને પરાભવ પમાડનાર આનું રૂપ! અહો! સર્વાંગસુંદર એનું લાવણ્ય! અહો! શરદૃઋતુના ચંદ્રમાની ચાંદનીસમાન એનો કાંતિસમૂહ! અહો! વેણુ અને વીણા કરતાં વધારે આકર્ષણ કરનાર એની વાણી! વળી એની કંઇપણ ચેષ્ટા સર્વથા જગતને એક આશ્ચર્યરૂપ જ છે. ખરેખર! વિધાતાએ પૂર્વે ક્ષત્રિયકુળમાં આવું કન્યારત્ન ઉત્પન્ન નહિ કર્યું હોય, કે જેથી મન્મથે રતિનો સ્વીકાર કર્યો, મહાદેવે પર્વતસુતા-પાર્વતીનો પરિગ્રહ કર્યો, કૃષ્ણે મંદરાચલથી મંથન પામતા ક્ષીરસાગરમાંથી પ્રગટ થયેલ જળમાનુષી-લક્ષ્મીને પોતાની પ્રાણપ્રિયા બનાવી અને ઇંદ્ર પણ પુલોમમુનિની કન્યા પરણ્યો. અહો! હું મને પોતાને પુણ્યવાન માનું છું કે રત્નાકરની જેમ મારા અંતઃપુરમાં આવું કન્યારત્ન ઉત્પન્ન થયું."

હવે મન્મથ કે જેનું કોમલાક્ષી-કોમળ ઇક્ષુરૂપ ધનુષ્ય છતાં અને જેના પંચ કુસુમરૂપ બાણો છતાં, બાહ્ય ધનુષ્યના લોભે તે જાણે હજારો તીક્ષ્ણ બાણો વાળો બન્યો હોય તેમ સજ્જ થઇ ગયો. એટલે તે બાળા જ્યાં જ્યાં પોતાના સુંદર લોચન નાખતી, ત્યાં ત્યાં તે મન્મથ પણ પોતાની તીક્ષ્ણ બાણાવલિ છોડવા લાગ્યો. તે વખતે સભાજનો પણ કામ-પાશથી સંતપ્ત થઇ ગયા અને રિપુપ્રતિશત્રુ રાજા તો વિશેષથી તે કન્યામાં લુબ્ધ બન્યો. એ રીતે મદનના બાણ-પ્રહારથી વ્યાકુળ બનેલ રાજા વિચારવા લાગ્યો કે—"અહો! આ કન્યા અત્યારે વરયોગ્ય થઇ છે. માટે શું કરવું? શું આવી રૂપવતી કન્યા બીજાને આપી, પોતાના ઘરથકી કહાડી મૂકવી? એ તો કોઇરીતે યુક્ત-ઉચિત નથી. જો કે લોકો બધા કન્યાઓને આપવામાં પ્રયુક્ત છે, તોપણ એ ગાડરીયો પ્રવાહ સુબુદ્ધિશાળી લોકોને આલંબન કરવા લાયક નથી." એમ નિશ્ચય કરી, લાંબાકાળના મોટા લોકાપવાદની દરકાર કર્યા વિના, ચિરકાળના ન્યાયમાર્ગનો વિચાર કર્યા વિના, મદનની વેદનાનો નિગ્રહ ન કરતાં, પોતે જ તેને પરણવાને ઇચ્છતા, રાજાએ આકાર-વિકાર મહામુશ્કેલીથી ગોપવી, કન્યાને અંતઃપુરમાં મોકલી. પછી બીજે દીવસે શ્રેષ્ઠી, સાર્થવાહપ્રમુખ નગરના મહાજનને બોલાવી તથા સામંત, સેનાપતિવર્ગને સારા આસને બેસારીને રાજા બહુ માન પૂર્વક

કહેવા લાગ્યો કે—" હે પ્રધાન જનો ! તમે યુક્તાયુક્ત કુળવ્યવસ્થા, સંશયયુક્ત ન્યાયમાર્ગ તથા લોકના વ્યવહારના પ્રરૂપક તથા નિશ્ચય કરનારા છો, તેમજ સર્વ બાબતમાં અમારે પણ પ્રથમથી જ પૂછવા યોગ્ય છો, માટે તમે હવે કહો કે આ વિષયદેશમાં જે રત્ન ઉત્પન્ન થાય, તેનો સ્વામી કોણ ? " એટલે પરમાર્થને ન જાણતાં તેમણે જણાવી દીધું કે—" હે દેવ ! એમાં પૂછવાનું શું છે ? તે રત્નના તમે જ સ્વામી. " એમ ત્રણવાર એજ વચન તેમના મુખે કહેવરાવીને રાજાએ તે કન્યાને પણ બોલાવી લીધી અને તે પ્રજાજનોને કહ્યું કે—" અહો ! આ કન્યા મારા અંતઃપુરમાં રત્નરૂપે પ્રગટ થઇ છે, માટે તમારી સલાહ પ્રમાણે એને હું પોતે જ પરણવા ઇચ્છું છું, કારણ કે તમારૂં વચન અમારે કોઇ રીતે ઉલ્લંઘનીય ન થઇ શકે. " એમ રાજાએ જણાવતાં, લજ્જાને લીધે ગ્રીવાને વાંકી વાળતા, પરસ્પર એકબીજાના મુખને જોતાં, પોતાના મનઃસંકલ્પમાં પરાસ્ત થયેલા, વચનથી ઉત્પન્ન થતી ચિત્ત-પીડાને ન જાણતા તે પૌરજનો પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. પછી બીજે દિવસે ભદ્રા રાણીએ વાર્યા છતાં, કુળવૃદ્ધાઓએ અટકાવ્યા છતાં, નર્મ-સચિવોએ મશ્કરી કર્યા છતાં, મંત્રીઓએ ઉપાલંભપૂર્વક નિષેધ કર્યા છતાં, ધર્મગુરૂઓએ દુઃખવિપાકનો બોધ આપ્યા છતાં, વિંધ્યવાસી હાથીની જેમ પોતાના માનસિક વેગને ન અટકાવતાં રાજાએ ગંધર્વવિવાહથી તે કન્યા પરણી લીધી અને તેને પટ્ટરાણી કરીને સ્થાપી. પછી તેની સાથે તે વિષયસુખ ભોગવવા લાગ્યો.

હવે તે ભદ્રા રાણી, લોકોને નિંદનીય અને ઉભય લોકથી વિરૂદ્ધ તથા ત્રિમાર્ગ, ચૌટા તથા ચોરા વિગેરે સ્થળોમાં લોકોને હાંસી કરવા લાયક, રાજાનું તેવું બીભત્સ આચરણ જોઇ, મનમાં ભારે સંતાપ પામી, પોતાના અચલ પુત્રની સાથે મોટી સમૃદ્ધિ અને પ્રધાનજનો સહિત દક્ષિણ દેશમાં ગઇ, ત્યાં પ્રશસ્ત ભૂમિભાગમાં એક નગરી વસાવી, તેમાં ધવલગૃહો, દેવાલયો અને પ્રાકાર-કિલ્લો તથા ગોપુર; મુખ્યદ્વાર વિગેરે કરાવ્યાં. તે નગરી મોટા ઐશ્વર્યથી કરાવેલ હોવાથી **માહેશ્વરી** એવા ગુણનિષ્પન્ન નામથી દેશાંતરમાં પ્રસિદ્ધિ પામી. ત્યાં ભદ્રાદેવીને મૂકીને અચલકુમાર પિતાની પાસે આવ્યો. એ પ્રમાણે વખત જતાં પોતાની પુત્રીનો કામી બનવાથી લોકોએ તે રાજાનું **પ્રજાપતિ** ( પ્રજા-પુત્રીનો પતિ ) એવું નામ રાખ્યું.

એકદા તે વિશ્વભૂતિનો જીવ, મહાશુક્ર દેવલોકથકી ચ્યવીને તે મૃગાવતી દેવીના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તે રાત્રે સુખે સુતેલી મૃગાવતી સાત મહાસ્વપ્નો જોઇને જાગ્રત થઇ અને હૃદયમાં પ્રહર્ષ પામતી તે રાજા પાસે ગઇ. ત્યાં સ્વપ્નનો વૃત્તાંત તેણે રાજાને કહી સંભળાવ્યો. એટલે રાજા બોલ્યો કે—" હે

દેવિ ! તને અવશ્ય ભુવનમાં યશથી વિખ્યાત, સમસ્ત સામંતોના મુગટથી ચરણ-કમળ જેના ઉત્તેજિત થયાં છે, પ્રતાપથી રિપુઓને પ્રતિઘાત પમાડનાર અને કુળમાં ધ્વજાસમાન એવો પુત્ર થશે. કારણ કે હે ભદ્રે ! આવા પ્રકારનાં સ્વપ્નો મહાપુણ્યથી જ જોવામાં આવે છે. માટે અત્યંત આનંદથી એ સ્વપ્નોનો તું આદર કર." એમ કહીને રાજાએ કુશળ સ્વપ્ન-પાઠકોને બોલાવ્યા. એટલે રાજાનો આદેશ માન્ય કરી, સ્નાનપૂર્વક બલિકર્મ આચરી, વિશુદ્ધ અને સુંદર વસ્ત્રો પહેરી, શિરપર અક્ષત અને કુસુમ ધારણ કરી, લલાટે ચંદનના તિલક દઇ, નિમિત્ત-શાસ્ત્રની અનેક પોથી લઇ, સમસ્ત નીતિ-શાસ્ત્રમાં નિપુણ અને કુલ-પરંપરાથી આવેલ વિદ્યાના અનુભવી, એવા તે સ્વપ્ન-પાઠકો સત્વર રાજભવનમાં આવ્યા. એટલે રાજાએ ફલ, પુષ્પના પ્રદાનપૂર્વક ભારે આદર આપીને તેમને સિંહાસનો પર બેસાર્યા અને સ્વપ્નોના અર્થ પૂછયા. જેથી તેમણે નિમિત્ત-શાસ્ત્રોને વિસ્તારથી પોતાના બુદ્ધિબળે વિચારી, અન્યોન્ય નિશ્ચય કરીને પ્રજાપતિ રાજાને નિવેદન કર્યું કે—" હે રાજન્ ! આ પ્રકારના વિશિષ્ઠ સ્વપ્નોના પ્રભાવથી અવશ્ય સમસ્ત ભુવનમાં વિખ્યાત, ત્રણ ખંડ ભરતનો સ્વામી, અપ્રતિહત શાસનવાળો અને અપ્રતિમ બળશાળી એવો તમારો પુત્ર અહીં પ્રથમ વાસુદેવ થશે." એ પ્રમાણે સાંભળતાં અંતરમાં અત્યંત આનંદ પામતા રાજાએ તે સ્વપ્ન-પાઠકોને વિવિધ ધન આપી પોતપોતાના સ્થાને વિસર્જન કર્યા.

હવે રાજાએ મૃગાવતી રાણીને સ્વપ્ન પાઠકોએ કહેલ અર્થ ફરીને સંભળાવતાં અત્યંત હર્ષ પામીને તે સુખે ગર્ભ ધારણ કરવા લાગી. એમ અનુક્રમે સમય પૂર્ણ થતાં શુભ દિવસે પાટલાવૃક્ષના પલ્લવ સમાન સુકુમાર જેના હાથ, તમાલપત્રના જેવું જેનું શરીર શ્યામ છે, સમસ્ત પુરૂષો કરતાં પ્રવણ લક્ષણોથી વિરાજિત અને ત્રિપૃષ્ઠ કરંડકના આડંબરથી અભિરામ, એવા પુત્રને તેણે જન્મ આપ્યો. એટલે પુત્રજન્મનો વૃત્તાંત જાણીને પ્રજાપતિ ભારે હર્ષ પામ્યો અને દેવમંદિરોમાં તેણે મહોત્સવ કરાવ્યો. વળી જેમાં અનિવારિત અપાતા કનકદાનથી યાચક લોકો આનંદ પામી રહ્યા છે, પુષ્પ-પુંજની વૃષ્ટિથી જ્યાં રાજમાર્ગ શોભી રહેલ છે, મંગલના કલકલ કરતી એકત્ર થએલ રમણીઓથી રમણીય અને જ્યાં શાંતિકર્મનો પ્રારંભ કરવામાં આવેલ છે એવો મહોત્સવ સમસ્ત નગરમાં પ્રવર્ત્તી રહ્યો.

બીજે દિવસે તે બાળકના પૃષ્ઠપર ત્રણ કરંડક-અસ્થિબંધન જોતાં નામનો નિશ્ચય કરીને કુળવૃદ્ધાઓએ પરમ વિભૂતિપૂર્વક તેનું ત્રિપૃષ્ઠ એવું નામ પાડયું. પછી પંચ ધાવમાતાઓથી રક્ષણ કરાતો, મહારત્નની જેમ એક હાથથી બીજે હાથે સંચરતો અને અનેક દાસ તથા ચાટુકર-રમાડનાર નોકરથી પરિવૃત્ત તે

ત્રિપૃષ્ઠ કુમારપણાને પામ્યો. એટલે તેને યોગ્ય જાણીને સારા મુહૂર્તે અને શુભ દિવસે વિધિપૂર્વક તેને ભણાવવા માટે રાજા કલાચાર્ય પાસે લઇ ગયો. એટલે પોતાની બુદ્ધિના પ્રકર્ષથી સમસ્ત વિશેષ કલા-કલાપ તે ગુરૂ પાસે અલ્પ કાળમાં શીખી રહ્યો. એમ સર્વ શાસ્ત્રનો વિસ્તાર જાણી લેતાં, ગુરૂના ચરણે નમસ્કાર કરી, તેની અનુજ્ઞાથી સંતુષ્ટ થયેલ કુમાર પોતાના આવાસે આવ્યો.

ત્યારપછી પોતાના ભાઇ અચલ સાથે એક ક્ષણવારનો વિયોગ પણ સહન ન કરતો ત્રિપૃષ્ઠ કુમાર યથેચ્છાએ નિઃશંકપણે પ્રવર ઉદ્યાનાદિકમાં ક્રીડા કરવા લાગ્યો. પોતે શરીરે કોમળ છતાં તેના ભુજબળને જોઇ, ભય પામતાં મ્લાન મુખ કરીને હજારો મલ્લો-યોધાઓ પણ કાંપવા લાગ્યા. તે પોતાના ચરણ-કમળ લીલાથી પણ જ્યાં જ્યાં સ્થાપન કરતો, ત્યાં ત્યાં જાણે વજ્રથી હણાયેલ હોય તેમ પૃથ્વી અત્યંત થરથરતી હતી. તેણે હસતાં હસતાં પણ કોઇ રીતે મુષ્ટિ-ઘાતથી પાડેલા જનો, નોકરોની સારવારથી જ જીવતા રહી શકતા, વળી જ્યાં તે દૃષ્ટિ નાખતો, ત્યાં સાદર વિનયથી તરતજ નમી પડેલા નોકરો અન્ય ઉદ્યમ તજીને ઉતાવળથી તેની પાછળ દોડી જતા, તે કુમાર અનાદરપૂર્વક જેને અલ્પ આદેશ કરતો, તે જાણે નિધાન પ્રાપ્ત થયેલ હોય તેમ પોતાના આત્માને કૃતકૃત્ય માનતો, તે જે સ્થાને બોલતો, ત્યાં શેષ વ્યાપારો સમાપ્ત કરવામાં આવતા અને તેનાજ પરાક્રમના વર્ણનમાં લોકોની પુનરૂક્તિ વધી ગઇ હતી. એ રીતે પૂર્વોપાર્જિત સુકૃતથી વધતા સુખયુક્ત અચલ ભ્રાતા સાથે ત્રિપૃષ્ઠના દીવસો પ્રસાર થવા લાગ્યા.

હવે અહીં રાજગૃહ નગરમાં, ભરતાર્ધમાંના રાજાઓએ પોતાના મણિમુગટથી જેના પાદપીઠનો સ્પર્શ કરેલ છે. પ્રલયકાળના માર્ત્તંડમંડળ સમાન ઉગ્ર પ્રતાપથી દિશાઓને આક્રાંત કરનાર, નિઃશંક ભુજદંડરૂપ મંડપમાં વિરાજમાન રાજલક્ષ્મીના વિલાસવડે શોભાયમાન, રણાંગણમાં હણેલા મત્તમાતંગોના કુંભસ્થળમાંથી નીકળેલા મુક્તાફળોવડે તે ભૂમિને વિરાજિત કરનાર, મહાગોપુરની પરિઘા-ભુંગળ સમાન, ભુજામાં વીર-વલયને ધારણ કરનાર તથા તીક્ષ્ણ ધારવાળા ઉત્કટ ચક્રથી શત્રુઓની ગ્રીવાને છેદી નાખનાર એવો **અશ્વગ્રીવ** નામે પ્રતિવાસુદેવ રાજા, પંચ પ્રકારે રમણીય પ્રવર વિષય-લક્ષ્મીને ભોગવતો હતો. એમ કેટલોક કાળ વ્યતીત થતાં તે વિશાખનંદી કુમાર ચિરકાળ રાજ્ય પાળી મરણ પામતાં નરક, તિર્યંચમાં ભમીને એક ગિરિગુફામાં સિંહ થયો. તે તરૂણ થતાં આમતેમ ભમતો અને તે રાજાના શ્રેષ્ઠ શાલિક્ષેત્રોમાં રહેતા ખેડુતોને સતાવતો હતો. તેનાથી પરાભવ પામેલા કૃષીવલો **અશ્વગ્રીવ** રાજા પાસે આવ્યા અને સિંહનો વ્યતિકર સંભળાવતાં કહેવા લાગ્યા કે—' હે દેવ ! કૃતાંત-યમ સમાન આ સિંહથી જો તમે અમારૂં રક્ષણ ન કરી શકો, તો તમારા ક્ષેત્રો બીજા

પાસે બેઠાવો, અમે અન્ય સ્થાને ચાલ્યા જઇશું. ' રાજાએ કહ્યું—" અરે ! તમે આટલા બધા કાયર કેમ થઇ જાઓ છો ? હું હવે એવી ગોઠવણ કરીશ કે એ દુષ્ટ પ્રાણી તમને જરા પણ સતાવી શકશે નહિ. " પછી તેણે સિંહને અટકાવવા માટે સોળ હજાર રાજાઓને અનુક્રમે આદેશ કર્યો. એટલે ખેડુતો હર્ષ પામતા પોતાને સ્થાને ગયા.

એકદા અશ્વગ્રીવ રાજા, દેવાંગના સમાન અંતઃપુર, કુબેર કરતાં અધિક ધનભંડાર, અસાધારણ હાથી, અશ્વોપ્રમુખ રાજ્યાંગ અને દેવેંદ્રસમાન આજ્ઞા–ઐશ્વર્ય–ઇત્યાદિકમાં મૂર્છિત અને ગૃદ્ધ–લુબ્ધ થતાં તે ચિંતવવા લાગ્યો—" શું સમજવું ? આવા પ્રકારની સમસ્ત સામગ્રીયુક્ત, મનવડે પણ શત્રુને અનભિભવનીય, સદા અપ્રમત્ત ચિત્તે અંગરક્ષકોથી સુરક્ષિત અને સ્મરણ કરતાં જ અપ્રતિહત ગતિથી કરતલમાં પ્રાપ્ત થનાર ચક્રાયુધને ધારણ કરનાર, એવા મારો પણ વિનાશ કરવા કોઇ સમર્થ હશે ખરો ? જો તે કોઇ રીતે જાણવામાં આવે તો તેનો પ્રતીકાર કરૂં અને સર્વ પ્રકારે પોતાનું રક્ષણ કરૂં. " એમ ધારીને તેણે નિમિત્તીયાને બોલાવ્યો અને એકાંતે આસનપર બેસારી, સત્કારપૂર્વક આદર આપતાં તેને પૂછયું—" હે ભદ્ર ! નૈમિત્તિક ! બરાબર વિચાર કરીને તું કહે કે મને પણ મૃત્યુ પમાડનાર કોઇ છે કે નહિ ? ' એટલે તેણે પણ નિમિત્તના બળથી જાણ્યું—' હે દેવ ! અમંગલ નષ્ટ થયું ! કેમ આવું અનિષ્ટ બોલો છો ? ' રાજાએ કહ્યું—' હે ભદ્ર ! ક્ષોભ ન પામ, મેં પૂછેલ પ્રશ્નનો બરાબર જવાબ આપ. ' એટલે નૈમિત્તિક બોલ્યો—' હે રાજન્ ! જો એમ હોય તો તમને મરણ પમાડનાર પણ છે, ' રાજાએ કહ્યું—' તે કેવી રીતે જાણી શકાય ? ' તે બોલ્યો—' હે દેવ ! જે શાલિક્ષેત્રના સિંહને મારશે અને જે સમસ્ત મંડલેશ્વરોને માનનીય એવા તમારા **ચંડવેગ** દૂતનું અપમાન કરશે, તે અવશ્ય તમારો મૃત્યુકારી જાણવો અને તે સર્વ પ્રકારે રક્ષણીય સમજવો. ' એ પ્રમાણે સાંભળી રાજાએ નૈમિત્તિકને વિસર્જન કર્યો અને પોતે રાજાસભામાં આવીને અમાત્યાદિકને પૂછયું કે—' અહો ! અત્યારે રાજા, દંડાધિપ કે કુમારોમાં કોણ અતુલ બળશાળી સંભળાય છે ? ' તેઓ બોલ્યા—' હે દેવ ! તમારા કરતાં શું અન્ય કોઇ અતુલબળી છે કે જેથી તમને જણાવીએ ? સૂર્યમંડળ વસુધાપર વિદ્યમાન છતાં શું તારાઓ પ્રકાશી શકે ? રાજાએ કહ્યું–' પૃથ્વીપર અનેક રત્નો પડયાં છે, માટે તેમાં અસંભવિત શું છે ? ' મંત્રીઓ બોલ્યા—' હે રાજન્ ! અમો નિશ્ચયપૂર્વક જાણતા નથી; પરંતુ શ્રવણ–પરંપરાથી એમ સંભળાય છે કે ' પ્રજાપતિ રાજાના કુમારો, લીલાથી અન્યના શૌર્યના ગર્વને ગંજનાર અને અસાધારણ પરાક્રમવાળા છે. ' એમ સાંભળતાં રાજાએ **ચંડવેગ** દૂતને કહ્યું કે—' હે ભદ્ર ! તું પ્રજાપતિ રાજા પાસે જા અને કહે કે

તેનું મારે અમુક પ્રયોજન છે.' એટલે 'જેવી દેવની આજ્ઞા' એમ કહેતાં તે આજ્ઞા લઇને પુરૂષોના મોટા પરિવાર સાથે પોતનપુર ચાલ્યો.

હવે અહીં પ્રજાપતિ રાજા પ્રવર શૃંગાર અને મહાકીંમતી વસ્ત્રો ધારણ કરી, કુમાર વિગેરેના પરિવાર સહિત અંતઃપુરમાં બેઠો છે. ત્યાં આ પ્રમાણે પ્રેક્ષણક નાટક ચાલી રહ્યું હતું–કે જે વિવિધ અંગના સુંદર વિભ્રમ અને વિચિત્ર કરણના પ્રયોગથી રમણીય, રણઝણાટ કરતાં સુંદર નૂપુરના મનોહર ધ્વનિયુક્ત, મજબૂત દેહને વાળતાં ઊછળવાથી જ્યાં હારની સરો તૂટી રહી છે, ભ્રકુટીના વિભ્રમથી ઉત્કટ હાવભાવ જ્યાં પ્રસરી રહેલ છે, કોયલસમાન કંઠવાળા ગાયકોએ જ્યાં વિશુદ્ધ વાજિંત્રને અનુસરીને સંગીત પ્રારંભ કરેલ છે અને મજબૂત પટહમિશ્રિત સુંદર ધ્વનિ કરતાં મૃદંગ જ્યાં વાગી રહ્યા છે. એ પ્રમાણે તરૂણીજનનું નાટક પ્રવર્તતાં અને અપૂર્વ પરમ રંગ જામતાં, રાજસભા જાણે નિદ્રાધીન બની હોય, જાણે ચિત્રમાં આલેખાઇ ગઇ હોય, જાણે લેપથી ઘડાયેલ હોય, જાણે દોરડીથી બંધાયેલ હોય અને જાણે મદિરાના મદથી સ્તબ્ધ બનેલ હોય તેમ અન્ય ઇંદ્રિયોની પ્રવૃત્તિ મૂકી દઇ, તત્કાલ તે અનિમિષ લોચનયુક્ત બની ગઇ. આ વખતે ત્રિપૃષ્ટકુમાર રાજલોકની સાથે સત્વર અત્યંત સંતુષ્ટ થઇ ગયો.

એવામાં ક્ષીરસાગરનું મંથન કરતાં પ્રાંતે ઉત્પન્ન થયેલ વિષોદ્ગારની જેમ વિબુધ–દેવોને કંપાવનાર અને કૃતાંત–યમની જેમ જેનું આગમન અનિવારિત છે એવો તે ચંડવેગ નામે દૂત રાજસભામાં દાખલ થયો. તેને જોતાં રાજા તરત ઉઠયો અને 'આ સ્વામીનો દૂત છે' એમ ધારી તેણે દૂતનો ભારે આદરસત્કાર કરતાં અશ્વગ્રીવ નરેંદ્રના કુશળ સમાચાર પૂછયા, વળી તેની આજ્ઞા માથે ચડાવી. આ વખતે નાટકની પ્રવૃત્તિ બંધ થતાં લોકો બધા પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. એ રંગમાં ભંગ પડયો, જેથી ત્રિપૃષ્ટકુમાર ભારે કોપાયમાન થયો અને તેણે એક પુરૂષને પૂછયું—'અરે! આ કોણ છે? એના આવવાથી તાત ઉઠયા કેમ? દ્વારમાં પ્રવેશ કરતાં પ્રતિહારે એને અટકાવ્યો કેમ નહિ?' તે બોલ્યો 'હે કુમાર! એ રાજાધિરાજનો મુખ્ય દૂત છે, માટે તેને સ્વામીતુલ્ય સમજીને રાજાએ સામે અભ્યુત્થાન કર્યું અને તેથી પ્રતિહારે પણ તેને અટકાવ્યો નહિ. એની અનુકૂળતાથી જ અહીં સુખે રહી શકાય છે, કારણકે સ્વામીની મરજી પ્રમાણે વર્ત્તવું એ સેવકનો ધર્મ છે.'

એ પ્રમાણે સાંભળતાં કુમાર બોલ્યો—'કોણ કોનો સ્વામી કે સેવક છે? તે હવે જાણવામાં આવી જશે. એ બાબતથી અત્યારે પ્રયોજન નથી. જેમનો પુરૂષાકાર અવ્યક્ત–અસિદ્ધ છે તેવા જનોનો અત્યુત્કર્ષ વિફળ છે, સુખ–મંડપ નિરર્થક છે, ભુજબળનો ગર્વ અનુચિત છે અને વસ્ત્રાદિકનો આટોપ અયુક્ત

છે, માટે અત્યારે અહીં એ જ કર્તવ્ય છે કે એ દૂત જયારે પોતાના નગરભણી પાછો ફરે ત્યારે તમે મને ખબર આપજો, કે જેથી તેનું આતિથ્ય કરૂં.' એટલે 'જેવી કુમારની આજ્ઞા' એમ કહી તે પુરૂષે કુમારનું વચન માન્ય કર્યું.

હવે તે દૂત રાજા સાથે ગુણ-દોષની વાતો કરી, પોતાના સ્વામીનું પ્રયોજન કહી, વિવિધ પ્રાભૃત-ભેટ સ્વીકારી, સત્કાર-સન્માન પામી, તે પોતાના નગર તરફ ચાલ્યો. એવામાં તેના ગમનનો વૃતાંત જાણવામાં આવતાં, અચલ ભ્રાતા સાથે ત્રિપૃષ્ટકુમારે દૂતને અધવચ અટકાવ્યો અને જણાવ્યું—'હે અધમ દૂત! અરે ધૃષ્ટ! દુષ્ટ! પાપિષ્ઠ! તે વખતે મારી સમક્ષ નાટકના રંગનો ભંગ કરીને તું હવે કયાં જવાનો છે? હે નિર્ભાગી! લાંબો વખત મોટા રાજાની સેવા કરવાથી તું પ્રસ્તાવ-પ્રસંગ કે અપ્રસ્તાવને જાણતો નથી. તું શું શીખ્યો છું? હે નીચ! વચન-વિન્યાસ-રચનાપ્રમુખ ગુણના વિસ્તારથી તું બૃહસ્પતિને પણ હસી કહાડે છે, એ તારી ચતુરાઇ કંઇ જુદા જ પ્રકારની છે., માટે હે પાપી! તું તારા દુષ્ટ આચરણનું અસહ્ય ફળ અનુભવી લે, હવે ઇષ્ટદેવને યાદ કરી લે, કારણકે કેવળ અકૃતધર્મી-ધર્મ કર્યા વિના તું મરણ ન પામે.' એમ કહી ત્રિપુષ્ટ જેવામાં મજબૂત મુષ્ટિપ્રહાર ઉગામી તેને હણવા જાય છે, તેવામાં અચલે તેને અટકાવીને કહ્યું—'હે કુમાર! ગોહત્યાની જેમ એના વધથી વિરામ પામ, કારણકે દૂત, રાંડ અને ભાંડ એ અપરાધી છતાં અવધ્ય છે. એટલે કુમારે પોતાના સેવકોને આજ્ઞા કરી—'હે પુરૂષો! તમે આ પાપીનું એક જીવિત મૂકીને બીજું બધું વસ્ત્રાદિક વિનાવિલંબે છીનવી લ્યો.' એ રીતે કુમારના વચનથી પુરૂષોએ લષ્ટિ-લાકડી, મુષ્ટિ વિગેરેથી તેનો નિગ્રહ કરી, ધનાદિક બધું છીનવી લીધું. આથી ભારે ભયથી વ્યાકૂળ થતાં દૂતનું ઉપરનું વસ્ત્ર પણ જમીનપર પડી ગયું અને તેથી તેનું બધું શરીર ધૂળથી મલિન થઇ ગયું, એટલે પોતાના જીવિતની રક્ષા માટે તે ચંડવેગ દૂત તરત તપસ્વી, મુનિ કે મહાદેવ જેવો બની ગયો. વળી પોતાના જીવિતને ઇચ્છનાર એવો અન્ય જે તેનો પરિવાર હતો, તે તો કુમારને જોતાં જ શસ્ત્રો નાખી દઇને ચારે દિશામાં પલાયન કરી ગયો. એ પ્રમાણે દૂતના હાલહવાલ કરીને કુમારો પાછા વળ્યા. એ હકીકત પ્રજાપતિ રાજાના જાણવામાં આવતાં તે ભયથી ઉદ્વિગ્ન થઇને ચિંતવવા લાગ્યો કે—" અહો! કુમારોએ બહુ જ ખોટું કર્યું. એ દૂત પ્રતિકૂળ થતાં ખરીરીતે અશ્વગ્રીવ રાજા પ્રતિકૂળ થયો. અયોગ્ય રીતે બળ વાપરવાથી વિનાશનું મૂળ રોપાય છે. વળી કુમારોના અપરાધમાં ગમે તેવાં વચનોથી પણ મારૂં નિર્દોષપણું કોઇ સ્વીકારે તેમ નથી અને કદાચ કોઇ સ્વીકારે, છતાં જગતમાં એવો વ્યવહાર તો પ્રગટ જ છે કે 'સેવકનો અપરાધ થતાં સ્વામી દંડાય.' તેથી મારાપર તો સંકટ જ આવી

પડયું. અથવા તો આવી ચિંતા કરવાથી શું ? કારણ કે ઉપાય જ ઉપેય–કાર્યનો સાધક છે, " એમ નિશ્ચય કરીને તેણે દૂતને પાછો બોલાવ્યો અને તેનો વિશેષ પ્રકારે સત્કાર કર્યો, તેમજ મહાકીંમતી ભેટો આપીને પ્રથમ કરતાં ચારગણું દ્રવ્યપ્રદાન કર્યું. પછી તેને ધીરજ આપતાં જણાવ્યું કે—" હે મહાયશ ! બાલ્યાવસ્થામાં નિર્વિવેક સુલભ હોવાથી, યૌવનને લીધે અસભ્ય ચેષ્ટા અધિક રહેવાથી અને રાજકુળમાં જન્મ પામવાથી ઉન્મત્તતા સહજ હોવાથી, જો કે કુમારોએ તમને બહુ સતાવ્યા, છતાં કોઇરીતે મનમાં ખેદ ન લાવવો, તેમજ કોપને પણ અવકાશ ન આપવો. તમારે માટે બધા કરતાં મને બહુમાન છે. જનક પિતાની સભામાં બેસનારને બાળકુચેષ્ટા કદાપિ ખેદ ઉપજાવતી નથી. હું એમનો પિતા છું. વળી તમારે એ કુમારોમાં અધિકાધિક પ્રકૃષ્ટ ગુણનો આરોપ કરવો, માટે પ્રસાદ લાવી અપમાનની વાત ભૂલી જાઓ."

ત્યારે દૂત બોલ્યો—" હે મહારાજ ! તમે આવા વ્યાકુળ શામાટે થાઓ છો ? શું પોતાના બાળકોમાં કોઇ અવિનયની આશંકા કરે ? અથવા તો હૃદય પ્રેમને પરવશ થતાં એક પણ અપરાધને સ્થાન ન મળી શકે.' રાજાએ જણાવ્યું– ' એ બરાબર છે, તારી ચિત્તવૃત્તિને હું જાણું છું, તારી એકનિષ્ઠા મારા લક્ષ્યમાં છે. હવે કેવળ એટલું જ કરવાનું છે કે-કુમારોનો વૃત્તાંત અશ્વગ્રીવ રાજાના સાંભળવામાં ન આવે.' એમ રાજાનું વચન સ્વીકારીને ચંડવેગ દૂત ચાલતો થયો અને અનુક્રમે તે અશ્વગ્રીવ રાજા પાસે આવી પહોંચ્યો.

એવામાં પૂર્વે આવેલા પુરૂષોના મુખથી કુમારોનો વ્યતિકર સાંભળવાથી કોપાયમાન થયેલ, ભ્રકુટી ચડાવવાથી ભયંકર ભાસતો અને રક્તલોચન કરી બેઠેલ રાજા દૂતના જોવામાં આવ્યો, એટલે તે સમજી ગયો કે—' પૂર્વે આવેલા પુરૂષોએ રાજાને તે વ્યતિકર સંભળાવ્યો છે.' પછી પ્રણામ કરી દૂત પોતાના સ્થાને બેઠો. એટલે રાજાએ પૂછતાં, બધો વૃત્તાંત જણાવતાં તેણે કહ્યું—" પ્રજાપતિ રાજાના કુમારોએ અપેક્ષા વિના અજાણપણે મને માર્યો અને તેથી બાળપણાને લીધે જો કે તેમણે મારો અપરાધ કર્યો, તોપણ એ બનાવથી પ્રજાપતિ રાજાને બહુ ખેદ થયો છે. વળી વિનયથી નમ્ર બની મુગટની જેમ તમારી આજ્ઞાને શિરપર ધારણ કરે છે અને સદા વિશેષપણે અત્યંત પોતાનો ભૃત્યભાવ બતાવી રહ્યો છે. વળી તેના ઘરે તમારા ગુણો માગધજનો ગાઇ રહ્યા છે, તેથી કોઇવાર પણ યુવતિઓના નૂપુરનો ધ્વનિ સાંભળવામાં આવતો નથી. હે રાજન્ ! હું વધારે શું કહું ? મેં બધા રાજાઓને સાક્ષાત્ જોયા છે, છતાં પોતાના સ્વામીની ભક્તિમાં તેની તુલના કોઇ કરી શકે તેમ નથી."

એ પ્રમાણે સાંભળતાં અશ્વગ્રીવ રાજાને પેલા નૈમિત્તકનું વચન યાદ

આવ્યું અને મનમાં કંપતાં ચિંતવવા લાગ્યો—" અહો ! નિમિત્તીયાનું એક વચન તો બરાબર સિદ્ધ થયું અને બીજું વચન પણ જો એજ પ્રમાણે સાચું થાય, તો અવશ્ય અકુશળ જ છે. " એમ ધારી બીજા દૂતને બોલાવીને તેણે કહ્યું—' અરે ! તું પ્રજાપતિ પાસે જા અને મારી આજ્ઞા તેને સંભળાવ કે—નિષ્પન્ન શાલિક્ષેત્રોમાં જઇને સિંહનું નિવારણ કર.' એટલે ' જેવી દેવની આજ્ઞા ' એમ કહેતાં તે દૂત ચાલતો થયો અને અનુક્રમે પ્રજાપતિ પાસે જઇ પહોંચ્યો. રાજાએ સત્કારપૂર્વક તેને આવવાનું પ્રયોજન પૂછયું, ત્યારે તેણે સિંહને અટકાવવારૂપ નરેંદ્રનો આદેશ કહી સંભળાવ્યો. રાજાએ તે શાસનનો સ્વીકાર કરી, દૂતને સ્વસ્થાને મોકલીને કુમારોને તેણે ઠપકો આપ્યો—' હે પુત્રો ! અશ્વગ્રીવ નરેંદ્રના દૂતનો જે પરાભવ કર્યો, તેથી અકાળે તમોએ અવશ્ય મૃત્યુને જગાડ્યો છે. એજ કારણે આજે યમસમાન સિંહને અટકવવારૂપ આ દારૂણ આજ્ઞા અકાળે મારા પર આવી પડી. ' કુમારો બોલ્યા—' હે તાત ! અમે મૃત્યુને શી રીતે જગાડ્યો ? ' રાજાએ કહ્યું—' સાંભળો અશ્વગ્રીવ નરેંદ્રના શાલિક્ષેત્રોના ખેડૂતોને કેસરી પરાભવ પમાડે છે, પ્રતિવર્ષે વારાપૂર્વક બધા રાજાઓએ યથાક્રમે તેનાથી રક્ષણ કરવાનું છે, પરંતુ તમે તેના દૂતનું અપમાન કર્યું, તેથી કોપાયમાન થયેલા અશ્વગ્રીવે અત્યારે વારાના ક્રમ વિના મને તે કામ કરવાની આજ્ઞા કરી છે, એટલે એ મૃત્યુને જગાડવા સમાન જ છે. ' એમ કહીને તેણે પ્રયાણ કરવાની તૈયારી કરી. એવામાં કુમારોએ વિનંતી કરીને કહ્યું—' હે તાત ! એ કામ બજાવવા અમે જઇએ. ' રાજા બોલ્યો—' હે વત્સો ! તમે હજી બાળક છો, તેથી તમને હજી કાર્યાકાર્યની ખબર નથી માટે એ વિચારથી તમે અટકી જાઓ. હું પોતે જ જઇશ. ' ત્યારે કુમારોએ જણાવ્યું—' તમે ગમે તે રીતે અમને જ મોકલો. અમારે અવશ્ય જવું છે અને અમને કૌતુહળ છે કે તે કેસરી કેવો છે.' રાજાએ કહ્યું કે—" અરે પુત્રો ! ચંદ્રમા સમાન નિષ્કલંક કુળમાં જન્મ, કુબેર કરતાં અધિક ધનનો સંચય, અખંડ આજ્ઞા-ઐશ્વર્ય, નિર્મળ કલા-કલાપમાં અતુલ કુશળતા, સમસ્ત શાસ્ત્રાર્થમાં પ્રવીણતા, બધા આયુધોમાં પરમ પરિશ્રમ, અસાધારણ વીર્ય, અપ્રતિમ રૂપલક્ષ્મી, એ બધામાં એકાદ બાબત પણ ઉન્માર્ગે પ્રવર્ત્તાવવામાં સમર્થ છે, તો આ એક જ બાબતમાં આટલો બધો આગ્રહ શો ? ઊપર બતાવેલ બધી બાબતો તમારી પાસે મોજુદ છે, માટે એમાં પ્રવર્ત્તતાં તમને કોણ અટકાવે તેમ છે ? વળી શત્રુઓ તો ભારે મત્સરી અને ઉચ્છૃંખલ ખલ જેવા હોય છે, આપદાઓ ક્યારે માથે આવી પડશે, તે કાંઇ જાણી શકાતું નથી અને તમો અત્યંત પ્રમત્ત છો, તેથી ભવિષ્યમાં કેવું પરિણામ આવશે તે અત્યારે જાણી શકાય નહિ; માટે તમે એ ગાઢ આગ્રહ

મૂકી દ્યો" તેમણે કહ્યું—"હે તાત ! ભલે ગમે તેમ થાઓ, પરંતુ અમારે તો અવશ્ય જવું છે.' એમ અટકાવ્યા છતાં કુમારો, પ્રધાનપુરૂષો તથા કેટલાક હાથી, અશ્વ, રથ અને સુભટો તેમજ પરિજનો સહિત ચાલતા થયા અને જ્યાં તે કેસરી વસતો હતો તે શાલિક્ષેત્રોમાં પહોંચ્યા. ત્યાં તેમણે કૃષીવલોને પૂછયું—'અરે ! પૂર્વે અન્ય રાજાઓએ સિંહ થકી તમારી શી રીતે રક્ષા કરી ?" તેઓ બોલ્યા—"હે કુમાર ! પ્રચંડ કવચના આડંબરથી શોભતા પ્રવર કુંજરો, પવન કરતાં અધિક વેગવાળા અને સુંદર જાત્ય-અશ્વો અને ઉત્કટ ધનુષ્ય, શલ્ય, બરછી, બાણ, ભાલાપ્રમુખ શસ્ત્રોને ધારણ કરતા સુભટ-સમૂહોવડે ત્રિગુણ પ્રાકારસમાન પરિક્ષેપ-ઘેરાવો રચી, અત્યંત સાવધાન રહેતાં અને મરણના મહાભયથી શરીરે કંપતા, એવા રાજાઓએ કેસરીની ગુફા સમક્ષ અનિમેષ દૃષ્ટિ રાખીને અમારી રક્ષા કરી છે. એ પ્રમાણે રક્ષા પામતાં પણ પ્રતિક્ષણે સિંહ નાદના ઉછળતા પ્રતિશબ્દો સાંભળવાથી, તીક્ષ્ણ અંકુશ-પ્રહારની અવગણના કરતા અને ગંડસ્થળપર મદજળ નષ્ટ થતાં હાથીઓ આમતેમ ભાગવા માંડતા, અત્યંત સ્ખલના પામી પડી જતા, અશ્વો આઠે દિશામાં વિખરાઇ જતા અને ઇષ્ટદેવને યાદ કરતા તથા પોતાના બળના અભિમાનને મૂકતા એવા પદાતિઓ ચારે દિશામાં પલાયન કરી જતા હતા." કુમારે કહ્યું—"અહો ! તે કેસરીનો મહાપરાક્રમ ! અહો ! તેનું અનન્ય વીર્ય ! અહો ! સમસ્ત સુભટોના દર્પ-ગર્વને પરાસ્ત કરનાર તેનું માહાત્મ્ય ! અહો ! જગતને આશ્ચર્ય પમાડનાર તેનું ચરિત્ર ! એક તિર્યંચમાત્રથી પણ તેઓ આમ શંકતા રહ્યાં. અરે ! આવો કલેશ સહન કરીને કેટલો વખત તેને અટકાવવો પડે છે ?' તેમણે કહ્યું—'હે કુમાર ! બધું ધાન્ય જ્યાંસુધી ઘરમાં આવે ત્યાંસુધી' કુમાર બોલ્યો—'અરે કૃષીવલો ! ચોમાસાના અસહ્ય શીત પવનથી પરાભવ પામી, પોતાના સુખી સ્વજનપ્રમુખ પ્રધાનજનથી રહિત થઇ, પૃથ્વીતલ કાદવથી ઓતપ્રોત થતાં ચારે દિશામાં મેઘમાળા પ્રસરતાં, નિરંતર દિશારૂપ વધૂઓના મુક્ત-મણિના હાર સમાન, મુનિઓને પણ મદનનો વિકાર ઉપજાવનાર, મયૂરોને નૃત્ય કરાવનાર અને વિરહિણી તરૂણીઓના હૃદયમાં કામાગ્નિ જગાડનાર એવી જળધારા પડતી હોય, તેમાં આટલો બધો વખત કોણ ગાળે ? માટે સિંહ રહે છે, તે પ્રદેશ બતાવો' એમ સાંભળતાં 'જેવી કુમારની આજ્ઞા' એ પ્રમાણે કહી તે કૃષિકારોએ દૂર ઉભા રહી સિંહની ગુફા બતાવી. એટલે ફરી કુમારે તેમને પૂછયું 'અરે ! તે સિંહનો પરિવાર કેટલો છે ?' તેમણે કહ્યું—'હે કુમાર ! તે માત્ર એકલો જ છે.' કુમાર બોલ્યો—"જો એમ છે, તો લજ્જા ન પામતા તે રાજાઓ માગધજનથી ગવાતા પોતાના ભુજબળના ગર્વને નિરર્થક શામાટે

વિસ્તારે છે ? અરે ! તેમને વારંવાર ધિક્કાર છે ! કે બહુ સુભટો અને અશ્વો તથા હાથીઓના સંમર્દથી મહીપીઠને દબાવનાર છતાં ભયથી કાયર થતા એ રાજાઓ, સહાય વિનાનાં એક કેસરી સામે પણ જઇ શકયા નહિ. જગતમાં તે જ ધન્ય છે અને તેની જ જનની પુત્રવતી છે કે જેના કંઠના ગર્જારવમાત્રથી મોટા પણ પોતાના જીવિતને મૂકી દે છે, વળી જેનું બળ એવી રીતે સ્ફુરાયમાન છે કે જે કોઇથી પણ નિવારી ન શકાય એવો એકાકી પણ પંચાનન-સિંહની પ્રસિદ્ધિ કેમ ન પામે ? ”

એ પ્રમાણે લાંબો વખત તે સિંહની પ્રશંસા કરી, મોટા કોલાહલથી મનમાં વિકાસ પામતો અને પ્રવર રથપર આરૂઢ થયેલ એવો કુમાર પોતાના શેષ પરિવારને પાછો વાળી પોતે ગુફા સન્મુખ ચાલ્યો અને અનુક્રમે તે ગુફા પાસે પહોંચ્યો. એવામાં જોવાના કૌતુકથી ઘણા લોકો એકઠા થયા. તે બંને બાજુ રહીને મોટો કોલાહલ કરવા લાગ્યા, એટલે એ કોલાહલ સાંભળતાં નિદ્રાનો નાશ થવાથી, બગાસાં આવતાં પોતાના રૌદ્ર મુખને જેણે પહોળું કરેલ છે, હરિણોના રૂધિરપાનથી રક્ત ઉદ્ગાર કહાડતી દાઢાના સમૂહથી સંધ્યાના અરૂણ-રકત શશિને વિડંબના પમાડનાર, ધૂલિ-ધૂસર કેસરાને કંપાવનાર, ઉત્કટ કંધરા-ગ્રીવાથી ભીષણ, ઉંચે વાળેલ મોટા લાંગૂલને પૃથ્વીપર પછાડતાં ઉછળેલ અવાજથી દિગંતરાને બધિર બનાવનાર અને વર્ષાકાળના પ્રથમ મેઘસમાન ગંભીર ગર્જના કરતો એવો તે કેસરી ઉઠયો અને મંદ મંદ લીલાપૂર્વક કુમાર ભણી જોવા લાગ્યો. અહીં ત્રિપૃષ્ઠ પણ ફળ-ભારથી લચી રહેલ દશ્યને જોતો, કેદાર-ક્ષેત્રની રક્ષિકા-સ્ત્રીઓના રાસાલાપ સાંભળતો અને વનની રમણીયતા જોતો તે જેટલામાં આગળ ચાલી ગયો, તેટલામાં સારંગપતિ-સિંહ નજરે પડયો. તેને જોતાં કુમાર ચિંતવવા લાગ્યો—‘ અહો ! આ મહાનુભાવ પગે પૃથ્વીપર ચાલે છે અને હું તો પ્રવર અશ્વોયુકત, વિચિત્ર આયુધો સહિત અને રણઝણિત અવાજ કરતી ઘુઘરીઓથી વ્યાપ્ત એવા રથપર આરૂઢ થયો છું, માટે ઉત્તમ જનોને આ વિસદૃશ યુદ્ધ ઉચિત નથી. ’ એમ ધારી કોપાયમાન થયેલા કૃતાંત-યમની જીવ્હા સમાન વિકરાલ અને અલસીના પુષ્પસમાન પ્રકાશમાન એવી તરવારને જમણા હાથમાં ધારણ કરી અને ડાબા હાથમાં પૂર્ણ ચંદ્રમંડલ સમાન અને અત્યંત સ્ફુરાયમાન તારા સામન ઢાલને લઇ કુમાર રથથકી ઉતરીને ભૂમિપર ઉભો રહ્યો એટલે ફરીને પણ તે ચિંતવવા લાગ્યો–‘ આ તો બીચારો મુખમાં રહેલ ગૂઢ દાઢ અને હાથવતી પ્રેરિત કુંઠ-બુંઠા તથા કુટિલ નખમાત્ર આયુધવાળો અને મેં તો તીક્ષ્ણ તરવાર અને ઢાલ હાથમાં ધારણ કરેલ છે. તેથી એ પણ યુક્તિયુક્ત નથી.’ એમ વિચારીને તેણે ઢાલ-તરવાર તજી દીધાં, એટલે ત્રિપૃષ્ઠનું આવું વિપરીત સ્વરૂપ જોતાં ભારે કોપ કરીને સિંહ ચિંતવવા લાગ્યો—

" મદોન્મત્ત મહામાતંગ, અશ્વો, રથો અને યોદ્ધાઓની રચનાથી મહા-આદરપૂર્વક અહો! રાજાઓથી હું કેવા પ્રકારે રક્ષણ પામતો ? પોતે પ્રકૃષ્ટ બળનું અભિમાન ધરાવનાર અને રણકર્મમાં રસિક છતાં કોઇ પણ યમ સમાન મારા દૃષ્ટિપથમાં આવી પડતો નહિ, અને અત્યારે આ દુગ્ધમુખ-બાળક, તેમાં પણ નવનીતસમાન શરીરે કોમળ, તેમાં પણ અશ્વ, હાથી અને પ્રવર મહાયોધાઓથી રહિત, છતાં તેમાં પણ વળી અવજ્ઞાપૂર્વ પ્રવર રથ થકી નીચે ઉતરી, જમીનપર ઉભો રહીને લીલાથી જેમ તેમ બોલતો, તેમાં પોતાના ભુજબળના ગર્વથી આયુધનો આડંબર તજી, મને મશક-મચ્છર સમાન ગણતો એવો એ કુમાર મારી ગુફામાં પેસવા તૈયાર થયો છે. જીવતા જનોના જોવામાં કે સાંભળવામાં શું નથી આવતું ? આવા લોકો પણ મને અપમાન આપવાને અત્યારે તત્પર થયા છે. જો કે મારા કુટિલ નખરૂપ બાણો, માતંગોના ગંડસ્થળ વિદારવાને સમુચિત છે, તથાપિ એને ગાઢ અવિનયરૂપ વૃક્ષનું ફળ બતાવું." એમ ચિંતવી પોતાના ગર્જારવથી જાણે બ્રહ્માંડના ઉદરને ફોડતો હોય, પુચ્છ-છટાને પછાડતાં જાણે પૃથ્વીતલને દળતો હોય, વિસ્તૃત, ફાડેલ મુખમાં દેખાતી દાઢના કિરણ-સમૂહથી જાણે ગગનના-અંતરાલ-મધ્યભાગને ભરતો હોય, રક્ત લોચનની પ્રભાથી જાણે દિશાચક્રને અખંડ પડતી વીજળીથી વ્યાપ્ત કરતો હોય, વેગથી આવતાં લટકી રહેલા મોટા કેસરાના સમૂહથી જાણે અંતરમાં ન સમાતા કોપસમૂહને બહાર કહાડતો હોય, ઉલ્લાસને લીધે લાંબી ફાળ મારતાં વિશેષ કૃશોદર થવાથી જાણે વચમાં તૂટીને અગ્રકાય અગ્રભાગથી ગળી જવાને ઇચ્છતો હોય અને કૃતાંતની જેમ એક હોલામાત્રમાં જાણે ભુવન-જનના કવલ-કોળીયા કરી લેવા વાંછતો હોય એવો તે સિંહ, મૃણાલસમાન કોમળ ત્રિપૃષ્ઠ કુમારના કર-કમળને ગોચર થયો, એટલે કુમારે તરત જ એક હાથે અધરોષ્ઠ અને બીજા હાથે ઉપરના ઓષ્ઠ-હોઠને અનાદરપૂર્વક પકડી જીર્ણવસ્ત્રની જેમ, કે સડેલા પાંડુપત્રની જેમ અથવા ભોજવૃક્ષની છાલની જેમ તડતડાટ સાથે દ્વિધા ફાડીને તેને મૂકી દીધો. એવામાં લોકોએ ઉત્કૃષ્ટ સિંહનાદ અને જયજયારવ કર્યો, અને વળી કુમારનું પરાક્રમ જોતાં પ્રગટ થયેલા હર્ષથી લોચનને વિકસાવતા એવા ગંધર્વ, યક્ષ, રાક્ષસ, વિદ્યાધર અને કિન્નરોએ પટહ, કાહલ-વાદ્યવિશેષ, મૃદંગ, દુંદુભિપ્રમુખ વાદ્યો વગાડયાં અને ' અહો ! સુયુદ્ધ ' એમ બોલતાં તેમણે જયજય ધ્વનિ કર્યો. વિકાસપામેલ કુવલયના દલસમાન દીર્ઘ લોચનવાલી દેવાંગનાઓએ ભ્રમરવ્યાપ્ત પંચવર્ણના પુષ્પોની વૃષ્ટિ કરી. વળી દેવતાઓએ તરતજ કુમારને મણિમુગટ, કનકકુંડળ, કટિસૂત્ર, બાહુબંધ, હાર પ્રમુખ પ્રવર આભરણો પ્રદાન કર્યાં. તે વખતે વિવિધ વિલાસથી ઉલ્લાસ પામતા

ગોપજનોએ કુમારના ઉત્કટ ગુણ ગાતાં અને તરૂણીઓનું નૃત્ય થતાં, રણાંગણ પણ મહોત્સવયુક્ત થઇ રહ્યું.

હવે તે સિંહ તેવી રીતે દ્વિધા થયા છતાં પોતાની મોટાઇના અભિમાનથી પરવશ થયેલા શરીરે તરફડતાં ચિંતવવા લાગ્યો—' અહો ! હું એ રીતે નિરાયુધ અને એકાકીએક કુમારમાત્રના હાથે યુદ્ધ કર્યા વિના લીલામાત્રમાં માર્યો ગયો. અહો ! મારી કાયરતા ! અહો ! અસામર્થ્ય ! અહો ! નિર્બળ શરીર ! અહો ! દૈવની પ્રતિકૂળતા ! અહો ! આટલો કાળ **સારંગરાજ** એ શબ્દને સર્વથા મેં નિરર્થક ધારણ કર્યો. અરે ! એવા જીવિતને વારંવાર ધિક્કાર છે ! એ પ્રમાણે તરફડતા તે સિંહના અભિપ્રાયને જાણીને કુમારના સારથિએ તેને મધુર વચનથી જણાવ્યું—" લીલામાત્રથી મત્તમાતંગોને હણી નાખનાર હે સિંહ ! અપ્રતિમ શક્તિથી વિરોધીઓને ત્રાસ પમાડનાર હે સારંગરાજ ! ઓળંગી ન શકાય તેવી રીતે ક્રમપૂર્વક ગોઠવેલા પોતાના બળ-સૈન્યયુક્ત એવા હજારો રાજાઓને પરાભવ આપનાર હે વનરાજ ! હે સત્પુરૂષ ! નિરર્થક આમ ક્રોધને શામાટે ધારણ કરે છે ? તું એમ ન સમજી શકે કે આ બાળકમાત્રથી હું માર્યો ગયો, કારણ કે એ બાળક પોતાના કુળરૂપ નભસ્તલમાં એક ચંદ્રમાસમાન, લોકોને આનંદ પમાડનાર છે. વળી સ્વપ્ન પાઠકોએ પ્રથમથી જ એમ કહ્યું છે કે—' આ બાળક ભરતાર્ધ ભૂમિનો સ્વામી વાસુદેવ થશે ' માટે હે ભદ્ર ! તું મૃગસિંહ છે અને એ પુરૂષસિંહ છે, તો સિંહે સિંહને માર્યો તેમાં અપ્રસિદ્ધિ કે અપમાન શું ? " એ રીતે સારથિનાં વચન, મધ કે અમૃતની જેમ શ્રવણ-પુટથી બરાબર પીને અંતરમાં ઉપશાંત થયેલ તે સિંહ મરણ પામીને નરકમાં નારકપણે ઉત્પન્ન થયો અને તે સારથિ અનુક્રમે ત્રિપૃષ્ઠ તીર્થંકરપણું પામતાં ભગવાન્ મહાવીરના **ગૌતમ** નામે પ્રથમ ગણધર થશે.

હવે ત્રિપૃષ્ઠ કુમાર પણ તે સિંહચર્મ લઇને પોતાના નગર ભણી ચાલ્યો અને જતાં જતાં તેણે કૃષિકારોનો કહ્યું—" અરે ! તમે આ કેસરિચર્મ લઇને ઘોટક અશ્વગ્રીવ રાજાને આપજો અને કહેજો-' હવે સ્વસ્થ અને નિર્ભય થઇને શાલિ-ભોજન કરતા રહેજો. અત્યારે બાધા બધી ટળી ગઈ છે. " કૃષીવલોએ એ વચન સ્વીકાર્યું. પછી ત્રિપૃષ્ઠ પોતાના નગરમાં આવ્યો. ત્યાં પ્રજાપતિને પ્રણામ કરીને તેણે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, જેથી સમસ્ત નગરમાં આનંદ આનંદ વર્તી રહ્યો.

અહીં ખેડુતો અશ્વગ્રીવ રાજા પાસે ગયા અને તેમણે પ્રજાપતિના પુત્રે મારેલ સિંહનો વ્યતિકર કહી સંભળાવ્યો, જે સાંભળતાં રાજા મનમાં ક્ષોભ પામી વિચારવા લાગ્યો—" અહો ! નૈમિત્તિકે કહેલ બંને નિશાની અત્યારે સાબીત

થઇ, માટે પ્રજાપતિના પુત્રથી મને અવશ્ય ભય છે, પરંતુ હવે કરવું શું ? અત્યારે તો યમરાજાનો દંડ માથે આવી પડયો. અત્યંત દઢ ગુણરૂપ રજ્જુ-દોરડીથી બંધાયેલ છતાં રાજલક્ષ્મી ચાલી જવાની છે, દાન અને માનથી વશ કરેલા સેવકો પલટાઈ જશે, અથવા તો વિધિ વિપરીત થતાં શું શું થતું નથી, પરંતુ હજી પણ બુદ્ધિપૂર્વકનો પુરૂષાર્થ મૂકવાનો નથી, કારણ કે એનાથી ભાવી અનર્થો પણ વિનાશ પામે છે, નષ્ટ થયેલ સંપદાઓ પણ પાછી પ્રગટ થાય છે, માટે ઉપેક્ષા કરવી કોઇ રીતે યુક્ત નથી. અલ્પ વ્યાધિની પણ યાવજ્જીવ ચિકિત્સા કરવી જોઇએ. અગ્નિકણ અલ્પ છતાં કૈલાસ પર્વતના કાષ્ઠ-સમૂહને ન બાળી શકે એવું નથી, અથવા તો પરાભવ પમાડયા છતાં દૃષ્ટિવિષ ભુજંગનું બચ્ચું વિનાશ ન પમાડે તેમ પણ નથી, માટે અત્યારે એ જ ઉચિત છે કે પ્રજાપતિના પુત્રોને લાલચ બતાવી, અહીં બોલાવી અને દાન, માનાદિકથી વિશ્વાસ પમાડી, તેમનો વિનાશ કરૂં." એમ ધારી તેમને લાવવા માટે દૂતને બોલાવીને રાજાએ જણાવ્યું—"અરે! પ્રજાપતિને એમ કહે કે—'તમે સેવા સાધવાને અસમર્થ છો, માટે કુમારોને જલ્દી મોકલો કે જેથી તેમને એક બીજી સામંત-પદવી આપવામાં આવે. જો કુમારોને ન મોકલે, તો યુદ્ધ કરવાને તૈયાર થા." એટલે 'જેવી સ્વામીની આજ્ઞા' એમ તે વચન સ્વીકારીને દૂત નગર થકી નીકળ્યો અને અનુક્રમે પોતનપુરમાં આવ્યો. ત્યાં રાજા પાસે ગયો. રાજાએ તેને સત્કારપૂર્વક આસન પર બેસારી, આવવાનું કારણ પૂછયું. એટલે દૂતે કહ્યું—"અશ્વગ્રીવ રાજા તમને એવી આજ્ઞા કરે છે કે—'તમે જરાથી જર્જરિત થઇ ગયા છો અને બહુ વૃદ્ધ છો, જેથી આજ્ઞાને માટે અનુચિત છો, માટે તમારા પુત્રોને મોકલો કે જેથી સ્વહસ્તે તેમનો સત્કાર કરૂં અને પ્રવર માતંગ, અશ્વ, નગર, આકર અને ગામો આપી, તેમને મોટા દેશના અધિપતિ બનાવું."

એ પ્રમાણે સાંભળી પ્રજાપતિ રાજા ચિંતવવા લાગ્યો કે—"અશ્વગ્રીવ અતુલ બલવાન્, દુરારાધ્ય અને વગર વિચાર્યે તીક્ષ્ણ દંડ કરવાથી દુર્વિસહ છે. વળી મારા કુમારોએ પર-ભય કદિ જોયો નથી, તેમાં પણ ત્રિપૃષ્ઠ વિશેષ છે." એમ ધારીને પ્રજાપતિએ દૂતને જણાવ્યું—'હે ભદ્ર! કુમારો સેવા-વિધિને સમજતા નથી, વર્ત્તનની વિશેષતા જાણતા નથી, ઉચિત કે અનુચિતનું તેમને લક્ષ્ય નથી અને વળી રાજાનો આદેશ બજાવવામાં તેઓ સમર્થ નથી, માટે હું પોતે જ સબળ વાહનસહિત સ્વામીની સેવામાં હાજર થઈશ." એટલે તે દૂત બોલ્યો—"એવો સ્વામીનો આદેશ નથી. અથવા મુનિઓને પણ દુષ્કર એવા આ સેવા-ધર્મનું તમારે શું પ્રયોજન છે? તમે તો નિરંતર રમણીઓના મધ્યમાં રહી ઇચ્છાનુસાર વિષય-સુખ ભોગવો. કુમારો પણ ત્યાં જતાં પોતાના સ્વામીના પ્રસાદથી જો રાજલક્ષ્મી પામે, તો તેમાં તમારૂં શું

અશુભ-અકલ્યાણ થવાનું છે ? કારણ કે અશ્વગ્રીવ સ્વામી સિંહનો વ્યતિકર સાંભળવાથી પરમ સંતુષ્ટ ( પક્ષે પરમ્ અસંતુષ્ટ ) થયા છે, તેથી મહામંડલ ( મંડલ-દેશ અથવા તરવાર ) નો ઉપભોગ કરાવવા ઇચ્છે છે, ઉંચા પીલુ ( હાથી કે વૃક્ષ ) ના સ્કંધપર આરોપણ કરવા વાંછે છે, તેમજ પાણિગ્રહણ ( વિવાહ અથવા હસ્તબંધન ) કરાવવા ધારે છે." એ પ્રમાણે સાંભળતાં પ્રજાપતિ રાજાએ વિચાર કર્યો—' અહો ! આ દૂત ઇંદ્રવારૂણી-ઇંદ્રાણીના ફળની જેમ બહારથી તો રમણીય લાગે છે, પરંતુ અંતરથી તો દુઃખના વિપાકરૂપ દ્વિઅર્થી વચન બોલે છે, માટે એ વચન સર્વથા દુઃખકારી છે અને બરાબર વિચારવા લાયક છે, કારણ કે ઉતાવળથી કરેલ કાર્યો પ્રાંતે દારૂણ નીવડે છે.' એમ ધારી તેણે દૂતને સ્વસ્થાને મોકલ્યો અને પોતે એકાંતમાં રહી, વિષમ અર્થનો નિર્ણય કરનારા તીક્ષ્ણ બુદ્ધિશાળી મંત્રીઓને બોલાવ્યા. તેમને સારા આસનપર બેસારીને કહ્યું—' અહો ! અશ્વગ્રીવ રાજા મને એમ ફરમાવે છે કે ' કુમારોને સત્વર મારી પાસે મોકલી આપો ' માટે આ બાબતમાં શું કરવા યોગ્ય છે તે કહો,' મંત્રીઓ બોલ્યા—' હે દેવ ! અશ્વગ્રીવ ઉત્કટ પરાક્રમી અને મંત્ર-પ્રચારમાં બહુ ગૂઢ છે અને તમે તેના જ સેવકો, નિરંતર આજ્ઞાવર્ત્તી અને અલ્પ બળવાળા છો, માટે તેની સાથે વિરોધ કેવો ? પોતાની શક્તિ ઉપરાંત કોપ કરવો, તે વિનાશનું કારણ છે.' રાજાએ કહ્યું—' જો એમ હોય, તો કુમારોને ભલે મોકલી દ્યો.' મંત્રીઓએ જણાવ્યું—' હે દેવ ! કુમારો હજી પૂરા બળવંત થયા નથી અને સેવાવિધિથી અજ્ઞાત છે, તો તેમને શી રીતે મોકલવા ? અને વળી કહ્યું છે—યદ્યપિ અતિ વિષમાર્થ સાધવામાં લક્ષ્મી પણ કદાચ સમર્થ હોય, તોપણ ભુજંગવડે ભીમ એવા બિલમાં કોઇ પોતાનો હાથ નાખે ? તેમજ ગમ્યાગમ્યના પ્રકારને ન જાણનાર તથા કાલુષ્ય-દોષથી વ્યાપ્ત એવા જળની જેમ રાજાનું ચિત્ત અવશ્ય નિમ્ન-અધઃસ્થાને જ આકર્ષાય છે. વળી કપાસની કણિકાસમાન એ સેવા પરકાર્યને સાધી શકતી નથી, તેમાં પણ રાજાઓની સેવા તો ઉભયાર્થ સ્વ-પર-કાર્યનો વિનાશ કરનારી નીવડે છે, કારણ કે યથાકથિત વિધાનથી વિમુખ થયેલા અને શિથિલ મનવાળા પુરૂષોને દુઃસાધ્ય વિદ્યાની જેમ સેવા સત્વર વિનાશ પમાડે છે. એ પ્રમાણે હે દેવ ! કુમારોમાં સ્વામીની સેવા સાધવાની કોઈપણ રીતે યોગ્યતા નથી, માટે દૂતને સ્નિગ્ધ વચનથી સમજાવી રાખો."

એમ મંત્રીઓના કહેવાથી પ્રજાપતિએ દૂતને બોલાવીને શાંત વચનથી કહ્યું—"હે ભદ્ર ! તું જઇને અશ્વગ્રીવને કહે કે—' કુમારો તમારી સેવા સાધવાને યોગ્ય નથી, માટે પ્રજાપતિ પોતે જ આવવા ધારે છે." દૂત બોલ્યો—' અરે પ્રજાપતિ ! પિત્તથી પામર બનેલા પુરૂષની જેમ વારંવાર આમ શું બોલે છે ? તું

કુમારોને મોકલ અથવા તો યુદ્ધ કરવાને તૈયાર થઇ જા એવો સ્વામીનો આદેશ છે.' એમ કહીને દૂત બહાર નીકળ્યો, એટલે દુર્વચન સાંભળવાથી રૂષ્ટ બનેલ ત્રિપૃષ્ઠ કુમારે મજબૂત લષ્ટિ, મુષ્ટિના પ્રહારથી હણી, ગળામાં પકડીને, પાછળના દ્વારમાર્ગે તેને કહાડી મૂકયો. પછી તે અનુક્રમે અશ્વગ્રીવ નરેંદ્રના ભવનમાં આવ્યો અને તેણે પ્રજાપતિનો બધો વ્યતિકર રાજાને કહી સંભળાવ્યો, જે સાંભળતાં રાજા ભારે કોપાયમાન થયો અને સભા આ પ્રમાણે ક્ષોભ પામી-કોઇ સુભટ કોપ પ્રગટ થવાથી અધિક દુઃપ્રેક્ષ્ય થયેલ અને સતત ઉત્પન્ન થતા પરસેવાના બિંદુથી ઉદ્ભટ બનેલ એવું પોતાનું મુખ લુંછવા લાગ્યો, કોઇ નવ-કુવલયની માળાસમાન અને નિર્મળ પ્રભાયુકત એવી તરવારપર, ભ્રમરસમાન શ્યામ એવી પોતાની દૃષ્ટિ નાખવા લાગ્યો, કોઇ કોપરૂપ સિંહના આડંબરથી ભય પમાડનાર એવા પર-શત્રુપક્ષને ક્ષોભ કરનાર અને જાણે સાક્ષાત્ પોતાની શકિત હોય, એવી શકિત—શસ્ત્રવિશેષને હાથમાં ધારણ કરવા લાગ્યો, રેખા અને ઉત્કટ ભ્રકુટીના ભંગથી ભીષણ એવું કોઇનું અદ્ધ ભાલ-લલાટ તે પ્રલયકાળે પ્રગટ થયેલ રાહુમંડળયુકત આકાશના જેવું શોભતું હતું, કોઇએ વજ્રસમાન મજબૂત મુષ્ટિના પ્રહારથી તાડન કરેલ ધરણી તે અવિનયધારી અપરાધીની જેમ કંપવા લાગી, ઇષ્ટ રણ-રસથી પ્રગટ થતા રોમાંચવડે હાથ પીન થઈ જવાથી લાંબા વખતથી પહેરેલા કોઇના કનક-કંકણ-કડા પણ તૂટવા લાગ્યા, કોઇ મત્સરના ભારથી તરલ-ચપલ થયેલ અને વચન બોલવામાં સયત્ન એવી જીવ્હા-જીભને દાંતથી દશેલ ઓષ્ઠ સંપુટવડે મહાકષ્ટે દબાવી રાખતો. એ પ્રમાણે તે વખતે કોપભરથી ઉછળતા અને સંગ્રામના સમાગમમાં ઉત્કંઠિત થયેલા સુભટોની વિવિધ ક્રિયાઓ ચાલુ થઇ. એવામાં અશ્વગ્રીવ રાજા કહેવા લાગ્યો—" અરે ! ઉપેક્ષા પામેલા દુરાચારીઓની આવી જ ગતિ હોય છે. એમાં તેનો શો દોષ ? નહિ તો પોતાની પુત્રીને પરણવાના અપરાધ વખતે પણ જો તેને મેં દબાવી દીધો હોત, તો શું આટલો પ્રસાર તે પામી શકત કે ? માટે જે પોતાની પુત્રી સાથે કામ-વિલાસ ઇચ્છે, તે પોતાના સ્વામીને પણ દુઃખ આપે, તેમાં અયોગ્ય શું છે ? અથવા તો હવે એ પ્રમાણે કહેવાથી શું ? હજી પણ એ મહા-પાપીને હું પરાભવ પમાડીશ, માટે અરે ! પ્રયાણની વિજયઢક્કા-વાદ્ય વિશેષ વગાડો, કુંજરોને સજ્જ કરાવો, અશ્વોને તૈયાર રાખો, રથોને જોડાવો, અને બધા રાજાઓને બોલાવો. " એમ રાજાની આજ્ઞા થતાં તરતજ સેવકોએ બધું તૈયાર કરી દીધું.

એવામાં રાજા મજ્જન-ગૃહમાં ગયો. ત્યાં ઉત્કૃષ્ટ પ્રકારે તેણે મજ્જન કર્યું, કાસકુસુમસમાન સુંદર વસ્ત્રો ધારણ કર્યાં, કેશોમાં સુગંધિ પુષ્પો બાંધ્યાં અને સર્વાંગે ચંદન-રસનો લેપ કર્યો, એટલે પુરોહિતે અમંગલના ઉપશમ

નિમિત્તે શાંતિકર્મનું વિધાન કર્યું, અને રાજાના શિરપર તેણે દુર્વા તથા અક્ષત નાખ્યા. આગળ મંગળ-કળશ મૂકવામાં આવ્યો, ઘૃતપૂર્ણ ભાજન બતાવવામાં આવ્યું અને અષ્ટમંગળ આળેખવામાં આવ્યાં. એવામાં મહાવત, સિંદુરથી કુંભસ્થળને અરૂણ-રક્ત અને શરીરે વિભૂષિત બનાવી જયકુંજરને લઇ આવ્યો કે જેના ગંડસ્થળથકી મદજળ ઝરતું અને શત્રુઓને દબાવવામાં જે દુર્ધર-સમર્થ હતો. તેનાપર અશ્વગ્રીવ નરેંદ્ર આરૂઢ થયો, એટલે અત્યંત ઉજ્વળ, ફીણના પુંજ જેવું શ્વેત, પોતાના પરિમંડળ-વિસ્તારથી પૂર્ણ ચંદ્રમંડળને જીતનાર અને લટકતા મુકતાફળના કલાપરૂપ અવચૂલયુકત એવું શ્વેતાતપત્ર-છત્ર ધરવામાં આવ્યું. બંને બાજુ ચામર ઢાળનારી વારાંગનાઓ ઉભી રહી અને દિગ્ગજોના ધ્વનિસમાન ગંભીર અવાજ કરતા ભંભા, મુકુંદ-વાદ્યવિશેષ, મૃદંગ, ઢક્કાપ્રમુખ વાદ્યો વગાડવામાં આવ્યાં, એટલે રાજા પ્રસ્થાન-પ્રયાણ કરવા તૈયાર થયો.

એવામાં કર્ણરૂપ ચામરને ચલાવતા, પ્રચંડ દર્પવડે દુર્ધર, ગંડસ્થળથી મદને ઝરતા, તમાલપત્ર સમાન શ્યામ, પરાક્રમથી અલંઘનીય, મહાપર્વત જેવા ઉન્નત અને જેમને બાંધેલ ઘંટાઓ અવાજ કરી રહી છે એવા મહામાતંગો ચાલ્યા. લાંબા પૃચ્છથી શોભતા, બધી જાતની શિક્ષા પામેલા, પોતાની સારી ચાલથી સ્વામીને સંતુષ્ટ કરનારા, પવનસમાન વેગશાળી, સારા લક્ષણોયુકત, પર-શત્રુએ કદિ ન જોયેલા અને રવિ-સૂર્યના અશ્વોસમાન મનોહર એવા અશ્વો પણ પ્રવૃત્ત થયા. વિચિત્ર ચિત્રોથી સુંદર, જય—વિજય પમાડવામાં સમર્થ, જેના-પર ઘુઘરીઓ અવાજ કરી રહી છે, ઘણાં શસ્ત્રોથી ભરેલા, ઉપર લટકતી પ્રવર કેતુ-ધ્વજાવાળા અને દુઃસાધ્ય વૈરીનું પણ મર્દન કરનારા એવા રથો આગળ ચાલ્યા. તેમજ તરવાર, બાણ, ચક્રને ધરતા, વિપક્ષ વૈરીના યોધાઓને વિદારનાર, પોતાના સ્વામીની ભક્તિમાં પ્રવીણ, અત્યંત યુક્તિઓને જાણનારા, વિજયના લાભમાં જ લાલચ રાખનારા, અચિંત્ય સાહસવાળા અને શરીરે કવચ બાંધી સજ્જ થયેલા એવા મહાયોધાઓ ચાલવા લાગ્યા. એટલે અશ્વગ્રીવની આજ્ઞામાત્રથી પોતાના બધાં કાર્યોને તજી દઇ; **લાટ, ચોલ, મહારાષ્ટ્ર, કચ્છ, કલિંગ,** પ્રમુખ દેશોના રાજાઓ કવચથી સજ્જ બની, અનેક પ્રહરણો-શસ્ત્રો લઈ, જયમાં પ્રસિદ્ધિ પામેલા એવા તેઓ પોતાના સમગ્ર સૈન્યને લઇને અશ્વગ્રીવ પાસે હાજર થયા.

એ પ્રમાણે બધી તૈયારી થતાં રાજાએ પ્રયાણ દેવરાવ્યું, એટલે ચતુરંગ સેના આગળ ચાલી. તેમને પ્રસ્થાન કરતાં દુઃસહ પવન વાવા લાગ્યો, છત્ર પડી ગયું અને તેનો દંડ ભાંગી પડયો, અત્યંત અગ્નિકણોથી દારૂણ આકાશથકી ઉલ્કાપાત થયો, દિવસે તારાઓ દેખાવા માંડયા, રૂધિર-વૃષ્ટિ થઇ, વાદળા વિનાના આકાશમાં વીજળી ચમકી, કંઇપણ કારણ વિના અચાનક જયકુંજર

તડતડાટ સાથે પડી ગયો, નિમિત્ત શિવાય અગ્નિજવાળા પ્રગટ થતાં જાત્યઅશ્વોના પુચ્છ બળી ગયા, પોતાની મેળે દંડ ભાંગી પડતાં જયપતાકા નીચે પડી, હાથીઓનું મદજળ સુકાઇ ગયું; સતત્ રજ વરસવાથી દિશાઓ બધી નિસ્તેજ અને દુરાલોકનીય થઇ પડી, દેવપ્રતિમાઓ અશ્રુપ્રવાહ મૂકવા લાગી, ચિત્રો પણ પરસ્પર હસવા લાગ્યા અને કુતરાઓ ઉંચે સ્વરે રોવા લાગ્યા. એ રીતે તે વખતે ઘણા અશિવો-અપશુકનો ઉત્પન્ન થયાં, એટલે ભવિષ્યમાં અમંગળ જોવાની શંકાથી ભય પામતા કુશલમતિ પ્રધાનો વિનયથી નમ્ર થઇને અશ્વગ્રીવ રાજાને કહેવા લાગ્યા—"હે દેવ! પ્રતાપમાત્રથી હિમની જેમ તમારો શત્રુ વિલીન થઇ જશે, તો અકાળે ભય પમાડનાર આ સમર-પ્રયત્ન શામાટે આદર્યો? તમારા અશ્વોના કઠિન ખુરથી ઉડેલ રજ-પડલથી કર-કિરણનો પ્રસાર પ્રનષ્ટ થતાં સૂર-સૂર્ય કે શુરવીર પણ છુપાઇ જાય, તો અન્ય શું માત્ર કે જે પોતાનો પ્રતાપ બતાવે? માટે વિજયયાત્રાને મૂકી પોતાના નગર તરફ જલ્દી પાછા ચાલો અને અશિવના ઉપશમ નિમિત્તે હોમ, યાગાદિક કરાવો. હે દેવ! આવા અશિવ શુકનોથી અમે જરા પણ કુશલ જોઇ શકતા નથી, આવી રીતે વૈરીઓના ગાઢ મનોરથને શામાટે પૂરો છો?"

એમ સાંભળતાં રાજાએ કહ્યું—"અરે! વિના કારણે તમારામાં આ વાતુલપણું ક્યાંથી આવ્યું? મારા ભુજદંડના પરાક્રમને શું તમે જાણતા નથી? અથવા તો લાંબા વખતસુધી ચાલેલ સંગ્રામમાં શત્રુઓને સતાવીને મેળવેલ વિજય તમને યાદ નથી? તેમજ સંચારરહિત અને પૃથ્વીના ઉંચા નીચા ભાગને ભરી નાખનાર તથા મહાસાગરના જળની જેમ ચારે દિશામાં પ્રસરેલ ચતુરંગ બળ-સૈન્યને તમે જોતા નથી? આમ અસ્થાને મને શામાટે બીવરાવો છો? અથવા તો મને સ્વનગર ભણી શામાટે પાછો વાળો છો? કારણકે પ્રારબ્ધ-પ્રારંભેલ કાર્યનો ત્યાગ કરનારા પુરૂષો જગતમાં પ્રસિદ્ધિ-પ્રશંસા પામતા નથી. વળી તેવા પ્રકારના કેટલાક સંદિગ્ધ અમંગળમાત્રથી વીરપુરૂષો ક્ષોભ પામતા નથી, કારણકે ગ્રહગણની ગતિ, સ્વપ્નોનું દર્શન, દેવતાઓનું માહાત્મ્ય, કુતરા, ખર પ્રમુખના શબ્દો-એ શુકનો એ જ રીતે લોકોમાં પ્રસિદ્ધ છે. તેમજ ઉલ્કાપાત, રૂધિરવૃષ્ટિ પ્રમુખ દુર્નિમિત્તો બધાં ઘૂણાક્ષરના ન્યાય જેવાં છે, તો એનાથી ભય કોણ પામે? માટે તમે ધીર થાઓ. એ બધાં અપશુકનો પ્રજાપતિના માથે હું નાખવાનો છું." એમ કહી નિમિત્તિયાના વચનને વિસારી મૂકી, અવશ્ય વિનાશ થવાનો હોવાથી, દૈવની પ્રતિકૂળતા છતાં, વૃદ્ધ પુરૂષોએ વાર્યા છતાં, અપશુકનોથી સ્ખલના પામ્યા છતાં, અંતઃપુરની રમણીઓએ આગ્રહપૂર્વક અટકાવ્યા છતાં અને નિમિત્ત પાઠકોએ છત્ર-ભંગ સંભળાવ્યા છતાં, સકલ

સૈન્ય સાથે તે આગળ ચાલ્યો અને અનુક્રમે પોતાના દેશના સીમાડાપર આવેલ **રથાવર્ત** પર્વતના પ્રદેશમાં જઈ પહોંચ્યો. પછી ત્યાં સેનાની છાવણી નંખાવી તેણે દૂતને બોલાવીને કહ્યું—" અરે ! પ્રજાપતિની પાસે જા અને તેને કહે કે—' અશ્વગ્રીવ રાજા યુદ્ધને માટે સજ્જ થઇને આવી પહોંચ્યો છે, માટે હવે સત્વર સામે આવ, અથવા તો કુમારોને મોકલી તેનો સત્કાર કર. અકાળે કુળનો ક્ષય ન કર. ' એટલે ' જેવી દેવની આજ્ઞા ' એમ તે વચન સ્વીકારીને દૂત ચાલી નીકળ્યો. અને તે પ્રજાપતિની પાસે પહોંચ્યો. ત્યાં અશ્વગ્રીવનો આદેશ તેણે કહી સંભળાવ્યો. જે સાંભળતાં ત્રિપૃષ્ઠકુમાર ભારે કોપાયમાન થઇને કહેવા લાગ્યો—" હે દૂત ! તું અવધ્ય અને નિર્ભય છે. મારા ઉપરોધ-આગ્રહથી ઘોટકગ્રીવ-અશ્વગ્રીવને જઇને પ્રગટ રીતે આ પ્રમાણે કહે કે-તું બહુ પરિવાર-વાળો છતાં નિર્ભય થઇને રહીશ નહિ, કારણ કે મૃગને સિંહની જેમ અલ્પ-કાળમાં આ ત્રિપૃષ્ઠ તને મારશે. હજી પણ પ્રજાપતિ રાજા પોતાના નામઅર્થને સ્ફુટ રીતે યાદ કરતાં, કદાચ તું નિષ્ઠુરતા તજી દે અને સ્નેહને ધારણ કરે, તો તે તારૂં રક્ષણ કરે; પરંતુ આવેશયુક્ત મતિવાળાને સાચું કહેતા પણ તે દોષ જુએ છે, માટે નિરર્થક આ શિક્ષા પ્રદાનથી શું ? '

ત્યારે દૂત બોલ્યો—' તમે હજી પણ દુઃશિક્ષિત જ રહ્યા છો. તમે સ્વા-મીના બળને જાણુતા નથી, તેથી આમ નિઃશંકપણે બોલો છો. ' એટલે પ્રજા-પતિએ કહ્યું—' હે ભદ્ર ! તું તારા સ્વામી પાસે જા અને કહે કે—પ્રજાપતિ આ આવ્યો. ' એમ સાંભળી દૂત તરત ચાલી નીકળ્યા.

અહીં રાજાએ પણ સૈન્ય સજ્જ કરવાની તૈયારી કરી. એટલે ગર્વથી હણહણાટ કરતાં અશ્વો શણગારવામાં આવ્યા, ગજઘટાને કવચ ચડાવવામાં આવ્યા, યુદ્ધદક્ષ અને ઉત્સાહ પામતા સ્ફરકાસ્રધારી સુભટો તૈયાર થયા, પ્રચંડ ગાંડીવ અર્જુનધનુષ્યસમાન ધનુષ્યના ગુણ-દોરીના ઝણકારથી શબ્દાયમાન એવા ધનુર્ધરો ઉછળવા લાગ્યા, મજબૂત યોધાઓ રથોપર આરૂઢ થયા તથા વિવિધ આયુધોને ધારણ કરતાં સુભટો બહાર નીકળ્યા. એમ ચતુરંગ બળ-સૈન્ય ચાલવા તૈયાર થયું. તેનાથી પરિવૃત થયેલ પ્રજાપતિ રાજા પણ, પ્રચંડ કવચના આટોપ-આડંબરથી શોભાયમાન કુંજરપર બેસીને નગરની બહાર નીકળ્યો. એવામાં ઉછ-ળતી અને મોટા તાલપત્રસમાન નીલધ્વજાના અનુસારે એકત્ર થયેલા સામં-તોથી પરવરેલ, અત્યંત નીલવસ્ત્રને ધારણ કરનાર, હાથમાં હળ-મુશળરૂપ આયુ-ધથી વિરાજિત, તથા સંગ્રામ-સંગમાં ઉત્કંઠિત એવા અચલકુમારથી અનુસ-રાતો, આમળાસમાન સ્થુળ મુક્તાફળોના હારવડે, આકાશ ગંગાના પ્રવાહથી ગંગનાંગણની જેમ વિસ્તૃત વક્ષસ્થળથી શોભાયમાન, તરૂણ સૂર્યના કિરણ

સમાન વસ્ત્રયુગલવડે વડવાનલના જ્વાલાકલાપથી સમુદ્રની જેમ શરીરે સુશોભિત, કર્ણમાં નાખેલ કનકકુંડલની કાંતિના પ્રસારવડે, તત્કાલ સંગમ કરવાને ઉત્સુક બનેલ રાજલક્ષ્મીના સરાગ કટાક્ષની જેમ મુખે દીપતો તથા આગળ પ્રસ્થિત રત્ન-લષ્ટિમાં જડેલ કનકની કપિલ ભારે કાંતિના મિષથી જાણે કોપને બહાર કહાડતો હોય એવો ત્રિપૃષ્ઠકુમાર સત્વર જઇને પ્રજાપતિ રાજાને મળ્યો, અને કહેવા લાગ્યો ' હે તાત! તમે નિવૃત્ત થાઓ અને મને આજ્ઞા કરો. એ અશ્વગ્રીવ શું માત્ર છે ? તમારા પ્રસાદથી એના ધૃષ્ટ શૌર્યને પરાસ્ત કરી દઉં વળી એના બહુ સહાયકો છે એવી પણ તમારે શંકા ન કરવી કારણ કે તે બધા ભોજનમાત્રના સહાયકો છે, પરંતુ ખરીરીતે તો તે એકલો જ છે.' રાજાએ કહ્યું—' પુત્ર ! ઉત્કટ કેશરિકિશોરને લીલામાત્રથી મારી નાખનાર અને લાખો શત્રુઓની અવગણના કરનાર એવા તારા પરાક્રમને શું અસાધ્ય છે ? અમે તો અહીં દૂર રહીને કેવલ કૌતુક જોયા કરીશું', કુમાર બોલ્યો, ભલે એમ કરજો.'

હવે વિશિષ્ટ શુકનો થતાં વધતા હર્ષે, નિરંતર પ્રયાણ કરતાં તે રથાવર્ત પર્વતની સમીપે તેઓ પહોંચ્યા, એટલે બંને સૈન્યોએ પરસ્પર એક બીજાને નજીક જોવાથી કોલાહલ વધતાં, પાખરેલા અશ્વો અને કવચધારી હાથીઓ ઉઠયા, તથા પોતપોતાના ધ્વજચિન્હને ઉંચે કરતાં બંને સૈન્યો સામસામે આવ્યાં અને યુદ્ધ કરવા લાગ્યાં, જેમાં વાજીંત્રના સ્વરથી લોકો સંતુષ્ટ થતા, કાયર જનો ભયથી થરહર કંપતા, ઉત્કટ બંદીજનોના પઢવાથી સુભટો ઉત્સાહમાં આવી જતા અને ધૂળ ઉડવાથી રથોના ધ્વજ–પટો મલિન થયેલા ભાસતા હતા. વળી તીક્ષ્ણ બાણથી ઘાયલ કરેલ અશ્વને લીધે પાખરેલ પોતાના અશ્વોની શ્રેણિથી કુંતધારીને જ્યાં પાછો વાળવામાં આવે તો, અસવારની તીક્ષ્ણ તરવાર ચાલતાં સુભટોનાં શિર જ્યાં કપાઇ રહ્યાં છે, કવચધારી મોટા હાથીઓએ જ્યાં અશ્વઘટાને ફોડી નાખેલ છે, અને અન્યોન્ય એકત્ર મળવાથી જ્યાં નિબિડ સંઘટ્ટ–સંઘટો થઇ રહેલ છે, તેમજ સરલ શલ્ય—શસ્ત્રના પ્રહારથી ગંડસ્થળમાં વેદના પામી હસ્તીઓ જ્યાં પલાયન કરી રહ્યાં છે, પ્રચંડ અને પીન અશ્વો જ્યાં શૂન્ય થઇને ચાલતા, ત્રિશૂળ, ભાલા, બરછી, શલ્ય પ્રમુખ શસ્ત્રોથી ભેદાઇને સુભટો જ્યાં પડી રહ્યા છે, છત્ર અને છત્રધર જ્યાં નીચે પડી ગયેલ છે, હસ્તીઓના પરસ્પર દંત–સંઘટ્ટનથી અગ્નિકણો પ્રગટ થઇ રહ્યા છે, ઘણા ધડ જ્યાં ઉંચા હાથ કરીને નાચી રહ્યા છે, ચળકતા કુંતાગ્ર-ભાલાની અણીથી ઘાયલ થતાં રથિકો–રથ ચલાવનારા જ્યાં ઘુમી રહ્યા છે અને રણાંગણના મધ્યભાગમાં યુદ્ધ કરતા યોધાઓના ઘાતથી તે દુઃસહ્ય ભાસતું હતું. હાથીઓના કુંભસ્થળો વિદારાતાં જ્યાં રૂધિરનો પ્રવાહ ઉછળતો, ભૂમિપર નિશ્ચેષ્ટ થઇને પડેલા મોટા માતંગોથી જ્યાં માર્ગ રોકાઇ જતો, લોચન વિકાસીને આવેલા

રીંછ અને શીયાળોએ મુકેલા પુત્કારથી જે ભીષણ ભાસતું અને રણરસિક યોધાઓ જ્યાં સંતોષ પામતા હતા; વળી દંડ-પતન પ્રમુખ સંગ્રામની વિવિધ પ્રવૃત્તિ કરી ધનુર્ધરો ધનુષ્યધારીઓ સાથે, સ્ફુરકાસ્ત્રધારી સુભટો તેવા જ યોધાઓ સામે, કુંતધારી પોતાના સમવર્ગી જોડે અને અસિધારી ખડ્ગધારી સાથે સંગ્રામમાં જોડાયા. અશ્વો અશ્વોને સ્ખલના પમાડતા, શલ્ય મૂકતા સુભટોવડે દુર્ગમ, હાથીઓના ગંડસ્થળો ઝરતા મદથી જ્યાં આર્દ્ર બનેલ છે, અને સામે આવીને પરસ્પર હસ્તીઓએ જ્યાં એક બીજાની સુંઢ જકડેલ છે, વળી જ્યાં ઘોર રોષ પ્રગટ થઇ રહેલ છે અને ક્ષણે ક્ષણે ભીષણ નિર્ઘોષ થતો સંભળાય છે, નિરોધ પામ્યા છતાં સુભટો સમરાંગણમાં પોતાના પ્રાણ આપીને પણ ચોતરફ પ્રહાર કરતા, નરેંદ્રો હાથમાં વિવિધ આયુધ લઇને પરસ્પર યુદ્ધમાં જોડાયા, દંડનાયક-કોટવાલ પ્રાણરહિત થતાં જ્યાં નીચે પડયો અને વહેતા રૂધિરથી જ્યાં માર્ગ અગમ્ય થઇ પડયો, એવામાં ' અરે ! શેષનાગ સમાન રક્તલોચનયુક્ત અને રણાંગણમાં બદ્ધકક્ષ-સંનદ્ધ થયેલ અશ્વગ્રીવ મને હાથથી બતાવો ' એમ બોલતો પ્રતિશત્રુ-પ્રજાપતિ રાજા શત્રુની સામે પ્રતિપ્રહાર કરતો આવ્યો, એટલે **અંગ, કલિંગ**ના રાજાઓએ એકીસાથે છોડેલા મહા-આયુધોથી પ્રજાપતિને લડતો અટકાવી દીધો, જેથી તે સાધુની જેમ માનરહિત બની ગયો. અશ્વગ્રીવના અશ્વો, ગજો અને રથોવડે દુર્ધર અને બહુજ વિસ્તૃત સેનાએ તત્કાલ પ્રજાપતિના પરાક્રમને મથી તેને ઉદ્યમરહિત બનાવી દીધો. એમ તેને પરાજિત સમજી પ્રગટ થયેલ કોપ અને ભ્રકુટીથી ભીષણ બનેલ મુખવડે સાક્ષાત્ યમ સમાન ભાસતો એવો **અચલકુમાર** પોતાના હળ અને મુશળ દિવ્યાયુધને ચલાવતો સત્વર શત્રુની સામે આવીને ઉભો રહ્યો. ત્યારે લાંબા કાળથી પ્રાપ્ત કરેલ જયવાદના ગર્વથી અભિમાની બનેલા, દ્રઢ મત્સરને ધારણ કરતા અને શલ્ય, બાણ, પ્રમુખ શસ્ત્રોને મૂકતા એવા તે રાજાઓ ગર્વથી ગાજતા, અચલ પાસે આવ્યા, જેથી અચલને હર્ષનો આવેશ આવતાં તેના કવચના સાંધા તૂટી પડ્યા અને તેમને જોતાં મનમાં જરાપણ ક્ષોભ પામ્યા વિના તે ભારે શોચ કરતો બોલ્યો—" અરે ! તમે સત્વર મારા ચક્ષુપથથી દૂર થઇ જાઓ. વિના કારણે તમે યમના ઘરે જવાને શા માટે તૈયાર થયા છો ? અરે ! શ્વેત શિખાવાળા અને કોપાયમાન કીનાશસમાન અતિ દુસ્સહ એવા મારા હળને તમે શું જોઇ શકતા નથી ? વળી જે શત્રુના વક્ષસ્થળને વિદારવામાં સમર્થ અને જેની કાંતિથી આકાશ અરૂણિત થાય છે, અને વળી તમે જય મેળવવા સમરાંગણમાં જે આમ ઉદ્યત થયા છો; તો ભ્રમરસમાન શ્યામ પ્રભાયુક્ત અને પૃથ્વીપરના મણિઓના શ્રેષ્ઠ પરમાણુઓથી જેનું મુખ બનાવેલ છે એવા મારા મુશલને પણ શું તમે જોતા નથી ? "

એ પ્રમાણે સાંભળતાં તેઓ કહેવા લાગ્યા—'અરે! તારી તે શી શ્રેષ્ઠતા છે? કારણ કે તારા જેવા હાલિકો-હળ ચલાવનારા જોઇ કહાડયા છે, અને મુશળ તો મહિલા પણ લીલાથી ધારણ કરે છે.' એમ બોલતાં શત્રુઓ સામે બળદેવ-અચલ હાથમાં હળ લઇને એકદમ ધસ્યો, અને કેટલાક સુભટોને તે મુષ્ટિ-પ્રહારથી તાડન કરવા લાગ્યો, સ્વભાવથી ઉદ્ભટ એવા કેટલાકને મુશળથી ચૂરવા લાગ્યો, હળના અગ્રભાગથી કેટલાકના ઉરૂ-સાથળ ચીરવા લાગ્યો અને કેટલાકને પાદ પ્રહારથી જમીનદોસ્ત કરવા લાગ્યો. એક ઘાતથી તે મહા હાથીઓને પાડતો અને તૃણ-પુળાની જેમ મોટા રથોને આકાશમાં ઉડાવી દેતો, છતાં જેઓ બધા આયુધો તજી દેતા, તેમને તે કરૂણા લાવીને છોડી મૂકતો. તેના તેજની પ્રખરતાને લીધે નિર્ગતપ્રતાપ-બાલસૂર્ય પણ તેના મુખપર રહી શકતો નહિ. એમ મજબૂત શરીર અને અનુપમ સત્વશાળી પરાક્રમી બળદેવે, અશ્વગ્રીવની સેનાના સામર્થ્યનો તથા સુભટોના મદનો સત્વર નાશ કરી દીધો, જેથી તેઓ ચોતરફ નાશ-ભાગ કરવા લાગ્યા. એ પ્રમાણે પ્રતિદિન બંને સેનાનું યુદ્ધ ચાલતાં તે સમરાંગણ અનેક પ્રકારે ભીષણ ભાસવા લાગ્યું. તેમજ વળી એક બાજુ માર્યા ગયેલા રાજાઓની રમણીઓના કરૂણ રૂદનથી ભયંકર અને બીજી બાજુ બંદિજનોની તર્જનાથી પ્રતિસુભટો પાછા આવતા, એક તરફ હાથીઓના દંતાગ્રથી ભેદાયેલા શૂરાઓની તરવારથી રથિકો માર્યા જતા અને એક તરફ ભય પામેલા કાયરજનો પોતાના મુખમાં આંગળી નાખી રહ્યા હતા. એકત્ર વીર પુરૂષો અન્યોન્ય હાથ ઉંચા કરીને એકબીજાને બોલાવતા અને અન્યત્ર અજાણ્યા મહાવતથી ભાગી જતા હાથીઓને પરિચિત મહાવતો પરિભ્રમણ કરાવી રહ્યા હતા. એક સ્થળે તાળી દઇ મળતા ઘોર વેતાળો કોલાહલ કરતા અને અન્ય સ્થાને શીયાલણો મરેલા માણસોને ખાતી હતી. વળી એક તરફ દાંત સમાન તીક્ષ્ણ ચક્રથી જમીનપરના ઘણા લોકો છેદાતા અને બીજી બાજુ માગધજનોથી ગવાતા શ્રેષ્ઠ ચરિત્રો સાંભળતાં સુભટો સંતોષ પામતા હતા. એમ ઉભય સૈન્યના સુભટોએ વિવિધ ભીષણ ક્રિયાઓ કરતાં, તે સમરાંગણ દેવતાઓને પણ ભારે ભય ઉપજાવનારૂં થઈ પડયું, અને વળી રણ-સ્થાનમાં પડેલા કાન, શિર, હાથ, પગ, જંઘા અને શરીરના ટુકડા જોતાં, જગતના લોકોને ઘડવા તૈયાર થયેલા એવા વિધાતાના ઘર જેવું તે ભાસતું હતું.

એ રીતે ઘણા દિવસ મહાસંમર્દ-સંગ્રામ ચાલતાં, તીક્ષ્ણ બાણોથી કુંભસ્થળમાં ભેદાયેલા અનેક શ્રેષ્ઠ હાથીઓ જમીનદોસ્ત થતાં, વળી સુંદર અને ઉંચા રથો ચૂરણ થઇ જતાં, હજારો રાજાઓ નાશ પામતાં અને 'માર, ઠાર કર, કાપી નાખ' એવા ભયાનક શબ્દો સંભળાતાં. ત્યાં બહુ લોકોનો ક્ષય થતો જોઇને ત્રિપૃષ્ઠે દૂતના મુખથી અશ્વગ્રીવને જણાવ્યું—'આ નિરર્થક

નિર્દોષ પરિજનોના ક્ષયથી શું ? આપણે બંને વચ્ચે પરસ્પર વૈર બંધાયેલ છે, માટે તું તારા ભુજબળને અંગીકાર કરી ચિત્તને બરાબર સ્થિર કર. કાયરતા તજીને પરના પુરૂષાકાર-પ્રયત્નની આશા મૂકી દે. પોતાના હાથની કુશળતા બતાવ, શરીરની સુકુમારતા મેલી દે, અને એકલા મારી સાથે કોઇની મદદ વિના સંગ્રામ કરવાને તૈયાર થા.' એટલે એ સંદેશો બરાબર ધારી લઇને દૂત ચાલ્યો અને કુમારનો સંદેશો તેણે અશ્વગ્રીવને નિવેદન કર્યો. રાજાએ તે પ્રમાણે કબુલ કર્યું. પછી બીજે દિવસે વિચિત્ર હથીયારથી ભરેલ, પ્રવર અશ્વયુક્ત તથા સારથિ માત્રના પરિકર સહિત એવા રથપર આરૂઢ થઇને અશ્વગ્રીવ અને ત્રિપૃષ્ઠ બંને રણભૂમિમાં ઉતરી પડયા, એટલેનાં બંને બાજુ પોતપોતાના સ્વામીનાં પરાક્રમ જોવાને કૌતુક પામતા બંને સૈન્યો ઉભા રહ્યાં. વળી રૂંદ, સ્કંદ, **ચંડી, કુષ્માંડી** પ્રમુખ દેવતાઓની સેંકડો માનતા માની, દાન કરવામાં પરાયણ એવી રાજરમણીઓ ઉંચા પ્રદેશોમાં છુપાઇને બેસી રહી. તે યુદ્ધ જોવાને ઉત્સુક એવા દેવ, કિન્નર, કિંપુરૂષ અને વિદ્યાધરો આકાશમાં ઉભા રહ્યા. આ વખતે જટાને જેણે લાંબી લટકતી મૂકી દીધી છે, હાથમાં છત્ર ધારણ કરેલ છે, સંગ્રામ જોવાને ગાઢ હર્ષથી જે ઓતપ્રોત છે, પ્રતિક્ષણે અટ્ટહાસ્ય કરતો અને દેવ, સમૂહને ઉપયોગ કરાવતો એવો **નારદમુનિ** ત્યાં ઉપસ્થિત થયો.

એવામાં અશ્વગ્રીવે ત્રિપૃષ્ઠને કહ્યું—" ગિરિગુફાના નિવાસથી ખેદ પામેલ રોગ તથા જરાથી જર્જરિત થયેલ અને કરૂણાના સ્થાનરૂપ એવા સિંહને મારવાથી અહો ! તું બળમદ બતાવે છે. શું હું પ્રથમ જ લીલાપૂર્વક તેને મારવામાં સમર્થ ન હતો ? પરંતુ મૃગને મારતા સિંહ અપયશ પામે તેથી જ મેં તેને માર્યો નહિ. કદાચ તને દુગ્ધવદન-બાળક સમજીને કુશળ પુરૂષો શિખામણ ન આપતા હોય, તથાપિ હે સુંદર ! એટલા માત્રથી વૃથા ન્યાયની વિમુખ તું શા માટે થાય છે ? સત્ય છે કે કોપાયમાન થયેલ કૃતાંત-યમ પોતાના હાથે ચપેટા-લપડાક મારતો નથી, પરંતુ દુર્બુદ્ધિ આપીને તે બીજાના હાથે મરાવે છે. વળી અન્ય પુરૂષો કરતાં કંઇક અધિક જે તને બહુબળ પ્રાપ્ત થયું છે, તે પિપીલિકા-કીડીઓને વિનાશ કાળે જેમ પાંખ પ્રગટે તેમ તારા નાશ નિમિત્તે જ છે. હે ભદ્ર ! વૃદ્ધ પ્રજાપતિ પાર્થિવને માટે તું પુત્રના મિષે ધૂમકેતુની જેમ ખરેખર વિનાશ-સૂચક પ્રગટ્યો છે " ત્યારે ત્રિપૃષ્ઠ કહેવા લાગ્યો—' તારી વૃદ્ધાવસ્થાને આ દુર્વચનના કથનરૂપ શું પ્રથમ પગ પ્રગટ્યો છે ? અથવા તો યમનો સમાગમ નજીક હોવાથી નિષ્ઠુર સ્વભાવ ઉત્પન્ન થતાં તું આમ નિર્લજ્જ વચન બોલે છે અને હે વૃદ્ધ ! પોતાનું માહાત્મ્ય સ્વમુખે વર્ણવે છે. રણરૂપ કસોટીમાં આવેલ જેનું પ્રવર શૌર્ય-રૂપ સુવર્ણ શ્રેષ્ઠતા પામેલ છે એવા પુરૂષનો ઉત્કૃષ્ટ ઉત્કર્ષ વખણાતા છતાં

શોભે છે, માટે એક ક્ષણવાર એ તારા વચનને સંકેલી લે. હવે શત્રુપક્ષને સતાવનાર અને મહાવેગયુક્ત બાણાવલિ તારી અને મારી વચ્ચે ભલે ભમ્યા કરે.' એટલે અશ્વગ્રીવ પુનઃ બોલ્યો—'હે ભદ્ર! તું હજી બાળક છે, તેથી મારા હાથ પ્રહાર કરવા સમર્થ નથી, માટે તુંજ પ્રથમ પ્રહાર કર.' ત્રિપૃષ્ઠે કહ્યું—'અરે ઘોટક-અશ્વગ્રીવ! પૂર્વે તું મારા તાતનો સ્વામી હતો, તેથી તે અનુવૃત્તિ પરંપરાથી જ તારૂં વચન મારે અલંઘનીય છે, માટે સાવધાન થઇ જા. કૃતાંતની દૃષ્ટિસમાન દુસ્સહ એવી આ બાણ-શ્રેણિ આવી પડી સમજજે' એમ કહી કાન સુધી ધનુષ્ય ખેંચીને તેણે પ્રત્યંચા-દોરીનો અવાજ કરાવ્યો, અને ખલપંક્તિની જેમ મર્મવેધક તથા લોહમય અને અતિ કઠિન એવી બાણ-શ્રેણિ મૂકી. એટલે અશ્વગ્રીવે ધનુર્વેદની કુશળતાથી તીક્ષ્ણ ખુરપા વડે અર્ધમાર્ગે જ તેને ખંડિત કરી દીધી. પછી કુમારે સપક્ષ ભૃત્યની જેમ નિરપેક્ષ ગમન કરનાર ફરીને બાણાવલિ મૂકી, જ્યારે પુણ્યરહિત જનના મનોરથની જેમ તેને પણ અશ્વગ્રીવે સ્ખલિત કરી મૂકી. વધારે તો શું પણ કુમાર, નરેંદ્રની સામે જે કાંઇ શસ્ત્ર નાખતો, તે સર્વને અશ્વગ્રીવ પોતાની ચાલાકીથી અટકાવી દેતો. વળી પ્રચંડ કોપથી અશ્વગ્રીવ પણ જે કાંઇ શસ્ત્ર કુમાર ભણી છોડતો, તેને રોગ પ્રત્યે વૈદ્યની જેમ કુમાર પણ પ્રતિઘાત પમાડતો, એટલે ભરત અને બાહુબલિની જેમ ગાઢ કોપથી પ્રહાર કરતા તે બંને પ્રલયકાળના રાહુ અને શનિશ્ચરના જેવા ભાસતા હતા. એ રીતે પ્રકૃષ્ટ ગર્વથી પરસ્પર યુદ્ધ કરતાં તેમના પાદ-ભારથી આક્રાંત થયેલ-દબાયેલ એવી સચરાચર ધરણી પણ થરથરવા લાગી. એવામાં નિરંતર પ્રક્ષેપ કરવાથી સુકૃત સમૂહની જેમ અશ્વગ્રીવનો શસ્ત્રસંમૂહ બધો ખલાસ થઇ ગયો, એટલે કિંકર્ત્તવ્યતાથી મૂઢ અને એહથી વ્યાકુળ બનેલ તેમજ શત્રુગર્વનો અભગ્ન પ્રસાર જોતાં, ઉત્પન્ન થતા કોપને લીધે સંકટમાં આવી પડેલ અશ્વગ્રીવે, આપદમાં ધનની જેમ, દૃઢ પ્રેમવાળા મિત્રની જેમ અને પ્રિય કલત્રની જેમ ચક્રનું સ્મરણ કર્યું, જેથી અગ્નિના પ્રસરતા ભારે કિરણોની શ્રેણિથી જાણે હજારો પલ્લવ પ્રગટયા હોય, કલ્પાંતકાળના પ્રચંડ માર્તંડના મંડળસમાન દુષ્પ્રેક્ષણીય, યમના અરૂણ લોચન સમાન રૌદ્ર અથવા એકત્ર થયેલ સમસ્ત વીજળીના પડલ સમાન એવું ચક્રરત્ન તરતજ અશ્વગ્રીવના હાથમાં ઉપસ્થિત થયું, એટલે પ્રહર્ષથી લડલડાટ થઇને કવચના બંધ તૂટતાં તેણે ત્રિપૃષ્ઠના વધ નિમિત્તે તરતજ ચક્ર ચલાવ્યું. તે કુમારના કપાટસમાન વિસ્તૃત વક્ષસ્થળે વેગથી જઇને, લાંબા કાળે દર્શનને માટે ઉત્સુક થયેલ વલ્લભ જનની જેમ તુંબની સાથે સંલગ્ન થયું. એમ દૃઢ ચક્રના સંઘટ્ટથી તુંબમાં ઘાયલ થતાં વ્યાકુળ થયેલ કુમાર મૂર્છાથી આંખ મીંચીને ધરણીપર ઢળી પડયો, જેથી ઉત્પન્ન થતા ભારે પ્રમોદથી અશ્વગ્રીવની

સેનાએ તરતજ જય જય શબ્દથી મિશ્રિત કોલાહલ કરી મૂક્યો, તેમજ વિવિધ આયુધો ઉગામતા શત્રુના સુભટો જેટલામાં આગળ ધસ્યા નહિ, તેટલામાં તો તરતજ મૂર્છારહિત થયેલ અને ' અરે ! ઘોટકગ્રીવ ! હવે હમણાં જ તું મુઓ સમજજે ' એમ કહેતા ત્રિપૃષ્ઠ કુમારે ચળકતું ચક્ર તેની સામે છોડયું, એટલે તીક્ષ્ણ ધારથી તાલ-ફળની જેમ અશ્વગ્રીવનું તરત મસ્તક છેદીને તે પાછું ત્રિપૃષ્ઠના હાથમાં ઉપસ્થિત થયું.

એ પ્રમાણે અશ્વગ્રીવ હણાતાં હર્ષ પામી, રોમાંચથી પ્રફુલ્લિત થયેલા અને તત્કાળ જય જયારવ કરતા સુરાસુર—દેવ-અસુરોએ, પારિજાતની મંજરીથી ગુંથેલ, ભારે સુગંધને લીધે લુબ્ધ થઇ એકઠા થતા ભ્રમરોના શબ્દો યુક્ત, નિરંતર નીકળતા અમંદ મકરંદના બિંદુ સમુહથી સમસ્ત દિશાઓને સુગંધમય બનાવનાર એવા કમળ, કુવલય, માલતીપ્રમુખ પંચવર્ણ પુષ્પોની વૃષ્ટિ કરી અને ઉંચા ધ્વનિથી ઉદ્ઘોષણા કરી કે—" અરે ! પાર્થિવો ! હવે તમે કોપકંડુ-ખરજનો ત્યાગ કરો, દુર્વહ દુર્વિનયને મૂકી દ્યો, અશ્વગ્રીવનો પક્ષપાત તજો, અસાધ્ય ઉદ્યમ મૂકો અને અત્યંત આદરપૂર્વક ત્રિપૃષ્ઠને પ્રણામ કરો, કારણ કે એ આ ભરતક્ષેત્રમાં બધા બલવંત પુરૂષોમાં શ્રેષ્ઠ, અને પૂર્વભવે ઉપાર્જન કરેલા સુકૃતનાં સમૂહથી પ્રગટ થતા મહાકલ્યાણના નિધાનરૂપ એવો પ્રથમ વાસુદેવ ઉત્પન્ન થયો છે." એમ સાંભળતાં સંભ્રાંત-ભયયુક્ત લોચનવાળા, આયુધોને જેમણે દૂર મૂકી દીધાં છે, અહમહમિકા ( હું પહેલો જાઉં ) એવી અત્યુત્કંઠાથી સ્ખલના પામતા મણિમુગટના અગ્રભાગથી ચરણ-નખોને ઉત્તેજિત કરનાર અને લલાટે અંજલિ જોડી આવનાર એવા હજારો રાજાઓએ પંચાંગ-પ્રણિપાતપૂર્વક ત્રિપૃષ્ઠને પ્રણામ કર્યા અને વિનંતી કરી—" હે દેવ ! પરાધીનતાથી યુક્તાયુક્તને ન જાણતા અમે તમારો જે અપરાધ કર્યો, તે બધો અત્યારે ક્ષમા કરો, અને પ્રસાદ કરીને તમારા ચરણ-કમળની સેવાથી અમને આભારી બનાવો. એક તમને મૂકીને અમારો બીજો નાથ-સ્વામી નથી. " એમ સાંભળી ત્રિપૃષ્ઠ બોલ્યો કે—" અરે ! રાજાઓ ! તમે આમ શું બોલો છો ? એમાં તમારો શો દોષ છે ? પરાધીન જનોની એવી જ ગતિ હોય છે, માટે પ્રતિભય-મારી તરફનો ભય મૂકી દ્યો. ભય કે વિપ્લવની પ્રશાંતિ સાથે તમે પોતપોતાનું રાજ્ય ભોગવો. મારી છત્રછાયા તળે રહેતાં તમને પુરંદર-દેવેંદ્ર પણ પરાભવ પમાડનાર નથી. "

એવામાં ત્રિપૃષ્ઠની સેવામાં હાજર થયેલા રાજાઓને જોતાં, અશ્વગ્રીવના નાશનો નિશ્ચય કરી રાજરમણીઓ તે સ્થાને આવી. ત્યાં છેદાયેલ ગળાની નસમાંથી નીકળતા રૂધિરના પંકથી અંગે વિલિપ્ત થયેલ તે જાણે શરીરે રક્તચંદનનો લેપ કર્યો હોય તેવો ભાસતો, ઉપર માંસલુબ્ધ પક્ષીઓ ભમવાથી સૂર્ય કિરણને અટકાવ-

નાર જાણે મોટું છત્ર ધારણ કર્યું હોય અને પાસે પડેલા જમીનદોસ્ત થયેલા પ્રધાનપુરૂષોને લીધે જાણે રાજ-સભામાં બેઠો હોય એવો અશ્વગ્રીવ તેમના જોવામાં આવ્યો, એટલે પૂર્વે કદિ ન જોયેલ અને અત્યંત તીક્ષ્ણ દુઃખ પમાડનાર રાજાની તેવી અવસ્થા જોઇને અંતઃપુર આ પ્રમાણે આક્રંદ-વિલાપ કરવા લાગ્યું-"હા ! હા ! કૃતાંત ! નિર્દય ! તેં આવું પાપ કેમ આચર્યું ? હે હતાશ ! આવા નરેંદ્રનો પણ નાશ કરી નાખ્યો. અરે ! આટલા બધા કરોડો સુભટોને મારતાં તેને તૃપ્તિ ન થઇ કે નિષ્પુણ્ય ! આ રાજાને પણ મારી નાખ્યો ? હે નિષ્કૃપ ચક્ર ! તેં પોતાના સ્વામીના વિનાશથી અપયશ કેમ વ્હોરી લીધો ? હે યક્ષો ! તમે પણ દયાહીન થઇને આ ચક્રની ઉપેક્ષા કેમ કરી ? શ્રેષ્ઠ વંશમાં ઉત્પન્ન થયેલ હે કાલ ! તારા પણ તે ગુણથી શું ? હા હા રક્ષામણિ-રત્નો ! તમે પણ વિશ્વાસીના વિનાશક નીવડયાં ! અરે ! અધમ પુરોહિત ! તેં ઘણો કાલ અગ્નિને તૃપ્તિ પમાડી છે, માટે હે નિર્લજ્જ ! કહે કે અત્યારે આ શું અમંગળ-અશિવ થયું ? કે આમ બધું સ્ખલિત થવા પામ્યું. હે અંગરક્ષકો ! તમે પણ અત્યારે કેમ પલાયન કરી ગયા ? હા ! હા ! બધું એકી સાથે વિમુખ થઈ ગયું. હા પ્રાણનાથ ! લાખો શત્રુ સુભટોને હણનાર તમે અત્યારે સ્વર્ગે જતાં, કોની જયઢક્કા વાગશે ? હા રાજલક્ષ્મી ! તું વૈધવ્યથી દૂષિત થતાં હવે શા માટે જીવે છે ? નહિ તો કુનાથથી દૂભાતી તું દુઃખ અનુભવીશ." એ પ્રમાણે વિલાપ કરતી, અત્યંત છાતીને કૂટતી, મુક્તાહારોને તોડતી, વૈધવ્ય દુઃખથી સંતાપ પામતી, વલય-કંકણોને દૂર ફેંકી દેતી અને નિરંતર અશ્રુ-પ્રવાહને મૂકતી એવી રાજરમણીઓએ એવી રીતે રૂદન કર્યું કે જે સાંભલતાં તે પ્રદેશના પક્ષીઓ પણ રોવા લાગ્યાં. પછી પોક મૂકીને રોતા સેવક-પરિજનોએ અશ્વગ્રીવનું મૃત શરીર, જ્વાળાયુક્ત અગ્નિમાં નાખ્યું.

એવામાં રાજરમણીઓના વૈધવ્ય-દુઃખને જાણે સહન કરી શકતો નહોય, પ્રચંડ સંગ્રામ જોવાથી જાણે ભયભીત થયો હોય, તીક્ષ્ણ તરવારોથી ખંડિત થયેલા અશ્વોના ધડ-કલેવર જોતાં જેના રથાશ્વો જાણે ત્રાસ પામ્યા હોય, અને પવનથી ઉડેલ રૂધિરના બિંદુઓથી જાણે સંસિક્ત થયેલ હોય એવો સહસ્રકિરણ-સૂર્ય આલોહિત-રક્ત બની અસ્ત પામ્યો. એટલે જંગલી મહિષ-શૃંગના વલય સમાન શ્યામ તિમિર-પડલરૂપ પટથી આચ્છાદિત થયેલ, તારારૂપ લોચનથી સ્ફુરાયમાન, નિરંતર પડતા ઉલ્કાપાતના અગ્નિકણ રૂપ ઉદ્દગારના મિષે જાણે ઇચ્છા ઉપરાંત સુભટોનું રૂધિર પીવાથી કોગળા મૂકતી હોય, મહા રાક્ષસની જેમ ભય પમાડનાર એવી રાત્રિ પ્રસારવા લાગી, જેથી

લોકો પોતપોતાના સ્થાને પડી રહ્યા. પછી અનુક્રમે પ્રભાત થતાં ત્રિપૃષ્ઠે પોતાના પુરૂષોને જણાવ્યું—"અરે! તમે રણભૂમિમાં જાઓ અને ત્યાં પ્રહારથી ઘાયલ થયેલા યોધાઓની તપાસ કરો. તેમના ઘાતપર પાટા બાંધી ઔષધાદિકથી તેમનું રક્ષણ કરો અને દુષ્ટ અશ્વોએ નીચે પાડેલા રાજાઓની શોધ કરો. એ પ્રમાણે પોતાના સેવકોને ત્યાં નિયુકત કરી, અંતઃપુર સહિત અને સમસ્ત રાજાઓથી પરવરેલ ત્રિપૃષ્ઠ પોતનપુરમાં આવ્યો, અને નગરજનોએ હજારો ધ્વજાઓથી શણગારેલ, સ્થાને સ્થાને બાંધેલ માંચડાપર નાટક કરતી વારાંગનાઓથી રમણીય, પાથરેલ સુગંધિ પુષ્પોના પુંજથી વ્યાપ્ત રાજમાર્ગયુકત અને મનોહર પટહ પ્રમુખના પ્રગટ જયનાદથી ગર્જિત, એવા તે નગરમાં મહાવિભૂતિપૂર્વક ત્રિપૃષ્ઠ દાખલ થયો, એટલે શેષ પરિવાર યથોચિત સ્થાને રહ્યો. પછી કેટલાક દિવસો ત્યાં રહી, ફરી પણ બધા સૈન્ય સહિત અને **ચક્ર, છત્ર, ધનુષ્ય, મણિ, માળા,** ગદા, **શંખ**—એ રત્નોયુકત ત્રિપૃષ્ઠ દિગ્વિજય કરવા નીકળ્યો. અનુક્રમે તેણે ભરતાર્ધ ક્ષેત્ર સાધ્યું. પૂર્વે ન નમેલા રાજાઓને નમાવ્યા, તેમને સેવાવૃત્તિમાં સ્થાપ્યા, અને તેમની પાસેથી હાથી, અશ્વ, રત્ન પ્રમુખ કીંમતી પ્રાભૃત-ભેટો લીધી. એમ બધા હજારો મંડલેશ્વરોથી અનુસરાતો, અ-અપૂર્વ નગરાદિક જોતો, અંગ, વંગ, કલિંગાદિ દેશોમાં અન્ય અન્ય રાજાઓને સ્થાપન કરતો તે **મગધ** દેશમાં પહોંચ્યો, ત્યાં કોટિ પુરૂષો ઉપાડી શકે તેવી મહાશિલા તેના જોવામાં આવી, એટલે પોતાના ભુજબળના ગર્વથી તેને લીલાપૂર્વક વામ-ડાબા ભુજદંડથી ઉંચે ઉપાડી છત્રની જેમ તેણે શિરપર ધારણ કરી. એમ અતુલ બળ જોવાથી હર્ષને લીધે વિકાસ પામતા લોચને, રાજાઓએ જય જયારવ કર્યો અને માગધજનોએ આ પ્રમાણે ગુણગાન કર્યા—હે દેવ! મૃણાલ સમાન અને વિશાળ કોટિશિલાને ધારણ કરનાર એવો તમારો હાથ, શિરે ધરણીપૃષ્ટને ધરનાર શેષનાગની સમાનતા બતાવે છે. તમારી આવી લીલાથી કોનું ચિત્ત કંપાયમાન ન થાય? પરંતુ તે જન સર્વથા પત્થરથી બનાવેલ ન હોવો જોઇએ." એમ અનેક પ્રકારે માગધજનોથી વખણાતો ત્રિપૃષ્ઠ કોટિશિલાને મૂકીને પોતાના નગર ભણી ચાલ્યો. જતાં જતાં તે દંડકારણ્યની ભૂમિમાં ગયો અને સેનાને સ્થાપન કરીને તે કેટલાક દિવસ ત્યાં રહ્યો.

એકદા સેવકો બધા ગાઢ નિદ્રામાં હતા, તે વખતે અનુરક્ત અને વિરક્ત પરિવારની તપાસ કરવા, વેશ-પરાવર્ત્ત કરી, હાથમાં ચક્ર લઇ, યામહસ્તી-પહેરામાં ઉભા રહેતા માતંગોપર આરૂઢ થયેલા અંગરક્ષકોનું લક્ષ્ય ચુકાવી, વાસુદેવ એકલો પોતાના તંબુમાંથી બહાર નીકળ્યો અને પદ-પ્રચાર જણાવ્યા વિના આમ તેમ ભ્રમણ કરતાં તે સૈન્ય-પ્રદેશને ઓળંગી આગળ જેટલામાં જાય છે, તેવામાં થોડે છેટે મંદ મંદ કોલાહલ તેના સાંભળવામાં આવ્યો. જે સાંભળી

કૌતુહળ પામતો ત્રિપૃષ્ઠ તે તરફ દોડયો અને ઘણા વૃક્ષોથી વ્યાપ્ત એક વનમાં પહોંચ્યો. ત્યાં જતાં પેલો કોલાહલ શાંત થઇ ગયો. એટલે-' આ શું બિભીષિકા-ભયચેષ્ટા છે કે મારો મતિવિભ્રમ છે ? એમ જેટલામાં વિચારે છે, તેટલામાં કાનમાંથી કોઇ દુઃખી પુરૂષનો ગાઢ શબ્દ સંભળાયો, તેને અનુસરીને ત્રિપૃષ્ઠ પુનઃ આગળ ચાલ્યો અને વક્ષસ્થળમાં સ્ફુરાયમાન કૌસ્તુભ-મણિના કિરણથી અંધકારનો ધ્વંસ થતાં થોડું આગળ ચાલવાથી હરિ-વાસુદેવે, વૃક્ષની સાથે વિવિધ બંધને બાંધેલ એક પુરૂષ દીઠો. તેણે ઉચિતાદરથી તેને પૂછયું--' અરે ! તને આવી અવસ્થા કોણે પમાડી છે ? ' તે બોલ્યો—' હે મહાનુભાવ ! હું નિબિડ બંધને બાંધેલ હોવાથી કંઇ પણ કહી શકતો નથી, માટે મને બંધનમુક્ત કરો કે જેથી તમને બધી હકીકત સંભળાવું. ' એમ તેના કહેવાથી ત્રિપૃષ્ઠે પોતાના ચક્રથી બંધ કાપી નાખ્યા, એટલે તે સ્વસ્થ થઇને બોલ્યો—'અહો ! નિષ્કારણ પરમબંધો ! તમે મારો વૃત્તાંત સાંભળોઃ—હું **રત્નશેખર** નામે વિદ્યાધર છું. રૂપ-લાવણ્ય, સૌંદર્યાદિ ગુણોની અવધિભૂત એવી **સિંહલરાજાની વિજયવતી** નામની પુત્રી, પૂર્વે અનેક પ્રકારની પ્રાર્થના કરતાં મને આપવામાં આવી, જેથી અત્યારે બધી સામગ્રી સહિત તેને પરણવા નિમિત્તે ચાલ્યો અને જેટલામાં આ પ્રદેશમાં આવ્યો, તેટલામાં **વાયુવેગ** નામના મારા શત્રુ વિદ્યાધરે બધું છીનવી લઇને--' આ દુઃખે મરણ પામે ' એમ ધારી મને આમ ગાઢ બંધને બાંધીને તે ચાલ્યો ગયો. " ત્રિપૃષ્ઠે કહ્યું—' તું વિદ્યાધર થઇને ભૂમિચારીની કન્યા શા માટે પરણવા ઇચ્છે છે ? ' તે બોલ્યો—' હે મહાભાગ ! તેણીનું રૂપ કંઇ અપૂર્વ જ છે, અને લાવણ્ય પણ અસાધારણ છે. ' એટલે વાસુદેવે વિચાર કર્યો કે--' જો ખરીરીતે તે આવા પ્રકારના ગુણોયુક્ત હોય, તો મારે પરણવા યોગ્ય છે. ' એમ ચિંતવી તેણે વિદ્યાધરને કહ્યું---' અહો ! તું પરણીશ, તોપણ તે વૈરી એને હરી જશે, તેથી નિરર્થક તેને પરણવાથી શું ? ' વિદ્યાધર બોલ્યો-' એ તો સત્ય છે, પરંતુ જો તમારી શક્તિ હોય, તો તમે એને પરણો. હું હવે તેની આશા મૂકી દઉં છું. ' એટલે વાસુદેવે તે વાત સ્વીકારી. પછી પ્રણામ કરીને વિદ્યાધર પોતાના સ્થાને ચાલ્યો ગયો.

હવે સિંહલેશ્વરને અનેક પ્રકારે સમજાવીને ત્રિપૃષ્ઠ તેની વિજયવતી કન્યા સાથે પરણ્યો, અને તે પોતાના નગરમાં આવ્યો. ત્યાં તેનો મહા-રાજ્યાભિષેક કરવામાં આવ્યો અને તે બત્રીશ હજાર કન્યાઓ પરણ્યો. પછી નિરંતર પ્રવર્ત્તેલા સંગીતના સ્વરમિશ્રિત જ્યાં મૃદંગ વાગી રહ્યાં છે, નટ, નોકર, ચાટુકાર, કિંકરજનોથી પરિપૂર્ણ અને વિવિધ પ્રકારની ચિત્ર-રચનાથી મનોહર એવા આવાસ-ભુવનમાં રહેતા, સમસ્ત વૈરીઓનો વિનાશ કરી ત્રિખંડ ભરતનું રક્ષણ કરતા, ભયને લીધે બધા સામંતો જેને નમતા રહે છે અને તરૂણીઓના મધ્યમાં

રહી, તે આખંડલ-ઇંદ્રની જેમ પાંચ પ્રકારના વિષયો ભોગવવા લાગ્યો, પરંતુ વિજયવતીનું તે નામ પણ લેતો ન હતો, જેથી ઇર્ષ્યા અને વિષાદથી તે પણ ભારે દ્વેષને ધારણ કરવા લાગી.

એ પ્રમાણે વખત જતાં એકદા પોતાના માહાત્મ્યથી દુર્ભિક્ષાદિ દુઃખોને ટાળનાર એવાં **શ્રેયાંસનાથ** ભગવાન્ ત્યાં પધાર્યા, એટલે દેવતાઓએ વિશાળ ત્રણ ગઢયુક્ત, વિચિત્ર મણિમય સિંહાસનથી અભિરામ અને ભવભયથી ત્રાસ પામતા પ્રાણીઓને એક શરણરૂપ એવું સમવસરણ રચ્યું. ત્યાં સાદર એકત્ર થતા સુરેંદ્રોથી સ્તુતિ કરાતા એવા જિનેશ્વર સિંહાસનપર બિરાજમાન થયા. એવામાં કેવળ જિનાગમ નિવેદન કરવા નિમિત્તે નિયુક્ત કરેલા પુરૂષોએ વાસુદેવને વધામણી આપતા જિનાગમનો વ્યતિકર કહી સંભળાવ્યો, જે સાંભળતાં ભારે હર્ષથી પ્રગટ થતા રોમાંચવડે તેણે તે પુરૂષોને સાડીબાર કોટિ સુવર્ણ પ્રીતિદાનમાં અપાવ્યું. પછી સમગ્ર બળ-વાહન સહિત અચલને સાથે લઇને વાસુદેવ પ્રભુને વંદન કરવા ચાલ્યો. આગળ જતાં છત્રાદિપ્રમુખ જિનાતિશય જોઇને બધા રાજચિન્હો તજી, દૂરથી જ પગે ચાલી ત્રણ પ્રદક્ષિણા પૂર્વક જગદીશને વંદન કરીને તે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યોઃ—

સંસાર-સાગરમાં પડતા ભવ્યોને યાનપાત્ર-નાવરૂપ એવા હે જગદીશ! તમે જય પામો. પરમ કલ્યાણરૂપ મોક્ષના કારણ; રણ-વર્જિત અને મદ, માનને જીતનાર હે નાથ! તમે જયવંતા વર્તો. મોહના માહાત્મ્યને નિર્મૂળ કરનાર, દુષ્ટ કંદર્પના દર્પને દળી નાખનાર, માયારૂપ વિષ-વલ્લિ-વેલડીને છેદવામાં પરશુતુલ્ય અને જગતમાં એકશ્રેષ્ઠ એવા હે પ્રભુ! તમારો જય થાઓ. સંયમલક્ષ્મીને વલ્લભ, કોપરૂપ મહા-અનલને શાંત કરવામાં સજલ જલધર સમાન, નિર્મળ કેવળજ્ઞાનથી સમસ્ત જીવાદિ પદાર્થોને જાણનાર એવા હે દેવાધિદેવ! તમે જય પામો. વિષ્ણુ-પિતાના કુળરૂપ આકાશમાં પૂર્ણચંદ્ર સમાન, જેમના ચરણ-કમળને સુરેંદ્રોએ નમસ્કાર કરેલ છે, અપ્રતિમ પ્રશમ-પુરના પ્રાકાર-કિલ્લાસમાન અને ગુણસમૂહના એક આધાર એવા હે જિનેંદ્ર! તમે જયવંતા વર્તો. કરૂણા અમૃતની નીકતુલ્ય, કર્મરૂપ વૃક્ષના મૂળને છેદી નાખનાર, દુઃખરૂપ પર્વતને તોડવામાં દંભોલિ-ઇંદ્રના વજ્રસમાન જેમનું નામ-સ્મરણ છે એવા હે દેવ! તમે જય પામો. અમંદ આમોદ-હર્ષ તથા કાંતિરૂપ મકરંદયુક્ત એવા તમારા પાદપંકજમાં મધુકરની જેમ જે સદા તૃષ્ણારહિત થયા વિના લીન રહે છે, હે નાથ! તે જ ભવ્યાત્મા ધન્ય છે. હે જિનેશ્વર! સમસ્ત દોષને ટાળવામાં સમર્થ અમૃતની જેમ આપના વચનનું પાન કરીને કુતીર્થીઓના મુખથી નીકળેલ કલુષિત સલિલ-જળતુલ્ય વચનની કોણ વાંછા કરે? જો કે સંસાર તો કેવળ અસાર જ છે, છતાં હે દેવ! તમો વિચારો છો,

તેથી નિર્વૃત્તિ-મુક્તિ અથવા શૂન્ય—નગરીયુક્ત છતાં તે સારરૂપ ભાસે છે. હે નાથ! તમારા દર્શનમાત્રથી જે મને પ્રમોદ થયો, તેવો હર્ષ અશ્વગ્રીવાદિ નરેંદ્રોના વિજયથી થયેલ લાભમાં ન થયો. હે ભુવનબંધવ! જો કે તમે સર્વથા વીતરાગ–રાગરહિત છો, તથાપિ હે શ્રેયાંસનાથ! તમારા ચરણ–દર્શનના અનુગ્રહથી મારાપર સદા પ્રસન્ન રહેજો."

એ પ્રમાણે વિસ્તારથી સ્તુતિ કરીને ત્રિપૃષ્ઠ નરેંદ્ર ઉચિત સ્થાને બેઠો, એટલે ભગવંતે પણ યોજનગામિની વાણીથી ધર્મ-દેશના આપવાનો પ્રારંભ કર્યો.

"હે દેવાનુપ્રિય ભવ્યો! સંસારરૂપ કાંતારમાં લાંબા વખતથી પરિભ્રમણ કરતાં તમે આ મનુષ્ય–જન્મ પામ્યા છો. અવિકલ પંચેંદ્રિયપણું, ઉત્તમ કુળ, આરોગ્ય અને ધર્મબુદ્ધિરૂપ સામગ્રી તમને પ્રાપ્ત થઇ છે, માટે મિથ્યાત્વ અને અવિરતિના સંગની ઉપેક્ષા કરો, સમ્યક્ત્વ જ્ઞાન અને ચારિત્રરૂપ વિત્ત–ધનને વાંછો, પ્રમાદી પ્રાણીઓના દુઃખ–વિપાકને જુઓ, ક્ષણવારમાં દૃષ્ટનષ્ટ થનારા સર્વ પદાર્થોની ચિંતના અને ફરી આર્યક્ષેત્રાદિ લાભની દુર્લભતાને વિચારો, અને વળી ઐહિક તુચ્છ સુખલવમાત્રમાં લુબ્ધ બની તમે નિઃશંક થઇને કેમ રહો છો? શું કૃતાંત–યમરાજે પોતે તમને નિર્ભય-પત્ર લખી આપ્યું છે? અથવા તો કોઇએ તમને અજરામરપણું અપાવ્યું છે? કે કયાંય મરણાદિ દુઃખ રહિત સ્થાન તમારા જોવામાં આવ્યું છે? અથવા શાશ્વતભાવના કારણરૂપ કાંઇ રસાયન તમને સાંપડયું છે કે જેથી ઉત્સુકતાના સ્થાને પણ ગાઢ મંદાદરવાળા થયા છો? માટે હે દેવાનુપ્રિયો! સદ્ધર્મ સાધવામાં ઉદ્યમી બનો અને સેંકડો દુઃખો પમાડનાર પાપ-મિત્રોની સંગતિ-સોબત મૂકી દ્યો, પ્રાણીઓને પોતાની સમાન ગણીને તેમની રક્ષા કરો, નિરવદ્ય–નિર્દોષ પ્રવ્રજ્યા કે દેશવિરતિનો સ્વીકાર કરો, મોહનું મંથન કરનારી એવી પ્રસિદ્ધ સિદ્ધાંતની દેશના સાંભળો, નિષ્કલંક શીળ પાળો, સાધર્મીજનોની ભક્તિ કરો અને વિષયોની પ્રવૃત્તિથી પાછા હઠો, નિર્ગુણી જનની ઉપેક્ષા કરો, સદા આત્મ—પ્રશંસાને તજો અને પૂર્વે પ્રાપ્ત ન થયેલા એવા ગુણોનો અભ્યાસ કરો, કષાયોને નાશ પમાડો, સંતોષને સેવો, કદિપણ પરનિંદા ન કરો, ઐશ્વર્યમાં લુબ્ધ ન બનો, પાપ–કાર્યોમાં અનુરક્ત ન થાઓ, દાનાદિકને આદરો, વિશુદ્ધ બુદ્ધિથી ગુરૂની ઉપાસના કરો, પરોપકારમાં રક્ત બનો, મૂઢ–મુગ્ધ ન થાઓ અને સત્તત્વનું જ્ઞાન મેળવો."

એ પ્રમાણે ભગવાનની ધર્મકથા સાંભળી હર્ષથી લોચન વિકસાવતા કેટલાક ભવ્યોએ પુત્ર, કલત્રાદિકનો ત્યાગ કરી સર્વવિરતિ સ્વીકારી, કેટલાકોએ સમકિત ગ્રહણ કર્યું, કેટલાકોએ દેશવિરતિ લીધી, ઘણા લોકોના સંશયો દૂર

થયા, અતુલ પ્રમોદને ધારણ કરતા અચલ અને ત્રિપૃષ્ઠે સમકિત રત્ન ગ્રહણ કર્યું. પછી પોરસી વ્યતીત થતાં પ્રભુને વાંદીને તેઓ પોતાના આવાસે ગયા અને ભગવંતે પણ અન્યત્ર વિહાર કર્યો.

એ રીતે દિવસો વ્યતીત થતાં અત્યંત સુખ-સાગરમાં નિમગ્ન થયેલ-વાસુદેવની સભામાં એકદા કિન્નરોના કંઠને પરાસ્ત કરનાર એવા ગાયકો આવ્યા. તેમણે પોતાનું ગીત-કૌશલ્ય બતાવતાં ત્રિપૃષ્ઠનું હૃદય હરી લીધું, કારણ કે તેમનો ગીતોદ્ગાર લેશ પણ જેના શ્રવણમાં દાખલ થતો, તે પોતાનાં અન્ય વ્યાપાર-કાર્યને તજી જાણે ચિત્રમાં આળેખાઇ ગયેલ હોય તેમ સ્તબ્ધ બનીને સાંભળતા અરે ! એ તો દૂર રહો, પરંતુ તિર્યંચો પણ તેમના ગીતને આધીન થઇ, આંખો મીંચીને ભોજનાદિકની પણ દરકાર કરતા ન હતા. આવા સુસ્વરના ગુણે તેઓ સદા વાસુદેવની પાસે રહેતા અને તેના પરમ પ્રસાદના પાત્ર થઇ પડ્યા.

એક વખતે સુખ-શય્યામાં બેઠેલા વાસુદેવ પાસે તેમણે રાત્રે સંગીત ચલાવ્યું, જેથી તેનું મન ભારે આકૃષ્ટ થયું. પછી નિદ્રાસમયે તેણે શય્યાપાલકની સામે જોઇને કહ્યું—' હે ભદ્ર ! જ્યારે મને નિદ્રા આવી જાય ત્યારે આ ગવૈયાઓને તું વિસર્જન કરજે.' એટલે—' દેવની આજ્ઞા પ્રમાણે હું કરીશ.' એમ શય્યાપાલકે તે વચન સ્વીકાર્યું. ક્ષણવાર પછી રાજાને નિદ્રા આવી, પરંતુ વિસર્જ્યા વિના તેમણે પણ ગાવાનું ચાલુ રાખ્યું. એવામાં પાછલી રાતે રાજા જાગ્યો, અને તેમને તે જ રીતે ગાતાં સાંભળીને તેણે શય્યાપાલકને પૂછ્યું—' અરે ! તેં એમને વિસર્જન કેમ ન કર્યા ?' તે બોલ્યો—' હે દેવ ! સંગીત શ્રવણને અતિ સુખકારી લાગવાથી મેં થોડી વાર એમને અટકાવી રાખ્યા ' એમ સાંભળતા ગાઢ કોપ ઉત્પન્ન થયા છતાં તેવો આકાર સંવરીને ત્રિપૃષ્ઠ મૌન રહ્યો. પછી કમળ-ખંડને વિકાસિત કરનાર સૂર્ય ઉદય પામતાં શય્યા થકી ઉઠી, પ્રાભાતિક કર્ત્તવ્ય કરીને તે સભામંડપમાં બેઠો, એટલે સામંત, મંત્રી, સુભટપ્રમુખ બધા પોતપોતાના સ્થાને બેસી ગયા. એવામાં રાત્રિનો વ્યતિકર રાજાને યાદ આવ્યો, જેથી તેણે શય્યાપાલકને બોલાવી પોતાના સેવક પુરૂષોને આદેશ કર્યો—' અરે ! ગીત-સ્વરમાં રક્ત થતાં મારી આજ્ઞાનો ભંગ કરનાર આ શય્યાપાલકના શ્રવણમાં તપ્ત સીસા અને તાંબાનો રસ નાખો.' એમ સાંભળી સેવકો તેને એકાંત સ્થાને લઇ ગયા અને ત્યાં તપાવેલ સીસા-તાંબાના રસથી તેના શ્રવણ-કાન ભરી દીધા, જેથી મહાવેદના થતાં તરત જ તે મરણ પામ્યો. ત્રિપૃષ્ઠે પણ ગાઢ કોપથી દુઃખના વિપાકરૂપ નિબિડ વેદનીયકર્મ બાંધ્યું. વળી તે સિંહલેશ્વરની પુત્રી સ્થાને સ્થાને પોતાનો પરાભવ જોતી, વાસુદેવના વચનમાત્રથી પણ માન ન પામતાં તે લાંબો વખત દુઃખી થઇને મરણ પામી અને તિર્યંચમાં ઉત્પન્ન થઇ. એનો શેષ વૃતાંત આગળ કહેવામાં આવશે.

અહીં ત્રિપૃષ્ઠ પણ વિવિધ સુખ ભોગવતો, રાજ્ય અને રાષ્ટ્ર–દેશ પ્રત્યે મૂર્છા વધારતો, પોતાના ભુજબળથી બીજા પુરૂષોની અવગણના કરતો, વિવિધ પ્રાણાતિપાત પ્રમુખ ક્રિયા, મહા–આરંભ અને પરિગ્રહ તથા અતિ ક્રૂર અધ્યવસાયથી સમકિત રત્ન ગુમાવી, નરકાયુ નિકાચિત કરી, ચોરાશીલાખ વરસનું આયુષ્ય ભોગવી, પ્રાંતે મરણ પામી, સાતમી **તમસ્તમા** નામની પૃથ્વી નરકના લક્ષ યોજનપ્રમાણ **અપ્રતિષ્ઠાન** નામના નરકાવાસ—પાથડામાં તે પાંચસો ધનુષ્યપ્રમાણ શરીરવાળો નારક થયો. પૂર્વભવમાં સંચેલ અત્યંત ગાઢ અને મોટાં પાપકર્મથી હણાયેલ, અતિ તિક્ષ્ણ દુ:ખોને સહન કરતો, ચોતરફ કઠિન વજ્ર, શૂળ, તીક્ષ્ણ ખડ્ગ વિગેરે શસ્ત્રોથી કપાતો અને ક્ષણે ક્ષણે અત્યંત દીનતાથી કરૂણ શબ્દોથી વિલાપ કરતો, તે આ પ્રમાણે ચિંતવવા લાગ્યો—' અહો ! મેં પૂર્વભવે શું પાપ કર્યું હશે કે જેથી આવા નિત્ય અંધકારમય અને કુત્સિત સ્થાનમાં હું ઉત્પન્ન થયો ? ' વળી પણ તે ક્ષણે ક્ષણે ઘોર વેદનાથી પરાભવ પામતાં, બળતા ઘરમાં પેઠેલ પંગુ–લંગડાની જેમ વારંવાર વિલાપ કરતો રહ્યો.

એવામાં તેની ઉત્તરક્રિયા કરી, ગાઢ શોક કરતો અચલ પણ **ભવનને** શ્મશાનતુલ્ય સમજતો, પૂર્વે ન જોયેલ એવા પ્રિયજનની પણ દરકાર ન કરતો, વિષયને વિષ સમાન માનતો, બંધુઓને બંધનરૂપ ગણતો, પ્રવર વૃક્ષોથી મંડિત **નંદનવનમાં**, કમળ, કુવલય અને કલ્હારવડે સુંદર તલાવડીઓમાં શૃંગાર, આકૃતિ, સુંદર વેશવાળી રમણીઓમાં એક ક્ષણ પણ નજર ન નાખતો, કયાં પણ સ્વાસ્થ્ય ન પામતો, અત્યંત સંસારની અસારતાનો વિચાર કરતો, શ્રેયાંસ પ્રભુએ કહેલ ધર્મવચનને ચિંતવતો અને શત્રુભવનની જેમ ગૃહાવાસને તજવા ઇચ્છતો એવો તે સ્વજનોના ઉપરોધ-આગ્રહથી કેટલાક દિવસ ત્યાં રહી, **ધર્મઘોષ** નામના આચાર્ય પાસે ગયો અને પરમ ભકિતથી તેણે વંદના કરી એટલે આચાર્યે પણ દિવ્યજ્ઞાનથી તેની મનોભાવના જાણીને આ પ્રમાણે ધર્મદેશના આપી—

" ક્ષણિક સંયોગ અને ક્ષણિક વિયોગ યુકત, ક્ષણે ક્ષણે આવતા વિવિધ સુખ–દુ:ખથી વ્યાપ્ત, અને નટના નૃત્યની જેમ વિચિત્રરૂપ ધરનાર આ સંસારનું વિલસિત–ચેષ્ટિત જોઇ, સુખના કારણરૂપ જિનધર્મ સાધવામાં કોણ પ્રમાદ કરે ? અથવા તો અત્યંત વલ્લભજન મરણ પામતાં કોણ શોચ ધરે ? કદાચ એક જ માણસને વલ્લભજનનો વિયોગ આ સંસારમાં થતો હોય, તો પરિભવ સમજીને તેણે શોક પણ કરવો, પરંતુ આ તો ભરતાદિક સમગ્ર ભરતના રાજાઓને પણ પ્રચંડવેગી પવનવડે દીવાની જેમ કૃતાંતે ઓળવી–મારી નાખ્યા, તો કુશળજનો અસ્થાને સંતાપ શા માટે કરતા હશે ? કારણ કે

વસ્તુ–સ્વરૂપ જાણવામાં આવતાં સત્પુરૂષો ખેદ કરતા નથી. પોતાના જીવિતને પણ ટકાવી રાખવું જ્યારે અશકય છે, તો અન્યના ચંચલ જીવિતમાં સ્થિરપણું કયાંથી લાવી શકાય ? માટે ઇતર–સામાન્ય જનની જેમ તારે કોઇ રીતે શોક કરવો ઉચિત નથી. પવનથી શું ગિરિ–વૃક્ષો છલિત થાય ? અને કદાચ પવનથી તે બંને ચલાયમાન થાય, છતાં મંદરાચલ તો ચલિત ન જ થાય. પ્રિયજનના મરણમાં આક્રંદ કે શિરતાડનથી જે શોક દૂર કરવામાં આવે છે, એ તો વિશુદ્ધ બુદ્ધિશાળીનો વિભ્રમ છે, પરંતુ ઉત્તમ મતિમાનને તો ભવવિરૂપતા જોવાથી નિર્વેદ ઉત્પન્ન થાય છે અને તેથી ધર્મમાં વિશેષ ઉદ્યમ થઇ શકે છે, માટે શોક–પ્રસારને તજી અને રાજ્ય તથા રાષ્ટ્રનો મોહ પરાસ્ત કરી, સંસારરૂપ કાષ્ઠને કરવતીસમાન એવી નિરવદ્ય પ્રવ્રજ્યાને ધારણ કરી લે. ”

એમ સાંભળતાં સમગ્ર શોક–સંતાપનો પરિહાર કરી બળદેવ કહેવા લાગ્યો—‘ હે ભગવન્ ! કરૂણાપરાયણ અને પરહિતકારી એવા તમે મને સત્ય ઉપદેશ આપ્યો, માટે હવે પ્રસાદ કરી, મને અત્યારે નિર્દોષ પ્રવ્રજ્યા આપો. ’ એ પ્રમાણે તેની ભાવના થતાં ગુરૂએ તેને સંયમ–સામ્રાજ્યથી અલંકૃત કર્યો, શ્રમણધર્મની શિક્ષા આપી, દશવિધ યતિધર્મની સામાચારી બતાવી, જે તેણે બરાબર સ્વીકારી લીધી. પછી ગામ, નગરમાં અપ્રતિબદ્ધપણે વિહાર કરતા અચલમુનિ, કેટલોક કાળ દુષ્કર તપ–ચરણથી શરીર અને કર્મસમૂહને શોષવી–ખપાવી, શાશ્વત સુખપૂર્ણ અચલ સ્થાનને પામ્યા.

અહીં ત્રિપૃષ્ઠનો જીવ પણ અપ્રતિષ્ઠાનમાં તેત્રીશ સાગરોપમ દુઃખ ભોગવી, ત્યાંથી ચવીને એક ગિરિગુફામાં સિંહપણે ઉત્પન્ન થયો. તે તરૂણ થતાં બધા અરણ્યમાં નિઃશંકપણે યમની જેમ નિરોધ પામ્યા વિના અત્યંત ક્રૂર થઇને ભમવા લાગ્યો, અને પોતાના અતિ તીક્ષ્ણ નખથી ગજેંદ્રોના કુંભસ્થળને વિદારતો તથા ઘોર ગર્જનાથી નિર્બળ હરણોને ત્રાસ પમાડતો હતો. વળી વિવિધ જીવોની હિંસા કરવામાં તે તત્પર રહેતો. એમ ચિરકાળ જીવિત ધરી, મરણ પામીને તે પુનઃ નરકપૃથ્વીમાં નારક થયો. ત્યાં છેદન, ભેદન, શાલ્મલિવૃક્ષની શૂળોપર આરોપણ ઇત્યાદિ, સ્મરણમાત્રથી લોકોને રોમાંચ પ્રગટાવનાર એવાં દુઃખો મરણાંતસુધી સહન કરી, તે વિવિધ તિર્યંચયોનિઓમાં ભમ્યો. એમ કરતાં એકદા ક્ષયોપશમભાવના યોગે મનુષ્યપણું પામી, છઠ્ઠ, અઠ્ઠમાદિ તપ આચરતાં, ભોગફળ ઉપાર્જન કરીને તે દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી આયુ–ક્ષય થતાં ચવી, નિશ્ચળ ઋદ્ધિવડે સમૃદ્ધ, નિરંતર જ્યાં જિનેશ્વર, ચક્રવર્ત્તી, બળદેવ, વાસુદેવપ્રમુખ શ્રેષ્ઠપુરૂષો ઉત્પન્ન થાય છે અને જ્યાં સદાકાળ એક–સ્વરૂપે વર્ત્તે છે એવા મનોહર **મહાવિદેહ** ક્ષેત્રમાં આવેલ **મૂકા**–રાજધાનીના રાજા ધનંજયની બધી રાણીઓમાં પ્રધાન એવી **ધારિણી** નામે પટરાણીના

ઉદરમાં ચૌદ મહાસ્વપ્નોથી સૂચિત એવો તે ત્રિપૃષ્ઠનો જીવ પુત્રપણે ઉત્પન્ન થયો. જન્મ પામતાં ઉચિત સમયે રાજાએ તેનું **પ્રિયમિત્ર** એવું નામ રાખ્યું. તે દેહના ઉપચય અને વિજ્ઞાન-કળાકૌશલ્યથી વૃદ્ધિ પામ્યો. એકદા ધનંજય રાજાએ, શરદઋતુના ચંદ્રમા સમાન સુખયુક્ત, બાળસૂર્યથી વિકાસ પામેલા પુંડરીક-કમળ સમાન લોચનવાળા, મણિથી જડેલા કુંડલો જેના પીન ગાલપર લટકી રહ્યાં છે, અકુટિલ-સરલ અને ઉન્નત નાસિકાયુક્ત, કોમળ પ્રવાલસમાન રક્ત ઓષ્ઠવાળા, કુંદપુષ્પની કળીઓની શ્રેણિસમાન સ્નિગ્ધ અને અત્યંત સુશ્લિષ્ટ દંતપંક્તિથી વિરાજિત, પ્રશસ્ત રેખાઓથી કંઠ જેનો શોભિત છે, પુષ્ટ અને વિશાળ વક્ષસ્થળયુક્ત, મહાનગરના ગોપુર-મુખ્યદ્વારતુલ્ય જેના ભુજદંડ છે, બંને પુષ્ટ પાર્શ્વભાગથી સુપ્રમાણ જેનો મધ્યભાગ શોભે છે, વિકસિત શતપત્ર–કમળતુલ્ય જેની તુચ્છ-કૃશ નાભિ છે, જાત્ય-અશ્વના જેવો જેનો કટિભાગ છે, ઐરાવણની સુંઢસમાન જેની જંઘાઓ છે, તથા સુપ્રતિષ્ઠિત પુષ્ટ અને સુકુમાલ જેના રક્ત પાદતળ છે એવા તે કુમારને ફરતો જોઇને, પરમ સંતોષ પામી, પ્રવર રાજકુળની અનેક કન્યાઓ પરણાવી અને પ્રશસ્ત દિવસે તેને રાજ્યપર બેસારીને પોતે ( રાજાએ ) આચાર્ય મહારાજ પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી, પછી અખંડ શાસને રાજ્ય ચલાવતાં પ્રિયમિત્રને અનુક્રમે ચૌદ રત્નો ઉત્પન્ન થયા. તે આ પ્રમાણે—' **સેનાપતિ, ગાથાપતિ, પુરોહિત, અશ્વ, વાર્ધકિ, ગજ, સ્ત્રી, ચક્ર, છત્ર, ચર્મ, મણિ, કાકિણી, ખડ્ગ,** અને **દંડ.** એમ ચક્રાદિક રત્નો ઉત્પન્ન થતાં તે પ્રિયમિત્ર અનેક રાજાઓના પરિવારસહિત, ચક્રરત્નના માર્ગને અનુસરતાં, વિજયયાત્રા કરવા **માગધતીર્થ** તરફ ચાલ્યો અને અનુક્રમે તે તીર્થની નજીકના પ્રદેશમાં પહોંચતાં સૈન્યને સ્થાપન કરી, માગધતીર્થના અધિપતિ દેવને સાધવા નિમિત્તે તેણે અઠ્ઠમતપ કર્યો. તે પછી અશ્વ, સુભટો અને રથયુક્ત પ્રવર, અશ્વ તથા ચાર ઘંટાવાળા રથમાં આરૂઢ થઇ, ચક્રને અનુસરી, કેટલોક માર્ગ આગળ જઇ, કોપાયમાન થયેલ કૃતાંતની ભ્રકુટીતુલ્ય, અનેક રત્નના કિરણોથી દિશાઓને ચકમકતી કરનાર તથા સજ્જ કરેલ જ્યા-દોરીયુક્ત એવા ધનુષ્યને ડાબા હાથે ધારણ કરી, વજ્રસમાન અગ્રભાગવાળા, વિવિધ રત્નોથી જડેલ પંખ-પક્ષયુક્ત, તથા મણિઓથી જેમાં ચક્રવર્તીના નામની નિશાની કરવામાં આવેલ છે એવા બાણને જમણા હાથે કાન સુધી ખેંચીને તેણે માગધતીર્થના અધિપતિ તરફ છોડયું, એટલે તે બાણ પણ બાર યોજન જઇ, સભામાં બેઠેલ માગધદેવની આગળ પડયું. તે જોતાં નિષ્ઠુર લલાટપર ચડાવેલ ભ્રકુટીથી ભીષણ વદન-મુખયુક્ત અને ગાઢ કોપથી અરૂણ-રકત લોચન કરી તે કહેવા લાગ્યો— " અરે ! કૃતાંતે આજે કોને યાદ કરેલ છે ? અથવા કોને પોતાનું જીવિત

વ્હાલું નથી ? કે જે મારા કોપરૂપ દીપકની શિખામાં પતંગની જેમ પડવાને વાંછે છે. શું આ બાણ, ભુજબળથી ગર્વિષ્ઠ બનેલા કોઇ દેવ કે મનુષ્યે અથવા યક્ષ કે રાક્ષસે નાખ્યું હશે ? ” એમ ક્ષણવાર ચિંતવી તે બાણ તેણે પોતાના હાથમાં લીધું અને મણિથી આળેખેલ ચક્રવર્ત્તીનું નામ જોયું, એટલે સંશય દૂર થતાં કોપવિકાર શમાવી, મહાકીંમતી વિવિધ મણિ, રત્ન, આભરણ અને નામાંકિત તે બાણ લઇ, પ્રિયમિત્ર ચક્રવર્ત્તી પાસે આવી, મસ્તકે અંજલિ જોડીને તેણે વિજયથી વધાવ્યો અને કહ્યું કે–‘ હવે કિંકર સમાન હું આપની આજ્ઞા પ્રમાણે વર્ત્તીશ, માટે આ પ્રીતિદાન સ્વીકારો. ’ એમ કહી તેણે બાણ અને આભરણાદિ તેને અર્પણ કર્યાં. ચક્રવર્ત્તી પણ તેને સત્કાર અને સન્માન આપી, સ્વસ્થાને મોકલી, રથને પાછો વાળીને તે પોતાના સૈન્યમાં આવ્યો. ત્યાં ભોજનાદિ કરી, પોતાના કિંકરજનો પાસે માગધદેવનો અઠ્ઠાઇ–મહોત્સવ કરાવ્યો. પછી ત્યાંથી ચક્રાનુસારે, ખડ્ગ, ધનુષ્ય, બાણ, ક્ષુરપ્ર, ભાલા, બરછી, ભિંડીમાલપ્રમુખ શસ્ત્રોને ધારણ કરતાં અનેક સુભટો સહિત, હસ્તિ–રત્નપર આરૂઢ થઇને પ્રિયમિત્ર નરેંદ્ર, કાળા, પીત–પીળા, રક્ત, શ્વેત –વર્ણયુકત અનેક ધ્વજાઓથી જાણે આકાશતલને આચ્છાદિત કરતો હોય, અને અશ્વોના હેષારવ, હાથીઓના ગુલગુલાયિત ધ્વનિ, તથા રથોના ઘણ–ઘણાયિત અવાજથી જાણે જીવલોકને બધિર બનાવતો હોય એવો તે **વરદામ** તીર્થ ભણી ચાલ્યો. અનુક્રમે ત્યાં પહોંચતાં પૂર્વવિધિપ્રમાણે તેણે વરદામદેવ નિમિત્તે અઠ્ઠમ તપ, બાણપ્રેષણ, ઉપહારગ્રહણ અને અઠ્ઠાઇ–મહોત્સવ કર્યો. એ પ્રમાણે **પ્રભાસ**તીર્થના અધિપતિને સાધ્યો. તેમાં એટલું વિશેષ કે તેણે નરેંદ્રને માળા, મુગટ, મુક્તાફળ, કંકણ, બાજુબંધપ્રમુખ પ્રીતિદાનમાં આપ્યાં. પછી ત્યાંથી હજાર યક્ષોથી અધિષ્ઠિત, આકાશે ચાલતા ચક્રના અનુસારે નરેંદ્ર, **સિંધુ** મહાનદીના દક્ષિણ તટપર **સિંધુ**દેવીના ભવન ભણી ગયો. ત્યાં પણ અઠ્ઠમતપ કરવાથી સુખાસને બેઠેલ સિંધુદેવીનું સિંહાસન ચલાયમાન થયું. ત્યારે અવધિજ્ઞાનથી ચક્રવર્ત્તીનું આગમન જાણી, વિવિધ મણિ, કનક, રત્ન, વિવિધ ચિત્રો, બે ભદ્રાસન, કંકણ–કડાં, બાહુબંધ, વસ્ત્રોપ્રમુખ લઇને નરેંદ્ર પાસે આવી અને વિનયથી અંજલિ જોડી તેણે બધું સમર્પણ કર્યું, એટલે રાજાએ પણ તેને સન્માન અને સત્કાર આપી સ્વસ્થાને વિસર્જન કરી. પછી ચક્રને અનુસરીને તે **વૈતાઢ્ય** પર્વત તરફ ચાલ્યો અને અનુક્રમે બળ–વાહન-સહિત જતાં તે પર્વતનાં મૂળ–પ્રદેશમાં આવ્યો. ત્યાં સેનાને સ્થાપન કરી. એ-વામાં વૈતાઢ્યગિરિના **કુમારદેવે** પણ પ્રથમ પ્રમાણે આસન ચલાયમાન થવાથી વિવિધ અલંકાર સમર્પીને તેની સેવા–આજ્ઞાનો સ્વીકાર કર્યો. ત્યાંથી કેટલાક દિવસ પછી તે તમિસ્રાગુફાની સમીપે ગયો, અને અઠ્ઠમ–તપ કરતાં આસન

ચલિત થવાથી, **કૃતમાલ** દેવ લલાટે અંજલિ જોડી તરત જ નરેંદ્ર પાસે આવ્યો. તેણે સ્ત્રીરત્નને યોગ્ય રત્નાલંકાર તેમજ બીજાં વિવિધ આભૂષણો અર્પણ કરીને પ્રણામ કર્યા અને તેની આજ્ઞાને બહુમાન્ય કરી તે સ્વસ્થાને ગયો. પછી રાજાએ રત્નભૂત **વિજયસેન** સેનાપતિને બોલાવીને કહ્યું—' હે વિજયસેન ! તમે સિંધુ મહાનદીના પશ્ચિમ ભાગે આવેલ નગ-પર્વત, નગરાદિ સાધીને સત્વર પાછા આવો. ' એટલે ' જેવી દેવની આજ્ઞા ' એમ વિનયથી શાસન સ્વીકારી સેનાપતિ, તે સમયને ઉચિત મજ્જનાદિ કર્મ કરી, પરાક્રમી, તેજસ્વી, મ્લેચ્છ-ભાષામાં વિશારદ, યશથી વિખ્યાત, કવચ બાંધી સજ્જ થયેલ, પીઠપર જેણે કસીને ધનુષ્ય બાંધેલ છે, અનેક ગણનાયક તથા દંડનાયક--કોટવાલથી પરવ-રેલ, ધવલ છત્રને જેણે ધારણ કરેલ છે, નિર્મળ ચામરો જેનાપર ઢળી રહ્યાં છે અને વાજિંત્રોના નાદથી દિશાઓને જેણે બધિર કરેલ છે એવો તે પ્રવર કુંજરપર આરૂઢ થઇને સિંધુ નદીના કિનારે આવ્યો. પછી તે મહાનદી ઉતર-વાને નાવરૂપે બાર યોજન વિસ્તૃત ચર્મરત્ન પાથર્યું. તેનાપર અશ્વ, હાથી, સુભટ અને ચક્રથી પરિવૃત સેનાપતિ નિશ્ચિંતપણે આરૂઢ થઇ, પવનથી જ્યાં મોટા કલ્લોલ ઉછળી રહ્યા છે એવી સિંધુનદી એક ગોષ્પદની જેમ ઓળંગી, બધી મ્લેચ્છ જાતિઓને તેણે આજ્ઞા-આધીન બનાવી અને તેમની પાસેથી રત્નાદિકની ભેટો લીધી. ' હે સ્વામિન્ ! તમે અમારા શરણરૂપ કે ગતિરૂપ છો ' એમ બોલતાં ને મ્લેચ્છોને સ્વસ્થાને મોકલી, વિજયસેન ત્યાંથી પાછો વળ્યો, અને **પ્રિય**મિત્ર ચક્રીના ચરણ-પંકજને નમી તેણે રત્નાદિ સમર્પણ કર્યાં તથા મ્લેચ્છોનો વિજય કહી સંભળાવ્યો. એટલે ફરી રાજાએ સેનાપતિને કહ્યું—" હે ભદ્ર ! તમે તમિસ્રાગુફાના કપાટ-કમાડ ઉઘાડવા માટે જાઓ. ' રાજાનું એ શાસન શિરપર ચડાવી, સમસ્ત બળયુક્ત તે ગુફા પાસે જઇને તેણે અઠ્ઠમતપ આદર્યો. પછી વજ્રથી બનાવેલા તે ગુફાના મોટા કપાટને તેણે નિબિડ અને તીવ્ર દંડરત્નથી ત્રણવાર તાડન કર્યું, જેથી દંડના અભિઘાતથી પ્રેરિત થયેલા, કુંચારવ કરતા તે કપાટ, કુકામિનીને કહેલ ગુહ્ય વાતની જેમ તરત ઉઘડી ગયા, એટલે પાછા વળીને તેણે તે વૃત્તાંત પ્રિયમિત્રને જણાવ્યો, જેથી સમસ્ત સેનાયુક્ત તે માતંગપર આરૂઢ થઇ, રોગ અને અશિવનો નાશ કરનાર તથા ચાર અંગુલપ્રમાણ મણિરત્ન લઈ, ચક્રાનુસારે તેણે તમિસ્રાગુફામાં પ્રવેશ કર્યો. ત્યાં તમિસ્રાગુફાના અંધકારને પરાસ્ત કરવા તેણે ભીંતો પર કાકિણી-રત્નથી મોટા માંડલા કર્યાં, એટલે માંડલાના કિરણ-સમૂહના ઉદ્યોતથી અંધકાર હણાઈ જતાં, તે સેના સહિત ગુફામાંથી સુખે બહાર નીકળ્યો.

હવે અહીં વૈતાઢ્યના પરભાગમાં રહેતા, મહાપરાક્રમી, કનક, રત્ન, ધન, ધાન્યથી સમૃદ્ધ અને અપરિભૂત સામર્થ્યવાળા એવા મ્લેચ્છો તે ગંધર્વનગર,

રૂધિરવર્ષણ, ભૂમિકંપપ્રમુખ સેંકડો ઉત્પાદો જોઇ રહ્યા છે; એવામાં તે ચક્રીના સૈન્યને જોઈ, નિરાનંદ, ઉદ્વિગ્ન અને પોતાના મનના સંકલ્પો જાણે હણાયા હોય તેમ પોતાને દીન માનતા જેટલામાં રહે છે, તેટલામાં તો એકદમ ઉત્કૃષ્ટ સિંહનાદના કલરવથી સમુદ્ર-મંથનની શંકા ઉપજાવતો, અને તીક્ષ્ણ તરવાર, બરછી, ભાલા, શલ્ય વિગેરે આયુધોને ધારણ કરનાર એવા સુભટો સહિત **પ્રિયમિત્ર** નરપતિ તેમના પ્રદેશમાં આવી પહોંચ્યો. એટલે તેને આવેલ સાંભળતાં પ્રચંડ કોપથી લોચનને રક્ત કરતા મ્લેચ્છો પરસ્પર વિચારવા લાગ્યા કે—' અરે ! કૃતાંતે મોકલેલ આ કોઇ આપણા દેશને ઉપદ્રવ કરવા આવ્યો છે, માટે આપણે એવો ઉપાય કરીએ કે અધવચમાં જ એ વિનાશ પામે.' એમ ધારી દુર્ભેદ કવચો ચડાવી, હાથમાં વિવિધ શસ્ત્રો લઇ, મગર, નર, વૃષભ, શાર્દૂલ, ગરૂડપ્રમુખના ચિન્હો ઉડાડતા અને બળનો ગર્વ કરતા. એવા તે એકદમ ઉતાવળથી આવીને ચક્રીના અગ્રસૈન્ય સાથે યુદ્ધ કરવા લાગ્યા. એવામાં પરાક્રમહીન સુભટો જેમાં પડી ગયા છે, પ્રવર રથ જ્યાં ભગ્ન થએલ છે, જાત્ય અશ્વો જેમાં ખંડિત થયા છે, તથા રાજાઓ જ્યાં સ્ખલના પામ્યા છે એવા પોતાના અગ્રસૈન્યને જોઇ, વિજયસેન સેનાપતિ ભારે કોપ પામી, **કમલામેલક** નામના અશ્વપર આરૂઢ થઇ, કુવલયના દળસમાન, શ્યામ અને સર્વત્ર અપ્રતિહત એવું ખડ્ગ રત્ન રાજાના હાથમાંથી લઇને, તેણે ચોતરફ પ્રસરેલા મ્લેચ્છોને સ્ખલિત કરી દીધાં. વધારે તો શું પણ અંધકારને સૂર્યની જેમ, ભુજંગોને ગરૂડની જેમ, સેનાપતિએ હણેલા તે મ્લેચ્છો ભય પામી પોતાના ઘરે ગયા. ત્યાં મરણના ભયથી પુત્ર, કલત્રાદિ સાર વસ્તુ લઇને સત્વર તેઓ વિષમ-વિકટ સ્થાનોમાં ચાલ્યા ગયા. પછી સિંધુનદીના તીરે બધા વ્યવસાયનો ત્યાગ કરી, વસ્ત્રરહિત થઇ, ઉર્ધ્વમુખે અઠ્ઠમ-તપ આદરીને રહ્યા, અને શત્રુબળને હણવા નિમિત્તે પૂર્વેપણ સાન્નિધ્ય કરનારા એવા **મેઘમુખ** નામના પોતાના કુળદેવોને તેમણે એકચિત્તે યાદ કર્યા. એટલે અઠ્ઠમ-તપને અંતે આસન ચલાયમાન થતાં તે દેવો આવ્યા અને ગગનાંગણે રહીને બોલ્યા—' અમને શા માટે યાદ કર્યા છે ? ' મ્લેચ્છોએ કહ્યું—' શત્રુબળથી અમો પ્રતિહત થયા છીએ, માટે તમે અમારી રક્ષા કરવા રિપુપક્ષનો નાશ કરો.' ત્યારે દેવો કહેવા લાગ્યા કે—' એ પ્રિયમિત્ર નામે ચક્રવર્ત્તી છે. અહો ! એનો વિનાશ કરવા ઇંદ્ર પોતે પણ સમર્થ નથી, તેથી એ પરાભવ પમાડવાને અશક્ય છે; છતાં કેવળ તમારો પક્ષપાત કરવા અમો કાંઇપણ ઉપસર્ગ કરીએ.' એમ કહી દેવો તેમની પાસેથી નીકળીને રાજાના સૈન્ય ઉપર તેમણે મેઘસમૂહ વિકુર્વ્યો અને યુગ, મુશળ કે મુષ્ટિ પ્રમાણ ધારાથી નિરંતર સાત દિવસપર્યંત વારિધારા વરસાવી એટલે તે જળ-ઉપ-

દ્રવ જોઇ ચક્રવર્તીએ પણ દિવ્ય ચર્મરત્નપર હાથ ફેરવ્યો, જેથી તે તરત જ બાર યોજન વિસ્તૃત થયું. તેનાપર બધી સેના આરૂઢ થઇ. પછી રાજાએ નવ્વાણુ હજાર કંચન-શલાકાઓથી મંડિત, મહાકીંમતી, વિવિધ રચનાવડે વિચિત્ર તથા ફીણના સમૂહ સમાન ઉજ્વળ, એવા છત્રરત્નને સેનાપર કંઇક અધિક બાર યોજન વિસ્તાર્યું અને કિરણોને વિસ્તારનાર તથા શરદઋતુના સૂર્યસમાન મણિરત્નને છત્રના મધ્ય ભાગમાં મૂક્યું. જ્યારે ગાથાપતિ પણ તે દિવસથી, વિસ્તારથી નિષ્પન્ન કરી સાફ કરેલ સર્વ પ્રકારના ધાન્યોના હજારો કુંભો-પાત્રો ચર્મરત્નનાં એક ભાગમાં ઉપસ્થિત કરવા લાગ્યો. એ પ્રમાણે તે રાજા ચર્મરત્નપર આરૂઢ થઇ, ઉપરના ભાગમાં છત્રરત્નથી આચ્છાદિત બની, મણિરત્નના ઉદ્યોતમાં રહેતાં અને ગાથાપતિ સર્વ ધાન્ય નિષ્પન્ન કરતો, જેથી તે પોતાના ભવનમાં જાણે રહેતો હોય તેમ સર્વ પ્રકારે ઉદ્વેગરહિત થઇને સુખે રહેવા લાગ્યો. વધારે તો શું પણ ક્ષુધા કે વ્યાધિ, તેમજ ભય કે દુઃખ તે વિજયાધિપતિ રાજાને તેમજ તેની સેનાને કંઇપણ ન હતાં.

હવે સાત દિવસ વીતતાં પ્રિયમિત્ર નરેંદ્ર ચિંતવવા લાગ્યો કે—'એવો કોણ છે કે જળથી મારો પરાભવ કરે છે ?' એવામાં શસ્ત્રો સહિત સજ્જ થઇને સોળ હજાર યક્ષો તે મેઘમુખ દેવો પાસે ગયા અને કહેવા લાગ્યા કે—'તમે ખરેખર અપથ્યની પ્રાર્થના કરતા લાગો છો, કે ચક્રવર્તીને પણ આ પ્રમાણે ઉપસર્ગ કરવા તૈયાર થયા છો, માટે સત્વર દૂર ભાગી જાઓ. નહિં તો યુદ્ધ કરવાને તૈયાર થાઓ." એમ યક્ષોના કહેવાથી તેઓ મ્લેચ્છો પાસે ગયા અને પોતાના અસામર્થ્ય સાથે તેમણે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, તથા તે મ્લેચ્છોને પણ નરેંદ્રની સેવા કરવા મોકલ્યા. પછી છૂટા મૂકેલા કેશોપર હાથ ફેરવતા, હથીયાર રહિત, આર્દ્ર વસ્ત્ર પહેરી, ભયથી વ્યાકુળ બનેલા એવા મ્લેચ્છો જઇને નરેંદ્રને નમી પડયા. વળી કનક, વિચિત્ર રત્નો, તેમજ બીજી પણ કીંમતી વસ્તુઓ તેમણે ભેટ ધરી અને તેની સેવા સ્વીકારીને પોતાનો અપરાધ ખમાવ્યો. એ પ્રમાણે સેવાનો સ્વીકાર કરતાં મ્લેચ્છોનો સત્કાર કરીને તેને સ્વસ્થાને વિસર્જન કર્યા. પછી સિંધુ નદીનો બીજો ખંડ સાધવા માટે નરેંદ્રે પૂર્વ પ્રમાણે સેનાપતિને મોકલ્યો, એટલે તે સાધીને સેનાપતિ પાછો આવતાં પ્રિયમિત્ર રાજા ચક્રાનુસારે વૈતાઢ્યગિરિ ભણી ચાલ્યો અને અનુક્રમે પર્વતના ઉપલા પ્રદેશમાં પહોચ્યો. ત્યાં ઉત્તર અને દક્ષિણ શ્રેણિના વિદ્યાધરોને તેણે યાદ કર્યા. એવામાં ભયથી મનમાં ક્ષોભ પામતાં, વિવિધ કનક, રત્ન પ્રમુખ પ્રધાન વસ્તુ સમર્પવા પૂર્વક તેમણે નરપતિની આજ્ઞા શિરોમાન્ય કરી. ત્યાં પૂર્વક્રમથી ગંગા નદીનો પૂર્વ ખંડ સાધીને સેનાપતિ પણ આવી પહોંચ્યો, એટલે પ્રથમની જેમ ફરી ચતુરંગ સેના સહિત ચક્રવર્ત્તી, ખંડની

ગુફા ઓળંગી, સૈન્ય સ્થાપન કરી, પ્રવર રત્નપૂર્ણ એવા તેણે અઠ્ઠમ-તપપૂર્વક નવ નિધિઓ ગ્રહણ કર્યા, કે જે મનોવાંછિત પૂરવામાં સમર્થ, વજ્રનિર્મિત કપાટવાળા, અને બહુ પુણ્યથી પામવા લાયક, અને જે આવાં નામોથી પ્રસિદ્ધ છે— **નૈસર્પ, પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક** અને **શંખ.** એ પ્રમાણે પૂર્ણ પુરૂષાર્થયુક્ત એવા નરેશ્વરે એ નવે નિધાનોનો સત્કાર પૂર્વક અઠ્ઠાઈ મહોત્સવ કરાવ્યો. એવામાં સેનાપતિએ ગંગા નદીના પૂર્વનો બીજો ખંડ પણ જીતી લીધો. ત્યાં ગાથાપતિ વિવિધ વિષય-સુખ ભોગવતો રહ્યો.

એ રીતે પ્રિયમિત્ર ચક્રવર્ત્તી, છ ખંડને સાધી, બધા શત્રુઓને પરાજિત કરી પોતાની આજ્ઞામાં મૂકતો, રાજાઓને પોતાનો પરાક્રમ બતાવતો, સેવકોને સન્માનતો તથા દીન અને અનાથ જનોને સતત્ દાન આપતો તે બત્રીશ હજાર રાજાઓ સહિત **મૂકા** નગરીમાં આવ્યો. ત્યાં રાજાઓએ તેનો બાર વરસ મહારાજ્યાભિષેક કર્યો. એ પ્રમાણે કૃતકૃત્ય થતાં બત્રીશ પાત્રો સંયુક્ત એવા બત્રીશ હજાર નાટકો, સોળ હજાર યક્ષો, ત્રણસો ત્રેસઠ રસોયા, અઢાર શ્રેણિ અને પ્રશ્રેણિ, ચોરાશી લાખ અશ્વો, ચોરાશી હજાર કુંજરો, છન્નુ કોટી મનુષ્યો, બહોંતેર હજાર શ્રેષ્ઠ નગરો, બત્રીશ હજાર દેશો, છન્નુ કોટી ગામો નવ્વાણુ હજાર [1]દ્રોણમુખ, ચોવીસ હજાર [2]કર્બટ, અડતાલીશ હજાર [3]પત્તન, ચોવીશ હજાર [4]મડંબ, વીશ હજાર [5]આકર, સોળસો [6]ખેડા, ચૌદ હજાર પ્રવર યોધાઓ, તેમજ યુવરાજ, શ્રેષ્ઠી, સેનાપતિપ્રમુખ જનોને આજ્ઞા-ઐશ્વર્યરૂપ સ્વામિત્વ પળાવતો અને દીવ્ય વિષય-સુખ ભોગવતો તે કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એવામાં એકદા શાંત ચિત્તે ચોતરફ અવલોકન કરવા આવાસના ઉપલા ભાગપર જતાં નરેંદ્ર જેટલામાં દિશાઓ તરફ જુવે છે, તેટલામાં આકાશ પ્રત્યે તરત પ્રગટ થયેલ અને અલ્પ વિસ્તૃત એક વાદળું તેના જોવામાં આવ્યું, કે જે કાજળ, મધુકર, જંગલી મહિષ, કોયલ, અને યમુનાના જળ સમાન શ્યામ, સ્ફુરાયમાન વિજળીને લીધે ભયાનક, ધમેલ સુવર્ણ તથા ધવલ ગો-ગાયોની શ્રેણિ સમાન મનોહર, ઉલ્લાસ પામતા ઇંદ્રધનુષ્યના આડંબર વડે રમણીય, મંદ મંદ વરસતાં બિંદુ સમૂહવડે સુંદર, ગંભીર ગર્જારવથી મયૂરોને નૃત્ય કરાવનાર એવું તે ક્ષણવાર દિશાઓમાં પ્રસરીને તરતજ પ્રબળ પવનથી પ્રેરાતાં સર્વથા નષ્ટ થએલ જોઇને નરેંદ્ર ચિંતવવા લાગ્યો કે—" અહો ! વસ્તુની પરિણતિ કેવી છે ? કે લોચનને અત્યંત અભિરામ એવું ઘનપટલ ક્ષણવાર ઉન્નતિ પામી અત્યારે સર્વથા વિચ્છેદ પામ્યું. એના અનુમાનથી સર્વ પદાર્થોની એવી જ

૧ જળ-સ્થળના માર્ગવાળા ગામો. ૨ સાદા નગર, ૩ શહેર, ૪ જેની આસપાસ એક યોજન ગામ ન હોય તેવા ગામો, ૫ ખાણ અથવા ખાણવાળો પ્રદેશ, ૬ ધૂળના પ્રાકારવાળા નગરો.

સ્થિતિ સમજવી. ક્ષણવિનશ્વર એવી વસ્તુમાં પ્રતિબંધ શો કરવો ? કે પ્રીતિ પણ કેવી ? અથવા ઉત્તરોત્તર કાર્યવિધાનનો ઉદ્યમ પણ કેવો ? કે બાહ્ય-વસ્તુઓમાં ક્ષણમાત્રનો વિશ્વાસ પણ શો કરવો ? અથવા તો બાહ્યવસ્તુઓ દૂર રહો, પરંતુ સમસ્ત મનોરથના મંદિરરૂપ એવું આ શરીર કે જેના નિમિત્તે હાથી, ઘોડા, રથ, યોધા, યુવતિ, પૂર, આકરપ્રમુખ રાજ્યાંગ મેળવવાનો પ્રયત્ન થાય છે, તે પણ ઉત્પાદ-ધર્મત્વને લીધે, પ્રત્યક્ષ દૃષ્ટ-વિનષ્ટ મેઘની જેમ અવશ્ય વિનશ્વર જ છે, માટે કુશળજનો નિઃસાર પુદ્ગલોના ઉપચયરૂપ, અસ્થિ, મજ્જા, વસા, રૂધિર, શુક્ર, માંસ ઇત્યાદિના સ્થાનરૂપે ઉત્પન્ન થયેલ, વિવિધ રોગથી ઘેરાયેલ, પ્રતિદિવસ સ્નાન, વિલેપન, ભોજન પ્રમુખ ઉપચારોથી પરિપાલનીય, શીત, તાપ, આતંક-પીડાના દોષથી રક્ષણ કરવા લાયક, અશુચિથી ભરેલા કળશની જેમ અત્યંત બીભત્સ ગંધયુક્ત, દુર્જનની ચેષ્ટાની જેમ માત્ર બ્હારથી રમણીય તથા અવિચારથી સુંદર, મહાનરેંદ્રની જેમ વિશિષ્ઠ વિષય-દેશના અનુરાગ સહિત અને દુધ પીનાર માર્જારની જેમ પ્રચંડ યમ-દંડના અભિઘાતની દરકાર ન કરનાર એવા આ શરીરનું લાલન-પાલન કરવા વિવિધ પ્રકારે કેમ રાજ્ય ગ્રહણ કરે છે ? મનમાં દરકાર રાખ્યા વિના કેમ પાપાચાર સેવે છે ? સદા એનું રક્ષણ કરવા વિવિધ આયુધ ધરનારા એવા સુભટોને કેમ સંઘરે છે ? નિરંતર સંતાપકારી અને નિત્ય પોતાની પાસે ઉપ-સ્થિત છતાં ક્રોધ, લોભાદિ શત્રુઓને ન જોતાં, હજારો યોજનને આંતરે રહેલા એવા બાહ્યશત્રુઓથી કેમ શંકા પામે છે ? પોતાના સ્વાર્થમાત્રથી અનુરાગ બતાવનાર એવા પરિજનોને નિષ્કપટ-પ્રેમી કેમ માનતા હશે ? વળી અવશ્ય નિધન—નાશ પામનાર છતાં ધનને તેઓ અવિનશ્વર કેમ સમજે છે ? માટે અહો ! તેમની પ્રમત્તતા, અહો ! નિર્વિવેકતા, અહો ! મહામોહનો મહિમા, અહો ! આ લોક સંબંધી પ્રતિબંધની પરવશતા, અહો ! આગામી દુઃખની બેદરકારી, અહો ! દુઃખવિપાક જોવાની પ્રતિકૂળતા." એમ રાજા ચિંતવતો હતો, તેવામાં એક કાલનિવેદક વૈતાલિકે જણાવ્યું કે—' અહો ! તેજરહિત થઇ આ સૂર્યબિંબ અત્યારે પશ્ચિમ આશા-દિશામાં જતાં પુંડરીક-કમળો સંકોચ પામવાથી ભ્રમરકુળના ભારે ગુંજારવના મિષે જાણે રૂદન કરી રહ્યા છે, તથા મોટા વિરહના મહાદુઃખથી સંતપ્ત થનારા ચક્રવાકો આક્રંદ કરી રહ્યા છે, માટે અહો ! આ અસાર સંસારને ધિક્કાર છે કે જ્યાં સાક્ષાત્ કંઈ શાશ્વત વસ્તુ જ નથી.' એમ સાંભળતા રાજાએ પણ વિચાર કર્યો કે—' અહો ! અનિત્યતાને લગતું આ ઠીક બોલ્યો, માટે હવે મારે ધર્મ-ઉદ્યમ કરવો જ યોગ્ય છે.' એમ ધારીને તે રાત્રે સુઇ ગયો, છતાં ક્ષણે ક્ષણે સંસારની નિર્ગુણતા જોતાં, જીવહિંસા પ્રમુખ દુષ્કૃતોની ગર્હા કરતાં, સંસારની ઉદ્વેગતા ધરતાં, સ્વજન-

સંબંધને બંધન સમાન ગણતાં, ભોગોને ભુજંગતુલ્ય સમજતાં, સંસારના વિલાસને માયાજાળ–ઈંદ્રજાળ સમાન અવલોકતાં, વિલાસશય્યામાં પણ તાલાવેલી કરતાં, મહાકષ્ટે રાજાએ રાત્રિ વ્યતીત કરી. એવામાં સૂર્ય ઉદય પામ્યો ત્યારે એક માગધ બોલ્યો કે—'પ્રતિપક્ષનો પ્રતિઘાત કરનાર, ચક–ચક્રવાકને સુખ પમાડનાર, મૃદુ કર–કિરણથી રમણીય સજ્જનોને આશંસનીય તથા દોષા[1]–દોષને હણનાર એવું આ સૂર્યબિંબ અત્યારે તમારી જેમ ઉદયાચલપર ઉદય પામે છે.

એ ઉદય શબ્દથી સુંદર શ્લોક સાંભળતાં અપૂર્વ લાભની સંભાવના થવાથી નરપતિ શય્યા થકી ઉઠી, પ્રભાત કર્ત્તવ્ય આચરીને તે સિંહાસનપર બેઠો. એવામાં ઉદ્યાનપાલકોએ આવી, પ્રણામ કરીને નિવેદન કરતાં જણાવ્યું કે—'હે દેવ! આપને વધામણી આપીએ છીએ કે ભગવંત **પોટ્ટિલાચાર્ય** બહુ શિષ્યોના પરિવાર સાથે આપના ઉદ્યાનમાં પધાર્યા છે.' એ પ્રમાણે સાંભળી અત્યંત પ્રમોદને ધારણ કરતાં તેણે ઉદ્યાનપાલકોને ધારણા કરતાં અધિક પારિતોષિક દેવરાવ્યું. પછી પ્રવર ગજેંદ્રપર આરૂઢ થઇ, સર્વ પરિવાર સહિત ચક્રી મહાવિભૂતિપૂર્વક ઉદ્યાનમાં ગયો. ત્યાં ભારે આદરથી આચાર્ય મહારાજને તેણે વંદન કર્યું અને નજીકના ભૂમિભાગપર બેસીને અંજલિ જોડી, મેઘવિગમને જોતાં પ્રગટ થયેલ તથા સદ્ધર્મ સાધવાની ભાવનારૂપ પોતાના મનના પરિણામ ગુરૂ આગળ કહી સંભળાવ્યા, એટલે ગુરૂ બોલ્યા કે—"હે મહારાજ! તારી બુદ્ધિ કુશળજનોને અનુસરતી છે. તને કર્મવિવર સંપન્ન થતાં મોક્ષલક્ષ્મી હવે તારા કરકમળમાં છે કે જે તને આવા પ્રકારની ભાવના જાગૃત થઈ છે, માટે હે નરેંદ્ર! પુરૂષો ત્રણ પ્રકારના હોય છે. ઉત્તમ, મધ્યમ અને જઘન્ય. તેમાં ઉત્તમપુરૂષો પોતાની મતિથી સંસારની ક્ષણભંગુરતા જાણી ગૃહ, કલત્રાદિકને તજી પરલોકમાં હિતકારી એવી પ્રવજ્યાને આદરે છે, તેમજ મધ્યમ પુરૂષો મોટા રોગની પીડા કે ભારે વિયોગ દુઃખ જોઇ, મહાકષ્ટે તેઓ જિનધર્મમાં સંલગ્ન થાય છે. વળી જે જઘન્ય પુરૂષો છે, તેઓ તો વિવિધ આપદામાં નિમગ્ન થયા છતાં તથા સેંકડો દુઃખોથી પીડાયા છતાં, કોઇ રીતે મુક્તિમાર્ગમાં પ્રવર્ત્તતા નથી, તેમજ કરૂણાનિધાન ગુરૂએ વિવિધ વચનોથી બોધ આપતાં પણ ધર્મ આદરવાનું તો દૂર રહો, પરંતુ ધર્મની સદ્દહણા–શ્રદ્ધા પણ તેઓ રાખી શકતા નથી. અહીં ભવસ્વરૂપ જાણતા ઉત્તમ પુરૂષો જેમ સ્વભાવથી જ ધર્મના અધિકારી હોય છે, તેમ મધ્યમ અને જઘન્ય પુરૂષો ધર્મના અધિકારી થઇ શકતા નથી. તો હે મહાયશ! સર્વજ્ઞકથિત ધર્મને તું યોગ્ય છે, માટે અત્યારે તે આદરીને પોતાના જીવિતને સફળ કર; કારણ કે ચિંતામણિ પ્રમુખ રત્નોનું સ્વરૂપ જાણવામાં આવતાં સુબુદ્ધિ પુરૂષો તેનો આદર

૧ રાત્રિ.

કરવામાં કદાપિ વિમુખ થતા નથી. અને વળી જળબિંદુ સમાન ચંચળ જીવિત, ઇંદ્રધનુષ્ય સમાન પ્રેમ, પૂર્ણ છતાં ગજકર્ણતુલ્ય ચપળ શરીરલાવણ્ય, પવનથી પ્રેરાયેલ પર્ણસમાન તારૂણ્ય, સુંદર છતાં ક્ષણભંગુર તેમજ મહાકષ્ટથી વૃદ્ધિ પમાડેલ ધન પણ સેંકડો આપદાઓના નિમિત્તરૂપ જ છે. એમાંનું એક એક પણ સુબુદ્ધિ પુરૂષને અવશ્ય મોટા વૈરાગ્યનું કારણ થાય છે, તો બધી બાબતો માટે તો કહેવું જ શું ? સંવેગ-ભાવના કારણભૂત આવા પદાર્થો નિત્ય સાક્ષાત્ વિદ્યમાન છતાં જેઓ મોક્ષમાર્ગમાં પ્રવર્ત્તવાનો પ્રયત્ન કરતા નથી એ જ મોટામાં મોટું આશ્ચર્ય છે. વધારે શું કહેવું ? તમે હવે સદ્ધર્મનો સ્વીકાર કરો, કારણ કે શ્રેયમાં અનેક વિઘ્નો ઉપસ્થિત થાય છે; માટે કાળનો વિલંબ કરવો તે યોગ્ય નથી."

એ પ્રમાણે સાંભળતાં ચક્રવર્ત્તી ભાવપૂર્વક ગુરૂના ચરણમાં પડીને કહેવા લાગ્યો—' હે ભગવન્ ! આપનું એ કથન યથાર્થ છે. હવે હું ગૃહાદિક તજીને સંયમ લેવા ઇચ્છું છું. ' ગુરૂ બોલ્યા—' હે ભદ્ર ! તમે હવે પ્રતિબંધ ન કરો. પરમાર્થને જાણનારા તમારા જેવા પુરૂષોને એજ માર્ગ ઉચિત છે.' ગુરૂએ એમ કહેતાં પ્રિયમિત્ર નરેંદ્ર ગુરૂને વંદન કરીને પોતાની રાજધાનીમાં ગયો, ત્યાં નાગર જનો, મંત્રીઓ, સેનાપતિ પ્રમુખ પ્રધાન પુરૂષોને બોલાવીને તેણે કહ્યું —" હે પ્રધાન પુરૂષો ! હવે ગૃહત્યાગ કરવાની મારી ભાવના છે, જેથી નિર્ગ્રંથ–પ્રવચનનો સ્વીકાર કરવા ઇચ્છા છે, તો પૂર્વે મેં જે તમને મારી આજ્ઞામાં નિયુક્ત કર્યા તે બદલ તમારૂં દિલ દુખાયું હોય, વળી તમારી પાસે સેવાવિધિ કરાવી, તેમજ અધિક કર ગ્રહણ કરવાથી મેં તમને સતાવ્યા હોય એ બધું ક્ષમા કરજો. " એટલે તેમણે કહ્યું—" હે દેવ ! અમારા જેવાનું હૃદય ખરેખર ! વજ્રમય પાષાણથી બનાવેલ લાગે છે કે જે તમારાં આવાં વચનો સાંભળતાં પણ ભેદાતું નથી. વળી માબાપ તો પ્રથમ પરમ ઉપકારી થયા, પરંતુ ઉત્તરોત્તર ગુણોમાં તો તમે જ અમને સ્થાપન કર્યા, તેથી તમારા ચરણકમળની સેવા રહિત અમો નિર્દય ચિત્તે હવે ઘરે રહેતાં લજ્જા કેમ ન પામીએ ? જેમ તમે અમારા અપરાધ સહન કર્યા, તેમ અન્ય કોણ સહન કરે ? માટે આ લોકની જેમ પરભવમાં પણ હે નાથ ! તમે જ અમારા શરણ છો. " એમ તેમના કહેતાં રાજાએ જણાવ્યું કે—' જો એમ હોય તો તમે પોતપોતાના સ્થાને જઇ, પુત્રોને ગૃહકાર્યાદિમાં નિયુક્ત કરી, બધાં કર્ત્તવ્ય આચરી, શિબિકામાં બેસીને મારી પાસે આવો. ' રાજાનું એ વચન સ્વીકારીને તેઓ પોતપોતાને ઘરે ગયા અને તે સમયને યોગ્ય તેમણે બધું કૃત્ય કર્યું. અહીં રાજાએ પણ પોતાના પુત્રનો રાજ્યાભિષેક કર્યો અને હાથી, અશ્વ પ્રમુખ સૈન્ય સમ-

પંણ કર્યું. પછી મજ્જન કરી, અલંકાર પહેરી, રાજા શિબિકાપર આરૂઢ થયો અને પ્રવ્રજ્યાના અભિલાષી તે બધા સામંતાદિકથી પરિવૃત થઇ, અનિવારિત કનકાદિકના દાન દેવામાં આવતાં, ચતુર્વિધ વાજીંત્રો વાગતાં, તરૂણીજનો નૃત્ય કરતાં અને માગધ-સ્તુતિપાઠકો વિવિધ ગુણ બોલતાં તે ઉદ્યાનમાં આવ્યો. ત્યાં શિબિકાથકી નીચે ઉતરી તેણે આચાર્ય મહારાજને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદન કર્યું. પછી આભરણોનો ત્યાગ કરતાં ગુરૂએ તેને દીક્ષા આપી, જે તેણે ભાવ સહિત અંગીકાર કરી. હવે જિનેશ્વર પ્રણીત સિદ્ધાંતોને ભણતાં, ગુરૂજીની આરાધનામાં ચિત્ત લગાડતાં, પ્રમાદ, ઉન્માદ અને માયાપ્રપંચને તજતાં, બહુ-વિધ તપથી શરીરને ક્ષીણ કરતાં, નિર્મળ ગુણ-સમૂહનો સંગ્રહ કરતાં, કામ પ્રમુખ સમસ્ત રિપુઓને જીતતાં, પોતાના જીવિતની જેમ બધા પ્રાણીઓની રક્ષા કરતાં, સૂત્રાર્થના ચિંતનને ક્ષણ પણ ન મૂકતાં, સુખ-દુઃખ, મણિ-પાષાણ, શત્રુ-મિત્રાદિકમાં તુલા-તરાજની જેમ સમાન ચિત્તવૃત્તિને ધરતાં, વસ્ત્રે લાગેલ તૃણની જેમ સર્વ સંગને તજી, તે મહાત્મા નિષ્કંપ થઇને વસુધાપર વિચરવા લાગ્યા. એમ એક કોટી વરસ પ્રવ્રજ્યા પાળી, મરણ પામતાં પ્રિયમિત્ર મુનિ શુક્ર દેવલોકમાં મહર્દ્ધિક દેવતા થયા.

**એ પ્રમાણે દુઃખ-દારૂ કાપવામાં કરવત સમાન, શિવપુર પ્રત્યે પ્રસ્થિતને મંગલ-કળશની જેમ એક પ્રવર શુકનરૂપ અને સુપવિત્ર એવા મહાવીર-ચરિત્રમાં ઋષભસ્વામીએ કહેલ વાસુદેવ, ચક્રવર્ત્તીની પદવીરૂપ પ્રવર લાભવડે પ્રતિબદ્ધ અને જન-મનને આશ્ચર્ય પમાડનાર એવો ત્રીજો પ્રસ્તાવ પૂર્ણ થયો.**

॥ इति तृतीय प्रस्ताव ॥



# चतुर्थ प्रस्ताव.

એ પ્રમાણે હરિ-વાસુદેવ અને ચક્રવર્તીની કથા પ્રયત્નપૂર્વક કહેવામાં આવી. હવે **નંદન** નરપતિનો વૃત્તાંત આપને કહું છું.

સમસ્ત વસુંધરારૂપ રમણીના કુંડળ સમાન અને કુબેરની રાજધાનીની ભ્રાંતિ પમાડનાર એવી **છત્રા** નામે નગરી છે. ત્યાં ન્યાયમાર્ગના પ્રવર્ત્તનવડે ધર્મરાજ તુલ્ય, કોપવડે કૃતાંત સમાન, કીર્ત્તિવડે અર્જુન, ભુજબળવડે બલભદ્ર, સૌમ્યગુણ વડે ચંદ્રમા, પ્રતાપવડે સૂર્ય સમાન, શરીર-સામર્થ્યવડે પવન, ગુરૂ-મોટા બુદ્ધિ-વિભવવડે ગુરૂ તુલ્ય, બલિ-શત્રુને દમવાવડે કૃષ્ણ અને રૂપવડે મન્મથ સમાન તથા સમસ્ત જગતમાં વિસ્તૃત યશવાળો એવો **જિતશત્રુ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને રતિ કરતાં અધિક રૂપવતી છતાં ગર્વરહિત અને સ્ત્રીપણામાં પણ માયારહિત એવી યથાર્થ નામવાળી **ભદ્રા** નામે રાણી હતી. તેની સાથે અનુકૂળ વિષય-સુખ ભોગવતાં રાજાના દિવસો વ્યતીત થતા. એવામાં એકદા પ્રિયમિત્રનો જીવ આયુપૂર્ણ થતાં દેવલોક થકી ચવીને તે રાણીના ઉદરમાં પુત્રપણે અવતર્યો. અનુક્રમે જન્મ પામતાં ઉચિત સમયે તેનું **નંદન** એવું નામ રાખવામાં આવ્યું. તે ધવલપક્ષના ચંદ્રમા સમાન શરીર અને કલાકલાપથી વૃદ્ધિ પામવા લાગ્યો. એક વખતે પિતાએ તેને યોગ્ય જાણીને પોતાના પદપર સ્થાપન કર્યો એટલે તે પ્રજાપતિ રાજા થયો અને પ્રથમની જેમ પૃથ્વીનું પાલન કરવા લાગ્યો.

એ પ્રમાણે શત્રુસમૂહ તથા ઇંદ્રિયગણને જીતતાં, નિર્મળ યશ તથા ગુણસમૂહને દિશાઓમાં વિસ્તારતાં, દોષ અને શઠજનોનો નાશ કરતાં, નિધાન-ભંડાર અને બંધુવર્ગને ઉન્નતિમાં લાવતાં તેમજ સાધુલોક તથા ગુરૂ-ઉપદેશને પાળતાં **નંદન** રાજાએ ચોવીશ લાખ વરસ વ્યતીત કર્યાં.

એવામાં એકદા ભીમ ભવ-સાગરમાં નાવ સમાન, વિશુદ્ધ જ્ઞાનાદિ ગુણ-રત્નોના ભંડાર, મોહ-મહામલ્લનો નાશ કરવામાં સમર્થ, કુમતરૂપ અંધકારને દૂર કરવામાં પ્રચંડ સૂર્ય સમાન, મિથ્યાત્વથી અંધ બનેલા ભવ્યોને આલંબન આપવા એક દંડરૂપ, ભવ્ય-કમળોને વિકાસ પમાડનાર, તથા પોતાના નામથી મંગળ કરનાર એવા **શ્રી પોટ્ટિલાચાર્ય** નામે સૂરિ બ્હાર ઉદ્યાનમાં પધાર્યા. એટલે તેમનું આગમન જાણવામાં આવતાં, મુખે પ્રફુલ્લિત થતો, કપોલ જેના વિકાસ પામ્યા છે તથા સર્વાંગે જેને રોમાંચ પ્રગટ થયા છે એવો તે રાજા તેમને વંદન કરવા ગયો. ત્યાં ત્રણ પ્રદક્ષિણા કરી, પ્રથમ દર્શનથી ઉછળતા પ્રમોદના પ્રકર્ષથી વિકાસ પામતા ધવલ દૃષ્ટિપાતના મિષથી જાણે વિલાસ કરતા ભ્રમરયુકત શ્વેત પુષ્પોથી ગુરૂના સર્વાંગે પ્રકૃષ્ટ પૂજા કરતો હોય, પ્રગટ થતા આનંદાશ્રુરૂપ જળથી જાણે ગુરૂના ચરણ પખાળવા તૈયાર થયો હોય, ચરણ-ચારિત્રમાં અત્યંત રસિક, માન કે શોકરહિત તથા હિતોપદેશ સાંભળવા તત્પર એવો રાજા, કામનો ઉપઘાત કરવામાં સમર્થ એવા આચાર્ય મહારાજના પગે પડી, પરમ પ્રમોદને પામતો કહેવા લાગ્યો કે—

" હે ભગવન્ ! આપના દુર્લભ પાદ-પદ્મ પામતાં આજે હું મારા આત્માને ઇંદ્ર, મહાદેવ, વાસુદેવ કે દેવતાઓ કરતાં પણ અધિક માનું છું. જે ધન્ય પુરૂષો તમારા ચરણ-કમલમાં ભ્રમર સમાન બને છે, તેઓ નિરંતર ભારે સુખ-સમૂહના ભાજન થાય છે. આ તુચ્છ જીવલોકમાં પણ એટલા માટે જ જીવવાનું છે કે જેથી તીર્થતુલ્ય તમારા જેવા મહાત્માઓના કોઇવાર દર્શન થાય. ત્રણે ભુવનમાં પૃથ્વી ભલે પોતાનું **વસુંધરા** એવું પ્રગટ નામ વહન કરે, કે જે અદ્યાપિ તમારા જેવા પુરૂષ-રત્નોને ધારણ કરી રહી છે. " એ પ્રમાણે ભક્તિપૂર્વક સ્તુતિ કરીને નંદન નરેંદ્ર વિરામ પામતાં, આચાર્ય મહારાજે તેને યોગ્ય સમજીને ધર્મોપદેશ આપવા માંડયો.

" હે નરપતિ ! આ સંસારમાં કેટલાક પ્રાણીઓ દુઃખસંતપ્ત બની, અનંત કાલ નરકાદિ ગતિમાં ભમતાં, બાળ-તપશ્ચરણથી અથવા અકામ નિર્જરાથી મહાકષ્ટે ઋદ્ધિસંયુકત મનુષ્યત્વ પામે છે. તે દુર્લભ જન્મ પ્રાપ્ત થતાં પણ કેટલાક મૂઢ જનો ભવ-ભયની દરકાર કર્યા વિના ધર્મ-પ્રતિબંધને તજી, ધર્મ, ગુરૂને હીલણા પમાડી, ઉત્તમ જનના વિશિષ્ટ આચારને હસી કહાડી, ક્ષણ-ભંગુર છતાં પોતાના શરીરને શાશ્વત માનતા તે વિષયોમાં આકર્ષાય છે અને પ્રાણીઓનાં વધાદિકમાં પ્રવર્ત્તે છે. વળી હે ભૂપાલ ! કેટલાક એવા પણ હોય છે કે મનોવાંછિત ભોગોપભોગ પામ્યા છતાં, આજ્ઞા-ઐશ્વર્યરૂપ સમસ્ત વસુધાનું નાયકત્વ છતાં અને વિષયમાં વ્યામૂઢ છતાં, ગુરૂ પાસે ધર્મવચન સાંભળી **નરસિંહ**ની જેમ પ્રવ્રજ્યા આદરે છે, અથવા પુણ્યથી પ્રાપ્ત કરેલ બંને

રાજ્યની ઉત્કટ લક્ષ્મીયુકત **નરવિક્રમ** રાજા કે જે તેનો જ પુત્ર મહાસત્ત્વશાળી થયો; એવા જ પુરૂષો પૂજનીય ગણાય છે અને તેમનું જ પુરૂષત્વ પ્રધાન છે કે લોકોને આશ્ચર્ય પમાડનાર જેમનું ચરિત્ર જગતમાં વખણાય છે. ” એમ સાંભળતાં નંદન નરાધિપ બોલ્યો—‘ હે ભગવન્ ! એ નરસિંહ કોણ અને તેનો પુત્ર નરવિક્રમ કોણ ? વળી બંને રાજ્ય પામીને પણ તેણે દીક્ષા શી રીતે લીધી ? તે બધું સવિસ્તર કહો. મને મોટું આશ્ચર્ય થાય છે. ’ ત્યારે આચાર્ય મહારાજ બોલ્યા—“ સાંભળઃ—

કુરૂદેશના તિલક સમાન, પરચક્રના ભયરહિત અને જનસમૂહથી પૂર્ણ એવી **જયંતી** નામે નગરી છે. ત્યાં ચંદ્રમા સમાન પ્રસરતી ધવલકીર્ત્તિયુકત, અપ્રતિમ પ્રતાપથી આક્રાંત થયેલ શત્રુઓ જેના ચરણ–કમળમાં નમ્યા છે, મોટા હાથી, અશ્વો, શૂરવીર યોધાઓની સેનાસંયુકત, અમરાવતીમાં ઇંદ્રની જેમ પરમ પરાક્રમી **નરસિંહ** નામે રાજા હતો. વિષમાક્ષ–વિષમ લોચનયુકત, સ્ત્રી-પ્રસકત અને દુર્ગા–પાર્વતી, પક્ષે દુર્ગ–સંગ્રામમાં સદા અનુરકત એવા જેની તુલ્ય હર–શંકર પણ ન હતો, તો બીજાની શી વાત કરવી ? તેને બધા અંતઃ-પુરમાં પ્રધાનભૂત, મુખના લાવણ્યથી પૂર્ણ ચંદ્રમંડળની અવગણના કરનાર, પોતાની લલિત ગતિથી રાજહંસને જીતનાર, કૂર્મ–કાચબા સમાન ઉન્નત, કમળ સમ કોમળ અને રકત એવા ક્રમયુગલયુકત, મન્મથ રાજાની જાણે એક રાજ-ધાની હોય, નિર્મલ શીલરૂપ મહાકીંમતી વસ્તુઓની જાણે વિશાળ શાળા હોય, તથા સર્વ રતિસુખરૂપ મણિ–નિધાનની જાણે મંજૂષા હોય એવી **ચંપકમાળા** નામે રાણી હતી, કે જેના તીચ્છાં કટાક્ષમાં ભંગુરતા હતી, પણ ધર્મ–કર્મના ઉત્સા-હમાં નહિ; વિમલ મણિ–મુકતાહારમાં તરલતા હતી, પણ વિશિષ્ટ લોક–વ્યવ-હારમાં નહિ; જેના ઉદરમાં તનુતા–ન્યૂનતા હતી, પણ સ્વરમાં નહિ; વળી જેના કેશ–કલાપમાં કુટિલતા હતી, પણ પ્રેમપૂર્વકના આલાપમાં નહિ; અને વળી પોતાના રૂપથી દેવાંગનાઓના યૌવન–ગર્વને જીતનાર, કુવલય સમાન લોચન-વાળી, ઉદ્ભટ શૃંગારને લીધે મહાસમુદ્રની દુર્ઘર્ષ વેળ–વેલા સમાન એવી તેણીના વચન, વિલાસ, નેપથ્ય–શૃંગાર, ચતુરાઇ પ્રમુખ ગુણ–સમૂહને બૃહસ્પતિ સો જીંહાથી પણ વર્ણવી શકે નહિ. તથા તે રાજાને **બુદ્ધિસાર** પ્રમુખ મંત્રીઓ હતા, કે જે પોતાના દેશની સંધિ–હદનું રક્ષણ કરવામાં વિચક્ષણ, પ્રજાના પરિપાલનમાં અનુરકત, અન્યોન્ય પ્રેમી, ભારે સંતોષી, રાજ્યની સુવ્યવસ્થામાં સાવધાન, શત્રુઓની ગુપ્ત હીલચાલને જાણનારા, સ્વામિભકત, ગુણાનુરાગી, રાજ્ય–ભાર વહન કરનારા, મોટું કામ પણ માથે લેનારા, એક એક પ્રધાન ગુણથી મંડિત તથા સમસ્ત ન્યાય–શાસ્ત્ર સાંભળવાથી વિસ્તૃત બુદ્ધિવાળા હતા. નિરંતર અસુ-રોના ઉપદ્રવના ભયને લીધે વ્યાકુળ થતી દેવાંગનાઓથી શોભતી, જ્યાં પ્રવર

રત્નો હરાઇ રહ્યાં છે એવી અમરાવતીને સાંભળી, પોતાના બુદ્ધિ-માહાત્મ્યથી વિપક્ષને પરાસ્ત કરનાર એવા જે મંત્રીઓ બૃહસ્પતિને પણ હસી કહાડતા હતા. કહો, તેવા મંત્રીવર્ગની તુલના કોની સાથે થઈ શકે ? એવા પ્રકારના ગુણવાળા મંત્રીજનોપર રાજ્ય-ચિંતાનો મહાભાર આરોપણ કરી, ગ્રામ, નગર, આકરાદિકથી વેષ્ટિત એવા ધરણીમંડળને લીલાથી ધારણ કરતાં, મરણ-ભયનો વ્યામોહ થવાથી દુર્દાંત સામંત સમૂહને વશ લાવતાં, દીન, અનાથજનોને મનોવાંછિત પૂરવા મહાદાનશાળાઓ પ્રવર્ત્તાવતાં ઉંચા શિખરોથી હિમાલયના શૃંગોને હસી કહાડનાર એવા મદન-મંદિરાદિ કરાવતાં, ધર્માર્થ પ્રકાશક શાસ્ત્રો સાંભળતાં, દુષ્કર તપ-ચરણરૂપ જળથી પાપ-મેલને ધોઇ નાખનાર એવા ગુરૂના ચરણ-કમળ આરાધતાં, લોકોને વ્યામોહ પમાડનાર ધર્મવિરોધને અકટાવતાં તથા ગુણવંત પ્રણયી-પ્રેમી કે સ્વજન-વર્ગને સન્માનતાં, પૂર્વે ઉપાર્જેલ સુકૃત-સમૂહથી ચિંતારહિત સુખ ભોગવતાં, પુરૂષાર્થ સેવવામાં તત્પર, ન્યાય અને વિનયયુક્ત, દાનથી પ્રસન્ન થયેલા બંદિજનો જેનું વિશિષ્ટ ચરિત્ર ગાઇ રહ્યા છે તથા જગતમાં પ્રસિદ્ધ એવા તે રાજાના દિવસો જવા લાગ્યા.

એકદા વિચિત્ર ચિત્રોવડે મનોહર મંદિર-આવાસમાં સુખશય્યાપર રાજા સુતો હતો અને નિદ્રાનો વેગ તેનો મંદ પડી ગયો હતો, તેવામાં પશ્ચિમ રાત્રિ સમયે-પાછલી રાતે કોઇ વિચક્ષણ પહેરગીર-યામરક્ષક બોલ્યો કે—'જે પુરૂષો, પૂર્વજોના વંશરૂપ વૃક્ષના મૂળ સમાન, શત્રુ-કુળરૂપ કમળને દળવામાં કુંજરસમાન અને સર્વગુણના સ્થાનરૂપ એવા પુત્રને પોતાના પદે સ્થાપી સંયમથી અલંકૃત થાય છે, તેવા જનો પરભવમાં મુકિત કેમ ન પામે ?' એ પ્રમાણે સાંભળતાં રાજાએ ચિંતવ્યું કે—"અહો ! એ તો દુર્લભ છે, કારણ કે આટલો બધો કાળ વીતતાં અને ઘણી રમણીઓ છતાં અત્યારસુધી મને કુલાલંબનરૂપ એકે પુત્રની પ્રાપ્તિ ન થઇ. બીજું તો દૂર રહો, પણ આવી સ્થિતિમાં હવે હું શું કરૂં ? કોનું આરાધન કરૂં ? કયાં જાઉં ? કોને કહું ? કેવો ઇલાજ લઉં ? અથવા આવા કામમાં કોને સહાયક બનાવું ? મારો પુરૂષાર્થ શો ? પૂર્વ કર્મની પરિણતિ કેવી હશે ?" એમ વિચારતાં ક્ષણવાર કિંકર્ત્તવ્ય-મૂઢ બની, તરતજ પુનઃ સત્ત્વભાવ સ્વીકારી, રાજા સમ્યક્ પ્રકારે વિચારવા લાગ્યો કે—'પરલોકને માટે પ્રવૃત્ત થયેલા પુરૂષોને જોકે પુત્રોની સહાયતાની જરૂર જ નથી, કારણ કે છેક ઉપર ગયેલ હાથી પણ પર્વતને ભાંગે-તોડે છે, તેમ પુત્ર પણ મર્યાદા ઓળંગી જતાં દુઃખરૂપ થાય છે, તોપણ પૂર્વ રાજાઓની પરંપરા-સંતતિનો વિચ્છેદ થાય એ જ મારા મનમાં દુઃખ પેદા કરે છે; કારણ કે પૂર્વના ભૂપાલોએ આ કુરૂદેશનું રક્ષણ કર્યું છે.' એવામાં દિશાઓમાં ભારંડ, કારંડ, હંસ, ચકવાક પ્રમુખ પક્ષીઓનો કોલાહલ સંભળાયો, પ્રભાનો પ્રસાર થયો,

તારાઓ ઝાંખા પડયા, સિંદૂરના રેણુપુંજ સમાન સૂર્ય–સારથિ અરૂણની પ્રભા પ્રસરવા લાગી, પટહ, મૃદંગ, ઝાલર, ભંભા, ભેરી વિગેરે પ્રભાતના મંગલ–વાદ્ય વાગવા લાગ્યાં, કમળોની પ્રચંડ જાડયતાને દૂર કરનાર કિરણ–સમૂહયુકત દિનકર ઉદય પામ્યો; એટલે શય્યાથકી ઉઠી, વાસભવનથી બહાર આવી, પ્રાભાતિક કૃત્ય બજાવી, અંગરક્ષક, પીઠમર્દક પ્રમુખ પ્રધાન પરિજન સહિત સભામંડપમાં જઇ, પૂર્વાચલના શિખરપર સૂર્યની જેમ રાજા, અનેક મણિ–કિરણોથી વ્યાપ્ત કનકસિંહાસન પર બેઠો. પછી બંને બાજુ ચામર ઢાળનારી ઉભી રહી, મંત્રીઓ, સામંતો, સુભટો, ખંડરક્ષક પ્રમુખ પ્રધાન પુરૂષો પોતપોતાના સ્થાને બેઠા. સીમાડાના રાજાઓએ મોકલેલ મહાકીંમતી ભેટો સ્વીકારવામાં આવી અને રાજ્ય–કારભારનો વિચાર કરવામાં આવ્યો. ક્ષણવાર પછી બધા સામંતાદિક લોકોને વિદાય કરી, કેટલાક પ્રધાન પુરૂષોને સાથે લઇને રાજા એકાંતમાં બેઠો અને બુદ્ધિસાર પ્રમુખ મંત્રીઓને રાત્રિનો વ્યતિકર કહીને તે આ પ્રમાણે પૂછવા લાગ્યો—'હે મંત્રીઓ! સાંભળો, તમે તંત્ર, મંત્રના બધાં શાસ્ત્રો જાણો છો, વિદ્યાસિદ્ધ પુરૂષોને આરાધો છો, સર્વ કર્મમાં બુદ્ધિ ચલાવી તમે પોતે ગુપ્તકાર્યોની ગતિ પણ બતાવો છો, તો તમે જણાવો કે આ સુત–લાભરૂપ ચિંતા–સાગરનો હું કેમ પાર પામીશ?' ત્યારે ક્ષણભર યોગ્યાયોગ્યનો વિચાર કરીને મંત્રીઓ બોલ્યા—"હે દેવ! તમારો પ્રયત્ન ઠીક સુસ્થાને છે. અમે પ્રથમથી જ એ બાબત આપને જણાવવાના હતા; પરંતુ તમે પોતે જ અત્યારે જણાવ્યું તે સારૂં થયું; છતાં આપ અમને ઉપાય પૂછો છો, તે બાબતમાં અમે શું કહીએ? અત્યંત દીવ્ય જ્ઞાન–લોચનને ગોચર એવી એ બાબતમાં અમે શું ઉપાય બતાવીએ અને જવાબ પણ શું આપીએ? આકાર, ઇંગિત, ગતિ, વચન પ્રમુખને ગોચર એવી બાબતનું અનુમાન તો અમારા જેવા પણ કરી શકે, પરંતુ આવા કાર્યમાં અમારી બુદ્ધિ ચાલી શકે નહિ; છતાં એટલું તો અમે જાણીએ છીએ કે પોતપોતાના કર્મને અનુરૂપ–અનુકૂળ સ્થાનમાં ઉપાયરહિત છતાં જીવો પુત્રાદિકને પામી શકે છે." ત્યારે રાજા હસીને કહેવા લાગ્યો—'જો એ પ્રમાણે જનની–જનકનો વિરહ છતાં પણ ગગનાંગણની જેમ પ્રતિક્ષણે ઉપજતા હોય તો તેમાં અયુકત શું છે? માટે કર્મની પ્રધાનતા સ્વીકારીને તમે એકાંતપક્ષનો આદર ન કરો, કારણ કે કાર્યસિદ્ધિમાં દ્રવ્ય, ક્ષેત્ર અને કાલ પણ કારણરૂપ છે; પછી લલાટે અંજલિ જોડી 'જે આપ કહો છો, તે સત્ય છે.' એમ માની બુદ્ધિસાર પ્રમુખ મંત્રીઓ કહેવા લાગ્યા કે—"હે દેવ! જો એમ હોય તો સાંભળો—

પ્રચંડ ચંડિકા–વિદ્યાને સાધનાર, મુંડ–માળાને ધારણ કરનાર, પિશાચની સાધનામાં નિપુણ, શાકિનીનો નિગ્રહ કરવામાં સાહસિક, ક્ષેત્રપાલને બોલાવવામાં

સમર્થ, કર્ણ-વિદ્યાઓમાં ચાલાક, પક્ષે કન્યાઓને વશ કરવાની વિદ્યામાં નિપુણ, હજારો ઔષધિનાં ચૂર્ણો અને રસાયનના પાનથી જરા-વિધુરતાને દૂર કરનાર, વિવર-ગુફામાં પ્રવેશ કરી સંતુષ્ટ કરેલ લાખો યક્ષિણીઓના પરિભોગ-પ્રકારને પ્રરૂપવામાં પંડિત તથા મહાવ્રતીના વેશને ધારણ કરનાર એવો **ઘોરશિવ** નામે તપસ્વી અહીં જ વિદ્યમાન છે, અને વળી આકૃષ્ટિ વિદ્યામાં તે પ્રકૃષ્ટ છે, સર્પનું મહાવિષ કહાડી નાખવામાં અનુભવી, વિક્ષેપ પમાડવામાં દક્ષ અને વશીકરણ-વિદ્યામાં સાવધાન છે. તે શાસ્ત્રોમાં જે કહેલ નથી, કુશળબુદ્ધિ પૂર્વ પુરૂષોને જે વસ્તુ અગોચર છે, પૂર્વના પંડિતોને પણ જે કયાંય મતિગોચર થયેલ નથી, જે યુક્તિઓથી બ્હાર છે, સાંભળ્યા છતાં કુશળજનો જેની શ્રદ્ધા કરતા નથી તથા લાંબો કાળ જોયા છતાં જ્યાં સંદિગ્ધ રહેવું પડે છે, તેવી વસ્તુને પણ જે દર્શાવી આપે છે. અને વળી તે કહે છે કે—' ત્રણે ભુવનમાં મને કાંઇ અસાધ્ય નથી. જો કે તે આવો સમર્થ છે, છતાં એ બાબતમાં આપ પોતે જ પ્રમાણ છો." એમ સાંભળતાં રાજાએ કૌતુહળથી પ્રધાન પુરૂષોને કહ્યું કે—" અરે! તેને સત્વર અહીં લાવો!" એટલે ' જેવી દેવની આજ્ઞા ' એમ કહી તેઓ રાજભવનથી બહાર નીકળ્યા અને તેના આશ્રમ-સ્થાને ગયા. ત્યાં પ્રણામ કરીને તેમણે પોતાના આગમનનું પ્રયોજન કહી સંભળાવ્યું, એટલે હર્ષથી લોચન પ્રફુલ્લિત કરી, પોતાને કૃતકૃત્ય માનતો તે ઘોરશિવ રાજપુરૂષો સાથે ચાલ્યો અને તે રાજભવનમાં ગયો. દ્વારપાલના નિવેદનથી તે રાજા પાસે આવી ઉચિતાસને બેઠો. રાજાએ તેનો ઉચિત સત્કાર કર્યો અને ક્ષણવાર પછી તેને પૂછયું કે—' હે ભગવન્! કઇ દિશાથી આપનું આગમન થયું છે? અને હવે કયાં જવાના છે? અથવા તો અહીં આવવાનું શું પ્રયોજન?' ઘોરશિવ બોલ્યો—' હે મહારાજ! હું **શ્રીપર્વત**થી આવું છું અને હવે ઉત્તર દિશારૂપ સુંદરીના કુંડલ સમાન એવા **જાલંધર** નગરમાં જવા ધારૂં છું. વળી તમે જે પૂછયું કે અહીં સ્થિરતા કરવાનું પ્રયોજન શું? તેમાં આપનું દર્શન ખાસ કારણ છે. અત્યારે એ પણ સિદ્ધ થયું.' ત્યારે રાજાએ કહ્યું—' હે ભગવન્! મંત્ર, તંત્રમાં તમારી શક્તિ અકુંઠિત છે એમ સંભળાય છે, માટે કાંઇક કૌતુક બતાવો, એટલે ' જેવી મહારાજાની ઇચ્છા ' એમ કહી તેણે દૃષ્ટિવંચન, દેવતા-અવતારણ, નરવેધ, પુષ્પ-વેધ, નષ્ટ-નાશ, મુષ્ટિ, સુખ, દુઃખ જાણવું-એ પ્રમુખ કૌતૂહળથી રાજાનું મન વશ કરી લીધું. એવામાં અવસર જોઇને રાજાએ પુનઃ કહ્યું કે—' હે ભગવન્! શું આવા કૌતૂહલમાં જ તમારો વિજ્ઞાન-પ્રકર્ષ છે કે બીજી બાબતમાં પણ છે?' તપસ્વી બોલ્યો—' હે રાજન્! અમારા જેવાને અનુચિત એવું આ અસંભાવ્ય શું બોલો છો? તમે એક શબ્દમાં જ કહી દ્યો કે જે દુષ્કર છતાં કરી બતાવું.' એટલે રાજાએ પુત્ર જન્મના લાભનો વૃત્તાંત તેને

નિવેદન કર્યો. ત્યારે ઘોરશિવે જણાવ્યું—" આટલામાત્રથી શું તમે આમ ખેદ પામો છો ? હું અકાળે પણ વિના વિલંબે એ કામ સાધી આપીશ. ' રાજાએ કહ્યું—' જો એમ બને, તો આપની મારાપર મોટી મહેરબાની ! પરંતુ એ બાબતમાં ઉપાય શો લેવો ? ' ઘોરશિવે જણાવ્યું- ' તે હું તમને એકાંતમાં કહીશ. ' એવામાં રાજાએ કુવલયના દળ સમાન પોતાની દૃષ્ટિ મંત્રીઓ પ્રત્યે નાખી જેથી ઇંગિતાકારમાં કુશળ એવા મંત્રીઓ રાજા પાસેથી હળવે હળવે ઉઠયા અને ત્યાં શૂન્યતા થઇ રહી. પછી ઘોરશિવે કહ્યું—' હે મહારાજ ! કૃષ્ણ ચતુર્દશીની રાતે મારે બહુ પુષ્પ, ફળ, ધૂપ અને બળિરૂપ ભક્ષ્યથી તમારી સાથે મહામસાણમાં ભગવાન્ અગ્નિદેવને તૃપ્ત કરવો છે ' રાજાએ વિચાર કર્યો કે—' મારે પુષ્પાદિકથી હુતાશનને તૃપ્ત શી રીતે કરવો ? એ તો અપશબ્દ લાગે છે; અથવા તો ઋષિઓનાં વચનોમાં કંઈ સારો અભિપ્રાય રહેલો હોય છે, તેમાં વિસંબંધ-અસંબંધ કે લક્ષણનું દૂષણ હોતું નથી એવામાં તેણે જણાવ્યું કે—' હે ભૂપાલ ! તમે શૂન્યવત્ કેમ જણાઓ છો ? ' રાજા બોલ્યો—' તમે એવી આશંકા ન કરો. જે પ્રમાણે કરવાનું છે તે જણાવો. ' તાપસે કહ્યું—' પછી તે ભગવાન્ હુતાશન ઉદ્ભટરૂપે પ્રગટ થતાં, પ્રચંડ જવાળા સમૂહથી આકાશને પૂરનાર તે કલ્પવૃક્ષની જેમ તને વાંછિત ફળ આપશે. ' રાજાએ કહ્યું—'જો એમ હોય તો હું ચતુર્દશીની રાતે અવશ્ય આવીશ. એ કામ અવશ્ય સાધવાનું છે. ' એમ રાજાએ તેમ કરવાનું સ્વીકાર્યું. પછી પુષ્પ, તાંબૂલના દાનથી સત્કારતાં તે ઘોરશિવ પોતાના સ્થાને ગયો. અહીં રાજા દેવતાના ચરણ-કમળની પૂજા આચરતાં તેમજ અશ્વદમનાદિ વિવિધ વિનોદમાં પ્રતિક્ષણે આનંદ પામતો દિવસો ગાળવા લાગ્યો. એમ કરતાં અનુક્રમે કૃષ્ણ ચતુર્દશી આવી, એટલે રાજાએ મંત્રીઓને બોલાવીને ખાનગી વાત કહી સંભળાવી, અને પૂછયું કે—' હવે અત્યારે શું કરવાનું છે ? ' મંત્રીઓ બોલ્યા— ' હે દેવ ! કિંપાકના ફળોની જેમ કેટલાંક કાર્યો શરૂઆતમાં સારાં અને પરિણામે દુઃખદાયક નીવડે છે અને કેટલાંક પરિણામે સુખકારી એમ બંને પ્રકારનાં દેખાય છે. અર્થ-કાર્યનો સંશય પણ પ્રવૃત્તિના હેતુરૂપ હોવાથી તેનો નિર્દેશ કરેલો છે, તેમ છતાં વિશ્વાસ તજ્યા વિના સર્વથા ઉદ્યમ ચાલુ રાખવો. ' એમ કહેતા મંત્રીઓને પુષ્પ, તાંબૂલના દાનપૂર્વક સન્માન આપીને રાજાએ સ્વસ્થાને વિદાય કર્યા. પછી રાત્રિસમય થતાં પોતે વેશ-પરાવર્ત્ત કરી, પીઠ-મર્દક પ્રમુખ પરિજનને રજા આપી, સમગ્ર બળિ, ફળ, ફુલ પ્રમુખ સાધન લઈ, હાથમાં તીક્ષ્ણ તરવાર ધારણ કરી, ઘોરશિવ સહિત, અંગરક્ષકોથી અલક્ષિત, દાસ, ચેટ, ચાટુકાર પ્રમુખ ન જાણે તેમ, અનુકૂળ અને પ્રતિકૂળ અનેક શુકનોથી

પ્રેરિત અને નિવારિત થતાં, સર્વાંગે રક્ષાના વિશિષ્ઠ મંત્રાક્ષરો સ્થાપન કરી, રાજા મહામસાણુના પ્રદેશમાં જઇ પહોંચ્યો, કે જ્યાં એકતરફ વિદ્યાસાધકો વિદ્યા સાધતા હતા, બીજી બાજુ બળિ કરનારા બલિપાત્ર લઇને ઉભા હતા, એક તરફ કરોડો કપાળ-ખોપરીઓ પડેલ હતા, બીજી બાજુ ઘૂવડ પક્ષીઓ ભારે અવાજ કરી રહ્યા હતા, એક તરફ હજારો શીયાલણો નાશભાગ કરતી હતી, બીજી બાજુ જોગણીઓ એકઠી થતી, એક તરફ ઘણા ભૂતથી ભીષણ હોવાથી કાયરજનોનું સત્ત્વ સત્વર નાશ પામતું, એક તરફ દુષ્ટ શ્વાપદો મહાઘોષ કરતા અને બીજી બાજુ તીવ્ર પાવક-અગ્નિની જ્વાળાઓ જાગતી, એક તરફ ડાકિનીઓ માંસ માગતી અને કોઇ સ્થળે હર્ષોદ્‌ગારપૂર્વક અટ્ટહાસ્ય કરતા ઘણા રાક્ષસોને લીધે તે દુષ્પ્રેક્ષ્ય હતું, કોઇ સ્થાને મજબૂત વૃક્ષમાં રહેલા ગીધ પક્ષીઓ ઘોર અવાજ કરી રહ્યા હતા, અને એક તરફ ઉંચેથી તાળીઓના ધ્વનિ સાથે એકત્ર થતા વેતાલો કોલાહલ મચાવી રહ્યા હતા. એમ તે મસાણુ જાણે વિધાતાએ યમ-નરેંદ્રને માટે લીલાવન બનાવ્યું હોય, તેવું ભાસતું હતું. ત્યાં ઘોરશિવે સારા લક્ષણયુક્ત ભૂમિ શોધી, બળિવિધાન કર્યું, ક્ષેત્રપાલની પૂજા આચરી, વેદિકા ખોદી અને તેમાં મસાણુમાંના ખેરના અંગારા ભર્યા. પછી તેણે રાજાને કહ્યું—'અહો ! તે આ અવસર છે. માટે અત્યંત અપ્રમત્ત થઇ, ઇશાન ખૂણે સો હાથ દૂર પ્રદેશમાં બેસી, ઉત્તરસાધકપણું કરતા રહો અને બોલાવ્યા વિના એક પગલું પણ ત્યાંથી ચાલશો નહિં.' એમ વારંવાર નિવારણ કરી, તેણે રાજાને મોકલ્યો. તેના ગયા પછી ઘોરશિવે એક મંડળ-કુંડાળું આળેખ્યું અને તેમાં બેસી તેણે પદ્માસન વાળ્યું. વળી બધા કરણુ-અમુક અનુષ્ઠાન કરી, નાસિકાગ્રે દૃષ્ટિ સ્થાપીને તેણે પ્રાણાયામપૂર્વક સ્હેજ ઉચ્ચાર કરતાં મંત્ર સ્મરણ આરંભ્યું અને પ્રકૃષ્ટ ધ્યાનમાં તે આરૂઢ થયો.

એવામાં રાજાએ વિચાર કર્યો કે—"મને પૂર્વે મંત્રીઓએ શિખામણ આપી છે કે—'ક્યાં પણ વિશ્વાસ ન કરવો.' વળી એણે ભારે ઉત્સાહપૂર્વક વારંવાર નિવારણ કર્યું છે કે—'બોલાવ્યા વિના તારે આવવું નહિં.' તો અધિક આદર શંકા પ્રગટાવે છે. એવા કાપાલિક મુનિઓ પ્રાયે સારા હોતા નથી, માટે હળવે હળવે એની સમીપે જાઉં અને તેના ક્રિયાકલાપને જોઉં." એમ ધારી રાજા જેવામાં ચાલ્યો, તેવામાં તેની જમણી આંખ ફરકી જેથી વાંછિત વસ્તુના લાભનો નિશ્ચય કરી, હાથમાં તરવાર લઇ, કૃષ્ણ વસ્ત્રથી શરીર ઢાંકી, ધીમેધીમે ચરણુ નાખીને ચાલતાં રાજા ઘોરશિવની પાછળ બેસી સાંભળવા લાગ્યો. એવામાં ધ્યાનના પ્રકર્ષથી અપાય-ભયની દરકાર કર્યા વિના, વિધિની પ્રતિકૂળતાનો વિચાર ન કરતાં, તેના આગમનની ખબર ન પડવાથી પૂર્વે ચલાવેલ વિધિએ તેણે રાજાને થોભ પમાડનાર-સ્તંભીત કરનાર મંત્રાક્ષરો

ઉચ્ચારતાં રાજાએ સાંભળ્યા; એટલે તેણે વિચાર કર્યો કે—"અહો ! આ તો દુષ્ટ તપસ્વી છે. એ સ્તંભન વિધિથી મને બળરહિત બનાવી, કોપાયમાન કૃતાંતના મુખ સમાન તીક્ષ્ણ એવી આ પાસે પડેલ કાતરથી મારો નાશ કરી, અગ્નિને તૃપ્ત કરવા ઇચ્છે છે, કારણ કે પ્રધાન પુરૂષોના ઉપહારથી દુષ્ટ દેવતાઓ આધીન થાય છે; માટે આ બાબતમાં મારે શું કરવા લાયક છે? વળી ધ્યાનમાં લાગેલ એ પાખંડીનું મસ્તક અત્યારે તીક્ષ્ણ તરવારવડે કદળીદળની જેમ શું કાપી નાખું? અથવા તો મારા દુર્ધર શત્રુના ગંધહસ્તીના આઘાતથી તીક્ષ્ણ બનેલ એવા ખડ્ગથી ઘાત કરતાં તે લજ્જા પામશે, તેમજ આ પ્રસંગે એ ઉપેક્ષા કરવા લાયક તો નથી જ; કારણ કે સ્તંભન-વિધિથી એ મને મારી નાખવા વાંછે છે; તથાપિ ધ્યાનમાં એનું મન પરોવાયેલું છે, છતાં જો એને હણવા ધારૂં તો, સ્વર્ગે ગયેલા છતાં મારા ગુરૂ વિમુખ થઇ જાય, માટે એજ યોગ્ય છે કે દૂર ઉભા રહી એને સાવધાન કરવો અને એ પ્રથમ પ્રહાર કરે પછી એના પર મારે પ્રહાર કરવો." એમ ધારી રાજાએ દૂર ઉભા રહીને તેને જણાવ્યું કે—"હે પાખંડી! હે ચંડાળ! તું હાથમાં હથીયાર ઉપાડી લે." એ પ્રમાણે સાંભળતાં ધ્યાનની એકાગ્રતાનો ભંગ થવાથી રોષ ઉત્પન્ન થતાં, તેણે લોચન રક્ત કરી દીધાં અને લલાટપર ભીષણ ભ્રકુટી ચડાવતો તરત જ ઉઠયો, તેમજ હાથમાં રહેલ તીક્ષ્ણ કાતરવતી શિરપરની કૃષ્ણ જટાને કાપતો એવો ઘોરશિવ ગર્વથી ભારે ગર્જના કરીને કહેવા લાગ્યો—"હે દુષ્ટ નરાધિપ! અરે! નિર્લજ્જ! રે! નિઃસત્ત્વ! તું હવે પલાયન કરી ભાગી જતો નહિ, કે જેથી પુત્ર વિષયના તીક્ષ્ણ દુઃખમાંથી તને અત્યારે જ મુક્ત કરૂં." ત્યારે રાજા બોલ્યો—'અરે! નકામી ગર્જના ન કર, પણ પહેલો તું પ્રહાર કર. અમારા કુળમાં કદાપિ કોઇએ શત્રુને પ્રથમ પ્રહાર કરેલ નથી.' એટલે વિચિત્ર પ્રકારે ચાલાકીથી કરણ-વિધાનના ભેદમાં કુશળ એવા ઘોરશિવે રાજાના ગળાપર કાતર ચલાવી. એવામાં રાજાએ પણ દક્ષતાથી તરતજ પોતાના બાહુબંધથી પ્રહાર વખતે શસ્ત્ર સહિત તેનો હાથ બાંધી લીધો. એમ ભુજદંડના નિબિડ દબાણથી તેના હાથમાંથી કાતર પડી ગઇ. પછી રાજાએ મુષ્ટિ-પ્રહારથી તેને જમીન પર પાડી દીધો. તે વખતે દૃઢ મંત્ર-તંત્રની સિદ્ધિ પણ તેની વિઘટી ગઇ, અથવા તો દૈવ પ્રતિકૂળ થતાં બધું પલટી જાય છે. ક્ષણાંતરે વિશ્રાંતિ લઇ, એકદમ બળ આવતાં ઘોરશિવ ઉઠયો અને રાજાની સાથે તે બાહુયુદ્ધથી લડવા લાગ્યો. મલ્લોની જેમ મુષ્ટિ-યુદ્ધ કરતાં, ક્ષણમાં પડતાં, ક્ષણમાં ઉઠતા, ક્ષણમાં ઘુમરી મારતાં, ક્ષણમાં કુદતા એવા તેમનો રણ-સમારંભ ભારે ભીમ ભાસતો અને તેમાં ઉતાવળે આવેલ ભૂતો હસતા હતા. એવામાં રાજાએ દૃઢ ભુજદંડથી દબાવતાં તેની અંગ-ચેષ્ટા બંધ થઇ અને મૂર્છાથી લોચન મીંચીને તે પડી ગયો.

તે સમયે દેવાંગનાઓએ વિકાસ પામતા સુગંધિ પુષ્પો, જય જયારવપૂર્વક રાજાના શિરે નાખ્યાં, તેમજ હાર, અર્ધહાર, કાંચી-કંચુકીકલાપ, મણિ-મુગટથી શરીર મંડિત કરી, રણઝણાટથી મધુર ધ્વનિ કરી, દશે દિશાભાગને પુરતા નપુરથી મંડિત, નૂતન પારિજાત-મંજરીના સૌરભપર સત્વર ભેગા થતા ભ્રમર સમૂહના ગુંજારવયુક્ત તથા ધવલ આતપત્ર-છત્રને ધારણ કરનાર એવી એક દેવી ત્યાં આવી અને કહેવા લાગી કે--' હે નરસિંહ ! તું ખરેખર નરસિંહ-પુરૂષોમાં સિંહ સમાન છે, કે જેથી ક્ષત્રિય-કુળનો ક્ષય કરનાર એ મહાપાપીને પાડી નાખ્યો.'

એટલે રાજાએ કહ્યું—' હે દેવી ! હજી મારા જીવતાં, એ ક્ષત્રિય-કુળનો ક્ષય કરનાર શી રીતે ? તે કહો.' ત્યારે દેવીએ રાજાને જણાવ્યું કે—" કંઇ પણ સિદ્ધિને ઇચ્છતા એવા એ પાપી શ્રમણે કલિંગ, વંગ, અંગ, પંચાલ પ્રમુખ દેશોના રાજાઓને મારી નાખ્યા, અથવા દષ્ટિ-પ્રપંચ, ઇંદ્રજાલ પ્રમુખ કૂડ-કપટથી આશ્ચર્યો બતાવતાં એણે કોને છેતર્યા નથી ? એ કોઇથી જીતાયો નથી, તેમ એનું શીલ કોઇના જાણવામાં આવેલ નથી. તમે એ બંને કર્યાં. અહો ! તારી નિર્મળ મતિ ! આ તારા અસાધારણ સાહસયુક્ત સુંદર ચરિત્રથી હૃદયે પ્રસન્ન થયેલ એવી મને કંઇ પણ વર-વરદાન નિવેદન કર, કે જેથી હું તારી ઇચ્છા પૂરી કરૂં." ત્યારે રાજાએ અંજલિ જોડી, શિર નમાવીને કહ્યું કે—' હે દેવિ ! તારા દર્શન ઉપરાંત અન્ય પ્રવર વર શું છે ?' દેવી બોલી—' હે નરેંદ્ર ! સામાન્ય જનની જેમ જો કે તું વર માગતો નથી, તથાપિ મારા પ્રભાવથી તારો મનોરથ પૂર્ણ થશે.' એમ દેવીએ કહેતાં, રાજા પરમ ભક્તિથી તેને નમ્યો. એવામાં પુણ્યહીન જનોની લક્ષ્મીની જેમ દેવી તરત અદૃશ્ય થઇ ગઇ. તે વખતે અત્યંત અદ્ભુત એવું દેવીનું તેવા પ્રકારનું રૂપ એકદમ લોચનથી અગોચર થતાં, રાજા ભારે ચિંતાપૂર્વક ચિંતવવા લાગ્યો કે—' અરે ! આ શું સ્વપ્ન કે બિભીષિકા ? અથવા એ દુષ્ટ કાપાલિકનો માયાપ્રપંચ ? કિંવા મારો મતિવિભ્રમ કે એ બધું અવિતથ-સત્ય હશે ?' એ પ્રમાણે રાજા સંદેહ લાવી જેટલામાં વિકલ્પ કરે છે, તેટલામાં આકાશ-વાણીએ તેને અટકાવ્યો કે—' હે ભૂપાલ ! સંશય ન કર.'

એવામાં ઘોરશિવ પણ જાણે મહોન્મત્ત થયો હોય, મૂર્છિત બન્યો હોય, અત્યંત મુદ્ગરથી જાણે તાડિત થયો હોય, મહાપિશાચે જાણે નિષ્પંદી-ચેષ્ટા રહિત કર્યો હોય, સાર ચીજો જાણે લુંટાઇ ગઇ હોય, પ્રિયવિરહરૂપ મહાગ્રહથી જાણે પરાધીન બન્યો હોય તથા દુષ્ટ ઔષધના પાનથી જાણે ચિત્ત-ચેતના નષ્ટ થયાં હોય એવો તે ક્ષણવાર રહી, શીતલ પવનથી શરીરને આશ્વાસન મળતાં કંઇક ચેતના આવતાં, હળવે હળવે લોચન ઉઘાડી, લજ્જાને લીધે સર્વાંગે

વ્યાકુળ થતાં અતિદીન મુખે દીર્ઘ નિસાસા મૂકતાં તે રાજાને જોવા લાગ્યો. એટલે તેને અતિ દુઃખિત જાણી અત્યંત કરૂણા ઉત્પન્ન થતાં રાજા પણ ઘોર શિવને કહેવા લાગ્યો કે—'અરે! જુવે છે શું?' ત્યારે ઘોરશિવે ગદ્દગદ્દ અવાજે કહ્યું—'હે મહારાજ! હું મારા કર્મ-પરિણતિનો પ્રભાવ જોઉં છું.' રાજા બોલ્યો—"કેમ આમ વિષાદસહિત બોલે છે? હવે સર્વથા ધીર થા, દુષ્ટ અધ્યવસાયને તજી દે, કોપની ખરજ મૂકી દે, વિજયની આશા તજ, પ્રશમમાં પ્રેમ રાખ, કરૂણા-રસનું પાન કર, યોગ્યાયોગ્યનો વિચાર લાવ, તથા ક્ષુદ્રજનોને ઉચિત પ્રવૃત્તિનો પરિત્યાગ કર. વળી ઇષ્ટાર્થની સિદ્ધિ ન થઇ, એમ સમજી જો તને અત્યારે ખેદ થતો હોય, તો કુપિત કૃતાંતની જીભ્હા સમાન વિકરાલ અને નીલ પ્રભાસમૂહથી બધી દિશાઓને શ્યામ બનાવનાર એવી આ મારી તરવાર લે અને મારા શરીરના વિનાશથી તું તારી ઇષ્ટ-સિદ્ધિ કરી લે; કારણ કે તારા કાર્યની સિદ્ધિ માટે હું હવે મારા બળનું અભિમાન મૂકી દઉં છું. અને વળી તરંગ સમાન ક્ષણભંગુર અને અસાર એવું પોતાનું શરીર તો દૂર રહો, પરંતુ સત્પુરૂષો પોતાના જીવિતને પણ પરહિતને માટે જ ધારણ કરે છે, છતાં પ્રથમ તારા કારણે મેં મારો દેહ-આત્મા અર્પણ ન કર્યો અને ધ્યાન-ભંગ કરાવ્યો, તેમાં ખાસ કરીને એ કારણ હતું. મારો વિરહ થતાં આ લોક-પ્રજા તથા સાધુવર્ગ અવશ્ય પાપી લોકોથી ધર્મ-ભ્રષ્ટતા પામશે, પરંતુ અત્યારે તારૂં ભારે દુઃખ જોતાં મારૂં મન અત્યંત કઠિન થઇ શેષ કાર્યોમાં નિરપેક્ષ થયું છે." ઘોરશિવે કહ્યું—'હે મહાભાગ! એમ ન બોલ. તમે જ્યાં સુધી સમુદ્રો, કુલપર્વતો, ચંદ્રમા, તારા અને દિવાકર વિદ્યમાન છે, ત્યાં સુધી મારા જીવિતના ભોગે પણ દીર્ઘાયુષી રહો, માટે મહેરબાની કરીને મને એક પ્રસાદ આપો.' રાજા બોલ્યો—'આમ કેમ બોલે છે? શું જીવિતદાન કરતાં પણ બીજું કાંઇ અદેય હોઇ શકે? તો કંઇ પણ સંકોચ પામ્યા વિના માગી લે.' ઘોરશિવે જણાવ્યું—"જો એમ હોય તો મને પરવાનગી આપો કે જેથી બળતી હજારો જ્વાળાઓમાં પતંગ-સમૂહને ભક્ષ્ય બનાવનાર તથા અત્યંત બળી રહેલા અર્ધદગ્ધ કલેવરોમાંથી ઉછળતા દુર્ગંધને લીધે અગમ્ય એવા શ્મશાન-હુતાશનમાં પ્રવેશ કરવા દ્યો. એમ કરતાં મારા ધર્મબંધુ થાઓ. પૂર્વે કરેલાં મહાપાપરૂપ પર્વત વડે આક્રાંત થયેલ એવા મને બીજી કોઇ રીતે વિશ્રામ થવાનો જ નથી." રાજાએ કહ્યું—'તને પૂર્વે પાપનો સંભવ ક્યાંથી? કારણ કે તેં તો વિવિધ તપ-ચરણ કરેલ છે, પાપને ટાળનાર મંત્ર-ધ્યાનાદિ આચર્યાં છે, દેવતાઓનાં ચરણ-કમળ પૂજ્યાં છે, વેદના રહસ્યરૂપ અધ્યયનો જાણી લીધાં છે, ગુરૂજનની ઉપાસના કરી છે, તથા પ્રાણીઓને ધર્મમાર્ગમાં પ્રવર્ત્તાવ્યા છે, માટે તમારા જેવાને એમ બોલવું પણ સર્વથા અયુક્ત છે."

ઘોરશિવ બોલ્યો—" હે મહારાજ ! બસ કરો, બસ કરો. પાખંડીઓમાં ચંડાલ સમાન, વિશ્વાસ પામેલાનો ઘાત કરનાર, વિચિત્ર કૂડ-કપટને પ્રગટ કરનાર, દાક્ષિણ્યરહિત, રાક્ષસની જેમ નિષ્કરૂણ, કિંપાકના ફળની જેમ માત્ર બ્હારથી જ રમણીય, બગની જેમ હાથ-પગના પ્રચારને સંયમિત કરનાર, ભુજંગની જેમ પરના છિદ્ર જોવામાં પરાયણ અને દુર્જનની જેમ મુખથી મીઠું બોલનાર એવો હું કીર્ત્તન-ગુણગાનને કોઇ રીતે લાયક નથી. એ પ્રમાણે પાપ-પંકથી ભરેલા આ કલેવર થકી હું સર્વથા વિરક્ત થયો છું. વળી પાપ-વિશોધનનો અન્ય કોઇ ઉપાય નથી " રાજાએ કહ્યું—' અરે ! આમ વારંવાર નિરાધારની જેમ પોતાના પૌરૂષને કેમ દૂષિત કરે છે ? તું તારો પૂર્વ વૃત્તાંત પ્રગટ રીતે કહી દે.' ઘોરશિવ બોલ્યો—' હે નરેંદ્ર ! એ વૃત્તાંત બહુ મોટો છે.' રાજાએ કહ્યું—' તેમાં શું અયુક્ત છે ? કહી બતાવ.' ઘોરશિવ કહેવા લાગ્યો—" જો એમ હોય તો સાંભળો—

ગંગાના તુષાર-જળકણોથી જેની આસપાસનો પ્રદેશ પાવન થઇ રહ્યો છે, વિવિધ બજારો અને ભવનશ્રેણિથી વિભૂષિત તથા જ્યાં બાંધેલ શ્વેત ધ્વજાઓથી દેવમંદિરોના શિખરો શોભી રહ્યાં છે એવું **શ્રીનગર** નામે શહેર છે. ત્યાં **અવંતિસેન** નામે રાજા કે જે પ્રચંડ માર્ત્તંડ સમાન ઉત્કટ પ્રતાપવડે વિપક્ષરૂપ જળાશયને શોષવનાર તથા અનેક સમર-યુદ્ધ કરવાથી યશ વડે વૃદ્ધિ પામેલ હતો. હજારો રાજાઓના પરિવાર સાથે પરવરેલ એવા જેની વિજયયાત્રાના પ્રયાણમાં અત્યંત વિકાસ પામેલ પુંડરીક સમાન છત્રથી આકાશ આચ્છાદિત થતાં, દિવસનો ભાગ જાણે નષ્ટ થયો હોય તેમ દશે દિશાઓ શોભતી હતી, ગાજતા મત્તકુંજરોના ગંડસ્થળ થકી નિરંતર ગળતા મદજળની વૃષ્ટિથી થયેલ દુર્દિન-અંધકારને લીધે ભય પામેલ અભિસારિકાની જેમ રાજલક્ષ્મી, કપાટ સમાન વિસ્તૃત જેના વક્ષ:સ્થળને અનુસરી રહી હતી, મેઘસમૂહના ગર્જારવ સમાન જેના ચતુર્વિધ આયુધોનો ઘોર ઘોષ સાંભળતાં રાજહંસો દૂર ભાગી જતા હતા, વળી સમરાંગણમાં જેની દૃષ્ટિ રોષારૂણ, પ્રતિસુભટો પ્રત્યે પ્રતિબિંબિત અને વિકાસ પામેલ કણેરની કુસુમમાળાતુલ્ય સુકુમાર તથા પ્રચંડ પણ હતી. તેને **પત્રલેખા** અને **મનોરમા** નામની બે રાણીઓ કે જેમણે પોતાના રૂપ, લાવણ્ય અને યૌવન-ગુણથી રતિની ખ્યાતિની અવગણના કરી હતી તથા બધી રમણીઓમાં જે પ્રધાન-મુખ્ય હતી. પ્રથમ રાણીને હું **વીરસેન** નામે એક પુત્ર થયો અને બીજી મનોરમાને **વિજયસેન** નામે પુત્ર થયો. અમો બંને ધનુર્વેદનો પરમાર્થ શીખ્યા, ચિત્ર, પત્ર-ચ્છેદાદિ વિનોદમાં અમે કુશળ થયા, ઢાલ-તરવારની ચાલાકીમાં ચતુર થયા, તેમજ મોટું યુદ્ધ કરવામાં પણ અમે બહાદૂર બન્યા, વધારે તો શું ? પણ બધી કળાઓમાં અમે પૂર્ણ પ્રવીણ થયા.

એમ એકદા મને યોગ્ય સમજીને પિતાએ યુવરાજપદે સ્થાપન કર્યો અને ભોગવટામાં **લાટ, ચોલ, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર** પ્રમુખ દેશો આપ્યા. હું તે યુવરાજપણું પાળવા લાગ્યો. સુભટોના આડંબરયુક્ત, મદજળને ઝરતા તથા દર્પથી ઉદ્ધત એવી ગજઘટા મારી પાછળ ચાલવા લાગી, ચપળ અશ્વો મારા માર્ગે દોડતા અને પરશુ, શલ્ય, પ્રચંડ ધનુષ્ય, બાણ–સમૂહ, ભાલા, ગદા પ્રમુખ શસ્ત્રોને ધારણ કરતા પુરૂષ સૈન્યો પણ મારી ચોતરફ ચારે દિશાઓમાં ફેલાઇને રહેતા હતા, તેમજ બીજા મારા સાવકાભાઇને પણ પિતાએ ઘણાં ગામો આપ્યાં. એ પ્રમાણે વિષય–સુખ ભોગવતાં અમારા દિવસો જવા લાગ્યા.

એવામાં એક દિવસે, જીવલોકના વિલાસ ક્ષણભંગુર હોવાથી, આયુકર્મના દળીયાં પ્રતિસમયે વિનાશશીલ હોવાથી, યમરાજનું શાસન અપ્રતિહત ચાલવાથી અને પ્રિયજનના સંયોગજન્ય સુખની ઇંદ્રધનુષ્યની જેમ સાક્ષાત્ ચપળતાને લીધે **અવંતિસેન** રાજા પંચત્વ–મરણ પામ્યો. તેનું મૃતકાર્ય કર્યા પછી મંત્રી, સામંત, અંગરક્ષક પ્રમુખ પ્રધાન જનોએ મને રાજ્ય પર બેસાર્યો; એટલે સ્વર્ગસ્થ તાતના નિમિત્તે મેં, દીન, અનાથ, કાર્પટિક, અનિશ્રિત, વૈદેશિક તથા ગરીબાઇથી ઘાયલ થયેલ જનોને મહાદાનો પ્રવર્ત્તાવ્યાં, ઉંચા શિખરોથી શોભતા દેવાલયો કરાવ્યાં, તેમજ બલવંતોની પણ કદર કરી. એમ અનુક્રમે મારો શોક દૂર થયો, એટલે સામંતોને મેં વશ કર્યા, પોતાની હદમાં ઉપદ્રવ કરનારા લુંટારાઓને દૂર હાંકી કહડ્યા તથા પૂર્વ પુરૂષોનો માર્ગ ચલાવ્યો.

એક વખતે શ્વેત હાથીપર આરૂઢ થઇ, વારાંગનાઓએ શ્વેત ચામર ઢાળતાં, ધવલ આતપત્ર ધારણ કરતાં, કિંનર અને પુરૂષોના પરિવારથી પરિવૃત અને ઉન્માર્ગે પ્રવર્ત્તેલા તોફાની અશ્વોએ બહુ જ રજ ઉડાવતાં, રાજા વન–લક્ષ્મી જોવા માટે નગરથકી બ્હાર નીકળ્યો અને જેટલામાં ત્યાં પુષ્પ-ફળથી મનોહર કોમળ વૃક્ષો જોઉં છું, માધવી–લતાગૃહોમાં ભ્રમણ કરૂં છું, કદલી–પત્રોની વિસ્તીર્ણતા નિહાળું છું, એકત્ર થયેલ શશિ–ખંડ સમાન ઉજ્વળ એવા કેતકીના પત્રો જોઉં છું, ઘણા બકુલ માલતીની માળાના સુપરિમલને સુંઘું છું અને સૌરભથી એકઠા થતા અને ગુંજારવ કરતા મધુકરો જ્યાં મકરંદ સુંઘી રહ્યા છે એવા નવ સહકારની મંજરીનો પુંજ હાથમાં લઉં છું, તેવામાં તરતજ મારા પરિજનનો કોલાહલ મારા સાંભળવામાં આવ્યો કે—' હે સ્વામિન્ ! જુઓ, ગગનાંગણમાં કેવું મહાયુદ્ધ પ્રવર્ત્તી રહેલ છે ? કે જે દેવો અને વિદ્યાધરોને ભયાનક તથા અતિભીમ ભાસે છે.' એમ સાંભળતાં અનિમેષ લોચનથી ઉંચે જોતાં, વિવિધ પ્રહારોથી સંગ્રામ કરતા, આકાશમાં વિદ્યાધરો મારા જોવામાં આવ્યા, કે જેઓ તીક્ષ્ણ બરછી, શલ્ય, ત્રિશૂળ અને ભિંદિપાલ વિગેરે શસ્ત્રો પરસ્પર ચલાવી રહ્યા છે અને

લબ્ધલક્ષ્યથી તત્કાળ ચૂકાવી, સર્વપક્ષમાં જગ-યશ વધારવા પુનઃ પ્રહાર કરી રહ્યા છે. વળી ક્ષણવારમાં મુષ્ટિ મારવા તૈયાર થાય છે અને ક્ષણવારમાં પાછા હઠે છે, ક્ષણવારમાં માત-પિતાને ગાળીઓ દે છે અને ક્ષણવાર પોતાનું શૌર્ય વખાણે છે. એકાંતમાં લોચન બંધ કરીને ચિરકાલ વિજયવિદ્યા સાધેલ હોવાથી ક્ષણે ક્ષણે સંગ્રામ કરવા સજ્જ થાય છે તથા રણ-રસિક યોધાઓ પોતાના ભુજદંડના મહાબળ-મદથી મરણની પણ દરકાર રાખ્યા વિના લડતા હતા. એમ પરસ્પર યુદ્ધ કરતા તે વિદ્યાધરોમાં એકે છળથી બીજાને મોટા મુદ્ગરવડે મસ્તકમાં પ્રહાર કર્યો, એટલે ચેતનારહિત અને મૂર્છાથી લોચન બંધ કરી, તેજ-બળહીન બની છેદાયલ વૃક્ષની જેમ તે ધરણીપૃષ્ઠ પર મારી નજીકમાં પડયો. એવામાં તીક્ષ્ણ તરવાર ખેંચી, તેની પાછળ તેનો વધ કરવા ઇતર વિદ્યાધર દોડયો. તે વખતે મારા જાણવામાં આવ્યું કે—'પેલો વિદ્યાધર એનો વધ કરવા આવે છે, જેથી મેં શબ્દવેધી ધનુર્ધરો અને અંગરક્ષકોને જણાવ્યું કે—'અરે! ભૂમિપર પડેલા આ મહાભાગનું રક્ષણ કરો અને એને મારવા માટે આવતા વિદ્યાધરને અટકાવો,' એટલે હાથમાં ઢાલ-તરવાર ઉપાડી મહા-સુભટોએ તેનું અંગ આચ્છાદિત કરી દીધું. એમ અવકાશ ન પામવાથી અટ-કેલ તે વિદ્યાધર કહેવા લાગ્યો કે—'હે નરેંદ્ર! વધનિમિત્તે એ અધમ વિદ્યાધરને મારી સામે મૂકો. એ મારો શત્રુ છે તેથી અવશ્ય એનો મારે નાશ કરવો છે.' ત્યારે મેં તે ખેચરને કહ્યું કે—'અરે! પિશાચ ને પરાધીન થયે-લાની જેમ તું આમ શું બકે છે? શું એ ક્ષત્રિય-ધર્મ છે કે જેથી હું તારા કહ્યા પ્રમાણે કરૂં? વળી એણે તારો શો અપરાધ કર્યો છે કે જેથી આમ તેને મારવા તું તૈયાર થયો છે?' તે બોલ્યો—'એ મારી રમણીના ભોગમાં રસિક બન્યો છે, તેથી એ અવશ્ય વધ્ય છે.' એટલે મેં તેને કહ્યું કે—'એ ભલે સાધુ-સુજન હોય કે સામાન્ય વા દુર્જન હોય, તોપણ હું સોંપવાનો નથી, કારણ કે શરણે આવેલનું રક્ષણ કરવું, એ રાજાઓનું ક્ષાત્ર-વ્રત છે.' એમ સાંભળતાં ભ્રકુટી ચડાવી, રોષથી કરેલ અરૂણ લોચનને લીધે દુષ્પ્રેક્ષ્ય એવો તે વિદ્યાધર કર્કશ શબ્દો બોલતાં મને કહેવા લાગ્યો—'હે દુષ્ટ નરાધિપ! સુખે સુતેલા કેસરીને જગાડ નહિ, અને અંગુલિવતી દૃષ્ટિવિષ સર્પના મુખે ખરજ-ખંજવાડ ન કર, જવાળાઓથી ભીમ એવા અગ્નિમાં પતં-ગની જેમ પડ નહિ, જો તારે પૃથ્વીમાં ચિરકાળ રાજ્ય કરવું હોય, તો વૃથા મને કોપાયમાન ન કર.' એટલે મેં તેને જણાવ્યું કે—'અરે! મર્યાદાહીન! આમ શું બોલે છે? સત્પુરૂષના માર્ગે ચાલતાં મને જે થવાનું હોય તે થાઓ. લાંબો વખત જીવતાં પણ પ્રાંતે તો અવશ્ય મરવાનું જ છે, માટે મારી દૃષ્ટિથી દૂર થા અને જે કરવાનું હોય, તે કર.' તે બોલ્યો—'જો એમ હોય તો

હે ભૂપ ! વિધિને દોષ દઇશ નહિ. ' એમ કહી રોષ લાવીને તે વિદ્યાધર આકાશમાં ચાલ્યો ગયો.

ત્યારપછી ભૂમિપર પડેલા તે વિદ્યાધરને મેં જોયો, તો અદ્યાપિ તે જીવતો હતો. એટલે ચંદન–રસથી શીતોપચાર કરાવ્યો અને નિપુણ શરીર–મર્દકો પાસે તેના સર્વાંગે મર્દન કરાવ્યું, જેથી ક્ષણાંતરે તેને ચેતના આવી. તેણે લોચન ખોલીને ચોતરફ અવલોકન કર્યું અને પાસે રહેલા પરિજનોને કહ્યું કે—" હે મહાયશ ! હું અહીં પૃથ્વીપીઠ પર કેમ પડયો છું ? તે શત્રુ વિદ્યાધર ક્યાં ગયો ? આ પ્રદેશ કયો છે ? આ નગરનું નામ શું ? અથવા છત્રચ્છાયાથી સૂર્ય–કિરણને વારનાર, ધવલ ચામર–યુગલયુક્ત, તથા મારા નિમિત્તે પરિજનોને પ્રવૃત્તિમાં લગાડતો આ મહાયશ મહારાજા મારી આગળ કોણ બેઠેલો છે ? " એમ સાંભળતાં પરિજને આકાશથકી પતનથી માંડીને બધો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો, એટલે તે વિદ્યાધર દીર્ઘ નિસાસો નાખતાં મારી નજીક બેસી, હાથ જોડીને વીનવવા લાગ્યો—" હે મહાભાગ ! તે મહી–મહિલા ધન્ય છે કે જેનો તું પતિ–સ્વામી છે, તારા ચરણ–કમળને સેવી રહ્યા છે, તે આ ભૃત્યો–સેવકો પણ ભાગ્યશાળી જ છે. તે સુભટો પણ ધન્ય છે કે જેઓ તારા કાજે પોતાના જીવિતને તૃણતુલ્ય પણ ગણતા નથી. અહો ! તારૂં પરોપકારીપણું, અહો ! સત્પુરૂષના માર્ગને અનુસરતું તારૂં વર્તન, અહો ! પોતાના કાર્ય પ્રત્યે તારી નિરપેક્ષા, અહો ! શરણાગત પ્રત્યે તારો વત્સલભાવ. શત્રુએ કરેલ પરાભવથી મને સર્વથા જરા પણ સંતાપ નથી, કારણ કે પુરૂષ–રત્ન તું પોતે જ મારા જોવામાં આવ્યો. "

ત્યારે મેં કહ્યું—' હે મહાભાગ ! કુટિલ વિધિ યુક્તાયુક્તના વિચારથી બહિર્મુખ છે કે જેથી તમારા જેવા પર પણ આવી આપદાઓ આવી પડે છે. પૂર્વે કોઇવાર ન ભોગવેલ વિષમ દશા–વિપાક પણ ભોગવવો પડે છે. એ સર્વથા વિસદૃશ છે, કારણ કે કદલીસ્તંભ કદાપિ મત્તમાતંગના ગંડસ્થળના, દબાણને સહન કરતો નથી, તેમજ મૃણાલ–તંતુના પાશમાં તે બંધાતો નથી; પરંતુ તમારો અહીં વૃત્તાંત શો છે ? તે કહો. ' તે બોલ્યો—' એમાં કહેવાનું શું છે ? તમે બધું સાક્ષાત્ જોયું. ' મેં કહ્યું—' બરાબર નિવેદન કરો. ' ત્યારે વિદ્યાધરે જણાવ્યું—" જો કૌતૂહળ હોય, તો સાંભળો—

રજતના કિલ્લાથી વિરાજિત અને રત્ન–કોટિથી વિચિત્ર એવો **વૈતાઢ્ય**-ગિરિ ભરતક્ષેત્રમાં જ છે, તે તો તમે સાંભળ્યું હશે, કે જે દેવ, સિદ્ધ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરૂષ–એમના મિથુન–જોડલાંથી રમણીય તથા સુગંધિ પુષ્પોથી મંડિત વૃક્ષો જ્યાં ચોતરફ શોભી રહ્યાં છે. ત્યાં વિદ્યાધરોની રમણી-

ઓથી રમણીય, તથા સમસ્ત નગરોની શોભાને પરાસ્ત કરનાર એવું **ગગનવલ્લભ** નામે પ્રસિદ્ધ નગર છે. ત્યાં **વિજયરાજ** નામે રાજા રાજ્ય કરે છે કે જે સમગ્ર હજાર વિદ્યાઓના બળથી બલિષ્ઠ, પ્રણામ કરતા ખેચરોના મણિ–મુગટથી જેના ચરણાગ્ર શોભાયમાન છે, પોતાના બળથી ઇંદ્રના પરાક્રમની તુલના કરનાર, પ્રતાપના મહત્ત્વથી શત્રુઓને પ્રતિઘાત પમાડનાર તથા યશથી ત્રણે ભુવનમાં વિખ્યાત હતો. તેને રૂપાદિ ગુણોએ સમૃદ્ધ અને હૃદયને વલ્લભ એવી **કાંતિમતી** નામે રાણી કે જેને હું એક પુત્ર થયો. મારો જન્મ થતાં ત્યાં વિદ્યાધર રાજાએ નગરમાં ભારે આનંદ વર્ત્તાવ્યો અને હાથીઓ સિવાય બધાને બંધનોથકી મુક્ત કર્યા. પછી પ્રશસ્ત દિવસે સ્વજન, સ્નેહી તથા વડીલ વર્ગનો સત્કાર કરી, મારા વડીલોએ **જયશેખર** એવું મારૂં નામ રાખ્યું. વળી ગગનાંગણમાં પરિભ્રમણ–પ્રમુખ વિદ્યાઓ મને ગ્રહણ કરાવી અને તરૂણાવસ્થા પામતાં મને **પદ્માવતી** નામે સુકન્યા પરણાવી, કે જે પ્રવર વિદ્યાધર–રાજાના કુળમાં ઉત્પન્ન થયેલ તથા રૂપાદિ ગુણવડે કામની જાણે **વિજયપતાકા** હોય તેવી તે શોભાયમાન હતી. તેમજ એ શત્રુ વિદ્યાધર **રથનુપુર** નગરના **સમરસિંહ** રાજાનો **અમરતેજ** નામે પુત્ર હતો, કે જે મારો બાળમિત્ર, ગાઢ પ્રેમાનુબંધયુક્ત, વિશ્વાસપાત્ર અને સર્વકાર્યોમાં સલાહ લેવા લાયક હતો. એમ સાથે શયન, પાન, ભોજન, ભ્રમણ અને સ્થિતિ કરતાં દૃઢ એકચિત્તવાળા એવા અમો બંનેનો કાળ જવા લાગ્યો.

એવામાં એકદા મારા પરિજને મને એકાંતમાં જણાવ્યું કે—'આ તારો મિત્ર તારી રમણીમાં લુબ્ધ બનેલો છે.' એમ સાંભળતાં અસદ્દહણા લાવી મેં તેને તેવી કઠિન વાણી બોલતાં અટકાવ્યો—'હે ભદ્ર! એવું અઘટિત મારી આગળ કદિ બોલવું નહિં, કારણ કે સત્પુરૂષો પોતે જોયેલ અને યુક્તિયુક્ત હોય તેવું વચન બોલે છે. ઉતાવળથી બોલેલ વચન પાછળથી અપથ્યની જેમ બાધા ઉપજાવે છે.' પછી પ્રણય–અનુરોધથી એ વ્યતિકર ગોપવ્યા છતાં, ઘન–મેઘ–પડલથી આચ્છાદિત છતાં સૂર્ય–કિરણની જેમ લોકોમાં વિસ્તાર પામ્યો. એકદા રાજભવનથકી પોતાને ઘરે આવતાં મેં પોતે જોયું, તો મારો તે કુમિત્ર અનુચિત કામમાં આસક્ત હતો, એટલે તેને તેવી સ્થિતિમાં જોઇ હું એકાંતમાં વિચાર કરતો હતો, તેટલામાં પોતાના પરિજનને સાથે લઇને તે તરત પલાયન કરી ગયો. ત્યારે પોતાના થોડા પરિજનને સાથે લઇ, હથીયાર સહિત હું પણ તેની પાછળ લાગ્યો. તેવામાં તે અદૃશ્ય થઇ ગયો. જેથી મન અને પવનના વેગે હું જેટલામાં આ સ્થાને આવ્યો, તેટલામાં એ મહાપાપી મારી દૃષ્ટિએ પડયો. તે દરમીયાન મેં મારા બધા પરિજનોને પ્રથમથી જ એને મારવા ચોતરફ મોકલી દીધા હતા, તેથી હું એકલો અહીં આવ્યો. એમ સહાય રહિત

મને જોઇને તે મારી સાથે તરતજ યુદ્ધ કરવા લાગ્યો. તે પછી જે કાંઇ થયું તે તમારાથી અજાણ્યું નથી." એવામાં બખ્તરયુક્ત અને દૃઢકાય-બળથી દુર્ધર્ષ એવા વિદ્યાધરો, પૃથ્વીતલને જોતા તરતજ ત્યાં આવી પહોંચ્યા, એટલે મેં તેમને પૂછ્યું કે -'અરે! તમારે અહીં આવવાનું પ્રયોજન શું છે, તે કહો.' તેમણે કહ્યું--'અમારો સ્વામી અહીં આવી પડયો છે, એમ સાંભળવામાં આવ્યું છે.' મેં તેમને તે વિદ્યાધર બતાવતાં, તેની શુશ્રૂષા જોઈને મનમાં અત્યંત હર્ષ પામતા તે મને કહેવા લાગ્યા કે—'હે નરેંદ્ર! તમે સારૂં કર્યું કે એની આમ રક્ષા કરી, કારણકે એના માટે ખેચર રાજાને ભારે સંતાપ થાય છે. એની શોધ કરવા તેણે સર્વત્ર ખેચર-સુભટો મોકલ્યા, કારણકે તે વિદ્યાધર રાજાનો આ એક જ પુત્ર છે; માટે એ જયશેખર કુમારને મોકલો કે જેથી એના દર્શનને માટે ઉત્કંઠિત થયેલા જનક, જનની તથા સ્વજનોને એ સોંપીએ.' એટલે મેં તે વિદ્યાધરને કહ્યું--'હે કુમાર! તારા પરિજનો જે કંઇ કહેવા માગે છે, તો તું જ કહે કે એમને શો જવાબ આપીએ?' ત્યારે કુમાર બોલ્યો કે--'એક તરફ તારો અસાધારણ સ્નેહ અને એક તરફ વડીલોનો વિરહ, એ બંને બાબત મારા હૃદયને ડોલાવી રહી છે.' ત્યારપછી વિશિષ્ટ ભોજન, દીવ્ય વસ્ત્ર, રત્ન અને ભાજનાદિકથી તેનો સત્કાર કરીને મેં કુમારને સ્વસ્થાને મોકલ્યો. આ વખતે તે કહેવા લાગ્યો કે—'હે નરનાથ! હું આ કાયા થકી જ જવા પામીશ, પરંતુ જાણે સાંકળથી જકડાઇ-બંધાઇ ગયેલ હોય તેમ મારૂં હૃદય તો તારી પાસેજ રહેવાનું છે. અર્થનાશ, વિદેશગમન અને મરણ-દુઃખ એ ત્રણે સારાં, પરંતુ સજ્જન-વિરહ તો લાખો તીક્ષ્ણ દુઃખો નીપજાવે છે.' એમ કહેતાં શોકથી ગળતાં અશ્રુ-જળથી ગાલને જેણે ધોઇ નાખેલ છે એવો તે વિદ્યાધર મને પ્રણામ કરી, પોતાના પરિજન સહિત આકાશમાં ચાલ્યો ગયો; એટલે હું પણ તેમના ગગન-ગામી સામર્થ્યને જોતો, પૂર્વે જોયેલ સંગ્રામ-સમારંભને ચિંતવતો, કેટલોક વખત થયેલ વિલંબને વિચારતો, પોતાના રાજ્ય-કારભારનો વિચાર કરવા લાગ્યો. તેવામાં ભોગ પ્રમુખ કાર્યોનો વિભાગ કરવા જતાં મને ગગનથકી પડેલ વિદ્યાધરને મારવા તૈયાર થતા દુષ્ટ ખેચરનું સામર્ષ વચન યાદ આવ્યું.

પછી એકદા રાત્રે કેટલાક પ્રધાનજનો સાથે પોતાના દેશની સુખ-દુઃખની સ્થિતિનો વિચાર કરતાં, અન્ય રાજાઓની ગુપ્ત વાત સાંભળતાં, હસ્તી, અશ્વોના ગુણનું વર્ણન કરતાં, કિન્નરતુલ્ય ગવૈયાઓએ ચલાવેલ કાકલી-ગીત સાંભળતાં, સાદર નૃત્ય કરતી વારાંગનાઓના વિચિત્ર પાદ-ક્ષેપ જોતાં, નર્મ-આલાપ કરતાં, તથા બિંદુ-ચ્યૂત પ્રહેલિકાના પ્રશ્નોત્તર જાણવામાં વિનોદપૂર્વક હું જેટલામાં બેઠો છું, તેવામાં અકાંડે-અકાળે બ્રહ્માંડ ફુટવા સમાન ભયાનક, યુગાંતે નૃત્ય કરતાં

ભૈરવે તાડન કરેલ ડમરૂના અવાજની જેમ નિષ્ઠુર, પ્રચંડ નખથી વિદારવામાં આવેલ ગજેંદ્રના ગર્જારવ સમાન દારૂણ તથા પાસેની ભવન-ભિત્તિમાં પ્રતિઘાત પામતાં ઉછળતા હજારો પ્રતિધ્વનિથી દુઃસહ એવો કોલાહલ જાગ્યો. તે સાંભળતાં વિકસિત લોચને ચોતરફ દિશાઓને જોતાં, વીજળીના સમાન પ્રચંડ તરવારને ધારણ કરતાં, ભવનાંગણ પ્રત્યે ધસી આવતા તથા માર, માર, માર, એમ બોલતા એવા વિદ્યાધરો મારા જોવામાં આવ્યા. તેમને જોતાં ભયથી થર થર કંપતા મારા પરિજનો કરૂણ અને દીન વચન બોલતાં તરતજ બધી દિશાઓમાં પલાયન કરી ગયા, એટલે શસ્ત્રરહિત એકાકી છતાં તેમની સામે ઉભો રહીને હું કહેવા લાગ્યો—'અરે! ગલગૃહીત-ગળે પકડાયેલાની જેમ આમ નિરર્થક વિરસ કેમ બકો છો? તમે કોણ છો? કોણે મોકલ્યા છે? અથવા અહીં શામાટે આવ્યા છો?' તેમણે કહ્યું—'અરે નૃપાધમ! તે વખતે અમારા સ્વામીના શત્રુની રક્ષા કરતાં તેં વચનની અવગણના કરી અને અત્યારે ધૃષ્ટતાથી અજાણ્યાની જેમ 'તમે કોણ? કોણે મોકલ્યા અથવા શા પ્રયોજને આવ્યા?' એમ પૂછે છે? હજુ પણ જો વિશેષ કથનથી તું સંતોષ પામતો હોય, તો સાંભળ—અમે વિદ્યાધરો છીએ, અને રથનુપુર નગરના વિદ્યાધરરાજા સમરસિંહના પુત્ર, શત્રુ વિદ્યાધર સમર્પણ ન કરવાથી અત્યંત કોપાયમાન થયેલ **અમરતેજ** નામના કુમારે તને દુર્વિનય-વૃક્ષનું ફળ બતાવવા અમને મોકલ્યા છે.' ત્યારે મેં કહ્યું કે—'જો એમ હોય, તો તમે તેનો હુકમ બજાવો.' એટલે શરીરને કંઇ પણ બાધા પમાડયા સિવાય મને ઉપાડીને તેઓ આકાશમાર્ગે ઉડયા અને દૂર પ્રદેશમાં ગયા. ત્યાં ભુજંગોવડે ભયંકર એવા એક ગિરિ-નિકુંજમાં મને મૂકયો. ત્યારે મેં જણાવ્યું કે—'અરે! મને આમ મૂકી કેમ દો છો? પ્રહાર કેમ કરતા નથી?' તેમણે કહ્યું—'અમારા સ્વામીની એટલી જ આજ્ઞા છે. સેવકોએ સ્વામીની ઇચ્છાનુસાર વર્ત્તવું, એ તેમનો ધર્મ છે.' એમ કહીને તેઓ તે સ્થાનથી આકાશમાર્ગે ઉડયા. પછી હું પણ કોકિલ, જંગલી મહિષ સમાન સમસ્ત દિશાઓ શ્યામ થઇ જતાં, કેસરિ-કિશોરે નિર્દયતાથી વિદારેલ સારંગ-હરણોના વિરસ અવાજથી જંગલો ભીષણ ભાસતાં, વન-મહિષોના અવગાહનથી પલ્વલ-ખાબોચીયાના ઉછળતા કાદવવડે રસ્તાઓ દુર્ગમ થતાં, વૃક્ષ-શાખાઓના સંઘર્ષણથી ઉપજતા-પડતા અગ્નિવડે વાંસ-સમૂહ બળતા, બળતા દીવાની શિખા સમાન ભીષણ અને સ્ફુરાયમાન રક્ત લોચનવાળા રાક્ષસો આમતેમ ભમતાં, તથા વરાહ-ડુક્કરોએ તીક્ષ્ણ દાઢથી ખોદી નાખેલ હોવાથી ઉંચી નીચી વનસ્થળીમાં માર્ગ કે ઉન્માર્ગ ન જણાતા, તેમજ દિશા-ભાગની ખબર ન પડતા, પગે ચાલવાનું સહન ન કરી શકવાથી એક મોટા વૃક્ષપરની શાખા ઉપર ચડીને હું સુઇ ગયો. ત્યાં દુષ્ટ મહિલાની જેમ

મહાકષ્ટે નિદ્રા આવી. એવામાં રાત્રિનો પાછલો પહોર થતાં યામ—કરિઘટા—પહેરેગીર માતંગોની જેમ ચિત્તાઓ આસપાસ બેસી ગયા, પ્રબોધ—જગાડવાના મંગલવાદ્યોની જેમ પુરાણ—વૃદ્ધ શીયાળીયાઓ શબ્દ કરવા લાગ્યા તથા શુક—પક્ષીઓ માગધજનોની જેમ પઢવા લાગ્યા; પછી ત્રિભુવનના દીપક સમાન દિવાકરનો ઉદય થતાં, હું ઉઠયો અને પ્રાભાતિક કૃત્ય કરી, વૃક્ષ થકી નીચે ઉતરીને એક દિશા ભણી ચાલ્યો. ત્યાં ક્ષણાંતરે કોમળ વૃક્ષની છાલથી કમ્મર કસી, હાથમાં ધનુષ્ય-બાણ ધારણ કરતો, પોતાની પ્રિયાથી અનુસરાતો, ગુંજાફળ—ચણોઠીની માળામાત્રથી વિભૂષિત, ભુજંગની કાંચળીવતી જેણે પોતાનો કેશ કલાપ બાંધેલ છે, તથા તરતમાં તોડી લીધેલ મયૂરના પીછાથી જેણે કર્ણપૂર—કર્ણભૂષણ બનાવેલ છે એવો એક ભીલ મારા જોવામાં આવ્યો. મેં તેને પૂછયું કે—'હે મહાભાગ! આ અટવી કઇ? અથવા પોતાના શિખરના અગ્રભાગથી સૂર્ય રથના અશ્વોના માર્ગને રોકનાર આ ગિરિરાજ કયો? કે નગરભણી જતો માર્ગ કયો?' એટલે તે ભીલ બોલ્યો—'**અનામિકા** નામે આ અટવી છે, **સહ્ય** નામે એ પર્વત છે અને આ માર્ગ **કંચનપુર** નગર ભણી જાય છે.' પછી હું તે પંથે પડયો અને તાપસ કે તપસ્વીની જેમ કંદમૂળ અને ફળોથી પ્રાણવૃત્તિ કરતાં હું કેટલેક દિવસે **કંચનપુરમાં** પહોંચ્યો. ત્યાં મુનિવરની જેમ અપ્રતિબદ્ધ અને વીતરાગની જેમ સર્વ—સંગરહિત એવો હું કેટલાક દિવસ રહીને, પૂર્વ સ્થાનો જોતાં, ગ્રામાકર અવલોકતાં, ધાર્મિકજનોએ કરાવેલા ઉંચા અને સુંદર આકારના દેવાલયો નીહાળતો અને કાર્પટિકની જેમ દાનશાળાઓમાં પ્રાણવૃત્તિ, કરતો હુ સતત્ પ્રયાણ કરતાં પોતાના રાજ્ય-સીમાડાના એક ગામમાં પહોંચ્યો. ત્યાંપણ કેટલાક દિવસ વિશ્રાંતિ લઇ પુનઃ મારા નગર ભણી હું ચાલ્યો, અને જતાં જતાં રસ્તામાં પોતાના ભાઈ વિજયસેન કે જે રાજ્યનો માલીક બન્યો છે, તેના વિભવનો વિસ્તાર સાંભળતાં હું વિચારવા લાગ્યો કે—'વિજયસેન રાજ્યનો સ્વામી બન્યો છે, માટે મારે ત્યાં જવું યોગ્ય નથી, કારણ કે પૂર્વકૃત ધર્મના પ્રભાવથી ચિંતામણિની જેમ રાજ્યલક્ષ્મી પામીને પોતાના વલ્લભજનને પણ આપવાને કોણ વાંછે? તથાપિ મિત્ર, મંત્રી સામંતાદિકની વચન કળા તો જોઉં. વળી જે રાજ્ય નષ્ટ થયું તે તો હરણ—સમયે જ મેં જોઇ લીધું.' એમ ચિંતવતો હું અનુક્રમે **શ્રી**ભવન નગરમાં પહોંચ્યો. ત્યાં નગરજનો કોઇ ન જુવે તેમ, સાથે ધૂલિ—ક્રીડા કરેલ એવા **સોમદત્ત** નામના મારા મિત્રના ઘરે ગયો, એટલે મને જોતાં તરતજ ઓળખી લઈને સહર્ષ મારા પગે પડી તે અત્યંત રોયો અને કહેવા લાગ્યો કે—"હે નરવર! તારા વિયોગે મને એક દિવસ પણ વરસતુલ્ય થઇ પડયો, તેમજ હિમ, હાર, ચંદન કે ચંદ્રમા એ બધા મારા દેહને બહુ જ ગરમ ભાસતા હતા. ભવન તે મસાણ

સમાન, સ્ત્રીઓ ડાકિણીતુલ્ય અને સ્વજનો પણ ભુજંગની જેમ મારા મનને જરાપણ સુખ ઉપજાવતા નહિ. આટલા દિવસ લોકોએ મોટા આગ્રહથી મહા-કષ્ટે મને અટકાવી રાખ્યો. હે નાથ! જો તમે આવ્યા ન હોત, તો હું અત્યારે વિદેશમાં ચાલ્યો જાત, માટે આ શ્રેષ્ઠ ભવન, આ ધનભંડાર, આ અશ્વો અને આ સેવકવર્ગનો હે નરેંદ્ર! આપ સ્વીકાર કરો."

એ પ્રમાણે પ્રેમપૂર્ણ વચનો બોલતા સોમદત્તને મેં જણાવ્યું કે—"હે પ્રિયમિત્ર! આમ શોકાકૂલ કેમ બને છે? અથવા પોતાના ભવન, ધનાદિક મને શામાટે સોંપે છે? શું એમ કરવાથી તારો અપૂર્વ પ્રેમ પ્રગટ થશે? શું મારા કરતાં પણ અન્ય કોઇ તને પ્રાણવલ્લભ છે? અથવા તારા દર્શન કરતાં પણ મારે અહીં આવવાનું અન્ય કાંઇ પ્રયોજન છે? માટે ધીર થા. તારૂં સર્વસ્વ સમર્પણ તો દૂર રહો, પરંતુ તારૂં જીવિત પણ મને આધીન જ છે." પછી તેણે મને સ્નાન, વિલેપન, ભોજન પ્રમુખ કરાવ્યું. ક્ષણાંતરે મેં તેને પૂછ્યું કે 'હે પ્રિયવયસ્ય! કહે અત્યારે શું કરવાનું છે?' સોમદત્ત બોલ્યો—"હે દેવ! શું કહું? એક મને મૂકીને બીજા બધા મંત્રી, સામંતો વિજયસેનના ગાઢ પક્ષપાતી બન્યા છે. તમારૂં નામ લેવાને પણ તેઓ ઇચ્છતા નથી. વળી તેઓ એમ બોલે છે કે—'જો કદાચ તે આવશે, તોપણ રાજ્ય તો એનું જ સમજવું, કારણકે એની મુગ્ધમતિ અમને અત્યંત આધીન છે અને એ અમારૂં અલ્પવચન પણ ઓળંગતો નથી.' પરંતુ વિજયસેન તો તમારા વિરહમાં અત્યંત પોતાના શરીરે સંતપ્ત થાય છે અને કહે છે કે—'જો જ્યેષ્ઠ ભ્રાતા આવે, તો રાજ્યની લગામ અવશ્ય તેને સોંપું, કારણકે અમારો એવો કુળધર્મ છે કે જ્યેષ્ઠ કુમાર રાજ્ય ચલાવે.' આમ હોવાથી કંઇપણ યુક્તાયુક્ત જાણી શકાતું નથી, માટે નરેંદ્રાદિકનું મન મારા જાણવામાં બરાબર આવી જાય, તેટલા દિવસો કોઇ ન જાણે તેમ અહીં જ રહો." ત્યારે મેં કહ્યું—'ભલે એમ થાઓ.' પછી સોમદત્ત સામ, દંડ, ભેદ અને ઉપપ્રદાન પ્રમુખથી મંત્રી, સામંતાદિકને ભેદવા લાગ્યો, પરંતુ કઠિન વજ્રગાંઠની જેમ તેઓ કોઇપણ ઉપાયથી ભેદાયા નહિ; એટલું જ નહિ પણ મારા આવવાનો વ્યતિકર તેમના જાણવામાં આવી ગયો, જેથી દ્વારપાલોને તેમણે કહી દીધું કે—'સોમદત્તને તમારે રાજભવનમાં આવવા ન દેવો.' વળી વિજયસેનને પણ કહ્યું કે—'તમારો જ્યેષ્ઠ ભ્રાતા મરણ પામ્યો એમ સંભળાય છે.' એ પ્રમાણે સાંભળતાં તેને મહાશોક થયો, અને તેણે મૃતકાર્યો કરાવ્યાં.

એ રીતે મને રાજ્ય પમાડવા નિમિત્તે તે નિપુણ જે જે ઉપાય લેતો તે તે નિષ્કરૂણ દૈવ, પ્રતિકૂળની જેમ અસ્તવ્યસ્ત કરી મૂકતું.

એકદા ગાઢ વિષાદને વશ થતાં, પરમાર્થને જાણતા સોમદત્તે મને કહ્યું

કે—'હે દેવ ! નિર્મર્યાદ મંત્રી, સામંતાદિકોએ તમારા મરણની વાત રાજા આગળ જાહેર કરી છે, માટે રયવાડીએ બહાર નીકળેલ વિજયસેનના દૃષ્ટિ-પથમાં રહીને તમે કોઇ રીતે પોતાનું દર્શન આપો તો બરાબર થાય; કારણકે તે તમારા દર્શનને અત્યંત ઇચ્છે છે.' તેના અનુરોધથી એ પણ મેં કબુલ કર્યું. એવામાં એક દિવસે પ્રવર હાથણીપર આરૂઢ થઇને વિજયસેન રયવાડીએ નીકળ્યો, એટલે હું એક પ્રાસાદના શિખરપર રાજા જુવે તેમ બેસી રહ્યો, જેથી તેણે મને તરતજ જોયો અને 'ચિરકાળે આવેલા બંધુને સ્વાગત છે, સ્વાગત છે.' એમ હર્ષના પ્રકર્ષથી લોચન વિકાસીને તે જેટલામાં બોલવા જાય છે, તેવામાં; તરતજ મંત્રી સામંત પ્રમુખજનોએ આકાશમાં અંતર-પટ ગોઠવી કોલાહલ મચાવી મૂક્યો; એટલે રાજા વિહાર યાત્રા થકી પાછો વળ્યો. પછી તેમણે રાજાને જણાવ્યું કે—'હે દેવ ! પિશાચનું દર્શન થયું, તેથી તમને એ કંઈ અમંગળ થયું, નહિ તો મરણ પામેલ માણસ શું પ્રત્યક્ષ કદિ જોવામાં આવે ? માટે ભવન ભણી સત્વર ચાલો, શાંતિકર્મ કરાવો, ભૂતોને બલિદાન આપો, હોમવિધિ આરંભો, **મૃત્યુંજય** મંત્રને યાદ કરો, બ્રાહ્મણ-શ્રમણોને તેમજ સ્વજનોને સુવર્ણ દાન આપો.' એમ તેમના કહેવાથી મહાવતે તરત હાથણી પાછી ચલાવી, અને ભવનમાં આવતાં તેમણે જે કાંઇ કહ્યું, તે પોતાની અતિમુગ્ધ બુદ્ધિને લીધે વિજયસેને બધું કરાવ્યું; એટલે હું આનંદ અને ઉત્સાહ રહિત બની, ધીરજ ખોઇ, તે સ્થાનથકી નીચે ઉતરી, સોમદત્તને કહ્યા વિના જ એક ગુપ્ત સ્થાને બેસીને ચિંતવવા લાગ્યો કે—"નિરંતર કનકદાનથી સંતુષ્ટ કર્યા છતાં એ પાપી સામંતો મદોન્મત્તની જેમ મને સામે ઉભેલને પણ કેમ જાણતા નથી ? અથવા તો અનેકવાર અપરાધ સહન કરીને ફરી સ્વપદે સ્થાપ્યા છતાં એ અમર્યાદ મંત્રીઓ મને તૃણ સમાન પણ કેમ ગણતા નથી ? વળી નાગરિકજનોને અનેક વખત કાર્યોમાં સત્કાર્યા છતાં આશાહીન બનેલા તેઓ મને સ્નેહના વચનમાત્રથી પણ કેમ બોલાવતા નથી ? તેમજ તે જયશેખર કુમાર, વિદ્યાધર રાજાના કુળમાં જન્મેલ છતાં અને તથાપ્રકારની તેની સારવાર કર્યા છતાં એક સામાન્યજનની જેમ મારી કેમ ઉપેક્ષા કરે ? અથવા તો આવા વિકલ્પ કરવાથી પણ શું ? હવે તો આત્મહિત કરૂં. આ નગરનો ત્યાગ કરી અન્ય દેશમાં ચાલ્યો જાઉં અને બીજા કોઇ મોટા રાજાનો આશ્રય લઉં, અથવા તો સમસ્ત જગતમાં પ્રસિદ્ધ પરાક્રમી એવા **શ્રીઅવંતિસેન** મહારાજાનો પુત્ર થઇ, કેટલાક દિવસ અદ્ભુત રાજ્ય-ઋદ્ધિ ભોગવી, હવે બીજાનો તાબેદાર થઇને કેમ રહી શકીશ ? માટે એવો તો સર્વથા વિચાર કરવો પણ યુક્ત નથી. હવે તો મારે ભૈરવ-પતનથી આત્મ-ત્યાગ કરવો એજ સર્વ ઉપાધિથી વિશુદ્ધ થવાનો માર્ગ યોગ્ય છે." એવો નિશ્ચય કરી હું નગરથકી નીકળ્યો અને ભૈરવ-પતન

ભણી ચાલ્યો. માર્ગમાં અખંડ પ્રયાણે ચાલતાં, કોમળ વૃક્ષોથી સુશોભિત, ઉદ્ભટ મયૂરોના નૃત્યાડંબરથી રમણીય, હંસ, સારસ, ચાતક, કોકિલ પ્રમુખ પક્ષીઓના કલરવયુકત, પુંનાગ, નાગ, જાંબુ, જંબીર, નિંબ, આમ્ર, ચંપક, અશોક પ્રમુખ વૃક્ષોથી ચોતરફ શોભાયમાન, તથા ભૈરવ-પતનની નજીકમાં આવેલા એવા એક ઉપવનમાં હું જઇ પહોંચ્યો. ત્યાં એક મહાકાલ નામે યોગાચાર્ય મારા જોવામાં આવ્યો કે જેને અનેક લોકો નમસ્કાર કરતા, લક્ષણયુકત પુરૂષોની ખોપરી-કપાળ સંઘરતો, મંત્રધ્યાનમાં પરાયણ રહેતો, હાથમાં યોગદંડ રાખતો, સમસ્ત જ્ઞાન-વિજ્ઞાનમાં પરમ પ્રકૃષ્ટ અને પોતાના સાહસથી જે વેતાળોને સંતુષ્ટ કરતો હતો. તેને જોતાં મેં પ્રણામ કર્યા, એટલે આદરપૂર્વક તેણે મને આશિષ આપતાં હું પાસેની ભૂમિપર બેઠો. તેણે મને સ્નિગ્ધ દ્રષ્ટિથી જોતાં ક્ષણવાર પછી બોલાવ્યો કે—'હે ભદ્ર! તું બહુ ઉદ્વિગ્ન જેવો દેખાય છે તો શું તારૂં ધન નાશ પામ્યું છે? વિદેશમાં આવી ચડયો છે કે બીજું કાંઈ કારણ છે?' ત્યારે મેં કહ્યું—'હે ભગવન્! અમારા જેવા પુણ્યહીન પ્રાણીઓ પગલે પગલે ઉદ્વિગ્ન જ હોય છે, તેમાં કેટલાં કારણો કહી બતાવવા?" તે બોલ્યો—'તોપણ કંઇ વિશેષ કારણ સાંભળવા ઇચ્છું છું,' મેં જણાવ્યું—'હે ભગવન્! ધ્યાનમાં વિઘ્ન કરનાર એવા એ કારણ કહી બતાવવાથી પણ શું?' મહાકાલ બોલ્યો—'તારે ધ્યાનની ચિંતા કરવાથી પણ શું? તું મારા કહ્યા પ્રમાણે કર.' એટલે વિદ્યાધરનું અવલોકન, યુદ્ધ કરતાં પડેલા ખેચરનું રક્ષણ, મહા-અટવીમાં નિપાતન, પોતાના નગરમાં આગમન, મંત્રી, સામંત પ્રમુખ જનોએ કરેલ અપમાન, રાજ્યના અપહારનું દુઃખ, ઉપચાર કરેલ વિદ્યાધરની ઉપેક્ષા, નગર થકી નીકળવું અને ભૈરવ-પતન પ્રત્યે જતાં તમારો સમાગમ-ઇત્યાદિ તેને મેં કહી સંભળાવ્યું. જે સાંભળતાં મહાકાલે કહ્યું—'અહો! દુષ્ટ દૈવની આ બધી વિરૂદ્ધ ચેષ્ટા છે, કે આવા અસાધારણ સાહસિક પુરૂષોને બનાવીને, તેમને આવા તીવ્ર દુઃખનું ભાજન કરે છે. અથવા તો સાહસિક પુરૂષોનું હૃદય, મ્હોટું દુઃખ પડતાં પણ તે સહન કરી લે છે અને સામાન્ય જનો, લેશ દુઃખમાં પણ જીર્ણ પર્ણપુટની જેમ તરત વિઘટી જાય છે-હતાશ બને છે. જેમ તેમના પર મોટું દુઃખ આવી પડે છે, તેમ સુખ પણ તેમને સંભવે છે. પરંતુ ઇતર-સામાન્ય જનોને તો સદાકાળ સુખ-દુઃખ તુલ્ય જ હોય છે. અથવા તો અંતરાયરહિત સુખ કોને મળ્યું છે? આપદાઓ કોના શિરે પડી નથી? ખલ જનોએ કોને દૂષિત કરેલ નથી? અગર લક્ષ્મી કોની સ્થિર રહી છે? એમ સમજીને શોક તજી દે. ફરી પણ તને વાંછિત પ્રાપ્ત થશે. સૂર્ય પણ રાત્રિના તિમિર-વિગમ પછી ઉદય પામે છે. વળી તેં કહ્યું કે—'મરણ નિમિત્તે ભૈરવ-પતન કરૂં.' એતો સુજ્ઞ જનોએ નિષેધ કરેલ છે અને ક્ષત્રિય-ધર્મથી

વિરૂદ્ધ છે, કારણકે બ્રાહ્મણ–શ્રમણો મરણનિમિત્તે પ્રયત્ન કરે છે, પણ ધીર પુરૂષો તેમ કરતા નથી. તેઓ તો પોતાના બુદ્ધિ–વિભવથી વિધાતાએ વિઘટિત કરેલ કાર્યને પણ સુધારી છે લે. વિષાદરૂપ પિશાચને તજતાં, આલસ્યરહિત અને પરાક્રમમાં જ એક રસિક એવા પુરૂષને, લક્ષ્મી દૂર છતાં જાણે હર્ષિત હોય તેમ અવશ્ય અનુસરે છે–પ્રાપ્ત થાય છે.' એટલે મેં કહ્યું કે—'હે ભગવન્! હું અત્યારે વિચાર–વિમૂઢ છું, યુક્તાયુક્તને જાણતો નથી, ઉપાયની ખબર નથી, ક્ષાત્ર–ધર્મની દરકાર કરતો નથી, લોકનિંદાનો વિચાર લાવતો નથી, સુખ–દુઃખને લક્ષ્યમાં લેતો નથી, તેમજ સર્વથા કુંભકારના દૃઢ દંડથી ચલાવવામાં આવેલ ચક્રપર જાણે આરૂઢ થયેલ હોય તેમ મારૂં મન જરા પણ ક્યાં સ્થિતિ કરતું નથી, માટે હે ભગવન્! તમે જ કહો કે હું શું કરૂં? અથવા ઇષ્ટ–સિદ્ધિનો શો ઉપાય છે?' મહાકાલ બોલ્યો–'હે વત્સ! મારી પ્રવ્રજ્યા ધારણ કર. મારા ચરણ–કમળની આરાધના કર અને યોગ–માર્ગનો અભ્યાસ કર, એટલે ગુરૂભક્તિથી તને ઇષ્ટ–સિદ્ધિઓ પ્રાપ્ત થશે.' પછી ભયથી સંભ્રાંત થયેલ જેમ શરણાગત–વત્સલને આરાધે, દરિદ્રી જેમ કલ્પવૃક્ષને, મહારોગી જેમ પરમ વૈદ્યને તથા ચક્ષુહીન જેમ માર્ગ–દર્શકને આરાધે, તેમ હું ભારે આદરથી તેની આરાધના કરવા લાગ્યો અને થોડા વખતમાં મેં વિનયથી તેનું મન અત્યંત આકર્ષી લીધું, જેથી તેણે પોતાના ગુપ્ત સ્થાનોમાં મને એકને જ નિયુક્ત કર્યો અને આકૃષ્ટિ પ્રમુખ બધા કૌતૂહલો મને શીખવ્યાં. એકદા પ્રશસ્ત તિથિ, નક્ષત્ર અને મુહૂર્ત્ત આવતાં પરમ પ્રમોદ પામતા તેણે મને એકાંતમાં **ત્રૈલોક્ય–વિજય** નામે મંત્ર બતાવ્યો અને સાધન–વિધિ જણાવતાં કહ્યું કે—'એક સો આઠ પ્રધાન ક્ષત્રિયોથી મસાણના અગ્નિને તૃપ્ત કરવો, દિશિ–દેવતાઓને બળિદાન આપવું તથા નિરંતર મંત્ર–સ્મરણ કરવું, તેથી એ સિદ્ધ થશે અને એકછત્ર ધરણીનું રાજ્ય તને આપશે.' વિનયથી શિર નમાવી મેં એ બધું સ્વીકારી લીધું અને મંત્ર સાધવા હું **કલિંગ** પ્રમુખ દેશોમાં ગયો. ત્યાં ઉત્તમ ક્ષત્રિયોને ફસાવીને યથાલાભ તેમનો હોમ કરવા લાગ્યો, તે આટલો વખત કર્યો. તો હે નરસિંહ નરેંદ્ર! તેં જે પૂર્વે મને પૂછ્યું કે—'તું તારા આત્માને કેમ નિંદે છે?' તેમાં એ જ ખાસ કારણ છે. ભયથી થરથરતાં સારંગ–હરણની જેમ વિચિત્ર છળવડે પ્રાણીઓને જે મેં દૂભવ્યા, તે સ્મરણ અત્યારે મારા હૃદયને દગ્ધ કરી મૂકે છે. પૂર્વે દુર્ધ્યાનથી બુદ્ધિ કલુષિત હોવાથી એ મારા જાણવામાં ન આવ્યું, પરંતુ અત્યારે તારા દર્શનથી વિવેક–રત્ન સમુલ્લાસ પામ્યું છે.'

ત્યારે **નરસિંહ** રાજાએ જણાવ્યું—"એ વાત સત્ય છે કે તેં ઘણું પાપ આચર્યું, કારણકે કીડીઓને મારવામાં પણ મહાપાપ છે, તો રાજાઓના

વધમાં તો કહેવું જ શું ? વળી તેમનો વિનાશ થતાં ધર્મભ્રંશ અને રાજ્ય-હાનિ થાય, તેમજ પરસ્પર યુદ્ધ થતાં સ્ત્રીઓના શીલનો લોપ થાય, જેથી દુશ્ચરિત્રની ગર્હણા અને તારી ધર્મબુદ્ધિ યોગ્ય સ્થાને છે, તેમ છતાં અગ્નિમાં પ્રવેશ કરવો, તે તને યોગ્ય નથી. માટે તીર્થોમાં જા, દેવ-પૂજા કર, નિંદિત ભાવ તજી દે, ગુરૂ પાસે પ્રયત્નપૂર્વક પ્રાયશ્ચિત્ત ગ્રહણ કર, પ્રતિક્ષણે દુષ્કૃતની નિંદા કર, ધર્મ-શાસ્ત્ર સાંભળ, ઉત્તમ પુરૂષોનો સંગ કર, તીવ્ર કષાયને મૂકી દે, ઇર્ષ્યા અને વિષાદને છેદી નાખ, વિષમ વિષયરૂપ વૃક્ષનું ભેદન કર, બધા પ્રાણીઓને પોતાના જીવિત સમાન ગણુ, સદા પ્રશમ-રસનું પાન કર, ક્ષુદ્ર-ચરિત્રને બિલકુલ તજી દે, સર્વે કાર્યોમાં યત્નપૂર્વક યોગ્યાયોગ્યનો વિચાર કર, સંસારમાં સર્વ વસ્તુઓના ક્ષણિક ધર્મનો ખ્યાલ કર તથા પર-જન્મમાં પોતાના સુકૃત અને દુષ્કૃત સાથે આવશે તે લક્ષ્યમાં લે, એ પ્રમાણે સદા યત્ન કરતાં તારી અવશ્ય શુદ્ધિ થશે. અગ્નિ-પ્રવેશ તો પતંગો કરે, પણ કુશળ પુરૂષો કદાપિ તેમ કરતા નથી. ”

એ પ્રમાણે ઘોરશિવને મરણના અધ્યવસાયથી અટકાવીને નરસિંહ રાજા જેટલામાં વિરામ પામ્યો, તેટલામાં પટહ, મૃદંગ પ્રમુખ વાદ્યોના નાદથી દિશાઓ બધિર થતાં, તથા વિચિત્ર મણિ-ભૂષણના કિરણોથી સ્મશાન-ભૂમિ અને કરંગી બનતાં વિદ્યાધરો આકાશથકી નીચે ઉતર્યા અને પરમ પ્રમોદ પામતા તે ઘોરશિવના પગે પડીને કહેવા લાગ્યા—‘ હે દેવ ! **ગગનવલ્લભ** નગરના વિદ્યાધર રાજાના પુત્ર **જયશેખર** કુમારે તમને લાવવા માટે અમને મોકલ્યા છે, તો મહેરબાની કરી, ઉછળતી અનેક ધ્વજાઓથી અભિરામ, બળતા કૃષ્ણાગરૂ, કપૂરના સુગંધિ ધૂપ-ધૂમથી દિશાભાગને અંધકારમય બનાવનાર, તથા મણિ, કનક, રત્નથી બનાવેલ વિચિત્ર રચનાયુક્ત ભીંતોથી શોભાયમાન એવા **કુસુમાવતંસક** નામના શ્રેષ્ઠ વિમાનપર આરૂઢ થાઓ. ’ ત્યારે ઘોરશિવ બોલ્યો—‘ અરે ! વિદ્યાધરો ! તમે મારા માટેનો પ્રતિબંધ-આગ્રહ મૂકી દ્યો. હું અત્યારે અગાઉની સ્થિતિમાં નથી, ભોગ-પિપાસાથી રહિત બન્યો છું, નિર્જન અરણ્યોમાં નિવાસ કરવાની બુદ્ધિ જાગી છે, મૃગો સાથે સ્વજનસંબંધ જોડવા ઇચ્છા છે, માયા-મોહનો નાશ થયો છે, તથા જીવલોકને જાણે અગ્નિ-જ્વાળાના કવલરૂપ થતો હોય તેવો જોઉં છું; માટે તમે આવ્યા તેમ પાછા ચાલ્યા જાઓ અને મારૂં કથન કુમારને નિવેદન કરજો. ’ ત્યારે વિદ્યાધરોએ જણાવ્યું—“ તમે એમ ન બોલો, કારણકે જે દિવસથી જયશેખર કુમાર તમારી પાસેથી ગયો, તે દિવસથી માંડીને **રથનૂપુર** નગરના **સમરસિંહ** વિદ્યાધર રાજા સાથે મહા-સંગ્રામ થતાં અનેક સુભટો માર્યા ગયા. તેમાં મહાકષ્ટે **અમરતેજ** નામના દુષ્ટ મિત્રનો ઘાત થયો અને અત્યારે પરસ્પર સંધિ બંધાઇ, તથા એક બીજાના ઘરે ભોજન તેમજ વસ્ત્રાદિકનાં દાન કરવામાં આવ્યાં, જેથી આટલો વખત

પોતાના કાર્યમાં પરોવાયેલ હોવાથી અટવી-નિપાતન પ્રમુખ તમારો વ્યતિકર હમણાં જ તેમના જાણવામાં આવ્યો; એટલે અત્યંત તીવ્ર શોક પ્રગટતાં કુમારે તમારી તપાસ કરવા અમને ચારે દિશામાં મોકલ્યા અને કહ્યું કે—' અરે ! તે મહાનુભાવ જ્યાં તમારા જોવામાં આવે ત્યાંથી ગમે તે રીતે જલદી લઇ આવો, તે વિના હું ભોજન કરનાર નથી. ' તેથી સર્વ સ્થાને બહુ જ બારીક તપાસ કરતાં અમે આ પ્રદેશમાં આવ્યા. અહીં આવતાં તમારો શબ્દ અમારા સાંભળવામાં આવ્યો. ' એટલે—' આ વખતે ભીષણ મસાણમાં કોણ હશે ? ' એમ કૌતૂહળથી સાંભળતાં, વળી કુમારને તે વખતે લાવવા માટે આવેલ અમોએ પૂર્વે તમારો શબ્દ સાંભળેલ હોવાથી અમે એ અનુમાનથી તમને ઓળખી લીધા; માટે હવે જયશેખર કુમારને જીવિત-દાન આપવાની મહેરબાની કરો. "

એવામાં પરમાર્થ જાણવામાં આવતાં રાજાએ જણાવ્યું—' હે મહાસત્ત્વ ! કઠિન ભાવનો ત્યાગ કરો. સત્પુરૂષોનાં હૃદય સ્નેહ-ભંગમાં ભીરૂ-બીકણ હોય છે, માટે એમની પ્રાર્થનાનો સ્વીકાર કરો. " ઘોરશિવ બોલ્યો—' હે મહારાજ! રાજ્યાદિકથકી મારૂં ચિત્ત અત્યંત વિરક્ત થયું છે, કારણ કે એ ગાઢ પાપના કારણરૂપ છે. ' રાજાએ કહ્યું—' એમ ન બોલો, કારણકે સન્ન્યાય બતાવતાં, વિશિષ્ટ મુનિઓનું રક્ષણ કરતાં, લોકોને નિરંતર શ્રેષ્ઠનીતિથી શાસન કરતાં અને દાનાદિક આપતાં, સ્વાધીન મતિથી રાજ્ય ચલાવતાં પણ રાજાને ધર્મનો લાભ થાય, તેવો લાભ, શાસ્ત્ર-વર્જિત વિધિથી યુક્ત અને ગુપ્ત છતાં સાધુને થતો નથી. ' ઘોરશિવ બોલ્યો—' હે નરેંદ્ર ! એ વાત બરાબર છે. ' રાજાએ જણાવ્યું—' જો એમ હોય તો તમે જાઓ અને જયશેખર કુમારનો આદર-સત્કાર સ્વીકારો. ' ઘોરશિવ બોલ્યો—' ભલે, આપ કહો છો, તેમ હું કરીશ. ' જેથી વિદ્યાધરો ભારે હર્ષ પામ્યા અને સાદર પ્રણામ કરતાં તેમણે રાજાને વિનંતી કરી—' મહાયશ ! પરમાર્થથી તો તમે જ અમારા સ્વામીને જીવિતદાન આપ્યું છે, ' પછી કપાલ પ્રમુખ કુલિંગરૂપ ઉપકરણ તજી વિયોગ-વેદનાના આંસુથી જેનું મુખ ધોવાઇ ગયું છે એવો ઘોરશિવ, રાજાને ગાઢ આલિંગન કરી, ગદ્ગદ ગિરાથી કહેવા લાગ્યો કે—' હે રાજન્ ! કુભ્રમ-તિમિરથી લોચન ભ્રાંતિમય થતાં મેં પાપ-મતિએ જે કાંઇ તમારો અપરાધ કર્યો, તે હવે બધું ક્ષમા કરો. હે નરસિંહ ! હું તમારાં શિષ્ય, દાસ, ઋણી કે કિંકર સમાન છું, માટે હવે જે કાંઇ કરવાનું છે, તે આજ્ઞાપૂર્વક કહો. ' રાજાએ કહ્યું કે—' હે ભદ્ર ! જ્યારે તું સમગ્ર પોતાની રાજ્ય-લક્ષ્મી પામીશ, તે વખતે મારા સંતોષ નિમિત્તે સ્વ-વૃત્તાંત કહી બતાવજે. ' એટલે ' ભલે, એમ કરીશ ' એ રીતે કહેતાં તે વિદ્યાધરો સહિત દિવ્ય વિમાનમાં બેઠો અને તરતજ યથેષ્ટ સ્થાને પહોંચ્યો.

હવે અહીં નરસિંહ રાજા પણ જાણે ત્રિભુવનની રાજલક્ષ્મી પામ્યો હોય, જાણે સમસ્ત સુકૃતનો સંચય પ્રાપ્ત થયો હોય, તથા સમસ્ત પ્રશસ્ત તીર્થોના દર્શનથી જાણે પવિત્ર થયો હોય તેમ પોતાના આત્માને માનતો, હાથમાં ખડ્ગ-રત્ન ધારણ કરી તે પોતાના ભવનમાં ગયો. ત્યાં સુખ-શય્યામાં સુતાં ક્ષણભર તેને નિંદ્રા આવી. એવામાં પ્રભાત થતાં રણઝણાટ કરતા મણિ-નૂપુરના અવાજ પાછળ લાગેલા ચક્રવાક પક્ષીઓના ચંક્રમણ-ગમનને સ્ખલિત કરનાર, અનાદરપૂર્વક સ્વસ્થાને પહેરેલાં વિશિષ્ટ કાંચળી, કલાપ-કંઠાભરણ પ્રમુખ અલંકારથી વિરાજમાન તથા હર્ષપૂર્વક દોડી આવેલ કુબ્જા, વામની, પુલિંદી પ્રમુખ દાસીઓથી પરવરેલ એવી ચંપકમાલા રાણી ત્યાં દાખલ થઇ. એટલે નિદ્રાના યોગે જેના સર્વ અંગોપાંગ સ્હેજ શય્યાથકી વિમુકત થયેલાં જોઇને રાણી કહેવા લાગી—'અહો ! જાણે પુત્રને પરણાવી દીધેલ હોય, શત્રુઓને પ્રશસ્ત કરી નાખ્યા હોય, દ્રવ્ય અખૂટ વધારી મૂકેલ હોય અથવા જાણે સર્વ શાસ્ત્રો પઢી લીધેલ હોય તેમ નરનાથ નિશ્ચિંત થઇને સુતો છે.' એવામાં ક્ષણાંતરે પ્રાભાતિક મંગલ-વાદ્યો વાગતાં અને ચોતરફ પ્રકાશ પ્રસરતાં એક માગધ બોલ્યો કે—'હે દેવ ! વિષમ છતાં દોષ-દોષા-રાત્રિરૂપ સમુદ્રને ઓળંગી, દોષાકર-અજ્ઞાનતાને ગંજી, પોતાના વીર્ય-બળથી ગોત્ર પ્રકાશમાં લાવી, વિકટ માર્ગ-શ્મશાનાદિ સ્થાને ફરી આવી, અંગોદ્ભૂત મોટા તેજ-બળવડે દિશાઓને પૂરી દઇ, તમારી જેમ સૂર્ય શોભાયમાન ઉદય-લક્ષ્મીને પામે છે.' એમ સાંભળતાં રાજા જાગૃત થઇને ચિંતવવા લાગ્યો કે—'અહો ! યથાસ્થિત વસ્તુ-સ્વરૂપને બતાવનાર જાણે સરસ્વતીનું વચન હોય તેવું એ માગધ કેવું મધુર બોલ્યો ?' એમ વારંવાર વિચારતાં રાજા શય્યાથકી ઉઠયો. એવામાં હર્ષથી વિકાસ પામતાં નયન-કમળયુકત ચંપકમાલા રાણી તેના જોવામાં આવતાં રાજાએ તેને આવવાનું પ્રયોજન પૂછયું, એટલે તે બોલી—"હે દેવ ! આજે આવતાં રાત્રિ અર્ધ પ્રહર બાકી રહી, ત્યારે સુખે સુતેલી મેં સ્વપ્નમાં એકદમ મુખે પ્રવેશ કરતો, મણિ-રત્નની માળાથી અલંકૃત, પવનને લીધે ઉડતા અંચલથી અભિરામ, સ્ફટિકમય તથા પ્રીણ સમાન ઉજ્વળ દંડથી સુશોભિત, તેમજ ઉપમા રહિત એવો મહાધ્વજ જોયો. એવું પૂર્વે કદિ ન જોયેલ સ્વપ્ન જોઇ, જાગૃત થતાં હું સ્વપ્નનું શુભાશુભ ફળ જાણવા માટે તમારી પાસે આવી; માટે આપ એનું ફળ કહો.' રાજાએ કહ્યું—'હે દેવી ! તેં વિશિષ્ટ સ્વપ્ન જોયું, જેથી તને અવશ્ય, ચાર સમુદ્રરૂપ મેખલાયુકત મહી-મહિલાનો પતિ અને કુળમાં ધ્વજતુલ્ય એવા પુત્રનો લાભ થશે.' એટલે 'હે દેવ ! તમે જે કહો છો, તે સત્ય જ છે' એમ સ્વીકારી રાણીએ પોતાના ઉત્તરીય વસ્ત્રમાં મજબૂત શકુન-ગ્રંથિ-ગાંઠ બાંધી લીધી, અને ક્ષણવાર પરસ્પર આલાપ કરી, તે પોતાના

ભવનમાં ગઇ. પછી રાજા પણ પ્રાભાતિક કૃત્ય આચરીને સભામંડપમાં બેઠો. એવામાં પ્રથમથી જ ગાઢ કૌતૂહળથી આતુર મનવાળા બુદ્ધિસાગર પ્રમુખ મંત્રીઓ આવ્યા, અને મસ્તક નમાવી પગે પડીને તેઓ યોગ્ય-આસને બેઠા. તેમણે વિનંતી કરતાં જણાવ્યું—'હે દેવ ! આજે ચતુર્યામા-રાત્રિ પણ સહસ્ર-યામા જેવી થઇ પડી, જેથી અમે મહાકષ્ટે પસાર કરી છે; કારણકે ઘોર-શિવનો વ્યતિકર સાંભળવાની અમને ભારે ઉત્સુકતા છે. જો કે તમારૂં પ્રશાંત વદન જોવાથી કંઇક કાર્યસિદ્ધિની ખાત્રી થાય છે, તથાપિ વિશેષ તમારા મુખથી સાંભળવાની અભિલાષા છે, માટે રાત્રિનો વ્યતિકર સંભળાવવાની આપ મહેરબાની કરો. ત્યારે તેમના વચનના અનુરોધથી જરા હાસ્ય કરી, ઘોરશિવની સાથે મસાણમાં પોતે ગયો, તેનો છળ-પ્રપંચ જાણવામાં આવ્યો, તેને શસ્ત્ર હાથમાં લેવા કહ્યું, તેણે પોતાના ગળે કાતર ચલાવી, કાતર સહિત તેની ભુજા અટકાવી દીધી, પૃથ્વીપર પાડી નાખ્યો, ફરી સાવધાન થઇને ઉઠયો, પાછો તેને પ્રતિઘાત પમાડયો, દેવાંગનાઓએ પુષ્પવૃષ્ટિ કરી. દેવી આવી, તેણે વર આપ્યો, તે અદશ્ય થઇ, ઘોરશિવ નિર્વેદ પામ્યો અને મરણ-નિમિત્તે તે ચાલ્યો, પૂર્વ વ્યતિકર તેણે કહી સંભળાવ્યો, અને તેથી તેને જેમ અટકાવી રાખ્યો, તથા પૂર્વ પરિચિત વિદ્યાધરના વિમાનપર બેસીને ઘોરશિવ તેને મળવા ગયો. ઇત્યાદિ રાજાએ બધું સંક્ષેપમાં કહી સંભળાવ્યું, જે સાંભળતાં બધા મંત્રીઓ હર્ષિત થયા અને નગરીમાં મહોત્સવ પ્રવર્ત્તી રહ્યો.

હવે એકદા વિશિષ્ટ ગર્ભના પ્રભાવથી ચંપકમાલા રાણીને દુ:ખી પ્રાણીઓનું રક્ષણ કરવું, દીન કે અનાથોને દાન આપવું, દેવ ગુરૂની પૂજા કરવી, તથા સ્વજન સંબંધીઓને મનોવાંછિત આપવું, એવા દોહલા ઉત્પન્ન થયા; એટલે તે ચિંતવવા લાગી—'આ દુનીયામાં મારા કરતાં તે રમણીઓ જ ધન્ય છે કે જેઓ પોતાના દોહલા પૂર્ણ કરીને સુખે ગર્ભને ધારણ કરે છે.' એ પ્રમાણે દોહલા પૂર્ણ ન થતાં સંકલ્પના વશે કૃષ્ણપક્ષના ચંદ્રમાની જેમ રાણી શરીરે કૃશતા અનુભવવા લાગી. એવામાં એકદા રાજાએ તેને પૂછયું—'હે દેવી! કેમ આમ પ્રતિદિવસે તું કૃશ બનતી જાય છે ? તેનું કારણ કહે.' છેવટે ગાઢ આગ્રહથી પૂછતાં તેણે પોતાના દોહલા કહી સંભળાવ્યા, જેથી પરમ પ્રમોદને ધારણ કરતા રાજાએ વિશેષતાથી તે પૂર્ણ કર્યા. એમ દોહલા પૂર્ણ થતાં ધરણી જેમ નિધાનને ધારણ કરે અને સૂર્યને જેમ દિશાઓ, તેમ રાણી સુખે સુખે ગર્ભને ધારણ કરતી કાળ વીતાવવા લાગી. એમ કરતાં નવ માસ અને સાડા સાત દિવસ થતાં શુભ તીથિ, નિમિત્ત, નક્ષત્ર, મુહૂર્ત્તમાં પૂર્વ દિશા જેમ દિનકરને, તેમ રાણીએ કોમળ અને રક્ત જેના હાથ-પગ છે તથા પૂર્ણ સર્વ અંગોપાંગવડે શોભાયમાન એવા પુત્રને જન્મ આપ્યો; એટલે તરતજ

હર્ષ પામતી દાસીઓ રાજભવનમાં ગઈ, ત્યાં રાજાને વધાવતાં કહેવા લાગી—'હે દેવ ! આપને વિજયની વધામણી છે. હમણા ચંપકમાલા દેવીએ બધી દિશાઓને પ્રકાશિત કરનાર સૂર્ય સમાન પુત્રને જન્મ આપ્યો છે.' એમ સાંભળતાં રાજાએ તેમને ઘણું પારિતોષિક આપ્યું જેથી તેમનું દાસીત્વ ટળી ગયું. પછી પ્રધાન પુરૂષોને બોલાવીને રાજાએ આદેશ કર્યો—'સમસ્ત નગરીના ત્રિમાર્ગ, ચોવટા અને ચોરા તેમજ સ્કંદ, મુકુંદ, સુરેંદ્ર, ગણપતિ પ્રમુખના મંદિરોમાં પરમ મહોત્સવ પ્રવર્ત્તાવો. કંઇપણ અટકાયત વિના કનકદાન ચાલુ કરો અને કારાગૃહમાંથી કેદીઓને મુક્ત કરો.' એમ રાજાએ હુકમ કરતાં 'જેવી દેવની આજ્ઞા' એ પ્રમાણે માન્ય કરી, તેમણે નગરીમાં વર્ધાપન–મહોત્સવ શરૂ કર્યો, કે જેમાં પાંચ પ્રકારના વર્ણના પ્રશસ્ત સ્વસ્તિકો રચવામાં આવ્યા, નાખવામાં આવેલ અક્ષત, દૂર્વા અને પ્રવાલથી પૃથ્વીતલ શોભતું, હર્ષથી નાચતી તરૂણીઓનાં વક્ષસ્થળથકી હારો તૂટી પડતા, એક બીજાના પૂર્ણ પાત્રો છીનવી લેવામાં આવતાં કોલાહલ મચી રહ્યો, પ્રતિભવને દ્વારપર બાંધેલ તોરણોથી શોભા વધી, કમળથી ઢાંકેલાં નિર્મળ પૂર્ણ કળશો ગૃહદ્વાર આગળ મૂકવામાં આવ્યા, વાગતા વાજિંત્રોના ઉછળતા દાન સમાન મોટા ઘોષથી દિશાઓ પૂરાઇ ગઈ, ઇચ્છા ઉપરાંત આપવામાં આવતા દ્રવ્ય–દાનથી અર્થીજનો સંતોષ પામતા, સમસ્ત લોકો જ્યાં પ્રમોદ પામતા, તથા કુળવૃદ્ધાઓ મંગલ કરી રહી..એ રીતે ત્યાં કરવામાં આવેલ વર્ધાપન, રાજાને ભારે સંતોષ–કારક થઇ પડયું. એવામાં મંત્રી, સામંત, સેનાપતિ, સાર્થવાહ પ્રમુખ પ્રધાનજનો, વિવિધ અશ્વ, રત્ન, રથ પ્રમુખ વિશિષ્ટ વસ્તુઓ લઇ આવીને રાજાને વધાવવા લાગ્યા.

અહીં ઘોરશિવને લઇને વિદ્યાધરોએ જયશેખર કુમારને સોંપ્યો. એટલે તેણે પણ પિતા કે ગુરૂની જેમ તેના આગમન પ્રસંગે પરમ મહોત્સવ કર્યો, અને પ્રથમના મેલાપ પછીનો બધો વૃત્તાંત તેણે પૂછયો. પછી સ્નાન, વિલેપન, ભોજન, દિવ્ય વસ્ત્રાદિકના દાનપૂર્વક તેણે ઘોરશિવને કેટલાક દિવસ ત્યાં રોકયો. એકદા ચતુરંગ સેના સજ્જ કરી જયશેખર કુમારે શ્રીભવનનગરમાં જઇ, વિજયસેન રાજાને દર્શાવી, તથા દુર્દાંત મંત્રી, સામંતોની ઉચ્છૃંખલતાને પ્રશસ્ત કરવાપૂર્વક બધો યથાસ્થિત વૃત્તાંત જણાવી, તેણે ઘોરશિવને પોતાના હાથે રાજ્યાસને બેસાર્યો અને વિજયસેનને યુવરાજપદે સ્થાપ્યો. એમ કૃતકૃત્ય થઇને જયશેખર જેમ આવ્યો, તેમ પાછો ચાલ્યો ગયો. ઘોરશિવ પણ પ્રથમ પ્રમાણે પોતાનું રાજ્ય ભોગવવા લાગ્યો.

એવામાં એક વખતે ઘોરશિવને રાજ્યસંપત્તિનો વૃત્તાંત નરસિંહ રાજાને નિવેદન કરવા પૂર્વે અંગીકાર કરેલ વચન યાદ આવ્યું, એટલે તરતજ વિશિષ્ટ

ભેટો સહિત તેણે પોતાના પ્રધાન પુરૂષો, નરસિંહ રાજાને પોતાનો વ્યતિકર નિવેદન કરવા માટે મોકલ્યા. તેઓ અખંડ પ્રયાણ કરતાં જયંતીનગરીના બાહ્ય ઉદ્યાનમાં પહોંચ્યા. ત્યાં રાજાને ખબર પડતાં તેણે મહાવિભૂતિપૂર્વક રાજધાનીમાં તેમને પ્રવેશ કરાવ્યો. તેમણે પ્રાભૃત–ભેટણાં આપતાં રાજાને ઘોરશિવ રાજાનો વૃત્તાંત કહી સંભળાવ્યો, જે સાંભળતાં રાજા ભારે હર્ષ પામ્યો. પછી યોગ્ય દાન–માનથી તેમનો સત્કાર કરીને સ્વસ્થાને મોકલ્યા.

એક દિવસે નરસિંહ રાજાએ કુમારના નામકરણનો મહોત્સવ શરૂ કર્યો, ત્યાં કુળવૃદ્ધાઓને તેણે બોલાવી. પછી ચતુર્વિધ વાજીંત્રો વાગતાં, તરૂણીઓએ નૃત્ય ચલાવતાં, વારાંગનાઓએ મંગલ–ગીત ગાતાં તથા માગધજનોએ સ્તુતિ–પાઠ બોલતાં, પૂર્વ પુરૂષોના ક્રમને અનુસરીને રાજાએ કુમારનું **નરવિક્રમ** એવું નામ રાખ્યું. એમ વખત જતાં કુમાર તરૂણાવસ્થા પામ્યો ત્યારે રાજાએ અનેક સેવકો સહિત અને મહાવિભૂતિપૂર્વક કુમાર, બધી વિદ્યાઓમાં પારંગત એવા વિદ્યા– આચાર્યને ભણવા માટે સોંપ્યો, એટલે અલ્પકાળમાં તે પોતાની બુદ્ધિના પ્રકર્ષથી બધી કળાઓમાં પ્રવીણ થયો. ધનુર્વેદ, સમસ્ત મલ્લવિદ્યાઓ, કરણ-નિમિત્ત, વિચિત્ર ચિત્રો, પરનો અભિપ્રાય જાણવામાં, કાળ–સમય–શાસ્ત્રમાં, પત્રચ્છેદ, શબ્દવેધ યા શબ્દશાસ્ત્રમાં, મંત્રવિચાર, તંત્રપ્રયોગ, પુરૂષ, હાથી, અશ્વ, સ્ત્રી, ગૃહનાં લક્ષણ જાણવામાં, વાજીંત્ર, નાટ્ય, દ્યુત, અનેક પ્રકારના સંગીતમાં–વધારે તો શું પરંતુ સર્વત્ર દરેક કળામાં તે ગુરૂની જેમ પ્રકૃષ્ટતા પામ્યો. એ પ્રમાણે કુમારે કલા–કલાપ ગ્રહણ કરી લેતાં કલાચાર્ય તેને લઇને રાજા પાસે ગયો. રાજાએ આદરપૂર્વક અભ્યુત્થાન કરી, આસન અપાવતાં તે બેઠો, એટલે રાજાએ આગમનનું કારણ પૂછ્યું. ત્યારે કલાચાર્યે જણાવ્યું કે—' હે દેવ ! આ તમારો કુમાર બધી કળાઓ શીખી રહ્યો અને બૃહસ્પતિની જેમ પરમ પ્રકર્ષને પામ્યો. એ ઉપરાંત હવે એને શીખવા જેવું કાંઇ નથી, માટે હવે મને સ્વસ્થાને જવાની અનુજ્ઞા આપો.' જેથી અલ્પ વખતમાં કુમારની કળા–કુશળતા સાંભળતાં ભારે હર્ષ પામતાં રાજાએ, ચંદ્રના ઉદય, અસ્તપર્યંત ચાલે તેવો ખાસ પોતાની આજ્ઞાથી તૈયાર કરાવેલ નવસરો હાર, તેમજ કીંમતી સુવર્ણ, રત્ન, વિશિષ્ટ વસ્ત્રો, પુષ્પ, તાંબૂલ વિગેરે પોતાના હાથે પરમ આદરપૂર્વક આપી, સન્માની કલાચાર્યને પોતાના સ્થાને મોકલ્યો.

પછી કુમાર પણ ગજ, અશ્વને ફેરવતાં શ્રમ કરવા માટે નિયુક્ત થયો. તે દૃઢ આસન–બંધ અને ધીરતા તેમજ મહાબલને લીધે એક પ્રહરમાત્રમાં સાત મદોન્મત્ત હાથી, ચૌદ પવનવેગી જાત્ય અશ્વો અને આઠ મહામલ્લને શ્રમ પમાડતો–થકવી નાખતો. એ પ્રમાણે અસાધારણ બાહુબળ, મતિપ્રકર્ષ, કળા-કૌશલ્ય, ન્યાયપાલન, વિનય–પ્રવર્ત્તન, સમયોચિત જ્ઞાન, અસામાન્ય સાહસ,

મન્મથ કરતાં અધિક રૂપસંપત્તિ, લોકો પ્રત્યે વાત્સલ્ય ઇત્યાદિ કુમારના ગુણો જોતાં રાજા અત્યંત તન્મય બનીને મંગલ-પાઠકો પાસે તે એક કુમારને ઉદ્દેશીને જ પઢાવતો, ચિત્રની ભીંતોમાં તેને જ આળેખાવતો, તેની જ કીર્ત્તિ સાંભળતો, સંગીતમાં તેને જ ગવરાવતો અને તેને ઉદ્દેશીને જ નટોને નચાવતો હતો. કહ્યું છે કે—રૌદ્ર, દુરાચારી, રૂપરહિત અને ગુણહીન છતાં પોતાના પુત્ર પ્રત્યે લોકો કંઇ અપૂર્વ પ્રેમ બતાવે છે, તો પછી લાંબા કાળે પ્રાપ્ત થયેલ, સમસ્ત ગુણ-મણિના નિધાનરૂપ, તથા પોતાના કુળનો ઉદ્ધાર કરવામાં સમર્થ એવા પુત્રમાં રાજાનો સ્નેહ કેમ ન હોય ?

એકદા રાજા આસ્થાન-મંડપમાં બેઠો હતો, અને કુમાર પાદપીઠ આગળ બેઠો. મંત્રી, સામંતો પોતપોતાના સ્થાને બેઠા, ગાયકોએ મનોહર સ્વરથી સંગીત શરૂ કરતાં, તેમજ વિચિત્ર પદક્ષેપ સહિત નાટ્ય વિધાનમાં વિચક્ષણ એવી વારાંગનાઓએ અદ્ભુત નૃત્ય ચલાવતાં, પ્રતિહારોએ પાસે આવીને વિનંતી કરી કે—' હે દેવ ! **હર્ષપુર** નગરના **દેવસેન** રાજાનો દૂત દ્વારપર ઉભો છે, તે આપના દર્શનને ઇચ્છે છે. ' રાજાએ કહ્યું—' હે ભદ્ર ! તેને સત્વર પ્રવેશ કરાવ. ' એટલે ' જેવી દેવની આજ્ઞા ' એમ કહી દ્વારપાલે તેને પ્રવેશ કરાવતાં, રાજાએ તેનો યોગ્ય સત્કાર કર્યો અને આગમનનું પ્રયોજન પૂછયું. ત્યારે દૂત બોલ્યો—'હર્ષપુરના રાજા દેવસેને રૂપ, યૌવન અને ગુણોથી નાગકન્યાને પણ હસી કહાડનાર એવી પોતાની **શીલ**વતી નામની કન્યા નિમિત્તે વર જોવા માટે મને તમારી પાસે મોકલ્યો છે. ' રાજાએ જણાવ્યું—' હે ભદ્ર! પાદપીઠ પાસે બેઠેલ કુમારને જોઇ લે અને તું પોતે વિચાર કરી લે કે એ વર યોગ્ય છે કે નહિ ? ' દૂત બોલ્યો—' હે દેવ ! કંઇક વિનંતી કરવાની છે. ' રાજાએ કહ્યું—' ભલે નિવેદન કર. ' દૂતે જણાવ્યું—" જો એમ હોય, તો સાંભળો—અમારા દેવસેન રાજાનો સમસ્ત વીર વર્ગમાં પ્રધાન એવો **કાલમેઘ** નામે મહામલ્લ છે, તેના બળ-પ્રકર્ષનું કેટલું વર્ણન કરીએ ? કારણકે દૃઢ અને કઠિન કાયાવાળા, વનમહિષોનો યૂથપતિ રૂષ્ઠ થયેલ હોય, છતાં તેની સાથે તે કાલમેઘ પોતાના બળમદને લઇને શિર ઝુકાવીને લડવા તૈયાર થાય છે. વળી મદોન્મત્ત હાથીને પણ પોતાના હાથે સુંઢમાં પકડીને તે દિવસે જન્મેલ વાછરડાની જેમ લીલાપૂર્વક આગળ ખેંચી જાય છે. તે સો ભાર વજનની સાંકળ, જીર્ણ દોરડીની જેમ સ્હેજમાં તોડી નાખે છે અને પોતાના મુષ્ટિપ્રહારથી શિલાને પણ તે જર્જરિત કરી મૂકે છે. માંસની વિરૂદ્ધ લોહ મનાય છે એ પણ ત્યાં વિપરીત થઇ જાય છે, કારણકે તેના પ્રત્યે છોડેલ બાણો પણ બાહ્ય ભાગને પણ સ્પર્શી શકતા નથી. એ પ્રમાણે તે પોતાના ગાઢ બળ-મદથી ત્રિભુવનને જીર્ણ તૃણ સમાન માનતો મત્ત હાથીની જેમ નિરંકુશ થઇને નગરમાં ભમ્યા કરે છે.

એવામાં કાલમેઘની પ્રસિદ્ધિને સહન ન કરતાં મલ્લો કેટલાક દેશાંતર થકી ત્યાં આવ્યા. તેમણે રાજા પાસે જઇને પોતાના આગમનનું પ્રયોજન કહી બતાવ્યું. એટલે રાજાએ કાળમેઘને બોલાવીને તે વ્યતિકર સંભળાવ્યો. તેણે તેમની સાથે યુદ્ધ–કુસ્તી કરવાનું કબુલ કર્યું. પછી બંને પક્ષ સજ્જ થયા અને અખાડો કર્યો. બંને બાજુ માંચડા ગોઠવવામાં આવ્યા. ત્યાં અવલોકનના કૌતૂહળને લીધે બધા અંતઃપુર સહિત રાજા અને નગરના પ્રધાન પુરૂષોનો વર્ગ પણ બેઠો. એટલે મલ્લો ભુજાઓ, આડા પાદ–બંધન તથા વિષમ–કરણના પ્રયોગથી તેની સાથે યુદ્ધ કરવા લાગ્યા. ક્ષણાંતરે મજબૂત મુષ્ટિ–પ્રહારથી કાલમેઘે તે મલ્લોને પ્રતિઘાત પમાડ્યા, જેથી લોકોએ જયજય શબ્દો કર્યા. રાજાએ તેને વિજયપત્ર આપ્યું અને વિચિત્ર વસ્ત્ર–આભરણોથી તેનો ભારે સત્કાર કર્યો. નગરજનો પોતપોતાના સ્થાને ગયા અને રાજા પણ અંતઃપુર સહિત પોતાના આવાસમાં આવ્યો.

પછી બીજે દિવસે **પદ્માવતી** રાણીએ **શીલવતી** કન્યાને સર્વાલંકારથી વિભૂષિત કરી, રાજાને પગે લાગવા મોકલી, એટલે દાસીઓના પરિવાર સહિત તે પિતા પાસે આવી અને પગે પડી. રાજાએ તેને પોતાના ઉત્સંગમાં બેસારીને પૂછ્યું—' હે પુત્રી ! તું શા કારણે આવી છે ? ' તે બોલી—' હે તાત ! મારી માતાએ તમને પગે પડવા મને મોકલી છે. ' જ્યારે રાજાએ વિચાર્યું —' અહો ! આ કન્યા તો વરયોગ્ય–વરવા લાયક થઇ છે, એમ ધારીને જ રાણીએ મોકલી હશે, તો હવે શું કરવું ? મારે પ્રેમપાત્ર પટરાણીની મારે એક જ કન્યા છે અને તે વર–યોગ્ય થઇ છે, તો એનો વર કોણ થશે ? માટે એની મનોભાવના જાણ્યા વિના જો કોઇ ગમે તે રાજપુત્ર એને વરશે, તો આજન્મ એ દુઃખી થશે. ' એમ ચિંતવીને રાજાએ તેને પૂછ્યું—' હે વત્સે ! તને કેવો વર જોઇએ ? શું રૂપવાન જોઇએ ? કે સમરાંગણમાં સુભટોને પ્રતિઘાત પમાડનાર પ્રચંડ પરાક્રમી, અથવા સંગ્રામભીરૂ જોઈએ ? ' એટલે જરા હસીને તે કહેવા લાગી કે—' તે તો આપ જાણો. ' રાજાએ કહ્યું—' હે પુત્રી ! આગ્રહપૂર્વક જે કાર્યો કરવામાં આવે છે, તે પરિણામે સુખકારી નીવડતાં નથી, માટે બરાબર વિચાર કરીને કહે. ' તે બોલી—' હે તાત ! જો એમ હોય, તો એ કાલમેઘ મલ્લને પોતાના ભુજબળથી જે હતપરાક્રમી બનાવશે, તે મારો વર થશે. ' તે સાંભળતાં રાજાએ વિચાર કર્યો કે—' અહો ! મારી પુત્રી તો બળનો પક્ષપાત કરનારી છે, પરંતુ એ કાર્ય કરવાને કોણ સમર્થ છે ? ' એમ ધારી રાજા બોલ્યો—' હે પુત્રી ! એવો આગ્રહ ન કર. એ તો અસાધારણ મલ્લ છે, માટે બીજો વર માગી લે. ' તેણે કહ્યું—' જો એમ

હોય, તો મારે માટે અન્ય હુતાશન-અગ્નિ છે.' એ પ્રમાણે તેનો નિશ્ચય જાણીને રાજાએ બધા રાજાઓને પોતાના દૂતો મોકલીને એ વૃત્તાંત કહેવરાવ્યો, એટલે એ વાતનો સ્વીકાર ન કરતાં રાજકુમારો કહેવા લાગ્યા કે—' કૃતાંત-યમને કોણ જગાડે ? અથવા હાલાહલ-વિષનું કોણ ભક્ષણ કરે ? એ કાલમેઘ મલ્લની સાથે સંગ્રામ કરવા કોણ સજ્જ થાય ? તેવા રાજ્યની કાંઇ જરૂર નથી, અને તેવી સ્ત્રીની પણ અપેક્ષા નથી કે જે જીવિતને સંશયમાં નાખતાં પણ મહાકષ્ટે પામી શકાય.' એ પ્રમાણે ભગ્નમનોરથ થઈ, કાર્ય સિદ્ધ ન થતાં દૂતોએ પાછા ફરીને મલ્લયુદ્ધ ન સ્વીકારવાનો બધા રાજકુમારોનો વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો, જે સાંભળતાં દેવસેન રાજા ભારે શોકાતુર થઈ ગયો. એવામાં મંત્રી, સામંતોએ વિનંતી કરી—' હે દેવ ! આમ નિરૂત્સાહી કેમ બની જાઓ છો ? અદ્યાપિ તમારા જોવામાં કે સાંભળવામાં ન આવેલ કુરૂદેશના રાજાનો નરવિક્રમ કુમાર બહુ બળવાન છે.' રાજાએ કહ્યું—' તે પણ એ જ પ્રમાણે વિમુખ થઇ જશે.' ત્યારે મંત્રી, સામંતો બોલ્યા કે—' હે દેવ ! એમ ન બોલો, કારણકે તેનો બળ-પ્રકર્ષ અપરિમિત છે, યુદ્ધ-પરિશ્રમ ખ્યાલમાં ન આવી શકે તેવો છે અને મલ્લ-વિદ્યાની કુશળતા તો તેની અવર્ણનીય જ છે. વધારે શું કહેવું ? નરસિંહ રાજાના સાહસથી સંતુષ્ટ થયેલ દેવીએ જે આપ્યો, તેનું શું વર્ણન થઇ શકે ? તે માત્ર શરીરથી જ નરરૂપે છે, પરંતુ બીજા ગુણોથી તો નિશ્ચય દેવરૂપ જ છે.' એમ સાંભળતાં ભારે હર્ષ પામતાં રાજાએ મને તમારી પાસે મોકલ્યો છે, માટે હે દેવ ! તે એ જ વીનવવાનું હતું.' રાજા બોલ્યો—' હે ભદ્ર ! શ્રેષ્ઠ રત્નોથી ભરેલ કેસરિગુફાની જેમ અથવા તો શેષ-નાગના શિરે રહેલ મણિની જેમ આ તારી વીનંતિ એકી સાથે ભય અને હર્ષ ઉપજાવે છે.' દૂતે કહ્યું—' હે દેવ ! એ તો એમજ છે.' પછી રાજાએ તિરછી નજરે કુમારનું મુખ જોયું એટલે કુમાર પણ તરત ઉઠયો અને રાજાના ચરણે નમીને કહેવા લાગ્યો—' હે તાત ! આજ્ઞા કરો કે શું કરવાનું છે ?' રાજા બોલ્યો—' હે કુમાર ! તેં આ દૂતનું વચન સાંભળ્યું ? અથવા તો તારા ભુજદંડનો પરાક્રમ કેવો છે ?' કુમારે કહ્યું—' તે આપ જાણો છો ?' આથી રાજાએ તેને યોગ્ય સમજીને મલ્લયુદ્ધનો સ્વીકાર કર્યો અને દૂતનો સત્કાર કરીને સ્વસ્થાને મોકલતાં તે પોતાના નગરમાં ગયો. ત્યાં દેવસેન રાજાને બધો વૃત્તાંત તેણે કહી સંભળાવ્યો, જે સાંભળતાં તેને પરમ પ્રમોદ થયો. પછી પરણવા યોગ્ય લગ્ન જોયું અને તેણે સારા ચાલાક પ્રધાન પુરૂષો મોકલ્યા. તેઓ અખંડ પ્રયાણ કરતાં જયંતી નગરીમાં આવ્યા. ત્યાં રાજાને યોગ્ય અવસરે પોતાનું કાર્ય તેમણે નિવેદન કર્યું, એટલે રાજાએ ઘણા હાથી, અશ્વ અને કોટિ સુભટો સહિત કુમારને તેમની સાથે મોકલ્યો. અનુક્રમે કુમાર હર્ષ-

પુર નગરની સમીપે આવી પહોંચ્યો. એવામાં કુમારને આવતો જાણીને રાજાએ તરતજ પ્રયત્નપૂર્વક નગરને સ્થાને સ્થાને વાસમાં ધ્વજાઓ બંધાવીને સુશોભિત કર્યું, કુશળ જનોએ માર્ગોમાં સુગંધિ જળ છંટકાવતાં સુંદર બનાવ્યા અને ગુંજારવ કરતા ભમરાઓથી ભરપૂર એવાં પુષ્પો પથરાવ્યાં, ચતુષ્ક, ચોરા, ચૌટા પ્રમુખ સ્થાનો નૃત્ય કરતા નટોથી તથા કથાકારો અને તાલ આપનારા પ્રેક્ષકોથી રમણીય ભાસતા, વળી પ્રતિસ્થળે વિચિત્ર રચનાયુક્ત, પાંચ વર્ણના સુગંધિ પુષ્પોથી બનાવેલ લટકતી મોટી માળાઓ શોભતી, તેમજ સાત ભૂમિકાવાળું, ચંદનરસથી જ્યાં પ્રશસ્ત સ્વસ્તિકો આળેખવામાં આવ્યાં છે, તથા એક સો સ્તંભયુક્ત એવું રમણીય ભવન પણ તે કુમારને યોગ્ય જોઇને તૈયાર રાખવામાં આવેલ હતું. એવું કાંઇ બાકી ન રહ્યું કે કુમારના આગમન વખતે રાજાએ નગરમાં તે કરાવ્યું ન હોય અથવા તો હર્ષનો પ્રકર્ષ થતાં પુરૂષો શું શું કરતા નથી ?

એવામાં પ્રધાન પુરૂષો આવ્યા, તેમણે રાજાને પ્રણામપૂર્વક નિવેદન કર્યું કે—' હે દેવ ! નગર પાસે આવેલા કુમારના કુશળ સમાચારથી તમને વધાવીએ છીએ. ' એટલે ઉંચે લટકતી હજારો ધ્વજાઓથી અભિરામ એવી ચતુરંગિણી સેના સહિત, શ્વેત હાથીપર આરૂઢ થયેલ, પૂર્ણ ચંદ્રમંડળ સમાન ઉપર ધરવામાં આવેલ છત્રયુક્ત રાજા, કુમારની સન્મુખ ચાલ્યો. ક્ષણવારે કુમાર જોવામાં આવતાં તેણે ગાઢ સ્નેહપૂર્વક આલિંગન કરીને આરોગ્ય પૂછ્યું, અને કુમારના શરીર–સંસ્થાનની સંપત્તિ જોતાં રાજાએ વિચાર કર્યો કે—' હવે તો અવશ્ય કાલમેઘના બાહુબળનો ગર્વ નાશ જ પામશે. ' પછી થોડીવાર કુમારની સાથે આવતાં, કુમારના પરિવારને પૂર્વે તૈયાર રાખેલ પોતપોતાના સ્થાને મોકલી દીધો અને કુમારને પણ તે જ પ્રાસાદ–મહેલમાં રાખ્યો. વળી હાથી, ઘોડા વિગેરે તથા યોગ્ય અશન–ખાનપાનાદિ મોકલવામાં આવ્યાં, તેમજ કુમારને માટે પણ પ્રચુર વ્યંજન અને ભક્ષ્ય ભોજનવડે સ્વાદિષ્ટ એવી રસવતી મોકલાવવામાં આવી. વળી તે અવસરને ઉચિત બીજું પણ જે કાંઇ કરવાનું હતું તે કર્યું. હવે પાછલા પહોરે રાજાએ પ્રધાન પુરૂષોને બોલાવીને કહ્યું—' અરે ! તમે કુમાર પાસે જઇને નિવેદન કરો કે આ મારી પુત્રી બલાનુરાગિણી છે, માટે કાલમેઘ મલ્લને જીતીને તમે તમારૂં સામર્થ્ય બતાવો. ' એટલે ' જેવી દેવની આજ્ઞા ' એમ કહી તેઓ કુમાર પાસે ગયા અને રાજાએ કહેલ વ્યતિકર તેમણે કુમારને નિવેદન કર્યો, કુમારે તે સ્વીકાર્યું.

પછી બીજે દિવસે એક મોટો અખાડો માંડયો, જ્યાં માંચડા બાંધવામાં આવ્યા અને નગરજનો ભારે કૌતૂહળથી ભેગા થયા. રાજા અંતઃપુર સહિત માંચડાપર બેઠો, તેમજ દાસીઓથી પરવરેલ અને હાથમાં વિકસિત પુષ્પોની માળા

લઇ રાજસુતા શીલવતી એક માંચડાપર બેઠી. ત્યાં લોકોનો સંચાર સર્વત્ર બંધ રાખવામાં આવ્યો. અંગરક્ષકોએ પરિક્ષેપ–ઘેરાવ કર્યો. પ્રલય–કાળે ક્ષુભિત થયેલ મહાસાગર અથવા પુષ્કરાવર્ત્ત મેઘના ઘોષ સમાન ગંભીર અવાજ કરતા ચતુર્વિધ વાજીંત્રો વગાડવામાં આવ્યાં. એવામાં અવસર થતાં મજબૂત રીતે વસ્ત્રથી કમ્મર કસી, કેશપાશને દૃઢ બાંધી, અલંકારો તજી દઇ, કુળવૃદ્ધાઓ જેની રક્ષા કરી રહી છે, અગ્નિ સમાન ઉત્કટ પ્રતાપથી દુષ્પ્રેક્ષ્ય અને જાણે દેવતાનું સાંનિધ્ય પામ્યો હોય એવો નરવિક્રમ કુમાર તરતજ માંચડાપરથી નીચે ઉતર્યો. તેમજ કંઠે પહેરેલ નિર્મળ પુષ્પમાળા જેના પાદતળ સુધી લટકતી હતી, મલ્લવલય જેણે ધારણ કરેલ હતો અને પ્રલયકાળના મેઘની જેમ જે ગર્જના કરતો હતો. આ વખતે મદ(ધ)ની વ્યાકુળતાથી રક્ત લોચનયુક્ત, ગર્વથી સ્કંધને ઉંચે રાખનાર તથા ઉતાવળ અને ચપળતા સહિત એવો કાલમેઘ પણ પ્રેક્ષક લોકો સાથે આવી પહોંચ્યો. ત્યારે કુમારે તેને કહ્યું—' અરે મલ્લ ! પૂર્વે ઉપાર્જન કરેલ વિજયનો ગર્વ બધો મૂકી દે અને તરત મારો તાબેદાર થઇ જા ' એ પ્રમાણે કુમારનું વચન સાંભળતાં જ્વર–તાવની જેમ તેનો ગર્વ તરતજ નિરસ્ત થઇ ગયો, અને તે પોતાની બુદ્ધિથી યુક્તાયુક્તનો વિચાર કરવા લાગ્યો—' જો એને હું જીતી લઇશ, તો પણ એનાથી મને કુશળ નથી, અથવા એ મને જીતી લેશે, તો અવશ્ય મારી વૃત્તિ–આજીવિકા તૂટી જશે. એ અતુલ બળ અને પરાક્રમવાળો છે, તેથી એને જીતવામાં મને તો મોટી શંકા થાય છે, જેથી બંને બાજુ રહેલ રજ્જુ–દોરડીની જેમ આ તો મોટું સંકટ આવી પડયું. ' એ પ્રમાણે અનેક વિકલ્પને વશ ચિત્તવૃત્તિ થતાં, કુમિત્રને કહેલ ગુહ્ય વાતની જેમ તેનું હૃદય તડતડાટ કઇને ફુટી પડયું. આથી મોટો કોલાહલ થતાં લોકોએ ઉદ્ઘોષણા કરી કે—' અહો ! કુમારનું દર્શન પણ મહા પ્રભાવી છે, કે જેથી જોવામાત્રમાં વજ્રગાંઠ સમાન એનું નિષ્ઠુર હૃદય તડતડાટ કઇને ફુટી પડયું, માટે કુમાર સર્વથા જયવંત વર્તે છે. ' એવામાં માંચડા થકી નીચે ઉતરી, દાસીઓથી પરવરેલ શીલવતીએ પોતાની ચિત્તવૃત્તિ સાથે કુમારના કંઠમાં વરમાળા આરોપણ કરી, એટલે અપરિમિત ઘોષથી ભવનોને ક્ષોભ પમાડનાર મંગલ–વાદ્યો વાગ્યાં, નગરમાં પ્રમોદ પથરાઈ રહ્યો, સામંતો સાથે રાજા ભારે સંતુષ્ટ થયો. પછી ઉભય પક્ષના સંતોષથી મહાવિભુતિ પૂર્વક વિવાહ–મહોત્સવ ચાલુ થયો, અને તે નિવૃત્ત–સમાપ્ત થતાં રાજાએ કર–વિમોચનમાં કુમારને મદ ઝરતા અને સારા લક્ષણયુક્ત પાંચ સો હાથીઓ, વક્ર ગ્રીવાવાળા તથા પવન સમાન વેગશાળી એવા બાર હજાર જાત્ય અશ્વો, ઉંચા શિખરોવાળા બે હજાર રથો, ત્રીશ કોટિ સુવર્ણ અને રેશમી વસ્ત્રો પુષ્કળ આપ્યાં. તેમજ બીજું પણ જે કર્ત્તવ્ય બજાવવાનું હતું, તે બધું સવિશેષ કર્યું, જેથી પરસ્પર સ્નેહ–ભાવ વધ્યો.

હવે એકદા કુમારે પોતાની રાજધાનીમાં જવાની અનુજ્ઞા લેવા માટે દેવસેન રાજા પાસે પોતાના પ્રધાન પુરૂષો મોકલ્યા, તેમણે જઇને રાજાને નિવેદન કર્યું; એટલે દેવસેન રાજાએ ફરીને પણ કીંમતી વસ્તુઓ આપતાં કુમારનો સત્કાર કર્યો. એવામાં પ્રયાણનો દિવસ નક્કી થતાં રાજાએ, તેની સાથે જવા માટે કોટવાળોને આજ્ઞા કરી, એટલે પ્રશસ્ત દિવસે શ્વસુર પ્રમુખ પ્રત્યે પોતાનું ઉચિત કર્ત્તવ્ય બજાવી, અશ્વ, હાથી તથા ઘણા માણસો સહિત કુમાર પોતાના નગરભણી ચાલ્યો. એવામાં સર્વાલંકારથી શોભાયમાન અને દાસીઓથી પરવરેલ શીલવતીને લક્ષ્મીની જેમ કુમારની આગલ કરીને રાજાએ જણાવ્યું—'હે પુત્રી ! તું પવિત્ર શીલ પાળજે, કુસંગનો ત્યાગ કરજે, વડીલોને અનુસરીને ચાલજે, દુર્વિનયને પરિહરજે, નીતિનું પાલન કરજે, મિત અને મધુર વચન બોલજે તથા પોતાના પ્રિયતમની બરાબર સેવા કરજે; કારણ કે કુલીન કાંતાઓ પોતાના પતિને દેવ સમાન સમજે છે.' પછી રાજા કુમારને પણ કહેવા લાગ્યો—' હે કુમાર ! આ એક જ મારી ઇષ્ટ પુત્રી છે, માટે છાયાની જેમ સદા એ સહચરી થઇને રહે, તેમ તારે કરવું. ' એ પ્રમાણે શિખામણ આપી, વિરહાગ્નિથી વ્યાકુળ બની, અમુક માર્ગ સુધી કુમારની સાથે આવીને તે રાજા પોતાના નગર તરફ પાછો ફર્યો.

અહીં કુમાર પણ નગ—પર્વત, નગર, આકર, ગ્રામ, કાનન-વનવડે રમણીય પૃથ્વીને જોતો, વિષમ પલ્લીમાં રહેલા ભીલોના અધિપતિને સાધતો-વશ કરતો, પૂર્વજોની નીતિને પ્રવર્ત્તાવતો, તાપસોએ સેવિત, નિરંતર બળતા ઘૃત, મધુ-મદ્ય, સમિધ, મહોષધિના ઉછળતા ધૂમ પડલને જોતાં મેઘની શંકા લાવનાર મયૂરોના નૃત્યાડંબરવડે રમણીય એવા આશ્રમોને અવલોકતો તે પ્રતિદિન પ્રયાણ કરતાં જયંતી નગરીના બાહ્ય ઉદ્યાનમાં પહોંચ્યો; એટલે નરસિંહ રાજાને વધામણી આપવામાં આવી. તેણે નગરની શોભા કરાવી, રાજમાર્ગોપર રેશમી વિચિત્ર ધ્વજાઓ બાંધવામાં આવી, પછી પ્રશસ્ત મુહૂર્ત્ત આવતાં, અંતઃપુર અને પ્રધાન પુરૂષોથી પરવરેલ રાજા સાથે નરવિક્રમ કુમારે નગરીમાં પ્રવેશ કર્યો. ત્યારે રાજમાર્ગની બંને બાજુ પ્રાસાદોપર લોકો તેને જોવા માટે કૌતુક પામતાં હાથમાં પુષ્પમિશ્રિત અક્ષતો લઇને બેઠા, તેમજ કુમારનું રૂપ જોતાં વિવિધ વિકારો ઉત્પન્ન થવાથી યુવતિઓમાં અનેક પ્રકારની ચેષ્ટાઓ થવા લાગી— કોઇ કાંતા પ્રતિયુવતિ-શોકયના ચળકતા ગાલમાં સંક્રાંત થયેલ રાજકુમારને જાણે ઇર્ષ્યા પામી હોય તેમ કુસુમ-અક્ષતથી મારવા લાગી, કોઇ મુગ્ધા, મન્મથ જાગ્રત થતાં લોચન વિકાસીને કુમારને જોવાથી, પવનને લીધે પોતાના કટીતટથી ખસી ગયેલ વસ્ત્રને જાણી ન શકી, કોઇ કામિની પોતાના ઘરની અગાસી પર જઇ, નિશ્ચલ બની કુમારને જોતાં મનમાં મૂઢ બનેલ તે પવનને લીધે વસ્ત્રનો

છેડા ફડફડતાં એક પતાકા-ધ્વજાના જેવી શોભવા લાગી, કોઇ વામા કહેવા લાગી કે—' હે અંબા ! આ ચોતરફ કોલાહલ સંભળાય છે, તે હું જોવા જાઉં છું. ' એટલે અમ્મા બોલી—' હે મૃગાક્ષી ! તું જતી નહિ. એ નિશ્ચય તે રાજકુમાર આવે છે. ' વળી કોઇ અત્યંત ભોળી ભામિની જાણે પાછી ફરતી હોય તેમ પોતાની સાસુ આગળ કહેવા લાગી કે—' એ રાજપુત્રને જોતાં તો મનની નિવૃત્તિ નષ્ટ થઈ જાય; ' એ પ્રમાણે નાગરાંગનાઓ વિલાસપૂર્વક જેના સૌંદર્યના યથાર્થ ગુણ-ગાન કરી રહી છે એવો કુમાર વધૂ સહિત પોતાના આવાસમાં આવ્યો. ત્યાં જતાં તેણે વડીલોનો પ્રણામાદિકથી વિશેષ આદર સાચવ્યો. તે વખતે રાજાએ ગગનતલ-સ્પર્શી પોતાના ભવન જેવો એક પ્રાસાદ કુમારને સમર્પણ કર્યો. ત્યાં રહેતાં કુમાર, દેવલોકમાં ઇંદ્રની જેમ અને પાતાળમાં ધરણેંદ્રની જેમ વિષય-સુખ ભોગવતાં કાળ નિર્ગમન કરવા લાગ્યો. વળી વચવચમાં પ્રસંગે તે અશ્વો ખેલાવતો, મહોન્મત્ત હાથીઓને દમતો, મલ્લયુદ્ધનો અભ્યાસ કરતો, રાધાવેધનું કૌતુક બતાવતો, ધર્મશાસ્ત્ર સાંભળતો, દેશાંતરના નગરની વાતો અવધારતો, ગુરૂ-વડીલોની સેવા કરતો તથા યાચકોને ઇચ્છાપૂરતું દાન આપતો હતો. એમ વિષયસુખ ભોગવતાં કુમારને કાલક્રમે શીલવતીના ઉદરથી **કુસુમશેખર** અને **વિજયશેખર** નામે બે પુત્રો ઉત્પન્ન થયા, તે પિતામહ-દાદાને બહુ જ વલ્લભ થઇ પડ્યા અને વિવિધ પ્રકારે લાલન પાલન કરાતા તે અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા.

એવામાં એકદા નરવિક્રમ, રાજાની પાસે બેઠો હતો અને સેવક જનો યથોચિત સ્થાને બેઠા હતા, તેવામાં પ્રલયકાળના યમ સમાન ભયંકર જયકુંજર નગરના મધ્યભાગમાં સર્વત્ર દોડતો ભમી રહ્યો હતો, કે જે મદભરથી સ્વચ્છંદ યમુનાના વનવિહારને યાદ કરાવતો, મજબૂત રીતે બનાવેલ સોભાર લોહની સાંકળને જેણે તડતડાટથી તોડી નાખેલ છે, મોટા આલાન-સ્તંભના જેણે સો ખંડ કર્યા છે, મહાવતોને પોતાના કઠિન કર-પ્રહારથી જેણે પ્રતિઘાત પમાડેલ છે, મોટા વૃક્ષોને જેણે મૂળથી ઉખેડી નાખેલ છે તથા બીજાં કેટલાક ભાંગી-તોડતાં કડકડાટ અવાજથી તે ભારે રૌદ્ર ભાસતો, કુંભસ્થળના ઘસારાથી જેણે દેવાલયોનાં શિખરો પાડી નાખ્યાં છે, અતિ કઠિન કર-સુંઢના આસ્ફાલનથી જેણે મજબુત અને તુંગ-ઉન્નત પ્રાકાર-કિલ્લો જર્જરિત કરેલ છે, અતિવેગથી કર્ણતાલ ચલાવતાં ભમરાઓને જેણે સતાવેલ છે, અત્યંત ઉતાવળે દોડતાં પોતાના સપક્ષ કુલપર્વતના ગમનની જેણે શંકા ઉપજાવેલ છે, દૃઢ દંતદંડના તાડનથી અટારીઓ જેણે તોડી પાડેલ છે તેમજ કરઘાત, દંતવેધ તથા ચરણના દબાણથી જેણે લોકોને પાડી નાખ્યા છે. આ વખતે મંદરાચલથી મંથન કરાતા મહોદધિના ઘોર ઘોષ સમાન લોકોનો આક્રંદ ત્રિમાર્ગ, ચોવાટા અને ચોરા

ઓમાં પ્રસરતાં રાજાએ પૂછયું—' અરે ! નગરમાં આવો કોલાહલ કેમ સંભળાય છે? ' એટલે લોકોએ જણાવ્યું—' હે દેવ ! આ તમારો જયકુંજર આલાન-સ્તંભને ભાંગી નાખીને નગરને પરાભવ પમાડે છે. ' એમ સાંભળતાં તેણે જયકુંજરને પકડવા માટે કુમાર પ્રમુખ પ્રધાન પુરૂષો મોકલ્યા અને કહ્યું—' અરે ! કોઇ પણ રીતે શસ્ત્રઘાત કર્યા વિના તમે એને પકડજો.' એમ કબુલ કરીને તેઓ હાથીની સન્મુખ ગયા, પરંતુ હસ્તી વશ થાય, એવો કોઇ ઉપાય તેમના જોવામાં ન આવ્યો. એવામાં ગભરાઇને આમતેમ દોડતી એક કુલાંગના જયકુંજરના જોવામાં આવી કે જે પૂર્ણ ગર્ભકાળમાં વર્ત્તતી હતી, ગર્ભના ભારે ભારથી જે મંદ-પગલે ચાલતી અને ગાઢ પ્રાણ ભયને લીધે જે શરીરે કંપતી હતી. તેને જોતાં જ સુંઢને ઉછાળતો હસ્તી પવનવેગે તેની તરફ દોડયો, એટલે તે હાથીને એકદમ શીઘ્ર આવતો જોઇને ભારે ભયને લીધે આગળ ચાલવાની ગતિ અટકી પડતાં તે દીન અને કરૂણ સ્વરે વિલાપ કરવા લાગી કે—" હે માત ! હે ભ્રાત ! હે તાત ! મારૂં રક્ષણ કરો, અત્યારે મારી ઉપેક્ષા ન કરો, મારો વધ કરવા આ દુષ્ટ હાથી છેક નજીક આવી પહોંચ્યો છે. અરે પ્રેક્ષક જનો ! તમે નિષ્કરૂણ ન બનો અને આ ગજવરને અટકાવો. હમણાં પૂર્ણ ગર્ભના ભારથી હું આક્રાંત છું, જેથી શીરીતે દોડી શકું ? અહા ! આ પાપી હસ્તી કેવી રીતે મારી સમીપે આવી પહોંચ્યો. હવે તો હું નિઃશરણ અને નિસ્ત્રાણ હોવાથી કયા ઉપાયને અનુસરૂં ? શું પરોપકારાર્થે પોતાના પ્રાણને ધારણ કરનાર એવો કોઇ મહાપુરૂષ નથી ? કે જે દુઃખાર્ત્ત અને વિનાશ પામતી એવી મને અહીં તરત જોઇ શકે. " એ પ્રમાણે દીન અને કરૂણ વચન અનેકવાર બોલી, એક ક્ષણભરમાં મૂર્છાથી આંખો મીંચાઇ જતાં તે ધબાક દઇને મહીતલપર પડી; એટલે તે હાથી પણ ભારે રોષથી રક્ત લોચન કરી, તે અબળાને થોડે આંતરે આવી પહોંચ્યો. ત્યાં તો ભયના વશે વ્યાકુળ થઇને નિરાધારપણે ભૂમિપર પડેલ તે કુલીન કામિની કુમારના જોવામાં આવી. તેને જોતાં જ કુમાર ચિંતવવા લાગ્યો કે—' એ અબળાની અત્યારે ઉપેક્ષા કરવી, તે કોઇ રીતે યુક્ત નથી, કારણ કે એક તો એ અબળા અને વળી પૂર્ણ ગર્ભના ભારથી શરીરે પરવશ છે, તેમજ મૂર્છાથી આંખો મીંચાઇ જતાં તે ધરણીપર પડેલ છે, તેમાં પણ વળી આ જયકુંજર પિતાને અત્યંત પ્રિય છે, જેથી શસ્ત્રથી તેને મારવાની મનાઇ કરી છે. અહો ! આ કામ તો ખરેખર બહુ વિષમ આવી પડયું, અથવા તો તાત ભલે રોષાયમાન થઇને મારૂં અત્યારે ગમે તે કરે, પણ એ હાથી તો મારવા લાયક જ છે; કારણ કે દુર્બળ જનનું પાલન કરવું એ જ ધર્મ છે. ' એમ નિશ્ચય કરી, વસ્ત્રથી કમ્મર કસી, અશ્વપરથી નીચે ઉતરી, નગર-જનોના જોતાં,

પાસે રહેલ પરિજનના નિવારતાં, અંગરક્ષકોના અટકાવતાં, પોતાના જીવિતની અપેક્ષા ન કરતાં, એકદમ દોડીને, મદજળની વૃષ્ટિથી મેઘની જેમ રજસમૂહને શમાવનાર, ગંભીર ગર્જના કરનાર તથા તે અબળાને થોડે આંતરે રહેલ એવા તે જયકુંજરના પૃષ્ઠભાગ પર કુમાર કરણ-પ્રયોગથી ઇંદ્રની જેમ ચડી બેઠો, અને વજ્રસમાન કઠિન મુષ્ટિ-પ્રહારથી તેણે કરિવરને કુંભસ્થળમાં માર્યો, છતાં ભારે રોષ લાવી સ્રીવધથકી જરા પણ ન અટકવાથી કુમારે યમજીહ્વા સમાન દુઃસહ છુરીવતી સર્વ શક્તિપૂર્વક તેને બંને કુંભના મધ્યભાગમાં માર્યો. એટલે પ્રથમ ઉગતા રવિમંડળથકી જેમ કિરણ-પ્રસાર, સખ્ત પવનથી પ્રેરાયેલ કમળખંડથકી જેમ મકરંદ ઝરે અને મહાગિરિની ગેરૂક-ખાણથકી જેમ રંગીન જળસમૂહ નીકળે, તેમ તેના કુંભસ્થળમાંથી મોટો રૂધિર-પ્રવાહ વહેવા લાગ્યો, જેથી તરતજ તેની દૃષ્ટિ મંદ પડતાં વ્યાકુળતાની વિશેષતાથી અંધ બની જતાં જાણે પ્રાણરહિત થયો હોય, મૂર્છિત બન્યો હોય અથવા જાણે હજારો દઢ બંધનોથી બંધાયો હોય તેમ તે નિશ્ચળ-સ્તબ્ધ થઈને ઉભો રહ્યો. એટલે કુમારે નીચે ઉતરીને તે ભૂમિપતિત અબળાને સ્વસ્થ કરી અને તેને તેના ઇષ્ટ સ્થાને મૂકી, તેમજ પોતે પોતાના આવાસમાં આવ્યો. પછી મહાવતોએ તે હાથીને પકડ્યો અને સતત હજારો પાણીના ઘડા તેના પર નાખતાં શીતોપચાર શરૂ કર્યો, તેમજ ઘાતને રૂઝવે તેવાં ઔષધો ચાલુ રાખ્યાં. એમ મહાકષ્ટે તેઓ હાથીને પોતાના સ્થાને લઇ ગયા. વળી તેમણે એ યથાસ્થિત વૃત્તાંત રાજાને નિવેદન કર્યો, જે સાંભળતાં રાજા કોપાયમાન થતાં પરમ શોક પામ્યો અને કહેવા લાગ્યો કે—" અરે ! પરિજનો ! તમે જાઓ અને તે દુરાચારી પુત્રને કહાડી મૂકો. મારા જયકુંજરને માર્યા છતાં એ નિર્લજ્જ અદ્યાપિ અહીં બેસી રહ્યો છે ? અરે ! મારા સાહસથી સંતુષ્ટ થઇને દેવીએ મને અમિત્ર-શત્રુરૂપ સુંદર પુત્ર આપ્યો હતો. અહો ! દેવતાઓ પણ છેતરવામાં બાકી રાખતા નથી. અહો ! લોકો મૂઢ છે કે પુત્રને માટે વિષાદ પામે છે, પરંતુ આવા પ્રકારના દોષ આચરતાં તે સ્પષ્ટ શત્રુરૂપ બને છે, તે જાણી-જોઇ શકતા નથી. વળી " अपुत्रस्य गतिर्नास्ति " એટલે અપુત્રીયાની ગતિનું જે નિવારણ કરે છે, તે તો કેવળ અજ્ઞાન-ચેષ્ટા જ છે. જે આ લોકમાં જ શત્રુરૂપ નીવડે છે, તે પરલોક નિમિત્તે સુખરૂપ કેમ થઈ શકે ? સમસ્ત રાજ્યના સારરૂપ જયકુંજરને હણતાં એ પુત્રે મારી દરકાર શી રાખી ? તે તો કહો. માટે પૂર્વે જેમ મેં એકલાએ પૃથ્વીનું અખંડ રક્ષણ કર્યું, તેમ હવે પણ હું પોતે જ રક્ષણ કરીશ; પરંતુ એ વૈરીને કહાડી મૂકો, કે જે નિશ્ચિંત થઇ આવું અનિષ્ટ કામ કરતાં પણ નિઃશંક થઇને બેઠો છે, તે અવશ્ય કોઇવાર મને પણ મારીને રાજ્ય લઇ લેશે. "

એ પ્રમાણે વારંવાર બોલતા રાજાનો નિશ્ચય જાણી લઇને મનમાં ખેદ પામતા રાજપુરૂષો કુમાર પાસે ગયા. ત્યાં તેને પ્રણામ કરી શ્યામ મુખે એક બાજુ બેઠા, એટલે તેમને ઉત્સાહ રહિત જોતાં કુમારે કહ્યું—' અરે! તમે એકદમ આવા શોકાતુર કેમ દેખાઓ છો? તમે કહો તો ખરા કે એમ થવાનું કારણ શું છે?' આથી ક્ષણવાર તેમનો કંઠ રૂંધાઇ ગયો, પછી ઉષ્ણ અને દીર્ઘ નિસાસા મૂકતાં, દુઃસહ વિરહથી વ્યાકુળ થઇ અશ્રુ-પ્રવાહને પ્રસારતાં, લોચન-યુગલને લુંછતાં તે રાજપુરૂષો બોલ્યા—' હે કુમાર! નિર્ભાગ્ય-શિરોમણિ અમે શું કહીએ?' કુમારે કહ્યું—' તે શી રીતે?' પુરૂષોએ જણાવ્યું—' તમારી સાથે દુઃસહ દીર્ઘ વિરહ થવાનો છે.' એટલે ઇંગિતાકાર જાણવાની કુશળતાથી તેમનો અભિપ્રાય જાણવામાં આવતાં કુમારે કહ્યું—' શું તાત કોપાયમાન થઇને મને દેશપાર કરવા ફરમાવે છે?' રાજપુરૂષો બોલ્યા—' દેવોને પણ દુર્લભ એવા તમને એ કઠિન શબ્દો કેમ કહી શકાય? તમે પોતે જ સમયોચિત સમજી લ્યો.' પછી વસ્ત્ર, તાંબુલાદિકથી તેમનો આદર-સત્કાર કરી કુમારે તેમને સ્વસ્થાને મોકલ્યા અને પોતાના સેવકોને બોલાવીને જણાવ્યું—' હે મહાનુભાવો! જયકુંજરનું શિર વિદારવાથી કોપાયમાન થયેલ તાત મને દેશવટો દેવા ફરમાવે છે, માટે તમે સ્વસ્થાને જાઓ, ફરી અવસરે આવજો.' એમ કહી તેમને સંતોષીને પ્રેમ સહિત મોકલ્યા અને તેણે **શીલવતી** રાણીને કહ્યું—' હે પ્રિયા! તું પણ તારા પિતાને ઘેર જા, ફરી અવસરે આવજે.' એમ સાંભળતાં એક ક્ષણ પણ વિયોગજન્ય દુઃખ સ્હેવાને અસમર્થ એવી તે યમુનાના જળ સમાન સકજ્જલ અશ્રુ-પ્રવાહ મૂકતી રોવા લાગી. ત્યારે કુમારે અનેક પ્રકારનાં મધુર વચનોથી તેને શાંત કરી, પરંતુ એક ક્ષણ પણ તે વિયોગ ઇચ્છતી ન હતી. એટલે કુમારે પુનઃ તેને સમજાવતાં કહ્યું—' હે પ્રિયે! દુર્ગ-વિષમ માર્ગો, આજન્મ સુખમાં ઉછરેલા માટે બહુ જ વિકટ અને અયોગ્ય છે, વળી તારા શરીરમાં જોઇએ તેવું બળ હજી આવ્યું નથી, તેમજ બે બાળકો તારા આશ્રિત છે; માટે મારા પર અનુગ્રહ લાવી, એ દુરાગ્રહથી તું સર્વથા નિવૃત્ત થા.' ત્યારે શીલવતી બોલી—' હે આર્યપુત્ર! તે વખતે મારા તાતે તમને કેવી શિખામણ આપી હતી?' કુમારે કહ્યું—' તે મને યાદ નથી.' શીલવતીએ જણાવ્યું—" મારા પિતાએ તમને એવું કહ્યું હતું કે—' મારી આ એક જ પુત્રી અત્યંત વિશ્રાંતિના સ્થાનરૂપ છે, તો એ છાયાની જેમ તમારી સદા સહચરી થઇને રહે, તેમ તમે વર્ત્તજો." કુમાર બોલ્યો—' હે કાંતે! હા, હા, તે વચન અત્યારે મને યાદ આવ્યું.' એટલે તે બોલી—' તો તમે મને કેમ આવતાં અટકાવો છો?' કુમારે કહ્યું—' રસ્તાના ગાઢ પરિશ્રમના

કારણે હું તને અટકાવું છું, છતાં જો તારે અવશ્ય મારી સાથે આવવાનું જ હોય, તો તૈયાર થઈ જા. આવા આવાસમાં રહેવાની ઇચ્છા મૂકી દે તથા સુકુમારપણાનો પણ ત્યાગ કર.' શીલવતીએ જણાવ્યું—'સુખ-દુઃખને સમાન રીતે સહન કરનારી આ હું તૈયાર જ છું.' પછી હાથમાં ધનુષ્ય લઇ, પીઠ પર ભાથો બાંધી, સુતયુગલ સહિત શીલવતીને સાથે તેડી, નગરજનો સુખે સુતા હતા, ગીતધ્વનિ શાંત થતાં, અંગરક્ષકો પોતપોતાના સ્થાને પડી રહેતાં, યામ-હસ્તી પર આરૂઢ થયેલા સુભટો પ્રમત્ત બની જતાં, પોતાના સેવકોને આમ-તેમ મોકલી દેતાં, કુમાર નગર થકી બહાર નીકળ્યો અને સતત પ્રયાણ કરતાં તે પરરાજ્યમાં જવા લાગ્યો.

હવે અહીં કુમારનું વિદેશ-ગમન સાંભળતાં બધાં નગરજનો મુક્તકંઠે વિલાપ કરવા લાગ્યા, તેમજ મંત્રીઓ પણ રાજ્યનો બધો કારભાર તજી દઇ, જાણે ઘરનું સર્વસ્વ ચોરાઈ ગયું હોય તેમ આકુળ વ્યાકુળ થતા તેઓ રાજા પાસે જઇને ઉપાલંભ આપવા લાગ્યા કે—"એક તલ-તુષમાત્ર પોતાનું પ્રયોજન પડતાં આપ અમને પ્રથમ જણાવીને કરતા અને અત્યારે પર્વત જેવા મોટા પ્રયોજનમાં પણ અમને પૂછયું નહિ; તો હે દેવ! એમ કરવું, તમને શું ઉચિત હતું? કારણકે એક અલ્પમાત્ર કાર્યની ખાતર રાજ્ય-ભાર ધારણ કરવામાં ધીર એવા એ કુમારને દેશપાર કર્યો. શું એક દુષ્ટ કુંજરના કારણે પોતાના જીવિત સમાન પુત્રની આવી ગતિ કોઇ રાજાએ કરી છે? અથવા તો વિંધ્યાચલની આસપાસ રહેલા હાથીઓને શું તસ્કરો ચોરી ગયાં કે તમે આવા વ્યાકુળ બની ગયા? તેમજ વળી એક અબળાનું રક્ષણ કરતાં કુમારે શું અનુચિત કર્યું? પોતાના બાળકની દુષ્ટ ચેષ્ટા પણ પિતાને સંતોષ પમાડે છે. હવે તો તમે પોતે જ પર-રાજ્યોમાં અમારો અપયશ ફેલાવ્યો અને જેથી ધર્મગુરૂઓ પણ નરસિંહ રાજાના રાજ્યની ઉપેક્ષા કરશે, માટે ધન-ભવન સહિત તમારી મુદ્રા-પદવીચિહ્ન લઇ લ્યો અને અમને મુક્ત કરો. હે દેવ! આવી અપયશ-રજની સ્પર્શના અમારાથી સહન થઇ શકશે નહિ." એ પ્રમાણે મંત્રીઓએ કહેતાં રાજાને ભારે સંતાપ થઈ પડયો, જેથી તરતજ પોતાનો દોષ કબુલ કરતાં તે પ્રધાનોને કહેવા લાગ્યો કે—"હે મહાનુભાવ મંત્રીઓ! તમે એ મારો અપરાધ ક્ષમા કરો, કે તમને પૂછયા વિના મેં આવું કામ કરી નાખ્યું; કારણકે અધિક કોપથી હું યુક્તાયુક્ત જાણી ન શકયો. વળી તમે કહો છો, તેમ દોષ છતાં કોઇપણ પોતાના પુત્રનો ત્યાગ ન કરે, આથી હું એમ સમજું છું કે આ વ્યતિકરના મિષથી લક્ષ્મીએ મને છેતર્યો છે. વળી એ મારા દોષથી જે તમે મંત્રિત્વ-પદવી મૂકી દ્યો છો, તેથી નિર્મળ સ્વામિભક્તિ ધરાવનારાની એવી જ મતિ હોય છે; પરંતુ રાજ્યને સમર્થ એક જ પુત્ર

વિદેશમાં ચાલ્યો ગયો અને તમે મારી ઉપેક્ષા કરો છો, એ બંને સહન કરવાને હું સમર્થ નથી. માટે હવે મહેરબાની કરીને રાજ્યની ચિંતા કરો અને કોઇરીતે પણ કુમારનો પત્તો શોધી કહાડો. અત્યારે રોષ કરવાનો અવસર નથી."

એ પ્રમાણે રાજાના ગાઢ આગ્રહથી મંત્રીઓએ તે બાબતનો સ્વીકાર કર્યો અને કુમારને શોધવા નિમિત્તે અનુભવી અસવારો ચારે દિશાઓમાં દોડાવી મૂક્યા. તેમણે સર્વત્ર બહુ બારીકાઇથી તપાસ કરતાં બધી દિશાઓના તમામ ભાગ જોઇ કહાડ્યા અને તેમાં કેટલાક દિવસો ગાળ્યા, છતાં કાર્યસિદ્ધિ ન થવાથી તેઓ પાછા ફર્યા અને મંત્રિઓ સાથે સભામાં બેઠેલ રાજાને કુમાર પ્રાપ્ત ન થવાનો વૃત્તાંત કહી સંભળાવ્યો, જે સાંભળતાં અત્યંત શોક પામતા રાજાને મંત્રીઓએ કહ્યું—' હે દેવ ! હવે વિલાપ કે શોક કરવાથી શું ? કરતલમાંથી નષ્ટ થયેલ ચિંતામણિ શું ફરી ફરી પામી શકાય ? અત્યંત અન્યાયરૂપ દંડથી તાડન પામેલ રાજ્યલક્ષ્મી શું ફરી રાજમંદિરમાં આવીને વસે ? તેમ અકારણ-વિના કારણે અત્યંત અપમાન પામેલ સત્પુરૂષ શું પાછો ફરે ખરો ?" રાજાએ જણાવ્યું—' જો પ્રથમથી જ તમે તેને અટકાવી રાખ્યો હોત તો બહુ સારૂં થાત.' મંત્રીઓ બોલ્યા—' જો આદિમાં તમે તેના પર કોપાયમાન ન થયા હોત તો તે કરતાં પણ વધારે સારૂં થાત; કારણકે કાર્યનો વિનાશ થતાં જે કુશળ મતિ વિસ્તાર પામે, તે જો પ્રથમ વિકાસ પામે, તો હે દેવ ! શું સિદ્ધ ન થાય ? તેજ પુરૂષો ધન્ય છે કે જેઓ પોતાની બુદ્ધિના વિભવથી વસ્તુ અને તેનું સ્વરૂપ જાણી લઇને પ્રથમથી જ સર્પના મુખની જેમ સુગૃહીત-બરાબર પકડી રાખે છે.' રાજા બોલ્યો—' એ તમારૂં કથન સત્ય છે, પરંતુ અહો ! તે માત્ર પોતાની વધૂ સહિત યાન–વાહન વિના દૂર પંથે કેમ ચાલી શકશે ?' મંત્રીઓએ કહ્યું—' હે દેવ ! જેણે આ વિઘટના કરી, તે દૈવ પોતે કુમારને સત્વર દૂર પણ લઇ જશે.' એ પ્રમાણે લાંબો વખત સંતાપ પામી, ફરીને પણ કુમારની પ્રવૃત્તિ–ખબર જાણવા માટે ચર–પુરૂષોને મોકલી, મંત્રીઓ પોતપોતાના સ્થાને ગયા અને રાજા પણ પુત્ર-વિરહની વેદનાથી વ્યાકુળ થયેલ ચંપકમાળા રાણીને શાંત કરવા અંતઃપુરમાં ગયો.

એવામાં અહીં કુમાર અનુક્રમે આગળ ચાલતાં, લાંબો વખત કમલ–વનમાં વિહાર કરવાથી ઉદ્વિગ્ન થયેલ લક્ષ્મીદેવી પર સંતુષ્ટ થયેલ પ્રજાપતિએ તેના નિવાસ નિમિત્તે રચેલ, નાના પ્રકારના કોમળ વૃક્ષોથી જ્યાં સૂર્ય–કિરણોનો પ્રચાર અટકી પડયો છે તથા અનેક કોટ્યાધિપતિ લોકોથી ભરપૂર એવા **સ્યંદનપુર** બંદરમાં પહોંચ્યો. ત્યાં ઉંચ કે નીચ ગૃહના અંતરને ન જાણતો કુમાર, ગોપુર મુખ્ય દ્વાર પાસે આવેલ **પાટલ** નામના એક માલાકાર–માળીના ઘરમાં પેઠો. એટલે તેને જોતાં વિશિષ્ટ આકૃતિથી પાટલે જાણી લીધું કે—'આ

કોઇ મહાપુરૂષ છે ' જેથી સામે આવીને તેણે સ્નેહપૂર્વક ઉચિત આદર–સત્કાર કર્યો. પછી તેણે બતાવેલ ઘરના એક ભાગમાં કુમાર ઉતર્યો, તેમજ નિષ્કારણ વત્સલતાથી પાટલ એક ભ્રાતાની જેમ તેની ભક્તિ કરવા લાગ્યો. કુમાર પણ ત્યાં રહેતાં પોતાના ટોળાથી ભ્રષ્ટ થયેલ વાનરની જેમ દિવસો પસાર કરવા લાગ્યો.

એકદા પૂર્વે લાવેલ દ્રવ્ય ખલાસ થતાં પાટલે કુમારને કહ્યું—' હે ભદ્ર! મહાયશ! વ્યવસાય વિના નિર્વાહ કેમ ચાલે? માટે આલસ્ય તજી મારા બાગનો એક ભાગ લ્યો. ત્યાં પુષ્પો વીણી, વિવિધ માળાઓ ગુંથીને રાજમાર્ગ પર વેચો, કે જેથી તારો નિર્વાહ સુખે ચાલી શકે.' એટલે તે ચિંતવવા લાગ્યો કે—' વિધાતા વિસદૃશ કારણોથી જે જે પ્રકારે નિષ્ઠુર પટહ વગાડે, તે તે પ્રકારે ધીર પુરૂષો હસતે મુખે નાચે છે.' એમ ધારી ક્ષત્રિયધર્મને અયોગ્ય છતાં તેના આગ્રહથી કુમારે તે સ્વીકારી લીધું. પછી પ્રતિદિવસે શીલવતી સાથે, માળીએ બતાવેલ બગીચાના એક ભાગમાંથી તરૂ–પુષ્પો લાવી, તેની માળાઓ ગુંથી, પાટલની ભાર્યા સાથે શીલવતી તે વેચવા માટે રાજમાર્ગ પર જવા લાગી. તેનાથી બહુ ધન મળવા લાગ્યું. એ રીતે પ્રતિદિન પુષ્પ–વિક્રયથી સુખે નિર્વાહ ચાલતો.

એકદા વિકસિત પુષ્પમાળાઓ લઇ શીલવતી રાજમાર્ગમાં ગઇ. તેના રૂપ, યૌવન, લાવણ્ય અને સૌભાગ્યમાં આસક્ત થયેલ એક દેહિલ નામે કોટ્યાધિપતિ વહાણવટી ત્યાં આવ્યો. તેણે શીલવતીને કહ્યું—' હે ભદ્રે! આ માળાઓ કેટલામાં મળી શકે?' તે બોલી—' પાંચ સોનામ્હોરમાં.' એટલે તેણે વિચાર કર્યો કે—

" दानेन वैराण्युपयान्ति नाशं, दानेन भूतानि वशीभवन्ति ।
दानेन कीर्त्तिर्भवतीन्दुशुभ्रा, दानात्परं नो वरमस्ति वस्तु " ॥ १ ॥

**અર્થ**—દાનથી વૈર શાંત થાય છે, પ્રાણીઓ વશ થાય છે, ચંદ્રમા સમાન નિર્મળ કીર્ત્તિ દાનથી વધે છે, માટે દાન સમાન બીજી કોઇ શ્રેષ્ઠ વસ્તુ નથી.

એમ ધારી તેનું મન હરવાને તેણે ત્રણ સોનામ્હોર આપી, જેથી હર્ષ પામતાં તેણીએ દેહિલને પુષ્પમાળાઓ આપી. ત્યારે નમ્ર થઇને વણિકે જણાવ્યું—' હે ભદ્રે! આજથી એ માળાઓ બીજા કોઇને આપીશ નહિ. અધિક કીંમત આપીને પણ હું જ એ લઇશ.' એ વાત શીલવતીએ સ્વીકારી, એટલે બંને પોતપોતાના સ્થાને ગયા. એમ તે દેહિલ હરરોજ તેની પાસેથી પુષ્પમાળાઓ લેવા લાગ્યો અને અધિક ધનના લોભથી શીલવતી તેને જ આપતી હતી.

એવામાં એક દિવસે બીજા બંદરે જવા માટે વિવિધ અમૂલ્ય કરીયાણાં ભરી વ્હાણને તેણે સમુદ્રકાંઠે તૈયાર રખાવી શીલવતીને જણાવ્યું—' હે

ભદ્રે ! કાલે હું પરતીરે જવાનો છું. માટે તમે કુંદ, નવમાલતી, પાટલ, અતિમુક્તક, ચંપક પ્રમુખના પુષ્પો લઇ સમુદ્રતીરે અમુક પ્રદેશમાં આવીને મને આપજો. હું તને ચારગણું મૂલ્ય અપાવીશ.' તેણે મનમાં ભારે હર્ષ પામીને કબુલ કર્યું, પરંતુ પરમાર્થ તે જાણી ન શકી. બીજે દિવસે બધી પુષ્પમાળાઓ લઇને તે સાંકેતિક સ્થાને ગઈ. ત્યાં વ્હાણમાં બેઠેલ તે વણિકને તેણે જોયો, એટલે પુષ્પો આપતાં શીલવતીએ મૃણાલ સમાન કોમળ પોતાની ભુજા લંબાવી, જ્યારે દેહિલે પોતાનો હાથ લંબાવી ભારે હર્ષપૂર્વક પુષ્પમાળા સહિત શીલવતીને યાનપાત્ર–વ્હાણમાં ઉપાડી અને ઉપરના ભાગમાં બેસારી મૂકી. એવામાં મંગલવાદ્યો વગાડવામાં આવ્યાં અને વ્હાણ ચાલવાને તૈયાર થયું. સઢ મૂકવામાં આવ્યા તેમજ હલ્લીસા ચલાવવામાં આવતાં, ધનુષ્ય થકી છોડેલ બાણની જેમ યાનપાત્ર વેગથી ચાલવા લાગ્યું.

હવે આ તરફ નરવિક્રમ કુમાર, શીલવતીને આવવાનો વિલંબ થતાં ભારે ઉદ્વેગ પામી આમતેમ શોધવા લાગ્યો. તે કયાંય નજરે ન પડવાથી, તેણે પાડોસણોને પૂછયું. રાજમાર્ગ જોઇ વળ્યો, ત્રિમાર્ગ, ચોવટા અને ચોરા બરાબર તપાસી જોયા, તથા બધા દેવાલયો, ભવનો અને બાગ–બગીચા પણ જોઇ લીધાં. છેવટે તેણે પાટલ માળીને તે વાત જણાવી, એટલે તેણે પણ સર્વ સ્થાને શીલવતીની બરાબર શોધ કરી; છતાં કયાં પણ ખબર ન મળવાથી તરતજ પાછા ફરીને તેણે કુમારને કહ્યું કે—'હે કુમાર ! તું ધીરજ ધર અને કાયરતા તજી દે.' કુમારે જણાવ્યું—'મારે કાંઇ કાયર થવાનું નથી, પરંતુ પોતાની માતાના વિયોગથી વ્યાકુળ બની રૂદન કરતાં આ બાળકોને હું જોઇ શકતો નથી.' પાટલ બોલ્યો—'તેમ છતાં પ્રયત્ન ચાલુ રાખવો, માટે હું પૂર્વદિશામાં તેને શોધવા જાઉં છું અને તમે પુત્રો સહિત ઉત્તર દિશામાં એ નદીના બંને કાંઠાપર, નિઝરણામાં, ગુફાઓમાં, વિકટ વોંકરામાં, તથા વિષમ પ્રદેશોમાં બરાબર તપાસ કરો.' એટલે 'ભલે હું તેમ કરૂં છું' એમ કહી તે પોતાના પુત્ર–યુગલને સાથે લઇ નદીની નજીકમાં ગયો. ત્યાં જરા પણ પોતાના સાંનિધ્ય–પાર્શ્વભાગને ન મૂકતા બાળકોને શાંત પાડીને તે આ પ્રમાણે વિચારવા લાગ્યો—"અરે ! શીલવતીનું કોઇએ હરણ કર્યું હશે ? કે કોઇ પુરૂષે તેને વશ કરી હશે ? અથવા તો શરીરની બાધાથી તે કયાંય બેસી ગઈ હશે ? કે મારૂં કંઇક અપમાન જોઇને અન્ય પુરૂષમાં આસક્ત થઇ હશે ? અથવા તો તેની સાથે પ્રેમભાવ થતાં અપમાનનું કારણ કંઇ યાદ આવતું નથી, તેમ છતાં કદાચ અપમાન થવા પામે, તોપણ તે પોતાના પુત્રોને ન તજે; કારણ કે અપત્ય–સ્નેહ અપરિમિત છે વળી તે મનથી પણ અન્ય પુરૂષનું ચિંતન કરે, એમ પણ સંભવતું નથી; કારણ કે તેવા ઉંચા કુળમાં ઉત્પન્ન થઇને તે પોતાના

ચંદ્ર સમ ધવલ શીલને મલિન કેમ બનાવે ? અથવા તો બહારથી સ્નેહ બતાવનાર અને અંતરમાં કપટથી ભરેલ એવી યુવતિઓના વાંસજાળ સમાન ગહન મનને કોણ જાણી શકે ? સ્ત્રીઓ પ્રથમ કંઇ જૂદુંજ બોલે છે અને પછી વર્ત્તન તે કરતાં ભિન્ન કરે છે, હૃદયમાં અન્યને ધારણ કરે છે અને ફરી પોતાની મરજી પ્રમાણે કરે છે. જેઓ આકાશમાં ગ્રહ-ગણ ગણી શકે, જેઓ મહાસાગરનું જળ માપી શકે, તથા ભાવિ કાર્યને જેઓ જોઇ શકે છે, તેઓ પણ યુવતિઓના ગહન ચરિત્રને જાણી શકતા નથી. યુવતિઓ એવીજ હોય છે, એ વાત સત્ય છે, તેમાં લેશ પણ સંદેહ નથી, છતાં કેવળ એવું એવું ખોટું કાર્ય મેં જરાપણ જોયું નથી માટે એ સર્વથા ઉપેક્ષા કરવા લાયક નથી. ” એમ નિશ્ચય કરી, પોતાના પુત્રોને નદી કાંઠે બેસારીને તે કુમાર નદીના પર તીરે તેને શોધવા માટે નદીમાં પેઠો અને મધ્યભાગમાં પહોંચ્યો. એ-વામાં દુર્દૈવ અત્યંત અનિવાર્ય હોવાથી, ભવિતવ્યતા-નિયોગનો અઘટિત પદાર્થને ઘટિત કરવાનો સ્વભાવ હોવાથી, તથા વેદનીય કર્મના બળવત્તરપણાને લીધે પર્વત પરના વરસાદથી ધોધબંધ આવતા જળ-પ્રવાહ થકી તત્કાળ નદી પૂરાઇ ગઇ અને અગાધ થઇ. એટલે કુમારનો પદ-પ્રચાર સ્ખલના પામ્યો તથા વૃક્ષો અને પલ્લવયુક્ત જળપૂરમાં તે તણાયો અને દૂર પ્રદેશમાં નીકળી ગયો. એવામાં કંઇક શુભ કર્મના યોગે તેને એક ફલક-પાટીયું હાથ લાગ્યું, તેના યોગે તે નદી તીરે ઉતર્યો. ત્યાં એક વૃક્ષની છાયામાં બેસીને કુમાર ચિંતવવા લાગ્યો કે—‘ અહો ! પોતાના નગરનો ત્યાગ, અહીં આગમન, ભાર્યાનો વિયોગ, પુત્રોનો વિરહ અને નદીના વેગમાં વહન-એ બધું કેમ અણધાર્યું થયું ? પ્રચંડ પવનથી ઉછળેલ રજસમૂહની જેમ અથવા દેવતાને આપવામાં આવેલ બલિની જેમ એક અલ્પ વખતમાં મારો પરિકર-પરિવાર કેમ તરત દૂર થઇ ગયો. હે દૈવ ! આ હું તને નમસ્કાર કરૂં છું. મારા પર ભલે બધાં દુઃખો નાખ, કારણ કે સ્વજન-સુજનથકી સામાન્ય જન સુખે રહે છે. ’

એવામાં પાસેના **જયવર્દ્ધન** નગરનો **કીર્ત્તિવર્મા** નામે રાજા, અનિવાર્ય શૂળ-વેદનાથી તત્કાળ મરણ પામ્યો કે જે અપુત્રીયો હતો, જેથી મંત્રી, સામંતાદિક પ્રધાન પુરૂષો ભેગા થયા અને તેમણે પંચ દિવ્યનો અભિષેક કર્યો. રાજ્ય-યોગ્ય પુરૂષને તેઓ સર્વત્ર શોધવા લાગ્યા. ક્ષણાંતરે નગરમાં રાજ્ય-લાયક કોઇ જોવામાં ન આવવાથી બહાર જોવાને માટે તે પંચ દિવ્યો બહાર નીકળી ત્યાં ગયાં, કે જ્યાં નરવિક્રમ કુમાર ચિંતાતુર થઇ બેઠો હતો. એટલે તેમાં પ્રચંડ સુંડાદંડથી ભયાનક અને અગ્રગામી એવા પ્રવર કુંજરને વેગથી આવતો જોઇને કુમાર વિચારવા લાગ્યો કે—‘ મને તો એમજ ભાસે છે કે દૈવ પૂર્વે ધારી રાખેલ અત્યારે આચરવાને ઇચ્છે છે. નહિ તો સુંઢને ઉછાળતો હાથી અહીં શી રીતે

આવે ? અથવા તો એ પણ ભલે આવે અને પોતાનું મનવાંછિત કરી લે, કે જેથી મારૂં સુત, દાયતાના વિરહ પ્રમુખ દુઃખ ઉચ્છેદ પામે. ' એવામાં ઘનઘોષ સમાન ગર્જના કરીને કુંજરે સુંઢવતી કુમારને તરતજ પોતાની પીઠ પર બેસારી દીધો. તે વખતે અશ્વે હેષારવ કર્યો તથા એકદમ જયધ્વનિ થયો. એટલે સામંત-મંત્રીઓથી પરવરેલ કુમાર નગરમાં ગયો. નગરમાં ભારે આનંદ પ્રગટ્યો અને પૂર્વે તાબે ન થયેલા રાજાઓ પણ આવીને નમ્યા. એમ નરવિક્રમ કુમારે બધું રાજ્ય પોતાને સ્વાધીન કર્યું. ત્યાં હાથી, અશ્વો, રત્ન-ભંડાર વિગેરે સમૃદ્ધિ નરસિંહ રાજાના જેવી જ તેને સંપન્ન થઇ, જેથી દેવલોકમાં ઇંદ્રની જેમ તે વિવિધ વિલાસ કરવા લાગ્યો; પરંતુ એક સ્ત્રી વિરહ અને પુત્રોનો દીર્ઘ વિયોગ, નિરંતર તેને દુઃસહ લાગવાથી ભાંગેલા શલ્યની જેમ તેના હૃદયમાં ખટક્યા કરતો હતો.

એક દિવસે જયવર્ધન નગરની પાસેના ઉદ્યાનમાં અનેક શિષ્યોએ પરવરેલા, સિંહની જેમ દુર્ધર્ષ, સૂર્યની જેમ તમ—અજ્ઞાનતાને ટાળનાર, ચંદ્રની જેમ સૌમ્યતાયુક્ત, મંદરાચલની જેમ સ્થિર, જાત્ય સુવર્ણની જેમ કસોટી સહન કરનાર, અંતરાય રહિત, સંયમ-વ્રતને પ્રગટપણે ધારણ કરનાર, સમસ્ત પ્રાણીઓની ઉપયોગપૂર્વક રક્ષા કરનાર, સમિતિથી મનના વેગને રોકનાર, સદા પ્રશાંત, છત્રીશ ગુણરૂપ મહામણિની રોહણાચલની ભૂમિતુલ્ય, બુદ્ધિના નિધાન, જાણે સાક્ષાત ધર્મના ભંડાર હોય, જગતમાં એક દીપક સમાન, શિવમાર્ગના સાર્થવાહતુલ્ય, કર્મરૂપ વૃક્ષોને બાળવામાં અગ્નિતુલ્ય, મહાગર્વિષ્ઠ કંદર્પરૂપ સર્પને વશ કરવામાં નાગદમણિ સમાન, સ્વસમય અને પરસમયરૂપ જળ—પ્રવાહના સિંધુ—સાગર સમાન, લોકના લોચનરૂપ, પોતપોતાના વિષયમાં પ્રવર્ત્તતી ઇંદ્રિયરૂપ કુરંગ—મૃગના એક પાશતુલ્ય, મિથ્યાત્વરૂપ જળથી ભરેલા ભવ-સમુદ્રમાં પડતા પ્રાણીઓને એક નાવરૂપ, પંચવિધ આચારના મહાભારને ઉપાડવામાં સમર્થ, યતિધર્મ આચરવાને અસમર્થ ભવ્યોને શ્રાવકધર્મમાં સ્થાપતા, તેમજ સમર્થ જનોને યતિધર્મમાં પ્રવર્ત્તાવતા, સિદ્ધાંત પ્રસિદ્ધ ન્યાયથી અપૂર્વ અપૂર્વ જિનચૈત્યોને વંદતા, ગ્રામાનુગ્રામ વિચરતા **શ્રીસામંતભદ્રસૂરિ** આવીને સમોસર્યા. એટલે નગરમાં પ્રસિદ્ધિ થઇ કે—' અશેષ ગુણના નિધાનરૂપ આચાર્ય પધાર્યા છે. ' જેથી કૌતૂહલ કે ભવ—નિર્વેદને લીધે, શંકા પુછવાના કારણે, બહુમાન કરવા, ધર્મશ્રવણના નિમિત્તે કે પોતપોતાના મત-દર્શનના તત્ત્વનો વિચાર કરવા અનેક મંત્રી, સામંત, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દંડનાયક પ્રમુખ નગરજનો આવીને તેમને પગે પડ્યા; અને પાસેની ભૂમપર બેઠા. ત્યારે આચાર્ય મહારાજ પણ પૂર્વોપાર્જિત ભારે કર્મરૂપ અગ્નિ—જ્વાળાથી તપ્ત થયેલા પ્રાણીઓ પર કરૂણા—અમૃતની વૃષ્ટિ સમાન પોતાની દૃષ્ટિ ફેરવતા, તે મંદરા-

ચલથી મથન કરાતા ક્ષીરસાગરના ધ્વનિ સમાન ગંભીર વાણીથી ધર્મ–દેશના આપવા લાગ્યા કે—

“ હે ભવ્યો ! પ્રચંડ પવનથી પ્રેરાયેલ, કુશાગ્રે લાગેલ જળબિંદુ સમાન જીવિત ચંચળ છે અને શરીરબળ તે ઇંદ્રધનુષ્યની જેમ ક્ષણવારમાં દૃષ્ટનષ્ટ થાય તેવું છે. પ્રેમ પણ ઉંચા પર્વતના શિખર પરથી સરતી સરિતાના તરંગ સમાન તરલ છે તથા લક્ષ્મી પણ તજવાને તત્પર બની છળ જોયા કરે છે. મહાસાગરમાં આવર્ત્તની જેમ પ્રગટ રીતે અનેક દારૂણ વિકાર બતાવનાર આપદાઓ પણ શરીર પર સદા આવી પડે છે, તેમજ વિષલતાની જેમ વિષયો, મણિ, મંત્ર, તંત્ર કે દિવ્ય ઔષધોનો પ્રયોગ કરતાં પણ ભોગવવાથી ભારે દુઃખ આપે છે. વળી મિથ્યાત્વ–મોહનીયથી મૂઢ બનેલા પ્રાણીઓ જે પાપ કરે છે, તે શત્રુની જેમ સેંકડો ભવો થતાં પણ મૂકતું નથી. પ્રિય પુત્ર, કલત્ર પ્રમુખના નિમિત્તે પ્રાણી જે અનેકવાર અકાર્યમાં પ્રવર્તે છે તે પણ પરલોક જતાં જરા પણ રક્ષા કરતા નથી માટે હે કુશળજનો ! એમ સમજીને તમે પ્રતિદિન સત્વર જિનધર્મમાં પ્રવર્ત્તો કે જ્યાં સુધી વજ્ર–મુદ્ગરની જેમ તમારા પર જરા આવી પડી નથી, પરંતુ તે જરા આવતાં તો પાંખ છેદાયેલા પક્ષી, દાઢા ખેંચેલ ભુજંગ અથવા રાજ્યહીન બનેલ નરેંદ્રની જેમ સ્વચ્છંદે ગમન, પરને ભય પમાડવો અથવા સર્વાર્થ–સાધનથી રહિત બનતાં તમે પૂર્વ સંપત્તિને સંભારતા લાંબો વખત કલેશ પામશો. હવે એ કરતાં વધારે શું કહેવું ? જો તમે વાંછિત સુખો ભોગવવા ઇચ્છતા હો, તો વીતરાગના વચનનું આરાધન કરો. ” એ પ્રમાણે ગુરૂએ સંસારની અસારતા સમજાવતાં ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા.

પછી બીજે દિવસે આચાર્યનું આગમન સાંભળવામાં આવતાં, સમગ્ર ગજ, અશ્વ, પારકરને સાથે લઇ નરવિક્રમ રાજા ભાર્યા અને પુત્રોની પ્રવૃત્તિ પૂછવા માટે ગુરૂ પાસે ગયો. ત્યાં આચાર્યને વંદન કરીને તે ચિંતવવા લાગ્યો કે— “ અહો ! જગતને આશ્ચર્ય પમાડે તેવું એનું રૂપ, અમૃતવૃષ્ટિ સમાન દૃષ્ટિ, સજલ ઘનઘોષ સમાન મનોહર સ્વર, સમસ્ત પ્રશસ્ત લક્ષણયુક્ત શરીર અને બધા પ્રાણીઓને પ્રીતિ પમાડનાર એની વાણી ! તેમજ તમ–રાહુ કે અંધકારથી નિગ્રહ પામેલ ચંદ્ર, તપ-તાપમાં મંદરૂચિ સૂર્ય, તથા પર્વતથી પરાભવ પામનાર સાગર પણ એમની સમાન કેમ થઇ શકે ? એવું કંઇ નથી કે જે ભૂત, ભાવિ અને વર્ત્તમાન વસ્તુને એ ન જાણી શકે, માટે મારી દયિતા અને પુત્રોનો વૃત્તાંત એમને પૂછવા જેવો છે.” એમ નિશ્ચય કરીને રાજા ઉચિતાસને બેઠો, એટલે આચાર્યે ધર્મકથા શરૂ કરી, જે સાંભળતાં ફરી પણ ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા. એવામાં પ્રસંગ મળતાં રાજાએ પણ ગુરૂને પૂછ્યું— ‘ હે ભગવન્ ! તમે ન જાણતા હો તેવું કંઈ જ નથી, એમ મને ખાત્રી

થાય છે, માટે કરૂણા લાવી જણાવો કે સ્ત્રી અને પુત્રોની સાથે મારો સમાગમ ક્યારે થશે?' ગુરૂ બોલ્યા—'હે રાજન્! ધર્મ-આરાધન કરતાં તે અંતરાય-કર્મનો ક્ષયોપશમ થશે, ત્યારે તે મળશે.' રાજાએ કહ્યું—'હે ભગવન્! એ તો હું જાણું છું છતાં દુઃસહ વિયોગથી વ્યાકુળ બનતાં ધર્મસાધન કરી શકતો નથી, કારણકે મનનો નિરોધ કરવો એ ધર્મનું મુખ્ય લક્ષણ છે. તે અમારા જેવાથી કેમ બની શકે? માટે સર્વથા પ્રસાદ લાવી, કોઈ બીજો ઉપાય બતાવો" ગુરૂએ જણાવ્યું-'જો એમ હોય તો પ્રતિદિન મુનિઓની ઉપાસના કરો વાંછિત સિદ્ધિ સાધવા માટે એ ઉપાય છે. મુનિઓના સમાગમથી પણ લોકો શું શું સુખ મેળવી શકતા નથી? કારણ કે એનાથી નિબિડ કર્મની સાંકળ તુટે છે, દુર્ગતિ ભેદાય છે, કલ્યાણ-લતા વિકાસ પામે છે, દુઃખ નાશ પામે છે અને પ્રકાશિત દર્પણમાં પડતા પ્રતિબિંબની જેમ લક્ષ્મી સદા નિકટ રહે છે.' એટલે રોગી જેમ વૈદ્યે બતાવેલ ઔષધ સ્વીકારે, પથભ્રષ્ટજન જેમ સુમાર્ગ-સુચનાને, પિપાસુ જેમ નિર્મળ જળથી પૂર્ણ મહાસરોવરના નિવેદનને સ્વીકારે, તેમ રાજાએ ભારે ઉલ્લાસથી ગુરૂ-વચન સ્વીકારી લીધું અને ગુરૂને પ્રણામ કરીને તે પોતાના સ્થાને ગયો.

હવે અહીં વિક્રમકુમારના તે બંને પુત્રો તૃષ્ણા અને ક્ષુધાથી આકુળ વ્યાકુળ બની નદીનાં કિનારે બેઠા છે, તેવામાં થોડીવારે એક ગોવાળીયો કે, જે નગરમાં દહી અને છાશ વેચવા ગયો હતો, તે ત્યાં આવી પહોંચ્યો. એટલે દેવ-કુમાર સમાન રૂપવંત અને કરૂણ-સ્વરે રૂદન કરતા તે બંને બાળકો તેના જોવામાં આવતાં તેણે પૂછયું—'હે પુત્રો! તમે શામાટે રોવો છો? તમને અહીં કોણે લાવી મૂક્યા છે? અથવા અહીં તમારો સંબંધી કોણ છે?' ત્યારે મોટા બાળકે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, જે સાંભળતાં-'આ અનાથ છે' એમ ધારી પોતાની પાસે રહેલ અશન-પાન આપતાં આનંદ પમાડી, તથા અનેક પ્રકારે લોભાવી, તે તેમને પોતાના ગોકુળમાં લઇ ગયો, અને તેણે ગોકુળના ઉપરીને સોંપ્યા. એટલે તેણે પણ પુત્રવિયોગી પોતાની પત્નીને તે સોંપ્યા. ત્યાં તે જાણે પોતાના ઉદરમાં ઉત્પન્ન થયા હોય તેમ સર્વ પ્રકારે તેમનું પાલન કરવા લાગી, તેમજ ખંડખાદ્ય પ્રમુખ વિશિષ્ઠ વસ્તુ આપતાં નિરંતર તેમને રાજી રાખતી. તે ગોકુલપતિ પણ જયવર્ધન નગરના રાજાનો માનીતો હતો. તે એકદા બહુ જ કીંમતી ભેટ લઈ પેલા બંને પુત્રો સાથે નરવિક્રમ રાજાના દર્શન નિમિત્તે જયવર્ધન નગરમાં આવ્યો. ત્યાં રાજાને પ્રણામ કરી તેણે અત્યંત આદરપૂર્વક ભેટ અર્પણ કરી. એટલે રાજાએ પોતાના હાથે તેને તાંબુલ આપ્યું અને સુખ દુઃખની બધી વાત પૂછી. એવામાં રાજાની દૃષ્ટિ તે બંને

બાળકો પર પડતાં ભારે પ્રમોદ ઉત્પન્ન થયો, જેથી તેને વિચાર આવ્યો કે—'આ બંને પુત્રો અવશ્ય મારા જ લાગે છે છતાં એ બાબત ગોકુલપતિને પૂછું.' એમ ધારી તેણે ગોવાળીયાને પૂછયું કે—'અરે ભદ્ર! આ કોના પુત્રો છે?' તેણે કહ્યું–'હે દેવ! એ મારા સંબંધીના બાળકો છે. બાલ્યાવસ્થાથી મારી પત્નીએ એમને ઉછેરીને મોટા કર્યા છે.' ત્યારે રાજા બોલ્યો–'ભદ્ર! સત્ય વાત નિવેદન કર.' એટલે તેને ક્ષોભ ઉત્પન્ન થવાથી નદીકિનારાથી માંડીને બધો વૃત્તાંત તેણે રાજાને કહી સંભળાવ્યો, જે સાંભળતાં પરમ પ્રહર્ષ પામતા રાજાએ તે બંને બાળકોને ગાઢ આલિંગન આપી પોતાના ખોળામાં બેસાર્યા. એ બનાવ જોતાં ગોકુળનાયક કહેવા લાગ્યો–'હે દેવ! મેં પ્રથમથી જ એમની વિવિધ ચેષ્ટાઓથી જાણી લીધું કે આ કોઇ સામંત, સેનાપતિ કે રાજાના, માર્ગે જતાં કંઇ વિષમ કારણને લઇને વિમુકત થયેલા બાળકો હશે, નહિ તો પ્રતિદિન એમની વિવિધ પ્રકારની આવી વિચિત્ર ક્રીડા કેમ સંભવે? કારણકે એઓ પોતાની બુદ્ધિથી માટીના હાથી બનાવી તેને શસ્ત્રવતી ભેદે છે, બનાવટી અશ્વો કલ્પીને દોડાવે છે, માટી પિંડના રથો બનાવી ચલાવે છે અને પોતાની મતિથી કલ્પેલી મજબુત લાકડીઓને શસ્ત્ર તરીકે ઉપાડી ફેરવે છે; એમ ચતુરંગ સેનાને લઇ ઉત્કટ સંગ્રામ કલ્પીને અન્ય બાળકોને ગામ, નગર પ્રમુખ પ્રસાદથી દાન આપે છે. આવી ચેષ્ટા સામાન્ય જાતિના બાળકોમાં સંભવે નહિ, તેમાં જ વળી જ્યારે જ્યારે હું તમારા દર્શનાર્થે આવતો, ત્યારે ત્યારે એઓ રાજભવન જોવાને ભારે આગ્રહ કરી બેસતા. તે વખતે હું એમને વિશિષ્ઠ વસ્ત્ર-વસ્તુ આપતાં કે નજર ચૂકાવીને આવતો, પરંતુ અત્યારે તો એમનો ભારે આગ્રહ થયો અને એક ક્ષણ પણ મને ન મૂકતાં મારી સાથે આવ્યાં છે.' એમ સાંભળતાં રાજાએ ચિંતવ્યું કે—'અહો! આ મહાનુભાવે મારાપર મોટો ઉપકાર કર્યો.' એમ ધારી પરમ પ્રમોદ પામતા રાજાએ તેને તે ગોકુળ તથા સો ગામો, પોતાના રાજ્યની પરંપરા સુધી ભોગવટામાં આપ્યાં; તેમજ ભારે કીંમતી બહુ વસ્ત્રાદિ તથા તંબોલ આપી તેને વિદાય કર્યો. પછી પોતે બંને પુત્રો સાથે તે આચાર્ય પાસે ગયો અને ભકિતથી ગુરૂને વંદન કરીને તેણે પુત્ર-સમાગમનો બધો વૃત્તાંત નિવેદન કર્યો, જે સાંભળતાં આચાર્ય બોલ્યા—હે રાજન્! પૂર્વે કહેલ અમારૂં વચન તને યાદ છે?' રાજાએ કહ્યું—'હે ભગવન્! તે તો સ્વનામની જેમ બરાબર યાદ છે.' ગુરૂએ જણાવ્યું—હે મહાભાગ! એ તો શું માત્ર છે? પરંતુ એવી કોઇ વસ્તુ નથી કે જે ગુરૂસેવાથી સિદ્ધ ન થઇ શકે.' રાજા બોલ્યો—'હે ભગવન્! એ તો કેવળ સત્ય જ છે. મને તો સાક્ષાત્ અનુભવ થયો, એટલે તેમાં શંકા શી? હવે એક સ્ત્રી વિયોગના દુ:ખનો ઉચ્છેદ કરવા આપ કૃપા કરો' ગુરૂ બોલ્યા—'હે નરેંદ્ર! એટલો બધો ઉતાવળો ન થા.' એટલે રાજા તે વચન સ્વીકારી, પ્રણામ કરી સ્વસ્થાને ગયો.

અહીં દેહિલ વ્હાણવટી અનુકૂળ પવનના યોગે સઢના બળથી ચાલતા યાનપાત્રવડે સમુદ્રમાં આગળ ચાલવા લાગ્યો. એવામાં પૂર્વે કદિ ન જોયેલ તથા-પ્રકારનો વ્યતિકર જોતાં ' હા પ્રિય ! હા પ્રાણુનાથ ! આવું વિષમ વ્યસન-દુઃખ મારાપર કેમ આવી પડયું ? એમ અકાળે પડેલા વજ્રથી જાણે આઘાત હોય તેમ મૂર્છાથી શીલવતીની આંખો બંધ થઇ ગઇ. કુહાડાથી છેદાયેલ ચંપક-લતાની જેમ તે યાનપાત્રના ભૂમિતલપર પડી ગઇ, એટલે પાસે રહેલા પરિ-જનોએ શીતલ ઉપચારોથી તેને શાંત કરી. ક્ષણવાર પછી સાવધાન થતાં પુત્ર અને પ્રિયતમના ગાઢ વિયોગથી વ્યાકુળ બની લોચનમાંથી અશ્રુનો પ્રવાહ પાડતાં તે આ પ્રમાણે વિલાપ કરવા લાગી—' હા ! જગતમાં વિખ્યાત બળ-શાળી હે તાત ! પોતાના જીવિત સમાન ગણીને અત્યારે અતિ દુઃખિત આ પોતાની દુહિતાની કેમ ઉપેક્ષા કરો છો ? હે નરસિંહ નરેંદ્ર ! એ રીતે અ-નાર્ય—દુર્જનથી હરણ કરાતી પોતાની પુત્રવધૂની પણ કેમ ઉપેક્ષા કરો છો ? હા ! હા ! અત્યારે તો દૈવ જ પ્રતિકૂળ છે. હા પ્રાણનાથ ! હા ગોત્રદેવતા ! હા સમસ્ત દિક્પાલો ! પાપમતિના હાથે હરણ કરાતી આ અબળાનું રક્ષણ કરો, રક્ષણ કરો.' એ રીતે કરૂણ સ્વરે વિલાપ કરતી શીલવતીને પેલા દેહિલે કહ્યું—' હે ભદ્રે ! આમ વિલાપ શામાટે કરે છે ? ધીરજ ધર, સ્વપ્નમાં પણ તારૂં પ્રતિકૂળ હું કદિ કરનાર નથી, કારણકે આ અખૂટ સમૃદ્ધિ તારે આધીન છે; અને આ મને પણ એક દાસ સમાન સમજી લેજે. માટે સ્વામિની-શબ્દ સ્વી-કારી લે, તેમજ ગૃહકાર્યોના વ્યાપારમાં પોતાની બુદ્ધિથી આ પરિજનને પોતાના સમજી લે ' એમ સાંભળતાં શીલવતી બોલી—' હે નિષ્ઠુર ! હે ધૃષ્ટ ! હે પાપિષ્ઠ ! હે દુશ્ચેષ્ટ ! દૃષ્ટિપથથી દૂર થા, નહિં તો શ્વાસનિરોધથી હું મારા જીવિતનો સત્વર ત્યાગ કરીશ. અરે ! ક્ષત્રિય-કુળમાં ઉત્પન્ન થયેલ છતાં, અને જન્મથી શુદ્ધ શીલ પાળનાર એવી મને આવા બીભત્સ બોલ સંભળાવતાં પોતાના જીવિતથી પણ તું લજ્જા પામતો નથી ? અને વળી દેહ ખેદ પામે, જીવિત નષ્ટ થાય, તેમજ એક પછી એક દુઃખ ભલે માથે આવી પડે તોપણ તાતે આપેલ પતિના નામને કદાપિ હું તજનાર નથી. ' આવો તેનો નિશ્ચય જાણી, દેહિલે તેને ખાનપાન આપવાનું બંધ રખાવ્યું. એમ તે ક્ષુધા-પિપાસાથી પરાભૂત છતાં પોતાના નિશ્ચયનો તેણે ત્યાગ ન કર્યો.

એવામાં શીલવતીના વિશુદ્ધ શીલથી સંતુષ્ટ થયેલ પાસેની સમુદ્રદેવીએ તેના યાનપાત્રને મહા-આવર્ત ઘુમરીમાં નાખી દીધું, પ્રલયકાળના જેવો દારૂણ પવન તેણે પેદા કર્યો, કુળ-પર્વતોના જેવા જળ-કલ્લોલ પ્રગટ કર્યા, આકાશમાં ભયંકર ગંધર્વ-નગર વિકૂર્વ્યાં, ભીષણ ગર્જના અને ભારે વિદ્યુતના પુંજ સહિત વાદળાં પ્રગટાવ્યાં. આથી કર્ણધાર-વ્હાણ ચલાવનાર ભારે ગભ-

રાચો, સુભટો શસ્ત્રધારી છતાં વ્યાકુળ થવા લાગ્યા, હલીસા ચલાવનારા ગભરાટમાં પડયા અને નાવનો માલીક દેહિલ પણ અત્યંત આકુળ વ્યાકુળ થવા લાગ્યો. એવામાં આકાશમાં રહેલ દેવી બોલી' અરે ! દુષ્ટ વણિક્પુત્ર ! ન્યાયહીન ! કામાતુર ! અરે કામગર્દભ ! હે અગ્નિતુલ્ય ! રીંછની જેમ તુચ્છ જોનાર ! અજાના ગલ-સ્તનની જેમ જનગણને નિંદનીય ! જો શીલવતીને સતાવીશ, તો આ પ્રમાણે હમણાજ નાશ પામીશ. ' એમ સાંભળતાં શ્વેત વસ્ત્રનું ઉત્તરાસંગ ધારણ કરી, પૂજાવિધિ આચરી, વિનયપૂર્વક હાથમાં ધૂપ લઇને તે દેવીને વીનવવા લાગ્યો--' હે દેવિ ! દાસની જેમ મારો એક અપરાધ ક્ષમા કરો અને કોપનો ત્યાગ કરો. આવો અપરાધ હવે હું કદિ કરીશ નહિ. દેવો પ્રણતપ્રતિપાલ હોય છે ' ત્યારે દેવીએ કહ્યું—' અરે ! તું એને માતાની જેમ સુખે પાળીશ, તો જ હે હતાશ ! તું જીવી શકીશ.' એટલે ભયભીત થયેલા તેણે તે બધું કબૂલ કર્યું, જેથી બધી પ્રતિકૂળતા સંહરીને દેવી અદૃશ્ય થઇ ગઇ. પછી પવન અનુકૂળ થતાં યાનપાત્ર માર્ગે ચડયું અને કર્ણધાર પ્રમુખ લોકો હર્ષ પામ્યા. પેલો વણિક પણ સંતુષ્ટ થઇને ભારે આદરપૂર્વક શીલવતીના પગે પડ્યો અને પોતાનું દુશ્ચરિત્ર ખમાવીને તેને કહેવા લાગ્યો કે—' હે સુતનુ ! તું જરા પણ ખેદ કરીશ નહિ. હું અલ્પ વખતમાં એવો ઉપાય લઇશ, કે જેથી તું તારા પ્રિયતમને મળીશ. ' એમ કહી તેણે શીલવતીને ભોજન કરાવ્યું અને રહેવાને માટે વ્હાણનો એક ઉપરનો નિર્વિઘ્ન ભાગ અર્પણ કર્યો. ત્યારથી તે વણિક પ્રતિદિન શીલવતીને માતા, ભગિની, દેવતા, ગુરૂ અથવા સ્વામીની જેમ માનતો અને ભોજન, વસ્ત્ર, ઔષધ, તંબોલ પ્રમુખથી ભારે તેનો ઉપચાર કરતાં તે પરતીરે પહોંચ્યો. ત્યાં પોતાનું કરીયાણું વેચતાં તેણે ઘણું ધન મેળવ્યું. પછી બધાં કામ પૂર્ણ કરી તે પોતાના નગર ભણી પાછો ફર્યો. એવામાં વચ્ચે અનુકૂળ પવનના અભાવે તે યાનયાત્ર અન્ય માર્ગે ચડતાં જયવર્ધન નગરની પાસે પહોંચ્યું. ત્યાં લંગર નાખી સઢ પાડી નાખ્યો, એટલે ઘણા નોકરો સહિત તે વણિક નીચે ઉતર્યો અને પરકાંઠે પેદા થયેલી કીંમતી ચીજોની ભેટ લઇને તે નરવિક્રમ રાજાને ભેટવા ગયો. ત્યાં પ્રતિહારની અનુજ્ઞા મળતાં રાજસભામાં જઇને તેણે રાજાને તે વિચિત્ર ભેટો આપી, જેથી રાજાએ તેનો ભારે સત્કાર કર્યો. પછી પરતીરના નગર રાજા વિગેરેના સ્વરૂપની વાતો, સમુદ્ર ઓળંગવાનો વૃત્તાંત તથા પોતાના કરીયાણાના ગુણ-દોષ પ્રકાશતાં તે એક પ્રહર રાજા પાસે બેઠો. ત્યાં વખત વીતતાં તેણે પ્રણામપૂર્વક રાજાને વિનતી કરી—' હે દેવ ! વ્હાણ શૂન્ય પડયું છે અને રાત્રિ પડવાનો વખત થયો છે, માટે મને જવાની અનુજ્ઞા આપો. ' એટલે રાજાએ વિચાર કર્યો કે—' પ્રિયતમાના વિયોગથી વિધુર-વ્યાકુળ થયેલા એવા મને આજે લાંબી રાત સુધી

ભલે એ વણિક વિનોદ કરાવે.' એમ ધારી રાજાએ કહ્યું—' હે ભદ્ર! તું શાંત થઇને અહીં જ રહે. હું મારા પ્રધાન પુરૂષોને મોકલીને તારા યાનપાત્રનું રક્ષણ કરાવીશ.' એટલે 'જેવી આપની આજ્ઞા' એમ કહીને તેણે રાજાનું વચન સ્વીકાર્યું. પછી વ્હાણની રક્ષા કરવા રાજાએ પોતાના શ્રેષ્ઠ સુભટો મોકલ્યા. એવામાં બંને કુમારો ઉભા થઈ રાજાને નિવેદન કરવા લાગ્યા—' હે તાત! અમે પૂર્વે કોઇવાર વ્હાણ જોયેલ નથી, માટે તે જોવા અમને ઘણી ઉત્કંઠા છે; તો આપની આજ્ઞાથી અમો ત્યાં જઇએ.' આવો તેમનો નિશ્ચય જાણવામાં આવતાં રાજાએ તેમને અનુજ્ઞા આપી, એટલે અંગરક્ષકો સહિત તેઓ વ્હાણપર ગયા, ત્યાં યાનપાત્ર અવલોકીને ત્યાં જ તેઓ સુઇ ગયા. રાત્રિના પાછલા પહોરે જાગ્રત થઇ પરસ્પર વાત ચલાવતાં નાના ભાઇએ મોટા ભાઇને કહ્યું—' હે ભ્રાત! કંઇક અપૂર્વ કથા ચલાવ કે જેથી અહીં રહેતાં કોઇ રીતે રાત ખલાસ થાય.' ત્યારે જયેષ્ઠ ભ્રાતાએ જણાવ્યું—' હે ભદ્ર! અન્ય કથા સાંભળવાથી શું? આ આપણું જ અપૂર્વ આખ્યાન તું સાંભળ.' તે બોલ્યો—' ભલે એ જ કહી સંભળાવો.' પછી મોટો ભાઇ કહેવા લાગ્યો કે—

" હાથમાં પુષ્પમાળા લઇને માતા રાજમાર્ગે ગઇ, તે પાછી ન વળી અને નગરમાં અનેક પ્રકારે શોધતાં પણ તેનો પત્તો ન લાગ્યો; જેથી પિતા પણ દુ:ખાર્ત્ત બની આપણી સાથે નદી કાંઠે ગયા. ત્યાં પરતીરે શોધવા જતાં પાણીમાં તણાયા અને નદી પ્રવાહમાં તણાતાં તે દૂર દેશમાં જઈ નીકળ્યા. એવામાં નિરાધાર બનેલા આપણને ગોવાળીયો ગોકુળમાં લઇ ગયો. ત્યાં આપણે વૃદ્ધિ પામ્યા. પછી એકદા રાજાને જોવા માટે ગયા, ત્યાં પિતા-રાજાએ આપણને ઓળખી લીધા. એવામાં અહીં રહેતાં મોટા કૌતુકથી આપણે અહીં આવ્યા.' એ પ્રમાણે પોતાની કથા તેણે લઘુ ભ્રાતાને કહી સંભળાવી. એ વાત મૂળથી પાસેના ભાગમાં રહેલ શીલવતીએ બધી સાંભળી લીધી, જેથી અકથનીય અને કેવળ અનુભવગમ્ય, પોતાના પુત્રોએ કહેલ વ્યતિકર જાણવામાં આવતાં અપૂર્વ હર્ષ-પ્રકર્ષને ધારણ કરતી, અત્યંત રોમાંચ પ્રગટતાં કંચુકી તૂટી જવાથી, સુત-સ્નેહને લીધે સ્તનમાં દુગ્ધધારા વહેતાં, ' ચિરકાળે પ્રાપ્ત થયેલા હે પુત્રો! તમે આવો અને આ તમારી જનનીને ગાઢ આલિંગન કરો.' એમ બોલતી શીલવતી તેમની પાસે ગઇ અને તેણે પૂર્વનો વૃત્તાંત નિવેદન કર્યો, જેથી જયેષ્ઠ પુત્રે તેને બરાબર ઓળખી લીધી, એટલે ગાઢ કંઠે વળગીને લાંબા વખતના વિરહ-દુ:ખના વેગથી ગદ્ગદિત વચન થઈ જતાં તે પોતાના પુત્રો સહિત રોવા લાગી. એવામાં પરમાર્થ જાણવામાં આવતાં બે ઘડી પછી કુમારોના પરિજનોએ તેને શાંત કરી. એવામાં સૂર્યોદય થતાં પરિજનોમાંના એક પુરૂષે તરત જઇને નરવિક્રમ રાજાને નિવેદન કર્યું—' હે દેવ! આપની પ્રિયતમા, આ વણિકના

વ્હાણુમાં કુમારોને મળી છે.' એટલે ભારે હર્ષ લાવી રાજાએ આશ્ચર્ય સાથે તે વણિકને પૂછયું—'હે ભદ્ર! શી હકીકત છે?' ત્યારે ભયભીત થતાં તે બોલ્યો—'હે દેવ! મને પ્રથમ અભયદાન આપવા મહેરબાની કરો કે જેથી બધો વૃત્તાંત આપને નિવેદન કરૂં.' રાજાએ એ વાત કબૂલ રાખી, એટલે પ્રથમના અનુરાગથી માંડીને યાનપાત્રમાં આરોહણ, આક્રંદન, લોભન, દેવીભય વિગેરે બધો વૃત્તાંત તેણે કહી સંભળાવ્યો; જે સાંભળતાં રાજાએ સમગ્ર ધન અને યાનપાત્ર સહિત તે વણિકને વિદાય થવાની અનુજ્ઞા આપી. પછી શીલવતીને હાથણી પર બેસારી, છત્ર, ચામરના આડંબર સહિત, પગલે પગલે લોકોના પૂજા-સત્કારને સ્વીકારતી, સ્થાને સ્થાને દીન અને અનાથ જનોને કનકદાન આપતી, પરમ વિભૂતિપૂર્વક તે પોતાના રાજભવનમાં દાખલ થઇ. રાજાએ આઠ દિવસ નગરમાં મહોત્સવ કરાવ્યો. પછી સ્નાન, વિલેપનપૂર્વક કીંમતી વસ્ત્રોને ધારણ કરતાં, તથા પુત્ર-યુગલથી પરવરેલ અને અંગમાં હર્ષ-પ્રકર્ષને ધારણ કરતી શીલવતી આગળ પૂર્વાનુભૂત કથા કહેતાં અને તેના હરણ પ્રમુખનો વૃત્તાંત સાંભળતાં, તે પાટલમાળીનું અનુપમ સચ્ચરિત્ર તરતજ રાજાના સ્મરણમાં આવ્યું. એટલે તેણે શીલવતીને જણાવ્યું—'હે પ્રિયે! જેવો મહાપુરૂષ માળીએ સ્નેહ બતાવ્યો, તેવો પિતા પણ ન હોઇ શકે.' શીલવતી બોલી—'હે નાથ એ વાત સત્ય છે, માટે હવે સમૃદ્ધિ આપતાં તે મહાનુભાવ પર તમે પ્રસાદ કરો. હે પ્રિયતમ! ઉપકારી જનોના મનોરથ પૂરાય, એ જ સંધ્યાના વાદળ સમાન ચપળ લક્ષ્મીનું ફળ છે.' એ પ્રમાણે રાજાએ તે માળીને સ્યંદન નગરથી તરત બોલાવી લીધો અને તેને ચોટક દેશનો રાજા બનાવ્યો; તેમજ તેને હાથી, ઘોડા, રથ, યોદ્ધા તથા ભંડાર પ્રમુખ આપતા પોતાની સમાન બનાવી દીધો.

હવે એકદા પોતાની ભાર્યા તથા પુત્રો સહિત મોટી સમૃદ્ધિપૂર્વક રાજા ઉદ્યાનમાં ગયો. ત્યાં ગુરૂમહારાજના દર્શન થતાં ભારે આદરપૂર્વક પ્રણામ કરીને તેણે ઇષ્ટ-પ્રાપ્તિનો બધો વ્યતિકર ગુરૂમહારાજને કહી સંભળાવ્યો. જે સાંભળતાં ગુરૂ બોલ્યા—'હે નરેંદ્ર! મુનિજનોના ચરણની સેવાથી આવાં અનેક પ્રકારનાં કલ્યાણ સંપાદિત થાય છે.' રાજાએ વિચાર કર્યો કે—અહો! ગુરૂનું વચન અમોઘ હોય છે. અહો! જિનધર્મનો મહિમા! અહો! હું પણ સર્વથા ધન્ય છું કે જેને આવા પ્રકારના ગુરૂનો સમાગમ થયો.' એમ વિચાર કરતાં રાજાએ સુગતિના કલ્પવૃક્ષરૂપ સમકિતનું બીજ ઉપાર્જન કર્યું.' પછી ગુરૂ બોલ્યા—'હે રાજન્! હવે નિશ્ચયથી જિનધર્મનો સ્વીકાર કરો.' રાજાએ કહ્યું—'હે ભગવન્! એ જિનધર્મને યોગ્ય તો અત્યંત અપ્રમત્ત જનો હોઇ શકે. અમારા જેવા સામાન્ય જનો એનું પાલન કેમ કરી શકે?' આથી ગુરૂએ જાણી લીધું કે—'અદ્યાપિ મોહગ્રંથિ મજબુત છે, મિથ્યાત્વની વાસના બહુ દૃઢ છે, વિષ-

-યનો પ્રતિબંધ હજી તીવ્રાનુબંધી છે અને વિશેષ ધર્મવાર્તા તો શ્રવણમાત્ર છે; માટે એને અત્યારે તો ભદ્રકભાવજ ઉચિત છે.' એમ ધારી ગુરૂએ જણાવ્યું— 'હે નરનાથ! જો એમ હોય તો સુસાધુની ઉપાસના કરો, જિનધર્મની પ્રશંસા અને જિનધર્મના આરાધક ભવ્યજનોની અનુમોદના કરો, એમ કરતાં પણ નિકાચિત કર્મનો નાશ થશે.' એટલે એ ગુરૂવચન સ્વીકારીને રાજા પોતાના સ્થાને ગયો. ત્યાં પાંચ પ્રકારના અતુલ ભોગ ભોગવતાં નરવિક્રમ નરપતિની કીર્ત્તિ સર્વત્ર વિસ્તાર પામી.

એવામાં ભવ્ય પ્રાણીઓને ધર્મ-માર્ગે સ્થાપન કરતા આચાર્ય મહારાજે પણ પોતાના શિષ્ય-પરિવાર સહિત ત્યાંથી વિહાર કર્યો, અને માર્ગમાં સૂર્યની જેમ ભવ્યકમળોને પોતાના વચન-કિરણોથી પ્રતિબોધ-વિકાસ પમાડતા સૂરિ વિહાર કરતાં અનુક્રમે **જયંતી** નગરીમાં પહોંચ્યા. ત્યાં રાજા પાસે અવગ્રહની રજા લઇ, નગરીની બહાર **ચંપકોદ્યાન**માં ધર્મ-કર્મમાં તત્પર એવા યતિજનો સહિત તે રહ્યા. એટલે નગરીમાં પ્રસિદ્ધિ થઇ કે—'સિદ્ધાંતના સંપૂર્ણ જાણનાર આચાર્ય અહીં પધાર્યા છે.' જેથી નગરના લોકો તેમને વંદન કરવા નીકળ્યા અને નરસિંહ રાજા પણ ગજ, અશ્વ, રથ, યોધા તેમજ અંતઃપુર સહિત, આચાર્ય પાસે આવ્યો. ત્યાં મુનિઓ સહિત આચાર્યને ભારે વિનયથી પંચાંગ નમસ્કાર કરી તે પૃથ્વીપીઠ પર બેઠો એટલે ગુરૂ મહારાજે મોહનો ધ્વંસ કરનારી અને સંસારની અસારતા બતાવનારી ધર્મદેશનાનો પ્રારંભ કર્યો—

"મહાસાગરમાં મગ્ન થયેલ વટબીજની માફક દુર્લભ મનુષ્યત્વ પામીને કયો વિચક્ષણ પુરૂષ પ્રમાદ કરે? આયુકર્મની એક ક્ષણ પણ જતી નથી, કારણ કે તે અવિનશ્વર છે; તેથી કરીને આ લોક મૂર્છિત થયેલ છે, તો ઉદ્વેગ રહિત કેમ થાય? અગ્નિજ્વાળાથી બળી રહેલા મકાનમાં શું કોઇ ધીમાન્ નિદ્રા કરવામાં પ્રમાદી બને ખરો? સુખે જઇ શકાય એવા વિદેશમાં જતાં પણ લોકો ભાતું લઇને નીકળે છે, તો વિકટ અને અનંત સંસારની મુસાફરીમાં પુણ્ય-પાથેય લીધા વિના કેમ ચાલે? જે લોકો તે ભાતુ લેતા નથી, તે પોતાની બુદ્ધિથી પ્રતિઘાત પામતાં પગલે પગલે સીદાય છે, પણ કાંઇ સુખ પામી શકતા નથી; પરંતુ સુધર્મરૂપ શંબલવાળા ભવ્યો સિદ્ધિને પામે છે. તેવા બળથી કે ધર્મથી પણ શું કે જે સદ્ધર્મના ઉપચાર—ઉપકારમાં કામ ન આવે? માટે પ્રમાદનો પરિહાર કરી ધર્મમાં સદા તત્પર રહેવું, જીવહિંસાથી નિવૃત્ત અને શુભમાં પ્રવૃત્ત રહેવું. સુતાદિના મોહમાં ફસેલા પ્રાણીઓ પાપ કરે છે અને તે પાપથી સંતપ્ત થઇને અહો! સંસારમાં નિમગ્ન થાય છે. ગજેંદ્રોની જેમ તેઓ અનેકવાર જીવાયોનિમાં બંધાય છે, તેમજ તે અજ્ઞજનો શું શું તીક્ષ્ણ દુઃખ પામતા નથી? એમ સમજીને સર્વથા યતિધર્મનો આદર કરો, કારણકે એ

તીવ્ર દુઃખાગ્નિને શાંત કરવામાં જળધરની ધારા સમાન છે, વળી એ સ્વર્ગ–મોક્ષમંદિરે આરોહણ કરવા નિસરણી સમાન, તેમજ કર્મરૂપ વૃક્ષોને વિદારવામાં તીક્ષ્ણ કુહાડા સમાન છે, વળી અલ્પકાળમાં એ અનુપમ મોક્ષ આપનાર છે; માટે સુખાર્થી તથા શક્તિયુક્ત જનોએ અવશ્ય આદરવા લાયક છે. ”

એ પ્રમાણે સાંભળતાં રાજા કહેવા લાગ્યો—‘ હે ભગવન્ ! તમે જે પ્રમાણે કહો છો, તે રીતે મારા રાજ્યની ચિંતા ટાળીને હું અવશ્ય ચારિત્ર લઇશ. ’ ગુરૂ બોલ્યા—‘ ભવભીરૂ એવા તમ જેવાઓને એ યુક્ત છે. તમે વિઘ્ન ન થાય તેમ એ કામ સત્વર કરો અને પ્રયત્નપૂર્વક પ્રમાદનો ત્યાગ કરો. ’

પછી રાજા પોતાના આવાસમાં ગયો. ત્યાં યોગ્ય કર્ત્તવ્ય કરીને તેણે મંત્રીઓને બોલાવી પોતાનો અભિપ્રાય જણાવ્યો, જે મંત્રીઓએ બરાબર સમજી લીધો. એવામાં પૂર્વે કુમારને શોધવા માટે જે ગુપ્ત પુરૂષોને મોકલ્યા હતા, તેમણે આવી, પ્રણામ કરીને નગરના નિર્ગમનથી માંડીને જયવર્ધન નગરના રાજ્યની પ્રાપ્તિ સુધીનો કુમારનો બધો વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો, જે સાંભળતાં રાજા બહુજ સંતુષ્ટ થયો અને તેમને ધારણ કરતાં અધિક ધન આપીને સંતુષ્ટ કર્યા. પછી રાજાએ કુમારને લાવવા માટે બુદ્ધિસાગર પ્રમુખ મંત્રીઓને મોકલ્યા. તેઓ સતત પ્રયાણ કરતા જયવર્ધન નગરે પહોંચ્યા. તેમનું આગમન જાણવામાં આવતાં નરવિક્રમ પરિજન સહિત તેમની સન્મુખ આવી, મોટા આડંબરથી તેમને પ્રવેશ કરાવ્યો. પોતાના પિતા સમાન તેણે તેમનો આદર–સત્કાર કર્યો અને પ્રસંગે આગમનનું પ્રયોજન પૂછતાં તેમણે નિવેદન કર્યું કે—‘ હે કુમાર ! રાજાને દીક્ષા લેવાની ઇચ્છા છે, જેથી તે તમને રાજ્યભાર આપવા ધારે છે; માટે તમને ત્યાં તેડી જવા નિમિત્તે અમને મોકલ્યા છે. ’ એમ સાંભળતાં તરતજ પોતાના મોટા પુત્રને રાજ્ય પર બેસારી સમગ્ર સેના સહિત તે મંત્રીઓ સાથે ચાલ્યો અને અનુક્રમે જયંતી નગરીના પાદરમાં આવી પહોંચ્યો. એટલે તેનું આગમન જાણવામાં આવતાં નરસિંહ રાજા ચંપકમાલા રાણી સહિત બહુ દૂર તેની સામે આવ્યો. ત્યાં પોતાના તાતને આવતો જોઇ ભારે પ્રહર્ષ પામી દૂરથીજ હાથીપરથી નીચે ઉતરી, મંત્રીઓ સહિત જઇને તે માતાપિતાના પગે પડ્યો. લાંબા વખતના દર્શનથી આનંદ પામતા માતાપિતાએ તેને ગાઢ આલિંગન આપીને પોતાના ઉત્સંગમાં બેસાર્યો. રાજાએ કુમારને શરીર–આરોગ્ય પૂછ્યું અને ક્ષણવારે તેઓ બધાં પોતાના આવાસમાં પહોંચ્યા. પછી પ્રસ્તાવે રાજાએ નગરીથી નીકળ્યા પછીનો બધો વૃત્તાંત કુમારને પૂછતાં કુમારે તે બધો કહી સંભળાવ્યો. એમ લાંબા વખતના દર્શનથી ઉત્પન્ન થતા હર્ષને અનુભવતાં તેમના કેટલાક દિવસો ચાલ્યા ગયા.

એક દિવસે રાજાએ નરવિક્રમને કહ્યું—' હે પુત્ર ! પૂર્વ પુરૂષોએ પ્રવર્તાવેલ માર્ગનું પાલન કરતાં અને શઠ જનોને શિક્ષા કરતાં આટલો કાળ મેં રાજ્ય પાળ્યું, પરંતુ અત્યારે મારા કરતાં શરીર-બળે પુણ્ય-પ્રકર્ષે તથા પરાક્રમમાં તું અધિક સમર્થ હોવાથી રાજ્યનો મહાભાર સ્વીકાર. પૂર્વ-પ્રવાહ પ્રમાણે જનપદ-દેશનું રક્ષણ કર અને હું પૂર્વ પુરૂષોના ધર્મમાર્ગે પ્રવર્ત્તીશ. ' કુમાર બોલ્યો—' હે તાત ! એ વિચારથી વિરામ પામો. તમારા દર્શનનો ઉત્સુક હું લાંબા કાળે અહીં આવ્યો છું, જેથી અત્યારે એ પ્રસ્તુત કાર્યનો પ્રસંગ નથી. હાલ તો તમે અમુક વરસ ઘરવાસમાં રહો. ' રાજાએ કહ્યું—' હે વત્સ ! શ્વેત કેશથી વ્યાપ્ત આ મસ્તકને જોતો નથી શું ? આ હાડપિંજર જેવા શરીરને કેમ અવલોકતો નથી ? અલ્પ ચાવતાં પણ આ દંત-પંકિત કંપતી રહે છે, દૃષ્ટિથી વસ્તુ જોવાનું કામ થતું નથી, આખા શરીરે વળિ વ્યાપ્ત છે; તેમજ સમસ્ત કામ સાધવામાં દેહ પણ અશક્ત બનેલ છે. હે પુત્ર ! મારી આવી સ્થિતિ શું તું સાક્ષાત જોઇ શકતો નથી ? એમ પશ્ચિમ દિશામાં પહોંચેલ રવિબિંબ અને પ્રભાતના શશિમંડળ સમાન, અત્યંત જીર્ણ થયેલ વૃક્ષના પત્રતુલ્ય તથા અસ્ત પામેલા સૂર્યના વખતે સંકોચ પામતા કમળવન સમાન, પૂર્વની શોભા નષ્ટ થતાં પોતાના શરીરની અસ્તવ્યસ્ત અવસ્થા સાક્ષાત્ જોયા છતાં હું એક ક્ષણવાર પણ ઘરમાં કેમ રહી શકું ? માટે એવો આગ્રહ મૂકી દે, મારૂં વચન માન્ય રાખ અને ધર્મમાં સ્હાય કરનાર થા. ' એટલે તાતનો નિશ્ચય જાણી, પૂર્વે કદિ ન અનુભવેલ દુઃખથી દબાતાં જાણે વજ્રથી તાડિત થયો હોય, જાણે લેપથી ઘડાયેલ હોય, જાણે પત્થરમાં કોતરાયેલ હોય અથવા જાણે ચિત્રમાં આળેખાયેલ હોય તેમ ક્ષણવાર સ્થિર બેસીને તે અત્યંત રોવા લાગ્યો; એટલે રાજાએ કોમળ વચનોથી તેને શાંત કર્યો. કુમારે મહાકષ્ટે રાજ્યાભિષેક કબૂલ કર્યો. પછી પ્રશસ્ત દિવસ આવતાં સર્વ સામગ્રી સહિત મંત્રી, સામંત, મિત્ર પ્રમુખ મહાજન સમક્ષ રાજાએ નરવિક્રમને પોતાના સિંહાસન પર બેસાર્યો અને એક સો આઠ કળશોવડે મહાવિભૂતિપૂર્વક રાજ્યાભિષેક કર્યો. એટલે સામંતો તથા નગરના પ્રધાન જનોએ તેને પ્રણામ કર્યા. પછી રાજાએ ભારે આદરપૂર્વક તેને શીખામણ આપતાં જણાવ્યું કે—" હે વત્સ ! જો કે તું પોતે ન્યાય, વિનય, સત્યાદિ ગુણગણરૂપ મણિઓનો ભંડાર-મહાસાગર છે, તથાપિ કંઇક તને શિખામણ આપવાની જરૂર છે. આ રાજ્યલક્ષ્મી પડલ વિનાના અંધત્વરૂપ, મદ્યપાન વિના મદજનક અને સૂર્ય-ચંદ્રના કિરણોને અસાધ્ય અંધકારરૂપ છે; માટે તારે એવી રીતે વર્ત્તવું કે ચંદ્રમા સમાન ધવલ કુળને કલંક ન લાગે, લાંબા વખતથી સતેજ થયેલ પ્રતાપ-પાદપ-વૃક્ષ ખંડિત ન થાય, નીતિ-ક્રમ-

લિની ગ્લાનિ ન પામે, શઠ પુરૂષો ઉચ્છૃંખલ ન બને, પ્રજા વિરક્ત ન થાય તથા ભારે કરના ભારથી જેમ દેશ ન પીડાય. હે પુત્ર! એ પ્રમાણે વર્ત્તતાં આ લોકમાં તને સમસ્ત વાંછિત સિદ્ધિ ઇચ્છા પ્રમાણે થશે અને પરલોક સુધરશે, તેમાં તો શંકા જ શી ?" એમ પુત્રને શિખામણ આપીને નરસિંહ રાજા **સામંતભદ્રસૂરિ** સમીપે ચાલ્યો. એટલે નરવિક્રમ રાજાએ તેના નિષ્ક્રમણ નિમિત્તે એક હજાર માણસો ઉપાડે તેવી શિબિકા-પાલખી તૈયાર કરાવી. પછી સ્નાન-મજ્જનાદિક કરી, સર્વ અલંકારોથી ભૂષિત થઇ નરસિંહ ભૂપાલ તેના પર આરૂઢ થયો, ત્યાં પ્રવર ભૂષણ-ભૂષિત અને પવિત્ર વસ્ત્રધારી બલિષ્ઠ પુરૂષોએ તે શિબિકા ઉપાડી. એટલે મહાદાન દેવામાં આવતાં, ચાર પ્રકારના વાજીંત્ર વાગતાં, માગધજનો સ્તુતિ પઢતાં, ગવૈયાઓનું ગાયન ચાલતાં, નાગરાંગનાઓના મંગલગીતના ધ્વનિ થતાં અને વારાંગનાઓનું નૃત્ય પ્રવર્ત્તતાં મહાવિભૂતિપૂર્વક નરસિંહ રાજા નગરીની બહાર નીકળી આચાર્ય પાસે ગયો અને શિબિકા પરથી નીચે ઉતરી, ત્રણ પ્રદક્ષિણા આપી તે ગુરૂના પગે પડી, લલાટ પર અંજલિ જોડી ગુરૂને કહેવા લાગ્યો કે 'હે ભગવન્! જૈની દીક્ષા આપી હવે મારો ઉદ્ધાર કરો.' એટલે ગુરૂ મહારાજે તે વચન સ્વીકારતાં, ઇશાનખુણે આભરણો ઉતારી, એક વસ્ત્ર ધારી, શાંતભાવે શુભ લેશ્યા વૃદ્ધિ પામતાં નરસિંહ નરપતિને સિદ્ધાંતમાં કહેલ યુકિત પ્રમાણે કર્મ-મહાપર્વતને તોડવામાં વજ્ર સમાન એવી નિર્દોષ દીક્ષા વિધિપૂર્વક આપી અને શિક્ષા આપતાં જણાવ્યું કે—'હે ભદ્ર! સંસાર-સાગરમાં નાવ સમાન તેં આ પ્રવ્રજ્યા ધારણ કરી છે, માટે બરાબર સદ્દ્યમ કરજે. વળી હે મહાનુભાવ! દુઃખના કારણરૂપ તથા પાપમિત્ર એવા વિષય-કષાયો સાથે એક ક્ષણ પણ સંસર્ગ કરીશ નહિ. સદા ઉપયોગપૂર્વક ચાલજે, આ પ્રમાણે આહાર કરજે, આ પ્રમાણે શયન કરજે અને આ પ્રમાણે બોલજે.' એ રીતે ગુરૂએ આપેલ શિક્ષા સ્વીકારી, છઠ્ઠ, અઠ્ઠમ અને માસખમણથી શરીર ક્ષીણ કરતાં, ગામ, નગરાદિક પ્રત્યે અપ્રતિબદ્ધપણે વિચરતાં, યતિધર્મના વિધિનો સંપૂર્ણ અભ્યાસ કરી, શાસ્ત્રમાં બતાવેલ અનુષ્ઠાનમાં તલ્લીન બની, લક્ષ્મીની જેમ સંયમની રક્ષા કરતાં સર્વ કર્મને ખપાવી નરસિંહ મુનિ મોક્ષપદને પામ્યા. તેમજ નરવિક્રમ રાજા પણ બંને રાજ્ય ભોગવી, પોતાના પુત્રને રાજ્યગાદી સોંપી, સમ્યક્ત્વ પામતાં પ્રાંતે દીક્ષા પાળી, દુષ્કર તપ આચરીને તે **માહેંદ્ર** દેવલોકમાં દેવતા થયો.

હે નંદન નરેશ! પૂર્વે તેં જે મને પૂછયું, તે એ પુરૂષરત્નોનું ચરિત્ર મેં તને કહી સંભળાવ્યું. એ સાંભળતાં હે રાજન્! તું પણ ધર્મમાં એવી રીતે ઉદ્યમ કર, કે જેથી અલ્પકાળમાં ઉત્તમ પુરૂષોના એક દૃષ્ટાંતરૂપ થાય."

એ પ્રમાણે સાંભળી સંયમનો ભાવ થતાં નંદન રાજા ગુરૂને વિનંતી કરવા લાગ્યો—' હે ભગવન્ ! મહાતાપથી તપ્ત થયેલા પ્રાણીને તમે અમૃતની વૃષ્ટિ સમાન, ક્ષુધાતુરને શ્રેષ્ઠ ખાદ્યના ભંડારતુલ્ય, દૌર્ભાગ્ય–ચક્રથી આક્રાંત થયેલાને ચિંતામણિ સમાન, અંધકારથી દુરાલોક ગિરિગુફામાં ગયેલાને પ્રકાશ દીપકતુલ્ય, મહાસાગરમાં પડેલાને આધારદ્વીપ સમાન તથા વિકટ અટવીમાં ગોથા ખાતા જનને પ્રશસ્ત સાર્થવાહ સમાન એવા તમે મહાભાગ્યે મને પ્રાપ્ત થયા છો; તો હે પરમગુરૂ ! હે કરૂણા–કુળભૂષણ ! આ પ્રવાહથી અનાદિ, અતિ ભયંકર, અપરિમિત મિથ્યાત્વરૂપ જળના સમૂહથી અગાધ, મોહરૂપ મહા–આવર્તવડે દુસ્તર, નિરંતર પ્રગટ થતા જન્મ–મરણરૂપ કલ્લોલની શ્રેણિથી વ્યાપ્ત, કષાયરૂપ કાદવથી ભરેલ, વિવિધ રીતે આવી પડતા રોગરૂપ નક્ર–જળજંતુના સમુદાયથી આકુળ–સંપૂર્ણ, વિચાર–ગોચરમાં આવતા અજ્ઞાન–અંધકારથી ગહન, સ્વભાવે દુર્ગમ્ય, ભીષણ, વિપાકદારૂણ, નિર્ગુણ, ક્લેશ, આયાસાદિ દુઃખ અને સંક્ષોભના કારણરૂપ, કાયર જનોને સંગ્રામની જેમ ભયંકર તથા સર્વથા ચિંતવતાં પણ રોમાંચ પ્રગટાવનાર એવા ભવસમુદ્રથી, સુબદ્ધ, જ્ઞાન, દર્શનવિધિવડે જેના છિદ્રો આચ્છાદિત છે, સંવરરૂપ વજ્રલેપથી જે અત્યંત જડેલ છે, તપરૂપ પવનના વેગથી જે વૈરાગ્ય–માર્ગે સંલગ્ન છે, પરસમયરૂપ કલ્લોલ–તરંગોથી જે અક્ષોભ્ય છે તથા અનેક શીલાંગરૂપ હજારો રત્નોથી જે પરિપૂર્ણ છે એવા નિરવદ્ય સંયમરૂપ યાનપાત્રવડે તમે કર્ણધાર–સંચાલક બની મને સત્વર પાર ઉતારો, એમ હું ઇચ્છું છું.” એટલે આચાર્ય બોલ્યા—' હે મહારાજ ! હવે કંઇ પણ પ્રતિબંધ કરીશ નહિ. ' પછી નંદન નરેંદ્ર પુત્રને રાજ્યભાર સોંપી, વ્યાધિની જેમ રાજલક્ષ્મી મૂકી, પંજરથકી પક્ષીની જેમ તે ગૃહવાસથકી નીકળ્યો અને પંચ સમિતિયુક્ત, ત્રિગુપ્તિ–ગુપ્ત, પરિષહોને જીતનાર, જિતેંદ્રિય તથા પાપને શમાવનાર એવો શ્રમણ થયો. એટલે અનુક્રમે અગીયાર અંગ ભણી, કૃત કર્મો કે જે પૂર્વે આલોચેલાં નથી તેને ખપાવવા, કંઇ પણ ક્ષોભ પામ્યા વિના અને કાયર જનોને દુશ્ચરણીય એવા ઘોર માસખમણ તપોવિધાનથી શરીરને શોસાવતાં અપ્રતિબદ્ધપણે તે વિચરવા લાગ્યા; તેમજ તીર્થંકરપણાના ખાસ કારણભૂત એવાં વીશ સ્થાનકોને તેઓ આ પ્રમાણે ભાવથી આરાધવા લાગ્યા—

સર્વ જગતજીવના નિષ્કારણ બાંધવ સમાન, કષાયને જીતનાર તથા મોક્ષ–માર્ગના સાર્થવાહ એવા જિનેશ્વરોની તે યથાર્થ વાણીથી સ્તુતિ કરતા; જરા અને મરણના ભય રહિત, અનંત, અક્ષય અને અચલ એવા મોક્ષને પ્રાપ્ત થયેલા પરમેશ્વર અને અખંડ સુખના ભોગી એવા સિદ્ધાત્માઓને નમસ્કાર કરતા; જ્ઞાન, ચારિત્ર અને દર્શનરૂપ મહાભાર ઉપાડવામાં સમર્થ એવા ચતુર્વિધ શ્રીસંઘને

એક શરણરૂપ માનતા, કરૂણાના નિધાન, પંચવિધ આચાર પાળવામાં ધીર, અને સમસ્ત પ્રાણીઓ પ્રત્યે અનુગ્રહ કરતા એવા ગુરૂની સમ્યક્પ્રકારે પ્રશંસા કરતા; સદ્ધર્મમાં શિથિલ થયેલા પ્રાણીઓને ધર્મમાં સ્થિર સ્થાપતા તથા પર્યાયપ્રમુખથી મોટા એવા સાધુ મહાત્માઓની શ્લાઘા કરતા; સ્વ–પરસમયની ગાઢ શંકાને દૂર કરનાર એવા બહુશ્રુત પ્રવર શ્રમણોની શુશ્રૂષા કરતા; માસ, બે માસ, ત્રિમાસ પ્રમુખ વિવિધ તપોવિધાનમાં તત્પર એવા તપસ્વીઓની વિશ્રામણા આચરતા, અંગ કે અંગબાહ્યરૂપ તથા સર્વજ્ઞ ભગવંતે નિશ્ચિતાર્થ કરેલ એવા શ્રુતને વિષે નિરંતર લીન અને તેના અર્થના ચિંતનમાં તત્પર રહેતા; તત્ત્વાર્થની સદ્દહણાપ્રધાન સમ્યક્ત્વરૂપ પ્રવર વસ્તુમાં પ્રયત્નપૂર્વક શંકાદિ દોષ પરિહરતા; જ્ઞાનાદિકના ઉપકા( ચા )રપ્રમુખ અનેક પ્રકારના વિનયમાં નિપુણ બુદ્ધિવડે અતિચારને તજતા; પ્રતિલેખના, પ્રમાર્જનાપ્રમુખ વિવિધ આવશ્યક વિધિમાં ધર્મમાં પરાયણ રહી, પ્રતિદિન અતિક્રમથકી આત્માને બચાવતા; શીલમાં પિંડ, ઉદ્ગમપ્રભૃતિ દોષને ટાળી, પાંચે મહાવ્રતો તેમજ પ્રાણાતિપાતાદિકમાં લાગેલ માલિન્યને શોધતા પ્રતિસમયે સંવેગાદિ ભાવના ભાવવામાં પરાયણ રહી પોતાના દેહપ્રત્યે પણ સદા મમત્વ–બુદ્ધિને તજતા; બાહ્ય અને આભ્યંતર બાર પ્રકારના ઘોર તપ–કર્મ પ્રતિદિવસ આચરતાં પોતાની શક્તિને ન ગોપવતા; ધર્મથી ઉપકાર કરતા સાધુઓને વસ્ત્ર, કંબળ-પ્રમુખ ઉપકરણ આપતા અને ક્રોધાદિકનો સદા ત્યાગ કરતા; આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, સ્થવિર, પ્રવર સાધર્મી, કુળ–ગણ, ગ્લાન તથા સંઘના વૈયાવૃત્ય–વૈયાવચ્ચમાં પ્રવર્તતા; તેમજ તથાવિધ આપદના વશે ખિન્ન થતા એજ મહાત્માઓને ઔષધ–દાનાદિકવડે સમાધિભાવ પ્રગટાવતા; અક્ષર, પદ, ગાથા, શ્લોક કે જે સર્વદા અપૂર્વશ્રુત છે, તે સૂત્રાર્થ ભણ્યા છતાં શ્રુતાનુરાગથી તેનો અભ્યાસ કરતા, તથા શ્રુતની ભક્તિ, બહુમાન, તેમાં બતાવેલ અર્થોનું સમ્યક્ચિંતન, વિધિથી તેનું ગ્રહણ એ વિગેરે યથાર્થપણે નિત્ય પ્રકાશતા; ભવ્યાત્માઓને ધર્મ કહેવાથી પ્રતિદિવસ પ્રવચનની પરમ ઉન્નતિ કરતા અને શુદ્ધ ચિત્તથી શ્વેતાંબર–માર્ગને સાધતા એવા તે નંદન મહામુનિ એ રીતે વીશ સ્થાનકો આરાધી, તે ઉન્નત આત્માએ તીર્થંકરનામ ગોત્ર–કર્મ ઉપાર્જન કર્યું.

પછી પ્રમાદનો પરિહાર કરતા તે મહાત્મા એક લાખ વરસ સાધુ–પર્યાય પાળી, પ્રાંત સમયે પોતાના દુશ્ચરિત્રને આલોચી, પંચ મહાવ્રત ઉચ્ચારી, સર્વ પ્રાણીઓને ખમાવી, માસિક સંલેખના ધારણ કરી, પંચ નમસ્કારના ધ્યાનમાં તલ્લીન બની, સમાધિપૂર્વક મરણ પામતાં તે પ્રાણત દેવલોકને વિષે પુષ્પાવતંસક નામના વિમાનમાં દેવતા થયા, ત્યાં ભારે હર્ષથી પોતાના પરિજનવડે પરિવૃત થઈ તે વિમાનમાં તેણે વીશ સાગરોપમ સુધી દિવ્ય સુખ ભોગવ્યું.

પછી આયુકર્મ પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવી આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં **માહણ–બ્રાહ્મણકુંડ** ગામને વિષે સમસ્ત વેદ–વિદ્યામાં વિચક્ષણ એવા **ઋષભદત્ત** બ્રાહ્મણની **દેવાનંદા** નામે ભાર્યાના ઉદરમાં તે નંદનનો જીવ, કે જેણે મરીચિના ભવમાં કુળમદથી નીચ ગોત્ર–કર્મ ઉપાર્જન કર્યું હતું, તેના યોગે આષાઢ મહિનાની શુક્લ છઠ્ઠના દિવસે હસ્તોત્તર નક્ષત્રમાં તે પુત્રપણે અવતર્યા. એટલે તે રાત્રે સુખે સુતેલ દેવાનંદાએ **ગજ, વૃષભ**પ્રમુખ ચૌદ મહાસ્વપ્નો જોયાં, જેથી પૂર્વે તેવા પ્રકારનાં સ્વપ્નો કદિ જોયેલ ન હોવાથી તે જોતાં ભારે હર્ષ પામતી તે ઋષભદત્ત પોતાના સ્વામી પાસે ગઈ અને ચૌદે સ્વપ્નો તેણે કહી સંભળાવ્યાં. ઋષભદત્તે તે બરાબર ચિંતવીને પત્નીને જણાવ્યું કે—' હે પ્રિયે ! એ સ્વપ્નોના પ્રભાવથી તને ધનલાભ, પાંચ પ્રકારના વિશિષ્ટ ભોગનો લાભ તથા આરોગ્ય અવશ્ય પ્રાપ્ત થશે. વળી **ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ** અને **અથર્વણ** એ ચારે વેદમાં વિચક્ષણ તથા જનપ્રસિદ્ધ એવા પુત્રરત્નને તું કંઇક નવ માસ અધિક થતાં જન્મ આપીશ ' એ પ્રમાણે સાંભળતાં ભારે હર્ષ પામી, કુવિકલ્પ તજીને તે પોતાના આવાસમાં ગઇ અને સમ્યક્પ્રકારે ગર્ભને ધારણ કરવા લાગી. જે દિવસથી ચિંતામણિ સમાન જિનેશ્વર ગર્ભમાં ઉત્પન્ન થયા, તે દિવસથી ઋષભદત્તના ઘરમાં હાથી, ઘોડા, રત્નપ્રમુખ સમાતા ન હતા. વળી સતત હોમ કરતાં ઉછળતા ધૂમથી શ્યામ થયેલ આકાશને જોતાં અકાળે પણ હંસોને મહામેઘની આશંકા થઇ પડી.

હવે અહીં ભગવંતને ગર્ભમાં આવતાં બ્યાશી દિવસ વ્યતીત થયા. બ્યાશીમા દિવસે **સૌધર્મ** દેવલોકનો સ્વામી ઇંદ્ર **સૌધર્મા** નામની સભામાં બેઠો, કે જે બત્રીશ લાખ વિમાનો, ચોરાશી હજાર સામાનિક દેવો, પ્રધાન જેવા તેત્રીશ ત્રાયસ્ત્રિંશક, ચાર લોકપાલ, આઠ અગ્રમહિષી, ત્રણ પર્ષદા, સાત સેના, સાત સેનાપતિ, ચોરાશી હજાર આત્મરક્ષક દેવો તેમજ અન્ય દેવ–દેવીઓનું સ્વામિત્વ ભોગવતો. અસ્ખલિત અને વિપુલ અવધિ જ્ઞાનવડે હસ્તકમળમાં રહેલા મુક્તાફળની જેમ આ જંબૂદ્વીપને અવલોકતાં તેણે બ્રાહ્મણદયિતાની કુક્ષિમાં અવતરેલા ભગવંત ચરમ તીર્થપતિને જોયાં. એટલે આનંદથી જેના લોચન–કમળ વિકસિત થયાં છે, હર્ષવડે જેના શરીરે રોમાંચ પ્રગટ્યા છે, ભારે પ્રમોદને લીધે જેના કડાં, કંકણ, બાજુબંધ, મુગટ, કુંડલાદિક આભૂષણ સ્વસ્થાનથી ચલાયમાન થયાં છે. એવો ઇંદ્ર તત્કાલ સિંહાસન તજી, પાદપીઠથકી નીચે ઉતર્યો; અને પદ્મરાગ મણિ, રિષ્ટ તથા પ્રવર વજ્રરત્નના ખંડથી મઢેલ પાદુકા–મોજડી મૂકી, સાંધા વિનાના એક વસ્ત્રનું ઉત્તરાસંગ કરી, લલાટ પર અંજલિ જોડી, સાત આઠ પગલાં તે તીર્થંકરની અભિમુખ ગયો. પછી વામ જાનુ–ઢીંચણ જરા સંકોચી, દક્ષિણ જાનુ પૃથ્વી પર સ્થાપન કરી, ત્રણ વાર તેણે ધરણીતલ પર પોતાનું

મસ્તક નમાવ્યું; તેમજ મસ્તકે અંજલિ જોડી પરમ ભક્તિથી તે લાંબો વખત આ પ્રમાણે ભગવંતની સ્તુતિ કરવા લાગ્યો—

" હે નાથ ! આંતર શત્રુનો નાશ કરનાર, ધર્મની આદિ કરનાર, સ્વયમેવ બોધ પામનાર, પુરૂષોત્તમ, પ્રસિદ્ધ ધર્મ–તીર્થ પ્રવર્તાવનાર એવા હે જિન ભગવન્ ! આપને નમસ્કાર છે. વળી હે નિષ્કામી ! સમસ્ત સમૃદ્ધિ પામનાર, નિરૂપદ્રવ, અચલ, અનંત સુખ સંપાદિત કરનાર, બાધા રહિત તથા સંસારરૂપ ભયંકર અટવીમાં પડેલા પ્રાણીઓને સાર્થવાહ સમાન એવા હે દેવ ! તમે જયવંતા વર્તો. હે પરમેશ્વર ! તમે ત્યાં ગર્ભગત છતાં અસ્ખલિત જ્ઞાન–લોચનથી કિંકરતુલ્ય અને અહીં રહીને પણ નમસ્કાર કરતાં એવા મને આપ જોઈ શકો છો. "

એ પ્રમાણે સ્તુતિ કરી, પૂર્વાભિમુખ સિંહાસન પર બેસતાં દેવેંદ્રને આવા પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો—" અહો ! તીર્થંકર ભગવંત કદાપિ તુચ્છકુળ, દરિદ્રકુળ, કૃપણકુળ કે ભિક્ષુકકુળને વિષે ઉત્પન્ન થયા નથી, થતા નથી અને થશે પણ નહિ; પરંતુ સમસ્ત ભવનમાં શ્લાઘનીય એવા ઉગ્રભોગી રાજકુળ, ક્ષત્રિયકુળ, ઇક્ષ્વાકુકુળ, હરિવંશપ્રમુખ કુળને વિષે ઉત્પન્ન થાય છે, છતાં કદાચ કોઇ કર્મવશે હીનકુળમાં અવતર્યા હોય, તોપણ જન્મ પામ્યા પહેલાં ઇંદ્રો તેમને ઉત્તમ કુળમાં સંક્રમાવે છે, કારણકે તેમની આજ્ઞાને શિરસાવંદ્ય કરનારા ઇંદ્રોનો એ આચાર છે; માટે મારી પણ એ ફરજ છે કે એ ચરમ તીર્થનાથને આ બ્રાહ્મણ–કુળથકી સંક્રમાવી **કાશ્યપ** ગોત્રના **સિદ્ધાર્થ** નરેંદ્રની વાશિષ્ઠ ગોત્રની **ત્રિશલાદેવીના** ઉદરમાં સ્થાપન કરૂં, અને ત્રિશલાનો ગર્ભ દેવાનંદાની કુખમાં સંક્રમાવું. " એમ ચિંતવી ઇંદ્રે પોતાના **હરિણગમેષી** સેનાપતિને ત્રિશલાદેવીના ઉદરમાં ગર્ભ સંક્રમાવવાની આજ્ઞા કરી. એટલે ઇંદ્રનો આદેશ થતાં ઉત્તર વૈક્રિયરૂપ ધારણ કરી તે હરિણગમેષી દેવ મન અને પવનના જેવી ગતિથી તરતજ દેવાનંદા બ્રાહ્મણી પાસે પહોંચ્યો. તેને અવસ્વાપિની નિદ્રા આપીને તેના ગર્ભમાંથી ભગવંતનું અપહરણ કર્યું. એવામાં તે બ્રાહ્મણી પણ તત્કાલ પોતાના વદન–કમળમાંથી ચૌદ મહાસ્વપ્નો પ્રતિનિવૃત્ત થતાં જોઇ નિદ્રા રહિત થઇ. જાણે ઉરસ્થળમાં ગાઢ તાડના પામી હોય અથવા જાણે જરાના યોગથી વિધુર–વ્યાકુળ બની હોય તેમ શરીરે નિસ્તેજ બની—' અહા ! મારા ગર્ભનું હરણ થયું. ' એમ લાંબો વખત પોતાના આત્માને નિંદતી, હસ્તતલ પર કપોલ રાખી તે ભારે શોક કરવા લાગી.

એવામાં આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના તિલક સમાન, ભારે ઉંચા કિલ્લાને લઇને વિપક્ષના પક્ષ તરફથી થતા ભયને પ્રતિહત કરનાર તથા વિચિત્ર પ્રાસા-

દ્રોની પંક્તિના શિખરોથી દિશાના ભાગને રોકનાર એવું **ક્ષત્રિયકુંડ** નામે નગર હતું. ત્યાં કોયલના કંઠમાં જ માત્ર કૂંણુતા હતી, પણ માણસોમાં પાપ ન હતું; માત્ર શબ્દશાસ્ત્ર-વ્યાકરણમાં જ સર્વ અપહાર કે લોપ હતો, પણ લોકો ચોરાદિકના ભયથી રહિત હતા; કમળનાળમાં જ માત્ર કાંટા હતા, પણ લોકોમાં ઇર્ષ્યા કે દ્વેષ ન હતા; ધનુષ્યદંડમાં જ માત્ર કુટિલતા હતી, પણ લોકોમાં વક્રતા ન હતી, પ્રમદા-પયોધરમાં જ માત્ર કઠિનતા હતી, પણ લોકોમાં ન હતી; રજનીકર-ચંદ્રમાને જ માત્ર મિત્ર સૂર્ય વિરોધ હતો, પણ લોકોમાં મિત્રવિરોધ ન હતો; તથા નીકના જળમાત્રમાં બંધ હતો, પણ લોકોમાં બંધન ન હતું. વળી જ્યાં લોકો વિદ્યાવંત, પ્રિય બોલનાર, કરૂણા તત્પર, કુબેરની જેમ સતત દાનમાં રસિક, મહાવૃક્ષની જેમ પક્ષીઓના આધારરૂપ, પક્ષે ગુણી જનના પક્ષપાતી, શિકારીની જેમ કુતરાંનો સંગ્રહ કરનાર, પક્ષે સાર અને પરિમિત વસ્તુનો સંગ્રહ કરનાર, ગ્રૈવેયક દેવતાઓની જેમ અનિંદ્ર-સ્વામિત્વ રહિત, પક્ષે નિંદાવર્જિત તથા શરદઋતુના સલિલની જેમ અકલુષ-કલેશ રહિત હતા. તેમજ જ્યાં ચોતરફ સદા ખેંચાતા રેંટના ઘટોથી નીકળતા જળવડે સિંચન કરાતા, સર્વ ઋતુઓના ફળ-ફુલથી મનોહર જાંબૂ, જંબીર, ખજ્જુરી, તાલ, તમાલપ્રમુખ વૃક્ષોથી મંડિત, તથા નંદનવનને પરાસ્ત કરનાર એવાં ઉદ્યાનો શોભતા હતાં. તથા જે નગર ત્રિભુવનની લક્ષ્મીનું જાણે સંકેતસ્થાન હોય, વિવિધ આશ્ચર્યોની જાણે ઉત્પત્તિ-ભૂમિ હોય, શંગારનું જાણે લીલા-ભવન હોય, ધર્મનો જાણે આવાસ હોય અને વસુંધરા-રમણીનું જાણે મુખ-મંડન હોય તેવું શોભતું હતું. ત્યાં પુરંદરની જેમ ભૂધર-રાજા અથવા પર્વતના પક્ષને છેદનાર, મુનિની જેમ શમરસમાં લીન, પક્ષે સંગ્રામમાં સાવધાન, ઐરાવણની જેમ દાન-મદજળયુક્ત, સમુદ્રની જેમ મર્યાદામાં વર્તનાર, અનેક રાજાઓએ જેના ચરણ-કમળમાં પોતાના મસ્તક નમાવેલ છે તથા સર્વત્ર પ્રસિદ્ધ એવો **સિદ્ધાર્થ** નામે રાજા રાજ્ય કરતો હતો, કે જેના રિપુજનનું ભવન હરિ-અશ્વ અથવા વાનરના બાળકોથી વ્યાપ્ત અને ભ્રમણા કરતી અનેક અગ્રમહિષી-પટરાણીઓ અથવા ભેંસોથી પરિવૃત તે શૂન્ય છતાં વસતિયુક્ત ભાસતું હતું. જેના જયવાદ્યો વાગતાં કેટલાક શત્રુઓ ભાગી છૂટયા અને કેટલાક પ્રણામ કરતા તાબે થયા, જેથી તેને સંગ્રામ-સુખ તો પ્રાપ્ત જ ન થયું. તેને, મન્મથને રતિ સમાન, કૃષ્ણને લક્ષ્મીતુલ્ય તથા બધા અંતઃપુરમાં પ્રધાન અને રૂપાદિ ગુણોથી અભિરામ એવી **ત્રિશલા** નામે પટરાણી, યથાર્થ નામધારી **નંદિવર્દ્ધન** નામે પુત્ર અને **સુદર્શના** નામે પુત્રી હતાં.

હવે આષાઢ મહિનાની કૃષ્ણ ત્રયોદશીના દિવસે અર્ધરાત્રે હસ્તોત્તર નક્ષત્રમાં હંસના પક્ષ સમાન સુકુમાળ અને સુંદર, દધિપિંડ સમાન શ્વેત વસ્ત્રથી

આચ્છાદિત અને ગંગાના તટ સમાન વિશાલ એવી શય્યામાં સુખે સુતેલ ત્રિશલાદેવીનો પૂર્વ ગર્ભ દેવાનંદાની કુખમાં સંક્રમાવી, દિવ્ય શક્તિથી અશુભ પુદ્ગલો પરાસ્ત કરી, પૂર્વે વર્ણવેલ તે હરિણગમેષી દેવ, ભગવંતને ત્રિશલાની કુક્ષિમાં સ્થાપન કરીને પ્રણામપૂર્વક પાછો ચાલ્યો ગયો. ગર્ભના પ્રભાવથી પાછલી રાતે ત્રિશલા રાણીએ આ પ્રમાણે ચૌદ મહાસ્વપ્નો જોયાં:—ગંડસ્થળથકી ઝરતાં મદજળની ગંધને લીધે ઉત્કટ, ગર્જારવ કરતો અને સુદંતયુક્ત એવો **મહાહસ્તી,** શુચિ અને લાંબા પુચ્છને ઉછાળતો, સારા શૃંગયુક્ત, ઉન્નત અને ગર્જનાવડે ઉત્કટ એવો **વૃષભ,** કેસરના રસ-રાગ સમાન કેસરાના આડંબર સહિત અને ઘોર ગર્જનાથી ગગનને પૂરનાર એવો **કેસરીસિંહ,** હસ્તીના કર-સુંઢમાં રહેલ કળશોવડે મજ્જન-સ્નાન કરનાર તથા ઉત્કટ કામાર્થી જનો જેની આજ્ઞા ઉઠાવી રહ્યા છે એવી **લક્ષ્મીદેવી,** માલતી, મલ્લિકા, કમળથી શોભતી, મધુકરોથી વ્યાપ્ત તથા અમ્લાન એવી **પુષ્પમાળા,** કિરણજાળને મૂકતો સુંદર **ચંદ્રમા** તથા તિમિરપ્રસારને પરાસ્ત કરનાર અને અતિ ઉગ્ર એવો **સૂર્ય,** સ્ફટિક રત્નના દંડાગ્રે ચલાયમાન એવો **શ્વેત ધ્વજ** તેમજ શ્રેષ્ઠ કમળના ગંધવડે ઉત્કટ એવો **પૂર્ણકળશ,** કુમુદ અને કમળથી રમ્ય મહાન્ **સરોવર** તથા ઘણા કલ્લોલથી પૂર્ણ એવો **સાગર,** વિવિધ મણિઓના થંભથી શોભાયમાન શ્રેષ્ઠ **વિમાન** તથા કાંતિવડે ગગનને ચિત્ર-વિચિત્ર કરનાર એવો **રત્નસમૂહ** તેમજ ધૂમ રહિત **અગ્નિ** એ બધાં સ્વપ્નને પોતાના મુખમાં પ્રવેશ કરતા દેવીએ જોયાં. એ સ્વપ્નો જોઇ હર્ષથી રોમાંચ અને પરમ આનંદને ધારણ કરતી **ત્રિશલા**દેવી તરતજ સિદ્ધાર્થ રાજા પાસે આવી અને તેણે ચૌદ મહાસ્વપ્નો જોવાનો વ્યતિકર રાજાને કહી સંભળાવ્યો. એટલે તેણે પણ પોતાની બુદ્ધિ પ્રમાણે બરોબર ચિંતવીને કહ્યું કે—'હે સુંદરી! તને, સઘળા નરેંદ્રોને વંદનીય, અનુપમ પરાક્રમથી બધા શત્રુઓને આક્રાંત કરનાર, અપ્રતિમ પ્રતાપથી રવિ-મંડળને જીતનાર અને અનુપમ સત્ત્વશાળી એવો પુત્ર થશે.' પતિનું એ વચન સ્વીકારી અકથનીય ભારે હર્ષને લીધે મંદ ગતિએ તે પોતાના આવાસમાં ગઇ અને ત્યાં ઉપદ્રવનો પ્રતિઘાત કરનાર, દેવ-ગુરૂસંબંધી મંગળવડે તથા સુખકારી કથાઓવડે શેષ રહેલ રજનીને વ્યતીત કરવા લાગી.

એવામાં પ્રભાત થતાં રાજાએ પણ અષ્ટાંગ નિમિત્તના પરમાર્થના જાણનાર એવા નૈમિત્તિકોને બોલાવ્યા અને તેમને આસન તથા પ્રવર વસ્ત્રાદિકથી સંતોષીને દેવીના ચૌદ સ્વપ્નોનો વૃત્તાંત કહી સંભળાવ્યો. એટલે પરસ્પર બરાબર નિશ્ચય કરીને તેમણે યથાસ્થિત અર્થ નિવેદન કરતાં જણાવ્યું કે—'હે દેવ! આવા પ્રકારના સ્વપ્નોના પ્રભાવે, તમને ધર્મચક્રવર્ત્તી, ત્રણે લોકને પૂજનીય, પોતાના કુળરૂપ આકાશમાં ચંદ્રમા સમાન અને અનુપમ ચારિત્રધારી

એવો તીર્થંકર પુત્ર અવશ્ય થશે.' એ પ્રમાણે સાંભળતાં પરમ હર્ષને ધારણ કરતા રાજાએ તેમને સાત પેઢી સુધી દળદરને દૂર કરનાર તથા ધારણા કરતાં પણ બહુ અધિક દ્રવ્ય-દાન આપી સ્વસ્થાને તેમને વિદાય કર્યા; અને એ વૃત્તાંત તેણે રાણીને કહી સંભળાવ્યો, જે સાંભળતાં તેને ભારે પ્રમોદ થયો. પછી પ્રતિદિન મનોરથ-દોહલા પૂરવામાં આવતાં, જિનના અનુભાવથી રોગ-સંતાપ દૂર થતાં, દેવાંગના સમાન વિલાસ-આનંદમાં વર્ત્તતાં રાણીનો ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો. તે ગર્ભના પ્રભાવથી દેવી આ પ્રમાણે શોભવા લાગી-અંદર સ્થાપવામાં આવેલ રત્નસંચયયુક્ત સ્ફટિક રત્નની ભૂમિ સમાન, સૂર્ય-મંડળ જેમાં સંક્રાંત થયેલ છે એવી મેરૂની ભીંતતુલ્ય, અંતર્ગત રહેલ મુક્તાફળથી શોભાયમાન સમુદ્રની વેલા-વેલ સમાન, પ્રથમ ઉદય પામતા ચંદ્રમાયુક્ત આકાશલક્ષ્મીતુલ્ય, અંદર સ્ફુરાયમાન વિજળીવડે વ્યાપ્ત તથા ગંભીર ગર્જના કરતા ઘનપટલથી પૂર્ણ નવીન વર્ષાઋતુ સમાન-એમ અંતર્ગત જિન-ગર્ભના અનુભાવે સર્વાંગે શોભતી મનોહર કલ્પલતાતુલ્ય ત્રિશલાદેવી શોભવા લાગ્યાં.

હવે જે દિવસથી ભુવનરૂપ મહાસરોવરના રાજહંસ સમાન એવા ભગવંત ત્રિશલા રાણીના ઉદરકમળમાં આવ્યા, તે દિવસથી ઇંદ્રની આજ્ઞાવડે તિર્યગ્જૃંભક દેવતાઓ વિવિધ મહાનિધાનો વારંવાર સિદ્ધાર્થ રાજાના ભવનમાં ભરવા લાગ્યા. એટલે તે જ્ઞાતકુળ પણ ધન, ધાન્ય, રાજ્ય, રાષ્ટ્ર, બળ, વાહન, કોષ્ઠાગાર, પ્રીતિ-સત્કાર વિગેરેથી અત્યંત વૃદ્ધિ પામવા લાગ્યું, તેમજ સિદ્ધાર્થ રાજાને પણ પૂર્વે જેઓ નમ્યા ન હતા, પોતાના બાહુબળથી ભારે ગર્વ ધરતા, તેવા પ્રકારના વિષમ સ્થાનોમાં ભરાઇ રહેલા અને પ્રાંત ભૂમિમાં રહેલા એવા રાજાઓ પણ તાબે થયા.

એકદા ભગવંતના માત-પિતાને આવા પ્રકારનો વિકલ્પ ઉત્પન્ન થયો કે-'જ્યારથી આ ગર્ભ ઉત્પન્ન થયો છે ત્યારથી ધન, ધાન્ય, કનકાદિક વૈભવથી આપણે વૃદ્ધિ પામ્યા છીએ, માટે જ્યારે એ જન્મ પામશે ત્યારે એ પુત્રનું **વર્દ્ધમાન** એવું ગુણનિષ્પન્ન નામ આપણે પાડીશું.' આવા અનેક પ્રકારના તેઓ મનોરથ કરવા લાગ્યા.

એવામાં એક વખતે ત્રણ જ્ઞાનયુક્ત, કરૂણા ગુણમાં તત્પર, સ્વસુખમાં વિરક્ત, ભુવનના ગુરૂ, મહાસત્ત્વશાળી, મહાભાગ એવા ભગવાન્ જાણે શૈલેશીકરણ પામ્યા હોય તેમ પોતાની માતાની અનુકંપા નિમિત્તે ચલન અને સ્ફુરણરૂપ પોતાના અંગની સર્વ ચેષ્ટા બંધ કરીને ગર્ભમાં એવી રીતે રહ્યા કે પોતાની માતા પણ બરાબર જાણી ન શકે. અહો! મહાત્માઓનું વર્ત્તન, ત્રણ લોકને પણ આશ્ચર્ય પમાડે તેવું વિચિત્ર હોય છે; પરંતુ જિનેશ્વર તેવી રીતે

નિઃસ્પંદ રહેતાં ત્રિશલાદેવી ચિંતવવા લાગ્યા કે—'અહા! મારો ગર્ભ શું ગળી ગયો કે દેવોએ અપહરી લીધો? શું ઉદરમાં જ નષ્ટ થયો કે કોઇએ થંભી દીધો હશે? અથવા તો પુણ્યહીન જનોના કરતલમાં રત્ન ક્યાંથી ટકે? જો ખરી રીતે એ ગર્ભ વિનાશ પામ્યો હોય, તો સમસ્ત દુઃખના ભાજનરૂપ એવા મારા આ પ્રાણનો અવશ્ય હું ત્યાગ કરી દઉં.' એમ આર્ત્તધ્યાન કરતાં, પોતાના વદન-મુખને કરતલમાં સ્થાપતાં, અત્યંત દુઃખના વશે શણગાર તજી દેતાં, વાર્ત્તાલાપ બંધ કરતાં, પોતાના લૂખા લોચન મહીતલમાં સ્થાપી દેતાં, દીર્ઘ નિસાસાથી નિવારણ થયેલ મુખ-સૌરભ પર ભમરાઓ એકઠા થતાં, કેશપાશને છુટા મૂકી દેતાં અને ભારે શોકને લીધે અસ્થિરતા પામતાં-એમ દેવી હૃદયથી રૂદન કરતી જેટલામાં બેઠી છે; તેવામાં તરત જ સિદ્ધાર્થ રાજાના ભવનમાં અશાંતિ ફેલાઇ ગઇ, મૃદંગનો ધ્વનિ બંધ થયો અને સંગીતનો નિર્ઘોષ વિરામ પામ્યો. આવા પ્રકારનો વ્યતિકર જ્ઞાનથી જાણીને ભગવંતે પોતાની માતાના સુખાર્થે પોતાના અંગોપાંગ ચલાવ્યાં, જેથી હર્ષને લીધે જેના લોચન અને કપોલ વિકાસ પામ્યા છે એવી રાણી બહુ જ સંતુષ્ટ થઇ અને રાજભવનમાં પણ તરત જ બધા લોકો પ્રમોદના પ્રકર્ષને પામ્યા. પછી ભગવંત ચિંતવવા લાગ્યા કે—'હું ગર્ભગત છતાં અહો! માત-પિતાનો આવો મોટો પ્રતિબંધ કેમ થયો? કે ગર્ભમાં નિષ્કંપ રહેતાં પણ જે અનુભવગમ્ય એમની આવી વિષમાવસ્થા થઇ; તેથી જો એમના જીવતાં હું પ્રવ્રજ્યા લઇશ, તો મારા વિરહથી એઓ અવશ્ય પોતાના જીવિતનો ત્યાગ કરશે.' એમ ચિંતવતાં જનની-જનકના સંતોષાર્થે તેમજ ઇતર જનોને પણ જાણે એવી આબાદ સ્થિતિ બતાવતા હોય તેમ ગર્ભમાં રહ્યા છતાં પ્રભુએ આવો મોટો નિયમ લીધો કે—'માતા-પિતાના જીવતાં હું પ્રવ્રજ્યા આદરીશ નહિં.'

હવે ગર્ભચલનથી પરમ પ્રમોદ પામતી ત્રિશલાદેવીએ સ્નાન કર્યું, મહા કીંમતી રેશમી વસ્ત્રો ધારણ કર્યાં, ચંદન-રસવડે અંગે વિલેપન કર્યું; તથા અતિ કીંમતી રત્નાલંકારો ધારણ કરતાં, અતિ ઉષ્ણ નહિ, અતિ શીત નહિ, અતિ કટુક નહિ, અતિ કસાયેલાં નહિ, અતિ ખાટાં નહિ, અતિ મધુર નહિ, તેમજ સર્વ ઋતુઓમાં સુખકારી એવાં ભોજનોવડે ગર્ભનું પરિપાલન કરતાં, દોહદ પૂર્ણ થવાથી નિર્ભય અને સુખવડે પ્રશાંત થઇ, ભવનતલમાં બિરાજમાન એવા તે કોઇવાર નાટક જોતાં, કોઇવાર પુરાણ પુરૂષોનાં ચરિત્રો સાંભળતાં, કોઇવાર વિચિત્ર કૌતૂહલ જોતાં, કોઇવાર સખીઓ સાથે હાસ્ય-વિનોદ કરતાં, કોઇવાર ઉદ્યાનમાં વિનોદથી વિચરતાં, કોઇવાર દુઃસ્થિત જનોને કનકાદિકનું દાન આપતાં, કોઇવાર નગરની શોભા જોતાં, કોઇવાર સ્વજનોનું સન્માન કરતાં અને કોઇવાર ધર્મકથાનો વિચાર ચલાવતાં દિવસો વ્યતીત કરવા લાગી.

પછી જનપદ-દેશ નિષ્પન્ન શસ્ય-ધાન્યથી શોભાયમાન તથા રોગ, મરકી પ્રમુખ ઉપદ્રવથી રહિત થતાં, યતિજનો પોતપોતાના ધર્મમાં ઉદ્યત રહેતાં, રાજાઓ પરસ્પર પ્રચંડ સંગ્રામથી ઉપશાંત થતાં, શઠ, સુભટ કે ચોરના ભયથી પ્રજા નિર્ભય અને વિલાસયુક્ત થતાં, બધી દિશાઓ રજ દૂર થવાથી રમણીય અને લોકોના મનને આનંદદાયક થતાં, ઉદ્યાન-વૃક્ષોના પુષ્પસંબંધને લીધે ગંધથી વ્યાપ્ત અને પ્રદક્ષિણાવર્ત્તની જેમ પરિભ્રમણ કરવાવડે રમણીય એવા મંદ મંદ વાયુ વાતાં, પરમ વિજયસૂચક સર્વ શુકનો પ્રગટતાં, પોતાની મેળે વિજય દુંદુભિનો ગંભીર નિર્ઘોષ થતાં ચૈત્રમાસની શુકલ ત્રયોદશીના દિવસે દેવલોકથી ચવવાના કાળથી માંડીને નવ માસ ઉપર સાડાસાત દિવસ વ્યતીત થતાં, મહાગ્રહો ઉચ્ચ સ્થાને રહેતાં, અર્ધરાત્રે હસ્તોત્તર નક્ષત્રની સાથે ચંદ્રમાનો યોગ થતાં, પૂર્વ દિશા જેમ સમસ્ત જીવલોકને પ્રકાશિત કરનાર સૂર્યને પ્રગટાવે તેમ ત્રિશલાદેવીએ ભવ્યાત્મારૂપ ચક્રવાકને પરમ સંતોષ પમાડનાર એવા ભગવંતને જન્મ આપ્યો. એટલે પ્રવર પાંચ વર્ણના રત્નોથી બનાવેલ વિવિધ વિમાનો પર આરૂઢ થયેલા, પટહ પ્રમુખ જયવાદ્યો વગાડતા, ઉત્કૃષ્ટ સિંહનાદથી ગાજતા, પ્રવર આભરણોના મણિઓથી ગગનાંગણને ચકચકિત બનાવતાં તથા પ્રહર્ષને લીધે શરીરે ઉલ્લાસ પામતા અને આવતા-જતા એવા અનેક દેવ-દેવીઓવડે કુંડગ્રામનગર અમરાવતીની જેમ અત્યંત રમણીય અને અતુલ આનંદદાયક થઇ પડ્યું. તે વખતે કુબેરના સેવક જાંભક દેવો, સિદ્ધાર્થ રાજાના ભવનમાં રત્ન, કનક, વસ્ત્ર અને આભરણો વરસાવવા લાગ્યા અને પત્ર, પુષ્પ, ફળ તથા સુગંધિ ચૂર્ણ મૂકવા લાગ્યા.

એવામાં સૂતિકર્મનો પ્રસંગ-સમય આવતાં અધોલોકવાસી **ભોગંકરા, ભોગવતી, સુભોગા, ભોગમાલિની, તોયધારા** ( ધરા ), **વિચિત્રા, પુષ્પમાલા અને અનિંદિતા** એ આઠ દિકુકુમારીઓ પોતાના ચાર હજાર સામાનિક દેવો, સાત સેનાઓ તથા સાત સેનાધિપતિ સહિત પૂર્વે જિનેશ્વરના અનુભાવથી આસન ચલાયમાન થતાં અવધિજ્ઞાનથી જિન-જન્મનો વ્યતિકર જાણી, દિવ્ય વિમાન પર આરૂઢ થઇ સર્વ ઋદ્ધિપૂર્વક જિન અને જિનજનની પાસે આવી, ત્રણ પ્રદક્ષિણા આપી, પરમ ભક્તિથી જિનમાતાને આ પ્રમાણે સ્તવવા લાગી—" હે મહાસતી ! હે રમણીઓમાં એક મુગટ સમાન ! નિર્મળ અને કોમળ અંગુલિરૂપ પ્રવર પત્રથી શોભતા તારા ચરણ-કમળને નમસ્કાર હો. સ્ત્રીવર્ગમાં સૌંદર્યથી તેં પ્રથમ સ્થાન મેળવ્યું તથા સ્ત્રીઓની લઘુતારૂપ કલંકને તેં જ પરાસ્ત કર્યો. પુત્રવતી પ્રમદાઓમાં તેં જ વિજયપત્ર મેળવ્યું તથા મિથ્યાત્વથી અંધ બનેલા લોકોને તું જ આલંબનનું કારણ બની. શરદ્ઋતુના ચંદ્રમાના કિરણ-સમૂહ ઉજ્વળ યશ તારાથકી સંસારના પ્રાંતપર્યંત દશે

દિશાઓમાં સારી રીતે પરિભ્રમણ કરો. મૂઢ લોકો પુત્રનો જન્મ થતાં પરમ આનંદ પામે છે, પરંતુ કોટિ પુત્રોવાળી પણ તારા જેવી એક પુત્રીની તુલના ન જ કરી શકે કે જેના ઉદરમાં ત્રિભુવનને વંદનીય, અતુલ બળશાળી, વિજયથી આનંદ પમાડનાર એવા ચરમ તીર્થંકર સુખે વૃદ્ધિ પામ્યા." એ પ્રમાણે લાંબો વખત સ્તુતિ કરી, પ્રણામપૂર્વક જિનજનનીને પરમ આદર લાવી તેઓ કહેવા લાગી—'હે દેવિ ! તમારે બીવું નહિ. અમે દિશાકુમારીઓ, ભુવનના એક લોચનરૂપ આ જિન ભગવંતનો, અમારા અધિકાર પ્રમાણે જન્મ-મહોત્સવ કરીશું.' એમ કહી જિનના જન્મ-ભવનની ચોતરફ એક યોજન ભૂમિભાગમાં તૃણ, કાષ્ઠ, પત્ર કે અન્ય તુચ્છ વસ્તુ દૂર કરી, તેમજ અશુચિ દુર્ગંધના પુદ્ગલો દૂર કહાડી નાખી, તત્કાલ વિકુર્વેલા, મનહર, સર્વ ઋતુના પુષ્પોના સુવાસથી વાસિત એવા સંવર્ત્તક પવનવડે તે ભાગને સુગંધમય બનાવી, પ્રભુને તથા ત્રિશલાદેવીના ગુણ ગાતી તે નજીકમાં ઉભી રહી. એ જ પ્રમાણે આસન ચલાયમાન થતાં અવધિજ્ઞાનથી જિનજન્મ જાણી, ઉર્ધ્વલોકની વસનારી—**મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, સુવત્સા, વત્સમિત્રા, વારિષેણા** અને **બલાહકા** એ આઠ દેવીઓ ત્યાં આવી અને તરત વિકુર્વેલા મેઘવડે મહીતલને રજ રહિત બનાવી, તેના પર ગંધમાં લુબ્ધ થતા ભમરાઓથી વ્યાપ્ત એવાં પુષ્પો વરસાવી, અતિ કોમળ તથા શ્રુતિ-કર્ણને ભારે સુખકારી એવા મધુર સ્વરથી જિનગુણ ગાતાં તે દૂર ઉભી રહી. પછી પૂર્વરૂચક પર વસનારી **નંદા, નંદોત્તરા, આનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયંતી, જયંતી** અને **અપરાજિતા** એ આઠ કુમારીઓ પોતાના બહુ પરિવાર સહિત ત્યાં તરત જ આવી, અને રવિબિંબ સમાન દર્પણ હાથમાં ધારણ કરી, જિનવરના ગુણ ગાતી તે પૂર્વ દિશામાં ઉભી રહી. એ રીતે જિનજન્મ જાણવામાં આવતાં **દક્ષિણરૂચક**ની વસનારી-**સમાહારા, સુપ્રદત્તા** (પ્રકીર્ણા), **સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીમતી, શેષવતી, ચિત્રગુપ્તા** અને **વસુંધરા** એ આઠ દેવીઓ વિમાનથી ત્યાં આવી અને સુરભિ જળથી પૂર્ણ કળશ પોતાના કર-પલ્લવમાં ધારણ કરી, ભગવંતના ગુણ ગાતી દક્ષિણ ભાગે ઉભી રહી. એવામાં પશ્ચિમરૂચકની—**ઇલાદેવી, સુરાદેવી, પૃથ્વી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા** અને **સીતા** એ આઠ કુમારીઓ ભારે ભક્તિપૂર્વક જિનના જન્મગૃહમાં આવી અને વિકસિત રક્ત કમળ સમાન દીર્ઘાક્ષી તે હાથમાં પંખા લઇ પશ્ચિમ દિશામાં રહીને જિનગુણ ગાવા લાગી. એ પ્રમાણે ઉત્તરરૂચક પર્વતની—**અલંબુષા, મિશ્રકેશી, પુંડરિકા, વારૂણી, હાસા, સર્વપ્રભા, હ્રીદેવી** અને **શ્રીદેવી**-એ આઠ દિક્કુમારીઓ સત્વર ત્યાં આવી, અને જિનમાતાને નમી, હાથમાં શ્વેત ચામર લઇ પૂર્વ પ્રમાણે ઉત્તર દિશામાં રહી

પ્રભુગુણ ગાવા લાગી. પછી વિદિશા–રૂચકાદ્રિથકી **ચિત્રા, ચિત્રકનકા, સુતેજા ( સુપર્વા )** અને **સૌદામની** એ ચાર કુમારિકાઓ આવી, જિન તથા ત્રિશલાદેવીને નમી, સુંદર દીપક ધારણ કરી, જિનગુણ ગાતી તે ચારે વિદિશામાં ઉભી રહી. મધ્યમ રૂચકપર્વતની **રૂપા, રૂપાંશા, રૂપવતી** અને **સુરૂપા** એ ચાર કુમારીઓ પૂર્વકર્મથી આવી, ચાર અંગુલ વર્જીને જિનના નાભિનાલને કાપી, ત્યાં એક ખાડો ખોદી, તેમાં નાભિનાલ મૂકી, તે બધો પાંચ વર્ણનાં રત્નોથી પૂરી, તેના પર પીઠ રચી, તે પીઠ પર તેમણે પોતાની દિવ્ય શક્તિથી લોચનને આનંદકારી એવી નીલ–મણિની સુંદર રચના કરી. ત્યારબાદ તેમણે ત્રણ કદલીગૃહો વિકુર્વ્યાં અને તેના મધ્યભાગે પ્રવર પંચ પ્રકારના મણિઓથી ભૂમિતલે મઢેલા, વિચિત્ર ચિત્રરચનાથી મનોહર, દ્વારે સ્થાપેલા પૂર્ણ કનક–કળશથી શોભાયમાન, દિવ્ય રૂપધારી પૂતળીઓથી વિરાજમાન અને વિશાળ, દક્ષિણ, પૂર્વ અને ઉત્તર દિશાઓમાં ત્રણ ચોકવાળાં ભવનો બનાવ્યાં. તેના મધ્યભાગે ભારે કીંમતી મણિ–ખંડોથી મંડિત, પોતાના કિરણ–સમૂહથી ઇંદ્ર–ધનુષ્યની ભ્રાંતિ કરાવનાર તથા મેરૂપર્વતની શિલાના જાણે બનાવેલ હોય તેવાં ત્રણ સિંહાસનો રચ્યાં. પછી ભગવંતને કરતલમાં તથા જિનજનનીને પરમ આદરપૂર્વક ભુજામાં ધારણ કરી, દક્ષિણ દિશામાં સ્થાપેલ ચતુઃશાલના સિંહાસન પર તેમણે બેસાર્યા. ત્યાં શતપાક, સહસ્રપાક તેલ કે જે પ્રધાન સુગંધથી ઓતપ્રોત હોય છે તેનાવડે તેમના શરીરે તેઓ અભ્યંગ તથા ગંધોદ્વર્ત્તનથી તેમનું ઉદ્વર્ત્તન કરવા લાગી. પછી પ્રથમ પ્રમાણે જિન અને માતાને પૂર્વ દિશાના ચતુઃશાલ–સિંહાસન પર બિરાજમાન કરી, ગંધોદક, પુષ્પોદક તથા શુદ્ધોદકવડે સ્નાન કરાવી, પ્રવર મણિ–રત્નોનાં આભૂષણોથી તેમનું શરીર શણગારી, પૂર્વવિધિ પ્રમાણે પરમ આદરપૂર્વક તેમણે ઉત્તર દિશાના ચતુઃશાલ–સિંહાસન પર તેમને સ્થાપન કર્યાં, અને પોતાના કિંકરો પાસે **ચુલ્લહિમવંત** થકી **ગોશીર્ષચંદન**ના કાષ્ઠ મગાવી, કાષ્ઠ–ઘર્ષણથી ઉત્પન્ન થયેલા અગ્નિમાં શાંતિનિમિત્તે તેઓ હોમ કરવા લાગી. વળી ‘ ભગવંત જો કે પોતાના પ્રભાવથી જ પરિરક્ષિત છે, છતાં એ આપણો આચાર છે. ’ એમ ધારી રક્ષાપોટલી બાંધી, પ્રભુના શ્રવણ પાસે રત્ન–ગોલકના તાડનપૂર્વક આ પ્રમાણે તેઓ કહેવા લાગી—‘ હે દેવ ! તમે સાત કુળપર્વતો તુલ્ય આયુષ્યવાળા થાઓ. તમારૂં શાસન સદા જયવંતુ રહો, તથા રોગ, શોકના દુઃખ રહિત બની તમે સદા સ્વજનોના મનોરથો પૂર્ણ કરો. ’ એમ કહી, પ્રહર્ષ પામી, જિન–જનનીને જન્મગૃહમાં સ્થાપન કરી, જિનગુણ ગાતી તેઓ ત્રિશલાદેવી પાસે બેસી રહી. એ પ્રમાણે જિનભક્તિના વેગથી છપ્પન્ન દિશાકુમારીઓએ વિસ્તારથી કરેલ જિન–જન્મોત્સવનું વર્ણન કરી બતાવ્યું.

એવામાં **સૌધર્મ** દેવલોકના ઇંદ્રનું સિંહાસન ચલાયમાન થયું, એટલે અવધિજ્ઞાનથી ભગવંતનો જન્મ જાણી ઇંદ્ર એકદમ સિંહાસનથકી ઉઠ્યો અને સાત આઠ પગલાં સન્મુખ ચાલી, ત્યાં રહેતાં પણ પરમ ભક્તિવડે પ્રભુને સ્તવી તેણે **હરિણગમેષી** નામના સેનાપતિ દેવને આજ્ઞા કરી કે—" અહો ! ભદ્ર ! તું જા અને **સૌધર્મ**સભામાં રહેલ, મેઘ સમાન નિર્ઘોષ કરનાર તથા એક યોજન વિસ્તૃત એવી **સુઘોષા**ઘંટાને ત્રણ વખત વગાડી મોટા અવાજે આ પ્રમાણે ઉદ્‌ઘોષણા કર કે ' જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલ તીર્થંકરનો જન્મ-મહોત્સવ કરવા ઇંદ્ર પોતે પ્રસ્થાન કરવાને તૈયાર થયો છે; માટે હે દેવો ! તમે સર્વ બળ, સર્વ વિભૂતિ, સર્વ નાટક સાથે સમસ્ત અલંકારથી વિભૂષિત થઇ, દિવ્ય અપ્સરાઓ સહિત વિમાનમાં આરૂઢ થઇ, મારી પાસે સત્વર આવો. " એ રીતે ઇંદ્રે આજ્ઞા કરતાં હરિણગમેષી દેવે વિનયથી તે વચન સ્વીકારી, ત્વરિત ગતિથી **સૌધર્મ**સભામાં જઇ, ત્રણ વખત **સુઘોષા** ઘંટા વગાડી. તેના પ્રચંડ નિર્ઘોષથી ઉછળતા પ્રતિશબ્દનો ધ્વનિ ઉઠતાં એક ન્યૂન બત્રીશ લાખ ઘંટાઓ સમકાળે રણઝણાટ કરવા લાગી. એટલે ચોતરફ પ્રગટ થતા પ્રતિધ્વનિવડે દિગંતર બધિર થતાં સૌધર્મ દેવલોક એકશબ્દમય થઇ ગયો. એવામાં પાંચ પ્રકારના વિષયસુખમાં પ્રમત્ત થયેલા દેવો, સમકાળે વાગેલ ઘંટાઓનો મોટો અવાજ ચોતરફ પ્રસરેલ સાંભળતાં ચિંતવવા લાગ્યા કે—' અહો ! ફુટતા બ્રહ્માંડના ધ્વનિ સમાન ઘોર અને સ્ફટિકના વિમાનોમાં પ્રતિફલિત થવાથી ચતુર્ગુણી થયેલ, સમસ્ત દિશાઓમાં પ્રસરેલ તથા પોતાના મહિમાથી ચરાચર લોકને જાણે એકશબ્દરૂપ કરતો હોય, ભયના વેગથી લોચનને ચંચલ કરતી અને ક્ષોભ પામતાં ' હા નાથ ! અમારૂં રક્ષણ કરો, રક્ષણ કરો ' એમ બોલતી મુગ્ધ દેવાંગનાઓનો કોલાહલ સાંભળવામાં આવતાં, દૈત્યપતિના રણનું સ્મરણ થતાં તુષ્ટ થયેલ દુષ્ટ દેવોના ઘોષ સમાન ભીમ અને અનિવારિત એવો જયઘંટાનો રણરણાટ ધ્વનિ કેવો ? ' એ ચિંતાને લીધે દેવાંગનાઓનો દઢ કંઠ-બાહુપાશ શિથિલ થતાં તથા દેવગણ સર્વત્ર વિચારમૂઢ બનતાં, તેમજ ક્ષણવાર પછી બધો ઘંટારવ ઉપશાંત થતાં અને દેવતાઓ સાવધાન થઇ જતાં હરિણગમેષી દેવ કહેવા લાગ્યો કે—' હે દેવો ! ઇંદ્ર તમને આજ્ઞા કરે છે કે તમે સત્વર આવો, કારણકે અત્યારે જિનેશ્વરનો જન્મ-મહોત્સવ-સ્નાત્રમહોત્સવ કરવાનો છે. ' એ પ્રમાણે ઇંદ્ર-આજ્ઞા સાંભળી, શેષ કાર્યથી નિવૃત્ત થઇ દેવતાઓ, જિનનાથનો મજ્જનોત્સવ જાણવામાં આવતાં ભારે હર્ષ પામ્યા. પછી દેવો સ્નાન-વાવડીમાં જઇ, વિવિધ જળવડે સ્નાન અને કર્પૂરમિશ્રિત સુંદર ચંદનરસવડે શરીરે લેપન કરવા લાગ્યા. અતિકોમળ અને નિર્મળ વસ્ત્રયુગલ ધારણ કરતાં તેમની કાંતિ ભારે પ્રસરવા લાગી. તેમણે કંઠે દિવ્ય હારો પહેર્યા

અને વિકાર-વાસનાને દૂર તજી દીધી. નવ પારિજાતની મંજરીયુક્ત તથા ભારે સુગંધી પુષ્પોથી બનાવેલ માળા બાંધી અને તત્કાળ શિર પરના સુંદર કેશને સંકુચિત કરી બાંધી લીધા. મણિ-મુગટના કિરણોવડે આકાશને વિચિત્ર બનાવનાર, પોતાના રૂપ-ગર્વથી મન્મથને હસી કહાડનાર, શ્રેષ્ઠ કડાં અને બાજુબંધથી વિભૂષિત થયેલા, પોતાના શરીરની કાંતિવડે સૂર્યને પરાભવ પમાડનાર, કેટલાક મગર અને રાજહંસ પર બેઠેલા, કેટલાક હરિણ, વૃષભ અને મયૂરપર આરૂઢ થયેલા, કેટલાક મોટા કુંજર પર અને કેટલાક ઉન્નત અશ્વ પર બેસી વેગે જવા લાગ્યા. હજારો રેશમી ધ્વજાઓવડે રમણીય, કિંકિણી-નાદવડે શબ્દાયમાન અને અતિ મોટા એવા વિમાન પર બેસી ચાલ્યા કે જેથી અવલોકન કરતાં દિવસમાત્ર દેખાતો હતો. તેમજ વળી કેટલાક શાર્દૂલ, શરભ અને સિંહની પીઠ પર બેસી અન્યોન્ય સંલગ્ન રહી વેગથી ચાલ્યા. એ પ્રમાણે બધા દેવો પોતાના બળ-સૈન્યને સાથે લઇ એકદમ ઉતાવળા ઇંદ્ર પાસે આવ્યા. એવામાં હજાર સ્તંભથી બાંધેલ, દ્વાર પર સ્ફટિકમણિવડે બનાવેલ પૂતળીઓથી અભિરામ, અનેક મુક્તામાળાઓ જ્યાં લટકી રહી છે, એક પ્રાંત ભાગમાં જ્યાં પ્રવર વજ્રરત્નની બનાવેલ વેદિકા મૂકવામાં આવેલ છે, રણરણાટ કરતી ઘંટાઓનો મધુર સ્વર જ્યાં સુખ ઉપજાવી રહેલ છે, પવનથી કંપાયમાન મજબૂત જયપતાકાઓવડે મનોહર, તિર્છાલોકરૂપ મહામંદિરનું જાણે શિખર હોય, પૂર્વકૃત પુણ્યરૂપ મહાવૃક્ષનું જાણે ફળ હોય, ત્રિભુવનના સાર પરમાણુઓવડે જાણે બનાવેલ હોય, સમસ્ત વિભૂતિના વિસ્તારનો જાણે અખંડ ભંડાર હોય, સોલ પ્રકારના રત્નોથી જાણે ઘડેલ હોય, તેમ ઇંદ્રની આજ્ઞાથી **પાલક** દેવતાએ તરત વિકુર્વેલ એક લાખ યોજન વિસ્તૃત તથા પાંચ સો યોજન ઉન્નત એવા શ્રેષ્ઠ વિમાન પર આરૂઢ થઇ **પુરંદરે** અનેક દેવ-દેવીઓના પરિવાર સહિત પ્રયાણ કર્યુ, અને પવનના વેગે તિર્છાલોકમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રોના મધ્યભાગમાંથી આવતાં, **નંદીશ્વર**દ્વીપના અગ્નિ ખુણે રહેલ **રતિકર** પર્વત પર આવી, તે દિવ્ય દેવર્દ્ધિ તથા વિમાનના વિસ્તારને સંકોચી, જંબૂદ્વીપના દક્ષિણ ભરતમાં જ્યાં ભગવંતનું જન્મભવન છે ત્યાં તે આવ્યો. પછી દિવ્ય વિમાનથી પ્રભુના જન્મભવનને ત્રણ પ્રદક્ષિણા દઇ, વિમાનને તેણે ઇશાન ખુણે સ્થાપન કર્યું, અને આઠ અગ્રમહિષી તથા ચોરાશી હજાર સામાનિક દેવો સહિત ઇંદ્ર, જ્યાં ભગવંત અને ત્રિશલાદેવી બિરાજમાન છે, ત્યાં આવી, તેમને પ્રણામ કરતાં ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદન કરી, સવિશેષ તે ત્રિશલાદેવીની સ્તુતિ કરવા લાગ્યો—" હે દેવી ! સ્વગોત્રરૂપ ગગનમાં પૂર્ણ ચંદ્રમાની નૂતન ચાંદની સમાન તથા વિશુદ્ધ શીલાદિ ગુણરત્નોની ધરણી-વસુધાતુલ્ય એવા તમે જયવંત વર્તો. ત્રિભુવનના ચિંતામણિને ઉદરમાં ધારણ કરનાર હે દેવિ ! તમે જગતમાં ધન્ય છો અને

તમારો જ મનુષ્ય-જન્મ પ્રશંસનીય અને શુભ ફળયુક્ત છે. એટલામાત્રથી તમે આ ભવસાગર જાણે ઓળંગી ગયા અને મુનીશ્વરોની પરમ આશિષના તમે સ્થાનરૂપ થયા છો." એમ સ્તવી, અવસ્વાપિની નિદ્રા આપી તત્કાલ, વિકુર્વેલ જિનપ્રતિબિંબ ત્યાં ત્રિશલા સમીપે મૂકી, પોતે પાંચ શરીર વિકુર્વ્યા. તેમાં એક રૂપે પરમ પવિત્ર થઇ, સરસ સુગંધી ગોશીર્ષચંદનના પંકવડે કરતલ લિપ્ત કરી, પ્રણામ અને બહુમાનપૂર્વક તેણે ભગવંતને પોતાના કર-કમળમાં સ્થાપન કર્યા, અને એક રૂપે તેની જ પાછળ રહી, શંકરના અટ્ટહાસ્ય અને કુસુમતુલ્ય તેમજ સુવર્ણના સુંદર દંડયુક્ત એવા છત્રને ધારણ કર્યું, તેમજ બે રૂપે બંને બાજુ આકાશ-ગંગાના જળ-પ્રવાહ સદૃશ બે ચામર તે મંદ મંદ ચલાવતો, વળી એક રૂપે આગળ ચાલતાં હજાર ધારા-ધારવડે ભીષણ, ઉછળતા કિરણોથી વ્યાપ્ત, શરદના સૂર્યમંડળ સમાન દિશાઓને પ્રકાશિત કરનાર તથા પ્રચંડ પ્રતિપક્ષને પરાસ્ત કરવામાં દારૂણ એવા વજ્રને ઉપાડયું. એ રીતે પાંચ રૂપે પોતપોતાનું કર્તવ્ય બજાવતાં અનેક દેવ-દેવીઓએ પરવરેલ તથા પવિત્રતાને પ્રાપ્ત થયેલ અને સમસ્ત તીર્થોના દર્શનવડે પાવન બનેલ પોતાના આત્માને માનતો તેમજ હર્ષવડે અંગે અતિવિકાસ પામતો, કંઠે લટકતી રત્નમાળા તથા કાને દિવ્ય કુંડલ-યુગલને ધારણ કરતો તે ઇંદ્ર કનકાચલ ભણી ચાલ્યો, અને શિઘ્ર દેવગતિથી જતાં અનુક્રમે એક લાખ યોજન ઉન્નત એવા મંદરાચલ પર પહોંચ્યો, કે જ્યાં વિમલ પરિમંડળયુક્ત સૂર્ય-ચંદ્ર દર્પણની જેમ શોભે છે, જે સદા તે પર્વતને ચોતરફ આવર્તની જેમ ફરતા રહે છે અને જેમાં શિખરો અને વનો પ્રતિબિંબિત થઇ રહેલાં છે. વળી જેની રમણીયતાથી પ્રમોદ પામેલા ગંધર્વ-દેવમિથુનો પોતાનું સ્થાન તજી શિખરો પર સુખે વાસ કરે છે. તેમજ જ્યાં વિવિધ ફળભરથી જેમની શાખાઓ લચી રહેલ છે તથા સર્વ ઋતુઓના પુષ્પોની સમૃદ્ધિવડે સુંદર એવાં વૃક્ષો-વૃક્ષવનો શોભી રહ્યાં છે, વળી જે કૃપણની જેમ કનકહાનિથી વર્જિત, સજ્જનની જેમ અતિઉન્નત, સુમુનિની જેમ એકરૂપ અને સિદ્ધિક્ષેત્રની જેમ નિત્ય-શાશ્વત છે. તેમજ જ્યાં એક તરફ ઉન્નત નવમેઘના ગર્જારવથી મયૂરો નૃત્ય કરી રહ્યા છે અને એક બાજુ કિન્નરોએ આરંભેલ સંગીતથી કુરંગ-હરણો નિશ્ચલ થઇ રહ્યા છે. એક બાજુ મરકતમણિના પ્રસરતા કિરણોવડે આકાશ શ્યામ થઇ રહેલ છે અને કોઇ સ્થાને સૂર્યથી તપેલ સ્ફટિકમાંથી જળકણો ગળી રહ્યા છે. એવા પ્રકારના કનકાદ્રિ પર હિમ, ગોક્ષીર કે હાર સમાન ઉજ્વળ **અતિપાંડુકંબલ-શિલા** પર વિચિત્ર રત્નોના પ્રભાપટલરૂપ જળથી પ્રક્ષાલિત અભિષેક-સિંહાસન પર ભગવંતને પોતાના ઉત્સંગમાં બેસારી, ઇંદ્ર પૂર્વાભિમુખ થઇને બેઠો.

એવામાં જિનના પુણ્ય-માહાત્મ્યથી આસનો ચલાયમાન થતાં, અવધિજ્ઞા-

નથી યથાસ્થિત પરમાર્થ જાણી, પોતપોતાના સેનાપતિના હાથે વગડાવેલ ઘંટાના નાદથી વિષયમાં પ્રસક્ત થયેલા દેવોને સાવધાન કરતાં, તત્કાલ વિકુર્વેલા પ્રવર વિમાનો પર આરૂઢ થઇ, સર્વ અલંકારોથી વિભૂષિત થયેલા **ઈશાન**પ્રમુખ **ચંદ્ર–સૂર્ય**પર્યંત એકત્રીશ દેવેંદ્રો ત્યાં આવ્યા અને ભગવંતને પ્રણામ કરી તેઓ સ્વ–સ્થાને બેઠા. આ વખતે **અચ્યુતેંદ્ર** પોતાના દેવોને કહેવા લાગ્યો કે—"અહો! મહાપૂજનીય અને પ્રશસ્ત જિન-જન્માભિષેકની સત્વર તૈયારી કરો' એટલે હર્ષ પામતા તેમણે એક હજાર ને આઠ કનક–કળશો, તેટલાજ રૂપાના કળશો, તેટલાજ મણિના, તેટલાજ સુવર્ણ અને રૂપાના તેટલાજ રૂપા અને મણિના, તેટલાજ સુવર્ણ, રૂપા અને મણિના, તેટલાજ માટીના તથા તેટલાજ રત્નના એમ પ્રત્યેક એક હજાર ને આઠ કળશો વિકુર્વી, ક્ષીરસાગર પ્રત્યે જઇ, તે બધા કળશો ક્ષીરોદકથી ભર્યા તેમજ ઉત્પલ, કુમુદ, શતપત્ર અને સહસ્રપત્ર એ પુષ્પો ગ્રહણ કર્યાં. તેમ પ્રશસ્ત **માગધાદિ** તીર્થો તથા શ્રેષ્ઠ નદીઓનું જળ, મહૌષધિઓ અને સુકુમાર–સ્નિગ્ધ માટી, વળી **વક્ષારપર્વત, કુલપર્વતો, સૌમનસ, નંદન**પ્રમુખના વનો તથા અંતરનદી–સામાન્ય નદીઓના પુષ્પો, ઔષધિઓ અને ફળો જે કાંઇ પ્રશસ્ત હતાં તે લઇ, ક્ષીરોદકથી ભરેલા પૂર્ણ કળશો લાવી, પ્રણામપૂર્વક નમ્રભાવે તેમણે અચ્યુતેંદ્રને અર્પણ કર્યાં. એટલે અભિષેકની સમગ્ર સામગ્રી જોઇ અચ્યુતેંદ્ર ભારે હર્ષ પામી આસનથકી તરતજ ઉઠી, દશ હજાર સામાનિક દેવો, તેત્રીશ ત્રાયસ્ત્રિંશક, ચાર લોકપાલ, ત્રણ પર્ષદા, સાત સેના, સાત સેનાપતિ તથા ચાલીશ હજાર આરક્ષક દેવો સહિત પૂર્વે વર્ણવેલા વિમલ તીર્થોદક તથા ક્ષીરોદકથી, ભરેલા, નિર્મળ કમળોથી ઢાંકેલા, ગોશીર્ષચંદનપ્રમુખ પ્રધાન વસ્તુઓથી મિશ્રિત, સર્વ ઔષધિ–રસયુક્ત, મોટા પ્રમાણવાળા, વિકુર્વેલા તથા સ્વાભાવિક એવા અનેક સહસ્ર કળશોવડે પરમ પ્રમોદપૂર્વક, ભુવનના એક બાંધવ એવા ચરમ તીર્થનાથ ભગવંતનો સ્નાત્ર–જન્મ–મહોત્સવ કરવાને ઉપસ્થિત થયો. એવામાં ઇંદ્રને વિચાર આવ્યો કે—'અહો! આ તીર્થંકર તો લઘુ–શરીરી બહુ નાના છે, એટલે સમકાલે દેવોના હાથે પડતો આ જળસમૂહ કેમ સહન કરી શકશે? આટલા બધા કળશ–જળના પ્રવાહથી પ્રેરાયેલ મોટો એક પર્વત પણ તણાઇ જાય. ખરેખર! અહીં યુક્ત શું છે? તે કાંઇ સમજી શકાતું નથી' એ પ્રમાણે શંકાશીલ શક્રને અવધિજ્ઞાનથી જાણી ભગવંતે બળ બતાવવા પોતાની ચરણાંગુલિવડે મેરૂપર્વતને ચલાયમાન કર્યો. એટલે આકાશને રોકનાર તેની ઉંચાઇનો અગ્રભાગ કંપાયમાન થયો, તેના સેંકડો શિખરો તડતડાટ દઇને તૂટવા લાગ્યાં, જાણે ટાંકણાથી ભિન્ન કરેલી હોય તેમ કડકડાટ કરતી મોટી શિલાઓ ફાટીને પડવા લાગી, ગુફામાં રહેલ કેસરીસિંહના ગર્જારવથી તે ભીષણ અને ચારે

દિશામાં પ્રસરતા પ્રતિશબ્દોવડે જે ગર્જનામય ભાસતો, ચાલતા મંદરાચલના ભારથી ભગ્ન થઈને શિર નમી જતાં શેષનાગે દુર્ધર ધરાતલને દૂર મૂકી દીધું, તેમજ ભારે વિશાલ છતાં કુલપર્વતોના બંધ તૂટતાં તે ડોલાયમાન થયા, પોતે ઉચ્છૃંખલ છતાં ભયથી વ્યાકુળ બની સુંઢને ઉંચે ઉછાળતા દિગ્ગજો અટકાવી ન શકાય તેમ પ્રચંડ થઈને ભાગવા લાગ્યા, મત્સ્ય, કાચબા વિગેરેના પુચ્છ-છટાના તાડનથી ઉછળતા કલ્લોલવડે ગગનાંગણ સંકુલ-સંકીર્ણ બનતાં શિખા-રહિત થઇ, મર્યાદા મૂકીને તે મહીતલમાં પ્રસર્યા, તથા અતિપ્રચંડ પવનથી પ્રેરાયેલા બધા સમુદ્રો ક્ષોભિત થતાં રૌદ્ર બની ચારે બાજુ જાણે જગતને બુડાડવા તૈયાર થયા હોય એમ ભાસતું, વળી બધા વિમાનો સૂર્ય, ચંદ્ર અને તારાઓના વિવરમાં પેસવા લાગ્યાં, ભયભીત થયેલ દેવો તત્કાલ પોતાના પરિવારને તજી બચાવ શોધવા લાગ્યા, દેવાંગનાઓ ભારે આકુળ વ્યાકુળ બની ચેષ્ટા રહિત થઇ ગઇ, ખેચર-વિદ્યાધરો મરણના ભયની આશંકાથી પર્વતની ગુફાઓમાં પેસી ગયા.

એ પ્રમાણે ત્રિભુવન સંક્ષોભ પામતાં તથા ચારણમુનિઓ પંચ નમસ્કારના સ્મરણમાં પરાયણ રહેતાં અને અંગરક્ષક દેવો વિવિધ આયુધ ઉપાડી તૈયાર થતાં, પ્રચંડ કોપના આડંબરથી ભીમ, લલાટ પર ભીષણ ભ્રકુટી ચડાવતાં અને કર-કમળમાં વજ્ર ધારણ કરતાં દેવેંદ્ર કહેવા લાગ્યો કે—" શાંતિકર્મના સમારંભમાં પણ આ તે કોઇ વેતાલની ચેષ્ટા છે? અહો! ભોજનના પ્રથમ કવલ-કોળીયામાં જ આ તો મક્ષિકાપાત જેવું થયું, પૂર્ણ ચંદ્રના પ્રથમ ઉદયમાં દાઢા-સમૂહવડે દુષ્પ્રેક્ષ્ય એવા રાહુના આગમન જેવું થયું, કે સકલ મંગળના નિધાનરૂપ તથા અનલ્પ માહાત્મ્ય અને બળના ભંડાર એવા તીર્થપતિના જન્મ-મહોત્સવ વખતે આવું વિઘ્ન ઉપસ્થિત થયું. અરે! અકાલે કુપિત થયેલ કૃતાંતના સમાગમને ઇચ્છતા કોઇ દેવ, દાનવ, યક્ષ કે રાક્ષસે પોતાના ભુજ-સામર્થ્યને બતાવવા, કે જિનમહિમાને જોતાં પ્રગટેલ મત્સરને લીધે અથવા તો ભુવન-સંક્ષોભને જોવાના કૌતૂહલથી આમ કર્યું હશે." એમ સંશય થતાં તેણે અવધિજ્ઞાન પ્રયુંજતાં જાણ્યું કે—' આ તો ભગવંતના ચરણવડે મેરૂ કંપાયમાન થયેલ છે.' એટલે તરતજ કોપ સંહરી, પોતાના કુવિકલ્પને નિંદતાં, પ્રભુને અનેક પ્રકારે ખમાવીને ઇંદ્ર, હાથમાં કળશ લઇ ઉભેલા દેવતાઓને કહેવા લાગ્યો કે—' હે વિબુધો! જેમ પૂર્વે અહીં જ દેવતાઓએ શ્રી ઋષભદેવનો સ્નાત્ર-મહોત્સવ કર્યો હતો, તેવી જ રીતે તમે કુવિકલ્પ તજી, ચરમ તીર્થનાથનો સ્નાત્રાભિષેક કરો; કારણકે સર્વ જિનેશ્વરો સમાન બળશાળી હોય છે. શરીરનું ગુરૂત્વ કે લઘુત્વ છતાં વીર્યોલ્લાસમાં તે કાંઇ કારણભૂત નથી.' એ પ્રમાણે દેવેંદ્રના બોલતાં તરતજ સમકાળે બધા કળશોમાંથી, શરદઋતુના ચંદ્ર-

કિરણ સમાન, ગગન-ગંગાના જળપ્રવાહતુલ્ય તથા હિમ અને હાર સમાન ધવલ એવું ક્ષીરોદધિનું જળ ભગવંત પર પડયું. એમ જિનાભિષેક પ્રવર્ત્તતાં દેવતાઓ દુંદુભિ, પટહ, ભંભા, હુડુક્ક, વેણુ, વીણાના સુરમિશ્રિત મૃદંગ, ઝાલર કરટ, કંસાલ, ભેરી, કાહલ, ખરમુખી વિગેરે ચાર પ્રકારના વાજિંત્રો, પ્રલયકાળે ગાજતા ઘનવૃંદની માફક, અસાધારણ ધ્વનિ અને પ્રતિધ્વનિથી ગંભીર તથા ઘોર નિર્ઘોષ એકત્ર થતાં દિશાઓને બધિર બનાવતા તેઓ ભારે પ્રમોદ સાથે વગાડવા લાગ્યા. તે વખતે કેટલાક દેવતાઓ હર્ષથી રોમાંચ પ્રગટતાં નૃત્યપૂર્વક જિનગુણ ગાતા, કેટલાક સુરવરો ગુંજારવ કરતા ભ્રમરગણથી વ્યાપ્ત એવાં મંદાર-પુષ્પો નાખવા લાગ્યા, કેટલાક મલ્લની જેમ ત્રિપદી-ત્રણ વાર જમીનને પછાડવા લાગ્યા અને કેટલાક બહુ હર્ષમાં આવી જઇ સિંહનાદ કરવા લાગ્યા, કેટલાક હસ્તીની જેમ ગાજતા, અશ્વની જેમ હેષારવ કરતા અને હસ્તતાલથી રાસક-રાસડા કરવા લાગ્યા. કેટલાક પ્રમોદથી ગળે તીક્ષ્ણ અવાજ કરતા, મુષ્ટિથી પૃથ્વીને તાડન કરતા અને કેટલાક ક્ષીરોદકથી ભરેલા કળશો તત્કાળ દેવોના હાથમાં આપવા લાગ્યા. એમ ભવભયને પરાસ્ત કરનાર જિનેશ્વરના મજ્જન-મહોત્સવમાં વિઘ્ન દૂર કરતા દેવતાઓ જ્યાં સર્વ આદરપૂર્વક એવી રીતે વર્ત્તી રહ્યા હતા કે તેવા પ્રસંગનું વર્ણન મારા જેવાથી કેટલું થઇ શકે ? જિનાભિષેક પ્રવર્ત્તતા સર્વ ઇંદ્રો છત્ર, ચામર, ધુપવટી, પુષ્પ અને ગંધ હાથમાં લઇ, પ્રમોદથી રોમાંચિત થતા તથા આનંદથી ચક્ષુ વિકસાવતા તેઓ સમક્ષ ઉભા રહ્યા.

પછી અચ્યુતેંદ્ર પ્રભુને સ્નાન કરાવી નિવૃત્ત થતાં બીજા પ્રાણુત દેવલોકાદિકના દેવેંદ્ર. પોતપોતાના પરિવાર સહિત, મહાવિભૂતિપૂર્વક, સૌધર્માધિપતિને મૂકી ત્રીશે ઇંદ્રો અનુક્રમે ભગવંતનો અભિષેક કરવા લાગ્યા. ત્યારબાદ ઇશાનેંદ્ર ભગવંતને પોતાના ઉત્સંગમાં ધારણ કરી તે સિંહાસન પર બેઠો અને સૌધર્માધિપતિ જિનની ચોતરફ શંખદળ સમાન ઉજવળ અને રમણીય શરીરવાળા ચાર ધવલ વૃષભના રૂપ વિકુર્વી તેમના આઠ શૃંગોમાંથી આઠ ક્ષીરોદકની ધારાઓ આકાશમાં ઉછળી, નીચે પડતાં એકરૂપ થઇ ભગવંતના ઉત્તમાંગે-મસ્તકે મૂકવા લાગ્યો; તેમજ બીજા ઘણા ક્ષીરોદકથી ભરેલા હજારો કળશોવડે તે અભિષેક કરવા લાગ્યો. એ પ્રમાણે મજ્જન-મહોત્સવ નિવૃત્ત થતાં પરમ પ્રમોદથી રોમાંચિત થતાં સૌધર્મસુરપતિએ સુકુમાર ગંધ-કષાયવસ્રથી પ્રભુના દેહને લુંછી, ગોશીર્ષચંદનમિશ્ર કેસરવડે અંગે વિલેપન કર્યું; તથા સુગંધી શ્વેત પુષ્પોવડે પૂજા કરી અને સર્વ અલંકારથી વિભુને વિભૂષિત કર્યા. વળી જિનેશ્વરની આગળ ચંદ્રકળા સમાન ઉજવળ અક્ષતોવડે તેણે **દર્પણ, ભદ્રાસન, વર્ધમાન, કળશ, મત્સ્ય, શ્રીવત્સ, સ્વસ્તિક** અને **નંદાવર્ત્ત** એ અષ્ટમંગળ આળેખ્યા. પછી

બકુલ, તિલક, કણેર, કુંદ, મલ્લિકા, અશોક, આમ્રમંજરી, પારિજાતપ્રમુખ પાંચ વર્ણના પુષ્પો આજાનુ-ઢીંચણ પ્રમાણ પાથર્યાં, વિવિધ મણિ-રચનાથી વિચિત્ર દંડયુક્ત તથા વજ્રરત્નથી બનાવેલ ધૂપધાનીવડે તેણે પ્રવર ગંધથી અભિરામ ધૂપ કર્યો, તેમજ પ્રજ્વલંત દીપિકાવડે મનોહર આરતી તથા મંગળદીપ ઉતાર્યો. એ પ્રમાણે સર્વ કર્તવ્ય સમાપ્ત થતાં હર્ષોત્કર્ષથી નમતાં શિર પરથી પડેલાં પુષ્પોવડે મહીતલ શોભિત થતાં, કોમળ ભુજારૂપ મૃણાલના આંદોલનથી થતા કંકણના ધ્વનિયુક્ત, તથા ઉત્કટ કરણના વેગથી મુક્તાવલિનો સમૂહ અસ્તવ્યસ્ત બનતાં દેવ-દાનવો ભારે આદરપૂર્વક ભગવંતની સમક્ષ નૃત્ય કરવા લાગ્યા. નૃત્ય કરી અત્યંત ભક્તિમાં લીન થયેલા તેઓ આ પ્રમાણે સ્વામિનાથની સ્તુતિ કરવા લાગ્યા.

" હે ત્રણે ભુવનને વંદનીય! લીલાપૂર્વક ચરણાગ્ર ચલાવતાં મેરૂપર્વતને કંપાયમાન કરનાર તથા ભવ-કૂપમાં પડતા પ્રાણીઓનો ઉદ્ધાર કરવામાં સમર્થ એવા હે નાથ! તમે જયવંત વર્તો. હે પરમેશ્વર! શરણાગતને દૃઢ વજ્રના પંજર સમાન, કામ-કુરંગને કેસરીતુલ્ય તથા મત્સરરૂપ તિમિર-પડલને દૂર કરવામાં દિવાકર સમાન એવા હે જિનેશ્વર! તમે વિજય પામો. હે સ્વામિન! સત્ય છે કે **સિદ્ધાર્થ** રાજા યથાર્થ નામધારી કેમ ન ગણાય કે વિશાલ લોચનવાળા અને ચિંતામણી તુલ્ય એવા તમે જેના પુત્ર થયા છો? હે નાથ! એ રીતે તમારા મજ્જનોત્સવમાં પ્રવર્તવાથી અમે પોતાના આત્માને અત્યંત અવિરતિ-પરાયણ છતાં અતિપુણ્યવંત માનીએ છીએ. હે દેવ! તમે જ્યાં જન્મ પામ્યા એવા ભરતક્ષેત્ર પણ આજે ભાગ્યશાળી થયું, તેમજ તમારા ચરણ-કમળ જ્યાં બિરાજમાન છે એવી ધરણી પણ વંદનીય છે. હે જિનેંદ્ર! તમારા પદની સેવાથી જે કાંઇ ફળ મળતું હોય તો તેથી અમો સદાકાલ આવો પરમ મહોત્સવ જોતાં રહીએ."

એ પ્રમાણે ચારે નિકાયના દેવેંદ્રો ભગવંતને સ્તવી, સૌધર્મસ્વામી વિના બધા પોતપોતાના સ્થાને ગયા. એટલે સૌધર્માધિપતિએ સર્વ કર્તવ્ય બજાવી પ્રભુને કર-સંપુટમાં ધારણ કરી, અનેક દેવોની કોટાનુકોટી સહિત જિન-જન્મગૃહમાં આવી, પ્રતિરૂપ તથા અવસ્વાપિની નિદ્રા અપહરી પ્રભુને તેણે ત્રિશલાદેવી પાસે મૂક્યા; અને પ્રવર દેવદૂષ્ય-યુગલ તથા કુંડલ-યુગલ ઓશીકા પાસે મૂક્યાં; તેમજ પાંચ વર્ણના રત્નોની રચનાથી મનોહર તથા જેની કોરે મુક્તાફળો લટકી રહ્યાં છે એવો એક કંદુક ભગવંતને રમવા નિમિત્તે ચંદ્રવામાં લટકાવ્યો કે જેને જોતાં પ્રભુ આનંદથી તેમાં દૃષ્ટિ લગાડે. પછી ઇંદ્રે કુબેરને આજ્ઞા કરી કે—' અરે! તમે બત્રીશ હિરણ્યકોટી, બત્રીશ સુવર્ણકોટી, બત્રીશ

નંદ, બત્રીશ ભદ્ર તથા અન્ય પણ વિશિષ્ઠ વસ્તુઓ ભગવંતના જન્મગૃહમાં ભરો.' એટલે તેણે પણ જૃંભક દેવા પાસે બધું તે પ્રમાણે કરાવ્યું. ત્યારે ફરીને પણ દેવેંદ્રે પોતાના દેવો પાસે સર્વત્ર આ પ્રમાણે ઉદ્ઘોષણા કરાવી કે—" અરે ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવ-દેવીઓ ! તમે બરાબર સાવધાન થઇને સાંભળો, જે કોઇ તીર્થંકર તેમજ જિનજનનીનું અશિવ કે અનિષ્ટ કરવાની ધારણા કરશે, તેનું શિર અર્જકમંજરીની જેમ સહસ્રધા-સહસ્ર પ્રકારે અવશ્ય તડતડાટ દઇને ફુટી પડશે.' એ રીતે સર્વ વિધિ સાચવી, પ્રભુને પ્રણામ કરીને પુરંદર નીલોત્પલ સમાન શ્યામ એવા આકાશમાં ઉડ્યો.

હવે પ્રભાતે સૂર્યોદય થતાં, બધી દિશાઓમાં પ્રકાશ પ્રસરતા તથા ગંભીર ઘોષ કરતા જયવાજીંત્રો વાગતાં, ત્રિશલાદેવી સુખે પ્રતિબોધ પામ્યા, જાગ્રત થયા અને સર્વ અલંકારોવડે વિભૂષિત, પ્રવર સુગંધિ પારિજાતમંજરીના પરિમલથી એકઠા થતા ભમરાઓવડે શરીરે શ્યામ દેખાતા, સુરભિ ગોશીર્ષ-ચંદનરસે લિપ્ત થયેલા એવા જિનેશ્વરને તેણે જોયા. એવામાં એકદમ દોડી જઇને દાસીઓએ સિદ્ધાર્થ નરેંદ્રને, ત્રિભુવનને આશ્ચર્ય પમાડનાર પુત્ર-જન્મનો મહોત્સવ કહી સંભળાવ્યો, જે સાંભળતાં તે દાસીઓનું દાસત્વ ટાળી, સાત પેઢી ચાલે તેટલા વાંછિત રત્નદાનથી આનંદ પમાડી, તેણે પોતાના પુરૂષોને જણાવ્યું કે—' અરે પુરૂષો ! તમે સત્વર જાઓ અને નગરમાં સર્વત્ર ત્રિમાર્ગ, ચતુર્માર્ગ, ચોરાપ્રમુખ સ્થાને કચરો દૂર કરાવી, જળ-છંટકાવથી રજ શાંત થતાં કુંકુમના છાંટણાથી ધરણીતલને સુંદર બનાવો. પૃથ્વી પર પાંચ પ્રકારના પુષ્પો પથરાવો, અગુરૂ, તુરૂષ્ક, કુંદુરૂકપ્રમુખ ધૂપથી કનકની ધૂપધાનીઓ ભરી, તેના ધૂમના અંધકારવડે દિશાઓને આચ્છાદિત કરો. પ્રવર મણિ, મુક્તાફળો જ્યાં મધ્યભાગમાં શોભી રહ્યાં છે, નૃત્ય કરતી તરૂણીઓના ચરણની ઘુઘરીઓના ધ્વનિથી જ્યાં દિશામુખ પૂરાઇ ગયા છે, જ્યાં ગવૈયાઓ ગાન કરી રહ્યા છે, લટકતી વિવિધ સંખ્યાબંધ ધ્વજાઓથી ચોતરફ શોભાયમાન તથા ઉભા કરેલા મોટા સ્તંભોમાં બરાબર બાંધીને તૈયાર કરેલ એવા માંચડાની શ્રેણિઓ ગોઠવો. દરેક મકાનના દ્વાર પર, વિશિષ્ઠ સ્થાને સ્થાપેલા સહસ્રપત્ર-પદ્મોથી મુખે ઢાંકેલા, પુષ્પમાળાથી ઉપશોભિત, સરસ ચંદનપંકથી મિશ્રિત, નિર્મળ જળથી પરિપૂર્ણ એવા પૂર્ણ-કળશો સ્થાપન કરો. બધાં સ્થાનોમાં કથાકાર, તાલાચાર-તાલ પૂરનાર નટ પ્રમુખનાં નાટકો પ્રવર્તાવો. નગરના દ્વારો પર નવચંદનની માળાઓ બંધાવો, યૂપ-યજ્ઞસ્તંભો તેમજ સંખ્યાબંધ અખાડા ઉભા કરો, શઠ કે સુભટ જ્યાં પ્રવેશ ન કરી શકે, જ્યાં કોઇનો નિગ્રહ ન થાય, મનુષ્યો જ્યાં સંખ્યાબંધ ફરતા રહે, અપરાધી પુરૂષો જ્યાં કારાગૃહના બંધનમાં પડેલા છે તેમને મુક્ત કરી, તથા કરમુક્ત નગરને ભારે ઉત્સાહમાં લાવો.' એટલે ' જેવી દેવની

આજ્ઞા ' એમ કહી તે વચન સવિનય સ્વીકારી તે પુરૂષો નગરમાં ગયા અને રાજાની આજ્ઞા પ્રમાણે બધું તૈયાર કરાવ્યું. જ્યાં હર્ષથી નૃત્ય કરતી તરૂણીની કરાંગુલિથકી મુદ્રિકાઓ નીચે પડી જાય છે, અગ્નિ-જવાળામાં શાંતિ-નિમિત્તે જ્યાં ઘૃત અને મધ સિંચન થઇ રહ્યાં છે, ધનલાભનિમિત્તે જ્યાં યાચક લોકો કોલાહલ કરી રહ્યાં છે, જે સાંભળતાં રાજપુરૂષો દોડી આવીને જ્યાં ધનદાન આપી રહ્યા છે, દ્રવ્યદાનથી ખાલી કરેલા નિધાન-ભંડારમાં જ્યાં દેવતાઓ સુવર્ણ ભરી રહ્યા છે, જ્યાં સુવર્ણના પુંજ સમાન પીત ઘણી રેશમી ધ્વજાઓ શોભી રહી છે, રમણીય મહીતલ પર આલેખવામાં આવેલ હજારો પ્રશસ્ત સ્વસ્તિકો જ્યાં વિરાજમાન છે, સારા વેશથી શોભતા પ્રવર નગરજનો જ્યાં મંગળ ગાઇ રહ્યા છે, મંગળ ગાવામાં તત્પર પૂરોહીતો દેવપૂજાનો પ્રારંભ કરી રહ્યા છે, પૂજાબલિ નાખતાં જ્યાં બધા પક્ષિગણને સંતુષ્ટ કરવામાં આવેલ છે, વસુંધરાનો ભારે વૈભવ જ્યાં કલ્પનાતીત ઉછળી રહેલ છે, વધ-બંધથી મુકત થયેલા લોકો જ્યાં શાંતિથી વિલાસ કરી રહ્યા છે, કુળવૃદ્ધાઓ ઉલ્લાસથી જ્યાં રાસડા-ગીત ગાઇ રહી છે, સંગીતમાં વિચક્ષણ જનોના સુસ્વરવડે જ્યાં દિગંત પૂરાઇ રહેલ છે, એ પ્રમાણે જિન-જન્મમહોત્સવમાં કુંડગ્રામ નગર બાહ્ય અને અભ્યંતર સમ્યક્પ્રકારે દેવનગરના જેવું શોભાયમાન થઇ રહ્યું.

એમ પરમ મહોત્સવ પ્રવર્ત્તતા સિદ્ધાર્થ રાજા સ્નાન કરી, અલંકાર તથા મહાકીંમતી પ્રવર વસ્ત્ર પહેરી રાજસભામાં આવ્યો: એટલે મંત્રી, સામંત, શ્રેષ્ઠી પ્રમુખ વિશિષ્ટ જનો બધા આવી, પગે પડીને કહેવા લાગ્યા કે—' હે દેવ ! વિજય, ધનાગમ, રાજ્ય-વિસ્તાર અને શરીર આરોગ્યવડે તમને વધાવીએ છીએ, કે જેમનો ત્રિભુવનમાં એક મુગટ સમાન તથા પોતાના કુલાકાશમાં મૃગાંક-ચંદ્ર સમાન એવો આ પુત્ર જન્મ્યો. ' એમ કહી તેમણે પ્રવર હસ્તી, અશ્વ, રત્નો પ્રમુખ ભેટ આપ્યાં, એટલે રાજાએ પણ પુષ્પ, વસ્ત્ર, ગંધ, અલંકારાદિકથી તેમને સંતોષ પમાડી, સ્વસ્થાને વિસર્જન કર્યા. એવામાં ક્ષણવાર પછી કંઇક પ્રસંગને લઇને પુત્રને જોવાને ઉત્સુક બનેલ રાજા સભામાંથી ઉઠ્યો અને મણિથી જડેલ જમીન પર જ્યાં રંગ-બેરંગી સ્વસ્તિક આલેખાઇ રહ્યાં છે, દ્વાર પર જ્યાં રક્ષા-પુરૂષો સ્થાપવામાં આવેલ છે, મહામુશળ અને ધોંસરી જ્યાં મૂકવામાં આવેલ છે તથા વિવિધ રક્ષા-પરિક્ષેપવડે જે સશ્રીક-શોભાયમાન છે એવા જિનના જન્મ-ભવનમાં તે ગયો. ત્યાં જાણે રત્નસમૂહ હોય, શરદૃતુનો જાણે સૂર્ય હોય તથા જાણે એકત્ર થયેલ સર્વ તેજ:પુંજ હોય તેમ મંદિરના આભ્યંતર ભાગને ઉદ્યોતિત કરનાર જિનેશ્વરને તેણે જોયા. તેને જોતાં રાજા ચિંતવવા લાગ્યો કે—' અહો ! પ્રથમ દિવસે જન્મ પામેલાની પણ આવી અપૂર્વ શરીર કાંતિ, અસાધારણ રૂપસંપત્તિ, અચિંતનીય લાવણ્ય ! અમેય અને અભગ્ન સૌભાગ્ય ! તેથી મારૂં કુળ સવર્થા પુણ્ય-પ્રકર્ષવડે અધિક છે કે જ્યાં આવું

પુત્રરત્ન ઉત્પન્ન થયું છે.' એમ ચિંતવીને તેણે ત્રિશલાદેવીને કહ્યું કે--' હે દેવી ! તારા પુત્રની પ્રભૂત કાંતિથી જેની પ્રભા જીતાયેલ છે તથા શિખામાં કાજળને ધરતા એવા દીવાઓ જાણે શરમાઇને પોતાના સ્વરૂપને છુપાવતા હોય એવા ભાસે છે. હે વિશાલાક્ષિ ! પૂર્વે આ ભવન મેં ઘણીવાર જોયેલ, છતાં અત્યારે તો એ કાંઇ અદ્ભુત પ્રમોદને ધારણ કરે છે. ચામીકર-સુવર્ણના ચૂર્ણ સમાન કાંતિ-સમૂહવડે જે ઘરની બંને બાજુની ચિત્રિત ભીંતોને એકરૂપ બનાવે છે.' એ પ્રમાણે વાર્ત્તાલાપમાં રાજા-રાણીએ સમય વીતાવીને પ્રથમ દિવસનું જન્મ-કૃત્ય કર્યું, તેમજ ત્રીજે દિવસે પ્રભુને બાળ-સૂર્ય તથા ચંદ્રમાના દર્શન કરાવ્યાં. એમ અનુક્રમે છઠ્ઠો દિવસ થતાં રાજકુળની વૃદ્ધાઓ કે જેમની પાંચે ઇંદ્રિયો અક્ષત છે, શરીરે નિરોગી, જેમના પતિ જીવંત છે, મુખ કમળ પર જેમણે કુંકુમ-પંક લગાડેલ છે, ગળે લટકતી સુરભિ માલતી-માળાઓવડે જે વિરાજિત તથા ભારે સંતોષને પામતી એવી વનિતાઓએ જાગરણ-મહોત્સવ પ્રવર્ત્તાવ્યો. એમ અગીયારમો દિવસ આવતાં યથાવિધાન પ્રમાણે જન્મ-કર્મ સમાપ્ત કરવામાં આવ્યું અને બારમે દિવસે નાના પ્રકારના વ્યંજન-શાકાદિયુક્ત, બહુ પ્રકારના ખાંડ-ખાદ્યાદિવડે પૂર્ણ, અનેક પેય-પાનક વસ્તુઓ સહિત, સુગંધવડે બ્હેકતા ભાતયુક્ત રસવતી તૈયાર કરવામાં આવી. પછી સ્નાન કરાવી, વિલેપન સહિત અલંકારો આપી, જ્ઞાત-ક્ષત્રિયો તેમજ નગરના પ્રધાન સ્નેહીજનોને પરમ આદરપૂર્વક જમાડવામાં આવ્યા. એટલે ક્ષણાંતરે શુચિભૂત થઇને આવતા અને વિશ્વાસપાત્ર તથા શુભ આસનોપર વિરાજમાન એવા તેમને ગંધ, માલ્ય અને અલંકારોથી સન્માન આપી, તેમની સમક્ષ સિદ્ધાર્થ નરાધિપે જણાવ્યું કે—' હે પ્રધાનજનો ! પૂર્વે પણ મને એવો સંકલ્પ ઉત્પન્ન થયો હતો કે-જે દિવસથી આ કુમાર દેવીના ગર્ભમાં અવતર્યો, તે દિવસથી હસ્તી, અશ્વ, ભંડાર, કોષ્ઠાગાર અને રાજ્ય, તેમજ સુખી સ્વજન અને પરિજનોવડે હું અત્યંત વૃદ્ધિ પામતો રહ્યો; માટે એનું મારે **વર્ધમાન** એવું નામ પાડવું તો અત્યારે પણ તમારી સમક્ષ એ જ નામ હો.' એટલે તેમણે કહ્યું—' હે દેવ ! એ તો યુક્ત જ છે. ગુણ-નિષ્પન્ન નામ વિદ્યમાન છતાં કોનું યથાર્થ નામ ન રખાય ? એમ તેમના કહેવાથી જગગુરૂનું **વર્ધમાન** એવું નામ રાખવામાં આવ્યું, જેથી પરમ પ્રમોદ થયો. એવામાં ભય, ભૈરવાદિકના ઉપસર્ગોમાં અચલ તથા ક્ષમાવંત હોવાથી ઇંદ્રે પણ પ્રભુનું **મહાવીર** એવું નામ પાડયું. એ પ્રમાણે નામ પાડવાનું કામ સમાપ્ત થતાં દેવતાએ સંક્રાંત કરેલ પ્રવર રસ-યુક્ત પોતાની અંગુલિના પાનથી તૃપ્તિ પામતા, ભુવનગુરૂ પાંચ ધાત્રીઓથી સેવાતા, અંતઃપુરવાસી રમણીઓવડે સાદર લાલન કરાતા, માતપિતાવડે બહુ પ્રકારે ચરણ-ચંક્રમણ—ગમન કરાવાતા, ચેટક-સેવકજનોથી પ્રતિક્ષણે બોલાવાતા,

દેવ-દેવીઓથી સાદર ઉપાસના કરાતા, સતત ગીતોવડે ગવાતા, પાઠોવડે પઢાતા, ચિત્રોમાં આલેખાતા, દર્શનોત્સુક જનોવડે અહમહમિકા-ન્યાયથી જોવાતા, તથા પર્વતગુફામાં રહેલ કલ્પવૃક્ષની જેમ અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યા; અને શરીરના અવયવ પરિપૂર્ણ થતાં તાપિચ્છવૃક્ષ સમાન સ્નિગ્ધ એવા શિરકેશથી શોભતા, વિશુદ્ધ જાગ્રત થયેલ બુદ્ધિના પ્રકર્ષથી શુદ્ધ ભાષા બોલવામાં વિશેષ વિશારદ, પૂર્ણ શ્રુત-સાગરના પારગામી, અવધિજ્ઞાનથી પરોક્ષ વસ્તુ-વિસ્તારને જાણનાર, કીંમતી અને પવિત્ર વસ્ત્રોને ધારણ કરતા, સમસ્ત લોકોને આનંદ પમાડતા પ્રભુ કંઈક ન્યૂન આઠ વરસના થયા. એટલે બાલ-ભાવને સુલભ એવી ક્રીડા કરવામાં અનેક સમાન વયના મંત્રી, સામંત, શ્રેષ્ઠી, સેનાપતિના પુત્રો કે જેઓ રમવામાં વિચક્ષણ હતા, તેમની સાથે ભગવંત વૃક્ષક્રીડાથી રમવા લાગ્યા; તેમાં એવી શરત રાખવામાં આવી હતી કે—'જે વૃક્ષ પર જલદી ચડે અને ઉતરે, તે બીજા બાળકોની પીઠ પર બેસી તેમને ચલાવે.'

એવામાં સૌધર્મ દેવલોકની **સૌધર્મા** નામે સભામાં અનેક દેવકોટીથી પરવરેલ દેવેંદ્રની આગળ દેવો સાથે વિવિધ વાર્તાલાપ થતાં, ધીરજ-ગુણના વર્ણન પ્રસંગે ઇંદ્રે કહ્યું કે—'હે દેવો! ભગવાન્ વર્ધમાનસ્વામી બાલ્યાવસ્થામાં છતાં તેમનું ધીરત્વ અને પરાક્રમ કંઇ અપૂર્વ જ છે કે બળ-પ્રકર્ષયુક્ત કોઇ દેવ, દાનવ કે ઇંદ્ર પોતે પણ જેને ડરાવી શકે નહિ, અથવા પરાક્રમવડે જીતી શકે નહિ.' એ પ્રમાણે સાંભળતાં એક દેવ કે જે અત્યંત ક્લિષ્ટ પરિણામી અને અતુલ મિથ્યાત્વને લીધે વિવેકહીન હતો તેણે વિચાર કર્યો—'જેમ તેમ બોલે છતાં રમણીય ગણાય, સ્વચ્છંદ અને ઉદ્ધતાઇની ચેષ્ટા જેમાં ભરેલ હોય તેમજ અપવાદની જ્યાં આશંકા ન હોય એવા સ્વામિત્વને ધન્ય જનો પામી શકે. અચિંત્ય માહાત્મ્યવાળા દેવ-દાનવોના સ્વામી ઇંદ્રો, બાળક છતાં જેને ક્ષોભ ન પમાડી શકે. એ શું સંભવિત છે? અથવા તો હાથના કંકણને દર્પણની શી જરૂર છે? હું પોતેજ જઇને તેના ધૈર્યની સત્વર પરિક્ષા કરૂં.' એવો સંકલ્પ કરી, સ્વામી જ્યાં રમતા હતા, ત્યાં વૃક્ષ નીચે તેમને ક્ષોભ પમાડવા તે આવ્યો, એટલે એક મોટું શરીર કે જે અંજનના પુંજ સમાન અથવા જંગલી મહિષના શૃંગ તુલ્ય અત્યંત કૃષ્ણતાથી વનનિકુંજને શ્યામ બનાવનાર, તામ્રચૂડ-કૂકડાની શિખા કરતાં અધિક રક્ત લોચનયુક્ત, વીજળી સમાન ચંચળ જીહ્વાયુગલ સહિત, કુટિલ અને વર્તુલ એવો ઉત્કટ પુષ્ટ ફણાટોપ કરવામાં દક્ષ, યુગ ક્ષયના ભીમ પવન સમાન ભયંકર ઘોષ કરનાર, ભારે પ્રચંડ રોષ-વેગયુક્ત તથા ત્વરિત ગતિ કરનાર અને સન્મુખ આવતા એવા દિવ્ય મહા-વિષધરને તેણે વિકુર્વ્યો. ત્યારે ભગવંતે પણ તેને તથારૂપ જોઇ એક જીર્ણ દોરડીની માફક લીલાપૂર્વક ડાબા હાથમાં ઉપાડીને દૂર ફેંકી દીધો. જેથી દેવ

પણ ધૃષ્ટતા અવલંબી, આગામી અપાયનો વિચાર ન કરતાં બાળરૂપ વિકુર્વીને પ્રભુની સાથે રમવા લાગ્યો. ત્યાં પોતાની વિચક્ષણતાથી સ્વામીએ બધા બાળકોને જીતી લીધા અને પૂંઠપર આરૂઢ થઇને તેમને ચલાવ્યા. એમ બધા બાળકોને ચલાવ્યા પછી પેલા દેવ–કુમારનો વારો આવ્યો, જેથી તેણે હર્ષપૂર્વક પોતાની પીઠ નમાવી. ત્યાં વર્ધમાનસ્વામી આરૂઢ થયા એટલે તે સ્વામીને બીવરાવવા માટે પિશાચનું રૂપ વિકુર્વીને વધવા લાગ્યો. આ વખતે તેણે એવું ભયંકર રૂપ બનાવ્યું કે–ભૂંડ, સૂકર વાળ સમાન તેના કેશ ભારે કર્કશ હતા, તેનું મસ્તક ઘડાના આકાર જેવું અને ભાલસ્થળ તે કુંભના કપાળના ખાલી મધ્યભાગના જેવું હતું, જેની ભ્રકુટીઓ કપિલ અને જટિલવાળ યુક્ત હતી,જેના લોચન–યુગલ મરૂસ્થળના કૂપ સમાન ઉંડા અને એકદમ પીળાશ પડતા હતા, નાસાપુટ મોટા ચૂલાના પાર્શ્વ-ભાગ તુલ્ય ચિપટા હતા, કપોલ મોટા પર્વતની ગુફા સમાન ઉંડા હતા, જેની દાઢાઓ ઘોડાના પુચ્છ સમાન હતી, જેના હોઠ ઉંટના ઓષ્ઠની જેમ લટકતા, જેના દાંતો હાથીની જેમ બહાર નીકળેલા કુટિલ અને ભીષણ હતા, જેની જીહ્વા પવનથી કંપતી પતાકાની જેમ ચંચળ તથા તીક્ષ્ણ તરવાર જેવી હતી, શુષ્ક સ્થાણુ સમાન જેની ડોક અને કોઠી જેવી જેની ભુજાઓ હતી, હસ્તસંપુટ સુપડા જેવા ચપટા અને કરાંગુલિઓ પત્થરના પૂતળા સમાન હતી, અંગુલી–નખો જુની કડછીના પુટ સમાન રૂક્ષ તથા પ્રગટ નસોવડે જટિલ અને ધૂળિયુક્ત મધ્યભાગમાં ઘોર ફુંફાડા મારતો વિષધર જ્યાં સુતેલ છે એવું ઉરસ્થળ કે જેમાં માત્ર અસ્થિનો સમૂહ જ દેખાતો હતો, જેનું ઉદર ઘટના જેવું અને કટિ સ્થાને સ્થાને ભગ્ન અને એક મુષ્ટિમાં આવી શકે તેવી હતી, જેના વૃષણ વાલુંકીના ફળની જેમ લટકતા હતા તથા મોટા હસ્તીના જેવું પુરૂષ–ચિન્હ હતું, બીભત્સ અને વિવર્ણ રોમાવ-લિયુક્ત તથા તાલતરૂ સમાન દીર્ઘ જેની જંઘાઓ હતી, તીક્ષ્ણ પત્થરના વિસ્તાર તુલ્ય જેના પગો અને કોદાળી સમાન દારૂણ જેના પગના નખો હતાં, તેમજ પોતાના વિકરાળ વદનરૂપ ગુફામાંથી જે અગ્નિ–જ્વાળાને પ્રસારતો હતો, પાદતલના પ્રઘાતથી ભૂમિતલને મારતાં જે પ્રસાદોના અગ્રભાગને ચલાયમાન કરતો હતો, ઉંચે પ્રસારેલ લાંબી ભુજારૂપ અર્ગલાવડે જે સૂર્ય–રથની ગતિને સ્ખલિત કરતો તથા મહા–અટ્ટહાસ્ય કરતાં જે પોતાની દઢ દાઢાઓને પ્રગટ કરતો હતો, કંઠથી પગના તળીયા સુધી બીભત્સ મુંડ–માળા જેને લટકતી, નકુલ–નોળીયાના જેણે કુંડલ બનાવ્યા હતા તથા મહા સર્પની જેણે જનોઇ બનાવી હતી, ચિત્રાનું ચર્મ ચીરીને જેણે પોતાનું વસ્ત્ર બનાવ્યું, રૂધિર અને માંસથી જેનું શરીર ખરડાયેલું હતું, અત્યંત ઘોર અને જરાથી જર્જરિત અજગરવડે જેણે

પોતાનો સ્કંધ બાંધી લીધો હતો. પ્રતિસમય જે ઉછળતો, નાચતો, વારંવાર હસતો, અધિક અધિક વૃદ્ધિ પામતો અને ભીષણ શબ્દ બોલતો હતો. એ પ્રમાણે તે મહા પિશાચનું ભીષણ રૂપ કે જે પ્રતિક્ષણે વૃદ્ધિ પામતું અને તરવાર તથા મેઘ સમાન શ્યામ હતું. એટલે તે સર્વથા કપટકળા જાણવામાં આવતાં ભગવંતે જરા પણ ભય પામ્યાવિના તેના પૃષ્ઠભાગે લીલાપૂર્વક એક મજબૂત મુષ્ટિપ્રહાર કર્યો. ત્યારે વજ્રથી જાણે અભિઘાત પામ્યો હોય તેમ મુષ્ટિઘાતથી વિરસ શબ્દ કરતો તે તરતજ એક બાળક જેવો લઘુ બની ગયો અને નિર્બળ કાયા થઇ જવાથી સેંકડો ચીત્કાર કરવા લાગ્યો. પછી દેવેંદ્રના વચનને સત્ય માનતો, પશ્ચાત્તાપ કરતો, પોતાના દુશ્ચરિત્રથી અંગે ઘાયલ થતાં પ્રભુને પ્રણામ કરીને તે કહેવા લાગ્યો કે– ' હે ત્રૈલોક્યનાથ ! આ તો મેં ભારે દુષ્ટ કામ કર્યું, કારણ કે ઇંદ્રનું વચન સત્ય છતાં મેં તે માન્યું નહિ, જેથી અત્યારે હું આ ભયંકર ફળ પામ્યો. અથવા તો મોટેરાના વચનની અવગણના કરે, તેને આ શું માત્ર છે ? હે દેવ ! સંસારના મહા ભયને પણ તમે લીલામાત્રથી પરાસ્ત કરવા સમર્થ છો, તો અમારા જેવા તમને ભય પમાડવા આવે, તે શા હિસાબમાં ? તેમજ ચરણાંગુલિથી કનકાચલ ચલાયમાન કરનાર તથા તેને લીધે મોટા મહીમંડળને ડોલાયમાન કરનાર એવા હે ભગવાન્ ! તમારી એ બાળચેષ્ટા પણ કોના ચિત્તને ચમત્કાર ન પમાડે ? હે ત્રિભુવનપતિ ! આવું તમારૂં પ્રગટ બળ છતાં જે હું જાણી ન શક્યો, તેથી હું નામમાત્રથી વિબુધ–દેવ છું, પણ ક્રિયાથી નહિ. આવો મારો દુર્વિનય એક વાર આપ સહન કરો, કારણ કે સત્પુરૂષો સ્વભાવથી જ પ્રણત–વત્સલ હોય છે." એ પ્રમાણે ભુવનના એક બાંધવ એવા વિભુને ખમાવી પ્રણામ કરી તે દેવતા મણિ–કુંડળથી દિશાને પ્રકાશતો આકાશમાં ઉડી ગયો. ભગવંત પણ ક્ષણવાર તેવા પ્રકારની ક્રીડા કરી, પોતાના સેવક સુભટ અને અંગરક્ષકો સાથે પોતાના ભવનમાં આવ્યા.

હવે જગદ્‌ગુરૂને કંઇક અધિક આઠ વરસ થતાં ભારે હર્ષ પામીને સિદ્ધાર્થ રાજાએ ત્રિશલા રાણીને કહ્યું કે– ' હે દેવિ ! કુમાર હવે કળાઓ શીખવવા લાયક થયો છે, માટે અધ્યાપક પંડિત પાસે ભણવા મૂકીએ.' એમ સાંભળી ત્રિશલાદેવીએ જગતના એક નાથ પ્રભુને મહાવિભૂતિપૂર્વક પ્રશસ્ત તીર્થોદકથી ભરેલા કળશો-વડે ન્હવરાવ્યા, તેમજ નાસિકાના નીસાસારહિત, ચક્ષુને ગમે તેવું, ચંદ્રમા સમાન ચળકતું અને પ્રવર એવું દેવદૂષ્ય–યુગલ ભગવંતને પહેરાવ્યું. વળી મણિ, મુગટ, કડાં, કુંડળ, બાજુબંધ પ્રમુખ આભૂષણો કે જે ઇંદ્રે આપેલાં હતાં,

૧ વિબુધનો અર્થ પંડિત પણ થાય છે.

તેવડે તરતજ પ્રભુને અલંકૃત કર્યા. એવામાં સિદ્ધાર્થ મહારાજે પણ સમસ્ત કલા–કલાપમાં પ્રવીણ એવા એક મોટા અધ્યાપકને પોતાના ભવનમાં બોલાવ્યો. તેના નિમિત્તે એક મોટું સિંહાસન મંડાવ્યું અને વર્ધમાનકુમારને માટે બીજું તે કરતાં જરા નાનું સિંહાસન રખાવ્યું. ત્યાં અધ્યાપક પાસે સ્વામી જેટલામાં ભણવા આવ્યા નથી તેટલામાં નિર્મળ મણિથી દેદીપ્યમાન ઇંદ્રનું સિંહાસન ચલાયમાન થયું. એટલે અવધિજ્ઞાનથી ભગવંતને ભણાવવાનો વૃત્તાંત જાણી ઇંદ્રે વિચાર કર્યો કે–' અહો ! માત–પિતાને કેટલો બધો મોહ હોય છે ? કે સમસ્ત શાસ્ત્રના પરમાર્થને જાણનાર એવા જગદીશને પણ અત્યારે ઉપાધ્યાય પાસે ભણવા મોકલે છે ? ' એમ વિચાર કરતો ઇંદ્ર આવી, પરમ ભક્તિપૂર્વક પ્રભુને મોટા સિંહાસન ઉપર બેસારી અંજલિપૂર્વક વંદન કરી, શબ્દશાસ્ત્રનો પરમાર્થ પૂછવા લાગ્યો, એટલે પ્રભુ પણ તે પ્રમાણે બરાબર કહેવા લાગ્યા. આ વખતે તે ઉપાધ્યાય પણ પરમ આશ્ચર્ય પામતો એકચિત્તે તે બધું સાંભળવા લાગ્યો, તેમજ જનક અને જનનીને પણ ભારે વિસ્મય થઇ પડ્યો. એમ વિભુ શબ્દ–શાસ્ત્રના પદોના અર્થ કહી વિરામ પામતાં ઇંદ્ર તેમને કહેવા લાગ્યો કે–' આ પ્રભુ તો જાતિસ્મરણયુક્ત, ગર્ભાવાસથી પણ ત્રણ જ્ઞાન સહિત છે, તેમજ હાથમાં રહેલ પ્રકૃષ્ટ મણિની જેમ પોતાની મતિથી સર્વ વસ્તુને જાણે છે; માટે નિરર્થક આવો પ્રયત્ન શામાટે ઉઠાવ્યો ? ' એ પ્રમાણે સાંભળતાં આશ્ચર્ય અને પરમપ્રમોદ પામેલા પ્રભુના માત–પિતા પોતાના અહોભાગ્ય માનવા લાગ્યા. ઇંદ્ર પણ પ્રભુને નમીને સ્વર્ગમાં ચાલ્યો ગયો. ત્યાં ભગવંતે કહેલા જે કાંઇ પદ–અર્થો ઉપાધ્યાયે બરાબર ધારી લીધા, તેના અનુસારે બરાબર સંબંધ યુક્ત એક ઐંદ્રવ્યાકરણ રચ્યું.

એવામાં અનુક્રમે કાળ નિર્ગમન કરતાં ભગવાન્ પણ નિર્વિઘ્ને તારૂણ્ય પામ્યા. તેના પ્રભાવે અત્યંત સ્નિગ્ધ અને સૂક્ષ્મ કૃષ્ણ કેશો શોભવા લાગ્યા. ઉત્તમાંગ–મસ્તક છત્રાકારે શોભતું, શ્રવણ–કર્ણમૂલ પર્યંત લાંબા નેત્રયુગલવડે કમળની જેમ મુખ શોભી નીકળ્યું, અત્યંત શોભાયુક્ત રત્નની જેમ શ્રીવત્સવડે શોભિત અને કનકાચલની શિલા સમાન વિપુલ એવું વક્ષસ્થળ ભાસતું, સત્પુરૂષની ચિત્તવૃત્તિની જેમ ગંભીર અને દક્ષિણ આવર્ત્ત–ઘેરાવાયુક્ત એવી નાભિવડે અલંકૃત ઉદર કૃશ હતું, હંસના જેવા કોમળ રોમવડે મંડિત તથા હસ્તીની સુંઢ સમાન જંઘાયુગલ શોભતું, અંગુલિના અગ્રભાગે દીપતી નખાવલિ કે જે ચિંતામણિની જાણે શ્રેણિ હોય તેવડે શોભિત ચરણ–કમળ કે જે જય-પતાકા, મગર, મત્સ્ય ઇત્યાદિ લક્ષણોથી લાંછિત હતું, તેમજ ભાવિ અપાયની આશંકા લાવી પ્રથમથીજ જિનના હૃદયથકી કુટિલતા બહાર નીકળીને કેશોમાં આવી રહી હશે, એમ સમજાય છે. વળી અલ્પ સ્નેહ–ભાવ ઉત્પન્ન થયા છતાં

ભાવી ભયથી ભીત થઇ રાગ પણ પ્રભુના કર, ચરણના તલ તેમજ અધરતલમાં પણ વાસ કરતો ન હતો. એ પ્રમાણે પોતાના રૂપવડે દેવ, દાનવોના ઇંદ્રોને જીતનાર એવા પ્રભુના તરૂણપણાને જાણી અન્ય રાજાઓએ પોતપોતાની કન્યા પરણાવવા સિદ્ધાર્થ ભૂપતિ પાસે પોતાના પ્રધાન પુરૂષો મોકલ્યા. તેમણે આવીને રાજાને વિનંતિ કરી કે-'હે દેવ! વર્ધમાનકુમારના રૂપ-પ્રકર્ષથી રંજિત થયેલા અમે રાજાઓ પોતપોતાની કન્યા તેને પરણાવવા માટે તમારી સમીપે પ્રધાન પુરૂષો મોકલ્યા છે, માટે એ સંબંધમાં તમે પ્રત્યુત્તર આપશો, રાજાએ કહ્યું- 'અમે પૂરતો વિચાર કરીને કહીશું, તો અત્યારે તમે અહીંથી સ્વ-સ્વસ્થાને જાઓ. એમ રાજાના કહેવાથી તે પુરૂષો સ્વસ્થાને ચાલ્યા. પછી રાજાએ એ વ્યતિકર રાણીને કહી સંભળાવ્યો, જે સાંભળતાં ભારે હર્ષ પામતી દેવી કહેવા લાગી- 'હે સ્વામિન્! તમારા પ્રસાદથી જે પામવાનું હતું તે બધું હું પામી ચૂકી. પૂર્વે કદિ ન અનુભવેલાં સુખો મેં ભોગવ્યાં. હવે જો એ કુમારનો હું લગ્ન-મહોત્સવ જોવા પામું, તો પૂર્ણ કૃતકૃત્ય થાઉં. રાજાએ જણાવ્યું-' હે દેવિ! જો એમ હોય, તો તમે કુમાર પાસે જાઓ અને વિવાહનો પ્રસંગ તેને કહી સંભળાવો, ત્યારે રાણી બોલી-'હે મહારાજ! પ્રથમ મારે ત્યાં જવું તે યોગ્ય નથી. કારણ કે, કુમારો લજ્જાયુક્ત હોય છે, માટે તેના મિત્રોને શીખવીને મોકલો. એમ રાણીના કહેવાથી લગ્ન મનાવવા માટે કુમાર પાસે તેના મિત્રોને મોકલ્યા. તેમણે જઇને વિનયપૂર્વક તે વૃત્તાંત કુમારને કહી સંભળાવ્યો, જે સાંભળતાં ભગવંતે જણાવ્યું કે-'હે મહાનુભાવો! તમે મારા મનોભાવને શું જાણતા નથી? વિષય-વિરાગને સમજતા નથી? અથવા ગૃહાવાસનો ત્યાગ કરવાના મારા અભિલાષને તમો જાણતા નથી? કે જેથી આમ લગ્ન સંબંધી વાત કહો છો. એટલે, તેમણે જણાવ્યું કે- 'હે કુમાર! અમે તે બધું જાણીએ છીએ, છતાં મા-બાપનું વચન અવશ્ય પાળવાનું હોય છે, તેમજ પોતાના સ્નેહીજનો પણ અલંઘનીય હોય છે. વળી પશ્ચિમ-પાછલી અવસ્થામાં તમારે ગૃહવાસનો ત્યાગ કરવો એ કાંઇ દુર્લભ નથી અને માત-પિતાના મનોરથ પૂર્ણ થતાં તેઓ કાંઇ તમારા ઇષ્ટકાર્યમાં પ્રતિકૂળ થવાના નથી. ત્યારે વિભુ બોલ્યા-"પાણિગ્રહણ વિના પણ પૂર્વે મેં એવી પ્રતિજ્ઞા લીધી છે કે-' માતપિતા જીવતા હોય, ત્યાંસુધી મારે સર્વવિરતિ ન સ્વીકારવી. માટે લગ્ન વિના કુમારભાવે રહેતાં જો માબાપ સંતોષ પામતા હોય, તો તેમાં શું ખોટું છે? પાણિગ્રહણથી શું અધિકતા આવવાની છે? કારણ કે તમે સાક્ષાત્ જુઓ કે કળશોની શ્રેણી મૂકવાના મિષે ઉત્તરોત્તર દુઃખોનો પાપ-પ્રબંધ દેખાય છે, જ્વલંત અગ્નિના બાને મહામોહનો વિલાસ પ્રગટ થાય છે, ગગનાંગણે ઉછળતા ધૂમ-પડલના મિષે પોતાની લઘુતા જણાય છે, ચારૂ મંગળના

પરિવર્ત્તનના બાને સંસારની ચાર ગતિનું પરિભ્રમણ પરખાય છે, ઘૃત, મધુ પ્રમુખના હવનવડે બધા ગુણ-ગણનો દાહ દેખાય છે, તરૂણીના મંગલગીતથી ચારે દિશામાં જાણે અપયશ પ્રસરતો હોય તેમ જણાય છે, કંઠે લટકતી કુસુમમાળાના મિષે દુઃખ-સમૂહ જાણે સમીપવર્ત્તી હોય તેમ સમજાય છે, ચંદનરસના અંગરાગથી જણાય છે કે કર્મ-મલનો લેપ આત્માને તરત લાગુ પડ્યો, કન્યાના પાણિગ્રહણના મિષે અષ્ટ કર્મરૂપ મહાકીંમતી વસ્તુ ખરીદવા જાણે હાથવડે સોદો નક્કી થયો એમ સૂચવાય છે. વધારે તો શું કહું ? પરંતુ વિવાહના વખતનો વિધિ સૂક્ષ્મ બુદ્ધિથી અવલોકતાં અને વિચારતાં મારા તો રોમાંચ પ્રગટ થાય છે; માટે મોહના પસારાને મૂકી મને વિવાહ વિના અનુજ્ઞા આપો કે માત-પિતાની શાંતિમાટે હું અવિવાહિત થઈને રહું. ”

એ પ્રમાણે કુમારના બોલતાં તેમણે વિનયથી નમ્ર થઈને જણાવ્યું કે- ‘ હે કુમાર ! તમારા જેવાને એમ કરવું તે યુક્ત નથી, કારણ કે સત્પુરૂષો સ્વજનની પ્રાર્થનાનો ભંગ કરવામાં સદા ભીરૂ હોય છે અને સ્વકાર્ય સાધવામાં સ્વભાવથી જ વિમુખ રહે છે. તેમજ પૂર્વે ઋષભાદિ જિનેશ્વરોએ શું પાણિગ્રહણાદિ કરેલ નથી ? અથવા તો. શાંતિપ્રમુખ જિનોએ શું ચક્રવર્ત્તીની સમૃદ્ધિ નથી ભોગવી ? ’ સ્નેહીજનો એમ બોલતા હતા, તેવામાં કંચુકી જનોથી પરવરેલ ત્રિશલા દેવી પોતે પ્રભુપાસે આવ્યાં. એટલે સાત-આઠ પગલાં સન્મુખ જઇ વિનયપૂર્વક આસન વિગેરે આપતાં પ્રભુએ તેનો સંપૂર્ણ સત્કાર કર્યો. પછી અંજલિ જોડી પ્રભુ માતાને કહેવા લાગ્યા કે-‘ હે અમ્મા ! આપનું આગમન શા કારણે થયું તે કહો ; દેવી બોલી-‘ હે પુત્ર ! તારા દર્શન કરતાં શું અન્ય કાંઈ નિમિત્ત હોઇ શકે ? કારણ કે જીવલોક તું છે એટલામાં જ વસે છે, દિશાઓ પણ એટલામાં જ પરિપૂર્ણ છે, સુખકારો રાજલક્ષ્મી સંતોષ પમાડે છે, ઘર નિર્વૃત્તિ ઉપજાવે છે, પ્રણયી જનો અનુકૂળ અને ત્રિભુવન અંધકારરહિત લાગે છે તો એ કરતાં બીજું શ્રેષ્ઠ નિમિત્ત શું કહું ? ’ એમ સાંભળતાં પ્રભુએ વિચાર કર્યો કે-‘ અહો ! માતાનો પોતાના અપત્ય પ્રત્યે સ્નેહ કાંઇ અચિંત્ય જ હોય છે, વાત્સલ્ય કંઇ અપૂર્વ જ લાગે છે. જોવાની લાગણી કાંઇ અસાધારણ જણાય છે કે હું સદા જોવામાં આવ્યા છતાં કોઇવાર સ્હેજ મને ન જોતાં અત્યારે એવી રીતે સંતપ્ત થાય છે. ’ એમ ધારી ભગવંત પુનઃ બોલ્યા—‘ હે અમ્મા ! તથાપિ કંઇક પ્રયોજન તો પ્રકાશો. ’ દેવીએ જણાવ્યું—‘ જો એમ હોય તો વિવાહ-મહોત્સવ સ્વીકારો, કારણ કે એ જ કારણે આ પ્રણયીજનોને અમે તારી પાસે મોકલેલ છે. રાજા અને નગરજનો તારા વિવાહને માટે અત્યુત્કંઠા ધરાવે છે, તેમજ પૂર્વે પ્રાપ્ત ન થયેલ મને પણ એટલું જ સુખ જોઇએ છીએ. પુણ્યના પ્રભાવે બીજા બધા મારા મનોરથો

પરિપૂર્ણ થયા છે.' એમ સાંભળતાં ભગવંતે વિચાર કર્યો કે—'ગર્ભકાળથી મારી તો એવી પ્રતિજ્ઞા છે કે માતપિતાને અપ્રીતિ ઉપજાવનાર એવી પ્રવ્રજ્યા પણ ન આદરવી.' એમ ચિંતવી પોતાની ઇચ્છા ન હોવા છતાં માતાનું વચન માની લીધું, જેથી પરિજનો સાથે દેવી બહુ જ સંતુષ્ટ થઇ અને એ વૃત્તાંત રાજાને નિવેદન કરવામાં આવ્યો.

એવામાં પ્રતિહારે આવી પ્રણામપૂર્વક સિદ્ધાર્થ ભૂપને નિવેદન કર્યું કે—'હે દેવ! **સમરવીર** રાજાનો દૂત દ્વારપર આપના દર્શનનો અભિલાષી થઇ બેઠો છે તો આપની શી આજ્ઞા છે?' રાજાએ જણાવ્યું—'તેને શીઘ્ર આવવા દો.' એટલે 'જેવી દેવની આજ્ઞા' એમ કહેતાં પ્રતિહારે તેને પ્રવેશ કરાવ્યો. તેણે આવી રાજાને પ્રણામ કર્યા અને આસન મળતાં તે બેઠો. પછી પ્રસંગ નીકળતાં રાજાએ તેને પૂછયું કે—'હે ભદ્ર! અહીં શા કારણે આવવું થયું?' તે બોલ્યો—'હે દેવ! સાંભળો. પોતાની શોભાવડે કુબેરની નગરીને જીતનાર એવા **વસંતપુર** નામના નગરમાં સમરાંગણમાં દેવાંગનાઓને સંતોષ પમાડનાર અને યથાર્થ નામધારી એવો **સમરવીર** નામે રાજા છે. તેની **પદ્માવતી** રાણીના ઉદરથી ઉત્પન્ન થયેલ અને પોતાના પ્રાણ સમાન એવી **યશોદા** નામે કન્યા છે. તેનું નામ યશોદા કેમ પડયું તે હકીકત વિગતવાર સાંભળો. એના જન્મ સમયે સમરવીર રાજાએ રાત્રે સુખે નિદ્રા લેતાં પ્રભાતકાળે સ્વપ્ન જોયું કે કવચથી સજ્જ થએલા અને વિવિધ આયુધો ધારણ કરતા એવા સુભટો, સજ્જ થયેલા ચપળ અશ્વો, કવચ પહેરાવી તૈયાર કરેલા હાથીઓ તથા અનેક પ્રકારના શસ્ત્રોથી ભરેલા તેમજ યોદ્ધાઓયુક્ત એવા રથોવડે પરવરેલ અને પોતે પણ મદોન્મત્ત હાથીપર આરૂઢ થયેલ એવો હું ઉદ્યાનમાં ગયો. ત્યાં જતાં એકદમ કોલાહલ જાગ્યો કે જેમાં કેટલાક સુભટો નાચતા, કેટલાક પલાયન કરતા, કેટલાક ધૂળથી ખરડાયેલા થઇ પૃથ્વીપર આળોટતા, વિજયધ્વજાઓ પડવા લાગી, તથા જયવાદ્યો બંધ થયાં. એ પ્રમાણે અસ્તવ્યસ્ત જોતાં મેં આમતેમ પડતા પોતાના છત્રને હાથવડે ધરી રાખ્યું અને એક મહાવિજયધ્વજ મને પ્રાપ્ત થયો તેને પણ સંભાળી રાખ્યો. એવું સ્વપ્ન જોઇને જાગ્રત થતાં તેણે પ્રભાતે એકદમ સ્વપ્ન-પાઠકોને બોલાવી, તેમને સ્વપ્નની વાત જણાવી. એટલે તેમણે કહ્યું કે:—'હે દેવ! પાંચ કારણોથી સ્વપ્ન આવે છે. તે અનુભવેલ હોય, જોયેલ કે ચિંતવેલ હોય, પ્રકૃતિમાં વિકાર હોય અથવા તો દેવતાના પ્રભાવે તે આવે છે. તેમાં તમને એમાંથી કયા કારણને લીધે સ્વપ્ન આવ્યું, તે સમજાતું નથી' ત્યારે રાજા બોલ્યો:—'એ તો એમજ છે, એનું કારણ બરાબર સમજવામાં આવતું નથી.' તેમણે કહ્યું:—'જો એમ હોય તો સ્વપ્નગત બાબત સાચી કરો. જેમ તમે જોયું તેમ સર્વ સામગ્રી

તૈયાર કરી ઉદ્યાનમાં જાઓ. તેમાં દોષ શો છે ? અથવા તો કોઇ પરમાર્થ છે તે સમજી શકાતું નથી. એમ કરતાં વખતસર કાંઇ ગુણ થવા સંભવ છે. ડોલતા છત્રને ધરી રાખ્યું અને વિજયધ્વજનો લાભ થયો, એ કંઇક સાભિપ્રાય લાગે છે.' એમ તેમના કહેવાથી રાજાએ તે વચન સ્વીકારી, સન્નાહભેરી—સજ્જ થવાની નોબત વગડાવી. જે સાંભળતા તત્કાલ બખ્તર પહેરી સજ્જ થઇ સામંતો બધા રાજા પાસે આવ્યા, અન્ય કાર્યને તજી યોદ્ધાઓ તૈયાર થયા, હાથી, અશ્વો તરત જ સજ્જ કરવામાં આવ્યા. એમ ચતુરંગ સેનાસહિત તથા પ્રધાન હસ્તી પર આરૂઢ થયેલ રાજા નગરની પાસેના **નંદન** નામના ઉદ્યાનમાં ગયો. ત્યાં રાત્રે જોવામાં આવેલ સ્વપ્નની ભયંકરતાનો વિચાર કરતાં, તત્કાલ સ્ફુરાયમાન થયેલ વામ નેત્રવડે અનિષ્ટ ઘટનાનું સૂચન થતાં, કંઇક અરતિભાવની કલ્પના કરતાં અને બાહ્ય વૃત્તિથી ઉદ્યાન અવલોકતાં રાજાને તે જ પૂર્વ દિવસે મોકલેલ ચરપુરૂષે સૂચવેલ પ્રસ્તાવ ઉભો થયો કે જેમાં લાંબા વખતના વૈરને લીધે ગાઢ ક્રોધ પામેલ, તે દિવસનો રાજાનો વ્યતિકર ન જાણતાં સંગ્રામને માટે સજ્જ થયેલ, સીમાડાનો **દુર્યોધન** નામે સામંત ઉદ્યાનની સમીપે આવી પહોંચ્યો. તેણે ઘેરો ઘાલ્યો અને જેથી કોલાહલ જાગ્યો. તેનું આગમન જાણવામાં આવતાં નરેંદ્ર ઉદ્યાનની બહાર નીકળ્યો. ત્યાં પ્રતિરિપુએ રાજાને સંગ્રામસજ્જ જોયો. એટલે 'મારૂં આગમન એણે શી રીતે જાણ્યું હશે ?' એમ મનમાં ક્ષોભ પામતાં પણ દુર્યોધને રાજા સાથે યુદ્ધ ચલાવ્યું કે જેમાં તીક્ષ્ણ ખડ્ગોવડે પ્રચંડતા ભાસતી, પુરૂષોનાં મસ્તકો પથરાઇ રહ્યાં, હોઠ દશીને મોટા મુદ્ગર ઉપાડતાં સુભટો મોટા રથોના ભુકેભુકા કરી નાખતા, ભાલાના અગ્રભાગથી ભેદાયેલા કુંજરોનાં કુંભસ્થળોમાંથી મોતીઓ પડી રહ્યા હતા, તત્કાલ ભેગા થયેલા વેતાળોના કિલકિલ શબ્દો ભયાનક ભાસતા, પડતા છત્ર, ધ્વજાઓ અને વાવટાઓના સમૂહથી પૃથ્વી આચ્છાદિત બની રહી, મદમાં આવી ગયેલા હાથીઓ પ્રતિપક્ષીના પક્ષમાં રહેલ સ્વજાતિના પ્રવર પરિવારને મારતા, હસ્તી, અશ્વોના ઘાતથી પ્રસરતા રૂધિરવડે જમીન આર્દ્ર બની રહી તથા રણવાદ્યનો ધ્વનિ સાંભળતા નાચી રહેલા કબંધો—ધડોવડે ભારે ભયાનક ભાસતું. એ પ્રમાણે એક હેલામાત્રમાં ઘોર સંગ્રામ ચલાવી તત્કાલ શ્રી **સમરવીર** રાજાએ પેલા શત્રુ સામંતને નાગપાશવડે બાંધી લીધો, અને કહ્યું કે:—' અરે અધમ ! હવે ઇષ્ટદેવને યાદ કરી લે, કારણ કે દુશ્ચરિત્ર—રથમાં આરૂઢ થયેલ તું હવે યમનો અતિથિ છે.' ત્યારે દુર્યોધન બોલ્યો—' હે નરેંદ્ર ! આમ શામાટે બોલે છે ? સંગ્રામની શરૂઆતમાં જ સંભારવાનું મેં યાદ કરી લીધું. હવે શંકા વિના તારા કુળક્રમને અનુકૂળ જે કરવાનું હોય તે કર. દેહે કરેલ દેહ ભલે ભોગવે—સહન કરે તેમાં સંતાપ શો ?' એ પ્રમાણે સાંભળતા કરૂણા

ઉત્પન્ન થવાથી સમરવીર ભૂપાલ તેને પોતાના ભવનમાં લઇ ગયો. ત્યાં બંધો બધા છોડી નખાવ્યા, સ્નાન, ભોજનાદિક કરાવ્યા અને સંગ્રામમાં લઇ લીધેલ હાથી, અશ્વો વિગેરે તેને સમર્પણ કર્યાં. એટલે તેણે પણ સેવાવૃતિ અંગિકાર કરી જેથી રાજાને પરમ સંતોષ થયો અને ચોતરફ યશ પ્રસરી રહ્યો. આથી રાજાએ જણાવ્યું કે—'અહો! આ મારી કન્યાએ પ્રસવ-કાલે પણ મને આટલો બધો યશ અપાવ્યો તો એનું નામ **યશોદા** એવું નામ રાખવું સાર્થક છે. એમ મોટા આડંબર સાથે તેનું **યશોદા** નામ પાડયું. તે કન્યા ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામતાં અનુક્રમે યૌવનાવસ્થા પામી. એવામાં એક દિવસ રાજાએ નિમિત્તીયાને પૂછયું કે—'આ કન્યાનો પતિ કોણ થશે?' તેણે કહ્યું--'હે દેવ! વક્ષસ્થળે શ્રીવત્સ લાંછનથી લાંછિત, બધા દેવ-દાનવોને પૂજનીય, એક હજાર ને આઠ લક્ષણોને ધારણ કરનાર એવો પ્રવર પુરૂષ નિશ્ચય એનો સ્વામી થશે.' એમ સાંભળતાં સમરવીર રાજાના હૃદયમાં તમારો કુમાર રમી રહ્યો. પછી તેણે **મેઘનાદ** નામના સેનાપતિને બોલાવ્યો અને તેને **યશોદા** કન્યા તથા સ્વયંવર-વિવાહને યોગ્ય હાથી, ઘોડા, કનકાદિ પણ સારી રીતે આપ્યાં. વળી તેને સૂચના કરતા જણાવ્યું કે—'હે ભદ્ર! તું સત્વર જા અને લગ્ન-મહોત્સવ કરાવ.' એમ રાજાની આજ્ઞા થતાં જ અસ્ખલિત પ્રયાણે તે ચાલ્યો. એજ કાર્ય નિવેદન કરવા માટે મને પ્રથમ તમારી પાસે મોકલેલ છે, હે નરેંદ્ર! એજ મારા આગમનનું કારણ છે." એટલે સિદ્ધાર્થ રાજા બોલ્યો—'સારૂં કર્યું એ તો અનુકૂળ જ છે. બરાબર સમયને યોગ્ય વાંછિત કાર્ય ભલે પ્રવર્ત્તે.' ત્યારે દૂતે જણાવ્યું કે—'હે દેવ! કેમ ન પ્રવર્ત્તે કે લગ્નમુહૂર્ત બિલકુલ નજીક વર્ત્તે છે.' એમ તેના કહેતાં અન્ય રાજાઓના પ્રધાન પુરૂષોને સિદ્ધાર્થ રાજાએ પોતપોતાને સ્થાને મોકલ્યા.

પછી બીજે દિવસે રાજકન્યા આવતાં રાજાને વધામણી આપવામાં આવી તેને નિવાસ નિમિત્તે ઉંચો સાત મજલાનો પ્રાસાદ-મ્હેલ અપાવ્યો, દિવ્ય રસવતી તૈયાર કરાવી તેમજ દરેક પ્રકારે સારો સત્કાર કર્યો. એમ કરતાં પ્રશસ્ત મુહૂર્ત્તે પ્રવર શૃંગાર ધારણ કરી, અનેક સામંત અને સુભટોને સાથે લઇ **મેઘનાદ** સેનાપતિએ આવી રાજાને પ્રણામ કર્યા અને કુશળ સમાચાર પૂછયા. એટલે સિદ્ધાર્થ નરપતિએ પણ તેને આસન અને તાંબૂલાદિક આપતાં **સમરવીર** રાજાની કુશલ-વાર્ત્તા પૂછી, જે તેણે સવિનય કહી સંભળાવી. પછી ક્ષણભર વિવિધ વાર્ત્તાલાપ કર્યા પછી રાજાએ અનુજ્ઞા આપતાં તે ઉઠીને પોતાના આવાસમાં ગયો. એવામાં લગ્ન-મુહૂર્ત્ત પાસે આવતાં વિવાહની તૈયારી ચાલુ થઇ. સર્વત્ર માંચડા બંધાવ્યા, યથાસ્થાને આસનો ગોઠવવામાં આવ્યાં, વિવિધ કામોમાં

કિંકરોને નિયુક્ત કરવામાં આવ્યા અને વેદિકા-મંડપ રચવામાં આવ્યો, કે જે મરકત મણિઓથી ચકચકિત, સુવર્ણ-કળશોની રચનાવડે રમણીય, અતિનિર્મળ રંભા-કદલસ્તંભપર લટકતા વિજય-ધ્વજવડે સુશોભિત, ચોતરફ પાથરેલા પુષ્પ-પુંજોમાં ભમતા ભમરાઓના ગુંજારવથી શબ્દાયમાન, નિર્મળ મુક્તાફળથી જડેલ સુંદર મણિઓવડે જડિત જ્યાં ભીંતો બાંધવામાં આવેલ છે, ચોતરફ મૂકવામાં આવેલ દર્પણોમાં જ્યાં રમણીઓના મુખ-કમલ પ્રતિબિંબિત થયેલાં છે, સ્થાને સ્થાને સ્થાપન કરેલ કીંમતી મણિઓવડે જ્યાં અંધકાર પરાસ્ત થઇ ગયેલ છે, ગરૂડમણિના પ્રસરતા કિરણોવડે જ્યાં ભૂમિભાગ વિચિત્ર ભાસી રહેલ છે તથા એક તરફ નૂતન ગોમયથી જ્યાં લીંપવામાં આવેલ છે એવું વેદિકા-ભવન શોભતું હતું. એ પ્રમાણે તે સમયને યોગ્ય કર્ત્તવ્ય બજાવીને મેઘનાદે સિદ્ધાર્થ રાજાને કહેવરાવ્યું કે—'હવે પાણિગ્રહણનો પ્રશસ્ત સમય નજીક આવ્યો છે, માટે કુમારને લઇને શીઘ્ર આવો.' એટલે રાજાએ પણ ત્રિશલા રાણીને કહ્યું કે—'હે દેવી! કુમારને પોંખણાપ્રમુખ જે કરવાનું હોય તે સત્વર કરો. હવે લગ્ન-મુહૂર્ત્ત નજીક છે.' એમ સાંભળતાં રાણીએ પરમ આદરપૂર્વક વિવિધ પ્રકારે મંગલ શબ્દ ઉચ્ચારતાં કુમારને પોંખી સર્વ ઔષધિમિશ્રિત જળવડે ન્હવરાવ્યો, મહાકીંમતી ધવલ વસ્ત્રયુગલ પહેરાવ્યું અને અન્ય સર્વ કર્ત્તવ્ય-વિધિ સાચવ્યો. ત્યાં ગોશીર્ષ-સુરભિ ચંદનના વિલેપનવડે પંડુર બનેલ જિનેંદ્ર તે શરદ-ઋતુના ચંદ્રની ચાંદનીવડે ધવલિત થયેલ કનકગિરિ સમાન શોભવા લાગ્યા, કુસુમ-ગુચ્છથી આચ્છાદિત થયેલ વિભુનો કૃષ્ણ કેશપાશ તે સ્ફુરાયમાન તારલાવડે શોભિત ગગનાંગણના જેવો ભાસતો, યોગ્ય સ્થાને ગોઠવેલ વિચિત્ર રત્નોના નૂતન ભૂષણોવડે અધિક શોભતા પ્રભુ જાણે જંગમ ભાવને પામેલ રોહણાચલ હોય તેવા લાગતા હતા. ભગવંતની સ્વાભાવિક શોભા પણ વર્ણવી ન શકાય તો આ વખતે વિશેષ શણગારથી મંડિત થયા, એટલે પછી કહેવું જ શું? એ પ્રમાણે કુમારને લગતું કર્ત્તવ્ય કરવામાં આવતાં રાજાને નિવેદન કરવામાં આવ્યું, જેથી રાજાએ પોતાના સેવકોને ફરમાવ્યું કે—'અરે! સેવકો! તમે નગરમાં મહોત્સવ પ્રવર્ત્તાવો, જ્ઞાત-ક્ષત્રિયવર્ગને એકઠા કરો, કુમારને સજ્જ કરેલ જયકુંજર આપો કે જેથી તે વિવાહ-સ્થાને ગમન કરે' એટલે-'જેવી દેવની આજ્ઞા' એમ કહી સેવકો કામે લાગ્યા અને તેમણે રાજાનો આદેશ બજાવ્યો. પછી તૈયાર કરેલ ધવલ કુંજરપર આરૂઢ થતાં, પવનથી નાચતી ધ્વજાઓવડે મનોહર એવા શ્રેષ્ઠ રથોપર આરૂઢ થયેલા રાજલોકવડે પરિવૃત, મનહર નાટક કરવામાં કુશળ અને નૃત્ય કરતી એવી અંતઃપુરની સુંદરીઓ જ્યાં રાજમાર્ગને સંકીર્ણ બનાવી રહી છે, વાગી રહેલાં મંગલવાદ્યોથી

દિશાઓ જ્યાં મુખરિત બનેલ છે, સિદ્ધાર્થ ભૂપતિ તથા જ્યેષ્ઠ ભ્રાતા **નંદિવર્ધન** યુવરાજવડે અનુગમ્યમાન-અનુસરાતા, અવલોકન કરવામાં આક્ષિપ્ત બનેલા અને મકાનોના મજલાપર રહેલા નગરજનોવડે અંગુલિ-સહસ્રપૂર્વક સાદર બતાવાતા, સેંકડો આશિષોવડે પૂજાતા તથા અક્ષતમિશ્ર કુસુમવૃષ્ટિવડે અર્ઘ્ય પામતા એવા શ્રી **વર્ધમાન** રાજકુમાર અનુક્રમે લગ્ન-મંડપ પાસે આવી પહોંચ્યા. ત્યાં પ્રતિહારે મંડપના દ્વાર આગળ સામાન્ય લોકોને અટકાવતાં પ્રધાન જનો સહિત કુમારે અંદર પ્રવેશ કર્યો, એટલે સ્ત્રીઓ પરસ્પર મળી અને તરત જ **યશોદા** રાજકન્યાને વિવિધ રીતે શણગારવામાં આવી, કે તેના નિતંબભાગે પાંચ પ્રકારના રત્ન-મણિવડે જડિત કંચુકી બાંધવામાં આવી જે અતિવિસ્તીર્ણ ગગનાંગણે ઇંદ્રધનુષ્યની રેખા જેવી શોભતી, કાજળથી મિશ્રિત, કર્ણ-પર્યંત દીર્ઘ અને સ્નિગ્ધ એવા લોચનવડે તે નીલ કમળોવડે સાક્ષાત શરદ-લક્ષ્મી સમાન ભાસતી, તેના કંઠતળે લટકતો નવસરો પ્રવર હાર તે મુખચંદ્રના વિભ્રમથી આવેલ તારલાની લીલા બતાવતો, અળતાના પંકથી રક્ત બનેલા તેના કોમળ ચરણ-યુગલ તે મન્મથરૂપ કંકેલી-અશોકવૃક્ષના પલ્લવ સમાન શોભતાં, ગોરોચનાવડે તેના ભાલતળે બનાવવામાં આવેલ પ્રવર તિલક તથા દશ આંગળીઓમાં મુદ્રિકાઓ ભારે શોભા આપતી હતી. એ પ્રમાણે વિશેષ પ્રકારે શણગારેલ શરીરની પ્રસરતી કાંતિવડે રમણીય, સુંદર મણિનૂપુરનો ધ્વનિ સાંભળતાં આવેલા હંસની ગતિને સ્ખલના પમાડનાર મણિથી જડેલ ભીંતપર જેનું મુખ-કમળ પ્રતિબિંબિત થયેલ છે એવી રાજકન્યા પોતાની દાસીઓને સાથે લઇ ગજ-ગતિથી ચાલી; અને જ્યાં તત્કાલ આવેલ પુરોહિતે અગ્નિકર્મ આરંભેલ છે, તથા નૂતન તોરણમાળાથી મનોહર એવા વેદિકા-ભવનમાં તે આવી. એટલે ગીત-મંગળવડે રમણીય અને મહર્દ્ધિવડે સકળ ત્રૈલોક્યને પરમ આનંદ પમાડનાર એવા પાણિ-ગ્રહણની શરૂઆત થઇ. આ વખતે બંને પક્ષોએ લોકોનો આદરસત્કાર કર્યો, કસ્તૂરી પ્રમુખ સુરભિ ગંધના વિલેપનો આપવામાં આવ્યાં, ભ્રમરોના ગુંજારવથી ઓતપ્રોત પુષ્પમાળાઓ, સુગંધી પ્રતિવાસ, ભારે કપૂર તથા સોપારીમિશ્રિત પાનનાં બીડાં, દિવ્ય, રેશમી તેમજ દુપટ્ટા પ્રમુખ કીંમતી વસ્ત્રો કેયૂર, કુંડળ, મુગટ, બાહુબંધ અને કંકણ પ્રમુખ આભરણો, સિંધ, તુર્કસ્થાન, કંબોજ ઇત્યાદિ સુક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલા અશ્વો તથા મંદ, ભદ્રાદિ વિશિષ્ટ જાતિના મહાકુંજરો-એ વિગેરે પોતપોતાની યોગ્યતા પ્રમાણે સૌ કોઇને આપવામાં આવ્યાં. એવામાં મધુ, ઘૃતાદિકવડે અગ્નિનો હોમ કરતાં કન્યા-વરનું ચોથા મંગળનું પરિભ્રમણ પૂરું થયું. એટલે આનંદથી રોમાંચિત થતા સેનાપતિએ બત્રીશ કોટી કનક, કુંડલ, કટિસૂત્ર, મણિજડિત મુગટપ્રમુખ આભરણ,

કટોરા, થાળી, થાળાદિક, ચાંદીના વાસણો, દૂર દેશમાં ઉત્પન્ન થયેલ અનેક વિચિત્ર વસ્ત્રો-ઇત્યાદિ કન્યાના કર વિમોચન વખતે કુમારને આપ્યાં. તેમજ સિદ્ધાર્થ રાજાએ પણ ભારે આનંદપૂર્વક પુત્રવધૂને કનકના અલંકારો અને જગતમાં દુર્લભ એવાં કીંમતી વસ્ત્રો આપ્યા.

એ પ્રમાણે દેવ, દાનવો તથા મનુષ્યોને આનંદ પમાડનાર વિવાહ-મહોત્સવ નિવૃત્ત થતાં, ભોજનાદિકથી બધાનો સત્કાર કરવામાં આવતાં, રાજલોક સ્વસ્થાને જતાં અને મેઘનાદ સેનાપતિ પોતાના નગર ભણી પ્રયાણ કરી જતાં, ચંદ્રમાના કિરણ સમાન ગાર પ્રાસાદના મધ્યભાગમાં રહી, યોગ્ય સમયે દિવ્ય વિષયસુખ ભોગવતાં, પુણ્ય-પ્રકર્ષથી ચિંતિતાર્થ પ્રાપ્ત થતાં, દેવતાઓએ પ્રવર વસ્ત્ર, ગંધ, પુષ્પો, વિલેપન તથા અલંકારાદિક સમર્પણ કરતાં, રોગ અને આતંકરહિત બની, કોઇવાર સેવા કરવા આવેલા તુંબરૂ દેવવિશેષોએ આરંભેલ સુંદર પંચમ ઉદ્ગાર સાંભળતાં કોઇવાર આદરપૂર્વક નૃત્ય કરતી દેવાંગનાઓનું નાટક જોતાં, કોઇવાર, વાદ-વિવાદ કરતાં ગંભીર નિર્ણય કરવામાં તથા કોઇવાર માતાપિતાની પાસે ગમન કરતાં એ રીતે ભગવંતના દિવસો જવા લાગ્યા. એ પ્રમાણે કેટલાક વરસો જતાં યશોદા ગર્ભવતી થઈ અને કાલક્રમે જેના ચરણ અને કરતલ કોમળ છે, સુંદર રૂપથી જેના અવયવો શોભાયમાન છે, તથા જાણે સાક્ષાત તેજ લક્ષ્મી હોય એવી કન્યાને તેણે જન્મ આપ્યો. યોગ્ય અવસરે તેનું **પ્રિયદર્શના** એવું નામ રાખવામાં આવ્યું. સાદર લાલનપાલનથી તે અનુક્રમે વૃદ્ધિ પામવા લાગી.

એવામાં ભગવંતને અઠ્યાવીશ વરસ થતાં તેમના માતપિતા, શ્રી પાર્શ્વનાથના શાસનધર્મને પાળી, કુશના સંથારે બેસી, આહાર-પાણીના પ્રત્યાખ્યાન પૂર્વક સંલેખણાથી શરીર ખપાવી; ત્રીજે ભવે અપર મહાવિદેહમાં અવશ્ય મોક્ષ પામનાર એવા તેઓ મરણ પામીને અચ્યુત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. એટલે શોકાતુર થયેલા નંદિવર્ધન પ્રમુખ રાજલોકોએ તેમનો શરીર-સંસ્કાર કર્યો તેમજ તે અવસરને ઉચિત કર્ત્તવ્ય બજાવી તેઓ સ્વસ્થાને રહ્યા, પરંતુ તેમના અનિષ્ટને જાણે જોઇ શકતો ન હોય તેમ દિવાકર અસ્તાચલપર પહોંચ્યો ત્યાં પક્ષીઓના કોલાહલથી સંધ્યા જાણે રૂદન કરતી હોય, બહાર નીકળતા ભમરાઓના મિષે કમલાકરો જાણે આંસુ પાડતા હોય, દુઃખી મહિલાઓને શાસન કરવા જાણે રજની પ્રગટી, વિરહાગ્નિથી સંતપ્ત થએલા રાજલોકોને જાણે શાંતિ પમાડવા ચંદ્રમા ઉદય પામ્યો. પછી પ્રભાત થતાં સૂર્ય ઉદય પામતાં અત્યંત દુસ્સહ શોકાવેગથી પરવશ બનેલ, વિરહવડે વ્યાકુળ થયેલ અંતઃપુરથી પરિવૃત્ત તથા સમસ્ત સ્વજનવર્ગ સાથે બેઠેલ એવા નંદિ

વર્ધન યુવરાજને જોઇ ભગવંતે કહ્યું કે—' હે બંધો ! શોકનો ત્યાગ કરો, પરમાર્થ ચિંતવો, હવે શોક નિરર્થક છે; કારણ કે જેનો સ્વચ્છંદ સંચાર અનિવાર્ય છે એવો કૃતાંત પંચાનન-સિંહની જેમ દુર્લલિત છે, સંયોગ-વિલાસ તે સ્વપ્નની જેમ ક્ષણવારમાં દૃષ્ટ-નષ્ટ થવાના છે, મુહૂર્ત્તમાત્રનો સુંદર પ્રેમ તે ઇંદ્રજાળ તુલ્ય છે, ગુણયુક્ત કાર્યપરિણતિ પણ ધનુષ્યની જેમ કુટિલ છે, ધન તે સંધ્યાના રંગની જેમ અલ્પકાળ રહેવાનું છે, વિવિધ રોગ કે આતંક મહાભુજંગોની જેમ દુર્નિવાર્ય છે; માટે આ સંસારમાં સર્વથા કંઇ પણ શોચનીય કે પ્રતિબંધનું પ્રબળ સ્થાન નથી. તમે એક વિવેકને અનુસરો-ભોગપિશાચનો ત્યાગ કરો, કર્ત્તવ્ય બજાવો, કારણ કે આ બાબત તો સર્વસાધારણ છે.' એ પ્રમાણે સાંભળતાં તેમનો પ્રેમાનુબંધ ઓછો થયો અને શોકનો વેગ શિથિલ થયો.

પછી બીજે દિવસે જ્યોતિષ શાસ્ત્રના પરમાર્થને જાણવામાં વિચક્ષણ એવા નૈમિત્તિકે બતાવેલ પ્રશસ્ત મુહૂર્ત્તે પ્રધાનજનોએ અનેક પ્રકારે વિનવ્યા છતાં જ્યારે પ્રભુએ રાજ્યનો સ્વીકાર ન કર્યો, એટલે સિદ્ધાર્થ રાજાના પદે તેમણે **નંદિવર્ધન**ને અભિષિક્ત કર્યો. ત્યાં જ્ઞાત-ક્ષત્રિયવર્ગે તેને પ્રણામ કર્યા, નગરના મોટા મહાજને બહુમાન કર્યું, સામંતોએ સેવા સ્વીકારી, સેવકજનો પગે પડ્યા, તથા સીમાડાના રાજાઓએ તેની પૂજા કરી; એ પ્રમાણે નંદિવર્ધન મહારાજા થયા.

એવામાં એકદા સ્વજનવર્ગ સાથે બેઠેલા પોતાના સંબંધીઓને ભગવંતે જણાવ્યું કે—' હે મહાનુભાવો ! પૂર્વે સ્વીકારેલ મારી પ્રતિજ્ઞા હવે પરિપૂર્ણ થઇ છે ! બધું કર્ત્તવ્ય બજાવી લીધું; માટે હવે મોહની ગાંઠને શિથિલિ કરો, ધર્મ સાધવામાં મારા સ્હાયક બનો અને સર્વવિરતિ લેવાની મને અનુજ્ઞા આપો. એટલે વજ્ર-પતન સમાન એ દુસ્સહ વચન સાંભળતાં તેમણે કહ્યું કે—' હે કુમાર ! અદ્યાપિ મહારાજાનો શોક તેવો ને તેવો જ ભાંગી ગયેલા શલ્ય-કાંટાની માફક અમારા હૃદયમાં ખટકી રહેલ છે, અને તેમાં વળી અકાળે તમારો વિયોગ તો ક્ષતપર ક્ષારક્ષેપ સમાન દુઃસહ થઇ પડશે અહો ! અમે મહામંદભાગી કે જેમનાપર ઉત્તરોત્તર આવાં દુઃખો પડતાં જ રહે છે,' એમ કહી તેઓ રોવા લાગ્યા ત્યારે ભગવંતે તેમને મધુર વચનોથી શાંત કર્યા. પછી મહાકષ્ટે અશ્રુપ્રવાહ અટકાવી તથા તત્કાળ ચતુર્ગુણી બનેલ સંતાપ-વેગને રોકીને તેઓ કહેવા લાગ્યા કે—' હે પરમેશ્વર ! તમે અમારા જીવિતપર દયા લાવો અને અત્યારે સર્વવિરતિની વાંછા તજી દ્યો. એમ કરીને પણ તમારે તો પ્રાણીઓની રક્ષા કરવાની છે, તેમાં

પણ જો પ્રથમ દુઃસહ વિયોગરૂપ કરવતથી ભેદાયેલા હૃદયવાળાનું રક્ષણ થાય તો અયુક્ત શું થવાનું છે ? તમારાથી વિયુક્ત થયેલા અમે અવશ્ય લોચનરહિતની જેમ ગમ્યાગમ્ય માર્ગને ન જાણતાં તથા વિદેશીની જેમ અનાથ બનેલા થતાં એક ક્ષણવાર પણ જીવિત ધારણ કરવાને સમર્થ નથી.' એટલે ભગવંત બોલ્યા—' જો એમ હોય તો તમે બરાબર લાંબો વિચાર કરીને બોલો કે કેટલા વખતમાં તમે મને દીક્ષા લેવાની અનુજ્ઞા આપશો ?' તેઓ બોલ્યા–' બે વરસ વ્યતીત થતાં તમે સંયમ લેજો.' ભગવંતે કહ્યું–' ભલે, એમ થાઓ, પણ મારા ભોજનાદિકમાં તમારે વિશેષ ચિંતા ન કરવી.' તેમણે જણાવ્યું—' ભલે અમે એમ જ કરીશું.' પછી તે દિવસથી માંડીને સર્વ સાવદ્ય વ્યાપાર તજી, શીત જળ વર્જી, પ્રાસુક આહાર લેતાં, દુષ્કર બ્રહ્મચર્ય પાળતાં સ્નાન, વિલેપનપ્રમુખ શરીર–સત્કારને તજી દેતાં તથા માત્ર પ્રાસુક જળવડે હસ્ત–પાદાદિકનું પ્રક્ષાલન કરતાં પ્રભુને એક વરસ વ્યતીત થયું. આ વખતે પ્રભુ આભરણરહિત અને સ્નાન, વિલેપનાદિકથી વર્જિત છતાં એકીસાથે એકત્ર થયેલા બાર સૂર્યની તેજ–લક્ષ્મીને ધારણ કરતા હતા. વળી સ્વજનોના ઉપરોધથી બાહ્ય ગૃહસ્થ–વેશને ધારણ કર્યા છતાં ભગવંત સાક્ષાત્ સંયમરાશિ સમાન ભાસતા હતા, તેમજ પોતે ગૃહસ્થ છતાં પ્રભુનો મધ્યસ્થભાવ એવો અદ્ભુત દેખાતો કે જે જિતેંદ્રિય મુનિઓના મનને પણ ચમત્કાર પમાડતો. એમ અનુક્રમે એક વરસ વીતતાં ત્રૈલોક્ય–ચૂડામણિ મહાવીર વાર્ષિક મહાદાન આપવાનો વિચાર કરે છે, તેટલામાં સૌધર્મ દેવલોકમાં સુખે બેઠેલ શક્રનું રત્નસમૂહથી દીપાયમાન એવું સિંહાસન તરત ચલાયમાન થયું. એટલે અવધિજ્ઞાનથી પ્રભુના મનનો વિકલ્પ જાણી, અત્યત હર્ષથી શરીરે રોમાંચિત થતાં તે સિંહાસન થકી ઉઠી, સાત–આઠ પગલાં સન્મુખ જઇ, પ્રભુને સ્તવીને આ પ્રમાણે ચિંતવવા લાગ્યો—' ચરમ તીર્થનાથ શ્રીમહાવીર વાર્ષિક દાન દેવાને ઇચ્છે છે તો તેમને ધન પૂરવું એ મારૂં પ્રથમ કર્ત્તવ્ય છે.' એમ ચિંતવી તેણે વૈશ્રમણ યક્ષને આદેશ કર્યો કે—' દાન–યોગ્ય કનક જિનેશ્વરના ભવનમાં ભરો.' એમ સાંભળતાં ધરણીતલ સુધી નમતા મસ્તકે ઇંદ્રની આજ્ઞા સ્વીકારી પોતાને કૃતકૃત્ય માનતા વૈશ્રમણે તિર્યગ્જૃંભક દેવોને આજ્ઞા કરી, એટલે તેઓ વિનયપૂર્વક તે વચન માની, તરૂણ સૂર્યના તેજ સમાન કનકરાશિ પ્રભુના મંદિરમાં વરસવા લાગ્યા. ત્યાં ભગવંત પ્રતિદિવસ ત્રિક, ચતુષ્ક, ચચ્ચર, ચઉમુખ પ્રમુખ મોટા માર્ગોપર, તેમજ બીજા તેવાંજ સ્થાનોપર અનેક સનાથ કે અનાથોને, પથિકોને, ભિક્ષુકોને, રોગીઓને, વૈદેશિકોને, ઋણથી દબાયેલાને, કાર્પટિકોને, દરિદ્રોને તેમજ બીજા ધનના અભિલાષી-

ઓને કંઇપણ અટકાવ વિના વર માગો ' એવી ઘોષણાપુર્વક સતત કનક-દાન અપાવવા લાગ્યા. તે મોટા પ્રબંધપુર્વક આપતાં એક દિવસમાં એક કોટી ને આઠ લાખ સુવર્ણ સમાપ્ત થતું. એમ **મગધ, મૈસુર, કલિંગ, બંગ, સોરઠ પ્રમુખ દેશોમાં** અવિચ્છિન્ન સુવર્ણનું મહાદાન આપવાથી કીર્તિ પ્રસરવા લાગી. એટલે લોકો તે તે સ્થાનોમાં પરસ્પર કહેવા લાગ્યા કે—' ચાલો, સત્વર ત્યાં જઇને ભગવંતને જોઇએ. વળી સુવર્ણના લાભથી આ ભવે આપણું દુઃખ ટળશે અને તેમના દર્શન કરતાં થયેલ પુણ્યને લીધે પરલોક સંબંધી શંબલ મેળવીએ. પરલોકે જતાં પ્રખર દુઃખો આવી પડતાં, તેનાથી બચવાનો અન્ય ઉપાય નથી. માટે આપણું એ જ શરણ થાઓ. ' એ પ્રમાણે વિચાર કરી અનેક દૂર દેશોમાંથી યાચક લોકો આવતા, અને મનોરથ પુર્ણ થતાં અન્ય લોકો નિવૃત્ત થતા હતા. એમ **કુંડગ્રામ** નગરમાં શેરીઓ વિસ્તૃત છતાં, દુઃખવડે અત્યંત પોતાના ઉરોભાગને કૂટતા લોકોથી સંકીર્ણ થવા પામી. ભગવંત જે નિધાનપર પોતાની ધવલ દૃષ્ટિ નાખતા ત્યાં જાણે કરૂણા-રસના મત્સરથી જ સુવર્ણ જોવામાં આવતું. અર્થીજનોવડે પરિવૃત એવા ભગવંત ગૃહાંગણે સંચરતા, ત્યારે જાણે સમર્થ મહાકલ્પવૃક્ષ પ્રગટયું હોય એવી પૃથ્વી ભાસતી હતી. દાન અને યાચના સમાન થતાં દાયકના સ્વજનોએ સર્વત્ર ' देहि देहि ' એવા શબ્દો વિસ્તાર્યા. આ ' વિસ્તૃત વસ્ત્રમાં રત્નો મૂકો અને આ પાત્રમાં અર્થી જનો નિમિત્તે સુવર્ણ ભરો. ' એ પ્રમાણે પ્રતિદિન દાનનિયુકત પુરૂષો કિંકરોને કહેતા, જેથી એક વરસ પર્યંત પુનરૂકિતનો પ્રસંગ ચાલુ રહ્યો. એમ શ્રીજિનેશ્વરે દુઃસ્થિત જનોને અસ્ખલિત દાન આપ્યું, તેમ એ મોક્ષમાર્ગના કારણરૂપ બીજાઓને પણ આદરવાનું છે. સર્વ અપાય-દુઃખના કારણરૂપ ધનમાં મોહિત બનીને જે મૂર્છા કરે, તે દુષ્કર તપ ચરણમાં પોતાના આત્માને સ્થિર કેમ રાખી શકે ? માટે ભગવંતના દૃષ્ટાંતે સર્વવિરતિને ઇચ્છતા અન્ય ભવ્યાત્માએ પણ ધન-સંચય થતાં એ પ્રમાણે પ્રવર્ત્તવું. એ રીતે પ્રતિદિવસ દાન પ્રવર્ત્તતાં નંદિવર્ધન રાજાએ પોતાના પુરૂષોને બોલાવીને આજ્ઞા કરી કે—" હે ભદ્રો ! આ નગરના ખાસ મુખ્ય મુખ્ય સ્થાને ઘણી ભોજનશાળાઓ કરાવી, મોટી સામગ્રીપૂર્વક અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ આહાર તૈયાર કરાવો. ત્યાં ક્ષુધાથી પીડિત, તૃષ્ણાથી અભિભૂત એવા પાખંડી, ગૃહસ્થ કે અન્ય જે કોઈ તેવા આવે તેમજ અસવાર કે પાલખીપર બેઠેલા અથવા હર્ષથી લોચન વિકસાવતા જે કોઈ આવી ચડે, તેમને ભારે આદરપુર્વક તે ચાર પ્રકારનો આહાર અપાવો. વળી સ્થાને સ્થાને ચોતરફ મંદ અને ભદ્રજાતિના હાથીઓ મૂકો, રવિ-રથના અશ્વ જેવા પ્રવર અશ્વો સર્વત્ર ગોઠવો, દરેક ઠેકાણે રથો પ્રગટ રાખો, પ્રદેશે પ્રદેશે પ્રવર વસ્ત્રો

મૂકાવો, ગામ, આકરાદિક સંનિવેશો બતાવો, એમાં જેને જે વસ્તુ જોઇએ તેને તે આપો.' એટલે 'જેવી દેવની આજ્ઞા' એમ કહી તે પુરૂષો નીકળ્યા અને રાજાના હુકમ પ્રમાણે તેમણે બધું કર્યું. એ રીતે વિરોધીનું નિવારણ કર્યા વિના રાય કે રંકને સમાન સમજી, અમંદ આનંદ પ્રગટાવનાર પ્રભુનું સંવત્સરિક મહાદાન પ્રવર્ત્તતાં આટલું દ્રવ્ય અપાયું-ત્રણ સો અને અઠ્યાશી કોટી, તથા એંશી લાખ-એટલી દ્રવ્ય સંખ્યા થઇ. એમ એક વરસપર્યંત કનકવૃષ્ટિથી યાચક-જનોને તૃપ્તિ પમાડી, શ્રી વીરે પ્રવ્રજ્યા આદરવાનો વિચાર કર્યો ત્યારે બ્રહ્મદેવલોકના વિપુલ એવા રિષ્ટ પાથડામાં દિવ્ય વિમાને રહેલા અને મહાસુખશાળી **સારસ્વત, આદિત્ય,** વન્હિ, વરૂણ, ગર્દતોય, **તુષિત, અવ્યાબાધ, આગ્નેય,** અને **રિષ્ટ**-એ દેવોનાં તત્કાલ સિંહાસનો ચલાયમાન થયાં. એટલે અવધિજ્ઞાનથી પોતાનું કર્ત્તવ્ય જાણવામાં આવતાં પોતપોતાના પરિવારસહિત તેઓ તરત પ્રભુ પાસે આવ્યા. ત્યાં વિનયથી નમતા મસ્તકથકી પડી જતા સુગંધી મંદારપુષ્પોવડે જાણે અર્ઘ્ય આપતા હોય તેમ યોગ્ય વાણીથી ભગવંતને આ પ્રમાણે વિનવવા લાગ્યા—'કામરૂપ હસ્તીને પરાસ્ત કરવામાં દારૂણ નખયુક્ત મૃગેંદ્ર સમાન અને ચરણાગ્રથી પર્વતો અને ધરણીતલને ક્ષોભિત કરનાર એવા હે નાથ ! તમે જય પામો. હે પરમ કારૂણિક ! પોતાના કાર્યમાં વિમુખ બની જગતની રક્ષા કરવામાં તત્પર તથા જ્ઞાતકુળરૂપ કમળવનને વિકાસ પમાડવામાં સૂર્ય સમાન એવા હે પ્રભુ ! તમને નમસ્કાર હો. હે નાથ ! તમે જેમ લોકાલોકનાં વસ્તુ-પરમાર્થને જાણો છો, તે પ્રમાણે મારા જેવો મંદમતિ શું કદિ જાણી શકે ? અથવા તો હેલામાત્રથી કિરણ પ્રસારી અંધકારને પરાસ્ત કરનાર સૂર્ય આગળ ખદ્યોત-ખજુઆની કાંતિ શુંમાત્ર ગણાય ? તથાપિ હે જગદીશ ! અમે પોતાનો અધિકાર સમજીને સ્મરણમાત્રના નિમિત્તે કંઇક તમને વિનવીએ છીએ. હે તીર્થનાથ ! હવે આપ પ્રવ્રજ્યા સ્વીકારો અને ભવ-રોગથી સંતપ્ત થયેલા લોકોના અનર્થને દૂર કરનાર એવા તીર્થને સત્વર પ્રવર્ત્તાવો. અત્યંત મૂઢ તીર્થીઓના કુવચનરૂપ અંધકારથી આચ્છાદિત થયેલા મોક્ષમાર્ગને તમે અનુપમ જ્ઞાન-પ્રદીપવડે પ્રગટાવો. અત્યંત વિચિત્ર અતિશયરૂપ રત્ન અને કરૂણા જળથી ભરેલા સાગરની જેમ તમારા થકી લોકો ભલે વચનામૃતનું પાન કરે. અસાધારણ શ્રામણ્ય-ભાવને સાંભળતાં બધા જનો રોમાંચિત થઇ ભલે આકલ્પ-શાસન ચાલે ત્યાંસુધી આપની કથા કહ્યા કરે.' એ પ્રમાણ વિનીત દેવોના વચનથી પોતાના કર્ત્તવ્યમાં બમણો ઉત્સાહ લાવતા અને જગતના એક ચક્ષુરૂપ એવા પ્રભુ મોક્ષસુખના વિશેષ અભિલાષી થયા.

એમ વિનંતિ કરી લોકાંતિક દેવો પોતાના સ્થાને જતાં, સિંહાસનથકી

ઉઠી, પાસે રહેલ પરિજનવડે અનુસરાતા એવા ભગવંત, નંદિવર્ધન પ્રમુખ પોતાના જ્ઞાતક્ષત્રિય સ્વજનો પાસે ગયા. એટલે પ્રભુને આવતા જોઇ તેઓ પણ સાત-આઠ પગલાં સન્મુખ ગયા, યોગ્ય આદર-સત્કાર કર્યો. એક મોટું સિંહાસન અપાવ્યું અને ત્યાં પ્રભુ બિરાજમાન થયા, તેમજ નંદિવર્ધનાદિક પણ અનુક્રમે યોગ્ય આસનો પર બેઠા. એવામાં ભગવંતે અમૃત સમાન સુંદર, સ્વભાવે મધુર, પુનરૂક્તિ રહિત અને ગંભીર એવી વાણીથી તેમને જણાવ્યું કે-' હે દેવાનુપ્રિયો ! તમોએ કહેલ કાલાવધિ હવે પૂર્ણ થયેલ છે, જેથી મારે સર્વવિરતિ આદરવાનો વખત આવ્યો છે; માટે હવે હર્ષપૂર્વક તમે મને અનુજ્ઞા આપો, પ્રેમાનુબંધ મૂકો તથા વિયોગને માટે કાયર એવા તમારા મનને મજબૂત બનાવો.' એ પ્રમાણે સાંભળતાં તેમનો કંઠ અત્યંત રૂંધાઇ ગયો, મહાકષ્ટે શોકનો વેગ અટકાવતાં, સતત સરતા અશ્રુ પ્રવાહના મિષે જાણે લાંબા વખતના ' સ્નેહ સમૂહને બહાર કહાડી બતાવતા હોય તેમ તેઓ કહેવા લાગ્યા કે-' હે ભગવન ! તમે એમ બોલો છો, છતાં અમારા શ્રવણો ખરેખર વજ્રમય છે કે જેથી બધિરત્વ પામતા નથી, અમારૂં હૃદય વજ્રથી બનાવેલ લાગે છે કે જેથી તડતડાટ દઇને શતખંડ થતું નથી, અમારૂં આ શરીર નિર્દાક્ષિણ્યનું ઉત્કૃષ્ટ સ્થાન છે કે જેથી અદ્યાપિ તે રસાતલમાં ગમન કરતું નથી. એમ છે તો પ્રસ્તુત કાર્યની અનુજ્ઞા નિમિત્તે એ વરાક વાણી કેમ પ્રવર્ત્તે ? કારણ કે વિષમ કાર્યરૂપ ઉદધિમાં પડતાં અમોને હસ્તાવલંબન કોણ ? અથવા સુરાસુર અને નરેંદ્રોને વંદનીય એવા આપ વિના ત્રણે ભુવનમાં પ્રચંડ આ જ્ઞાત-ક્ષત્રિયકુળને કોણ શોભાવશે ? અહો ! અમારાં મંદભાગ્ય કે જેમના કરતલ થકી પણ આ રત્ન ચાલ્યું જાય છે.' એ રીતે ભારે ખેદયુક્ત વચન બોલી, આશારહિત બનેલા તેઓ પગે પડીને પ્રભુને વિનવવા લાગ્યા કે-' હે ભગવન્ ! જો કે અત્યારે તમે પ્રવ્રજ્યા લેવાને તત્પર થયા છો, છતાં અમારા સુખ નિમિત્તે નિષ્ક્રમણ-મહોત્સવ કબૂલ કરો.' એમ તેમના ઉપરોધથી ભગવંતે તે સ્વીકાર્યું. કારણ કે મહંત જનોનાં હૃદયો પ્રાર્થના-ભંગમાં ભીરૂ-વિમુખ હોય છે.

પછી નંદિવર્ધન રાજાએ પોતાના પુરૂષોને હુકમ કર્યો કે—' અરે ! તમે સત્વર ભગવંતને યોગ્ય મહાકીંમતી અભિષેકનાં સાધન તૈયાર કરો.' એટલે ' જેવી આપની આજ્ઞા ' એમ જણાવી તે પુરૂષો ગયા અને તેમણે સુવર્ણાદિકના એક હજાર ને આઠ કળશો તૈયાર કર્યા, સમસ્ત પ્રશસ્ત તીર્થોનું જળ તેમજ પરમ ઔષધિઓ લઇ આવ્યા; અને ગોશીર્ષચંદનાદિકનું વિલેપન તૈયાર કર્યું.

એવામાં આસનો ચલાયમાન થતાં વિસ્મય પામી, અવધિજ્ઞાનથી પરમાર્થ જાણી, તત્કાળ મોટાં વિમાનો પર આરૂઢ થઇ, વિકાસ પામતા શતપત્ર કમળ જેવાં જેમના વિશાલ લોચન છે, અંજનપુંજ સમાન અને બહુ જ સ્નિગ્ધ અને ચળકતા કેશપાશવડે શોભતા, ભદ્ર-યૌવનમાં વર્ત્તતા, આર્દ્ર ચંદનવડે લિપ્ત, ભ્રમરયુક્ત પુષ્પો તથા કોમળ સ્પર્શ યુક્ત દેવદૂષ્યવડે વિરાજમાન, કુંદ, શંખદળ સમાન ધવલ દંતપંક્તિથી જેમનાં મુખ શોભીતાં છે, કિરણ-સમૂહથી ચળકતા મુગટ જેમના શિરે ભાસમાન છે, અનેક આભરણોવડે શરીરે જેઓ વિભૂષિત છે, સૌમ્ય અને સુંદર રૂપ યુક્ત, છત્ર, ધ્વજાદિક વિવિધ ચિહ્નોને ધારણ કરતા, અસંખ્ય અનુચર દેવકોટીવડે પરિવૃત, પટહ, મૃદંગ, કાહલ, તિલિમ, હુડકાદિક વાજિંત્રોના નાદવડે આકાશને પૂરતા એવા બત્રીશે ઇંદ્રો જિનેશ્વર પાસે આવ્યા અને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રણામ કરી, પરમ ભક્તિથી પોતાના આત્માને કૃતાર્થ માનતા, જિનચરણની મુદ્રાના વિન્યાસવડે સુંદર એવા ભવનાંગણે તેઓ બેઠા. ત્યાં હર્ષથી વિકાસ પામતા અચ્યુતેંદ્રે પોતાના દેવોને આજ્ઞા કરી કે—'અરે દેવો! તમે શીઘ્ર મહાવીર પ્રભુને યોગ્ય મહાન્ નિષ્ક્રમણ-અભિષેકની સામગ્રી તૈયાર કરો.' એટલે તેમણે પ્રણામ કરી, અનેક કનકાદિના કળશો ક્ષીરોદકથી ભરી, અસંખ્ય પુષ્પો તેમજ અન્ય અભિષેકને યોગ્ય તથાપ્રકારની પ્રધાન વસ્તુઓ લાવી અચ્યુતેંદ્રને અર્પણ કરી. પછી અચ્યુતેંદ્રે પોતાના બધા પરિવાર સહિત તે દિવ્ય કનકાદિના એક હજાર ને આઠ કળશો કે જે દિવ્ય ઔષધિ તથા સુગંધવડે વ્યાપ્ત હતા તેવડે ભારે હર્ષ પામતા તેણે ભવનમાં રહેલા ભગવંતનો અભિષેક કર્યો. એમ અનુક્રમે ચંદ્ર, સૂર્યપર્યંત બીજા પણ ઇંદ્રોએ પ્રભુનો અભિષેક કર્યો. પછી મજ્જન કરી તેઓ સ્વસ્થાને બેઠા એટલે મુખકોશ બાંધી, પરમ વિનયપૂર્વક, અત્યંત અપ્રમત્તભાવે, પૂર્વે તૈયાર કરેલા કનકાદિકના ગંધ તથા પ્રવર તીર્થોના જળે ભરેલા કળશોવડે નંદિવર્ધન રાજાએ જિનેશ્વરને મજ્જન કરાવ્યું. એમ ભગવંતનો મજ્જન-મહોત્સવ પ્રવર્ત્તતાં કેટલાક ઇંદ્રો કનકદંડવાળાં ચામરો મંદ મંદ ચલાવવા લાગ્યા, કેટલાક શ્વેત શતપત્ર કરતાં અધિક ધવલ આતપત્રો-છત્રો, કેટલાક પ્રવર દર્પણ સન્મુખ ધરવા લાગ્યા, કેટલાક સુગંધી ક્ષીરોદક-પૂર્ણ અને સુગંધી પદ્મોવડે ઢાંકેલા એવા કળશો કરતલમાં ધરીને ઉભા, કેટલાક અગરૂ, ઘનસાર પ્રમુખ બળતા ધૂપના ધૂમાંધકારયુક્ત પાંચ વર્ણના રત્નની ધૂપધાનીઓ લઇને ઉભા, કેટલાક ઇંદ્રો પરિમલને લીધે એકઠા થતા ભમરાઓવડે શ્યામ એવી પંચવર્ણની પુષ્પમાળાઓ ધરીને ઉભા રહ્યા તેમજ બીજા દેવ-દેવીઓ પ્રભુની અભિમુખ રહીને ઉપાસના કરવા લાગ્યા. એમ મજ્જન નિવૃત્ત થતાં નંદિવર્ધન રાજાએ

ઉત્તર દિશામાં બીજું સિંહાસન રચાવ્યું. ત્યાં બિરાજમાન થયેલા પ્રભુને તેણે કનકકળશોવડે ન્હવરાવ્યા અને આભૂષણોથી અલંકૃત થયેલા, સિંહાસન પર પૂર્વાભિમુખ વિરાજમાન વીરને સુગંધી અને સુકુમાળ વસ્ત્રવડે અંગ લુંછી, શરીરે બાવનાચંદન–રસ ચર્ચી, સ્ફટિક સમાન ઉજ્વળ દેવદૃષ્ય–યુગલ પહેરાવી, પંચવિધ રત્નનું કટિસૂત્ર બાંધી, કનકાચલની શિલા સમાન વિસ્તીર્ણ વક્ષ-સ્થળે વિમલ મુક્તાફળોનો હાર પહેરાવી, કપોલને ઉત્તેજિત કરનાર એવા વિચિત્ર મણિ–મંડિત કુંડલ પહેરાવી, કીંમતી રત્નનો મુગટ માથે ધરાવી, પાંચ પ્રકારના પુષ્પની માળાવડે અલંકૃત કરી તથા સુગંધી પ્રવર વાસ છાંટી, પ્રભુના ચરણયુગલને વંદન કરી, વારંવાર ધરણીતલ સુધી મસ્તક નમાવી, સેંકડો આશિષો આપતા સુરાસુરના ઇંદ્રો આ પ્રમાણે ભગવંતની સ્તુતિ કરવા લાગ્યા—' હે જગતના એક બાંધવ ! સુરાસુર સહિત ત્રિભુવનને પણ અજેય અને અત્યંત મહાન્ એવા મોહ–મલ્લને તમે અલ્પ કાળમાં લીલામાત્રથી જીતો. મિથ્યાત્વતિમિરને જ્ઞાન–રવિના કિરણોવડે ઉચ્છેદી, વિમાર્ગે લાગેલા ભવ્યોને માટે તમે મુક્તિ–માર્ગ પ્રગટ કરો. ચિરકાલ શ્રમણ–ધર્મનું પાલન કરો. કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય તે દરમ્યાન અજિત રાગદ્વેષાદિકનો જય કરો અને હે નાથ ! સદા અમારા અંતરમાં વાસ કરો. વિબુધ–દેવો તમારા ગુણસમૂહને સતત ગાતાં સર્વત્ર દિશાઓને શબ્દમય બનાવો. કુમુદના કેસરા સમાન તમારો ગૌરયશ, ત્રણે ભુવનમાં પ્રસરતાં સર્વત્ર ઉગતા ચંદ્રબિંબની શોભાને ધારણ કરો. સિંહની જેમ તમારૂં અતુલ પરાક્રમ જોઇ ભયથી ચપળ થતા કુતીર્થિકરૂપ મૃગો દૂર દૂર પલાયન કરો." એમ આશીર્વાદપૂર્વક તથ્ય વાણીથી પ્રભુની સ્તુતિ કરી અને નાટ્યવિધિ પ્રવર્ત્તાવી સુરેંદ્રો વિરામ પામતાં, ભાવી ભગવંતના વિરહાગ્નિવડે તપ્ત થયેલ નંદિવર્ધન રાજા પોતાના પુરૂષોને બોલાવીને કહેવા લાગ્યો કે—' અરે દેવાનુપ્રિયો ! ભુવનગુરૂના નિમિત્તે વિશિષ્ટ વેદિકા યુક્ત, સરસ ચંદનમિશ્રિત કેસરથી જેમાં વિવિધ સ્વસ્તિકો આળેખેલ છે, સ્થિર પાદપીઠ સહિત અને વિવિધ મણિમય સિંહાસન યુક્ત, રણુરણાટ કરતી ઘુઘરીઓના મધુર નાદથી દિગંબર મુખરિત કરનાર, રંગ–બેરંગી વિવિધ સેંકડો ધ્વજાઓ જ્યાં શોભી રહી છે, પચાશ ધનુ-ષ્ય લાંબી, પચવીશ ધનુષ્ય વિસ્તૃત અને છત્રીશ ધનુષ્ય ઉન્નત એવી ચંદ્રપ્રભા નામે શિબિકા તૈયાર કરી લાવો.' એટલે સ્વામીનું વચન સાંભળતાં હર્ષ પામતા સેવક પુરૂષોએ બધું તે પ્રમાણે તૈયાર કર્યું.

એવામાં હર્ષથી ઉલ્લાસ પામતા અંતર યુક્ત ઇંદ્રે પોતાના દેવો પાસે પ્રવર મણિખંડોથી મંડિત એવા મોટા સ્તંભો યુક્ત, પાંચ પ્રકારના રત્નોના

કિરણોવડે જ્યાં ચોતરફ ઇંદ્રધનુષ્યના આકાર બની રહ્યા છે એવી ચંદ્રપ્રભા સમાન એક શિબિકા તૈયાર કરાવી કે જેમાં મોતીઓની માળાઓ લટકી રહી છે અને જેને જોતાં ભારે આશ્ચર્ય ઉત્પન્ન થાય એવી એ શિબિકા પણ પ્રથમની શિબિકામાં મૂકવામાં આવી. હવે કેશાલંકાર, વસ્ત્રાલંકાર, આભરણાલંકાર તથા પુષ્પાલંકારથી અલંકૃત થયેલ, જેમણે અઠ્ઠમ તપ કરેલ છે એવા ભગવંત આસનથકી ઉઠી, ચંદ્રપ્રભા શિબિકાને ત્રણ પ્રદક્ષિણા કરી તેમાં પૂર્વાભિમુખ સિંહાસન પર બિરાજમાન થયા. એટલે એક કુલવૃદ્ધા સ્નાનથી પવિત્ર થઇ પ્રવર નેપથ્યવસ્ત્ર લઇ, હંસલક્ષણ યુક્ત પટ—વસ્ત્ર ધરી સ્વામીની જમણી બાજુ ભદ્રાસન પર બેઠી, એમ અંબધાત્રી પણ ડાબી બાજુ બેઠી, તેમજ એક પ્રવર પ્રમદા, વિચિત્ર શૃંગારયુક્ત, વિમલ મુક્તાકલાપના લટકતા અવચૂલ—કિનારી સહિત, કનકદંડયુક્ત એવું છત્ર ધારણ કરતી તે પ્રભુની પાછળ બેઠી, વળી બંને બાજુ બે તરૂણીઓ, ધોયેલા રૂપા સમાન ધવલ બે ચામર લઇને બેઠી, ઇશાન ખૂણે એક અત્યંત રમણીય રમણી નિર્મળ જળપૂર્ણ, ઐરાવણની સુંઢ સમાન નાળવડે શોભાયમાન એવો રત્નનો કળશ લઇને બેઠી, અગ્નિખૂણે એક વરવનિતા વિચિત્ર મણિ—કિરણ વિસ્તારતા કનકના દંડવાળા પંખાને કરતલમાં ધારણ કરતી બેઠી, ભગવંતની પાછળ દેવેંદ્રો હિમ, રજત, કુંદ કે ઇંદુના સમાન ઉજ્વળ, વજ્રરત્નના દંડયુક્ત, એક હજાર ને આઠ સુવર્ણની શલાકા—સળી સહિત, સર્વરત્નમય, પુષ્પમાળાઓવડે અધિક ભાસમાન એવાં આતપત્રો—છત્રો ધારણ કરવા લાગ્યા, તથા બંને બાજુ સૌધર્માધિપતિ તથા ઇશાનેંદ્ર, અમૃત, હિમ, ફીણના પુંજ સમાન ચામરો ભગવંતને ઢાળવા લાગ્યા.

આ વખતે નંદિવર્ધન રાજાના વચનથી પ્રવર રૂપશાળી, આરોગ્યયુક્ત, સ્નાનપૂર્વક જેમણે વિલેપન કરેલ છે, પ્રવર વસ્ત્રો અને સર્વ અલંકારોથી શોભાયમાન, વિશિષ્ઠ બળશાળી, સમાન વયના, રોમાંચયુક્ત, સર્વ કર્ત્તવ્ય બજાવી આવેલા, પોતાના આત્માને અત્યંત ભાગ્યશાળી માનતા એવા એક હજાર પુરૂષોએ આવીને તરતજ શિબિકા ઉપાડી. એમ શિબિકા ચાલતાં સૌધર્મેંદ્રે દક્ષિણ ભાગની ઉપરની શાખા લીધી, ઇશાનેંદ્રે ઉત્તર ભાગની શાખા તેમજ ચમરેંદ્રે અને બલીંદ્રે શિબિકાની નીચેની દક્ષિણ, ઉત્તરની શાખાઓ ઉપાડી. વળી બાકીના ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક ઇંદ્રોએ યથાયોગ્ય શાખા લઇ શિબિકાને ઉપાડી. વધારે તો શું ? પણ પ્રથમ ભારે હર્ષથી ઉલ્લાસ પામતા મનુષ્યોએ અને પછી અસુરેંદ્ર, સુરેંદ્ર અને નાગેંદ્રોએ તે શિબિકા ઉપાડી. એમ પ્રભુ ઘરથી નીકળતાં

ચાર પ્રકારના જતા-આવતા દેવોવડે આકાશ અદ્ભુત રીતે પ્રકાશવા લાગ્યું. શરદકાળમાં કુસુમિત થયેલ વનખંડ અથવા કુસુમ-સમૂહથી પદ્મસરોવરની જેમ દેવતાઓવડે ગગનતલ શોભવા લાગ્યું. સિદ્ધાર્થવન, અસનવન, શણવન, અશોકવન, તિલકવન અને આમ્રવન જેમ કુસુમિત થયેલ શોભે, અલસીવન કણેરવન, ચંપકવન જેમ પુષ્પોથી શોભે તેમ આ વખતે ગગનતલ દેવોવડે શોભવા લાગ્યું. વળી ધરણીતલ તથા આકાશતલમાં મનુષ્યો અને દેવતાઓએ વગાડેલ પટહ, પ્રવર ભેરી, ઝાલર, દુંદુભિ અને શંખાદિક વાદ્યોનો નિર્ઘોષ સતત પ્રવર્ત્તી રહ્યો.

એમ જગદ્‌ગુરૂના જતાં પ્રથમ સર્વ રત્નોવડે રચેલાં અનુક્રમે સ્વસ્તિકાદિ અષ્ટમંગળ ચાલ્યાં; તે પછી પૂર્ણકળશો, દિવ્ય દર્પણ, પતાકાઓ, બહુ ઉંચી અને પવનથી ઉછળતી મોટી ધ્વજાઓ ચાલી; ત્યારબાદ વજ્રરત્નથી બનાવેલ વિમલ દંડયુક્ત, લટકતી કોરંટ-પુષ્પોની માળાઓથી સુશોભિત તથા ચંદ્રમંડળ સમાન એવું દિવ્ય અને ઉન્નત આતપત્ર ચાલ્યું; મણિરત્નના પાદપીઠ તથા મણિમય પાદુકા યુક્ત અને ઘણા કિંકરોએ ઉપાડેલ એવું પ્રવર સિંહાસન ચાલ્યું; પછી લલિત ગતિવડે ભારે વેગશાળી, લલિત હેષારવ, વસ્ત્ર તથા ભૂષણોવડે વિભૂષિત, કનકની લગામથી શોભાયમાન જેમનો કટિભાગ ઉજ્વળ દર્પણથી મંડિત છે, જેમના પર તરૂણ પુરૂષો આરૂઢ થયા છે એવા એક સો આઠ જાત્ય અશ્વો અનુક્રમે ચાલ્યા; તે પછી સપ્તાંગવડે પ્રતિષ્ઠિત, ભદ્રજાતિના, સર્વ શુભ લક્ષણો સહિત, કંચનની કોરથી મઢેલ એવા રૂપાની નલિકાવડે જેમના ધવલ દાંત જડેલા છે, કંચન અને મણિના તારલાથી વિભૂષિત, કુશળ મહાવત જેમના પર આરૂઢ થયેલ છે એવા એક સો આઠ ઉત્તમ કુંજરો ચાલ્યા; ત્યારબાદ સછત્ર, સધ્વજ, ઘંટાયુક્ત, પતાકા તથા પ્રવર તોરણ સહિત, બાર પ્રકારનાં વાદ્યોના ઘોષ યુક્ત, હિમાલયમાં ઉત્પન્ન થયેલ તિનિશ-વૃક્ષના કાષ્ટથી બનાવેલ, મજબૂત ચક્ર અને ધુરા-ધોંસરી સહિત, પ્રવર અશ્વો જેમાં જોતરેલા છે, જેમાં ઘુઘરીઓ રણઝણાટ કરી રહી છે, બત્રીસ તૂણીર-ભાથા જેમાં રાખવામાં આવેલ છે, ધનુષ્ય પ્રમુખ આયુધોથી ભરેલા એવા એક સો આઠ રથો ચાલ્યા; પછી સજ્જ થયેલા અને કરતલમાં વિવિધ આયુધોને ધારણ કરતા, પોતાના પરાક્રમથી અન્ય સુભટોને હસી કહાડનાર એવા એક સો આઠ સુભટ પુરૂષો ચાલ્યા; તે પછી જેની સંખ્યા ન થઇ શકે એવા અસવારો, ગજસૈન્ય, રથસેના અને પેદળો ચાલ્યા; પછી પાંચ વર્ણની હજારો નાની પતાકાયુક્ત, વજ્રમય મજબૂત યષ્ટિ પર પ્રતિષ્ઠિત, વિચિત્ર છત્રો યુક્ત, જેમાં ભમરો ગણગણાટ કરી રહ્યા છે એવી પુષ્પમાળાઓવડે મંડિત, પવનથી દોલાયમાન થતી ઘંટડીઓના મનહર

અવાજથી નભોભાગને પૂરનાર, જાણે સાક્ષાત યશઃપુંજ હોય અથવા જાણે પ્રગટ મુક્તિમાર્ગ હોય, પોતાની મોટાઈથી જાણે આકાશને માપતો હોય, સાદર દેવોએ પરિગૃહીત અને એક હજાર યોજન ઉંચો એવો મહેંદ્રધ્વજ ચાલ્યો; તે પછી બીજા ઘણા દંડી, મુંડકો, જટાધારી, વિદૂષકો, ખેલાડી, મશ્કરા, ગાયકો, વાદકો, નર્ત્તકો, રમતા-હસતા, જયજય શબ્દ બોલતા, મંગલ ઉચ્ચારતા અને ગુણગણને સ્તવતા ચાલ્યા; બાદ ઉગ્રભોગી ક્ષત્રિયો, રાજવંશીઓ, શ્રેષ્ઠીઓ, સાર્થવાહો પોતાના પરિવાર સહિત, કેટલાક પગે, કેટલાક રથારૂઢ થઈ, કેટલાક અશ્વપર બેસી, કેટલાક હાથીપર, કેટલાક પાલખીમાં બેસી સ્વામિની આગળ આગળ ચાલ્યા; તે પછી અન્ય ઘણા દેવો, દેવીઓ, સો સો વિમાને સો સો ધ્વજ સહિત અને સો સોના પરિવાર સહિત ચોતરફ ચાલવા લાગ્યા. આ પ્રસંગે નંદિવર્ધન રાજા સ્નાન-મજ્જનાદિ કરી, શૃંગાર પહેરી, ગંધહસ્તી પર આરૂઢ થઈ, આતપત્ર તથા ધવલ ચામરોથી શોભાયમાન, કુંજર, અશ્વ, રથ, યોદ્ધાની સેના સહિત તે ભગવંતની પાછળ પાછળ જવા લાગ્યો.

એ રીતે પોતપોતાના યોગ્ય સ્થાને રહેલા સુર, અસુર અને પુરૂષ-સમૂહથી અનુસરાતા, સાત હાથપ્રમાણ શરીરવાળા, સમચતુરસ્રસંસ્થાન યુક્ત, વજ્રઋષભનારાચસંઘયણ સહિત, કમળ સમાન સુગંધી શ્વાસ યુક્ત, મલિન પ્રસ્વેદ, મળ, કલંક, રજ, મેલ પ્રમુખ દોષથી વર્જિત, દેહપ્રભાવડે દિશાઓને પ્રકાશિત કરનાર, ભ્રમર નીલ, કાજળ પ્રમુખ સમાન શ્યામ, પ્રશસ્ત, સ્નિગ્ધ એવો કેશસમૂહ જેમણે નિબિડ બાંધી લીધેલ છે, લલાટભાગ જેમનો અર્ધચંદ્ર સમાન શોભાયમાન છે, સુંદર શ્રવણ જેમના પ્રમાણ યુક્ત છે, જેમની ભ્રકુટી ધનુર્દંડ સમાન વક્ર છે, ધવલપત્ર યુક્ત વિકાસ પામેલા પુંડરિક તુલ્ય જેમનાં લોચન છે, ગરૂડ સમાન જેમની નાસિકા ઉન્નત અને આયત છે, જેમનો અધરોષ્ઠ પાકેલા બિંબફળ સમાન અને દંતપંક્તિ શંખ, ગોક્ષીર, મુક્તાફળ સમાન ધવલ સુશ્લિષ્ટ-સુ-સંબદ્ધ અને સરખી છે, જેમના કપોલ પીન અને માંસથી ભરેલા છે, સજલઘન કે દુંદુભિના નાદ સમાન જેમનો ગંભીર સ્વર છે, દક્ષિણાવર્ત રેખાવલયથી અલંકૃત અને સુપ્રમાણ જેમનો કંઠ છે, વનમહિષ, સિંહ કે શાર્દૂલ સમાન જેમનો સ્કંધ પરિપૂર્ણ છે, સૂક્ષ્મ રોમથી શોભાયમાન જેમના બાહુદંડ માંસલ-માંસવડે પુષ્ટ છે, જેમનું વિશાલ વક્ષસ્થળ સંયમ-લક્ષ્મીના નિવાસવડે સુભગ છે, પ્રવર રોમાવલિવડે સુશોભિત અને ગંભીર નાભિવડે જેમનો મધ્યભાગ રમણીય છે, જેમની સુંદર જંઘાઓ અનુક્રમે ઉપર ઉપર પુષ્ટિયુક્ત છે, જેમની પાદગ્રંથી-પગની ગાંઠ ગૂઢ અને સુશ્લિષ્ટ છે, પર્વત, નગર, મગર, સાગર, ચક્ર, અંકુશ, મત્સ્યાદિક લક્ષણયુક્ત જેમના ચરણતલ

છે એવા શ્રી વર્દ્ધમાનસ્વામી, ભોજન-પાન તજી પ્રાસાદના શિખરપર આરૂઢ થઇ નગરજનોએ લાસક્ષેપ કરતાં, આકાશમાં રહીને દેવોએ પુષ્પવૃષ્ટિ કરતાં, વિદ્યાધરીઓએ પ્રેમપૂર્વક નૃત્ય કરતાં, વારાંગનાઓએ મંગલશબ્દો ઉચ્ચારતાં, ઇચ્છિત દાન આપવામાં આવતાં, દેવ-ચારણોએ ગોત્રની ઉત્કૃષ્ટતા વર્ણવતાં અનુક્રમે પ્રભુ જ્ઞાતખંડ નામના ઉપવનમાં પધાર્યા કે જ્યાં પ્રથમ પ્રગટ થયેલા પલ્લવોથી મોટા વૃક્ષો શોભાયમાન છે, સર્વે ઋતુઓના પુષ્પોના ગંધ યુક્ત મૃદુ પવન જ્યાં વાઇ રહ્યો છે, કોમળ વૃક્ષોની પત્ર યુક્ત શાખાઓવડે રવિકિરણો જ્યાં નિરૂદ્ધ થતા ભાસે છે, અત્યંત રમણીયતાને લીધે રંજિત થયેલ દેવ-વિદ્યાધરો જ્યાં રમતા હતા, ચોતરફ પ્રસરતા કુસુમ-પરિમલથી આકૃષ્ટ થયેલ જ્યાં મધુકરો અન્ય ઉદ્યાનમાં જવાની દરકાર ન કરતાં ભમતા હતા, જિનેશ્વરને આવતા જાણી પવનથી ડોલતા પલ્લવરૂપ હસ્તવડે જે ચિરકાળે જોવામાં આવેલ પ્રિયજનની જેમ સત્વર જાણે બોલાવતું હોય, મદભરથી પરવશ થયેલા મયૂરોના કલરવવડે જે સ્વાગત જાણે કરતું હોય, પવનથી પડતાં પુષ્પોવડે જાણે અર્ઘ્ય આપતું હોય-એમ પોતાની રમણીયતાથી નંદનવનની શોભાને પરાસ્ત કરનાર અને જગદીશના ચરણથી જે પાવન થએલ છે તેનું વર્ણન કેટલું થઇ શકે ? એ ઉદ્યાનમાં આવી શિબિકાપરથી નીચે ઉતરી, અશોક વૃક્ષની નીચે પ્રભુએ પોતે જ અલંકાર-પુષ્પાદિક ઉતારી મૂક્યાં. એટલે પેલી કુલવૃદ્ધા, હંસલક્ષણ રેશમી વસ્ત્રમાં તોડી નાખેલ મુક્તાફળના ઝુમખામાંથી નીકળતા મોતી સમાન તે વસ્ત્રાદિક લઇ ને મૂકતી તથા દુઃખપૂર્વક રૂદન કરતી તે શોકવડે સ્ખલિત થતી વાણીથી ભગવંતને કહેવા લાગી કે—'હે પુત્ર ! તું કાશ્યપ ગોત્રમાં જન્મ્યો છે, સિદ્ધાર્થ રાજાનો પુત્ર છે અને જ્ઞાતકુલરૂપ આકાશતલમાં શરદના મૃગાંક સમાન છે, વાશિષ્ઠ ગોત્રમાં ઉત્પન્ન થયેલ ત્રિશલાદેવીના ઉદરથી ઉત્પન્ન થયેલ છે, ક્ષત્રિયોમાં તિલક સમાન અને નવયૌવનવડે દિવ્ય દેહધારી છે, ગર્ભાવસ્થાથી જ અતિસુકુમાલ તથા સુંદર અંગયુક્ત છે, અપ્રતિમ રૂપ, લાવણ્ય અને કાંતિવડે અદ્ભુત છે, ત્રિભુવનમાં વિખ્યાત અને સમસ્ત વિજ્ઞાન તથા નીતિમાં નિપુણ છે, તો આવું અતિદુષ્કર તપ-અનુષ્ઠાન શી રીતે પાળી શકીશ ? હે વત્સ ! અસિધારા સમાન એ મહાવ્રતનું બરાબર પાલન કરજે, ઘોર ઉપસર્ગની વેદનાથકી જરા પણ બીવું નહિ, એ સંયમમાં શુદ્ધ ભિક્ષાવૃતિ સદા કરવાની છે, તથા ગામ કે નગરાદિકમાં પ્રતિબંધ-મતિ મૂકવાની છે. હે વત્સ ! સમસ્ત ભાવને જાણનાર એવા તને કહેવાનું કેટલું હોય ? માટે એવી રીતે પ્રવર્ત્તજે કે મોક્ષસુખ સત્વર પામે ' એવામાં પોતાના બધા સ્વજનો સહિત, આનંદથી અમંદ અશ્રુ-જળના પ્રવાહને મૂકતો, રાજા ભગવંતના ચરણમાં નમી, દુસ્સહ વિરહાગ્નિથી સંતપ્ત થએલ તે એક

બાજુ બેઠા. એટલે કુલવૃદ્ધાનું પૂર્વોક્ત વચન સ્વીકારતાં ભગવંતે પોતે પાંચ મુષ્ટિથી લોચ કર્યો. ત્યાં પ્રભુના હાથમાં રહેલા કેશ ઇંદ્રે જરા શરીર નમાવી પોતાના દેવદૂષ્યના છેડામાં લીધા. પછી અનુક્રમે લોચ–કર્મ નિવૃત્ત થતાં પ્રભુની આજ્ઞા લઇ, મેઘપટલ સમાન શ્યામ અને દુર્જન હૃદયની જેમ કુટિલ તે કેશોને તેણે ક્ષીરસાગરમાં નાખ્યા. ત્યાં દિવ્ય વાદ્ય–નાદ અને મનુષ્યોના મંગલોદ્ગારનો ધ્વનિ બંધ કરવામાં આવ્યો. એટલે માગશરની કૃષ્ણ દશમીએ પાછલા પહોરે હસ્તોત્તર નક્ષત્ર વર્ત્તતાં સ્વયંબુદ્ધ પ્રભુ પોતે–' સિદ્ધોને નમસ્કાર થાઓ ' એમ ત્રણ વાર કહી હું સામાયિક આદરૂં છું અને સાવદ્ય યોગને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છું તેમજ ચારિત્ર અંગીકાર કરૂં છું. ' આ વખતે આકાશમાં રહેલા તથા ભૂમિતલપર રહેલા દેવ, દેવી, વિદ્યાધર તથા મનુષ્યોએ ભગવંતની ચોતરફ, ઝંકાર કરતા ભમરયુક્ત સકલ જીવ–લોકને સુગંધી કરનાર તથા આકાશતલને પીંગલ બનાવનાર એવો પ્રવર વાસક્ષેપ ઉડાવ્યો, તેમજ ભારે ધૂમ–શિખાથી દિશાઓને આચ્છાદિત કરનાર અને બળતા અગરૂ, કસ્તૂરી, અંબર, કર્પૂરના ધૂપવાળી ધૂપધાનીઓ સ્થાને સ્થાને મૂકવામાં આવી અને ભુવનનાં ખાલી ભાગને પૂરનાર જય જયારવ ઉછળી રહ્યો. એવામાં વસ્ત્ર, ભૂષણ અને પુષ્પને તજનાર એવા ભગવંતના વામ સ્કંધપર પુરંદરે અદૂષિત દેવદૂષ્ય વસ્ત્ર મૂક્યું. એમ અસાધારણ શ્રામણ્યનો મોટો ભાર જિનેશ્વરે ઉપાડતાં જાણે સહાય કરવા આવ્યું હોય તેમ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. પોતાની ભુજારૂપ પરિઘાને અવલંબી મોહના મહાત્મ્યને અત્યંત પરાસ્ત કરનાર અને મેરૂની જેમ નિષ્કંપ એવા સ્વામી કાયોત્સર્ગે રહ્યા એટલે ચતુર્વિધ દેવો, નગરજનો અને રાજા ભક્તિથી પ્રભુને નમીને પોતપોતાના સ્થાન પ્રત્યે પાછા ફર્યા.

એ પ્રમાણે ઉત્તમ ગુણ–ગણથી વર્ધમાન, સ્વર્ગ–મોક્ષની લક્ષ્મીના નિવાસ-ભવનસમાન શ્રી વર્ધમાનસ્વામીના ચારિત્રમાં ગર્ભાવતાર, જન્મ અને દીક્ષા-કલ્યાણકના કથનવડે પ્રતિબદ્ધ એવો આ ચતુર્થ પ્રસ્તાવ સંપૂર્ણ થયો.

# पंचम प्रस्ताव.

પોતાના સુબુદ્ધિ–વૈભવથી ભાવી મનોરથ સમૂહને જોયા છતાં ધીર પુરૂષો સદા સહર્ષ પ્રસ્તુત વસ્તુને વર્ણવે છે, એમ ધારી ભવિષ્યમાં થનારા અનેક ઉપસર્ગોમાં અક્ષુબ્ધ-ક્ષોભ ન પામનારા, ગાંભીર્યાદિ ગુણ–રત્નોના ભંડાર, સમસ્ત વસ્ત્રના ત્યાગી છતાં ઇંદ્રના ઉપરોધથી એક દેવદૂષ્યને ધારણ કરતા, માર્ગણ–યાચકોની આશાને પૂરનાર છતાં નિર્વાણ–મોક્ષ પમાડનાર, અશ્વથી ગમન કરવાનું તજ્યા છતાં દુષ્ટ ઇંદ્રિયરૂપ અશ્વને દમનાર, [1]સકલત્ર છતાં પરિગ્રહના ત્યાગી, ગજેંદ્રને તજી દીધા છતાં મત્ત કુંજર–ગતિ એટલે ગજ સમાન ગતિવાળા એવા ભગવંત શ્રીમહાવીર પાસેરહેલા જ્ઞાતવર્ગની અનુજ્ઞા લઇ, તે જ્ઞાતખંડવનમાંથી ચાલી નીકળ્યા અને અનુક્રમે મંદ ગતિએ ચાલતાં, યુગ–ધોંસરી પ્રમાણ ચક્ષુ–દૃષ્ટિ સ્થાપી,એક મુહૂર્ત્ત–બે ઘડી દિવસ બાકી રહેતાં તે કુમારગ્રામ નામનાં સંનિવેશમાં ગયા અને એકાંતમાં ત્યાં કાયોત્સર્ગે રહ્યા.

એવામાં **સિદ્ધાર્થ** રાજાનો બાળમિત્ર કુંડગ્રામ નગરમાં વસનાર **સોમ** નામે બ્રાહ્મણ કે જેણે મહાદ્યૂતના વ્યસનથી પોતાનું સમસ્ત દ્રવ્ય નષ્ટ કર્યું, પોતે ભોગોપભોગમાં આસક્ત છતાં વાંછિતાર્થને ન પામનાર, ધનક્ષીણ થવાથી સ્વજનોમાં રહેવાને અસમર્થ એવો તે પોતાના ઘરે બ્રાહ્મણીને મૂકી, દ્રવ્યોપાર્જનનિમિત્તે વજ્રાદિકની ખાણ તરફ ગયો, પરંતુ અંતરાયકર્મના નિબિડપણાથી, અશાતાવેદનીય ભારે પ્રબળ હોવાથી, પુરૂષાકારની નિષ્ફળતા થતાં,

---

૧ કલત્રસહિત એવો અર્થ થાય છે, પરંતુ સકળનું રક્ષણ કરનાર એવો અર્થ અહીં સમજવો.

તથાવિધ ભાવની અવશ્ય ભવિતવ્યતા હોવાથી તે તે સ્થાનોમાં લાંબો વખત ભ્રમણ કર્યા છતાં તેને એક કાણી કોડીની પણ પ્રાપ્તિ ન થઇ. એમ આશા-પિશાચના પંજામાં ફસાતાં તેના ઘણાં વરસો વ્યતીત થયાં.

એમ કરતાં એકદા ધવલ બલાકારૂપ દીર્ઘ વદનયુકત, વિજળીરૂપ ચપલ લોચન સહિત, ઇંદ્ર ધનુષ્યને ધરનાર, અંજનગિરિના શિખર સમાન ઘોર ગર્જનારૂપ અટ્ટહાસ્યથી વિરહી જનોના હ્રદયને કંપાવનાર અને વેતાલ સમાન દારૂણ એવો વર્ષાકાલ આવ્યો. તેને જોતાં પોતાની પત્ની તેને યાદ આવી. એટલે તત્કાલ મયૂરના ટહુકા સાંભળતાં જેની ઉત્કંઠા ચારગણી વૃદ્ધિ પામેલ છે એવો તે લાંબો નિસાસો નાખી અવિલંબિત પ્રયાણોથી પોતાના નગર ભણી ચાલ્યો, પરંતુ લાંબો માર્ગ હોવાથી, તેમાં પણ શરીરે દુર્બળતા આવતાં શીઘ્ર ગમન કરવા અશકત હોવાથી પાંચ માસ થતાં તે કુંડગ્રામ નગરે પહોંચ્યો. ત્યાં પોતાના ઘરે જતાં દ્રવ્યની આશાએ બ્રાહ્મણીએ સન્મુખ આવીને તેનો સત્કાર કર્યો, તેને આસન આપ્યું અને તેણે પતિના ચરણ પખાળ્યા. વળી શરીરની કુશળતા પૂછી અંગે તેલ ચોળ્યું અને સ્નેહભાવ દેખાડ્યો. એમ ભોજન સમય થતાં તેણે વિચિત્ર રસવતી તૈયાર કરી તેને ભોજન કરાવ્યું. પછી તે શય્યામાં બેઠો, એટલે બ્રાહ્મણી પણ હૈયામાં હર્ષ પામતી તેની પાસે આવીને પૂછવા લાગી કે- 'હે આર્યપુત્ર! તમે કયા કયા દેશોમાં આટલો બધો કાળ ભમ્યા? અને કેટલું ધન પેદા કર્યું? તે બોલ્યો-' હે પ્રિયે! હું કેટલા દેશ તને કહી સંભળાવું અથવા દ્રવ્યોપાર્જન પણ શું કહું? કારણ કે શ્રી પર્વત, વજ્રાકર, સમુદ્ર-પરતીર, રોહણાચલ, રસકૂપિકા તેમજ ભુજંગોવડે ભયંકર વિવિધ વિવરો એવા અનેક સ્થાનોમાં આટલો કાળ હું ધન-પિપાસાથી ભમ્યો, ખોદવા લાયક સ્થાન મેં ખોદી જોયાં અને સુવર્ણ-પાષાણો પણ ધમ્યા, અંજનસિદ્ધિના નિમિત્તે ઘણી દિવ્ય ઔષધિઓ તપાસી જોઇ, રાજસેવા પણ કરી અને મંત્ર-તંત્રાદિક પણ જાણ્યા, વળી અસિ, ધનુષ્ય, કુંત, ચક્રાદિક જનપ્રસિદ્ધ શસ્ત્રોમાં પણ પરિશ્રમ કરવામાં બાકી ન રાખી. અરે! મેં દ્રવ્યની ખાતર શું શું ન કર્યું? તથાપિ હે પ્રિયે! મને ભોજન માત્રની સામગ્રી પણ પ્રાપ્ત ન થઇ. અત્યારે તો કેવળ તારા દર્શનની અભિલાષાથી હું પાછો ફર્યો છું.' એ પ્રમાણે સાંભળતાં જાણે વજ્રથી ઘાયલ થઇ હોય, જાણે લૂંટાઇ ગઇ હોય તેમ શ્યામ મુખે, કોપથી અધરોષ્ઠને ફફડાવતી અને રક્ત લોચન કરી તે કહેવા લાગી કે-' અરે! પાપિષ્ઠ! અરે કુલક્ષણા! અરે પશુ સમાન! નિર્ભાગ્ય શિરોમણિ! જો એમ હતું તો આટલો વખત કડવી ઘીસોડીનાં ફળ પકડતો ત્યાં શા માટે ભમતો રહ્યો? અરે

અભાગીયા ! ત્યાં રહેતાં તેં એવી વાત પણ ન સાંભળી કે પુષ્કરાવર્ત્ત મેઘની જેમ સિદ્ધાર્થનંદન એક વરસ પર્યંત ઇષ્ટ આપવા પૂર્વક સતત કનકધારાથી વરસ્યા. શું તું પોતે આ સન્મુખ જોતો નથી કે જન્મથી જે દરિદ્રો હતા છતાં રથ, અશ્વાદિક વાહનો લેતાં, દિવ્ય આભારણો પહેરતાં, ઉંચા મકાનો બંધાવી પોતાની સ્ત્રી સહિત રહેતાં, જિનપ્રસાદથી વિલાસ કરી રહ્યા છે ? અથવા દેશાંતરોથી આવેલા લોકો તારા જોવામાં ન આવ્યા કે જેઓ મનોરથ પૂર્ણ કરી, કનકરાશિ મેળવીને પોતાના ઘરભણી પાછા ફરતા હતા ?' બ્રાહ્મણે કહ્યું કે-' હે પ્રિયા ! દૂર દેશાંતરમાં વસવાથી મેં એ કશું સાંભળ્યું નહિ. શું કરૂં કે મારૂં ભાગ્યજ વિપરીત છે, જેથી આટલો બધો લાંબો વખત મેં વિષમ દશા ભોગવી. ' ત્યારે બ્રાહ્મણી બોલી-' અરે ! હજી પણ તેમની પાસે સત્વર જા. તે ભગવાન કરૂણાના ભંડાર છે, તેથી તું માગીશ તો અવશ્ય કંઇ પણ આપશે. ' એમ સાંભળતાં બ્રાહ્મણ બહુ જ વેગથી જિનેશ્વર ભણી દોડ્યો અને પૂછતાં પૂછતાં તે કુમારગ્રામે પહોંચ્યો. ત્યાં ઇંદ્રે નાખેલ સુગંધી ચૂર્ણના પરિમલ પર એકઠા થતા ભમરાઓથી જેમનો દેહ આચ્છાદિત છે એવા વીરપ્રભુ કાયોત્સર્ગે રહેલા તેના જોવામાં આવ્યા. એટલે ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પરમ આદરથી પ્રભુને પ્રણામ કરી તેણે વિનવ્યું કે-" હે દેવ ! મારી કર્મ-કથા સાંભળો. કંઠમાં જીહ્વા સ્ખલિત થતાં અસ્પષ્ટ વાણીથી હે નાથ ! દાનમાં વિમુખ છતાં તેવા કયા જનની આગળ મેં પ્રાર્થના ન કરી ? હે દેવ ! માર્ગની ધૂળથી ખરડાયેલ હું કયા મુસાફરખાનામાં ન વસ્યો ? અને આ દુષ્ટ ઉદરને પૂરવા માટે મેં શું શું કુકર્મો ન કર્યાં ? દ્રવ્ય મેળવવા માટે હું તરત કૃતાંતના મુખમાં પણ પેઠો અને એવો કોઈ વેશ ન રહ્યો કે જે નટની જેમ મેં ધારણ ન કર્યો હોય. એમ દૂર દેશાંતરમાં ભમતાં લાગેલા પરિશ્રમને લીધે મને વિવિધ રોગ ઉત્પન્ન થયાં, છતાં મંદભાગી મેં આટલો કાળ ગુમાવ્યો; પરંતુ અત્યારે ઘરે આવતાં જ મારી સ્ત્રીએ કહ્યું કે તમે એક વરસ પર્યંત મહાદાન આપ્યું તેમાં કેટલાક લોકોને નગર, પાટણ, ગામ, આકર કે દ્રવ્યભંડાર આપ્યા અને અન્ય કેટલાકને મદોન્મત્ત હાથીઓ આપ્યા. વળી બીજા કેટલાકને પારસ-ઇરાન, બબ્બર તથા બહલી-દેશના અશ્વો આપ્યા અને કેટલાકને જાત્ય કનકના પ્રવર આભૂષણો આપ્યાં. એ પ્રમાણે અનેક પ્રકારે પુષ્કળ દાન કરતાં કલ્પવૃક્ષની જેમ હે નાથ ! તમે દુનીયાનું દારિદ્રય દળ્યું અને મેઘની જેમ લોકોની તૃષ્ણાને પરાસ્ત કરી, તેમ છતાં દરિદ્ર જનોમાં તિલક સમાન એવો હું એક જ પૂર્વના દુઃસહ દુષ્ટ કર્મોના પ્રભાવે વિકલ રહ્યો, માટે હે પ્રણતવત્સલ ! હે કરૂણારસ ! વરસતાં દુઃખસંતપ્ત ભુવન-વનને સિંચનાર !

તમે પ્રસન્ન થઇને મારો મનોરથ પૂર્ણ કરો. સ્વર્ગ, મર્ત્ય અને પાતાળમાં દેવ, નરેશ અને દાનવપતિ જે યથેચ્છાએ ક્રીડા કરી રહ્યા છે, તે તમારા ચરણ કમળની સેવાનું ફળ છે. હે સિદ્ધાર્થરાજ-નંદન ! જો તમે પણ મને કોઇ રીતે તજી દેશો, મારા પ્રત્યે કરૂણા નહિ લાવો તો પાતાલમાં પેસતાં મારો કોઈ આધાર જ નથી." એ પ્રમાણે દીનતાથી ગળતા અશ્રુ-જળવડે વદન તરબોળ થતાં તેણે એવી રીતે વિનંતી કરી કે જેથી વીતરાગને પણ અજબ અસર થઈ. એમ સાંભળતાં જેમના અંતરમાં કરૂણારસ ઓતપ્રોત છે એવા ભગવંતે કહ્યું કે-'હે દેવાનુપ્રિય ! અત્યારે તો મેં બધો સંસર્ગ-પરિગ્રહ તજી દીધો છે અને તું અત્યંત દૌર્ભાગ્યના દુઃખથી આકુળ-વ્યાકુળ છે, તેથી જો કે એ અયોગ્ય છે છતાં આ દેવદૂષ્યનો અર્ધભાગ લઇ લે.' એટલે 'જેવી સ્વામીની આજ્ઞા' એમ કહેતાં હર્ષને લીધે રોમાંચિત થતો બ્રાહ્મણ અર્ધવસ્ત્ર લઇ, પ્રણામ કરી, સ્વામીની અપૂર્વ ઉદારતાને વારંવાર ચિંતવતો તે પોતાનાં ઘરે ગયો. ત્યાં બ્રાહ્મણીએ જોતાં પરમ આદરથી પૂછયું જેથી તેણે દેવદૂષ્ય-અર્ધનો લાભ કહી સંભળાવ્યો, જે સાંભળતાં બ્રાહ્મણી પરમ સંતોષ પામી.

પછી બીજે દિવસે તે વસ્ત્રાર્ધ તેણે દશી બાંધવા માટે તંતુવાય-વણકરને સોંપ્યું. એટલે તેણે પણ પૂર્વે કદિ ન જોયેલ તે દિવ્ય વસ્ત્ર જોતાં બ્રાહ્મણને પૂછયું કે-'હે ભદ્ર ! આ તને કયાંથી મળ્યું ? કારણ કે આવાં વસ્ત્રો મહીતલ-પર મળતાં નથી.' બ્રાહ્મણે કહ્યું-'હે મુગ્ધ ! એ તો મને ભગવંતે આપ્યું છે.' વણકરે કહ્યું-'એનો બીજો ખંડ પણ લઇ આવ કે જેથી બંને ખંડ મેળવીને સાંધું. એમ કરતાં અખંડની જેમ એનું એક લાખ સોનામ્હોર મૂલ્ય મળશે. એથી આપણ બંનેને અર્ધોઅર્ધ દ્રવ્ય મળશે.' બ્રાહ્મણ બોલ્યો-'હવે એનો બીજો ખંડ શી રીતે મળી શકે ?' ત્યારે જિન-સામાચારીમાં વિચક્ષણ એવા તંતુવાયે કહ્યું-'જ્યારે સ્થાણુ-વૃક્ષનું શુષ્ક થડ પ્રમુખમાં અટકતાં સ્વામીના સ્કંધ પરથી તે પડી જાય ત્યારે તું ઉપાડી લેજે.' એમ સાંભળતાં વસ્ત્રાર્ધના લોભે તે ભગવંતની પાછળ લાગ્યો. હવે તે વસ્ત્રાર્ધનો તેને કેવી રીતે લાભ થશે તે આગળ કહેવામાં આવશે.

હવે કુમારગ્રામ-સંનિવેશની બહાર પ્રતિમારૂપે રહેલા અને લંબમાન જેમની ભુજાઓ છે એવા ભગવંત મહાવીર પાસે અત્યંત પાપિષ્ઠ, વિનય-નયના વિજ્ઞાનથી વર્જિત એવો એક ગોવાળ, આખો દિવસ ચલાવવાથી થાકી ગયેલા અને ક્ષુધાથી પીડિત એવા ચરતા વૃષભ ભળાવીને તે ગાયો દોહવા નિમિત્તે ગામમાં ગયો. ત્યાં બીજું કાંઇ કામ કરવાનું હોવાથી તેને બહુ વખત લાગ્યો.

એવામાં તે બળદ ક્ષણભર ભગવંતની સમીપે ચરી, ભારે ક્ષુધાતુર હોવાથી ઘાસ ચરતા હળવે હળવે અટવીમાં ચાલ્યા ગયા. ત્યાં ગોવાળ પ્રભુ પાસે આવ્યો અને પોતાના બળદ જોવામાં ન આવતાં તેણે ભગવંતને પૂછયું કે-' હે દેવાર્ચક ! જે પૂર્વે મેં તમને બળદ ભળાવ્યા હતા, કહો, તે કયાં ગયા ?' એટલે જાણે સાંભળ્યું ન હોય તેમ સ્વામી પણ મૌન જ રહ્યા, જેથી તેણે પણ જાણ્યું કે-' આ તો કોઇ મહાત્મા છે, તેથી કંઇ જાણતા નથી ! પછી તે ગિરિગુફાઓમાં, નદીઓમાં, નિઝરણા કે મોટાં વૃક્ષોની ઘટામાં, ગામમાં તેમજ અન્ય વિવિધ પ્રદેશમાં વૃષભ-સ્વામીથી ભય પામી, ભારે આકુળ-વ્યાકુળ થઇને તે શોધવા લાગ્યો. એવામાં લાંબો વખત સ્વચ્છંદે ચરતાં, ક્ષુધા-વેદના શાંત થવાથી તે વૃષભો ફરીને પણ તે જ પ્રદેશમાં આવ્યા અને ભગવંતને જોઈ ત્યાં વાગોળતા બેઠા. હવે તે ગોવાળ કે જે બળદોનો પત્તો ન મેળવી શકયો, ચાર પ્રહર રાત્રિ-જાગરણ થવાથી જેનાં લોચન મ્લાન થઇ ગયાં છે, જેનું શરીર ધૂળથી ખરડાયેલ છે, સ્થાણુ અને કંટકાદિકથી પરભવ પામતાં લાંબો વખત ભમી ભમીને તે તે જ માર્ગે પાછો વળ્યો. ત્યાં સ્વામી પાસે સુખે બેઠેલા પોતાના બળદો તેણે જોયા, જેથી લાલ લોચન કરી ભારે કર્કશ વચનથી પ્રભુની તર્જના કરતાં તેણે કહ્યું કે-' હે દેવાર્ય ! દુર્જનની જેમ બહારથી તો તું પ્રશાંત વેશ બતાવે છે, પણ અંતરમાં તો તારા મનની આવી કુટિલતા દેખાઇ આવી કે મારા વૃષભો હરણ કરવા માટે તેં છુપાવી રાખ્યા અને જો હું અત્યારે આવી પહોંચ્યો ન હોત તો અવશ્ય તું તે લઇને ચાલ્યો જાત. હે વયસ્ય ! અહો ! તારા વ્રતની આ ચંગિમા ! અહો ! તારા વિવેકની ભદ્રતા અને તારા દાક્ષિણ્ય ભાવની કંઇ જુદાજ પ્રકારની ખૂબી ! મને તો એમ લાગે છે કે-બધા બાહ્ય વ્યાપાર બંધ કરી, ભુજાઓ લાંબી મૂકી જે તું બગધ્યાન ધરે છે તે લોકોને છેતરવા નિમિત્તે માત્ર ઉપાયોજ ચિંતવતો લાગે છે.' એમ દુર્વચનોથી તર્જના કરી, વેતાલની જેમ તે ગોવાળ દામણુ લઇને હણવા માટે ભગવંત પ્રત્યે દોડ્યો. એવામાં સૌધર્મ-સભામાં સિંહાસન પર બેઠેલ ઇંદ્રે સ્વામીનો સુખ-વિહાર જાણવા નિમિત્તે અવધિજ્ઞાન યોજ્યું, તો પ્રભુ પ્રત્યે દોડતા તે ગોવાળને દીઠો. એટલે ત્યાં રહેતાં જ તેને થંભીને શક્ર દિવ્ય ગતિથી જિન સમીપે ઉતર્યો અને તે ગોપાળને તર્જવા લાગ્યો કે-'અરે ! દુરાચારી ! અરે પુરૂષાધમ ! અરે પશુ સમાન ! આ વૃષભોના પુણ્યથી જ તું તૃણાદિ ખાતો નથી, જે હસ્તી, અશ્વ, સુભટોને તજી અત્યારે જ પ્રવ્રજ્યા લેનાર, પોતાના ધર્મ-કાર્યમાં તત્પર અને તૃણ-મણિને સમાન ગણનાર સિદ્ધાર્થ રાજાના નંદન એવા વર્ધમાનસ્વામીને પણ તું જાણતો નથી ?'

એમ નિબંધી ઇંદ્રે પ્રભુને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વાંદ્યા અને અંજલિ જોડી વિનંતી કરી કે-' હે ભગવાન્ ! તમને બાર વરસ પર્યંત શ્રમણપણું પાળતાં દુઃખજનક, સામાન્ય જનોના જીવિતને તજાવનાર, પ્રવર બલવંતોને પણ રોમાંચ પ્રગટાવનાર એવા ઉગ્ર ઉપસર્ગો થશે, માટે કૃપા કરી મને એટલો વખત અનુજ્ઞા આપો, તો હું આપની સમીપે રહીને વૈયાવચ્ચ કરતો રહું, એમ સાંભળતાં કાયોત્સર્ગ પારીને ભગવંતે જણાવ્યું કે-' હે સુરેંદ્ર ! તારી અસાધારણ ભક્તિ હોવાથી એમ બોલવું તને પાલવે તેમાં સંદેહ નથી, પરંતુ એવું ભૂત, ભવિષ્ય કે વર્ત્તમાન કાળે કદાપિ બનવાનું નથી કે તારા જેવાની નિશ્રાએ તીર્થંકરો પૂર્વકૃત કર્મ નિશ્ચય ખપાવી ગયા, ખપાવશે કે ખપાવે છે. વળી પરના સામર્થ્યવડે જો કર્મક્ષય ઘટિત થાય તો લોચ, બ્રહ્મચર્ય, વિવિધ તપોવિધાન વિગેરે બધું વિફળ સમજવું. અત્યંત સંક્લિષ્ટ ચિત્તથી જેનો રસ-વિપાક પોતે દૃઢ બાંધેલ છે એવાં કર્મો પોતે ભોગવ્યા વિના તેની નિર્જરા નથી. કર્મને વશ રહેલ એકલો આ જીવ પોતે જ શુભ કે અશુભ ભોગવે છે, તે કર્મના પ્રભાવથી જ અન્ય અપકારી કે ઉપકારી બને છે; માટે જે પૂર્વે સિદ્ધ થયા, સિદ્ધ થશે અને સિદ્ધ થાય છે તે પોતાના બળે કર્મનો ક્ષય કરીને જ, પરંતુ અન્ય ઉપાય નથી. એવી રીતના વિવિધ મહા-ઉપસર્ગો પૂર્વે જાણીને જ મેં સંયમ આદર્યો છે, તો તેની મારે ક્યાં દરકાર કરવાની છે ?' એ પ્રમાણે વિવિધ ઉક્તિ-પ્રયુક્તિથી બોધ પમાડીને પ્રભુ કાયોત્સર્ગમાં રહ્યા, કારણ કે મહાપુરૂષો મિતભાષી હોય છે. એવામાં ભગવંતની માસીનો પુત્ર કે તથાવિધ ઘોર બાળ-તપના પ્રભાવે સિદ્ધાર્થ નામે વ્યંતર દેવતા થયો હતો તે ત્યાં આવ્યો, એટલે ઇંદ્રે તેને જણાવ્યું કે-'હે સિદ્ધાર્થ ! આ ભગવાન્ તારા નજીકના સંબંધી છે એ એક કારણ અને બીજું કારણ તને મારી આજ્ઞા છે કે તું સર્વથા સ્વામીની પાસે રહેતાં મરણાંતિક ઉપસર્ગને અટકાવજે.' એટલે તેણે પણ ઇંદ્રના એવા આદેશથી સંતોષ પામતાં તેમ રહેવાનું કબૂલ કર્યું, જેથી પુરંદર પોતાના સ્થાને ગયો.

પછી પ્રભાત થતાં ભગવાન્ ત્યાંથી ચાલ્યા અને અનુક્રમે કોલ્લાગ સંનિવેશમાં ગયા. ત્યાં બહુલ નામે બ્રાહ્મણ રહેતો હતો. તેના ઘરે મહોત્સવ હોવાથી રસવતી તૈયાર કરવામાં આવી હતી અને બધા લોકો જમતા હતા. એવામાં ભિક્ષા સમય જાણી ભગવંત ઉતાવળ કર્યા વિના શાંત સ્વભાવે છઠ્ઠના પારણે ભિક્ષા નિમિત્તે ગામમાં ગયા. ત્યાં ઉંચ, નીચ ગૃહોમાં પરિભ્રમણ કરતાં તે બહુલના ઘરે ગયા. એટલે તેણે અપ્રતિમ રૂપશાળી ભગવંતને પોતાના ભવનાંગણે આવેલા જોયા. તેમને જોતાં બહુલને વિચાર આવ્યો કે-' અહો ! આ

મહામુનિના શરીરનું લાવણ્ય કેવું છે? અહો! અનુપમ રૂપસંપત્તિ! અહો! બધા લક્ષણોની પરિપૂર્ણતા! અહો પ્રશાંત આકાર! અહો! સૌભાગ્ય. એ સામાન્ય ગુણુશીલ તો નથી જ! તેથી હું ધન્ય કે મારા ભવનાંગણે એ પધાર્યા.' એમ ભાવતાં જાણે મુક્તાફળોથી અલંકૃત હોય તેમ અત્યંત રોમાંચ પ્રગટ થતાં ઉઠીને તેણે પરમાદરપૂર્વક ઘૃત-મધુમિશ્ર પાયસ-દૂધ ભગવંત પાસે મૂક્યું. એટલે પ્રભુએ નિચ્છિદ્ર તથા ચક્ર, અંકુશના લક્ષણે લાંછિત એવા કર-કમળ પ્રસાર્યા. ત્યાં કર-સંપુટમાં બ્રાહ્મણે પ્રવર પાયસ નાખતાં, દેવતાઓ આકાશતળે ઉતરી ભારે ભક્તિપૂર્વક કેટલાક જયદુંદુભિ વગાડવા લાગ્યા, કેટલાક પુષ્પો વરસાવવા લાગ્યા, કેટલાક વસ્ત્રક્ષેપ કરવા લાગ્યા, કેટલાક જિનગુણ ગાવા લાગ્યા, કેટલાક ગંભીર ગિરાથી ' અહો! સુદાન ' એમ ઘોષણા કરવા લાગ્યા અને કેટલાક ભારે પ્રમોદ લાવી સતત કનકધારા વરસાવવા લાગ્યા. આવું આશ્ચર્ય જોતાં ગામના અન્ય લોકો પણ વિસ્મય પામી તરતજ પ્રભુ પાસે આવ્યા. વધારે તો શું પણ પ્રભુ પાયસના લાભથી, બ્રાહ્મણ કનકવડે અને લોકો આશ્ચર્ય-રસવડે તૃપ્ત થયા, એમ મહા-આનંદ પ્રવર્ત્તી રહ્યો. પછી ચર્મ-ચક્ષુને અગોચર આહાર-વિધિ આચરીને ભગવંતે અન્યત્ર વિહાર કર્યો અને ગ્રામનુગ્રામે પરિભ્રમણ કરતાં, પ્રવ્રજ્યા સમયે દેવતાઓએ નાખેલ કુસુમો અને વાસચૂર્ણના ગંધથી વાસિત વિભુના શરીરે નિરંતર ઝંકારવ કરતા, વન-પુષ્પોના પરિમલને તજીને ભમરાઓ પીડા ઉપજાવતા, લાંબા વખતથી સતત ત્યાં રહેતાં કંઇ પણ ન પામતા તે રોષ લાવી નખવડે વીંધતા, મુખવડે ડંખ મારતા, વસંત-સમયે રોમ-કૂપમાંથી નીકળેલ રક્ત પીતા અને શરીરે સંલગ્ન થઇને વિભુની સાથે વિચરતા હતા. વળી તે ગંધથી આકર્ષાયેલા ગામના તરૂણ જનો પણ ભગવંતને કહેતા કે-' હે નાથ! અમને પણ આ ગંધયુક્તિ બતાવો, આપો, તમારા શરીરનો ગંધ ભારે સુરભિમિશ્રિત છે, તેમજ નવનીલોત્પલ અને પલાસ સમાન લોચન-યુગલ, સુરભિ-શ્વાસવડે શોભિત મુખકમલ તથા રૂપસંપત્તિ જોતાં, કામબાણથી જર્જરિત થએલ ગ્રામ-તરૂણીઓ ગ્રામાનુગ્રામ વિચરતા ભગવંતનું નિવાસસ્થાન પૂછતી અનેક પ્રકારના ઉપસર્ગ કરતી હતી. એમ પ્રવ્રજ્યા લીધા પછી કંઇક અધિક ચાર માસ, દેવોએ નાખેલ વાસને લીધે દુષ્ટ ભમરાઓએ પ્રભુને ઉપસર્ગ કર્યો.

એકદા ત્રણ લોકના તિલક સમાન અને સમસ્ત ગુણોના ભંડાર એવા સ્વામી પર્યટન કરતાં મોરાગ સંનિવેશમાં ગયા. ત્યાં દુઇજ્જંત નામે પાખંડી કે જેઓ તાપસના વેશે રહેતા તેમનો જ્વલનશર્મા નામે અધિપતિ હતો તે સિદ્ધાર્થ રાજાનો મિત્ર હોવાથી પૂર્વના સ્નેહને લીધે સ્વામીને જોતાં

**સ્વાગત** ઉચ્ચારતાં તે સન્મુખ, આવ્યો એટલે પ્રભુએ પણ પૂર્વપ્રયોગને લીધે હાથ પસાર્યો. પછી કુલપતિએ સહર્ષ પૂર્વવૃત્તાંત પૂછીને પ્રભુને કહ્યું કે—'હે કુમારવર ! કેટલોક વખત તમે અહીં જ રહો આ આશ્રમ વિઘ્ન રહિત છે અહીં કોઇ ધ્યાનમાં અંતરાય કરે તેવો નથી જેથી ચાતુર્માસને માટે પણ લાયક છે, તો અત્યારે કદાચ તમે સર્વથા ન રહી શકો તો પણ ચોમાસામાં તો અહીં જ રહેજો, એમ તેણે કહેતાં તે વચન સ્વીકારી ભગવંત એક રાત્રિ ત્યાં જ રહ્યા. તે પછી પ્રેમબંધનો નાશ કરનાર, અસંખ્ય દુઃખને દળનાર, પ્રશાંત ચિત્તવડે સુંદર સ્થિરતાથી મંદરાચલને જીતનાર, અનેક ઉપસર્ગોને સહન કરનાર, ગજેંદ્રની જેમ મંદગામી મૃગની જેમ સેવકરહિત તથા પિતાની જે જીવ–રક્ષામાં તત્પર અને સુરેંદ્રવૃંદને વંદનીય એવા સ્વામી, મડંબ, કર્બટ, ખેડા પ્રમુખ વિવિધ ગામ કે જે અનેક લોકોવડે સંકીર્ણ હતાં ત્યાં વિચરવા લાગ્યા. એમ વિહાર કરતાં ગ્રીષ્મસમય આવ્યો અને પછી ચોમાસું પણ આવી લાગ્યું કે જ્યાં સજલ જલધર ગંભીર ગર્જના કરતા મંદ મંદ જળધારાઓ પડતી, પથિક જનો પોતપોતાના ઘર ભણી જતા અને રાજહંસો માનસ–સરોવર પ્રત્યે ચાલતા થયા. એટલે પ્રભુ પાછા વળીને ત્યાં જ મોરાગ સંનિવેશમાં આવ્યા. ત્યાં કુલપતિએ ભારે પ્રેમપૂર્વક એક તૈયાર મઠ–આશ્રમ સોંપ્યો. ભગવંત તે સ્થાને પ્રલંબમાન ભુજાએ કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. એમ દિવસો જવા લાગ્યાં.

હવે પ્રથમ વર્ષાઋતુનો પ્રારંભ થતાં પૂર્વે લાંબા વખતથી સંઘરી રાખેલ તૃણાદિક ચારો ખલાસ થવાથી અને નૂતન ઘાસ હજી ઉગેલ ન હોવાથી ક્યાંય પણ ભક્ષ્ય કંઇ ન મળતા ક્ષુધાથી બાધા પામતી ગાયો તે તાપસ આશ્રમો કે જ્યાં તૃણાદિક આચ્છાદિત કરેલ છે તે ખાવાને માટે આવવા લાગી, એટલે તાપસો પ્રચંડ લષ્ટિપ્રહારોથી તેમને કૂટીને કહાડવા લાગ્યા અને દ્વાર પાસે હમેશાં બેસી રહીને બહુ ખંતથી પોતાના આશ્રમોની રક્ષા કરવા લાગ્યા. એમ તેમણે તાડન કરેલ ગાયો આમતેમ ભમી જેનું રક્ષણ કરનાર કોઇ નથી એવા ભગવંતના આશ્રમનું તૃણ ખાવા લાગી, જેથી પોતાના મઠમાં બેઠેલાં તે તાપસો ગાયોથી ખવાતા તે આશ્રમને જોઇ વિભુ પર ભારે દ્વેષ લાવીને કહેવા લાગ્યા કે—'અહો ! અમે પોતાના મઠોનું રક્ષણ કરતા રહીએ છીએ અને આ શ્રમણ જરા પણ તેની દરકાર કરતો નથી તો શું કરીએ ? કુલપતિએ એને બેસાડેલ છે તેથી સાક્ષાત્ આપણે કંઇ કઠણ શબ્દ કહી શકતા' નથી એમ પ્રતિદિન ચાલતાં ગાઢ મત્સરને ધારણ કરતા તે તાપસો એક વખતે કુળપતિ પાસે ગયા અને ઉપાલંભપૂર્વક કહેવા લાગ્યા કે—'હે સ્વામિન્ ! તમે અમારા મઠમાં જે આ કોઈ શ્રમણને મૂક્યો છે તે પોતાનું કાર્ય કરવામાં જ અત્યંત તત્પર છે, તે

એટલું પણ જાણતો નથી કે ગાયો એ આશ્રમને પ્રતિદિન ક્ષીણ બનાવે છે છતાં એક ક્ષણ તે તેની રક્ષા કરતો નથી. શું આલસ્ય, અનુકંપા, ઉપેક્ષા કે નિર્દાક્ષિણ્ય હશે ? તેનો કેવો અભિપ્રાય છે તે અમે સમજી શકતા નથી. અથવા તો તે મહાત્મા પોતાને મુનિ સમજીને ગાયોનું નિવારણ ન કરતો હોય તો અમે શ્રમણો દેવ-ગુરૂની પૂજામાં પરાયણ કેમ ન થઇએ ? હે કુલપતિ ! જો અમારા પર તમે રૂઠયા હો અને આ પ્રયોગથી મઠને નાશ કરવા માગતા હો તો સત્વર અમને જણાવી દ્યો કે જેથી અમે તેની વાત પણ મૂકી દઇએ. તેની સાથે અમારે કાંઇ વિરોધ નથી. જે રૂષ્ટ થયો હોય છતાં સંતોષ પમાડવા લાયક હોય તો તેની સાથે માન શું ? તમારી ચિત્તવૃત્તિ જાણ્યા વિના અમે તેના પર ખરેખર ! વૃથા રોષ કર્યો અથવા તો મૂઢ જનોની મતિ કેવી હોય ?' એ પ્રમાણે ઇર્ષ્યામિશ્ર કોપથી જરા કંપ પામતા અધરવડે બોલી દઇ જતા તાપસો કુલપતિ પાસેથી ચાલતા થયા, એટલે તેમને જતા જોઇ ભારે આદર-પૂર્વક બોલાવીને કુલપતિએ કહ્યું કે– 'હે મહાનુભાવો ! તમે આવી કલ્પના કેમ કરો છો ? એમાં મારો દોષ શો છે ? મેં તો મિત્ર સિદ્ધાર્થ રાજાનો પુત્ર સમજીને એ મુનિનો સત્કાર કર્યો. શું એમ હું જાણતો હતો કે એ પોતાના મઠની આમ ઉપેક્ષા કરશે ? તેમ છતાં હું એવો પ્રયત્ન કરીશ કે જેથી તમારો આશ્રમ નષ્ટ નહિ થાય. હવે તમે સંતાપ કરશો નહિ તેમ કુવિકલ્પો પણ ચિંતવશો નહિ. તમારા કરતાં મને પ્રિય કોણ છે ? એમ સાંભળતાં સંતોષ પામીને તેઓ યથાસ્થાને ગયા.

પછી કુલપતિ પણ જિનેશ્વર પાસે ગયો અને શાખા–પત્રહીન વૃક્ષ સમાન તે મઠ નામ માત્ર જેવો દીઠો જેથી તેણે વિચાર કર્યો કે–' અહો ! તે બિચારા તાપસોએ સાચું કહ્યું. મેં તો પ્રથમ ધાર્યું કે એઓ આમ મત્સરથી બોલે છે પરંતુ આશ્રમ જોવાથી હવે હું બરાબર સમજી શકયો ' એમ વિચારી ભગવંતને કહેવા લાગ્યો કે–' ચાર આશ્રમના ગુરૂ એવા સિદ્ધાર્થ રાજાનો તું પુત્ર છે અને તારી કીર્ત્તિ ત્રણે લોકમાં વિસ્તાર પામી છે, માટે મારે તને કંઇક કહેવાનું છે.—હે પુત્ર ! તારા પિતાએ પણ ભારે આદરપૂર્વક આ આશ્રમ પદનું સતત રક્ષણ કર્યું છે તો હવે તારે પણ તે પાળવાનું છે. દુષ્ટોને તાડન કરવું એ તમારૂં ખાસ વ્રત છે તો કંઇ પણ શંકા લાવ્યા વિના તૃણાદિક ખાતી ગાયોને કેમ અટકાવતો નથી? હે વત્સ ! એક પક્ષી પણ સર્વ પ્રયત્ન-પૂર્વક પોતાના માળાનું રક્ષણ કરે છે તો પૃથ્વીના ભારને ધારણ કરવામાં ધીર એવા તમારા જેવા પુરૂષનું તો કહેવુંજ શું ? હે મહાયશ ! અમારા જેવા યતિ-જનોની રક્ષા માટે નિશ્ચય પ્રજાપતિ તમ જેવા સત્પુરૂષોને ઉત્પન્ન કરે છે. વળી

એ પશુઓની જેમ ધર્મના દ્વેષી દુષ્ટ જનોથી પ્રતિઘાત-પરાભવ પામતા અમે કોના શરણે જઈએ ? માટે હે કુમાર ! તમે ગૃહપતિની જેમ ભલે અહીં સુખે રહો. આ બધું તમારૂં જ છે. તમને જોતાં પ્રિયમિત્ર સિદ્ધાર્થ રાજા મને યાદ આવે છે.

એ પ્રમાણે સંસ્તવ, ઉપાલંભ, પ્રણય, શિખામણગર્ભિત વચનોવડે વીરને કહીને તે તાપસપતિ પોતાના સ્થાને ગયો, એટલે મહાસત્ત્વશાળી અને જગજ્જીવના એક હિતકારી એવા ભગવંતે તેમને અપ્રીતિ થયેલ જાણીને વિચાર કર્યો કે-'મારા નિમિત્તે એ લોકો અતિભયંકર મિથ્યાત્વ પામશે, માટે હવે અહીં સ્થિતિ કરવી તે કોઇ રીતે યુકત નથી. એમ ધારી વર્ષાકાલ વિદ્યમાન છતાં પ્રભુ તે સ્થાનથી ચાલતા થયા; કારણ કે મહાપુરૂષો પર-પીડાના ટાળક હોય છે, માટે આ દષ્ટાંતથી અન્ય જનોએ પણ પરપીડા ટાળવાનો યથાશકિત યત્ન કરવો એ સદ્ધર્મનો સાર બતાવેલ છે. પછી એ વૈરાગ્યનું કારણ સમજતા પ્રભુએ આ પ્રમાણે પાંચ તીવ્ર અભિગ્રહો ધારણ કર્યા-અપ્રીતિ થાય તેવા અવગ્રહમાં ન રહેવું, નિત્ય કાયોત્સર્ગ કરવો, એક કે બે વચન બોલવા ઉપરાંત મૌન રહેવું, પાણિ-પાત્રમાં આહાર કરવો. તેમાં કેટલાક આચાર્યો એમ કહે છે કે-પ્રાપ્ત થયેલ ધર્મની પ્રરૂપણા કરવી, જેથી પ્રથમ પારણે પ્રભુએ પરપાત્રમાં ભોજન કર્યું, તે પછી છદ્મસ્થાવસ્થા સુધી પાણિપાત્રમાં આહાર કર્યો. વળી ગૃહસ્થનો વિનય ન કરવો-એ પાંચમો અભિગ્રહ. એ પ્રમાણે પાંચ અભિગ્રહ લઇ, અર્ધમાસને અંતે ત્યાંથી નીકળી, પ્રભુ **અસ્થિકગ્રામે** ગયા. હવે છે અસ્થિક ગામનું પ્રથમ **વર્ધમાન** નામ હતું, તે કેમ બદલી ગયું તેનું કારણ સાંભળો.

**કૌશાંબી** નગરીમાં અપરિમિત ધનનો સ્વામી **ધન** નામે શેઠ રહેતો. તેને સેંકડો માનતાઓ કરતાં **ધનદેવ** નામે પુત્ર થયો, જે અત્યંત પ્રિય અને વિશ્વાસનું સ્થાન થઈ પડયો, તે અનુક્રમે અનેક કુવિકલ્પરૂપ દુષ્ટ સત્ત્વોવડે ભીષણ મદનના કુસુમ-બાણ જ્યાં ઉછળી રહ્યાં છે, તૃષ્ણારૂપ મૃગ-જળના તરંગયુકત, દુર્વાર ઇંદ્રિય-પ્રચારરૂપ ચોરોવડે ભયાનક, દુસ્તર મૂઢતારૂપ મહાનદીવડે વિષમ એવા અરણ્યની જેમ રૌદ્ર તારૂણ્યને પામ્યો, તેના વશે તે વેશ્યાના ઘરમાં વસવા લાગ્યો. પ્રતિદિન જુગાર રમતો, ધનનો નાશ કરતો, વિવિધ વિલાસમાં વર્ત્તતો, દુર્લલિત-દુષ્ટ ચેષ્ટા આચરતો, નટ-નાટકાદિકના ગાયનમાં મસ્ત બનેલા લોકોને પોષતો, પોતાના કુળની મર્યાદા કે સ્વજનોનો

અપવાદ તે જરા પણ ખ્યાલમાં ન લાવતો. એમ દિવસો જતાં દ્રવ્યથી પરિપૂર્ણ નિધાનો ક્ષીણ થતાં અને કોષ્ઠાગાર શૂન્ય થઈ જતાં ધનશ્રેષ્ઠી વિચારવા લાગ્યો કે-'અહો! આજ પર્યંત પૂર્વ-પુરૂષોની પરંપરાએ પ્રાપ્ત થએલ અને તે અસંખ્ય છતાં હવે મારૂં ધન લગભગ ખલાસ થવા આવ્યું છે, માટે પુત્રની ઉપેક્ષા કરવી તે યુક્ત નથી એમ નિશ્ચય કરીને તેણે ધનદેવને એકાંતમાં કહ્યું કે-

'હે પુત્ર! તારા જેવાના ભોગોપભોગાદિના નિમિત્તે જ અમારે અર્થોપાર્જન કરવાનું છે, એ કરતાં અન્ય વિશિષ્ટ સ્થાન નથી; છતાં અત્યારે હું જરાથી જર્જરિત થયેલ હોવાથી ચાલવામાત્રમાં પણ અસમર્થ થયો છું, અધિક બોલવામાં અશકત અને કળા-કૌશલમાં કાયર બન્યો છું; માટે હે વત્સ! આ બધો કુટંબભાર અને ધર્મવ્યવહાર તારે ચલાવવાનો છે અને તે અર્થ-દ્રવ્ય વિના એક મુહૂર્ત્ત પણ ચલાવી ન શકાય. અર્થ એ પ્રવર પુરૂષાર્થ છે, કારણ કે-ગુણી મુનિજનરૂપ ક્ષેત્રમાં નાખેલ અર્થવડે વિના પ્રયાસે શુભ ફળવડે લચી રહેલ સદ્ધર્મરૂપ શસ્ય-ધાન્ય નિષ્પન્ન થાય છે. હે વત્સ! શું તે નથી સાંભળ્યું કે જેમણે જિનેશ્વરોને પ્રથમ ભિક્ષા આપી, તેમાં કેટલાક ભવ્યાત્માઓ તો તે જ ભવમાં શિવપદને પામ્યા, કેટલાક ધીરજનો દેવતાનાં દિવ્ય સુખો ભોગવી શુભ સ્થાને વાપરેલ તથાવિધ અર્થના સામર્થ્યથી ત્રીજે ભવે સિદ્ધ થયા. વળી અર્થ વડે કૌમુદી અને મૃગાંક સમાન મુખવાળી માનિનીઓ સત્વર અંજલિ જોડીને આધીન રહે છે. નિંદનીય કુળમાં ઉત્પન્ન થયા છતાં અને બધી કળાથી વર્જિત છતાં ધનવડે પુરૂષ, ગુરૂ અને દેવતાની જેમ લોકમાં સલાહ લેવા લાયક બને છે. તેમજ જે શૂરવીરો સમરાંગણમાં તત્પર હોય છે, માનવડે જેઓ મેરૂ સરખા, ભવ્ય કાવ્ય-બંધથી જેઓ લોકમાં પરમ યશ પામે છે અને રૂપમદથી જેઓ કામદેવને હસી કહાડે છે તેવા પુરૂષો પણ ધનવંત જનોની સેવા સ્વીકારે છે. હે પુત્ર! અન્ય તો દૂર રહો પરંતુ પોતાની ગૃહિણી પણ ધનહીન ધણીનો આદર કરતી નથી, કે જેથી સકલ-કલાવાન પણ શરમાય છે. ચિરકાલ જેમને વખાણ્યા છતાં સાથે લાંબો વખત રમ્યા છતાં, તથા સદા ઉપકાર કર્યા છતાં મિત્રો પણ ગૌહત્યા કરનારની જેમ ધન રહિત જનને તજી દે છે. હે પુત્ર! વધારે શું કહું? ભારે દારિદ્રથી દીન બનેલ મનુષ્યનો વિનાશ કરતાં સર્વ શક્તિમાન કૃતાંતને પણ આલસ્ય થાય છે. એ પ્રમાણે સર્વ ગુણના આધાન-આધારરૂપ સધનત્વ અને નિર્ધનત્વ-દૌર્ગત્યને સ્વબુદ્ધિથી જાણી યોગ્ય લાગે તેમ કર. હે ભદ્ર! જો દ્રવ્યોપાર્જન કરવા વ્યવસાય કરવો હોય, તો અદ્યાપિ હજી અવસર છે, કારણ

કે કંઇક ધન બાકી છે. જો તે સર્વ વિનષ્ટ થઇ જશે, તો તને કોઇ અગ્નિ પણ આપશે નહી, એટલે વ્યવહાર ચલાવવા આજીવિકાયોગ્ય ભંડોળની તો વાત જ શી કરવી ?' એમ સાંભળતાં ધનદેવ બોલ્યો કે-'હે તાત ! જો એમ છે, તો તમે આટલો વખત મારી ઉપેક્ષા કેમ કરી ? શું મેં કદિ તમારા વચનની અવગણના કરી છે ? અનુચિત પ્રતિપત્તિ કદિ બતાવી છે ? રોષ લાવી તાડન કરતાં પણ તમે કોઇવાર મારા મુખ પર ક્રોધનો અંશ જોયો છે ? કે ઘરનું સર્વસ્વ વિનષ્ટ થઇ જતાં પણ તમે મને શિખામણ ન આપી. અથવા તો ગત વ્યતિકરનો શોક કરવાથી પણ શું ? હવે તમે મારા પર પ્રસાદ લાવી આદેશ આપો કે દુષ્ટ મહિલાની જેમ દૂર ચાલી ગએલ લક્ષ્મીને પણ ખેંચી લાવું, એટલે તમે લાંબો વખત આનંદમાં મ્હાલો. આ તે શું માત્ર છે ?' ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું કે—" હે પુત્ર ! હું કયાં તારૂં કળા-કૌશલ જાણતો નથી ? કયાં સ્વાભાવિક ભુજબળની મને કયાં ખબર નથી ? અંગીકાર કરેલ કાર્ય-ભારમાં તારા ઉત્સાહથી કયાં હું અજાણ્યો છું ? તારો મહાન ચિત્તાવષ્ટંભ પણ જાણું છું, અને એટલા માટે જ આટલા દિવસ મેં તને કાંઇ કહ્યું નહિ. હે વત્સ ! વિષમ દશામાં પડ્યા છતાં તારા પરાક્રમને શું અસાધ્ય છે ? માટે હવે ઉદ્યમ બરાબર ચલાવ અને પ્રણયી જનના મનોરથ પૂર્ણ કર. દુર્જનના દુષ્ટ વિચારને દળી નાખ, દીન જનોનો ઉદ્ધાર કર અને શશિ સમાન નિર્મળ સ્વકુળને ખ્યાતિમાં લાવ." ધનદેવ બોલ્યો-'હે તાત ! પુનરૂક્ત વચનનો વિસ્તાર કરવાથી શું ? તમે સત્વર સાર્થ અને માર્ગનાં સર્વ સાધન તૈયાર કરાવો.' એમ કહેતા તેનો નિશ્ચય જાણીને શ્રેષ્ઠીએ પોતાના પુરૂષોને બોલાવી કહ્યું કે-'અરે ! તમે શંબલાદિ સહિત માર્ગની બધી સામગ્રી સજ્જ કરો. મહાકિંમતી વિવિધ કરીયાણા ભરીને શકટ-સમૂહ તૈયાર રાખો, મજબૂત સ્કંધવાળા બલિષ્ટ બળદો લાવો, કિંકર જનોને કામે લગાડો, આયુધો સહિત સુભટોને બોલાવો.' એટલે 'જેવી સ્વામીની આજ્ઞા' એમ આદેશ સ્વીકારીને તે પુરૂષો ચાલ્યા અને વિલંબ વિના તે બધું તેમણે તૈયાર કરાવ્યું તથા શ્રેષ્ઠીને નિવેદન કર્યું. પછી ધનદેવે સ્નાન-વિલેપન આચરી, કેશકલાપમાં શ્વેત પુષ્પો બાંધી, ધવલ વસ્ત્ર પહેરી, દેવ-ગુરૂને નમસ્કાર કરી, માતપિતા તથા સ્વજન-વર્ગની અનુજ્ઞા લઇ, ગણિમ[1], ધરિમ[2], પરિમેય[3] અને પરિચ્છેદ્ય[4] એ ચાર પ્રકારના કરીયાણાથી પૂર્ણ પાંચસો શકટના સાર્થ સહિત તેણે શુભ મુહૂર્તે દૂર દેશ પ્રત્યે પ્રયાણ કર્યું. ત્યાં

૧ ગણીને વેચાય તેવી વસ્તુ. ૨ જોખીને વેચવા લાયક. ૩. માપીને વેચવા લાયક ૪. પરિચ્છેદ-નિર્ણય કરીને વેચવા લાયક વસ્તુ.

માર્ગમાં અપૂર્વ અપૂર્વ સંનિવેશ-ગામડાં જોતાં, અન્ય અન્ય કરીયાણા ખરીદતાં અને વેચતાં, દેશાંતરના સમાચાર પૂછતાં, વિચિત્ર ભાષાઓને જાણતાં અને દીન કે દુઃસ્થિતને દાન આપતા તે બહુ જ લાંબે પંથે નીકળી ગયો. એમ અનુક્રમે વૃષભોના કંઠે લટકતી અને રણઝણાટ કરતી ઘંટડીઓના અવાજથી ઈતર શબ્દ-વ્યવહાર નિરોધ પામતાં અને અનેક સ્હાયક જનોએ ગાડીઓ ચલાવતાં તે **વર્ધમાનક** ગામની સમીપે પહોંચ્યો. ત્યાં વચમાં સમ, નીચા, ઉંચા, ઉંડા ખાડાને લીધે પ્રવેશ કરવો વિષમ હોવાથી સૂક્ષ્મ વેળુથી ભરેલા અને ઉંચા ઢગવાળા વિશાળ કાંઠા તથા પાણી અલ્પ છતાં ભારે કાદવથી પૂર્ણ એવી **વેગવતી** નામે નદી આવી. તેમાં ગાડીઓ ચાલી અને તેમની બંને બાજુ પવનરોધી સુશ્રમણની જેમ વૃષભોને મુખમાં પકડીને ચલાવતા તથા કોદાળી પ્રમુખવડે પૈડાંને હડસેલી મહાકષ્ટે આગળ ધકેલતાં બહુ મહેનતે તે ગાડીઓને સારથિ લોકોએ અર્ધમાર્ગે પહોંચાડી, એટલે આગળ નદી બહુ વિષમ હોવાથી, દૂર પથથી આવતાં બળદો થાકી જવાથી તથા ગાડીઓ અતિભારથી ભરેલ હોવાથી સારથીઓ થાકી ગયા, ચાબુકના ઘાતને ન ગણકારતા વૃષભો જમીન પર પડ્યા, ધનદેવ ભારે ખેદ પામ્યો અને પરિજનો બધા આકુળ-વ્યાકુળ થવા લાગ્યા. હવે તે સાર્થમાં એક વૃષભ કે જે બધા વૃષભોમાં મુખ્ય, સત્પુરુષની જેમ લીલામાત્રથી મહાભારને ઉપાડનાર તથા વિષમ પ્રદેશથકી પાર ઉતારવાને સમર્થ હતો એટલે તેને તથાપ્રકારની વિષમ અવસ્થામાં આવી પડેલ ધનદેવે યાદ કર્યો અને પુષ્પના પૂજનપૂર્વક સત્કારીને તેને ગાડીમાં જોતર્યો, કે તત્કાળ કંઈપણ સ્ખલના પામ્યા વિના નિષ્કપટ સામર્થ્યથી તે ભારથી ભરેલ ગાડીને લીલામાત્રથી ખેંચીને નદીના પર કાંઠે પહોંચ્યો. એમ તેણે પાંચસો ગાડીઓ વિષમ પ્રદેશમાંથી ઉતારી પાર કરી કારણ કે એક તરફ તે વૃષભ અને બીજી બાજુ બધાં બળદો થયા એટલે ગાડીઓ બધી પાર ઉતરી. સદ્ભાવને શું અસાધ્ય હોઈ શકે ? પરંતુ અતિદુર્ધર ભાર ખેંચવાથી તે બળદનું હૃદય તડતડાટ કરતું તૂટી પડ્યું તથા મુખમાંથી રૂધિર વમતો તે ધબાક થઈને ધરણી પર પડી ગયો. એમ તેને તેવી વિષમ દશાને પામેલ જોઈ બીજા બધાં કામ તજી, ભારે શોક કરતા ધનદેવે વૈદ્યોને બોલાવ્યા, તેની ચિકિત્સા કરાવી અને પોતે પાસે રહેતાં એક બંધુ અને મિત્રની જેમ જાગવા લાગ્યો. એવામાં એક દિવસે તેને પરિજને કહ્યું કે-' હે સાર્થવાહ ! એક બળદની ખાતર અન્ય કાર્યોની શા માટે ઉપેક્ષા કરો છો ? શું તું જાણતો નથી કે વણિક્પુત્રો સીદાય છે કરિયાણાંનો નાશ થાય છે, ઘણા દિવસો નકામાં જાય છે. ? અને હવે તો વર્ષાકાલ પણ બહુ નજીક છે. ધનદેવ બોલ્યો-' તમે કહો છો તે

બરાબર છે, પરંતુ પરમ મિત્રની જેમ સદ્ભાવશાળી આ બિચારાને હું મૂકી શકતો નથી.' ત્યારે પરિજને કહ્યું કે-'અહીં શું ઉચિત છે, તે તમે જાણો.' પછી તે વૃષભનો પરિહાર કરવામાં કાયર છતાં ધનદેવે વર્ધમાનક ગામના પ્રધાન પુરૂષોને બોલાવ્યા. તેમને શુભ આસન પર બેસારી, તાંબૂલાદિકથી સત્કાર કરી, પ્રેમપૂર્વક વૃષભ સમક્ષ તેમને જણાવ્યું કે આ મારો પ્રવર વૃષભ આવી દુષ્ટ અવસ્થાને પામ્યો છે, તો તમે આ સો રૂપીયાથી એના ઔષધ અને ચારા-પાણીની બરાબર કાળજી રાખજો. આ મારી એક થાપણની જેમ હું તમને સોંપુ છું માટે કંઇ પણ વિપરીત ન કરશો.' એમ ગામના મુખીજનોને ભળાવી વૃષભની આગળ સ્નેહપૂર્વક બહુ ચારો-પાણી મૂકાવી, તેને ખમાવીને ધનદેવ સાર્થવાહ પોતાના અભીષ્ટ સ્થાને ગયો. ત્યાં ગાઢ વેદનાથી વ્યાકુલ બની જેઠ માસના સૂર્ય તાપથી સંતપ્ત થતાં ગ્રીષ્મની ઉષ્ણતાથી તપેલ મહીતલ પર દેહે દાઝતાં અને વિષમ-વિરસ શબ્દ કરતાં તે દિવસો ગાળવા લાગ્યો. વળી પેલા તૃણાદિક હતાં તે બીજાં જાનવરો ખાઇ ગયા એટલે ચારા-પાણી વિના તથા ગાઢ વ્યાધિથી પીડા પામતા અત્યંત દીનતાથી ચોતરફ અવલોકન કરતાં તૃણ-પાણી હાથમાં લઇ, ત્યાંથી નીકળતા લોકોને જોતાં તે ચિંતવતો કે-'ખરેખર! આ લોકો મારા નિમિત્તે તૃણાદિ લાવે છે.' એવામાં લોકો તેને મૂકીને પોતપોતાના કાર્યોમાં પ્રવર્ત્તતા. એમ પ્રતિદિન તેવું જોતાં તે વૃષભ છેવટે નિરાશ થતો. વખત જતાં તે ચર્મ અને અસ્થિ-હાડકાંના પંજરરૂપ બનતાં વિચારવા લાગ્યો કે-"અહો! આ ગ્રામ્ય જનો મહાપાપિષ્ટ, વજ્રની ગાંઠ જેવા નિષ્ઠુર મનવાળા, દયાહીન, ચંડાલ જેવા, પોતાની પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ અને કલિકાલરૂપ કાદવથી કલુષિત લાગે છે કે આમ દુ:ખ પામતા મને કરૂણાથી તૃણાદિ આપવાનું તો દૂર રહો, પરંતુ તે વખતે ધનદેવ સાર્થવાહે મારી સમક્ષ ચારા-પાણી માટે જે આપ્યું હતું, તે પચાવી બેઠા" એ પ્રમાણે પ્રતિદિન દ્વેષ ધરતાં અકામ તૃષ્ણા, અકામ ક્ષુધા, તીવ્ર વેદનાથી ભારે વ્યાકુળ થતાં, મહાનગરના દાહમાં જાણે પડયો હોય તેમ દેહ-દાહથી અતિસંતપ્ત થઇ મરણ પામી તે જ ગામની પાસેના ઉદ્યાનમાં **શૂલપાણિ** નામે વાણવ્યંતર થયો અને ત્યાં ઉત્પન્ન થતા તથા વિધદેવ-ઋદ્ધિ જોઇને તે વિચારવા લાગ્યો કે-'અહો! પૂર્વ ભવે મેં શું દાન આપ્યું હશે? શું તપ આચર્યું હશે? કોનો ઉપકાર કર્યો હશે? અથવા કયો ધર્મ બરાબર આરાધ્યો હશે? કે કયાં સુતીર્થમાં દેહત્યાગ કર્યો હશે?"-એમ ચિંતવતાં અવધિ જ્ઞાનનાં ઉપયોગે તે અત્યંત વિકરાળ વૃષભનું શરીર તેના જોવામાં આવ્યું. એટલે મહાકોપાનળ ઉછળ્યો, અવિવેક ઉદય પામ્યો અને અકાર્ય કરવાનો

ઇરાદો તેને ઉત્પન્ન થયો. તરતજ તેણે ધાર્યું કે-'આ દુરાચારી પોતાના પાપરૂપ વૃક્ષનું ફળ ભલે જુવે' એમ ચિંતવી, બધા ગ્રામ્યજનોમાં તેણે મરકી વિકુર્વી, તેના પ્રભાવે નિરંતર ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ-એવા ઘણા લોકો મરવા લાગ્યા અને પ્રતિદિન આક્રંદ-શબ્દો આ પ્રમાણે થવા લાગ્યા.

"હા ! નાથ ! પ્રાણવલ્લભ ! તમે કયાં ગયા ? મને જવાબ તો આપો ! હા ! હા ! નિર્દય કૃતાંત ! તેં એકદમ આવું કેમ કર્યું ? હા ! વત્સ ! ઉત્સંગમાં બેઠે બેઠે તું મરણ કેમ પામ્યો ? અહા ! મંદભાગી મને વૃથા કલેશ થઇ પડયો. હા ! જનની ! તેં મહાકષ્ટે નિર્લક્ષણ છતાં મારૂં પાલન કર્યું અને અત્યારે કંઇ પણ અપરાધ ન હોવા છતાં મને કેમ બોલાવતી નથી ? હા ! બંધુવત્સલ ભ્રાતા ! ભગિની ! તમે સાચા પ્રેમી છતાં દુઃખિત એવા મને તજીને એકી સાથે કેમ ચાલ્યા ગયા ? હા ! વત્સે ! બહુ દ્રવ્ય ખરચીને તને મહામહેનતે પરણાવી; છતાં આવી અવસ્થા પામી. હા ! મારી આશા વૃથા થઈ, હા ! યક્ષ, બ્રહ્મા, હરિ, સૂર્ય, બુદ્ધ, જિન, સ્કંદ, રૂદ્ર પ્રમુખ હે દેવો ! તમને પૂજ્યા છતાં અત્યારે કેમ અમારી ઉપેક્ષા કરો છો ? માટે રક્ષા કરો."

એ રીતે નિરંતર ત્રિક, ચચ્ચરોમાં રૂદન કરતા અને અન્ય કાર્યને તજી લોકો દુઃખથી દિવસો ગાળવા લાગ્યા. એમ પ્રલય-કાળની જેમ રોગો, દોષો, પ્રિયવિરહનાં દુઃખો કે હૃદય-સંઘટ્ટવડે અનેક લોકો મરણ પામતાં, પ્રવર ભવનો શૂન્ય થઇ જતાં, અતિમોટાં કુળો વિચ્છેદ પામતાં અને ગામની શેરીઓ ઘણાં મૃતક-મુડદાંથી સંકીર્ણ થતાં શેષ લોકો ભયભીત બની પોતાના જીવિતની રક્ષા નિમિત્તે રક્ષા-વલય આળેખાવતા, દિવ્ય ઔષધીઓ હાથમાં બાંધતા, મહાગ્રહોની પૂજા કરતા, પિતૃઓને પિંડ-દાન આચરતા વિવિધ મંત્રો જપાવતા, પાસે રહેલ દિવ્ય મણિઓ બાંધતા, હોમ વિધિ કરાવતા, પ્રવીણ જ્યોતિષીઓને પૂછતા, ગૃહદેવતાઓના ન્હવણ બલિ-પૂજા પ્રમુખના મહોત્સવો શરૂ કરાવતા, તેમજ અન્ય પણ જે કાંઇ અનુષ્ઠાન કોઇ બતાવતા, તે સર્વ તથા-વિધ તેઓ આચરવા લાગ્યા, તથાપિ અવતીર્ણ થયેલ મહાજ્વર, પ્રથમ ક્ષુધાથી આકુળ થયેલ પંચાનન-સિંહ કે નિકાચિત કર્મસંચયની જેમ તે શુલ-પાણિ વ્યંતર લેશ પણ શાંત ન થયો. એટલે મરકી શાંત ન થતી જોઇ, ગામના લોકો ધન, કનકાદિકથી સમૃદ્ધ અને ગાય, ભેંસ, અશ્વાદિકથી પૂર્ણ એવાં ઘરો મૂકી, પોતાના જીવિત સાથે કુટુંબીજનોને લઇ, અન્ય અન્ય

ગામોમાં ચાલ્યા ગયા. ત્યાં પણ મહાશત્રુની જેમ તે ગામવાસી લોકોને વ્યંતર પરાભવ પમાડવા લાગ્યો. આથી એકદા તેમણે વિચાર કર્યો કે-' ત્યાં અમોએ કોઈ દેવ, દાનવ, ક્ષેત્રપાત્ર, યક્ષ કે રાક્ષસ વિરાધ્યો હોય તેવું કાંઈ લાગતું નથી, છતાં હવે ત્યાં જઈને જ કંઈ આરાધના કરીએ.' એમ ધારીને તેઓ પાછા તે જ ગામમાં આવ્યા. ત્યાં તેમણે બલિ, પુષ્પ, ધૂપાદિકની સામગ્રી તૈયાર કરી. પછી સ્નાનપૂર્વક શ્વેત વસ્ત્રનું ઉત્તરાસંગ કરી, લટકતા કેશ છૂટા મૂકી, બધા સાથે મળીને, ત્રિક, ચતુષ્ક અને ચચ્ચર કે જ્યાં ભૂતાલયો જીર્ણ થઈ ગયાં હતાં, તેમ જ ઉદ્યાનોમાં રૂદ્ર, સ્કંદાદિકના મંદિરોમાં બલિ અને પુષ્પો મૂકતાં, ઊર્ધ્વમુખે અંજલિ જોડીને તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા કે –' અંતરિક્ષમાં રહેલા, દિવ્ય અતિશયયુક્ત એવા હે દેવ, અસુર, યક્ષ, રાક્ષસ અને કિંપુરૂષો! તમે આ અમારી વિનંતી સાંભળો. ઐશ્વર્ય, મદ, અજ્ઞાન કે અવિનયવડે તમારો જે કાંઈ અપરાધ થયો હોય, તે બધું અમારૂં ક્ષમા કરો, કારણ કે તમારા જેવા દેવતાઓ, મોટો અપરાધ થયો હોય છતાં નમ્ર થઈને શબ્દોચ્ચારપૂર્વક ખમાવવાને તૈયાર થયેલા પ્રાણીઓ પર ક્ષમા કરે છે. તમારા કોપનું ફળ તો અમે જોયું. હવે પ્રસાદનું ફળ જોવા માગીએ છીએ.' એમ તેમણે કહેતાં તે દેવ આકાશમાં રહેતો કહેવા લાગ્યો કે-' હે દુરાચાર! હે ધૃષ્ટ! હે શિષ્ટ જનની શિક્ષાની અવગણના કરનારા, લોભરૂપ મહાગ્રહથી મુંજાયેલા! હવે મને ખમાવો છો, પણ હે પાપાત્માઓ! તે વખતે યાદ નથી કે ક્ષુધાદિકથી બાધા પામતા તે વૃષભની, તૃણ-જલાદિ આપવાવડે પણ તમે અનુકંપા ન કરી. તમારા સ્વજનો મરણ પામતાં તમે ભારે સંતાપ પામો છો અને ચારા-પાણી વિના તે વૃષભ મરી જતાં તમને અલ્પમાત્ર પણ શોક નથી, તો હવે તમારૂં બોલવું વૃથા છે. દૂર જતાં પણ તમારો છૂટકારો નથી. દુઃખના કારણરૂપ ખલ-વિષવેલડીને તો હું મૂળથી જ છેદી નાખવા માગું છું.'

એ પ્રમાણે તેનાં વચનો સાંભળતાં, ભયથી શરીરે કંપતા, ધૂપધાની હાથમાં લઈ, સુગંધી પુષ્પો ઉછાળતા, **જય, જીવ, નંદ** પ્રમુખ કોમળ વચનોથી સ્તુતિ કરતા તેઓ અષ્ટાંગે નમસ્કાર કરીને કહેવા લાગ્યા કે-' હે દેવ! અમે અપરાધ કર્યો એ સાચી વાત છે. અહીં તમારો કાંઈ દોષ નથી, તથાપિ હવે તમે પ્રસાદ લાવી, આ દોષના નિર્ઘાતન નિમિત્તે પ્રાયશ્ચિત્ત બતાવો, કારણ કે કાર્ય વિનષ્ટ થતાં અતીત બાબતનું સ્મરણ કરવું વૃથા છે. વધારે તો શું કહીએ? પણ આ અમારૂં શિર તમારા ચરણમાં મૂક્યું છે,

તો શરણાગતને જે કંઇ કરવાનું હોય તે કરો.' એમ કહી, અર્ધ્ય આપવા પૂર્વક તેઓ પુનઃ તેના પગે પડ્યા. આ તેમના કથનથી શૂલપાણિ વ્યંતર કંઇક શાંત થઇને કહેવા લાગ્યો કે–'જો એમ હોય, તો આ મૃત માણસોનાં હાડકાં એકત્ર કરી, તેના પર રણઝણાટ કરતી કિંકિણી તથા ધ્વજ પટથી મનોહર એવું પ્રવર મંદિર બનાવો અને તેમાં વૃષભ સહિત યક્ષ–પ્રતિમા સ્થાપન કરો, તેમજ પ્રતિદિન બલિ પુષ્પાદિથી તેની અર્ચા કરો. એમ કરવાથી તમને જીવતા મૂકીશ. આ સિવાય બીજો ઉપાય નથી.' એટલે 'જેવી દેવની આજ્ઞા' એમ વિનયથી તેની આજ્ઞા માથે ચડાવી તેના કહ્યા પ્રમાણે ગામની નજીકમાં તેવું એક મંદિર કરાવ્યું અને તેમાં **ઇંદ્રશર્મા** નામે પૂજારી રાખ્યો તથા ત્યાં ત્રણ કાળ આદરપૂર્વક પ્રેક્ષણક–નાટક કરવામાં આવતું. એમ અનેક મનુષ્યના અસ્થિનો સંચય પુરવામાં આવેલ હોવાથી જતા–આવતા પથિકો તથા અન્ય ગામોના લોકોના પુછતાં તેનું **અસ્થિગ્રામ** એવું નામ ચાલુ થયું, અને સર્વત્ર પ્રસિદ્ધ પામ્યું એ કારણથી તે **અસ્થિગ્રામ** કહેવાયું.

હવે તે વાણવ્યંતરના મંદિરમાં, માર્ગના પરિશ્રમથી બાધા પામેલા પથિક, ભિક્ષુક કે કાર્પટિક રાત્રે ત્યાં રહેતા તેમની પીઠપર આરૂઢ થઇને શૂલપાણિ તેમને એક પગલું પણ આગળ ન ચાલી શકે તેટલો વખત ચલાવતો અને છેવટે કિલકિલ શબ્દ કરતાં તે કેટલાકને દડાની જેમ આકાશમાં ઉછાળી નીચે પડતાં તેમને તીક્ષ્ણ ખડગવડે છેદી નાખતો, કેટલાકને પગે પકડીને વસ્ત્રની જેમ શિલાતલ પર પછાડતો, કેટલાકને ઘંટની જેમ દ્વારના તોરણે લટકાવતો અને કેટલાકને ખંડખંડ કરી સર્વ દિશામાં બલિની જેમ તે નાખી દેતો. એમ ભારે યાતના પમાડી તે પથિક જનોનો વિનાશ કરતો. તેના ભયને લીધે ગામના લોકો દિવસે ત્યાં રહી રાત પહેલાં પોતાના ઘરે ચાલ્યા જતા તેમ ઇંદ્રશર્મા પૂજારી પણ ધૂપ, પ્રદીપ અને પૂજા કરીને દિવસ આથમ્યા પહેલાં નીકળી જતો.

એમ વખત જતાં એકદા ભગવાન્ શ્રી વર્ધમાનસ્વામી તાપસ–આશ્રમમાંથી આવતાં તે વ્યંતરને પ્રતિબોધ પમાડવાની ઇચ્છાથી તેમણે પૂજારીને કહ્યું કે–'અહો ! અહીં યક્ષગૃહમાં અમે રહીએ ?' તે બોલ્યો–'ગામ જાણે !' એવામાં ત્યાં એકઠા થયેલા ગામજનોને ભગવન્તે ત્યાં વાસ કરવા નિમિત્તે પૂછયું. એટલે અત્યંત સૌમ્ય અને રૂપ વિશિષ્ટ ભગવંતને જોઇ લોકોએ પણ જણાવ્યું કે—'હે દેવાર્ય ! તમે અહીં રહી શકશો નહિ. ગામમાં

ચાલો અને ત્યાં તમારી ઇચ્છા પ્રમાણે અમારા ઘરે વાસ-સ્થાન લ્યો.' ત્યારે પ્રભુ પણ ગામમાં ન રહેવાની ઇચ્છાથી બોલ્યા-'તમે અહીં રહેવાની અનુજ્ઞા આપો.' લોકોએ કહ્યું-'જો એમ હોય તો ભલે અહીં રહો.' પછી ભગવંત એક ખૂણે જઇને પ્રતિમાએ સ્થિર રહ્યા. એવામાં દિવાકર પશ્ચિમ પર્વતના શિખરે પહોંચતા ધૂપ કરી, કાપાટક અને ભિક્ષુકોને બહાર કહાડી, તે પૂજારી વિભુને પણ કહેવા લાગ્યો કે-'હે દેવાર્ય! તમે પણ બહાર નીકળો કે જેથી આ યક્ષના હાથે તમે માર્યા ન જાઓ.' એટલે જાણે સાંભળ્યું ન હોય તેમ સ્વામી તો મૌનપણે જ ઉભા રહ્યા. એમ પૂજારીએ વારંવાર કહ્યા છતાં જ્યારે ભગવંતે કાંઇ જવાબ ન આપ્યો ત્યારે વ્યંતરદેવ વિચારવા લાગ્યો કે 'અહો! આ કોઇ વિચિત્ર વ્યક્તિ લાગે છે કે પૂજારી અને ગામ-જનોએ કહ્યા છતાં આ સ્થાનથી જતો નથી તો આજે હું જે કરીશ તે એ પણ જોઇ લેશે. ઘણા દિવસે નશીબયોગે એ હાથ ચડ્યો છે' એવામાં સૂર્ય અસ્ત થયો, સંધ્યા થઈ, પૂજારી સ્વસ્થાને ગયો અને સ્વામી કાયોત્સર્ગે રહ્યા.

ત્યાં ધ્યાનસ્થ પ્રભુને ભય પમાડવા પ્રલયકાળના ઘોર ઘનઘોષ સમાન, લોકોને ત્રાસ ઉપજાવનાર, મહાભીમ, ચોતરફ પ્રસરી રહેલ અને ઉછળતા ભારે પ્રતિનાદવડે વિસ્તૃત એવું અસાધારણ તેણે અટ્ટહાસ્ય કર્યું કે જે શબ્દ સાંભળતાં ગામના લોકો પણ ભયભ્રાંત થઇ પરસ્પર કહેવા લાગ્યા કે-'અહો! એ મહાનુભાવ દેવાર્યને યક્ષ મારે છે.'

હવે ત્યાં ઉત્પલ નામે પરિવ્રાજક કે જેણે શ્રીપાર્શ્વનાથના તીર્થમાં પૂર્વે દીક્ષા લીધી હતી, તેમજ ભૂમિ, ઉત્પાદ, સ્વપ્ન, અંતરિક્ષ, અંગ કે સ્વરના લક્ષણ, વ્યંજન, અષ્ટાંગ મહાનિમિત્ત-શાસ્ત્રના પરમાર્થને જે જાણતો, તેણે લોકોના મુખથી સાંભળ્યું કે-'આવા લક્ષણશાળી દેવાર્ય, યક્ષના હાથે માર્યા જશે.' એમ સાંભળતાં 'એ શ્રમણ થએલ તીર્થંકર મહાવીર તો નહિ હોય' એવી મનમાં શંકા આવતાં, વ્યંતરગૃહમાં તેના ભયને લીધે જવાને અસમર્થ હોવાથી તે ભારે આકુળ થવા લાગ્યા.

એવામાં અટ્ટહાસ્યથી જ્યારે ભગવાન્ ભય ન પામ્યા ત્યારે તેણે આવું ભયંકર પિશાચનું રૂપ વિકુર્વ્યું કે જેના અતિકપિલ, સ્થૂલ અને લાંબા કેશ-વડે ગગનતલ આચ્છાદિત ભાસતું, અતિપાકેલ અને શુષ્ક તુંબડા સમાન જેનું બીભત્સ મુખ હતું, દિગ્ગજના અંકુશ સમાન બહાર નીકળી આવેલા જેના

કલુષિત દાંત હતા, ચિપટી અને ઘોર નાસિકાના પવનવડે જેના કપિલ મુખ-રોમ કંપતા હતા, લટકતા કર્કશ ચર્મવડે મઢેલ જેનો વક્ષસ્થળના અસ્થિ-સમૂહ હતો, ઘટની પાછળના કર્પર સમાન જેનું જીર્ણ જઠરતલ હતું, તાલવૃક્ષ સમાન દીર્ઘ, નિર્માંસ અને સ્નાયુથી જડેલ જેની બંને જંઘા હતી, દરેક ભાગે લટકતા સર્પોને જે નચાવતો, અતિવેગથી મૂકેલ ચરણ–ન્યાસવડે પર્વત અને પૃથ્વીપીઠને જેણે કંપાવેલ છે, કક્ષા–કાખમાં પકડેલ મૃતકનું માંસ ખાવામાં જે આસક્ત છે, અતિકુટીલ કાતરવતી કાપેલ પ્રાણીના નીકળતા રૂધિરને પીવામાં તત્પર, પ્રચંડ ભુજા ઉછાળનાર તથા જાણે સાક્ષાત્ પાપસમૂહ હોય એવા તે પિશાચના રૂપ જોતાં પણ ભગવંત એક મચ્છરની જેમ તેને અવગણીને ધર્મ-ધ્યાનમાં લીન થયા. એટલે ઉપયોગ કરતાં તે શૂલપાણિએ જિનેંદ્રને પ્રવર સત્ત્વવાન્, નિર્ભય અને મેરૂની જેમ નિષ્કંપ જોયા. પછી ફરીથી તેમને ભય પમાડવા તે મહાપાપીએ, ભાલાના અગ્રભાગ સમાન તીક્ષ્ણ અને ભીષણ વિષ-યુક્ત ઉગ્ર દાઢા સહિત, ઘણા રોષવડે વિષમિશ્ર અગ્નિ–જ્વાળાને કહાડનાર, બહાર કહાડેલા ફુત્કારના પવનવડે વૃક્ષસમૂહને ભાંગનાર, વિસ્તારેલ ઉત્કટ ફણા સમૂહથી દિશાઓને પ્રતિરોધ પમાડનાર, મણિકિરણના સંચયથી મોટા દાવાનળની શંકા ઉપજાવનાર, જાણે કલિકાલનો પ્રથમ મિત્ર હોય, જાણે તીવ્ર પાપનો સમૂહ હોય, સાક્ષાત્ જાણે યમપાશ હોય અથવા જાણે મહી–મહિલાનો વેણીદંડ હોય એવો એક મોટો સર્પ તેણે વિકુર્વ્યો, ત્યાં દોરડીવડે સ્તંભની જેમ તરત આવીને પોતાના દેહવડે સ્વામીના શરીરે તે ગાઢ રીતે વીંટાઇ ગયો. પછી પુચ્છ–છટા પ્રભુને તે સ્વચ્છંદે તાડન કરવા લાગ્યો. તીક્ષ્ણ દાંતથી ડંખ મારતો અને કંઠે સખ્ત વીંટાતાં સ્વામીના શ્વાસોશ્વાસને એકદમ બાધા પમાડવા લાગ્યો. એમ અટ્ટહાસ્ય, ભીષણ પિશાચ અને મહાસર્પથી ઉપસર્ગ કરતાં પણ ભગવંતને અક્ષુબ્ધ જાણી તે ભારે કોપાયમાન થયો, અને સમસ્ત રાત્રી પર્યંત અત્યંત રૌદ્ર અને દુઃસહ એવી સાત પ્રકારની તેણે વિભુને આ પ્રમાણે વેદના ઉપ-જાવી. શિરોવેદના, શ્રવણવેદના, નેત્રવેદના, દંતવેદના, નખવેદના, નાસાવેદના અને પૃષ્ટવેદના એમાંની એક એક વેદનાથી પણ સામાન્ય જનનું જીવિત ચાલ્યું જાય તો એકી સાથે પ્રગટ થએલ અને જેનું સ્વરૂપ મુખથી કહી ન શકાય એવી સાતે વેદનાઓની તો વાત જ શી કરવી? પરંતુ ભગવંતે તે બધી સમતાથી સહન કરી. એમ તે વાણવ્યંતર જ્યારે ભગવંતને બીવરાવી કે ક્ષોભ પમાડી ન શક્યો ત્યારે અત્યંત થાકી જતાં 'અહો! મારો પ્રયત્ન બધો નિષ્ફળ થયો.' એમ મનમાં સંતાપ પામી, છતાં પ્રભુના ધૈર્ય–ગુણથી હૃદયમાં રંજિત થઇ,

ભારે આદરપૂર્વક ભગવંતને પગે પડીને તે કહેવા લાગ્યો કે–' હે ભગવન્! તમારા સામર્થ્યને ન જાણતા મેં તમારો જે અપરાધ કર્યો તે ક્ષમા કરો.' એવામાં પોતાના કામમાં ગુંથાયેલ છતાં તત્કાલ ઇંદ્રની ભલામણનું વચન યાદ આવતાં, પ્રભુના તીવ્ર ઉપસર્ગને જોઇ, તે સિદ્ધાર્થ દેવ તરતજ ત્યાં દોડી આવ્યો અને વાણવ્યંતરને કહેવા લાગ્યો કે–'અરે, અધમ શૂલપાણિ! અત્યંત દુષ્ટ લક્ષણવાળા, દૌર્ગત્ય અને મૃત્યુને માગનારા, વિશુદ્ધ બુદ્ધિથી વર્જિત! આ સિદ્ધાર્થ રાજાના પુત્ર, ચરમ તીર્થનાથ ભગવંતને તું જાણતો નથી કે સ્ખલના પમાડવા તૈયાર થયો છે? અરે! દુરાચારી! જો આ વ્યતિકર કોઇ રીતે ઇંદ્રના જાણવામાં આવે તો કોણ જાણે તને શું ફળ મળે?' એમ સાંભળતાં તે અત્યંત ભયભીત થઇ વારંવાર પ્રભુને ખમાવવા લાગ્યો એટલે સિદ્ધાર્થ તેને આ પ્રમાણે ધર્મદેશના આપવા લાગ્યો–' વીતરાગમાં દેવબુદ્ધિ અને સાધુમાં ગુરૂબુદ્ધિ રાખવી, તેમજ તત્ત્વાર્થની સદ્દહણા કરવી, કોઈપણ પ્રાણીને પીડા ન ઉપજાવવી, પૂર્વનાં પાપ વારંવાર નિંદવા, કારણ કે પાપ કર્મ એક વાર કરવામાં આવેલ હોય છતાં તીવ્ર દ્વેષને લીધે તેનો દુઃખ–વિપાક કોડાકોડીરૂપ થવા પામે છે; એમ સાંભળતા અનેક લોકોના ક્ષયનું સ્મરણ થતાં ભારે પશ્ચાત્તાપ લાવી, સમ્યક્ત્વ પામતાં ભવથી અત્યંત વિરક્ત બની, સમસ્ત દોષને ઉપશાંત કરવા તે શૂલ-પાણી ભગવંત પાસે ગીત, નાટક કરવા લાગ્યો એટલે ગામવાસી લોકો પણ ગીતાદિ શબ્દ સાંભળી ચિંતવવા લાગ્યા કે–' અહો! પેલો યક્ષ તે દેવાર્યને મારી અત્યારે સંતુષ્ટ થઇને સ્વચ્છંદે ક્રીડા કરે છે.'

એવામાં અહીં ભગવંતને પણ કંઈક ન્યૂન ચાર પ્રહર પરિતાપ પામવાથી લગભગ પ્રભાત થતાં એક મુહૂર્ત્ત નિદ્રા આવી ગઇ, તેમાં તેમણે આ દશ મહાસ્વપ્નો જોયાં—ઉંચે વૃદ્ધિ પામતા **તાલપિશાચ**ને મેં માર્યો. (૧) **શ્વેત પક્ષી** તથા **વિચિત્ર કોયલ** જોવામાં આવ્યાં. (૨–૩) સુગંધી પુષ્પોના ગંધવડે ઉત્કટ એવું **દામ–માળાયુગલ** જોયું. (૪) ઉપાસના કરતો **ગોવર્ગ** દીઠો. (૫) વિકસિત કમળોયુક્ત **પદ્મસરોવર** જોયું. (૬) કલ્લોલની શ્રેણિયુક્ત **સાગર**ને હું ભુજાથી તર્યો. (૭) વિસ્તૃત કિરણયુક્ત **રવિબિંબ** જોવામાં આવ્યું. (૮) પોતાના આંતરડાથી **માનુષોત્તર** પર્વતને વીંટયો. (૯) અને **મંદરાચલ**ના શિખરપર આરૂઢ થયો. (૧૦) એ દશ સ્વપ્નો જોઇને સ્વામી જાગ્રત થયા. એવામાં સૂર્યોદય થયો એટલે ગામના તમામ લોકો ધૂપ, અક્ષત અને પુષ્પો હાથમાં લઇ તથા તે **ઉત્પલ** નૈમિત્તિક ત્યાં આવ્યા,

અને દિવ્ય ગંધ, ચૂર્ણ અને પુષ્પોવડે પૂજિત તથા સાંગોપાંગ અક્ષીણ ભગવંતને જોઈ, ઉત્કૃષ્ટ સિંહનાદ કરતા તે પ્રભુના પગે પડ્યા અને પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા કે—' અહો ! દેવાર્યે યક્ષને શાંત કર્યો. તેણે આ પૂજા કરી છે.' એવામાં ઉત્પલ પણ ભગવંતને ઓળખીને ભારે સંતુષ્ટ થયો અને વંદન કરી પ્રભુના ચરણ-યુગલ પાસે તે બેસી ગયો. પછી પ્રભુએ કાયોત્સર્ગ પારતાં ફરી નમસ્કાર કરી, અષ્ટાંગ નિમિત્તના સામર્થ્યથી સ્વપ્નોનો વ્યતિકર જાણીને તે કહેવા લાગ્યો કે—' હે સ્વામિન્ ! તમે રાત્રિના અંતિમ ભાગે દશ સ્વપ્નો જોયાં, તેનું આ ફળ સમજાય છે. જે તમે મહા-ઉન્નત તાલપિશાચને માર્યો, તેથી અલ્પ કાળમાં તમે મોહનીય કર્મનો નાશ કરશો. (૧) શ્વેત પક્ષી જોવાથી તમે શુકલધ્યાનમાં લીન રહેશો. (૨) વિચિત્ર કોકિલ જોવાથી તમે દ્વાદશાંગીની પ્રરૂપણા કરશો. (૩) ગોવર્ગથી તમે જે ઉપાસના કરાયા, તેથી શ્રમણ, શ્રમણી પ્રમુખ ચતુર્વિધ સંઘ તમારી સેવા કરશે. (૪) પદ્મસરોવર જોવાથી ચતુર્વિધ દેવતાઓ તમારી ઉપાસના કરશે. (૫) સાગર પાર ઉતરવાથી તમે સંસારથી ઉત્તીર્ણ થશો. (૬) સૂર્ય જોવાથી તમે અલ્પ વખતમાં કેવળજ્ઞાન પામશો. (૭) ઉદરથકી આંતરડાં કહાડીને માનુષોત્તર પર્વતને જે વીંટયો, તેથી તમારા નિર્મળ યશ, કીર્ત્તિ અને પ્રતાપ સમસ્ત ત્રિભુવનમાં અનિવારિત થઈને ભમશે. (૮) મંદરગિરિના શિખરે આરૂઢ થવાથી તમે સિંહાસન પર આરૂઢ થઈ, દેવ-દાનવ અને મનુષ્યોની સભામાં ધર્મ પ્રકાશશો. (૯) વળી જે દામયુગલ જોયું, તેનું ફળ હું જાણતો નથી.' ત્યારે સ્વામી બોલ્યા—' હે ઉત્પલ ! જે તું જાણતો નથી તે હું તને કહી સંભળાવું—જે એ દામયુગલ જોયું, તેથી હું દ્વિવિધ શ્રાવક અને સાધુધર્મની પ્રરૂપણા કરીશ.' એમ સાંભળતાં ભારે હર્ષથી રોમાંચિત થતાં ઉત્પલ, પ્રભુને નમસ્કાર કરી ત્યાંથી ચાલ્યો ગયો. અહીં ભગવંત પણ ધર્મધ્યાનમાં તત્પર રહી, કાલ-નિર્ગમન કરવા લાગ્યા. એમ અર્ધમાસક્ષમણ એટલે એક એક પક્ષના ઉપવાસ કરતાં અને વિવિધ અભિગ્રહમાં ઉપયુક્ત થતાં ચાતુર્માસ વીતાવી, તે **અસ્થિક** ગામથી ચાલી નીકળ્યા. ત્યારે શૂલપાણિ યક્ષ ભગવંતની પાછળ પાછળ જઈ, ચરણ-કમળમાં શિર નમાવી ભક્તિપૂર્વક કહેવા લાગ્યો કે—' હે નાથ ! તમને તીવ્ર ઉપસર્ગ કરવાથી મારા સમાન કોઈ પાપી નથી, વળી તમે જે અહીં ચાતુર્માસ રહ્યા, તેથી મારા જેવો કૃતાર્થ પણ કોઈ નથી. હે સ્વામિન્ ! હું સમજ્યો કે તમે મને પ્રતિબોધ પમાડવાને જ અહીં પધાર્યા; કારણ કે શ્વાનશાળામાં કોઇ નિવાસ ન કરે. હે વિભુ ! જો તમે અહીં આવ્યા

ન હોત તો બહુ જીવોના વિનાશથી લાગેલા પાપવડે પીડિત થતાં હું શું શું દુઃખ ન પામત ? હે જગદીશ ! પોતાના સુખમાં વિમુખ થયેલા તમે હસ્તાવલંબ આપી મને ભવ-કૂપથકી પાર ઉતાર્યો. ' એ પ્રમાણે પ્રયત્નપૂર્વક શૂલપાણિ યક્ષ ભગવંતને સ્તવી, તેમના દુઃસહ વિયોગરૂપ ભાલાથી શલ્યયુક્ત થતો તે પાછો ફર્યો. એમ દીક્ષા લીધા પછી પ્રભુનું પ્રથમ વરસ પૂરૂં થયું. હવે બીજું વરસ સાંભળોઃ—

હવે પૂર્વ પ્રમાણે સ્તુતિ કરી, યક્ષ નિવૃત્ત થતાં ભગવાન્ ગ્રામાનુગ્રામ વિચરતા, **મોરાગસંનિવેશ**માં ગયા. ત્યાં બહાર ઉદ્યાનમાં સ્ત્રી, પશુ, નપુંસકાદિ-વર્જિત નિર્દોષ પ્રદેશમાં પ્રતિમાએ રહ્યા. તે ગામમાં **અચ્છંદક** નામે પાખંડીઓ વસતા હતા. તેમાં એક અચ્છંદક, લોકોના મંત્ર, તંત્ર કે ભૂતિ-ભસ્મથી પોતાનું ગુજરાન ચલાવતો. એવામાં તે સિદ્ધાર્થ વ્યંતર પ્રતિમાસંપન્ન પ્રભુ પાસે રહેતાં, પોતાને કલહ-કેલિ બહુ પ્રિય છતાં વિનોદ ન પામવાથી અને પ્રભુનું બહુમાન ન જોવાથી તે અધૃતિ ધરવા લાગ્યો; એટલે એક દિવસે ભગવંતના શરીરમાં સંક્રાંત થઇ તેણે તે માર્ગે જતા એક ગામના મુખીને બોલાવી કૌતક નિમિત્તે કહ્યું કે—' હે ભદ્ર ! તું આજે દૂધ સાથે કાંગના ભાત જમ્યો છે અને અત્યારે બળદના રક્ષણ માટે જાય છે, માર્ગમાં આવતાં તેં સર્પ જોયો અને સ્વપ્નમાં તું રોયો છે; તો આ બધું સાચું છે ? ' તેણે કહ્યું-' હે ભગવાન્ ! એ બધું સત્ય જ છે. ' ત્યારે સિદ્ધાર્થે તેને બીજું પણ ઘણું કહી બતાવ્યું. જેથી પરમ સંતોષ પામી ભારે આશ્ચર્યરૂપ માનતાં, ગામમાં જઇને તેણે, પોતાના સ્વજન-વર્ગને તે બધું કહી સંભળાવ્યું કે-' ગામની બહાર રહેલ કોઇ દેવાર્ય, ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન જાણે છે; તેણે મને ઘણા નિશ્ચયો કહી બતાવ્યા ' એમ સાંભળતાં મનમાં ભારે કૌતુહલ થતાં ગ્રામ્યજનો હાથમાં અક્ષત અને પુષ્પ લઇ પ્રભુની સમીપે ગયા એટલે જિનદેહમાં સંક્રાંત થએલ સિદ્ધાર્થે તેમને કહ્યું કે-' અરે ! તમે મારો અતિશય-પ્રભાવ જોવાને અહીં આવ્યા છો. ' લોકોએ કહ્યું-' હે સ્વામિન્ ! એ વાત સત્ય છે.' પછી જે પૂર્વકાલે વીતેલ, જે સાંભળવામાં આવેલ, જે આવતા જોયેલ, પરસ્પર જે બોલેલ, રાત્રે જે અનુભવેલ, તેમજ જે ઇષ્ટ, અનિષ્ટ, યોગ, વિયોગ, સુખ, દુઃખ, લાભ, લોભાદિ તથા જે આજે બનવાનું છે, તે બધું તેણે તેમને કહી બતાવ્યું. એટલે તથાપ્રકારનું કૌતુક જોતાં તે ગ્રામ્યજનો ભારે આદરપૂર્વક વંદન-પૂજન કરતાં મહિમા ગાવા લાગ્યા. એમ પ્રતિદિન તે લોકોના આવવા-જવાથી સિદ્ધાર્થને ભારે આનંદ થઇ પડયો.

એવામાં લોકો એકદા કહેવા લાગ્યા કે–' હે ભગવન્ ! અહીં બીજો પણ અચ્છંદક નામે એક જ્ઞાની રહે છે.' સિદ્ધાર્થે કહ્યું–' તે બિચારો કંઇ પણ જાણતો નથી.' એટલે લોકોએ જઇને એ વાત તેની પાસે કહી સંભળાવી કે–'દેવાર્ય કહે છે કે તમે કાંઈ જાણતા નથી.' એમ સાંભળતાં અહંકારથી પોતાને ઉત્કૃષ્ટ રાખવા તે બોલ્યો કે–' ચાલો, તમારી સમક્ષ હું તેના પરિજ્ઞાનનું અભિમાન ઉતારી દઉં; અમારા જેવા આગળ પોતાનો ઉત્કર્ષ બતાવવો બહુ દુષ્કર છે, પરંતુ તમારા જેવા ગ્રામ્ય લોકોમાં વિવિધ ઉલ્લાપ કરવા સુગમ છે.' એમ પોતાના ચાતુર્યને પ્રગટાવતો, ઇર્ષ્યારૂપ મોટા શલ્યને હૃદયમાં સ્થાપતો તે કૌતુક પામતા લોકો સાથે ત્યાં ગયો કે જ્યાં જનસમૂહથી ઉપાસના કરાતા ભગવાન્ કાયોત્સર્ગે રહ્યા હતા. પછી કરાંગુલિમાં બંને છેડા પકડી તણખલું લઇ, પ્રભુની સમક્ષ ઉભા રહીને તેણે પૂછયું કે–' અરે દેવાર્ય ! આ તૃણ છેદાશે કે નહી ? ' તેનો એવો અભિપ્રાય હતો કે ' જો દેવાર્ય કહેશે કે છેદાશે; તો છેદીશ નહી અને અન્યથા કહેશે તો છેદી નાખીશ. એમ તે વિકલ્પ કરતો હતો તેવામાં સિદ્ધાર્થે કહ્યું કે–' એ છેદાશે નહીં ' એમ સાંભળતાં તે તૃણ છેદવા લાગ્યો.

એવામાં સિંહાસન પર સુખે બેઠેલ ઇંદ્ર દેવલોકમાં વિચારવા લાગ્યા કે–'અત્યારે ભગવાન્ મહાવીર ગ્રામ્ય–નગરાદિકમાં કેમ વિચરે છે ? એટલે અવધિજ્ઞાનના દિવ્ય ઉપયોગથી તે બધો વ્યતિકર તેના જાણવામાં આવ્યો અને પેલા અચ્છંદકને સન્મુખ રહીને તૃણ–ભંગ કરતો જોયો. આથી તેને વિચાર આવ્યો કે–' અહા ! એ મહાપાપી જિનેશ્વરને પણ કેમ મિથ્યા કરવા ઇચ્છે છે ?' એમ ચિંતવી એક ભારે તીક્ષ્ણ વજ્ર છોડયું, તે મનના વેગે ત્યાં આવતાં પેલું તૃણ છેદાયા પહેલાં તો તરતજ તેના બંને હાથની અંગુલિ બધી કાપી નાખી, એટલે વજ્રઘાતથી દશે અંગુલિ છેદાઇ જતાં તે અચ્છંદક વિલક્ષ થતો, બધા ગામજનોથી ધિક્કાર પામતો ત્યાંથી ચાલ્યો ગયો. ત્યારે સિદ્ધાર્થ તેના પર ભારે રોષ લાવતાં પેલા ગ્રામ્યલોકોને કહેવા લાગ્યા કે–' અરે ! એ દુરાચારી તો મહાચોર છે. ' લોકો બોલ્યા–' ભગવાન્ ! એણે કોની ચોરી કરી ? ' સિદ્ધાર્થે કહ્યું–' સાંભળો: અહીં **વીરઘોષ** નામે એક કારીગર છે. ' પોતાનું નામ સાંભળતાં લોકોમાંથી તે આગળ આવી, પગે પડીને કહેવા લાગ્યો–' હે ભગવન્ ! તમે જેનું નામ બોલ્યા તે હું પોતે; કહો શું કરવાનું છે ? સિદ્ધાર્થે જણાવ્યું: ' હે ભદ્ર ! અમુક દિવસે દસપલ વજનની તારી વાટકી ખોવાઈ છે. ?' તેણે કહ્યું–'હા.' સિદ્ધાર્થ બોલ્યો–' તે એ પાખંડી પાપાત્માએ ચોરી છે. ' વીરઘોષે જણાવ્યું:

' તે મને ક્યાં મળશે?' સિદ્ધાર્થે કહ્યું-' એના જ વાડામાં **મહિસીંદુ** નામે વૃક્ષની પૂર્વ એક હાથપ્રમાણ જતાં ભૂમિ ખોદીને તે લઇ લેજે.' એમ સાંભળતાં તે કારીગર લોકોની સાથે ગયો અને બતાવેલ પ્રદેશ ખોદતાં તે વાટકી હાથ લાગી. એટલે કોલાહલ કરતા લોકો પાછા ફરીને જિન પાસે આવ્યા. પછી પુનઃ સિદ્ધાર્થે કહ્યું કે-' બીજું પણ સાંભળો.અહીં **ઇંદ્રિશર્મા** નામે કોઇ ગૃહસ્થ છે ?' લોકો બોલ્યા- ' છે. ' એવામાં પોતાનું નામ સાંભળતાં તે પોતે ઉભો થઇને કહેવા લાગ્યો- ' ફરમાવો, તે હું પોતે.' સિદ્ધાર્થે જણાવ્યું-' હે ભદ્ર ! પૂર્વે તારૂં ઘેટું ખોવાયું છે ?' તે બોલ્યો-'હા !' ત્યારે સિદ્ધાર્થ બોલ્યો-' અરે ! એ અચ્છંદે હણીને તેનું ભક્ષણ કર્યું અને તેના અસ્થિ ઉકરડાની ઓરડીના દક્ષિણ ભાગે નાખી દીધેલ કે જે અદ્યાપિ ત્યાં પડયા છે. જો તમને આશ્ચર્ય હોય તો અત્યારે જઇને જુવો.' એમ સાંભળતાં લોકો એકદમ તે તરફ દોડયા. ત્યાં હાડકાં જોવામાં આવતાં, કલકલ કરતા તે વિભુ પાસે આવ્યા. એટલે સિદ્ધાર્થે પુનઃ કહ્યું કે-'એ બીજું દુશ્ચરિત્ર અને હજી ત્રીજું પણ છે, પરંતુ તે હું કહેનાર નથી.' એમ સાંભળતાં ભારે આગ્રહ કરીને લોકો પૂછવા લાગ્યા કે-' હે દેવ ! હે મહાપ્રભુ ! તમે મહેરબાની કરી, આ એક અર્ધોપદિષ્ટ બાબત અમને કહી સંભળાવો; હવે અમે અન્ય પ્રશ્ન કરીશું નહીં. જેમ જેમ તે દેવ કહેવાની આનાકાની કરતો તેમ તેમ ભારે આકુળ થઇને લોકો પૂછવા લગ્યા. એથી આ કહેવત સત્ય થઈ કે-' અર્ધકથિત હૃદયને અધિક આકર્ષે છે.' એમ તેઓના અત્યાગ્રહથી સિદ્ધાર્થે જણાવ્યું કે-' અરે ? તમે ઉતાવળા ન થાઓ. એ તો અમારે અકથનીય છે. જો તમારે અવશ્ય સાંભળવું હોય, તો તમે જઇને એની ભાર્યાને પૂછો, તે તમને બરાબર કહી બતાવશે. એમ સાંભળતાં લોકો તેના ઘર ભણી દોડયા. હવે તે દિવસે અચ્છંદકે પોતાની ભાર્યાને કુટી હતી, તેથી ભારે રોષ લાવીને ચિંતવતી હતી કે-' સારૂં થયું કે એની આંગળીઓ કપાઈ અને લોકોએ ધિક્કાર આપ્યો. હવે જો ગામના લોકો અહીં આવે તો એનું બધું દુશ્ચરિત્ર પ્રગટ કરૂં.' એમ તે વિચારે છે, તેવામાં ગામના લોકો તેના આંગણે આવી પૂછવા લાગ્યા. એટલે તે બોલી કે-' એ કર્મ—ચંડાળનું નામ પણ ન લ્યો, કારણ કે એ પોતાની સહોદર ભગિની સાથે વિષય ભોગવે છે અને મને ઇચ્છતો પણ નથી.' એમ સાંભળી ઉત્કૃષ્ટ સિંહનાદ કરતા લોકો પોતપોતાના ઘરે જતાં કહેવા લાગ્યા કે-' તે આવો છતાં મહા પાપી છે.' એ પ્રમાણે તે અચ્છંદક લોકોથી અપમાન પામતાં, બ્રહ્મહત્યા કરનારની જેમ અપ્રેક્ષણીય થઇ, લુખી ભિક્ષાને પણ ન પામવાથી એકદા દયાળુ ભગવંત પાસે જઇ, અંજલિ જોડીને તે કહેવા લાગ્યો કે-' હે દેવાર્ય ! તમે

આ સ્થાન તજી દ્યો. તમે મહાનુભાવ છો, તેથી સ્થાનાંતરે પણ લોકો તમારી પૂજા કરશે અને મહિમા ગાશે; પરંતુ હું અન્યત્ર જતાં કૃત્રિમ કનકની જેમ માન પામવાનો નથી, કારણ કે શૃગાલનું શૂરાતન તો પોતાની ગુફામાંજ શોભે. વળીહે દેવ ! મેં મૂઢ બુદ્ધિથી આગળ જે દુર્વિનય કર્યો, તે અત્યંત કોપાયેલા યમના દંડ–ઘાત સમાન મને ભારે દુઃખ ઉપજાવે છે.' એમ કહેતાં અચ્છંદકે અવગ્રહ ન તજવાથી કોઇને પણ અપ્રીતિ ન ઉપજાવવામાં તત્પર એવા પ્રભુ તે મોરાગ સંનિવેશથકી નીકળી, **ઉત્તરવાચાલ** તરફ ચાલ્યા. માર્ગે ચાલતાં **દક્ષિણવાચાલ** સંનિવેશ ઓળંગતા અને **ઉત્તરવાચાલ** સંનિવેશ સુધી ન પહોંચતાં વચમાં **સુવર્ણકૂલા** નામની મહાનદીનો કિનારો ઓળંગતાં વીર ભગવંતના સ્કંધ પર રહેલ વસ્ત્રખંડ કોઇ રીતે પવનથી કંપતાં, કાંટામાં લાગીને પડી ગયું. એટલે સ્વામી પણ થોડું આગળ ચાલી ' એ નિર્દોષ ભૂમિમાં પડયું હશે ' એમ ધારી, જરા ડોક વાળીને જોતાં યથાસ્થાને ચાલતા થયા. એવામાં પિતૃમિત્ર કે જે પૂર્વે કહેલ બ્રાહ્મણ, લાંબા કાળે પડેલ તે વસ્ત્રખંડ જોતાં ભારે હર્ષથી ગ્રહણ કરી, પ્રભુને વાંદી, કુંડગ્રામ નગરમાં ગયો. ત્યાં પૂર્વે કહેલ વણકરને તે વસ્ત્રાર્ધ આપતાં, તેણે અતિનિપુણતાથી સાંધીને એકરૂપ કરી દીધું. પછી તે દેવદૂષ્ય લઇને પેલો બ્રાહ્મણ નંદિવર્ધન રાજા પાસે ગયો અને ત્યાં વસ્ત્ર મૂકયું. રાજાએ ભારે કૌતુકથી લાંબો વખત તે જોઇને જણાવ્યું કે—' હે ભદ્ર ! આવું પ્રવર વસ્ત્ર તને કયાંથી મળ્યું ? ' ત્યારે બ્રાહ્મણે કહ્યું કે—' હે દેવ ! એની કથા તો મોટી છે.' રાજાએ કહ્યું—' તું શાંત થઇને બરાબર કહે.' એટલે તેણે પોતાનો વૃત્તાંત નિવેદન કરતાં કહ્યું કે—' પૂર્વે હું દળદરથી પરાભૂત થતાં દેશાંતરોમાં લાંબો વખત ભમી ભમીને પોતાના ઘરે આવ્યો. ત્યાં ભાર્યાએ ખૂબ મને નિર્ભંછયો, એટલે ત્યાંથી ચાલી નીકળતાં મેં ભગવંતને દીન વચનથી બહુ વિનવ્યા, જેથી તેમણે દયા લાવી મને અર્ધ દેવદૂષ્ય આપ્યું. એવામાં તે વણકરને બતાવતાં તેણે બીજું અર્ધ લાવવા માટે ભલામણ કરીને તરતજ પ્રભુ પાસે મને મોકલ્યો. ત્યાં એક વરસ સુધી હું વિચરતા વીતરાગની પાછળ શિષ્યની જેમ ગામ–નગરાદિકમાં ભમ્યો. એમ કરતાં **સુવર્ણકૂલા** નદી આગળ તે વસ્ત્રાર્ધ કાંટામાં સંલગ્ન થતાં પ્રભુ તેને તજીને ચાલ્યા જતાં, હું તે લઇને આવ્યો અને તે વણકરને આપતાં તેણે એ ખંડ બરાબર મેળવી આપ્યા.' એ પ્રમાણે સવિશેષ વૃત્તાંત સાંભળતાં **નંદિવર્ધન** રાજાએ સંતુષ્ટ થઇ, તે વસ્ત્રનું એક લાખ સોનામ્હોર મૂલ્ય અપાવી બહુમાનપૂર્વક તેનો ભારે સત્કાર કરીને કહ્યું કે—' હે ભદ્ર ! ભગવાન્ કેવી રીતે વિચરે છે ? ' ત્યારે બ્રાહ્મણે જણાવ્યું—" દેવ ! સાંભળો. તે

ત્રિભુવનના એક નાથ ભગવંત, કોઇવાર પ્રગટ અટ્ટહાસ્યથી ત્રાસ ઉપજાવે તેવાં ભૂતગૃહોમાં ગોદોહિક–આસને રહી, નાસાગ્રે દૃષ્ટિ સ્થાપી, મેરૂની જેમ સ્થિર થઇને ધ્યાન કરે છે; કોઇવાર વિકરાલ વેતાળોથી વ્યાપ્ત, પ્રચંડ નરમુંડ જ્યાં શ્રેણિબંધ પડેલાં છે એવી સ્મશાન–ભૂમિમાં વીરાસને રહી, શ્વાસ–સમીર–વાયુ રોકી, સૂર્યબિંબ સામે દૃષ્ટિ સ્થાપીને મધ્યાન્હે આતાપના લે છે; કોઇવાર ભારે ભારથી આક્રાંત થયેલ પુરૂષની જેમ સ્હેજ શરીરને નમાવી, ભુજાઓને લાંબી કરીને ગામની બહાર કાયોત્સર્ગે રહે છે; કોઈવાર અકારણે કોપાયમાન થયેલા પિશાચે કરેલ તીવ્ર ઉપસર્ગને સુખપરંપરાની જેમ સમ્યક્ પ્રકારે સહન કરી લે છે; કોઇવાર છઠ્ઠ, અઠ્ઠમ, અર્ધમાસ પ્રમુખ તપ કરતાં, શરીરને શોષાવતાં, પ્રાંતકુળમાં પરિભ્રમણ કરી તુચ્છ આહાર લઇ જીવન–નિર્વાહ ચલાવે છે; કોઈવાર તો દુરાચાર, હીન અને એક કીટક જેવા પ્રાકૃત પુરૂષોએ કરેલ તીવ્ર ઉપસર્ગને પણ પ્રભુ સહન કરી લે છે. વળી તેવી કોઈ આપદા પણ દુર્નિવાર દયિતાની જેમ ભગવંતની સમીપે આવતી નથી, એમ સંભળાય છે. એ રીતે મહાપ્રતાપી પ્રભુ પર આવનાર ભીમ આપત્તિ પણ વિઘટી જાય છે, તેમજ કોઈવાર દેવતાઓ તેમની પૂજા કરતાં મહિમા ગાય છે. એમ હે નર-નાથ! તેમનું ચરિત્ર મારા જેવાથી કિંચિત્ પણ કહી ન શકાય. તેવા જનોનું ચરિત્ર તો તેમના જેવા પુરૂષો જ જાણી શકે.”

એ પ્રમાણે સાંભળતાં રાજા પોતાના પરિજન તથા પર્ષદા સહિત દીર્ઘ નિઃશ્વાસ નાખતાં, અસ્ખલિત અશ્રુપ્રવાહથી વદન–કમળને મ્લાન બનાવી, તે શોક કરવા લાગ્યો. એવામાં પેલો બ્રાહ્મણ પણ પોતાના સ્થાને ગયો અને તેમાંથી અર્ધ મૂલ્ય તેણે વણકરને આપ્યું. શેષ દ્રવ્યથી વિવિધ વિલાસ કરતાં તે દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

હવે વર્ધમાનસ્વામી ઉત્તરવાચાલ સંનિવેશ પ્રત્યે જવાની ઇચ્છાથી કુટિલ પથને તજી, સીધા માર્ગે કનકખલ નામના આશ્રમ આગળથી જવાતું, તે રસ્તે જતાં ભગવંતને ગોવાળોએ અટકાવતાં કહ્યું કેઃ ‘હે ભગવન્! એ આશ્રમ આગળ દૃષ્ટિવિષ સર્પ ભારે પરાભવ પમાડે છે, માટે એ માર્ગે ન જાઓ.’ એટલે સ્વામી પણ જાણતા હતા કે—‘તે ભવ્યાત્મા પ્રતિબોધ પામશે.’ એમ ધારી, ગોવાળોએ નિવાર્યા છતાં પરકાર્ય કરવામાં રસિક એવા પ્રભુ કનકખલ નામના આશ્રમ પ્રત્યે ગયા કે જે આશ્રમ કર્પૂર, તમાલ,

લવિંગ, તિનિશ પ્રમુખ વૃક્ષોવડે વ્યાપ્ત, અતિમુક્તક, વાસંતિક, કદલીગૃહના સમૂહવડે રમણીય તથા તાપસોએ કરેલ હોમના ધૂમ્રથી મલિન થયેલ વૃક્ષશાખાઓ જ્યાં તેલથી જાણે આર્દ્ર બનાવેલ હોય તેવી શોભતી, તેમજ પવનથી કંપતા પલ્લવરૂપ હાથવડે જે આવતા જિનેશ્વરને જાણે નિવારતો હોય અને પક્ષીઓના કલકલ-રવવડે જાણે દૃષ્ટિવિષ સર્પના ભયને કહેતો હોય એવા તે આશ્રમમાં આવી, ભગવંત ચંડકૌશિક સર્પને પ્રતિબોધ પમાડવા, યક્ષભવનના મંડપમાં કાયોત્સર્ગે રહ્યા. હવે તે સર્પ પૂર્વભવે કોણ હતો, તેનો વૃત્તાંત આ પ્રમાણે છે.—

અનેક ધન, ધાન્ય, કનકથી સમૃદ્ધ એવા લોકોવડે પરિપૂર્ણ, પરચક્રનો ઉપદ્રવ જેણે જોયેલ નથી, સમુદ્રની જે ઘણા વેપારીઓ સહિત, પક્ષે ઘણા પાણીયુક્ત, મહાસરોવરની જેમ વિચિત્ર ચિત્ર, પત્ર ( પાત્ર ) પદ્મ ( પદ્માલક્ષ્મી ) થી અધિષ્ઠિત, રાશિ સમુદાયની જેમ મેષ-ગાડર, વિષ-વૈશ્ય-મિથુન પક્ષે યુગલ-જોડલાં અને કન્યા-કુમારિકાઓ યુક્ત, આકાશ-પ્રદેશની જેમ રવિ, સોમ, ગુરૂ, બુધવડે અધિષ્ઠિત, પક્ષે દેવ સમાન સુંદર ગુરૂ અને પંડિતોવડે વિરાજિત એવો કૌશિક નામે સંનિવેશ હતો. ત્યાં સમસ્ત દેશ-ભાષા જાણવામાં વિચક્ષણ, જ્ઞાન, વિજ્ઞાન કે કૌતુહળમાં ચાલાક, છંદ, લક્ષણ, જ્યોતિષ-શાસ્ત્રના પરમાર્થને જાણવામાં નિષ્ણાત અને ષટકર્મ કરવામાં તત્પર એવો ગોભદ્ર નામે એક બ્રાહ્મણ રહેતો હતો, કે જેણે પોતાની બુદ્ધિ, વિનય અને વિવિધ ઉપચારથી એક લક્ષ્મી સિવાય બધા ગ્રામ્યજનોને સંપૂર્ણ સંતુષ્ટ કરી દીધા હતા. અથવા તો એવો કોઇ ગુણ નથી કે જે તે દ્વિજવરમાં વિદ્યમાન ન હોય, પરંતુ તેજ ન હતું કે જેનું ભોજન કરતાં દિવસ વ્યતીત થાય. એ પ્રમાણે ધન ન હોવા છતાં અચળ ચિત્તથી જરા પણ દીનતા બતાવ્યા શિવાય પોતાના પરિગ્રહમાત્રથી જ સંતોષ પામતાં તે ચિંતવવા લાગ્યો કે-' અહો ! આ મહાનુભાવ ધનિકો લક્ષ્મીને વશ થતાં ભાગ લેનાર વંશજોવડે પીડાય છે, રાજાઓવડે લુંટાય છે, તસ્કરોવડે પરાભવ પામે છે, યાચકો તેમને વારંવાર માગતાં સતાવે છે અને વિવિધ આપદાઓ અનુભવે છે, સ્વચ્છંદપણે તેઓ એક પગલું પણ ફરી શકતા નથી. વળી તુચ્છ અને અપથ્ય ભોજન લેતાં તેઓ વ્યાધિથી ગ્રસ્ત થાય છે. પરંતુ હું એમાંનો એકે પરાભવ-અનર્થ પામતો નથી.' એમ ચિંતવતાં તેના દિવસો વ્યતીત થતા હતા.

એવામાં એકદા તેની શિવભદ્રા ભાર્યાએ કહ્યું કે-' હે આર્યપુત્ર ! અત્યારે હું સગર્ભા છું, તેથી પ્રસવકાળે મને ઔષધાદિક વિશેષની અવશ્ય જરૂર

પડશે, તો તમે કાંઇ પ્રયત્ન કેમ કરતા નથી? અથવા તો દ્રવ્ય મેળવવાનો કોઇ ઉપાય કેમ ચિંતવતા નથી? અનાગત અર્થની ચિંતા વિનાના પુરૂષો શ્લાઘા પામતા નથી.' એમ સાંભળતાં તત્કાલ પૂર્વનો વિવેક વિસ્મૃત થતાં, મેઘના ઉદયવડે મહાસાગરની જેમ કુવિકલ્પરૂપ કલ્લોલની શ્રેણિયુક્ત બનતાં વિચારવા લાગ્યો કે—'હવે કેવો વ્યવસાય કરૂં? અથવા કયા જનને અનુસરૂં? આ કામમાં મને સ્હાય કોણ કરશે? કયાં જતાં એ સિદ્ધ થશે? એમાં હેતુ શો?' એમ કિંકર્ત્તવ્યની વ્યાકુળતા રૂપ સમુદ્રમાં તે ડૂબી ગયો. એટલે **શિવભદ્રાએ** તેને જણાવ્યું કે–'તમે વ્યાકુળ કેમ થાઓ છો? તમને નિર્મળ કલાવંતને આ શું માત્ર છે? જો કોઇ ધનવંત પાસે જઇ યાચના કરશો, તો તે પણ અવશ્ય તમારૂં આ કામ સાધી આપશે, કારણ કે તમારા જેવો અતિથિ મળવો દુર્લભ છે.' ત્યારે **ગોભદ્ર** બોલ્યોઃ 'હે પ્રિયે! પરપ્રાર્થનાને મૂકી અન્ય ઉપાય બતાવ. પ્રાર્થના કરવી એ પુરૂષને માટે મરણ કરતાં કાંઈ ન્યૂન નથી, કારણ કે યાચના કરવા તત્પર થયેલા મનુષ્યની વાણી, સન્નિપાતના રોગીની જેમ સ્ખલના પામે છે, તેની ચક્ષુઓ નિસ્તેજ થઇને ગળે છે, તેના મુખકમળની શોભા હણાઈ જાય છે, તેનાં અંગ કંપે છે, લાંબા લાંબા નિસાસા પ્રવર્ત્તે છે અને હૃદય ક્ષોભ પામે છે. વળી કુમુદ અને મૃગાંક સમાન નિર્મળ ગુણો ત્યાં સુધીજ સ્ફુરાયમાન રહે છે કે જ્યાં સુધી પુરૂષોને પર–પાર્થનારૂપ મલિન પંક લાગતો નથી. પરમભક્તિ અને ગુરૂત્વ બુદ્ધિથી પુરૂષ ત્યાં સુધી જ પૂજાય છે કે જ્યાંસુધી તે શત્રુત્વ સમાન અર્થિત્વ–યાચકત્વને પ્રગટ કરતો નથી. વળી લોકો ત્યાં સુધી જ સુખી કે સ્વજનતાનો ગુણ બતાવે છે કે જ્યાં સુધી 'देहि' એટલે આપો–દુષ્ટ અક્ષર યુગલ તે બોલતો નથી. 'देहि' એમ બોલનાર, માન વિનય અને ધર્મહીન એવા તે પુરૂષના જન્મથી પણ શું વિશેષતા છે? માટે હે પ્રિયે! અન્ય ગમે તે મને દુષ્કર ઉપાય ભલે બતાવ, પરંતુ હું મરણ પામતાં પણ પ્રાથના તો કદિ કરનાર નથી, એમ તેનો નિશ્ચય જાણી, ક્ષણભર વિચાર કરીને તે કહેવા લાગી કે 'હે આર્યપુત્ર! જો એમ હોય તો બીજો ઉપાય છે, પરંતુ તે શરીરને બહુ પરિશ્રમ આપવાથી અને અલ્પ કાળમાં સધાય તેમ છે. જો તમે કહેતા હો, તો નિવેદન કરૂં.' **ગોભદ્રે** જણાવ્યું. 'પ્રિયે! તેમાં શી હરકત છે? ભલે, કહી સંભળાવ,' તે બોલી "સાંભળો. પૂર્વ દેશમાં અસંખ્ય દેવાલયોની શ્રેણિયુક્ત એવી વાણારસી નામે નગરી છે. તેની સમીપે ભારે તરંગવ્યાપ્ત વિશુદ્ધ સલિલયુક્ત, હંસ અને ચક્રવાકના મિથુનોથી વિરાજિત અને સતત વહેતા મહા પ્રવાહવડે રત્ના-

કરને પૂરનાર એવી ગંગા નામે મહાનદી છે. તેના તટ પર દૂર દેશાંતરથી આવેલા રાજા, શ્રેષ્ઠી, સેનાપતિ, ધનવંત કે દંડનાયક પ્રમુખ ઘણા લોકો કે જેમાંના કોઇ પરલોકાર્થી, કોઇ કીર્ત્તિ–યશના અભિલાષી, કોઇ અનર્થ ટાળવાના અર્થી, કેટલાક પિતૃતર્પણના અર્થી એવા તેઓ નિરંતર મહાહોમ કરાવે છે, પિંડ અપાવે છે, સુવર્ણદાન આપે છે અને બ્રાહ્મણોના ચરણો પખાળી તેમનો ભારે સત્કાર કરે છે; માટે હે આર્યપુત્ર ! જો તમે ત્યાં જાઓ, તો જતાં જ પ્રાર્થના વિના કનક–દક્ષિણા પામી શકો અને અલ્પકાળમાં પાછા આવી શકો. એમ સાંભળતા ગોભદ્રે કહ્યું કે–'હે પ્રિયે ! તું તો મુગ્ધ છે. દૂર દેશની વાત તો માત્ર શ્રવણપ્રિય સમજવી.' શિવભદ્રાએ કહ્યું 'હે આર્યપુત્ર ! તો પણ ઘરમાં બેસી રહેવાથી તમારૂં કયું કામ સિદ્ધ થવાનું છે ?' ગોભદ્રે જણાવ્યું–'તો શું અયુક્ત છે ? ભલે એમ થાઓ. ભાતું કરો કે જેથી હું ચાલતો થાઉં.' એટલે શિવભદ્રાએ તેને માટે ભાતુ કર્યું. પછી બીજે દીવસે ભાતુ લઇને તેણે વાણારસી તરફ પ્રયાણ કર્યું. અને અનુક્રમે માર્ગે જતાં, જેનું શરીર–સંસ્થાન મજબૂત છે, જેણે વસ્ત્રયુગલ પહેરેલ છે, પોતે આભરણ રહિત છતાં દેહપ્રભાવથી અધિક સુશોભિત, બાહ્યઆકારથી પણ જેના અતિશય સમજી શકાય, પ્રવરપાદુકા જેણે પહેરેલ છે, રતિ રહિત સાક્ષાત્ કામદેવની જેમ લીલાપૂર્વક નિર્ભય થઇને માર્ગે જતો એક સિદ્ધ પુરૂષ તેના જોવામાં આવ્યો. તેને આશ્ચર્યપૂર્ણ દૃષ્ટિએ તે જેટલામાં જુએ છે તેટલામાં પેલા સિદ્ધપુરૂષે તેને કહ્યું કે–'હે ગોભદ્ર ! તું આવી પહોંચ્યો ? શું અત્યારે તું વાણારસી પ્રત્યે જવાને ઇચ્છે છે ?' એટલે ગોભદ્ર વિસ્મયપૂર્વક વિચારવા લાગ્યો કે–'અહો ! અદૃષ્ટ અને અશ્રુત એવા મને એ કેમ જાણતો હશે ? અથવા તો મારી ગૃહિણી સાથે એકાંતમાં થયેલ આ ગમન–વ્યતિકર એના જાણવામાં કેમ આવ્યો હશે ? તેથી એ કાંઇ સર્વથા સામાન્ય પુરૂષ નથી. તો જે એટલું જાણે છે તે બીજું પણ જાણી શકશે માટે દેવતાની જેમ એની ઉપાસના કરૂં, કે વખતસર એનાથી જ મારા કાર્યની સિદ્ધિ થશે.' એમ ધારી અંજલિ જોડીને ગોભદ્ર તેને કહેવા લાગ્યો કે–'હે આર્ય ! એમજ. તમે બરાબર જાણી શક્યા.' તે બોલ્યો–'ભદ્ર ! ચાલ, આપણે સાથે ત્યાં જઇએ ! એટલે ગોભદ્રે તે સ્વીકારતાં બંને આગળ ચાલ્યા. એવામાં ભોજનસમય થતાં ગોભદ્ર જણાવ્યું કે–'હે આર્ય ! ચાલો, ગામમાં, આપણે ભોજનની સામગ્રી કરીએ. હવે વખત થવા આવ્યો છે, ત્યારે વિદ્યાસિદ્ધે કહ્યું–'હે સૌમ્ય ! ગામમાં જઇને આપણે

શું કરવું છે ? ચાલો, હજી તો એક પહોર દિવસ વીત્યો છે, સૂર્યના કિરણો તપ્યા નથી અને આપણે થોડો માર્ગ જ ચાલ્યા છીએ.' ગોભદ્ર બોલ્યો– ' જો એમ હોય, તો તમે જાણો. ' પછી તે બંને આગળ ચાલ્યા અને બપોર થતાં ઘણાં વૃક્ષોથી વ્યાપ્ત એવા એક ઉદ્યાનમાં જઇ પહોંચ્યા. ત્યાં નિર્મળ જળથી પરિપૂર્ણ, કમળ, કૈરવ અને કલ્હારના પરાગથી પીળા બનેલા રાજહંસોવડે જેનો તીરભાગ શોભાયમાન છે એવી એક મોટી તલાવડી જોવામાં આવતાં, તેમાં પ્રવેશ કરીને મુખશુદ્ધિ તથા મજ્જન કર્યું. પછી ગોભદ્ર દેવસ્મરણ કરવા લાગ્યો અને સિદ્ધપુરૂષ સમાધિમાં બેઠો. એવામાં મંત્રના પ્રભાવે બહુ ભક્ષ્ય વસ્તુયુક્ત ગુણસમૃદ્ધ અને ઘણા શાકાદિકથી પરિપૂર્ણ એવી રસવતી ઉતરી અને સુવિનીત પરિજને જાણે અર્પણ કરેલ હોય તેમ કટોરા, થાળ, દર્વી અને કડછી સહિત બધાં સાધનો તેની સમક્ષ હાજર થયાં. આવો પરમ અદ્ભુત વ્યતિકર જોતાં ગોભદ્ર ભારે આશ્ચર્ય પામ્યો. ત્યાં વિદ્યાસિદ્ધે કહ્યું કે–' હે ગોભદ્ર ! હવે તૈયાર થા અને ભોજન કર. ' એટલે ' જેવી આપની આજ્ઞા ' એમ તેનું વચન સ્વીકારી ગોભદ્ર ભોજન કરવા બેઠો ત્યારે વિદ્યાસિદ્ધ તેને પીરસવા લાગ્યો. અનુક્રમે ગોભદ્રે ભોજન કરી લેતાં વિદ્યાસિદ્ધ પોતે જમવા બેઠો અને ગોભદ્ર તેને પિરસવા લાગ્યો. એમ ભોજનાદિક સમાપ્ત થતાં વિદ્યાસિદ્ધે એક હુંકારમાત્ર કરતાં જ થાળપ્રમુખ સહિત રસવતી અદૃશ્ય થઇ ગઇ. પછી માધવીલતાગૃહમાં જરા વાર વિસામો લઇ, ખેદરહિત હૃદયે વિવિધ કથા કરતા તેઓ આગળ ચાલ્યા અને જતાં જતાં રાત્રીનો વખત થતાં ગોભદ્રે જણાવ્યું કે–' હે આર્ય ! કોયલના કંઠ સમાન શ્યામ તિમિરસમૂહ ચોતરફ પૂરી વળ્યો છે, પૃથ્વીના ઉંચા–નીચા પ્રદેશ હવે જોવામાં આવતા નથી, લોચન નિદ્રાના યોગે મંદ થઇ ઘુમ્યા કરે છે અને પ્રયત્નપૂર્વક ચલાવતા પણ ચરણો ચાલતા નથી; માટે ગામમાં ચાલો અને વિશ્રાંતિ લઇએ. ' સિદ્ધ બોલ્યો–' હે સૌમ્ય ! એક મુહૂર્તમાત્ર ઉતાવળો ચાલ. ગામમાં જવાની શી જરૂર છે ? ' ગોભદ્રે કહ્યું–' ભલે, જેવી ઇચ્છા. ' પછી એક પહોર આગળ ચાલી, એક પ્રદેશમાં તેઓ થોભ્યા. એટલે વિદ્યાસિદ્ધે પદ્માસન લગાવી, શ્વાસ–વાયુ રોકીને ધ્યાન શરૂ કર્યું. એવામાં કનક–કળશો સહિત, રણઝણાટ કરતી કિંકિણીઓવડે રમણીય, સુશ્લિષ્ટ અને દૃઢ એવા સ્થિર તથા મોટા સ્તંભોથી શોભાયમાન, સારી રીતે ચિતરેલ ચિત્રોવડે શોભતી વેદિકાયુક્ત, બાહ્યપ્રદેશમાં સ્થાપન કરેલ મોટા પલંગથી બિરાજીત એવું એક પ્રવરવિમાન આકાશથકી ઉતરીને તરત જ વિદ્યાસિદ્ધ સમક્ષ પૃથ્વી

પર સ્થાપન થયું. એટલે તેમાંથી બહાર નીકળી, દેદીપ્યમાન મણિમુગટથી અલંકૃત, વિમલ કુંડલની કાંતિથી કપોળને ચકચકિત કરનાર, પ્રવર મોતીઓની સરો જેના શિરે શોભી રહી છે, હારલતાથી જેના કુચ-કળશ આચ્છાદિત છે, પાંચ પ્રકારના મણિ-જડિત કંકણોવડે જેની કોમળ બાહુલતા મંડિત છે, રોમાવલિયુક્ત અને મુષ્ટિગ્રાહ્ય જેનો મધ્ય ભાગ છે, જેના નિતંબો કંચુકી-દામસહિત છે, પંચવર્ણી દેવદૂષ્ય જેણે ધારણ કરેલ છે, ધ્વની કરતાં મનોહરમણિનૂપુરયુક્ત જેના ચરણો છે, જેનું શરીર બાવના ચંદનના દ્રવથી લિપ્ત છે તથા જેનું રૂપ અપ્રતિમ છે એવી એક વિલાસી વનિતા કે જેની પાછળ પાછળ સમાનરૂપ, યૌવનાદિ ગુણોવડે અલંકૃત એવી એક પ્રમદા ચાલી રહી છે, તે હાજર થઈ અને અંજલિ જોડીને વિદ્યાસિદ્ધને કહેવા લાગી કે–'હે મહાશય! હવે મંત્રસ્મરણ બંધ કરો અને આ વિમાનમાં બિરાજમાન થાઓ.' એમ સાંભળતાં વિદ્યાસિદ્ધ ઉઠયો અને વિમાનમાં જઈ તે શય્યા પર બેઠો. એટલે તેની પાસે તાંબૂલનાં બીડાં મૂકવામાં આવ્યાં. પછી તેને ગોભદ્રને બોલાવ્યો અને તાંબૂલ આપવાપૂર્વક નિદ્રા કરવા વિદાય કર્યો. ત્યારે દૂર જતાં તેના મહાત્મ્યથી ભારે વિસ્મય પામીને તે સૂતો. ત્યાં વિદ્યાસિદ્ધે પણ તે રમણીઓ સાથે વિવિધ કથામાં અલ્પ વખત ગાળ્યો, એવામાં મોટી રમણીએ પોતાની અનુચરી યુવતિને કહ્યું કે–'હે ભદ્રે! તું એ ગોભદ્ર બ્રાહ્મણને ભાર્યાભાવ બતાવતા તારા આત્માને પવિત્ર કર.' તે બોલી–'હું એ પ્રમાણે કરૂં છું.' પછી એકાન્ત થતાં વિદ્યાસિદ્ધ પેલી યુવતી સાથે ભોગ ભોગવવા લાગ્યો. તે અનુચરી મોટીના ઉપરોધથી ગોભદ્ર પાસે ગઇ અને તેને જગાડીને તેણે વિદ્યાસિદ્ધનો આદેશ કહી સંભળાવ્યો. એટલે કુશળમતિ તેણે કાર્યનો પરમાર્થ જાણી તેને કહ્યું કે–'હે મૃગાક્ષી! તું મારી ભગિની તુલ્ય છે, માટે એ બાબતમાં પ્રસ્તુત અર્થ વિસ્તારવાની જરૂર નથી. તને ઇષ્ટ લાગે તેમ કર. કારણકે અકાર્યની પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવાથી આ પામર જીવિતને કાંઇ ગુણ થવાનો નથી, તેમજ વળી અતિપ્રચંડ પવનથી પ્રતિઘાત પામેલ કમળદળના અગ્રે રહેલ જળબિંદુસમાન આ જીવિત સારી રીતે પાળ્યા છતાં ચિરકાળ રહે તેમ નથી, વળી બહુ કાળ વિવિધ ઉપભોગ કે વિલાશયની અનુકૂળતાથી લાલિત કર્યા છતાં સડી ગયેલા ચીભડાની જેમ ગાત્ર પણ અલ્પ વખતમાં વિઘટિત થાય છે, તેમજ ધર્મવિરૂદ્ધ કાર્ય કરવામાં આસકત બનેલા પ્રાણીઓ નરકમાં તીક્ષ્ણ દુઃખો પામે છે, એમ સંભળાય છે. તો અકાર્ય કેમ આચરીએ? શાસ્ત્રમાં ઋતુકાળ ઉપરાંત સ્વદારાસંગનો પણ પ્રતિષેધ કરેલો છે, તો પછી પર રમણી સાથે વિષય-પ્રસંગની

તો વાત જ શી કરવી ? ઉન્માર્ગગામી પોતાના આત્માને પણ જો નિયમિત ન કરું, તો અન્ય અનાચારીઓને કેમ અટકાવી શકું ? એ પ્રમાણે ગોભદ્રે તેને વૈરાગ્યપૂર્વક એવો પ્રતિબોધ આપ્યો કે જેથી તેના પર તે યુવતીનો સગા ભાઇ જેવો સ્નેહ બંધાયો. પછી ક્ષણાંતરે તે બોલી કે–'અહો ! મહાનુભાવ તારી મનોભાવના અતિસુંદર છે, એ જ સત્પુરૂષનું લક્ષણ છે, એ જ ધર્મનો સાર છે, એથી જ સર્વ કલ્યાણ પ્રાપ્ત થાય, એનાથી બધી અસાધ્ય વિદ્યાસિદ્ધિઓ પણ સાધ્ય થઇ શકે, એ દેવ–દાનવોને પણ અત્યંત દુષ્કર છે, એ ગુણસહિત પુરૂષને રોગ, શોકનાં દુઃખો બાધા પમાડી શકતા નથી. તમે તો જન્મ અને જીવિતનું ફળ મેળવ્યું કે જેના આવા પરદારા પરિહરવાના દુષ્કર પરિણામ છે એમ કરતાં તો તેં મને પણ સર્વકામુક સિદ્ધિના લાભમાં નિયુકત કરી. ગોભદ્રે જણાવ્યું: હે ભદ્રે ! મેં તને સર્વકામુક સિદ્ધિમાં શી રીતે નિયુક્ત કરી?' તે બોલી–"હે મહાશય ! તને સગા ભાઇ સમાન સમજીને તારી આગળ એ વ્યતિકર કહું છું તે સાંભળ: ' ગોભદ્રે કહ્યું—એ તો હું સાંભળુ છું.' એટલે તે કહેવા લાગી કે—

"સમસ્ત ત્રણ લોકમાં વિખ્યાત અનેક અદ્ભુત ભુત–અતિશયોથી લોકોને વિસ્મય પમાડનાર, વિદ્યારત્નોની ખાણ, તંત્ર પ્રયોગોનું મુખ્ય સ્થાન તથા ક્ષુદ્ર સિદ્ધિઓના આધારરૂપ એવું **જાલંધર** નામે શ્રેષ્ઠ નગર છે, કે જ્યાં આકૃષ્ટિ, વશીકરણ અને અદૃશ્યીકરણ–વિદ્યાઓમાં કુશળ, નભોગમન, દૂરદર્શન પ્રમુખ લબ્ધિઓવડે સમૃદ્ધ, હુંકારમાત્રથી શત્રુઓ ભેદાઇ જતાં હૃદયમાં સંતુષ્ટ થનાર, પોતાના અનુપમ રૂપસંપત્તિથી રતિના અભિમાનને તોડનાર, આઠ પ્રકારની અણિમાદિ સિદ્ધિઓવડે શોભાયમાન તથા દેવોને પણ વંદનીય એવી જોગણીઓ વસે છે. ઇતર જનો તેમનો અવિનય કરતા નથી, તેમાં તો શું આશ્ચર્ય છે ? પરંતુ મહાબલિષ્ઠ તેમનાથી કુપિત કૃતાંત પણ શંકા પામે છે. સુર ખેચર, યક્ષ, રાક્ષસ પ્રમુખના મદને ઉતારનાર એવી જરા નિરંતર યૌવનમાં રહેનાર એવી તેમને અસર કરતી નથી. ભૂતકાળમાં થઇ ગયેલા રાજાઓનાં સમગ્ર ચરિત્રોને જે અદ્યાપિ પર્વત પર લખેલ પ્રશસ્તિની જેમ પ્રગટ કરે છે, એમ તેવી પ્રગટ પભાવશાળી યોગિનીઓના સમૂહયુકત એવા તે નગરનું વર્ણન કહો કોણ કરી શકે ? ત્યાં હું **ચંદ્રલેખા** નામે જોગણ વસું છું તથા એ વિદ્યાસિદ્ધ પાસે રહેનાર પણ મારી મોટી ભગિની **ચંદ્રકાંતા** કે જેણે પ્રવર વિદ્યાને સાધેલ છે, અત્યંત દર્શનીય અને યોગિનીઓમાં ચોથે

સ્થાને પૂજનીય છે.' ત્યારે ગોભદ્રે કહ્યું–'હે ભગિની! એ વિદ્યાસિદ્ધ કોણ છે? તેનું શું નામ છે? અને આવો મહાપ્રભાવી કેમ છે ? વળી તારી મોટી ભગિની એને કેમ અનુસરે છે ? તે બધું મને કહી સંભળાવ. મને ભારે કૌતુક થાય છે.' ચંદ્રલેખા બોલી–ભલે કહું છું, સાંભળો.– એ **કામરૂપા** નામની યોગિનીએ પરવરેલ **ડમરસિંહનો ઈશાનચંદ્ર** નામે પુત્ર છે. એણે પ્રથમ અનેક પ્રકારની વિદ્યાઓ સાધી, સ્ખલના વિના સકળ કામિત સિદ્ધિની ઇચ્છાથી કાત્યાયની દેવીની આગળ એક લાખ ને આઠ બિલ્વ–ફળોથી હોમ કર્યો. તેટલા હોમથી પણ જ્યારે દેવી સંતુષ્ટ ન થઈ ત્યારે તરવાર ખેંચીને તે પોતાની ડોક છેદવા લાગ્યો અને પોતાના જીવિતની દરકાર ન કરતાં તેણે અર્ધ ડોક સુધી તરવાર ચલાવી. તેટલામાં તરતજ ક્યાંકથી **રૂદ્રાણી** દેવી આવી ગયા અને કહેવા લાગી કે–' અહા ! પુત્ર ! આ તો મહાકષ્ટ, તું આવું ભયંકર કામ શા માટે કરે છે?' એમ બોલતાં દેવીએ તેના હાથમાંથી તરવાર તરત લઇ લીધી ત્યારે સાધક બોલ્યો કે–' હે દેવી ! મારા એટલાથી જ તમે પ્રસન્ન થાઓ અને શિર–કમળની પુજા સ્વીકારો ? એટલે દેવી બોલી કે–' હે પુત્ર ! તારા આ સાહસથી હું સંતુષ્ટ થઇ છું, માટે વર માગી લે. હવે દેહપીડાથી સર્યું.' તેણે કહ્યું–'હે સ્વામિની ! જો ખરેખર તું સંતુષ્ટ થઇ હોય, તો તમે મને જે પુત્ર કહીને બોલાવ્યો, એજ મને વર આપો કે હવે પુત્રબુદ્ધિથી મને જોવો ? ' એમ તેના બોલતાં સર્વ સમીહિતાર્થને સાધનાર રક્ષાવલય આપી, તેનું વચન સ્વીકારીને તે દેવી અદૃશ્ય થઇ ગઇ. એટલે એ પણ જાણે ત્રણે લોકનું રાજ્ય પામ્યો હોય તેમ પોતાને માનતો, રક્ષાવલયને ધારણ કરતો, સર્વત્ર સ્ખલના વિના ગતિ કરતાં તે ગર્વિષ્ઠ થઇને ફરવા લાગ્યો. હવે તો એ રાજાઓને ગણકારતો નથી, મોટા ભયની દરકાર કરતો નથી. અને સ્વચ્છંદપણે લીલાએ ગમન કરતાં એ પોતાના બળથી યમને પણ હસી કહાડે છે. અંતઃપુરોમાં વસે છે અને કુલીન કાંતાઓ સાથે વિષયભોગ ભોગવે છે. પોતાની પ્રવર મંત્રશકિતથી દૂર રહેલ વસ્તુને પણ ખેંચી લે છે. જ્યારથી કાત્યાયનીએ એની ભુજાએ રક્ષાવલય બાંધેલ છે ત્યારથી એ મનોવાંછિત પામી શકે છે. એવામાં એકદા સમસ્ત પૃથ્વી-મંડળમાં ફરતાં એ વિદ્યાસિદ્ધ, રામાઓથી રમણીય એવા **જાલંધર** નગરમાં આવ્યો. ત્યાં જોગણીઓના મધ્યમાં પ્રવર શણગાર પહેરી બેઠેલી મારી જ્યેષ્ઠ ભગિની **ચંદ્રકાંતાને** એણે જોઇ એટલે તેના પ્રવર રૂપ અને યૌવનાતિશયથી રંજિત થયેલ એ સદ્ધર્મની દરકાર વિના તેની સાથે બળાત્કારથી પ્રસંગ કરે છે.

એમ સ્વચ્છંદે વિવિધ દિવ્ય ક્રીડા કરતાં કેટલાક દિવસ ત્યાં રહી, પોતાના અનવસ્થિત મનઃપ્રસારને ન જાણતો તે ચાલી નીકળ્યો. તે પછી આટલો વખત કયાં પણ પરિભ્રમણ કરી પ્રચંડ દંડ બતાવનાર એણે, દિવ્ય વિમાન પર આરૂઢ થઇ હું અને એ મારી ભગિની અત્યારે શ્રીપર્વત પ્રત્યે જવાને ઘરથકી નીકળતાં અમને આકૃષ્ટિ–વિદ્યા–શક્તિવડે અહીં ખેંચી લીધી. હવે તો એ જે કાંઇ કહે છે તે પ્રમાણે અમે કરીએ છીએ. અહો! બલવાન ચોરને ખાંધે ભાર ઉપાડવો પડે છે, એ કહેવત સત્ય છે. એમ સાંભળતાં ગોભદ્રે વિચાર કર્યો કે–'અહો ! રાક્ષસોને માથે પણ ભેખખસો છે કે આવી જોગણીઓને આમ આજ્ઞામાં રહેવું પડે છે. એટલા માટે જ કહેવાય છે કે વસુંધરા ભગવતી બહુરત્ના છે, અને તે કારણે જ પ્રવર ગુણોના નિધાન એવા સત્પુરૂષો ગર્વ કરતા નથી. ચંદ્રલેખા બોલી–'હે મહાયશ! તારે એમ કરવું કે એ વિદ્યાસિદ્ધ આ પ્રસંગે મારી ભગિની ચંદ્રકાંતાના બ્રહ્મચર્યનો ભંગ ન કરે કે જેથી એને સ્વયંપ્રભા નામે મહાવિદ્યા સિદ્ધ થાય, અને તમે મારા શીલનું ખંડન ન કરવાથી અદ્યાપિ તેને સાધવાનો વિધિ પરિપૂર્ણ વર્તે છે. હવે માત્ર સાત રાત્રિમાં વાંછિતાર્થની સિદ્ધિ થશે, તો હે મહાનુભાવ ! પૂર્વે તમે મને પૂછયું કે ' મને તમે સર્વ કામુક–સિદ્ધિમાં કેમ યોજિત કરી ? ' તેમાં એ પરમાર્થ છે. ' ગોભદ્રે જણાવ્યું–' હે સુતનુ ! એમાં કહેવાનું શું છે? ભલે ગ્રહો પીડા આપે, સંપદા વિઘટી જાય, દુઃખોનાં ડુંગરો માથે તૂટી પડે અને સ્વજનો વિમુખ થઇ જાય; તો પણ હું સદાચારને કદિ મૂકતો નથી. હે ભદ્રે ! ખલની જેમ સ્વેચ્છાચારથી સ્વાતંત્ર્યના પ્રસારને પામેલ એવા પોતાના જીવિતને યતિજનો જ મહાકષ્ટે બરાબર નિયમમાં મૂકી શકે.' ચંદ્રલેખાએ કહ્યું—' એ તો એમ જ છે. અહો ! તમારા નિર્મળ ગુણોનું કેટલું વર્ણન કરીએ ! કે જેનું આવું જિતેંદ્રિયપણું, અકાર્ય ન કરવાનો આવો નિયમ ! આવી પાપભીરૂતા, આવી વચન–પ્રતિષ્ઠા ! અહો ! હું તો સર્વથા ધન્ય અને કૃતકૃત્ય છું કે તમારા જેવો સત્પુરૂષોમાં મુગટ સમાન પુરૂષ મારા જોવામાં આવ્યો. ગોભદ્ર બોલ્યો—' અરે ! હું શું માત્ર છું ? અદ્યાપિ મહીતલપર તેવા સત્પુરૂષો દેખાય છે કે અમારા જેવા તો તેમના ચરણની રજ સમાન જ છે.' પછી ચંદ્રલેખા માથે પ્રેમપૂર્વક અંજલિ જોડીને કહેવા લાગી કે—' હે આર્ય ! તમારા અસાધારણ સચ્ચરિત્રની ભક્તિના પરવશપણે મારૂં મન કાંઇક

વિનંતિ કરવાને ઇચ્છે છે.' ગોભદ્ર બોલ્યો—'હે ભદ્રે ! એમ સંક્ષોભ શા માટે પામે છે? જે કહેવાનું હોય તે શંકા વિના કહે.' ચંદ્રલેખા બોલી—'જો એમ છે, તો કોઇવાર પરિભ્રમણ કરવા નીકળતાં અમારા ઘરે આવવાની મહેરબાની કરવી. ગોભદ્રે કહ્યું—'એમાં શું અનુચિત છે? તમારા ઘરે આવતાં મને કાંઇ લઘુતા થવાની નથી. પ્રસ્તાવે યથોચિત કરીશ. તમારે કાંઈ અન્યથા સમજવું નહિ.' એટલે ચંદ્રલેખા બોલી કે—'હે મહાભાગ ! તમે મારા પર ભારે અનુગ્રહ કર્યો. એ અનુરાગ હવે અન્યથા ન કરવો. એ પ્રમાણે તત્કાલ થયેલ પ્રેમાનુબંધવડે સુંદર તથા સદ્ભાવયુક્ત એવી વિવિધ સંકથાઓવડે શેષ વ્યાપાર ભૂલી જતાં, ચંદ્ર-ચાંદનીના યોગે પરસ્પર રૂપ જોતાં તેમની રાત્રિ તરત જ વીતી ગઇ. એટલે પૂર્વ દિશામાં જવા કુસુમ, ગુંજાર્ધ, કુસુંભ-રસ, કિંશુક, શુકમુખ અને પદ્મરાગ સમાન વર્ણયુક્ત અથવા કુંકુમના અધિક રાગ-રંગવડે જાણે સિંચાયેલ હોય એવો સૂર્ય-સારથિ-અરૂણ ઉદય પામ્યો. ત્યાં ગગનાંગણમાં તારાઓ અદૃશ્ય થવા લાગ્યા, પ્રભાતનો શીતલ પવન પ્રસરવા લાગ્યો અને પશ્ચિમ દિશા-રમણીએ જાણે પાણી કહાડવા, કિરણ-રજ્જુથી બાંધેલ ચંદ્રરૂપપૂર્ણ કળશ પશ્ચિમ સમુદ્રમાં નાખ્યો.

એવામાં વિદ્યાસિદ્ધે કહ્યું કે—'અરે ગોભદ્ર ! હવે પ્રભાતનો સમય થયો, માટે તૈયાર થાઓ કે જેથી આગળ ચાલીએ.' ગોભદ્ર બોલ્યો—'હું તો આ તૈયાર જ છું.' તેવામાં ચંદ્રલેખા પણ તેને પૂછીને ચંદ્રકાંતા પાસે ગઇ એટલે વિદ્યાસિદ્ધે પણ વિમાન સહિત તેમને વિસર્જન કરી આગળ પ્રયાણ કર્યું. ત્યાં ગોભદ્ર પણ વારંવાર રાત્રિનો વૃત્તાંત ચિંતવતાં તેની પાછળ જવા લાગ્યો. પછી વિદ્યાસિદ્ધે તેને પૂછ્યું કે—'હે ભદ્ર ! રાત્રે મેં તારી સમીપે એક તરૂણી મોકલી, તેણે તારી કંઇ પણ ઉચિત સેવા બજાવી ?' ગોભદ્રે કહ્યું—'હે આર્ય ! તેણે તો બહુ જ સેવા સાચવી. લાંબો વખત જીવવાને ઇચ્છનાર કોઇ પણ શું તારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકે? વાણારસી-તીર્થના દર્શનાર્થે કેવળ મારે અબ્રહ્મનો નિયમ હતો.' એમ સાંભળતાં વિદ્યાસિદ્ધે જણાવ્યું કે—'હે ભદ્ર ! મારે પણ ત્યાં પગે જવાનો નિયમ છે, પરંતુ અબ્રહ્મને તજવાનો નિયમ નથી. એમ હોવાથી તારે માટે મેં આ વિશેષ રીતે ઉપચાર કર્યો, પરંતુ જો તારો અભિપ્રાય મારા જાણવામાં આવ્યો હોત, તો હું પણ બ્રહ્મચર્યમાં રહેત; કારણ કે એમ કરવાથી તીર્થદર્શન સફળ થાય છે.' ગોભદ્રે કહ્યું-'હે આર્ય ! એ વાત સત્ય છે. તમારા કરતાં અન્ય કોણ આવા વિવે-

કેનું ભાજન હોઇ શકે ?' પછી પૂર્વના ક્રમે ભોજન કરતાં અને વૈદેશિક મઠોમાં રાત્રિ વીતાવતાં તેઓ અનુક્રમે વાણારસીમાં પહોંચ્યા. ત્યાં હાથ-પગ ધોઇને તેમણે દેવમંદિરોમાં જઇ સ્કંદ મુકુંદ, રૂદ્ર પ્રમુખ દેવતાઓના દર્શન અને પૂજન કર્યું એમ અન્ય અન્ય દેવમંદિરમાં દર્શન કરતાં લગભગ સંધ્યાસમય થઇ જવાથી વિદ્યાસિદ્ધે ગોભદ્રને કહ્યું કે—'હે ભદ્ર ! હવે આપણે ગંગાનદી પ્રત્યે જઇએ અને ત્યાં સ્નાન કરી આત્માને પાપરહિત પાવન બનાવીએ ' ગોભદ્રે જણાવ્યું—'ચાલો, જઇએ' પછી બંને ગંગા તીરે ગયા.

એવામાં આપદા-પતનને જાણતાં અને વસ્તુના પરમાર્થને વિચાર્યા વિના બહુ જ ઉતાવળથી વિદ્યાસિદ્ધે તે દિવ્ય રક્ષાવલય ઉતારીને ગોભદ્રને આપ્યું, અને કહ્યું કે—'હું એક મુહૂર્ત્તમાત્ર આ ભાગીરથીના જળપ્રવાહમાં પ્રાણાયામ કરૂં તેટલો વખત એની બરાબર સંભાળ રાખજે.' એટલે 'ભલે, તેમ કરીશ' એમ તે વચન સ્વીકારી, રક્ષાવલય લઇને તે બેસી રહ્યો. ત્યાં વિદ્યાસિદ્ધે જળ-પ્રવેશ કર્યો અને એક મુહૂર્ત્તમાત્ર થતાં, તે વિદ્યાસિદ્ધને ન જોવાથી ગોભદ્ર ભારે આકુળ થઇને આમતેમ બધે જોવા લાગ્યો, અને ત્યાં સર્વત્ર શોધ કરતાં લગભગ સૂર્યાસ્ત થવા વખત થયો. એટલે કોમળ પ્રવાલ સમાન રકત કીરણો પ્રસરવા લાગ્યા, ચક્રવાક-યુગલો વ્યાકુળ થવા લાગ્યા ત્યારે ગોભદ્રે ગંગામાં તરનારાઓને તે વાત જણાવી—'હે ભદ્રો; અત્યંત રૂપશાળી પ્રવર પુરૂષ અહીં ગંગાના જળમાં પેઠો છે, પરંતુ અત્યારે તે દુસ્તર ઉન્નત તરંગોની શ્રેણિમાં આચ્છાદિત થયો, કે મગર પ્રમુખ દુષ્ટ સત્ત્વો તેને ખાઇ ગયા કે વિષમ પંકમાં તે નિમગ્ન થયો ? તેનું શું થયું, તે કાંઇ બરાબર સમજી શકાતું નથી, માટે તેના વિરહથી વ્યાકુળ થયેલ મારા જીવિતની દયા લાવી, તમે સત્વર નદીમાં પ્રવેશ કરો અને તે મહાભાગને શોધી કહાડો કે અકાળે તેવા પ્રવર પુરૂષરૂપ દિનકર ન આથમે, તથા સુરસરિતાને આજન્મ તેવો મહાકલંક ન લાગે.' એમ ગોભદ્રના કહેતાં જ કરૂણામાં પરાયણ તારકો ચોતરફ દોડ્યા અને સુરસરિતાના પ્રવાહમાં ડૂબકી મારી તેને શોધવા લાગ્યા. વળી તેવા સ્થાને સ્થાને ભારે ઉત્સાહથી ભુજા પ્રસારી જળને આલોડતા પ્રથ-મથી જ કયાંક તેનો પત્તો ન લાગવાથી તારકો પાછા ફર્યા અને તે હાથ ન લાગવાની વાત તેમણે ગોભદ્રને કહી સંભળાવી. એટલે જાણે ગાઢ મુદ્ગરથી હણાયો હોય તેમ તેના દુઃસહ શોકાવેગથી અત્યંત વ્યાકુળ થતાં ગોભદ્ર ચિંતવવા લાગ્યો કે—'અહો ! લોકોના લોચનને આનંદ પમાડનાર એવો શરદ

પૂર્ણિમાનો ચંદ્ર કેમ ઉદય પામ્યો અને ગાઢ દાઢાયુક્ત મુખવાળા રાહુએ કેમ તેને ગ્રસ્ત કર્યો? અહો! ભૂમંડલના મંડનરૂપ કલ્પવૃક્ષનો અંકુર કેમ ઉત્પન્ન થયો અને વન-વરાહે તેને મૂળથી જ કેમ ઉખેડી નાખ્યો? ભુવનના તિલકરૂપ અને અકારણ સ્નેહ ધરાવનાર એ વિદ્યાસિદ્ધ કેમ મારો મિત્ર થયો અને અલ્પ સમયમાં તે કેમ અદૃશ્ય થઇ ગયો? હું સમજું છું કે મારા મંદ ભાગ્યથી જ તેની આવી દશા થઇ. ખરી વાત છે કે જ્યાં કુવાડો પડે, તે વૃક્ષ શાખાશુષ્ક બની જાય. વળી મારો મનોરથ એવો હતો કે એનાથી મારા વાંછિતાર્થની સિદ્ધિ થશે, પરંતુ દૈવે તે બધી આશા વિફળ કરી દીધી; તો હવે આવા કલંક-પંકથી ખરડાયેલ અને વિષવૃક્ષની જેમ લોકોને દુઃખદાયક એવા મારા શરીરને હું શી રીતે ધારણ કરી શકીશ?" એમ ચિંતવીને તે મુક્તકંઠે રોવા લાગ્યો-'હા! પરમ આશ્ચર્યરૂપ રત્નોના રત્નાકર! હા! નિષ્કારણ કરુણારસના સાગર! હા! પરમ વિદ્યાધરીઓના વિલાસવડે સુભગ હા અસાધારણ સાહસથી કાત્યાયનીને સંતુષ્ટ કરી વર લેનાર! આમ એકદમ તું દૃષ્ટિપથથી કેમ ચાલ્યો ગયો? મને મંદભાગીને પ્રત્યુત્તર આપ. શું તમારા જેવા પુરૂષો પર પણ આવી આપદાઓ આવી પડે છે? હા! પાપી કૃતાંત! શું એકીસાથે આ વસુંધરાને પુરૂષરત્ન રહિત કરવા બેઠો છે. એમ વિલાપ કરી, તેના વિરહાગ્નિને પ્રશાંત કરવા માટે ગંગાજળમાં પડવાને ઇચ્છતો પોતાના વસ્ત્રને મજબુત બાંધી, કેશ-પાશ સમારી, અંજલિ જોડીને તે ભાગીરથીને વિનવવા લાગ્યો-હે દેવી! સુરસરિતા! એ મારા પરમ બાંધવને તે જ અપહર્યો છે, માટે તેને અનુસરવાની ઇચ્છાથી હું પણ હવે તારા પ્રવાહમાં પડું છું; કારણ કે અગ્નિદગ્ધને અગ્નિજ ઔષધ છે, એ વૃદ્ધવાદ છે; એમ કહી તે જેટલામાં ઉન્નત દુસ્તટ પરથી ઝંપા આપતો નથી તેટલામાં પાસે રહેલા કોઇ નાસ્તિકવાદીએ તેને પકડી લીધો અને પૂછયું કે-'અરે મુગ્ધ! તું આમ શામાટે પડે છે?' એટલે તેણે પોતાના ગામથી નીકળ્યો ત્યારથી માંડીને વિદ્યાસિદ્ધના દર્શનને ઇચ્છતાં ગંગાનદીમાં પડવા સુધીનો બધો વૃત્તાંત નિવેદન કર્યો, જે સાંભળતાં તેમણે કહ્યું—'હે મૂઢ! આ માર્ગ તને કોણે બતાવ્યો છે? કે અહીં પડવાથી પ્રિયસમાગમ, વ્યાધિનાશ અને પાપપ્રલય થાય. આ નદી તો સમસ્ત દેશાંતરથી આવેલ લોકો કે જેઓ કોઢી, સર્વાંગે સડેલા એવા તેમના સ્નાનથી દુગંછનીય જળવાળી અને મહારાક્ષસીની જેમ અનેક મૃતક-અસ્થિસમૂહનું ભક્ષણ કરવામાં તત્પર છે, તે મનોવાંછિત કેમ પૂરશે? અહો! મહામોહ, અહો! ગાડરીયો પ્રવાહ. વિચક્ષણ જનો આ પ્રમાણે કહે છે તે સત્ય છે કે—

" कर्णविषेण हि दग्धः, किं किं न करोति बालिशो लोकः ।
क्षपणकतामपि धत्ते पिबति सुरां नरकपालेन " ॥ १ ॥

એટલે કર્ણવિષ શ્રવણવડે દગ્ધ થયેલ અજ્ઞ લોકો શું શું આચરતા નથી? તે પોતાના સર્વસ્વની દરકાર તજે છે અને નર-કપાલમાં મદિરા પીએ છે.

હવે અહીં નિમગ્ન થવાથી જો વાંછિતાર્થની સિદ્ધિ થતી હોય, તો અરે! આ મત્સ્ય, કાચબા વિગેરેએ શો અપરાધ કર્યો? કારણ કે એ તો આજન્મ પ્રવાહમાં જ પડયા છે. વધારે શું કહેવું? વિષાદ મૂક, મરણનો અભિલાષ તજી દે, તારૂં કર્ત્તવ્ય કર. વળી એવા પ્રકારનો પુરૂષ યમમુખમાં પ્રવિષ્ટ થયા છતાં મરણ ન પામે, તેમ છતાં કદાચ મરણ થઇ જાય તો જીવરહિત શરીર પોતાની મેળે પાણી પર તરી આવે, માટે વ્યાકુળતા કે વિલાપ કરવાથી શું?' એવામાં ગંધહસ્તીએ ગર્જના કરી, મંગલ-વાદ્ય વાગ્યું, બંદી પઢ્યો અને સારસ-મિથુને શબ્દ કર્યો. એટલે તેમણે જણાવ્યું કે-'હે ભદ્ર! આવા નિમિત્તોથી હજી પણ સૂચન થાય છે કે તે જીવતો હોવો જોઇએ.' ગોભદ્ર બોલ્યો—'તમારા વચન-સામર્થ્યથી એમ થાઓ.' એમ તેમણે ગોભદ્રને મરણથકી અટકાવ્યો. પછી તે ત્યાં જ બે-ત્રણ દિવસ રહ્યો. એવામાં એક દિવસે તેને વિચાર આવ્યો કે—'અહો! હવે અહીં રહેવું યુક્ત નથી, કારણ કે વાણારસી પણ એક તીક્ષ્ણ છુરીની જેમ મારા શરીરને અધિક અધિક છેદે છે અને મંદાકિની-ગંગા પણ પ્રતિદિવસ ભાગીયણની જેમ મને સતાવે છે; માટે જાલંધર નગર ભણી જાઉં અને ચંદ્રલેખાએ કહેલ પ્રણયની ખાત્રી કરૂં.' એમ ધારીને તે નગર પ્રત્યે ચાલ્યો. જતાં જતાં બપોર થતાં વિદ્યાસિદ્ધના ભોજનની ખુબી યાદ આવતાં, લોચન-યુગલ અશ્રુ-જળથી ભરાઈ જતાં તે ચિંતવવા લાગ્યો કે—'હે નિર્લજ્જ! વજ્રઘટિત! હે હતભાગી હૃદય! તેવા પ્રકારના પ્રવર પુરૂષના અસહ્ય વિરહાનલની જવાળાથી તપ્યા છતાં અદ્યાપિ કેમ લજ્જા પામતો નથી? વળી તે જ મહાપ્રભાવી રક્ષાવલય અને આ વિપ્ર પણ તે જ છે, છતાં એક તે સિદ્ધ-પુરૂષ વિના બધી દિશાઓ શૂન્ય લાગે છે. અથવા તો રક્ષાવલય વિદ્યમાન છતાં મને નિર્ભાગીને શો લાભ? વિધિ-દૈવ જેને પ્રતિકૂળ હોય તેને ચિંતા-મણિનો લાભ થતાં પણ તે સીદાય છે. ગુણોદય પણ અવશ્ય આધારના યોગે થાય છે, પરંતુ જેમ તેમ તે ન થાય. સલિલ પણ છીપના સંપુટમાં પડતાં તે મુક્તાફળ-મોતી થવા પામે છે.' એમ ચિંતવતાં અને તેમાં જ એકચિત્ત

લગાવી, અવિલંબિત ગતિએ જતાં, ખેદયુક્ત એવો તે અનુક્રમે જાલંધર નગરમાં પહોંચ્યો, અને ત્યાંના નિવાસી લોકોને પૂછતાં તે ચંદ્રકાંતાના ઘરમાં પેઠો. તે શુન્ય જોઇને દ્વાર પર બેઠેલ ગૃહરક્ષિકાને તેણે પૂછયું કે–'હે ભદ્રે ! કેમ અહીં કોઇ દેખાતું નથી ?' એટલે તેણે પણ બધિરપણાને લીધે વચન સાંભળવામાં ન આવતાં પોતાના શ્રવણ બતાવ્યા. જેથી 'આ તો બધિર છે, એમ સમજીને તેણે મોટા શબ્દે અવાજ કર્યો. એવામાં પાસેના ઘરમાં રહેલ ઇશાનચંદ્ર વિદ્યાસિદ્ધે તે શબ્દ સાંભળ્યો અને ઓળખી લીધો. પછી તેણે બોલાવતાં કહ્યું કે–'હે ગોભદ્ર ! આ બાજુ આવ. હું અહીં રહું છું.' ત્યારે ગોભદ્ર પણ એકદમ તે વચન સાંભળતાં 'કેમ વિદ્યાસિદ્ધની જેમ મને બોલાવે છે ?' એમ શંકા લાવતાં, જેટલામાં કંઇક આગળ ચાલ્યો તેવામાં અનેક બંધનથી મજબૂત બાંધેલ, પગ પ્રસારવાને પણ અસમર્થ એવો ઇશાનચંદ્ર વિદ્યાસિદ્ધ તેના જોવામાં આવ્યો. તેને જોતાં ગોભદ્ર વિચારવા લાગ્યો કે–'અરે ! આ શું કૂટ છે ? બિભીષિકા કે મતિભ્રમ છે ? અથવા દૃષ્ટિવંચન છે કે છળવાનો કોઈ પ્રકાર છે ? અથવા તો અહીં આ બધું જોગણીઓનું સ્થાન છે, તેથી સ્વકર્મરૂપ પવનથી પ્રેરાયેલ હું અવશ્ય નષ્ટ થવાનો છું. તે વખતે સુરસરિતાના તીરે ધર્મકૃત્યો કરી, જો પરલોકની સાધના કરી હોત તો બહુ જ સારૂં થાત. એ પ્રમાણે મરણના ભયથી શરીરે કંપતાં શોકસહિત તે જેટલામાં વિચાર કરે છે તેટલામાં ફરીને પણ વિદ્યાસિદ્ધે તેને તરત બોલાવ્યો–'હે ગોભદ્ર ! આમ વિભ્રમ કેમ લાવે છે ? અહીં તને ભય નથી. પૂર્વે લીધેલ રક્ષાવલય મને અત્યારે સોંપી દે.' એમ તેના બોલતાં ગોભદ્ર વિશ્વસ્ત થઇને તેની પાસે આવ્યો. ત્યાં વિવિધ પ્રકારે બંધાયેલ એવો વિદ્યાસિદ્ધ તેના જોવામાં આવ્યો, એટલે તેને જોતાં આંખમાં આંસુ લાવીને ગોભદ્ર કહેવા લાગ્યો કે–'હા ! આર્ય ! તારી પણ આવી દુરવસ્થા કેમ થઇ ?' વિદ્યાસિદ્ધ બોલ્યો–'હે ગોભદ્ર ! વિષાદ કરવાથી શું ? તું મારી ભુજાના મૂળમાં સત્વર રક્ષાવલય બાંધ.' ત્યારે 'જેવી આપની આજ્ઞા' એમ કહેતાં તેણે રક્ષાવલય બાંધ્યું. એવામાં તેનાં બધાં બંધનો તડતડાટ દઇને તૂટી પડ્યાં અને વિદ્યાસિદ્ધ સ્વસ્થ થયો. પછી ગોભદ્રે પૂછયું કે–'હે આર્ય ! આ શી હકીકત છે ? કયાં નદીમાં નિમજ્જન અને કયાં અહીં આગમન ? અથવા આ નિરોધ કેમ ?' મને તો આ બાબતમાં ભારે કૌતુહલ થાય છે. એમાં પરમાર્થ શો છે ? તે કહો.' એટલે વિદ્યાસિદ્ધે જણાવ્યું કે–'કહું છું, સાંભળ. તે વખતે ચપળતા–ઉતાવળથી મુકતા-

સુકૃતનો વિચાર કર્યા વિના દિવ્ય માહાત્મ્યયુક્ત રક્ષાવલય તને આપીને હું ગંગાના જળમાં પડ્યો, તેનું આ ફળ.' ગોભદ્ર બોલ્યો-'તે શી રીતે?' તેણે કહ્યું-'જેટલામાં હું ત્યાં મુહૂર્ત્તમાત્ર પ્રાણાયામ કરતો રહ્યો તેટલામાં તરત જ શરીર અત્યંત નિર્બળ જઇ જતાં, તમારા જેવા ન જોઇ શકે તેમ પૂર્વના વૈરાનુબંધને ધારણ કરતી, આ ઘરની સ્વામિની **ચંદ્રલેખા** જોગણીએ મને ઉપાડયો અને અહીં લાવી, મને દૃઢ બંધનોથી બાંધી મૂકયો.' ગોભદ્ર બોલ્યો-'હે આર્ય! એની સાથે વૈરાનુબંધ શા કારણે થયો?' વિદ્યાસિદ્ધે કહ્યું—'તે વખતે વિમાન પર આરૂઢ થઇને આવેલ એની જ્યેષ્ઠ ભગિની ચંદ્રકાંતાની સાથે મેં જે બળાત્કારથી વિલાસ કર્યો એ જ મુખ્ય કારણ.' ગોભદ્ર બોલ્યો-'માત્ર ચિંતન કરતાં સમસ્ત વસ્તુ પ્રાપ્ત થાય, તેમ છતાં અત્યારે તારી આવી અચિંતનીય વિષમાવસ્થા કેમ?' વિદ્યાસિદ્ધે જણાવ્યું-'દેવતાએ આપેલ રક્ષાવલય મારી પાસે ન હોવાથી તેમ થયું; પરંતુ ભદ્ર! તેં મને આ આપદાથી બચાવ્યો. તારી વિચક્ષણતા બહુ જ શ્રેષ્ઠતા પામી. તને ન જોવાથી જે મને દુઃખ થતું તેવું દુઃખ આવી વિષમ દશામાં પડતાં મને ન થયું. હું ધારૂં છું કે ભાગીરથી દેવી આ જ ભવમાં પ્રસન્ન થઇ કે જેણે અનુપમ ચારિત્ર અને પ્રગટ પ્રણયશાળી તારા જેવો મિત્ર મને મેળવી આપ્યો. આથી મારૂં મન અતિપ્રસન્ન થયું છે, માટે યથેષ્ટ વર માગી લે.' એમ તેના કહેતાં ગોભદ્ર બોલ્યો-'હે આર્ય! દેવની જેમ અન્ય કોઈ પણ જાણી શકે કે અનુપમ ચરિત્ર તથા પ્રેમયુક્ત મિત્ર કોને મળ્યો?' વિદ્યાસિદ્ધે કહ્યું—'હે ભદ્ર! હવે આ સંકથાથી સર્યું. યથેષ્ટ વર તું માગી લે.' ગોભદ્ર બોલ્યો—'આપની મોટી મહેરબાની, હું તે અવસરે માગી લઈશ.'

એવા અવસરે વાગતા ડમરૂના નાદવડે ભુવનના અંતરાલને ભરનાર, પ્રવર આભરણના કિરણોથી ગગનાંગણને વિચિત્ર બનાવનાર તથા દિવ્ય વિમાન પર આરૂઢ થયેલ એવી **ચંદ્રલેખા** અને **ચંદ્રકાંતા** દાખલ થઇ. તેવામાં ગોભદ્રે જણાવ્યું—'હે આર્ય! હવે તમે એમની સાથે કેમ વર્ત્તશો?' વિદ્યાસિદ્ધ બોલ્યો—'શત્રુ પ્રત્યે જેમ વર્તીએ તેમ.' ગોભદ્રે કહ્યું—'હે આર્ય! એમ ન બોલો, કારણ કે વિષલતાની જેમ વધતી જતી વૈર-પરંપરાથી સારૂં શું થવાનું?' વિદ્યાસિદ્ધે જણાવ્યું-'તો શું કરવું? વિપક્ષ-શત્રુને પરાભવ પમાડવાથી જ પોતાની સ્થિતિ સંભવે, રાત્રિના અંધકારને પરાસ્ત કર્યા વિના માર્ત્તંડ-મંડલ આગળ પ્રગતિ કરતું નથી અને પંકપણાને

પામ્યા સિવાય ધૂલિપટલ, લાંબા વખતને માટે સલિલને બાંધી-અટકાવી શકતું નથી.' એટલે ગોભદ્રે કહ્યું-' જો કે વ્યવહાર તો એ જ છે, છતાં મારા વચનના ઉપરોધથી તમારે અત્યારે ઉદાસીન થઈને રહેવું.' વિદ્યાસિદ્ધ બોલ્યો- ' તે તમે જાણો.' એમ તેના બોલતાં, લોકો ન જાણે તેમ ત્યાંથી નીકળી, તે ભવન ભણી ગોભદ્ર ચાલ્યો. એવામાં ચંદ્રલેખાએ તેને આવતો જોયો. એટલે ચંદ્રપ્રકાશને લીધે પૂર્વે જોયેલ રૂપના અનુમાનથી બરાબર ઓળખી લેતાં તેણે ગાઢ આલિંગનપૂર્વક શુભ આસને તેને બેસારી, હર્ષથી વિકાસ પામતા લોચને ચંદ્રલેખાએ પૂછયું કે—' હે આર્ય ! કયાંથી અને શી રીતે તું અહીં આવી ચઢ્યો ?' ત્યારે તેણે પણ ચંદ્રલેખાને સામાન્ય રીતે વૃત્તાંત કહી સંભળાવ્યો. ચંદ્રલેખાએ કહ્યું-' તમે સારૂં કર્યું કે આ અવસરે અહીં આવી ચડયા, કારણ કે હવે અમારા મનોરથ બધા પૂર્ણ થયા.' ગોભદ્ર બોલ્યો- ' તે શી રીતે ?' તે બોલી—' તે વખતે તમે મને જે બ્રહ્મચર્યના ખંડનથી બચાવી તેથી સાત રાત્રિ પર્યંત બરાબર આરાધતાં ભગવતી **સ્વયંપ્રભા** નામે વિદ્યા સિદ્ધ થઈ, અને તે દુષ્ટ વિદ્યાસિદ્ધ ઇશાનચંદ્ર સર્વ કામુક રક્ષાવલય-હીન થઈ, ગંગાના જળમાં પડતાં મત્સ્યની જેમ પરવશ થયેલ તે અમને પ્રાપ્ત થયો.' ગોભદ્રે કહ્યું—' અત્યારે તેને કેવી રીતે રાખ્યો છે ?' તે બોલી-' દુષ્ટ ગજ-હાથીને રખાય તેમ.' તેણે કહ્યું-' હવે તેને આમ પકડી કેમ રાખ્યો છે ?' તે બોલી-' કૃષ્ણ ચતુર્દશીએ ચંડિકાના બલિ-વિધાન માટે.' ગોભદ્ર બોલ્યો-' જો એમ હોય તો તે મને બતાવ, કારણ કે થોડા દિવસના પરિચયને લીધે મારે તેને કંઈક કહેવાનું છે.' તે બોલી-' તેમાં શી હરકત છે ? ચાલ બતાવું.' પછી તે બંને ચાલ્યા અને જેટલામાં ચંદ્રલેખા કંઈક આગળ ચાલી તેટલામાં રક્ષાવલય જેણે ભુજાએ બાંધેલ છે, દૃઢ બંધન જેનાં તૂટી ગયાં છે, મહાકોપથી જેના અધર સ્ફુરાયમાન છે અને પ્રગટ કરેલ ભાલ-ભ્રકુટીવડે ભીષણ એવો વિદ્યાસિદ્ધ તેણીના જોવામાં આવ્યો. તેને જોતાં ચંદ્ર-લેખા ચિંતવવા લાગી કે-' અહો ! આ રાક્ષસને રક્ષાવલયનો લાભ કયાંથી ? અને બંધનનો ઉચ્છેદ કેમ થઈ ગયો ? અહો ! આ તો અણધારી આપદા આવી પડી.' એમ ભયભીત થયા છતાં આકાર ગોપવી, ગોભદ્ર સહિત ચંદ્ર-લેખા તેની પાસે આવી. એટલે તેને આવતી જોઇ કંઈક કોપ અને દ્વેષ ગોપવી વિદ્યાસિદ્ધે પણ તેને બોલાવી કે—' હે ભદ્ર ! બેસ.' પછી ચંદ્ર-લેખા આસન પર બેઠી ત્યારે કંઇક કૈતવ-કપટથી ઊંચે જોઇ વિદ્યાસિદ્ધે કહ્યું કે-' અહો ! આ પૂર્વ-પરિચિત ગોભદ્ર કેમ દેખાય છે ? હે ભદ્ર ! અહીં

આવ. શું મારી જેમ તું પણ એના છળમાં ફસાયો છે ? કે વાણારસીમાં મૂકયા છતાં અહીં દેખાય છે.' ગોભદ્ર વિચારવા લાગ્યો કે-' અહો ! આ તો ગાઢ અમર્ષ લાગે છે, તો હું એવો ઉપાય લઉં કે એમનો પરસ્પર પ્રણયભાવ બંધાય. હિતની ઉપેક્ષા કરવી તે વિશિષ્ટ પુરૂષોને અનુચિત છે.' એમ ધારી, અંજલિ જોડીને ગોભદ્ર કહેવા લાગ્યો કે-

" હે ભગિની ચંદ્રલેખા ! હે ગુણગણ સમૃદ્ધ વિદ્યાસિદ્ધ ! તમે પોતે ભારે કુશળ છો તેથી જો કે કંઇ કહેવા જેવું નથી; છતાં પણ તમારા અસાધારણ પ્રેમબંધથી મારૂં મન આકૃષ્ટ થતાં અને દ્વિજ જાતિનો સ્વભાવ બહુ બોલવાનો હોવાથી હું કંઈક કહેવા માગું છું. તમને જે પરસ્પર આરોષ પ્રગટ થયો છે તે પરમ વૈરીની જેમ દુઃખદાયક હોવાથી ગમે તે રીતે તજવા લાયક છે, કારણ કે અગ્નિની જેમ વૃદ્ધિ પામતાં એ પ્રથમ તો પોતાના સ્થાનને બાળે છે, તો એને અવકાશ પણ કેમ અપાય ? વળી વૈરીઓમાં દોષ પ્રગટ કરનાર હોવાથી કોપ પણ તમારામાં ઉછળી રહ્યો છે. અરે ! દુઃખના એક કારણરૂપ એવા કોપ ઉપર જ તમે કેમ ક્રોધ લાવતા નથી ? બહુ ભારે અપરાધના સ્થાને પણ મોટા જનોનું મન વિકૃત-ચલાયમાન થતું નથી. જલધરથી જેમ ગિરિસરિતા ક્ષોભ પામે તેમ મહાસાગર ન ખળભળે. અપકાર પ્રત્યે જે અપકાર કરવો, એ તો નીચ વ્યવહાર છે. મહાપુરૂષો તો અપકારી જનપર પણ ઉપકારજ કરે છે. જો એમ ન હોય તો ઉત્તમ અને નીચ જનોનો ભેદ કેમ જાણવામાં આવે ? કારણ કે એકરૂપ વસ્તુમાં વિવિધ અભિધાનાનો આરોપ થતો નથી. હવે વધારે કહેવાથી શું ? જો તમારે મારા બોલમાં પ્રતિબંધ હોય અને ઉત્તમ ગુણ-માર્ગે વર્ત્તવાની જો તમારી ઇચ્છા હોય, વળી જો ચંદ્રની ચાંદની સમાન નિર્મળ કીર્ત્તિને તમે સદા ઇચ્છતા હો, તો પૂર્વનો કોપ તજી, પરસ્પર સ્નેહભાવ કરો. તેમજ હે વિદ્યાસિદ્ધ ! ત્રણે ભુવનમાં અવધ્ય સદ્ભાવવડે સિદ્ધ એવી સ્ત્રીઓમાં પ્રદ્વેષ લાવતાં તું કેમ લજ્જા પામતો નથી ? હે મહાનુભાવ ! ' કુશળ જનો પણ મૂઢ બને છે ' આ વાકય ઇતિહાસ અને પુરાણ પ્રમુખ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છતાં તું કેમ ભૂલી ગયો ? "

એ પ્રમાણે સાંભળતાં વિદ્યાસિદ્ધ લજ્જા પામીને બોલ્યો કે—' હે ભદ્ર ! મને સત્વર આદેશ કર કે અહીં શું કરવાનું છે ? ઉત્પથમાં પ્રવર્ત્તતા મારા

જેવા લોકોને બોધ પમાડવા માટે, પ્રજાપતિએ અવશ્ય વેદાર્થના મહાસાગર તમ જેવાને ઉત્પન્ન કર્યા છે.' એમ સાંભળી ગોભદ્રે કહ્યું કે—'સારૂં, સારૂં. હે વિદ્યાસિદ્ધ! આમ બોલતાં અન્ય કોને આવડે? અથવા તો ચંદ્ર-મંડળને કોણ શીતલ બનાવી શકે? મોરના પીંછાંને કોણ ચિતરે? તમારા જેવા પુરૂષોને તો દેહની સાથે જ વિનય ઉત્પન્ન થયેલ હોય છે. ઉઠો, હવે ચંદ્રલેખાને પ્રણામ કરો. હે ચંદ્રલેખા! તું પણ મત્સર અને પૂર્વના કોપને તજી, એને સ્વજન સમાન સમજી લે. એની સાથે સ્નેહ-ભાવ લાવ.' એમ ગોભદ્રે કહેતાં વિદ્યાસિદ્ધ ચંદ્રલેખાના પગે પડયો અને બોલ્યો કે—'હે સુતનુ! તારૂણ્યમદ, વિદ્યાબલને લીધે ગર્વ કે અવિવેકને સુલભ દુર્વિનયવડે જે કાંઇ મેં તારો અપરાધ કર્યો, તે ક્ષમા કરજે.' ચંદ્રલેખાએ કહ્યું કે—'હે વિદ્યાસિદ્ધ! હવે ખમાવવાથી સર્યું. હું પોતે જ સર્વથા મંદભાગી કે અલ્પમાત્ર અપરાધ છતાં આવા પ્રકારનો અનર્થ કરવા ઉભી થઈ.'

એવામાં થોડી દાસીઓના પરિવાર સાથે હૃદયમાં ભારે વિસ્મય પામતી ચંદ્રકાંતા પણ તરત ત્યાં દાખલ થઇ. એટલે ગોભદ્રે વિદ્યાસિદ્ધને કહ્યું કે—'જેના નિમિત્તે આ વૈર બંધાયું, તે આ રમણી છે; માટે રોષ તજી, એની સાથે વિશેષથી ખામણા કર. લેશ પણ રોષાવેશ અગ્નિની જેમ દુઃખના કારણરૂપ થાય છે.' એમ તેના કહેતાં, પોતાની ભગિની અને વિદ્યાસિદ્ધનો પ્રણયભાવ થવાથી હૃદયમાં સંતુષ્ટ થયેલ એવી ચંદ્રકાંતા સાથે વિદ્યાસિદ્ધે ભારે આદરપૂર્વક ખામણા કર્યા. એમ પરસ્પર કોપાનુબંધ નષ્ટ થતાં, જાણે એક માતાપિતાના સંતાન હોય તેમ દૃઢ સ્નેહ ભાવ પ્રગટતાં તેઓ વાતો કરે છે તેવામાં રસોયાણીએ આવીને ચંદ્રકાંતાને વિનંતિ કરી કે—'હે દેવી! મહેરબાની કરી ઘરે ચાલો. રસોઈ તૈયાર છે. જગચ્ચક્ષુ ભગવાન્ ભાસ્કર મધ્યભાગે આવેલ છે.' એમ સાંભળતાં ચંદ્રકાંતાએ કહ્યું કે—'હે ચંદ્રલેખા! ભોજનને માટે આ અતિથિઓને નિમંત્રણ કર. વખત વીતી જાય છે.' એટલે ચંદ્રલેખાએ વિદ્યાસિદ્ધ અને ગોભદ્રને ઉઠાડતાં તેઓ ભોજન-મંડપમાં ગયા. ત્યાં વિવિધ શાકાદિવડે અધિક સ્વાદિષ્ટ એવું ભોજન કર્યા પછી કપૂર અને સોપારીના ચૂર્ણ સહિત તેમને પાનનાં બીડાં આપવામાં આવ્યાં. એવામાં વિદ્યાસિદ્ધે અંજલિ જોડી ગોભદ્રને કહ્યું કે—'હે ભદ્ર! પૂર્વે સ્વીકારેલ વર માગી લે. કારણ કે હવે મારે અહીંથી નિવૃત્ત થવાનું છે.' ગોભદ્રે જણાવ્યું—'હે મહાભાગ! જો સાચી રીતે તમે સંતુષ્ટ થયા હો તો

એ જ વર આપો કે એ રમણીઓ સાથે તમારે સતત સ્નેહભાવ રાખવો. એમ કરવાથી તમે મારૂં બધું વાંછિત કર્યું સમજજો. પરના ચિત્તને સંતોષ પમાડયા ઉપરાંત શું અન્ય કાંઇ દાન છે ? બલિ કે હરિચંદ્ર પ્રમુખ રાજાઓ પૂર્વે પોતાના જીવિતદાનથી પણ લોકોનો ઉપકાર કરી ગયા છે. દુઃખસંતપ્ત પ્રાણીઓ પર જે ઉપકાર કરવો એ જ ક્ષણ–નશ્વર અને દુઃખભાગી જીવિતનું ફળ છે. ' ત્યારે વિદ્યાસિદ્ધે કહ્યું કે–' હે ભદ્ર ! આમ શામાટે બોલે છે ? તમારા જેવા પાસે પણ શું વિપરીત વાત થઇ શકે ? નિદ્રાથી નેત્ર ઘુમ્યા છતાં સજ્જન પુરૂષો જે વચન બોલે છે તે પોતાના જીવિત કરતાં પણ અધિક પાળે છે. મિથ્યાકારી અથવા મને મિથ્યા બોલનાર સાંભળતાં કાત્યાયની દેવી પણ લજ્જા પામે, તો અન્ય જનને માટે શું કહેવું ? માટે હે ગોભદ્ર ! આ બાબતમાં મારા પ્રત્યેનો અવિશ્વાસ તજી દે. અન્ય કાંઇ વર માગી લે. મારા પ્રણયનો ભંગ ન કર. ' એમ સાંભળી ગોભદ્રે કહ્યું—" જો એમ હોય તો પરસ્ત્રીનો પ્રસંગ તજી દે, કારણ કે પરસ્ત્રીગમન એ વૈરપરંપરાનું કારણ છે, અનર્થોનું એ કુલભવન છે, નરક–નગરનો એ માર્ગ છે, દુર્વિનયનો એ બાંધવ છે, પરિભવનું સ્થાન છે, અપકીર્ત્તિની ખાણ છે, પોતાના કુળને મલિન કરવામાં એ મશીના કુચા સમાન છે, પાપ–પટલનું એ સ્થાન છે, ગુણ–સમૂહનો મૂળથી નાશ કરનાર છે, ઉત્તરોત્તર અધર્મ–પરિણતિને ઉપજાવનાર છે અને વળી એનાથી જ જગતમાં વિખ્યાત છતાં, વૈરીઓનાં પ્રચંડ ભુજદંડનું ખંડન કરવામાં અસાધારણ શૂરવીર છતાં તથા અશેષ વિદ્યાના અતિશયવડે શોભાયમાન છતાં લંકાધિપતિ રાવણ પ્રમુખ ઘણા રાજાઓ વિનાશ પામ્યા તેમજ એનાથી જ પોતાના જીવિતને તૃણ તુલ્ય ગણનાર અને યુક્તાયુક્ત કર્ત્તવ્યથી અજ્ઞાત એવા પ્રાણીઓ તીક્ષ્ણ અગણિત દુઃખો પણ માથે વ્હોરી લે છે; માટે માર્જાર ને મૂષક–ઉંદરની જેમ, અગ્નિ ને ઘૃતકુંભની જેમ, પ્રદીપ ને પતંગની જેમ, પંચાનન–સિંહને સારંગ–હરિણની જેમ સુખાભિલાષી કુશળ પુરૂષ પરદારા–સંગને દૂરથી જ તજી દે છે. " એમ સાંભળતાં ગાઢ પશ્ચાત્તાપ ઉત્પન્ન થવાથી મન વૈરાગ્ય–માર્ગે સંલગ્ન થતાં વિદ્યાસિદ્ધ કહેવા લાગ્યો કે–' હે ગોભદ્ર ! બહુજ સારો ઉપદેશ કર્યો, અપાર પાપરૂપ સમુદ્રથી તમે મારો ઉદ્ધાર કર્યો, હવે સ્વદાર–પરિભોગ સિવાય આજન્મ મારે શેષ મહિલા સંગનો ત્યાગ છે. ' ગોભદ્ર બોલ્યો—'હે આર્ય ! હવે મને વાંછિતાર્થનો લાભ થયો. હવે પછી સ્વજન–સંબંધીઓની કથામાં તમે મને યાદ કરજો. ' એમ કહેતાં અંજલિ જોડી, બધાને પ્રણામ કરી, સ્નેહ–વશ લોચનમાં અશ્રુપ્રવાહ

વહેતાં, ચંદ્રકાંતા પ્રમુખથી સાદર જોવાતો તે વિદ્યાસિદ્ધ અદૃશ્ય થયો. તે ચક્ષુપથથી દૂર થતાં પણ ક્ષણભર વિરહ-વેદનાવડે શૂન્યતા અનુભવી ગોભદ્ર કહેવા લાગ્યો—' અહો ! તેનો વચન-વિન્યાસ, અહો ! પાપ-પરિહાર, અહો ! ભીરૂતા, અહો ! વિનીતતા, અહો ! સુગુણ ઉપાર્જન કરવાનો સમુદ્યમ, અહો ! અસાધારણ દાક્ષિણ્ય. ' ચંદ્રલેખા બોલી હે-ભદ્ર ! એ બધો તારો અનુભાવ છે, કારણ કે ગારૂડિકના સામર્થ્ય વિના સાલૂર ( દેડકું ) કાંઈ ભુજંગની ફણા પર આક્રમણ કરવાને સમર્થ ન થઈ શકે, તીક્ષ્ણ અંકુશ ધારણ કરતા મહાવત વિના મદમસ્ત હાથી માર્ગે ન ચાલે. ' એમ વિવિધ સંકથા કરતાં કેટલાક દિવસ ત્યાં રહી, એક દિવસે ગોભદ્રે કહ્યું કે-' મને ઘરથી નીકળ્યે ઘણા દિવસો થયા, માટે મને જવાની અનુજ્ઞા આપો. કંઈ સમજાતું નથી કે સગર્ભા તમારી ભ્રાતૃજાયા-ભાભી અત્યારે કેમ દિવસ ગાળતી હશે ? ' એમ સાંભળતાં ચંદ્રલેખાએ ફરીને પણ કેટલાક દિવસ તેને રોકયો. પછી ઘણા રત્ન-દાનપૂર્વક સન્માન આપીને ગોભદ્રને વિસર્જન કર્યો, એટલે વિશેષ કથાનક વડે તે પોતાને ગામ પહોંચ્યો.

હવે પ્રિયતમાને જોવાની ઉત્સુકતાથી ગોભદ્ર જેટલામાં પોતાના ઘર ભણી જાય છે તેટલામાં દૂરથી જ જેનું દ્વાર ભગ્ન છે, ઘણી રજથી આચ્છાદિત, ખાડા ખોદીને સૂતેલા કૂતરાઓના ઘુરઘુરિત ઘોર ઘોષવડે ભીષણ, અનેક મૂષકોનાં બિલોથી વ્યાપ્ત અને શ્મશાનની જેમ ભયાનક એવું ઘર તેના જોવામાં આવ્યું, જે જોતાં હૃદયમાં ક્ષોભ પામી તેણે એક પાડોશણને હકીકત પૂછી. એટલે તેણે પણ લાંબા કાળે તેને આવેલ જોઈ, હેત લાવીને પોતાના ઘરે બોલાવ્યો અને તેને આસન અપાવી, પાદ-શૌચ કરાવીને તેણે કહ્યું કે-' હે ગોભદ્ર ! તમે પ્રથમ ભોજન કરો. ' જેથી તથાવિધ ગૃહ જોતાં શરીરે બળતરા ઉત્પન્ન થવાથી ફરીને પણ તેણે પાડોશણને પોતાના ઘરનો વૃત્તાંત પૂછયો. ત્યારે ' અનિષ્ટ ભોજનના અંતે કહેવું ' એ લોકવાદ વિચારતાં તેણીએ કહ્યું કે-' તારી સ્ત્રી પોતાના પિતાના ઘરે ગઈ છે. બીજું પછી કહીશ. પ્રથમ ભોજન કરી લે. ' એટલે હૃદયમાં વ્યાકુળતા વધતી હોવા છતાં તેણીના આગ્રહથી ગોભદ્રે ભોજન કર્યું. પછી આવીને આસન પર બેસતાં, તેણીએ તેને જણાવ્યું કે-' હે ગોભદ્ર ! તું જતાં કેટલાક દિવસ પછી વિયોગ-દુઃખે કે તથાવિધ વ્યાધિને લીધે શરીરે બહુ જ કૃશ થઈ જતાં શિવભદ્રાને અકાળે તીવ્ર શૂળ વેદના જાગી, શરીર ભારે આકુળ-વ્યાકુળ થવા લાગ્યું, ઔષધો કરતાં પણ આરામ ન થયો. જેથી તે મુહૂર્ત્તમાત્રમાં પંચત્વ-મરણ પામી.' એ પ્રમાણે

સાંભળતાં વિયોગરૂપ વજ્રથી હૃદય જર્જરિત થતાં ક્ષણવાર જાણે મૂર્છા પામ્યો હોય તેમ વીતાવી, મોઢથી પોક મૂકીને તે કરૂણ શબ્દે રોવા લાગ્યો. ત્યાં પાસે રહેતા લોકોએ તેને શાંત કર્યો. પછી તેણે મૃતકાર્યો કર્યાં અને વખત જતાં તેનો શોક ઓછો થયો.

એવામાં એકાદ લોકોએ તેને જણાવ્યું કે–'હે ગોભદ્ર ! શોક તજીને તમે હવે ફરીથી કન્યા પરણો. સંસારની ગતિ એવીજ હોય છે.' તે બોલ્યો– 'અરે ! એ તો બહુ જ અઘટિત છે, કારણ કે પ્રથમ તો અહો ! દ્રવ્ય ઉપાર્જન કરવા માટે હું દેશાંતર ગયો, ચિરકાળ કલેશ સહેતાં તે મેળવીને હું મારા ઘરે આવ્યો. ત્યાં આવતાં આવતાં વિચાર થયો કે–' હવે બીજાં કાર્યોની દરકાર કર્યા વિના પોતાની સ્ત્રી સાથે હું પાંચ પ્રકારનાં વિષય–સુખો ભોગવીશ.' પરંતુ ભવિતવ્યતા યોગે તે અકાળે જ મરણ પામી, તો હવે બીજી સ્ત્રી પરણવાનું શું પ્રયોજન છે ? જેમ તે મરણ પામી તેમ બીજી પરણતાં તે પણ જો પંચત્વ પામે, તો ફરીને કરેલ બધા આરંભો નિષ્ફળજ થાય. વળી પોતાના જીવિતનો પણ શો વિશ્વાસ ? કારણ કે એમ સમજાય છે કે તે યત્નપૂર્વક શ્વાસ–વાયુના મિષે ગમનાગમન કર્યા કરે છે. સંઘટન અને વિઘટન કરવામાં ભારે પરાક્રમી, નિષ્કૃપ અને સ્વચ્છંદે ગમન કરનાર કૃતાંત જ્યાં વિદ્યમાન છે, ત્યાં સ્થિર બુદ્ધિ ક્યાં રાખી શકાય ? વળી દયિતા, ધન અને પરિજનના સંગમમાં જ્યારે સરસવ જેટલું સુખ છે, તો તેના વિયોગમાં અવશ્ય મેરૂ પ્રમાણ દુઃખ રહેલ છે. એમ હોવાથી બહુ કલેશયુક્ત તરૂણીના વિષયની તૃષ્ણાથી સર્યું. વળી આટલી અવસ્થામાં વિષયની આશા એ અવગણનાનું સ્થાન છે.' આવો તેનો નિશ્ચય જાણીને લોકો મૌન રહ્યા અને ગોભદ્ર ધર્મકાર્યોમાં ઉદ્યત થયો.

એક દિવસે પાંચ સો મુનિઓથી પરિવરેલ, છત્રીશ ગુણ–રત્નોના રત્નાકર, સમસ્ત પ્રાણીઓનું રક્ષણ કરવામાં સાવધાન અને સતત સ્મરવા લાયક એવા **ધર્મઘોષસૂરિ** ત્યાં પધાર્યા. તેમને વંદન કરવા ઘણા લોકો ગયા. એવામાં તેમનું આગમન જાણવામાં આવતાં, ભવથી વિરક્ત થયેલ ગોભદ્ર પણ આચાર્ય પાસે ગયો અને ભારે હર્ષપૂર્વક તેમના પાદ–પંકજે પ્રણામ કરી, આશિષ લઈ તે ભૂમિ પર બેઠો. એટલે સૂરીશ્વરે પણ ધર્મદેશનાનો પ્રારંભ કર્યો–

"હે ભવ્યાત્માઓ ! જીવવધ, મૃષાવાદ, અદત્તગ્રહણ, મૈથુન અને પરિગ્રહનો જે ત્યાગ, એજ ધર્મનું મુખ્ય સ્વરૂપ છે. જીવવધમાં આસક્ત થયેલા

પ્રાણીઓ અષ્ટ પ્રકારના કર્મ બાંધે છે, નરકે જાય છે, અને ત્યાં તીક્ષ્ણ દુ:ખો પામે છે. ત્યાંથી નીકળતાં લાખો તિર્યંચ-યોનિઓમાં તે બિચારા પોતાના દુશ્ચરિત્રથી લાંબો કાળ ઉત્પન્ન થાય છે. તેમજ જેઓ સર્વ પ્રાણીઓને પોતાના જીવિત સમાન સમજી સમ્યક્ પ્રકારે સંભાળે છે, તે લોકો સર્વ લોકોના લોચનને આનંદ પમાડવામાં ચંદ્રમા તુલ્ય થાય છે, અને દીર્ઘાયુષ્ય, સુંદર રૂપ અને દિવ્ય દેવસુખો ભોગવી અનુક્રમે અવશ્ય મોક્ષે જાય છે. વળી સત્યાર્થ છુપાવનાર, પ્રાણીઓના વિનાશના એક કારણરૂપ એવું જે ઘોર વચન, તે બધું સુબુદ્ધિ જનોએ વર્જવા લાયક છે. મૃષાવાદી લોકો આ ભવમાં જીહ્વા-છેદન અને લોકનિંદા તથા પરભવે દુ:ખ પામે છે. એ મૃષાવાદથી જે વિરક્ત, કુટિલતાથી વર્જિત અને મિતભાષી છે, તેઓ અપયશના પંકે કદાપિ લિપ્ત થતા નથી. વળી વિકાસિત કમળના પરિમલ સમાન મુખ-શ્વાસવડે દિશાઓને સુગંધી કરનાર એવા તે જનો લોકોમાં પૂજા-પ્રતિષ્ઠા પામે છે, તેમજ આદેયવચની થાય છે. જે પરધનને ઓળવે છે તે સુગતિરૂપ ગૃહના કપાટ-કમાડ બંધ કરે છે અને તુચ્છ ઐહિક સુખોના કારણે કર્મ-બંધનોને મજબૂત બનાવે છે. તે મૂઢાત્મા એનાથી પ્રતિજન્મે દારિદ્રય ઉપાર્જન કરે છે અને સુત, દયિતાના દુ:સહ વિરહ-દુ:ખને પામે છે, તેમજ જેઓ સંતોષી બની, અદત્ત તૃણમાત્ર પણ લેતા નથી તેઓ દેવોને પણ પૂજનીય થાય છે, તો મનુષ્યોને માટે શું કહેવું? તેમના ધનવિલાસ વધે છે, આપદાઓ કદિ આવતી નથી અને તેમના બધા મનોરથ નિર્વિઘ્ને સિદ્ધ થાય છે. જેઓ પોતાના આત્માનો નિગ્રહ કર્યા વિના આ ભવસંબંધી લેશ સુખમાત્રમાં પ્રતિબંધ પામતાં કામલુબ્ધ બની, દાસની જેમ મુગ્ધ થઇને સ્ત્રીઓને આધીન વર્ત્તે છે, તે પુરૂષો રાજસેવા, સંગ્રામ પ્રમુખના વિવિધ વ્યસનો-દુ:ખો, મૈથુન-સંજ્ઞામાં આસક્ત બનવાથી વારંવાર પામે છે અને કામવિમુખ પુરૂષો, દેવ અને મનુષ્યોને પૂજનીય બની, દેહોદ્ભવ, અવિનશ્વર પરમ આનંદને સદા અનુભવે છે. સંપૂર્ણ બ્રહ્મવ્રત પાળવાથી પવિત્ર થયેલા પુરૂષ સિંહને વિદ્યા અને મંત્રો સ્મરણ-માત્રથી સિદ્ધ થાય છે. જેઓ પરિગ્રહની વિરતિ ન કરતાં પાપમાં પ્રવૃત્ત થાય છે, તેઓ કોશિ-કાર-કીટની જેમ સ્વક્રિયાથી પોતાને બાંધે છે. પ્રતિદિવસ લાભ થતાં ભારે લોભ વધવાથી શરીરે કલેશ પામતાં સર્વત્ર પરિગ્રહની મમતાથી તેઓ ચિર-કાળ દુ:ખિત થાય છે અને અપરિગ્રહી પુરૂષો પોતાના શરીરે પણ મમત્વ પ્રતિબંધ કરતા નથી, તો શેષ વસ્ત્ર-પાત્રાદિમાં તો મમતા કેમ કરે? એથી

જ તેઓ તીવ્ર ઉપસર્ગોમાં પણ મંદરાચલની જેમ ધ્યાનથી ચલાયમાન ન થતાં મોક્ષસુખને સાધે છે. હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે અવિરતિ અને વિરતિના દોષો અને ગુણો મેં તમને કહ્યા. એ વિરતિ જ શુદ્ધ ધર્મનું સર્વસ્વ છે. સંસાર–સાગરમાં ભમતા અને સ્વકર્મના મોટા ભારથી દબાયેલા જીવોને એ જ ચિંતામણિની જેમ દુર્લભ છે. એ પ્રાપ્ત થતાં, એવું જગતમાં કાંઈ નથી કે જે પ્રાપ્ત ન થયું હોય; માટે કુશળ બુદ્ધિના પુરૂષોએ એમાં જ સતત પ્રયાસ કરવો. કારણ કે એ નિરતિચાર સાધુદીક્ષા વિના ઘટિત નથી, માટે દુઃખ–શૈલને તોડવામાં વજ્ર સમાન એવી પ્રવ્રજ્યાને તમે આદરો. ”

એ પ્રમાણે ગુરૂએ ઉપદેશ આપતાં ઘણા પ્રાણીઓ સદ્ધર્મ–માર્ગનો પ્રતિબોધ પામ્યા, કેટલાકની મિથ્યાત્વ–વાસના નાશ પામી, કેટલાકને સર્વવિરતિનો ભાવ થયો, ઘણાને દેશવિરતિની ઇચ્છા થઇ. એવામાં સંસારની અસારતાનો વિચાર કરતાં, તત્કાલ તીવ્ર વૈરાગ્યને લીધે પ્રવ્રજ્યાના પરિણામ ઉત્પન્ન થતાં ગોભદ્ર ગુરૂ સમીપે જઈને વિનવવા લાગ્યો કે–‘ હે ભગવન ! તમારૂં વચન મને અમૃતની જેમ પરિણમ્યું છે, વિવેક પ્રગટ થયો છે અને ગૃહવાસના તૂટી, માટે નિર્યામક તુલ્ય તમારા હાથે પ્રવ્રજ્યારૂપ યાનપાત્ર પર આરૂઢ થઈને હું ભવ–સાગર ઓળંગવા ઇચ્છું છું. ’ ગુરૂ બોલ્યા–‘ હે ભદ્ર ! તમ જેવાને એ યુક્ત જ છે. ’ પછી આચાર્યને નમીને તે ઘરે ગયો. ત્યાં રત્નાદિક વેચતાં મળેલ ધનથી દીનાદિકને મહાદાન આપી, પ્રશસ્ત તિથિ અને મુહૂર્ત્તે આચાર્ય પાસે તેણે દીક્ષા અંગીકાર કરી, ગોભદ્ર એક મહાતપસ્વી થયો. શ્રમણ–ધર્મને તે નિરતિચાર પાળતો, પરીષહો સમ્યક્ પ્રકારે સ્હેતો, બાલ, ગ્લાનાદિકનો વિનય સાચવતો, ભાવનાઓ ભાવતો, સિદ્ધાંતશાસ્ત્ર ભણતો, તેના ભાવાર્થને ચિંતવતો તથા અપૂર્વ અપૂર્વ તપશ્ચરણ કરતો, એમ પોતાના આત્માને શોધતાં તેના દિવસો જવા લાગ્યા. એકદા ગુરૂની અનુજ્ઞા લઇને તેણે માસખમણો શરૂ કર્યાં, જેથી તેનું શરીર શુષ્ક થઇ ગયું, છતાં બાલ, ગ્લાનાદિકના કામમાં પોતાનું બળ ન ગોપવતાં તે સર્વત્ર પ્રવર્ત્તતો.

એવામાં એક વખતે તે શ્રમણ કોઇ ક્ષુલ્લક સાધુની સાથે આહાર નિમિત્તે નીકળ્યા, અને યુગપ્રમાણ દૃષ્ટિ પ્રસાર્યા છતાં કોઇ રીતે દૈવયોગે, માર્ગે જતાં તેના પગ નીચે દેડકી આવી અને તે મરણ પામી, એટલે પાછળ આવતા પેલા ક્ષુલ્લકે તેને કહ્યું કે–‘ હે ક્ષમાશ્રમણ ! તમે આની વિરાધના

કરી માટે બરાબર જુઓ.' એમ સાંભળતાં, કંઇક રોષાવેશ ઉત્પન્ન થવાથી ઈર્ષ્યાપૂર્વક, ઇતર જનોના ચરણથી ચંપાઇને મરણ પામેલ દેડકીઓ બતાવતાં તે બોલ્યો કે–' અરે ! દુષ્ટ–શિક્ષિત ! આ પણ મેં મારી ? આ પણ મેં મારી ? આ પણ મેં મારી કેમ ?' ત્યારે ક્ષુલ્લકે જાણ્યું કે–' સાંજે પ્રતિક્રમણમાં પોતે ગુરૂ પાસે આલોયણ લેશે.' પછી પ્રસ્તુત કામ કરીને તે બંને પોતાના સ્થાને આવ્યા. અનુક્રમે સંધ્યા સમય થતાં, આવશ્યક ક્રિયા કરતાં ક્ષમકઋષિ દૈવસિક પ્રાયશ્ચિત્ત ગુરૂ પાસે આલોવીને તે બેઠો, એવામાં પેલી વિરાધના વિસ્મૃત ન થાય એમ ધારી ક્ષુલ્લકે તે ક્ષમકને મંડુકી–દેડકીનો વ્યતિકર સંભળાવ્યો. એટલે નિષ્ઠુર–વિકૃષ્ટ તપ કરવાથી શરીર સંતપ્ત થતાં અને બ્રાહ્મણ-જન્મમાં તથાવિધ તીવ્ર કોપ ઉત્પન્ન થવાની સુલભતાને લઇને તેનો વિવેક નાશ પામ્યો, જેથી તે ક્ષુલ્લકને મારવા માટે અતિવેગથી દોડ્યો; પણ આવતાં વચમાં મજબૂત સ્તંભમાં શિર પછડાતાં મર્મ–પ્રદેશમાં વાગવાથી તથાવિધ કલુષ પરિણામથી સંયમ વિરાધી, કાલ કરીને તે જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થયો. કોપને આધીન થયેલાને એવા પ્રકારની વિડંબના તો થાય જ, કારણ કે–છઠ્ઠ, અઠ્ઠમાદિક દુષ્કર વિકૃષ્ટ–વિગઈ તપના સેવનથી ઉત્પન્ન થયેલ, ગુરૂ, બાલ, ગ્લાન, પંડિતનો વિનય કરતાં મેળવેલ અને દશવિધ યતિધર્મની ક્રિયાના પાલનથી પરિપુષ્ટ થયા છતાં તેણે પોતાનું અસાધારણ પુણ્ય ક્રોધાગ્નિવડે એક ક્ષણમાત્રમાં તૃણની જેમ બાળી નાખ્યું. એટલા માટે જ પ્રશમ રહિત પુરૂષની બધી ક્રિયાઓ નિરર્થક છે, તેમજ ઉત્કૃષ્ટ તપ પણ કેવળ ભૂખમરા જેવો છે. પર્વતોમાં જેમ મેરૂ, નદીઓમાં જેમ ગંગા, પશુઓમાં જેમ પંચાનન, પક્ષીઓમાં ગરૂડ, સર્વ ભુજંગોમાં શેષનાગ, સાધુઓમાં જેમ જિનેશ્વર અને મણિઓમાં જેમ ચિંતામણિ તેમ સર્વ ધર્મોમાં પ્રશમ એ સારરૂપ છે; માટે એમાં જ અધિક પ્રયત્ન કરવો. બસ, એ કરતાં વધારે કહેવાનું શું હોઇ શકે ?

હવે તે ક્ષમકનો જીવ જ્યોતિષી દેવનું આયુષ્ય પાળી, ચવતાં કનકખલ આશ્રમમાં પાંચ સો તાપસોના અધિપતિ કુલપતિની ભાર્યાના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો, ઉચિત સમયે જન્મ પામ્યા પછી તેનું કૌશિક એવું નામ રાખવામાં આવ્યું. તે સ્વભાવે ભારે કોપ કરનાર અને અલ્પ અપરાધ છતાં અન્ય તાપસ–કુમારોને તે કૂટવા લાગ્યો. તેનાથી તાડન પામતાં તેઓ પોતપોતાના પિતાને કહેવા લાગ્યા. તેમને પૂછતાં તેઓ કૌશિકનું નામ બતાવતા, પણ ત્યાં અન્ય તાપસ–કુમારો પણ કૌશિક–નામધારી હતા તેથી


મારનાર કોણ છે ? તે સમજાતું નહિ. એવામાં કોઇએ તેના વિશેષ લક્ષણ કહ્યાં ત્યારથી તેનું **ચંડકૌશિક** એવું નામ રાખવામાં આવ્યું. તે દિવસથી તેનું નામ પ્રસિદ્ધિ પામતાં, તે એ રીતે **ચંડકૌશિક** થયો.

એવામાં એકદા કુલપતિ પંચત્વ પામતાં, અન્ય તાપસોએ તેને કુલપતિના સ્થાને સ્થાપ્યો. તે ઉપવનમાં તેની આસક્તિ બહુ જ વધી પડી. નિરંતર અપૂર્વ અપૂર્વ વૃક્ષોને સિંચતાં અને પાળતાં તે વખત વીતાવતો. અન્ય તાપસો ત્યાં પુષ્પ કે ફળો લેવા આવતાં તેમને તે બલાત્કારથી અટકાવતો, એટલે ત્યાં એક પુષ્પ માત્ર પણ ન પામવાથી 'ગુરૂની જેમ ગુરૂપુત્ર પ્રત્યે વર્ત્તવું' એ વાકય સંભારતાં, તેના વચનને પ્રતિકૂળ ન થતાં, તેઓ અન્ય સ્થાને ચાલ્યા ગયા. કોઈ ગોવાળ પ્રમુખ ફળ નિમિત્તે ત્યાં આવે તો તેને પણ મારીને તે કહાડી મૂકતો. એટલે સમીપના ગામ–નગરોમાં એવી પ્રસિદ્ધિ થઇ કે–'ચંડકૌશિક ઉપવન જોવા પણ આપતો નથી'

પછી એક વખતે અત્યંત તીક્ષ્ણ કુહાડો લઇ, વાડ કરવા નિમિત્તે કાંટા લેવા માટે બહુ જ દૂર વનમાં નીકળી ગયો. એવામાં તે આશ્રમની નજીક શ્વેતાંબી નગરીમાં વસનારા રાજપુત્રો કે જેમને ફળગ્રહણ કરતાં પૂર્વે તેણે અટકાવ્યા હતા તેથી કોપાયમાન થયેલા અને તેના ગમનનો વૃત્તાંત જાણવામાં આવતાં પૂર્વના ક્રોધવશે આવી તેમણે નાનાં વૃક્ષો ઉખેડી નાખ્યાં, કંઇક મોટાં વૃક્ષોને કાપી નાખ્યાં, ફળો પાડયાં, આશ્રમને છિન્નભિન્ન કર્યો, ઘટાદિ ભાંગી નાખ્યા, કમંડળ ફોડી નાખ્યું, દ્રાક્ષ–મંડપો તોડી નાખ્યા, કદલીગૃહો ભાંગીને પાડી નાખ્યાં અને બીજું પણ જે કાંઈ બન્યું તે ભાંગવા–તોડવામાં તેમણે બાકી ન રાખી. એવામાં તથાવિધ આશ્રમ–ભંગનો વ્યતિકર જોતાં ગોવાળોએ જઈને ચંડકૌશિકને જણાવ્યું કે–'કુમારો તારા ઉપવનને ભાંગી રહ્યા છે.' એમ સાંભળતાં, અગ્નિની જેમ ક્રોધથી ધગધગતો, કુહાડો લઇને પવનના વેગે તેમની તરફ દોડયો. ત્યાં કુમારોએ તેને આવતો જોઈ 'મુનિ અવધ્ય છે' એમ સમજી, તેઓ પોતાના નગર ભણી દોડી ગયા. ચંડકૌશિક પણ તેમની પાછળ લાગીને બોલ્યો કે–'હે અધમ ક્ષત્રિયો! મારા ઉપવનને પરોક્ષ ભાંગી–તોડીને અત્યારે શું ફરી તમારી જનનીના ઉદરમાં પેસશો ? વેગથી તમે આમ ભાગો નહિ, એક ક્ષણ મારી સામે આવો કે જેથી તાલફળોની જેમ આ કુહાડાથી તમારાં શિર પાડી નાખું.' ઇત્યાદિ અસભ્ય અને ગાલિગર્ભિત વચન બોલતાં અને કોપથી લોચન વિકલ થઈ જતાં તે એવી રીતે

શીઘ્ર ગતિથી દોડચો કે સ્થાણુ–શુષ્ક થડ સાથે અથડાઇને પડતાં આડે આવેલ પોતાના કુહાડાવતી શિર છેદાઇ જતાં, જાણે અપમાન જોવાથી જ તેનો જીવ તરત નીકળી ગયો. એટલે આર્ત્તધ્યાનથી મરણ પામતાં મૂર્છાને લીધે તે જ વનખંડમાં તે ભયંકર દૃષ્ટિવિષ સર્પ થયો. એવામાં તેના મરણનો વ્યતિકર સાંભળતાં તે પૂર્વના તાપસો તે વનખંડમાં આવીને રહેવા લાગ્યા. પછી એકદા પૂર્વના સ્નેહાનુબંધથી તેને વનરક્ષાના પરિણામ ઉત્પન્ન થતાં, આમતેમ પરિભ્રમણ કરતાં તે તાપસો દૃષ્ટિવિષ સર્પના જોવામાં આવ્યા, જેથી રોષ સહિત સૂર્યબિંબને જોતાં અગ્નિજ્વાળા પ્રગટાવીને તેણે સામે રહેલા તાપસોને બાળી નાખ્યા અને બીજા ચોતરફ પલાયન કરી ગયા. એમ તે ત્રિકાળ વનખંડમાં ચોતરફ ફરીને જે કોઇ પક્ષીને જોતો તેને પણ બાળી નાખતો, તેમજ તે માર્ગે જતાં કાર્પટિક, ભિક્ષુક પ્રમુખ પથિકોને પણ તે પૂર્ણ પરાભવ પમાડતો, એથી તેના ભયને લીધે તે માર્ગ બંધ પડી ગયો. એ ચંડકૌશિક સર્પની ઉત્પત્તિ કહી.

હવે ઉપવનમાં ભમતાં તે સર્પે, યક્ષમંદિરમાં પ્રતિમાએ રહેલા વર્ધમાનસ્વામીને જોયા. એટલે કોપાગ્નિ જાગતાં, 'અહો! આ મારા સામર્થ્યને જાણતો નથી' એમ ધારી, રવિબિંબને જોવાથી ચારગણું વિષ નીકળતાં, મયૂરના પીંછા સમાન ચળકતા અક્ષિ–વિક્ષોભવડે ભારે દુઃસહ એવો તે સર્પ ભગવંતને બાળવાની ઇચ્છાથી વારંવાર જોવા લાગ્યો. ત્યારે દૃષ્ટિવિષની દૃષ્ટિ જિનેંદ્રના અમૃત સમાન શીતલ શરીર પર પડતાં, તે અદ્ભુત પ્રભાવથકી તરત જ ઓલવાઇ ગઈ. જ્યારે પ્રભુના લોમ માત્રને બાળવા પણ તે દૃષ્ટિ અસમર્થ થઇ, એટલે શક્તિ પ્રતિહત થતાં તેણે પોતાની પ્રચંડ ફણા ફફડાવી અને વિષકણોથી મિશ્ર મોટા ફુંફાડા મારતાં ડસવાની ઇચ્છાથી વેગપૂર્વક તે ભગવંત ભણી દોડ્યો, અને તીવ્ર વિષવડે પ્રચંડ દાઢાથી પ્રભુને ડસી, 'ઉગ્ર વિષથી મરણ પામતાં એ મારા પર ન પડે' એમ ધારી તેણે પાછા વળીને જોયું. ત્યાં ભગવંતને તેવી જ સ્થિતિમાં રહેલા જોઇ, ફરી ફરી ત્રણ વાર ડસી ક્રોધથી તે જોતો રહ્યો, પણ પ્રભુને તથાસ્થિત જોતાં, તેમની સૌમ્યાકૃતિ જોવાથી તેનો દુષ્ટ દૃષ્ટિવિષનો વિકાર ઉપશાંત થતાં, ભગવંતે કરૂણાથી તેને બોલાવતાં કહ્યું કે–' હે ચંડકૌશિક! શાંત થા. હે મહાનુભાવ! ઉપશાંત થા. જે વ્યતિકર તેં પોતે જ અનુભવ્યો તે શું યાદ નથી? કે પૂર્વભવે શ્રમણ છતાં કોપથી સમસ્ત સંયમને વિરાધી, મરણ પામીને કુત્સિત જ્યોતિષી દેવની લક્ષ્મી પામ્યો. ત્યાંથી આ વનખંડમાં



ચંડકૌશિક સર્પે પ્રભુને કરેલ ઉપસર્ગ. પ્રભુએ તેને આપેલ પ્રતિબોધ. ( પા. ૨૫૮ )

આનંદ પ્રેસ—ભાવનગર.

તું તાપસસુત થયો અને ત્યાંથી અત્યારે દૃષ્ટિવિષ સર્પ થયો છે, તો હે ભદ્ર ! હજી પણ કોપ તજી દે; કારણ કે પરમ સુખ-સંપદામાં એ વિઘ્નભૂત છે, કલ્યાણ-લતાને તોડી પાડવામાં એ મદોન્મત્ત હાથી સમાન છે, પ્રવર વિવેકનો એ મહાશત્રુ છે, શ્રેષ્ઠ અનુષ્ઠાનરૂપ વનખંડને બાળવામાં એ અનલ સમાન છે તથા વિકટ દુર્ગતિમાં એ લઈ જનાર છે; માટે હવે કોપાનુબંધ સર્વથા તજી દે.' એમ સાંભળતાં પૂર્વાનુભવના સ્મરણવશે ઇહાપોહ કરતાં તે ભુજંગને જાતિસ્મરણ જ્ઞાન થયું. એટલે પૂર્વે આચરેલ તપ-ચરણ, સંયમ-પાલન અને તેને વિરાધવાથી મળેલ જ્યોતિષી-દેવત્વ તેના જોવામાં આવ્યું; તેથી વિવેક પ્રગટતાં, ધર્મ-પરિણામ ઉલ્લાસ પામતાં અને પાપની દુગંચ્છા થતાં, પરમ ભક્તિપૂર્વક પ્રદક્ષિણા આપી, ભગવંતને વંદન કરીને તેણે અનશન આદર્યું. ત્યારે ભગવાને પણ જાણ્યું કે-'આ પ્રતિબોધ પામ્યો અને અનશન લીધું.' તથાપિ તેની અનુકંપાને લીધે પ્રભુ ત્યાં જ કાયોત્સર્ગે કરી રહ્યા છે.

અહીં ચંડકૌશિક પણ વિચાર કરે છે કે-'રોષવશે કોઈ રીતે નયનાગ્નિવડે કોઈના પ્રાણનો નાશ ન થાય.' એમ ધારી મુખ બીલમાં અને શેષ શરીર બીલની બહાર રાખી, પરમ વૈરાગ્યની ભાવનાથી તે ચિંતવવા લાગ્યો કે-"અહો ! ગુણ-રત્નોના સાગર એવા ગુરૂ સાથે પૂર્વે કેમ સમાગમ થયો અને પૂર્વે ન પ્રાપ્ત થયેલ એવું પ્રવ્રજ્યા રત્ન મને કેમ પ્રાપ્ત થયું ? અથવા અમૃતની જેમ બધા દોષાગ્નિને શમાવવામાં સમર્થ અને વિચિત્ર નય-ભંગવડે દુર્ગમ એવું **સૂત્ર** હું સમ્યક્ પ્રકારે કેમ ભણ્યો ? કે માસખમણાદિક તેવા દુષ્કર તપનું મેં ચિરકાલ આરાધન કેમ કર્યું ? કયાં દુર્ધર છતાં અકલંક ચારિત્ર અને બ્રહ્મચર્ય ? આ બધું એક ક્ષણ માત્રના તીવ્ર ક્રોધના પ્રભાવથી કેમ વિફલતા પામ્યું ? હા ! હું મુગ્ધ અને મંદભાગી ! અત્યારે હતાશ હું પ્રકૃતિ-ભીષણ એવા ભુજંગભાવને પામ્યો. મુનિધર્મને અયોગ્ય એવો હું હવે શો ઉપાય લઉં ? હા ! પાપી જીવ ! તે વખતે શિરલોચાદિક ઘણાં દુઃખો તેં જેમ સહન કર્યાં તેમ ક્ષુલ્લકનું એક વચન પણ કેમ સહન ન કર્યું ? હે મૂઢ ! એવી રીતે તેં પોતાના શિરે જ અગ્નિ જગાડ્યો. સુખ-કામી શું પોતાના જ આત્માને મારે ?" એમ ઉત્તરોત્તર વધતા વૈરાગ્યમાં સંલગ્ન થયેલ, દર્પને દળનાર એવો તે સર્પ એક મૃતની જેમ અંગ સંકેલીને રહ્યો.

એવામાં ભગવંતને સમીપે આવેલ જોઇ, વૃક્ષોની આડે છૂપાયેલા ગોવાળ વિગેરે તે તથાપ્રકારે નિશ્ચલ રહેલ ભુજંગનો પણ વિશ્વાસ ન કરતાં, ચેતનાની ખાત્રી કરવા પત્થર-ખંડ તેના પર ફેંકવા લાગ્યા. એમ તાડના પામતાં પણ જ્યારે તે કંઇ ચલાયમાન ન થયો ત્યારે તેઓ પાસે આવીને કાષ્ઠવતી

તેને ઘર્ષણ કરતાં, અને તેમ કરતાં તે ચલિત ન થયો એટલે તેઓ અન્ય લોકોને કહેવા લાગ્યા કે–'દેવાર્યે દૃષ્ટિવિષ સર્પને શાંત કર્યો. હવે તે કોઇને બાળતો નથી.' એટલે લોકો આવી સ્વામીને અને સર્પને પણ વંદન કરી મહિમા ગાવા લાગ્યા. વળી અન્ય ગોપાંગનાઓ પણ ઘી કે માખણ વેચવા ત્યાંથી જતાં–આવતાં, તે સર્પને ઘી ચોપડવા લાગી. તે ઘૃતના ગંધથી ખેંચાઇ આવેલ કીડીઓએ પોતાના તીક્ષ્ણ મુખથી ડંખ મારી, દેહમાં તીવ્ર વેદના ઉપજાવ્યા છતાં બહુ જ સમતાથી તે બધું સહન કરતાં, અર્ધા માસની સંલેખનાપૂર્વક કાળ કરી, **સહસ્રાર** દેવલોકમાં અઢાર સાગરોપમના આયુષ્યવાળો તે દેવ થયો.

એ પ્રમાણે ચંડકૌશિકને સુખપરંપરામાં જોડી, ત્રિભુવનના એક દિનકર એવા વીર જિનેશ્વર ત્યાંથી નીકલતાં **ઉત્તરવાચાલ** સંનિવેશમાં ગયા. ત્યાં પક્ષક્ષમણના પારણે ગોચરીએ ચાલ્યા અને અનુક્રમે **નાગસેન** ગૃહસ્થના ઘરે ગયા. તે દિવસે ત્યાં બાર વરસે તેનો પુત્ર આવેલ હોવાથી મહોત્સવ ચાલતો અને સ્વજનો જમતા હતા. તેમણે સ્વામીની રૂપસંપત્તિથી આનંદ પામતાં, પ્રભુને પરમાન્નથી પ્રતિલાભ્યા. એવામાં 'અહો ! દાન, અહો દાન.' એમ બોલતાં, વસ્ત્રોત્ક્ષેપ કરતાં, કનક વરસાવતાં, ચતુર્વિધ વાદ્યો વગાડતાં, ગંધોદક વરસાવતાં, પંચવર્ણનાં પુષ્પો નાખતાં, ગાયન અને નૃત્ય કરતાં, હર્ષપૂર્વક ત્રિપદી પછાડતાં અને સ્તુતિ કરતાં સુરાસુર અને ખેચરોથી આકાશ સંકીર્ણ થઈ ગયું. ભગવંત પારણું કરીને ત્યાંથી **શ્વેતાંબી** નગરીમાં ગયા. ત્યાં નમતા સામંતોના મુગટોવડે જેનું પાદપીઠ અલંકૃત છે, સમ્યગ્દર્શનવડે યથાસ્થિત જિનોપદિષ્ટ જીવાદિ તત્ત્વના વિસ્તારને જાણનાર, અને પરમ શ્રાવક એવો **પ્રદેશી** નામે રાજા હતો. ભગવંતને આવેલ જાણી, ચતુરંગ સેના તથા સમસ્ત નગરજનો સહિત તે વંદન કરવા ચાલ્યો. ત્યાં પ્રભુને જોતાં ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પરમ આદરથી વંદન કરીને તે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો કે–"હે ભુવનના એક નિશાકર! સાદર દેવેંદ્રોથી વંદિત, મલ રહિત, હિતકારી અને અંધકારને પરાસ્ત કરવામાં દિવાકર સમાન હે નાથ ! તમે જય પામો. કરૂણારસથી, ભવ–ગ્રીષ્મવડે તપ્ત થયેલા સત્ત્વરૂપ તરૂસમૂહને શાંત કરનાર એવા હે જિનનાથ ! પૂર્વોપાર્જિત પુણ્યે જ તમે દૃષ્ટિગોચર થયા છો. હે ભુવનના એક બાંધવ ! જ્યાં તમારૂં મુખ–કમળ દૃષ્ટિગોચર થાય છે, તે જ દિવસ પ્રશસ્ત અને તે જ સમય સમસ્ત સુખના કારણરૂપ છે. જે મ્હારૂં ઉત્તમાંગ તમારા ચરણ–સ્પર્શથી પવિત્ર થયું, તેથી અતિનિસ્સાર

એવા જીવિતનું પણ મેં આજે ફળ મેળવ્યું." એ રીતે પરમ ભક્તિથી બહુ પ્રકારે જિનેશ્વરને સ્તવી રાજા નગરજનો સહિત પોતાના સ્થાને ગયો.

અહીં ભગવાન્ પણ **સુરભિપુર** નગર ભણી ચાલ્યા. ત્યાં માર્ગમાં **પ્રદેશી** રાજા પાસે આવતાં પાંચ રથો સહિત નીકળેલા રાજાઓએ પ્રભુને જોઇ ભારે આદરથી તેમનો પૂજા-સત્કાર કર્યો. પછી સ્વામી પણ પોતાના પ્રભાવથી ઘણા પ્રાણીઓને પ્રતિબોધ પમાડતા, બહુવિધ ઉગ્ર તપ-વિશેષથી શેષ નિબિડ કર્માંશનો નાશ કરતા, વિશુદ્ધ શીલવડે સુરભિ શરીરયુક્ત એવા તે **સુરભિપુર** ઓળંગી, સાગરના પ્રવાહ સમાન જળ-પ્રસારયુક્ત તથા બધી નદીઓમાં શ્રેષ્ઠ એવી **ગંગા** મહાનદી આગળ આવ્યા, કે જ્યાં પવનથી ઉછળતા જળકણોના સિંચનવડે તીરસ્થ વૃક્ષો સ્નિગ્ધ થઇ રહ્યાં છે, અન્યોન્ય એકત્ર થઇને છૂટા પડતા લોલકલ્લોલના ધ્વનિવડે શબ્દાયમાન, જિનેશ્વરના દર્શનથી સંતુષ્ટ થતાં તત્કાલ જાણે અટ્ટહાસ્ય કરતી હોય તેમ પ્રસરતા ભારે ફીણના પિંડવડે જેના તીરનો પ્રાંત ભાગ ઉજ્વલ થઇ રહ્યો છે, વનહસ્તીઓના મજ્જનથી ભાંગેલ છીંપોના મોતીઓવડે સમૃદ્ધ, વિચરતા હંસ, સારસ અને ચક્રવાકના કલરવવડે મનોહર, સ્નાન કરતી પ્રમદાઓના પીન સ્તનોના આઘાતથી જેના તરંગો ભગ્ન થઇ રહ્યા છે, ફરતા મત્સ્ય, કાચબા, મગર અને ભુજંગોવડે ભીમ આવર્ત્તયુક્ત એવી સુરસરિતાને શરણાગતવત્સલ અને કમળદળ સમાન લોચનવાળા પ્રભુ પરતીરે જવાની ઇચ્છાથી જેટલામાં જુવે છે તેટલામાં નાવિકે પરતીરે જવા માટે સુશ્લિષ્ટ, મજબૂત અને વિશિષ્ટ તરૂકાષ્ઠનાં પાટીયાંવડે બનાવેલ એવી નૌકા તૈયાર કરી. તેમાં પરકાંઠે જનારા લોકો આરૂઢ થયા અને ભગવંત પણ આરૂઢ થઇને તેના એક ભાગમાં બેસી રહ્યા. એટલે નૌકા ચલાવવામાં આવી, સઢ ઉંચો કર્યો અને હલ્લીસા ચલાવ્યા જેથી નાવ મહાવેગથી જવા લાગ્યું. એવામાં કિનારે રહેલ કૌશિક-ઘુવડ બોલ્યો જે સાંભળતાં **ખેમલ** નામના નૈમિત્તિકે કહ્યું કે-' અહો ! આ મહાશકુન એમ કહે છે કે-તમે અહીં મરણાંતિક આપદા પામશો, પરંતુ આ મહર્ષિના પ્રભાવથી નિર્વિઘ્ને પાર ઉતરશો.' એ પ્રમાણે સાંભળી વિસ્મય પામતા નાવમાં બેઠેલા લોકો જેટલામાં પરસ્પર વિવિધ સંલાપ કરી રહ્યા છે તેટલામાં નૌકા અગાધ જળમાં પહોંચી. એવામાં ભગવંતને નૌકામાં બેઠેલ જોઇ, પૂર્વના વૈરને યાદ કરતાં પાપી **નાગસુદાઢ** દેવ ચિંતવવા લાગ્યો કે- "આ તે જ છે કે પૂર્વે **ત્રિપૃષ્ઠ** વાસુદેવના ભવમાં જેણે ગિરિગુફામાં રહેલ, સિંહપણામાં વર્ત્તમાન અને સ્વચ્છંદે વિવિધ ક્રીડાના વિનોદ અને લીલા-

વિલાસમાં મસ્ત એવા મને જીર્ણ પટની જેમ હાથમાં લઈને ચીરી નાખ્યો. તે વખતે નિર્જન વનમાં વસતાં તેણે એનો શો અપરાધ કર્યો હતો કે નિષ્કારણ શત્રુ એવા એણે મને તેવી રીતે દ્વિધા કરી મારી નાખ્યો, તો પુણ્ય-પ્રકર્ષથી આજે મારી ઇચ્છા પૂર્ણ થઇ કે એ વૈરી પોતે અહીં ચક્ષુગોચર થયો. સત્પુરૂષો જગત્માં જીવિતનું ફળ એટલું જ બતાવે છે કે ઉપકાર પ્રત્યે ઉપકાર. અને વૈરી પ્રત્યે જે વૈર લેવામાં આવે, જેથી અત્યારે મરણ પાસે આવ્યા છતાં મારા મનને સંતોષ થાય છે કે આ અવસરે પૂર્વનું વૈર લેવાનો પ્રસંગ મળ્યો.' એમ અસાધારણ અમર્ષના પ્રકર્ષથી આતામ્ર લોચનપૂર્વક ચિંતવીને તે સુદાઢ તરતજ પ્રભુ પાસે આવ્યો. પછી આકાશમાં રહી કિલકિલ અવાજ કરતાં તેણે કહ્યું કે—' અરે ! હવે તમે કયાં જવાના છો ? ' એમ કહેતાં તેણે સંવર્ત્તક મહાપવન વિકુર્વ્યો. તેનાથી પ્રતિઘાત પામતાં વૃક્ષો ઉન્મૂલિત થયાં, કુલપર્વતો ચલાયમાન થયા, ધરણી કંપવા લાગી, ગંગાજળ આઘે ઉછળવા લાગ્યું, નૌકા આમતેમ ડોલવા લાગી, મુખ્ય સ્તંભ તડતડાટ કરતો ભાંગી ગયો, સઢ જર્જરિત થયો, નાવિક લાચાર બન્યો અને નાવમાં બેઠેલા લોકો મરણના ભયથી ઇષ્ટદેવને સંભારવા લાગ્યા. વળી ચાલતા મત્સ્ય, કાચબા અને જળહસ્તીના કરાઘાતથી તરંગો જર્જરિત થતા અને મહાપ્રબલ સલિલ-પ્રવાહ આકાશમાર્ગે ઉછળતાં પર્વતના જેવા મોટા કલ્લોલથી પ્રેરાઇને ચપળ બનેલ માછલીની જેમ સુદાઢ નાવને ડૂબાડવા લાગ્યો. એવામાં **કંબલ** અને **શંબલ** નામના બે નાગકુમાર દેવો તરત આસન ચલાયમાન થતાં જેટલામાં અવધિજ્ઞાનથી જુએ છે તો ' નાવારૂઢ ભગવંતને સુદાઢ ગંગાજળમાં ડૂબાડવા લાગ્યો છે.' એટલે ' હવે શેષ કાર્યોથી સર્યું. પ્રથમ ભગવંતને મૂકાવીએ ' એમ ધારી એકદમ તેઓ તે સ્થાને આવ્યા. તેમાં એક નાગકુમાર સુદાઢ સાથે યુદ્ધ કરવા લાગ્યો અને બીજાએ વિસ્તૃત હસ્ત-સંપુટમાં ઉપાડીને નૌકા નદી કિનારે મૂકી. હવે તે સુદાઢ જો કે મહર્દ્ધિક હતો, છતાં અત્યારે મરણ પાસે આવતાં તેનું બળ ક્ષીણ થયું અને ભારે વ્યાકુળતાથી વ્યાપ્ત થતાં તેનો ઉત્સાહ ભાંગી ગયો, જેથી તે વખતે શંબલ અને કંબલ અલ્પ ઋદ્ધિવાળા છતાં અભિનવ દેવત્વની દિવ્ય શક્તિથી તેમણે સુદાઢને તરત જીતી લીધો. એટલે દાઢ ખેંચી લેતાં નાગની જેમ સુદાઢને નિર્વિષ કરી, નાગકુમારો વિનયપૂર્વક ભગવંતને નમી, સુગંધી પુષ્પો તથા ગંધોદક વરસાવતા, ભારે ભક્તિથી રોમાંચિત થઇ ગાન કરવા લાગ્યા. એ પ્રમાણે જોતાં ભારે આશ્ચર્ય પામી નૌકામાંના લોકો વિચારવા લાગ્યા કે—'અહો ! આ કોઇ મહાપુરૂષ છે. એ મનુષ્યવેશે છતાં અલૌકિક પ્રભાવશાળી છે, કારણ કે એના પ્રભાવથી આપણે આપત્તિરૂપ

મહાસાગરથી પાર ઉતર્યા માટે એ મહાત્મા વંદન–પ્રણામ કરવા યોગ્ય છે.' એમ ધારી તેઓ ત્રિભુવનગુરૂના ચરણ–કમલમાં પડ્યા. કંબલ–શંબલ પણ પ્રભુને નમીને સ્વસ્થાને ગયા.

હવે તે કંબલ–શંબલ પૂર્વભવે કોણ હતા? તેમની મૂલોત્પત્તિ સાંભળો:– સકલ મહીતલમાં વિખ્યાત તથા ઉંચા અને પ્રશસ્ત સુપાર્શ્વનાથ પ્રભુના સ્તૂપ–થૂભથી શોભાયમાન **મથુરા** નામે નગરી છે. ત્યાં જીવાજીવાદિકના વિચારને જાણનાર, પોતાની શુદ્ધ બુદ્ધિના પ્રકર્ષથી જાણેલ પુણ્ય, પાપ, આશ્રવ, સંવર પ્રમુખ તત્ત્વવિચારમાં વિચક્ષણ, પંચ અણુવ્રતાદિ શ્રાવકધર્મ પાળવામાં સાવધાન, જિનશાસ્ત્રના અનુરાગથી હૃદયને રંજિત કરનાર, પ્રશમાદિ ગુણ–રત્નોનો ભંડાર, ગાંભીર્યનું નિવાસ–સ્થાન, કરૂણાની સંકેતભૂમિ, ધાર્મિક જનોને વલ્લભ, નરપતિને બહુમાન્ય અને સર્વત્ર સાધુવાદ-સુકીર્તિને પામેલ એવો **જિનદાસ** નામે શ્રાવક હતો અને **સાધુદાસી** નામે તેની ભાર્યા હતી. તે બંને ધર્મસાધનમાં અત્યંત તત્પર બની, સતત ગુરૂ ઉપદેશ પાળવામાં પરાયણ રહેતાં. પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદિમ અને સ્વાદિમથી મુનિઓને પ્રતિલાભતાં કાળ નિર્ગમન કરે છે, અને વળી સંસાર–ભ્રમણના ચિંતનથી જો કે અત્યંત ભીત છતાં, જો કે ગૃહવાસના દોષોથી મનમાં સાશંક છતાં અને શ્રમણત્વ સ્વીકારવાને આતુર છતાં અન્યોન્ય ગાઢ પ્રેમાનુબંધને લીધે તેઓ ગૃહવાસમાં રહે છે. એકદા સુગુરૂ પાસે ' તિર્યંચાદિ–અસંયતનો પોતાના હાથે પરિગ્રહ વધારવો તે તીવ્ર પાપને વધારનાર હોવાથી અયુક્ત છે.' એમ સાંભળતાં તેમણે ગો–મહિષી પ્રમુખ ચતુષ્પદોનું પ્રત્યાખ્યાન લીધું અને બીજા પણ ઘણા અભિગ્રહો અંગીકાર કર્યા. પછી ગાય–ભેંસના અભાવે સાધુદાસી શ્રાવિકા પ્રતિદિન ગોવાલણ પાસેથી દુધ લેવા લાગી. એવામાં એક દિવસે તેણે ગોવાલણીને કહ્યું કે—' તું પ્રતિદિન દુધ લઈને મારા ઘરે આવતી જજે. જેટલું દુધ તું લાવીશ તેટલું હું લઇશ. બીજે કયાંય તું જતી નહિ.' ગોવાલણે તેનું આ વચન સ્વીકાર્યું. એમ પ્રતિદિન એક બીજાને જોવાથી અને નિષ્કપટ ક્રય–વિક્રય કરવાથી તેમનો પરસ્પર સ્નેહાનુબંધ વધી પડ્યો. વચવચમાં શ્રાવિકા તેને સુગંધી દ્રવ્ય આપતી અને ગોવાલણ પણ તેના બદલામાં તેને વિશેષ દૂધ–દહીં આપવા લાગી.

એવામાં એકદા ગોવાલણે પોતાની કન્યાનો વિવાહ માંડ્યો એટલે જિનદાસ અને સાધુદાસીને તે પ્રેમપૂર્વક કહેવા લાગી કે—' જો કે તમને આસન–દાન કરવાનું પણ મારામાં કાંઈ સામર્થ્ય નથી, તથાપિ સ્નેહાનુ-

બંધને લીધે હું કાંઇક તમને વિનંતિ કરૂં છું. સ્વજન-સંબંધીઓમાં વિશેષતા બતાવવા માટે મોટા મનોરથ કરતાં લાંબા વખતે અમારા જેવાથી મહોત્સવનો પ્રારંભ થઇ શકે, પરંતુ પૂર્વજન્મના પુણ્ય-પ્રકર્ષના પ્રભાવે તમારા જેવાને તો પ્રતિદિવસ લીલાપૂર્વક ઓચ્છવ જ પ્રવર્તે છે.' એમ ગોવાલણના કહેતાં જિનદાસ શેઠ બોલ્યો કે-' હે ભદ્રે ! જે કાંઇ પ્રયોજન હોય તે પ્રગટ શબ્દોમાં જણાવી દે.' ત્યારે તે બોલી-' અમારા ઘરે વિવાહ આરંભ્યો છે, તો તમારે ત્યાં ભોજન કરવું.' શ્રેષ્ઠીએ કહ્યું-' તેમાં શો દોષ છે ? કરીશું, પરંતુ ઘરના બહુ કામમાં પ્રવૃત્ત હોવાથી અમે એક મુહૂર્ત્ત માત્ર પણ ઘર તજી શકતા નથી માટે તારે કાંઇ મનમાં સંતાપ ન કરવો. પ્રાર્થના-ભંગથી થતું અપમાન પણ ન ગણવું, નિર્દાક્ષિણ્યની કલ્પના ન કરવી અને પૂર્વસ્નેહનો જરાપણ ત્યાગ ન કરવો; કારણ કે નિષ્કપટ સ્નેહાનુબંધ બાહ્ય ઉપચારની અપેક્ષા રાખતો નથી; માટે પોતાના ઘરે જા અને ઇષ્ટ પ્રયોજન હાથમાં લે.' એ પ્રમાણે સમજાવી, નવાં વસ્ત્રો, તેને ઉચિત વસ્ત્રાલંકારો તથા કુંકુમાદિ વિલેપનો શ્રેષ્ઠીએ તેને આપ્યાં. તે લઇ પરમ હર્ષ પામતી ગોવાલણ પોતાના ઘરે આવી. ત્યાં વિવાહ માંડયો. સ્વજન-સંબંધી બધા ભેગા થયા, મોટી શોભા થઇ અને અન્ય લોકોએ પણ તેની પ્રશંસા કરી કે-' એમણે વિવાહ-મહોત્સવ સારો કર્યો.' એમ પ્રશંસા સાંભળતાં તેઓ વિચારવા લાગ્યા કે-' અહો ! પરમ ઉપકારી તો મહાનુભવ શ્રેષ્ઠી છે કે જેણે આપણા વિવાહમાં પ્રવર વસ્ત્રાભૂષણ આપી, આવી શોભા વધારી તો હવે એનો પ્રત્યુપકાર કેમ થાય ? ' એમ ધારી, શરીરે પુષ્ટ, લાંબા પુચ્છથી શોભતા, સુપ્રમાણ અને કુટિલ સુંદર શૃંગયુક્ત, શરદના ચંદ્રકિરણ સમાન ઉજ્વળ, સમાન આકૃતિવાળા, અત્યંત સુંદર કાંટવાળા, ગોવર્ગમાં પ્રધાન અને ત્રણ વરસના એવા **કંબલ** અને **શંબલ** નામના બે જુવાન વૃષભ લઇને તેઓ શેઠના ઘરે ગયા અને તે શ્રેષ્ઠીને સમર્પણ કર્યા. પરંતુ ચતુષ્પદ પરિગ્રહનું પ્રત્યાખ્યાન હોવાથી શ્રેષ્ઠીએ તેમનું નિવારણ કર્યું, છતાં પરમાર્થ ન જાણતા તેઓ તે વૃષભ શેઠના ગૃહાંગણે બાંધી પોતાના ઘરે ચાલ્યા ગયા. એટલે જિનદાસ શ્રાવકે વિચાર કર્યો કે—' અહો ! આ તો મહામુશ્કેલી આવી પડી, કારણ કે એ બિચારાને મૂકી દઇએ તો લોકો હળાદિકમાં ચલાવે અથવા તેવો કોઈ હીનાચારી એમને સતાવે પણ ખરો, અને જો અહીં બાંધી મૂકીએ તો નિષ્પ્રયોજનને લીધે પાળવામાં બેદરકારી ઉભી થાય.' એમ ક્ષણભર વિચારી, જિનવચન સાંભળવાથી ઉપજેલ કરૂણાવડે જેનું હૃદય પૂર્ણ છે એવા જિનદાસે તે બાળવૃષભોને ઘરે બાંધ્યા. પ્રતિદિન તે પ્રાસુક ચારો લઇને તેમને આપતો અને વસ્ત્રે ગાળેલ પાણી પાતો. એમ પ્રતિદિન સાર-

સંભાળ લેવા લાગ્યો. વળી તે શ્રાવક અષ્ટમી, ચતુર્દશીના દિવસે આહાર-પૌષધ, શરીર-સત્કારપૌષધ, બ્રહ્મચર્ય-પૌષધ અને અવ્યાપાર-પૌષધ એમ ચાર પ્રકારે પૌષધ લઇ, સામાયિકમાં શ્રમણ સમાન થઈ, અતિચાર-પંકથી રહિતપણે ધર્મશાસ્ત્રનું પુસ્તક વાંચતો અને તેના પરિજનો અંજલિ જોડી જાણે ચિત્રમાં આળેખાયા હોય તેમ એકચિત્તે તે સાંભળતા, તેમજ ભદ્રકભાવ અને તથાવિધ મોહનીયકર્મના લાઘવથી શ્રવણપુટ સ્થિર કરી, એકાગ્રમને, સંજ્ઞિપણાને લીધે યુક્તાયુક્તને જાણતા એવા તે કંબલ અને શંબલ વૃષભો પણ સમ્યક્ પ્રકારે સાંભળતાં અને સંસારથી ભીતિ પામતાં, જે દિવસે તે શ્રાવક ઉપવાસ કરતો તે દિવસે તેઓ પણ ચારા-પાણીનો ત્યાગ કરતા, વારંવાર આપ્યા છતાં તે લેતા નહિ.

હવે તે તિર્યંચયોનિમાં ઉત્પન્ન થયા છતાં તપ કરતા હોવાથી 'એ ગુણવંત છે' એમ ધારી તેમનો પક્ષપાત કરતાં શ્રેષ્ઠી ચિંતવવા લાગ્યો કે- 'આટલો વખત અનુકંપા લાવીને એમને ચારો-પાણી આપ્યાં અને હવે સાધર્મિક-બુદ્ધિથી બધું કરીશ; કારણ કે જગત્પૂજ્ય જિનેશ્વરોએ સ્વામિવાત્સલ્ય એ ધાર્મિક જનોને માટે સમ્યક્ત્વશુદ્ધિનું કારણ બતાવેલ છે.' એમ ધારીને શ્રેષ્ઠી તેમની પ્રત્યે વિશેષ આદર બતાવતો, કારણ કે વીતરાગો પણ ભવ્યોનો પક્ષપાત કરે છે. એમ ઉચિત કર્ત્તવ્યમાં પરાયણ અને અંતરમાં અધિક ઉપશાંત થતાં જિનદાસના દિવસો વ્યતીત થતા.

એકદા તે નગરીમાં લોકોએ **ભંડીર** યક્ષની યાત્રા માંડી. ત્યાં અનેક અશ્વાદિ વાહન પર આરૂઢ થઇ સમસ્ત પૌરજનો તેની આગળ વાહનો દોડાવતા. એવામાં જિનદાસ શેઠનો પ્રિય મિત્ર કે જે અત્યંત કૌતુહલી હતો તેને યક્ષયાત્રામાં વાહન દોડાવવાની ઇચ્છા થતાં, પ્રણયભાવને લીધે શેઠને પૂછયા વિના કંબલ-શંબલને ગાડીમાં જોતરીને તે યક્ષ સમક્ષ ગયો. ત્યાં ઘણી વાર તેમને ચલાવ્યા. વળી તેમનો આકાર અત્યંત રમણીય હોવાથી અન્ય અન્ય પ્રણયી જનોએ ચલાવતાં, આરાવેધથી ( આર મારતાં ) નીકળતી રૂધિર-ધારાએ વ્યાપ્ત, કોમળ કાયવાળા, પૂર્વે તથાવિધ વેદનાથી અજ્ઞાત એવા તે બંને વૃષભો હૃદય તૂટતાં નિસ્તેજ થઈ ગયા. તેવી સ્થિતિમાં તેમને શેઠના ઘરે બાંધીને પેલો મિત્ર ચાલ્યો ગયો. એવામાં ભોજનસમય થતાં શેઠ પણ જેટલામાં જવ-તૃણાદિ લઇને આવ્યો તેવામાં શરીરે કંપતા, લોચનથી મંદ અશ્રુ

વહેતા અને જેમના વ્રણના મુખમાંથી રક્તધાર વહી રહી છે એવા તે બંને વૃષભ શેઠના જોવામાં આવ્યા. તેમને એવી હાલતમાં જોતાં શ્રેષ્ઠી રોષ લાવીને પૂછવા લાગ્યો–' અરે ! કયા દુરાચારે આ બિચારા વૃષભોને આવી દુર્દશા પમાડી ? ' એટલે પરિજને વીતક વાત કહી સંભળાવી, જે સાંભળતાં તેના મનમાં ભારે સંતાપ ઉત્પન્ન થયો. કંબલ–શંબલ પણ દૃઢ મારથી શરીરે જર્જરિત થતાં અનશન કરવાની અભિલાષાથી સાદર તેમની આગળ મૂકતાં પણ ચારા–પાણીને લેતા નહિ. જ્યારે વારંવાર આપતાં પણ ઘાસ ન લેતા ત્યારે શ્રેષ્ઠીએ તેમનો અભિપ્રાય જાણી, તેમને ચારા–પ્રાણીનું પ્રત્યાખ્યાન આપ્યું, જે તેમણે આદરપૂર્વક અંગીકાર કર્યું. પછી સમસ્ત ગૃહ––વ્યાપાર તજી, સ્નિગ્ધ બાંધવોની જેમ તેમની પાસે રહેતાં કરૂણાપૂર્ણ શેઠ તેમને કહેવા લાગ્યો કે– ' તે નિર્દયે તમને આવી દુષ્ટ અવસ્થાએ પહોંચાડયા તે કારણે તમે તેના પર લેશ માત્ર પણ રોષ કરશો નહિ. સંસારમાં પડેલા જીવોને એ શું માત્ર છે ? કારણ કે જગતમાં એકાંતસુખી કોઈ જન્મ્યો નથી. દૃઢ પંજરમાં કે પર્વતના દુર્ગમાં લીન થયા છતાં પૂર્વકૃત અશુભ કર્મ, કુપિતની જેમ જીવને દબાવી દે છે, અને પછી પરવશપણે અતિવિરસ પોકારો કરતાં, મારણ–યંત્રમાં પડેલ ચટક (પક્ષી વિશેષ) ની જેમ અનેક પ્રકારે તરફડતા જીવને તે ભારે સતાવે છે; માટે હે મહાનુભવો ! સમ્યક્ સહનશીલતાને ધારણ કરો, કારણ કે પૂર્વ પાપને ક્ષીણ કરવાનો અન્ય કોઇ ઉપાય નથી. તમે તો પુણ્યશાળી છો અને તમારૂં જીવિત પણ સફળ થયું કે દુઃખમુક્ત કરવામાં સમર્થ એવી જિનધર્મની સામગ્રી તમે પામ્યા.' ઇત્યાદિ અમૃત તુલ્ય શ્રેષ્ઠ વચનોથી શ્રેષ્ઠીએ તે વૃષભોને બરાબર શુભ માર્ગમાં સ્થાપન કર્યા. એમ વિશુદ્ધ થતા અધ્યવસાયથી શરીર–વેદનાને સહન કરતા અને શ્રેષ્ઠીના કહેવા પ્રમાણે પંચ–નમસ્કારને સ્વીકારતા તે બંને મરણ પામીને **નાગકુમાર** દેવોમાં ઉત્પન્ન થયા. તે જ એ કંબલ–શંબલ હતા કે જેમણે ભગવંતને થતો ઉપસર્ગ દૂર કર્યો.

હવે નાવથી ઉતરતાં ભગવંત મહાવીર, નદી કિનારે ઇરિયાવહિયં પ્રતિક્રમી, ગંગાતીરે કિંચિત્ જલાર્દ્ર સૂક્ષ્મ વાલુકા–વેળુ ઉપર મંદ મંદ પગલે ચાલતાં **થૂણાગ** સંનિવેશ પ્રત્યે જવા લાગ્યા. એવામાં નદીતીરે પ્રતિબિંબિત થયેલ ચક્ર, કમળ, વજ્ર, અંકુશ, કળશ, પ્રાસાદ પ્રમુખ પ્રધાન લક્ષણોથી લક્ષિત સ્વામીની પદપંક્તિ જોઇ, **પૂષ** નામે કુશળ સામુદ્રિક ચિંતવવા લાગ્યો કે–'અહો ! આજન્મથી પણ કદાપિ જોવામાં ન આવેલ અને અત્યંત આશ્ચર્યભૂત, છ ખંડ

મહીમંડળના ભોક્તા કોઈ ચક્રવર્તી મહાનુભાવના જેવી પ્રવર લાંછન યુક્ત અહીં પદપંક્તિ દેખાય છે. કદાચ કાંઈ કારણે રાજ્ય ન પામેલ હોય, અથવા દેશો જોવામાં કૌતુકી હોય કે તથાવિધ વિષમ દશામાં પડેલ ચક્રવર્તી એમ ભમતો હોવો જોઈએ; તો તે મહાપુરૂષને જોઉં અને આવી અવસ્થામાં તેની સેવા કરતાં મારા વાંછિત સિદ્ધ થશે.' એમ ચિંતવી ઉતાવળે ચાલતાં જ્યાં કંઇક ગયો તેવામાં **થૂણાગ** સંનિવેશની બહાર અગણિત પલ્લવોથી અલંકૃત અશોક-વૃક્ષની નીચે પ્રતિમાએ રહેલા જિનેશ્વર તેના જોવામાં આવ્યા અને પ્રભુના શ્રીવત્સલાંછિત વક્ષસ્થળ, દક્ષિણાવર્તવડે ગંભીર નાભિમંડળ અને કોમળ પ્રવાલ સમાન રક્ત કરકમળને જોતાં તેણે વિચાર કર્યો કે–' એના ચરણ-યુગલમાં જ કેવલ લક્ષણો નથી પરંતુ શરીર પણ પોતપોતાના વિભાગને અનુરૂપ–યોગ્ય લક્ષણોવડે લાંછિત લાગે છે; તો સમસ્ત પ્રશસ્ત લક્ષણોની આવી સંપદા કેમ? જીર્ણ વસ્ત્ર માત્ર પણ એને કેમ મળતું નહિ હોય? અથવા તો સમગ્ર ભરતની રાજ્ય–લક્ષ્મીને સૂચવનાર સામુદ્ર–શાસ્ત્રનાં વચનો તેવાં કેમ? અને કષ્ટે સાંપડતા લુક્ષ ભિક્ષા–આહાર કરતાં એનું કૃશ શરીર કેમ? અહો! આ તો લક્ષણ–શાસ્ત્ર સાક્ષાત્ અતિ વિરૂદ્ધ ભાસે છે. અરે! શેષ કલા-કલાપને પણ તજી, ભારે પ્રયત્ને ' આ સામુદ્રશાસ્ત્ર અવ્યભિચાર ( પૂર્વાપર દોષ રહિત ) છે. ' એમ ધારી લાંબો કાળ મેં તેનો અભ્યાસ કર્યો; પરંતુ અત્યારે વસ્ત્ર રહિત આ શ્રમણને જોતાં અશેષ લક્ષણશાસ્ત્ર અવશ્ય અત્યંત વિરૂદ્ધ નીવડ્યું. હા! હા! મને ધિક્કાર થાઓ કે મૃગતૃષ્ણિકા પ્રત્યે જતાં મૃગબાળની જેમ લક્ષણશાસ્ત્રનો મારો પરિશ્રમ વૃથા થયો. અહો! મુષ્ટિવડે મેં આકાશનું તાડન કર્યું અને માખણ નિમિત્તે પાણી વલોવ્યું કે અઘટિત અર્થબદ્ધ એ શાસ્ત્રનો મેં અભ્યાસ કર્યો. વળી મને લાગે છે કે કોઈ ક્રીડાપ્રિય માણસે પ્રતારણબુદ્ધિથી એ શાસ્ત્ર રચેલ લાગે છે, કારણ કે ધૂર્તકૃત કાવ્ય પણ વખત જતાં સિદ્ધાંત સમાન મનાય છે; માટે હવે ઘાસ તુલ્ય એ દુષ્ટ શાસ્ત્રથી સર્યું.' એમ તર્ક કરતાં **પૂષ** એકદમ પરમ ખેદને પામ્યો.

એવામાં સિંહાસન પર બેઠેલ ઇંદ્રે અવધિજ્ઞાનથી જોયું કે–' ભવમથન ભગવંત કેમ વિચરે છે?' ત્યાં **થૂણાગ** સંનિવેશમાં તેણે પ્રભુને પ્રતિમાસ્થિત જોયા અને **પૂષ** નૈમિત્તિકને પોતાના શાસ્ત્રને દૂષિત ગણતો જોયો. એટલે કીંમતી મુગટના સંખ્યાબંધ મણિઓના કિરણોથી ગગનને વિચિત્ર બનાવતો દેવેંદ્ર તરતજ ભગવંતના ચરણકમળને વાંદવા આવ્યો અને યથાકથિત વિધિથી

સ્વામીને નમીને મધુર વચનથી તે પૂષને કહેવા લાગ્યો-'હે ભદ્ર ! લક્ષણ-શાસ્ત્રને આમ કેમ દૂષિત બનાવે છે ? મહાનુભાવ શાસ્ત્રકારો કાંઇ મિથ્યા-ભાષી ન હતા. શું તેં સાંભળ્યું નથી કે સુરાસુરપતિ, વિદ્યાધર, નર, નરેશ્વરોએ જેમના ચરણે શિર નમાવેલ છે, ત્રિભુવનમાં જેમની કીર્તિ વિખ્યાત છે, ચતુર્વિધ ધર્મના જે પ્રવર ચક્રવર્ત્તી છે અને કુટિલ મહિલાની જેમ રાજ્યલક્ષ્મીને તજીને જે આમ એકાકી વિચરતા એ સિદ્ધાર્થ-નરેંદ્રના નંદન છે ! અને વળી આ તે જ કે જેમના ઐશ્વર્યના કરોડમા અંશે પણ પાતાલ, સ્વર્ગ અને મર્ત્યલોકના સમસ્ત શ્રેષ્ઠ લોકો પણ આવી ન શકે. એ જ ભવભયરૂપ ભીમ કૂપમાં ડૂબતા પ્રાણીઓનો ઉદ્ધાર કરનાર અને એ જ વધતા જતા ઉદ્ભટ કલિકાલને દળવામાં દક્ષ છે. એ જ શિવ-મંદિરના કપાટ ઉઘાડવા અતિ તત્પર અને એ જ સંયમ-લક્ષ્મીને પોતાના વિશાલ વક્ષસ્થળમાં સ્થાપન કરનાર છે. એ જ મત્સર-અગ્નિથી સંતપ્ત જનોને કરૂણા-જળથી શાંત કરનાર અને એ જ અપ્રતિમ જ્ઞાન-દર્શન પ્રમુખ ગુણ-ગણના નિધાન છે.' એ પ્રમાણે ત્રિવિધ વચન-સમૂહથી પૂષને વિશ્વાસ પમાડી, જિન-ચરણે નમસ્કાર કરીને ઇંદ્ર પોતાના સ્થાને ગયો.

એ રીતે ઘોર પરિષહરૂપ શત્રુનો સંહાર કરવામાં એકવીર અને ભુવનગુરૂ એવા વીરના, શુભ-સમૂહ ભરેલ ચરિત્રમાં શૂલપાણિ યક્ષ અને ચંડકૌશિક મહાસર્પને પ્રતિબોધ પમાડવાના સંબંધથી યુક્ત આ **પંચમ પ્રસ્તાવ** વિસ્તા-રથી કહી બતાવ્યો.

# षष्ठ प्रस्ताव

પૂર્વે ઉપાર્જન કરેલાં પાપનો વિનાશ કરવા એકાકી શ્રી વીર જિનેશ્વરે જે ઉપસર્ગો સહન કર્યા તે બધા અનુક્રમે બતાવ્યા. હવે ગોશાલક દુષ્ટ શિષ્ય યુક્ત તે મહાવીરને જે ઉપસર્ગો સહન કરવાના છે તે બતાવવામાં આવતાં, તમે એકાગ્ર ચિત્તે શ્રવણ કરો.

હવે પૂર્વે બતાવેલ **થૂણાગ** સંનિવેશથકી નીકળી, ગ્રામાનુગ્રામે પરિભ્રમણ કરતાં, સ્થાને સ્થાને દેવસમૂહવડે પૂજાતાં, મૌન રહ્યા છતાં પોતાના માહાત્મ્યથી પ્રાણીઓને પ્રતિબોધ પમાડતાં ભગવાન્ ઉદ્યાન, કાનન, દીર્ઘિકાવડે રમણીય એવા **રાજગૃહ** નગરે આવ્યા. તેની નજીકમાં ઉંચા હજારો પ્રાસાદોવડે શોભાયમાન એવો **નાલંદ** નામે સંનિવેશ છે. ત્યાં ધન, કનકથી સમૃદ્ધ એવો **અર્જુન** નામે વણકર રહેતો હતો. તેના અનેક કર્મકરો–નોકરો વિશાળ શાળાઓમાં રહેતાં વિશિષ્ટ પટ–વસ્ત્ર વણતા હતા. ભગવંતે પણ ચાતુર્માસ કરવાની ઈચ્છાથી અર્જુનની અનુજ્ઞા માગી. ત્રસજીવ રહિત એકાંત શૂન્ય શાળામાં પ્રથમ માસખમણ આદરીને ત્યાં રહ્યા. એવામાં મંખલિમંખનો પુત્ર, ચિત્રફલક–પાટીયા પર કહાડેલ ચિત્રથી આજીવિકા ચલાવનાર અને એકલો ભમતો એવો **ગોશાળો** તે જ શાળામાં આવીને ઉતર્યો, કે જ્યાં ભગવંત ભુજા લંબાવી ધ્યાન ધરી રહ્યા છે. જ્યાં એની ઉત્પત્તિ થઈ તે આગળ કહેવામાં આવશે, પરંતુ પ્રથમ જેની પાસેથી મંખલીમંખ થયો, તે વાત કહેવામાં આવે છે.

ઉત્તર પ્રદેશમાં **શિલિંધ** નામે સંનિવેશ છે. ત્યાં **કેશવ** નામે ગ્રામ-

રક્ષક રહેતો. તેની પ્રાણપ્રિયા અને વિનીત **શિવા** નામની ભાર્યાના ઉદરથી **મંખ** નામે પુત્ર જન્મ્યો. તે અનુક્રમે યૌવન પામ્યો. એકદા પિતાની સાથે તે સરોવર પર ગયો. ત્યાં સ્નાન કરીને તે તટ પર બેઠો. એવામાં અન્યોઅન્ય મનનાં અતિશય પ્રેમાનુબંધથી રંજિત તથા વિવિધ ક્રીડા કરતું એવું ચક્રવાકનું યુગલ તેના જોવામાં આવ્યું કે જે ચંચુપુટથી છેદેલ નવ-નલિનના નાલલેશના સંવિભાગથી પરસ્પર પ્રગટ પ્રેમ બતાવતું, સૂર્યાસ્તની શંકાથી પરસ્પર નિબિડ આશ્લેષ કરતું, જળમાં પ્રતિબિંબિત થયેલ પોતાના રૂપને જોતાં વિરહની શંકા પામતું અને અન્યોન્ય નિષ્કપટ પ્રેમોક્તિમાં મન લગાડતું એવું તે યુગલ જોતાં મંદ મંદ પગે ચાલી, પોતાના આગમનને જણાવા ન દેતાં કૃતાંતની જેમ શિકારીએ આકર્ણ ધનુષ્ય ખેંચીને તેની તરફ બાણ છોડ્યું. દૈવયોગે તે ચક્રવાકને લાગ્યું, એટલે તે માર્મિક ઘાતથી ઘાયલ થતાં જેટલામાં હજી તેણે પ્રાણ ન છોડ્યા તેટલામાં તેને મરણતોલ જોઈ, ક્ષણવાર સકરૂણ કલકલાટ કરતી ચક્રવાકી મરણ પામી, એવામાં ચક્રવાક પણ મુહૂર્ત્ત માત્ર જીવીને પંચત્વ પામ્યો. એ પ્રમાણે તેનો વ્યતિકર જોઈ, મંખ મૂર્ચ્છાથી લોચન મીંચાઇ જતાં ધરણીતલ પર પડી ગયો. ત્યારે 'અહો ! આ અણધાર્યું શું થયું ?' એમ વિસ્મય પામતા કેશવે તેને જોયો. પછી શીતોપચારથી તેને આશ્વાસન પમાડતાં ક્ષણાંતરે તે સાવધાન થયો. એટલે કેશવે તેને પૂછ્યું કે-'હે પુત્ર ! શું વાયુવિકાર થયો કે પ્રબલ પિત્તનો દોષ છે ? અથવા નિર્બળતા કે અન્ય કાંઇ કારણ લાગે છે કે જેથી આમ અચાનક અશક્ત બની લાંબો વખત તું મૂર્ચ્છા પામ્યો ? હે વત્સ ! એનો પરમાર્થ કહે.' એમ પિતાનાં વચન સાંભળતાં, દીર્ઘ નિસાસા મૂકીને તેણે જણાવ્યું કે-'હે તાત ! આવા પ્રકારનું ચક્રવાક યુગલ જોઈ, મને જાતિસ્મરણ જ્ઞાન થયું કે હું પૂર્વભવે માનસરોવરમાં એ રીતે ચક્રવાક-યુગલપણે વર્ત્તતો. એવામાં ભીલના બાણથી ઘાયલ થતાં, તરત વિરહથી હૃદય ફુટી જતાં ચક્રવાકીના મરણ પછી હું મરણ પામ્યો. ત્યાંથી મરણ પામીને હું તમારા પુત્રપણે ઉત્પન્ન થયો. અત્યારે લાંબા વખતની તે પ્રણયિની ચક્રવાકીનો વિરહ સહન કરવાને હું અસમર્થ છું.' કેશવે કહ્યું-'હે વત્સ ! ગતકાલનું દુઃખ યાદ કરવાથી શું ? એ સમર્થ કૃતાંતનો એવો સ્વભાવ છે કે પ્રિયસંયોગથી સુખી થયેલા કોઇપણ પ્રાણીને લાંબો વખત જોઇને તે સહન કરતો નથી. વળી પોતાની પ્રાણપ્રિયાના વિરહાગ્નિથી સંતપ્ત થયેલા દેવતાઓ પણ મદોન્મત્ત કે મૂર્ચ્છિતની જેમ મહાકષ્ટે પોતાનું જીવિત વ્યતીત કરે છે; તો હે પુત્ર ! જેમનું ચર્મથી મઢેલ અને સર્વ આપદાના સ્થાનરૂપ શરીર છે

એવા તમારા જેવાને એ દુઃખ શું માત્ર છે ? માટે પૂર્વભવના સ્મરણથી વિરામ પામ અને વર્ત્તમાન પ્રમાણે ચાલ. અતીત–અનાગતની ચિંતા કરવાથી શરીર પણ સીદાય છે. જ્યાં જન્મ, જરા, મરણ, રોગ, શોક પ્રમુખ અનેક દુઃખો ભરેલાં છે, તેથી જ આ સંસાર અત્યંત અસાર ગણાય છે.' એમ વિવિધ હેતુ–વચનથી સમજાવતાં કેશવ, વિરહની મહાવેદનાથી હણાયેલ એવા તેને મહાકષ્ટે ઘરે તેડી ગયો. ત્યાં જતાં પણ ખાન–પાન તજી, શૂન્ય મને પૃથ્વીમાં દૃષ્ટિ સ્થાપી, મહાયોગીની જેમ વ્યાપારાંતરના વિચારને અટકાવી, પોતાના જીવિતને તૃણ સમાન ગણતો તે રહેવા લાગ્યો. એટલે તેને આવી અવસ્થામાં જોઇ મનમાં ભારે સંતાપ પામતાં સ્વજનોએ ' આ કોઇ છળ–વિકાર તો ન હોય ' એમ શંકા લાવી મંત્ર–તંત્રવાદીઓને બોલાવ્યા. તેમણે બતાવેલાં ઉપચારો કર્યાં, છતાં કંઇપણ ફેર ન પડ્યો. એવામાં એક વખતે દેશાંતરથી કોઈ વૃદ્ધ પુરૂષ આવી ચડ્યો અને તે એના જ ઘરે ઉતર્યો. ત્યાં મંખને જોઇ, પાસે રહેલ કેશવને તેણે પૂછ્યું કે–' હે ભદ્ર ! આ યુવાન છતાં અને રોગાદિકથી રહિત છતાં સશલ્યની જેમ દેખાય છે, તેનું શું કારણ ? ' ત્યારે કેશવે પણ દોષ–વિકાર કહી સંભળાવ્યો. જે સાંભળતાં તેણે કહ્યું કે–' આવા દોષનો તમે કાંઈ પ્રતીકાર કર્યો છે ? ' કેશવ બોલ્યો–' મંત્ર–તંત્રના જાણનારા પ્રવર જનોને એ બતાવ્યો.' વૃદ્ધે જણાવ્યું કે–' એ સર્વ પ્રયત્ન નિરર્થક છે. પ્રેમ–ગ્રહનો તે બિચારા શો પ્રતીકાર કરી શકે ? કારણ કે સર્પના ઉગ્ર વિષની વેદનાને શાંત કરવામાં દક્ષ છતાં, પંચાનન, દુષ્ટ ગજેંદ્ર અને રાક્ષસીને થંભી દેવામાં કુશળ છતાં, ભૂત–ઉપદ્રવનો નાશ કરવામાં નિષ્ણાત અને પરમ વિદ્યાશાળી છતાં તેઓ પ્રેમ–પરાધીન હૃદયને સ્વસ્થ કરવાને સમર્થ થતા નથી.' કેશવે પૂછ્યું–' તો હવે શું કરવું ? ' તે બોલ્યો–' જો મને પૂછતા હો તો જેટલામાં એ કામની દશમી અવસ્થા હજી પામ્યો નથી તેટલામાં ચિત્રફલક પર પૂર્વનો વ્યતિકર આળેખાવો કે–ભીલે બાણથી ચકવાકને ઘાયલ કર્યો અને તે હજી જીવતો હતો તેવામાં પ્રણયિની મરણ પામી. એમ આળેખાવી ચિત્રફલક એના હાથમાં આપીને ગ્રામ, નગરાદિકમાં એને ભમાવો. એમ કરતાં વખતસર વિધિયોગે પૂર્વભવની ભાર્યા કે જે સ્ત્રીપણાને પામી હોય અને ફલકમાં આળેખેલ ચકવાક યુગલનો વ્યતિકર જોવાથી જાતિસ્મરણ જ્ઞાન પામતાં તે એને મળી જાય. પુરાણ-આગમોમાં એવા વૃતાંતો સંભળાય છે અને વળી તેમ કરવાથી આશારૂપ અર્ગલાવડે અટકી રહેતાં કેટલાક દિવસો એ જીવતો રહી શકશે. ' એમ સાંભળતાં કેશવે કહ્યું–' અહો ! તારી બુદ્ધિને ધન્ય છે. પાકી મતિના પુરૂષો

વિના એવા વિષમાર્થનો નિર્ણય કોણ જાણી શકે ? ' એવી તેની પ્રશંસા કરી, તે વાત તેણે મંખને સંભળાવી. એટલે તેણે કહ્યું કે-' હે તાત ! એમાં ખોટું શું છે ? શીઘ્ર ચિત્રફલક તૈયાર કરો. કુવિકલ્પરૂપ કલ્લોલમાં આકુળ થયેલ મનને ભલે એ જ પ્રતીકાર ઉપયોગી થાય.' એટલે કેશવે તેનો અભિપ્રાય જાણી, યથાસ્થિત ચક્રવાક મિથુનના રૂપયુક્ત ચિત્રફલક આળેખાવ્યું. તે મંખને આપ્યું અને ભાતું પણ બંધાવ્યું. પછી ચિત્રફલક હાથમાં લઈ, એક સ્હાયક સાથે નગર, પુર, ખેટ, કર્બટ, મડંબ પ્રમુખ સંનિવેશોમાં તે આશાપિશાચનો દાસ બનીને સતત પરિભ્રમણ કરવા લાગ્યો. તે પ્રતિગૃહે, ત્રિક, ચતુષ્પથ, ચતુર્મુખ–મહામાર્ગ, પ્રપા–પરબ, સભા કે દેવલોમાં તે ચિત્રફલક ઉંચું કરીને બતાવવા લાગ્યો. એટલે તથાસ્વરૂપ રથાંગ-મિથુનને જોઇ, લોકો કૌતુહલથી તેને પૂછતા અને તે યથાર્થ કહી બતાવતો. એમ નિરંતર સવિસ્તર કથા કહેવાને અસમર્થ એવો તે **દ્રુપદી** છંદમાં સંક્ષેપાર્થથી બાંધેલ પોતાનો વૃત્તાંત આ પ્રમાણે કહેવા લાગ્યો-' માન સરોવરમાં પરસ્પર પ્રૌઢ પ્રેમથી રંજિત, એક ક્ષણભર પણ વિરહ થતાં ભારે સંતાપ પામનાર, લુબ્ધક–શિકારીએ છોડેલ તીક્ષ્ણ બાણથી વ્યાકુલ થતાં પંચત્વ પામેલ આ ચક્રવાકયુગલ અત્યારે સંયોગને ઇચ્છે છે.' એમ સાંભળતાં કેટલાક હસતા, કેટલાક અવહીલના કરતા અને કેટલાક અનુકંપા લાવતા; છતાં તે પ્રત્યે અવિલક્ષ અને સ્વકાર્ય સાધવામાં બહુ જ તત્પર એવો તે ભ્રમણ કરતો કરતો **ચંપા** નગરીમાં ગયો. ત્યાં પૂર્વે લાવેલ શંબલ ખલાસ થયું એટલે અન્ય આજીવિકાનો ઉપાય હાથ ન લાગવાથી તે જ ચિત્રફલકને પાખંડરૂપ બનાવી, ગાયન ગાતાં તે ભિક્ષા માટે ભમવા લાગ્યો. એમ એક તરફ તે અતિ ક્ષુધાથી પીડિત હતો અને વળી પ્રિયતમાના યોગને માટે તે ભારે ઉત્સુક હતો, જેથી તેની એક જ ક્રિયા બંને કાર્ય સાધનાર થઇ પડી.

હવે તે જ નગરીમાં એક **મંખલી** નામે ગૃહસ્થ રહેતો. તેની **સુભદ્રા** નામે ભાર્યા હતી. તે વાણિજ્ય-કળાઓમાં અજ્ઞાત, રાજસેવામાં અકુશળ, કૃષિકર્મમાં અસમર્થ, કષ્ટક્રિયામાં આળસુ અને અન્ય ઉદ્યોગમાં પણ અચતુર હતો; પરંતુ કેવળ ભોજન માત્રમાં પ્રતિબદ્ધ હતો. ' તે હવે સુખે નિર્વાહ કેમ થશે ? ' એમ સતત અન્ય અન્ય ઉપાય ચિંતવતો. એવામાં ચિત્રફલક બતાવતા કણભિક્ષા મેળવી સુખે નિર્વાહ ચલાવતા મંખને તેણે જોયો. તેને જોતાં મંખલીએ વિચાર કર્યો કે-' અહો ! એની વૃત્તિ કોઇથી અટકાવી ન

-શકાય તેવી છે, ચોર ન ચોરી શકે તેવો એ ભંડોળ છે, નિત્ય દૂઝતી એ કામધેનુ છે, પાણી વિનાની એ ધાન્યોત્પત્તિ છે અને કલેશ વિનાનું એ મહાનિધાન છે; તો હવે હું ચિરકાલ જીવતો રહ્યો કે આ પરમ ઉપાય હાથ લાગ્યો.' એમ ધારી તે મંખની પાસે ગયો, તેની સેવા સ્વીકારી અને ગાયનો શીખ્યો. એવામાં પૂર્વભવની ભાર્યાના વિરહ-વજ્રથી હૃદયમાં જર્જરિત થતાં મંખ પંચત્વ પામ્યો. એટલે પોતાને તત્ત્વજ્ઞ સમાન માનતો તે મોટા વિસ્તારથી બીજું ચિત્રફલક આળેખાવી પોતાને ઘરે આવ્યો અને પોતાની ગૃહિણીને કહેવા લાગ્યો કે-' હે પ્રિયે ! હવે ક્ષુધાના શિરે વજ્ર માર. વિહાર-યાત્રા માટે તૈયાર થા.' તે બોલી-' હું તો આ તૈયાર છું. તમને ગમે ત્યાં ચાલો.' પછી ચિત્રફલક લઇ, સ્ત્રી સહિત તે નગરીથી ચાલી નીકળ્યો અને દેશાંતરોમાં ભમવા લાગ્યો. ત્યાંના લોકો પણ પૂર્વે જોયેલ ચિહ્નથી તેને આવેલ જોઇ ' મંખ આવ્યો ' એમ કહેવા લાગ્યા. એવી રીતે મંખે ચલાવેલ પાખંડના સંબંધથી મંખલી-મંખ કહેવાયો. એકદા પરિભ્રમણ કરતાં તે **શરવણ** સંનિવેશમાં ગયો અને ત્યાં **ગોબહુલ** બ્રાહ્મણની ગૌશાળામાં રહ્યો. ત્યાં રહેતાં સુભદ્રાએ એક પુત્રને જન્મ આપ્યો. યોગ્ય અવસરે તેનું **ગોશાલ** એવું ગુણનિષ્પન્ન નામ રાખ્યું. તે અનુક્રમે વૃદ્ધિ પામતાં તરૂણ થયો. તે સ્વભાવે દુઃશીલ અને અનેક અનર્થ કરતો, આજ્ઞા માનતો નહિ અને શિખામણ આપતાં દ્વેષ બતાવતો તેમજ સન્માન-દાન આપતાં પણ તે ક્ષણભર સરલતા ધરતો; પણ પછી કુતરાના પુચ્છની જેમ તરત કુટિલતા બતાવતો. વેતાલની જેમ મર્મવેધક અને કૂડ-કપટયુક્ત પ્રસંગ વિના બોલનાર એવા તેને જોઇને કોણ શંકા ન પામતું ? એક વખતે તેને માતાએ ઠપકો આપતાં કહ્યું કે-' અરે પાપી ! નવ માસ ગર્ભમાં ધર્યો, બહુ પ્રકારે પાળ્યો અને અનેક વાર શિખામણ આપતાં તું એક વચનમાત્ર પણ માનીને વર્ત્તતો નથી.' એટલે તેણે જવાબ આપ્યો કે-' અમ્મા ! મારા ઉદરમાં પેસી જા, તો હું તને તે કરતાં બમણો વખત ધારણ કરીશ.' વળી જે દિવસે પિતાની સાથે પણ એ કલહ ન કરતો તે દિવસે તે પાપાત્માને બરાબર ભોજન પણ ભાવતું નહિ. સમસ્ત દોષ લઇને જ પ્રજાપતિએ તેને બનાવ્યો હશે, કારણ કે સર્વ જગત્માં તેવો અન્ય કોઇ દેખાતો ન હતો. તેણે પોતાની દુષ્ટતાથી લોકોને એવા તો વિમુખ બનાવી દીધા કે જેથી દુઃશીલ જનોમાં તે એક પ્રથમ દૃષ્ટાંતરૂપ થઇ પડ્યો. એ પ્રમાણે પ્રથમાવસ્થામાં પણ વિષવૃક્ષ કે દૃષ્ટિવિષની જેમ વર્ત્તતાં

તે લોકોમાં દર્શન-દેખાવ માત્રથી પણ ભયાનક થઇ પડ્યો. પછી એક વખતે પિતા સાથે અત્યંત કલહ કરી, તેવું જ એક ચિત્રફલક આળેખાવી એકલો ભમતો ભમતો તે જ્યાં ભગવાન્ ધ્યાનસ્થ હતા તે જ શાળામાં આવી ચડયો. એ ગોશાળાની ઉત્પત્તિ કહી.

હવે સ્વામી પ્રથમ માસખમણ કરી પારણાના દિવસે ભિક્ષા માટે નીકળ્યા અને **વિજય** નામના શેઠના ઘરે ગયા. ત્યાં ભગવંતને જોતાં પરમ હર્ષથી રોમાંચ ધારણ કરતાં તેણે બહુ ભક્ષ્ય-વ્યંજનવડે સ્નિગ્ધ ભોજનથી પારણું કરાવ્યું. એટલે આકાશમાં ગંભીર ભેરીના ધ્વનિમિશ્રિત ચતુર્વિધ વાદ્યો વાગ્યાં અને સિંદૂરના પૂર સમાન અરૂણ કનકની ધારા પ્રમુખ પંચ દિવ્યો પ્રગટ થયાં, જેથી ત્રિક, ચતુષ્પથ, ચોક પ્રમુખ માર્ગે વિવિધ સાધુવાદ શરૂ થયો. તે વૃત્તાંત ગોશાળાના સાંભળવામાં આવ્યો, જેથી તેણે વિચાર કર્યો કે-'અહો ! આ દેવાર્ય સામાન્ય મહિમાવાળા નથી, માટે ચિત્રફલકના પાખંડને તજી એનો શિષ્યભાવ સ્વીકારૂં. રત્નાકરની સેવા કદાપિ નિષ્ફળ થતી નથી.' એમ તે વિકલ્પ કરે છે તેવામાં ભગવંત પારણું કરીને તે જ વણકરની શાળામાં આવ્યા અને કાયોત્સર્ગે રહ્યા. ત્યાં ગોશાળો પણ અષ્ટાંગે સ્વામીના ચરણમાં પડીને વિનવવા લાગ્યો કે-'હે દેવાર્ય ! તમારૂં આવું માહાત્મ્ય હું પહેલાં જાણી ન શક્યો અથવા તો કુશળ પુરૂષ પણ પ્રશસ્ત રત્નોની કીંમત જાણી ન શકે. પોતાના પિતાનો ત્યાગ પણ મને વાંછિત સુખ-સાધક થઇ પડયો, અથવા તો દૈવ અનુકૂળ થતાં અન્યાય પણ ન્યાયપણાને પામે છે. હવે બહુ કહેવાથી શું ? હું તમારો શિષ્ય થઇશ. હે સ્વામિન્ ! એક તમારા શરણે હું આવ્યો છું, માટે મારો સ્વીકાર કરો.' એમ સાંભળતાં વિધિ-પ્રતિષેધ ન કરતાં ભગવંત પણ મૌન રહ્યા. એટલે પોતાના અભિપ્રાય પ્રમાણે સ્વામીએ શિષ્યત્વ સ્વીકારેલ સમજી, ભિક્ષાવૃત્તિથી ગુજરાન ચલાવતો ગોશાળો ભગવંતના સમીપને મૂકતો નહિ. એવામાં બીજા માસખમણના પારણે પ્રભુ **આનંદ** નામના ગૃહસ્થના ઘરે ભિક્ષા નિમિત્તે ગયા. તેણે ખાદ્ય-સ્વાદિષ્ટ ભોજનથી પ્રભુને પ્રતિલાભ્યા. ત્રીજા માસખમણના પારણે **સુનંદ**ના ઘરે પ્રભુ શ્રેષ્ઠ આહાર પામ્યા. પછી ચોથું માસખમણ આવ્યું. એવામાં ઘણા દિવસની સેવાથી પ્રણય-ભાવની સંભાવના કરતા ગોશાળે કાર્તિક-પૂર્ણિમાના દિવસે ભગવંતને પૂછ્યું કે-'હે નાથ ! આવા વાર્ષિક-મહોત્સવમાં આજે મને કેવા ભક્ત-ભોજનનો લાભ થશે ?' એટલે જિનેશ્વરના શરીરમાં સંલીન એવા સિદ્ધાર્થ વ્યંતરે

કહ્યું કે-' હે ભદ્ર ! આજે તું આમ્લ-ખટાઇ યુક્ત કોદ્રવના ભાત પામીશ, અને દક્ષિણામાં ખોટો રૂપિયો મેળવીશ.' એમ સાંભળતાં સૂર્યોદયથી માંડીને બહુ ખંતથી સર્વ ઉંચ-નીચ ઘરોમાં ભમવા લાગ્યો. જ્યાં જ્યાં તે જતો ત્યાં ત્યાં તે આમ્લમિશ્રિત કોદરાના ભાત જ પામતો. એવામાં પાછલો પહોર થતાં ક્ષુધા-પિપાસાથી પરાભવ પામતાં, જ્યારે અન્ય કાંઇ પણ ન પામ્યો ત્યારે એક કારીગરે પોતાને ઘરે તેડી જઇને તેને આમ્લ સહિત કોદ્રવના ભાત જમાડ્યા અને જમ્યા પછી એક રૂપિયો આપતાં ગોશાળે ગ્રહણ કર્યો, પણ બજારમાં બતાવવા જતાં તે ખોટો નીવડ્યો જેથી ' જે થવાનું છે તે અન્યથા થતું નથી ' એવા નિયતિવાદને તેણે અંગીકાર કર્યો.

પછી ભગવાન્ પણ તે જ કાર્તિકી પૂર્ણિમાના દિવસે નાલંદાથકી નીકળીને **કોલ્લાગ** સંનિવેશમાં ગયા. ત્યાં **બહુલ** નામે બ્રાહ્મણ તે દિવસે અન્ય બ્રાહ્મણોને પરમ ભક્તિથી જમાડતો હતો. ચોથા માસખમણના પારણે સ્વામી ભિક્ષા નિમિત્તે તેના ઘરમાં ગયા. એટલે ભગવંતને જોતાં તેણે ઘૃત-મધુમિશ્રિત પરમાન્ન-દૂધથી પ્રભુને પ્રતિલાભ્યા. ત્યાં પંચ દિવ્યો પ્રગટ થયાં.

હવે અહીં ખોટા રૂપિયાને હાથમાં લઇ, લજ્જાને લીધે મંદ મંદ ચાલતાં, છેક સંધ્યા સમયે ગોશાળો તે શાળામાં આવ્યો. ત્યાં જિનેશ્વરને ન જોવાથી સંભ્રાંત થઇ સર્વ યત્નપૂર્વક વારંવાર પાસેના લોકોને પ્રભુના સમાચાર પૂછવા લાગ્યો. જ્યારે કોઇએ તેને જવાબ ન આપ્યો ત્યારે સ્વામીને શોધવા માટે તે ચોતરફ બહાર અને અંદર નાલંદ ગામમાં ભમવા લાગ્યો, છતાં ભગવંત ગયાના સમાચાર તેને ક્યાંય પણ ન મળ્યા. એટલે તેણે વિચાર કર્યો કે—'અહો ! દૈવ મને પ્રતિકૂળ છે કે જેથી ફરીને પણ મને એકલો કરી દીધો.' એમ લાંબો વખત ખેદ કરતાં, ચિત્રફલક પ્રમુખ ઉપકરણ અને વસ્ત્ર તજી, મૂછ અને શિર મુંડાવી તે વણકરની શાળામાંથી બહાર નીકળ્યો અને ઉતાવળે જતાં કોલ્લાગ સંનિવેશમાં પહોંચ્યો. ત્યાં બહાર લોકો એક બીજાને આ પ્રમાણે કહેતા હતા કે-' અહો ! બ્રાહ્મણ ધન્ય અને ભાગ્યશાળી, તથા જન્મ અને જીવિતનું ફળ પણ એણે જ મેળવ્યું કે જેના ઘરમાં તથાવિધ મહામુનિના દાનથી કનકવૃષ્ટિ થઇ, દેવતાઓએ 'અહો દાન'ની ઘોષણા કરી તથા જગતમાં તેનો નિર્મળ સાધુવાદ પ્રસર્યો.' આ વાત લોકોના મુખથી સાંભળતાં ભારે હર્ષ પામતાં ગોશાળો પણ ચિંતવવા લાગ્યો કે- ' આ લોકો જેવા મહામુનિની વાત કરે છે તેવા પ્રભાવશાળી તો મારા ધર્માચાર્ય એક તે **મહાવીર** જ છે કે જેની ઋદ્ધિ, સત્કાર કે પરાક્રમની બરોબરી અન્ય

કોઇ તથાવિધ શ્રમણ કે બ્રાહ્મણ કરી શકે તેમ નથી જ.' એમ નિશ્ચય કરી કોલ્લાગ ગામમાં બહાર અને અંદર તે બારીક દૃષ્ટિથી જેટલામાં જુએ છે તેવામાં કાયોત્સર્ગસ્થ ભગવંત તેના જોવામાં આવ્યા. તેમને જોતાં હર્ષથી રોમાંચિત થઇ વદન વિકારી, જાણે ચિંતામણિ પામેલ હોય તેમ પોતાને માનતો ગોશાળો ત્રણ પ્રદક્ષિણા દઇ, પ્રભુના પગે પડ્યો અને અંજલિ જોડીને કહેવા લાગ્યો કે—'હે નાથ! તમે અસાધારણ ગુણ—ગણના રત્નાકર અને ત્રિભુવનને પૂજ્ય છો. વળી લોકોના આધારની દરકાર કરતા નથી, જેથી હું તમને વિનંતિ કરૂં છું કે પૂર્વે વસ્ત્રાદિકના પરિગ્રહને લીધે હું દીક્ષાને યોગ્ય ન હતો, પરંતુ અત્યારે તેનો ત્યાગ કરી દેવાથી હું યોગ્ય થયો છું; માટે હે ત્રિલોક—દિવાકર! તમે મારો સ્વીકાર કરો કે જેથી હું તમારો શિષ્ય થાઉં. હવે યાવજ્જીવ તમે જ મારા ધર્મગુરૂ છો. હે નાથ! તમારો અલ્પ વિરહ થતાં પણ ફૂટી જતું મારૂં હૃદય ફરી સમાગમની ઇચ્છાથી મહાકષ્ટે અટકાવી રાખ્યું છે. હું જાણું છું કે વીતરાગમાં સ્નેહ કરતાં તે નભતો નથી, છતાં પ્રેમાધીન સ્વચિત્તને હું કોઇ રીતે અટકાવી શકતો નથી. અને વળી બીજું તો દૂર રહો, પણ વિકસિત નૂતન કમળ સમાન મનહર દ્રષ્ટિથી જો તમે નીહાળશો, તો પણ હું સમજી લઇશ કે તમે મારો સ્વીકાર કરી લીધો.' એ રીતે સવિનય અને સપ્રેમ ગોશાળાના કહેવાથી પ્રેમવિકાર—વિચાર રહિત છતાં ભગવંતે તેના વચનનો સ્વીકાર કર્યો. ભવિષ્યમાં અનર્થ કરનાર અને અતિ દુષ્ટ એવા ગોશાળાને પ્રભુ જાણતા હતા, છતાં પ્રણતજનો પ્રત્યે મહાત્માઓ કદાપિ વિમુખ થતા નથી.

એ પ્રમાણે શિષ્યભાવે સ્વીકારેલ ગોશાળા સહિત સ્વામી સુવર્ણખલ નામના સંનિવેશ તરફ ચાલ્યા. ત્યાં માર્ગમાં ગોવાળો મોટી થાળીમાં બહુ દૂધ લઇ અખંડ નવા ચોખાથી દૂધપાક રાંધતા, તેમને જોતાં ગોશાળે કહ્યું કે—'હે ભગવન્! મને ક્ષુધા બહુ લાગી છે, માટે અહીં આવો. પાયસ જમીએ.' એવામાં લાંબા વખતે અવકાશ મળતાં સિદ્ધાર્થે જણાવ્યું કે—'હે ભદ્ર! તું ખેદ ન કર. એ થાળી અધવચમાં ભાંગી પડશે.' એટલે પોતાના દુષ્ટ સ્વભાવને લીધે વચનને મિથ્યા કરવાને ઇચ્છતા તેણે જઇને ગોવાળોને કહ્યું કે—'અરે! આ દેવાર્ય ભૂત—ભાવીને જાણનાર એમ કહે છે કે—એ દૂધની થાળી અધવચ ફૂટી પડશે, માટે તેને બરાબર રાખો.' એમ સાંભળતાં ભયભીત થઇ વાંસના પત્ર—દળો તે ભાજનને મજબૂત વીંટાળીને તેઓ રાંધવા માંડ્યા. એવામાં ઘણા

ચોખા નાંખવાથી એક નિમેષ માત્રમાં તે થાળી ફૂટી ગઈ. પછી જેમને જેમ મળ્યું તેમ તે ગોવાળોએ ખાધું અને છેવટે પાયસલિપ્ત તેના ભાંગેલ કટકા લઈને પણ તેઓ ચાટી ગયા. ત્યાં કંદોઇના બિલાડાની જેમ જોતો ગોશાળો પણ વિલક્ષ બની ઉભો રહ્યો અને નિયતિવાદનો તેણે વિશેષ નિશ્ચય કરી લીધો.

પછી સ્વામી **બ્રાહ્મણ** ગામમાં ગયા. ત્યાં બે પાટક–વિભાગ હતા. તેમાં **નંદ** અને **ઉપનંદ** નામના બે ભ્રાતા તેનું સ્વામિત્વ કરતા હતા. ભગવંત છઠ્ઠને પારણે નંદના ફળીયામાં ગયા. એટલે તેણે દધિમિશ્રિત સુવાસિત કમોદથી પ્રભુને પડિલાભ્યા. ત્યાં ગોશાળો બીજા પાટકમાં ગયો અને ઉન્નત પ્રાસાદ જોઈને તે ઉપનંદના ઘરમાં પેઠો. તેણે દાસીને હુકમ કર્યો કે–' એને ભિક્ષા આપ.' દાસી વાસિત કમોદ ગોશાળાને આપવા માટે લાવી. તેને ન ઇચ્છતો ગોશાળો ઉપનંદને આ પ્રમાણે નિર્ભંછવા લાગ્યો કે–' અરે ! ગામનો કર લઈને રાજાને તો કાંઇ આપતો નથી, વિવિધ વિલાસ ભોગવે છે અને અસ્ખલિત પાપ-આચરે છે; છતાં ગૃહાંગણે આવેલા અમારા જેવા મુનિઓને વાસિત ભાત અપાવતાં લજ્જા કેમ પામતો નથી ?' એમ સાંભળતાં ગુસ્સો પામીને ઉપનંદે દાસીને કહ્યું કે–' હે ભદ્રે ! આ શ્રમણના શિર પર જ એ ભાત નાખી દે.' એટલે દાસીએ તેમ કર્યું જેથી ગોશાળો ભારે અભિમાન કરતો, હોઠ કરડીને ભીષણ ભ્રકુટી બતાવતો, અન્ય કાંઇ પણ તેનું બૂરૂં કરવાને અસમર્થ થતો, તેના ગૃહદ્વારે ઉભા રહીને તેણે કહ્યું કે–' જો મારા ધર્માચાર્યનાં તપ કે તેજનો પ્રભાવ હોય તો આ અધમ પુરૂષનું ઘર ભસ્મ થાઓ.' એવામાં પાસેના વાણવ્યંતર દેવોએ ભગવંતના પક્ષપાતને લઈને અગ્નિ વિકુર્વતાં તેનું ભવન દગ્ધ થયું.

ત્યારપછી ભગવાન્ **ચંપા** નગરીમાં ગયા. ત્યાં ત્રીજું ચોમાસું રહ્યા. બે માસખમણની તપસ્યા તથા વિવિધ ઉત્કુટુકાદિ આસન કરતાં ચરમ દ્વિમાસિક તપના પારણે બહાર પારણું કરી, ગોશાલકની સાથે **કાલાક** નામના સંનિવેશમાં ગયા. ત્યાં ત્રસ–જંતુ રહિત તથા એકાંભૂત શૂન્ય ગૃહમાં રાત્રે પ્રતિમાએ રહ્યા. ગોશાળો પણ ચપલતાથી નિરોધ સહન ન કરતાં ઘરના દ્વાર આગળ છુપાઈને રહ્યો. એવામાં ગામના મુખીનો **સિંહ** નામે પુત્ર, **વિદ્યુન્મતિ** દાસી સાથે ભોગ કરવાની ઈચ્છાથી તે જ શૂન્ય ઘરમાં પેઠો. તેણે મોટા શબ્દે અવાજ કર્યો કે–' અહો ! અહીં જો કોઇ શ્રમણ, બ્રાહ્મણ કે પથિક આવી વસ્યો હોય, તો બોલો કે–જેથી અમે બીજે કયાંય જોઈએ.' એમ સાંભળતાં

સ્વામી તો પ્રતિમાસ્થિત હોવાથી મૌન રહ્યા, પરંતુ ગોશાળે કપટથી કંઇ જવાબ ન આપ્યો. એટલે સામે પ્રતિવચન ન મળવાથી નિઃશંકપણે થોડીવાર સુરતવિનોદ કરી બહાર નીકળ્યા. ત્યાં દ્વાર આગળ બેઠેલા ગોશાળાએ જતી વિદ્યુન્મતિનો સ્પર્શ કર્યો, જેથી તે બોલી ઉઠી કે–'હે આર્યપુત્ર ! કોઇએ મારો સ્પર્શ કર્યો.' એમ સાંભળતાં સિંહ પાછો આવી, ગોશાળાનો હાથ પકડીને કહેવા લાગ્યો કે–' અનાચાર આચરતાં અમને કપટથી જુએ છે, અને પૂછતાં કાંઇ બોલતો પણ નથી કે હું અહીં બેઠો છું. ' એમ નિભંછી લાકડીવતી ખૂબ તેને માર્યો અને પછી પોતાના સ્થાને ગયો. ત્યાં ગોશાળાએ પ્રભુને કહ્યું કે–' હે ભગવન્ ! તમે સમક્ષ છતાં મને એકલાને વિના કારણે તેણે આમ સખ્ત માર માર્યો, પરંતુ તમે તે પાપીને જરા પણ અટકાવ્યો નહિ. એવી રીતે હું કૂટાયા છતાં તમારા જેવા મહાત્માઓને ઉપેક્ષા કરવી તે શું યુક્ત છે ?' એવામાં પ્રભુના શરીરમાં સંલીન થઈ રહેલ સિદ્ધાર્થે ગોશાળાને કહ્યું કે–' અરે દુરાચારી ! જો તું ખરેખર સદાચારી જ હોય, તો હે પાપી ! વિના કારણે બહાર નીકળતી તે મહિલાનો સ્પર્શ શા માટે કર્યો ? જેમ અમે મૌન રહ્યા છીએ તેમ તું ઘરના મધ્યભાગમાં કેમ બેસી રહેતો નથી ? તારો પક્ષ કરીને શું અમે પણ તારી જેમ કૂટાઇએ ? દુષ્ટનો પક્ષ કરતાં નિર્દોષ પણ સદોષ થાય છે.' એવામાં સ્વામી ત્યાંથી **પત્રાલક** ગામમાં ગયા અને પૂર્વ પ્રમાણે શૂન્ય ઘરમાં પ્રતિમાએ રહ્યા. ત્યાં પણ તે જ રાત્રે ગામમુખીનો **ખંદક** નામે પુત્ર, પોતાની ભાર્યાની લજ્જાને લીધે **દંતલિકા** નામે દાસી સાથે આવી ચડ્યો. તેણે પણ પૂર્વની જેમ અવાજ કર્યો, પરંતુ ગોશાલો ભયથી તે ઘરના એક ભાગમાં છુપાઈ રહ્યો, જેથી ત્યાં શૂન્યતા સમજી, દાસી સાથે ઇચ્છા પ્રમાણે ભોગ ભોગવી તે બહાર નીકળવા લાગ્યો. તેમના પરસ્પર કથા, આલાપ સાંભળતાં ભારે સંતોષ વધતાં, પિશાચની જેમ ગોશાળો ખડખડાટ હસી પડ્યો. એટલે હાસ્ય-શબ્દ સાંભળી ખંદકે કોપાયમાન થઇ, તેને લાકડી અને મુષ્ટિથી ખૂબ મારીને છોડી મૂક્યો. પછી તે જિનેશ્વર પાસે આવીને સોપાલંભ કહેવા લાગ્યો કે-' શું આ નાયકધર્મ છે કે તમારા દેખતાં મેં આમ માર ખાધો ? રક્ષાની ખાતર જ ખાસ પ્રયત્નપૂર્વક મેં સદાને માટે તમારો આશ્રય લીધો છે. જો તે પણ ન થાય તો ખરેખર સેવા નિરર્થક છે. હજી તો સ્વામીઓ પોતાના સદોષ સેવકોનું પણ બહુ આદરપૂર્વક રક્ષણ કરે છે, તો નીતિયુક્તનું કહેવું જ શું ?' ત્યારે સિદ્ધાર્થ બોલ્યો– ' અરે ! આ તો માર શું માત્ર છે ? હજી મુખના દોષથી તારા કેવા હાલ થશે

તે અત્યારે કહી શકાતું નથી.' પછી સ્વામી **કુમાર** નામે સંનિવેશમાં ગયા અને ત્યાં **ચંપકરમણીય** નામના ઉદ્યાનમાં લાંબી ભુજા કરીને કાયોત્સર્ગ–ધ્યાને રહ્યા. તે ગામમાં અપરિમિત ધન, ધાન્યથી સમૃદ્ધ અને મદિરાપાનમાં અત્યંત આસક્ત એવો **કુવનય** નામે કુંભાર રહેતો, તેના મકાનમાં **પાર્શ્વનાથ**ના શિષ્યો કે જેઓ સ્વસમય અને પરસમયનો અર્થ જાણવામાં નિપુણ, ભવસાગરમાં પડતા પ્રાણીઓનો ઉદ્ધાર કરવામાં સમર્થ, છત્રીશ ગુણ–રત્નોના નિધાન, યથોપદિષ્ટ પ્રકૃષ્ટ યતિ–ક્રિયા પ્રરૂપવામાં પરાયણ, અનેક દેશાંતરથી આવેલા શિષ્ય–ભ્રમરો જેમની પાસે શ્રુત–મકરંદનું પાન કરી રહ્યા હતા એવા **મુનિચંદ્ર** નામે આચાર્ય રહેતા. તે અત્યંત વૃદ્ધતાને પામતા ચિંતવવા લાગ્યા કે–'સર્વજ્ઞપ્રણીત ધર્મનો મેં સર્વત્ર વિસ્તાર કર્યો અને મિથ્યાત્વ–મોહિત ઘણાં પ્રાણીઓને પ્રતિબોધ પમાડ્યા. યથાશક્તિ સૂત્રાર્થથી શિષ્યો નિષ્પન્ન કર્યા અને આબાલ–વૃદ્ધ ગચ્છનું ચિરકાલ પરિપાલન કર્યું, તો હવે મારે યથાશક્તિ શરીરને વિશેષ કસવું તે યુક્ત છે; કારણ કે ઉદ્યમ તો સર્વત્ર કરવો.' એમ ચિંતવી તેમણે પોતાના પદે ગુણવડે પ્રતિનિધિરૂપ **વર્દ્ધન** નામે શિષ્ય સ્થાપ્યો, અને તેને ગણની અનુજ્ઞા આપતાં જણાવ્યું કે–'હે વત્સ ! જેમ મેં પ્રયત્નપૂર્વક ગચ્છ સંભાળ્યો તેમ તારે પણ સદાકાળ એને સંભાળવો, તેમજ પરિશ્રમની દરકાર ન કરતાં તારે શિષ્યોને સિદ્ધાંતની દેશના પણ આપવી. એમ કરવાથી તું ઋણમુક્ત અને કર્મ રહિત થઇશ. હે ભદ્ર ! ત્રણે ભુવનમાં એ કરતાં અન્ય કંઇ પણ કલ્યાણરૂપ નથી, તો સુખશીલ થઇને તું વૃથા એ હારીશ નહિ. હે મુનિઓ ! તમે બધા એનાં વચન પ્રમાણે પ્રવર્ત્તજો. કદાચ કોઇવાર તમારી નિર્ભંછના કરે, તો પણ એના ચરણ–કમળને તમે કદી મૂકશો નહિ. તેમજ મેં પૂર્વે તમને કંઈ પણ સમ્યક્ પ્રકારે ગુણોમાં ન સ્થાપ્યા અથવા અસ્થાને શિક્ષા આપી, તે બધું મને ક્ષમા કરજો.' એ પ્રમાણે તત્કાલને ઉચિત વિધિ કરી, ધીર એવા મુનિચંદ્રાચાર્યે દુષ્કર જિનકલ્પ આદર્યો. એકદા બાર પ્રકારની ભાવના ભાવતાં, તપ, સત્ત્વ, સૂત્ર, એકત્વ અને બલરૂપ પાંચ પ્રકારની તુલનાઓમાં બીજી સત્ત્વ તુલનામાં આત્માને તેઓ ભાવવા લાગ્યા.

એવામાં અહીં મધ્યાહ્ન સમયે ગોશાળાએ ભગવંતને કહ્યું કે–'હે ભગવન્ ! ચાલો, અત્યારે બરાબર વખત થયો છે. આપણે ભિક્ષા નિમિત્તે ગામમાં જઇએ.' સિદ્ધાર્થ બોલ્યો–'અમારે ભ્રમણ કરવું નથી.' એટલે

ગોશાળો ભોજનાર્થે ગામમાં પેઠો અને આમતેમ ભમતાં તેણે તે પાર્શ્વ-સંતાનીય શિષ્યો જોયા કે જે વિચિત્ર પટ (વસ્ત્ર) યુક્ત અને પાત્ર પ્રમુખ ઉપકરણ સહિત હતા. તેમને જોતાં ગોશાળે પૂછ્યું કે-'તમે કોણ છો?' તેમણે કહ્યું-'શ્રમણ નિર્ગ્રંથો અને શઠ કમઠે વિકુર્વેલ મહામેઘની જળધારાના ઉપસર્ગને જોતાં વ્યાકુલ થયેલ ધરણેંદ્રે પોતાની ફણારૂપ અનુપમ છત્ર જેમના શિરે રચેલ એવા શ્રી **પાર્શ્વનાથ** ભગવાનના શિષ્યો છીએ.' એમ સાંભળી શિર ધુણાવતાં ગોશાળાએ જણાવ્યું કે-'અહો! તમે તો ખરેખર દુષ્કરકારક નિર્ગ્રંથ છો કે આટલો પરિગ્રહ ધારણ કર્યો છતાં પોતાના નિર્ગ્રંથપણાને સ્થાપન કરો છો. અહો! તમારૂં સાક્ષાત્ મૃષાવાદિત્વ. અહો! નિષ્કારણ આત્મોત્કર્ષ. નિર્ગ્રંથોમાં તમે સર્વથા કંઈ જ નથી. મારા ધર્માચાર્ય વસ્ત્રાદિ પરિગ્રહ રહિત, દુષ્કર તપ-ચરણમાં તત્પર, મહાત્મા અને યથાર્થ નિર્ગ્રંથ કહેવાય.' એટલે તેમણે વીર ભગવંતને ન જાણતાં, ઉદ્ધતાઈથી બકતા ગોશાળાને કહ્યું કે-'હે ભદ્ર! જેવો તું છે તેવો જ તારો ધર્માચાર્ય હશે, એમ લાગે છે; કારણ કે પુત્રની વિસદૃશ ચેષ્ટાથી માતાની શીલ-સંપદા જાણી શકાય અને રત્નના કાંતિગુણથી ખાણની શુદ્ધિ સમજી શકાય છે માટે વર્ણન કરવાની જરૂર નથી.' એમ તેમના કહેવાથી રૂષ્ટ થયેલ ગોશાળો કહેવા લાગ્યો કે-'જો મારા ધર્મગુરૂના તપ કે તેજ હોય તો આ ધર્માચાર્યને દૂષણ લગાડનારાનો ઉપાશ્રય બળી જાઓ.' ત્યારે તેમણે કહ્યું-'અમે કાંઇ તારા વચનથી બળવાના નથી' એટલે વિલક્ષ થઇ, તેણે જઇને સ્વામીને કહ્યું-'હે ભગવન્! આજે મેં સારંભી અને પરિગ્રહી નિર્ગ્રંથો જોયા, તેમનો ઉપાશ્રય ન બળ્યો, તેનું શું કારણ?' સિદ્ધાર્થ બોલ્યો-'તે પાર્શ્વ-સંતાનીય સ્થવિર સાધુઓ છે. તારા વચનથી તેમનો ઉપાશ્રય ન બળે.' એવામાં રાત્રિ થવા આવી, ચોતરફ કાજળ અને ભ્રમર સમાન શ્યામ અંધકાર પ્રસરી રહ્યો, અહીં **મુનિચંદ્રસૂરિ** તે રાત્રે ચોકમાં એકલા કાયોત્સર્ગે રહ્યા. ત્યાં પેલા કુવનય કુંભારે પંક્તિમાં બેસીને ખૂબ મદિરાપાન કરવાથી પરાધીન બનતાં સ્ખલિત ગતિએ પોતાના ઘર ભણી જતાં, બહાર કાયોત્સર્ગે રહેલા તે આચાર્યને જોયા. એટલે 'આ ચોર છે' એવા કુવિકલ્પથી તેણે પોતાના કરસંપુટથી સખ્ત રીતે તેમનું ગળું દબાવ્યું, જેથી શ્વાસ અટકી પડયો છતાં ચિત્તથી ચલાયમાન ન થતાં, શુભ ધ્યાનમાં વર્ત્તતાં તત્કાલ કર્મલાઘવથી અવધિજ્ઞાન પામી, કાલ કરીને તેઓ દેવલોકમાં ગયા. તે વખતે પાસેના દેવોએ કુસુમવૃષ્ટિપૂર્વક તેમનો મહિમા કર્યો. એવામાં વિદ્યુતના પુંજ સમાન ચળકતા શરીરવાળા દેવોને

સાધુનિવાસ સમીપે જતા-આવતા જોઇને ગોશાળો સ્વામીને કહેવા લાગ્યો કે-'હે ભગવન્! તમારા તે વિરોધીઓનો ઉપાશ્રય બળે છે.' સિદ્ધાર્થે કહ્યું-'હે ભદ્ર! એવી આશંકા ન કર. તેમના આચાર્ય દેવલોકે ગયા જેથી દેવતાઓ મહિમા કરે છે.' એટલે કૌતુહલથી ગોશાળો તે પ્રદેશમાં ગયો. દેવો પણ પૂજા કરીને સ્વસ્થાન પ્રત્યે નિવૃત્ત થયા, છતાં ત્યાં ગંધોદક અને પુષ્પવૃષ્ટિ જોઇ, ભારે હર્ષ પામતો તે ઉપાશ્રયમાં જઇ, સ્વાધ્યાય-ધ્યાન, વિનયાદિથી પરિશ્રાંત થઇ, નિશ્ચિંતપણે સુતેલા તેમના શિષ્યોને જગાડીને કહેવા લાગ્યો કે—'અરે દુષ્ટ શિષ્યો! તમે શિર મુંડાવીને જ ચાલો અને યથેચ્છ ભિક્ષાભોજન કરીને આખી રાત સુઈ રહો. તમે એટલું પણ જાણતા નથી કે મહાનુભાવ આચાર્ય પંચત્વ પામ્યા. અહો! ગુરૂ પ્રત્યે તમારી ભક્તિ!' એમ ગોશાળે કલકલાટ કરતાં સાધુઓ ઉઠ્યા અને તેના વચનથી શંકા લાવીને તેઓ તરત સૂરિ પાસે ગયા અને ત્યાં આચાર્યને કાલધર્મ પામેલા જોઇ, ભારે અધૃતિ અને ખેદ કરવા લાગ્યા કે-'અહો! તમે અમને પાળ્યા, પઢાવ્યા અને તેવી રીતે ગુણોમાં સ્થાપન કર્યા તેમજ શિક્ષા પમાડ્યા; છતાં હા! અમે તો અકૃતજ્ઞ જ રહ્યા. અમારા દુષ્કર તપ-ચરણ કે કુશળ-બોધથી પણ શું? અને વિફલ ગુરૂકુલવાસની સેવાથી પણ શું? કે અસાધારણ સંયમ-રત્નના રોહણાચલ તથા સાક્ષાત્ ધર્મરાશિ સમાન એવા પોતાના ગુરૂને કાળ ધમ પામતાં, પ્રમાદથી અમે જાણી જ ન શક્યા.' એ પ્રમાણે વારંવાર પોતાના દુશ્ચરિત્રને નિંદતા તે શ્રમણોને અનેક વાર નિર્ભ્રંછીને ગોશાળો સ્વામી પાસે ગયો.

પછી ભગવંત **ચોરાક** સંનિવેશમાં ગયા. ત્યાં તે દિવસે પરચક્રનો ભય આવ્યો. તેના ભયને લીધે કોટવાળોએ ત્રિક, ચતુષ્પથ, શૂન્ય મઠ, સભા, દેવળ, વન, ઉદ્યાન તેમજ તથાવિધ અન્ય સ્થાનોમાં અજ્ઞાત પુરૂષને ચર-જાસુસની શંકાથી જોતાં, એક વનનિકુંજમાં નિર્દોષ સ્થાને ગોશાળા સહિત કાયોત્સર્ગે રહેલા ભગવંતને જોયા. તેમને જોતાં 'ભયભીત ભયને જુએ' એવી શંકાથી તેઓ ચિંતવવા લાગ્યા કે-'અહો! આવા એકાંત સ્થાનમાં એમનું અવસ્થાન સુખરૂપ નથી, કારણ કે જો એઓ નિર્દોષ હોય તો ગામમાં પ્રગટ કેમ ન રહ્યા? તેથી અવશ્ય કંઇ બાતમી મેળવવા પરચક્રના ચર-પુરૂષો આવ્યા લાગે છે.' એમ નિશ્ચય કરી, તેમણે સ્વામી અને ગોશાળાને પૂછ્યું કે-'અહો! તમે કોણ છો? અને અહીં શા કારણે પડી રહ્યા છો?' એમ તેમના કહેતાં પણ ભગવંત તો મૌન જ

રહ્યા અને ગોશાળો પણ તેમનું અનુકરણ કરીને મૌન જ રહ્યો. જ્યારે વારંવાર બોલાવ્યા છતાં તેમણે કંઈ પ્રત્યુત્તર ન આપ્યો એટલે 'આ તો અવશ્ય ચર-પુરૂષો જ છે' એમ સમજીને તેઓ તેમને કુવાના તટ પર લઈ ગયા અને વાધરમાં બાંધીને તેમાં ઉતારવા લાગ્યા. તેમાં પ્રથમ ગોશાળાને નાખી, પછી ભગવંતને ઉતારી ડૂબાડવા લાગ્યા. એમ ઉન્મજ્જન-નિમજ્જન કરાવતા, તેવામાં **પાર્શ્વ**નાથના તીર્થમાં દીક્ષા લીધા પછી પરીષહોથી પરાજિત થયેલી, આજીવિકા નિમિત્તે પરિવ્રાજકનો વેશ ધારણ કરનાર, પૂર્વે કહેલ **ઉત્પલ** નૈમિત્તિકની **સોમા** અને **જયંતી** નામની બ્હેનો, એવા પ્રકારનો વ્યતિકર સાંભળતાં 'એ દીક્ષાધારી ચરમ તીર્થંકર તો નહિ હોય?' એવી શંકાથી તે સ્થાને આવતાં, તેવી રીતે બાંધી કુવામાં ઉતારેલ ભગવંતને તેમણે જોયા. એટલે તે કહેવા લાગી કે—'અરે દુરાચારો! ખરેખર તમે વિનાશ પામવાના છો કે આ **સિદ્ધાર્થ** રાજાના પુત્ર અને દેવોને પૂજનીય પ્રભુને આમ ઉપસર્ગ કરો છો.' એમ સાંભળતાં ભયભીત થઇ, તેમણે બહુમાનથી ખમાવીને પ્રભુને મૂકી દીધા. તે બે બ્હેનો પણ ભગવંતને ભક્તિથી વાંદીને પોતાના સ્થાને ગઇ. સ્વામી પણ કેટલાક દિવસ ત્યાં રહી, ગોશાળા સાથે સમસ્ત નગરોના મંડનરૂપ એવી **પૃષ્ઠચંપા** નગરીમાં જઈ તેમણે ચોથું ચોમાસું કર્યું. ત્યાં **વીરાસન**, **લગંડાસને** સતત ધ્યાન ધરતાં તેમણે ચાતુર્માસિક મહાખમણ આદર્યું. તેના છેલ્લા દિવસે પ્રભુ અન્યત્ર પારણું કરી **કૃતાંગલ** સંનિવેશમાં ગયા. ત્યાં **દરિદ્રરથવિર** નામના પાખંડીઓ આરંભ, મહિલા, પરિગ્રહ, પુત્ર, પૌત્રાદિ સ્વજનો સહિત રહેતા હતા. તેમના ગૃહ-પાટકના મધ્યમાં સ્વકુલ-ક્રમાગત દેવતાવડે શોભાયમાન, વિપુલ ઉપાશ્રયવડે મનોહર અને ઉંચા શિખરથી શોભિત દેવળ હતું, તેના એકાંત ભાગમાં આવીને પ્રભુ પ્રતિમાએ રહ્યા. તે દિવસે મંદ મંદ જળકણ પડતા અને શીતલ સખ્ત પવન લાગવાથી ભારે ટાઢ પડતી હતી. વળી તે દિવસે તે પાખંડીઓનો મહોત્સવ કે જેમાં તે બધા બાળક, સ્ત્રીઓના પરિવાર સહિત દેવળમાં ભેગા થઇને ભક્તિપૂર્વક ગાતા અને નાચતા હતા. તે બધાને તથારૂપ જોઇ, ભાવી ભયની દરકાર કર્યા વિના ગોશાળો સોપહાસ કહેવા લાગ્યો કે—'જ્યાં રમણીમાં પ્રેમ અને ધ્યાન કે અધ્યયન સાથે મહાવૈર છે, તથા સુરત-સંભોગના પ્રપંચની પ્રરૂપણા કરનાર શાસ્ત્રો છે, જ્યાં સ્વપ્ને પણ જીવદયાનું નામમાત્ર પણ જણાતું નથી અને જ્યાં નિર્ભર મદિરાપાનમાં નિરંતર ઉદ્યમ ચાલુ છે, પોતાના કુટુંબ સહિત જ્યાં વિલાસપૂર્વક ગાન, નૃત્ય થયા કરે છે, અહો! આવા પાખંડનો

કાંઇ પરમાર્થ હશે ?' એમ કઠોર વચને બોલતા તેને જોઇને તેઓ ભારે રોષ લાવતાં બોલ્યા કે—'અરે! આ દુષ્ટ બોલનારને બહાર કહાડી મૂકો. એને અહીં રાખવાનું કાંઇ પ્રયોજન નથી.' એટલે ઇતર જનોએ ગળે પકડીને ગોશાળાને દેવળની બહાર કહાડી મૂકયો. ત્યાં હિમકણમિશ્ર પવનવડે આઘાત પામતાં, નિબિડ બાહુથી વક્ષસ્થળને આચ્છાદિત કરી, કંપતા શરીરે, દંતવડે વીણા-વાદન કરતાં, રોમાંચિત થઇને તે બેસી રહ્યો. તેને તેવી સ્થિતિમાં જોઇ, અનુકંપા આવતાં બીજા કેટલાક તેને દેવળમાં લઈ ગયા. ત્યાં ક્ષણાંતરે શીત દૂર થતાં, પોતાના દુષ્ટ સ્વભાવને અટકાવવાને અસમર્થ એવો ગોશાળો ફરીને પણ પ્રથમની જેમ કહેવા લાગ્યો. એટલે ફરી તેને બહાર કહાડી અને અંદર લાવ્યા. એમ ત્રણ વાર તેમણે કર્યું. પછી ચોથી વારે ભવનમાં આવીને ગોશાળો કહેવા લાગ્યો કે—'તમારા મતના વિકલ્પ તો દૂર રહો કે જે કહી પણ ન શકાય, પરંતુ હું શું કરૂં કે સદ્ભૂત વસ્તુને પણ કહી શકતો નથી. આ ક્યાની ગુરૂને ત્રિકાલ નમસ્કાર હો કે જ્યાં સ્વદુશ્ચરિત્રનું નામ પણ નથી. બીજા કદાચ સ્ફુટવક્તા હોય, પરંતુ અલ્પ પણ રોષ કર્યા વિના ન રહે.' એમ સાંભળતાં પાકી બુદ્ધિના લોકો કહેવા લાગ્યા કે—'એ આ દેવાર્યનો સેવક, છત્રધારક કે આસન ઉપાડનાર હશે તો અરે! એને મારવાથી શું? તમે બધા મૌન રહો અને પોતપોતાનાં કામ કર્યા કરો. જો તમે સહન ન કરી શકતા હો તો બધાં વાદ્યો વગાડો કે જેથી તેનો શબ્દ સાંભળવામાં ન આવે.' એટલે તેમણે તેમ કર્યું.

પછી પ્રભાત સમય થતાં, સૂર્ય ઉદય પામતાં અને જીવલોક સાક્ષાત્ દૃષ્ટિગોચર આવતાં, પ્રતિમા પારીને સ્વામી તે સ્થાનથી નીકળી **શ્રાવસ્તી** નગરી પ્રત્યે ગયા. ત્યાં બહાર પ્રતિમાએ રહ્યા. ભોજન સમયે ગોશાળાએ પૂછયું કે—'હે ભગવન્! તમે ભિક્ષા લેવા નીકળશો?' સિદ્ધાર્થે કહ્યું—'આજે અમારો ઉપવાસ છે.' તેણે પુનઃ પૂછયું—'ભગવન્! આજે મને કેવો આહાર મળશે?' સિદ્ધાર્થ બોલ્યો—'આજે તું મનુષ્ય-માંસ ખાઇશ.' ગોશાળો બોલ્યો—'આજ મારે ઇતર માંસનો પણ જ્યાં સંભવ ન હોય તેવું જમીશ, તો મનુષ્ય-માંસ તો કયાંથી?' એમ નિશ્ચય કરી તે સર્વત્ર ભમવા લાગ્યો.

હવે તેજ નગરીમાં **પ્રિયદત્ત** નામે એક ગૃહસ્થ રહેતો. તેની **શ્રીભદ્રા** નામે ભાર્યા હતી. તેને બધાં મૃત બાલકો જન્મતાં એટલે પુત્ર જીવતા જન્મે

તેને માટે તે મંત્રવાદી, જ્યોતિષી અને દેવતાઓને સવિશેષ પૂછતી અને પૂજતી હતી, તથાપિ તેને કંઇ ફાયદો ન થયો. એવામાં તે વખતે પ્રસૂતિ-સમય લગભગ નજીક આવતાં, દેશાંતરથી આવેલ **શિવદત્ત** નામના કોઇ પ્રસિદ્ધ નૈમિત્તિકને તેણે પૂછ્યું—'મારી પ્રજા જીવતી કેમ રહે?' તેણે કહ્યું–'જો તરતના જન્મેલા મૃત બાળકને પીસી, તેમાં દૂધ નાખી, પાયસ રાંધી, તેને ઘૃત, મધુથી મિશ્રિત બનાવી, કોઇ શ્રેષ્ઠ તપસ્વીને બહુમાનપૂર્વક ભોજનમાં આપીશ તો તારી પ્રજા સ્થિર થશે; પરંતુ ભોજન કરીને તેના ગયા પછી ઘરનું દ્વાર બીજી બાજુ કરી લેવું કારણ કે કદાચ ભોજનનું સ્વરૂપ જાણીને તે ઘરને બાળે નહિ.' એ બધું તેણે કબૂલ કર્યું. પછી તે જ દિવસે તેણે મૃત બાળકને જન્મ આપ્યો એટલે પૂર્વોક્ત વિધિ પ્રમાણે પાયસ બનાવી, અતિથિની રાહ જોતી તે દ્વાર પર બેઠી. એવામાં અનેક ભવનોનો ત્યાગ કરતાં ગોશાળો તે સ્થાને આવ્યો. એટલે આદરપૂર્વક તેણે નિમંત્રણ કરતાં તે ઘરમાં દાખલ થયો. ત્યાં તેણે આસન આપતાં તે બેઠો અને તેની આગળ ભાજન મૂકી, પૂર્વે તૈયાર કરેલ ઘૃત–મધુ સહિત પાયસ પીરસ્યું. ત્યારે 'આમાં માંસનો સંભવ ક્યાંથી?' એમ સ્વબુદ્ધિથી નિશ્ચય કરી, સંતોષ પામતાં તેણે ભોજન કર્યું. પછી જમીને ભગવંત પાસે જતાં જરા હસીને તે કહેવા લાગ્યો કે–'હે ભગવન્! તમે લાંબો વખત નૈમિત્તિકપણું કર્યું, પણ આજે તે ખોટું પડ્યું.' સિદ્ધાર્થે કહ્યું–'હે ભદ્ર! ઉતાવળો ન થા. અમારૂં વચન કદિ મિથ્યા ન થાય. જો તને ખાત્રી ન થતી હોય તો વમન કર કે જેથી સાક્ષાત્ સમજવામાં આવે.' પછી ગળામાં આંગળી નાખીને તેણે વમન કર્યું અને તે વિકૃત પાયસમાં માંસ, કેશાદિના સૂક્ષ્મ અવયવો જોયા. તે જોતાં રૂષ્ટ થઇને ગોશાળો તે ઘર શોધવા લાગ્યો, પરંતુ તેમણે તેના ભયને લીધે ઘરનું દ્વાર બીજી બાજુ કરેલ, એટલે તે પ્રદેશમાં વારંવાર ભટકતાં પણ જ્યારે તે ઘર હાથ ન લાગ્યું ત્યારે તે કહેવા લાગ્યો કે—'જો મારા ધર્મગુરૂના તપ કે તેજનો પ્રભાવ હોય તો આ પ્રદેશ બળી જાઓ.' ત્યારે જિન–માહાત્મ્યને અવિતથ કરતા પાસેના વાણવ્યંતર દેવોએ તે પ્રદેશ બાળી નાંખ્યો. ભગવંત પણ કેટલાક દિવસ ત્યાં વીતાવી **હલદ્રુત** (હરદ્રુ) નામે ગામમાં ગયા. તેની બહાર અનેક શાખા–પ્રશાખાથી અભિરામ, ઘણા પત્ર–પાંદડાથી સૂર્યપ્રભાને પ્રતિસ્ખલિત કરનાર તથા મહાસ્કંધ યુક્ત એવું **હરિદ્ર** નામે વૃક્ષ હતું તેની નીચે પ્રભુ કાયોત્સર્ગે રહ્યા. એવામાં **શ્રાવસ્તી** નગરી પ્રત્યે જવાને ઇચ્છતા કોઇ સાર્થે ત્યાં રાત્રે આવાસ કર્યો.

તે શીતથી પરાભવ પામતાં અગ્નિ સળગાવી, લાંબો વખત તપી, પ્રભાતે ઊઠીને ચાલ્યો ગયો. અગ્નિ પણ લોકોએ ન બુઝાવવાથી બળતો બળતો પ્રભુ પાસે પહોંચ્યો. એટલે ગોશાળાએ કહ્યું–'હે ભગવન્! ભાગો, આ અગ્નિ આવે છે.' એમ સાંભળતા પણ મનમાં ક્ષોભ ન પામતાં સ્વામી ત્યાં જ ધ્યાનસ્થ રહ્યા. એવામાં તરત પ્રસરતા અગ્નિવડે પ્રભુના ચરણકમળ દગ્ધ થયાં, છતાં ગોશીર્ષચંદન, જળવર્ષણ અથવા શીત સલિલ સમાન સમજતા જિનેશ્વરે તીવ્ર અગ્નિદાહને સહન કરી લીધો. તથાવિધ અસમંજસ જોઇ ભયભીત થયેલ ગોશાળો પોતાના જીવનની રક્ષા માટે અતિ દૂર ભાગી ગયો.

પછી અગ્નિ શાંત થતાં ભગવાન્ **મંગલ** નામના ગામમાં ગયા અને ત્યાં વાસુદેવના મંદિરમાં પ્રતિમાએ રહ્યા. ગોશાળો પણ એક પ્રદેશમાં ભરાઇ બેઠો, પરંતુ કેલિ, કલહાદિ–વિનોદના અભાવે અત્યંત દુઃખ અનુભવતો તે ફાલથી ભ્રષ્ટ થયેલ મર્કટની જેમ ચોતરફ જોવા લાગ્યો. એવામાં ગામના બાળકો ક્રીડા નિમિત્તે તે સ્થાને આવી ચડયા. તેમને જોતાં જાણે રત્નનિધાન પ્રાપ્ત થયું હોય અથવા જાણે ફરી જીવિત પામ્યો હોય તેમ માની, વદન–કંદર ફાડી, લોલ જીહ્વાને બહાર કહાડી, બીભત્સ લોચનને ફેરવતો તે તેમને ભય પમાડવા એકદમ વેગથી સામે દોડયો. એટલે અતર્કિત સન્મુખ આવતાં તેના ભીષણ સ્વરૂપને જોઇ બાળકો તરતજ ભય પામી ગામ ભણી દોડી ગયા, પણ ઉતાવળે જતાં સ્ખલના પામવાથી કેટલાકની જંઘા ભાંગી, કેટલાકનું માથું ફુટયું, કેટલાકના પગ મરડાયા, કેટલાકના શરીરે પહેરેલા આભૂષણો પડી ગયા અને ભયને લીધે તે વખતે કેટલાકનાં વસ્ત્રો પડી ગયાં. એમ તેમની વ્યાકુળતા જોતાં, માબાપોએ તેમ થવામાં કારણભૂત ગોશાળાને શોધી કાઢયો, જેથી 'અરે! પાપી પિશાચ! અમારા બાળકોને તું અહીં શામાટે બીવરાવે છે?' એમ તર્જના પમાડી તેમણે તે વિવશ ગોશાળાને ખૂબ માર્યો. ત્યારે માર ખાતાં તેને જોઈ, ગામના વૃદ્ધોએ નિવારણ કરતાં કહ્યું કે– 'આ દેવાર્યનો શિષ્ય છે માટે મૂકી દ્યો.' આથી તેમણે મહાકષ્ટે છોડયો. એટલે ગોશાળાએ પ્રભુને કહ્યું કે–'હું કૂટાતા તમારે ઉપેક્ષા કરવી શું યોગ્ય છે? આટલા દિવસ સુખ–દુઃખ સમાનપણે સહન કર્યા છતાં તમને પ્રતિબંધ કેમ ઉત્પન્ન ન થયો? અહો! પત્થર સમાન નિષ્ઠુર હૃદય!' ત્યારે સિદ્ધાર્થ બોલ્યો કે–'અરે! અમારા પર વિના કારણે કેમ રોષ લાવે છે? તું તારા દોષિત આત્માને જ નિયમિત રાખ.' પછી કાયોત્સર્ગ પારી, ત્યાંથી નીકળતાં સ્વામી **આવર્ત** ગામમાં આવી, **બળદેવના** મંદિરમાં પ્રતિમાએ રહ્યા. ત્યાં

પણ કલહપ્રિય ગોશાળો પૂર્વાવસ્થા ભૂલી જઈ, મુખ ફાડીને બાળકોને બીવરાવવા લાગ્યો. એટલે રાતાં રાતાં તેમણે જઈને માબાપને કહ્યું જેથી તેમણે પણ તેને ખૂબ માર્યો અને પૂર્વની જેમ ગામના પ્રધાન જનો અટકાવતાં બાલ્યા કે–' અરે ! તમે એને વૃથા શામાટે મારો છો ? એને ન અટકાવતાં ગુરૂને દોષ છે.' એમ કહેતાં તે લોકો મજબૂત દંડ લઈ તરતજ ભગવંતને મારવા માટે સન્મુખ આવ્યા. એવામાં જિનના પક્ષપાતી વ્યંતરે લોકોને ભય પમાડવા તે પ્રતિમાને હાથમાં હળ બતાવતી કરી દીધી, જેથી પૂર્વે કદિ ન જોયેલ એવી પ્રતિમાને જોતાં, તરતજ ભયભીત થતાં તે લોકો સ્વામીને અનેક પ્રકારે ખમાવવા લાગ્યા. ત્યાંથી પ્રભુ **ચોરાક** સંનિવેશમાં ગયા અને ગુપ્ત સ્થાનમાં પ્રતિમાએ રહ્યા. એવામાં ક્ષુધાતુર થયેલ ગોશાળાએ ભગવંતને પૂછયું કે ' ભગવન્! આજે ગોચરીએ જવું છે કે નહિ ?' સિદ્ધાર્થે કહ્યું–'અમારે તો હજી વખત છે.' પછી ગોશાળો ગામમાં પેઠો. ત્યાં મિત્રમંડળને જમાડવા એક સ્થાને બહુ ભક્ષ્ય ભોજન તૈયાર થતું હતું એટલે 'તે કયારે તૈયાર થાય છે.' એમ કેવલ અસ્થિરપણાથી તે જાણવા માટે છાનો રહીને વારંવાર ગોશાળો તે તરફ જોવા લાગ્યો. હવે તે દિવસે ગામમાં ચોરનો મોટો ભય જાગ્યો, જેથી ગામના લોકોએ જાણ્યું કે–' આ વારંવાર જોવે છે તેથી ચોર કે જાસુસ હશે, તો વખતસર એની પાસેથી પ્રથમની ચોરીનો માલ મળશે.' એમ ધારી તેમણે તેને પકડીને સખ્ત માર માર્યો અને પૂછતાં જ્યારે તે કાંઇ બોલ્યો નહિ ત્યારે તેને મારીને મૂકી દીધો. એટલે તે વિલક્ષ થઇને વિચારવા લાગ્યો કે–' અહો ! ભોજન મળવાનું તો દૂર રહો, પરંતુ જીવતો રહ્યો તે જ આશ્ચર્ય છે. અહો ! નિષ્કારણ દુર્જનોનો મેળાપ થયો અથવા તો એવા વિકલ્પથી શું ? જો મારા પ્રભુનો પ્રભાવ હોય તો એ પાપીઓનો મંડપ બળી જાઓ.' એમ બોલતાં, જિનાનુરાગી વાણવ્યંતરે તે બાળી નાખ્યો. ત્યાંથી પ્રભુ **કલંબુકા** નામના સંનિવેશ તરફ ચાલ્યા. ત્યાં **મેઘ** અને **કાલહસ્તી** નામના બે ભાઈ પાસે પાસે રહેતાં સત્તા ચલાવતા. તે વખતે સેવક અને સુભટો સહિત હાથમાં વિવિધ શસ્ત્રો લઇને કાલહસ્તી ચોરોની પાછળ લાગ્યો, અને કંઈક આગળ જતાં સન્મુખ આવતા ભગવંત અને ગોશાળો તેના જોવામાં આવ્યા. તેમને જોતાં કાલહસ્તીએ કહ્યું.–'તમે કોણ છો ?' એટલે સ્વામી તો મૌન રહ્યા અને ગોશાળો પણ કૌતુકપ્રિયપણાથી મૌન ધરી રહ્યો, જેથી તેણે રૂષ્ટ થઈ સખ્ત માર મારી, ભગવંત અને ગોશાળાને બાંધી પોતાના ભાઈ **મેઘ** પાસે મોકલ્યા. ત્યાં તથારૂપ પ્રભુને જોઇ, ઊઠી તેણે બંધનમુક્ત કરી, પ્રભુને પૂજીને ખમાવ્યા.

કારણ કે પૂર્વે કુંડગ્રામ નગરમાં સિદ્ધાર્થ રાજા પાસે જતાં તેણે સ્વામીને જોયા હતા. ત્યાંથી મુક્ત થતાં ભગવાન્ અવધિજ્ઞાનથી વિચારવા લાગ્યા કે- 'હજી મારે બહુ કર્મ નિર્જરવાના છે, તે સ્હાય વિના નિર્જરવા અશક્ય છે; માટે અહીં કર્મચારીનો દૃષ્ટાંત યુક્ત છે. જેમકે ફળભારથી લચી રહેલ શસ્ય-પૂર્ણ ક્ષેત્રને જોતાં, તેને શીઘ્ર લેવાને ઇચ્છતાં, એકાકી લણવાને અસમર્થ એવા માલીકે યોગ્ય મજુરી આપી બીજા ઘણા લોકોને શસ્ય-ધાન્ય લણવામાં લગાડ્યા. તેમ ચિરકાલનાં કર્મ ખપાવવા માટે મારે પણ અનાર્ય દેશોમાં વિચરવાની જરૂર છે, કારણ કે ત્યાં અનાર્ય લોકો નિષ્કારણ કોપાયમાન થઈ, ભારે ઉપસર્ગ કરતાં, કર્મ-નિર્જરામાં મને સ્હાય કરશે.' એમ ચિંતવી મ્લેચ્છ જનોથી વ્યાપ્ત એવા **લાટ** દેશમાં મોહવિજયી સ્વામી ગોશાળા સાથે ગયા. ત્યાં કેટલાક નિર્દય પાપી જનો આવેલ નાથને હેરિકબુદ્ધિથી સખ્ત મુષ્ટિ-પ્રહારોવડે મારવા લાગ્યા, કેટલાક અસભ્ય વચનોથી તર્જના અને હીલના કરતા અને કેટલાક અતિપ્રચંડ કૂતરા તેમની પાછળ દોડાવતા. એમ વ્યંતર, સુર, અસુરપતિ, યક્ષ, રાક્ષસ પ્રમુખ દેવો બહુમાન-પરાયણ છતાં સ્વામી એકલા ઉપસર્ગો સહન કરતા. 'આ મારા ધર્માચાર્ય છે અને મારા હૃદયમાં રહેલા છે' એમ ધારી પ્રભુ પાછળ રહેલ ગોશાળો પણ દુઃખ સ્હેવા લાગ્યો. ત્યાં ઘણા કર્મોની નિર્જરા કરી, જાણે વાંછા પૂર્ણ થઇ હોય તેમ જિનેશ્વર આર્યક્ષેત્ર ભણી આવવા લાગ્યા. માર્ગમાં **પૂર્ણકલશ** નામના સંનિવેશની નજીકમાં આવતાં, બે ચોર **લાટ** દેશ લુંટવા નીકળ્યા અને અપશુકન સમજીને યમજીહ્વા સમાન તરવાર ઉગામીને ભગવંત પ્રત્યે દોડ્યા. એવામાં ઇંદ્ર 'ભગવાન્ ક્યાં વિચરે છે?' તે જાણવા માટે જેટલામાં અવધિથી જુએ છે તેવામાં થોડે આંતરે રહેલા, તરવાર ઉગામતા તે ચોરો પ્રભુના વધ નિમિત્તે તૈયાર થયેલા તેના જોવામાં આવ્યા. એટલે તીવ્ર ક્રોધાવેશ આવતાં તેણે ઉંચા પર્વતોના શિખરોને ભેદનાર વજ્રવડે તેવી સ્થિતિમાં જ તેમને મારી નાખ્યા.

હવે સ્વામી પણ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં **ભદ્દિલ** નગરીમાં ગયા. ત્યાં પાંચમું ચોમાસું રહ્યા, અને વિચિત્ર આસનો કરતાં ચાતુર્માસિક ખમણ કર્યું. અનુક્રમે ચાતુર્માસ વ્યતીત થતાં બહાર પારણું કરી, વિહાર કરતાં પ્રભુ **કદલીસમાગમ** નામે ગામમાં ગયા. તે દિવસે ત્યાં કર્મચારીઓ, પથિક અને કાર્પટિકાદિકને યથેચ્છ ભોજન આપતા હતા. તે જોઈ ગોશાલો પણ સ્વામીને કહેવા લાગ્યો કે-' પ્રભુ ! આપણે અહીં જઇએ.' સિદ્ધાર્થે કહ્યું. 'અમારે હજી વખત છે.' એમ સાંભળી ગોશાળો તે સ્થાને ગયો અને

ભોજન કરવા બેઠો. લોકોએ તેને ભોજન પીરસ્યું, પરંતુ અત્યાસક્તિને લીધે તે કોઇ રીતે તૃપ્તિ ન પામ્યો, એટલે ગામના જનોએ એક મોટું ભાજન દહીંમિશ્ર ભાતથી ભરીને તેને સોંપ્યું. તે બધું ન ખાઈ શકવાથી ગોશાળો કહેવા લાગ્યો કે–' આટલું હવે ખાઈ શકીશ નહિ. ' ત્યારે લોકોએ નિભ્રંછના કરતાં જણાવ્યું કે–' અરે પાપી ! દુકાળીયાની જેમ પોતાના ભોજન-પ્રમાણને પણ જાણતો નથી ? ' એમ રોષ લાવી લોકોએ તે ભાજન તેના જ મસ્તક પર નાખ્યું. પછી ઉદર પર હાથ ફેરવતો તે યથાસ્થાને ગયો. એવામાં પ્રભુ જંબૂખંડ ગામમાં જતાં, ત્યાં પણ તે જ પ્રમાણે કર્મચારીઓના ભોજનમાં તે ભળ્યો અને તેને ક્ષીર અને ભાત તેમણે જમાડતાં, પ્રાંતે ફરીને પણ લોકોએ તેના તેવા હાલ કર્યા. હવે સ્વામી અનુક્રમે વિચરતા, **તામાક** ગામમાં ગયા અને બહાર પ્રતિમાએ રહ્યા. તે ગામમાં બહુશ્રુત, મોટા પરિવારવાળા, **પાર્શ્વ**-જિનના સંતાનીય એવા **નંદિષેણ** નામના સ્થવિર, ગચ્છની ચિંતા મૂકીને મુનિચંદ્રસૂરિની જેમ જિનકલ્પરૂપ પરિકર્મ કરતા હતા. ગોશાળો ગામમાં પેઠો અને વસ્ત્ર, કંબલ પ્રમુખ ઉપકરણ સહિત તે શ્રમણોને જોઇ, પ્રથમની જેમ નિભ્રંછના કરીને તે સ્વામી પાસે આવ્યો.

એવામાં તે નંદિષેણ સ્થવિર તે જ રાત્રે ચોકમાં નિશ્ચલપણે કાયોત્સર્ગે રહ્યા. ત્યાં આમતેમ ભમતા કોટવાલના પુત્રે ચોર સમજીને તેમને મોટા ભાલાવતી માર્યા. એટલે તત્કાલ અવધિજ્ઞાન ઉત્પન્ન થતાં મરણ પામીને તે દેવલોકે ગયા. તે વખતે પાસેના પ્રદેશમાં રહેતા દેવોએ તેમનો મહિમા કર્યો, તે જોઇ ગોશાળો તે સ્થાને આવ્યો અને કાલધર્મ પામેલા સ્થવિરને તેણે જોયા. જેથી સુખે સૂતેલા તેમના શિષ્યોને તેણે ઉપાશ્રયમાં જઇને જગાડ્યા. અને નિભ્રંછના કરતાં સ્થવિર–મરણનો વ્યતિકર સંભળાવ્યો. પછી તે સ્વસ્થાને ગયો. ભગવંત પણ ત્યાંથી **કૂપિકા** સંનિવેશમાં ગયા. ત્યાં જાસુસ–બાતમીદાર સમજીને કોટવાળોએ તેમને પકડ્યા અને બંધન, તાડન પ્રમુખ કદર્થનાથી તેઓ સતાવવા લાગ્યા. એ રીતે ભગવંત તેમના હાથે કદર્થના પામતાં, લોકોમાં વાતો ચાલી કે–' એ દેવાર્ય રૂપ-લક્ષ્મીથી અપ્રતિમ છે, તો ચર સમજીને તેમને કેમ પકડ્યા હશે ? શું તે પણ આવું કર્મ કરે ? અથવા તો કર્મની ગતિ વિચિત્ર છે, શું સંભવતું નથી ? તથાપિ એમ સંભળાય છે કે જ્યાં આકૃતિ ત્યાં ગુણો રહે છે, તો ખરેખર એ લોકો મૂઢતાથી જ એને સતાવે છે. સાધુ પણ ભોગોપભોગના કારણરૂપ વિરૂપ કામ આચરે છે, છતાં જે વસ્ત્રને પણ ઇચ્છતા નથી તે ચરપણું કેમ કરે ? ' એ

પ્રમાણે લોકપ્રવાદ સાંભળતાં **વિજયા** અને **પ્રગલ્ભા** નામની **પાર્શ્વનાથ**ની શિષ્યાઓ કે જેમણે તરતમાં દીક્ષા મૂકેલ અને નિર્વાહ માટે પરિવ્રાજિકાનો વેશ ધારણ કર્યો હતો, તેમને સંશયથી મનમાં આકુળતા થઈ કે–'એ વીરજિન તો નહિ હોય ?' એમ ધારી, ત્યાં જતાં પ્રભુને જોઇ તેમણે ભાવથી વંદન કર્યું અને અતિ કઠિન વાક્યોથી કોટવાળોને તિરસ્કારતાં કહ્યું કે–'અરે ! નિર્ભાગી ! આ સિદ્ધાર્થ નરેંદ્રના નંદન અને ધર્મના શ્રેષ્ઠ ચક્રવર્ત્તીને તમે શીઘ્ર મુક્ત કરીને ખમાવો. અરે ! આ વ્યતિકર જો કોઇ રીતે ઇંદ્રના સાંભળવામાં આવશે, તો રાજ્ય અને રાષ્ટ્ર સહિત તમને તે યમના ઘરે મોકલી આપશે.' એમ તેમના કહેતાં તેઓ ભયભીત અને વિનયથી નમ્ર બનીને પ્રભુના પગે પડ્યા અને અંજલિ જોડી, પોતાનું દુશ્ચરિત્ર ખમાવવા લાગ્યા. પછી ત્યાંથી નીકળતાં ભગવંત **વૈશાલી** નગરી ભણી ચાલ્યા અને જતાં જતાં વચ્ચે બે રસ્તા આવ્યા ત્યારે લાટ દેશમાં વિવિધ તીવ્ર ઉપસર્ગોથી ભગ્ન થયેલ ગોશાળો સ્વામીને વિનવવા લાગ્યો કે–' એક તો સાક્ષાત્ જોયા છતાં મારથી મને બચાવતા નથી અને બીજું તમારા ઉપસર્ગથી મને પણ ઉપસર્ગ નડે છે, તેમજ લોકો પ્રથમ મને અને પછી તમને પકડીને મારે છે, વળી ભોજનવૃત્તિ પણ પ્રતિદિન મહામુશ્કેલીથી થાય છે, તથા માનાપમાનમાં સમભાવે રહેનાર તથા સેવાની દરકાર ન કરનાર એવા તમારા પાસે કોઇ નાયકધર્મ પણ જોવામાં આવતો નથી, કારણ કે જે સેવકના સુખે સુખી અને દુઃખે દુઃખી ન થાય તો સુખના અભિલાષી એવા સેવકે તે સ્વામીની સેવા પણ શા માટે કરવી ? માટે અદ્યાપિ લાંબા જીવિત અને સુખને ઇચ્છનાર એવા મારે હે દેવાર્ય ! હવે તમારી સેવાથી સર્યું'.' એમ તેના કહેતાં સિદ્ધાર્થ બોલ્યો કે–' તને રૂચે તેમ કર. અમારો તો એવો જ વ્યવહાર છે, તો તેમાં તને કહેવાનું શું હોય ? ' એમ પરસ્પર વાતચીત થતાં સ્વામી **વૈશાલી**ના માર્ગે ચાલ્યા અને ગોશાળો ભગવંતથી અલગ થઇ, **રાજગૃહ**ના માર્ગે ચાલ્યો, અને હસ્તી, સિંહ, હરિણ, વરૂ, વાઘ પ્રમુખ દુષ્ટ શ્વાપદોથી વ્યાપ્ત અને ગગનતલ સુધી પહોંચેલા લાંબા વૃક્ષોથી ભીષણ એવા મહા–અરણ્યમાં તે પડ્યો. ત્યાં એક મોટા વૃક્ષ પર પથિકજનોને જોવા માટે ચોરસ્વામીએ પોતાનો એક સેવક ચઢાવી રાખ્યો હતો. એટલે સ્વચ્છંદ લીલાએ આવતો ગોશાળો તેના જોવામાં આવ્યો. તેને જોતાં પેલા સેવકે ચોરપતિને જણાવ્યું કે–' એક નગ્ન સાધુ આવે છે. ' તે બોલ્યો–' એની પાસે કાંઈ લૂંટવા જેવું હોય તેમ લાગતું નથી, નહિ તો એ આ નિર્જન અટવીમાં શા માટે પ્રવેશ કરે ? અથવા તો એ કોઈ

દુરાચારી લાગે છે કે જે આવું રૂપ કરી, આપણને પરાભવ પમાડવા માગે છે; માટે અસ્ખલિત ગતિથી એને આવવા દ્યો કે જેથી તેના દુર્વિનયને દૂર કરીએ.' એમ તેમના બોલતાં ગોશાળો પાસે આવી પહોંચ્યો, એટલે તેમણે દૂરથી જ સાભિલાષ–' હે માતુલ આવ, તને સ્વાગત છે.' એમ કહેતાં તેમણે પકડયો અને તેની પીઠ નમાવી. ત્યાં મરણભયથી વ્યાકુળ થયેલા તેણે પોતાની પીઠ માંડી. પછી પાંચસો ચોર સહિત ચોરસ્વામીએ આરૂઢ થઇને ઘણીવાર તેને યથાક્રમે ચલાવ્યો, એવામાં ક્ષુધા, તૃષ્ણા અને પરિશ્રમથી તે જ્યારે મરણતોલ થઇ ગયો ત્યારે તેને મૂકીને ચોરો સ્વસ્થાને ચાલ્યા ગયા. અહીં ગોશાળો પણ જાણે મુદ્ગરના પ્રહારથી જર્જરિત થયેલો હોય અથવા જાણે વજ્રથી તાડના પામેલ હોય તેમ અત્યંત આકુળ–વ્યાકુળ થતાં મૂર્છા આવતાં એક વૃક્ષની છાયા તળે થોડીવાર પડ્યા રહેતાં, શીતલ પવનવડે ચેતના પામતાં તે શોક કરવા લાગ્યો કે–' હા ! હા ! હિતાર્થી છતાં નષ્ટ બુદ્ધિના મેં બહુ જ ખોટું કર્યું કે અચિંત્ય માહાત્મ્યના ભંડાર એવા સ્વામીને મૂકી દીધા. નાથ નિર્દોષ છતાં કુવિકલ્પને લીધે હતાશ મેં જે તેમની અવજ્ઞા કરી તે અત્યારે મારે શિરે આવી પડી. તેમના પ્રભાવથી દુઃશીલ છતાં હું અનેક સ્થાને નભી શકયો, પરંતુ હવે તેમના વિરહમાં મારે જીવવું મુશ્કેલ છે. અથવા તો બરાબર વિચાર્યા વિના ઉતાવળે જે કાર્યો કરવામાં આવે છે તે અપથ્ય ભોજનની જેમ પરિણામે દુઃખદાયક નીવડે છે. મને તો એમ લાગે છે કે આ બાનાથી કૃતાંત મને છળવા ઇચ્છે છે, નહિ તો મને આવી કુબુદ્ધિ કેમ ઉપજે ? માટે હવે કોના શરણે જાઉં અને કયો માર્ગ લઉં અથવા તો કોની આગળ દુઃખ પ્રકાશીને હું નિશ્ચિંત થાઉં ? અથવા આવા વિકલ્પો કરવાથી શું ? તે એક ધર્મસૂરિને મૂકીને ત્રણે લોકમાં મારો કોઈ આધાર નથી, માટે હવે તેની શોધ કરૂં.' એમ નિશ્ચય કરી, સંસારની જેમ સુભીષણ તે અરણ્યને મહાકષ્ટે ઓળંગી સ્વામીની શોધ કરતો તે ગ્રામાદિકમાં ભમવા લાગ્યો.

અહીં વીર ભગવાન્ અનુક્રમે વિહાર કરતાં વિશાલ કોટ્ટાર્થી વેષ્ટિત તથા કામોન્મત્ત રામાઓથી અભિરામ એવી **વૈશાલી** નગરીમાં પહોંચ્યા. ત્યાં ઘણા કારીગરો (લુવારો)ની માલીકીના એક મકાનમાં ત્યાંના લોકની અનુજ્ઞા લઈ, પ્રભુ પ્રતિમાએ રહ્યા. એવામાં એકદા એક કારીગર રોગથી પીડિત થતાં છટ્ઠે મહિને નીરોગી થવાથી પ્રશસ્ત તિથિ અને મુહૂર્ત્તે મંગલવાદ્યપૂર્વક, શરીરે ચંદન ચોપડી હરહાસ્ય કે કાસકુસુમ સમાન શ્વેત વસ્ત્ર પહેરી, શિર પર અક્ષત અને સરસવ છંટાવી સ્વજનો સાથે નીકળતાં તે તે જ કારીગરોની શાળામાં આવ્યો.

ત્યાં વસ્ત્ર રહિત આગળ ઉભા રહેલા જિનેશ્વરને જોતાં, ભારે ક્રોધાનલ પ્રગટતાં-'અરે ! આ તો શરૂઆતમાં જ અમંગલરૂપ નગ્ન દીઠો, માટે એ અમંગળ એને જ અર્પણ કરૂં' એમ ચિંતવી લોહઘણ લઈને તે સ્વામીને મારવા દોડ્યો. એવામાં 'ભગવંત કેમ વિચરે છે ?' તે જાણવા નિમિત્તે ઇંદ્રે અવધિજ્ઞાનથી જોયું. એટલે પૂર્વોક્ત વ્યતિકર તેનાં જોવામાં આવ્યો, જેથી એક નિમેષ માત્રમાં મણિકુંડલથી શોભતો શક્ર તે સ્થાને આવ્યો અને પોતાની શક્તિથી તે લોહઘણ ઘાતકના માથે જ તેણે માર્યો, તેનાથી ઘાત પામતાં તે તરતજ પંચત્વ પામ્યો. પછી ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રણામ કરીને ઇંદ્ર ભગવંતને કહેવા લાગ્યો કે-'હે સ્વામિન્ ! અનુપમ કલ્યાણના કારણરૂપ અને લોક-લોચનને આનંદ પમાડનાર એવા તમને જોઇને પાપીઓ કેમ પ્રદ્વેષ કરતા હશે ? ત્રિકરણ શુદ્ધિથી જીવરક્ષા કરવાને ઇચ્છતા એવા તમારા પર દુષ્ટ બુદ્ધિ કેમ પ્રવર્તતી હશે ? શું અમૃતને પણ કોઈ વિષ બુદ્ધિથી સમજી લેતા હશે ? અથવા તો મૂઢ જનોની અવશ્ય એવી જ મતિ હોય. હે નાથ ! અમારા દેવત્વના દિવ્ય માહાત્મ્યની સંપત્તિ ખરેખર વિફલ છે કે જે તમારી આપદા નિવારવામાં કૃતાર્થ થતી નથી. અથવા તે પ્રભુભક્તિ પણ ભલે નિશ્ચળ હોય, છતાં જ્યાંસુધી પાર્શ્વસ્થ ભક્તો સયત્ન સદા તમને સેવતા નથી ત્યાંસુધી તે ભક્તિ પણ લક્ષ્યમાં કેમ આવી શકે ?' એ પ્રમાણે સારી રીતે ઉપસર્ગ કરનાર જન અને સ્વભક્તિને દૂષિત બતાવી, ભારે ખેદ પામતો દેવેંદ્ર નમીને પોતાના સ્થાને ગયો સ્વામી પણ વિહાર કરતાં **ગ્રામાકર** નામના સંનિવેશમાં ગયા. ત્યાં **બિભેલક** નામે યક્ષ હતો. તે પૂર્વભવે સમ્યક્ત્વને સ્પર્શી આવેલ હોવાથી પ્રતિમાસ્થ પ્રભુને જોતાં ભારે પ્રમોદ પામ્યો અને પરિમલને લીધે ભ્રમરસમૂહથી વ્યાપ્ત એવી અભિનવ પારિજાત-મંજરીવડે તથા બાવનાચંદનથી મિશ્ર કુંકુમ અને કપૂરના વિલેપનવડે તેણે પરમાદરથી પ્રભુની પૂજા કરી. હવે તે બિભેલક યક્ષ પૂર્વભવે કોણ હતો ? તે ચરિત્ર આ પ્રમાણે છેઃ—

**મગધ** દેશના **શ્રીપુર** નગરમાં **મહાસેન** નામે રાજા અને તેની **શ્રી** નામે ભાર્યા હતી. તેમને બધી કળા અને વિજ્ઞાનમાં પ્રવીણ એવો **સૂરસેન** નામે પુત્ર હતો. તે યૌવનમાં આવ્યા છતાં, પ્રવર રૂપવતી રમણીઓ તરફ પણ દૃષ્ટિ નાખતો ન હતો. બહુ સમજાવ્યા છતાં લગ્નની વાત તેણે સ્વીકારી નહિં, પરંતુ મુનિવરની જેમ વિકાર રોકીને તે વિચિત્ર વિચક્ષણો સાથે વિનોદ કરવામાં કાળ વિતાવતો હતો. પોતાના પુત્રને એવી સ્થિતિમાં જોઇ અત્યંત

વ્યાકુળ થતા રાજાએ અનેક મંત્ર, તંત્રના જાણનારા લોકોને બોલાવ્યા અને તેમણે વિવિધ ઉપાયો કરી જોયા, છતાં કુમારના મનોભાવમાં કંઇ પણ ફેર ન પડયો. એક દિવસે રાજા ગજેન્દ્રપર આરૂઢ થઇ, પરિજનોની સાથે નગરની બહાર રયવાડીએ નીકળ્યો અને વિવિધ પ્રદેશોમાં અશ્વ, હાથીઓને ફેરવી, પોતે પરિભ્રમણ કરીને પાછો ફર્યો. એવામાં રથ, અશ્વ, શિબિકા અને પગે શીઘ્ર વેગથી ઉદ્યાન તરફ જતા અને સુંદર વેશથી સુશોભિત એવા સમસ્ત નગરજનોને જોતાં રાજાએ પૂછયું કે-' અરે ! આ નગરજનો બધા પોતાના કામકાજને મૂકી એક માર્ગે કયાં જાય છે ? આજે કોઇ દેવતાનો મહોત્સવ પણ નથી, તેમજ નટ કે નાટકાદિનું કૌતુક પણ કાંઇ દેખાતું નથી.' ત્યારે પરિજને કહ્યું કે-' હે દેવ ! શું તમને ખબર નથી કે અહીં **સૂરપ્રભ** નામે આચાર્ય આવેલા છે કે જે પરાત્મા પોતાના યથાર્થ નામથી અતીત અનાગત વસ્તુ-વિષયના સંદેહરૂપ તિમિરને હરવાવડે વસુધામાં અપૂર્વ કીર્ત્તિ પામ્યા છે. વળી જેમના પાદપદ્મની ધૂલિના સ્પર્શ માત્રથી, વિવિધ રોગથી પીડિત છતાં લોકો તરતજ મન્મથ જેવા બની જાય છે; તથા લોકો જેમના દર્શન માત્રથી પણ સમસ્ત તીર્થોના પાવન જળની જેમ પાપરજને પરાસ્ત કરનાર પોતાના આત્માને માને છે. જેઓ દુર્વહ ગર્વને લીધે પોતાના પિતાને પણ પ્રણામ કરતા નથી તેવા તરૂણો પણ જેમના ચરણમાં વારંવાર આળોટે છે. આ લોકો તે આચાર્યને વંદન કરવા જાય છે. હે દેવ ! તમારે પણ તેમના પદ-પંકજના દર્શન કરવા યોગ્ય છે.' એમ સાંભળી કૌતુક પામતો રાજા તરતજ ઉદ્યાનની અભિમુખ વળ્યો. પછી દૂરથી જ ગજેંદ્ર પરથી નીચે ઉતરી, સુરીંદ્રને પરમ ભક્તિથી વંદન કરીને રાજા ધરણીતલ પર બેઠો. એટલે આચાર્ય પણ દિવ્ય જ્ઞાનથી તેની યોગ્યતા જાણી ગંભીર ગિરાથી આ પ્રમાણે પ્રતિબોધ આપવા લાગ્યા.

"હે રાજન્ ! આ સંસારમાં પ્રથમ તો મનુષ્યભવ દુર્લભ છે, તેમાં પણ કુળ, રૂપ અને આરોગ્યની સામગ્રી વધારે દુર્લભ છે, તેમાં પણ પ્રવર હસ્તી, ઘોડા, સુભટ, રથ અને અખૂટ ભંડાર તથા ભયવશે જ્યાં સામંતો નમી રહ્યા છે એવું રાજ્ય-નૃપત્વ પણ દુષ્પ્રાપ્ય છે, તેમાં પણ શાસ્ત્રાર્થમાં વિચક્ષણ અને અત્યંત ભવવિરક્ત એવા પંડિત પુરૂષો સાથે અલ્પમાત્ર સમાગમ કે ગોષ્ઠી પણ દુર્લભ સમજવી. પુણ્ય-પ્રકર્ષના યોગે હે ભૂપાલ ! એ તું બધું પામ્યો છે, તો હવે સવિશેષ પ્રાણિવધાદિકથી વિરામ, ન્યાય-સેવન, સુગુણ-અર્જન, દુઃસ્થિત જનની કરૂણા, ધર્માર્થ-વિરૂદ્ધનો ત્યાગ, પરલોકની ચિંતા,

ક્ષણભંગુર પદાર્થનું ચિંતન, વિષય-સુખનો વિરાગ-એ વિગેરેમાં હે નરેંદ્ર! તારા જેવાએ સદા મનને પરોવી રાખવું જોઇએ."

એ પ્રમાણે ગુરૂ-ઉપદેશ સાંભળતાં રાજા અને નગરજનો ભારે હર્ષ પામી, તે બધું માન્ય કરીને પોતાના સ્થાન તરફ ચાલ્યા. રાજા પણ થોડું આગળ ચાલીને પૂર્વે કહેલ પુત્રનો વ્યતિકર પૂછવાને તરત જ પાછો ફર્યો. પછી એકાંતે બેસી, આચાર્યને નમીને તેણે નિવેદન કર્યું કે-'હે ભગવન્! તમારા જ્ઞાનને કંઇ પણ અગોચર નથી, માટે આપ કહો કે વિવિધ હેતુથી કહ્યા છતાં મારો પુત્ર, લગ્નનું નામ માત્ર પણ સાંભળવાને ઇચ્છતો નથી, તેનું શું કારણ? શું તેને ભવનો ભય છે? કે ભૂત, પિશાચ પ્રમુખનો છળદોષ છે? ધાતુ વિપર્યાસ છે કે ક્રૂર ગ્રહની પીડા છે?' ગુરૂ બોલ્યા-'હે રાજન્! એ કારણોની તું શંકા ન કર. પૂર્વભવના દૃઢ કર્મનું જ તેમાં એક કારણ છે, કારણ કે સંયોગ-વિયોગ, ઉત્પાદ-વ્યય, સુખ-દુઃખ પ્રમુખ ક્રિયાઓની સર્વ અવસ્થાઓમાં માણસને કર્મ જ એક કારણરૂપ થાય છે' રાજાએ કહ્યું-'હે ભગવન! પૂર્વભવમાં એણે શું કર્મ કરેલ છે, તે કહો. એ બાબતમાં મારે મોટું કૌતુક છે.' આચાર્ય બોલ્યા-'હે નરેંદ્ર! આ તારો પુત્ર પૂર્વભવે **શંખપુર** નગરમાં રૂપ, લાવણ્ય, સૌભાગ્યાદિ ગુણોયુક્ત **ચારૂદત્ત** નામે વણિકપુત્ર હતો. તેણે એકદા નિષ્કારણ કોપાયમાન થયેલ પોતાની ભાર્યાને દુર્વચનોથી તર્જના કરતાં રોષથી કહ્યું કે-'આ! પાપી! હું હવે તેમ કરૂં કે જેથી તું દુઃખે જીવી શકે.' તે બોલી-'જે તારા બાપને ભાસે તેમ કરજે.' પછી તે એક મશ્કરા મંત્રી સાથે બીજી કન્યા પરણવા દક્ષિણ દિશા તરફ ચાલી નીકળ્યો, અને સતત પ્રયાણ કરતાં, પ્રવર રામા-રત્નોના નિધાનભૂત એવી **કાંચી** નગરીમાં પહોંચ્યો. ત્યાં પ્રવેશ કરતાં, પરસ્પર ક્રીડા કરતા બાળકો તેના જોવામાં આવ્યા. તેમાં એક બાળકે સુગંધી માલતીની માળા એકને ગળે પહેરાવવા જતાં, બીજાને ગળે પહેરાઇ ગઇ. તે જોતાં ચારૂદત્તે વિચાર કર્યો કે-'અહો! શુકન તો સારાં થયાં, પરંતુ એની મતલબ સમજવી મુશ્કેલ છે; કારણ કે એ પુષ્પમાળા એકને પહેરાવતાં બીજાને કંઠે પડી અથવા તો અત્યારે એનો વિચાર કરવાથી શું? ચિંતિતાર્થની પ્રાપ્તિ થતાં સ્વયમેવ એની મતલબ સમજાઇ જશે.' એમ ધારીને તે સ્વજનના ઘરે ગયો. તેણે સ્નાન, વિલેપન, ભોજન-પ્રદાનથી તેનો આદર-સત્કાર કર્યો. ત્યાં કેટલાક દિવસ રહેતાં એકદા પ્રસંગે તેણે સ્વજન વર્ગને પોતાનું પ્રયોજન કહી સંભળાવ્યું ત્યારે તેણે અનેક પ્રકારે તેને અટકાવ્યો

હવે તે જ નગરમાં **ગંગદત્ત** શેઠની **કનકવતી** નામે કન્યા કે જે અપ્રતિમ રૂપ, યૌવનાદિક ગુણયુક્ત એવી તે પોતાની સખીઓ સહિત ઉદ્યાનમાં પુષ્પો વીણવા ગઈ. ત્યાં **શ્રીદત્ત** નામના વણિક-યુવકને જોઇ, મદને મૂકેલ બાણ-પ્રહારથી જર્જરિત થતાં મહાકષ્ટે પોતાના ઘર ભણી નિવૃત્ત થઇ, એકદમ આવીને સુખ-શય્યામાં પડી. તેની વ્યાકુળતા જાણતાં ઘરના માણસો બધા એકઠા થયા અને શરીરની કુશળતા પૂછતાં કંઇ પણ જવાબ ન મળવાથી તેમણે સમયોચિત ઉપચાર કર્યો. એવામાં તે યુવાન પણ તે કન્યા અદૃશ્ય થતાં, ઘાયલ હૃદયે તત્કાલ પ્રગટ થતાં મદનાગ્નિની જ્વાળાઓથી શરીરે દગ્ધ થઇ, કયાં પણ શાંતિ ન પામતાં તે જ કમલાક્ષીને ચિંતવતો બેસી રહ્યો. તેવામાં એક પ્રવ્રાજિકાએ તેને પૂછયું કે-'હે વત્સ! આમ તું શૂન્યની જેમ કેમ દેખાય છે?' તે બોલ્યો-'ભગવતી! શું કહું? વિકસિત કમળ સમાન દીર્ઘાક્ષી એવી અબળા છતાં તેણે હૃદયને હરી લેતાં મારૂં પુરૂષત્વ અત્યારે બધું નિષ્ફળ છે. તે પૂર્ણ-ચંદ્રમુખી આટલા માત્રથી વિરામ ન પામી, પરંતુ હવે તો ખરેખર! મારા જીવિતને પણ લેવા ઇચ્છે છે તો હે ભગવતી! તમે સત્વર એવો કોઈ ઉપાય હવે શોધી કહાડો કે જેથી મનનો સંતાપ શાંત થતાં આ સેવક સુખે રહી શકે.' પ્રવ્રાજિકાએ કહ્યું-'હે પુત્ર! તું પ્રગટ રીતે બોલ.' એટલે તેણે કનકવતીને જોવાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. પછી તે બોલી-'હે પુત્ર! શાંત થા. હવે હું એવો ઉપાય લઇશ કે જેથી તું તેની સાથે નિરંતર સમાગમ-સુખ ભોગવી શકીશ.' તેણે કહ્યું-'તમારો મોટો પ્રસાદ.' ત્યાંથી તે પ્રવ્રાજકા ગંગદત્ત શેઠના ઘરે ગઇ. ત્યાં દુઃખી પરિજનથી શુશ્રૂષા કરાતી કનકવતીને જોતાં તે બોલી કે-'અરે! આના શરીરે વ્યાકુળતા થવાનું શું કારણ?' પરિજને કહ્યું-'હે ભગવતી! અમે કાંઈ જાણતા નથી.' તે બોલી-'જો એમ હોય તો તમે બધા દૂર થઈ જાઓ અને થોડી વાર એકાંત થવા દો. આ કાંઇ સામાન્ય દોષ નથી, એની ઉપેક્ષા કરતાં જીવિત નષ્ટ થાય.' એમ સાંભળતાં પરિજને તેણીને આસન આપ્યું અને પોતે બધા દૂર થઇ ગયા, એટલે તેણે પ્રથમ લાંબો વખત મોટા વિસ્તારથી આડંબર બતાવી, મુદ્રાવિન્યાસ કર્યો અને મંત્રનું સ્મરણ આરંભ્યું, કુસુમ અને અક્ષતથી જોગણીઓની પૂજા કરી તથા હુંકાર મૂકયો. પછી અત્યંત પાસે બેસીને તેણે મહામંગની જેમ કનકવતીને વણિકનો વૃત્તાંત કહી સંભળાવ્યો, જે સાંભળતાં જાણે તરત ફરી જીવન પામી હોય તેમ ભારે હર્ષ પામતી, કનકવતી કહેવા લાગી કે-'હે ભગવતી! હવે તમે જ પ્રમાણ છો, માટે એવો કોઈ ઉપાય લ્યો કે જેથી તેની સાથે સતત સંયોગ થાય.' તે બોલી 'ભદ્રે! હું તેમ જ કરીશ.'

પછી તાંબૂલ આપતાં તે ઊઠી અને એ વ્યતિકર તેણે તે વણિક યુવકને કહી સંભળાવ્યો. જે સાંભળી તેણે પણ પ્રવર વસ્ત્રાદિકથી પ્રવ્રાજિકાનો સારો સત્કાર કર્યો. પછી બીજે દિવસે તેણે તેમને કહ્યું કે-' આજે રાતે બે પહોર વીતતાં સારૂં મુહૂર્ત્ત છે, માટે તમારે ભગવાન્ કુસુમાયુધના ભવનમાં જવું અને વિવાહ કરવો. ' એ વાત તેમણે કબૂલ કરી.

એવામાં તે ચારૂદત્ત, સ્વજનોએ લગ્નથી અટકાવતાં ' કામ સિદ્ધ ન થયું ' એમ સમજી શોક કરતાં, રાત્રે તે સહચારી સાથે શયનગૃહથકી નીકળીને તેજ કુસુમાયુધ-મંદિરમાં જઇને સૂતો અને ક્ષણભર નિદ્રા પછી જાગ્રત થતાં જેટલામાં કુસુમમાળાના નિમિત્તની નિષ્ફળતા પ્રમુખ પૂર્વ વ્યતિકરને તે ચિંતવે છે તેવામાં ગૃહજનના જાણવામાં ન આવે તેમ, રાત્રિનો સમય જાણ્યા વિના, મધ્ય રાત્રિનો વખત થયા પહેલાં લગ્નક્રિયાને યોગ્ય ઉપકરણો હાથમાં લઇ, પ્રવ્રાજિકા સાથે મંદ મંદ પગલે કનકવતી ત્યાં આવી અને કુસુમાયુધની તેણે પૂજા કરી. ત્યાં પ્રવ્રાજિકાએ ભવનમાં હાથ ફેરવતાં ચારૂદત્ત મળ્યો. એટલે પૂર્વકથિત વણિકની શંકાથી તેણે કાન પાસે જઇને તેને કહ્યું કે ' અરે ! હવે તમે વિલંબ શા માટે કરો છો ? આ પ્રશસ્ત પાણિગ્રહણનું લગ્ન-મુહૂર્ત્ત વીતી જાય છે. ' એમ સાંભળતાં ચારૂદત્તે વિચાર કર્યો કે-' ધારૂં છું કે આ બિચારી પૂર્વે આપેલ સંકેતને લીધે પુરૂષબુદ્ધિથી મને બોલાવે છે, માટે તે જેટલામાં ન આવે તેટલામાં હું કુસુમમાળાના શુકનને યથાર્થ-સત્ય કરૂં. ' એમ ધારી તે તરત ઊઠયો. એટલે પ્રવ્રાજિકાએ કુસુમાયુધને તેને પગે પડાવ્યો અને કનકવતીના સ્વભાવે રક્ત અને કોમળ હસ્ત સાથે તેનો હાથ મેળવ્યો. વળી તે અવસરને યોગ્ય અન્ય વિધિ પણ સંક્ષેપથી કર્યો. એમ વિવાહ સમાપ્ત થતાં કનકવતીએ પ્રણામપૂર્વક પ્રવ્રાજિકાને સ્વસ્થાને વિસર્જન કરી. પછી ચારૂદત્તને તેણે કહ્યું કે-' હે આર્યપુત્ર ! આ વ્યવહાર ઉત્તમ જનોને સંમત ન હોવાથી આપણે કેટલાક દિવસ અન્ય વસવું યોગ્ય છે. ' ચારૂદત્તે તે કબૂલ કર્યું અને તે બંને કુસુમાયુધના મંદિરથી બહાર નીકળ્યા, પરંતુ મદનને પગે પડવાના બાને પાછા ફરી ચારૂદત્તે ગાઢ નિદ્રામાં સૂતેલ નર્મસચિવને જગાડી, પોતાના વિવાહનો વૃત્તાંત કહી સંભળાવ્યો. તેણે કહ્યું-' હે ચારૂદત્ત ! જો એમ હોય તો સ્વરૂપ લક્ષ્યમાં ન આવે તેમ તું તેણીની સાથે જા અને હું થોડો વખત અહીં જ ગુજારીને આવીશ.' એમ તેના કહેતાં ચારૂદત્ત તે વચન સ્વીકારી, તેણીની સાથે ભય સહિત નગરથકી ચાલી નીકળ્યો.

હવે અહીં રાતના બે પહોર વીતતાં અવસર જાણી, તે વણિક યુવક વિવાહની સામગ્રી લઇ તે કુસુમાયુધના મંદિરમાં આવ્યો અને મંદ વચનથી કહેવા લાગ્યો કે-'હે કનકવતી ! આવ, હવે હું આવ્યો છું.' ત્યારે કેલિ કુતુહળથી તે નર્મસચિવ સ્ત્રી-ભાષામાં ગુપ્તપણે જવાબ આપી, તેની સન્મુખ આવ્યો એટલે ભયથી વ્યાકુળ ચિત્તે પરમાર્થ જાણ્યા વિના તેણે તેના કંઠમાં કુસુમમાળા નાખી અને કંકણ બાંધીને તેનું પાણિગ્રહણ કર્યું. એવામાં કલકલાટ હસતાં નર્મસચિવે જણાવ્યું કે-'અરે મહાનુભાવ ! શું તારી નગરીમાં એવો વ્યવહાર છે કે પુરૂષ પુરૂષની સાથે પરણે ? એ તો સર્વથા અશ્રુત અને અદૃષ્ટ આશ્ચર્ય છે.' એમ કહેતાં તે વેગથી પલાયન કરી ગયો. ત્યાં વણિક-યુવક પણ વિલક્ષ બની વિચારવા લાગ્યો કે-'હે હતાશ હૃદય ! તું આવી વંચનાને યોગ્ય છે કે કૂડ કપટથી ભરેલ એવી રમણીઓમાં હે પાપી ! તેં પ્રતીતિ કરી. શું એટલું પણ તારા જાણવામાં નથી કે પોતાની કુશળતાથી વિચિત્ર સ્વભાવની એ વામાઓ બૃહસ્પતિને પણ તરત છેતરી લે છે ? તેમજ વળી પ્રણયપ્રધાન વચનોથી એકની સાથે બહુ વાર્તાલાપ કરે છે અને બીજા પર સાનંદ કટાક્ષ નાખે છે, એકની સાથે મન લગાડી લાંબો વખત અત્યંત રમે છે અને બીજાને લીલાથી સંકેત આપે છે; માટે હે મૂઢ હૃદય ! વસ્તુ પરમાર્થને નિષ્ફળ સમજીને તું ખેદ ન કર. હવે યથોચિત સ્વકાર્યોમાં તું સાવધાન થા ?' એમ આત્માને સ્વસ્થ કરી તે સ્વસ્થાને ગયો.

પછી તે નર્મસચિવ સૂર્યોદય થતાં ચારૂદત્તને મળ્યો. એટલે તેના બાહુમાં બાંધેલ કંકણને જોતાં ચારૂદત્તે કહ્યું કે-'અરે ! આ તો તું નવપરિણીત જેવો દેખાય છે, માટે તારી ભાર્યા તો બતાવ !' તેણે જરા હસીને જણાવ્યું-'હે પ્રિય મિત્ર ! તારા પ્રસાદથી હું પોતે જ ભાર્યા છું. ચારૂદત્તે કહ્યું-'તે શી રીતે ?' ત્યારે તેણે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, જે સાંભળતાં પરમાર્થને જાણતી કનકવતી શરમ તજીને હસવા લાગી, તથા રૂપસંપત્તિ જોઇને તે ચારૂદત્તમાં અતિ અનુરક્ત થઇ. એમ પરસ્પર ગાઢ પ્રેમમાં પડેલા તે શંખપુરમાં પહોંચ્યા અને પોતાના મકાનમાં દાખલ થયા. ત્યાં ભારે સુખમાં લીન બનેલા તેમના દિવસો જવા લાગ્યા, પરંતુ તે પૂર્વની ભાર્યા બહુ જ અયોગ્ય બકવાદ કરવા લાગી, જેથી કનકવતીએ તેને બહાર કઢાવી મૂકી. તે કારણથી તેણે ભોગાંતરાય-કર્મ બાંધ્યું. પછી અનુક્રમે મરણ પામતાં તે તિર્યંચમાં ઉત્પન્ન થઇ અને ચારૂદત્ત પણ કનકવતીને પરણવા આવેલ વણિકને નિરાશ કરવાના પરિણામે નિબિડ ભોગાંતરાયરૂપ પાથેય-ભાતું ઉપાર્જન કરતાં મરણ પછી તે

તિર્યંચપણાને પામ્યો. એમ લાંબો વખત તેણીથી વિયુક્ત રહી, સંસારમાં પરિભ્રમણ કરતાં, શુભ કર્મના યોગે હે રાજન્! તારા ઘરે તે પુત્રપણે ઉત્પન્ન થયો છે, પરંતુ ભોગાંતરાય કર્મ હજી અવશેષ રહેવાથી પૂર્વભવની ભાર્યાને ન જોતાં તે બીજીને પરણવા ઇચ્છતો નથી." એ પ્રમાણે આચાર્યે સુરસેન કુમારનો વૃત્તાંત કહેતાં, વિસ્મય પામતો રાજા પોતાની રાજધાનીમાં ગયો અને આચાર્ય મહારાજે અન્યત્ર વિહાર કર્યો.

હવે તે **કનકવતી** લાંબો વખત ભવભ્રમણ કરી, કર્મલાઘવ થતાં **કુસુમસ્થળ** નગરમાં **જિતશત્રુ** રાજાની પુત્રી થઇ. ઉચિત સમયે તેનું **રત્નાવલી** એવું નામ રાખવામાં આવ્યું. તે યૌવનવતી થતાં પણ પૂર્વભવના પ્રિયતમના પ્રેમને વશ થઈ, રૂપવંત રાજકુમારને પણ ન ઇચ્છતાં કાળ વીતાવવા લાગી. એવામાં એકદા સુરસેનકુમારને વામાવિમુખ સાંભળી અને પોતાની પુત્રીને પુરૂષપ્રદ્વેષિણી સમજીને રાજાએ વિચાર કર્યો કે-'જો એમનો પરસ્પર સંયોગ કરવાની વિધિની વાંચ્છા હશે, તો એમને એક બીજાનું પ્રતિરૂપ-ચિત્ર બતાવવું. એમ કરતાં પણ કદાચ સમીહિતની સિદ્ધિ થવા પામે.' એમ ધારીને રાજાએ રત્નાવલિના રૂપનું ચિત્ર આળેખાવ્યું. તે દૂતને સોંપતાં તેણે જણાવ્યું કે-'અરે! તું મહાસેન રાજા પાસે જા અને કહે કે-જિતશત્રુ રાજાએ પોતાની પુત્રી તારા પુત્રને આપવા માટે મને મોકલ્યો છે. પછી પ્રસંગે ચિત્રપટ બતાવી અને કુમારનું ચિત્ર લઇને આવજે.' તે ત્યાંથી ચાલી નીકળીને મહાસેન રાજા પાસે ગયો અને અવસર મળતાં તેણે પ્રયોજન કહી સંભળાવ્યું. ત્યારે રાજાએ કહ્યું કે-'હા, એ તો હું સમજ્યો; પરંતુ દૂર રહેલ રાજસુતાનું રૂપ જોયા વિના અહીં રહેલ કુમાર, તેણીની સાથે કેમ સ્નેહ બાંધે? અથવા તો કુમારનું સ્વરૂપ જાણ્યા વિના ઉતાવળથી પરણાવવામાં આવેલ તે રાજસુતા પાછળથી સંતપ્ત કેમ ન થાય? માટે એ તો યુક્ત નથી; કારણ કે નિપુણ બુદ્ધિથી બરાબર વિચારીને જે કાર્યો કરવામાં આવે છે તે દૈવયોગે વિઘટિત થયા છતાં લોકમાં હાંસીપાત્ર થતાં નથી.' એમ રાજાના કહેતાં, તેણે ચિત્ર બતાવ્યું. એટલે રાજાએ તે કુમારને મોકલાવ્યું, જે નિહાળતાં પૂર્વભવના પ્રેમયોગે ભારે હર્ષ પામતાં, લાંબા વખતે અવસર મળવાથી રૂષ્ટ થયેલ, મન્મથે મૂકેલ પ્રચંડ બાણોવડે જાણે વીંધાયો હોય તેમ સ્તબ્ધ બની, અન્ય કાર્યો તજી, સ્થૂલ મુક્તાફળ સમાન પ્રસ્વેદ બિંદુઓથી લલાટે બિરાજમાન થયેલ તે કુમાર તન્મય બની ગયો. તેને તેવી

સ્થિતિ પામેલ જોઇ, મનોભાવ જાણતા પાર્શ્વસ્થ પરિજને જઇને રાજાને નિવેદન કર્યું, જેથી તેને ભારે સંતોષ થયો. પછી તેણે દૂતને જણાવ્યું કે–'અરે! કુમારનો તેણીના પર પ્રતિબંધ થયો છે. હવે રાજસુતા એના પ્રત્યે પ્રેમ ધરાવે છે કે કેમ? તે હવે જોવાનું છે; કારણ કે એક અત્યંત સ્નેહ ધરાવે અને અન્ય સ્નેહ રહિત હોય તેવા દંપતીઓના ભોગો વિડંબના માત્ર છે. અકુટિલ, પરસ્પર છિદ્ર જોવાથી રહિત અને અભંગુર એવો બંનેનો સમાન સ્નેહ જ જગતમાં વખણાય છે.' દૂતે કહ્યું–'હે દેવ! એ સત્ય છે, તો રાજસુતાને બતાવવા માટે કુમારનું ચિત્ર મને આપો.' રાજા બોલ્યો-'એ તો યુક્ત છે.' પછી ચિત્રપટ પર કુમારનું રૂપ આળેખાવીને દૂત ચાલી નીકળ્યો અને અનુક્રમે તે જિતશત્રુ રાજા પાસે પહોંચ્યો. ત્યાં પ્રણામ કરી, પાસેની ભૂમિ પર બેસતાં, રાજાએ તેને પૂછયું. એટલે તેણે યથાસ્થિત વૃત્તાંત નિવેદન કર્યો. પછી ચિત્ર કહાડીને બતાવતાં, રાજાએ સાદર તેનું અવલોકન કર્યું અને બહુ વખત તેની શ્લાઘા કરીને તેણે તે રત્નાવલીને મોકલ્યું. જે જોતાં પૂર્વભવના ગાઢ પ્રેમના યોગે હૃદયમાં મદનબાણ વાગતાં, પ્રગટ થતા પસીનાના બિંદુથી વિકાર સૂચિત થયા છતાં કન્યાને ઉચિત લજ્જાનો ત્યાગ કરવાને અસમર્થ એવી રત્નાવલિ, પોતાનો વિકાર છુપાવવા માટે મુખને કપટ–ભ્રકુટીથી ભીષણ બનાવીને કહેવા લાગી કે–'અહો! આ ચિત્રફલક કોણે મોકલ્યું છે?' દાસીઓ બોલી–'હે સ્વામિની! તમારા પિતાએ.' તે બોલી–'શા માટે?' તેઓએ કહ્યું–'તમને બતાવવા માટે.' કુમારી બોલી-'મારે એ જોવાથી શું? અહીં હું કોણ? કન્યાઓને તો વડીલોને અનુસરીને ચાલવું પડે છે. સ્વચ્છંદતા એ તો મોટું કુળદૂષણ છે, માટે એ ચિત્રનું મારે શું પ્રયોજન છે?' એમ કહીને તે ભવનમાં જઇ સુખશય્યા પર બેઠી. ત્યાં જાણે લાંબા કાળે અવસર મળ્યો હોય તેમ સર્વાંગે કામનો રણરણાટ જાગ્યો, ધાત્રીની જેમ ઉત્કંઠા ઉપસ્થિત થઇ, ચિત્રમાં આળેખેલ કુમારને અવલોકવાના વિરામથી જાણે કોપાયમાન થયેલ હોય તેમ પરિતાપે તેને અત્યંત ઘેરી લીધી. પછી ત્યાં રહેવાને અસમર્થ તે કેટલીક પ્રધાન દાસીઓના પરિવાર સાથે પ્રમદાવનમાં ગઇ. ત્યાં નિરંતર ચાલતા જળયંત્રના ગંભીર ઘોષને લીધે મેઘના ભ્રમથી ભ્રાંતિ પામેલા અને હર્ષિત થઈ મનહર ટહુકા કરતા મયૂરોયુક્ત, તથા સુગંધી માલતી, કમળના પરિમલથી જ્યાં દિગંતર સુંદર થઇ રહેલ છે એવા કદલીગૃહોમાં ક્ષણભર બેસતાં તે દાસીને કહેવા લાગી કે–'અરે! સરસ કમળનાલ લાવો અને અહીં શય્યા બનાવો. આજે મધ્યાહ્ન–સૂર્યનો

તાપ બહુ જ દુઃસહ છે.' એટલે 'જેવી આપની આજ્ઞા' એમ કહી પાસેની તલાવડીઓમાંથી કમળનાળ લાવીને તેમણે શય્યા બનાવી. ત્યાં રત્નાવલી બેઠી અને દાસીઓએ ચંદનરસ, કર્પૂર પ્રમુખ વસ્તુઓવડે શીતોપચાર ચાલુ કર્યો, છતાં તેણીનો સંતાપ જરા પણ ઓછો ન થયો; પરંતુ શીતલ વસ્તુઓથી જેમ જેમ તેના શરીરનો ઉપચાર કરવામાં આવતો તેમ તેમ હતાશ મદનાનલ હજારગણો થતો ગયો. ક્ષણભર એક તરફ આળોટતાં અને ક્ષણભર બીજે પડખે લોટતાં, લાંબા નિસાસા લેતાં, કંઇ પણ મુખથી ન બોલતાં, અલ્પ જળમાં રહેલ માછલીની જેમ રાજસુતા તરફડવા લાગી. એમ ઊઠતા દેહદાહને જોઇ, દાસીઓએ તેને પૂછયું કે—'હે સ્વામિની ! આજે શા કારણે તમારા શરીરમાં આમ અત્યંત વ્યાકુળતા જણાય છે? શું અપથ્ય ભોજનનો વિકાર છે કે પિત્તદોષ છે? અથવા અન્ય કાંઇ કારણ છે? તમે બરાબર અમને જણાવી દ્યો કે જેથી વૈદ્યને કહી શકાય અને ઉચિત ઔષધાદિકની સામગ્રી કરી શકાય; કારણ કે રોગ અને શત્રુની ઉપેક્ષા કરવી તે કોઈ રીતે યોગ્ય નથી.' રત્નાવલી બોલી–'અત્યારે કાંઇ વિશેષ કારણ મારા જાણવામાં નથી.' ત્યારે દાસીઓએ જણાવ્યું કે–'હે સ્વામિની ! જ્યારથી તમે ચિત્રફલક જોયું ત્યારથી તમારા શરીરે કાંઇ ફારફેર થવા લાગ્યો છે, એમ અમારી કલ્પના છે; પરંતુ શરીરનું ખરૂં કારણ તો તમે જાણો.' એટલે 'આ દાસીઓ મૂળ વાત જાણી ગઇ છે.' એમ ધારીને રાજસુતા બોલી કે—'અરે ! તે તો તમે જાણો.' પછી તેમણે વિચાર કર્યો કે—'જ્યાંસુધી એ વિરહથી અત્યંત લેવાઈ ન જાય તેટલામાં આપણે એ વાત રાજાને નિવેદન કરીએ, કારણ કે કાર્યની ગતિ વિષમ છે, *કામબાણ અતિનિષ્ઠુર છે અને એનું શરીર શિરીષના* કુસુમ સમાન કોમળ છે, જેથી શું થશે તે કાંઇ સમજી શકાતું નથી.' એમ નિશ્ચય કરી, તેમણે એ વ્યતિકર રાજાને કહેવરાવ્યો. એટલે તેણે રત્નાવલીને બોલાવીને સપ્રેમ કહ્યું કે—'હે વત્સે ! તને સુરસેન કુમાર સાથે પરણાવવાની અમારી ઇચ્છા છે, તને તે યોગ્ય લાગે છે?' તે બોલી—'તે તો તમે જાણો.' પછી તેનો અભિપ્રાય જાણવામાં આવતાં રાજાએ પોતાના પ્રધાન પુરૂષોને જણાવ્યું કે—'અરે ! તમે મહાસેન રાજા પાસે જાઓ અને સુરસેન કુમારને લઇ આવો કે જેથી શીઘ્ર વિવાહ કરવામાં આવે.' ત્યારે 'જેવી દેવની આજ્ઞા' એમ કહી તે પ્રધાન પુરૂષો ચાલી નીકળ્યા અને અનુક્રમે શ્રીપુર નગરે પહોંચ્યા. તેમણે રાજા પાસે જઈ પોતાનું કાર્ય નિવેદન કર્યું, જેથી રાજાએ પણ પ્રવર મંત્રી, સામંત અને ચતુરંગ સેના સહિત સુરસેન કુમારને રત્નાવલીને

પરણવા માટે મોકલ્યો. એટલે સતત પ્રયાણ કરતાં તે **કુસુમસ્થલ નગર**ની સમીપે પહોંચ્યો. ત્યાં જિતશત્રુ રાજાને કુમારનું આગમન નિવેદન કરવામાં આવ્યું. તેણે સંતુષ્ટ થઇને પ્રિય-નિવેદકોને ઈનામ આપ્યું અને પોતાના સેવકોને હુકમ કર્યો કે—' અરે! તમે બંધને બાંધેલા લોકોને છોડાવી મૂકો, કંઈ પણ ભેદ વિના મહાદાન અપાવો, રાજમાર્ગને શણગારો, હાટશ્રેણી-બજારને શોભાવો, મહોત્સવ પ્રવર્તાવો, મંગળવાદ્યો સજ્જ કરો, હર્ષ-ઉત્કર્ષ-કારક યોગીઓ પાસે શંખો વગડાવો અને હાથણી તૈયાર કરી લાવો કે જેથી કુમારની સન્મુખ જઈએ.' એમ રાજાના કહેવા પ્રમાણે તેમણે બધું કર્યું-કરાવ્યું. પછી સન્મુખ જતાં રાજાએ લક્ષ્મી-સમાગમને માટે ઉત્સુક થયેલ જાણે કૃષ્ણ હોય તેવા સુરસેન કુમારને જોયો. કુમારે તો દૂરથી જ તેને પ્રણામ કર્યા. રાજાએ ગાઢ આલિંગન પૂર્વક તેને સંતોષ પમાડ્યો, અને મહાવિભૂતિથી તેને નગરમાં પ્રવેશ કરાવ્યો, તેમ જ ઉચિત સ્થાને જાનને આવાસ આપ્યો. વળી તે સમયને યોગ્ય બીજું પણ જે કરવાનું હતું તે કર્યું. એમ અનુક્રમે વિવાહનો દિવસ આવ્યો એટલે મજ્જન કરી, સુંદર આભરણ પહેરી, પ્રવર હાથી પર આરૂઢ થઇ, શંખ, કાહલા પ્રમુખ વાજીંત્રોના ગંભીર ઘોષથી દિશાઓ પૂરાઇ જતાં, કનકદંડયુક્ત ધ્વજપટોને નગરજનોએ ધારણ કરતાં, મંગલપ્રધાન ગવાતા ગાયનયુક્ત નાટક શરૂ થતાં, પ્રવર વાસવ્યાપ્ત અને મનહર તાલપૂર્વક વેશ્યાઓએ નૃત્ય બતાવતાં, સુરસેન કુમાર પણ વિવાહ-મંડપમાં આવ્યો. ત્યાં સાસુએ ઉચિત વિધિ કર્યો. પછી કુમાર માતૃગૃહ-માયરામાં બેઠો, તેવામાં વિવિધ રચનાથી શોભાવેલ, અંગોપાંગે રત્નના અલંકારોથી વિભૂષિત, નિર્મળ રેશમી વસ્ત્રયુગલથી વેષ્ટિત, બાવનાચંદને ચર્ચિત તથા સુગંધી શ્વેત પુષ્પમાળાઓથી વિરાજમાન એવી રત્નાવલી તેના જોવામાં આવી. તેને જોતાં પૂર્વભવનાં દૃઢ પ્રેમને લીધે તરત જ કુમારને અપરિમિત પ્રેમ પ્રગટ થયો. તેણે વિચાર કર્યો કે—" અહો! એની અનુપમ રૂપસંપદા, અહો! અખંડિત શરીર-લાવણ્ય, ખરેખર! અસાર સંસારમાં પણ આવા કન્યા-રત્નો દેખાય છે ખરાં!" એમ પ્રમોદ પામતાં, પોંખવાનું કૃત્ય કરવામાં આવ્યું અને દેવ-ગુરૂની વિશેષ રીતે પૂજા કરવામાં આવી, તેમ જ પરમ વિભૂતિપૂર્વક હસ્તગ્રહણ થતાં રાજાને ભારે સંતોષ થયો. એવામાં સામંતોને સત્કારવામાં આવ્યા, સ્વજનો કૃતાર્થ થયા અને નગરજનોને માન મળ્યું. વરવહુ ચારે મંગળ ફર્યા. એમ વિવાહ-મહોત્સવ સમાપ્ત થયો. પછી રત્નાવલી સાથે અનુપમ વિષયસુખ ભોગવતાં કુમારે કેટલાક દિવસો ગાળ્યા.

એકદા રાજાની અનુજ્ઞા લઇ, રત્નાવલી સહિત કુમાર પોતાના નગર ભણી ચાલ્યો, અને જતાં જતાં વચમાં વસંતઋતુનો સમય આવ્યો કે જેમાં મદોન્મત્ત પ્રમદાઓના મનમાં મન્મથ પ્રગટ થયો, કોયલના મધુર ધ્વનિથી પથિકોનાં હૃદય ત્રાસ પામ્યાં, પુષ્પ-મકરંદના પાનથી મસ્ત બનેલા મધુકરો ઝંકાર કરતાં, વિકસિત સહકાર-મંજરીની ધૂલીથી બધી દિશાઓ વ્યાપ્ત થતી, કુરબક-કુસુમના આમોદથી મધુકરીઓ ખેંચાઇ આવતી, પામર-મૂર્ખજનો સેવન-સુખથી વંચિત રહી પરાભવ પામતા, લોકોથી ગવાતાં ગાયનો સાથે મધુર વાજીંત્રોનો નિર્ઘોષ સંભળાતો, વૃક્ષમંડપોમાં હાચકા બાંધેલ હતા, વળી જે વીતરાગની જેમ અતિમુક્તતાયુક્ત પક્ષે ભવ-કર્મમુક્ત, લક્ષ્મીનાથ-કૃષ્ણની જેમ ભ્રમર-શ્રેણિથી શ્યામ પક્ષે ભ્રમરસમાન શ્યામ, માનસરોવરની જેમ પાટલા(લ)-પુષ્પોવડે સુંદર પક્ષે હંસોવડે મનોહર, તરૂણીજનની જેમ લોધ્ર, તિલક-વૃક્ષોથી શોભિત, પક્ષે સ્નિગ્ધ ચંદન-તિલકથી વિરાજિત, સુમુનિની જેમ અશોક-વૃક્ષયુક્ત પક્ષે શોક રહિત, તેમ જ જ્યાં ગ્રીષ્મના તાપથી તપ્ત થયેલા વનમહિષોનાં યૂથો ગિરિશિખરોની જેમ ખાબોચીયાઓના પંકમાં નિમગ્ન થતાં, જ્યાં વનવિભાગ કુટજ, શિલિંધ, શિરીષાદિ વિવિધ પુષ્પોની સુગંધવડે રમણીય બની ગાંધીની દુકાનની જેમ શોભતો, પક્ષે પુષ્પો સમાન ગંધવડે રમણીય તથા કુસુમ-સમૂહ સાથે પ્રગટ થયેલા અને તત્કાલ કુટેલ પથિક-હૃદયના રૂધિરવડે જાણે લિપ્ત થયાં હોય તેવાં કેસુડાં પ્રફુલ્લિત ભાસતાં, વળી કોયલના કલરવરૂપ ગીત, ભમર-ગુંજારવરૂપ વાદ્ય અને પવનપ્રેરિત વૃક્ષ-પલ્લવરૂપ બાહુલતાવડે વન જાણે નૃત્ય કરતું હોય, તેમ જ દયિતાના મુખ-કમળના સુવાસયુક્ત તથા મન્મથને સજીવન કરવામાં એક પરમ ઔષધિરસ સમાન એવી મદિરાને તરૂણજનો ભારે હર્ષથી પીતા, તથા કમળ-કળીરૂપ દશન-દાંત, કુવલયરૂપ લોચન અને હંસના કલરવરૂપ શબ્દયુકત ઋતુલક્ષ્મી કમળ-વદનવડે જાણે ગાયન કરતી હોય, વિષ-પુષ્પોની જેમ પ્રસરતો બકુલકુસુમોનો ગંધ તે પ્રણયિની વર્ગને યાદ કરનાર એવા પથિકજનોને જાણે મૂર્ચ્છિત-ચૈતન્ય રહિત બનાવતો અને વિકસિત શ્વેત પુષ્પોના ગુચ્છવડે વ્યાપ્ત એવા ઉંચા વૃક્ષો, તારાગણથી વ્યાપ્ત આકાશ-લક્ષ્મીની તુલના કરતા હતા.

એ પ્રમાણે ગુણાભિરામ વસંતસમય આવતાં તે સુરસેન કુમાર, તત્કાલ દેશાંતરથી આવેલ વણિકજને ભેટ કરેલ પ્રવર અશ્વ પર આરૂઢ થઇ, અત્યંત ઉજ્વળ વેશ ધારણ કરી, પોતાના પરિજન સહિત વનલક્ષ્મી-શોભા જોવાને

નીકળી પડયો, અને આગળ ચાલતાં વિપરીત શિક્ષાવડે વિવશીભૂત અશ્વના વેગને અટકાવવા કુમાર જેમ જેમ લગામ ખેંચતો તેમ તેમ અપથ્ય સેવતાં પ્રગટતા રોગની જેમ તે ભારે વેગથી ચાલવા લાગ્યો, જેથી પરિજન બહુ દૂર રહી ગયો અને દુષ્કર્મની જેમ અશ્વે એકલા કુમારને મહા અટવીમાં નાખી દીધો તથા પોતે ભારે શ્રમથી ખિન્ન થતાં તરતજ મરણ પામ્યો. એટલે તૃષ્ણાક્રાંત કુમાર આમતેમ પાણી શોધવા લાગ્યો, પરંતુ અતિગહન અટવીમાં કયાં પાણી ન મળવાથી તે એક વૃક્ષની શીતલ છાયામાં બેસીને ચિંતવવા લાગ્યો કે—'અહો ! કર્મપરિણતિ કુટિલ છે, અહો ! દુષ્ટ દૈવ સ્વચ્છંદી છે કે જે સર્વથા અચિંતિત કાર્ય આમ ઉપસ્થિત કરે છે. અથવા તો એવો ખેદ કરવાથી શું ? સાત્વિક જ સત્પુરૂષ હોય છે.' એમ વિચાર કરતાં ક્ષણવાર પછી તે સ્થાને ધનુષ્ય અને બાણને ધારણ કરતો એક ભીલ આવી ચડ્યો. કુમારે તેને પ્રીતિભાવથી પૂછયું-'હે ભદ્ર ! આ પ્રદેશ કયો ? અને પાણી કયાં મળશે ?' તે બોલ્યો-'કાદંબરી મહાઅટવીનો આ મધ્યભાગ છે. અહીંથી થોડે દૂર પાણી હશે, પરંતુ અહીં દુષ્ટ શ્વાપદો વધારે હોવાથી પાણી હાથ લાગવું મુશ્કેલ છે, તો હે મહાનુભાવ! જો તું પિપાસિત હોય તો ચાલ, હું પોતે તને તે જલાશય બતાવું.' એમ સાંભળતાં કુમાર તે વચન માની, તેની સાથે સાથે ચાલ્યો અને ધનુષ્ય પર બાણ ચડાવતાં તે ભીલે બતાવેલ માર્ગે જતાં કુમાર સરોવરે પહોંચ્યો. ત્યાં સ્નાનપૂર્વક જળપાન કરી પિપાસા રહિત થતાં તે ચિંતવવા લાગ્યો કે—'અહો ! આ તો નિષ્કારણ ઉપકારી.' એમ ધારી કુમારે તેને નામાંકિત મુદ્રારત્ન આપ્યું, જે તેણે પોતાની અંગુલિમાં પહેરી લીધું. પછી તે ભીલ તેને પોતાની ગુફામાં લઇ ગયો અને કેળાં પ્રમુખ ફળોનું ભોજન કરાવ્યું. એવામાં સંધ્યા થતાં કુમારે ભીલને કહ્યું કે—'અહો ! મને તો અતિકૌતુક છે કે આ મહાઅટવી અનેક આશ્ચર્યોના સ્થાનભૂત છે, તો જ્યાં અનેક આશ્ચર્યો વિદ્યમાન હોય તેવું કોઈ સ્થાન બતાવો.' ભીલે કહ્યું-'જો એમ હોય તો ચાલ બતાવું.' એટલે તેઓ એક ગહન પ્રદેશમાં નીકળી ગયા કે જ્યાં એક તરફ રક્ત ચંદનથી મંડળ આળેખેલ હતાં અને બીજી બાજુ કણેરનાં રક્ત પુષ્પોની માળાઓ પડેલી હતી, એક ભાગે મંત્રવાદી લોકો ગુગળની ગૂટિકાઓ અગ્નિમાં હોમતાં તેની ઉછળતી ગંધવડે અભિરામ અને બીજી તરફ ભેગા થયેલા ધાતુવાદી લોકો ધાતુ-પાષાણને ધમી રહ્યા હતા, એક તરફ વિવિધ ઔષધિ-રસથી ભસ્મ બનાવવામાં આવતી અને બીજી બાજુ પદ્માસને બેઠેલ જોગણીઓ મનની એકાગ્રતા સાધી રહી હતી-એવું તે વન

જોતાં ભારે વિસ્મય પામીને કુમારે તેને પૂછયું કે—'હે ભદ્ર ! આ પ્રદેશનું નામ શું ?' તે બોલ્યો–'સિદ્ધક્ષેત્ર.' એટલે કુમારે વિચાર કર્યો કે—'અહો ! આ પ્રદેશનો મહિમા તો નામથી પણ જાણી શકાય છે, તેથી અવશ્ય એવું આશ્ચર્ય કોઇ નથી કે જે અહીં જોવામાં ન આવે, માટે એને સ્વસ્થાને મોકલી, ઉતાવળ કર્યા વિના ગુપ્ત રીતે જોઉં.' એમ ધારી તેણે ભીલને કહ્યું કે—'હે ભદ્ર ! તું હવે ભલે ગુફામાં જા, હું ક્ષણવાર ભમી, કંઇ કૌતુક નિહાળી પાછો ફરીશ.' ત્યારે ભીલે જણાવ્યું કે—'હે આર્ય ! રાત્રે અહીં એક ક્ષણવાર રહેવું પણ યોગ્ય નથી, કારણ કે અહીં પિશાચો પ્રગટ થાય છે, વેતાળો એકઠા મળે છે અને છિદ્ર જોતાં શીયાળવા ઘોર ઘોષ મચાવી મૂકે છે; માટે અહીં રહેવાથી સર્યું.' કુમારે જણાવ્યું—'જો એમ હોય તો તું અહીં જ ક્ષણભર છાનો બેસી જા અને હું સંક્ષેપથી જોઇ આવું.' તે બોલ્યો—'જેવી તારી મરજી પરંતુ તરત આવજે, કારણ કે એક પહોર રાત્રિ વ્યતીત થઇ ગઇ છે.' કુમાર એ વાત કબૂલ કરી, ગહન વનમાં પ્રજ્વલંત દિવ્ય ઔષધિની પ્રભા પ્રસરતાં, આમતેમ જોતો બહુ દૂર નીકળી ગયો. એવામાં એક સ્થાને માધવી–લતાગૃહમાં જ્વાળાવ્યાપ્ત જ્વલંત અગ્નિકુંડને જોઇ 'એ સકારણ હશે' એમ સમજીને તે અતિવેગે તે તરફ દોડ્યો, અને જેટલામાં કંઇક આગળ જાય છે તેટલામાં સાધનવિધિ ઓળંગીને સાધનાર પ્રત્યે સકોપ બોલતાં ચેટકદેવના શબ્દો તેના સાંભળવામાં આવ્યા કે—'અરે મુગ્ધ ! પ્રથમ પોતાની બુદ્ધિના માહાત્મ્યને સમજ્યા વિના જે મંત્રસાધન કરે છે તેથી તું મરવા માગે છે. શું તેં કોઇ સાધક પૃથ્વીતળમાં જોયો કે સાંભળ્યો છે ? જે સાધનામાં ચૂકતાં, યમની જેમ મેં તેને છોડી મૂક્યો હોય ? તું યથેચ્છાએ જેમ ઇતર દેવોના મંત્રોનું સ્મરણ કરે છે તેમ મારા મંત્રનું પણ સ્મરણ કરતાં, તું નિશ્ચય એથી નાશ પામવાનો છે. મનને વશ કરતા આચાર્યોને પણ હું દુઃસાધ્ય છું. કૂડ–કપટને પ્રગટ કરનાર એવા ચેટકનું નામ શું તે સાંભળ્યું નથી ?' એમ બોલાતા શબ્દો સાંભળતાં કુમારે ચિંતવ્યું કે—'અહો ! અવશ્ય સાધનવિધિથી ભ્રષ્ટ થયેલ આ કોઈ મહાનુભાવને ચેટક નિર્ભછવા લાગ્યો છે, માટે એનું રક્ષણ મારે કરવા લાયક છે.' એમ ધારી જમણા હાથમાં નીલમણિ સમાન ચળકતી છુરી લઇ, કુમાર તે માર્ગે દોડ્યો. એવામાં તો તેણે જોયું કે—'અરે ! દેવ દાનવો ! મને બચાવો, બચાવો' એમ કહેતાં વિદ્યાસાધકને શીલાતળે પછાડવા માટે ચેટકે પગે પકડીને ઉપાડયો. એટલે 'દેવતા પ્રત્યે

શસ્ત્ર ન ચાલે ' એમ સમજી શસ્ત્ર તજીને કુમાર ચેટકના પગે પડી વિનવવા લાગ્યો કે-'હે દેવ ! તું પ્રસન્ન થા અને મહેરબાની કરી કોપનો ત્યાગ કર. મારૂં જીવિત લઇને એનું રક્ષણ કર. એની સાથે તમારે કોપ કેવો ? કારણ કે કોપાયમાન પંચાનન પણ શીયાળવા પર તરાપ મારતો નથી. શું તમે પણ અધમ જનને ઉચિત કાર્ય કરવાને લાયક છો ? ' એમ સાંભળતાં જરા શાંત થઇ ચેટક કહેવા લાગ્યો કે-'હે કુમાર ! તું અલંઘનીય છે, તથાપિ એનો અપરાધ સાંભળ. મારા મંત્રની આરાધનામાં તત્પર છતાં એ બરાબર વર્ત્તતો નથી.' કુમાર બોલ્યો-' એ મહાપરાધી છતાં મારા જીવિતના બદલામાં મુક્ત કરવા લાયક છે. દેવદર્શનના પ્રવાદને વિફલ ન કર.' ચેટકે જણાવ્યું-' હે ભદ્ર ! તું નિરપરાધીને મારવાથી શું ? એ પોતે જ વિનાશ કરવા લાયક હતો, પરંતુ તારી મહાનુભાવતાથી મારૂં હૃદય આકર્ષાતાં, પ્રસાદ લાવીને એને મૂકી દઉં છું. ' એમ કહી મંત્રસાધકને અક્ષત મૂકી, ચેટક તરત જ અદૃશ્ય થઇ ગયો. એવામાં મંત્રસાધક પણ મરણના ભયે મૂર્છા આવતાં બેભાન થઇ ગયો, ત્યાં મંત્ર સાધવા માટે લાવેલ બાવનાચંદનના રસવડે કુમારે તેને સ્વસ્થ કરતાં, થોડીવારે મૂર્છા દૂર થતાં જાણે પુનર્જીવન પામ્યો હોય તેમ પોતાને માનતો તે મંદ મંદ જોવા લાગ્યો. ત્યારે કુમારે તેને બોલાવ્યો કે-- ' હે ભદ્ર ! તું નિર્ભય અને નિરૂદ્વિગ્ન રહે. તારો કૃતાંત દૂર ભાગી ગયો, તો પરમાર્થ કહે કે તું કોણ અને તારૂં નામ શું ? કયાંથી આવી ચડ્યો અને સુખે સુતેલા સિંહને જગાડવા સમાન વિનાશકારક એ મંત્રસાધન શા માટે આરંભ્યું ? વળી તે વિઘટિત કેમ થયું ? ' એટલે કુમારને જીવિત આપનાર સમજી પ્રેમ બતાવતા તેણે જણાવ્યું કે–

" હે સુંદર ! હું **કનકચૂડ** નામે વિદ્યાધર છું. **ગગનવલ્લભ** નગરથકી અહીં ચેટક સાધન કરવા આવ્યો અને મંત્રની પરાવર્ત્તના કરતાં ભવિતવ્યતાના યોગે, સાવધાન છતાં કોઇ રીતે એક અક્ષર સ્ખલિત થયો. માત્ર એટલા અપરાધમાં પણ તેણે મને શીલાતલ પર પછાડવા માટે ઉપાડયો. તે વખતે ભયાકુળ થતાં શરીર-રક્ષામંત્રના અક્ષરો મને યાદ ન આવ્યા. ત્યારપછી શું થયું? તે હું જાણતો નથી, પણ કંઇક એટલું મારા જાણવામાં છે કે તમે કહ્યું—'મારા જીવિતના મૂલ્યે એને છોડી મૂક. ' કુમાર બોલ્યો- 'હે ભદ્ર ! અમે શું માત્ર? જીવોને સર્વત્ર પોતાના સુકૃત-દુષ્કૃત જ સુખ-દુઃખ આપવામાં સમર્થ થાય છે. ' કનકચૂડે કહ્યું-'એ અદૃશ્ય સુકૃત-દુષ્કૃતને તો કોણ સદ્દહે ? પરંતુ પોતાના જીવિતદાનથી મારા જીવિતને બચાવતાં

તમારાવડે આ વસુંધરા બહુરત્ના કેમ ન ગણાય ? કે જ્યાં અદ્યાપિ પર-હિત સાધવામાં તત્પર તમારા જેવા સત્પુરૂષો સાક્ષાત્ વિદ્યમાન છે. હે મહાનુભાવ ! તમારૂં દર્શન દુર્લભ છતાં જે મને દૃષ્ટિગોચર થયા, તેથી ખરેખર મારા સર્વ સમીહિતની સિદ્ધિ થઇ. વળી તમારા સચ્ચરિત્રથી જ જો કે જગતમાં નામ–ગોત્રની ઉત્કૃષ્ટતા પ્રગટ છે, છતાં વિશેષ જાણવા માટે મારૂં હૃદય ઝંખે છે. ’ પછી કુમારે તેનો અભિપ્રાય જાણી, દુષ્ટ અશ્વે અપહરણ કર્યા પર્યંતનો પોતાનો બધો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો. એટલે વિદ્યાધરે કહ્યું–‘ હે કુમાર ! શું મને જીવિત આપવા માટે જ તમે અહીં આવ્યા કે અન્ય કાંઈ કારણ પણ હતું ? ’ કુમાર બોલ્યો–‘ કૌતુહળને લીધે જ, પણ અન્ય કારણ ન હતું. ’ વિદ્યાધરે જણાવ્યું–‘ જો એમ હોય તો મારા પર અનુગ્રહ કરો અને વૈતાઢ્ય પર્વત પર ચાલો. ત્યાં અનેક આશ્ચર્યો જુઓ અને પોતાના દર્શનથી મારા કુટુંબ પર પ્રસાદ કરો. ’ ત્યારે અત્યંત કૌતુક જોવાને આતુર હોવાથી કુમારે તે કબૂલ કર્યું. પછી કુમારને લઇને તે વિદ્યાધર, તિમિર સમૂહવડે શ્યામ થયેલા આકાશમાં ઉડ્યો અને નિમેષ માત્રમાં વૈતાઢ્ય પર્વતે પહોંચ્યો. ત્યાં પોતાના ભવનમાં પ્રવેશ કર્યો અને કુમારનો તેણે ભોજનાદિકથી ભારે સત્કાર કર્યો. એવામાં તે ભીલ એક પહોર સુધીમાં કુમાર ન આવવાથી વનનિકુંજોમાં લાંબો વખત શોધ કરી, દુઃખાર્ત્ત થઇ પોતાની ગુફામાં ચાલ્યો ગયો. અહીં કુમાર કનકચૂડ સાથે સુરભિ પારિજાત–મંજરીના ગંધથી વ્યાપ્ત, વિષમ ગિરિતટથી પડતા નિઝરણાના ઝંકારવડે મનોહર, સવિલાસ કિન્નર–યુગલોના સંગીત–ધ્વનિવડે સુંદર અને નિકુંજવડે શોભાયમાન એવા વૈતાઢ્યની પાસેના પ્રદેશોમાં ફરવા લાગ્યો. એમ પરિભ્રમણ કરતાં કૌતુકથી જેના લોચન વિકાસ પામી રહ્યા છે એવા કુમારે, એક શિલા તળે એક પગે પોતાના સર્વાંગનો ભાર સ્થાપી, ભુજાયુગલને ઉંચે કરી, ધ્યાનવશે પ્રચંડસૂર્યમંડળ સામે નિશ્ચળ લોચન સ્થાપન કરી, પર્વત સમાન નિષ્કંપપણે પ્રતિમાએ રહેલા એક ચારણશ્રમણને જોયા. તેમને જોતાં અંતરમાં ઉદ્ભવતા ભારે હર્ષથી રોમાંચિત થતાં કુમારે કનકચૂડને કહ્યું કે–‘ હે ભદ્ર ! ચાલ, આ મહાત્માને વંદન કરતાં પાપ ધોઈને આત્માને પાવન કરીએ. ’ વિદ્યાધરે કહ્યું–‘ ભલે, ચાલો. ’ પછી મુનિ સમીપે જતાં તેમણે વિનયથી પ્રણામ કર્યા. ત્યારે મુનિએ પણ તેમની યોગ્યતા જાણીને કાયોત્સર્ગ પાર્યો અને ઉચિત સ્થાને બેસતાં ‘ આ લોકો હજી મૂળ–ગુણસ્થાને વર્ત્તે છે ’ એમ ધારી તેમણે જણાવ્યું કે–‘ હે મહાનુભાવો !

કરૂણાકર વીતરાગોએ બતાવેલ ધર્મ જો સર્વ યત્નથી આરાધવામાં આવે, તો એ જ આ અસાર સંસારમાં એક સાર છે. તે ધર્મનું મૂળ અહિંસા છે અને તે મદ્ય, માંસ અને રાત્રિભોજનના પરિહારથી યથોક્ત સંભવે છે. તેમાં મદ્ય એ વિશિષ્ઠ જનોને અપેય છે, અમેધ્યરસની જેમ દૂરથી તજવા લાયક છે, મનથી પણ તેની પિપાસા કરવી ન જોઈએ. એનું પાન કરતાં દ્રવ્યની હાની થાય, વિશિષ્ટતા ચાલી જાય, ઉન્માદને એ પ્રગટાવે, વિફલતાને આણે, કાર્યનો નાશ કરાવે, સ્વમર્મો પ્રકાશિત કરાવે, મિત્રોને લજ્જા પમાડે, બુદ્ધિ–પ્રસારને કલુષિત કરે, કુળ જાતિને શરમાવે, નિર્મળ શીલનો ભંગ કરાવે, વૈરપરંપરાને ઉત્પન્ન કરે, ધર્મ–કર્મથી ભ્રષ્ટ કરે, નીચજનો સાથે મૈત્રી જોડાવે, અગમ્ય પ્રત્યે ગમન કરાવે, અભક્ષ્ય ભક્ષણ કરાવે, વડિલોની હાંસી કરાવે, સ્વજનવર્ગને વિયુક્ત કરે અને ન બોલવાના બોલ બોલાવે. તેમ જ એ મદ્યપાન અશુચિનું મૂળ છે, વેરીઓને આવવાના અવકાશરૂપ છે, ક્રોધાદિકને જગાડનાર, પરાભવોના સંકેત–સ્થાનરૂપ અને અનર્થોના મહાસ્થાનરૂપ છે. વળી જે પ્રાણીઓને અહીં પ્રત્યક્ષ કલુષ–ભાવ પમાડે છે, તે પાપરૂપ મદ્યમાં વિશેષતા શી હોઇ શકે ? ઉગ્ર તાલપુટ–વિષ–ભક્ષણથી પોતાનો વિનાશ કરવો તે સારૂં, પરંતુ મદ્ય–પાનની અવસ્થામાં આત્માને અલ્પકાળ–સ્હેજ રહેવા દેવો તે યુક્ત નથી. એટલા માટે લૌકિક સાધુઓ પણ દૂરથી જ મદિરાનો ત્યાગ કરે છે, તથા વેદ–પુરાણમાં પણ એનો નિષેધ કરેલ છે. કહ્યું છે કે– “ ગુડથી બનેલ, પિષ્ટથી બનેલ અને મધથી બનેલ મદિરા ત્રણ પ્રકારની હોય છે. જેમ એક તેમ એ સર્વનો વિપ્રવરોએ ત્યાગ કરવો. સ્રીઘાતક, પુરૂષઘાતી, કન્યાને દૂષણ લગાડનાર, મદ્યપાન કરનાર અને એમની સાથે વર્તનાર એ પાંચે પાતકી કહ્યા છે. તેમ જ સુરાપાન કરીને જે મોહથી અગ્નિરૂપ મદિરાનો આશ્રય લે છે, તો કાયા દગ્ધ થતાં તે સુરાપાનના પાપથી મુક્ત થાય છે. જેના શરીરમાં રહેલ બ્રહ્મ તે મદ્યપાનથી એક વાર પણ જો પ્લાવિત–અપવિત્ર થાય તેનું બ્રાહ્મણપણું નષ્ટ થાય છે અને શૂદ્રતા તેમાં આવે છે; માટે હે દેવાનુપ્રિયો ! સ્વર્ગ-અપવર્ગના સુખાર્થી જનોએ મદ્યપાન કરવું તે કોઇ રીતે યુક્ત નથી. જેમ વિશિષ્ટ જનોને મદ્ય અપેય છે તેમ માંસ પણ અભક્ષ્ય છે, કારણ કે એથી શુભ ધ્યાનનો નાશ થાય છે, આર્ત્ત–રૌદ્ર ધ્યાનનો અવકાશ મળે છે, મોટા સત્ત્વોનો સંહાર થાય છે, તે કૃમિ–જંતુઓનું ઉત્પત્તિ–સ્થાન છે, સર્વાવસ્થામાં સપડાઈ ગયેલા જીવોનો નાશ કરાવનાર, વિશેષ રસગૃદ્ધિ અને પાપર્દ્ધિ શિકારના કારણરૂપ, મહારોગ–આતંકના નિમિત્તરૂપ, જોનારના લોચનને દુગંચ્છા ઉપજાવનાર, દુર્ગતિમાં સત્વર લઇ જનાર, શુભાનુબંધ અને સુખાનુભવને જલાંજલિ આપવારૂપ છે; તો એવા દોષના નિધાનરૂપ એ માંસને કયો સુજ્ઞ મનથી પણ ઇચ્છે ? તેમ

જ પ્રયત્નથી પરપીડાનો ત્યાગ કરવો એ ધર્મમાં શ્લાઘ્ય બતાવેલ છે; પરંતુ તે માંસ–ભક્ષકને આકાશપુષ્પની જેમ ઘટતું નથી. અસાર શરીરના પોષણાર્થે જે લોકો માંસ ખાય છે, તેઓ પરભવે અગણિત તીવ્ર દુઃખો ભોગવે છે. કયો નિષ્ણાત, મોહજન્ય તુચ્છ સુખની ખાતર, અસંખ્ય ભવપરંપરામાં પડતા દુઃખ-સમૂહને પ્રવર્તાવે? લૌકિક શાસ્ત્રમાં પણ અનેક પ્રકારના વર્ણનથી પ્રગટ રીતે એનો નિષેધ કરેલો છે. અને તે સર્વથા અવિરૂદ્ધ છે. ત્યાં આ પ્રમાણે કહેવામાં આવેલ છેઃ—

"માંસ, હિંસાને વધારનાર, અધર્મ અને દુઃખને ઉત્પન્ન કરનાર છે, માટે તેનું ભક્ષણ ન કરવું. જે પરના માંસથી પોતાનું માંસ વધારવા ઇચ્છે છે તે દુર્ગતિમાં જ્યાં ત્યાં ઉત્પન્ન થઈ, દુઃખદ વાસ પામે છે. દીક્ષિત કે બ્રહ્મચારી જે માંસ ખાય છે તે પાપી અને અધર્મી પ્રગટ રીતે નરકે જાય છે. આકાશગામી બ્રાહ્મણો માંસભક્ષણથી પતિત થયા, એમ વિપ્રોનું પતન જાણી માંસભક્ષણ ન કરવું. શુક્ર અને શોણિતજન્ય માંસનું જે પુરૂષ ભક્ષણ કરે છે અને જળથી શૌચ કરે છે, તેની દેવતાઓ હાંસી કરતા રહે છે. હે ભારત! જે માંસભક્ષણ કરતો નથી તે ત્રણે લોકમાં જેટલાં તીર્થો છે તેમાં સ્નાન કરવાનું ફળ પામે છે, એમ સંભળાય છે. હે યુધિષ્ઠિર! માંસનું ભક્ષણ કરતાં અગ્નિ, સૂર્ય કે જળથી પણ શુદ્ધિ થતી નથી, એ ખાસ ધર્મ છે. લિંગ, વેષ–ગ્રહણ કરવાથી શું અથવા શિર કે મુખ મુંડાવવાથી પણ શું? જો માંસ ખાવામાં આવે તો એ બધું નિરર્થક છે. જેમ નિર્મળ જળાશયમાં વનગજ સ્નાન કરે અને તરત જ તે ધૂળથી ભરાઈ જાય છે, તેમ માંસભક્ષણનું દૂષણ સમજવું. વળી પ્રભાસ, પુષ્કર, ગંગા, કુરૂક્ષેત્ર, સરસ્વતી, ચંદ્રભાગા–દેવી, સિંધુ મહાનદી, મલયા, યમુના, નૈમિષ, ગયાજી, સરયૂ, કૌશિક અને લૌહિત્ય મહાદ્રહ–એ મહર્દ્ધિક તીર્થોમાં સ્નાન કરે અને હે યુધિષ્ઠિર! માંસનું ભક્ષણ ન કરે તો તેનું સમાન ફળ છે. તેમજ જે સુવર્ણનો મેરૂ અને સમગ્ર પૃથ્વીનું દાન કરે અને માંસનું ભક્ષણ ન કરે, તો તે બંને તુલ્ય છે. હિરણ્યદાન, ગોદાન અને ભૂમિદાન અને એક બાજુ માંસત્યાગ એ સમાન જ છે. મહિને મહિને એક હજાર ગાયોનું દાન કરે અને એક તરફ માંસ ન ખાય, તો તે બંને તુલ્ય જ ગણાય છે."

એ પ્રમાણે લૌકિક શાસ્ત્રોમાં મહાવિષની જેમ માંસનો ત્યાગ બતાવેલ છે, તો લોકોત્તર શાસ્ત્રનું શું કહેવું? જેમ બહુ દોષના કારણે મદ્ય–માંસની વિરતિ કરવા યોગ્ય છે, તેમ સુજ્ઞ જનોએ રાત્રિભોજન પણ તજવા લાયક છે.

વળી ભોજન કદાચ પ્રાસુક હોય, તથાપિ સૂક્ષ્મ જંતુઓ બરાબર જોઇ શકાતા નથી, જેથી પ્રત્યક્ષ જ્ઞાનીઓ પણ રાત્રિભોજનનો ત્યાગ કરે છે. જો કે પ્રદીપના પ્રકાશથી કીડી પ્રમુખ દેખાય છે, તથાપિ તે અસેવનીય જ છે; કારણ કે એથી મૂળ વ્રતની વિરાધના થાય છે. એમ હે દેવાનુપ્રિયો ! મદ્ય, માંસ અને રાત્રિભોજનને સંસાર-વૃક્ષના વિસ્તૃત કંદ સમાન સમજીને તેનો ત્યાગ કરો. અથવા તો શું તમે મૂઢ છો કે હસ્તસંપુટના છિદ્રમાંથી ગળતા સલિલની જેમ પ્રતિસમય ક્ષીણ થતા પોતાના જીવિતને જોઇ શકતા નથી ? આ તો શું માત્ર છે ? અત્યારે પણ ઘણા સંસાર--કારાગૃહથી વિરક્ત થઇ, રાજ્યને પણ તજીને પ્રવ્રજ્યા આદરે છે."

એ રીતે મુનિના કહેતાં પરમ ભવ-વિરાગને ધારણ કરતો કનકચૂડ તરત ઊઠી, મુનિના પગે પડીને કહેવા લાગ્યો કે-' હે ભગવન્ ! કુમારને વ્યવહાર-ભાર સોંપી તમારી પાસે સંયમ લઇને હું મારા જીવિતને સફળ કરીશ.' મુનિ બોલ્યા—'ભવ-પાશ તોડવાનો એ જ ઉપાય છે, જેથી તમારા જેવાને એમ કરવું યુક્ત જ છે.' એવામાં સંવેગ પામતાં કુમાર પણ પ્રણામ કરીને કહેવા લાગ્યો કે-' હે ભગવન્ ! મને પણ મદ્ય, માંસ અને રાત્રિભોજનના યાવજ્જીવ પચ્ચખ્ખાણ આપો.' એટલે યોગ્યતા જાણીને મુનિએ તેને પ્રત્યાખ્યાન આપ્યું. પછી ગુરૂને નમીને તેઓ સ્વસ્થાને ગયા. ત્યાં પ્રવર આભરણાદિકથી સત્કાર કરતાં કનકચૂડે કુમારને કહ્યું કે—' હે કુમાર ! હું ભવવિરક્ત થયો છું જેથી હવે દીક્ષા લઇ, આત્માને પાપમુક્ત કરીશ; માટે મારા લાયક કામ--સેવા ફરમાવ.' કુમાર બોલ્યો—' હું શું કહું ? તમારો પરિહાર મને ભારે પડે છે, છતાં ચિરકાલથી વિયુક્ત થયેલ વડીલો-સ્વજનો, મને જોવાને ઉત્સુક થઇ કોણ જાણે કેમ હશે ? આથી મારા મનને બહુ પરિતાપ થાય છે.' કનકચૂડે જણાવ્યું-' જો એમ હોય તો આપણે ત્યાં જઇએ.' કુમારે તે કબૂલ કરતાં તે બંને વિમાન પર આરૂઢ થઇને ચાલી નીકળ્યા.

હવે અહીં દુષ્ટ અશ્વે અપહરણ કરેલ કુમારને અરણ્યમાં લાંબો વખત તપાસી કોઇ રીતે પત્તો ન મળવાથી ઉત્સાહ અને આનંદ રહિત તે સૈન્ય શ્રીપુર નગરમાં ગયું અને તેમણે કુમારની વાત રાજાને નિવેદન કરી, જે સાંભળતાં જાણે સર્વસ્વ હરાઇ ગયું હોય તેમ સંતાપ પામતાં, ખાનપાન તજી, ચતુરંગ સેના સહિત, અંતઃપુર અને દુઃસહ વિરહાક્રાંત **રત્નાવલી** સહિત, કુમારની શોધ કરવા માટે તે નગરથી નીકળ્યો અને અનુક્રમે કાદંબરીના તે જ મધ્ય પ્રદેશમાં પહોંચ્યો. ત્યાં કુમારને જોવા માટે તેણે ચોતરફ પુરૂષો

મોકલ્યા. એમ તપાસ કરતાં, એકદા આમતેમ ભમતાં તે ભીલને તેમણે જોયો અને તેની આંગળીએ કુમારના નામથી અંકિત મુદ્રારત્ન જોયું. તે જોતાં—'આ ભીલે વખતે કુમારનો નાશ કર્યો હશે.' એમ કુવિકલ્પથી હૃદયને કલુષિત કરતા તેઓ ભીલને રાજા પાસે લઇ ગયા. એટલે અનાકુળ હૃદયે રાજાએ તેને પૂછ્યું કે—'અરે મુગ્ધ! મને સાચે સાચું કહે કે આ મુદ્રારત્ન તને કયાંથી મળ્યું? અને કુમાર કયાં છે?' એમ રાજાના પૂછતાં, પૂર્વે કદિ ન જોયેલ ગજ, અશ્વ, રથ, સુભટના આડંબરયુક્ત રાજલક્ષ્મીને જોઇ, ક્ષોભ પામતાં તે ભીલ અગડંબગડં, સ્ખલિતાક્ષરે કુમારની વાત કહેવા લાગ્યો. ત્યારે રાજાએ કહ્યું—'અરે! પરસ્પર વિરોધી વચનથી સમજાય છે કે એણે કુમારનો ઘાત કર્યો હશે, નહિ તો મુદ્રારત્ન એની પાસે કયાંથી? કારણ કે જીવતા નાગેંદ્રનું ફણારત્ન કોઇ લઈ શકે? તેમ છતાં પાંચ દિવસ એને બરાબર નજરકેદમાં રાખો. પરમાર્થ કાંઈ જાણી શકતા નથી. વિધિના વિલાસ અતિગંભીર હોય છે.' એમ રાજાના શાસનથી પુરૂષોએ ભીલને બાંધી લીધો. ત્યાં સંદેહના ચકડોળે ચડેલ અને લોચનથી અશ્રુ-જળ વરસાવતો રાજા ભારે શોકમાં આવતાં રોવા લાગ્યો. એવામાં કુમારના પંચત્વની વાત સેનામાં પ્રસરી, સામંતો બહુ ખેદ પામ્યા, સૈનિકોનું નુર ઉડી ગયું, મંત્રીઓ આકુળ-વ્યાકુળ થયા, અંતઃપુર હાહારવથી રોવા લાગ્યું. લાંબો વખત આક્રંદ કરી ભારે શોકથી કાયર બની **રત્નાવલી** એકદમ ધરણી પર ઢળી પડી, એટલે દાસીઓએ અનેક પ્રકારે આશ્વાસન આપતાં તે સ્વસ્થ થઈ. એવામાં રાત પડી અને અંજનગિરિ સમાન અંધકાર ચોતરફ પ્રસરી રહ્યો. એમ અનુક્રમે મધ્ય રાત્રિનો સમય થતાં **રત્નાવલીએ** પોતાની ધાવમાતાને જણાવ્યું કે—'હે અમ્મા! એ પતિ જતાં હવે પોતાનું જીવિત ધારીને મારે શું કરવાનું છે? હીન જનનો ત્રાસ શાને સહન કરવો? પિતાના ઘરે સ્વજનોના શ્યામ વદન શા માટે જોવાં? અકારણ કોપાયમાન દુર્જનોનાં વચનો શાને સાંભળવાં? તો તને મારા જીવિતના સોગંદ છે કે તું અન્યથા ન આચરીશ. અત્યારે મારી સોબતણ થા. હવે પ્રેમજન્ય સુખથી સર્યું કે જેની ગતિ જ આવી વિચિત્ર હોય છે. કિંપાકનું ફળ ખાતાં તો પ્રાંતે દુઃખ પમાડે, પરંતુ પ્રિય-યોગ તો પ્રથમ-આરંભે પણ દુઃખદ નીવડે. હું ધારૂં છું કે હતાશ વિધાતાએ પ્રિયજનના સંગમનું સુખ તે ગજકર્ણ, વીજળી અને ઇંદ્ર ધનુષ્યની ચપળતાવડે બનાવેલ હશે, તેથી જ પંડિતજનો બિલમાં ગયેલ સર્પની જેમ પ્રેમનો પરિહાર કરે છે; કારણ કે તેઓ પ્રિય-વિપ્રયોગરૂપ વિષવેગના માહા-

ત્મ્યને જાણે છે.' અંબધાત્રી બોલી કે-'હે પુત્રી! શા કામમાં તું મને મદદગાર કરવા માગે છે?' તેણે કહ્યું-'હે અમ્મા! દુઃસહ વિરહાનલથી પરિતાપિત થયેલ પોતાના જીવિતનો પરિત્યાગ કરવા નિમિત્તે.' ધાત્રીએ જણાવ્યું-'હે વત્સે! તું આમ ઉતાવળી શાને થાય છે? હજી કંઇ નિશ્ચય તો જાણવામાં આવેલ નથી અને મરણની અભિલાષા તો પછી પણ કયાં દુર્લભ છે?' એટલે તેના આ નિષેધ-વચન સાંભળતાં રત્નાવલી મૌન ધરી રહી. ક્ષણવાર પછી તેની દૃષ્ટિ ચૂકાવી, પરિજનના જાણવામાં ન આવે તેમ તે આવાસથકી નીકળી અને દૂર પ્રદેશમાંના એક વનનિકુંજમાં તે પેઠી. ત્યાં અંજલી જોડીને કહેવા લાગી કે- 'હે વનદેવી! હું મંદભાગીનું વચન સાંભળ. આ સ્થાને અન્ય કોણ છે કે જેને પોતાનું પ્રયોજન કહી શકાય? આ મને વિધિએ દુઃખ પમાડવા માટે વિપરીત લક્ષણોથી બનાવી છે કે પર-ણ્યા પછી તરત જ જેને આવો વિરહ પડ્યો, તો હવે તારી સમક્ષ તરૂવર પર શરીર લંબાવીને મૂકી દઉં છું. અપશયની કલુષતાથી મલિન થયેલ આ દેહથી હવે શું? હે શ્રીપુર રાજાના સુત! તમે પણ દૂર રહ્યા છતાં સમજી લેજો કે તે બિચારી રત્નાવલીએ મારા વિરહે આત્મ- ત્યાગ કર્યો.' એમ કહી કેશપાશ તેણે સંયમિત કર્યો, વસ્ત્રની ગાંઠ એકદમ મજબૂત બાંધી, પોતાના ઉત્તરીય વસ્ત્રથી તેણે તરૂ--શાખા પર પાશ બનાવી તે પોતાના ગળે બાંધ્યો અને પડતું મૂકયું. એવામાં શય્યા પર તેને ન જોવાથી અંબધાત્રી તેની પાછળ લાગી અને ધર્મકર્મના યોગે તે તે જ સ્થાને પહોંચી. ત્યાં ચાંદનીના પ્રકાશે રત્નાવલીને તેણે લટકતી જોઈ. એટલે હાહારવ કરતાં તે કાલને ઉચિત પ્રતિ-કાર કરવાને અસમર્થ એવી ધાવમાતા ઉંચેથી પોકારવા લાગી કે-'અરે! દેવો! વ્યંતરો! ખેચરો! રક્ષણ કરો, રક્ષણ કરો. આ સ્રીરત્નને પ્રાણદાન આપો. એનો પાશ કાપી નાખો. આ વખતે ઉપેક્ષા કરીને તમે પાપપંકથી ન લેપાઓ.' એવામાં કનકચૂડ અને સુરસેન કુમાર તે પ્રદેશમાં આવ્યા. તેમણે એ ઉદ્‌ઘોષણા સાંભળી કે તરત જ આકાશથકી ઉતરી તેનો પાશ કાપી નાખ્યો અને શરીરે સ્વસ્થ કરતાં રત્નાવલીને પૂછ્યું કે-'હે સુતનુ! આવા દુષ્ટ અધ્યવસાયનું કારણ કોણ?' ત્યારે ઘણી વાર નિસાસા નાખતી રત્નાવલી બોલી-'દુષ્કૃત કર્મો!' કુમારે કહ્યું-'તથાપિ વિશેષ રીતે કહે.' તે બોલી-'જો એમ હોય તો મહાસેન રાજાના પુત્ર સુરસેનકુમારનો વિરહ.' ત્યાં કુમારે તરત ઓળખીને કહ્યું કે-'હે ભદ્રે! જો એમ હોય, તો હવે એ દુષ્ટ અધ્યવસાયથી સર્યું.' એમ કુમારના બોલતાં, બરાબર ઓળખી લીધાથી રત્નાવલી, લજ્જાથી લોચન મેળવતી મૌન રહી. એવામાં પરમાર્થ જાણવામાં આવતાં-'લાંબા

કાળે આવેલ કુમારને સ્વાગત ' એમ ધાવમાતા બોલી, અને રાજાના આગમનનો વૃત્તાંત તેણીએ કુમારને નિવેદન કર્યો. આ વખતે વિદ્યાધરે વિનંતિ કરી કે-' હે કુમાર ! તમારા મનોરથ બધા પૂર્ણ થયા, તો હવે મને સ્વસ્થાને જવાની આજ્ઞા આપો. ' એટલે તેના વિયોગથી કાયર થતાં કુમારે તેને મહાકષ્ટે વિસર્જન કર્યો. તેણે જતાં જ ચારણમુનિ પાસે ભાવથી દીક્ષા અંગીકાર કરી. પછી કુમાર રત્નાવલી સહિત સૈન્યમાં આવ્યો. ત્યાં રાજાને ભેટતાં તેણે પોતાનો વૃત્તાંત કહી સંભળાવ્યો અને વર્ધાપન કરવામાં આવ્યું. તે ભીલને સત્કારપૂર્વક મુક્ત કરવામાં આવ્યો. પોતાના નગર ભણી નિવૃત્ત થતાં રાજા અનુક્રમે રાજધાનીમાં આવ્યો. ત્યાં કુમારને એક સુંદર પ્રાસાદ સમર્પણ કરતાં તે વિવિધ વિલાસમાં દિવસો પ્રસાર કરવા લાગ્યો.

એવામાં એકદા મહાસેન રાજા પંચત્વ પામ્યો. એટલે તેનાં મૃતકાર્યો કર્યાં, તેણે રાજ્ય સ્વીકાર્યું અને રાજનીતિથી પૃથ્વીને પાળવા લાગ્યો. એકદા મુનિધર્મના જ્ઞાતા અને સૂત્રાર્થના અભ્યાસી એવા તે **કનકચૂડ** મુનિ વિહાર કરતા ત્યાં બહાર ઉદ્યાનમાં પધાર્યા. તેમનું આગમન જાણવામાં આવતાં સુરસેન રાજા વંદન કરવા ચાલ્યો અને પરમ ભક્તિથી વાંદી, ધર્મલાભ પામીને તે ગુરૂની સમક્ષ બેઠો. સાધુએ જિનધર્મ સંભળાવ્યો, જેથી ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા. પછી પ્રાંતે મુનિએ રાજાને પૂછ્યું કે—' હે રાજન્ ! લાંબા વખત પહેલાં મદ્ય, માંસ અને રાત્રિભોજનની વિરતિરૂપ લીધેલ અભિગ્રહો બરાબર પળાય છે ? ' રાજાએ કહ્યું—' હા, બરાબર પાળું છું.' એટલે ફરી મુનિએ કહ્યું કે—' તો હવે અશેષ દોષ રહિત જિનેશ્વરને દેવબુદ્ધિથી સ્વીકારી સમ્યક્ત્વ સ્વીકારો અને કુવાસનાજન્ય મિથ્યાત્વનો પરિહાર કરો. એટલું કરતાં પણ પરમાર્થથી તમે પરભવનું હિત સાધ્યું સમજજો.' રાજા બોલ્યો—' એમજ, હવેથી મેં જિનધર્મ સ્વીકાર્યો અને તમારા પ્રભાવથી મને મિથ્યાત્વ તજવાની મતિ થઈ છે, તો તમોએ મને સર્વથા કૃતાર્થ કર્યો.' એમ પોતાનો સાનંદ ભાવ કહી રાજા સ્વસ્થાને ગયો અને પોતાના આચારને અનુસરીને મુનિએ પણ અન્યત્ર વિહાર કર્યો. ત્યારપછી વખત જતાં એકદા તથાવિધ શરીરે વેદના ઉત્પન્ન થવાથી અવિશુદ્ધ અધ્યવસાયના યોગે સમ્યક્ત્વ દૂષિત થતાં રાજા કાલ કરીને યક્ષપણે ઉત્પન્ન થયો. એ બિભેલક યક્ષની મૂલ ઉત્પત્તિ સમજવી.

હવે મહાવીર ભગવાન્ તે બિભેલક યક્ષના ઉદ્યાનથકી નીકળી **શાલિશીર્ષક** નામના ગામની બહાર ઉદ્યાનમાં પ્રતિમાએ રહ્યા. તે વખતે માઘ

મહિનો ચાલતો હતો. ત્યાં **કટપૂતના** નામે વાણવ્યંતરી કે જે ત્રિપૃષ્ઠના ભવમાં સ્વામીની **વિજયવતી** નામે રાણી હતી. તે વખતે બરાબર તેનો સત્કાર ન થવાથી ભારે પ્રદ્વેષને ધારણ કરતાં મરણ પામી, સંસારમાં પરિભ્રમણ કરી, મનુષ્યભવ પામતાં બાળતપથી વ્યંતરીનો ભવ મેળવતાં, પૂર્વના વૈરને લીધે જિનના તેજને સહન ન કરી શકવાથી તેણે તાપસી રૂપ વિકુર્વ્યું. પછી વલ્કલ ધારણ કરી, લટકતી લાંબી જટાના ભારથી હિમના શીતલ જળે બધું શરીર આર્દ્ર કરી, તે સ્વામીની ઉપર અદ્ધર રહી અંગ ધુણાવવા લાગી. એટલે હિમકણોથી મિશ્ર અને અતિ શીતલ પવનથી વ્યાપ્ત એવા જળબિંદુઓ, બાણોની જેમ જિનના અંગે લાગતા તેમ જ પ્રતિસમયે પ્રસારેલ જટાસમૂહ અને વલ્કલમાંથી ગળતા અતિ દુઃસહ જળકણો પ્રભુના અંગે પેશવા લાગ્યા. એક તો સ્વભાવે માઘ માસના શીતનું દુસ્સહ રૂપ હતું અને તેમાં વળી પ્રવૃત્ત થયેલ દુષ્ટ વ્યંતરીએ પોતાની શક્તિથી તેમાં વધારો કર્યો. એટલે પછી કહેવું જ શું ? તેવા પ્રકારની શીત વેદનાથી પરાભવ પામતાં સામાન્ય પુરૂષનું શરીર જ ગળી જાય, પરંતુ નિરૂપક્રમ આયુષ્યવાળા અરિહંતો જ તે સહન કરી શકે. એમ રાત્રીના ચાર પહોર શીતોપસર્ગ સહન કરતાં ભગવંતનું ભવભંજક ધર્મધ્યાન વિશેષ રીતે વિકાસ પામ્યું. એટલે તે શાંત ભાવે સહન કરવાથી વિશેષ કર્મક્ષય થતાં, ભગવંતને અવધિજ્ઞાન અધિક વિકાસ પામ્યું, જેથી તે સર્વ લોક જોવા લાગ્યા. પૂર્વે ગર્ભકાળથી માંડી દેવભવ સુધીનું જ માત્ર અવધિજ્ઞાન અને અગીયાર અંગ સુધી શ્રુતસંપદા હતી. હવે કટપૂતના, ભગવંતને નિષ્કંપ જાણી પ્રભાત થતાં પરાજય પામી, ઉપશાંત થઈ, પશ્ચાત્તાપ પામતી તે પ્રભુની ભક્તિપૂર્વક પૂજા કરીને સ્વસ્થાને ચાલી ગઇ. પછી સ્વામી ત્યાંથી નીકળતાં છઠ્ઠું ચોમાસું કરવા **ભદ્રિકા** નગરીમાં ગયા. ગોશાળો પણ છ મહિને પ્રભુને મળ્યો. ભગવંતને જોતાં ભારે હર્ષથી પાદ-પંકજે નમી, પ્રમોદ પામતો તે પૂર્વવત્ ઉપાસના કરવા લાગ્યો. ભગવંત પણ ત્યાં વિચિત્ર અભિગ્રહો સહિત ચાતુર્માસ ખમણ કરી, પ્રાંતે બહાર પારણું કરી, ગોશાળા સાથે **મગધ** દેશમાં ઉપસર્ગ રહિત આઠ માસ વિચરવા લાગ્યા. પછી સાતમું ચોમાસું કરવા પ્રભુ **આલંભિકા** નગરીમાં ગયા. ત્યાં પણ ચાતુર્માસ-ખમણ કરી, પ્રાંતે બહાર પારણું કરી, **કાંડક** નામના સંનિવેશમાં ગયા અને ત્યાં ઉંચા વાસુદેવના મંદિરમાં એકાંત સ્થાને સ્વામી કાયોત્સર્ગે રહ્યા. ગોશાળો પણ જીવિત-રક્ષાની જેમ જિનમહાત્મ્યને ધારણ કરતાં, ચિરકાલ સંલીનતાથી કંટાળો પામી, પ્રતિભયની દરકાર કર્યા વિના ભાંડની જેમ લજ્જાને દૂર તજી,

વાસુદેવ-પ્રતિમાના મુખનો ટેકો લઇને બેસી ગયો. એવામાં ફૂલની છાબડી અને ધૂપધાની હાથમાં લઇને પૂજારી આવ્યો. તેણે દૂરથી જ ગોશાળાને તે પ્રમાણે બેઠેલ જોઇ, વિસ્મય પામીને વિચાર કર્યો કે-' આ દેવની પૂજા કરતાં મને બહુ કાળ થયો, પરંતુ આવી ભક્તિ કરનાર કોઇ મારા જોવામાં આવ્યો નથી, તો આ શું કોઇ પિશાચ કે ગ્રહથી ઘેરાયેલો કોઇ મનુષ્ય હશે ? અથવા તો ધાતુના વિપર્યાસને વશ થઇને કોઈ આમ બેઠો હશે ? ' એમ વિચારતાં તે જેટલામાં ભવનની અંદર આવ્યો તેવામાં તે કુશળે નગ્નભાવથી તેને શ્રમણ સમજી લીધો અને ચિંતવ્યું કે-' જો હું એને દંડ કરીશ તો લોકોના જાણવામાં આવતાં મને દુષ્ટ અને અધર્મી કહેશે, માટે ગામના લોકોને કહું. તે પોતે જોઇ, એને જે કરવાનું હશે તે કરશે. મારે આ અનર્થ કરવાથી શું ? ' એમ ધારી તેણે લોકોને કહ્યું. એટલે મંદિરમાં જતાં, વાસુદેવને અવલંબીને બેઠેલ ગોશાળો તેમના જોવામાં આવ્યો, જેથી તેમણે કોપ કરી લાકડી અને મુઠીવતી તેને ખૂબ માર્યો અને તેના શરીરને જર્જરિત કરી, લાંબા વખતે તેને ગ્રહિલ-ઘેલો સમજીને છોડી મૂકયો. ત્યાંથી સ્વામી **મર્દન** નામના સંનિવેશમાં જઈ, **બલદેવના** મંદિરમાં પ્રાસુક પ્રદેશમાં પ્રતિમાએ રહ્યા, અને દુઃશિક્ષિત ગોશાળો, મુકુંદની પ્રતિમાના મુખમાં લિંગ ધરી, મુનિની જેમ અપ્રમત્ત થઇને બેઠો. એટલે પૂર્વવત્ કોપાયમાન થતાં ગામલોકોએ તેને બહુ જ કૂટી લાંબા વખતે છોડી મૂકયો. પછી ભગવંત ત્યાંથી નીકળી **શાલક** ગામના શાલિવનમાં ધ્યાનસ્થ રહ્યા. ત્યાં નિષ્કારણ કુપિત થયેલ **સાલજ્જા** નામે વ્યંતરી પ્રભુને વિવિધ ઉપસર્ગો કરવા લાગી. તે પાપિણી જ્યારે પોતે ઉપસર્ગ કરતાં થાકી ત્યારે પ્રભુને પૂજીને સ્વસ્થાને ચાલી ગઈ. જેને ઉપસર્ગ કરનારા પોતે શ્રમિત થઇ જતા, પરંતુ તે વીતરાગ કંઇ પણ ગણતા નહિ એ જ આશ્ચર્ય !

હવે ભગવંત વિહાર કરતાં, ભુવનના તિલક સમાન અને ચોરા, ચોવાટાયુક્ત એવા **લોહાર્ગલ** નામના નગરમાં ગયા. ત્યાં ભુવનપ્રસિદ્ધ અને સમૃદ્ધ એવો **જિતશત્રુ** નામે રાજા કે જે ગવિષ્ઠ શત્રુઓ અને શૂરવીરરૂપ હસ્તીઓને વિદારવામાં સિંહ સમાન હતો. તે વખતે સીમાડાના રાજા સાથે તેને વિરોધ હતો, તેથી રાજપુરૂષો અજાણ્યા માણસની તપાસ કરતા. તેમણે સ્વામીને જોતાં અને પૂછતાં જ્યારે કાંઈ પ્રત્યુત્તર ન મળ્યો ત્યારે શત્રુનો ગુપ્ત પુરૂષ સમજીને તે મૂઢોએ સ્વામીને પકડયા અને તરત સભામાં બેઠેલ રાજા પાસે લઇ ગયા. એવામાં પૂર્વે વર્ણવેલ ઉત્પલકે સ્વામીને જોઇ,

**ભારે** હર્ષથી રોમાંચિત થઇ, ભક્તિથી પ્રભુને નમીને તે રાજાને કહેવા લાગ્યા કે—'અરે ! આ ચારિક-ચર નથી, પણ આ તે જ કે જેમણે પૂર્વે એક વરસ ઈચ્છા કરતાં ઉપરાંત કનક-ધારાથી યાચકજનોને આનંદ પમાડ્યો અને સિદ્ધાર્થ મહાનરેંદ્રના કુળમાં ધ્વજા સમાન તથા ધર્મ-ચક્રવર્તી એવા શ્રી **મહાવીર** જિન પોતે દીક્ષાધારી થયા છે. દેવ, વિદ્યાધર અને નરેંદ્રોએ જેમનાં ચરણે વંદન કરેલ છે એવા એ દેવાધિદેવની શું તમે કીર્ત્તિ પણ પૂર્વે સાંભળેલ નથી ? જો મારૂં વચન તમે ન માનતા હો તો નિપુણ દૃષ્ટિથી, ચક્ર, ગદા, વજ્ર, કળશ અને કમળથી અંકિત એમના હાથ જુઓ.' એમ નિશ્ચય થતાં **જિતશત્રુ** રાજાએ વિશેષ સત્કાર કરી, ગોશાળા સહિત સ્વામીને મુક્ત કર્યા. ત્યાંથી ભગવાન **પુરિમતાલ** નગરમાં જઈ પ્રતિમાએ રહ્યા. તે નગરમાં **વગ્ગુર** નામે શેઠ કે જે ધનદ-કુબેરની જેમ સમૃદ્ધિયુક્ત, તૂણીર-ભાથાની જેમ માર્ગણ( બાણ અથવા યાચક )ના આધારરૂપ, મુનિની જેમ ઉભય લોકનું હિત સાધનાર, સ્વભાવે સરલ, પ્રિયવાદી, સ્વભાવે દાક્ષિણ્યવાન્ અને નિર્મળ ગુણ-હરિણને સ્વાધીન કરવામાં વાગુરા સમાન હતો. તેને અનુપમ ચરિત્ર અને પ્રેમના ભાજનરૂપ **ભદ્રા** નામે ભાર્યા હતી. તે વંધ્યા હતી જેથી ઘણા દેવોની માનતા અને વિવિધ ઔષધના પાન પુત્ર નિમિત્તે કરીને તે થાકી ગઇ. એકદા શેઠ સાથે શિબિકામાં આરૂઢ થઇ, પરિજન-સ્વજન સહિત વિવિધ ભક્ષ્ય ભોજનયુક્ત રસવતી લઇને ચાલતા રસોયા સમેત, મોટા આડંબરથી તે ઉદ્યાન ભણી ફરવા નીકળી અને નાનાવિધ પક્ષીઓના કલરવથી મનોહર તથા વિચિત્ર તરૂવરના સુગંધી પુષ્પોના પરિમલવડે સુંદર એવા **શકટમુખ** નામના ઉદ્યાનમાં ગઇ. ત્યાં ઘણો વખત સરોવરમાં જળક્રીડા કરી, પુષ્પો વીણતાં શેઠ અને શેઠાણીએ, જેનું શિખર ખંડિત થઇ પડવાની તૈયારીમાં છે, નિબિડ શિલાઓ જ્યાં છિન્નભિન્ન થયેલ છે તથા મજબૂત સ્તંભો જ્યાં શિથિલ થઇ ગયા છે એવા જીર્ણ દેવમંદિરને જોયું અને કૌતુહળથી તેઓ તેની અંદર પેઠા. ત્યાં શરચ્ચંદ્રની મૂર્ત્તિ સમાન અત્યંત પ્રશાંત, આભરણ રહિત છતાં કીંમતી રત્નોથી જાણે વિભૂષિત હોય તેવી શોભાયમાન, ચિંતામણિની જેમ દર્શન માત્રથી પરમ માહાત્મ્ય-અતિશયને જણાવનાર, અશોકના દળ સમાન શ્યામ કાંતિયુક્ત એવી શ્રી **મલ્લિનાથ** સ્વામીની પ્રતિમા તેમના જોવામાં આવી. તેને જોતાં તેમના હૃદયમાં ઉત્કૃષ્ટ ભાવ જાગ્યો અને આવો અભિપ્રાય થયો કે—'અવશ્ય આ પ્રતિમાની કલાગત જેવી રૂપલક્ષ્મી છે, તેથી લાગે છે

કે એ સામાન્ય નથી, તો આપણા મનોરથરૂપ વૃક્ષ હવે ફળ્યું.' એમ ચિંતવી તેઓ આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા—

"હે નાથ ! આજે અમારૂં નિબિડ દુઃખરૂપ બંધન વિઘટિત થયું. પ્રવર સુગતિ–મંદિરનાં દ્વાર ઉઘડ્યાં અને સંસારનાં શ્રેષ્ઠ સુખો આજે અમારા કર–કમળમાં આવી રહ્યાં. હે દેવ ! આજે ત્રિભુવનની લક્ષ્મી અમને જોવા લાગી કે દોષ-પ્રવાહનો નાશ કરનાર એવા તમે લોચન–પથે આવ્યા. હે નાથ ! તીક્ષ્ણ દુઃખા-નલથી તપ્ત થએલા અમે, નખ–સમૂહરૂપ નિર્મળ રત્નકિરણોથી આકાશને આચ્છાદિત કરનાર એવા તમારા ચરણરૂપ મંડપમાં અત્યારે નિવાસ પામ્યા. વળી હે પરમાત્મા ! સાક્ષાત મરૂભૂમિના પથિક સમાન અમે તમારૂં મુખ–કમળ જોવાથી કર્મ–અવલેપને ધોઇ નાખીશું."

એ પ્રમાણે ભક્તિપ્રધાન, સુસંબદ્ધ, મનને આનંદ પમાડનાર અને હર્ષથી લોચનને વિકાસ પમાડનાર વાણીથી વારંવાર સ્તવી, જમીન સુધી લલાટ લગાવીને તેઓ પુનઃ કહેવા લાગ્યા કે–' હે દેવ ! તમારા પ્રસાદથી હવે અમને પુત્ર કે પુત્રી પ્રાપ્ત થશે તો આ તમારા ભવનને શિખરે કનક–કળશો જડાવીશું, મોટા સ્તંભવડે અભિરામ રંગમંડપયુક્ત, કાંગરાઓથી શોભાયમાન, પ્રવર પ્રાકારથી મંડિત અને સારી રીતે ગોઠવેલ પૂતળીઓવડે વિરાજમાન કરાવીશું અને સદા તમારી ભક્તિમાં તત્પર રહીશું તેમજ સતત પૂજા–મહિમા રચીશું.' એમ કહી, ઉદ્યાન–ક્રીડા કરીને તેઓ પોતાના સ્થાને ગયા. પછી તેમના ભક્તિ-પ્રકર્ષથી સંતુષ્ટ થયેલ પાસેના પ્રદેશની વાણવ્યંતરી દેવીના પ્રભાવથી ભદ્રા શેઠાણીને ગર્ભ રહ્યો જેથી શેઠને ભારે વિશ્વાસ આવ્યો. તે દિવસથી જિનમં-દિરમાં તેણે કામ ચાલુ કરાવ્યું અને કાલક્ષેપ વિના જીર્ણોદ્ધાર કરાવ્યો. તે પાંચ વર્ણનાં સુગંધી પુષ્પોથી ત્રિકાલ પૂજા કરતો, વારાંગનાઓ પાસે નાટ્યવિધિ પ્રવર્ત્તાવતો તથા ભારે મધુર સ્વરનાં ચતુર્વિધ વાજીંત્રો વગડાવતો. એમ ભક્તિમાં તેના દિવસો જવા લાગ્યા.

એવામાં એકદા અનિયત વિહાર કરતા **સૂરસેન** નામે આચાર્ય જિન-વંદન કરવા ત્યાં પધાર્યા, અને ઉચિત પ્રદેશ–સ્થંડિલ ભૂમિમાં રહ્યા. પછી પોરસી થતાં તેઓ **મલ્લિનાથના** મંદિરમાં ગયા. ત્યાં પ્રભુને વંદી, ઉચિત સ્થાને બેઠા અને ભવ્યાત્માઓને ધર્મદેશના આપવા લાગ્યા. તેવામાં પૂજા–સામગ્રી સહિત **વગ્ગુર** શેઠ આવ્યો અને જિનપૂજા તેમ જ વંદન કરી, તે

આચાર્ય પાસે ગયો. ત્યાં ગુરૂના પગે પડી, આશિષ મેળવીને ઉચિત ભૂમિ પર બેઠો. એટલે ગુરૂએ પણ તેની યોગ્યતા પ્રમાણે ધર્મોપદેશ આપતાં જણાવ્યું કે-

"હે ભવ્ય જનો! જિનભુવન કરાવવું, જિનપ્રતિમાનું ત્રિકાલ પૂજન કરવું અને દાનમાં પ્રતિબંધ-ઉલ્લાસ રાખવો-એ ત્રણ પુણ્યથી જ પામી શકાય. તે જ પુરૂષો ધન્ય છે કે જેઓ પોતાના વિભવથી, સમસ્ત સુખ-વૃક્ષનું બીજ અને ઉત્કટ દુર્ગતિના દ્વાર બંધ કરવામાં કપાટરૂપ એવા જિનમંદિરને કરાવે છે. હિમાલયના શિખર સમાન જેઓ જિનભવન કરાવે છે તેઓ લીલામાત્રથી મનોવાંછિત કેમ ન સાધી શકે ? જિનગૃહ કરાવતાં સામાન્ય રીતે પણ તે પુણ્ય કોનાથી માપી શકાય ? તો વિધિથી તેનો જીર્ણોદ્ધાર કરતાં કેટલું પુણ્ય થાય તેનું પ્રમાણ જ નહિ, તો હે મહાશય ! તેં આ કામ અતિ સારૂં આદર્યું કે સ્વભુજોપાર્જિત દ્રવ્યથી આ જીર્ણોદ્ધાર કરાવ્યો. જીર્ણોદ્ધાર જો કરવામાં ન આવે તો તીર્થનો ઉચ્છેદ, જિનભક્તિનો અભાવ, સાધુઓનું અનાગમન અને ભવ્યોને બોધિબીજનો અલાભ થાય; માટે ભવસાગરથી પાર પમાડવામાં યાનપાત્ર સમાન એ જિનમંદિર કરાવતાં તેમાં અત્યંત દેદીપ્યમાન જિનપ્રતિમા સ્થાપવી. તેની અપ્રમત્ત મને ભારે પ્રયત્નથી પૂજા રચવી કે જેના આઠ પ્રકાર છે : **વાસ, કુસુમ, અક્ષત, ધૂપ, દીપ, જળપાત્ર, ફળ અને ભોજન**-નૈવેદ્ય-એ લોકોના લોચનને આનંદ પમાડનાર, ભક્તિથી ભગવંતની અષ્ટવિધ પૂજા કરતાં, આ જગતમાં તેવું કંઇ સુખ કે કલ્યાણ નથી કે જે પામી ન શકાય; કારણ કે-બાવનાચંદનયુક્ત ઘનસારના સુગંધી ગંધથી જિનપૂજા કરતાં ભવ્યો સુગંધી દેહ પામે છે. નવમાલતી, કમળ, કદંબ, મલ્લિકા પ્રમુખ પુષ્પમાળાથી પ્રભુની પૂજા રચતાં ભવ્યો શિવ-સુખને પ્રાપ્ત કરે છે. નખ-કાંતિરૂપ જળથી પૂર્ણ એવા જિનપદરૂપ ક્ષેત્રમાં ધરેલ-નાખેલ અક્ષત તે દિવ્ય સુખરૂપ શસ્ય-સંપત્તિને પેદા કરે તેમાં આશ્ચર્ય શું ? જિનેશ્વર સમક્ષ ઘનસાર, અગરૂમિશ્ર ધૂપ કરતાં, ઉછળતા ધૂમ-પડળના મિષે તે પાપને દૂર હડસેલી મૂકે છે. સુંદર ભક્તિથી જેઓ જિનમંદિરમાં દીપ આપે છે તેઓ ત્રણે ભુવનમાં એક-દીપત્વને પામે છે. જગદ્ગુરૂની આગળ જે જળપૂર્ણ પાત્રો ધરવામાં આવે છે તે ખરેખર ! પૂર્વોપાર્જિત દુઃખોને જલાંજલિ આપે છે. પરિપાકને પામેલા અને વિશિષ્ટ ગંધયુક્ત એવા તરૂફળોથી જિનપૂજા કરતાં મનોવાંછિત ફળ પમાય છે. બહુ ભક્ષ્ય અને વ્યંજન સહિત ઓદન પ્રમુખ વસ્તુઓવડે જે ભવ્યો બલિ રચે છે તે ધન્યા-

તમાઓ સુખ-નિધાનને સ્વાધીન કરે છે. અથવા એટલા માત્રથી શું ? જે કાંઇ પ્રશસ્ત વસ્તુ છે તે તે પુણ્યવંત જનો તીર્થંકરોને ધરાવે છે. તેમ દાન પણ નિયાણા વિના આપવામાં આવતાં સુગતિ-સંગમના કારણરૂપ, પુણ્યાનુબંધી અને કલ્યાણ-પરંપરાને પ્રગટાવે છે. તે ત્રણ પ્રકારે કહેલ છેઃ- **અભયદાન, જ્ઞાનદાન** અને ધર્મમાં પ્રવૃત્તિ કરતા ભવ્યોને આધારરૂપ ત્રીજું **ધર્મોપષ્ટંભદાન.** તેમાં **અભયદાન** લૌકિક અને લોકોત્તરમાં પણ પ્રસિદ્ધ છે અને સર્વ અવસ્થાઓમાં મુમુક્ષુઓને માટે તે અનિષિદ્ધ છે. જેમ કણ રહિત ખેતી અને વિવેકહીન રાજા તેમ અભયદાન વિનાના ધર્મને કદાપિ સુજ્ઞો વખાણતા નથી. વળી જે જ્ઞાનદાન છે તે દીપકની જેમ વસ્તુને બતાવનાર છે. અને ભવસાગરમાં પડતાં પ્રાણીને તે દઢ નાવ સમાન છે, તેમજ વિષમ મિથ્યાત્વરૂપ ભીમ અરણ્યમાં ઉન્માર્ગે ચડેલાને પ્રવર સાર્થવાહની જેમ તે શિવ-પુરીનો શુદ્ધ માર્ગ બતાવનાર છે. અને ત્રીજું દાન ધર્મમાં પ્રવર્ત્તતા સાધુઓને ઔષધ, વસ્ત્ર, પાત્ર, કંબળ પ્રમુખ દ્રવ્યનો અવષ્ટંભ આપવાથી થાય છે, કારણ કે સર્વ સાવદ્યને દૂર તજનાર તે મહાનુભાવો આહારાદિકના અભાવે તપ પ્રમુખ સાધવાને કેમ સમર્થ થઇ શકે ? એટલું માત્ર કરવાથી પણ ગૃહસ્થો મોટા ભવસાગરનો પાર પામે છે, કારણ કે સાધુઓને અશનાદિકથી તેઓ અવષ્ટંભ આપે છે. આ સંબંધમાં **ધન** સાર્થવાહ, **શ્રેયાંસકુમાર** અને **મૂલદેવાદિકના** જગપ્રસિદ્ધ દૃષ્ટાંત બતાવ્યા છે કે જે સિદ્ધાંતમાં પ્રસિદ્ધ છે. એમ હે દેવાનુપ્રિય ! મેં તમને પ્રશસ્ત ત્રણ પદાર્થો કહી બતાવ્યા, તેમાં પ્રથમ તો તમે પોતે આચરો છો અને બીજા બે શ્રાવક-ધર્મની કુશળ-બુદ્ધિવાળા આચરી શકે છે, માટે તમે શ્રદ્ધા અને જ્ઞાનવડે શ્રેષ્ઠ એવા ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કરો. ”

એ પ્રમાણે ગુરૂએ વસ્તુ-પરમાર્થ બતાવતાં, પ્રવર વિવેક જાગ્રત થવાથી ગુરૂના પગે પડીને શેઠ કહેવા લાગ્યો કે-‘ હે ભગવન ! તમે મને બહુ જ સારો પ્રતિબોધ આપ્યો. મને શ્રાવક-ધર્મ બતાવો અને યુક્તાયુક્ત શીખવો.’ એટલે આચાર્યે ભેદ-પ્રભેદરૂપ હજારો શાખાઓ યુક્ત અને શુભ ફળોથી સુશોભિત એવો ગૃહિ (ગૃહસ્થ) ધર્મરૂપ કલ્પવૃક્ષ વિસ્તારથી સંભળાવ્યો અને તેણે ભાવથી તેનો સ્વીકાર કર્યો. ત્યારથી અષ્ટપ્રકારે જિનપૂજામાં રક્ત અને મુનિદાનમાં તત્પર એવો શ્રેષ્ઠી શ્રાવકપણું પાળવા લાગ્યો. પછી અનુક્રમે પુત્ર પ્રાપ્ત થતાં તે વિશેષ પ્રકારે ધર્મપરાયણ થયો.

એવામાં એક વખતે શ્વેત વસ્ત્ર પહેરી, કુસુમાદિ સમગ્ર સામગ્રી લઇ, બધા પરિજન સહિત તે શ્રી મલ્લિજિનની પ્રતિમાને પૂજવા ચાલ્યો. તે સમયે અહીં નગરના **શકટમુખ** ઉદ્યાનમાં પ્રતિમાએ રહેલા **મહાવીર** ભગવંતને અવધિજ્ઞાનથી જોઇ, અનેક દેવકોટીસહિત, પાંચ પ્રકારના શ્રેષ્ઠ રત્નોથી બનાવેલ વિમાનમાં બેસી ઇશાનેંદ્ર આવી, ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ભાવથી વંદી, અંજલિ જોડી પ્રભુના ચરિત્રને ગાતાં, સ્વામીના મુખ-કમળ પર દૃષ્ટિ સ્થાપીને બેઠો. તેવામાં વગ્ગુર શેઠ પણ ભગવંતને ઓળંગી, મલ્લિજિનના મંદિર તરફ ચાલ્યો. તેને જતો જોઇને ઇશાનેંદ્ર કહેવા લાગ્યો—" હે વગ્ગુર ! ' દૂરના દેવો સાચા પરચાવાળા હોય છે ' એ લોકપ્રવાદને તેં સત્ય કરી બતાવ્યો કે પ્રત્યક્ષ તીર્થંકરને મૂકીને પ્રતિમા પૂજવા જાય છે. શું તને ખબર નથી કે વિષમ ભવાવર્ત્તમાં પડતા ત્રણે ભુવનનો ઉદ્ધાર કરવામાં ધીર એવા આ શ્રી **મહાવીર** પોતે જ અહીં બિરાજમાન છે. " એમ સાંભળતાં ભારે પશ્ચાત્તાપથી **मिच्छामि दुक्कडं** કહી, ત્રણ પ્રદક્ષિણાપૂર્વક જિનને નમીને તે મહિમા ગાવા લાગ્યો. એમ બહુવાર ઉપાસના કરી, ઇંદ્રના ગયા પછી શેઠ મલ્લિજિનના મંદિરમાં ગયો.

પછી ભગવંત પણ ત્યાંથી નીકળતાં **તુન્નાક** સંનિવેશ તરફ ચાલ્યા. જતાં જતાં તે માર્ગે નવપરણીત વર-વહુ સાથે જતા કે જે બંનેના સુપડા જેવા કાન, બિલાડા સમાન લોચન, અતિદીર્ઘ અને મોટું ઉદર, લાંબી ડોક, કૃષ્ણ અને બેડોળ સંસ્થાનયુક્ત શરીરવાળા તથા હોઠની બહાર નીકળેલા દાંતવાળા હતા. તેમને જોતાં ભારે સંતોષ પામતો ગોશાળો હાંસીપૂર્વક કહેવા લાગ્યો કે-'અહો ! હું મારા ધર્મગુરૂના પ્રસાદે ઘણા દેશ ભમ્યો અને આટલો કાલ ભમતાં, આવો સંયોગ ક્યાંય પણ મારા જોવામાં આવ્યો નથી; તેથી અવશ્ય વિચક્ષણ વિધાતા દૂર વસતા જનને પણ જે સદૃશ હોય તેની સાથે સંયોગ કરાવી આપે છે.' એ પ્રમાણે સામે બેસીને વારંવાર બોલતાં તે જ્યારે કોઇ રીતે બંધ ન થયો ત્યારે ભારે કોપ પામતાં તેમણે ખૂબ કૂટીને બાંધ્યો અને તેને વાંસ-જાળમાં ફેંકી દીધો. ત્યાં ચત્તો પડ્યો અને મોટા શબ્દે કહેવા લાગ્યો કે—' હે સ્વામિન્ ! મારી ઉપેક્ષા કેમ કરો છો ? હું આ અહીં વાંસ-જાળમાં પડયો છું. એ દુઃખથી મને સર્વથા છોડાવો.' એમ વારંવાર બોલતાં ગોશાળાને સિદ્ધાર્થે કહ્યું કે—' હે ભદ્ર ! તેં પોતે કર્યું અને પોતે ભોગવ. આમ વૃથા પરિતાપ શાને પામે છે ?' એવામાં સ્વામી પણ કંઇક

આગળ જઇ, કરૂણાને લીધે લાંબા વખતથી સુખ–દુઃખ સમાન સહન કરવાના પક્ષપાતથી તેની રાહ જોવા લાગ્યા. ત્યારે લોકોએ જાણ્યું કે—'આ કોઇ દુષ્ટશીલ એ દેવાર્યની સેવા કરનાર કે છત્રધારક હશે તેથી એ તેની રાહ જોઇ ઉભા રહ્યા છે, માટે એને પકડી રાખવો યુક્ત નથી.' એમ ધારીને તેમણે ગોશાળાને મૂકી દીધો. તેના મળતાં ભગવંત આગળ ચાલ્યા અને અનુક્રમે ગોભૂમિકામાં ગયા. ત્યાં ગાયોને ચારો–પાણી બહુ સુલભ હોવાથી તે સ્થાન ગોભૂમિના નામે પ્રસિદ્ધ હતું. ત્યાં પણ કલહપ્રિયતાને લીધે ગોશાળો ગોવાળોને કહેવા લાગ્યો કે–'અરે મ્લેચ્છો ! અરે કદરૂપાઓ ! આ માર્ગ ક્યાં જાય છે ?' ગોવાળો બોલ્યા–'અરે પાખંડી ! અમને નિષ્કારણ શા માટે તરછોડે છે ?' ગોશાળે કહ્યું–'અરે દાસીપુત્રો ! પશુઓ ! જો તમે સહન નહિ કરો તો તમને વધારે તિરસ્કારીશ. શું એ મિથ્યાવચન છે ? તમે મ્લેચ્છો જેવા જ છો. શું સત્ય પણ ન બોલવું ? તમારો મને શો ભય છે ?' એટલે ભારે કોપ પામેલા તેમણે મળીને લાત, મુઠી અને પત્થરવતી તેને ખૂબ મારી, બાંધીને વાંસ–જાળમાં ફેંકી દીધો. ત્યાં પણ દયા લાવી, પથિકોએ મુક્ત કરતાં ગોશાળા સાથે પ્રભુ આઠમું ચોમાસું કરવા **રાજગૃહનગરમાં** ગયા. ત્યાં વિચિત્ર અભિગ્રહ સાથે ચાતુર્માસખમણ કર્યું અને પ્રાંતે નગરની બહાર તેમણે પારણું કર્યું. પછી 'અદ્યાપિ અનિર્જરિત બહુ કર્મ છે' એમ ધારી કૃષીવલ અને કર્મકરોના દૃષ્ટાંતને યાદ કરતાં સ્વામી પુનઃ કર્મનિર્જરા નિમિત્તે અત્યંત પાપી લોકોથી વ્યાપ્ત એવા **લાટ, વજ્રભૂમિ, શુદ્ધભૂમિ** નામના મ્લેચ્છ દેશોમાં ગોશાળા સહિત વિચરવા લાગ્યા. ત્યાં કોઇ વાર ધર્મશ્રવણથી વિમુખ, દયાહીન, રક્તમિશ્ર હાથવાળા, પરમાધામી જેવા અતિ ભયાનક એવા અનાર્ય લોકો, ભગવંતને વિચરતા જોઇ હીલનાપૂર્વક નિંદતા, તથાવિધ પરાભવ પમાડતા અને શ્વાન પ્રમુખ દુષ્ટ સત્ત્વો સ્વામી સન્મુખ દોડાવી મૂકતા, તથાપિ રોગી જેમ જુલાબ, ત્વચાચ્છેદ કે ક્ષારનો લેપ વિગેરે ભારે કષ્ટ આપનાર વૈદ્યને વખાણે તેમ ભગવંત પણ ઉગ્ર ઉપસર્ગ કરનાર બધા લોકોને ઉપકારી બંધુ સમાન જોઇ સંતુષ્ટ થતા. અહો ! જેણે બાલ્યાવસ્થામાં સ્હેજ અંગુષ્ઠ ખેંચતાં, મેરૂયુક્ત ધરાપીઠ અને સત્ત્વો, કુલપર્વતો અને સાગરને ડોલાયમાન કરી મૂક્યાં તે જિનેંદ્ર પોતે અતુલ બળશાળી છતાં, નિર્દય કર્મને લીધે અહા ! એક કીટતુલ્ય જનોના હાથે આપત્તિ સહન કરે છે. વળી આપદા નિવારવા માટે ઇંદ્રે જે સિદ્ધાર્થને આદેશ કર્યો હતો તે ફક્ત ગોશાળાને પ્રત્યુત્તર દેવા વખતે ઉપસ્થિત થતો, અને વળી અતુલ મલ્લ છતાં વીરસ્વામી, ત્રિલોક–રંગ-

ભૂમિમાં જો આવી આપદાઓ પ્રશાંત ચિત્તે સહન કરે છે તો યથાર્થ સ્વરૂપને જાણતા મહામુનિઓ, અલ્પ માત્ર અપકાર કરનાર લોક પર રોષ શામાટે કરતા હશે ? અથવા તો અલ્પ આઘાતથી પણ શર્કરા ભાંગીને ભૂકો થઈ જાય, પરંતુ અતિકઠિન લોહઘણના ઘાતથી પણ વજ્ર ભગ્ન ન થાય.

હવે તે અનાર્યભૂમિમાં વિચરતાં વિવિધ અભિગ્રહમાં તત્પર એવા ભગવંતે નવમું ચોમાસું આવતાં, કંઇ સ્થાન ન મળવાથી શૂન્ય ગૃહ અને વૃક્ષો નીચે ધર્મધ્યાનમાં લીન રહીને વર્ષાકાલ વીતાવ્યો. પછી પ્રભુ **સિદ્ધાર્થ**-નગરમાં આવ્યા અને ત્યાંથી **કુર્મ્માર** ગામ તરફ જતાં, તિલક્ષેત્ર પાસેથી ચાલતાં પ્રભુને ગોશાળે પૂછ્યું કે–'હે સ્વામિન્ ! તિલ–ગુચ્છ નીપજશે કે નહિ ?' એટલે ભવિતવ્યતા–યોગે ભગવંતે પોતે કહ્યું કે–'હે **ભદ્ર** ! એ નીપજશે, પરંતુ સાતે પુષ્પ–જીવો મરીને એ જ તિલગુચ્છની એક તલફળીમાં સાત તલરૂપે ઉત્પન્ન થશે.' એ વાક્યને ન માનતા તે અનાર્યે પાછા ફરી, તે છોડને મૂળથી જમીનમાંથી ઉખેડી એક તરફ નાખી દીધો. એવામાં પ્રભુના વચનને સત્ય કરવા માટે પાસેની ભૂમિના વ્યંતર દેવોએ મેઘમાળા વિકુર્વી અને જળવૃષ્ટિ કરી, જેથી તિલગુચ્છને પોષણ મળ્યું. તે વખતે વેગથી આવતી એક ગાયના ખુરથી તેનો મૂળભાગ આર્દ્રભૂમિમાં દબાયો, જેથી તે બરાબર દૃઢતા પામ્યો અને તેના મૂળ જમીનમાં પ્રસર્યાં. પછી તેના અંકુર પ્રગટ્યા અને પુષ્પો પણ આવ્યાં. ભગવંત કૂર્મગામ નગરમાં પહોંચ્યા. તેની બહાર સૂર્યબિંબ સામે દૃષ્ટિ સ્થાપી, ભુજા ઉંચે કરી, લાંબી જટા ધરાવનાર, સ્વભાવે વિનીત, શાંત, દયા અને દાક્ષિણ્યવાન્ તથા ધર્મધ્યાનમાં લીન એવો **વૈશ્યાયન** નામે લૌકિક તાપસ મધ્યાહ્નકાળે આતાપના લેતો હતો. તેની ઉત્પત્તિ આ પ્રમાણે છેઃ—

**મગધ** દેશમાં ધન, ધાન્યથી સમૃદ્ધ લોકયુક્ત **ગોબર** નામે ગામમાં આભીર–ગોવાળોનો અધિપતિ **ગોશંખી** નામે એક કૌટુંબિક રહેતો. તેની **બંધુમતી** નામે ભાર્યા કે જે વંધ્યા હતી તે બંને પરસ્પર દૃઢ સ્નેહ ધરાવતાં વિષયસુખમાં કાળ વીતાવવા લાગ્યા. હવે તે ગામની નજીકમાં એક **ખેટક** નામે સંનિવેશ હતો. ત્યાં કવચથી સજ્જ, શસ્ત્રસંયુક્ત મ્લેચ્છોની અણધારી ધાડ પડી. તેમણે તે ગામના કોટવાળોને પાડી નાખ્યા, હથિયારબંધ સુભટોને મારી નાખ્યા અને ધન, ધાન્યાદિક બધું લુંટી લીધું. પછી લોકોને પકડીને તેઓ પોતાના સ્થાન ભણી ચાલ્યા. તે વખતે ગામની એક

પ્રસૂતા સ્ત્રી, પોતાનો પતિ માર્યો ગયો, જેથી હાથમાં બાલક લઇને બહાર નીકળી. એટલે 'આ સુરૂપવતી છે' એમ ધારી ચોરોએ તેને ચલાવવા માંડી, પરંતુ બાળક હાથમાં હોવાથી તે ઉતાવળે ચાલી ન શકી, તેથી તેમણે ધમકી આપતાં કહ્યું કે—'અરે ભદ્રે ! જો તારે જીવવાની ઇચ્છા હોય તો બાળકને તજી દે.' એમ સાંભળતાં મરણના ભારે ભયને લીધે બાળકને વૃક્ષ-છાયા તળે મૂકી તે ચોરો સાથે ગઇ. ગોશંખી ત્યાં આવે છે અને તે બાળકને જોઈ, તેને ગ્રહણ કરી પછી ઘરે આવતાં તે બાળક પોતાની ભાર્યાને સોંપતાં તેણે કહ્યું કે–'હે પ્રિયે ! તું વંધ્યાનો આ પુત્ર થશે. એનું બરાબર રક્ષણ કરજે.' વળી પ્રભાતે તેણે બધાને જણાવ્યું કે–'મારી સ્ત્રી ગુપ્ત–ગર્ભવતી હતી, તે આજે પ્રસૂતા થતાં બાળક જન્મ્યો.' એ જ બાબતનો નિશ્ચય કરાવવા માટે એક બકરૂં મારી ત્યાં લોહી છંટાવ્યું અને સ્ત્રીને પ્રસૂતાના વેશે રાખી. વળી વર્ધાપન કરાવતાં તેણે બધા સ્વજનોનો સત્કાર કર્યો. અનુક્રમે એ વાત લોકમાં પ્રસરી. છઠ્ઠી–જાગરણ, ચંદ્ર–સૂર્યના દર્શન પ્રમુખ કૃત્યો બધાં સમાપ્ત થયાં અને યોગ્ય સમયે તે બાળકનું **વૈશ્યાયન** એવું નામ રાખવામાં આવ્યું. તે અનુક્રમે યૌવનવય પામ્યો.

હવે ચોરોએ તેની માતાને લઇ, **ચંપા** નગરીમાં વેચવા માટે રાજ-માર્ગે ઉભી રાખી. એટલે 'આ રૂપવતી છે' એમ સમજીને એક વૃદ્ધ વેશ્યાએ તેને વેચાતી લીધી અને ગણિકા–વિદ્યા શીખવાડી દેવાંગના કરતાં અધિક રૂપ, સૌભાગ્ય અને પ્રવર લાવણ્યવતી, સુરત–સંભોગમાં કુશળ અને ગીત–નૃત્યમાં તે ભારે વિચક્ષણ થઇ. વળી ખુશામત કરવામાં, પરનું મન પારખવામાં અને સમયોચિત ચેષ્ટા કરવામાં તે અત્યંત ચાલાક થવાથી નગરીમાં સારી પ્રસિદ્ધિ પામી. તેમજ તે દર્શનમાત્રથી જ પ્રથમ લોકોને વિક્ષેપ પમાડતી, તો ઉત્કટ શૃંગાર અને શ્રેષ્ઠ વસ્ત્રાદિકથી સુશોભિત થતાં તો કહેવું જ શું ?

એવામાં તે વૈશ્યાયન ધન મેળવવા નિમિત્તે વિવિધ વેપાર કરવા લાગ્યો. એકદા ઘીની ગાડી ભરી, મિત્રોની સાથે તે **ચંપા** નગરીમાં ગયો. તે સમયે નગરીમાં મહોત્સવ ચાલતો હતો. પ્રવર આભરણોથી શરીરને શણગારી, પ્રધાન રેશમી વસ્ત્રો ધારણ કરી, ઈચ્છાનુસાર રમણીઓ સહિત ત્રિમાર્ગ, ચતુષ્પથ અને ચોક વિગેરે સ્થાને નગરજનો વિવિધ વિલાસ કરતા હતા. તેમને જોતાં વૈશ્યાયને વિચાર કર્યો કે–' અહો ! આ લોકો કેવા વિલાસ

કરે છે ? તો હું પણ તે કેમ ન કરૂં ? મારી પાસે પણ કેટલીક ધન-સંપત્તિ છે. એનું માત્ર રક્ષણ કરવાથી શું ? કારણ કે ધર્મ-સ્થાને, દાન કે ભોગોપભોગમાં વપરાયેલ ધન વખણાય છે. કહ્યું છે કેઃ-

" दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते तस्य तृतीया गतिर्भवति ॥ १ ॥

**અર્થ**—દાન, ભોગ અને નાશ-એ ત્રણ ગતિ ધનની કહેવામાં આવેલ છે. તેમાં જે દાન કે ભોગમાં તેનો ઉપયોગ કરતો નથી તેનો છેવટે નાશ તો થાય જ છે. વળી દૈવયોગે કોઇ રીતે ધન પ્રાપ્ત થયા છતાં જે ભોગની ઇચ્છા કરતો નથી અને દાનમાં પ્રવૃત્તિ રાખતો નથી, તે મૂર્ખ ધનનો કેવળપાલક ગણાય છે."

એમ ચિંતવી વૈશ્યાયને શૃંગાર ધારણ કર્યો. કીંમતી વસ્ત્રો પહેરીને તે મહોત્સવમાં ગયો. ત્યાં વેશ્યાઓના મધ્ય ભાગમાં તે જ પૂર્વમાતા તેના જોવામાં આવી. તેના પર અનુરાગ થતાં કામદેવ પંચબાણ છતાં તેને સહસ્રબાણ લાગ્યો. એટલે તાંબૂલ સાથે વૈશ્યાયને તેણીને આભૂષણ આપ્યું. પછી રાત્રે કર્પૂરમિશ્ર ચંદનરસે શરીરે લેપ કરી, કેશપાશમાં કુસુમમાળા બાંધી, પાનનાં બીડાં લઇ તે તેણીના ઘર ભણી ચાલ્યો. એવામાં તેની કુળદેવી ચિંતવવા લાગી કે-' અહો ! પરમાર્થ જાણ્યા વિના આ બિચારો અકાર્ય કરવાને તત્પર થયો છે, માટે એને પ્રતિબોધ પમાડું.' એમ ધારી તે વચમાં વાછરડા સહિત ગાયનું રૂપ વિકુર્વીને ઉભી રહી. તે વખતે શીઘ્ર જતાં વૈશ્યાયનનો પગ વિષ્ટાથી બગડ્યો, એટલે અશુચિની આશંકા થતાં, બીજું કાંઇ લુંછવા માટે હાથ ન લાગવાથી તે જ ગાયની પાસે બેઠેલ વાછરડાની પીઠ પર તે પગ લુંછવા લાગ્યો. તેવામાં તે વાછરડું ગાય પ્રત્યે મનુષ્ય-ભાષાએં કહેવા લાગ્યું કે-' હે અમ્મા ! જો, ધર્મ-વ્યવહારની દરકાર ન કરતાં અને કંઈ પણ શંકા લાવ્યા વિના આ પુરૂષ વિષ્ટાલિપ્ત પોતાનો પગ મારા અંગે લુંછે છે. શું કોઇ સુરભિસુત-ગોવત્સની કદી આવી હીલણા કરે ?' ત્યારે ગાય બોલી કે-' હે વત્સ ! તું કંઇ પણ અધીરાઇ ન લાવ. એ ધર્મ-વ્યવહારથી બિલકુલ બહાર વર્તે છે.' વત્સે કહ્યું-' હે અમ્મા ! તે કેવી રીતે ?' ગાય બોલી-' હે પુત્ર ! તે કેટલું કહીએ ? કે જે અનાર્ય પોતાની માતા સાથે પણ ભોગ વાંછે છે; તો હે વત્સ ! બધું સહન કરી લે. તું ધન્ય છે કે આટલેથી જ છૂટયો. પોતાની મર્યાદાથી બહાર થયેલા લોકો, એવું શું અકાર્ય છે કે જે ન કરે ? ત્યાં સુધી જ તત્ત્વરૂચિ અને ધર્મ-કર્મનો પ્રતિબંધ સમજવો, ત્યાં સુધી જ

લોકાપવાદની બીક રહે છે કે સકલ ગુણોને પેદા કરનાર એવી લજ્જા–મર્યાદાનો જ્યાં સુધી લોપ ન થયો હોય. તે પણ જો કોઇ રીતે નષ્ટ થાય તો કુશળ–ચેષ્ટા પણ નષ્ટ થવા પામે છે. ' એ પ્રમાણે વત્સની આગળ બોલતી ગાયના સાભિપ્રાય વચન સાંભળી, વૈશ્યાયન મનમાં તરત જ શંકા પામીને વિચારવા લાગ્યો કે– ' અહો ! પહેલાં તો એ જ મોટું આશ્ચર્ય છે કે એ તિર્યંચ છતાં મનુષ્ય–વાચામાં બોલે છે. તેમાં પણ પોતાની માતા પ્રત્યેના ગમનરૂપ દૂષણ મને દર્શાવે છે. એ સંભવે કેમ ? મારી માતા કયાં અને હું કયાં ? સંવાસ કેમ ઘટે ? અહો ! આ તો બધું અત્યંત અઘટિત છે અથવા તો અહીં કંઇ કારણ હોવું જોઇએ. વિધિના વિલાસ વિચિત્ર હોય છે. બધું સંભવે છે, માટે તે વેશ્યા પાસે જતાં બધું પૂછી જોઇશ.' એમ ધારી તે તેણીના ઘરે ગયો. તેણે સામે આવીને આસન અપાવ્યું અને પગ ધોયા. ક્ષણવાર પરસ્પર વાર્તાલાપ ચલાવ્યા પછી વૈશ્યાયને પ્રસંગ જોઇને તેને પૂછયું કે–'હે ભદ્રે ! તારી ઉત્પત્તિ કયાં થઈ ? તે કહી સંભળાવ. ' તે હસીને બોલી કે–' જ્યાં આટલા લોકો રહે છે ત્યાં. ' તેણે કહ્યું–'હાંસી કરવાની જરૂર નથી. હું સકારણ પૂછવા માગું છું.' તે બોલી–'અરે ! તું તો મુગ્ધ લાગે છે, કારણ કે ઉત્તમ પુરૂષ, નરેંદ્ર, ઋષિ અને વારાંગના એમને ભારે આગ્રહથી કુળ પૂછવું નહિ. તેમ કરવામાં કુશળતા શી ? વળી પંકથી કમળ, સમુદ્રથી શશાંક, ગોમયથી પદ્મ, કાષ્ઠથી અગ્નિ, નાગ–ફણાથી મણિ, ગાયના પિત્તથી ગોરોચના, કૃમિથી રેશમ, પત્થરથી સુવર્ણ, ગોલોમથી દૂર્વા–એમ ગુણી પોતાના ગુણોદયથી પ્રકાશ પામે છે. જન્મ-કુળથી શું ? તો હવે તારે એવી શંકા લાવવાથી શું ?' એમ કહી તે હાવભાવરૂપ વનિતા-વિલાસ તેને બતાવવા લાગી. ત્યારે તેણે કહ્યું કે– 'બીજું પણ તેટલું દ્રવ્ય આપીશ, માટે સાચી વાત મને કહે. તને મોટેરાના સોગંદ છે. અસત્ય બોલીશ નહિં.' એમ વૈશ્યાયનના કહેતાં તેણીએ મૂળથી બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. જે સાંભળતાં તેને શંકા થઇ પડી કે–' એણે જે વૃક્ષછાયા તળે બાળક મૂકયો, તે હું જ હોઈશ. એમ તો ગાયનું વચન પણ સત્ય ઠરે છે.' એમ ધારી તેને બમણું ધન આપી, પાછા ફરી તે પ્રદેશમાં આવતાં, વત્સ સહિત તે ગાય તેના જોવામાં ન આવી જેથી તેણે જાણ્યું કે–' અહો ! ખરેખર ! કોઈ દેવતાએ અકાર્ય કરતા મને એ વ્યતિકર બતાવી અટકાવ્યો છે.' પછી ગાડી લઇને તે પોતાના ઘરે આવ્યો. ત્યાં પ્રસંગે માતપિતાને તેણે પોતાની પ્રાપ્તિ પૂછતાં, તેમણે કહ્યું કે–' હે વત્સ ! તું અમારા કુળમાં જન્મ્યો છે. ખોટો વિકલ્પ ન કર. પરના બાળકોને કોણ

પાળે ?' આથી ભારે આગ્રહથી અન્નનો ત્યાગ કર્યો. ત્યારે તેમણે સાચી વાત કહી સંભળાવી જેથી તેને તે માતાનો નિશ્ચય થયો. પછી તે ચંપા નગરીમાં ગયો અને તે ગણિકાને તેણે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો કે-'હું તે જ તારો પુત્ર કે જેને તેં વૃક્ષ નીચે મૂકી દીધો હતો.' એ પ્રમાણે સાંભળતાં પૂર્વનો વ્યતિકર યાદ આવતાં, વિરહ-દુઃખે અકાર્ય-પ્રવૃત્તિના પ્રારંભમાં બોલેલ સવિકારી વચનરૂપ શસ્ત્રથી અત્યંત આઘાત પામતાં, ઉત્તરીય વસ્ત્રથી પોતાનું વદન-કમળ આચ્છાદી પોક મૂકી મોટેથી રોતાં તે વિલાપ કરવા લાગી કે—'હા ! પાપી ! નિર્લજ્જ ! અનાર્ય ! નિષ્કરૂણ ! મર્યાદાહીન ! દૈવ ! શું વિડંબના-આડંબરના પ્રપંચમાં તને અન્ય કોઇ હાથ ન ચડ્યો કે મને કુલીન કાંતાને પણ કુળ-વનિતાને મલિન કરનાર અને ઉભય લોકને વિરૂદ્ધ એવા વેશ્યાપણામાં જોડી ? તેમ છતાં એટલાથી તું અટક્યો નહિ કે પોતાના પુત્ર સાથે પણ સંઘટિત કરવા તું તૈયાર થયો. અહા ! એ તો ભારે અકાર્ય કે શાસ્ત્રોમાં પણ એવું ક્યાંય સંભળાતું નથી. જો પ્રથમ જ તે પાપી ચોરોએ મને મારી નાખી હોત તો આ અસત્ય અને અતિ નિંદનીય જોવાનો આજે વખત ન આવત. અરે ! હવે કુવામાં પડું કે ગળે પાશ બાંધી વા શ્વાસ-નિરોધથી સત્વર આત્મ-ત્યાગ કરૂં ? એમ કરવાથી જ મેરૂ સમાન આ મોટી આપદાઓથકી મુજ પાપિણીનું અત્યારે અવશ્ય રક્ષણ થશે.' એમ દુઃસહ દુઃખરૂપ કરવતીવડે અત્યંત ચીરાતા હૃદયે બહુ વખત વિલાપ કરી, લોચન મીંચાઇ જવાથી તે મૂર્છા પામી. તેવી સ્થિતિમાં જોતાં વૈશ્યાયને તેને શીતલ સલિલથી સિંચી અને વસ્ત્રના છેડાથી પવન નાખ્યો તેમજ પાસે રહેલ દાસીઓ ઉપચાર કરવા લાગી. એમ મહાકષ્ટે ચેતના વળતાં, વૈશ્યાયને તેને બોલાવી કે-'હે અમ્મા ! હવે આટલો બધો શોક શા માટે ? અહીં તારો અપરાધ શો છે ? સ્વચ્છંદપણે ક્યાંય પણ નિરોધ ન પામતાં ઘટના અને વિઘટનામાં રસિક એવું એ દૈવ જ અહીં ઠપકાપાત્ર છે, કે જે વિવિધ કાર્ય-સાધક વેશ પહેરાવી નટની જેમ માણસને વિવશ બનાવી નચાવે છે, અત્યંત વિરૂદ્ધ વર્ત્તન પણ કરાવે છે તથા અગમ્ય સાથે પણ સંગમ કરાવે છે; માટે સંતાપ તજી, ધૈર્ય ધર અને આવી પડેલ દુઃખને સહન કરી લે.' તે બોલી—'હે પુત્ર ! અત્યંત અસહ્ય અને અગોપનીય આ આવી પડ્યું. તે સંભારતાં જાણે વજ્રની ગાંઠ સમાન હૃદય નિષ્ઠુર બની ગયું હોય તેમ હું જીવી રહી છું, પરંતુ હું દુર્ભાગીને અન્ય કંઇ જીવવાનું કારણ નથી. હવે હે વત્સ ! એક મોટા વૃક્ષની શાખાએ ગળે પાશ નાખી, સ્વકુળને કલંકરૂપ જીવિતનો ત્યાગ કરવા

ઇચ્છું છું; માટે મને અનુજ્ઞા આપ. તું જ અત્યારે પૂછવા લાયક છે.' તેણે કહ્યું—'હે અમ્મા ! એવા દુષ્ટ અધ્યવસાયને અવકાશ ન આપ. હવે હું વેશ્યાના હાથથી મૂકાવતાં તું તપ-નિયમોથી પોતાના આર્ત્ત આત્માનું સાધન કર. અકાળે જીવિતનો ત્યાગ કરવો એ બધા શાસ્ત્રોએ દૂષિત બતાવેલ છે.' એમ તેને શાંત કરી, બહુ દ્રવ્યદાનથી વેશ્યા પાસેથી છોડાવી, પોતાના ગામમાં લઇ જઇને જીવિતદાનપૂર્વક તેને ધર્મ-માર્ગમાં તેણે સ્થાપન કરી.

એકદા આ પ્રમાણે વૈરાગ્ય પામતાં તે વૈશ્યાયન ચિંતવવા લાગ્યો કે—'તીવ્ર અપવાદરૂપ જળસમૂહને લીધે દુર્લંઘનીય, દૌર્ગત્ય, મૃત્યુરૂપ મગર અને મત્સ્યોથી જેનો મધ્ય ભાગ ભયંકર છે એવા આ સંસારરૂપ સાગરને જાણ્યા છતાં પ્રાણીઓ પોતાના ગૃહની જેમ તેમાં સુખે કેમ રહી શકતા હશે ? મોહ-માહાત્મ્યથી પ્રધાન વિવેકરૂપ લોચન આચ્છાદિત થતાં જેઓ એટલું પણ જાણતા નથી કે આથી સુખ થશે કે દુઃખ ? આ ઉચિત છે કે અયોગ્ય ? અથવા આ સેવનીય છે કે અસેવનીય ? અને વળી તે વખતે જનની સંબંધી સંભોગની દુષ્ટ ચેષ્ટા જો ગાયે મને ન કહી હોત, તો એવું ગાઢ અકાર્ય હું કરી નાખત કે જેની શુદ્ધિ તીવ્ર અગ્નિથી પણ કદી થઇ ન શકત. આવી વિવિધ વિડંબનાનું મૂળ એક ભોગાભિલાષને જ હું સમજું છું, માટે દુગંછનીય એ ભોગથી હવે સર્યું. સર્વ ઉપાધિ રહિત એવા ધર્મને જ આદરૂં.' એ પ્રમાણે અનેક પ્રકારે નિશ્ચય કરી, ગોશંખિકે જનનીને પ્રાણામા ( એક જૈનેતર દીક્ષા ) અપાવી અને પોતે પણ પ્રવ્રજ્યા ધારણ કરી. પછી તે વિશેષ તપ, પોતાના ધર્મશાસ્ત્રનો અભ્યાસ, પ્રાણીઓની રક્ષા અને ગુરૂની ઉપાસના કરવા લાગ્યો. એમ પોતાના ધર્મ-માર્ગમાં તે પ્રવિણ થયો. એકદા પરિભ્રમણ કરતાં તે **કુમાર**ગામની બહાર આવી આતાપના કરવા લાગ્યો. એ પ્રમાણે વૈશ્યાયનની ઉત્પત્તિ કહી.

હવે ત્યાં આતાપના લેતાં મધ્યાન્હે સૂર્યના તાપથી તપેલી યૂકા-જૂઓ તેની જટામાંથી પૃથ્વી પર પડવા લાગી. એટલે દયાને લીધે તે જૂઓ પડતાં જ હાથમાં ઉપાડી પોતાની જટામાં પાછી નાખતો. એવામાં તેની પાસે થઇને ભગવંતની સાથે જતો ગોશાળો તેને જોતાં, અનિષ્ટ સ્વભાવને લીધે જરા નજીક આવી, મોટા અવાજે કહેવા લાગ્યો કે–'અરે ! શું તમે પ્રસિદ્ધ મુનિ છો કે યૂકાશય્યાતર છો ? અથવા સ્ત્રી કે પુરૂષ છો ? બરાબર સમજાતું નથી. અહો ! તારી ગંભીરતા.' એમ તેના બોલતાં ક્ષમાશીલ વૈશ્યાયન

કાંઈ પણ બોલ્યો નહિ, તેવામાં દુર્વિનય-રસિક ગોશાળાએ ફરી ફરી એ રીતે ત્રણ વાર પૂછયું એટલે પ્રશાંત છતાં દુષ્ટ વચનથી મથિત થયેલ તેનો તીવ્ર કોપરૂપ અનલ, અતિધૃષ્ટ ચંદનની જેમ જાગ્રત થયો જેથી તેણે ગોશાળાને દગ્ધ કરવા, ઉત્કટ જ્વાળાઓથી પ્રસરતી તેજોલેશ્યા મૂકી એવામાં ભગવંતે ગોશાળાની રક્ષા કરવા અને તેજોલેશ્યાને શાંત કરવા સમર્થ એવી તરત જ શીતલેશ્યા છોડી; તેથી તેજોલેશ્યા ચોતરફ બહારથી વેષ્ટિત થતાં, હિમવૃષ્ટિથી અગ્નિકણની જેમ તે તરત બુઝાઈ ગઇ. એમ ત્રિલોકનાથ પ્રભુની અસાધારણ ઋદ્ધિ-શક્તિ જોતાં વૈશ્યાયન વિનય-નમ્ર બની આવાં વાક્યથી સ્વામીને ખમાવવા લાગ્યો-'હે ભગવન્! આ દુઃશીલ આપનો શિષ્ય છે એમ હું સમજતો ન હતો. અત્યારે જાણી શકયો, તો હવે એ મારો અપરાધ આપ ક્ષમા કરો.' એમ બોલતાં વૈશ્યાયનને જોઇ ગોશાળાએ કહ્યું-'હે ભગવન્! એ યૂકાશય્યાતર ઉન્મત્તની જેમ શું બકે છે?' પ્રભુ બોલ્યા-'હે ભદ્ર! જ્યારે તું મારી પાસેથી ખસી, એને એમ કહ્યું કે-'શું તું મુનિ છે?' ઇત્યાદિ તારા વચનો પ્રથમ વખતે સહી લીધાં; પરંતુ તું વારંવાર બોલવા લાગ્યો જેથી તેણે તને બાળવા માટે ઉગ્ર, વિસ્તૃત, સલિલાદિ શીતલ વસ્તુથી શાંત ન થાય તેવી તેજોલેશ્યા મૂકી. તે જ્યાંસુધી તારા શરીર સુધી ન આવી તેટલામાં તેના પ્રતિઘાત નિમિત્તે ચંદ્ર અને હિમ સમાન શીતલ એવી શીતલેશ્યા મેં વચમાં મૂકી. તેના પ્રભાવથી તારૂં શરીર તેવું જ અદગ્ધ જોઇ, કોપ શમાવી, તે મારા પ્રત્યે બોલ્યો કે-'હે ભગવન્! આ તમારો શિષ્ય છે એવી મને ખબર ન હતી, માટે મારો દુર્વિનય આપ ક્ષમા કરજો.' એમ સાંભળતાં ગોશાળો ભયભ્રાંત થઇ ભગવંતને ભક્તિથી નમીને કહેવા લાગ્યો કે-'હે પ્રભુ! તેજોલેશ્યા કેમ પ્રગટ થાય?' ભગવાન્ બોલ્યા-'હે ગોશાલક! નિરંતર છ મહિના ઉપરાઉપરી છટ્ઠ તપ કરતાં પારણામાં એક મુઠી અડદના બાકળા અને એક ચળુ પાણી લેવાથી વિપુલ તેજોલેશ્યા પ્રગટે.' આ તેનું અનુષ્ઠાન ગોશાળે બરાબર ધારી લીધું.

એકદા સ્વામી **કુમાર**ગામ નગરથી **સિદ્ધાર્થ** નગર પ્રત્યે ચાલ્યા. ત્યાં પૂર્વે કહેલ તિલથંબનું સ્થાન આવ્યું ત્યારે ગોશાળે પૂછયું કે-'હે ભગવન્! મને લાગે છે કે તે તિલથંબ નીપજ્યો નહિ હોય.' પ્રભુ બોલ્યા-'હે ભદ્ર! એમ ન બોલ. તે અહીં નજીકમાં નિષ્પન્ન થયો જ છે.' ભગવંતના એ વચનને ન સદ્દહતાં આગળ જઇને એકાંતે નાખી દીધેલ તે તિલથંબની

એક ફળી પોતાના હાથે ફોલી, તલ ગણતાં તે કહેવા લાગ્યો કે–' બધા જીવો મરીને વારંવાર તે જ પોતાના શરીરમાં ઉત્પન્ન થાય છે.' એ **પઉટ્ટપરિહાર**ની માન્યતા તથા નિયતિવાદનો તેણે બહુ દૃઢતાથી સ્વીકાર કર્યો. પછી પ્રભુને મૂકીને તેજોલેશ્યા સાધવા માટે તે શ્રાવસ્તી નગરીમાં ગયો. ત્યાં કુંભારના મકાનમાં રહી, છ મહિના ઉગ્ર તપકર્મ આચર્યું એટલે તેજોલેશ્યા તેને સિદ્ધ થઈ, અને કૂપના કાંઠે રહેલ દાસીના શરીરને બાળવાથી તેને બરાબર નિશ્ચય થતાં, મનમાં ભારે પ્રમોદ પામી સતત કૌતુહલ જોવાની ઇચ્છાથી તે ગામ, નગરાદિકમાં ભમવા લાગ્યો.

એવામાં એક વખતે અષ્ટાંગ નિમિત્તશાસ્ત્રના જ્ઞાતા, ધર્મ આચરવામાં શિથિલ પાર્શ્વનાથના શિષ્યો, કૌતુહળથી સ્વચ્છંદે ગામ, નગરાદિકમાં ભમતા તે ગોશાળાને મળ્યા અને તેમનો પરસ્પર આલાપ થયો. તેમણે કંઈક નિમિત્ત-શાસ્ત્ર ગોશાળાને બતાવ્યું, જેથી અતીત–અનાગત વસ્તુ લોકોને બતાવતાં તે અધિક પ્રખ્યાત થયો; પરંતુ સ્વભાવથી તેની દુષ્ટ–શીલતાનો પાર કોણ પામે ? અને તેમાં વળી તે પાપાસક્તને વિદ્યાતિશય પ્રાપ્ત થયો એટલે તો પૂછવું જ શું ? પછી રાહુ રહિત મુક્ત ચંદ્રમાની જેમ અધિક સુશોભિત અને વિગતમોહ એવા ભગવંત પણ ગોશાળાથી વિમુક્ત થઈ, વસુધામાં વિચરવા લાગ્યા.

**એમ અનુપમ સંયમ-ભાર ધરવામાં એક-ધીર અને ભુવનના ગુરુ એવા શ્રીવીરના ત્રિલોક-વિસ્તૃત ચરિત્રમાં અનેક અનર્થ કર-નાર ગોશાળાના દુર્વિનયવડે પ્રતિબદ્ધ આ છઠ્ઠો પ્રસ્તાવ વિસ્તારથી સંપૂર્ણ થયો.**

# सप्तम प्रस्ताव.

**છઠ્ઠા પ્રસ્તાવમાં ગોશાળા સહિત સ્વામીને જે ઉપસર્ગો થયા તે બતાવ્યા. હવે એકલા ભગવંતને જે ઉપસર્ગો થયા તે કહેવામાં આવે છે.**

પછી પ્રલયકાળના પ્રચંડ અગ્નિ સમાન ધર્મધ્યાનવડે અશુભ કર્મ-લેપને દગ્ધ કરનાર, અગ્નિથી ઉત્તીર્ણ જાત્ય કંચન સમાન કાંતિસમૂહથી, ઉગતા દિનકરની જેમ દિશાઓને પ્રકાશિત કરતા શ્રી મહાવીર ભગવંત અનુક્રમે વિચરતા **વૈશાલી** નગરીમાં આવ્યા. ત્યાં જીવાજીવાદિ નવતત્ત્વને જાણનાર, વિવિધ અભિગ્રહથી અવિરતિભાવનો નિગ્રહ કરનાર તથા ભવભયને લીધે અણુવ્રતાદિ શ્રાવકધર્મ આદરનાર અને **સિદ્ધાર્થ** રાજાનો બાળમિત્ર એવો **શંખ** નામે સામંત હતો. તેણે ભગવંતને ઓળખીને પરમ ભક્તિ અને મોટી સમૃદ્ધિથી પ્રભુનો સત્કાર કર્યો. ત્યાંથી કેટલાક દિવસ પછી સ્વામી **વાણીજ** ગામ ભણી ચાલ્યા. તેની વચ્ચે ભંગુર તરંગોથી ઉછળની, પુષ્કળ જળથી બંને કાંઠે ભરપૂર, મહિલા-હૃદયની જેમ જેનો મધ્યભાગ દુર્ગ્રાહ્ય છે, રણભૂમિ જેમ સંનદ્ધ સુભટો, અશ્વો, હસ્તીઓ અને રથયુક્ત હોય છે તેમ કાચબા, મત્સ્યાદિકના આધારરૂપ એવી **ગંડકિકા** નામે મહાનદી આવી. સ્વામી નાવથી તે ઓળંગી પરતીરે જતાં ભાડા નિમિત્તે નાવિકોએ તેમને પકડયા. એ વખતે મધ્યાન્હ સમય હતો. સૂર્યના ઉગ્ર તાપથી વેળુ બહુ જ તપી ગઇ હતી તેથી ભગવંતના કમળ સમાન કોમળ ચરણ-તલ તપી રહ્યા. એવામાં તે જ શંખ સામંતનો **ચિત્ર** નામે ભાણેજ દૂતના કામે સીમાડાના રાજા પાસે જઇ, નાવમાર્ગે પાછા ફરતાં તેણે સ્વામીને તેવી સ્થિતિમાં જોયા, એટલે અનેક દુર્વચનોથી નાવિકને નિર્ભ્રંછી પ્રભુને છોડાવીને તે મહિમા કરવા લાગ્યો

હવે ચરમ તીર્થંનાથ વીરસ્વામી, સમાધિથી મનને રોકતા, સચરાચર લોકનું રક્ષણ કરતા, પ્રતિદિવસે વિવિધ પ્રતિમાએ રહેતા, ક્યાંક કોપાયમાન ઉચ્છૃંખલ લોકથી નિંદા પામતા, ક્યાંક નમતા સામંત અને દેવોથી સ્તુતિ કરાતા, કોઈ સ્થળે સામાન્ય પુરૂષના જીવનનો નાશ કરી નાખે તેવી તીવ્ર આપદા સહન કરતા, ક્યાંક અનુકૂળ જનોથી વિવિધ પૂજા–મહિમા પામતા તથા અનેક તપોવિધાનમાં પરાયણ એવા ભગવંત ધર્મતુલા–ત્રાજવાની જેમ બંને તરફ સમાન જ ચિત્તવૃત્તિને ધરતા અને વિવિધ ભાવનાઓ ભાવતા તે વસુધા પર વિચરવા લાગ્યા. તેમનું મન, પ્રથમ વિકાસ પામતી આમ્ર–મંજરીના પરિમલથી ભેગા થતા ભમરાઓવડે રમણીય, નવપલ્લવિત અશોક, સરલ, શલ્લકી વૃક્ષોયુક્ત, કર્ણાટકની રમણીઓના લલાટ પર રહેલ આર્દ્ર લતાને ચલાયમાન કરવાને ચતુર એવા દક્ષિણ–પવનના આડંબર સહિત, અને જ્યાં પ્રવર વેશધારી કુરંગાક્ષીઓ તાલ અને ગીતરવથી ઉત્કટ મન્મથને જગાવી રહી છે એવી વસંતઋતુ જરા પણ ચલાયમાન કરી શકતી નહિ; તેમજ પ્રચંડ માર્ત્તંડના કિરણોથી જ્યાં ભુવનભાગ વિકરાલ થયેલ છે, તૃષ્ણાભિભૂત ચાતક સમૂહના ઘોર સ્વરવડે જ્યાં અન્ય શબ્દો આચ્છાદિત થયા છે, અને પ્રખર પવનથી ઉછળેલ અને દુઃસ્પર્શ રજકણોના સમૂહથી જ્યાં રસ્તા દુર્ગમ થયા છે એવો ગ્રીષ્મકાળ પણ પ્રભુના મનને ડોલાવી ન શકતો; વળી ઘનાઘનના ઘોર ઘોષ તથા ગજઘટાથી જ્યાં પાંથજનો ભય પામી રહ્યા છે, ચમકતી વીજળીના પુંજથી ભય પામતી વિરહી વામાઓના હૃદયને તપ્ત કરનાર અને હર્ષિત મયૂરના કોલાહલયુક્ત એવો વર્ષાકાલ પણ તેમને ડરાવી ન શક્યો; તથા વિકસ્વર કમળ કે કુમુદના પરાગથી રાજહંસોને મલિન કરનાર, પાકેલ શસ્ય–સંપત્તિથી ધરણીતલને અભિરામ બનાવનાર અને ગજેંદ્રના મદગંધ સમાન અત્યંત સપ્તચ્છદના પુષ્પ–પરિમલથી દિશાઓને વાસિત કરનાર એવી શરદ્ઋતુ પણ સ્વામીને ડગાવી ન શકી; ફૂલથી ફાલતા અશોકની માંજરથી જ્યાં વનવિભાગ પિંગલ થઈ ગયો છે અને હર્ષ પામતા પામર જનોએ મચાવેલ વન–મર્દનથી કંપતા કંકેલ્લિના કલકલને લીધે જ્યાં ગામ–સંનિવેશનું અનુમાન થતું એવા હેમંત સમયમાં પણ ભગવંત અચળ રહ્યા; તેમજ વળી હિમ–કણયુક્ત શીતલ પવનથી કંપતા પથિકોએ મૂકેલ સત્કારયુક્ત, સ્થાને સ્થાને જગાવેલ અગ્નિ પાસે જ્યાં પાંથજનો સૂતા છે અને વિકસતા કુસુમરૂપ અટ્ટહાસ્યવડે જ્યાં વન–વિભાગ હાસ્ય કરી રહેલ

એવો શિશિરકાલ પણ જિનેશ્વરના મનોભાવને શિથિલ કરી ન શકયો. એમ ધર્મધ્યાનમાં અત્યંત લીન થયેલ પ્રભુને છએ ઋતુઓ ભીતની જેમ વિકાર પમાડી ન શકી. એ પ્રમાણે વિહાર કરતાં ભગવંત **વાણિજ** ગામમાં આવ્યા અને ત્યાં બહાર કાયોત્સર્ગે રહ્યા. તે નગરમાં **આનંદ** નામે શ્રાવક હતો કે જે નિરંતર છટ્ઠ–તપ કરતો. તે તપના પ્રભાવથી તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, જેથી પ્રભુને પ્રતિમાસ્થિત જોઈ, અત્યંત ભક્તિ પ્રગટાવતાં તે સ્વામી પાસે જઈ, યથાવિધિ વંદીને કહેવા લાગ્યો કે–' હે ભગવન્ ! તમે લાંબા વખતથી દુસ્સહ પરીષહો સહન કર્યા. અહો ! તમારૂં વજ્રમય શરીર ! અહો ! તમારૂં અડગપણું ! એ કલેશ–દુઃખનું ફળ તમે પામી ચૂકયા, કારણ કે કેટલાક વરસ પછી તમને કેવળજ્ઞાન ઉત્પન્ન થશે.' એમ કહી તે પોતાના સ્થાને ગયો. સ્વામી પણ ત્યાંથી નીકળી, **શ્રાવસ્તી** નગરીમાં વિચિત્ર તપકર્મયુક્ત દશમું ચોમાસું વીતાવી, નગરીની બહાર પારણું કરી, **સાનુલટ્ઠિયક** નામના ગામમાં ગયા. ત્યાં ભદ્રપ્રતિમામાં રહી, પ્રથમ નિરાહારપણે પૂર્વાભિમુખ એક પુદ્ગલમાં દૃષ્ટિ સ્થાપી, આખો દિવસ તેમ રહી, રાત્રે દક્ષિણાભિમુખ રહ્યા. પછી દિવસે પશ્ચિમાભિમુખ અને રાત્રે ઉત્તરાભિમુખ એમ છટ્ઠ–તપથી એ ભદ્રપ્રતિમા પાળી, પારણું કર્યા વિના સ્વામી **મહાભદ્ર** પ્રતિમાએ રહ્યા. તેમાં પૂર્વદિશામાં અહોરાત્ર, એમ ચારે દિશામાં ચાર અહોરાત્ર ભુજા લંબાવી, ચાર ઉપવાસપૂર્વક કાયોત્સર્ગે રહ્યા અને પારણા વિના ફરી **સર્વતોભદ્રા** નામની પ્રતિમાએ રહ્યા. તેમાં પૂર્વાદિક દશે દિશાઓમાં એક એક અહોરાત્ર કાયોત્સર્ગે રહ્યા, તેમાં પણ એટલું વિશેષ કે ઊર્ધ્વદિશામાં ઊર્ધ્વલોકનાં દ્રવ્યોમાં અને અધોદિશામાં અધોલોકનાં દ્રવ્યોમાં દૃષ્ટિ સ્થાપી ધ્યાન કરતા અને એ પ્રતિમામાં પ્રભુએ દશ ઉપવાસ કર્યા. એ ત્રણ પ્રતિમા આચરતાં ભગવંત ભારે પરિશ્રમ પામ્યા. પારણાનો સમય થતાં જિનેશ **આનંદ** ગૃહસ્થના ઘરે ગયા. તે વખતે ભંડ–ગૃહોપયોગી વસ્તુ ગોઠવતી **બહુલિકા** નામની દાસીએ પ્રભુને જોયા અને નજીક આવતાં સ્વામીને તેણે સુવાસિક ભાત આપવા આગળ ધર્યા. એટલે ભગવંતે પણ સંભ્રાંત થયા વિના તે યોગ્ય સમજીને સ્વભાવે રક્તતાવડે સુભગ એવા પોતાના હાથ પ્રસાર્યા, ત્યારે પરમ શ્રદ્ધાને ધારણ કરતી તે દાસીએ ભાત વહોરાવ્યા. એવામાં વિભુના દુષ્કર તપના અંતે પારણું થતાં, હૃદયમાં ભારે હર્ષ પામતા સુરાસુર અને કિન્નરોથી આકાશ છવાઈ ગયું અને પાંચ પ્રકારના પુષ્પો સહિત સાડીબાર કોટી સુવર્ણની તેમણે વૃષ્ટિ કરી, ચતુર્વિધ વાદ્યો વગાડ્યાં તેમજ લોકો ભારે સંતોષ પામ્યા. તે બહુલિકા દાસીને રાજછત્રની છાયામાં ન્હવરાવી અને તેનું

દાસીત્વ ટાળ્યું. એ પ્રમાણે આ જ ભવમાં વિશિષ્ટ ભક્તિએ સુપાત્રદાન આપતાં ઉત્કૃષ્ટ ધનસમૃદ્ધિ પમાય તો અન્ય ભવની શી વાત કરવી? અને એથી જ વિસ્તૃત ભવાર્ણવ પણ ગોષ્પદની જેમ પુણ્યવંત જનો દુષ્કર તપ વિના પણ લીલામાત્રથી ઓળંગી જાય છે. ત્રિલોક–લક્ષ્મી પામી શકાય અને સર્વ મનોવાંછિત સુખ પણ મેળવી શકાય, પરંતુ એક જગપ્રધાન સુપાત્રદાન મળવું મુશ્કેલ છે. જ્ઞાન કે તપ પણ દૈવયોગે કદાચ નિષ્ફળ થવા પામે, પરંતુ આપવામાં આવેલ સુપાત્રદાન કદાપિ નિષ્ફળ જતું નથી, એમ જાણી કલ્યાણની પરંપરાને આપવામાં સમર્થ એવા દાનને વિષે, આત્મસુખને ઇચ્છનાર કોણ પ્રયત્ન ન કરે? પછી ભગવંતે બહાર પારણું કરીને અન્યત્ર વિહાર કર્યો.

એકદા ગ્રામાનુગ્રામ વિચરતાં પ્રભુ, ઘણા મ્લેચ્છોથી વ્યાપ્ત એવા **દૃઢભૂમિ** દેશમાં ગયા. ત્યાં **પેઢાલ** ગામની બહાર **પેઢાલ** નામના ઉદ્યાનમાં પોલાસ ચૈત્યને વિષે ચોવિહાર અઠ્ઠમ તપ આદરી, જરા શરીરને નમાવી, અચિત્ત લુખ્ખા પુદ્ગલમાં અનિમેષ દૃષ્ટિ સ્થાપી, સર્વ ઇંદ્રિયોને ગોપવી, શરીર સંકોચી, ભુજદંડ લંબાવી, બંને ચરણ બરાબર સુશ્લિષ્ટ અને નિશ્ચળ રાખી, દુષ્કર અને કાયર જનને ખેદ પમાડનાર એવી મહાપ્રતિમા ભગવંતે એક રાત આદરી. એવામાં **સૌધર્મા** સભામાં વિવિધ મણિ–રત્નના ભાસુર કિરણોથી દેદીપ્યમાન મોટા સિંહાસન પર સુખે બેઠેલ, અનેક કોટાકોટી દેવદેવીઓથી પરવરેલ, મુગટ પ્રમુખ આભરણોથી શોભાયમાન એવો પુરંદર, તથાવિધ પ્રતિમાપ્રતિપન્ન પ્રભુને અવધિથી જોઈ, તત્કાલ આસન તજી, અત્યંત ભક્તિ લાવી, મહીપીઠ સુધી વારંવાર મસ્તક નમાવી–વંદન કરી, આનંદથી ભરેલ, સદ્ભૂતાર્થ ગુણોને પ્રકાશવામાં સમર્થ, પરમ પક્ષપાતવડે સુંદર એવી વાણીથી લાંબો વખત સ્તવી, સ્વામીના અસાધારણ ગુણપૂર્ણ શ્રામણ્યને હૃદયમાં સમાવવાને જાણે અસમર્થ હોય તેમ પુનઃ સ્તુતિ કરવા લાગ્યો–"હે દેવો! એ ભગવંત **મહાવીર** પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિયુક્ત, અક્રોધી, અમાની, અમાયી, અલોભી, અનાશ્રવી, નિર્મમ, અકિંચન, શંખની જેમ નિરંજન, જાત્યકંચનની જેમ સ્વભાવથી જ સુરૂપવાન, જીવની જેમ અપ્રતિહત ગતિવાળા, ગગનની જેમ નિરાલંબ, પવનની જેમ અપ્રતિબદ્ધ, સાગરસલિલની જેમ શુદ્ધ હૃદયવાળા, પુષ્કર–કમળપત્રની જેમ નિર્લેપ, કૂર્મની જેમ ગુપ્તેંદ્રિય, ખડ્ગીશૃંગની જેમ એકાકી, વિહંગની જેમ પ્રમુક્ત, ભારંડની જેમ અપ્રમત્ત, મંદરાચલની જેમ નિષ્કંપ, સાગરની જેમ ગંભીર, ચંદ્રની જેમ સૌમ્ય, દિવાકરની જેમ તેજસ્વી, કુંજરની જેમ શૌર્યવાન, પંચાનનની

જેમ દુર્ધર્ષ, વૃષભની જેમ ધુરંધર, વસુંધરાની જેમ સર્વંસહ, ઘૃત, મધુ-સિક્ત હુતાશનની જેમ તેજવડે જ્વલંત, તેમજ એ પ્રભુને કયાં પ્રતિબંધ થતો નથી, તે ચતુર્વિધ આ પ્રમાણે છેઃ-(૧) દ્રવ્યથી, (૨) ક્ષેત્રથી, (૩) કાલથી અને (૪) ભાવથી. [૧] તેમાં દ્રવ્યથી તે મારી માતા, મારો પિતા, મારો ભ્રાતા, મારાં સ્વજન-સંબંધી, મારા સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યો-એમ મમત્વ ઉત્પન્ન ન થાય. [૨] ક્ષેત્રથી તે ગામ, નગર, અરણ્ય, ક્ષેત્ર, ખળા, ઘર કે અન્યત્ર તેવા પ્રકારમાં પ્રતિબંધ ન થાય. [૩] કાલથી તે સમય, આવલિકા, શ્વાસોશ્વાસ, ક્ષણ, મુહૂર્ત્ત કે દિવસાદિકમાં મમત્વ ન થાય. [૪] ભાવથી તે ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશૂન્ય, પરપરિવાદ, અરતિ, રતિ, માયામૃષાવાદ કે મિથ્યાત્વશલ્યમાં મમત્વ ન ઉપજે. તથા એ ભગવાન્ વર્ષાકાલ સિવાય આઠ મહિના ગામડામાં એક રાત અને નગરમાં પાંચ રાત રહેતાં, હાસ્ય, શોક, ભય રહિત, નિર્ગ્રંથ, નિરહંકાર, વાસિત ચંદન સમાન, તૃણ, મણિ, પત્થર કે કંચનમાં સમદૃષ્ટિ, સુખ-દુઃખમાં સમભાવે રહેનાર, આ લોક અને પરલોકના પ્રતિબંધ રહિત, જીવિત કે મરણમાં આકાંક્ષા રહિત તથા પૂર્વનાં કર્મ-સંઘાતનો નાશ કરવા સદા સાવધાન થઈને વિચરી રહ્યા છે. પોતાના ધૈર્યથી ત્રિભુવન-જનને તોલનાર એવા એ મહાનુભાવને ધર્મધ્યાનથી ક્ષોભ પમાડવાને કોઈ સમર્થ નથી. દેવેંદ્રો, દેવો, યક્ષો, રાક્ષસો, વિદ્યાધરો, ભૂતો, મહોરગો-એ અતુલ્ય માહાત્મ્યયુકત છતાં વિભુને ચલાવી ન શકે. કદાચ મેરૂ ચલાયમાન થાય, પૃથ્વી પાતાલમાં પેસી જાય અને કોઇ બળવાન કદી ચંદ્ર-સૂર્યનાં વિમાનોને પણ દળી નાખે, તેમજ ઘણા મત્સ્ય અને મગરોથી ભીમ એવા મહાસાગરોને પણ કદાચ કોઈ શોષવી નાખે; તથાપિ ભગવંતને ત્રણ ભવન સાથે મળીને પણ ચલાયમાન કરી ન શકે."

એ પ્રમાણે સાંભળતાં પ્રચંડ કોપથી હોઠ કરડી, ભ્રકુટીને ભીષણ બનાવી, દોષના એક સંગમરૂપ **સંગમક** નામે દેવ કે જે ઇંદ્ર સમાન વિભવવાળો, તત્કાલ લજ્જા અને મર્યાદા રહિત બનેલો, સદા વિવેકહીન અને અભવ્ય એવો તે ઇંદ્રને કહેવા લાગ્યો કે-' હે સ્વામિન્ ! દેવસભામાં નિર્ગુણ શ્રમણને પણ આમ શા માટે વખાણો છો ? અથવા તો સ્વામીઓના સ્વચ્છંદ આલાપ પણ શોભે છે. સત્ય છે કે એનામાં જો કોઇ સુવિશુદ્ધ સુંદરતા-શ્રેષ્ઠતા હોય તો ગૃહપાલન સિવાય તે પાખંડને શા માટે પોષે છે ?

કુશળ જનો, ગૃહવાસ કરતાં અન્ય ધર્મ–કર્મ બતાવતા નથી. ક્લીબપણે તેનો ત્યાગ કરતાં તેનામાં શંસનીય શું હોય ? વળી તમે જે કહ્યું કે ઇંદ્રો પણ એને ધર્મ–ધ્યાનથી ચલાવી ન શકે, તેમ કહેવું પણ તમને યુક્ત નથી; કારણ કે ભૂપીઠને જેઓ લીલામાત્રથી પોતાના કર–પલ્લવમાં ધારણ કરે છે અને મોટા શિખરયુક્ત મેરૂને પણ જેઓ એક ગોળાની જેમ તોલે છે, વળી વાચામાત્રથી કોપાયમાન થયેલા જેઓ ત્રિભુવનને પણ યમ–વદનમાં નાખી દે છે તેવા સમર્થ દેવોની તુલના કોણ કરી શકે ? જો એ મારૂં વાક્ય તમે માની લ્યો તો તેને ક્ષોભ પમાડવાની જરૂર નથી, નહિં તો જુઓ, તેને પ્રતિજ્ઞાભ્રષ્ટ કરૂં છું.' એમ તેના કહેતાં ઇંદ્ર ચિંતવવા લાગ્યો–' અહો ! આ તો મહાપાપ-પડલને લીધે સર્વથા વિવેક રહિત છે, માટે આ પ્રસંગે જો અટકાવીશ તો અવશ્ય આ કલ્પી લેશે કે–' એ ભગવાન્ ઇંદ્રના સામર્થ્યથી અવિચલ થઇ તપકર્મ આચરે છે, પરંતુ પોતાની શક્તિથી નહિ.' એમ ધારી તે મૌન રહ્યા. એટલે સંગમક દેવ પણ ભારે મત્સર ધરતો, પોતાના પ્રધાન પરિજને નિવાર્યા છતાં ' એ શું માત્ર છે ? એને આજે જ ચલાયમાન કરી આવું.' એવી પ્રતિજ્ઞા કરી તે સભામંડપથી બહાર નીકળ્યો અને ભગવંત પાસે ગયો. ત્યાં પ્રભુને જોતાં ગાઢ કોપ કરતાં તેણે પ્રલયકાળની જેમ પ્રબળ ધૂલિસમૂહ વિકુર્વ્યો, જેથી પગથી માંડીને આંખ અને કાન સુધી આચ્છાદિત થતાં સ્વામીનો શ્વાસ બંધ થઇ ગયો, છતાં ધ્યાનથી લેશમાત્ર પણ પ્રભુ ચલાયમાન ન થયા. એમ ભગવંતને અચળ જોઇ તેણે વજ્ર સમાન તીક્ષ્ણ મુખવાળી કીડીઓ વિકુર્વી. તે દુર્જનની જેમ અવકાશ પામતાં જિનને ડંખવા લાગી, પરંતુ નિર્ભાગીના મનોરથની જેમ તે નિષ્ફળ નીવડ્યો, એટલે સોય સમાન તીક્ષ્ણ મુખવાળા અને દુર્નિવાર એવા ડાંસ પ્રગટાવ્યા. તેમનાથી પણ ભગવંત ક્ષોભ ન પામતાં, તેણે પ્રચંડ મુખવાળી મક્ષિકાઓ વિકુર્વી. તેમનાથી શરીર ખવાતાં પણ જિનનાથ નિષ્કંપ રહેતાં, તેણે પીંગલ અને કઠિન કાંટા-વાળા વીંછી પ્રગટાવ્યા. તેમણે તીવ્ર ડંખ મારતાં પણ પ્રભુ અડગ રહ્યા એટલે ભારે મત્સર લાવતા તેણે દાઢાવડે વિકરાલ નોળીયા વિકુર્વ્યા. તેમણે પણ પ્રભુના શરીરને ભારે વેદના ઉપજાવી, છતાં તે ધ્યાનથી ચળ્યા નહિ. આથી ભારે કોપ પ્રગટતાં તે દેવે ફણા–રત્નથી ભાસુર અને દુસ્સહ એવા ભુજંગ જગાડ્યા. અતિતીક્ષ્ણ અને લાંબી દાઢવાળા તેમણે જિન–શરીરને ચંદન વૃક્ષની જેમ દઢપણે વીંટી લીધું અને સખ્ત રીતે ડંખવા લાગ્યા. તેમ છતાં જરા પણ ચલાયમાન ન થયેલ જિનેશ્વરને જોઇ, તેણે દિવ્ય શક્તિથી

ઉંદરો પ્રવર્ત્તાવ્યા, તેમજ પર્વત સમાન ઉંચા તથા ઉછળતી સુંઢવડે ભીષણ એવા પ્રચંડ હાથીઓ પણ તરત પ્રગટાવ્યા. તેનાથી વિશેષ કદર્થના અને વિવિધ પીડા પામતાં પણ એક લેશમાત્ર પ્રભુ ધર્મ-ધ્યાનથી ચલિત ન થયા. એ રીતે હાથણીઓ તથા પિશાચો પ્રગટાવીને તે અધમ દેવ જિનને ક્ષોભ પમાડવા લાગ્યો, છતાં વિભુ ચલાયમાન ન થતાં, તેણે વિકરાલ દંતાગ્રરૂપ બાણથી ભીમ એવો શાર્દૂલ તરત જ જિન ઉપર વિકુર્વ્યો. તે પણ અતિતીક્ષ્ણ નખ અને દાઢવડે જગગુરૂને અત્યંત પીડા પમાડી, પ્રભાતના દીપકની જેમ નિસ્તેજ બની ગયો. એમ સામાન્ય જનના જીવિતને મૂકાવનાર ઉપસર્ગો કર્યા છતાં પ્રભુને નિશ્ચલ જોઇને તે દેવ ખેદ કરવા લાગ્યો. પછી તેણે યથાસ્થિત સિદ્ધાર્થ રાજા અને ત્રિશલા રાણીને વિકુર્વતાં તેઓ કરૂણ-વિલાપપૂર્વક કહેવા લાગ્યા કે-'હે પુત્ર ! તેં આ શું દુષ્કર આરંભ્યું છે ? તું દીક્ષા તજીને અમારૂં પરિપાલન કર. તારા વિરહે હે વત્સ ! અમો અશરણ અને અત્રાણ બન્યા છીએ.' એથી પણ જ્યારે તે ક્ષોભ પમાડવાને સમર્થ ન થયો ત્યારે સેના વિકુર્વી, તે જિનની ચોતરફ છાવણી નાખી રહી. ત્યાં પત્થર ન મળતાં રસોયા, જિનના પગ પર વાસણ મૂકી, નીચે વજ્રાનલની જ્વાળાથી રાંધવા લાગ્યા, એટલે સવિશેષ ધર્મધ્યાનરૂપ જળ-કલ્લોલ ઉછળતાં જાણે શાંત થઇ ગયેલ હોય તેમ નિષ્ફળતા મળતાં, તે દેવતાએ અનેક પક્ષીઓનાં પાંજરા પ્રભુના શ્રવણે, ભુજાએ, સ્કંધે અને જંઘામાં લટકાવ્યા. તેમાંથી બહાર નીકળતા પક્ષીઓ નખ તેમજ તીક્ષ્ણ ચંચુ-પ્રહારથી જિન-શરીરને કરડવા લાગ્યા, છતાં પ્રભુ અક્ષુબ્ધ રહેતાં, પ્રતિસમયે વધતા કોપવડે તેણે કલ્પાંત કાલ સમાન રજકણોથી વ્યાપ્ત પ્રખર વાયુ પ્રગટાવ્યો. તેણે પણ કર્મ-તૃણને બાળવામાં સ્વામીનો ધ્યાનાનલ અધિક જગાડ્યો, પરંતુ ચિત્તક્ષોભ ન પમાડ્યો. પછી તેણે ઉદ્ભ્રામક વાયુ રચ્યો, તેથી જાણે ચક્રે ચીંધાયા હોય કે સલિલાવર્ત્તમાં પડ્યા હોય તેમ તેણે પ્રભુને દેહમાત્રથી ભમાડ્યા, પરંતુ માનસિક ભાવથી નહિ.

એ પ્રમાણે તીવ્ર ઉપસર્ગ કર્યા છતાં ભગવંતને નિશ્ચલ જોઈ, ભારે કોપ પામતાં સંગમક ચિંતવવા લાગ્યો કે—" અહો ! આ તો વજ્રશરીરી અનેક પ્રકારે સ્ખલના પમાડ્યા છતાં ક્ષોભ ન પામ્યો, તો હવે શું કરવું ઉચિત છે ? હવે જો એને તજી, પોતાની પ્રતિજ્ઞા ભાંગીને દેવલોકમાં જાઉં તો ઇંદ્ર પ્રમુખ બધા દેવો જીવતાં સુધી મારી હાંસી કર્યા કરશે, અને વળી તેમ કરવા જતાં પોતાના હૃદયને પણ સંતોષ થાય તેમ નથી; કારણ કે

આરંભેલું કામ પૂર્ણ કરવામાં પુરૂષોનું પૌરૂષ વ્રત છે અથવા તો હવે એને સતાવવામાં સાર નથી. એ કૂટમુનિનો નાશ કરૂં એટલે એનો વિનાશ થતાં ધ્યાન પણ અવશ્ય ધ્વસ્ત થશે. એ પ્રમાણે હું મોટી પ્રતિજ્ઞા પાળનાર ગણાઇશ અને ઇંદ્ર પ્રમુખ દેવોમાં હીલનાપાત્ર ન થઇશ." એમ નિશ્ચય કરી, પ્રજ્વલિત અગ્નિજ્વાળાથી ઓતપ્રોત, વિદ્યુલ્લતા–સમયના મેઘ સમાન દુષ્પ્રેક્ષ્ય, એક હજાર–કોટિભાર લોખંડવડે બનાવેલ, જંબૂદ્વીપરૂપ ડાબલાના મુખનું જાણે ઢાંકણ હોય તેવા મહાચક્રને લઇને, જાણે ક્ષુધિત કૃતાંત ત્રણ લોકને ખાવા તૈયાર થયો હોય તેમ ગુણહીન અને થાળ જેવા હાથવાળો **સં**ગમક ક્રૂર આકાશમાં ઉડ્યો, અને મેરૂને ચૂર્ણ કરવાનું પ્રગટ માહાત્મ્ય ધરાવનાર તે ચક્ર, તેણે પોતાની સર્વ શક્તિથી ભગવંત પ્રત્યે છોડયું. તે અત્યંત ભારે ચક્રથી તાડના પામેલા પ્રભુનું શરીર વજ્રના દૃઢ ખીલાની જેમ હાથના નખ સુધી પૃથ્વીમાં પેસી ગયું. તેમ છતાં છકાય જીવની દયા ચિંતવતા જિનેશ્વરને જાણી, તે દેવાધમ વિલક્ષ થઇને વિચારવા લાગ્યો કે–"ભયંકર ચક્રથી જ્યારે એ પંચત્વ ન પામ્યો, તો શસ્ત્રથી એનું શરીર ઘાયલ થાય તેમ નથી. હવે શું કરવું ? આવા ઉપસર્ગો જોવામાત્રથી સામાન્ય જનોનું જીવિત ખલાસ થાય, તો એ દુસ્સહ શરીરને લાગતાં તો કહેવું જ શું ?' એમ ધારી ઓગણીશમા ઉપસર્ગને અંતે 'હવે કદાચ અનુકૂળતાથી ક્ષોભ પામશે ' એમ સમજી, **સં**ગમકે નાનાવિધ મણિ–કિરણોથી વ્યાપ્ત એવું એક પ્રવર વિમાન રચ્યું. તેના પર આરૂઢ થઇ, દિવ્યાભરણની પ્રભાથી પ્રકાશિત, નિર્મળ દેવદૂષ્ય ધારણ કરનાર તથા સામાનિક દિવ્ય દેવર્દ્ધિ બતાવતાં મધુર વચનોથી તે ભગવંતને કહેવા લાગ્યો કે–"હે મહર્ષિ ! તારા સત્ત્વ, તપ, ક્ષમા, બળ, પ્રારબ્ધ વસ્તુનો નિર્વાહ, પોતાના જીવિતની નિરપેક્ષા તથા પ્રાણીઓની રક્ષા કરવામાં તત્પરતા એ ગુણોથી હું પ્રસન્ન થયો છું, તો હવે તેવા તપ–કલેશાદિકથી સર્યું. જો તું કહેતો હોય, તો આ જ શરીરે, પ્રવર દેવાંગનાઓથી અભિરામ, સતત જ્યાં વિસ્તૃત નાટક પ્રવર્ત્તી રહેલ છે, વિચિત્ર શક્તિવાળા દેવતાઓ જ્યાં આશ્ચર્ય બતાવી રહ્યા છે એવા સ્વર્ગમાં તને લઈ જાઉં, અથવા ઉત્તરોત્તર ભય–પરંપરાથી પ્રગટતા જરાદિ દોષો રહિત અને એકાંતિક સુખપૂર્ણ એવો મોક્ષ–નિવાસ તને આપું અથવા તો આ જ ધરામંડળમાં અનેક સામંતો જ્યાં વિનયથી શાસનમાં વર્ત્તી રહ્યા છે તથા સંખ્યાબંધ હસ્તી, અશ્વો, રથ, યોધા, ભંડારથી ભરેલ એકછત્ર નરેંદ્રત્વ તને આપું. એમાં જે તને રૂચે તે માગી લે. ક્ષોભ તજી, કુવિકલ્પ મૂકી દે.' એમ કહ્યાં

છતાં જ્યારે ભગવંત ભુજા લંબાવી, એકાગ્રચિત્તે ધર્મ-ધ્યાનમાં પરાયણ રહી કંઇ પણ બોલ્યા નહિ ત્યારે પ્રત્યુત્તર ન પામતાં સંગમકે વિચાર કર્યો કે-' કામ શાસન દુર્લંઘનીય છે, તે મહા મુનિઓને પણ સંક્ષોભ પમાડે છે; માટે તેના સર્વસ્વરૂપ દિવ્ય કામિનીઓ મોકલું કે જે એના મનને ચલાયમાન કરે.' એમ સમજી તેણે બધી ઋતુઓ સમકાળે પ્રગટાવી. તેના પ્રભાવે સહકારો ફૂલ્યા, અશોક વૃક્ષો પલ્લવિત થયા, દુર્દિન થયું, મલય-વાયુ પ્રવર્ત્યો, કોયલનો કલરવ પ્રસર્યો, કદંબવૃક્ષોમાં કળીઓ આવી, મયૂરો નૃત્ય કરવા લાગ્યા, કમળ-પરિમલ પ્રસરી રહ્યો, કાસ-કુસમ સમાન ઉજ્વળ દિશાઓ ભાસવા લાગી, ભગવંતની ચોતરફ પંચ વર્ણનાં પુષ્પોની વૃષ્ટિ કરવામાં આવી. પછી વિવિધ સ્વરે પ્રધાન સંગીતમાં કુશળ, હાવભાવપૂર્વક વિવિધ નાટ્ય-વિધાનમાં વિચક્ષણ, વીણા, વેણુ પ્રમુખ વાજીંત્રયુકત, પ્રવર અલંકારથી અલંકૃત એવી દેવાંગનાઓ તેણે પ્રગટાવી. તે પ્રભુ પાસે આવીને સવિલાસ ચેષ્ટા કરવા લાગી. ઉદ્ભટ શૃંગારયુકત દેહલાવણ્યરૂપ જળપ્રવાહવડે સરિતાની જેમ લીલાપૂર્વક વનવિભાગને પૂરતી, વિશાળ, દીર્ઘ અને ચંચળ અક્ષિ-ક્ષોભવડે ચોતરફ વિકસિત કમળોની શંકા કરાવતી, કેટલીક નમતા શિર પરથી પડતા પુષ્પોની માળાઓ બનાવતી અને કેટલીક જિનસમાગમના સુખને ઇચ્છતી, સ્વામીને અત્યંત સતાવવા લાગી. કેટલીક ગળતા આંસુ લુંછવાના મિષે ભગવંતની આગળ પીવર, કનક-કળશ સમાન શોભતા પોતાના સ્તન પ્રગટ બતાવતી. વળી કેટલીક આ પ્રમાણે તર્જના કરતાં બોલતી કે-' હે સુભગ! તું મિથ્યા કારૂણ્યને ધારણ કરે છે, કારણ કે મદનબાણથી જર્જરિત છતાં આ યુવતીઓનું રક્ષણ કરતો નથી. હે નાથ! કઠિનતા તજી, અમ દુઃખીઓને બોલાવ. સત્પુરૂષો પ્રેમાધીનને પરાસ્ત કરતા નથી. આ યુવતીઓ તારા દર્શનમાત્રથી જાણે કામની દશમી અવસ્થા પામી છે, તો હવે ઉપેક્ષા ન કર.' એ પ્રમાણે બહુ વિકાર પ્રગટાવી, સવિલાસ સુરાંગનાઓ જગગુરૂનું મન ધ્યાનથકી લેશ પણ ચલાયમાન કરી ન શકી. પછી સૂર્યોદય થતાં પ્રભુને અક્ષુભિત જોઇ, હતશકિત સંગમક ચિંતવવા લાગ્યો કે-' આ મહાસત્ત્વ મુનિ અનુકૂળ ઉપસર્ગોથી પણ ચલાયમાન થતો નથી, તો હવે એને મૂકીને શું હું સ્વર્ગે ચાલ્યો જાઉં? અથવા તો એમ કરવું મને યુકત નથી. લાંબો વખત ઉપસર્ગ કરતાં પણ વખતસર એનું ચિત્ત ચલાયમાન થશે.' એવા કિલષ્ટ ભાવમાં વર્ત્તતા સંગમકે આહારત્યાગી અને ગામમાં વિચરતા વિભુને પણ સતાવ્યા. વાલુકપંથ, સુભૂમ, સુક્ષેત્ર, મલય, હસ્તિશીર્ષ, ઓસલિ,

મોસલિ, તોસલિ પ્રમુખ સંનિવેશોમાં વિચરતા ભગવંતને તે અધમ દેવે જે ઉપસર્ગો કર્યા, તે અતિદુસ્સહ અને કહી પણ ન શકાય તેટલા હતા, જેથી આ ચરિત્રમાં તે વિસ્તારીને બતાવ્યા નથી. કુશળ જનોએ પોતે સિદ્ધાંતથકી સમજી લેવા.

એ પ્રમાણે તેના ઉપસર્ગોથી પણ સ્વામી અવિચળ રહી બહુ કાળ ગામાદિકની બહાર વીતાવી, છ–માસિક પારણું કરવાની ઇચ્છાથી તેઓ વ્રજ ગામના ગોકુળમાં ગયા. ત્યાં તે દિવસે ઓચ્છવ ચાલતો તેથી સર્વત્ર પાયસ રંધાતું. ત્યારે ભગવંત પણ 'સતત ઉપસર્ગ કરતાં સંગમકને છ મહિના થયા, એટલે હવે ઉપસર્ગ નહિ કરે, તે પરિશ્રાંત થઇને વખતસર પોતાના સ્થાને ચાલ્યો ગયો હશે.' એમ ધારી ભિક્ષા નિમિત્તે ગામમાં પેઠા. તે વખતે ભગવાન જે જે ઘરે જતા ત્યાં ત્યાં સંગમક આહાર–દોષ પ્રગટાવતો. એટલે પ્રભુએ અવધિ પ્રયુંજતાં સંગમકને જોયો, જેથી અધવચ પાછા ફરીને સ્વામી પ્રતિમાએ રહ્યા. ત્યાં સંગમકે પણ ભગવંતને જોયા કે–' એના પરિણામ ભગ્ન થયા છે કે નહિ?' એમ ધારી, જેટલામાં ઉપયોગ કર્યો તેવામાં છકાયનું હિત ચિંતવતા જિનેશ્વરને તેણે જોયા. તે વખતે ક્ષોભ પામીને તે ચિંતવવા લાગ્યો કે–' જે છ મહિના અનેક પ્રકારના સતત ઉપસર્ગો કરતાં પણ ચલાયમાન ન થયા, તે લાંબા કાળે પણ ચલિત કરવાને શક્ય નથી. અહો! મારો પ્રયત્ન નિરર્થક થયો. સુરવિલાસોમાં હું લાંબો કાળ ચૂકયો. અરે! પોતાનું સામર્થ્ય સમજ્યા વિના મેં પોતાના આત્માને કેમ નચાવ્યો?' એમ અનેક પ્રકારે પોતાની ચેષ્ટાને દૂષિત કરીને તે ભગવંતના પગે પડી, કહેવા લાગ્યો કે–' હે ભગવન્! મારી પ્રતિજ્ઞા ભગ્ન થઇ પણ તમારી પ્રતિજ્ઞા તો અચળ જ છે. ઇંદ્રસભામાં મહાનુભાવ ઇંદ્રે સત્ય કહ્યું, પણ મેં બહુ ખોટું કર્યું કે તે વખતે તે વચન માન્યું નહિ. હવે વધારે કહેવાથી શું? મારૂં પૂર્વ દુષ્કૃત તમે ક્ષમા કરો. હું હવે થાકયો (શાંત થયો) છું, તમને ઉપસર્ગ કરવાનો નથી; માટે ગામ, નગર પ્રમુખ વિશિષ્ટ સ્થાનોમાં નિઃશંકપણે જાઓ અને ભિક્ષા નિમિત્તે ફરો. આમ ક્ષુધિત થઇ શા માટે કલેશ પામો છો?' ત્યારે પ્રભુએ કહ્યું કે–'હે સંગમક! મારી ચિંતા મૂકી દે. અમે અવસરે પોતાના કાર્યમાં પ્રવર્ત્તશું.' એમ સાંભળી, પ્રભુને પરમ આદરથી પ્રણામ કરી, અતિપાપના ભારથી આક્રાંત છતાં સંગમક સ્વર્ગ ભણી ચાલ્યો.

એવામાં અહીં સૌધર્મ દેવલોકમાં તે વખતે સર્વ દેવ–દેવીઓ ઉદ્વિગ્ન,

આનંદ રહિત, ઉત્સાહહીન થઇ રહ્યાં. ઇંદ્ર પણ અલંકાર–વિલેપન મૂકી, નાટકાદિ વિલાસ તજીને ચિંતવવા લાગ્યો કે—'અહો ! ભગવંતના એ અનર્થનું મૂળ કારણ હું પોતે થયો, કારણ કે મારી પ્રશંસાથી કુપિત થયેલા એ સુરાધમે આ મહાપાપ આચર્યું.' તેવામાં સકળ ત્રણ લોકના જીવોના નાશથી થયેલ પાપ–પંકથી જાણે લિપ્ત થયેલ હોય, સમસ્ત અપયશરૂપ ધૂળથી જાણે શરીરે લેપાયેલ હોય, અકલ્યાણની શ્રેણિથી જાણે પૂર્ણ હોય, પૂર્વ કાંતિનો સમૂહ જેનો નષ્ટ થયો છે, પ્રતિજ્ઞાભંગથી થતી લજ્જાને લીધે જેના લોચન સંકુચિત થઇ ગયા છે એવો અધમ સંગમક સૌધર્મ–સભામાં આવ્યો. તેને જોઈ પુરંદર વિમુખ થઈ બેસતાં કહેવા લાગ્યો કે—'હે દેવો ! તમે મારૂં વચન સાંભળો. આ સંગમક દેવની સામે ચંડાળની જેમ તમારે કદી નજરે જોવું પણ યુક્ત નથી. એ નિર્દય પાપાત્માએ મારો અપરાધ કર્યો કે અમારા પૂજનીય ભુવનગુરૂની એણે ભારે કદર્થના કરી. એને કદાચ ભીમ ભવસાગરથી તો પ્રતિભય ન લાગ્યો, પરંતુ એ ભારે અકાર્ય કરતાં મારાથી પણ શું ડર્યો નહિ ? ભગવંતે જેમ નિશ્ચલ સામાયિકનો મહાભાર ઉપાડ્યો છે, તેમ શું મેં પણ તે ઉપાડ્યો છે કે એણે મારી શંકા પણ ન કરી ? પ્રભુને કદર્થના પમાડવાથી એણે પ્રચંડ પાપ–ભાર પેદા કર્યો અને તમે એના સંગથી અહીં બેઠા તે પાપના ભાગીદાર થશો. ઉપસર્ગ કરતી વખતે શું હું એનો નિગ્રહ કરવાને સમર્થ ન હતો ? પરંતુ તેમ કરવા જતાં એ માની લેત કે—'જિનેશ્વર ઇંદ્રની નિશ્રાએ તપ તપે છે.' હવે વધારે કહેવાથી શું ? એને અહીંથી કહાડી મૂકો. ચોરોના નિવાસ કરતાં શૂન્ય મકાન સારૂં.' એમ રોષથી બોલતાં ઇંદ્રે સ્વર્ગમાંથી એકલા સંગમકને પોતાના પગવતી હડસેલી કહાડ્યો. એમ પોતાની માનહાનિ જોતાં સંગમકે વિચાર કર્યો કે—'અહો ! આ વિચાર્યા વિના કરેલ કાર્યોનું દુષ્ટ પરિણામ હવે પ્રગટ થાય છે.' એમ ભારે શોકમાં તે કૃત્રિમ વિમાનથી મેરૂ ભણી ચાલ્યો, એટલે દેવાંગનાઓથી આક્રોશ પામતો, પોતાના પરિવારથી હીલના પામતો, ઇંદ્રના સુભટોથી આગળ હડસેલાતો, સામાનિક દેવોથી ઉપેક્ષા કરાતો તે સંગમક સ્વર્ગથકી નીકળીને મેરૂની ચૂલિકા પર રહ્યો. તેનું શેષ આયુષ્ય એક સાગરોપમનું હતું. તેવામાં તેની અગ્રમહિષીઓએ પુરંદરને વિનંતિ કરી કે—'હે સ્વામિન્ ! જો તમારી આજ્ઞા હોય તો અમે સ્વામી પાછળ જઈએ.' એટલે ઇંદ્રે તેમને જવા દીધી અને શેષ પરિવારને જવાનો પ્રતિષેધ કર્યો.

હવે ભગવાન્ વર્ધમાનસ્વામી નિરૂપસર્ગ થતાં બીજે દિવસે તે જ

ગામમાં ભિક્ષા નિમિત્તે નીકળ્યા, અને ભ્રમણ કરતાં એક વૃદ્ધ ગોવાલણના ઘરે ગયા. તેણે ભક્તિથી રોમાંચિત થતાં છ માસના ઉપવાસી પ્રભુને સુવાસિત પાયસથી પ્રતિલાભ્યા. એવામાં ચિરકાલે જિનેશ્વરના પારણાથી સંતુષ્ટ થયેલા પાસેના દેવતાઓએ વાદ્યો વગાડ્યાં, કનક, કુસુમ અને ગંધોદકની વૃષ્ટિ સાથે 'અહોદાન, અહોદાન!' એવી ઘોષણા કરી. તે ગોવાલણની દરિદ્રતા દૂર થઇ. પછી આલભિકા નગરીમાં ગયા. ત્યાં ભક્તિ-નિર્ભર હરિ નામે વિદ્યુત્કુમારોનો ઇંદ્ર, પ્રતિમાસંપન્ન સ્વામીને ત્રણ પ્રદક્ષિણા-પૂર્વક પગે પડી, સ્તુતિ કરવા લાગ્યો—'દુર્જય કુસુમબાણ–કામને જીતનાર, અવિનશ્વર સુખ–નિધાનને પામનાર, ઉપસર્ગ–સમરાંગણમાં એક–ધીર એવા હે જિનેંદ્ર! તમે સાચા વીર જય પામો. સંસાર–સાગરમાં પડતાં દુઃખાર્ત્ત પ્રાણીઓને એકી સાથે સુરક્ષિત કરનાર, તમારા સ્મરણ માત્રથી રવિના પ્રકાશે અંધકારની જેમ પાપરાશિ નાશ પામે છે. તમારા દર્શન માત્રથી જે પ્રતિબોધ ન પામ્યા, તે લાખો તીક્ષ્ણ દુઃખોથી ઘેરાયા. તમારા ચરણ–કમળની મુદ્રાથી અંકિત ધરણીતલનું કલ્યાણ થાય છે. હે ભુવનેશ્વર! સિંહ, હરિણ પ્રમુખ તે તિર્યંચો પણ કૃતાર્થ છે કે જેઓ ગિરિગુફામાં પ્રતિમાસંપન્ન તમારા કનકવરણા દેહના દર્શન કરે છે. જીવો દુઃખપૂર્ણ આ ઘોર ભવાટવીમાં ત્યાં સુધી જ પડે છે કે હે દેવાધિદેવ! જ્યાં સુધી તમારા ચરણ–કમળની સેવા કરતા નથી. હે ભુવનનાથ! હિમવંત પ્રમુખ કુલપર્વતો, ક્ષીરોદધિ, વૈતાઢ્ય અને રસાતલમાં પોતાની દયિતાઓ સહિત કિન્નરો તમારી કીર્ત્તિ ગાઇ રહ્યા છે. એક તમારી કથા વિસ્તારથી પામતાં, લોકો બીજી બધી કથાઓ તજી દે છે અથવા તો સૂર્યોદય થતાં આકાશમાં ખદ્યોત–ખજ્જુઓ શું શોભે?' એમ વિદ્યુત્કુમારનો ઇંદ્ર સ્તુતિ કરી, કેવલોત્પત્તિ પ્રત્યાસન્ન કહી, નમીને પોતાના સ્થાને ગયો.

પછી ભગવાન્ શ્વેતાંબિકા નગરીમાં ગયા. ત્યાં હરિસ્સહ નામે ભવના-ધિપતિ દેવે આવી વંદના કરી અને શાતા પૂછતાં કહ્યું કે—'હે ભગવન્! તમે ઘણા ઉપસર્ગો સહન કર્યા. હવે બહુ જ અલ્પ સહન કરવાનું છે. કેવળજ્ઞાન તમને બહુ જ થોડા કાલમાં ઉત્પન્ન થશે.' એમ કહી તે સ્વસ્થાને ગયો. મહા-વીર પણ ત્યાંથી વિહાર કરી, શ્રાવસ્તિ નગરીની બહાર ભુજદંડ લંબાવીને કાયોત્સર્ગે રહ્યા. તે દિવસે લોકો શૃંગાર પહેરી, સુગંધી પુષ્પોની માળાઓ લઇ, વિવિધ વિલેપનથી કટોરા ભરી, સ્કંદપ્રતિમાને પૂજવા માટે ભગવંતને ઓળંગીને ચાલ્યા. તે વખતે સ્કંદપ્રતિમાને ન્હવરાવી, વિલેપન કરી જેટલામાં રથ પર તેમણે સ્થાપન ન કરી તેટલામાં—'ભગવંત કેમ વિચરે છે?' તે

જાણવા માટે ઇંદ્રે અવધિ પ્રયુંજતાં, પ્રભુને તજી લોકો સ્કંદપ્રતિમાનો પૂજા-મહિમા કરતા જોવામાં આવ્યા. એટલે તે સ્વર્ગથી ઉતરી, સ્કંદપ્રતિમામાં પેઠો. એમ પુરંદરથી અધિષ્ઠિત થયેલ સ્કંદપ્રતિમા ભગવંતની સન્મુખ ચાલી. તેને સ્વયંમેવ ચાલતી જોઇ, લોકો સંતુષ્ટ થઈને કહેવા લાગ્યા કે–' અહો ! દેવ પોતાની મેળે રથ પર આરૂઢ થાય છે.' એવામાં સ્કંદપ્રતિમા રથ મૂકીને પ્રભુ પાસે ગઇ અને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક ભગવંતના પગે પડી, તેમજ ભૂમિતળે બેસીને તે ઉપાસના કરવા લાગી. ત્યારે લોકો પણ એવું આશ્ચર્ય જોઇ, વિસ્મય પામતાં ચિંતવવા લાગ્યા કે—' અહો ! આ કોઈ મહાત્મા દેવને પણ વંદનીય અને અપ્રતિમ પ્રભાવયુક્ત છે, તો આપણે એને ઓળંગીને ગયા તે કોઇ રીતે સારૂં ન કર્યું.' એમ આત્મનિંદા કરતા તેમણે ભારે આદરથી સ્વામીનો મહિમા કર્યો. પછી યોગ્ય અવસરે પ્રભુ ત્યાંથી કૌશાંબી નગરીએ ગયા. ત્યાં પ્રતિમાએ રહેલા ભગવંતને વંદન નિમિત્તે જ્યોતિષ–ચક્રના અધિપતિ ચંદ્ર–સૂર્ય પોતાના મૂળ વિમાને પૃથ્વી પર ઉતર્યા, અને ગાઢ આશ્ચર્ય પામતા લોકોના જોતાં, ત્રણ પ્રદક્ષિણાપૂર્વક જગબંધવ પ્રભુને પ્રણમીને તેઓ યથોચિત સ્થાને બેઠા. પછી સુખ–વિહારની વાત પૂછતાં, ક્ષણભર જિનરૂપ–દર્શનનું સુખ અનુભવીને તેઓ યથાસ્થાને ગયા.

હવે જગનાથ ગ્રામાનુગ્રામ વિચરતાં વાણારસી નગરીમાં ગયા. ત્યાં દેવેંદ્રે આવીને પૂજન–મહિમા કર્યો. ત્યાંથી ફરી રાજગૃહમાં આવતાં, મુગટ-મંડિત ઇશાનેંદ્રે મહિમા ગાઇ, પ્રભુને શાતા પૂછી. ત્યાંથી **મિથિલા** નગરીમાં પાર્થિવ જનકે પરમ ભક્તિથી અને નાગાધિપ ધરણેંદ્રે ભારે હર્ષથી પ્રભુને પ્રણિપાત કર્યા. એમ ગ્રામાનુગ્રામ વિચરતાં અગિયારમું ચોમાસું આવતાં ભગવંત વૈશાલી નગરીમાં આવ્યા. ત્યાં ત્રસ અને બીજ રહિત તથા સ્ત્રી, પશુ કે નપુંસકવર્જિત સ્થાને ચાતુર્માસિક–ક્ષમણ આદરીને પ્રતિમાએ રહ્યા. ત્યાં ભક્તિભાવે **ભૂતાનંદ** ભુજંગપતિએ ભવભયથી બચવા માટે પ્રભુનો પૂજા–મહિમા પ્રવર્ત્તાવ્યો.

એવામાં તેજ નગરીમાં શ્રાવકધર્મનો પૂર્ણ ઉપાસક, દાક્ષિણ્ય, દયા, પ્રશમાદિક પ્રવર ગુણ–રત્નોનો ભંડાર તથા યશ–કીર્ત્તિથી વિખ્યાત એવો **જીર્ણશેઠ** નામે સુશ્રાવક રહેતો અને બીજો **અભિનવશ્રેષ્ઠી** નામે મિથ્યાત્વી શેઠ હતો. એક દિવસે પરમ વિદગ્ધ અને ગુણાઢ્ય એવો જીર્ણશ્રેષ્ઠી શ્રાવક કંઇ કાર્યવશે નગરીની બહાર નીકળ્યો. ત્યાં કાંચન સમાન દેહકાંતિથી દિશા-

-ઓને પ્રકાશિત કરનાર, સમસ્ત લક્ષણો ધરનાર અને કાયોત્સર્ગે રહેલા એવા શ્રીમહાવીરને તેણે જોયા. તેમને જોતાં તરત જ સર્વજ્ઞનો બરાબર નિશ્ચય થતાં, ભારે હર્ષથી રોમાંચિત થઈ, સ્વામીને વંદન કરીને તે ચિંતવવા લાગ્યો કે—'ભિક્ષાકાલ વ્યતીત થતાં પણ પ્રભુ પ્રતિમાએ રહ્યા છે, તેથી આજે ઉપવાસી લાગે છે. હવે કાલે કલ્યાણ-લતાના કંદ સમાન એ ભગવંત મારા ઘરે પારણું કરે તો બહુ જ સારૂં થાય.' એમ ચિંતવતાં તે પ્રતિદિવસે સ્વામીની ઉપાસના કરવા લાગ્યો. એમ કરતાં ચાતુર્માસ-ખમણ પૂરૂં થવા આવ્યું. પછી બીજે દિવસે પારણાનો સમય જાણી, સ્વામીને નિમંત્રીને જીર્ણશ્રેષ્ઠી તરત પોતાના ઘરે ગયો. તેણે પોતાના નિમિત્તે અગાઉથી તૈયાર કરાવેલ, પ્રાસુક 'અને એષણીય ' આ પ્રવર ભોજ્ય આજે હું ભક્તિથી જગબંધુને વ્હોરાવીશ.' એવી ભાવનાથી અનિમિષ વિકાસ પામેલા લોચને પ્રભુની રાહ જોતાં તે પુનઃ ચિંતવવા લાગ્યો કે—' હું ધન્ય, કૃતપુણ્ય છું કે જગદ્ગુરુને આજે દાન આપતાં મારા નરજન્મ અને જીવિત સફળ થશે, તેમજ લાંબા વખતની ભવ-પરંપરાથી ઉપાર્જન કરેલ નિબિડ અશુભ કર્મરૂપ સાંકળથી બંધાયેલ એવા મને જો પ્રભુ પ્રાપ્ત થશે તો આજે જ મોક્ષ છે.' એમ સમજી શુભ લેશ્યામાં તે પ્રવર્ત્તે છે તેવામાં સ્વામી અભિનવશ્રેષ્ઠીના ઘરમાં દાખલ થયા, એટલે ભારે સમૃદ્ધિના વિસ્તારથી ગર્વિષ્ઠ થયેલ તે શ્રેષ્ઠીએ દાસીને હુકમ કર્યો કે-' હે ભદ્રે ! આ શ્રમણને દાન આપી, વિસર્જન કર.' ત્યારે તેના વચનના અનુરોધથી તેણે પણ ચાટવાવતી અડદ લાવી આપવા માંડ્યા. ત્યાં ભગવંતે હાથ પ્રસાર્યા અને તેણે તે હસ્તસંપુટમાં નાખ્યા. તેવામાં દેવોએ તરત દુંદુભી વગાડી, વસુધારા અને ચેલ-વસ્ત્રોત્ક્ષેપ કર્યો, ' અહો દાન ' ની મોટા શબ્દે ઘોષણા કરી તથા પાંચ પ્રકારના સુગંધી પુષ્પોની વૃષ્ટિ કરી, જેથી નગરજનો ભેગા થયા અને રાજા પણ વિસ્મય પામતો ત્યાં આવ્યો. તેમણે ભારે હર્ષ પામતાં શેઠને એ વૃત્તાંત પૂછ્યો. એટલે કપટી સ્વભાવના તેણે પણ મોટો આડંબર બતાવી કહ્યું કે-' મેં પોતે પરમભક્તિથી એ મહાત્માને પરમાન્ન-પાન પ્રતિલાભ્યા, જેથી દેવતાઓએ ' અહો દાન ' એવી ઘોષણા કરી.' એ પ્રમાણે સાંભળતાં લોકો અને રાજા પણ હર્ષ પામી, તેના ગુણ-ગાન કરી, પોતાના સ્થાને ગયા. એવામાં જીર્ણશ્રેષ્ઠી અત્યંત શુદ્ધ ભાવમાં તત્પર રહેતાં, દુંદુભી શબ્દ સાંભળીને તરત જ શોકાકુળ થતાં ચિંતવવા લાગ્યો કે-' હા ! હા ! વિધાતાએ મને મંદભાગી બનાવ્યો કે મેં સાદર નિમંત્રણ કર્યા છતાં મારૂં ઘર ઓળંગીને ભગવંતે

આજે અન્યત્ર પારણું કર્યું, અથવા તો પુણ્યહીનના ઘરે ચિંતામણિ કયાંથી?' પછી પારણું કરી ભગવંત, સૂર્યની જેમ ભવ્ય-કમળના તિમિરને હરતા, વસુધા પર વિચરવા લાગ્યા.

એકદા પ્રસ્તાવે કેવળજ્ઞાનરૂપ પ્રદીપથી પરમાર્થ જણાવનાર **પાર્શ્વ**નાથના **શિષ્યાચાર્ય** ત્યાં પધાર્યા. તેમનું આગમન જાણવામાં આવતાં રાજા અને નાગરિકો ભારે હર્ષથી તેમને વંદન કરવા નીકળ્યા, અને ભક્તિભાવથી વાંદી, ઉચિત સ્થાને બેસી, ધર્મ સાંભળીને પૂછવા લાગ્યા કે-' હે ભગવન્! અનેક લોકોથી ભરેલ આ નગરીમાં ધન્ય અને અલ્પસંસારી કોણ? તે કહો. અમને અતિ કૌતુક છે.' ત્યારે કેવલી બોલ્યા-' અહીં જીર્ણશેઠ અતિ ધન્ય છે.' રાજાએ કહ્યું-' શું તેણે ભગવંતને પારણું કરાવ્યું કે તેના ભવનમાં સાડીબાર કોટી સુવર્ણધારા પડી કે જેથી તે અતિ ધન્ય થયો?' એટલે કેવલી બોલ્યા કે—' દાનને માટે પ્રયત્ન કરતાં ભાવથી તેણે જ ભગવંતને પારણું કરાવ્યું અને પરમાર્થથી વસુધારા પણ તેના ઘરે પડી; કારણ કે સ્વર્ગ અને મોક્ષસુખનું તે ભાજન થયો. વળી એક ક્ષણ વાર જો તેણે તે વખતે દુંદુભીનો શબ્દ ન સાંભળ્યો હોત તો ક્ષપકશ્રેણીએ આરૂઢ થઇને તે તરત કેવળજ્ઞાન પામત; પણ અભિનવ શેઠને તો ભાવ-વિકળતાને લીધે પાત્ર-પ્રધાનતાથી કનક સિવાય બીજું કંઈ ન મળ્યું; માટે હે દેવાનુપ્રિયો! ચારિત્ર, દાન કે દેવપૂજા એ ભાવ વિના બધું કાસકુસુમની જેમ વિફલ છે.' એમ કેવલીએ કહેતાં બધા સભાજનો યથાસ્થાને ગયા.

હવે **મહાવીર** અનુક્રમે વિચરતા **સુસુંમાર**પુરમાં ગયા. ત્યાં **અશોકખંડ** ઉદ્યાનના અશોકવૃક્ષ નીચે પૃથ્વીરૂપ શિલાપટ્ટ પર અઠ્ઠમ તપ કરી, એકરાત્રિક પ્રતિમાએ રહેતાં, એક પુદ્ગલમાં અનિમિષ દૃષ્ટિ સ્થાપી, જરા અવનત શરીરે ઉભા રહ્યા. એવામાં પુરંદરના ભયથી વ્યાકુળ થયેલ **ચમર** નામે અસુરેંદ્ર, મહાગજની જેમ શંખ, મીન, ઉત્પલવડે સુશોભિત પ્રભુના ચરણ-યુગલરૂપ સરોવૃક્ષમાં ભરાયો. તે ચમર કોણ અને પુરંદરથી ભય કેમ પામ્યો, તેમજ તે પૂર્વભવે કોણ હતો? તે વૃત્તાંત આ પ્રમાણે છે—

ગજેંદ્રો જ્યાં દ્રાક્ષલતાઓના મોટા પલ્લવ આસ્વાદી રહ્યા છે, પોતાના શિખરની ઉંચાઇથી સૂર્યરથના પ્રચારને જે સ્ખલના પમાડી રહેલ છે તથા પ્રવર વન-વિભાગથી જે દિશાઓને શોભાવી રહેલ છે એવો **વિંધ્ય** નામે મહાપર્વત છે. તેની તળેટીમાં **બિભેલ** નામે સંનિવેશ હતો. ત્યાં **પૂરણ** નામે એક ગાથાપતિ-ગૃહસ્થ કે જે દયા, દાક્ષિણ્ય, શૌચાદિ ગુણયુક્ત અને ભારે

ધનપતિ હતો. તે સ્વજનવર્ગને સંમત, રાજાને વલ્લભ, પ્રજાવર્ગને ચક્ષુભૂત અને ધાર્મિક જનોના હૃદયરૂપ હોઈ ઉભય લોકને અવિરૂદ્ધ વ્યવહારથી કાલ નિર્ગમન કરતો. એકદા પાછલી રાતે સુખ-શય્યામાં રહેલ અને નિદ્રાના અભાવે લોચન ઉઘડી જતાં તે ચિંતવવા લાગ્યો કે—" અહો ! પૂર્વભવે મેં અવશ્ય દાન દીધું છે અને તપ આચર્યું છે કે જેના પ્રભાવે આ મનોવાંછિત કાર્યની સિદ્ધિ થઇ છે; કારણ કે રાજ-સન્માન, ધન, ધાન્ય, ભંડાર અને પુત્રાદિકના પરિવારવડે હું પ્રતિદિવસ વૃદ્ધિ પામું છું. પ્રતિકૂલ લોકો પણ જોવા માત્રથી અનુકૂળ થઇ જાય છે અને નિવારણ કર્યા વિના પણ મારી બધી આપદાઓ પરાસ્ત થાય છે, તો પૂર્વપુણ્યનો અલ્પ ભાગ પણ જ્યાં સુધી હજી બાકી છે, ઉદ્યમ હજી થઇ શકે તેમ છે, લોકોમાં જ્યાં સુધી સન્માન છે, રોગાદિકનો પરાભવ નથી, જ્યાં સુધી શરદના વાદળા જેવી લક્ષ્મી વિદ્યમાન છે, જ્યાં સુધી જરા આવી નથી, પ્રિયજન સાથે વિરહ નથી, અદ્યાપિ જ્યાં કુટુંબ આજ્ઞામાં છે ત્યાં સુધી ફરી પરભવમાં સુખ પમાડનાર ધર્મ સાધું; કારણ કે કારણું વિના કદાપિ કાર્યની ઉત્પત્તિ ન થાય. વળી મનુષ્યત્વ સાધારણ છતાં કેટલાક રાજ્ય કરે છે અને કેટલાક તેમની સેવા ઊઠાવે છે. એ ધર્માધર્મનો પ્રભાવ છે, માટે પ્રભાત થતાં સ્વજન-વર્ગને ભોજન કરાવી, પુત્રને ગૃહભાર સોંપીને હું તાપસ-દીક્ષા લઉં." એમ ચિંતવતાં સૂર્યોદય થયો, એટલે તેણે સ્વજન-વર્ગને નિમંત્રણ કરાવી, પરમ આદરથી જમાડીને તાંબૂલાદિકથી તેમનો સત્કાર કર્યો. પછી અંજલિ જોડીને તેણે નિવેદન કર્યું કે—'હે સ્વજનો ! તમે મારૂં વચન સાંભળો. હું હવે વિષયોથી વિરક્ત થયો છું, ગૃહ-વ્યવહારથી નિવૃત્ત થવા માગું છું અને પ્રિય પત્ની, પુત્ર, મિત્રાદિ પરિજન પરનો સ્નેહ ક્ષીણ થયો છે, તો હવે **દાણામા**-પ્રવ્રજ્યા સ્વીકારવાની મને અનુજ્ઞા આપો; અને લાંબો વખત અહીં રહેતાં મેં જે કાંઇ તમને પ્રતિકૂળ આચર્યું હોય, તે અત્યારે ક્ષમા કરો. વળી પૂર્વે તમે મારા પર જેમ પક્ષપાત કરતા તેમ હવે મારા પુત્ર પર પણ રાખજો.' એમ સપ્રણય કહી, તેણે પુત્રને ગૃહભાર અને ગૃહનો પરિવાર સોંપ્યો, નિધાનો બતાવ્યાં, સ્વજનોની ભલામણ કરી તેમ જ તે સમયે બીજું પણ જે કરવા લાયક હતું તે સર્વ કર્યું. પછી શુભ તિથિ મુહૂર્ત્તે વિષની જેમ ગૃહવાસને તજી, ચતુષ્પુટ કાષ્ઠનું ભાજન લઈ તે પૂરણે **દાણામા** તાપસ પ્રવ્રજ્યા લીધી. તે દિવસથી સતત છટ્ઠતપ અને આતાપના કરતાં તે આત્માને શોષવા લાગ્યો. પારણાના દિવસે ભાજન લઇ, ઉંચા-નીચા ઘરોમાં મધ્યાહ્ન સમયે ભમતાં, ભાજનના પ્રથમ પુટમાં જે ભિક્ષા મળતી

તે પથિક અને અનાથને દેતો, બીજા પુટમાં જે આવતી તે કાગ, કૂતરા પ્રમુખને દેતો, ત્રીજા પુટમાંથી મત્સ્ય, મગર પ્રમુખ જલચર જીવોને તે આપતો અને જે ચોથા પુટમાં પડતું તે પોતે આસક્તિ વિના જમતો. એમ સદા દુષ્કર તપમાં તત્પર છતાં સદ્‌જ્ઞાનહીન એવો તે તથાપ્રકારે પાપ વિનાશ કરી શકતો નહિ કે જિનમાર્ગે ચાલનાર સાધુ અલ્પ તપથી પણ જે કર્મો ખપાવી શકે, અથવા તો લોખંડ પણ રસના યોગે હેમ બને છે. હવે તેવા દુષ્કર બાળતપથી કૃશ-લુક્ષ અને માત્ર અસ્થિ ચર્મરૂપ શરીર રહેતાં તે ચિંતવવા લાગ્યો કે—' હવે હું ક્ષીણ થયો છું, છતાં હજી કંઇક પૌરૂષ છે, તેટલામાં ઉચિત સ્થાને જઇને હું અનશન કરૂં. ' એમ ધારી, ચતુષ્પુટ પ્રમુખ ઉપકરણ એકાંતે તજી, બિભેલ સંનિવેશના ઇશાન-વિભાગમાં જઈ, તેણે ભોજનનું પ્રત્યાખ્યાન કર્યું. એવામાં **ચમરચંચા** રાજધાની ઇંદ્ર રહિત હતી એટલે તે બાળતપસ્વી પૂરણ લગભગ બાર વર્ષ પ્રવ્રજ્યા-પર્યાય પાળી, એક માસની સંલેખનાથી શરીર ખપાવી, મરણ પામતાં, તે ચમરચંચા રાજધાનીમાં ચમરેંદ્રપણે ઉત્પન્ન થયો. પછી પર્યાપ્ત ભાવને પામતાં વિવિધ મણિ-રત્નોના કિરણોથી દેદીપ્યમાન, વિકસિત પુષ્પોથી શોભાયમાન, સવિલાસ દોડતી દેવાંગનાઓના લલિત કરતલોથી ચાલતા ચામરોવડે ભારે આકર્ષક એવા પોતાના ભવન-વિભાગોને શાંત મને આમતેમ જોતાં જેટલામાં તે ઉંચે જુએ છે, તો સૌધર્મ દેવલોકમાં સમસ્ત દેવ-સમૃદ્ધિથી સુંદર, ઘનસાર મિશ્ર કાલાગરૂના ભારે ધૂપ-ધૂમથી વ્યાપ્ત, દ્વાર પર સ્થાપેલા અને વિકસિત કમળોથી ઢાંકેલા પૂર્ણકળશોવડે વિરાજિત, નિર્મળ મણિની ભીંતોના પ્રકાશથી જ્યાં અંધકાર નિરસ્ત થયેલ છે, અવાજ કરતી કનક-કિંકિણીઓથી યુક્ત ધ્વજાઓ જ્યાં ઉછળી રહી છે, સ્થાને સ્થાને જ્યાં મુક્તાફળોના ઝુમખા લટકી રહ્યા છે, વિવિધ મણિ-રત્નોથી બનાવેલ અને પ્રાંતે પ્રવર વેદિકાથી વેષ્ટિત એવા **સૌધર્માવતંસક** વિમાનમાં **સૌધર્મા સભાને** વિષે સિંહાસન પર બેઠેલ, ચોરાશી હજાર સામાનિક દેવો તેમજ બીજા અનેક કોટાકોટી દેવોવડે અંજલિપૂર્વક ઉપાસના કરાતો, શ્રેષ્ઠ પટહ પ્રમુખ વાદ્યધ્વનિથી મિશ્ર મૃદંગના તાલ અનુસારે થતાં સંગીતમાં પ્રમોદથી નૃત્ય કરતી દેવાંગનાઓને જોતો તથા કલ્પનામાં ન આવી શકે તેવા સુખ-સમૂહને અનુભવતો અને પોતે હાથમાં વજ્રને ધારણ કરતો પુરંદર તેના જોવામાં આવ્યો. તેને જોતાં ઇર્ષ્યા તેમજ ક્રોધમાં આવી ચમરેંદ્ર ચિંતવવા લાગ્યો કે—' અરે ! આ દુષ્ટલક્ષણ, અપથ્યની પ્રાર્થના કરનાર, લજ્જા-મર્યાદા રહિત, દેવકુળને કલંકરૂપ અને અકાળે

કાળમુખમાં પેસવાની ઇચ્છા કરનાર કોણ ? કે જે હું અસુરરાજના શિર પર રહી, દિવ્ય ભોગ ભોગવતાં નિશ્ચિંત વિલાસ કરે છે.' એમ વિચારી સામાનિક સભામાં બેઠેલ તથા સંશય પડતાં પૂછવા લાયક એવા દેવોને તેણે બોલાવીને કહ્યું કે—'હે દેવાનુપ્રિયો ! મારા શિર પર આ દુષ્ટાત્મા કોણ વર્તે છે ?' એટલે મસ્તકે અંજલિ જોડી, વિજયવડે વધાવીને તેમણે સવિનય જણાવ્યું કે—'હે દેવાનુપ્રિય ! એ મહાત્મા, મહાતેજસ્વી, અપ્રતિહત–શાસન સૌધર્માધિપતિ સુરેંદ્ર પોતે જ વિલાસ કરી રહ્યો છે.' એમ સાંભળતાં ભારે કોપથી ભ્રકુટી–ભીષણ વદન કરીને તે કહેવા લાગ્યો કે—'અરે દેવતાઓ ! તમે પૂર્વે મારા પરાક્રમથી અજાણ્યા છો, તેથી કેટલાક દેવના પરિવારવાળા એ ઇંદ્રને આમ વખાણો છો. એ કદાચ ઉચ્ચ સ્થાને સ્થિત છે, તો શું એટલામાત્રથી તેનામાં ગુરૂત્વ આવી જશે ? વૃક્ષની ટોચે બેઠેલ હોલો શું મયૂરની શોભા પામશે ? અથવા તો ત્રાજવામાં વસ્તુ તોલતાં જે સાર–ભારે હોય તે હેઠે જ બેસે અને હલકી ઉપર આવે. એથી એ મારાથી ઉતરતો છે, અને જેમ કોઇ માતંગ–ચંડાળના કુળમાં જન્મ્યા છતાં રાજ્ય પામે, તેમ પાતકના યોગે એ સ્વર્ગ પામ્યો છે. હે દેવો ! શૂર રહિત રણમાં કાપુરૂષની જેમ એ દેવાંગનાઓ સાથે લાંબો વખત સુખે રહ્યો, પરંતુ હવે લાંબાકાળના તેના ગર્વ–માહાત્મ્યને હું ટાળવાનો છું; કારણ કે રોગની જેમ દુષ્ટ જનોની કુશળ પુરૂષો ઉપેક્ષા કરતા નથી. પોતાના ક્રમ પ્રમાણે પ્રાપ્ત થયેલ સ્વામિત્વથી સંતુષ્ટ થઇને જે વ્યવસાય કરતો નથી તેને કાપુરૂષ સમજીને લક્ષ્મી તજી દે છે, તો આજે બળશાળી એવા મારા હાથે, સુરલોકના સ્વામીના માનદલનરૂપ મલિનત્વ ભલે સત્વર પ્રગટ થાય.'

એ પ્રમાણે પોતાના ભુજબળના માહાત્મ્યને જાણ્યા વિના ચમરેંદ્રનું ગર્વિષ્ઠ વચન સાંભળતાં સામાનિક દેવોએ જણાવ્યું કે—'હે દેવ ! એ પૂર્વોપાર્જિત પુણ્યની પ્રકૃષ્ટતાથી દેવલોકની સમૃદ્ધિનો શ્રેષ્ઠ વિસ્તાર પામ્યો છે, અને તમે ઉદ્યમ, વ્યવસાય, બલાદિક ગુણો સહિત છતાં અમારા જેવા ભવનવાસીઓના સ્વામી છો, તો હે નાથ ! તમે મત્સર મૂકી દ્યો અને પોતાના ક્રમ પ્રમાણેનું સ્વામિત્વ ભોગવો; તથા તે ભલે સુર–સંપત્તિ ભોગવે, તેમાં પરસ્પર વિરોધ નિરર્થક છે. પોતાના સંશયયુક્ત માહાત્મ્યથી શું થાય ? તમે નિપુણ બુદ્ધિથી વિચાર કરો. વગર વિચાર્યે કરવામાં આવેલ કાર્યો પ્રાંતે વિષવૃક્ષના ફળની જેમ દારૂણ નીવડે છે, કારણ કે માન–ખંડનથી એક વાર

થયેલ અપયશ-ધૂલિ હજારો જળધારા પડવાથી પણ વિશુદ્ધ-દૂર ન થાય; માટે અહીં જે યોગ્ય લાગે તે તમે પોતે સમજી લ્યો. તમારા કરતાં અમારો વિવેકભાવ શો ?' એમ સાંભળતાં ભારે ક્રોધથી ભીમ ભ્રકુટી ચડાવી, ચમરેંદ્ર કહેવા લાગ્યો કે—'અરે સામાનિક દેવો ! તમે પર્યાયે પરિણત છતાં વિવેક રહિત સ્થવિરપણાને નિરર્થક ધારણ કરો છો કે આમ સ્વસ્વામીના પરાભવને સૂચવનાર વચન બોલતાં તમારી મોટાઇ બહુ જ દૂર ચાલી ગઇ છે; કારણ કે ગુણો ગૌરવને પેદા કરે છે. એથી પર્યાયે લઘુ છતાં ગુણાધિકપણે તે લોકોને ગુરૂની જેમ આદરપાત્ર થાય છે; નહિ તો અણુમાત્ર છતાં સુચિત્ર-સુંદરતાથી કીંમતી સરસવ શિર પર કેમ ધારણ કરાય ? અથવા તો આટલું કહેવાની પણ શી જરૂર છે ? મારા પરાક્રમને ન જોનાર તમારો શો દોષ ? તો કહો કે હેલા માત્રથી કંદુકની જેમ કરતલમાં ઉંચા-નીચા પાડતાં કુલપર્વતોથી ક્રીડા કરૂં ? કે પ્રચંડ ભુજદંડની પ્રચંડતાથી ભિન્ન ભુવનત્રયને એકઠા કરી મૂકું ?' એમ અનેક પ્રકારના ક્રોધથી વિચિત્ર વચનાડંબરથી પૂરી દીધેલ ભુવનમાંથી ઉછળતા પ્રતિશબ્દના મિષે જાણે અનુજ્ઞા પામેલ હોય તેમ તે ચમરેંદ્ર શક્ર સાથે યુદ્ધ કરવાને ભયભીત સામાનિક સભામાંથી ચાલી નીકળ્યો. તેવામાં જરા વિવેક આવતાં તે પુનઃ વિચારવા લાગ્યો કે—'આ મારા સામાનિક અસુરો ઇંદ્રથકી બહુ બીએ છે તેથી કાર્યનું પરિણામ બરાબર જાણી શકાતું નથી. વળી કદાચ તેનાથકી હું પરાજિત થાઉં તો તેનાથી પ્રતિઘાત પામતાં મારે કોના શરણે જવું ?' એમ ધારી, અવધિ પ્રયુંજતાં તેણે સુસુંમારપુરના ઉદ્યાનમાં પ્રતિમાએ રહેલા મહાવીરને જોયા. તેમને જોતાં તે શય્યાથકી ઉઠ્યો અને દેવદૂષ્ય ધારણ કરી, વિવિધ વજ્રમય શસ્ત્રોયુક્ત ચોપ્પાલક નામની આયુધશાળામાં ગયો. ત્યાં કૃતાંતના ભુજદંડ સમાન અને અતિવિસ્તૃત એવું પરિઘા-રત્ન લેતાં તે અસુરાંગનાઓથી સાભિલાષ જોવાતો કિંકર્ત્તવ્યતામાં વ્યામૂઢ બનેલા અંગરક્ષકો જેને જોઇ રહ્યા છે, દુવિનીત સમજીને સામાનિક અસુરો જેની ઉપેક્ષા કરી રહ્યા છે, 'હવે કંઇપણ થશે' એમ ભવનપતિ-વર્ગ જેને માટે શંકા કરી રહેલ છે એવો ચમરેંદ્ર ચમરચંચા રાજધાનીથકી નીકળ્યો અને એકદમ વેગથી ભગવંત મહાવીરની સમીપે ગયો. ત્યાં પરમ ભક્તિથી પ્રભુને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વાંદીને તે વિનંતિ કરવા લાગ્યો કે—'હે નાથ ! તમારા ચરણકમળના પ્રભાવે દુર્લભ મનોરથો પણ પૂર્ણ થાય છે, માટે હું તમારી નિશ્રાએ પુરંદરને અત્યારે પરાક્રમહીન અને પ્રભુત્વ રહિત કરવાને ઇચ્છું છું.' એમ કહી ઈશાન દિશાભાગમાં જતાં તેણે વૈક્રિય-સમુદ્ઘાત

કરવા માંડ્યો અને એક લક્ષ યોજનપ્રમાણ મોટું ઘોરાકાર શરીર વિકુર્વ્યું કે જે ઉંચા ઘોર મસ્તકાગ્રે ધૂમતા કેશ-કલાપયુક્ત, અંજનગિરિના શિખર સમાન તથા નવીન મેઘસમૂહ સદૃશ, અતિઘોર મુખકંદરામાં સ્ફુરાયમાન દાઢાઓવડે દુષ્પ્રેક્ષ્ય, મુખથકી ઉછળતી જ્વલિતાગ્નિની જ્વાળાઓથી વ્યાપ્ત, દિશાઓમાં ઉછાળેલ ઉત્કટ ભુજદંડથી તારાચક્રને આક્રાંત કરનાર, વિશાલ ઉર-પંજરથી રવિકિરણના પ્રચારને આચ્છાદિત કરનાર, ગંભીર નાભિમંડળમાં સૂતેલા સર્પોના ફૂત્કાર સહિત, ઉદ્યમ અને દીર્ઘ જંઘાના ભારથી ચરણ-તલને દબાવનાર, સુરાસુરયુક્ત ત્રણે લોકને જાણે એક હેલામાત્રથી કવલ કરવા તૈયાર હોય તથા ભીમને પણ ભય પમાડનાર એવું શરીર તેણે આકાશતલમાં પ્રસાર્યું. પછી એવા શરીરે તે એકદમ ઉતાવળે ઇંદ્ર સન્મુખ દોડ્યો; અને ભારે વેગને લીધે પ્રસરતા શ્વાસની પ્રબળતાથી સામે આવતા દેવવિમાનોને આઘે ફેંકતો, લીલાથી ચાલતા ચરણાગ્રથી તાડન કરેલ ઉંચા પર્વતોથી પડતા મોટા પાષાણોવડે ભૂપીઠને તાડના કરતો, અંજનપુંજ, મેઘસમૂહ, કોયલ કે ભ્રમરના સમુદાય સમાન દેહપ્રભાના પ્રસારથી, લવણસમુદ્રના જલસમૂહની જેમ ગગનાંતરને જાણે પૂરતો હોય, શરીરની ગુરૂતાવડે જાણે ત્રણે લોકને ભરતો હોય, સતત કરેલ ગર્જારવથી જાણે બ્રહ્માંડ-ઉદરને ફોડતો હોય, તેમજ ક્યાંક જળવૃષ્ટિ કરતો, ક્યાંક રજપુંજ ફેંકતો, ક્યાંક તિમિરસમૂહ પ્રસારતો, કોઇ સ્થળે વિદ્યુત્પુંજ કહાડતો, છિન્ન ધાન્યની જેમ વાણવ્યંતર દેવોને ભયથી કંપાવતો, જ્યોતિષીઓને ત્રાસ પમાડતો તથા આકાશતલમાં સ્ફટિક-રત્નને વર્ત્તાવતો એવો તે નિમેષમાત્રમાં ચંદ્ર, સૂર્ય અને નક્ષત્ર-મંડળને ઓળંગી સ્વર્ગમાં પહોંચ્યો. એવામાં તેનું તેવું વિકરાલ રૂપ જોતાં દેવો વિસ્મય પામ્યા, 'હા! આ શું?' એમ બોલતી દેવીઓનાં નીવી-બંધનો ભયને લીધે ઢીલાં પડી ગયાં, પોતાના જીવિતની અપેક્ષા રહિત છતાં સુભટો જાણે સ્તંભિત થયા હોય તેમ ભયભીત થયા, અંગરક્ષકો બાલકની જેમ સંક્ષોભ પામ્યા, લોકપાલો ચલાયમાન થયા, સામાનિક દેવો કિંકર્ત્તવ્યતાથી વિમૂઢ બન્યા, ત્રાયસ્ત્રિંશકો અત્યંત ચમકી ઉઠ્યા, અને વિરસ શબ્દ કરતો ઐરાવણ નાસવા લાગ્યો. તે વખતે ચમરેંદ્ર એક પગ પદ્મ-વરવેદિકા પર અને બીજો પગ સુધર્મા સભામાં રાખી, સ્ફટિક-રત્નવડે ભારે જોરથી ત્રણ વાર દ્વાર-ભાગને તાડન કરી, રોષથી તે કહેવા લાગ્યો કે—'અરે! અધમ દેવો! સ્વચ્છંદે પોતાના ઘરે લીલા-વિલાસ કરનાર, વગર વિચાર્યે કામ કરવામાં વિચક્ષણ, પોતાના બળથી શેષ સુભટોની અવગણના કરનાર તથા અકુશળતા ન જોવાથી સમગ્ર

વૈરી-વર્ગના વિજયની સંભાવના કરનાર એવો તે પુરંદર કયાં! અથવા ખોટી વિદગ્ધતાથી યુક્તાયુક્ત આચારની દરકાર ન લાવનાર સ્વકાર્યની સાધના માત્રથી સ્વામીસેવા બતાવનાર એવા તે ચોરાશી હજાર સામાનિક દેવો કયાં? વળી નિષ્ફળ વિવિધ આયુધના આડંબરયુક્ત તે ચોરાશી હજાર આત્મરક્ષક દેવો કયાં? ઉંચા પર્વતોના શિખરને ભેદી નાખનાર તે વજ્ર અત્યારે કયાં ગયું? અથવા અપ્રતિમ રૂપ-લાવણ્યથી મનોહર એવી તે અનેક કોટી અપ્સરાઓ કયાં? અરે! કાર્યનો વિનાશ થતાં તમે એમ ન બોલશો કે—'પોતાનું આગમન જણાવ્યા વિના ચમરચંચાના સ્વામીએ આપણને છળથી હણ્યા.' આ હું અત્યારે તમ અનાથોને જીર્ણ-વૃક્ષની જેમ મૂળથી નિર્મૂળ કરવાનો છું અને આ સ્ફટિક-રત્નવતી સાકરના કાંકરાની જેમ ચૂરવાનો છું. વધારે શું કહું? શરણ રહિત એવા તમને એકીસાથે યમના મુખમાં નાખવાનો છું, માટે અત્યારે અહીં જે કરવાનું હોય તે કરી લ્યો અને શરણ્યને સંભારો. પોતાના જીવિતની રક્ષા થાય તેવો ઉપાય શોધો, અથવા તો મસ્તક નીચે નમાવતાં સદ્ભાવ દર્શાવીને દેવલોકની લક્ષ્મી મને સોંપો. નિરર્થક પુરંદરનો પક્ષપાત શા માટે કરો છો? વળી એ વ્યવહાર પણ પ્રગટ જ છે કે ચિરકાલ પરિપાલન કરાયેલ છતાં કાલાંતરે પણ કુલાંગના તો અવશ્ય પોતાના પ્રાણનાથને જ અનુસરે. અને વળી હે પુરંદર! મારા વિરહમાં સ્વામીના અભાવે જે તેં એ સ્વર્ગલક્ષ્મી ભોગવી, છતાં વિનયથી મારા પગે પડતાં, તે હું બધું તારૂં ક્ષમા કરીશ. વળી મારા પાદ-પ્રણામના પ્રસાદે સ્વપ્ને પણ ભયની દરકાર ન રાખતાં પોતપોતાના ભવનમાં ભરાઈને બધા દેવો ભલે વિલાસ કર્યા કરે. તેમ જ યોગ્ય પતિના સમાગમથી પ્રમોદ પામી રોમાંચિત થયેલ સ્વર્ગલક્ષ્મી ભલે સ્વેચ્છાએ મારા વૃક્ષસ્થળમાં વિલાસ કરે. અથવા તો એટલેથી પણ શું? મારા બાહુ-પંજરમાં લીન થયેલ સમસ્ત ત્રિભુવન પણ યાવચ્ચંદ્ર પરચક્રના ભયની શંકા વિના ભલે નિવાસ કરે. હે સુરેંદ્ર! જેટલામાં મુગટને ભાંગી ભૂકો કરનાર મારૂં પ્રચંડ સ્ફટિક-રત્ન તારા શિર પર ન પડે તેટલામાં તું મને પ્રણામ કરી લે. પોતાનું ભુજબળ તપાસ્યા વિના મારી સાથે યુદ્ધ કરતાં તું રંભા અને તિલોત્તમાદિકને વૈધવ્ય શા માટે આપે છે? પ્રથમથી જ જો ન્યાયમાર્ગ લેવામાં આવે તો કુશળજનો દોષ દેતા નથી, અને કદાચ કાર્યનો વિનાશ થતાં પશ્ચાત્તાપ પણ થતો નથી."

એ પ્રમાણે અસમંજસ બોલતા ચમરેંદ્રને સાંભળતાં હેલામાત્રથી તીવ્ર કોપ પ્રગટતાં, ઉત્કટ ભ્રકુટી ચડાવી અને ભીષણ લોચન કરતો પુરંદર કહેવા

લાગ્યો કે–' હે દુરાચારશેખર ! હે નિર્મર્યાદ ! હે અસુરાધમ ! હે અમર ! હે દુષ્ટ ચેષ્ટામાત્રથી દેવોને ત્રાસ પમાડનાર ! અત્યારે તો તું અવશ્ય અપ્રાર્થનીયની પ્રાર્થના કરે છે, નહિ તો અહીં તારૂં આગમન કયાંથી સંભવે ? માટે અરે ! પોતાના શરીરે પેદા થયેલ દંતાદિવડે જેમ હાથી, કેશ–કલાપવડે જેમ સુરભિ–ચમરીગાય, કસ્તૂરીવડે જેમ મૃગ, સુગંધવડે જેમ ચંદનવૃક્ષ, ફણારત્નવડે જેમ ભુજંગ તેમ તું આ પોતાના જ દર્પવડે નાશ પામવાનો છે. ' એમ કહી, સિંહાસનસ્થ ઇંદ્રે વજ્રનું સ્મરણ કર્યું. એટલે તરત જ હજારો ઉલ્કા મૂકતું, જવાળાઓ છોડતું, કોટીગમે અગ્નિકણો વિખેરતું, હજારો સ્ફુલિંગશ્રેણીથી ચક્ષુને વિક્ષેપ પમાડતું, જાણે સમગ્ર અગ્નિથી બનાવેલ હોય, જાણે બધા સૂર્યોનાં કિરણોવડે રચેલ હોય, જાણે સમસ્ત તેજલક્ષ્મીના પિંડથી ઉત્પન્ન કરેલ હોય એવું વજ્ર પુરંદર–કરતલમાં પ્રાપ્ત થયું, અને તેણે તરત ચમરેંદ્ર પ્રત્યે મૂક્યું. ત્યારે પૂર્વે કદી ન જોયેલ અને વેગથી આવતા તે ભીમ વજ્રને જોઇ, સમર, મત્સર અને ઉત્સાહ ભગ્ન થતાં, સામાનિક અસુરોનાં શિક્ષાવચનો યાદ આવતાં, લાંબા નીસાસા મૂકતાં ' હવે પૂર્ણ પુણ્ય વિના રસાતલ સુધી ન પહોંચાય ' એમ સંકલ્પ કરી, સંભ્રમ–ભયાકુળતાથી ઉંચે જોતાં તરત તારાયુક્ત અક્ષિક્ષેપથી ગગનાંગણ પ્રત્યે દ્રષ્ટિ કરતાં, કયાંય પણ આત્મ–રક્ષણ ન મળવાથી ભયવશે કંપતા, હાથમાંથી સ્ફટિકરત્ન પડી જતાં પણ તેની દરકાર ન કરતાં, તે સમયને ઉચિત કર્ત્તવ્ય ખ્યાલમાં ન આવતાં, ' હવે અન્ય ઉપાયોથી સર્યું, પરંતુ ભગવંતના ચરણ–કમળ શરણારૂપ છે. ' એમ યાદ કરી, ઉપર પગ અને અધોમુખે વેગથી ગમન કરતાં, ઉત્પન્ન થયેલ પરિશ્રમને લીધે સરી પડતા કક્ષા–કાખના સ્વેદ–સલિલની જેમ ઉત્કૃષ્ટ ચપલ ગતિએ તે ભગવંતની અભિમુખ ભાગવા લાગ્યો. અને વળી દર્પ–વિભવ દલિત થતાં તેને કેવળ લઘુતા પ્રાપ્ત ન થઇ, પરંતુ વેગથી પલાયન કરતાં દેહવડે પણ તેને લઘુતા આવી. વળી ' અરે ! તે આ કેમ જાય છે ? કે જેણે ઇંદ્ર સમક્ષ બડાઇ બતાવી ' એમ હાથે તાળી મારતા દેવોવડે હાંસી પામતો, તે વખતે દેહના વિસ્તારથી ભુવન–ઉદરને ભરી દેતો, છતાં આ વખતે એટલો બધો લઘુ બની ગયો છે કે પતંગની જેમ જાણવામાં પણ આવતો નથી. એવામાં ઇંદ્રે પ્રયત્નપૂર્વક છોડેલ અને અગ્નિ–જવાળાઓથી દિશાઓને આકુલિત કરનાર તથા ઇંદ્રના બધા શત્રુઓને જાણે એકીસાથે કવલિત કરવા માગતું હોય એવું તે વજ્ર જેટલામાં અલ્પ અંતર રહી જતાં તેના મસ્તક સુધી ન પહોંચ્યું તેટલામાં ભાંગેલ તૂટેલ સ્વરે ' હે

ભગવન્! અત્યારે આપનું શરણ છે' એમ બોલતો ચમર, કાયોત્સર્ગે રહેલા વિભુના ચરણ-કમળમાં પેઠો. એવામાં સુરેંદ્રને વિચાર આવ્યો કે-' અહો! પોતાના સામર્થ્યથી અસુરેંદ્રનું સૌધર્મ દેવલોક સુધી આગમન સંભવતું નથી, પણ ભગવંત, તીર્થંકર, જિનચૈત્ય કે ભાવિતાત્મા સુશ્રમણની નિશ્રાએ તે અહીં આવી શકે; તો એ અત્યંત અયુક્ત તથા પરભવે દુઃખકારી થવા પામ્યું.' એમ ચિંતવી અવધિ પ્રયુંજતાં, ભગવંતના ચરણ-કમળને અનુસરતો અને કંથવાની જેમ અતિસૂક્ષ્મ એવો ચમરેંદ્ર તેના જોવામાં આવ્યો. તેને જોતાં એકદમ ચિત્તમાં ચમત્કાર પામી-' હા! હું મંદભાગી હણાયો.' એમ બોલતાં અત્યંત શીઘ્ર ગતિએ પુરંદર વજ્રના માર્ગે દોડ્યો અને જેટલામાં પ્રભુના ઉત્તમાંગથી વજ્ર ચાર અંગુલ હજી દૂર હતું તેવામાં તરત જ તેણે તે સંહરી લીધું; પરંતુ અતિ શીઘ્ર ગમનને લીધે કરતલના પવનથી પ્રભુના બારીક અગ્રકેશ જરા તરલિત થયા. પછી પોતાના દુશ્ચરિત્રને વારંવાર નિંદતાં, ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પરમ ભક્તિથી પ્રભુને વંદન કરીને તે ખમાવવા લાગ્યો કે-' હે નાથ! પ્રસાદ કરો. તમારા ચરણની નિશ્રાએ આ ચમરેંદ્ર મને પરાભવ પમાડવા આવ્યો, તે મારા જાણવામાં ન હતું; પણ અત્યારે વજ્ર કરતલમાં આવતાં મેં જાણ્યું તો હે પ્રણતવત્સલ! એ મારો અપરાધ તમે સત્વર ક્ષમા કરો. હે ભુવનબાંધવ! સંસાર-પરંપરાના પરમ બીજરૂપ એવું અકૃત્ય હવે હું કદી કરીશ નહિ.' એ પ્રમાણે જગદ્ગુરૂને સવિનય ખમાવી, ઇશાન-દિશિભાગમાં રહી, ડાબા પગથી ત્રણ વાર ભૂમિતલને તાડન કરી, ઇંદ્ર ચમરને કહેવા લાગ્યો કે-' હે અસુરેંદ્ર! તમે સારૂં કર્યું કે સમસ્ત જગતનું સંરક્ષણ કરવામાં એક દીક્ષિત એવા પ્રભુના પદ-પંકજમાં તિરોહિત થયો. એમ કરવાથી તેં મારૂં હૃદય બહુ જ સંતુષ્ટ કર્યું છે. પૂર્વવૈરનો અનુબંધ હવે દૂર થયો અને યાવજ્જીવ અવિનશ્વર પ્રણયભાવ ઉત્પન્ન થયો, માટે હવે યથેચ્છાએ વિલાસ-સંચાર કર્યા કર. પ્રભુના પ્રભાવે મારાથકી તને હવે ભય નથી.' એમ આશ્વાસન પમાડી, દેવેંદ્ર સ્વસ્થાને ગયો. પછી હર્ષોત્કર્ષથી વદન-કમળ વિકાસ પામતાં, પ્રભુના પાદકલ્પવૃક્ષના પ્રભાવથી નિર્ભય થતાં, યથાવિધિ ભગવંતને પ્રણામ કરી, ચમરેંદ્ર પણ સ્તુતિ કરવા લાગ્યો કે 'હે સમસ્ત જગજંતુના બંધવ! હે ધ્યાનાનલથી કર્મ-વનને દગ્ધ કરનાર! હે તીવ્ર પરીષહ સહન કરવામાં એકધીર! એવા હે મહાવીર! તમે જયવંત વર્તો. હે સિદ્ધિવધૂના સંગી! હે સદ્ધર્મના નિધાનને વસનાર! હે કનકસમાન દેહકાંતિથી દિશાઓને ચમકતી બનાવનાર! હે નાથ! તમારા

ચરણુની છાયામાં લીન થતાં ભવભય પણુ ન આવે, તો સ્વભાવે ભંગુર પર્વતોને દળનાર વજ્રથી શું થવાનું હતું ? હે નાથ ! જ્યાં સુરાસુર ત્રણે લોક શરણે આવે તેવા તમારા પાદતળે રહેતાં મને ભય કેવો ? હે દેવ ! અભ્યુદયના મૂલ બીજરૂપ તમારા પદકમળને પામતાં, પરમાર્થથી તો હું સ્વર્ગની સંપદા પણુ પામી જ ચૂક્યો. હે સ્વામિન્ ! તમારી ભક્તિથી જો પ્રતિબંધ વિના મનોવાંછિત મળતા હોય તો પ્રતિજન્મે તમારા ચરણુની સેવા મને પ્રાપ્ત થાઓ. ' એ રીતે સદ્‌ભાવગર્ભિત વચનથી શ્રી વીરને સ્તવી, ઇંદ્રના ભયરૂપ મહા–અર્ણુવ–સાગરથી પાર પામેલ ચમરેંદ્ર પોતાની રાજધાનીમાં ગયો.

પછી ભગવંત પ્રભાતે એકરાત્રિક મહાપ્રતિમા પારી, ત્યાંથી નીકળતાં અનુક્રમે **ભોગપુર** નગરમાં ગયા. ત્યાં **મહેંદ્ર** નામે ક્ષત્રિય હતો કે જે ભગવંતને જોતાં, નિષ્કારણુ તીવ્ર કોપ ઉત્પન્ન થતાં, ખજૂરીની લાકડી લઇને મારવા દોડ્યો. એવામાં લાંબા કાળે દર્શન કરવા ભક્તિ જાગતાં સનત્કુમાર–સુરેંદ્ર ત્યાં આવી પહોંચ્યો. તેણે પૂર્વોક્ત રીતે પેલા ક્ષત્રિયને જિનેંદ્ર તરફ આવતો જોયો. તેને અટકાવીને ઇંદ્રે પ્રભુને પ્રણામ કર્યા અને પરીષહ–પરાજય સંબંધી શરીરની કુશળતા પૂછી. પછી તે સ્વસ્થાને ગયો. એટલે માનનું મર્દન કરનારા અને દેવેંદ્રોને પૂજનીય એવા વર્ધમાનસ્વામી પણુ ત્યાંથી **નંદિગ્રામે** ગયા. ત્યાં સિદ્ધાર્થ રાજાના નંદી મિત્રે તેમના ગુણુગાન અને આદર કર્યો. ત્યાંથી **મેંઢક** ગામે જતાં ગોવાળ કોપથી રજ્જુ લઇને ભગવંતને મારવા દોડ્યો. તેને સુરેંદ્રે અટકાવ્યો. પછી ગ્રામાનુગ્રામ વિહાર કરતા વિભુ, નિરંતર ધવલ ગૃહશ્રેણિથી અલંકૃત અને ત્રિમાર્ગ, ચતુષ્ક, ચોવાટા, ચોરાદિકથી શોભિત એવી **કૌશાંબી** નગરીમાં ગયા. ત્યાં **શતાનીક** નામે ભૂપાલ કે જે ભૂપાલન–ગુણુરૂપ નિબિડ નાડીથી બાંધેલ રિપુઓની રાજલક્ષ્મીરૂપ હાથણીથી ગમન કરનાર હતો. તેને **મૃગાવતી** નામે રાણી કે જે **ચેટક** મહારાજાની પુત્રી, ધર્મના પરમાર્થને જાણુનાર તથા જિનના ચરણુ–કમળની પૂજામાં પરાયણુ હતી. વળી સમસ્ત રાજાઓની આંતર હીલચાલને જાણુનાર તથા સૂક્ષ્મ બુદ્ધિ–વિભાવથી રાજ્યભાર ચલાવનાર એવો **સુગુપ્ત** નામે તેનો પ્રધાન તથા સદા જિનધર્મના અનુરાગથી શરીરની સાતે ધાતુએ ઓતપ્રોત એવી **નંદા** નામે તે અમાત્યની ભાર્યા હતી. તે શ્રાવિકાપણાને લઇને મૃગાવતી રાણીની સાથે સખીભાવ દર્શાવતી. વળી સમસ્ત દર્શનના રહસ્ય પ્રરૂપણામાં નિષ્ણાત તથા રાજાને માનનીય એવો **તત્ત્વવાદી** નામે ધર્મપાઠક હતો તથા તે જ નગરીમાં વેપારીઓના લોચન સમાન **ધનાવાહ** નામે શેઠ અને તેની **મૂલા**

નામે ભાર્યા હતી. એ બધા પોતપોતાનાં કુશળ અનુષ્ઠાન કરતા ત્યાં રહેતા હતા.

હવે ભગવંતે ત્યાં પોસ માસની કૃષ્ણ પ્રતિપદાએ એવો દુષ્કર અભિગ્રહ ધારણ કર્યો કે—' પગે લોખંડી સાંકળથી બાંધેલ હોય, માથે મુંડિત, શોકભારથી કંઠ રૂંધાઇ જતાં ગદ્દગદ્દ ગિરાથી રોતી હોય, પોતે રાજકન્યા છતાં પરગૃહે દાસીત્વ પામી હોય, ત્રણ દિવસની ભૂખી, એક પગ ઘરની અંદર અને બીજો પગ દ્વારની બહાર રાખી બેઠી હોય, બધા ભિક્ષુકો ભિક્ષા લઇ નિવૃત્ત થયા હોય એવા સમયે તે જો સુપડામાંના અડદ–બાકળાથી મને પ્રતિલાભે તો મારે પારણું કરવું.' એ પ્રમાણે નિશ્ચય કરી એ અભિગ્રહ નગરીજનોના જાણવામાં ન આવવાથી બાવીશ પરીષહો સહન કરવા માટે યથોચિત આહાર ન પામતાં પણ ભગવાન્ પ્રતિદિન ઉંચ–નીચ સ્થાનોમાં ભમવા લાગ્યા. ત્યાં ભિક્ષા લીધા વિના પ્રતિદિન ગૃહાંગણોથી પાછા વળતા પ્રભુને જોઈ પૌરજનો પણ અત્યંત અંતરોમાં શોકાકુળ અને કિંકર્ત્તવ્યતામાં વ્યામૂઢ થતાં ચિંતવવા લાગ્યો કે—' દુઃખના કારણરૂપ ધનથી શું ? તેવા મનુષ્યપણાથી પણ શું ? અથવા તો દુઃખના ફલરૂપ તેવી ભોગલીલાથી શું ? કે આવા મુનિપુંગવ ઘરના આંગણે આવ્યા છતાં અન્ન–પાન પણ તેમને આપી શકાતા નથી. કર્મજળથી ભરેલ અનેક દુઃખરૂપ મગર અને ભીષણ આવર્ત્તયુક્ત એવા આ સંસાર–સાગરને દાન વિના કેમ તરી શકીશું ? અથવા તો એવા મુનિરત્ન પુણ્યવંતોના ઘરે આવે અને ભિક્ષા લઈ તેમને હર્ષ પમાડે. જો એ મહાત્માને એક વાર પણ કોઈ રીતે પ્રતિલાભ્યા હોય તો સ્વર્ગ મોક્ષના સુખો તો કરતલમાં જ છે.' એમ અનેક પ્રકારે વારંવાર ભિક્ષા આપ્યા છતાં જેમ જેમ જિનેશ્વર તે લેતા નથી તેમ તેમ નગરજનો ભારે ખેદ પામે છે. એ રીતે ચાર માસ **કૌશાંબી**માં ફરતાં ભગવાન્ એકદા **સુગુપ્ત** મંત્રીના ભવનમાં પેઠા. એટલે સુનંદાએ તેમને દૂરથી જોતાં ' આ તો તે જ ભગવાન્ મહાવીરસ્વામી છે ' એમ ઓળખી લીધા. પછી ભારે પ્રમોદ ધારણ કરતી, આસન પરથી ઉઠી તેણે ભાવથી ભિક્ષા પ્રભુ આગળ ધરી, પણ પ્રભુ તો ઘરથી નીકળી ચાલતા થયા ત્યારે **સુનંદા**ને બહુ જ ખેદ પામતી જોઇને દાસીઓએ જણાવ્યું કે—' હે સ્વામિની ! કંઇ સમજાતું નથી કે એ દેવાર્ય પ્રતિદિવસે ભિક્ષા લીધા વિના શા કારણે તરત પાછા ચાલ્યા જાય છે ?' એમ તેમના કહેવાથી સુનંદાએ જાણ્યું કે— ' અવશ્ય કોઇ અભિગ્રહ વિશેષ હશે, જેથી તે પૂર્ણ ન થવાથી પ્રભુ ભિક્ષા લીધા વિના ચાલ્યા જાય છે.' એમ ચિંતવતા તેને ભારે સંતાપ થઈ પડ્યો. તે ગૃહ–

ક્રીડા ભૂલી ગઇ, શરીર-શૃંગારનો ત્યાગ કર્યો અને કરતલે ગાલ રાખી બેસી ગઈ. એવામાં અમાત્ય આવ્યો. તેણે તથાવિધ સુનંદાને જોતાં પૂછયું કે-'હે કમલમુખી ! નિષ્કારણ આમ શોકાતુર જેવી કેમ દેખાય છે? મારાથી કાંઈ તારો અપરાધ થયો હોય તો તે યાદ નથી. હું પોતે અવિનયના પરિહારમાં પરાયણ હોવાથી પરિજન પણ તારૂં પ્રતિકૂળ કરનાર સંભવે નહિ.' તે બોલી—'હે પ્રાણનાથ ! તેવા ખોટા વિચારો લાવવાની જરૂર નથી. અલ્પમાત્ર પણ કોઈનો અપરાધ નથી, પરંતુ જેના પ્રભાવથી દુર્ગમ ભવાર્ણવ લીલાથી ઓળંગી શકાય, મનોરથને અગોચર અને પુનરાગમ રહિત શિવપદ પામી શકાય તેમજ માથે આવી પડતી આપત્તિઓ પણ અતિભયંકર છતાં નાશ પામે એવા ભગવંત વર્ધમાનસ્વામીને ભિક્ષા ન લેતાં ઘણા દિવસો થઇ ગયા. કંઇ સમજાતું નથી કે તેમણે કયો અભિગ્રહ ધારણ કર્યો હશે, તો તમારા બુદ્ધિવિભવથી શું અને અમાત્યપદવીથી પણ શું ? કે એ અભિગ્રહ જાણવામાં ન આવે.' અમાત્ય બોલ્યો—'હે પ્રિયે ! સંતાપ તજી દે. હું કાલે એવો ઉપાય લઇશ કે જેથી એ અભિગ્રહ જાણી શકાશે.' એવામાં **મૃગાવતી** રાણીની **વિજયા** નામે પ્રતિહારી એ કથા ચાલતી હતી ત્યાં કંઈ કારણે આવી ચડી. તે સાંભળીને તેણે બધું મૃગાવતીને કહી સંભળાવ્યું, જે સાંભળતાં મૃગાવતી પણ બહુ દુઃખ પામી અને શોકાતુર થઇ બેઠી. તેવામાં રાજાએ ત્યાં આવતાં તેને પૂછયું કે—'હે દેવી ! આમ આકુળ-વ્યાકુળ કેમ દેખાય છે?' તે બોલી—'હે દેવ ! શું કહું ? તમે દુર્ગ-દુર્ગતિના મૂળરૂપ આ રાજ્યભારથી વિવેક ખોઈ બેઠા છો જેથી એટલું પણ જાણતા નથી કે—સ્વામી કયાં વિચરે છે અને ભિક્ષાને માટે શાને ભમે છે?' એમ બહુ નિર્ભંછીને તેણે અભિગ્રહનો વ્યતિકર કહી સંભળાવ્યો. ત્યારે રાજાએ કહ્યું—'દેવી ! શાંત થા. કાલે ગમે તે રીતે પરમાર્થ જાણી લઇશ.' એમ કહી રાજાએ સભામાં બેસતાં સુગુપ્ત અમાત્યને બોલાવ્યો. તે આવી, રાજાને પ્રણામ કરી યથોચિત સ્થાને બેઠો. પછી રાજાએ તેને કહ્યું કે-'અમાત્ય ! શું એ તને યુક્ત છે કે અહીં વિચરતા ભગવંતને પણ તું જાણતો નથી ? અહો ! તારો પ્રમાદ ! અહો ! સદ્ધર્મ પ્રત્યે તારી વિમુખતા-બેદરકારી કે આજે નિરાહારપણે રહેતાં અને અભિગ્રહ જાણવામાં ન આવવાથી સ્વામીને ચાર માસ થવા આવ્યા.' સુગુપ્તે કહ્યું—'હે દેવ ! ઉપરાઉપરી કામ આવી પડતાં અને ઘરવાસમાં વ્યાકુળ હોવાથી હું કંઈ

પણ જાણી શકયો નથી. હવે જેવી આપની આજ્ઞા. તે પ્રમાણે બજાવવા તૈયાર છું.' એમ બોલતાં રાજાએ ધર્મશાસ્ત્ર-પાઠક તત્ત્વવાદીને બોલાવ્યો અને પૂછ્યું કે—'હે ભદ્ર! તારા ધર્મશાસ્ત્રમાં બધા મતવાદીઓના આચાર બતાવેલા હશે, તો કહે કે ભગવંતે કેવો અભિગ્રહ ધારણ કર્યો છે? વળી હે અમાત્ય! તું પણ બુદ્ધિ-બલિષ્ઠ છે, તો વિચાર કર કે અહીં શો ઉપાય લેવો?' એટલે ક્ષણભર વિચારીને તેમણે કહ્યું કે—'હે દેવ! દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવના ભેદોથી ભિન્નભિન્ન ઘણા અભિગ્રહો તેમજ સાત પિંડૈષણા અને સાત પાન-એષણા બતાવેલ છે તેથી કોઇ અભિપ્રાય સમજાતો નથી.' ત્યારે રાજાએ નગરીમાં સર્વત્ર ઉદ્ઘોષણા કરાવી કે—'ભિક્ષા માટે ભમતા ભગવંતને અનેક પ્રકારની ભિક્ષા ધરવી.' એમ સાંભળતાં પરભવના સુખાભિલાષી, વિચિત્ર વેષધારી અને અપ્રમત્ત એવા નગરજનો, પ્રતિજ્ઞામાં ધીર અને ગોચરીએ નીકળેલા ભગવંતને પ્રતિદિન અનેક પ્રકારની ભિક્ષા ધરવા લાગ્યા, પણ પ્રભુ તે સ્વીકારતા નહિ. એમ યથાસમીહિત પિંડવિશુદ્ધિ પ્રાપ્ત ન થતાં પણ શરીરે અમ્લાન તથા અદીન ભાવે ભગવંત તે જ નગરીમાં વિચરી રહ્યા છે.

એવામાં શતાનીક રાજાના ચરપુરૂષોએ આવીને નિવેદન કર્યું કે-'હે દેવ! તમારો પૂર્વ શત્રુ દધિવાહન રાજા અત્યારે અલ્પ-પરિવારવાળો અને પ્રમત્ત થઇને વર્ત્તે છે માટે જો પાંચ દિવસમાં આપ ત્યાં જાઓ તો અવશ્ય વાંછિતાર્થની સિદ્ધિ થાય.' એમ તેમના કહેતાં રાજાએ પ્રયાણભેરી વગડાવી, જેથી સુભટો બધા સજ્જ થયા, સામંતો સંક્ષોભ પામ્યા, રાજા સર્વ સામગ્રીથી પ્રયાણ કરતાં નાવ પર આરૂઢ થયો. પછી પવનની અનુકૂળતા તથા કર્ણધાર-નાવિકની કુશળતાએ એક રાત માત્રમાં અણધાર્યા આગમને તે ચંપાનગરીમાં પહોંચ્યો. ત્યાં ક્ષોભ પામ્યા પહેલાં તો તેણે નગરીને ઘેરી લીધી. એવામાં દધિવાહન પણ સામગ્રી વિના યુદ્ધ કરવાને અસમર્થ બની-'આ પ્રસંગે હવે શું કરવું?' એમ મનમાં વ્યાકુળ થતાં, મંત્રીઓએ તેને જણાવ્યું કે-'હે સ્વામિન્! તમે વ્યાકુળ કેમ થાઓ છો? અત્યારે તો સર્વથા પલાયન જ યુક્ત છે. કહ્યું છે કે-કુળને અર્થે એકનો ત્યાગ, ગામને અર્થે કુળનો, દેશને અર્થે ગામનો અને આત્મા-પોતાને અર્થે પૃથ્વીનો પણ ત્યાગ કરવો. પ્રસંગ-યોગ્ય વાક્ય, સદ્ભાવ તુલ્ય પ્રિય, તથા આત્મશક્તિ પ્રમાણે કોપ-એ જે જાણે તે પંડિત. પરાક્રમથી પેદા કરવા લાયક લક્ષ્મી તો ફરીને પણ તરત પ્રાપ્ત થશે, પરંતુ જીવિત નષ્ટ થતાં તે તે જ દેહવડે પુનઃ દુર્લભ છે. બધી વસ્તુઓમાં જીવિતવ્ય જ અનુપમ છે, અને તેને માટે જ

રાજ્ય–લક્ષ્મ્યાદિક છે. તે જો નાશ પામે તો બીજું બધું વૃથા છે.' એમ તેમના કહેતાં, દધિવાહન રાજા જીવ લઇને ભાગ્યો. ત્યારે **શતાનીક** રાજાએ પોતાના સૈન્યમાં ઉદ્‌ઘોષણા કરાવી કે–' હે દંડનાયક, સુભટ પ્રમુખ સૈનિકો ! હવે આ નગરીમાં જે વસ્તુ જેને રૂચે, તે ઈચ્છા મુજબ લઈ લ્યો. મારી જરા પણ શંકા લાવશો નહિ.' એમ રાજાજ્ઞા જાહેર થતાં સૈનિકોએ કિલ્લો ભાંગી નાખ્યો, ગોપુરના કવાટ તોડી પાડ્યા અને સમસ્ત નગરીને લુંટવા લાગ્યા. એમ અસમંજસ પ્રવર્ત્તતાં, દધિવાહન રાજાની **પટરાણી ધારિણી** પોતાની **વસુમતી** પુત્રી સહિત આમતેમ પલાયન કરતાં એક રાજસેવકને હાથ ચડી. શતાનીક રાજા પણ વાંછિતાર્થ સંપાદિત થતાં પોતાની નગરી ભણી પાછો ફર્યો. પછી તે રાજપુરૂષ, ધારિણી રાણીના રૂપ, લાવણ્ય અને સૌભાગ્યથી મોહ પામી, માર્ગે જતાં તે લોકોને કહેવા લાગ્યો કે–' આ મારી પત્ની થશે, અને આ કન્યાને વેચી નાખીશ.' આ વચન સાંભળતાં ધારિણી ભયભીત થઇને ચિંતવવા લાગી કે–' અહા ! સમસ્ત ભુવનમાં પ્રગટ અને ચંદ્ર સમાન ધવલ કુળમાં **ચેટક** રાજાના ઘરે મારો જન્મ શા માટે થયો ? અથવા તો જેને સામંતો પોતાના શિર ઝુકાવી રહ્યા હતા એવા દધિવાહન રાજાએ મને પટરાણીના પદે શા માટે સ્થાપી ? વળી તેમ છતાં જિનમુખથી પ્રગટ થયેલ શાસ્ત્રશ્રવણથી ઉત્પન્ન થયેલ અને અકાર્યથી વિમુખ એવી બુદ્ધિ, સદા મારા મનમાં કેમ વાસ કરી રહી છે ? વળી હીનસત્ત્વ અને મર્યાદા રહિત આ રાજસેવક મને ઉદ્દેશીને એમ શા માટે બોલે છે કે ' હું એને મારી મહિલા બનાવીશ.' તો હે પાપી જીવ ! આવું પૂર્વે કદી ન સાંભળેલ વચન સાંભળતાં અદ્યાપિ કેમ નીકળી જતો નથી ? હે નિર્લજ્જ ! શું શીલભંગને સહન કરીશ ? શિવહાસ્ય અને હંસ સમાન ધવલ એવા શીલને કુલીન કાંતાઓ, ગજકર્ણ સમાન પોતાના ચંચલ જીવિતના કાજે કદાપિ મલિન થવા દેતી નથી. અથવા તો ઉત્સંગમાં સદા ઉછરેલ આ મારી દુહિતા પરહાથમાં ગયેલ અને વિરહ–સંતપ્ત બની પોતાના જીવિતને કેમ ધારણ કરી શકશે ?' એ પ્રમાણે સંકલ્પ–કલ્પનાથી ઉત્પન્ન થતા તીવ્ર દુઃખથી જાણે નિર્ભંછના પામેલ હોય તેમ તેણીનો જીવ હૃદય ભેદીને નીકળી ગયો. તેણીનું અકાળ–મરણ જોઇ તે સેવક પુરૂષે વિચાર કર્યો કે–' અહો ! હું દુર્વચન બોલ્યો કે ' આ મારી મહિલા થશે.' એ મહાનુભાવા કોઇ ઉત્તમ પુરૂષની ભાર્યા સંભવે છે, કે જેથી મારૂં દુર્વચન સાંભળતાં હૃદયમાં સંક્ષોભ થવાથી મરણ પામી, તો હવે અહીં ગઇ વસ્તુનો શોક શો

કરવો ? હવે આ કન્યાની પણ એ દશા ન થાય માટે એને કંઇપણ કહેવું નહિ.' પછી મધુર વચનોથી અનુકૂળ થતાં તે કન્યાને પેલા સૈનિકે કૌશાંબીમાં લઇ જઈ, વેચવા માટે રાજમાર્ગે ઊભી રાખી. એવામાં ધર્મ-કર્મસંયોગે તે માર્ગે જતા ધનાવહ શેઠે તેને જોઇને વિચાર કર્યો કે-'અહો ! આવી આકૃતિથી લાગે છે કે આ કોઇ સામાન્ય જનની કન્યા નથી, કારણ કે અલંકાર રહિત છતાં એ જલધિવેળની જેમ કંઈ અપૂર્વ લાવણ્યને ધારણ કરે છે, શરીરે કૃશ છતાં ચંદ્રલેખાની જેમ કાંતિપડલને પ્રગટ કરે છે; માટે બહુ દ્રવ્ય આપીને પણ એને લઇ લેવી મારે યોગ્ય છે કે એ બિચારી કોઈ હીન જનના હાથમાં જતાં દુઃખ ન પામે. વળી એનું રક્ષણ કરતાં વખતસર સ્વજન-વર્ગ સાથે એનો સમાગમ થઇ જશે.' એમ ધારી, તેના કહ્યા પ્રમાણે મૂલ્ય આપીને શેઠે તેને લઈ લીધી. પછી ઘરે જઇને શેઠે પૂછ્યું કે-'હે પુત્રી ! તું કોની સુતા છે ? અથવા તારા સગાં-સંબંધી કોણ છે ?' એટલે ઉત્તમ રાજકુળમાં ઉત્પન્ન થયેલ હોવાથી પોતાનો વ્યતિકર કહેવાને અસમર્થ થતાં તે મૌન રહી. ત્યારે શ્રેષ્ઠીએ તેને પુત્રી તરીકે સ્વીકારી અને પોતાની મૂલા શેઠાણીને સોંપતાં જણાવ્યું કે-'હે પ્રિયે ! હું તને આ પુત્રી આપું છું, માટે બહુ જ સાવચેતીથી એનું રક્ષણ કરજે.' એમ તે પોતાના ઘરની જેમ તે શેઠના ઘરે સુખે રહેવા લાગી. ત્યાં રહેતાં તેણે શ્રેષ્ઠી, પરિજનો અને લોકોને શીલ, વિનય અને વચન-કૌશલ્યથી એવા તો ગાઢ રંજિત કર્યા કે ચંદન સમાન તેના શીતલ સ્વભાવને લીધે તેમણે તેનું પૂર્વ નામ ફેરવી ચંદના એવું બીજું નામ રાખ્યું. એમ ચંદના કહીને બોલાતી તે વૃદ્ધિ પામવા લાગી. કેટલાક દિવસો જતાં તે કંઇક જુવાનીમાં આવી. તેના યોગે વિશેષ લાવણ્ય વિકાસ પામ્યું. કુવલય સમાન લોચન વિસ્તૃત થયાં અને ભ્રમર તથા કાજળ સમાન કૃષ્ણ કેશપાશ દીર્ઘત્વને પામ્યો, કારણ કે રૂપવર્જિત છતાં યૌવનસમયે લોક ભારે શોભાયુક્ત બને છે, તો સ્વભાવથી જ સુકુમાર એવી તે રાજસુતાનું તો કહેવું જ શું ? એમ પ્રતિદિન વૃદ્ધિ પામતી તેણીની રૂપસંપત્તિને જોતાં મૂલા શેઠાણી બહુ જ મત્સર ધરતાં ચિંતવવા લાગી કે—' શેઠ એને પરણીને પોતાની ગૃહ-સ્વામિની ન બનાવે એ વાત કોના માનવામાં આવે ? માટે મારે સર્વથા એનો વિનાશ કરવા જ તત્પર રહેવું. જો કંઇ છિદ્ર મળી જાય તો એનો નાશ કરૂં.' એવામાં એકદા ધનાવહ શેઠ ગ્રીષ્મની ગરમીથી શરીરે વ્યાકુળ થતાં બજારથકી ઘરે આવ્યા. તે વખતે પાદ-પ્રક્ષાલન કરે

એવો કોઇ નોકર ન હતો એટલે અતિ વિનીતપણાને લીધે ચંદના પાણી લઈને પગ ધોવા ઊઠી. ત્યારે શેઠે નિવાર્યા છતાં જનક સમાન સમજીને તે પગ ધોવા લાગી. એવામાં કુમારભાવના મંદપણાને લીધે કેશકલાપનું બંધન શિથિલ થતાં તે દીર્ઘ હોઇ જમીન પર પડ્યો, જેથી 'એ પંકમાં ન પડે' એમ ધારી હાથમાં રહેલ લીલા યષ્ટિવતી શેઠે નિર્વિકાર મનથી તે ઉપાડીને બાંધી દીધો. તેવામાં નિરંતર છિદ્ર જોવાને તત્પર અને અંદર રહીને જોતી એવી અનર્થના મૂલરૂપ પાપણી મૂલાએ તે જોઇ લીધું. પછી ઇર્ષ્યાથી પ્રસરતા તીવ્ર કોપથી લોચન લાલ થતાં અને સ્ત્રી–સ્વભાવથી અત્યંત તુચ્છ હૃદયને લીધે તે ચિંતવવા લાગી કે—'પૂર્વે જે મેં તર્ક કર્યો હતો તે અત્યારે શંકા વિના સાક્ષાત્ સાચો ઠર્યો, નહિ તો પૂર્વે વચન માત્રથી જનકત્વ કહી શેઠ દયિત–પ્રિયની જેમ એના કેશપાશને પણ બાંધે ? તો હજી લજ્જા તજી શેઠ એને પોતાની પ્રણયિની ન બનાવે તેટલામાં કોઈ ઉપાય શોધી કહાડું.' એમ તે સુવિશુદ્ધ છતાં પોતાની મતિથી વિપરીત સમજીને મૂલા ચંદનાને મૂળથી ઉચ્છેદવા તૈયાર થઈ. પછી ચરણ–પ્રક્ષાલન થતાં ક્ષણભર વિશ્રાંતિ લઈ, શેઠ બહાર નીકળી જતાં ઇર્ષ્યાથી ભારે મત્સર ધરતી મૂલાએ હજામને બોલાવી, ચંદનાનું શિર મુંડાવી, બહુ તાડન કરી, પગે લોખંડની સાંકળ જડી, એક દૂરના મકાનમાં તેને પૂરી, તેના નિબિડ કમાડ બંધ કરતાં, પરિજનને તેણે જણાવ્યું કે—'આ વ્યતિકર જે શેઠને કહેશે તેનો પણ મારે આવો જ દંડ કરવો પડશે, માટે શેઠ બહુ જ આગ્રહથી પૂછે તો પણ સાચું ન કહેવું.' એમ વારંવાર તેમને ભલામણ કરીને મૂલા પોતાના ઘરે આવી.

હવે સાંજે ધનાવહ શેઠે આવી પરિજનને પૂછ્યું કે—'ચંદના ક્યાં છે ?' પણ મૂલાના ભયને લીધે કોઇએ જવાબ ન આપ્યો, એટલે શેઠે જાણ્યું કે—'તે અગાશી પર રમતી હશે.' એમ રાતે પણ પૂછ્યા પછી તેણે ધારી લીધું કે 'તે સૂઈ ગઇ હશે.' પરંતુ બીજે દિવસે પણ તે જોવામાં ન આવી. તેમ ત્રીજે દિવસે અત્યંત આકુળ થઈ વારંવાર પરિજનને પૂછતાં, જ્યારે કોઇ બોલ્યા નહિ ત્યારે શેઠને મોટી શંકા થઇ પડી કે—'ચંદનાને કોઇએ મારી તો નહિ હોય.' એમ ગાઢ કોપ ઉત્પન્ન થતાં શેઠ બોલ્યા કે–'અરે ! ચંદનાની સાચી વાત કહો, નહિ તો હું તમને પોતાના હાથે મારીશ; કારણ કે આવા દંભનો આડંબર બતાવતાં તમારી પણ તેમાં કુશળતા જણાતી નથી.' એમ શેઠના બોલતાં એક વૃદ્ધ દાસીએ વિચાર કર્યો કે—

'હું ઘણો કાલ સ્વયમેવ જીવી. હવે તો મરણ નજીક જ છે તો મૂલા મને શું કરવાની હતી ? માટે ચંદનાની વાત શેઠને કહી દઉં. તે બિચારી ભલે મારા જીવિતના બદલામાં જીવે; કારણ કે ધર્મશાસ્ત્રોમાં પરજીવનું રક્ષણ કરવું તે મહાપુણ્ય ગણાય છે.' એમ ધારી તેણે સાચી વાત શેઠને જણાવી અને ચંદનાને જ્યાં પૂરવામાં આવી હતી તે ઘર બતાવ્યું. પછી શેઠે જઇને તે ઘર ઉઘાડયું અને શિરે મુંડાયેલ, ક્ષુધાથી શરીરે પીડિત, મસ્ત માતંગના ચરણથી મર્દિત કમળ-માળાની જેમ દેહની કાંતિ રહિત ચંદનાને જોતાં, અશ્રુપ્રવાહથી ગળતા લોચને તેણે કહ્યું કે—'હે પુત્રી ! શાંત થા.' એમ આશ્વાસન આપતાં શેઠ રસોડામાં ગયો. ત્યાં ભોજનના પાત્રો જોયાં પણ ભાત વિગેરે કંઈ અવશિષ્ટ ભોજન ન ભાળવાથી અડદના બાકળા સુપડાના ખૂણામાં લઇને ચંદનાને આપતાં શેઠે જણાવ્યું કે—'હે વત્સે ! આ તારી સાંકળ ભાંગવા લુવારને લઈ આવું તેટલામાં તું આ બાકળા ખાજે.' એમ કહી શેઠ ગયા. એવામાં તે પણ સુપડાના ખૂણામાં પડેલા બાકળા જોતાં યૂથભ્રષ્ટ હાથણીની જેમ પોતાના કુળને સંભારી શોક કરવા લાગી કે—'હે દૈવ ! જો તેં મને રાજગૃહમાં ઉત્પન્ન કરી તો આવા દુસ્તર દુઃખ-સાગરમાં શા માટે નાખી ? અહો ! તે રાજલક્ષ્મી, તે માબાપનો અસાધારણ સ્નેહએ બધું ગંધર્વનગરની જેમ એકદમ કેમ નષ્ટ થયું ? ક્ષણભર ઊર્ધ્વ અને ક્ષણવારે તરત નીચે પાડતા એ વિધિના વિલાસો ખરેખર ! પ્રખર પવનથી ઊડતા ધ્વજપટ જેવા છે.' એમ ભારે શોકથી કંઠ રૂંધાતાં અને તેથી વચન સ્ખલિત થતાં તે બિચારી બાળા પડતા અશ્રુ-પ્રવાહરૂપ જળથી પોતાનું મુખ ધોઇ રહી. પછી ક્ષુધા અને તૃષાથી ક્ષીણ થયેલા કપોલયુક્ત મુખને કર-પલ્લવ પર સ્થાપી, ક્ષણભર રોઇ, નિસાસા નાખી, મુનિ-મનની જેમ નિઃસ્નેહ અને સુપડાના ખૂણામાં પડેલા તે બાકળા તેણે ખાવા માટે લીધા. ક્ષુધાપીડિતને શું અભક્ષ્ય હોય ? એવામાં તેણીને વિચાર આવ્યો કે—'આ વખતે કોઇ અતિથિ અહીં આવે તો તેને દાન આપીને મારે ભોજન કરવું યુક્ત છે.' એમ ધારી તેણે દ્વાર તરફ જોયું. તેવામાં કનકના ચૂર્ણ સમાન સુંદર કાયકાંતિવડે જાણે ગગનાંગણને પૂરતા હોય, ઉપશાંત દૃષ્ટિપ્રભારૂપ અમૃતના વર્ષણવડે જાણે દુઃખતપ્ત પ્રાણીઓને શાંતિ પમાડતા હોય, નગ, નગર, શ્રીવત્સ, મત્સ્ય, સ્વસ્તિકથી લંછિત ચરણયુગલથી મહીતલને જાણે વિચિત્ર ચિત્રાંકિત કરતા હોય અને સાક્ષાત્ જાણે શુભ કર્મના સમૂહ હોય એવા ભગવંત મહાવીર અનુક્રમે ભ્રમણ કરતાં તે સ્થાને આવી ચડ્યા. એટલે અનુપમ રૂપશાળી ભગવાન્ અને અત્યંત અસાર અડદ-ભોજન જોતાં



સતી ચંદનબાળાએ પૂર્ણ કરેલ પ્રભુનો અભિગ્રહ.
( પા. ૩૫૯ )

આનંદ પ્રેસ—ભાવનગર.

'આ એ મહામુનિને બહુ જ અયુક્ત છે' એમ ભાવતી, શોકથી ગદ્ગદ્ ગિરા થતાં લોચનમાંથી બાષ્પધારા પડતાં આકુળ થતી તે કહેવા લાગી કે– 'હે ભગવન્ ! જો કે આ અયોગ્ય છે તથાપિ હું અભાગણીના અનુગ્રહાર્થે બાકળાનું ભોજન સ્વીકારો.' ત્યારે ભગવંતે પણ ધીર હૃદયથી સમગ્ર અભિગ્રહની વિશુદ્ધિ જોઇ પોતાનું કરપાત્ર પ્રસાર્યું. ત્યાં ચંદનાએ પણ નિબિડ સાંકળથી જડેલ એક ચરણ મહાકષ્ટે બારણાની બહાર અને એક ભવનની અંદર રાખી સુપડામાંથી અડદના બાકળા પ્રભુને પ્રતિલાભ્યા. એવામાં જગદ્ગુરૂનો મોટો અભિગ્રહ પૂર્ણ થતાં સંતુષ્ટ થઇ ગગનતળે ઉતરેલા ચતુર્વિધ દેવોએ દુંદુભિ વગાડી, પારિજાત–મંજરીયુક્ત અને ગુંજારવ કરતાં ભ્રમરાઓથી વ્યાપ્ત પુષ્પવૃષ્ટિ કરી, ગંધોદક વરસાવ્યું, સાડીબાર કોટી સુવર્ણની વૃષ્ટિ થઇ, માનિનીઓ મંદ મંદ રાસડા ગાવા લાગી, સુગંધી પવન વાવા લાગ્યો અને સર્વત્ર જય જયારવ પ્રગટ થયો. તેમ જ વળી ચોતરફ મળતા નગરજનો હર્ષથી કોલાહલ મચાવી મૂકતા, તરૂણીઓ નાચતી, વાજીંત્રો વાગતા, પ્રતિક્ષણે હર્ષ પામતા દેવતાઓ ત્રિપદી પછાડતા, થતા નિનાદથી આકાશને ભરી દેતા, મંગલ ગાતી દેવાંગનાઓ દિગંતને શોભાવતી, એમ પ્રભુના પારણે કેવળ તે જ નગરી હર્ષિત ન થઈ પરંતુ પાતાલ અને સ્વર્ગ પણ અધિકાધિક રંજિત થયા. એ પ્રમાણે પરમ પ્રમોદ પ્રસરતાં ભગવંતના પારણાનો વૃત્તાંત જાણી શતાનીક રાજા પ્રધાન અને પૌરજનો તથા અંતઃપુર સહિત હાથણી પર આરૂઢ થઈને ત્યાં હાજર થયો તેમજ અમાત્ય પણ ભાર્યા સહિત શેઠના ઘરે આવ્યો. અને વક્ષસ્થળે લટકતા હારથી શોભાયમાન, માથે માણિક્યના મુગટથી દેદીપ્યમાન તથા કંકણ અને બાજુબંધ પ્રમુખ આભૂષણોથી પ્રકાશતો પુરંદર પણ ત્યાં આવી પહોંચ્યો. તે ચંદનાને પ્રથમથી જ દેવતાના પ્રભાવે પ્રવર કેશપાશ પ્રગટ થયો અને લોખંડની સાંકળ સુવર્ણના નૂપુરરૂપ બની ગઈ તેમજ બીજા પણ હાર, અર્ધહાર, કટીસૂત્ર, કડાં, કુંડલ, તિલક પ્રમુખ અલંકારોથી તેણીનું સમસ્ત શરીર અલંકૃત થઈ ગયું.


એવામાં દધિવાહન રાજાનો સંપુલ નામે કંચુકી કે જેને શતાનીક રાજા પૂર્વે બાંધીને લઈ આવ્યો હતો તે તત્કાલ વસુમતીને જોતાં ઓળખી, પૂર્વ સુચરિત્ર યાદ આવતાં તેણીના પગે પડી, પોકાર કરતો રોવા લાગ્યો. ત્યારે રાજાએ મધુર વચનથી આશ્વાસન આપતાં કૌતૂહળથી તેને પૂછ્યું કે– 'હે ભદ્ર ! તું શા કારણે એના પગે પડી તરત જ ભારે શોકમાં આવીને રોયો ?' તે બોલ્યો–' દેવ ! ચંપાના રાજા દધિવાહનની પટરાણી ધારિ-

ણીની આ બધી સીમંતિનીમાં તિલકભૂત સુતા છે. તેવી સમૃદ્ધિ પામી, અત્યારે માતપિતાથી રહિત થઇ કેમ પરઘરે વાસ કરે છે ? એ કારણથી હું રોયો.' રાજાએ કહ્યું—'હે ભદ્ર ! તું શોક ન કર. એ અશોચનીય છે કે જેણે ત્રિભુવનના એક દિવાકર અને ભવ-ખાડામાં પડતા લોકોને અટકાવવામાં એક સ્તંભરૂપ એવા ભગવંતને પોતાના હાથે પ્રતિલાભ્યા.' તેવામાં મૃગાવતી બોલી કે—'જો એ ધારિણીની પુત્રી હોય તો મારી ભાણેજ થાય.' એ અવસરે ઇંદ્રાદિકથી સ્તુતિ કરાતા સ્વામી પાંચ દિવસ ન્યૂન છમાસી તપનું પારણું કરી ધનાવહ શેઠના ઘરથકી ચાલી નીકળ્યા. ત્યાં લોભની બહુલતા અને પ્રભુતામાં અપવાદની પરવા ન રાખવાને લીધે શતાનીક રાજા તે સુવર્ણ-વૃષ્ટિ લેવા લાગ્યો એટલે પુરંદરે તેની ચિત્તવૃત્તિ જાણીને કહ્યું-'હે રાજન્! અહીં સ્વામી કે કૌટુંબિકપણું નથી પરંતુ આ કન્યા પોતાને હાથે જે કોઇને એ આપશે તેનું જ એ થવાનું.' એમ ઇંદ્રના કહેતાં રાજાએ ચંદનાને પૂછયું કે-'હે પુત્રી ! આ સુવર્ણધારા કોને આપવાની છે ?' તે બોલી-'તેમાં પૂછવાનું શું છે ? આ નિષ્કારણવત્સલ અને જીવિતદાયક મારા તાત ધનાવહ શેઠને એ આપો.' પછી શ્રેષ્ઠીએ તે કનકધારા સંઘરી રાખી. તેવામાં ઇંદ્રે પુનઃ રાજાને કહ્યું કે-' આ ચંદના ચરમશરીરી, ભોગોપભોગની પિપાસાથી વિમુખ, મહાનુભાવા, ભગવંત વર્ધમાનસ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં સાધ્વીઓને સંયમ-માર્ગે પ્રવર્ત્તાવનાર પ્રથમ શિષ્યા થશે માટે એની બરાબર રક્ષા કરજો ' એમ કહીને ઇંદ્ર અદૃશ્ય થઇ ગયો પછી રાજાએ પણ ચંદનાને કન્યા-અંતઃ-પુરમાં બહુમાનથી રાખી. એટલે સંસારની અસારતા, સંયોગની ક્ષણભંગુરતા, જીવિતની કુશાગ્રે લાગેલ જળબિંદુ સમાન ચંચલતા તથા વિષય-પ્રતિબંધની પર્યંત-વિરસતાને ભાવતાં તે ચંદના કાલ નિર્ગમન કરવા લાગી, અને તે આ પ્રમાણે મનોરથ કરવા લાગી કે-'હે ભગવતી પૂર્વદિશા ! એવો દિવસ તું કયારે પ્રગટાવીશ કે ભગવાન્ પોતાના હાથે મને ભવથી પાર ઉતારશે ? વળી સુરાસુરયુક્ત જીવલોકના મધ્યમાં બિરાજમાન ભગવંતના વચનામૃતનું સતત શ્રવણપુટવડે હું પાન કયારે કરીશ ? તથા મોક્ષસુખના મૂલ કારણરૂપ તે સમય કયારે આવશે કે દેહમાં પણ મમત્વ વિના હું નિઃસંગ થઇને વિચરીશ ? તેમજ ઉદ્ગમ, ઉત્પાદન અને એષણ-દોષ રહિત પિંડને શોધતા હું ઉંચ-નીચ સ્થાનોમાં કયારે ભમીશ ?' એ પ્રમાણે પ્રવર મનોરથ કરતાં તે દિવસો ગાળતી અને ભાવથી સ્વશક્તિએ સર્વવિરતિની સ્પર્શના કરતી હતી. અહીં એ વૃત્તાંત જાણવામાં આવતાં મૂલા શેઠાણીની નગરજનોના મુખે અનેક પ્રકારે નિંદા થવા લાગી.

પછી ગામ-નગરમાં પરિભ્રમણ કરતા ભગવંત **સુમંગલ** નામના ગામમાં ગયા. ત્યાં સનત્કુમાર ઇંદ્રે ભક્તિથી ત્રણ પ્રદક્ષિણા દઇ, પ્રભુને વાંદીને કુશળતા પૂછી. એમ અલ્પ સમય ઉપાસના કરી સુરેંદ્ર નિવૃત્ત થતાં, સ્વામી **સુક્ષેત્ર** નામના સંનિવેશમાં ગયા. ત્યાં પણ માહેંદ્રકલ્પાધિપતિએ ભારે હર્ષથી વાંદતાં, પ્રભુ આગળ ચાલીને **પાલક** નામના ગ્રામ પ્રત્યે જવા લાગ્યા. ત્યાં **ધાહિલ** નામે વણિક દેશયાત્રા માટે નીકળેલ, તેણે પ્રભુને સન્મુખ આવતા જોઈ, અમંગળ સમજી, રોષથી રક્ત લોચન કરી, નીલ પ્રભાથી આકાશને પલ્લવિત કરનાર એવી તરવારને ખેંચી. 'એ જ શ્રમણના માથે અપશુકન નાખું.' એમ ધારતો તે વેગથી ભગવંતને મારવા દોડ્યો તેવામાં સુરેંદ્રનો આદેશ યાદ આવતાં પૂર્વે વર્ણવેલ સિદ્ધાર્થ વ્યંતરે આવીને પોતાના હાથે તેનું શિર છેદી નાખ્યું. એમ તેનો ઘાત થતાં પ્રભુ યથાસુખે વિચરતાં **ચંપા** નગરીમાં આવ્યા અને ત્યાં **સ્વાતિદત્ત** બ્રાહ્મણની અગ્નિહોત્ર-વસતિમાં એક ભાગે રહ્યા. અહીં બારમું ચોમાસું થયું. હવે ચાતુર્માસખમણ કરતાં, **માણિભદ્ર** અને **પૂર્ણભદ્ર** નામના વાણવ્યંતરેંદ્રોએ ભારે ભક્તિપૂર્વક રાત્રે આવીને ચારે માસ સ્વામીની પૂજા કરી. તે જોતાં વિસ્મય પામી સ્વાતિદત્ત વિપ્ર વિચારવા લાગ્યો કે-'એ દેવાર્ય કાંઇક જાણતા હશે શું ? કે દેવો નિરંતર એની પૂજા અને ઉપાસના કરે છે.' તેથી પરીક્ષા નિમિત્તે તેણે પૂછ્યું કે-'હે ભગવન્ ! હાથ, શિર પ્રમુખ અંગયુક્ત આ શરીરમાં આત્મા કેવો (કોણ) કહી શકાય ?' એટલે તેને ભવ્ય સમજીને પ્રભુ બોલ્યા કે-'જે 'હું' એવું માને છે તે કેવો છે? તે અતિ-સૂક્ષ્મ છે. સૂક્ષ્મ હોય તે કેમ કહી શકાય ? કે જે ઇંદ્રિયોને અગોચર હોય છે એથી શબ્દ, પવન, ગંધાદિક આત્મત્વને પામી શકતા નથી; કારણ કે એ ગ્રાહ્ય છે અને આત્મા એનો ગ્રાહક છે.' ઇત્યાદિ પ્રશ્ન-પ્રપંચનો પરમાર્થ વિસ્તારથી કહેતાં શાંત થયેલ વિપ્ર સ્વામીનું બહુમાન કરવા લાગ્યો. પછી વર્ષાકાલ સમાપ્ત થતાં કર્મરૂપ પૃથ્વીને તોડવામાં હળ સમાન વીર જિનેશ્વર ત્યાંથી **જૃંભિત** ગામમાં ગયા. ત્યાં સુરેંદ્રે સાદર વંદન કરી, નાટક દર્શાવી અને કેટલાક દિવસમાં જ્ઞાનોત્પત્તિ કહી સંભળાવી. ત્યાંથી **મેંઢક** ગામમાં પૂર્વોપકાર યાદ કરી ચમરેંદ્ર ચરણ-કમળ વંદીને સ્વસ્થાને ગયો.

એ પ્રમાણે નિરંતર દેવસમૂહથી સ્તુતિ કરાતા, દુસ્સહ પરીષહ-મહાસાગરથી પાર પામેલા અને અનુક્રમે ભ્રમણ કરતા ભગવંત **છમ્માણી** ગામમાં ગયા. ત્યાં નિર્જીવ સ્થાને ભુજા લંબાવી કાયોત્સર્ગે રહ્યા. એવામાં

ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં તસ સીસું રેડતાં શ્રવણ-વેદનાથી અભિહત શય્યાપાલ સંબંધી અત્યંત અશુભ વેદનીય કર્મ ભગવંતને ઉદય આવ્યું. પેલો શય્યાપાલનો જીવ તે જ ગામમાં ગોવાલ થયેલ કે જે પોતાના બળદ કાયોત્સર્ગે રહેલા ભગવંતની પાસે મૂકી, તે ગાયો દોહવા માટે ગામમાં ગયો. તે બળદ અંકુશ વિના ચરતા ચરતા અટવીમાં પેઠા. તેવામાં ગોવાળે આવતાં, બળદ ન જોવાથી આકુળ મનથી પ્રભુને પૂછયું કે-' હે દેવાર્ય ! તમે મારા અમુક પ્રકારના બળદ જોયા કે નહિ ?' એમ વારંવાર આદરથી પૂછતાં પણ વીતરાગે જ્યારે કંઇ પણ જવાબ ન વાળ્યો ત્યારે પ્રલયકાળના દાવાનળ સમાન પ્રગટતા કોપવડે હોઠ ડશતાં તે ગોવાલ બોલ્યો કે-' અરે ! બહુમાનથી પૂછતાં પણ જાણે વજ્રથી ઘડાયેલ હૃદય હોય તેમ જરા જવાબ આપતાં પણ તને ભારે થઇ પડયું. તું બધિર હોવાથી મારૂં વચન સાંભળતો નથી, તો તારે નિરર્થક કર્ણછિદ્ર વહન કરવાથી શું ?' એમ કહી, અતિક્રૂર અધ્યવસાયથી સ્વામીના બંને કાનમાં તેણે કાંસાની શળી ઠોકી મારી, અને પત્થરથી દઢ મારતાં તે સામ સામે ભેગી કરી દીધી. પછી આ કોઇ કહાડી ન નાખે એમ ધારી પ્રાંત ભાગ મરડી નાખીને તે ગોપાધમ ચાલ્યો ગયો. સ્વામી પણ માયામિથ્યાત્વશલ્ય રહિત છતાં શ્રવણ-વિવરમાં ગાઢ શલ્ય પડવાથી અત્યંત ધૈર્યવાન્ છતાં દુસ્સહ વેદનાને લીધે શરીરે કૃશતા પામતાં, ધર્મધ્યાનથી લેશ પણ ચલાયમાન ન થતાં ત્યાંથી નીકળી મધ્યમ-પાવાપુરીમાં ગયા. ત્યાં પારણાને દિવસે સિદ્ધાર્થ વણિકને ઘેર ગયા એટલે ભારે હર્ષથી રોમાંચિત થઇ, વંદીને તેણે ભગવંતને પ્રતિલાભ્યા. એવામાં ત્યાં પૂર્વે આવેલ ખરક નામના વૈદ્યે પ્રભુને જોઇને કહ્યું કે-' અહો ! ભગવંતનું શરીર તો સર્વ લક્ષણયુક્ત છે પરંતુ મ્લાન થતાં લાવણ્યને લીધે જણાય છે કે તે સશલ્ય જેવું છે.' એમ સાંભળતાં અસાધારણ જિનનો પક્ષપાત કરતો સિદ્ધાર્થ એકદમ બોલી ઊઠયો કે—' હે વૈદ્ય ! જો એમ હોય તો બરાબર તપાસ કર. એ પ્રભુને કયાં શલ્ય છે ?' એમ તેના કહેવાથી અત્યંત બારીકાઇથી હળવે હળવે જોતાં, કર્ણ-વિવરમાં ઠોકી બેસારેલ કાંસાની બે શળી તેણે જિનના શરીરમાં જોઇ અને તે સિદ્ધાર્થ વણિકને બતાવી. તે જોતાં સિદ્ધાર્થે કહ્યું—' અહો ! આ તો કોઇ પાપાત્માની અત્યંત નિર્દય ચેષ્ટા છે કે આવું કર્મ આચરતાં તેણે દુર્ગતિનાં અસંખ્ય દુઃખો ન ગણ્યાં, અપયશની દરકાર ન કરી અને ધર્મવિરૂદ્ધતાનો પણ વિચાર ન કર્યો. અથવા તો એ દુષ્ટ ચેષ્ટિતની નિંદા કરવાથી શું ? હે વૈદ્ય ! હવે તેવો ઉપાય બતાવો કે જેથી એ શલ્ય દૂર થાય, કારણ કે ભગવંતના કર્ણ-વિવરમાં શલ્ય રહેતાં,



પ્રભુને ગોવાળે કરેલો ઉપસર્ગ. પ્રભુના કાનમાં શળીઓ ઠોકી દીધી. ( પા. ૩૬૨ )

આનંદ પ્રેસ—ભાવનગર.

હે મહાભાગ ! મારૂં હૃદય સતત ભેદાય છે. લોકો ખોટું બોલતા લાગે છે કે જેને વ્રણ હોય તેને વેદના થાય; કારણ કે આ તો સ્વામી સશલ્ય છતાં મને ભારે દુઃખ થાય છે. વળી પરમાર્થથી તો એ જ મારા જીવિત, માતા, પિતા, સ્વજન, નાથ, શરણ અને ત્રાણ–રક્ષણરૂપ છે, તો એ કરતાં બીજું શ્રેષ્ઠ શું હોઈ શકે ? એના નિમિત્તે ધન, ધાન્ય, દ્રવ્યસંચય અને મારૂં જીવિત પણ તજીને શલ્યોદ્ધાર કર. એ શલ્ય નીકળતાં હે વૈદ્ય ! પરમાર્થથી તો તેં તારા આત્માનો ભીમ ભવકૂપમાંથી નિઃસંશય ઉદ્ધાર કર્યો. સમસ્ત ગુણના નિધાન એવા ભગવંત નિમિત્તે પોતાની વિદ્યાનો ઉપયોગ કરવાથી હે સુંદર ! તું સંસારના પ્રાંત સુધી આશિષોનું ભાજન થા. સામાન્ય જનનો ઉપકાર કરતાં પણ નિર્મળ કીર્ત્તિ પ્રાપ્ત થાય તો પછી ત્રૈલોક્ય દિવાકર એવા શ્રી વીતરાગ પરમાત્મા પ્રત્યે ઉપકાર કરતાં તો પૂછવું જ શું ?' એ પ્રમાણે ભાવિત વચન સાંભળતાં, ભારે સંતોષ થવાથી સ્વામીની ચિકિત્સા કરવામાં તત્પર એવા વૈદ્યે કહ્યું કે–' હે સિદ્ધાર્થ ! એવી પ્રાર્થના કરવાથી સર્યું. હું હવે તેવો જ ઉપાય લઉં કે જેથી ભગવંતનું શલ્ય તરત દૂર કરી શકું, પરંતુ એ સંસ્કાર રહિત હોવાથી ચિકિત્સાને ઈચ્છતા નથી. શરીર–સત્કારની દરકાર કરતા નથી તેમ ઔષધ–વિધાનને ચહાતા નથી, એમ હોવાથી શલ્યોદ્ધારનો પ્રયત્ન કેમ કરવો ? ' સિદ્ધાર્થ બોલ્યો–' એમ વ્યાકુળતા લાવવાની જરૂર નથી. જેમ તું કહે તેમ હું કરીશ. ' એમ તેઓ અન્યોન્ય વાત કરતા હતા તેવામાં ભગવંત ત્યાંથી ચાલી નીકળ્યા અને બહારના ઉદ્યાનમાં રહ્યા. ત્યારે સિદ્ધાર્થે પણ પોતાના માણસો પાસે સ્વામીની સર્વત્ર શોધ કરાવી, અને ગામની બહાર ઉદ્યાનમાં સ્વામી તેમના જોવામાં આવ્યા. પછી વૈદ્ય અને તેણે બતાવેલ દિવ્ય ઔષધની સામગ્રી સહિત સિદ્ધાર્થ તે જ સ્થાને ગયો. ત્યાં પ્રથમ વૈદ્યે સ્વામીને તેલના કુંડામાં બેસાર્યા અને ચતુર્વિધ વિશ્રામણમાં ભારે વિચક્ષણ એવા પુરૂષોના હાથે પ્રભુને મર્દન કરાવતાં, કંઈક સંધિબંધ શિથિલ થતાં, સાંડસીવતી મજબૂત પકડી, બહુ જ ચાલાકીથી હસ્તલાઘવે કર્ણથકી તેણે રૂધિરયુક્ત શલ્ય ખેંચવા માંડયું. એમ શલ્ય નીકળતાં પ્રભુને એવી વેદના થઇ કે જેથી મેરૂ સમાન ધીર છતાં જગદ્ગુરૂ તરત કંપાયમાન થયા. વળી તે વખતે ઘોર ઘનઘોષ સમાન જિનેશ્વરે એવો અતિભીમ અવાજ કર્યો કે વજ્રથી અભિઘાત પામતાં સુરગિરિના શિખરનું જાણે દલન થતું હોય; છતાં જિનના માહાત્મ્યથી તડતડાટ કરતી પૃથ્વી ચોતરફ ભેદાઈ નહિ. નહિ તો ચરણાંગુલિથી મેરૂને કંપાવનાર જિનને એટલું તે શું માત્ર છે ? એમ શલ્ય નીકળતાં, સંરોહની–ઔષધિનો રસ નાખી શ્રવણ–યુગલ સાજા થતાં, ભગવંતને વિનયથી વંદી, વૈદ્ય અને

વણિક પરમ સંતોષ પામતા અને સ્વર્ગ તથા મોક્ષલક્ષ્મીને કર-કમલમાં લીન થયેલ ભ્રમરીની જેમ માનતા તે સ્વસ્થાને ગયા. પછી વૈદ્યને પરોપકારી માનીને સિદ્ધાર્થે કનકાદિના દાનથી તેનો સત્કાર કર્યો. એ રીતે તે બંને, ભગવંતને તીવ્ર વેદના ઉપજાવ્યા છતાં આશય-વિશુદ્ધિથી સ્વર્ગ-લક્ષ્મીના ભાજન થયા, અને દુષ્ટ ગોવાળ અત્યંત સંકિલષ્ટતાથી સાતમી નરકમાં ભારે દુઃખનું ભાજન થયો. વળી તે ઉદ્યાન '**મહાભૈરવ**' એવા નામથી પ્રસિદ્ધ થયું અને લોકોએ ત્યાં દેવળ કરાવ્યું.

એ પ્રમાણે જિનેંદ્રો પણ આવી આપદાના ભાજન થાય છે, તો અલ્પ આપદામાં લોકો સંતાપ શા માટે કરતા હશે? જો એક વાર કરેલ દુષ્કૃતનો આવો દુઃખ-વિપાક થાય છે, તો લોકો પ્રતિદિન અકૃત્યોમાં કેમ રમતા હશે? અતુલ બળશાળી છતાં તીવ્ર આપદાને સહન કરતા જિનેશ્વર એમ બોધ આપે છે કે સહન કરવાથી કર્મની નિર્જરા થાય, માટે લોકોએ એ વાત સ્વીકારવાની છે.

એ રીતે ભગવંતને પડેલ જઘન્ય ઉપસર્ગોમાં કટપૂતનાનું શૈત્ય, મધ્યમોમાં કાલચક્ર અને ઉત્કૃષ્ટોમાં એ શલ્યોદ્ધાર. એમ ગોવાળથી શરૂ થયેલા ઉપસર્ગો, ગોપાળના હાથે સમાપ્ત થયા. એ ઉપસર્ગોની સંકલના કહી બતાવી.

હવે ભગવંતને બધું તપોવિધાન જે પ્રમાણે આચર્યું તે રીતે સંકલનાપૂર્વક તે કહેવામાં આવે છેઃ—વીર જિનેશ્વરે નવ ચાતુર્માસી-તપ, છ બે માસી, બાર માસખમણ, બહોંતેર અર્ધમાસી, એક છ માસી, બે ત્રિમાસી, બે અઢીમાસી અને બે દોઢમાસી. વળી અઠ્યાશી દિવસમાં બે ભદ્રપ્રતિમા, ચાર મહાભદ્ર અને દશ સર્વતોભદ્ર પ્રતિમાએ પ્રભુ રહ્યા. પાંચ દિવસ ન્યૂન અભિગ્રહયુક્ત છ માસીનું પારણું ભગવંતે કૌશાંબી નગરીમાં કર્યું. મહાત્મા મુનિ એક રાત્રિની બાર પ્રતિમા વહે છે, પણ અઠ્ઠમ હોય ત્યાં એકેક ચરમ-રાત્રિએ પ્રતિમા આદરે. ભગવંતે છ સો ઓગણત્રીશ દિવસ માત્ર બે પ્રતિમાની ઉપાસના કરી, પણ કોઇવાર નિત્યભોજન કે એક ઉપવાસનું પારણું તેમણે કરેલ નહિ. અધિક બાર વરસ તેમણે જઘન્ય છઠ્ઠ-ભક્ત કરેલ. એ બધું તપોવિધાન પ્રભુએ વિના પાણીએ કર્યું. બધા મળીને ત્રણસો ઓગણપચાશ તેમણે પારણાં કર્યાં; અને બહુધા સદા ઉત્કુટુકાસને જ તે પ્રતિમાએ રહેતા હતા. આ બધું પ્રવ્રજ્યાના દિવસથી માંડી, પ્રભુએ છદ્મસ્થાવસ્થામાં તપોવિધાન આચર્યું. હવે પ્રસ્તુત કથા કહે છે.

પછી મધ્યમ પાવા-સંનિવેશથી નીકળી, દુસ્સહ પરીષહરૂપ અંધકારને હણી, જિનદિવાકર, અધિક પ્રકાશતી દેહપ્રભાથી દિશાઓને ઉજ્જવળ કરતાં અનિયત વિહારથી, ઉંચા પ્રાકારથી ગગન સાથે વાતો કરનાર, વિવિધ વન-

ખંડથી ચોતરફ શોભાયમાન એવા **જૃંભિકગ્રામ** નામના નગરમાં ગયા. તે નગરની બહાર **બીજાવર્ત્ત** ચૈત્યની નજીક અનેક વૃક્ષોનાં સુગંધી પુષ્પોના આમોદથી મસ્ત બનેલા ભ્રમરાઓના ઝંકારવડે મનોહર વિભાગયુક્ત **ઋજુવાલુકા** નદીના ઉત્તર કિનારા પર **શ્યામાક** નામના ગાથાપતિ-ગૃહસ્થના ક્ષેત્રમાં પ્રથમ પ્રગટ થતા પલ્લવોથી શોભાયમાન, સત્પુરૂષની જેમ શકુન-પક્ષિગણથી સેવિત, સુરનગરની જેમ સુમનસ-દેવો કે પુષ્પોવડે અભિરામ, પાત્ર-સેવકો પક્ષે પત્રોવડે સેવિત મહાનરેંદ્ર સમાન એવા **શાલ** મહાવૃક્ષની નીચે રહેતાં, છઠ્ઠ તપ આચરતાં, આતાપના લેતાં, ગોદોહિકાસને બેસતાં, અનુત્તર જ્ઞાન, દર્શન અને ચારિત્ર, અનુત્તર ક્ષમા, માર્દવ અને આર્જવ, અનુત્તર લાઘવ, ક્ષાંતિ, મુક્તિ, ગુપ્તિ, સત્ય તથા સુચરિત્રવડે આત્માને ભાવતાં, બાર વરસ ઉપર સાડાછ મહિના વ્યતીત થતાં, વૈશાખ શુદિ દશમે **સુવ્રત** નામના દિવસે **વિજય** મુહૂર્ત્તે હસ્તોત્તરા નક્ષત્રની સાથે ચંદ્રમાનો યોગ આવતાં, શુકલધ્યાનાગ્નિથી ઘનઘાતી-કર્મરૂપ ઇંધણને દગ્ધ કરતાં, સવિચાર પૃથકૂત્વ-વિતર્ક અને અવિચારએકત્વ-વિતર્કને ધ્યાવતાં ઉપરત-ઉપશાંત થયેલા, સૂક્ષ્મક્રિયાનિવૃત્તિ, અવિચ્છિન્ન-ક્રિયા અને અપ્રતિપાતિ એવા શુકલધ્યાનના ચરમ દ્વિભાગને પ્રાપ્ત ન થયેલા એવા ભગવંત શ્રી **મહાવીર**સ્વામીને અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, પરિપૂર્ણ, સકલ લોકાલોક-પ્રકાશક એવું **કેવળજ્ઞાન** અને **કેવળદર્શન** ઉત્પન્ન થયું.

એટલે દુષ્કર તપ-ચરણના ફળરૂપ કેવલાલોક પ્રગટ થતાં સૂર્યની જેમ પ્રભુ ત્રણે લોકને પ્રકાશવા લાગ્યા. એવામાં આસન ચલાયમાન થતાં બત્રીશે ઈંદ્રો તરત ત્યાં આવ્યા અને ત્રણ પ્રાકાર સહિત સમવસરણ રચવા લાગ્યા, તેમ જ અલગ સુંદર દ્વાર, વાવ, પ્રબળ ધ્વજ-પટાદિકથી વ્યાપ્ત તે સમવસરણમાં તેમણે મણિ-કનકના સમૂહવડે બનાવેલ અને જાણે ઈંદ્રધનુષ્ય હોય તેવું સિંહાસન રચાવ્યું. પછી ત્રિલોકના નાથ પ્રભુ દેવ, દેવેંદ્ર, નર નરેંદ્રોવડે સ્તુતિ કરાતા, તીર્થને પ્રણામ કરીને સિંહાસન પર બિરાજમાન થયા. જો કે એવા જ્ઞાનથી જિનેશ્વર યોગ્યતા રહિત સભાને જાણતા, તથાપિ કલ્પ-આચાર સમજીને તેમણે ક્ષણમાત્ર ધર્મોપદેશ કહ્યો.

એ પ્રમાણે અનુપમ પરાક્રમવડે આંતર શત્રુઓને પરાસ્ત કરનાર ભુવનગુરૂ વીરના રવિસમાન ચળકતા ચરિત્રમાં સંગમાદિકના પરીષહ સહન કરતાં મેળવેલ જ્ઞાનના લાભવડે નિબદ્ધ આ સપ્તમ પ્રસ્તાવ સંક્ષેપથી સમાપ્ત કરવામાં આવ્યો.

**એ રીતે શ્રી મહાવીરચરિત્રનો સાતમો પ્રસ્તાવ સમાપ્ત થયો.**

# अष्टम प्रस्ताव

આ પ્રમાણે સાતમા પ્રસ્તાવમાં ત્રણ ભુવનના અદ્વિતીય સૂર્ય સમાન શ્રી વર્ધમાનસ્વામીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કહી. હવે તેમને જે પ્રમાણે અગ્યાર ગણધરો થયા તે સાંભળો. ત્યારપછી સમગ્ર મોહના મહિમાને મથન કરનારા તે શ્રી મહાવીર જિનેશ્વર તથાપ્રકારના ઉપચાર રહિત પર્ષદાને જાણીને પરોપકાર કરવામાં જ એક-તત્પર થયેલા અને પ્રેમનો બંધ છેદાયો છે તો પણ ધર્મદેશનાદિકવડે તીર્થંકરનામગોત્ર નામનું કર્મ વેદાય છે (ક્ષીણ થાય છે) એમ વિચારીને અસંખ્ય કોટિ દેવોવડે પરિવરેલા, દેવોએ વિકુર્વેલા માખણની જેવા કોમળ સ્પર્શવાળા નવ સુવર્ણકમળ ઉપર અનુક્રમે પાદયુગલને સ્થાપન કરતા, દેવોના ઉદ્યોતવડે અંધકારનો નાશ થયેલો હોવાથી દિવસની જેમ પદાર્થનો સમૂહ પ્રગટ રીતે જાણવામાં આવતો હતો તેવી રાત્રિને સમયે પણ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી બાર યોજન દૂર રહેલી **મધ્યમા** નામની નગરી તરફ જવા લાગ્યા. ત્યારપછી જેટલામાં સ્વામી મધ્યમા નગરીએ પહોંચ્યા નથી તેટલામાં તે નગરીની પાસે રહેલા **મહાસેનવન** નામના ઉદ્યાનમાં દેવોએ સમવસરણની રચના કરવાનો આરંભ કર્યો. કેવી રીતે? તે કહે છેઃ—

ચોતરફ ફરતા એક યોજનપ્રમાણ પૃથ્વીભાગમાંથી કચરાનો સમૂહ દૂર કર્યો, હરિચંદનના સુગંધી રસના છાંટાવડે ધૂળનો સમૂહ શાંત કર્યો, પાંચ પ્રકારના (વર્ણના) રત્નોવડે આંતરા રહિત મોટું પીઠિકાબંધ રચવામાં આવ્યું-આ રીતે હર્ષથી ઉલ્લાસ પામતા રોમાંચરૂપી કંચુકવાળા દેવો (વ્યંતરો) નિર્માણ કરે છે. ત્યારપછી વૈમાનિક દેવોએ પણ શીઘ્રપણે પંચરંગી રત્નમય અને વિશાળ દરવાજા તથા કાંગરાએ કરીને મનોહર ગઢ બનાવ્યો. ત્યારપછી જ્યોતિષી

દેવોએ બહાર ( ચોતરફ ) પ્રસરતા કિરણોના સમૂહવડે આકાશના વિવરને ભરી દેતો સુવર્ણનો શ્રેષ્ઠ પ્રાકાર સ્થાપન કર્યો (રચ્યો). ત્યારપછી ભુવનપતિ દેવોએ જળકણ જેવી શ્વેત કાંતિવડે શરદ ઋતુના ચંદ્રની હાંસી કરે તેવો નિર્મળ રૂપાનો પ્રાકાર કર્યો. પછી ત્રણે પ્રાકારની વચ્ચે (મધ્યે) વ્યંતરદેવોએ શ્રેષ્ઠ મણિ અને રત્નોવડે મનોહર અને પાદપીઠ સહિત સુંદર સિંહાસન સ્થાપન કર્યું. તેના પર શક્રેંદ્રે વિકસ્વર પલ્લવોવડે સુશોભિત જિનેશ્વરના શરીરથી બારગણો મોટો કંકેલ્લિ નામનો શ્રેષ્ઠ વૃક્ષ વિકુર્વ્યો. ત્યારપછી તે સિંહાસન ઉપર ઇશાનેંદ્રે લટકાવેલી મોતીની સેરવાળા, પૂર્ણિમાના ચંદ્ર જેવા ઉજ્જવળ અને સ્ફટિક રત્નના દંડવાળા ઉપરાઉપર રહેલા ત્રણ છત્ર બનાવ્યા. પછી અધોમુખે રહેલા બીટવાળા, ફરતા મદોન્મત્ત ભમરાઓએ કરીને સહિત અને શ્રેષ્ઠ ગંધવાળા જાનુપ્રમાણ પુષ્પોની વૃષ્ટિ આકાશથી પડી. તેમજ સર્વ રત્નમય, વિચિત્ર કિરણોવડે ઇંદ્રધનુષ્યને રચનારા અને નવી વંદનમાળાએ કરીને સહિત તોરણો શોભતા હતા. મંદરાચળ પર્વતવડે મથન કરાયેલા ક્ષીરસાગરના શબ્દ જેવા ગંભીર ચાર પ્રકારના દિવ્ય વાજિંત્રો સર્વ દિશાઓમાં દેવોના સમૂહે વગાડ્યા. વાયુવડે ઉછાળેલા ક્ષીરસાગરના મોટા કલ્લોલોના વિલાસવાળા ધ્વજના સમૂહવડે અને સેંકડો પતાકાઓવડે આકાશ વ્યાપ્ત થયું. મકરંદ સહિત સહસ્રપત્ર (કમળ) ઉપર હંસના મિથુનો જેમાં ક્રીડા કરતા હતા એવી શ્રેષ્ઠ વાવડીઓ દરેક દરવાજે કરવામાં આવી. મિથ્યાત્વરૂપી શત્રુને ક્ષોભ પમાડવામાં નિપુણ અને અખંડ (સંપૂર્ણ) સૂર્યબિંબ જેવું શ્રેષ્ઠ ધર્મચક્ર સુવર્ણના કમળ ઉપર સ્થાપન કરવામાં આવ્યું; તેમજ દેવચ્છંદક વિગેરે બીજું જે કાંઇ અહીં કરવા લાયક હોય છે તે સર્વ હર્ષિત હૃદયવાળા વ્યંતરદેવો કરે છે. આ પ્રમાણે પોતપોતાના અધિકારને અનુસરીને સમવસરણ રચવામાં આવ્યું. તે જ વખતે જિનેશ્વરરૂપી સૂર્યથી ભય પામી હોય તેમ રાત્રિ પણ નાશી ગઇ.

આ અવસરે દેવો અને વિદ્યાધરોવડે નમસ્કાર કરાતા, પ્રમાણ વિનાના (ઘણા) ગુણોરૂપી રત્નોના નિવાસરૂપ, જેને ઇંદ્રે માર્ગ દેખાડ્યો હતો, જેણે માર્ગે લાગેલા ભવ્યજનોને સંતોષ ઉત્પન્ન કર્યો હતો, જેનું ગાત્ર (શરીર) તોષ (રાગ) અને રોષ(દ્વેષ)થી રહિત હતું, ગર્તા (ખાડા) સમાન સંસારમાં પડતા જનોનો ઉદ્ધાર કરવામાં જે તત્પર હતા, મોટા કરૂણારસે કરીને જેણે જગતના જનોનો દુઃખરૂપી અગ્નિ બુઝાવી દીધો હતો, તથા જે પાપરૂપી પર્વતનું દલન કરનાર હતા તે જગદ્ગુરૂ શ્રી મહાવીરસ્વામી પૂર્વ તરફના દરવાજાવડે સમવસરણની ભૂમિમાં પેઠા. ત્યારપછી સિંહાસનને પ્રદક્ષિણા

કરીને " મારે પણ તીર્થ પૂજ્ય છે." એમ દેખાડતા ભગવાન કૃતકૃત્ય છતાં પણ " તીર્થને નમસ્કાર હો." એમ બોલી પૂર્વાભિમુખ સિંહાસન પર બેઠા. ત્યારપછી બાકીની ત્રણ દિશાના સિંહાસનો ઉપર દેવોએ જિનેશ્વરના પ્રતિરૂપ રચ્યાં. તે (પ્રતિરૂપો) પણ ભગવાનના માહાત્મ્યવડે તે( ભગવાન )ની જેવા જ શોભવા લાગ્યાં. એટલે કે જગદ્ગુરૂ એક રૂપવાળા હતા તો પણ જાણે કે સમગ્ર (ચારે ગતિના) પ્રાણીસમૂહનો નિસ્તાર કરવા માટે જ હોય તેમ ચાર રૂપને ધારણ કરનારા થયા. ત્યારપછી જાણે કે સર્વ (અસંખ્ય) સૂર્યમંડળના સારભૂત પરમાણુના સમૂહવડે બનાવ્યું હોય એવું ભામંડળ પ્રભુના શરીરની (મુખની) પાછળ ગોળાકારે ઉદય પામ્યું. ત્યારપછી ભગવાનની બન્ને બાજુએ દક્ષિણ અને ઉત્તરના ભવનપતિના **ચમરેંદ્ર** અને **બલીંદ્ર** નામના બે અસુરપતિઓ પાંચ વર્ણના રત્નોના બનાવેલા દંડવડે શોભતા અને તુષાર તથા ગાયના દૂધની ધારા જેવા શ્વેત વર્ણવાળા ચામરોને હાથમાં ધારણ કરી ઊભા રહ્યા.

તે વખતે ભગવાન પરની ભક્તિને લીધે કેટલાક દેવો ગાયન કરવા લાગ્યા, કેટલાક નૃત્ય કરવા લાગ્યા, કેટલાક ત્રિપદીને ( કાખલીને ) વગાડવા લાગ્યા, કેટલાક સ્તુતિ કરવા લાગ્યા, તથા કેટલાક દેવો કલ્પવૃક્ષના સુગંધી પુષ્પોના મકરંદ( રસ )ના બિંદુ સહિત પાંચ પ્રકારના કમળનો સમૂહ જિનેશ્વરના ચરણ પાસે મૂકવા લાગ્યા. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક એ ચારે પ્રકારના દેવોએ હજારો વિમાનોની શ્રેણિઓવડે આકાશ-વિવર પૂરી દીધું. પાંચ વર્ણના મણિ-રત્નના બનાવેલા સુંદર વિમાનોવડે વ્યાપ્ત થયેલું આકાશવિવર પ્રફુલ્લિત કમળવનની શોભાને ધારણ કરવા લાગ્યું. સિંહ અને હરણ, સર્પ અને મોર, નોળીયો અને સસલો તથા બિલાડી અને ઉંદર વિગેરે પ્રાણીઓ પરસ્પરનું જાતિવૈર મૂકીને સમવસરણની ભૂમિમાં લીન થઇને રહ્યાં. ઘણા પૂર્વભવની પરંપરાવડે ઉપાર્જન કરેલા કર્મરૂપી શત્રુથી ભય પામેલા સર્વ પ્રાણીઓનું જાણે શરણરૂપ હોય તેમ તે સમવસરણ શોભતું હતું.

આ અવસરે ત્રણ પ્રદક્ષિણા કરીને જેઓએ પોતાના નમતા મસ્તકના મુકુટોના રત્નના કિરણોવડે ભગવાનના પાદપીઠને વ્યાપ્ત કર્યું હતું એવા સુરેંદ્રો અને અસુરેંદ્રો જિનેશ્વરને પ્રણામ કરી પોતપોતાના યોગ્ય સ્થાન ઉપર બેઠા. ત્યારપછી શક્રેંદ્રે કોલાહલનો નિષેધ કર્યો ત્યારે શ્રીજિનેશ્વર પોતાના નિર્મળ દાંતની કાંતિના સમૂહવડે જાણે ધોયેલી હોય તેમ નિર્મળ, એક જ પ્રકારની છતાં પણ અનેક લોકોના સંશય છેદવામાં સમર્થ, દેવ, મનુષ્ય, ભિલ્લ અને તિર્યંચ

એ સર્વને સાધારણ ( સમજી શકાય તેવી ), જળભરેલા મેઘની ગર્જના જેવી ગંભીર, એક યોજન પ્રમાણ ક્ષેત્રમાં પ્રસરવાની શક્તિવાળી તથા જાણે અમૃતની વૃષ્ટિ હોય તેમ સર્વ ભવ્ય પ્રાણીઓના સંતાપને શાંત કરનારી વાણીવડે ધર્મદેશના આપવા પ્રવર્ત્યા. કેવી રીતે ? તે કહે છે:—

જે પ્રકારે પ્રાણવધાદિકથી ઉત્પન્ન થયેલા પાપસમૂહવડે ભારવાળા થયેલા જીવો લોઢાના ગોળાની જેમ તત્કાળ ભવસાગરમાં ડૂબી જાય છે, જે પ્રકારે જ્ઞાન, દર્શન અને ચારિત્ર સેવવાવડે (પ્રાણીઓ) શીઘ્રપણે શુદ્ધ થાય છે અને સ્વર્ગ તથા મોક્ષની સુખપરંપરાને પામે છે, જે પ્રકારે મિથ્યાત્વવડે જેના વિવેકરૂપી નેત્ર આચ્છાદિત થયા છે એવા પ્રાણીઓ કદાપિ સમગ્ર દોષ રહિત સાચા દેવ, ગુરૂ અને ધર્મપદને જાણતા નથી, જે પ્રકારે ગૃહના કાર્યમાં આસક્ત થયેલા અને કામ—ભોગના સુખવડે અતૃપ્ત થયેલા મુગ્ધ જીવો મનુષ્યપણું પામીને પણ થોડાવડે જ (અલ્પ સુખે કરીને જ) તે મનુષ્યપણું હારી જાય છે, જે પ્રકારે પ્રમાદમાં તત્પર રહેવાથી ઘણા જીવો રક્ષણ અને શરણ રહિત થઈને નરકને વિષે દહન, ભેદન વિગેરે દુઃખોને પામે છે, જે પ્રકારે પંચ મહાવ્રતરૂપી બખ્તરવડે ગુપ્ત શરીરવાળા પ્રાણીઓ સુર અને અસુરવડે પણ જીતી ન શકાય તેવા અભ્યંતર શત્રુવર્ગ(ક્રોધાદિક)ને ક્રીડા માત્રમાં જ દળી નાંખે છે, તથા વળી જે પ્રકારે શત્રુ–મિત્ર, મણિ–કાંકરો તથા સુખ–દુઃખમાં તુલ્ય ચિત્તવાળા પ્રાણીઓને દેવોથકી પણ ઘણું અધિક સુખ પ્રાપ્ત થાય છે તે પ્રકારે જગદ્‌ગુરૂ શ્રીજિનેશ્વરે હર્ષના સમૂહથી ભરાયેલી અને નર, તિર્યંચ તથા દેવ સમૂહવડે વ્યાપ્ત એવી સભામાં જગતને મધ્યે શ્રેષ્ઠ ધર્મ કહ્યો તે વખતે જિનેશ્વરના વચનરૂપી અમૃતનું પાન કરવાથી તે આખી સભા પથ્થરમાં ટાંકણાવડે જાણે કોતરી હોય અથવા દૃઢ વજ્રલેપવડે ઘડી ( વ્યાપ્ત કરી ) હોય તેમ નિશ્ચલ થઇ ગઈ. તથા વળી નિમેષ રહિત નેત્રવડે જિનેશ્વરના મુખને જોતા તિર્યંચ અને મનુષ્યના સમૂહ દેવપણાની લક્ષ્મીને વર્યા ( પામ્યા ) હોય તેમ શોભતા હતા.

તે સમયે આ તરફ તે ( મધ્યમા ) નગરીમાં અત્યંત ધન–ધાન્યની સમૃદ્ધિવાળો, બ્રાહ્મણના ષટ્કર્મ કરવામાં તત્પર અને પોતાના શાસ્ત્રમાં કહેલા ધર્મમાં નિશ્ચલ ચિત્તવાળો **સોમિલિજ્જ** નામનો બ્રાહ્મણ રહેતો હતો. સ્વર્ગની ઇચ્છાવાળા તેણે તે નગરીની બહારના ભાગમાં યજ્ઞ આરંભ્યો હતો, તેથી તેણે દૂર

દેશથી ઘણા સેંકડો શિષ્યોના પરિવારવાળા, સમગ્ર (ચૌદ) વિદ્યાના સ્થાનને પાર પામેલા, ચાર વેદના સૂત્રાર્થમાં પંડિત અને પોતપોતાની બુદ્ધિના ગર્વથી બૃહસ્પતિને પણ હસનારા **ઇંદ્રભૂતિ** વિગેરે અગ્યાર અધ્યાપકોને બોલાવ્યા હતા, ઘી, મધ અને જવ વિગેરે યજ્ઞની સામગ્રી એકઠી કરી હતી, બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે ઉંચા શ્રેષ્ઠ વસ્ત્રો અને સુવર્ણ વિગેરેના સમૂહો તૈયાર કર્યા હતા, ભક્તિથી, કૌતુકથી અને આગ્રહથી ઘણા દેશના લોકો ત્યાં આવેલા હતા. પછી ત્યાં અગ્નિમાં (અગ્નિના કુંડમાં) નિરંતર મંત્રોના ઉચ્ચારપૂર્વક યજ્ઞની સામગ્રીનો હોમ આરંભ્યો. આ અવસરે આકાશતળને ઓળંગતા દેવીઓ સહિત દેવોના સમૂહને જોઇને પ્રેક્ષક જનો તુષ્ટમાન થયા, અને બોલ્યા કે—"આ યાજ્ઞિકોએ સારી રીતે મનોહર હોમ કર્યો છે, તેથી તુષ્ટમાન થયેલા દેવો પોતે જ શરીર ધારણ કરીને અહીં ઉતરે છે." તેટલામાં તો ચંડાળના ઘરની જેમ તે યજ્ઞપાટકનો ત્યાગ કરી તે દેવો સમવસરણ તરફ જવા લાગ્યા ત્યારે લોકનો પ્રવાદ આ પ્રમાણે વિકાસ પામ્યો (લોકો બોલ્યા) કે- "ભૂત-ભવિષ્યની વસ્તુને જાણનાર તથા લોકોત્તર ઐશ્વર્ય, રૂપ, સામર્થ્ય અને યશ વિગેરે ગુણોના નિવાસરૂપ સર્વજ્ઞ અહીં સમવસર્યા (પધાર્યા) છે. તેમની પૂજા કરવા માટે આ નગરજનો અને વિમાનમાં આરૂઢ થયેલા દેવો જાય છે."

તે વખતે 'સર્વજ્ઞ' એવો શબ્દ સાંભળી ઇંદ્રભૂતિને અત્યંત કોપ ઉત્પન્ન થયો, એટલે તેણે પોતાના લોકો પાસે આ પ્રમાણે કહ્યું કે-"આ લોકો મને મૂકીને તેની પાસે કેમ જાય છે? શું મારી પાસે પણ આ જગતમાં કોઇપણ સર્વજ્ઞ છે? અથવા મૂર્ખ લોકો ભલે જાઓ, પણ આણે દેવોને શી રીતે વિસ્મય પમાડ્યા કે જેથી તેઓ પણ તેને સર્વજ્ઞની બુદ્ધિએ પૂજે છે અને સ્તુતિ કરે છે? અથવા તો જેવો તે સર્વજ્ઞ હશે તેવા જ દેવો પણ હશે. ગ્રામ્યજનો અને નટોની જેમ સરખે સરખો મૂર્ખનો સંયોગ મળ્યો લાગે છે અથવા આ ઘણું કહેવાથી શું? હજુસુધી તેનું કાર્ય સિદ્ધ નથી થયું તેટલામાં હું પોતે જ ત્યાં જઇને હેતુ તથા યુક્તિવડે તે શ્રમણ(સાધુ)ને દેવો અને અસુરોની સમક્ષ હણાયેલા પ્રભાવવાળા કરી, એક ક્ષણવારમાં જ તેના સમગ્ર સર્વજ્ઞવાદનો નાશ કરૂં." આ પ્રમાણે અહંકાર સહિત બોલીને પાંચસો શિષ્યોથી પરિવરેલો તે (ઇંદ્રભૂતિ) જગદ્ગુરૂના પાદમૂળે પ્રાપ્ત થયો. ત્યારપછી ચંદ્ર, કાશના પુષ્પના સમૂહ અને હિમ(બરફ)ની જેવા શ્વેત ત્રણ છત્રવડે સૂર્યના કિરણોના સમૂહનો પ્રચાર જેમને રૂંધાયેલો હતો, તથા જેમને એકઠા

થયેલા મનુષ્યો, વિદ્યાધરો અને દેવેંદ્રોના સમૂહો આદરથી વંદના કરતા હતા તેવા જગન્નાથનો મહિમા જોઇને "આ શું ?," એમ તત્કાળ સમવસરણમાં ગયેલો ઇંદ્રભૂતિ પોતાના મનમાં આશ્ચર્ય પામ્યો. તે વખતે ત્રણ ભુવનમાં એક સૂર્યસમાન જિનેશ્વરે તેને "હે ઇંદ્રભૂતિ ! ગૌતમ ! તું ભલે આવ્યો." એમ મધુર વાણીવડે બોલાવ્યો. તે સાંભળીને તેણે વિચાર્યું કે-"આ તો મારા નામને પણ જાણે છે અથવા તો પૃથ્વી પર પ્રગટ યશવાળા મને કોણ ન જાણે ? જો મારા હૃદયમાં રહેલા સંશયને જાણે અથવા છેદે તો મને વિસ્મય થાય." આ પ્રમાણે વિચાર કરતાં તેને ફરીથી પ્રભુએ કહ્યું કે-"હે સુંદર ! હું જાણું છું કે 'જીવ છે કે નહીં ?' એમ તારા મનમાં સંશય છે, પરંતુ પ્રમાણથી નિષેધ કરી શકાય તેવા તે સંદેહનો તું ત્યાગ કર; કેમકે ભ્રાંતિ રહિતપણે જીવ છે જ. તે ચિત્ત, ચેતના, સંજ્ઞા અને વિજ્ઞાન વિગેરે આ પ્રગટ લક્ષણોવડે જાણવા લાયક છે. જો કદાચ સુકૃત અને દુષ્કૃતનો આધારરૂપ જીવ અવસ્થિત ન હોય તો યજ્ઞ, દાન, જ્ઞાન અને તપસ્યા ( વ્રત ) વિગેરે સર્વ વ્યર્થ થશે." આ પ્રમાણે જગદ્‌ગુરૂનું વચન સાંભળી તથા તેને પોતાની બુદ્ધિપૂર્વક વિચારી તેણે મિથ્યાત્વની સાથે જ તે સંશયનો શીઘ્ર ત્યાગ કર્યો. ત્યારપછી કુવિકલ્પનો નાશ કરી સર્પની જેવા દર્પ( ગર્વ )ને દૂરથી જ ત્યાગ કરી સંસારથી વિરક્ત મનવાળો તે જગદ્‌ગુરૂના ચરણમાં પડ્યો, અને બોલ્યો કે-"હે ભગવન્ ! પોતાની દીક્ષા મને આપીને મારા પર અનુગ્રહ ( કૃપા ) કરો." આ પ્રમાણે તેના કહેવાથી જગદ્‌ગુરૂએ તેને ( પાંચસો શિષ્યો સહિત ) પોતાના હાથવડે દીક્ષા આપી. (૧)

તેને પ્રવ્રજિત થયેલા સાંભળીને **અગ્નિભૂતિએ** આ પ્રમાણે વિચાર કર્યો કે-"હું ત્યાં જાઉં, અને તે સર્વજ્ઞનો પરાજય કરી મારા ભાઇને પાછો લાવું. હું માનું છું કે-તે સાધુએ ઇંદ્રજાલિકની જેમ મારા ભાઇને છળાદિકવડે છળ્યો તો નહીં હોય ? તેથી મારે તેની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. વળી જો કદાચ તે મારા એક જ સંશયને છેદશે તો હું તેનો શિષ્ય થઇશ." આ પ્રમાણે બોલતો તે પણ જિનેશ્વરની સમીપે ગયો. ત્યારે પ્રભુ બોલ્યા કે-'હે અગ્નિભૂતિ ! કર્મ છે કે નથી ? એમ તને સંશય છે, તે અત્યંત અયુક્ત છે; કારણ કે આ જગતમાં કર્મ તો પ્રગટ જ છે. જો કર્મ ન હોય તો સર્વ મનુષ્યોને હાથ, મસ્તક વિગરે અવયવ અને શરીરનો સંબંધ સરખો છતાં પણ સર્વ મનુષ્યો સુખી કેમ છે ? અને બીજા નિરંતર દુઃખી કેમ છે ?

કેટલાક મનુષ્યો મસ્તક પર શ્વેત છત્ર ધારણ કરી નાયિકાઓવડે ચામરથી વીંઝાતા અને સુભટોના સમૂહવડે પરિવરેલા તથા હાથણી ઉપર આરૂઢ થયેલા જાય છે. બીજા કેટલાક પગમાં જોડા પહેર્યા વિના જ પગલે પગલે ભયના વશથી કંપતા એકલા બિચારા કોઇપણ પ્રકારે ( મહાકષ્ટથી ) માગમાં ચાલે છે. વળી કેટલાક લીલા માત્રમાં જ ઘણા માણસોના મનોરથોને પૂર્ણ કરે છે, અને બીજા કેટલાક ભિક્ષાભ્રમણ કરીને માત્ર પોતાના ઉદરને પણ મુશ્કેલીથી ભરે છે. તથા કેટલાક પુરૂષો ચંદ્ર જેવા મુખવાળી, બિંબના ફળ જેવા ઓષ્ઠવાળી, વિકસ્વર કમળના જેવા નેત્રવાળી અને વિલાસવાળી સ્ત્રીઓની સાથે પોતાનાં ભવનમાં વિલાસ કરે છે. અને બીજાં કેટલાક વાંદરાની જેવા મુખવાળી, મરચાં જેવા લાંબા સ્તનવાળી અને અત્યંત લાંબા ઓષ્ઠપુટવાળી જાણે પ્રત્યક્ષ રાક્ષસી હોય એવી સ્ત્રીઓની સાથે રહે છે. વળી વ્યાપાર વિગેરેનો સંબંધ તુલ્ય છતાં અને કાળ વિગેરે સમાન છતાં એકને ઘણો લાભ પ્રાપ્ત થાય છે અને બીજાની મુડી પણ ( મૂળ ધન પણ ) નાશ પામે છે. આ પ્રમાણે આવા પ્રકારનાં કાર્યોનું કારણ કર્મ જ જાણવું; કેમકે વિચિત્ર પ્રકારનાં કાર્યો કારણ વિના થતાં જ નથી." આ પ્રમાણે પ્રભુના કહેવાથી તેનો સંશય છેદાયો, તેથી ભવવૈરાગ્યને પામેલા તેણે પાંચ સો શિષ્યો સહિત પ્રવ્રજ્યા અંગીકાર કરી. ( ૨ )

ત્યારપછી તે બન્નેનો નાનો ભાઇ વાયુભૂતિ નામનો હતો. તે મત્સરનો ત્યાગ કરી ભક્તિના ભારથી રોમાંચને ધારણ કરતો અને " તે મારા બન્ને ભાઇઓને તેણે શી રીતે જીત્યા ?" એમ અત્યંત વિસ્મયને ધારણ કરતો તથા પોતાના સંશયના વિચ્છેદને ઇચ્છતો જિનેશ્વરની પાસે આવ્યો. તે વખતે જગતના અદ્વિતીય ગુરૂએ કહ્યું-" હે ભદ્ર ! તે જ શરીર અને તે જ જીવ ( શરીર અને જીવ એક જ છે ) એવા સંશયને તું કેમ ધારણ કરે છે ? કેમકે તે યુક્તિથી બાધા પામે છે, કારણ કે શરીર અને જીવનું એકાંતપણે એકપણું માનવાથી દેહનો નાશ થયે જીવ નહીં રહે ( જીવનો પણ નાશ થશે ). જેમ ઘટ ભાંગી જવાથી તેનું રૂપ નાશ પામે જ છે. જીવથી રહિત થયા છતાં પણ જો શરીર વિદ્યમાન હશે તો જીવના ચૈતન્યાદિક ધર્મ હોવા જોઇશે, પરંતુ જીવ વિના તો તે ધર્મો જોવામાં આવતા નથી; તેથી કરીને જ્ઞાનવડે ઘન ( ઘણા જ્ઞાનવાળો ) તથા શરીરથી ભિન્ન અને અભિન્ન એવો જીવ જુદો જ છે એમ જાણવું." આ પ્રમાણે પ્રભુના કહેવાથી તે પ્રતિબોધ પામ્યો, તેથી ગૃહવાસના સંબંધનો ત્યાગ કરી અને પ્રેમબંધનો વિચ્છેદ કરી તેણે પાંચ સો શિષ્યો સહિત જિનેશ્વરની પાસે દીક્ષા ગ્રહણ કરી. (૩)

ત્યારપછી તે ત્રણેએ દીક્ષા લીધી સાંભળીને મત્સરનો ત્યાગ કરી **વ્યક્ત** નામના અધ્યાપકે વિચાર્યું કે-"હું જાઉં અને સંશયને પૂછું. તે ભગવાન સામાન્ય રૂપવાળા નથી." એમ વિચારી પ્રભુ ઉપર બહુમાનને વહન કરતો તે વ્યક્ત જિનેશ્વર પાસે ગયો. ભગવાને તેને કહ્યું કે-"હે ભદ્ર વ્યક્ત ! તને પંચ મહાભૂતના વિષયમાં સંદેહ છે, તે યુક્ત નથી; કેમકે પ્રત્યક્ષ દેખાતા પૃથ્વી, અગ્નિ, જળ અને વાયુ વિગેરે મહાભૂતો શી રીતે ઓળવી શકાય ? વળી વેદમાં જે કહ્યું છે કે-" સર્વે પદાર્થો સ્વપ્ન જેવા છે." વિગેરે તે પણ સર્વ પદાર્થો ક્ષણ વિલાસના સ્વભાવવાળા છે એમ ધારીને કહ્યું છે; પણ સર્વથા મહાભૂતોના અભાવને સાધવા માટે નથી કહ્યું." આ પ્રમાણે કહેવાથી વ્યક્ત પણ સંસારના અનુબંધની સાથે પોતાના કુતર્કનો ત્યાગ કરી પાંચ સો વિદ્યાર્થીઓ સહિત સંયમના ઉદ્યોતને પામ્યો. (૪)

તેણે (વ્યક્તે) પ્રવ્રજ્યા લીધા પછી **સુધર્મા** નામનો અધ્યાપક વિરૂદ્ધ વેદના વચન સંબંધી સંશયને પૂછવાની ઇચ્છાથી જિનેશ્વરની પાસે આવ્યો. ઉદયાચળ પર્વતના શિખર પર રહેલા સૂર્યની જેમ સિંહાસન પર રહેલા ભગવાનને જોઇને તે અત્યંત હર્ષના સમૂહને પામ્યો. તેને જિનેશ્વરે બોલાવ્યો કે-" હે સુધર્મા ! તું એવો સંશય ધારણ કરે છે કે-જે આ ભવમાં પુરૂષ કે પશુ હોય તે પરભવમાં પણ પુરૂષપણું કે પશુપણું પામે છે. આવો સંશય કરવો યોગ્ય નથી કારણ કે જે મનુષ્ય આ જન્મ(ભવ)માં સ્વભાવે કરીને માર્દવ, આર્જવ વિગેરે ગુણયુક્ત હોય તે મનુષ્ય મનુષ્યાયુષનું કર્મ બાંધી બીજા ભવમાં પણ મનુષ્યપણું પામે છે. અને પશુ પણ માયાદિક દોષવડે યુક્ત હોય તો તે ફરીથી પણ પશુપણું પામે છે, પરંતુ આ બાબત નિશ્ચે નથી કેમકે જીવોની ગતિ અને આગતિ કર્મની જ અપેક્ષાવાળી છે. વળી કારણને અનુસરતું જ કાર્ય હોય એમ સર્વત્ર કહેવું યોગ્ય નથી, કેમકે વિલક્ષણ સ્વરૂપવાળા શીંગડા વિગેરે કારણથકી પણ શર (ઘાસવિશેષ) વિગેરેની ઉત્પત્તિ જોવામાં આવે છે." આ પ્રમાણે સાંભળીને સંશયનો નાશ થતાં પાંચ સો શિષ્યો સહિત સુધર્મા ભગવાનનો શિષ્ય થયો. (૫)

હવે તેણે પ્રવ્રજ્યા લીધી ત્યારે **મંડિક** નામના અધ્યાપક પૂર્વના ક્રમે સમવસરણમાં આવ્યો. તેને ભગવાને કહ્યું કે-"હે ભદ્ર ! તું બંધ અને મોક્ષ સંબંધી સંશય કરે છે, તે યુક્ત નથી કેમકે બંધ અને મોક્ષ પ્રસિદ્ધ જ છે. કેવી રીતે ? તે કહે છે-

મિથ્યાત્વ, કષાય, પ્રમાદ અને મન, વચન, કાયા સંબંધી દુષ્ટ યોગ વિગેરે કારણોએ કરીને જીવને અત્યંત ભયંકર અને દૃઢ કર્મબંધ થાય છે. તેથી કરીને તે જીવ રાજ્યભ્રષ્ટની જેમ સર્વદા નરક અને તિર્યંચના સ્થાનોમાં તથા કિલ્બિષિક દેવ અને મનુષ્યના ભવમાં અત્યંત તીક્ષ્ણ દુઃખોને અનુભવે છે. વળી નિર્મળ જ્ઞાન, ચારિત્ર અને શ્રદ્ધા( સમ્યક્ત્વ )રૂપ મોટા હેતુઓવડે જે કર્મનો વિયોગ થવો, તે શિવસુખના ફળને આપનાર મોક્ષ જાણવો. અહીં કોઇ શંકા કરે કે–" જીવ અને કર્મને અનાદિ કાળનો સંબંધ છે તેથી તેમનું જુદાપણું શી રીતે થાય ?" તેનો જવાબ આપે છે કે જેમ સુવર્ણ અને માટીને પરસ્પર અનાદિ કાળનો સંયોગ છે તે જેમ અગ્નિવડે જુદો પડે છે તેમ અહીં પણ જીવ અને કર્મનો વિશિષ્ટ જ્ઞાનાદિક કારણથી વિયોગ થઇ શકે છે તેથી મોક્ષ પોતાની મેળે જ સિદ્ધ થાય છે."

આ પ્રમાણે સંશયરૂપી અંધકાર નાશ પામવાથી જગદ્ગુરૂના ચરણકમળને નમીને સાડાત્રણ સો શિષ્યના પરિવાર સહિત મંડિકે અનગાર–માર્ગ (સાધુમાર્ગ) અંગીકાર કર્યો. (૬)

ત્યારપછી **મૌર્ય** નામનો અધ્યાપક પણ અનુપમ માહાત્મ્યવાળા સ્વામીને જાણીને સમવસરણમાં આવ્યો. તેને ભગવાને કહ્યું કે–" હે ભદ્ર ! તું દેવના અભાવના વિષયવાળા સંદેહને ધારણ કરે છે. તે સંદેહનો અત્યારે તું ત્યાગ કર, કેમકે પદાર્થ પ્રત્યક્ષ દેખાતો હોય તે વખતે અનુમાનની કલ્પના કરવાથી શું ફળ ? આ પ્રત્યક્ષપણે જ નિર્મળ મણિના કુંડળના તેજસમૂહવડે વિકસ્વર ગંડસ્થળવાળા, દિવ્ય વસ્ત્રોને ધારણ કરનારા, શરીરની કાંતિવડે દિશાઓના સમૂહને ઉદ્યોત કરનારા, મહાસુખમાં રહેલા, આકાશમાં ગતિ કરનારા અને મુનિઓની જેમ જેમના શાસનનો પરાભવ ન થઇ શકે તેવા દેવો હમણાં અહીં જ વર્તે છે; તેથી તેમના વિષે અભાવની કલ્પના કરવી અયોગ્ય છે. જે અન્ય કાળે આ દેવો દેખાતા નથી તે મૃત્યુલોકના ગંધના અત્યંત અશુભપણાને લીધે અને નાટકનું અવલોકન વિગેરે કાર્યમાં નિરંતર ચિત્તના વ્યાક્ષેપને લીધે કોઇ પણ પ્રકારે આવવાને ઇચ્છતા નથી. અને જિન-જન્માભિષેક વિગેરે કાર્યોમાં ભક્તિના ભારથી આદરવાળા થઇને આવે પણ છે. " આ પ્રમાણે વસ્તુતત્ત્વ જાણીને મૌર્યે સાડાત્રણ સો શિષ્યના પરિવાર સહિત ભાવસાર ( ભાવપૂર્વક ) જિનદીક્ષા અંગીકાર કરી. (૭)

ત્યારપછી કૌતુકવડે વ્યાકુળ ચિત્તવાળા **અકંપિત** પણ પોતાનો સંશય

દૂર કરવા માટે ભગવાનની સમીપે આવ્યો. તેને સ્વાગત કહેવાપૂર્વક જગદ્‌ગુરૂએ કહ્યું કે-" હે અકંપિત ! તું માને છે કે-આ ચંદ્ર, સૂર્ય, તારા વિગેરે દેવો પ્રત્યક્ષ જોવાથી જ છે એમ જણાય છે, પરંતુ નારકીઓ તો સ્વપ્નમાં પણ દેખાતા નહીં હોવાથી છે જ નહીં, એમ તારૂં માનવું અનુચિત છે; કારણ કે તે નારકીઓ કર્મના પરતંત્રપણાને લીધે અહીં આવવાને અસમર્થ છે, અને તમારી જેવા પણ (જોવા માટે) ત્યાં જવાને અસમર્થ છે, તેથી શી રીતે તેમનું હોવાપણું જાણી શકાય ? પરંતુ ક્ષાયિક જ્ઞાનવાળા વીતરાગને તો તેઓ પ્રત્યક્ષ જ છે. ક્ષાયિકજ્ઞાનવાળા સમગ્ર પદાર્થસમૂહને જાણનારા ન હોય એમ કહેવું નહીં, કેમકે તેમ કહેવાથી મારી સાથે જ વ્યભિચાર દોષનો પ્રસંગ આવે છે." આ પ્રમાણે સંશયનો છેદ થવાથી ત્રણ સો શિષ્યો સહિત અકંપિતે અનગારપણું અંગીકાર કર્યું. (૮)

આ અવસરે **અચલભ્રાતા** નામનો અધ્યાપક જિનેશ્વરનું માહાત્મ્ય જાણીને પોતાના મનમાં રહેલા સંશયને દૂર કરવા માટે જગદ્‌ગુરૂની સમીપે ગયો. તેને સ્વામીએ કહ્યું કે-" હે અચળ ! પુણ્ય-પાપ છે કે નથી ? એવો તું સંશય રાખે છે તે અયુક્ત છે; કેમકે શુભાશુભ ફળને ઉત્પન્ન કરવાપણાએ કરીને અને પૂર્વે કહેલા કર્મપક્ષના દૃષ્ટાંતે કરીને પુણ્ય-પાપની પણ સિદ્ધિ થાય છે." એમ ભગવાનના કહેવાથી તેને યથાર્થ વિવેક ઉત્પન્ન થયો, તેથી તે પણ ત્રણસો શિષ્યો સહિત કેદખાનાની જેવા સંસારવાસનો ત્યાગ કરી શ્રમણ થયો. (૯)

ત્યારપછી તેને પ્રવ્રજિત થયેલ સાંભળીને **મેતાર્ય** નામનો અધ્યાપક જિનેશ્વરની પાસે પ્રગટ થયો. તેને પણ ત્રણ ભુવનના એક ચક્ષુરૂપ શ્રી મહાવીરસ્વામીએ કહ્યું કે-" હે સુંદર ! તું પણ આ પ્રમાણે વિકલ્પ કરે છે કે-ચેતનારૂપ જીવનો ધર્મ ભૂતના સમુદાયરૂપ હોવાથી જીવનું ભવાંતરગમન શી રીતે ઘટે ? કેમકે મહાભૂતનો નાશ થાય ત્યારે ચેતનારૂપ જીવનો પણ નાશ જ થાય. આ તારો સંશય અયોગ્ય છે, કેમકે પૃથ્વી વિગેરે પંચ મહાભૂતો એક ઠેકાણે ભેળા થયા છતાં પણ તેમાં ચેતના પ્રાપ્ત થતી નથી (દેખાતી નથી); તેથી તે મહાભૂતોથી રહિત જુદી જ ચેતના જીવસ્વરૂપવાળી અંગીકાર કરવી યોગ્ય છે. તે અંગીકાર કરવાથી જીવનું પરભવમાં જે જવું તે સાક્ષાત્‌પણે જ સિદ્ધ છે, તથા જાતિસ્મરણાદિકથી પણ પરભવની સિદ્ધિ થઈ શકે છે." આ પ્રમાણે પ્રભુના કહેવાથી મેતાર્યનો સંશય છેદાયો તેથી ત્રણ સો શિષ્યો સહિત તેણે ભગવાનની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. (૧૦)

હવે તે દશેએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી ત્યારે ત્રણ સો શિષ્યોથી પરિવરેલો **પ્રભાસ** કૌતુક સહિત પોતાના પંડિતપણાના અભિમાનનો ત્યાગ કરી, ભુવનને આશ્ચર્ય પમાડનાર વિચિત્ર અતિશયોવાળા સ્વામીને જોઇ, બે હાથ જોડી, હર્ષથી ઉત્ફુલ્લ નેત્રવાળો થઇ સંશય પૂછવાની ઇચ્છા હતી તો પણ ક્ષોભને લીધે બોલી શક્યો નહીં. તેને ભગવાને કહ્યું કે–" હે પ્રભાસ ! નિર્વાણ ( મોક્ષ ) છે કે નથી ? એ પ્રમાણે સંદેહરૂપી હીંચકાનું તું અવલંબન કરે છે. સર્વથા તે સંશયનો તું ત્યાગ કર, કેમકે અતિશય જ્ઞાનવાળાને પ્રત્યક્ષ હોવાથી સમગ્ર કર્મમળથી રહિત થયેલા જીવને રહેવાના સ્થાનરૂપ અને ચાર ગતિરૂપ સંસારના આવાસથી વિલક્ષણ સ્વરૂપવાળો મોક્ષ સાક્ષાત્ છે જ. વળી જીવની જેમ શુદ્ધ ( એક જ ) શબ્દ( મોક્ષ )વડે કહેવા લાયક છે. તેથી પણ પંડિતોએ શ્રદ્ધા કરવા લાયક છે; કેમકે જે પદાર્થ અવિદ્યમાન ( અછતો ) હોય, તે શુદ્ધ ( એક ) શબ્દથી કહેવા લાયક પણ હોય નહીં. જેમ આકાશમાં પુષ્પ હોતું નથી, તેથી તેને માટે એક શબ્દ નથી; પણ (आकाशकुसुमं-खपुष्पं વિગેરે ) બે શબ્દ છે. " આ પ્રમાણે ભગવાનના કહેવાથી પ્રભાસનો સંશય નાશ પામ્યો, તેથી તે પણ શિષ્યના પરિવાર સહિત જગદ્‌ગુરૂને પ્રણામ કરીને શ્રમણ ( સાધુ ) થયો. ( ૧૧ )

આ પ્રમાણે જેમનો પ્રેમબંધ ( રાગ ) વિચ્છેદ પામ્યો હતો, જેમને કર્મનું સંધાન (બંધન) નાશ પામ્યું હતું, જેઓ વિશિષ્ટ જાતિમાં ઉત્પન્ન થયા હતા, જેઓ ઉત્તમ ગોત્રમાં ઉત્પન્ન થયા હતા, જેઓ ઉત્તમ રૂપથી શોભતા હતા, જેઓ વિશુદ્ધ કીર્તિને ધારણ કરતા હતા, જેઓ અચિંત્ય શક્તિથી યુકત હતા, જેઓ સમગ્ર શાસ્ત્રના પારગામી હતા, જેમણે પ્રચંડ કામદેવનું ખંડન કર્યું હતું, જેઓએ દ્વેષનો કલેશ ત્યાગ કર્યો હતો, જેમને સુર–અસુરો પણ વાંદતા હતા, જેઓ સર્વ લબ્ધિઓ પામવાથી આનંદ પામતા હતા, જેમને જિનેંદ્રનો ધર્મ પ્રાપ્ત થયો હતો, જેમણે સર્વ સંગનો ત્યાગ કર્યો હતો, જેઓ ગુણની શ્રેણિથી શોભતા હતા, તથા જેઓ સ્ત્રીઓથી મોહ પામ્યા ન હતા એવા તે અગ્યારે ઇંદ્રભૂતિ વિગેરે સાધુઓ શિષ્યોરૂપી હાથીના બાળકોથી પરિવરેલા દિગ્ગજોની જેમ શોભતા હતા. અથવા તો જેમના મસ્તક ઉપર કલ્પવૃક્ષના કિસલય જેવો ભુવનનાથનો પોતાનો જ હાથ રહેલો હોય તેમનું શું વર્ણન કરાય ?

હવે આ અવસરે જે પૂર્વે કહેલી **દધિવાહન** રાજાની પુત્રી **ચંદના** નામની કન્યા ભગવાનની પહેલી શિષ્યા થશે એમ જાણીને શક્રેંદ્રે તેણીનું

રક્ષણ કર્યું હતું, તે શતાનિક રાજાના મંદિરમાં રહેલી ચંદનાએ તત્કાળ આકાશમાં નિરંતર દેવોના વિમાનો જતા—આવતા જોઇને જિનેશ્વરને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું એમ નિશ્ચય કર્યો; તેથી તે પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં ઉત્સુક થઈ. એટલે પાસે રહેલી દેવી તેણીને હસ્તતલવડે ગ્રહણ કરી સમવસરણમાં લઇ ગઇ. ત્યાં મોટા હર્ષના સમૂહને વહન કરતી તે ચંદના ત્રણ પ્રદક્ષિણા દેવાપૂર્વક જિનેશ્વરને વાંદીને પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે ભગવાનની પાસે પ્રાપ્ત થઇ.

આ અવસરે બીજી પણ રાજા, ઈશ્વર, તલવર, શ્રેષ્ઠી, સેનાપતિ, મંત્રી અને સામંત( ખંડીયા રાજા )ની કન્યાઓ પણ જિનપતિનું વચન (ઉપદેશ) સાંભળવાવડે સંસાર પર વૈરાગ્ય ઉત્પન્ન થવાથી સર્વવિરતિ ગ્રહણ કરવા માટે તે( ભગવાન )ની પાસે પ્રાપ્ત થઈ. ત્યારે ભગવાને ચંદનાને આગળ ( મુખ્ય ) કરીને તે સર્વેને પોતાને હાથે દીક્ષા આપી. ત્યારપછી પ્રવ્રજ્યાના ઉદ્યમમાં અશક્તિમાન ઘણા જનોને ભગવાને શ્રાવકધર્મમાં સ્થાપન કર્યા. આ રીતે આ સમવસરણમાં ભગવાનનો ચતુર્વિધ સંઘ થયો. ગુણરૂપી રત્નોના સમુદ્ર સમાન સંઘ સ્થાપિત થયો ત્યારે તે ઇંદ્રભૂતિથી લઇને પ્રભાસ પર્યંત અગ્યારે સાધુઓને સમગ્ર ભુવનમાં રહેલા સર્વ પદાર્થોના સમૂહના સંગ્રહસ્વરૂપવાળી " उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा " એ ત્રિપદીને કહી. ત્યારે પૂર્વભવમાં અભ્યાસ કરેલા સમસ્ત પરમાર્થવાળા શાસ્ત્રના વિસ્તાર( સમૂહ )માં વિચક્ષણપણાને લીધે તત્કાળ ઉત્પન્ન થયેલી બુદ્ધિના અતિશયને વહન કરતા તેઓએ તે ત્રિપદીને અનુસારે દ્વાદશાંગીની રચના કરી. તે પ્રમાણે રચના કરતા સાત ગણધરોની જુદી જુદી વાચનાઓ થઇ. તથા મેતાર્ય અને પ્રભાસની, તેમજ અચળભ્રાતા અને અકંપિતની પરસ્પર સરખી વાચના થઇ. આ પ્રમાણે સૂત્રની રચના પૂર્ણ થઇ ત્યારે ઇંદ્રભૂતિ વિગેરેને ગણધરપદ ઉપર સ્થાપન કરવાને માટે પોતેજ ભુવનબાંધવ ( ભગવાન ) ઊભા થયા ત્યારે ' આ મારો અવસર છે ' એમ જાણી દેવોના સમૂહથી પરિવરેલા ઇંદ્ર શ્રેષ્ઠ સુગંધથી વ્યાપ્ત એવા વાસવડે મિશ્ર કરેલા ચૂર્ણના ભરેલા રત્નથાળને લઈ જિનેશ્વરની પાસે ઊભા રહ્યા. તે વખતે સ્વામીએ સિંહાસન પરથી ઊભા થઇ તે ચૂર્ણની પૂર્ણ મુઠી ગ્રહણ કરી. ત્યારપછી કાંઇક નમ્ર કાયાવાળા ગૌતમસ્વામી વિગેરે અગ્યારે ગણધરો અનુક્રમે ઊભા રહ્યા. દેવોએ વાજિંત્રના શબ્દ નિષેધ કર્યા એટલે જગદ્ગુરૂએ

" ગુણવડે અને પર્યાયવડે મેં તને તીર્થની અનુજ્ઞા આપી છે. " એમ કહીને સૌથી પ્રથમ પોતાના હસ્તવડે ગૌતમસ્વામીના મસ્તક પર તે ચૂર્ણ નાખ્યું. એ જ રીતે અનુક્રમે બાકીના ગણધરો ઉપર પણ ચૂર્ણનો પ્રક્ષેપ કર્યો. ત્યારપછી આકાશતળમાં રહેલા અને આનંદવડે વિકસ્વર નેત્રવાળા દેવોએ પણ તે ગણધરોના મસ્તક ઉપર સુગંધમાં અંધ થયેલા મુગ્ધ ભમરાઓના આશ્રયથી વાચાલ થયેલ પુષ્પવાસ અને ચૂર્ણવાસ નાંખ્યો. તેમજ ' આ ચિરજીવી છે ' એમ જાણીને પાંચમા ગણધર સુધર્માસ્વામીને આગળ રાખીને ભગવાને ગણ(ગચ્છ)ની અનુજ્ઞા આપી. આર્યાઓના સંયમના ઉદ્યોગનો નિર્વાહ કરવા માટે ચંદના સાધ્વીને પ્રવતિનીના પદે સ્થાપન કરી. આ પ્રમાણે બીજા દ્વીપોથી પરિવરેલા જંબૂદ્વીપની જેમ, કુળપર્વતોવડે પરિવરેલા મેરૂપર્વતની જેમ અને તારાઓવડે પરિવરેલા ચંદ્રની જેમ અગ્યાર ગણધરો, બીજા ઘણા સાધુઓ અને ઘણી સાધ્વીઓવડે પરિવરેલા સ્વામી શોભવા લાગ્યા.

એકલા એવા પણ ભુવનના એક બંધુરૂપ ભગવાનના માહાત્મ્યને કોણ માપી શકે? તો પછી ગૌતમાદિક ગણધરોવડે પરિવરેલા ભગવાનના માહાત્મ્યનું તો શું કહેવું ?

ત્યારપછી કેટલાક દિવસ સુધી ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરી જગદ્ગુરૂ ત્યાંથી નીકળ્યા. તે વખતે આકાશમાં રહેલા અને લટકતા મોતીના હારવડે શોભતા છત્રે કરીને, આકાશમાં રહેલા તથા પોયણા અને ચંદ્રના કિરણો જેવા મનોહર (ઉજ્જવળ) બે ચામરોએ કરીને, આકાશતળને અવલંબન કરનાર (રહેલા) અને મણિના પાદપીઠ સહિત સિંહાસને કરીને તથા શબ્દ કરતી ઘુઘરીઓના સમૂહના મધુર શબ્દવડે વાચાલ, અનેક નાની ધ્વજાઓથી મનોહર અને આકાશમાં રહેલા મહેંદ્રધ્વજે કરીને શોભતા શ્રી જિનેશ્વર વિહાર કરતા હતા તે વખતે કરોડો દેવો અને અસુરો આદર સહિત તેમને અનુસરતા હતા, સુગંધી વાયુ અનુકૂળપણે વાતો હતો, જાણે ભક્તિથી જ વંદના કરતા હોય તેમ માર્ગના વૃક્ષો નમતા હતા, વિકાર પામેલા ખલ પુરૂષોની જેમ કાંટાઓ અધોમુખ કરીને રહેતા હતા અને સર્વ ઋતુઓ અનુકૂળ વર્તતી હતી. પ્રભુ પોતાના માહાત્મ્યવડે ત્રણ લોકની રાજ્યલક્ષ્મી જાણે એક ઠેકાણે મળી હોય તેમ દેખાડતા, દુકાળ, મરકી અને ઉપદ્રવોને શાંત કરતા, સ્થાને સ્થાને સમવસરણના મહિમાને અંગીકાર કરતા, પરતીર્થિકોના પ્રવાદને શૂન્ય (અસાર) કરતા, મોક્ષમાર્ગને પ્રકાશ કરતા તથા ચારિત્ર આપવાવડે ભવ્ય પ્રાણીના

સમૂહ ઉપર કૃપા કરતા અને પુર, ગ્રામ, ખેટ, કર્બટ વિગેરે સ્થાનોમાં વિહાર કરતા અનુક્રમે પૂર્વે કહેલા **બ્રાહ્મણકુંડગ્રામ** નામના નગરમાં આવ્યા.

ત્યાં નગરની બહાર સમીપ ભાગમાં વિવિધ જાતિના વૃક્ષો અને લતાઓથી વ્યાપ્ત **બહુશાળ** નામના ચૈત્ય(ઉદ્યાન)માં દેવોએ મોટી ઉત્તમ રચના સહિત સમવસરણ રચ્યું. રત્નના પ્રાકારની મધ્યે પૂર્વ દિશા સન્મુખ મણિના પાદપીઠ સહિત સિંહાસન સ્થાપન કર્યું. તેની ઉપર જગતના એક-ચૂડામણિ (મુગટ) સમાન શ્રી **મ**હાવીરસ્વામી બેઠા. તેમના પાદપીઠની પાસે ભગવાન ગૌતમ-સ્વામી બેઠા. દેવો, મનુષ્યો અને તિર્યંચો સર્વે પોતપોતાના સ્થાને બેઠા. આ અવસરે બ્રાહ્મણકુંડગ્રામ નગરમાં પ્રસિદ્ધિ (વાર્તા) ફેલાણી કે-" બહુશાળ નામના ચૈત્ય(ઉદ્યાન)માં ભગવાન મહાવીરસ્વામી સમવસર્યા (પધાર્યા) છે. " આ વાત સાંભળીને પૂર્વે કહેલા **ઋષભદત્ત** નામના બ્રાહ્મણનું મન મોટા હર્ષના ભારથી (સમૂહથી) અત્યંત ભરાઈ ગયું. એટલે તે પોતાની પત્ની **દેવાનંદા** નામની બ્રાહ્મણીને કહેવા લાગ્યો કે-

" હે સુંદરી! ત્રણ લોકના તિલકભૂત અને સત્ય પદાર્થની કથા કહેવામાં સમર્થ શ્રીમહાવીર જિનેશ્વર પોતે બહાર ઉદ્યાનમાં સમવસર્યા છે. હે પ્રિયા! માત્ર તેમનું દર્શન પણ અનુપમ કલ્યાણના સમૂહનું કારણ છે, તો પછી તેમની પાસે જવું, તેમને વંદન કરવું અને પાદસેવન કરવું, એ વિગેરે સેવા કરવાથી કલ્યાણનું કારણ થાય તેમાં શું કહેવું ? તેથી આપણે જઈએ અને તેમના દર્શનવડે આપણું પોતાનું જીવિત આપણે સફળ કરીએ." તે સાંભળીને તેણીએ કહ્યું કે-"હે પ્રિયતમ! તમે કહ્યું તેમાં શું અયોગ્ય છે? સર્વ યોગ્ય જ છે. તેથી ચાલો આપણે જઈએ." આ દેવાનંદાના ગર્ભમાંથી જે દિવસે જગદ્‌ગુરૂ અપહાર કરાયા હતા, તે દિવસથી જ તે મહાશોકને વહન કરતી હતી.

હવે તેણીની સંમતિ જાણીને તે ઋષભદત્તે કૌટુંબિક પુરૂષોને બોલાવ્યા, અને તેમને કહ્યું કે-" હે પુરૂષો ! શ્રેષ્ઠ રત્નની ઘુઘરીઓના સમૂહવડે જેમનો મધ્ય ભાગ (પીઠભાગ) શોભતો છે, જેઓ સુવર્ણની નાથવડે ગ્રહણ કરાયેલા છે, કાળા કમળવડે જેમનો શેખર રચેલો છે, જેમનાં શીંગડાં રંગેલાં છે અને જેમનાં શરીર હૃષ્ટપુષ્ટ છે એવા શ્રેષ્ઠ જુવાન બળદોથી જોડેલો રથ અહીં શીઘ્ર લાવો કે જે વડે અમે જઈને જગદ્‌ગુરૂને વાંદીએ. " તે સાંભળીને-" જેવી સ્વામીની આજ્ઞા. " એમ કહીને તે કૌટુંબિક પુરૂષો ત્યાંથી નીકળ્યા. તેમણે શ્રેષ્ઠ રથ તૈયાર કર્યો અને પછી ઋષભદત્તની પાસે લાવ્યા. ત્યારપછી

દેવાનંદા સહિત તેના પર આરૂઢ થઇ, પુરૂષોના પરિવારવડે પરિવરેલો તે જિનેશ્વરની સન્મુખ ચાલ્યો. અનુક્રમે બહુશાલ ચૈત્યની સમીપે પ્રાપ્ત થયો. ત્યાં છત્રાતિછત્ર ( ઉપરાઉપર ત્રણ છત્ર ) વિગેરે પ્રભુના અતિશયો જોઇને તે રથ પરથી ઉતરી પાંચ પ્રકારના અભિગમવડે સમવસરણમાં પેઠો. જિનેશ્વરને ત્રણ પ્રદક્ષિણા દેવાપૂર્વક પ્રણામ કરીને હર્ષિત મનવાળો તે ભૂમિ પર બેઠો. દેવાનંદા પણ ભગવાનને પ્રણામ કરીને વિનય સહિત ઋષભદત્ત બ્રાહ્મણને આગળ કરી, ઊભી રહીને જ સાંભળવાને ઇચ્છતી મસ્તક પર બે હાથ જોડી પ્રભુને સેવવા લાગી. વિશેષ એ કે-જે સમયે ભગવાન તેણીના નેત્રના વિષયમાં આવ્યા ( જોવામાં આવ્યા ) તે જ સમયે તેણીનું મુખકમલ વિકસિત થયું, તેણીના હર્ષથી પ્રફુલ્લિત થયેલા નેત્રોમાંથી આનંદનાં અશ્રુ ઝરવા લાગ્યા, મેઘની જળધારાથી હણાયેલા કદંબના પુષ્પની જેમ તેના શરીર પર રોમાંચ ખડા થયા અને તેણીના સ્તનમાંથી દૂધની ધારા નીકલવા લાગી. તેવા પ્રકારની તેણીને જોઇ સંશય ઉત્પન્ન થવાથી ગૌતમસ્વામી જગદ્ગુરૂને પ્રણામ કરી પૂછવા લાગ્યા કે-" હે ભગવન ! નિમેષ રહિત દૃષ્ટિવડે આપના મુખને જોતી આ દેવાનંદા પોતાના પુત્રના દર્શનને અનુસરતી અને પ્રેમના સમૂહને ધારણ કરનારી અવસ્થાને પામી તેનું શું કારણ ? " ત્યારે ભગવાને કહ્યું કે-" હે ગૌતમ ! આ દેવાનંદા મારી માતા છે. હું આ દેવાનંદાની કુક્ષિથી ઉત્પન્ન થયેલો પુત્ર છું, કેમકે હું દેવભવથી જ્યારે ચવ્યો ત્યારથી આરંભીને બાશી દિવસ સુધી આના ગર્ભમાં રહ્યો હતો; તેથી પ્રથમના સ્નેહના અનુરાગે કરીને આ દેવાનંદા પરમાર્થને નહીં જાણ્યા છતાં પણ આવા પ્રકારના સંભ્રમને પામી છે. "

આ પ્રમાણે જિનેશ્વરનું વચન સાંભળીને તત્કાળ દેવાનંદા સહિત ઋષભદત્ત ઉછળતા રોમાંચવાળો થયો. તથા પર્ષદાનો સર્વલોક પણ તત્કાળ અત્યંત વિસ્મય પામ્યો અથવા તો પૂર્વે નહીં સાંભળેલી અદ્ભુત વાર્તાને સાંભળીને કોણ વિસ્મય ન પામે ?

ત્યારપછી જેમને અતિહર્ષનો પ્રકર્ષ ઉત્પન્ન થયો હતો એવા તે ઋષભદત્ત અને દેવાનંદા ફરીથી જગદ્ગુરૂના ચરણમાં પડ્યા. ત્યારપછી " માતા-પિતાનો બદલો વળી શકે તેમ નથી " એમ જાણતા ભગવાને શેષ લોકોને જણાવવા માટે દેશના પ્રારંભી. કેવી રીતે ?—

" હે દેવાનુપ્રિય લોકો ! આ અનાદિ સંસારમાં કોણ કોનો માતા,

પિતા અને પુત્રપણે નથી થયો ? અથવા તો કોના વિયોગમાં નિરંતર ઝરતા નેત્રના જળવડે સમયે સમયે પોક મૂકીને હાહારવવાળું રૂદન નથી કર્યું ? અહો ! ચૌદ રાજપ્રમાણ આ લોકમાં કયે ઠેકાણે આ જીવ નથી વસ્યો ? અથવા નિરંતર કઇ આપદાનું સ્થાન નથી થયો ? અથવા તો દાસની જેમ કોની આજ્ઞાના નિર્દેશમાં વર્તતા આ પ્રાણીલોકે દુઃખથી પીડિત નથી થવાયું ? આવા પ્રકારના દુઃખના સમૂહના જ એક કારણરૂપ અને મહા–ભયંકર આ સંસારમાં એક ક્ષણ માત્ર પણ બુદ્ધિમાન લોકોને નિવાસ કરવાની બુદ્ધિ કેમ થાય ? આ કારણથી જ શાશ્વતા સુખની ઇચ્છાવાળા પ્રાણીઓ ( ચક્રવર્ત્તી વિગેરે ) આવું સંસારનું સ્વરૂપ જાણીને તૃણની જેમ રાજ્યાદિકનો ત્યાગ કરી પ્રવ્રજ્યાને પામ્યા છે. તેથી કરીને પુણ્યના સમૂહથી પામવા લાયક આવી સામગ્રી જ્યાં સુધી પ્રાપ્ત થયેલી છે ત્યાં સુધીમાં તમે પણ મોક્ષને સાધનારા ધર્મને ગ્રહણ કરો. ” આ પ્રમાણે જગદ્‌ગુરૂએ કહ્યું ત્યારે આનંદને ઝરનારા નેત્રવાળા તે બન્નેને માત્ર પોતાના જ અનુભવથી જાણી શકાય તેવો કોઈ અપૂર્વ આનંદ ઉત્પન્ન થયો.

ત્યારપછી દેવાનંદા સહિત ઋષભદત્ત હૃષ્ટ–તુષ્ટ થઇ, ઉભો થઇ, સ્વામીને ત્રણ વાર વાંદી, બે હાથરૂપી કમળના ડોડારૂપી શેખર(મુગટ)વાળા મસ્તકને અત્યંત નમાવી કહેવા લાગ્યો કે–“ હે ભગવન ! જે આપે કહ્યું તે સત્ય જ છે, તેથી અમને આપની દીક્ષા આપવાવડે અનુગ્રહ કરો. હમણાં અમારૂં મન ગૃહવાસથી વિરક્ત થયું છે. ” ભગવાને કહ્યું કે–“ તમારી જેવાને આ યુક્ત જ છે. ” ત્યારપછી પોતાના આત્માને કૃતકૃત્ય ( કૃતાર્થ ) માનતા તે બન્ને ઇશાન ખૂણામાં જઈ, આભૂષણો અને પુષ્પમાળા વિગેરેનો ત્યાગ કરી, પંચમુષ્ટિવાળા લોચના કર્મને કરી, ત્રણ પ્રદક્ષિણા દેવાપૂર્વક પરમેશ્વરને વંદન કરી કહેવા લાગ્યા કે–“ હે ભગવન ! જરા, મરણ, રોગ, શોક અને વિયોગરૂપી અગ્નિની જ્વાળાના સમૂહવડે વ્યાપ્ત ( બળેલી ) આ ભવરૂપી જીર્ણ ઝુંપડીમાંથી અમને આપ પોતાના હાથવડે ખેંચી કાઢો. આ જન (અમે) આપના ચરણના શરણને પામેલો છે. ” આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે ભુવનગુરૂએ પોતે જ તેમને દીક્ષા આપી. પછી તેમને સાધુનો આચાર કહ્યો અને આવશ્યક વિધિ કહ્યો. એ પ્રમાણે તે કાળને ઉચિત સર્વ વિધિ દેખાડીને ભગવાને આર્યા ચંદના પ્રવર્તિનીને દેવાનંદાને શિષ્યાપણે આપી અને ઋષભદત્તને સ્થવિરોની પાસે સોંપ્યો. પછી તે બન્ને અતિચાર રહિત ચારિત્ર-ધર્મ પાળવામાં બદ્ધલક્ષ્ય ( તત્પર ) થઇ અપૂર્વ અપૂર્વ ( નવા નવા ) તપ

કરવામાં તત્પર થઇ, અગ્યાર અંગનો અભ્યાસ કરી, પર્યંત સમયે સંલેખનાનું આરાધન કરી, મોક્ષરૂપી મહામહેલ ઉપર ચઢવાના સાધનભૂત નીસરણીની જેવી ક્ષપકશ્રેણિ ઉપર ચડી મોક્ષપદને પામ્યા.

ત્યારપછી ગૌતમાદિક સાધુઓવડે પરિવરેલા ભગવાન વર્ધમાનસ્વામી ભવ્યપ્રાણીઓના હૃદયમાંથી પણ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરતા, ગામ, આકર અને નગરાદિકમાં વિહાર કરતા, મોક્ષપદને પ્રકાશ કરતા અનુક્રમે **ક્ષત્રિયકુંડગ્રામ** નામના નગરમાં આવ્યા. ત્યાં દેવોએ ચૈત્યવૃક્ષ, પ્રાકાર અને ગોપુર ( દરવાજા ) સહિત મોટી શ્વેત ધ્વજાઓના સમૂહવાળું અને લોકોને સુખ ઉપજાવનારૂં સમવસરણ રચ્યું. જિનેશ્વરના મુખરૂપી કમળને જોવામાં તૃષ્ણા(ઇચ્છા)વાળા બત્રીશે દેવેંદ્રો વિવિધ પ્રકારના વિમાન પર આરૂઢ થઈ દેવપુરીમાંથી (સ્વર્ગથી) નીચે ઉતર્યા. હવે દેવસમૂહવડે સ્તુતિ કરાતા જિનેંદ્ર પૂર્વ તરફના દ્વારથી પ્રવેશ કરી, પૂર્વ તરફ મુખ રાખી સિંહાસન પર બેઠા. અગ્યાર ગણધરો, કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, ચૌદપૂર્વી, દશપૂર્વી અને વૈક્રિયની ઋદ્ધિને પામેલા વિગેરે સર્વ ઉત્તમ મુનિઓ, વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ પૂર્વદ્વારથી પ્રવેશ કરી, જિનેંદ્રને નમન કરી, અગ્નિ ખૂણાના ભાગમાં રહ્યા. તેમાં વૈમાનિક દેવીઓ અને સાધ્વીઓ ઊભી રહે અને દેવો નીચે બેસે. ત્યારપછી દક્ષિણદ્વારથી પ્રવેશ કરી, વિનયવડે નમ્ર શરીરવાળી ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષી દેવોની દેવીઓ ભુવનબંધુને પ્રદક્ષિણા કરી, ધર્મ સાંભળવાના લોભથી નૈઋત્ય ખૂણાના વિભાગમાં હર્ષ સહિત બેઠી. ત્યારપછી પશ્ચિમદ્વારથી પ્રવેશ કરી ઉત્તમ આભૂષણોવાળા ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષી દેવો હર્ષથી મસ્તક નમાવી, વિધિપૂર્વક જિનેશ્વરને તથા ગણધર અને કેવળી વિગેરે મુનિઓને વંદના કરી વાયવ્ય ખૂણાના ભાગમાં જિનેશ્વરની સન્મુખ બેઠા. ત્યારપછી ઉત્તર દિશાના દ્વારવડે પ્રવેશ કરી, દિવ્ય રૂપને ધારણ કરનારા વૈમાનિક દેવોના સમૂહ, પુરૂષો અને સ્ત્રીઓ પરસ્પર વૈર અને મત્સર (ઈર્ષ્યા)નો ત્યાગ કરી, ધર્મ-શ્રવણ કરવામાં તત્પર થઈ ઈશાન ખૂણાના વિભાગમાં બેઠા. તે વખતે કોઈ પણ હાસ્ય કે ક્રીડા કરતા નથી, અન્ય સ્થળે નેત્રને નાંખતા નથી; પરંતુ સર્વે જાણે ચિત્રમાં આળેખ્યા હોય તેમ સ્થિરપણે જિનેશ્વરના મુખને જ જોતા રહે છે. ત્યારપછી બીજા પ્રાકારને મધ્યે અશ્વ, પાડા, સિંહ વિગેરે તિર્યંચવર્ગ વૈરનો ત્યાગ કરી સુખે રહે છે. કેવી રીતે ? તે કહે છેઃ—સૂર્યના કિરણોથી તાપ પામેલા સર્પને દયાવડે કુવિકલ્પનો

ત્યાગ કરી મોર પોતાના નૃત્ય કરતા પીંછાઓવડે ઢાંકે છે (છાયા કરે છે). હાથી પોતાના દાંતવડે સિંહના મુખભાગને ખજવાળે છે. સિંહણ અત્યંત ક્ષુધાથી પરાભવ પામેલા હરણના બચ્ચાને ધવરાવે છે. બિલાડો પણ પોતાના મસ્તક પર અત્યંત પ્રેમથી મૂષકને સ્થાપન કરે છે. વનનો પાડો પણ પોતાની જીભવડે અશ્વને અત્યંત ચાટે છે. જ્યાં વિવેક વિનાના તિર્યંચો પણ આવા પ્રકારના છે ત્યાં દેવો અને મનુષ્યોના સમૂહ પરસ્પર મત્સરનો ત્યાગ કરે તેમાં શું આશ્ચર્ય ? પછી ત્રીજા પ્રાકારને મધ્યે દેવોના વિવિધ પ્રકારના અને વિજય પતાકા સહિત (વાળા) વાહનો રહે છે. આ અવસરે સર્વ પદાર્થોને જાણનારા ભુવનના એક સૂર્યરૂપ ભગવાને વચનરૂપી કિરણોવડે મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરવાનો આરંભ કર્યો.

અહીં પ્રથમથી જ જિનેશ્વરના વિહારનું નિવેદન કરવાના વ્યાપારવાળા પુરૂષોએ નંદિવર્ધન રાજાને સ્વામીના આગમનની વધામણી આપી. તે વખતે હર્ષના સમૂહથી ઉછળતા રોમાંચવાળા તેણે તેઓને ચિંતવ્યાથી પણ અધિક ઈનામ અપાવ્યું. પછી તેણે પાસે રહેલા નોકરવર્ગને કહ્યું કે—" અરે ! શીઘ્રપણે જયહસ્તી (પટ્ટહસ્તી) તૈયાર કરો, અશ્વના સમૂહો તૈયાર કરો, નગરની શોભા પ્રવર્તાવો, સર્વ વિજયના ચિન્હો (પતાકાઓ) ઊભા કરો, આઘોષણાપૂર્વક નગરના લોકોને ખબર આપો કે—શીઘ્રપણે સ્નાન અને વિલેપન કરીને પોતપોતાના વૈભવને લાયક વાહન અને પાલખી વિગેરે ઉપર આરૂઢ થઇને રાજાની પાસે આવો કે જેથી સર્વે સાથે જઇને શ્રી મહાવીરસ્વામીને વંદન કરીએ." આ પ્રમાણે રાજાએ કહ્યું ત્યારે " જેમ દેવ આજ્ઞા આપે તેમ " એ પ્રમાણે આજ્ઞા અંગીકાર કરીને તે સેવકોએ રાજાના હુકમ પ્રમાણે કર્યું. જયહસ્તી શણગારીને આણ્યો. તેના પર રાજા આરૂઢ થયો. નગરના લોકોથી પરિવરેલો રાજા ભગવાનની સન્મુખ જવા ચાલ્યો. તેવામાં છત્ર ઉપર રહેલ છત્ર વિગેરે ભગવાનના અતિશયો જોઈને રાજાએ સર્વ રાજચિહ્નોનો ત્યાગ કર્યો. પછી ભગવાનની પાસે જઇ મોટા વિનયવડે જગદ્ગુરૂની આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યો:—

" હે નાથ ! આટલો કાળ ચંદ્ર રહિત આકાશની જેમ આપના વિના આ નગર અત્યંત શોભા રહિત થયું હતું. હું પણ આપનો અનુચર હોવાથી રાજ્યલક્ષ્મીવડે ત્યાગ કરાયો નથી. અન્યથા હે નાથ ! આપના વિના મારી કઇ યોગ્યતા હોય ? હંમેશાં પુનરૂક્તની જેમ આપના સચ્ચરિત્રનું કીર્તન કરવાથી

મારા [1]નીકળી જતા જીવનો પણ [2]સાધુકાર થયો છે, તેથી હે જગતના એક નાથ ! આજે જ મારો સારો દિવસ થયો છે, અને આજે જ મારા વાંછિત પ્રાપ્ત થયા છે કે જેથી ચિરકાળે પણ આપ અહીં પધાર્યા." આ પ્રમાણે સાચા અને ઉત્કૃષ્ટ પ્રેમવાળા વચનો બોલીને રાજા જિનેશ્વરના મુખને વિષે દૃષ્ટિ રાખીને પોતાને સ્થાને બેઠો.

હવે આ જ નગરમાં ભગવાનનો ભાણેજ રૂપ અને લાવણ્યવડે શોભતો **જમાલિ** નામનો કુમાર વસતો હતો. તેને વર્ધમાનસ્વામીએ દીક્ષા ગ્રહણ કર્યા પછી નંદિવર્ધન રાજાએ **પ્રિયદર્શના** નામની ભગવાનની પુત્રી પરણાવી હતી. તેથી તેણીની સાથે રહેલો તે જમાલિ કૈલાસ પર્વતના શિખર જેવા ઉંચા ધવલગૃહ (મહેલ) ઉપર ચડીને વાગતા ચાર પ્રકારના વાજિંત્રોવડે અને ઉત્તમ સ્ત્રીઓએ પ્રયોગ કરેલા બત્રીશબદ્ધ નાટકોવડે ગવાતો અને નાટક કરાવાતો હતો, પ્રાવૃષ્, વર્ષારાત્ર, શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મ પર્યંતની છએ ઋતુમાં વૈભવને અનુસારે સુખ ભોગવતો હતો અને પાંચે પ્રકારના ઉત્તમ મનુષ્ય સંબંધી કામભોગનો અનુભવ કરતો રહેલો હતો. તેણે આજે [3]શૃંગાટક, [4]ત્રિક, [5]ચતુષ્ક અને ચત્વર(ચૌટા)માં જિનેશ્વરનું આગમન સાંભળવાથી વ્યાકુળ થયેલા, બીજા સર્વ વ્યાપારનો ત્યાગ કરનારા અને કોલાહલવડે દિશાઓને વ્યાપ્ત કરનારા લોકોના સમૂહો એક જ માર્ગમાં જતા જોઇને વિસ્મય સહિત તેણે પોતાના પરિવારને પૂછ્યું કે—" અરે ! શું આજે આ નગરમાં ઇંદ્રનો મહોત્સવ છે ? કે સ્કંદ( કાર્તિકસ્વામી )નો મહોત્સવ છે ? કે મુકુંદ( વિષ્ણુ )નો મહોત્સવ છે ? કે નાગનો મહોત્સવ છે ? કે યક્ષનો મહોત્સવ છે ? કે ચૈત્યનો મહોત્સવ છે ? કે જેથી આ પૌરલોક આ પ્રમાણે એક જ દિશાની સન્મુખ જાય છે ?" ત્યારે પરિવારે જવાબ આપ્યો કે— " હે કુમાર ! આજે ઇંદ્ર કે સ્કંદ વિગેરે કોઇનો મહોત્સવ નથી, પરંતુ ભગવાન મહાવીર–તમારા મામા–શ્રમણસંઘથી પરિવરેલા અહીં બહાર પધાર્યા છે. તેમને વંદન કરવા માટે આ સર્વ લોકો જાય છે." આ પ્રમાણે સાંભળીને જમાલિના શરીરમાં હર્ષના વશથી રોમાંચ ખડા થયા. પછી સ્નાન, વિલેપન કરી, અલંકાર, વસ્ત્ર વિગેરે પહેરી, કોરિંટપુષ્પની માળાવાળા છત્રને મસ્તક પર ધારણ કરાતો, વિવિધ પ્રકારના શસ્ત્રોને હાથમાં ધારણ કરતા સેવક-

૧ આપના વિરહે મારો જીવ નીકળી જાત, પણ આપનું કીર્તન કરવાથી રહ્યો છે. ૨ પ્રશંસા. ૩ શીંગોડાના આકારવાળો માર્ગ. ૪ ત્રણ માર્ગ ભેળા થાય તેવો ભાગ. ૫ ચાર માર્ગ ભેળા થાય તેવો ચોક.

પુરૂષોથી પરિવરેલો ઉત્તમ, રથમાં આરૂઢ થયેલો તે સમવસરણમાં ગયો. ત્યાં દૂરથી જ તે રથ ઉપરથી નીચે ઉતર્યો. પ્રભુ પાસે જઇ, મોટા આદરથી જિનેશ્વરને વંદના કરી, પછી નિમેષ રહિત દૃષ્ટિવડે સ્વામીના મુખની સન્મુખ જોતો સેવવા લાગ્યો. ભગવાને પણ ધર્મદેશના આ પ્રમાણે પ્રારંભી:—

"હાથમાંથી ઝરતા પાણીની જેમ સમયે સમયે પ્રાણીઓનું આ જીવિત ગળે છે. વ્યાધિ, વૃદ્ધાવસ્થા અને પીડા પણ નિરંતર શરીરને દુઃખ આપે છે. અતિ ઘણા કલેશથી ઉપાર્જન કરેલી લક્ષ્મી પણ વીજળીની જેવી ચંચળ છે. પ્રિય પુત્ર અને સ્વજનનો સંયોગ પણ જળના તરંગની જેમ ભંગુર (નાશવંત) છે. પિશાચણીના જેવી વિષયની તૃષ્ણા કોઇપણ પ્રકારે તેવા પ્રકારે દુઃખે કરીને નિગ્રહ કરી શકાય તેવી છે કે જે પ્રકારે તે અત્યંત મોહ પમાડે છે, અને તેથી થોડો પણ વૈરાગ્ય થઇ શકતો નથી. બીજા બીજા ગૃહવ્યાપાર કરવામાં નિરંતર વ્યાકુલ થયેલો લોક ધર્મરૂપી પાથેય ઉપાર્જન કર્યા વિના જ યમરાજના મુખમાં પ્રવેશ કરે છે. આ જ મુગ્ધજનોનો સર્વથા અયોગ્ય વિભ્રમ[૧] છે કે—અમે ભોગ ભોગવીને પછી છેવટે ધર્મનું આચરણ કરશું, કેમકે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય ત્યારે સર્વ ઇંદ્રિયોનો પ્રચાર હણાઇ જાય છે, અને તેથી કરીને ધર્મ કરવો તો દૂર રહ્યો; પરંતુ ધર્મ સાંભળવો પણ દુર્લભ છે. ઘણું કહેવાથી શું ? જે બાલ્યાવસ્થામાં જ ધર્મ આચરતો નથી તે યુદ્ધ કરવાને સમયે અશ્વને શીખવનારની જેમ વૃદ્ધાવસ્થામાં શોક કરે છે." આ પ્રમાણે જગદ્-ગુરૂએ સર્વ પ્રાણીઓને સાધારણ વાણીવડે મોક્ષસુખના મૂળ બીજરૂપ ધર્મનું રહસ્ય કહ્યું.

તે સમયે સ્થિર ચિત્તવાળા જમાલિકુમારે કર્ણરૂપી અંજળિવડે આ વાણીરૂપી અમૃતનું પાન કર્યું, તેથી તેના હૃદયમાં વૈરાગ્યવાસના ઉત્પન્ન થઇ ત્યારે તેણે ભગવાનને પ્રણામ કરી, મસ્તક પર નિશ્ચળપણે હસ્તરૂપી કમળ-કોશને સ્થાપન કરી કહ્યું કે—

"હે ભગવન! આપે મને મોક્ષસુખ આપવામાં સમર્થ એવો ધર્મ જે પ્રકારે કહ્યો છે તે પ્રકારે નિપુણ બુદ્ધિવાળા બીજા કોઇએ કહ્યો નથી. હે જગન્નાથ ! હું માનું છું કે–મેં પૂર્વભવમાં ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું છે, તેથી કરીને મને આપના દર્શન થયાં. તેથી કરીને હું મારા માતા–પિતાની રજા લઇને આપની પાસે પ્રવ્રજ્યા

૧ ભ્રાંતિ.

ગ્રહણ કરી મારૂં જીવિત સફળ કરૂં." ત્યારે ભગવાને તેને કહ્યું કે-" ધર્મકાર્યમાં ઘણા વિઘ્નો આવે છે, તેથી તું આ બાબતમાં વિલંબ કરીશ નહીં." ત્યારપછી જમાલિકુમાર જગદ્ગુરૂને વાંદી, રથમાં બેસી પોતાને ઘેર ગયો. ત્યાં સમય મળ્યો ત્યારે માતા-પિતાના પગને પ્રણામ કરી તે કહેવા લાગ્યો કે-" હે માતા-પિતા ! આજ મેં ભગવાન મહાવીરસ્વામીની પાસે ધર્મ સાંભળ્યો. તે મને અમૃતની જેમ રૂચ્યો." તે સાંભળી માતા-પિતાએ કહ્યું કે-" તું ધન્ય છે, સારા લક્ષણવાળો છે, તારા જન્મ અને જીવિતના ફળને તું પામ્યો છે; કેમકે જેઓએ પુણ્ય કર્યું ન હોય તેમને કદાપિ જિનેશ્વરનું વચન શ્રવણના (કર્ણના) વિષયને પામતું નથી." પછી જમાલિએ કહ્યું કે-" હે માતા-પિતા ! તે ભગવાનનું વચન સાંભળી તરતજ હું સંસારના ભયથી ઉદ્વેગ પામ્યો અને જન્મ તથા મરણથી ભય પામ્યો છું; તેથી તમારી આજ્ઞાથી હું ચારિત્ર ગ્રહણ કરવાને ઇચ્છું છું." આ પ્રમાણે પૂર્વે કોઇ વખત નહીં સાંભળેલું તેવું જમાલિનું વચન સાંભળીને તેની માતાના શરીરમાં તત્કાળ ઉત્પન્ન થયેલા સંતાપના વશથી પરસેવાનું જળ પ્રસરી ગયું, શોકના ભાર (સમૂહ)થી તેણીનું શરીર કંપવા લાગ્યું, પ્રચંડ હાથીની સૂંઢથી હણાયેલા કમળની જેમ તેણીએ કરમાઇ ગયેલા લાવણ્યવાળું મુખ ધારણ કર્યું (તેણીનું મુખ કરમાઈ ગયું), તત્કાળ કૃશ (પાતળા) થયેલા હાથરૂપી લતામાંથી સુવર્ણના વલય (બલોયાં) નીકળી પડ્યાં, તેણીનું ઉત્તરીય (ઓઢેલું) વસ્ત્ર પૃથ્વી પર પડી ગયું, તેણીના કેશનો અંબોડો વીખરાઇ ગયો, તેણીના શરીરના સાંધાઓના બંધન શિથિલ થઇ ગયા, મૂર્છાના વશથી તેણીનું ચેતન નાશ પામ્યું અને તે ધસ દઇને પૃથ્વીતળ પર પડી ગઇ. તે વખતે સંભ્રમ સહિત દોડી આવેલા પરિજનોએ નિર્મળ જળના બિંદુ સહિત વીંઝણાના વાયુવડે આશ્વાસન કરી, ત્યારે તે ચિરકાળ સુધી વિલાપ કરીને તથા લાંબા નિસાસા મૂકીને જમાલિને કહેવા લાગી કે-" હે પુત્ર ! તું અમોને એક જ પુત્ર સંમત, પ્રિય, હૃદયને આનંદ આપનાર, રત્નના કંડીયા જેવો અને ઘણી માનતાથી પ્રાપ્ત થયેલો છે; તેથી હે વત્સ ! અમે તારા એક ક્ષણમાત્રના પણ વિયોગને ઇચ્છતા નથી, તો પછી દીક્ષા લેવાની અનુજ્ઞા આપવાનું તો કેમ ઇચ્છીએ? તેથી જ્યાંસુધી અમે જીવીએ છીએ ત્યાંસુધી તું રહે, અને અમારા મરણ પછી પરિણત વયવાળો તું કુળ-સંતતિને વૃદ્ધિ પમાડી, કામભોગથી વૈરાગ્ય પામી દીક્ષા ગ્રહણ કરજે." તે સાંભળી જમાલિએ કહ્યું કે-" હે માતા ! આ મનુષ્ય ભવ શરીર સંબંધી અને મન સંબંધી અનેક રોગ, શોક, જરા

અને મરણ વિગેરે ઉપદ્રવોએ કરીને સહિત જળના પરપોટાની જેમ અશાશ્વત (ક્ષણિક) અને શરદ્ ઋતુમાં પર્વતના શિખર પરથી નીકળેલી નદીના તરંગની જેમ ભંગુર (નાશવંત) છે; તેથી કોણ જાણે છે કે-પ્રથમ મરણધર્મવાળા કોણ? અને પછી મરણધર્મવાળા કોણ છે? વળી—

આટલું પણ (મરણને પણ) કોઇ પણ જો જાણે તો શું પરિપૂર્ણ નથી? પરંતુ અકસ્માત જ અખંડિત આગમનવાળો યમદંડ આવી પડે જ છે. વળી વિષયો કોના હૃદયને હરણ કરતા નથી? સ્વજનો કોને વ્હાલા લાગતા નથી? પરંતુ કઠોર પવનથી હણાયેલા કિસલય( નવાંકુર )ની જેમ આ જીવિત ક્ષણભંગુર છે. તેથી કરીને જ દુર્જનના મનની જેમ રાજ્ય અને દેશ વિગેરેનો ત્યાગ કરી ધીર પુરૂષો દુઃખેથી આચરી શકાય તેવા સંયમમાર્ગને પામ્યા છે; તેથી કરીને તમે મોહના પ્રસરને છેદીને મને ધર્મ કરવાની અનુજ્ઞા આપો. શું અગ્નિથી બળતા ઘરમાં કોઇ માણસ પોતાના વહાલા જનને રૂંધી રાખે?" આ પ્રમાણે જમાલિએ કહ્યું ત્યારે માતા-પિતાએ ફરીથી કહ્યું કે-"હે પુત્ર! આ તારૂં શરીર વિશેષ પ્રકારના લક્ષણ ( રેખાઓ ), વ્યજંન ( તલ-મસા વિગેરે ) અને ગુણોએ કરીને યુક્ત છે, ઉત્તમ બળ, વીર્ય અને સત્ત્વવડે સહિત છે, ઉત્કૃષ્ટ સૌભાગ્યવાળું છે, સમગ્ર રોગ રહિત છે, પાંચે ઇંદ્રિય પુષ્ટ અને નહીં હણાયેલી છે, અને શરૂ થયેલી યુવાવસ્થાના ગુણોને અનુસરતું છે; તેથી દુઃખેથી પાળી શકાય તેવા સંયમને તું શી રીતે પાળી શકીશ? કારણ કે-

કમળનું વન મદોન્મત્ત મોટા હાથીના દૃઢ ચરણનું ચંપાવું સહન કરી શકે નહીં, તેથી હે પુત્ર! તું દુષ્કર સંયમ ગ્રહણ કરવાથી વિરામ પામ."

તે સાંભળી જમાલિ બોલ્યો કે-"હે માતા! આ મનુષ્ય સંબંધી શરીર અનેક રોગ અને શોકથી મળેલું છે, હાડકાના સમૂહથી ઉત્પન્ન થયેલું છે, મોટી અને નાની નસોના સમૂહથી વ્યાપ્ત છે, કાચા માટીના વાસણની જેમ થોડા કાળમાં જ ભાંગી જવાના સ્વભાવવાળું છે, અશુચિ છે, રૂધિર, માંસ, વસા, મેદ, શુક્ર વિગેરે મલિન પદાર્થથી ભરેલું છે, સર્વ પ્રકારના ઉપદ્રવોવાળું છે અને અવશ્ય ત્યાગ કરવા લાયક છે.

આવા પ્રકારના નિઃસાર શરીરની પણ આટલા માત્રવડે જ સારતા કહી છે કે જે શરીર મોક્ષને માટે ઉદ્યમ કરનારા જીવોનો ઉપકાર કરવામાં પ્રવર્તે

છે. વળી જો સ્નાન, વિલેપન અને આભૂષણુવડે આ શરીરની સેવા ન કરીએ તો તે દિવસે રહેલા ચંદ્રમંડળની જેમ શોભાને ધારણુ કરતું નથી.”

તે સાંભળીને ફરીથી માતાએ કહ્યું કે–“ હે પુત્ર ! આ મોટા રાજકુળમાં ઉત્પન્ન થયેલી, સમગ્ર કળામાં કુશળ, રૂપ અને લાવણ્યવડે મનોહર અંગવાળી, સમુદ્રની વેળાની જેમ પોતાના કુળ( કાંઠા )ને અલંકાર કરનારી, ઉત્તમ મુનિઓની માળા( સમૂહ )ની જેવી મુક્તાહારના[1] પરિગ્રહવાળી, હાથીઓની શ્રેણિની જેવી લીલાવડે મંદ મંદ ગતિ કરનારી, પુષ્ટ અને મોટા સ્તનના ભારથી નમી ગયેલ અને મુષ્ટિવડે ગ્રહણુ કરી શકાય તેવા મધ્ય ( કટી ) ભાગવાળી, મનને અનુકૂળ વર્તનારી અને સર્વ અંગે મનોહર આ પ્રિયદર્શના વિગેરે તારી આઠ પ્રિયાઓને સમય પ્રાપ્ત થયા પહેલાં જ ત્યાગ કરીને તારે તપક્રિયાનો આરંભ કરવો અતિ અયોગ્ય છે. તેથી આ પ્રિયાઓની સાથે હાલ તો તું મનુષ્ય સંબંધી કામભોગને ભોગવ, અને પછી પરિણુત વયવાળો થા ત્યારે આ પ્રિયાઓ સહિત જ પ્રવ્રજ્યા ગ્રહણુ કરજે.”

જમાલિએ કહ્યું–“ હે માતા ! આ મનુષ્ય સંબંધી કામભોગો તો મૂત્ર, વિષ્ટા, વમન, પરૂ, શુક્ર અને શોણિતથી ઉત્પન્ન થયેલા, મૃત કલેવર(મડદા)-માંથી નીકળતા દુર્ગંધ જેવા, અશુભ ઉચ્છ્વાસવડે ઉદ્વેગને ઉત્પન્ન કરનાર, બીભત્સ, અલ્પ કાળ રહેનારા અને ઘણા કલેશથી સાધવા લાયક છે. તે કામભોગો અજ્ઞાની જનના ચિત્તને આનંદ ઉત્પન્ન કરનારા છે, પણુ સત્પુરૂષોને તો નિંદા કરવા લાયક છે તથા ચતુર્ગતિરૂપ અનંત સંસારને વધારનાર છે. હાથમાં રહેલા અર્ધ બળેલા કાષ્ઠની જેવા તે કામભોગો જો મૂકી દેવામાં ન આવે તો અસંખ્ય તીક્ષ્ણુ દુઃખોનો અનુબંધ (સંબંધ) કરનારા છે અને સુગતિમાં જવાના વિઘ્ન કરનારા છે; તેથી તે કુશળ પુરૂષોને ક્ષણુમાત્ર પણુ ભોગવવા યોગ્ય કેમ હોય ? વળી:—

જીવિતનો અર્થી કયો પુરૂષ કોઇપણુ વખત તાલપુટ નામનું વિષ ખાય ? અથવા કોણુ તીક્ષ્ણુ દાઢવાળા સિંહના મુખરૂપી ગુહાનો સ્પર્શ કરે ? અથવા કોણુ જવાળાના સમૂહવડે ભયંકર વજ્રના અગ્નિની મધ્યે પ્રવેશ કરે ? અથવા તીક્ષ્ણુ અગ્રભાગવાળા ખડ્ગની ધારા ઉપર કોણુ ચાલે ? અથવા તો આ ઉપર કહેલી સર્વ બાબત દેવાદિકના સામર્થ્યથી કદાચ કોઇ પુરૂષ

૧. સ્ત્રીઓ મોતીના હારને ધારણુ કરનારો અને મુનિઓ આહાર અને પરિગ્રહથી મુક્ત થયેલા.

કરી શકે; પરંતુ વિષયોને ભોગવીને એક ક્ષણવાર પણ કોઇ સુખને પામ્યો નથી. જો કદાચ અજ્ઞાની મૂઢજનો કોઇપણ પ્રકારે વિષયોમાં પ્રવર્તે, તો શું જિનેશ્વરના વચનને જાણનાર પુરૂષોએ પણ તેમાં પ્રવર્તવું યોગ્ય છે ?"

આ પ્રમાણે સાંભળીને ફરીથી માતા બોલી કે–"હે વત્સ ! આ બાપ-દાદાના પર્યાયથી ચાલ્યું આવતું ઘણું સુવર્ણ, રૂપું, કાંસું, દૃષ્ય (વસ્ત્ર), ધનના નિધાન વિગેરે સાત પેઢી સુધી અત્યંત પહોંચે તેટલું છે. તેનો ઇચ્છા પ્રમાણે અત્યંત ભોગ કરી અને અત્યંત દાન આપી કેટલાક દિવસ વિલાસ કર." તે સાંભળી જમાલિએ કહ્યું–"હે માતા ! ઘણા દ્રવ્યનો સમૂહ પણ અગ્નિને આધીન છે, ચોરને આધીન છે, ભાગીદારને આધીન છે. વળી અધ્રુવ, અશાશ્વત અને અનર્થના સમૂહનું કારણ છે; તેથી આમાં શો પ્રતિબંધ કરવો ?" આ પ્રમાણે અનેક પ્રકારના અનુકૂળ વચનોવડે સમજાવ્યા છતાં પણ જમાલિએ કાંઇ પણ અંગીકાર કર્યું નહીં ત્યારે ફરીથી સંયમ સંબંધી ભયંકર વચનોવડે માતા–પિતા બોલ્યા કે–"હે પુત્ર ! નિર્ગ્રંથ પ્રાવચન (જૈન દીક્ષા) દુઃખેથી આચરી શકાય તેમ છે, કેમકે તે તો લોઢાના જવ ચાવવા જેવું છે, ગંગા નામની મહાનદીને સામે પ્રવાહે જવા જેવું છે, મોટા સમુદ્રને ભુજાવડે તરવા જેવું છે અને અસિધારાની જેવું તે વ્રત આચરવાનું છે. વળી હે વત્સ ! આ દીક્ષા લીધા પછી સાધુઓને આધાકર્મી ઉદ્દેશેલો, મિશ્ર કરેલો કે ખરીદ કરેલો આહાર કલ્પે નહીં. તેમજ દુકાળનું ભોજન, માંદા માણસનું ભોજન, વાદળાના ઘટાટોપથી દુર્દિન થયેલા સમયનું ભોજન, શય્યાતરનું ભોજન અથવા કંદ, મૂળ, ફળ, બીજ, હરિત(લીલી વનસ્પતિ)નું ભોજન કલ્પે નહીં. હે પુત્ર ! તું સુખમાં લાલન–પાલન કરાયો છે, તેથી શીત, વાયુ, તડકો, ક્ષુધા, પિપાસા વિગેરે દુઃસહ બાવીશ પરીષહોને એક મુહૂર્ત પણ સહન કરવાને તું અસમર્થ છે, તો હે પુત્ર ! વારંવાર વાણીનો વિસ્તાર કરવાથી સર્યું." તે સાંભળી જમાલિ બોલ્યો–"હે માતા–પિતા ! આ નિર્ગ્રંથ પ્રાવચન (પ્રવ્રજ્યા) નપુંસક, કાયર, ખરાબ પુરૂષ, આ લોકના સુખમાં જ આગ્રહવાળા, પરલોકમાં અવળા મુખવાળા અને વિષયમાં તૃષ્ણાવાળા પુરૂષોને દુઃખે કરીને આદરી શકાય તેવું છે, પરંતુ અંગીકાર કરેલા ભારને ધારણ કરવામાં ધોરી–બળદ સમાન તથા પોતાના શરીર અને જીવિતની અપેક્ષા વિનાના સત્પુરૂષને તે દુષ્કર નથી." આ પ્રમાણે અનુકૂળ અને પ્રતિકૂળ વચનોવડે કહ્યા છતાં પણ જમાલિએ પોતાનો દીક્ષા–ગ્રહણનો અભિલાષ તજ્યો નહીં ત્યારે ઇચ્છા રહિતપણે પણ માતા–પિતાએ તેને અનુમતિ આપી.

ત્યારપછી પિતાએ પોતાના સેવક પુરૂષોને બોલાવીને કહ્યું કે-" હે પુરૂષો ! શીઘ્રપણે આ ક્ષત્રિયકુંડગ્રામ નગરને બહારથી અને અંદરથી વાસીદું કાઢી લીંપીને સાફ કરો. તૃણ અને કચરો વિગેરે દૂર કરાવી રાજમાર્ગને શુદ્ધ કરાવો; તથા જમાલિકુમારને યોગ્ય અને મહામૂલ્યવાળા અથવા મોટાને લાયક નિષ્ક્રમણ(દીક્ષા)ના અભિષેકને તૈયાર કરો." તે સાંભળી તેઓએ વિનય સહિત તેનું વચન અંગીકાર કરી ભવનમાંથી બહાર નીકળ્યા, અને રાજાની આજ્ઞા પ્રમાણે સર્વ કર્યું. ત્યારપછી પૂર્વ દિશાની સન્મુખ સિંહાસન ઉપર જમાલિકુમારને બેસાડીને મણિ, સુવર્ણ, રૂપા અને માટીના દરેકના એક સો ને આઠ આઠ સુગંધવાળા નિર્મળ જળથી ભરેલા કળશોવડે અભિષેક કરાવ્યો. અભિષેક પૂરો થયા પછી માતા-પિતાએ તેને કહ્યું કે-" હે પુત્ર ! હવે તને વહાલું અને બહુ માનેલું એવું શું આપીએ ?" જમાલીએ કહ્યું:-" હે માતા-પિતા ! હવે કુત્રિકાપણથકી રજોહરણ અને પાત્રા મંગાવવાને હું ઇચ્છું છું, તથા હજામને બોલાવવાને ઇચ્છું છું. " આ પ્રમાણે સાંભળીને જમાલિના પિતાએ પુરૂષો( સેવકો )ને કહ્યું કે-" હે પુરૂષો ! ખજાનામાંથી ત્રણ લાખ દ્રવ્ય લઇને કુત્રિકાપણથકી એક એક લાખવડે રજોહરણ અને પાત્રા લાવો, અને એક લાખ દ્રવ્ય આપીને હજામને બોલાવો. " આ પ્રમાણે આજ્ઞા અપાયેલા તે પુરૂષો ત્યાંથી નીકળ્યા અને રજોહરણ, પાત્રા તથા હજામને લઇને પાછા આવ્યા. તે હજામે જમાલિના પિતાને પ્રણામ કરી આ પ્રમાણે કહ્યું કે-" હે દેવ ! મારે જે કરવાનું હોય તેની આજ્ઞા આપો. " ત્યારે તેણે કહ્યું કે-" હે ભદ્ર ! જમાલિકુમારના મોટા યત્નથી ચાર આંગળ છોડીને દીક્ષાને યોગ્ય અગ્રકેશને તું કાપ. " ત્યારે તે હજામે સુગંધી જળવડે પોતાના હાથ-પગ ધોઇને, આઠ પડવાળા વસ્ત્રવડે મુખને બાંધીને યથોક્ત વિધિવડે તેના કેશ કાપ્યા. તે વખતે નિરંતર કાજળવડે મલિન થયેલા અશ્રુને મૂકતી તેની માતાએ પણ સર્પની કાંચળી જેવા નિર્મળ ઉત્તરીય વસ્ત્રવડે તે કેશનો સમૂહ ગ્રહણ કર્યો. ત્યારપછી તે કેશને સુગંધી જળવડે પખાલી, હરિચંદનના વિલેપન અને પુષ્પવડે તેની પૂજા કરી. પછી તેને એક ઉજ્જવળ વસ્ત્રમાં બાંધી રત્નના કરંડીયામાં ( ડાબડામાં ) મૂકયા. પછી શોકના સમૂહથી ગદ્‌ગદ્ વાણીવડે રોતી રોતી બોલી કે-" આજથી મંદ પુણ્યવાળી મારે પૂજામાં, ઉત્સવોમાં અને પર્વના દિવસોમાં આ કેશવડે જમાલિપુત્રને સ્મરણ કરવાનો છે. " આ પ્રમાણે વારંવાર બોલતી તેણીએ તે રત્નનો કરંડીયો પોતાની શય્યાના ઓશિકાની પાસે મૂકયો. ત્યારપછી અભિષેકનો મહોત્સવ પૂર્ણ થયો ત્યારે જમાલિકુમારે

નિર્મલ વસ્ત્ર પહેર્યાં, સુવર્ણનો મુકુટ તથા મણિ અને સુવર્ણના કટક ( કડાં ) અને કુંડળવડે શરીરને શણગાર્યું, છાતીમાં લટકતી નિર્મળ મોતીની માળાથી શોભિત થયો, વિવિધ પ્રકારના આભરણોની કાંતિના સમૂહવડે આકાશનો વિસ્તાર વ્યાપ્ત કર્યો. તે કાળે એકઠી થયેલી સ્ત્રીઓના સમૂહે તેનો મંગળ આચાર કર્યો, તથા દાનથી ખુશ થયેલા ભિક્ષુકો તેના મોટા ગુણના સમૂહને ગાવા લાગ્યા. આવા પ્રકારનો તે જમાલિ સો સ્તંભોવડે બનાવેલી, વાયુથી ફરકતી શ્વેત ધ્વજાના પટે કરીને સહિત, ઘણા વિચિત્ર પ્રકારના ચિત્રોવડે સુંદર, ઘણા મનુષ્યોને પરિતોષ ઉત્પન્ન કરનારી અને પવિત્ર વેષને ધારણ કરનારા, ચતુર, શ્રેષ્ઠ અને યુવાવસ્થાવાળા હજાર પુરૂષોએ ઉપાડેલી શિબિકામાં શીઘ્રપણે આરૂઢ થયો. તેની જમણી બાજુએ રજોહરણ અને પાત્રને ધારણ કરનારી તેની ધાવમાતા બેઠી, બીજી ઉત્તમ સ્ત્રીઓએ તેના ઉપર શ્વેત છત્ર ધારણ કર્યું, તેની બે બાજુએ ચલાયમાન ચંદ્ર જેવા મનોહર ( શ્વેત ) ચામરો વીંઝાવા લાગ્યા, તેના દૃષ્ટિમાર્ગમાં ( આગળ ) મણિમય આઠ મંગળ ચલાવ્યા, તેની પાછળ હાથી, અશ્વ અને રથમાં બેઠેલા સ્વજનવર્ગ ચાલ્યા, આગળ વાગતા વાજીંત્રોના ઉછળતા શબ્દવડે આકાશરૂપી વિવર ભરાઈ ગયું અને મહેલ ઉપર રહેલા પૌરજનોનો સમૂહ તેની સ્તુતિ કરતો હતો. આ રીતે તે જમાલિકુમાર જિનેશ્વરની સન્મુખ ચાલ્યો.

હવે જમાલિની ભાર્યા પ્રિયદર્શના આ વૃત્તાંતને સાંભળી, સંસાર પર વૈરાગ્ય ઉત્પન્ન થવાથી પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઇચ્છાવાળી થઈને તેજ પ્રમાણે ચાલી. અનુક્રમે તેઓ જિનેશ્વરની પાસે પહોંચ્યા. ત્યારપછી પાંચ સો રાજકુમારો સહિત જમાલિકુમારે જિનેશ્વરે કહેલી પ્રવ્રજ્યા ગ્રહણ કરી, તથા હજાર રાજકન્યાઓવડે પરિવરેલી અને વૃદ્ધિ પામતા સંવેગવાળી પ્રિયદર્શના પણ સાધ્વી થઈ.

ત્યારપછી જમાલિએ સામાયિકથી આરંભીને અગ્યાર અંગો સૂત્ર સહિત અને અર્થ સહિત અભ્યાસ કર્યો. તથા નિરંતર ચતુર્થભક્ત, છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે વિચિત્ર પ્રકારના તપકર્મવડે પોતાના આત્માને ભાવતો તે જમાલિ ભગવાનની સાથે નગર, આકર ( ખાણ ) વિગેરે સ્થળોમાં વિચરવા લાગ્યો. પ્રિયદર્શના પણ ચંદના પ્રવર્તિનીની સાથે વિચરવા લાગી.

હવે એકદા કદાચિત્ જમાલિએ ભગવાન મહાવીર જિનેશ્વરને વંદના કરી વિનંતિ કરી કે–" હે ભગવન ! હું આપની આજ્ઞા પામીને પાંચસો સાધુઓ સહિત અનિયત ( ઉગ્ર ) વિહારવડે વિચરવાને ઇચ્છું છું." તે વખતે નિર્મળ

કેવળજ્ઞાનવડે સમગ્ર જીવલોકના ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળના સમૂહને આશ્રય કરનારા, શુભાશુભ પરિણામના વિશેષને જોનારા ભગવાન પણ ભાવી અનર્થને જાણીને જમાલિએ વારંવાર કહ્યાં છતાં પણ મૌનનું અવલંબન કરીને જ વિચરવા લાગ્યા. ત્યારે "નિષેધ ન કરેલું તે અનુમતિવાળું હોય" એમ જાણીને જમાલિ પણ પાંચસો સાધુઓ સહિત તથા હજાર સાધ્વીઓથી પરિવરેલી પ્રિયદર્શનાએ અનુસરાતો અપૂર્વ અપૂર્વ ( નવા નવા ) ગામ, નગર અને આકર વિગેરેમાં વિચરવા લાગ્યો. એકદા એક ગામથી બીજે ગામ વિચરતો તે **શ્રાવસ્તિ** નામની નગરીમાં આવ્યો. ત્યાં **કોષ્ટક** નામના ઉદ્યાનમાં તે રહ્યો. ત્યાં રહેલા તેને રસ રહિત, લુખા, શીતળ, તુચ્છ, અસુંદર ( ખરાબ ) અને કાળ વીતી ગયેલા પાન–ભોજનવડે શરીરમાં સહન ન થાય તેવો પ્રચંડ પિત્ત જ્વર પ્રગટ થયો. તેનાથી તે અત્યંત પરાભવ પામ્યો તેથી તે બોલ્યો કે–"હે સાધુઓ ! તમે મારે માટે સંથારો પાથરો." ત્યારે તેઓ તેનું વચન સાંભળીને તરત જ સંથારો પાથરવા લાગ્યા. જમાલિ પણ અધિક વેદનાવડે પરાભવ પામેલો હોવાથી બેઠો રહેવાને અસમર્થ થયો, તેથી વારંવાર પૂછવા લાગ્યો કે–"હે સાધુઓ ! સંથારો પાથર્યો કે નહીં ?" ત્યારે તેઓ બોલ્યા કે–"હા, પાથર્યો." તે સાંભળીને જમાલિ ઉઠ્યો અને તેમની પાસે ગયો. ત્યાં સંથારો પથરાતો જોઇને મિથ્યાત્વ ઉત્પન્ન થવાથી તે બોલવા લાગ્યો કે–"હે મુનિઓ ! હમણાં મેં તત્ત્વ જાણ્યું. તે એ કે જે કાર્ય નીપજ્યું હોય ( પૂર્ણ થયું હોય ) તે જ નીપજ્યું કહેવાય, પરંતુ જે નીપજાવાતું ( કરાતું ) હોય તે નીપજ્યું કહેવાય નહીં. તેથી કરીને હજુ સંથારો પથરાતો છતાં પણ 'પાથર્યો' એમ જે તમે કહ્યું તે અસત્ય છે. તેથી કરીને–

જે કરાતું હોય તે કર્યું અને જે ઉત્પન્ન થતું હોય તે ઉત્પન્ન થયું કહેવાય છે એમ જે જિનેશ્વર કહે છે તે પ્રત્યક્ષ વિરોધ હોવાથી ઘટતું નથી, કેમકે બીજા બીજા સમયોના સમૂહના યોગથી કરાતા કાર્યમાં પ્રારંભના સમયે જ આ કાર્ય કર્યું એમ જે કહેવું તે કેમ સમર્થ હોય ? વળી અર્થક્રિયા સાધવામાં જે સમર્થ હોય તે જ વસ્તુપણાને પામે છે; ( જેમ પાણી લાવવારૂપ અર્થક્રિયા સાધવામાં સંપૂર્ણ થયેલો ઘડો જ સમર્થ છે તેથી તે સંપૂર્ણ થયેલો ઘડો જ વસ્તુ કહેવાય છે.) પરંતુ પ્રથમ સમયમાં જ ઉત્પન્ન થયેલા પદાર્થમાં વસ્તુપણું જોવામાં આવતું નથી, તેમ છતાં પણ જો કદાચ પ્રારંભે જ તે વસ્તુ કરી એમ માનીએ તો બાકીના સમયોમાં કરેલી વસ્તુના જ કરવામાં પ્રગટ રીતે અનવસ્થા દોષ આવે

છે. ( એટલે કે વસ્તુ કર્યા પછી પણ જો તે જ વસ્તુ બીજા બીજા સમયોમાં કરાતી હોય તો ક્યારે તે વસ્તુ કરતા બંધ પડવું ? તેનો પાર જ આવશે નહીં એ અનવસ્થા દોષ કહેવાય છે. ) તેથી કરીને જે કર્યું તે જ કર્યું એમ જે પ્રગટ કહેવું તે જ યુક્તિયુક્ત છે, અને એમ કહેવાથી ( માનવાથી ) ક્રિયાના આરંભ અને સમાપ્તિના સમયોનો વિરોધ આવતો નથી. તેથી કરીને હે સાધુઓ ! આ સમગ્ર દોષે કરીને રહિત એવો આ પક્ષ જ તમે અંગીકાર કરો; પરંતુ ભગવાને આમ કહ્યું છે એમ કહીને જ કુશળ પુરૂષોએ ગ્રહણ કરવું ન જોઇએ. જે યુક્તિયુક્ત હોય તે જ ગ્રહણ કરવું જોઇએ. આ સર્વજ્ઞ છે એવી પ્રસિદ્ધિવડે કીર્તિને પામેલા જિનેશ્વર જો કે મિથ્યા-અસત્ય ન બોલે, પરંતુ કોઇ વખત બોલે પણ ખરા; કેમકે કોઇ વખત મહાપુરૂષો પણ મુંઝાઇ જાય. ( જિનેશ્વર અસત્ય ન બોલે એમ ન જાણવું. કોઇક વખત બોલે પણ ખરા, કેમકે મહાપુરૂષો પણ કોઇ વખત મુંઝાઇ જાય છે–મોહ પામે છે–મોહને લીધે અસત્ય બોલાય છે. )" આ પ્રમાણે જિનાગમના શાસ્ત્રના શ્રવણથી ઉત્પન્ન થયેલા પોતાના વિવેકને છોડીને જાણે કે પિત્તના જ્વરથી વિહ્‌વળ થયો હોય તેમ તે ઘણે પ્રકારે અયોગ્ય પ્રલાપ કરવા લાગ્યો.

આ પ્રમાણે મર્યાદા મૂકીને અયુક્ત બોલનાર જમાલિને જાણીને સ્થવિરોએ કહ્યું કે–" હે જમાલિ ! તું કેમ આ પ્રમાણે વિપરીત પ્રરૂપણા કરે છે ? જેમણે રાગ, દ્વેષ અને મોહ જીત્યા હોય છે એવા તીર્થંકરો કદાપિ અન્યથા ( અસત્ય ) બોલે જ નહીં તેમનું વચન જરાપણ પ્રત્યક્ષ રીતે વિરૂદ્ધાદિક દોષના લેશને પણ પામતું નથી. તે આ પ્રમાણે–" બીજા બીજા અનેક સમયોવડે નીપજાવાતું કાર્ય પ્રારંભના સમયે જ કેમ નીપજ્યું કહી શકાય ? " એમ જે તેં કહ્યું તે અયુક્ત છે; કેમકે જો પહેલે સમયે કાર્ય નીપજ્યું ન કહીએ તો સમયના અવિશેષપણાએ કરીને બીજા, ત્રીજા વિગેરે સમયમાં પણ તે કાર્ય નહીં નીપજ્યું જ થશે. વળી જે તેં " અર્થક્રિયાને સાધવાપણું, તે જ વસ્તુનું લક્ષણ છે " એમ કહ્યું તે પણ અહીં નામના જ્ઞાનના ઉપયોગનો સંભવ હોવાથી દોષ રહિત જ છે. તે આ પ્રમાણેઃ–તથાપ્રકારની વિશેષ પ્રકારની વસ્તુને પામીને પહેલે સમયે જ " તું આ શું કરે છે ? " એમ બીજાએ પૂછાયેલો લોક કહે છે કે–" હું આ ઘટ કે પટ કરૂં છું. " વળી " પહેલે સમયે જ કાર્ય કરેલું હોય તો ત્યારપછીના બીજા બીજા સમયોમાં કરેલાનું કરવું એ લક્ષણવાળો અનવસ્થા દોષ આવશે,"

એમ તેં જે કહ્યું તે તારૂં કહેવું બીજા બીજા સમયોમાં બીજા બીજા (અવયવોરૂપ) કાર્યાંતરને સાધનાર હોવાથી ખોટું છે. વળી "ક્રિયા કરવાનો કાળ અને સમાપ્તિનો કાળ એ બેનો વિરોધ આવશે." એમ તેં આપેલા દોષનો પક્ષ પણ ખોટો છે. વળી તેં કહ્યું કે-"(સર્વજ્ઞે) કહ્યું છે એમ જાણીને ગ્રહણ ન કરવું જોઇએ, પણ કુશળ પુરૂષોએ તો જે યુક્તિયુક્ત હોય તે જ ગ્રહણ કરવું જોઇએ." આ બાબતમાં પણ તમારી જેવા છદ્મસ્થને યુક્ત અયુક્તનો વિવેક શી રીતે સંભવે? કેવળજ્ઞાનવડે લોકાલોકના ભાવને જાણનારા ભગવાન જ અહીં પ્રમાણ છે. વળી "મોટા પુરૂષો પણ કદાપિ મુંઝાય છે." એમ તેં જે કહ્યું તે પણ ઉન્મત્તના પ્રલાપની જેમ કુશળ પુરૂષોના ચિત્તને રંજન કરી શકે તેમ નથી; તેથી કરીને "જે કરાતું હોય તે કર્યું કહેવાય અને જે નીપજતું હોય તે નીપજ્યું કહેવાય." ઇત્યાદિ ભગવાને કહ્યું છે તે સારૂં જ છે. વળી—

ત્રણ ભુવનના એક મુગટ સમાન જિનેશ્વર જો અસત્ય કહેતા હોય તો તેમના કહેવાથી તું આ તપવિધાન કેમ કરે છે? રાજ્ય અને દેશનો ત્યાગ કરી તેમની આજ્ઞાવડે દીક્ષા ગ્રહણ કરીને તેમના વચનને જ દૂષણ આપતો તું અત્યારે લાજતો નથી? અથવા તો અનાભોગ( અનુપયોગ )પણાથી ઉત્પન્ન થયેલા દોષવડે કદાચ ખોટું બોલાયું હોય તો પણ તેની આલોચના અને નિંદા વિગેરે કરવાથી ફરીને શુદ્ધિ થઇ શકે છે; તેથી તું કુવિકલ્પનો ત્યાગ કરી, જગતના એક દીવા સમાન ભગવાનની પાસે જા, અને તેમની પાસે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કર. તારા જન્મને નિષ્ફળ ન ગુમાવ. જે મનુષ્ય જિનેશ્વરના વચનના ( આગમના ) એક અક્ષરની પણ શ્રદ્ધા કરે નહીં તે મનુષ્ય મિથ્યાત્વને પામે છે, અને તે મિથ્યાત્વે કરીને સંસારની વૃદ્ધિને પામે છે; અને તેથી કરીને જ કિલ્બિષિક દેવમાં, તિર્યંચની વસતિમાં અને મનુષ્યયોનિમાં દુઃસહ, અનંત અને નિવારી ન શકાય તેવા દુઃખોની પરંપરાને પામે છે. જોરાવર પવનથી હણાયેલા ( વીખરાયેલા ) વાદળાંની જેમ જિનેંદ્રના સિદ્ધાંતના અર્થની શ્રદ્ધાથી હણાયેલા મોટા પાપના સમૂહો પણ ફરીથી તેવી અવસ્થાને બાંધતા નથી." આ પ્રમાણે સ્થવિરોએ મોટા અર્થવાળા ઘણા પ્રકારના હેતુઓ( યુક્તિઓ )વડે તેવી રીતે તે અત્યંત કહેવાયો કે જેથી એકદમ તે ( જમાલિ ) મૌન જ થઇ ગયો.

ત્યારપછી વિપરીત પ્રરૂપણાથી પ્રગટ થયેલાં પાપનાં પ્રાયશ્ચિત્તને અંગીકાર નહીં કરતા જમાલિનો ત્યાગ કરી કેટલાક સ્થવિરો ભગવાનની

પાસે આવ્યા ( આવીને રહ્યા ), અને કેટલાક તે જમાલિની જ પાસે રહ્યા. હજાર સાધ્વીઓ સહિત પ્રિયદર્શના પણ સ્ત્રીપણાને સુલભ એવા નિર્વિવેકપણાથી અને પૂર્વના પ્રેમબંધને અનુસરવાપણાથી જમાલિના જ પક્ષને અનુસરવા લાગી.

એકદા શરીરે નીરોગી થયેલો તે જમાલિ પોતાના કદાગ્રહવડે પોતાના આત્માને તથા બીજા લોકોને પણ હંમેશાં ભમાવતો, પ્રરૂપણા કરતો અને જિનેશ્વરના વચનને દૂષણ આપતો હતો, તથા "ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરનાર હું જ સર્વજ્ઞ છું" એમ અહંકારને વહન કરતો તે સર્વ ઠેકાણે વિચરવા લાગ્યો. એકદા **ચંપા** નગરીના **પૂર્ણભદ્ર** નામના ચૈત્ય(ઉદ્યાન)માં અનેક શિષ્યોના સમુદાયથી પરિવરેલા ભગવાન શ્રી મહાવીરસ્વામી સમવસર્યા. તેની નજીકમાં રહીને તે જમાલિ આ પ્રમાણે કહેવા લાગ્યો કે-"હે ભગવન ! જેમ તમારા ઘણા શિષ્યો છદ્મસ્થપણામાં જ રહીને મરણ-ધર્મને પામ્યા છે તેમ ( તેવો ) હું નથી; કેમકે મને દિવ્ય અને અક્ષત કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયાં છે. તેના વશથી હું યથાર્થ સર્વ વસ્તુતત્ત્વને જાણું છું, તેથી આ પૃથ્વીમંડળમાં હું જ અરિહંત, સર્વજ્ઞ અને સર્વદર્શી છું." આ પ્રમાણે તેનું વચન સાંભળીને ગૌતમસ્વામીએ તેને કહ્યું કે-"હે જમાલિ ! જો તું આવા પ્રકારનો છે, તો પર્વતથી, સ્તંભથી કે વૃક્ષના હુંઠાથી તારૂં જ્ઞાન અટકે તેવું નહીં હોય, તેથી મારા આ બે પ્રશ્નનો તું જ જવાબ આપ કે-આ લોક શાશ્વત છે કે અશાશ્વત છે ? તથા આ જીવ શાશ્વત છે કે અશાશ્વત છે ?" આ પ્રમાણે પૂછવાથી જમાલિ સંશયને પામ્યો અને જેટલામાં પ્રત્યુત્તર આપવામાં અસમર્થ અને કાંતિ રહિત મુખવાળો રહ્યો તેટલામાં ભુવનના એક સૂર્ય સમાન શ્રી મહાવીરસ્વામીએ તેને કહ્યું કે-"હે જમાલિ ! મારા ઘણા શિષ્યો જિનેશ્વર( કેવળી )ની જેમ આનો જવાબ આપવાને સમર્થ છે, પરંતુ તેઓ તારી જેમ આવી રીતે ગર્વ સહિત કહેતા નથી. હે ભદ્ર ! આ પ્રશ્નમાં કાંઇ ન જાણી શકાય તેવું (કઠણ) નથી, કેમકે આ લોક શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે. તે આ પ્રમાણેઃ—આ લોક ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળમાં સામાન્યરૂપે કરીને રહેલો છે તેથી શાશ્વત છે અને અવસર્પિણી વિગેરે પર્યાયના પરાવર્તનવડે અશાશ્વત છે. એ જ પ્રમાણે જીવ પણ બાલ્યાદિક સર્વ અવસ્થામાં રહેલો હોવાથી શાશ્વત છે અને નર, નારકી અને તિર્યંચ વિગેરે બીજા બીજા પર્યાયનો સંભવ હોવાથી ( તેની અપેક્ષાએ) અશાશ્વત છે." આ પ્રમાણે ભગવાને કહ્યું તો પણ જમાલિનું

હૃદય કુવિકલ્પથી વ્યાકુલ હોવાથી શ્રદ્ધા નહીં કરતો તે પૂર્વે ભમાવેલા પોતાના સાધુ અને સાધ્વીના સમૂહથી પરિવરેલો અને પુર, નગર વિગેરેમાં પોતાના મતના અભિપ્રાયની પ્રરૂપણા કરતો વિચરવા લાગ્યો. પછી "જમાલિ મિથ્યાત્વને પામ્યો છે." આવી કથા સર્વત્ર વિસ્તાર પામી.

એકદા તે જમાલિ વિચરતો ફરીથી શ્રાવસ્તિ નગરીમાં ગયો. ત્યાં બહારના એક ઉદ્યાનમાં રહ્યો. પ્રિયદર્શના પણ હજાર સાધ્વી સહિત મોટી સમૃદ્ધિવાળા ઢંક નામના કુંભારની દુકાનમાં ( વાસણની શાળામાં ) તેની રજા લઈને રહી. જિનેશ્વરના વચનથી ભાવિત આત્માવાળો ઢંક જાણતો હતો કે– "આ સર્વે મિથ્યાત્વને પામેલા છે અને ભગવાનના વચન પર શ્રદ્ધાવાળા નથી, તેથી જો કોઇ પણ પ્રકારે તેઓ બોધ પામે તો ઘણું સારૂં થાય." એમ વિચારીને તેમને રહેવાની અનુજ્ઞા આપી હતી. એકદા ભાઠીમાંથી વાસણને કાઢતા તેણે તેમને પ્રતિબોધ કરવા માટે પ્રિયદર્શના સાધ્વીના વસ્ત્ર ઉપર એક અગ્નિનો કણીયો છુપી રીતે નાંખ્યો. તેનાથી બળતું પોતાનું વસ્ત્ર જોઇને તેણીએ કહ્યું કે–"હે મહાનુભાવ ! આ તેં શું કર્યું ? જો, મારૂં વસ્ત્ર બળી ગયું." તે સાંભળીને તેણે કહ્યું કે–"હે આર્યા ! તમે અસત્ય ન બોલો. સર્વ વસ્ત્ર બળી જાય ત્યારે આ પ્રમાણે કહેવું યોગ્ય છે એમ તમારો માનેલો અર્થ છે. અન્યથા તો "જે બળતું હોય તે બળ્યું કહેવાય" એવું જિનેશ્વરનું વચન જ અંગીકાર કરવું યોગ્ય છે."

આ પ્રમાણે સાંભળીને તત્કાળ શુદ્ધ બુદ્ધિ ઉત્પન્ન થવાથી તેણીએ કહ્યું કે–"હે શ્રાવક ! મને મૂઢને તમે ઠીક બોધ પમાડી. મેં પાપિણીએ ત્રણ લોકના તિલકરૂપ ભગવાન વર્ધમાનસ્વામીનું વચન આટલા કાળ સુધી પ્રતિકૂળ કર્યું. જે ભગવાનના વચનવડે ઘરનો ત્યાગ કર્યો અને ચારિત્ર ગ્રહણ કર્યું, તે જિનેશ્વરને પણ ગણવા નહીં ( માનવા નહીં ). અહો ! કેવું મોટું મોહનું માહાત્મ્ય છે ?" તે સાંભળીને ઢંકે કહ્યું કે–"હે ભગવતી (પૂજ્ય) ! તમે ચિત્તમાં સંતાપ ન કરો. સર્વ સાધ્વીજનથી પરિવરેલા તમે સર્વજ્ઞની પાસે જાઓ, તેમની આજ્ઞામાં વર્તો, તમારા સર્વ દુષ્કૃતની ગર્હા ( નિંદા ) કરો અને ઉન્માર્ગે જનારા લોકનો વૈરીની જેમ ત્યાગ કરો." તે સાંભળીને "હું આ શિખામણને ઇચ્છું છું." એમ કહીને હજાર સાધ્વીઓથી પરિવરેલી તે ત્રણ ભુવનના પ્રભુની પાસે ગઇ. પછી ઢંક કુંભારે એક જમાલિ વિના બીજા સર્વ સાધુઓને બોધ પમાડ્યા, તેથી તે સર્વે તે જમાલિને છોડીને જિનેશ્વરની સમીપે ગયા. આ પ્રમાણે પ્રથમ તો આ ભવમાં જ

જિનેશ્વરના વચનના પ્રતિકૂળપણાના પ્રભાવથી કેવળ મુનિવરોએ જ જમાલિને મૂકયો એમ નથી પરંતુ સદ્ગુણોએ પણ તેને મૂકી દીધો.

આ પ્રમાણે તે જમાલિ મિથ્યાત્વના આગ્રહે કરીને પોતાના આત્માને અને સમીપે રહેલા લોકોને ખોટે માર્ગે લઇ જતો ઘણા વર્ષો સુધી ચારિત્રનો પર્યાય પાળીને, છેવટે અર્ધ માસની સંલેખના ( અનશન ) કરીને તે મિથ્યાત્વના સ્થાનકની આલોચના–પ્રતિક્રમણ કર્યા વિના મરીને લાંતક કલ્પ નામના દેવલોકમાં તેર સાગરોપમની સ્થિતિવાળા કિલ્બિષિક દેવને વિષે દેવપણે ઉત્પન્ન થયો.

હવે અહીં ભગવાન ગૌતમસ્વામીએ જમાલિને કાળધર્મ પામેલો જાણીને ભગવાન મહાવીરસ્વામીને મોટા વિનયવડે વાંદીને કહ્યું ( પૂછયું ) કે–" હે ભગવન ! આપનો કુશિષ્ય જમાલિ નામનો અનગાર તેવા પ્રકારનો ઉગ્ર તપવિશેષ કરીને કયાં ઉત્પન્ન થયો ? " ત્યારે ભગવાને તેને કિલ્બિષિક દેવપણાની પ્રાપ્તિ સુધીનો તેનો સર્વ વૃત્તાંત કહ્યો.

ત્યારપછી ઇંદ્રભૂતિએ કહ્યું કે–" હે ભગવન ! તેવા પ્રકારનો ઉગ્ર તપ કરીને પણ તે જમાલિ કિલ્બિષિક દેવમાં ઉત્પન્ન થયો તેનું શું કારણ ?" ત્યારે સમગ્ર ભાવને જાણનારા અને ભુવનમાં એક સૂર્ય સમાન ભગવાને કહ્યું કે–" હે ગૌતમ ! એકાગ્ર ચિત્તે આનું કારણ તું સાંભળ. સાધુ–ધર્મના આચારમાં રહેલા અને વિશુદ્ધ શીલવાળા આચાર્યના તથા સૂત્રની પ્રવૃત્તિ કરનાર (ભણાવનાર) અને ગુણના નિધાનરૂપ ઉપાધ્યાયના તેમજ કુળ, ગણ અને સંઘના જેઓ પ્રત્યનીક (શત્રુ) હોય છે તે જીવો મોટો તપ કરીને પણ કિલ્બિષિક દેવોમાં ઉત્પન્ન થાય છે. " ફરીથી ગૌતમસ્વામીએ પૂછયું કે–" હે ભગવન ! તે પોતાના સ્થાનથી ચ્યવીને કેટલા ભવે તે મોક્ષપુરના નિવાસને પામશે ?" જિનેશ્વરે કહ્યું કે–" દેવ, તિર્યંચ અને મનુષ્યના ભવમાં પાંચ વાર ભમીને પછી બોધિ ( સમકિત ) પામીને મોક્ષનું સુખ પામશે, તેથી કરીને હે દેવાનુપ્રિયો ! જમાલિ મુનિનું આ ચરિત્ર સાંભળીને ધર્મગુરૂ વિગેરેના વિનયમાં નિરંતર તત્પર થજો. " આ પ્રમાણે સર્વ મુનિઓને શિખામણ આપીને સમગ્ર જીવલોકના વત્સલ શ્રી મહાવીરસ્વામી મોટી દયાવડે ભવ્યજીવોને પ્રતિબોધ કરતા વિચરવા લાગ્યા.

હવે પ્રભુ પૃથ્વી પર વિચરતા હતા તે વખતે ચંદ્ર અને સૂર્યના શ્રેષ્ઠ વિમાનનું અહીં ઉતરવારૂપ આશ્ચર્ય જે પ્રમાણે થયું તે પ્રમાણે સાંભળો:—

**સાકેત** નામના નગરમાં સમીપે જ પ્રાતિહાર્યવાળો એટલે પ્રત્યક્ષ

માહાત્મ્યવાળો **સુરપ્રિય** નામનો યક્ષ હતો. તે યક્ષ દર વરસે ચિતરવામાં આવે છે અને તેનો મોટો મહોત્સવ કરવામાં આવે છે, પરંતુ તેને ચિતરવામાં આવે છે ત્યારે તે ચિતારાને તે યક્ષ મારી નાંખે છે, અને જો ચિતરવામાં ન આવે તો તે નગરમાં લોકની મરકી વિકુર્વે છે. તેના ભયથી તે ચિતારાઓનો સમુદાય તે નગર છોડીને જવા લાગ્યો તે જોઇ રાજાએ વિચાર કર્યો કે-" જો આ સર્વે જતા રહેશે તો અવશ્ય આ યક્ષ ચિતરવામાં નહીં આવવાથી અમારા વધને માટે થશે." આ પ્રમાણે વિચારીને તેણે તે ચિતારાઓને બળાત્કારે રોકયા અને તેમને માટે આ પ્રમાણે સંકલના કરી. સર્વ ચિતારાઓના નામો એક એક કાગળના કકડામાં લખીને ઘડામાં નાંખ્યા. પછી વરસે વરસે જેના નામનો પત્ર ( ચીઠ્ઠી ) તે ઘડામાંથી નીકળે તે ચિતારો તે યક્ષનું ચિતરવાનું કામ કરે. આ પ્રમાણે કેટલોક કાળ ગયો. એકદા **કૌશાંબી** નામની નગરીનો રહેવાસી એક ચિતારાનો પુત્ર ચિત્રવિદ્યા શીખવા માટે ત્યાં આવ્યો, અને એક ચિતારાની ડોશીને ઘેર રહ્યો. ત્યાં તે ડોશીના પુત્રની સાથે તેને મૈત્રી થઇ. આ પ્રમાણે તે ત્યાં રહ્યો હતો તેટલામાં તે જ વરસે તે ડોશીના પુત્રનો વારો આવ્યો. ત્યારે તે ડોશી ઘણે પ્રકારે છાતી અને મસ્તક કુટતી રૂદન કરવા લાગી. તે જોઈ તે કૌશાંબીના ચિતારાના પુત્રે તેણીને પૂછ્યું કે-" હે માતા ! તમે કેમ રૂદન કરો છો ? " તેણીએ કહ્યું કે-" હે પુત્ર ! મારે આ એક જ પુત્ર છે. હાલમાં તે યક્ષને ચિતરીને યમરાજના મુખને પામવાની ઇચ્છાવાળો હોય તેવો દેખાય છે. " તે સાંભળી તેણે કહ્યું-" હે માતા ! તમે રૂદન ન કરો. હું તે યક્ષને ચિતરીશ. " તેણીએ કહ્યું-" હે વત્સ ! શું તું મારો પુત્ર નથી ? " તેણે કહ્યું-" તો પણ હું જ ચિતરીશ." પછી સમય આવ્યો ત્યારે તેણે છઠ્ઠનો તપ કરી, સ્નાન કરી, ચંદનનો રસ પોતાના શરીરે લગાવી, શુદ્ધ બે વસ્ત્ર પહેરી ( ધારણ કરી ), આઠવડા કરેલા વસ્ત્રવડે મુખ બાંધી ( મુખકોશ કરી ), નવી પીંછીઓવડે અને ઉત્તમ રંગવડે તે યક્ષને ચિતરીને પછી મોટા વિનયવડે તેના ચરણમાં પડીને આ પ્રમાણે બોલ્યો ( સ્તુતિ કરવા લાગ્યો ):—

" હે સુરપ્રિય દેવ ! કયો અત્યંત નિપુણ માણસ પણ તમારૂં ચિત્રકર્મ કરી શકે ? તો પણ અમારી જેવો મુગ્ધ માણસ તો શી રીતે કરી શકે ? તો પણ ચપલપણાને લીધે મારાથી જે કાંઇપણ સારી રીતે વર્તાયું ન હોય તો હે સ્વામી ! તમારે ક્ષમા કરવું. નમ્ર જનને વિષે શો કોપ હોય ? "

આ પ્રમાણે તેની સ્તુતિથી પ્રસન્ન થયેલ યક્ષ બોલ્યો કે-" અરે ! તું

વરદાન માગ." તે બોલ્યો-"હે દેવ! એ જ વરદાન દ્યો કે આજથી તમારે કોઇ માણસને મારવો નહિ." ત્યારે યક્ષે કહ્યું કે-" તારો વિનાશ ન કરવાથી જ એ તો (બીજાનો અવિનાશ) સિદ્ધ જ છે, માટે બીજું કાંઇક માગ." તેણે કહ્યું-"હે દેવ! જો એમ જ હોય તો દ્વિપદ (મનુષ્ય), ચતુષ્પદ (પશુ) અને અપદ (સર્પ વિગેરે) આ સર્વમાંથી કોઇના પણ માત્ર એક અવયવને પણ હું જોઉં, તો તેને અનુસરીને તેનું યથાર્થ સર્વ રૂપ હું ચિતરી શકું એવું મને વરદાન આપો." ત્યારે યક્ષે કહ્યું કે-" જા, એમ થશે." ત્યારપછી વરદાનને પામેલો તે રાજા અને નગરના લોકોવડે સત્કાર કરાયો. પછી તે પોતાની કૌશાંબી નગરીમાં ગયો. તે નગરીમાં પહેલાં કહ્યા પ્રમાણે **શતાનીક** રાજા રાજ્ય કરતો હતો. એકદા રાજ્ય, દેશ, ચતુરંગ સૈન્યના વિસ્તાર અને બીજા વિશેષ પ્રકારના વૈભવવડે ગર્વને વહન કરતો તે સભામંડપમાં બેઠો હતો ત્યારે તેણે દૂતને પૂછયું કે-"હે દૂત! જે બીજા રાજાઓને હોય એવું મારે શું નથી?" દૂતે કહ્યું-"હે દેવ! આપને બીજા જેવી ચિત્રસભા નથી." આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે રાજાએ સભામંડપને ચિતરવા માટે ચિતારાઓને આજ્ઞા કરી. ત્યારે તેઓએ સરખી ભૂમિને વહેંચીને ચિતરવાનો પ્રારંભ કર્યો. તેમાં અંતઃપુરના દ્વારની પાસેનો જે ભાગ હતો તે વરદાનવાળા ચિતારાને આવ્યો. ત્યારે ત્યાં ચિત્રકર્મને કરતા તેણે એકદા જાળીયાના વિવરમાંથી રાજાની મુખ્ય પટ્ટરાણી મૃગાવતી દેવીનો મણિમય મુદ્રિકા(વીંટી)ના કિરણોથી વ્યાપ્ત પગનો અંગુઠો જોયો. તે જોઈ તેણે અનુમાનથી જાણ્યું કે-" આ મૃગાવતી દેવી જ છે." ત્યારપછી તેણે તે અંગુઠાને અનુસારે જેવું હતું તેવું યથાર્થ રૂપ આળેખ્યું. તે રૂપમાં ચક્ષુને ઉઘાડતી વખતે એક મેસનો બિંદુ તેના સાથળમાં પડયો. તે તેણે દૂર કર્યો. (ભુસી નાખ્યો.) ફરીથી પણ પડયો. તે પણ તેણે દૂર કર્યો. એ જ પ્રમાણે ત્રીજી વખત પણ ત્યાં જ પડેલા તે બિંદુને જોઇને તેણે વિચાર કર્યો કે-"નિશ્ચે આવું ચિહ્ન આ ઠેકાણે હોવું જોઈએ." એમ તેના મનમાં નિશ્ચય થવાથી તે બિંદુ તેણે દૂર કર્યો નહીં. ત્યારપછી કેટલેક દિવસે સર્વ ચિત્રકર્મ સમાપ્ત થયું ત્યારે રાજા તે ચિત્રસભાને જોતો જોતો જ્યાં તે મૃગાવતીનું રૂપ ચિતરેલું હતું તે પ્રદેશમાં આવ્યો. તે રૂપને નિમેષ રહિત દષ્ટિવડે જોતાં રાજાએ તે બિંદુ જોયો. તેને જોઇને તરતજ ભૃકુટી ચડાવવાથી ભયંકર અને ક્રોધના વશથી રક્ત થયેલા નેત્રોથી ક્ષોભ પામેલો રાજા આ પ્રમાણે વિચારવા લાગ્યોઃ—

"પાપમતિવાળા આણે મારી પત્નીનો પરાભવ કર્યો છે, એ વાત નિશ્ચિત છે. એમ ન હોય તો વસ્ત્રની અંદર રહેલા મસને તે શીરીતે જાણે?

બીજી સ્ત્રીઓ સાથે પણ ભોગ કરનારનો અમે નિગ્રહ કરીએ છીએ, તો પોતાની જ સ્ત્રીને વિષે આવો વૃત્તાંત જાણીને પણ અમે કેમ ક્ષમા કરીએ ?"

આ પ્રમાણે વિચારીને તે વરદાનવાળો ચિતારો કોટવાળને સોંપ્યો અને તેનો વધ કરવાની આજ્ઞા આપી. આ વૃત્તાંત સાંભળીને ચિતારાઓનો સમુદાય ત્યાં રાજા પાસે આવ્યો. તેઓએ રાજાને વિજ્ઞપ્તિ કરી કે-"હે દેવ ! આને દેવનું વરદાન મળેલું છે તેથી જેનો માત્ર એક જ અવયવ દેખે તેનું પરિપૂર્ણ રૂપ આ આળેખી શકે છે, તેથી શા માટે કારણ વિના આપ કોપને ધારણ કરો છો ? જો આ બાબતમાં આપને વિશ્વાસ આવતો ન હોય તો તેની આપ ખાત્રી કરો." આ પ્રમાણે તેઓએ કહ્યું ત્યારે રાજાએ તેને કુબ્જા દાસીનું માત્ર મુખ જ દેખાડયું. તે જોઇ તેણે તેણીનું યથાર્થ રૂપ ચિતરી આપ્યું; તો પણ પ્રથમના ક્રોધના વશથી રાજાએ તેનો જમણા હાથનો [1]સંડાસો છેદાવ્યો અને દેશનીકાલ કર્યો.

ત્યારપછી તે ચિત્રકાર ફરીથી યક્ષની પાસે ગયો. ત્યાં ઉપવાસ કરીને બેઠો. તે વખતે યક્ષે તેને કહ્યું કે-"હે ભદ્ર ! તે ખેદને મૂકી દે. મારા અનુભવવડે પૂર્વની જ જેમ ડાબા હાથવડે પણ તું ચિતરી શકીશ." આ પ્રમાણે વરદાન પામેલા તેણે વિચાર કર્યો કે-"અહો ! મહાપાપ કરનારા તે રાજાએ મને નિરપરાધીને આવી અવસ્થા કેમ પમાડ્યો ? તેથી કરીને હવે તે દુઃશિક્ષિતને તેના દુર્નયનું ફળ હું દેખાડું." એમ વિચાર કરીને એક ચિત્રપટમાં શણગારવડે દેદીપ્યમાન મૃગાવતીનું રૂપ આળેખીને સ્ત્રીની લાલસાવાળા ( સ્ત્રીલુબ્ધ ) **ચંડપ્રદ્યોત** નામના મોટા રાજાની પાસે તે ગયો. તેને તે ચિત્રપટ દેખાડ્યો. ચંડપ્રદ્યોતે તેને અભિલાષ સહિત જોયો. જોતાં જ તત્કાળ વિકસ્વર કમળ જેવી લાંબી તે દૃષ્ટિ વિકસ્વર થઇ. તેનો કુળનો અભિમાન નાશ પામ્યો, નીતિમાર્ગ ગળી ગયો ( નષ્ટ થયો ), મનમાં અરતિ ઉત્પન્ન થઇ, શ્વાસોચ્છ્વાસ ઉછળવા લાગ્યા, સર્વ અંગે કામાગ્નિ જાજ્વલ્યમાન થયો અને વિશેષ સહિત જોતાં જોતાં તે જાણે સ્તંભિત થયો હોય અને કીલિત ( ખીલિત ) થયો હોય તેમ સ્થિર મીંચાયેલા નેત્રવાળો તે એક મુહૂર્ત્ત સુધી રહ્યો. પછી તેણે ચિત્રકારને પૂછયું કેઃ—

"હે સુંદર ! સુરસુંદરીનું કે કામદેવની સ્ત્રીનું કે નાગકન્યાનું કોનું રૂપ જોઇને તેં અહીં આ તેનું પ્રતિબિંબ આળેખ્યું છે-ચિતર્યું છે ? જો

[1] અંગુઠો અને તેની પાસેની આંગળી.

દેવાંગનાનું આ રૂપ હોય તો ભવનમાં પ્રસિદ્ધ વૈભવવાળા જે દેવતાઓ કહેવાય છે તે સત્ય છે, અને જો આ કામદેવની સ્ત્રી હોય તો કામદેવ ખુશીથી લીલાવડે જ ત્રણ લોકને જીતી લ્યો, અથવા જો આ નાગકન્યા હોય તો આના મુખચંદ્રના કિરણોવડે હણાયેલા અંધકારના પ્રચારવાળું પાતાળ નિરંતર શોભો. જો, આની કાયાની કાંતિવડે સુવર્ણની કાંતિ દૂષણ પામે છે-ઝાંખી થઇ જાય છે, આના નેત્રવડે નવા નીલકમળની શોભા કરમાઈ જાય છે, આના અધરોષ્ઠની પ્રભાવડે વિદ્રુમ ( પરવાળા ) અને કંકેલ્લીના નવાંકુરની શોભા નાશ પામે છે અને આના મનોહર રૂપવડે રંભા અપ્સરાનું રૂપ સમાનપણાને પામે છે. ઘણું શું કહેવું ? આવા પ્રકારની શ્રેષ્ઠ યુવતીજનના વિરહમાં કામભોગો વિડંબના પામે છે, મનુષ્યપણું પણ નિષ્ફળ છે અને રાજાપણું પણ દુઃખને વહન કરનારૂં છે; તેથી કરીને તું કહે કે આ કોની સ્ત્રી છે ? અથવા આની પ્રાપ્તિને માટે કયો અનુકૂળ ઉપાય કરવાથી સિદ્ધિ પામે તેવો છે ? ”

આ પ્રમાણે રાજાએ કહ્યું ત્યારે તે ચિત્રકારે કહ્યું કે-“ હે દેવ ! આપના કહેવા પ્રમાણે આ કોઈ દેવાદિકની સ્ત્રી નથી, પરંતુ શતાનીક રાજાની પટ્ટરાણી મૃગાવતી નામની દેવી છે. આ તો મેં સામાન્યપણે આલેખી છે; વિશેષે કરીને તો જો કદાચ પ્રજાપતિ ( બ્રહ્મા ) તેણીના રૂપને આલેખી શકે.” ( તે સાંભળીને રાજાએ કહ્યું કેઃ-) “ જો આ પ્રમાણે તે મનુષ્યની સ્ત્રી જ છે, તો અરે **વજ્રજંઘ** દૂત ! તું શીઘ્ર જા. જઇને મારા વચને કરીને તું શતાનીક રાજાને કહે કે-મૃગાવતીને તું જલદી મોકલ. આવા પ્રકારના સ્ત્રી-રત્નને વરવામાં તારો શો અધિકાર છે ? તેથી તેણીને શીઘ્ર અહીં મોકલ અથવા યુદ્ધ કરવા તૈયાર થા.” આ પ્રમાણે કહ્યું ત્યારે “ જેવી દેવની આજ્ઞા ” એમ કહી તે દૂત ગયો. શતાનીક રાજાને ચંડપ્રદ્યોત રાજાની આજ્ઞા નિવેદન કરી. તે સાંભળીને કોપ પામેલા તેણે કહ્યું કે-“ અરે અધમ દૂત ! જો કદાચ કોઇ પણ પ્રકારે તે તારો રાજા કુળક્રમની મર્યાદાને મૂકીને ઉદ્ધત વચન બોલે, તો તારે પણ તે પ્રમાણે બોલવું ઘટે છે ? જે ભૃત્ય ઉન્માર્ગે પ્રવર્તેલા પોતાના સ્વામીની અપકીર્તિરૂપ ધૂળને પોતાની બુદ્ધિના વિસ્તારવડે સમાવે નહીં, તે પણ શું ભૃત્ય કહેવાય ? આ પ્રમાણે અનીતિનો મનમાં માત્ર વિચાર કરવાથી પણ તેના કુળમાં મોટું કલંક ઉત્પન્ન થાય છે, તો પછી ઘણા માણસોની પાસે પ્રગટ વાણીવડે કહેવાથી તો શું થાય ? અરે દૂત !

બીજા પણ રાજ્યોમાં કોઇ પણ રાજાએ આવા પ્રકારનું અકાર્ય કર્યું હોય એમ તેં જોયું કે સાંભળ્યું છે? વળી જ્યાં પોતે રાજા જ આવા પ્રકારના અન્યાયનું આચરણ કરે ત્યાં બિચારી નીતિ પણ મૂળથી જ હણાયેલી છે. ઘણું શું કહેવું? આવા પ્રકારનું વચન બોલનારા તારો જ અહીં વિનાશ કરવો યોગ્ય છે, પણ તેમ નથી કરતો, તે કાંઇ ( તારા કે તારા રાજાનું ) તેજ છે એમ ધારીને નહીં ( અથવા અમારે તેવું કરવું યોગ્ય નથી એમ જાણીને. )" આ પ્રમાણે તે દૂતનો તિરસ્કાર કરીને, તેને કંઠે પકડીને ખાળને માર્ગે થઈને કાઢી મૂક્યો. પછી તે દૂત ચંડપ્રદ્યોત રાજાની સમીપે ગયો અને ચારગુણો પોતાનો વૃત્તાંત કહ્યો. ત્યારે તે પણ તે દૂતના વચનવડે અત્યંત રોષ પામી સર્વ સૈન્ય સહિત કૌશાંબી નગરી તરફ ચાલ્યો. નિરંતર પ્રયાણવડે આવતા તેને સાંભળીને અલ્પ સૈન્યવાળો શતાનીક રાજા તથાપ્રકારના ક્ષોભથી ઉત્પન્ન થયેલા અતિસાર નામના વ્યાધિથી એકદમ મરણ પામ્યો. તે વખતે મૃગાવતીએ વિચાર્યું કે-" પ્રથમ તો રાજા જ ક્ષોભથી મરણ પામ્યા. નાની ઉમ્મરનો પુત્ર હજુ બળને પામ્યો નથી, તેથી ચંડપ્રદ્યોતને નહીં અનુસરવાથી આ પુત્રનો પણ વિનાશ ન થાઓ; તેમજ તેને અનુસરવાથી મારા કુળમાં મોટું કલંક લાગે તેથી હાલ તો કાળને યોગ્ય આ પ્રમાણે છે કે-હું અહીં રહીને જ અત્યંત અનુકૂળ વચનના વિસ્તારવડે જ કાળ નિર્ગમન કરૂં. પછી જેમ ઉચિત હશે તેમ કરીશ." એમ વિચારીને દૂતના મુખવડે ચંડપ્રદ્યોત રાજાને કહેવરાવ્યું કે-" શતાનીક રાજા પરોક્ષ થઈ જવાથી ( મરણ પામવાથી ) તમે જ મારૂં શરણ છો. માત્ર મારો પુત્ર હજુ બળ પામ્યા વિનાનો છે તેને હું તજી દઉં તો સીમાડાના રાજાઓ તેનો વિનાશ કરે." આવું તેનું વચન સાંભળી અત્યંત હર્ષના પ્રકર્ષને ધારણ કરતા રાજાએ કહેવરાવ્યું કે-" હે પ્રિયા! મારા પ્રચંડ ભુજારૂપી દંડે ગ્રહણ કરેલા તારા પુત્રની ઉપર કયો ચિરકાલ જીવિતનો અર્થી પગલું ભરવાને પણ ઇચ્છે?" તે સાંભળી રાણીએ કહેવરાવ્યું કે-" હે મહારાજ! તમે કહો છો તેમજ છે, પરંતુ ઓશીકે સર્પ છે અને વૈદ્ય સો યોજન દૂર છે. ( એટલે કે શત્રુઓ પાસે જ છે અને તમે તો દૂર છો. ) કાર્ય વિનાશ પામ્યા પછી તમે શું કરી શકો? તેથી જો મારી સાથે નિર્વિઘ્નપણે સંયોગને ઇચ્છતા હો તો ઉજ્જયિની નગરીમાં નીપજેલી કઠોર ( કઠણ-પાકી ) ઇંટોવડે આ નગરી ફરતો ચારે દિશાએ મોટો ગઢનો પરિધિ કરાવો." આ પ્રમાણે સાંભળીને રાજાએ તે અંગીકાર કર્યું, તેથી પોતાના ચૌદે ખંડીયા રાજાઓને

પોતપોતાના સૈન્ય સહિત માર્ગમાં ગોઠવ્યા અને તે મનુષ્યોની પરંપરાએ કરીને ઉજ્જયિનીથી ઈંટો મગાવી તેનાવડે પ્રાકાર નીપજાવ્યો ત્યારપછી તેણીએ કહ્યું કે–" હવે ધાન્ય,વસ્ત્ર અને ઈંધણાવડે આ નગરીને ભરી દ્યો." તે સાંભળી આશાથી નચાયેલા તેણે તે પ્રમાણે નગરી ભરી દીધી. આ પ્રમાણે જ્યારે તે નગરી ( બીજાનો ) રોધ ( અટકાયત ) કરવામાં સજ્જ ( તૈયાર ) થઇ ત્યારે તે રાણી તેનાથી પ્રતિકૂળ થઈ ગઈ. ( નગરના કિલ્લાના ) દરવાજા બંધ કરી યુદ્ધ કરવા તૈયાર થઇ. તે જાણી ચંડપ્રદ્યોત રાજા પણ વિલખો થઇ નગરીને વીંટીને રહ્યો. એક દિવસ વૈરાગ્ય પામેલી મૃગાવતીએ વિચાર કર્યો કે–" તે ગામ, આકર (ખાણ) અને નગર વિગેરે સ્થાનો ધન્ય છે કે જ્યાં ભગવાન મહાવીરસ્વામી સુંદર વાણીવડે મનુષ્યોને પ્રતિબોધ કરતા વિચરે છે. હમણાં જો તે પરમેશ્વર અહીં પધારે તો હું તેમની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરૂં." આ પ્રમાણે તેણીનાં વિચારને કેવળજ્ઞાનવડે જાણીને ગૌતમાદિક મુનિજનોથી પરિવરેલા અને નવ સુવર્ણકમળો પર પગ મૂકતા ભગવાન તરત જ ત્યાં પધાર્યા. દેવોએ તે વખતે ત્યાં સમવસરણ રચ્યું. ત્યાં જગદ્ગુરૂ સિંહાસન પર બેઠા. તે ભગવાનના પ્રભાવથી સર્વનું વૈર શાંત થયું. ચરપુરૂષોએ મૃગાવતીને વધામણી આપી. તેમને તેણીએ ચિંતવ્યાથી પણ અધિક ઈનામ આપ્યું. દરવાજાના કમાડ ઉઘડાવ્યા, મોટા વૈભવવડે મૃગાવતી નીકળી, વિધિપૂર્વક ભગવાનને વાંદ્યા અને ઉચિત સ્થાને તે રહી. ચંડપ્રદ્યોત રાજા પણ આવ્યો. આ અવસરે ભગવાને ધર્મકથા પ્રારંભી.

તેવામાં હાથમાં ધનુષ–બાણને ગ્રહણ કરનાર કોઇ એક પુરૂષ ' આ સર્વજ્ઞ છે ' એમ લોકપ્રવાદ સાંભળી ભગવાનની સમીપના પ્રદેશમાં ઊભા રહી પોતાના સંશયને મનથી જ પૂછવા લાગ્યો. ત્યારે સ્વામીએ તેને કહ્યું કે–" હે દેવાનુપ્રિય ! તું વચન બોલીને પૂછ કે જેથી બીજા પણ ભવ્ય પ્રાણીઓ પ્રતિબોધ પામે, તે પણ સારૂં જ છે." આ પ્રમાણે સ્વામીએ કહ્યા છતાં પણ લોકલજ્જાને લીધે તેણે આ પ્રમાણે કહ્યું કે–" હે ભગવાન ! જે[1] તે હતી, તે જ તે છે ?" ત્યારે ભગવાને કહ્યું કે–" હા, એમ જ છે." આ વખતે પાદપીઠ પાસે રહેલા ગૌતમસ્વામી કે જે પોતાના શ્રુત જ્ઞાનથી આ પ્રશ્નોત્તરનો ખરો અર્થ જાણતા હતા તો પણ તેણે ભવ્યજનોના પ્રતિબોધને માટે પૂછ્યું કે–" હે ભગવન ! આ પુરૂષે ' જે તે હતી,

૧ સર્વ શબ્દો સ્ત્રીના જ વિશેષણો છે. જે તે મારી બહેન હતી તે જ તે છે.

તે તે જ છે? ' એમ શું કહ્યું ?" ત્યારે ભગવાન બોલ્યા કે-" આ કથા મોટી છે. તે તમે સર્વ એકાગ્ર ચિત્તે સાંભળો:—

" આ જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં **ચંપા** નામની નગરી છે. ત્યાં એક સુવર્ણકાર ( સોની ) રહેતો હતો. તે સ્ત્રીમાં લોલુપ ( લુબ્ધ ) હોવાથી જે જે સારા રૂપવાળી કન્યાને જોતો હતો તેને તેને પાંચસો સુવર્ણના સીક્કા આપીને પરણતો હતો. આ પ્રમાણે પરણીને તેણે અનુક્રમે પાંચસો સ્ત્રીઓ એકઠી કરી. તે દરેક સ્ત્રીને તેણે તિલક, હાર, અર્ધહાર, નૂપુર વિગેરે સર્વ આભૂષણો આપ્યાં હતાં. જે દિવસે તે જે સ્ત્રીની સાથે ભોગ ભોગવે તે દિવસે તે સ્ત્રી સર્વ અલંકારો ગ્રહણ કરે અને સ્નાન, વિલેપન વિગેરે શ્રૃંગાર કરે અને બાકીને કાળે શાંત ( સાદા ) વેષવડે જ રહે. નહીં તો ( તે પ્રમાણે ન કરે તો ) તે સુવર્ણકાર તેણીનો તિરસ્કાર કરતો હતો. વળી ઇર્ષ્યાળુ હોવાથી તે એક નિમેષ ( ક્ષણ ) માત્ર પણ ઘરના દ્વારને મૂકતો ન હોતો. સ્વજનોને પણ અવકાશ આપતો નહીં. ( એટલે પોતે તેમને ઘેર જતો નહી અને તેમને પોતાને ઘેર બોલાવતો પણ નહીં. ) એ પ્રમાણે દિવસો જતા હતા તેવામાં એકદા તેની ઇચ્છા વિના પણ મહાકષ્ટે કરીને તેનો એક મિત્ર તેને પોતાને ઘેર ભોજન કરાવવા લઇ ગયો. ઘણે કાળે અવકાશ મળવાથી તેની સ્ત્રીઓએ વિચાર કર્યો કે:—

" આપણા આ જીવનથી શું ? મણિ અને સુવર્ણના આભૂષણોથી પણ શું ? અને આ નિરર્થક ઘણા વૈભવના વિસ્તારથી પણ શું ફળ છે ? કે જેથી યમરાજની જેવા આ પાપી પતિના ઇંદ્રિયવિષયમાં આપણે પડેલી છીએ, તેથી કદાપિ વિલાસ કરવાનું આપણે પામી શકતી નથી. ઘણે કાલે આજ જ્યાં સુધી તે ઘરને મૂકીને અન્યત્ર ગયો છે ત્યાં સુધીમાં એક ક્ષણવાર આપણે મનવાંછિત સુખવડે રહીએ ( સુખ ભોગવીએ ). " આ પ્રમાણે વિચારીને તે સર્વેએ સ્નાન કર્યું, સુગંધી વિલેપનવડે સર્વ અંગે લેપ કર્યો, ઉત્તમ વસ્ત્રો પહેર્યાં, સર્વ આભૂષણો ધારણ કર્યાં, કપાળમાં તિલક કર્યાં, ઉત્તમ સેંથાને સિંદુર પૂરીને રાતો કર્યો, સુગંધથી વાસિત કરેલી કસ્તૂરીના પંકવડે ગાલ ઉપર પીળ કરી, તંબોલ ખાવાવડે ઓષ્ઠ રાતા કર્યાં. આ પ્રમાણે શ્રૃંગાર સજી તેઓ જેટલામાં દર્પણને ગ્રહણ કરી તેમાં પોતાનું મુખ જોતી હતી તેટલામાં તત્કાળ તેમનો ભર્તાર ઘેર આવ્યો. તેઓની તેવા પ્રકારની દુષ્ટ ચેષ્ટા જોઇને કોપ ઉત્પન્ન થવાથી તેણે એક સ્ત્રીને એવી

-રીતે પ્રહાર કર્યો કે જેથી તે તત્કાળ મરણ પામી. ત્યારપછી તે સર્વ સ્ત્રીઓના શરીર ભયના વશથી કંપવા લાગ્યા, અને તેઓએ વિચાર્યું કે- "જેમ આ એકનું મરણ થયું તેમ આપણું પણ મરણ થશે." તેથી અરિસાવડે આપણે આને જ હણીએ. આને રાખવાથી શું ફળ છે?" એમ વિચારીને તેઓએ એકી સાથે તેની સન્મુખ પોતપોતાના દર્પણ ફેંક્યાં.

"ત્યારપછી પાંચસોમાં એક ઓછી એટલે ચારસો ને નવાણું સ્ત્રીઓએ મૂકેલા (મારેલા) દર્પણોવડે હણાયેલો તે તત્કાળ મરણ પામ્યો. ત્યારપછી તે સર્વ સ્ત્રીઓને પશ્ચાત્તાપ ઉત્પન્ન થયો કે-"અહો! પતિને મારનાર આપણી અહીંથી શી ગતિ થશે? લોકો આપણને કલંક આપશે, રાજા દંડ કરશે, સ્વજનવર્ગ અવજ્ઞા કરશે અને ખળ પુરૂષો પરાભવ કરશે; તેથી હવે આપણે મરવું એ જ કાળને યોગ્ય છે." આ પ્રમાણે વિચાર કરીને તેઓએ ઘરના સર્વ દ્વારો ઢાંકી દીધાં, ઘરની અંદર ઘણા તૃણ, કાષ્ઠ અને પરાળ નાંખ્યા, ચોતરફ અગ્નિ પ્રગટ કર્યો અને જ્વાળાવડે વ્યાપ્ત થયેલા તે અગ્નિમાં તેઓએ પોતાનો આત્મા (દેહ) મૂક્યો. હવે પશ્ચાત્તાપે કરીને અને દયા સહિતપણાએ કરીને તે સર્વે અકામ નિર્જરાવડે મરીને મનુષ્યમાં ઉત્પન્ન થઇ પુરૂષ થયા. સમાન કર્મ અને ધર્મના સંયોગે કરીને એક ઠેકાણે મળેલા તે ચારસો ને નવાણુંએ જણ ચોર થયા અને એક વિષમ પર્વતમાં વસ્યા.

"હવે તે સુવર્ણકાર મરીને તિર્યંચમાં ઉત્પન્ન થયો. તેમાં જે તે પહેલી ભાર્યાને તેણે મારી હતી તે એક ભવ તિર્યંચમાં ઉત્પન્ન થઇને પછી બ્રાહ્મણના કુળમાં પુત્ર થયો. ક્રમે કરીને તે પાંચ વર્ષની ઉમ્મરનો થયો તે વખતે તે સુવર્ણકારનો જીવ તિર્યંચ ભવથી નીકળીને તે જ બ્રાહ્મણના કુળમાં તેની બ્હેનપણે પુત્રી થઇ. તે પ્રથમનો પુત્ર પાંચ વર્ષનો હતો તેથી તેને તે પુત્રીનો બાલગ્રાહ[1] કર્યો. તે છોકરી અત્યંત દુષ્ટપણાને લીધે નિરંતર રૂએ છે. એકદા તે બાલગ્રાહે તેણીના ઉદરપ્રદેશને પંપાળતા પંપાળતા કોઇ પણ પ્રકારે (ઇરાદા વિના અકસ્માતપણે) તેવી રીતે યોનિદ્વારમાં સ્પર્શ કર્યો કે જેથી તત્કાળ તે રોતી બંધ થઈ ગઇ. ત્યારે તેણે જાણ્યું કે-"આને છાની રાખવાનો ઉપાય મને પ્રાપ્ત થયો." પછી જ્યારે જ્યારે તે રોતી હતી ત્યારે ત્યારે એ જ પ્રમાણે તે નિરંતર કરતો હતો. એકદા તે પ્રમાણે કરતા તેને તેના માતા-પિતાએ જાણ્યો ત્યારે તેને મારીને પોતાના ઘરમાંથી કાઢી

૧ બાળકને રમાડનાર.

મૂક્યો. તે ત્યાંથી નાસીને તે જ ચોરપલ્લીમાં ગયો કે જ્યાં તે ચારસો ને નવાણું ચોરો રહેલા હતા. હવે તે છોકરી પણ યુવાવસ્થા પામ્યા પહેલાં જ શીલ રહિત થઈ, સ્વચ્છંદપણે ભમતી ભમતી કોઇક બીજે ગામ ગઈ. ત્યાં એકદા તે ચોરોએ આવીને તે ગામ લૂંટ્યું અને તે છોકરીને પણ ગ્રહણ કરી. પછી તે સ્ત્રી સર્વેની ( પાંચસો ચોરોની ) ભાર્યા થઇ. એકદા તે ચોરોને વિચાર થયો કે-" અહો ! આ બિચારી હંમેશાં આપણા આટલા બધાની શરીરચેષ્ટા કરતી ક્ષયને પામશે, તેથી જો અન્ય-બીજી પ્રાપ્ત થાય તો આને કાંઈક વિસામો થાય." એમ વિચારીને એકદા તેઓએ બીજી આણી. જે વખતથી આણી તે જ વખતથી પહેલી સ્ત્રીનું મન ઇર્ષ્યારૂપી શલ્યવડે ભેદાયું, તેથી તેણીને મારી નાંખવા માટે છિદ્ર જોવા લાગી. પછી એકદા તે ચોરો બીજા કોઇ ગામને લુંટવા માટે દોડ્યા ( ગયા ) ત્યારે તેણીએ જાણ્યું કે-" આ અવસર ઠીક આવ્યો છે, તેથી આનો વિનાશ કરૂં." એમ વિચારીને તે તેણીને કુવાને કાંઠે લઇ ગઈ અને તેણીને કહ્યું કે-" હે ભદ્રે ! જો આ કુવામાં કાંઇક દેખાય છે." ત્યારે તે પણ શંકા રહિતપણે જોવા લાગી તેવામાં તેણીએ તેણીને તેમાં જ નાંખી દીધી. પછી તે ચોરો આવ્યા અને તેણીનો વૃત્તાંત પૂછ્યો ત્યારે તે બોલી કે-" પોતાની ભાર્યાની કેમ તમે સારસંભાળ રાખતા નથી. મને શી ખબર ? " તે સાંભળી તેઓએ જાણ્યું કે-" આણે જ મારી નાંખી છે. " ત્યારપછી તે બ્રાહ્મણપુત્રના મનમાં તર્ક થયો કે-" આવા પ્રકારના શીલવડે અવશ્ય આ તે જ મારી પાપકર્મવાળી બહેન સંભવે છે, અને અહીં સમીપે ભગવાન મહાવીરસ્વામી સર્વજ્ઞ અને સર્વદર્શી વર્તે છે એમ સંભળાય છે, તેથી તેમની પાસે જઇને હું પૂછું. " એમ વિચારીને તે અહીં આવ્યો અને લજ્જાને લીધે તે મનથી જ પૂછવા લાગ્યો ત્યારે મેં તેને કહ્યું કે-હે દેવાનુપ્રિય ! તું વચને કરીને પૂછ. ત્યારે તેણે " જે તે હતી તે જ તે છે ? " એમ પૂછ્યું. મેં પણ " તે જ તે તારી બહેન છે " એમ કહ્યું.

" આ પ્રમાણે હે ગૌતમ ! આવા પ્રકારની વિટંબનાના સમૂહના મૂળ ઘરરૂપ વિષયો મનુષ્યોને વિષની જેવા વિષમ વિપાકને આપે છે. એક ક્ષણિક સુખને આપનારા અને સંસારસમૂહને વધારમાં અશુભનિધિ સમાન ભોગોને માટે થઇને મુગ્ધજનો યોગ્ય-અયોગ્યને જોતા નથી. આશ્ચર્ય છે કે-રાગાંધ પુરૂષો પરમાર્થને જાણ્યા વિના જ જે વાસ્તવિક સાક્ષાત્ વસ્તુ છે, તેને મૂકીને જે વાસ્તવિક નથી તેને ધારી બેસે છે. ( અંગીકાર કરે છે. ) તે આ પ્રમાણેઃ-સ્ત્રીનો અધરોષ્ઠ વાસ્તવિક રીતે તો માંસના લેશવડે જ

કેવળ નીપજેલો છે, છતાં તેને પરવાળાના ખંડ જેવો માને છે, નેત્ર-યુગલ પાણીના પરપોટા જેવું છે, છતાં શ્યામ કમળની જેવું માને છે, મુખ ચર્મથી મઢેલા હાડકામય છે, છતાં ચંદ્રબિંબ જેવું માને છે, સ્તન-યુગલ માત્ર માંસના સમૂહરૂપ છે, છતાં સુવર્ણના કળશ જેવું માને છે, બાહુ-યુગલ હાડકા અને માંસમય જ છે, છતાં કોમળ મૃણાલ ( બિસતંતુ ) જેવું માને છે, રમણ ( ગુહ્ય ) પ્રદેશ રૂધિર અને મૂત્રને ઝરનાર છે, છતાં અમૃતના કૂવા સમાન માને છે. આ પ્રમાણે યુવતીના અંગો અતિનિંદ્ય છે, તો પણ પારમાર્થિક સ્વરૂપને નહીં વિચારનાર ( જાણનાર ) અને વિષયમાં મૂઢ થયેલા પુરૂષો ઉપર કહ્યા પ્રમાણે માને છે." આ પ્રમાણે કરૂણાના એક સાગરરૂપ અને સમગ્ર ભુવનના પ્રદીપરૂપ શ્રી વર્ધમાનસ્વામીએ વસ્તુનું સાચું સ્વરૂપ કહ્યું.

ત્યારે તે પુરૂષ ( બ્રાહ્મણચોર ) સંવેગ પામીને પ્રવ્રજિત થયો, તથા તે સુર, અસુર, નર અને તિર્યંચવાળી પર્ષદા પણ અલ્પ રાગવાળી થઈ. આ અવસરે હર્ષના પ્રકર્ષવડે વિકસ્વર નેત્રકમળવાળી મૃગાવતી દેવી શ્રીમહાવીર-સ્વામીને વાંદીને આ પ્રમાણે બોલી કે-" હે ભગવન ! ચંડપ્રદ્યોત રાજાને હું પૂછું ( તેની રજા લઉં ). પછી હું આપની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ." એમ કહીને તે ચંડપ્રદ્યોતની પાસે ગઇ, અને આ પ્રમાણે બોલી કે-" હે મહારાજ ! જો તમે અનુમતિ આપો તો હું પ્રવ્રજ્યા ગ્રહણ કરૂં." તે સાંભળીને તે રાજાએ પણ તે મોટી પર્ષદામાં લજ્જાને લીધે નિષેધ કરવા સમર્થ નહીં હોવાથી તેણીને રજા આપી. ત્યારપછી મૃગાવતીએ પોતાના પુત્ર **ઉદયન**કુમારને ચંડપ્રદ્યોતની પાસે થાપણની જેમ સ્થાપન કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરી. પછી પ્રદ્યોતન રાજાની પણ **અંગારવતી** વિગેરે આઠ રાણીઓએ દીક્ષા ગ્રહણ કરી. પ્રથમ જેણે દીક્ષા લીધી હતી તે ચોરે પલ્લીમાં જઈને તે ચારસો ને નવાણું ચોરોને પ્રતિબોધ કરી પ્રવ્રજિત કર્યા. બીજા પણ ઘણા લોકો પ્રતિબોધ પામ્યા. પછી ચંડપ્રદ્યોત રાજા પણ જગદ્‌ગુરૂના પ્રભાવ-વડે વૈરનો અનુબંધ શાંત થવાથી, ઉદયનકુમારને પોતાના હાથે જ રાજ્ય પર સ્થાપન કરી પોતાની નગરીમાં ગયો. ભગવાને મૃગાવતીને પણ ચારિત્રધર્મની શિક્ષા આપીને ચંદનબાળા પ્રવર્તિનીને સોંપી, તેથી તે તેની પાસે રહીને યથા-સ્થિત ( યથાયોગ્ય ) સાધ્વીજનને ઉચિત ક્રિયા-સમૂહનો અભ્યાસ કરવા લાગી.

ભગવાને પણ વાણિજગ્રામ વિગેરે નગરોમાં વિહાર કરી આનંદ, કામદેવ વિગેરે દશ શ્રાવકોને પ્રતિબોધ કર્યો. ધર્મના મહાભારને ધારણ કર-

વામાં મજબૂત સ્કંધવાળા તેઓને ક્ષોભ પમાડવામાં ઉદ્યમવાળા થયેલા દેવો પણ લેશ માત્ર પણ ચલાવી શકે નહીં. જેઓ પોતાના ઐશ્વર્યવડે કરીને વૈશ્રમણ યક્ષરાજ( કુબેર )ને પણ નીચે કરતા હતા, જેઓ શ્રાવકના બાર વ્રતોને નિરંતર સમ્યક્ પ્રકારે પાલન કરતા હતા, જેઓ પોતાના ઘરની સમીપે કરેલી પૌષધશાળામાં અષ્ટમી અને ચતુર્દશીને દિવસે પૌષધમાં ઉદ્યમવંત થઈને સાધુની જેમ રહેતા હતા, તથા સર્વજ્ઞના વચનરૂપી રસથી ભેદાયેલા જેમના શરીરના સાતે ધાતુ અન્ય દર્શનીઓના વચનના વિષયમાં જતા નહોતા. આવા પ્રકારના તેમના ગુણને લેશ પણ [1]મારી જેવા કહેવાને સમર્થ નથી કે જેમનાં ચરિત્રો ગણધરોએ પોતે જ રચ્યાં છે. બીજા પણ રાજા, દંડનાયક, સામંત, મંત્રી વિગેરે લોકોને પ્રતિબોધ કરીને સ્વામી ફરીથી કૌશાંબી નગરીમાં પધાર્યા. ત્યાં દિવસની છેલ્લી પોરસીએ જગદ્ગુરૂ સમવસર્યા. તે વખતે જીવલોકને વિસ્મય કરનારા, સ્ફટિકમણિમય, સ્વાભાવિક અને પ્રત્યક્ષ દેખાતા પોતાના વિમાનમાં આરૂઢ થઈને ચંદ્ર અને સૂર્ય ભક્તિથી ભગવાનને વંદન કરવા માટે ઉતર્યા. તેમના વિમાનના નિર્મળ કિરણોના સમૂહવડે ગગન ( આકાશ ) પ્રકાશિત થયેલું હોવાથી રાત્રિને પણ નહીં જાણતો લોક ધર્મ સાંભળવા લાગ્યો, પરંતુ રાત્રિ થયાનો સમય જાણીને ચંદનબાળા પ્રવર્તિની સ્વામીને નમીને સાધ્વીઓ સહિત એકદમ પોતાના રહેવાના સ્થાને ગઈ. માત્ર એક મૃગાવતી સાધ્વી જિનેશ્વરની કથામાં અત્યંત વ્યાક્ષિપ્ત ચિત્ત થવાથી ' હજુ દિવસ છે ' એમ ધારીને એકલી જ સમવસરણમાં રહી. ક્ષણ માત્ર ગયા પછી પોતાના વિમાનમાં આરૂઢ થઇને ચંદ્ર અને સૂર્ય ગયા ત્યારે રાત્રિના અંધકારનો સમૂહ પ્રગટ થયો. તે વખતે પોતાની સાધ્વીઓને નહીં જોતી તે મહાસત્ત્વવાળી પોતાના ઉપાશ્રયમાં ગઈ. ત્યાં પ્રવર્તિનીએ તેણીને કહ્યું કે-" તારા જેવી સારા કુળમાં ઉત્પન્ન થયેલીને આ પ્રમાણે કરવું શું યોગ્ય છે કે જેથી તું એકલી જ આટલી રાત સુધી ત્યાં રહી ? " તે સાંભળી તે પ્રવર્તિનીના વચનને અંગીકાર કરી, વારંવાર પોતાના દુષ્ટ આચરણને નિંદતી તેણીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારપછી તે પ્રવર્તિની નિદ્રાવશ થઈ. તે વખતે ત્યાંથી જતો એક સર્પ જોઇને મૃગાવતીએ તેણીનો હાથ લાંબો પૃથ્વી પર હતો તે સંથારામાં સ્થાપન કર્યો. ત્યારે તેણીની નિદ્રા જતી રહી. એટલે તેણીને હાથ ખસેડવાનું કારણ પૂછ્યું. ત્યારે તેણીએ સર્પ નીકળ્યાનું કહ્યું, તેથી તેણીના કેવળજ્ઞાનનો

૧ ગ્રંથકારનું વચન છે.

પોતાને બોધ થયો તેથી પશ્ચાત્તાપ કર્યો, અને તે પ્રવર્તિની પણ ઘન ઘાતીકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી. હવે અહીં સંશય ઉત્પન્ન થવાથી પ્રથમ ગણધરે પ્રણામ કરીને જિનેશ્વરને કહ્યું કે–"હે ભગવન્! અવસ્થિત (શાશ્વત) પદાર્થો પણ શું વિપરીતપણાને પામે? કે જેથી કરીને હે નાથ! સૂર્ય–ચંદ્રના વિમાનો આકાશથી અહીં ઉતરે?" ગુરુએ કહ્યું–"હે ગૌતમ! આ દશ આશ્ચર્ય છે–કેવળજ્ઞાન થયા પછી તીર્થંકરને ઉપસર્ગ ૧, ગર્ભનો અપહાર ૨, સ્ત્રી તીર્થંકર ૩, [1]અભાવિત પર્ષદા ૪, કૃષ્ણ વાસુદેવનું અમરકંકા નગરીમાં જવું ૫, ચંદ્ર–સૂર્યના વિમાનનું ઉતરવું ૬, હરિવંશ કુળની ઉત્પત્તિ ૭, ચમરનો ઉત્પાત (ચમરેંદ્રનું સૌધર્મ દેવલોકમાં જવું) ૮, એક સમયે એકસોને આઠનું સિદ્ધ થવું ૯ તથા અસંયતિની પૂજા ૧૦. આ દશ આશ્ચર્ય અનંતકાળે થાય છે. આ પ્રમાણે ચંદ્ર–સૂર્યના વિમાન સંબંધી આશ્ચર્ય કહ્યું. હવે ગોશાળાનું વૃત્તાંત કહું છું તે સાંભળો:—

તે પૂર્વે કહેલો ગોશાળો તેજોલેશ્યાના માહાત્મ્યથી શત્રુઓનો નાશ કરનાર, અષ્ટાંગ નિમિત્તના અલ્પ જ્ઞાનવડે માણસોના મનમાં રહેલા વિચારોને જાણનાર, જિન નહીં છતાં પણ પોતાને જિન તરિકે પ્રસિદ્ધ કરતો અને સર્વત્ર અપ્રતિબંધપણે ભમતો ભમતો શ્રાવસ્તિ નગરીમાં આવ્યો, અને ઘણા ધન–ધાન્યવડે પરિપૂર્ણ હાલાહલા નામની કુંભારણની દુકાને રહ્યો. પરમાર્થને નહીં જાણનારા લોક મનમાં રહેલા વિચારને જ માત્ર જાણવાથી કૌતુકને પામીને અને આ જિનેશ્વર છે એવી પ્રસિદ્ધિ સાંભળીને નિરંતર તેની સેવા કરતા હતા. તે સમયે ભગવાન મહાવીરસ્વામી પણ શ્રમણસંઘથી પરિવરેલા, જઘન્યથી પણ કોટી સંખ્યાવાળા દેવોવડે અનુસરાતા, ભુવનને આશ્ચર્યકારક વૈભવના સમુદાયને વહન કરતા, દિશાઓના સમૂહમાં પ્રસરતા પ્રભામંડળ–વડે આકાશમાં જાણે અનેક સૂર્યોનો સમૂહ ઉદય પામ્યો હોય તેવું દેખાડતા, પગમાં પડતાં દેવોએ રચેલા સુવર્ણકમળના સમૂહવડે પૃથ્વીતળ જાણે સ્થળ–કમળોવડે શોભતું હોય તેવું કરતા, સ્થાને સ્થાને મનુષ્યોની અસત્ય ભાવનાનો નાશ કરતા, પ્રચંડ પાખંડી લોકોના ગર્વનું ખંડન કરતા, તથા મોક્ષનગરના માર્ગને પ્રવર્તાવતા કૌશાંબી નગરીમાંથી નીકળીને તે જ શ્રાવસ્તિ નગરીમાં આવ્યા. ત્યાં વિવિધ પ્રકારના પક્ષીઓવડે શોભતા તરુણ વૃક્ષોવડે મનોહર કોષ્ઠક નામના ચૈત્ય(ઉદ્યાન)માં સમવસર્યા. જિનેશ્વરનું

---

૧ ધર્મ ન પામે તેવી.

આગમન જાણીને પર્ષદા આવી, અને ભગવાનની સેવા કરીને જેમ આવી હતી તેમ પાછી પોતાને સ્થાને ગઈ. પછી ભિક્ષાનો સમય પ્રાપ્ત થયો ત્યારે છઠ્ઠનું પારણું કરવાની ઇચ્છાવાળા ગૌતમસ્વામીએ ભગવાનની આજ્ઞા લઇને નગરીમાં ભિક્ષા માટે પ્રવેશ કર્યો. ત્યાં ત્રિક, ચતુષ્ક અને ચત્વરમાં "ગોશાળો જિનેશ્વર સર્વજ્ઞ છે." એમ પરસ્પર વાતો કરતા લોકોને સાંભળીને તેના મનમાં સંશય ઉત્પન્ન થયો અને ભિક્ષા ગ્રહણ કરીને પાછા ફર્યા. પછી વિધિ પ્રમાણે ભોજન કરીને સમય પ્રાપ્ત થયો ત્યારે નગરીના લોકો આવ્યા. તે વખતે તેણે સ્વામીને પૂછ્યું કે-"હે ભગવન્! આ નગરીમાં માણસો ગોશાળાને જિન અને સર્વજ્ઞ કહે છે, તે શું ઘટિત (સત્ય) છે કે મિથ્યા છે?" ભગવાને કહ્યું કે-"હે દેવાનુપ્રિય! ગોશાળો મંખલીનો પુત્ર છે. તે જિન નહીં છતાં જિનનો પ્રલાપ કરે છે. (હુંજ જિન છું એમ બોલે છે) તે મારી પાસે જ પ્રવ્રજિત થયો હતો, મેં જ તેને શિક્ષા આપી હતી, છતાં તે મિથ્યાત્વને પામ્યો છે; તેથી તે સર્વજ્ઞ નથી અને જિન પણ નથી." આ પ્રમાણે સાંભળીને નગરીના લોકોએ પરમાર્થ જાણ્યો. તેઓ પાછા આવીને નગરીમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક અને ચત્વરમાં વિસ્મય સહિત પરસ્પર બોલવા લાગ્યા કે-"અહો જેમને દિવ્ય જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયા છે એવા ભગવાન મહાવીરસ્વામી આ પ્રમાણે કહે છે કે-"આ ગોશાળો મંખલીનો પુત્ર છે, તે જિન નહીં છતાં જિનનો પ્રલાપ કરે છે. હું જ જિન છું, એમ તે મિથ્યા પ્રલાપ કરે છે." આ વાતને કર્ણપરંપરાએ સાંભળીને અત્યંત કોપના વશથી તે ગોશાળાના ઓષ્ઠપુટ ફરકવા લાગ્યા, અને પોતાના આજીવિક સંઘથી પરિવરેલો તે ઇર્ષ્યાને વહન કરતો રહ્યો. હવે તેવા અવસરે ભગવાન મહાવીરસ્વામીના શિષ્ય **આણંદ** નામના સ્થવિર સાધુ નિરંતર છઠ્ઠનો તપ કરવામાં તત્પર હતા. તે પારણાને દિવસે પાત્ર ગ્રહણ કરીને ગોચરીને માટે નીકળ્યા. ઊંચ-નીચ ઘરોમાં ભિક્ષાને માટે ભમતા તે સાધુ તે હાલાહલા કુંભારણની દુકાન પાસેથી નીકળ્યા. તેને જોઇને ગોશાળે કહ્યું કે-"હે આણંદ! અહીં આવ. એક દૃષ્ટાંત સાંભળ." આ પ્રમાણે તેનું વચન સાંભળી આણંદ મુનિ તેની પાસે આવ્યા. તેને ગોશાળે કહ્યું કે-"હે આણંદ! આજથી ઘણો કાળ વ્યતીત થયો ત્યારે (ઘણા કાળ પહેલાં) ધનના અર્થી કેટલાક વાણિયા વિવિધ પ્રકારના ભાંડના સમૂહથી ભરેલી ગાડી-ગાડા તથા ઘણું ભાત-પાણીરૂપી ભાતું ગ્રહણ કરીને લોકોના સંચાર રહિત, ક્ષેત્રભૂમિની

જેમ[1] કરિસયવડે શોભિત, ભારતની કથાની જેમ ભીમ,[2] અર્જુન, નકુળ અને શકુનિવડે વ્યાપ્ત, ચિરકાળ સુધી નિશ્ચે કષ્ટવાળા અને મોટા મોટા વૃક્ષોથી સાંકડા થયેલા એક મોટા અરણ્યમાં પેઠા. ત્યાં કોઈક પ્રદેશમાં ગયેલા તેમનું પ્રથમ ગ્રહણ કરેલું પાણી હંમેશાં પીવાતું હોવાથી ક્ષીણ થઇ ગયું ત્યારે તે વાણીઆઓ પાણી ક્ષીણ થવાથી તૃષાથી પીડા પામતા એક ઠેકાણે ભેળા થઇને આ પ્રમાણે કહેવા લાગ્યાઃ—

"ભોજન વિના આ જીવ કેટલાક દિવસ દેહરૂપી ઘરમાં રહી શકે છે, પણ વાયુવડે જેમ દીવો બુઝાઈ જાય છે તેમ પાણી વિના જીવ બુઝાઈ જાય છે, તેથી હજી પણ કાળરાત્રિના જેવી તૃષા જીવને હરણ કરી લે, તેટલામાં (તે પહેલાં) બીજા સર્વ કાર્યના સમૂહને મૂકીને પાણીને જ જોઇએ." આ પ્રમાણે કહીને તેઓ સર્વ દિશાઓમાં જળને નિમિત્તે ભમવા લાગ્યા, પણ કોઇ પણ ઠેકાણે પાણીને નહીં જોવાથી એક વનખંડમાં પેઠા. ત્યાં કાંતિ રહિત મુખવાળા, દીન થયેલા, "કાળ પ્રાપ્ત થયા વિના જ હમણાં આપણે મરી જઇશું" એમ બોલતા અને તૃષાને લીધે સર્વ અંગે સૂકાઇ ગયેલા તેઓ એક ઠંડા (લીલા) વૃક્ષની છાયામાં નેત્રો મીંચીને જેટલામાં રહ્યા તેટલામાં એક જુવાન માણસ તેમની પાસે આવ્યો, અને તેણે કહ્યું કે—"તમે ખેદને મૂકી દ્યો, કેમકે મેં હમણાં એક વનખંડની મધ્યે ચાર મુખ(દ્વાર)વાળો એક મોટો રાફડો જોયો છે તેથી ચાલો આપણે ત્યાં જઈએ; અને શીઘ્રપણે તેનું પ્રથમ મુખ આપણે ભેદીએ. પછી સ્વચ્છ અને હિતકારક શ્રેષ્ઠ પાણી પીઓ." આ પ્રમાણે સાંભળીને સર્વ અંગે તૃષાને વશ થયેલા તે વાણિયા તત્કાળ ત્યાં ગયા, અને તેઓએ તેનું પહેલું મુખ ભેદ્યું. એટલે તરત જ વિના પ્રયાસે સ્ફટિકની જેવું ઉજ્જવળ અને શરદ ઋતુના ચંદ્રના કિરણોના સમૂહ જેવું નિર્મળ પાણી નીકળતું જોયું. ત્યારે તેઓ હર્ષિત થયા. ત્યારપછી વિશ્વસ્ત (આશા પામેલા) તે વાણીઆઓ ઇચ્છા પ્રમાણે હાથ—પગને ધોવા લાગ્યા, મુખને શુદ્ધ કરવા લાગ્યા અને પાન કરવા લાગ્યા. ત્યારપછી તેઓએ કળશીયા, મસકો અને ઘડા વિગેરે પાત્રો ભર્યાં. પ્રાપ્ત થયેલી દુર્લભ વસ્તુને માણસો કેમ ગ્રહણ ન કરે ? ત્યારપછી તેઓને ફરીથી વિચાર થયો કે—" અહો ! અહીં પાણી તો પ્રાપ્ત થયું.

---

૧ ક્ષેત્રની ભૂમિ કર્ષક—ખેડુતોવડે શોભિત હોય છે અને અરણ્ય સેંકડો હાથીવડે શોભિત હોય છે.

૨ ભારતની કથામાં ભીમ વિગેરેની વાત આવે છે અને અરણ્યમાં ભયંકર અર્જુન નામના વૃક્ષ, નોળીયા અને પક્ષીઓ હોય છે.

તેવી જ રીતે આનું બીજું મુખ ભાંગવાથી જરૂર સુવર્ણ પ્રાપ્ત થશે, તેથી ફરીને આ રાફડાનું બીજું મુખ શીઘ્રપણે ભાંગો." આ પ્રમાણે કહ્યું ત્યારે તેના પુરુષોએ 'બહુ સારું' એમ કહી સર્વ તે પ્રમાણે કર્યું. તે વખતે તેમાંથી સારા જાતિવંત સુવર્ણનો સમૂહ નીકળ્યો. તેને હર્ષવડે ઉલ્લસાયમાન શરીરવાળા વાણિયાઓએ ઈચ્છા પ્રમાણે ગ્રહણ કર્યો. પછી હર્ષ પામેલા તેઓ બોલ્યા કે-" આ રાફડાના મિષે કરીને બ્રહ્માએ અમારી જેવા પાંથોના હિતને માટે ચિંતામણિ રત્ન રાખ્યું છે એમ અમે માનીએ છીએ, તેથી હજુ પણ આ રાફડાનું ત્રીજું મુખ ભેદવું યોગ્ય છે; કેમકે તેમાં રત્નો અને મણિઓ સંભવે છે." આ અવસરે લોભથી નચાયેલા તે પુરુષોએ તે ત્રીજું મુખ પણ ભેદ્યું. એટલે તેમાંથી અનેક જાતિનાં રત્નો નીકળ્યાં. તે જોઈ અત્યંત હર્ષના ભારને વહન કરતા તેઓએ સુવર્ણનો ત્યાગ કરી તે મહાર્ઘ્ય રત્નોવડે ગાડાંઓ ભર્યાં. ત્યારપછી ઉત્તરોત્તર સારી વસ્તુનો લાભ થવાથી તેઓને ચોથું મુખ ભેદવાની ઈચ્છા થઈ. હવે જેટલામાં તે ચોથું મુખ ફોડયું નથી, તેટલામાં તેઓને સારી બુદ્ધિમાન અને હિતના અર્થી એક વૃદ્ધ પુરુષે આ પ્રમાણે કહ્યું કે-" હે દેવાનુપ્રિયો ! જળ, સુવર્ણ અને રત્નનો સમૂહ પામીને હવે આ રાફડાને મૂકી દ્યો, અને પોતપોતાને ઘેર જાઓ. આ ચોથા મુખને ન ભેદો, કેમકે કાર્યની ગતિ કુટિલ (વક્ર) હોય છે. વળી શાસ્ત્રમાં પણ વિનાશનું મૂળ લોભ કહ્યો છે. લોકમાં પણ આ વાત પ્રસિદ્ધ છે કે-" રાફડારૂપી ઘરમાં તીક્ષ્ણ દાઢવાળા અને અતિ તીવ્ર ગર્વવાળા સર્પો વસે છે." જો કદાચ કોઈ પણ પ્રકારે તમને આમાંથી મનવાંછિત જલાદિકનો લાભ થયો, તો પણ હવે આને તમારે ખોદવું યોગ્ય નથી; કેમકે બિલ બિલને વિષે (સર્વ બિલોમાં) શું ગોધા (ઘો) હોય છે ? વળી કદાચ અન્યાય જો ગુણને ઉત્પન્ન કરે તો પણ તે મહાપુરુષોને પ્રતાપ અને વૈભવ આપે નહીં. અને નીતિનો આરંભ કદાચ વિધિના વશથી ખોટી ઘટનાને પામ્યો હોય તો પણ તે પરિણામે ગુણકારક છે." આ પ્રમાણે તે વૃદ્ધના વચનની અવગણના કરીને લોભથી ચપળ થયેલા તે વાણીયા તે રાફડાના ચોથા મુખને પણ શીઘ્રપણે ખોદવા લાગ્યા. તેઓ ખોદતા હતા તેવામાં પ્રચંડ યમરાજના બાહુદંડ જેવો તેની અંદર વસતો નાગ મુખવડે અથડાયો-તેના મુખને શસ્ત્ર લાગ્યું. તે વખતે જાણે અકાળે સંધ્યા રચી હોય તેમ ક્રોધથી રક્ત થયેલા નેત્રની પ્રભાવડે દિશાના અંતને રાતા કરતો તે સર્પ રાફડામાંથી નીકળ્યો. તેની દેદીપ્યમાન ફણારૂપી પાટીયામાં ફરકતા રત્નની કાંતિનો સમૂહ ઉછળતો હતો, પુંછડાની છટાવડે ભૂમિપૃષ્ઠને તાડન કરવાથી આખું વનખંડ ગાજી ઉઠયું. તે સર્પ શીઘ્ર ત્યાંથી નીકળીને

શરૂડાના શિખરના અગ્રભાગ ઉપર ચડ્યો, અને ત્યારપછી વિકસ્વર પોતાની દૃષ્ટિવડે સૂર્યમંડળને જોવા લાગ્યો. ત્યારપછી એક ક્ષણમાત્ર નિમેષ રહિત દૃષ્ટિવડે સૂર્યની સન્મુખ જોઇને તે ઉગ્ર વિષવાળા મહાસર્પે તે વાણીયાઓની સન્મુખ જોયું. ત્યારપછી તીવ્ર અગ્નિથી વ્યાપ્ત તેની દૃષ્ટિવડે તેઓ સમગ્ર ભાંડોપકરણ સહિત એકી સાથે બળી ગયા, માત્ર તે એક જ સ્થવિરને પોતાના ભાંડ અને ગાડા સહિત પાસે રહેલી દેવીએ અનુકંપાવડે ઇચ્છિત સ્થાને પહોંચાડ્યો, તો હે આણંદ મુનિ! તે અતિમૂઢ વાણીયાઓ અતિલોભથી પરાભવ પામીને જેમ સર્પથી વિનાશ પામ્યા તે જ પ્રમાણે ઉત્તમ જ્ઞાતકુળમાં ઉત્પન્ન થયેલ અને ત્રણ ભુવનમાં 'શ્રમણ ભગવાન મહાવીર' એવી પ્રસિદ્ધિને પામેલા તારા ધર્માચાર્ય અસુર, સુર, નાગ, કિન્નર, મનુષ્ય અને રાજાઓવડે ચરણકમળની પૂજાને પામ્યો છે, છતાં આટલી બધી લક્ષ્મીવડે પણ સંતોષને પામતો નથી; માટે જો હવે પછી મારી સન્મુખ અભક્તિવાળાં વચનના લેશને પણ બોલશે તો હું તેને મારા તપના તેજવડે ભસ્મરાશિ કરી દઇશ. વળી જેમ તે વાણીયાઓને સર્વથા પ્રકારે નિષેધ કરતો તે સ્થવિર પુરુષ વિનાશ ન પામ્યો તેમ હે આણંદ! તને પણ હું વિનાશ નહીં પમાડું, તેથી તું તારા ધર્માચાર્ય પાસે જા, અને આ સર્વ વૃત્તાંત કહે; કેમકે બળવાનની સાથે વિરોધ કદાપિ સુખકારક નહીં થાય."

આ પ્રમાણે સાંભળીને તે આનંદ નામના મહર્ષિ, સ્વચ્છ હૃદયવાળા હોવાથી ભયના સંકલ્પને પામ્યા, તેથી ભિક્ષાનું કાર્ય સમાપ્ત (પૂર્ણ) કર્યા વિના જ તે સ્થાનથી શીઘ્ર ગતિએ કરીને જિનેશ્વર પાસે આવ્યા. ત્રણ વાર દક્ષિણ બાજુથી આરંભીને, દક્ષિણ બાજુએ ફરીને આવવારૂપ પ્રદક્ષિણાપૂર્વક વંદના કરીને ગોશાળકે કહેલું વણિકનું દૃષ્ટાંત, દૃષ્ટિવિષ સર્પે સર્વેને બાળી નાંખ્યા તે પર્યંત સર્વ કહી બતાવ્યું, અને પછી પૂછ્યું કે-"હે ભગવન્! શું ગોશાળો આવા પ્રકારનું કાર્ય કરવામાં સમર્થ છે કે નથી?" ભગવાને કહ્યું કે-"સમર્થ જ છે. માત્ર અરિહંત ભગવાનને તેવું કરવામાં અસમર્થ છે. તેને માત્ર પરિતાપ કરી શકે, તેથી તું જા અને ગૌતમાદિક સાધુઓને આ વૃત્તાંત કહે કે-મંખલીપુત્ર ગોશાલક અહીં મારી પાસે પ્રગટ થાય ત્યારે તેને કોઇએ ધર્મની પડિચોયણા(પ્રેરણા)વડે પણ પ્રેરવો નહીં, કેમકે તે મારાથી વિપરીતપણાને પામ્યો છે." આ પ્રમાણે ભગવાનના વચનને વિનયવડે અંગીકાર કરી આનંદ મુનિ ગૌતમાદિકની પાસે ગયા, અને તેમને તે સર્વ વૃત્તાંત તેણે કહ્યો. તેવામાં પોતાના પરાભવને ન સહન કરતો ગોશાળો જિનેશ્વરની

સમીપે આવ્યો. ભગવાનની સન્મુખ ઊભો રહીને આ પ્રમાણે કહેવા લાગ્યો કે–
"હે કાશ્યપગોત્રી ! તમે મારી સમક્ષ આ પ્રમાણે બોલો છો કે—આ મંખલીપુત્ર ગોશાળો મારો ધર્મનો શિષ્ય છે ઇત્યાદિ. તે તમારું વચન મિથ્યા–અસત્ય છે. તમારો શિષ્ય જે ગોશાળો હતો, તે સારા કુળનો થઇને મરણસમયે મરણ પામીને કોઈ એક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો છે. હું તો ઉદાયી નામનો મહામુનિ વિચિત્ર પ્રકારના તપકર્મને આચરવામાં અસમર્થ પોતાના શરીરનો ત્યાગ કરીને તે ગોશાળાનું આ શરીર કે જે સ્થિર, દૃઢ, ધારણ કરી શકાય તેવું, શીતને સહન કરનાર, ઉષ્ણને સહન કરનાર, ભૂખ–તરશને સહન કરનાર. વિવિધ પ્રકારના દંશ, મશક વિગેરે પરિષહો તથા ઉપસર્ગોને સહન કરનાર અને સ્થિર સંઘયણવાળું છે, એમ જાણીને તે દેહને વિષે પેઠો છું. તેથી હે કાશ્યપ! તમે જાણ્યા વિના જ મને ગોશાલક મંખલીપુત્ર એમ કહો છો તે બહુ સારું." આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે ભગવાન મહાવીરસ્વામીએ તેને કહ્યું કે–"હે ગોશાલક! જેમ કોઇ ચોર પુરુષની પાછળ વિવિધ પ્રકારના શસ્ત્રો હાથમાં ધારણ કરીને દંડપાશક (કોટવાળ) વિગેરે લોકોનો સમૂહ મારવા માટે દોડ્યો, તે વખતે પોતાને સંતાવા માટે કોઇ ઠેકાણે ખાડો, ગુફા, કિલ્લો કે ગાઢ વન નહીં પામવાથી પોતાની વચ્ચે રાખેલા એક ઊનના તાંતણાવડે, એક શણના તાંતણાવડે, એક રૂના પુંભડાવડે કે એક તૃણની સળીવડે પોતાના દેહને નહીં ઢાંક્યા છતાં પણ ઢાંક્યો છે એમ માનતો નિર્ભય અને ઉદ્વેગ રહિત થઇને રહે, તેવી જ રીતે હે ગોશાલક ! તું બીજો નહીં છતાં પોતાને બીજો કહે છે, તો તું આ પ્રમાણે જૂઠું ન બોલ. તારા શરીરની કાંતિ તે જ છે, બીજી નથી." આ પ્રમાણે ભગવાને કહ્યું ત્યારે તેનો પ્રચંડ કોપાગ્નિ જાજ્વલ્યમાન થયો, અને ઊંચા–નીચા વચનોવડે જગદ્‌ગુરુને આક્રોશ કરીને કહેવા લાગ્યો કે–"હે કાશ્યપ ! તું આજે નાશ પામ્યો છે, તું આજે ભ્રષ્ટ થયો છે, આજે જ તું નથી કે જેથી તું પર્વતની ગુફામાં સૂતેલા સિંહને ક્રીડાએ કરીને જગાડે છે." આ અવસરે ભગવાન શ્રી મહાવીરસ્વામીના શિષ્ય **સર્વાનુભૂતિ** નામના અનગાર ધર્માચાર્ય પરના અનુરાગને લીધે આ બનાવ સહન કરવાને સમર્થ નહીં હોવાથી ત્યાં આવીને આ પ્રમાણે કહેવા લાગ્યા કે–"હે ગોશાલક ! તથાપ્રકારના શ્રમણ ભગવાનની પાસે જે માણસ એક પણ ધાર્મિક વચનને સાંભળે તે પણ તેને વંદના કરે, નમસ્કાર કરે અને ગુરુપણાની બુદ્ધિથી તેની સેવા કરે છે; તો તારે માટે તો શું કહેવું ? કે જે તને મૂળથી જ (પ્રથમથી જ) ભગવાને પ્રવ્રજ્યા આપી છે, શિક્ષા આપી

છે, અને તને બહુશ્રુત પણ કર્યો છે, તે જ ભગવાનના વિપરીતપણાને પામેલા તને શું લજ્જા આવતી નથી ? તેથી તું આ પ્રમાણે ન કર. હજુ પણ તે જ તું છે. તારા શરીરની કાંતિ તે જ છે. કેમ તું તારા આત્માને ઓળવે છે ?" આ પ્રમાણે કહ્યું ત્યારે તે સર્વાનુભૂતિ મુનિને ઉછળતા કોપાગ્નિવાળા ગોશાળે તે દિવ્ય, પ્રગટ તેજોલેશ્યા નાંખીને તત્કાળ બાળી દીધા. તે તેજોલેશ્યાથી બળેલા તે મુનિ શુભ અધ્યવસાયમાં રહેલા હતા એટલે મરીને સહસ્રાર દેવલોકમાં અઢાર સાગરોપમના આયુષ્યવાળા દેવ થયા. ગોશાળો પણ ફરીથી ભગવાનને અનેક પ્રકારના દુર્વચનોવડે કહેવા લાગ્યો. તે વખતે **સુનક્ષત્ર** નામના સાધુ તથાપ્રકારે આક્રોશ કરાતા ભગવાનને સાંભળીને, પોતાના જીવિતને તૃણ સમાન ગણીને તત્કાળ ત્યાં આવીને ગોશાળકને જેમ સર્વાનુભૂતિએ કહ્યું હતું તેમ કહ્યું. વિશેષ એ કે–ગોશાલકે નાંખેલી તેજોલેશ્યાથી બળતા તે મુનિએ ભગવાનને ત્રણ વાર વાંદીને પોતે જ પાંચ મહાવ્રતોનો ઉચ્ચાર કર્યો, સાધુ–સાધ્વીઓને ખમાવ્યા, આલોચના તથા પ્રતિક્રમણ કરી, કાળધર્મ પામીને અચ્યુત દેવલોકમાં બાવીશ સાગરોપમના આયુષ્યવાળા દેવોની મધ્યે દેવપણે ઉત્પન્ન થયા. આ પ્રમાણે તે મુનિ મરણ પામ્યા ત્યારે ગોશાળો દુઃખે કરીને નિગ્રહ (વશ) કરી શકાય તેવા વેતાળની જેમ અવકાશ પામીને વિશેષે કરીને કઠોર વાણીવડે તર્જના કરવા લાગ્યો, ત્યારે તેને કારણ સહિત ભગવાને કહ્યું–"હે મહાનુભાવ ! ગોશાળા ! તારું ચરિત્ર સત્પુરુષોના માર્ગને ઉલ્લંઘન કરનારું છે. કેમકે મેં જ તને પ્રવ્રજ્યા આપી, મેં જ શિક્ષા આપી અને મેં જ બહુશ્રુતવાળો કર્યો, તો મારો જ અવર્ણવાદ કરનારો તું થયો." આ પ્રમાણે જગદ્‌ગુરુએ પોતે જ કહ્યું ત્યારે તેણે ન ધારી શકાય એવા (અત્યંત) ક્રોધના આવેશથી સાત આઠ પગલાં પાછા ખસીને મોટા વેગવડે ભગવાનની સન્મુખ તેજોલેશ્યા મૂકી.

તે વખતે મેરુપર્વતની જેવા કઠણ જિનેશ્વરના શરીરને આક્રમણ કરવા વાયુમંડળની જેમ અસમર્થ તેજોલેશ્યાનું માહાત્મ્ય હણાઇ ગયું, સમગ્ર દિશાઓના મુખમાં પ્રસરતા પ્રચંડ તેજનો ગોળાકાર પરિધિ રચાયો, તેથી તે લેશ્યા સાક્ષાત્ આરતિના દીવાની શ્રેણીની જેવી શોભવા લાગી. જાતિવંત સુવર્ણના સમૂહ જેવા દેદીપ્યમાન ભગવાનના શરીરની કાંતિના સમૂહવડે તેની શોભા હણાઇ જવાથી જાણે તે ભય પામી હોય તેમ તત્કાળ સ્વામીની પ્રદક્ષિણા કરવા લાગી. તેના સ્પર્શના વશથી અમૃત જેવા શીતળ શરીરવાળા પણ જગતબંધુના સર્વ ગાત્રોમાં કાંઇક પરિતાપ થયો.

ત્યારપછી—" અહો ! આ મહાપાપીએ (ગોશાળાએ) મારી પાસે આવું અકાર્ય કરાવ્યું." એમ સમજીને જાણે તીવ્ર કોપવાળી થઇ હોય તેમ તે તેજોલેશ્યા ઊંચે ઊડીને ગોશાળાના શરીરને બાળતી તેની અંદર શીઘ્રપણે પેસી ગઇ. ત્યારપછી કાપુરુષ( દુષ્ટ પુરુષ )ની જેવો ગોશાળો પોતાના સમર્થ તેજવડે હણાયા છતાં પણ ધૃષ્ટતા (ધૈર્ય) ધારણ કરીને આ પ્રમાણે બોલવા લાગ્યો કે–" અહો કાશ્યપ ! તું આ મારા તેજથી હણાયો છે તેથી છ માસની અંદર પિત્તજ્વરવડે શરીર વ્યાપ્ત થવાથી દાહની વેદનાવડે આયુષ્યનો ઉપક્રમ થઇને છદ્મસ્થપણે કાળધર્મને પામીશ."

ત્યારે ભગવાને તેને કહ્યું કે–" હે મંખલીપુત્ર ! નિશ્ચે હું તારા તેજથી હણાઇને છ માસની અંદર કાળ નહીં કરું, પરંતુ હજુ બીજાં સોળ વર્ષ પરિપૂર્ણ (કેવળ) જ્ઞાન–દર્શનને ધારણ કરતો વિચરીશ. પછી સર્વ કર્મોના અંશોનો ક્ષય કરીને મોક્ષપદ પામીશ, પરંતુ તું પોતાના તેજવડે બળેલા શરીરવાળો સાત રાતદિવસમાંજ પિત્તમહાજ્વરરૂપી અગ્નિવડે પ્રદીપ્ત ગાત્રવાળો છદ્મસ્થ અવસ્થાએ જ કાળધર્મ પામીશ."

ત્યારપછી સમગ્ર નગરમાં મુગ્ધજનો પરસ્પર બોલવા લાગ્યા કે–" અહીં બે જિનેશ્વરોનો પરસ્પર વિવાદ વર્તે છે. તેમાં એક જણ બીજાને કહે છે કે–તું પ્રથમ કાળધર્મને પામીશ ત્યારે બીજો પણ તેની સન્મુખ તેજ વચન બોલે છે. આનો પરમાર્થ સમજાતો નથી કે–કોણ અસત્ય બોલે છે અને કોણ સત્ય બોલે છે ? " પરંતુ કુશળ પુરુષો તો એમ બોલતા હતા કે–" વીર ભગવાન સત્ય બોલે છે. બીજો સત્ય બોલતો નથી."

ત્યારપછી જગદ્ગુરુએ પોતાના સાધુ સમુદાયને બોલાવીને કહ્યું કે–" હે સાધુઓ ! જેમ તૃણનો ઢગલો, ફોતરાનો ઢગલો, પાંદડાંનો ઢગલો કે ભુસનો ઢગલો અગ્નિની જ્વાળાથી બળીને તેજ રહિત થઈ જાય છે, તેમ ગોશાળો મારા વધને માટે તેજોલેશ્યા મૂકીને પછી તેજોલેશ્યાના માહાત્મ્ય વિનાનો થયો છે, તેથી ઇચ્છા પ્રમાણે નિર્ભય થઇને તમે ધર્મની પ્રેરણાવડે પ્રેરણા કરો. હેતુ, ઉદાહરણ અને કારણે કરીને તેને પ્રશ્નોત્તર રહિત કરો." આ પ્રમાણે ભગવાને કહ્યું ત્યારે ' બહુ સારું ' એમ તેમનું વચન અંગીકાર કરી, વિનય સહિત વંદના કરી તે સાધુઓ તેને કહેવા લાગ્યા કેઃ–

" હે ગોશાળા ! શું તારા દર્શનમાં આ શાસ્ત્રનો પરમાર્થ છે કે જેથી લોકમાર્ગથી ભ્રષ્ટ થયેલા આવા કર્મને તું આચરે છે ? હે મર્યાદાના ત્યાગ કરનાર !

તું ધર્મગુરુની અવજ્ઞા કરે છે, પોતાના (તારા) માહાત્મ્યને બહુ વિસ્તારે છે, અને જે યુક્તિથી પણ ઘટતું નથી તેવું વચન બોલે છે. તું લોકોની મધ્યે વાણીવડે કરીને જીવરક્ષા( અહિંસા ધર્મ )ને પ્રગટ કરે છે, પણ ઉત્તમ ધર્મ અને ગુણવાળા સાધુઓને તું પોતે જ બાળે છે. આવા પ્રકારનું અકાર્ય તો ભિલ્લ લોકો પણ કદાપિ કરતા નથી, અને તેં તો સર્વ અસત્યજ આચરણ કર્યું. [1]**વેસીયાયણ** નામના ઋષિએ તેજોલેશ્યા મૂકીને તારું અંગ બાળવા માંડ્યું હતું તે વખતે જગદ્ગુરુએ તારું રક્ષણ કર્યું હતું, તે ઉપકારને પણ તું સંભારતો નથી ?"

આ પ્રમાણે ભગવાનના સાધુઓએ ધર્મ સંબંધી પ્રેરણાવડે ગોશાળાને પ્રેરણા કરી ત્યારે તે તત્કાળ રોષવાળો થયો, અને ક્રોધે કરીને ધમધમતો તે જ્યારે સાધુઓના શરીરના રૂંવાડા માત્રને પણ બાળવાને સમર્થ થયો નહીં ત્યારે તેને નાશ પામેલા સામર્થ્યવાળો જાણીને કેટલાએક આજીવિક મતના સ્થવિર સાધુઓએ જગદ્ગુરુને ગુરુપણે અંગીકાર કર્યા. બીજા કેટલાક વિવેક વિનાના ત્યાં જ રહ્યા. ગોશાળો પણ ક્ષણમાત્ર નિર્ગમન કરીને (ત્યાં રહીને) રોષવડે અને માનવડે દીર્ઘ અને ઉષ્ણ નિઃશ્વાસ નાખતો, દાઢીના કેશનું લુંચન કરતો, હાથને કંપાવતો, પગવડે ભૂમિને કુટતો તથા શરીરમાં પ્રસરતા દુઃસહ તેજોલેશ્યાના દાહના વશે કરીને 'હા ! હા ! હું હણાઇ ગયો ' એમ વારંવાર બોલતો, કાર્ય કર્યા વિના જ ભગવાનની સમીપથી નીકળીને પોતાને સ્થાને ગયો. પછી જગદ્ગુરુએ કહ્યું કે-" હે સાધુઓ ! આ ગોશાળાએ મારા વધને માટે જે તેજ કાઢ્યું હતું, તે તેજ અંગ, વંગ, મગધ, મલય, માલવ, અચ્છ, વચ્છ, કોચ્છ, પાટ, લાટ, વજ્જિ, માસી, કાશી, કોશલ, અવાહ અને સુભુત્તર નામના સોળ દેશોને ઉખેડી નાંખવામાં અને તેને ભસ્મરાશિ કરવામાં સમર્થ હતું." આ પ્રમાણે ભગવાનના કહેવાથી સર્વ સાધુઓ હૃદયમાં વિસ્મય પામ્યા.

હવે તે ગોશાળો જેના કોટરમાં અગ્નિ નાંખેલો હોય એવા વૃક્ષની જેમ બળતો, કોઇ પણ ઠેકાણે પ્રીતિને નહીં પામતો, તે દાહની શાંતિને માટે હાથમાં રાખેલા પાત્રવડે મદિરાપાન કરતો, તે મદિરાના વશથી ઉત્પન્ન થયેલા મદ( કેફ )વડે વારંવાર ગાયન કરતો, વારંવાર નૃત્ય કરતો, વારંવાર હાલાહલા નામની કુંભારણને બે હાથ જોડવાપૂર્વક પ્રણામ કરતો અને વાસણ બનાવવા માટે કુટેલી માટીની પાસે ધારણ કરેલા (મૂકેલા) ઠંડા

[1] વૈશંપાયન.

ઘણા પાણીવડે શરીરને સીંચતો, ક્ષણે ક્ષણે જેમ તેમ અપશબ્દોને બોલતો તથા મોટા શોકને વહન કરતા અને શિશિર ઉપચારને કરતા શિષ્યવર્ગવડે પરિવરેલો તે દિવસોને નિર્ગમન કરવા લાગ્યો.

હવે તે શ્રાવસ્તિ નગરીમાં **અયંપુલ** નામનો આજીવિક મતનો ઉપાસક શ્રાવક વસતો હતો. તે મધ્ય રાત્રિને સમયે ધર્મજાગરિકાવડે જાગતો સંશય થવાથી વિચાર કરવા લાગ્યો કે–" હું આ સમ્યક્ પ્રકારે નથી જાણતો કે–તૃણગોવાલિકા જાતિનો જીવ કેવા સંસ્થાનવાળો છે? આ સંશય પૂછવા માટે ધર્માચાર્ય, ધર્મોપદેશક, દિવ્ય જ્ઞાન–દર્શનને ધારણ કરનારા, સર્વજ્ઞ અને હાલાહલા નામની કુંભારણની દુકાનમાં રહેલા ગોશાળકની પાસે જાઉં, અને પૂછું." એમ વિચારીને સૂર્યોદય થયો ત્યારે થોડા અને મોટા મૂલ્યવાળા અલંકારોવડે શરીરને વિભૂષિત કરી, પોતાના ઘરથી પગે ચાલતો કેટલાક પુરુષોને સાથે લઈ ગોશાળાની સન્મુખ જવા નીકળ્યો. અને અનુક્રમે તે કુંભારણની દુકાન સમીપે આવ્યો. ત્યાં તે ગોશાળો હાથમાં રહેલા પાત્રવડે વારંવાર મદિરાપાન કરતો, નૃત્ય કરતો, ગાયન ગાતો, હાલાહલા કુંભારણને બે હાથ જોડીને પ્રણામ કરતો, માટીના જળવડે શરીરને સીંચતો અને અસંબંદ્ધ વચનને બોલતો રહેલો હતો. તેને જોઈને લજ્જાના વશથી તેનાં નેત્રો મીંચાઈ ગયાં, અને તત્કાળ ધીમે ધીમે પાછો વળ્યો. તેટલામાં પાસે રહેલા ગોશાળાના શિષ્યોએ તેને તરત જ જોયો, તેથી તેને બોલાવીને કહ્યું કે–" હે અયંપુલ ! તમે પાછલી રાત્રીએ તૃણગોવાલિયાના સંસ્થાન વિષેનો સંશય કર્યો હતો." ત્યારે અયંપુલે કહ્યું કે–"હે પૂજ્ય ! હા, એમ જ છે." ફરીથી તેઓએ ગોશાળાની આ દુષ્ટ ચેષ્ટાને ગુપ્ત કરવા માટે કહ્યું કે–"હે અયંપુલ ! આ તમારા ગુરુ હાથમાં પાત્ર રાખીને યાવત્ હાથ જોડતા જે રહ્યા છે, તે આ ભગવાન નિર્વાણગમનને સૂચવનારા આ છેવટના ચિહ્નોને જણાવે છે. તે આ પ્રમાણેઃ—

છેલ્લું ગાયન, છેલ્લું નૃત્ય, છેલ્લું અંજલિકર્મ, છેલ્લું પાન, અન્ન અને માટીના શીતળ જળવડે શરીરને લીંપવું વિગેરે વ્યાપાર છે, તે હે અયંપુલ ! આ ચોવીશમા તીર્થંકર ગોશાલક ભગવાનનો પૂર્વે કહેલા ચિહ્નોવડે સૂચવન કરેલો મોક્ષગમનનો અવસર વર્તે છે, તેથી તમે તેમની પાસે જાઓ, તે જ તમારા ધર્માચાર્ય તમારા સંશયનો ઉત્તર આપશે." આ પ્રમાણે સાંભળીને તે અયંપુલના શરીરમાં મોટા હર્ષવડે રોમાંચનો સમૂહ ઉત્પન્ન થયો. એટલે તે તેમની તરફ જવા લાગ્યો. તે વખતે આજીવિકના મતના સ્થવિર સાધુઓએ

શીઘ્રપણે પહેલાં જઈને તે ગોશાળાને તે અયંપુલના આગમનની વાત કરી, અને તે મદિરાના પાત્રાદિક એકાંતે દૂર નંખાવી દીધાં તથા આસન ઉપર બેસાડ્યો. તેટલામાં તે અયંપુલ આવ્યો, અને ત્રણ વાર પ્રદક્ષિણા કરીને મોટા વિનયવડે ગોશાલકને વાંદીને યોગ્ય આસને બેઠો.

ત્યારે ગોશાલકે કહ્યું–"હે અયંપુલ ! તને પાછલી રાત્રિએ આ પ્રમાણે સંશય થયો હતો કે–તૃણગોવાલિયા કયા સંસ્થાનવાળા છે ? તો નિશ્ચે તેનું સ્થાન વંશીના મૂળ જેવું કહ્યું છે" આ પ્રમાણે સાંભળીને હૃદયમાં હર્ષ પામેલો તે ફરીથી તેમને વાંદી પોતાને સ્થાને ગયો. હવે બીજે દિવસે ગોશાળાને કાંઇક ચેતના પ્રાપ્ત થઇ ત્યારે તેણે પોતાનો મરણસમય પાસે આવેલો જાણી, પોતાના શિષ્યોને બોલાવ્યા અને તેમની પાસે આ પ્રમાણે કહ્યું કે–"હે દેવાનુપિયો ! મને કાળધર્મ પામેલો જાણીને તમે મારા શરીરને સુગંધી ગંધોદકવડે સ્નાન કરાવી, રસવાળા ચંદનવડે પૂજા કરીને મોટા મૂલ્યવાળું હંસની જેવું કોમળ ઉજ્જવલ વસ્ત્ર પહેરાવજો. ત્યારપછી સર્વ અલંકારોવડે ભૂષિત કરી, હજાર પુરુષો ઉપાડે તેવી શિબિકામાં સ્થાપન કરી નીહરણનો ઉત્સવ કરજો. તે વખતે શ્રાવસ્તિ નગરીમાં શૃંગાટક, ત્રિક, ચતુષ્ક અને ચત્વરમાં આ પ્રમાણે આઘોષણા કરજો કે–આ અવસર્પિણીમાં ચોવીશ તીર્થંકરોમાં આ છેલ્લા ગોશાલક નામના જિનેશ્વર તીર્થંકરપણું પાળી કેવળજ્ઞાન પામી હમણાં મોક્ષે ગયા." આ પ્રમાણે તેનું વચન સાંભળીને તે શિષ્યોએ વિનયવડે તે વચન અંગીકાર કર્યું. હવે સાતમો દિવસ આવ્યો ત્યારે ગોશાળાને શુદ્ધ બુદ્ધિ ઉત્પન્ન થઈ, અને પૂર્વના દુષ્ટ ચરિત્રોનો સમૂહ સ્મરણમાં આવવાથી તેને ઘણો પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેથી તે વિચાર કરવા લાગ્યો કે—

"અહો ! ખેદની વાત છે કે–હું મહાપાપી છું. ખરેખર હું જિન નહીં છતાં પણ મારા આત્માને હું જિન કહું છું, મુગ્ધલોકોની પાસે હું મૃષાવચન બોલું છું, શ્રીવર્ધમાનસ્વામી તીર્થંકર મારા ગુરુ અને પરમ ધર્મોપદેશક છે, તેના પર મેં ભયંકર તેજોલેશ્યા મૂકીને તેમની આશાતના કરી, તથા દુઃખે કરીને પાળી શકાય એવા સંયમના ભારને ધારણ કરવામાં સમર્થ મુનિવરોને બાળી નાંખવાથી હણાયેલી આશાવાળા મેં એમ ને એમ જ મારી બોધિને પણ બાળી નાંખી. આ પૃથ્વી પર સ્વેચ્છાએ ઉન્માર્ગમાં પ્રવર્તતા મેં મારો આત્મા જ માત્ર ભવસમુદ્રમાં નાંખ્યો એમ નથી, પણ ઘણા લોકોને પણ ભવસમુદ્રમાં નાંખ્યા. અથવા તો સમગ્ર ત્રણ ભુવનમાં પણ

એવું કોઇ પાપસ્થાનક નથી કે જે પાપ થોડા દિવસને માટે થઇને અનાર્ય એવા મેં ન કર્યું હોય. એ જ આશ્ચર્ય છે કે–પાપના ભારથી ભારે થયેલા આ દુષ્ટ શરીરવડે હજુ સુધી હું યમરાજના મુખ જેવા ભયંકર નાશને પામ્યો નથી. મુગ્ધ એવા મેં ચિરકાળ જીવવાની ઇચ્છાથી તાલપુટ વિષ ખાધું, કે જેથી ભવિષ્ય કાલમાં પ્રાપ્ત થતા અશુભને નહીં ધારીને જ મેં આવું આચરણ કર્યું." આ પ્રમાણે વૈરાગ્ય પામેલો ગોશાળો તે પોતાના પૂર્વ દુરાચારના સમૂહવડે જેવો તાપ પામ્યો તેવો પોતાની તેજોલેશ્યાથી તાપ પામ્યો નહીં.

આ પ્રમાણે ચિરકાળ સુધી ઝુરીને તે પોતાના શિષ્યગણને બોલાવી ઊંચા-નીચા સોગનવડે બંધવીને આ પ્રમાણે કહેવા લાગ્યો કે–"હે મહાનુભાવો ! હું ખરેખર સર્વજ્ઞ અને સર્વદર્શી જિનેશ્વર નથી, પરંતુ મંખલીપુત્ર ગોશાળો છું. ભગવાન વર્ધમાનસ્વામી તીર્થંકરનો શિષ્ય થઇને પણ તેનો જ પ્રત્યનીક (શત્રુ) થઇ મેં સાધુઓનો ઘાત કર્યો, અને મારા પોતાના જ તેજથી હણાઇને છદ્મસ્થપણે જ વિનાશ પામવાનો કામી કેવળ દંભથી જ "જીવ મરીને તે જ શરીરમાં ઉત્પન્ન[1] થાય છે" વિગેરે અન્યાયમાં પ્રવર્તન કરી આટલા કાળ સુધી મારા આત્માને તથા બીજાઓને પણ ભમાવી રહ્યો છું. તેથી આવા પ્રકારના મહાપાપને કરનારા મને મરેલો જાણીને તમે મારા ડાબા પગે દોરડું બાંધી, આ શ્રાવસ્તિ નગરીમાં સીંઘાટક વિગેરે સર્વ માર્ગોમાં મારા શરીને ઘસડીને, ત્રણ વાર મારા મુખમાં થુંકીને–"તે આ ગોશાળો મંખલીપુત્ર જિન નહિં છતાં ગુરુનો પ્રત્યનીક થઇ, સાધુઓનો ઘાત કરી સમગ્ર દોષોને કરનાર થયો છે. અને ભગવાન તો મહાવીર સ્વામી જિનેશ્વર, તીર્થંકર, દિવ્ય( કેવળ )જ્ઞાન-દર્શનને ધારણ કરનારા, સત્યવાદી, દયાળુ અને ધર્મોપદેશક છે." આ પ્રમાણે મોટા શબ્દવડે ઉદ્‌ઘોષણા કરતા તમે મારા શરીરનું નીહરણ કરજો." એમ કહીને દારુણ વેદનાથી હણાયેલા શરીરવાળો તે ગોશાળો મરણ પામ્યો. તેને મરણ પામ્યો જાણીને તે આજીવિક મતના સ્થવિર સાધુઓએ, પોતાના ગુરુનાં પક્ષપાતને કરનારા હોવાથી, તે કુંભારની શાળાના સર્વ દ્વારો બંધ કરી, તેની મધ્યે શ્રાવસ્તિ નગરી આળેખી, પછી સોગનથી મુક્ત થવા માટે ગોશાળાના ડાબા પગે દોરડું બાંધવું વિગેરેથી લઇને આઘોષણા પર્યંત સર્વ કર્યું. પછી તે શરીરને સુગંધી જળવડે સ્નાન કરાવી, તેના પક્ષમાં રહેલા લોકોને સ્થિર કરવા માટે મોટા પૂજા

૧ આવો ગોશાળાનો મત છે.

સત્કારના સમુદાયે કરીને શિબિકામાં આરોપણ કરી નીહરણ કર્યું અને મરણકાર્ય કર્યું.

ત્યારપછી ભગવાન મહાવીરસ્વામી શ્રાવસ્તિ નગરીમાંથી નીકળી વિહારના ક્રમે **મેંઢકગ્રામ** નામના નગરમાં ગયા. ત્યાં **મણિકોષ્ઠક** નામના ચૈત્ય (ઉદ્યાન)માં સમવસર્યા. ધર્મ સાંભળવા માટે પર્ષદા ત્યાં આવી. ક્ષણ માત્ર ભગવાનની સેવા કરીને તે પર્ષદા જેમ આવી હતી તેમ પાછી ગઇ. હવે ભગવાન મહાવીરસ્વામીને તે તેજોલેશ્યાના તાપના વશે કરીને પિત્તજ્વર ઉત્પન્ન થયો. તેના વશથી શરીરમાં લોહીનો [1]અતિસાર (ઠલ્લો) પ્રગટ થયો, તેથી સૂર્યના કિરણોવડે વિકસ્વર થયેલા સુવર્ણકમળની જેવી કાંતિવાળું તેમનું મુખકમળ પણ કરમાઇ ગયેલા લાવણ્યવાળું થયું, શરદઋતુના પૂર્ણ-ચંદ્રના જેવી ઉજ્જવળ દેહની કાંતિ પણ નિસ્તેજ થઇ ગઈ, વિકસ્વર પોયણાની પાંખડી જેવી લાંબા નેત્રો પણ બીડાઇ ગયાં, અને મોટા નગરના દરવાજાની ભોગળ જેવા લાંબા બાહુદંડનું યુગલ પણ કૃશપણાને પામ્યું. આવા પ્રકારની ભગવાનના શરીરની શોભા જોઇને મુગ્ધ જનો કહેવા લાગ્યા કે—" અહો! ભગવાન મહાવીરસ્વામીનું શરીર ગોશાળાના તપનાં તેજથી ઉત્પન્ન થયેલા પિત્તજ્વરથી વ્યાપ્ત થયું છે, તેથી તે છ માસની અંદર પરલોકમાં જશે." લોકોની પરંપરાએ આવો જનપ્રવાદ સાંભળીને સિંહ નામના ભગવાનના શિષ્ય ગુરુ પરના પ્રેમના અનુરાગને લીધે એકાંતમાં જઇને, અત્યંત મોટા શોકના ભારથી કંઠવિવર રુંધાઇ ગયેલું હોવાથી ડસકા ખાઇખાઇને રોવા લાગ્યા. આ બાબત કેવળજ્ઞાનવડે જાણીને ભગવાને તેને પોતાની પાસે બોલાવીને કહ્યું કે—

"હે સિંહ! લોકપ્રવાદ સાંભળીને તું ચિત્તમાં સંતાપ શા માટે કરે છે? કોઈ પણ વખત તીર્થંકરો આપદાએ કરીને વ્યુત્ક્રમણ કરતા નથી એટલે કે વિપરીતપણાને પામતા નથી. જો કદાચ પામતા હોય તો તે વખતે (પહેલાં છદ્મસ્થ અવસ્થામાં) સંગમક દેવે મૂકેલા ચક્રવડે અને કટપૂતના વિગેરેએ ઉત્પન્ન કરેલા તીક્ષ્ણ દુઃખોવડે મારું મરણ થયું હોત. વળી મને જે આ શરીરને કૃશપણું કરનાર રુધિરનો અતિસારાદિક વિકાર થયો છે તે પણ [2]નિરુપક્રમપણાને લીધે દોષને કરનાર નથી." તે સાંભળી સિંહ સાધુએ કહ્યું કે—"જો કે આપ કહો છો તેમજ છે, તો પણ હે જગતનાથ! આપની આ આપદાને લીધે સુર અસુર સહિત સમગ્ર ભુવન તાપ પામે છે, તથા સ્વાધ્યાય, ધ્યાન, દાન વિગેરે ધર્મના વ્યાપારને શિથિલ કરી ચતુર્વિધ સંઘ

૧ લોહીખંડ મરડાનો વ્યાધિ. ૨ નિરુપક્રમ એટલે આઘાત ન લાગે તે.

પણ કોઈ પણ રીતે સુખ પામતો નથી; તેથી કરીને હે જગતબાંધવ ! જે ઔષધવડે આપનું શરીર રોગ રહિત થાય, તે ઔષધ અમારી જેવાના હૃદયદાહને શમાવવા માટે બતાવો.”

આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે તેની અનુકંપાને માટે ભગવાને કહ્યું કે-“જો એમ છે તો આ જ મેંઢકગ્રામ નગરમાં રેવતિ નામની ગાથાપતિનીની પાસે તું જા. તેણીએ મારે માટે જે પહેલાં ઔષધ તૈયાર કરી રાખ્યું છે તેનો ત્યાગ કરીને બીજું ઔષધ તેણીએ પોતાને માટે બનાવ્યું છે, તેને તું લાવ.” આ પ્રમાણે સાંભળીને સિંહ સાધુનું શરીર હર્ષના વશથી ઉત્પન્ન થયેલા રોમાંચના સમૂહે કરીને વ્યાપ્ત થયું. પછી તેણે ઊભા થઈ ભગવાનને વંદન કર્યું, નમસ્કાર કર્યા. ત્યારપછી પાત્ર ગ્રહણ કરીને રેવતિ નામની ગાથાપતિનીને ઘેર ગયા. તે રેવતિ પણ ઈર્યાસિમિતિ વિગેરે ચારિત્ર ગુણે કરીને સહિત જાણે પ્રત્યક્ષ સાધુધર્મ જ હોય તેવા તે સાધુને પોતાના ઘરમાં પ્રવેશ કરતા જોઈને શીઘ્રપણે આસન પરથી ઊભી થઈ, સાત આઠ પગલાં તેની સન્મુખ ગઈ, અને વિનય સહિત વંદના કરીને આ પ્રમાણે બોલી કે—“હે પૂજ્ય ! આજ્ઞા આપો. આવવાનું પ્રયોજન શું છે?” સિંહ સાધુએ કહ્યું કે—“જે તમે શ્રી વર્ધમાનસ્વામીને ઉદ્દેશીને ઔષધ કર્યું છે તે મૂકીને જે તમારે માટે કર્યું છે તે ઔષધ આપો.” ત્યારે તે બોલી કે-“હે ભગવન ! એવા પ્રકારના દિવ્ય જ્ઞાની કોણ છે કે જે મેં ગુપ્ત રીતે કરેલા આવા પ્રકારના વૃત્તાંતને જાણે છે ?” મુનિએ કહ્યું કે—“સમગ્ર ભાવ અને અભાવને પ્રગટ કરવામાં સમર્થ એવા કેવળજ્ઞાનના સ્થાનરૂપ ભગવાન વીર જિનેશ્વરને મૂકીને બીજા કોણ આવા પ્રકારનું કહેવાને સમર્થ હોય ?” આ પ્રમાણે સાંભળીને હર્ષિત હૃદયવાળી તેણીએ આદર સહિત તે ઔષધ મુનિના પાત્રમાં નાખ્યું. તે વખતે તેણીએ શુદ્ધ ભાવથી તે ઔષધ આપવાવડે દેવના આયુષ્યનું કર્મ બાંધ્યું. દેવોએ પણ તેણીના ઘરમાં સુવર્ણરાશિની વૃષ્ટિ કરી, અને ‘અહો ! મહાદાન, મહાદાન’ એમ ઉદ્ઘોષણા કરી. સિંહ સાધુએ પણ તે ઔષધ લઈ ભગવાનને આપ્યું. ભગવાને તે ખાધું. પછી તે ઔષધ ખાવાથી પિત્તજ્વરથી ઉત્પન્ન થયેલો વિકાર નાશ પામવાથી ભગવાનનું શરીર અમૃતથી પૂર્ણ થયું હોય તેમ અત્યંત તેજસ્વી જાતિવંત સુવર્ણના જેવી કાંતિવાળા વીર ભગવાન શોભવા લાગ્યા. હવે વર્ધમાન જિનેશ્વરનો રોગ નાશ પામવાથી સર્વ સંઘ હર્ષથી વિકસ્વર નેત્રવાળો થયો, તથા વૃદ્ધિ પામ્યો છે આનંદનો સમૂહ

જેનો એવા સુર ને અસુરના સમૂહો પોતાની સ્ત્રીઓ ( દેવીઓ ) સહિત નૃત્ય કરવા લાગ્યા.

હવે **ગૌતમસ્વામી** ગણધરે પણ મહાવીરસ્વામીને નમીને પૂછ્યું કે–"હે ભગવન ! આપનો કુશિષ્ય ગોશાળો કાળ કરીને ( મરીને ) કયાં ઉત્પન્ન થયો ?" ભગવાને કહ્યું–" અચ્યુત દેવલોકમાં બાવીશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો છે." ગૌતમે કહ્યું–"હે ભગવન ! તથાપ્રકારના મોટાં પાપ કર્યાં છતાં પણ તેને આવા પ્રકારની દિવ્ય દેવઋદ્ધિનો લાભ કેમ થયો ?" ત્યારે સ્વામીએ તેને મરણસમયે ઉત્પન્ન થયેલો અત્યંત પશ્ચાત્તાપ વિગેરે સંબંધી સર્વ વૃત્તાંત કહ્યો. ત્યારે ફરીથી ગૌતમસ્વામીએ કહ્યું કે–"હે ભગવન ! આયુષ્યનો ક્ષય થશે ત્યારે તે સ્થાનથી ચ્યવીને કયાં ઉત્પન્ન થશે ? અથવા કયારે સિદ્ધિપદને પામશે ?" ભગવાને કહ્યું–"હે ગૌતમ ! સાંભળ. અહિં જ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં વિંધ્યગિરિની તળેટીએ **પુંડ્ર** નામના દેશમાં **સુમતિ** નામના રાજાની **ભદ્રા** નામની રાણીના ગર્ભમાં તે ગોશાળો ત્યાંથી ચ્યવીને પુત્રપણે અવતરશે. ત્યારપછી કાંઇક નવ માસ વ્યતીત થશે ત્યારે તે જન્મ પામશે. તેના જન્મસમયે તે નગરની બહાર અને અંદર સુગંધથી ખેંચાયેલા ભમરાવડે ધૂસર વર્ણવાળી ઘણા ભાર પદ્મની વૃષ્ટિ અને ઘણા ઘડા રત્નની વૃષ્ટિ થશે. પછી અનુક્રમે ચંદ્ર-સૂર્યનું દર્શન વિગેરે જન્મ સંબંધી મહોત્સવ કરીને, તેના માતા–પિતા બારમો દિવસ પ્રાપ્ત થશે ત્યારે જન્મદિવસને યોગ્ય એવું તેનું **મહાપદ્મ** નામ પાડશે. ત્યારપછી યોગ્ય કાળે કળાના સમૂહને ભણેલા તેને સારા તિથિ, નક્ષત્ર અને મુહૂર્ત્તને વિષે મોટા રાજ્યાભિષેકવડે અભિષેક કરશે. ત્યારપછી અસ્ખલિત પરાક્રમવાળો, પ્રચંડ પ્રતાપવડે શત્રુને હણનાર, હું પહેલો હું પહેલો એમ કહીને નમસ્કાર કરાતા રાજાઓના સમૂહના મસ્તકની માળા( શ્રેણિ )વડે જેના ચરણ લાલન કરાયા છે એવો તે મહાપદ્મ મોટો રાજા થશે. તે મહાપદ્મ રાજા વિજયયાત્રા કરવા નીકળ્યો, તે વખતે **પૂર્ણભદ્ર** અને **માણિભદ્ર** નામના મોટી ઋદ્ધિવાળા અને મોટા પરાક્રમવાળા બે દેવો સેનાપતિનું કાર્ય કરશે. તે વખતે તે રાજાઓ, ઇશ્વરો, સેનાપતિઓ મંત્રીઓ અને સામંતો વિગેરે પ્રધાન લોકો આ વૃત્તાંત જાણીને હર્ષથી વિકસ્વર રોમાંચવાળા થઇને તે મહાપદ્મ રાજાનું ગુણથી બનેલું **દેવસેન** એવું બીજું નામ પાડશે. એક દિવસે તે રાજાને શરદઋતુના પૂર્ણચંદ્ર જેવો શ્વેત, ચાર દાંતવાળો, સાત અંગે પ્રતિષ્ઠિત અને પુષ્ટ દેહવાળો હસ્તિરત્ન પ્રાપ્ત થશે. તેના પર આરૂઢ

થયેલો તે ઐરાવણ હાથી ઉપર બેઠેલા ઇંદ્રની જેમ શોભતો આમતેમ ફરશે. ત્યારે ફરીને પણ તે રાજા, ઇશ્વર વિગેરે પ્રધાન લોકો પોતાના સ્વામીની આવી સિદ્ધિ જોવાથી, મોટા પ્રમોદ( હર્ષ )નો ભાર ઉત્પન્ન થવાથી ચપળ થઈને તે રાજાનું **વિમળવાહન** એવું ત્રીજું નામ પાડશે. હવે એકદા કવચિત્ રાજ્યના ભારનું પાલન કરતા તેને પૂર્વભવમાં અભ્યાસ કરેલા તપસ્વીજનોનો વિનાશ અને હીલના વિગેરે અનર્થના આશ્રયવાળા કર્મદોષવડે શ્રમણસંઘ ઉપર અત્યંત પ્રદ્વેષ ઉત્પન્ન થશે.

તેથી કરીને તે પોતાના ધર્મકાર્યમાં ઉદ્યમવાળા એવા પણ કેટલાક તપસ્વીઓને હણશે, વળી બીજાઓને વિવિધ પ્રકારના બંધનોવડે બાંધશે, તે મહાપાપી રાજા કેટલાકને આક્રોશ કરશે ( ગાળો દેશે ), કેટલાકની હાંસી કરશે, નિર્દય મનવાળો તે કેટલાકના છવિચ્છેદને કરાવશે, કેટલાકના વસ્ત્ર, પાત્ર, કંબલ વિગેરે ઉપકરણોને હરી લેશે, કેટલાક સાધુઓના ભાતપાણીનો નિષેધ કરશે, કેટલાકને પોતાના નગર, પુર, આકર અને આશ્રમોમાંથી કાઢી મૂકશે અને કેટલાકને પોતાના હાથે જ શીઘ્રપણે શસ્ત્રોવડે મારી નાંખશે. આ પ્રમાણે તેનું અયોગ્ય કાર્ય જોઇને ત્યારપછી નગરના લોકો ભક્તિવડે મસ્તક નમાવી તેને આ પ્રમાણે વિનંતિ કરશે કે–"હે દેવ ! આપના રાજ્યમાં જે આ પ્રમાણે સાધુઓને ધર્મમાં વિઘ્ન થાય છે તે અત્યંત અપયશને કરનાર હોવાથી સાંભળવું પણ યોગ્ય નથી. દુષ્ટોનો નિગ્રહ, શિષ્ટ (ઉત્તમ) જનોનું પાલન અને પોતાના કુળના ક્રમનું આચરણ, આ જ રાજાઓને શ્લાઘાનું સ્થાન છે. બીજા કાર્યથી શું ફળ? સાધુઓની હીલના કરવાથી સર્વત્ર ત્રણ ભુવનમાં અપકીર્તિ ઉત્પન્ન થાય એ મહાપાપ છે, અને બીજું રાજ્યનો ક્ષય થાય છે. વળી બીજું હે દેવ ! પાપને શમન કરનારા આ સાધુઓ કદાચ કોઇપણ પ્રકારે આપના ઉપર કોપ કરે તો તેઓ એક હુંકાર માત્રે કરીને જ આખું રાજ્ય બાળી નાંખે. એના જ પ્રભાવે કરીને રાજાઓ સુખે કરીને પૃથ્વીને ધારણ કરે છે ( પાલન કરે છે ), અને આ કારણથી જ સમુદ્રો પણ પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતા નથી, તેથી કરીને હે દેવ ! આ તપસ્વીજનને પીડા કરવાથકી આપ જરૂર વિરામ પામો, કે જેથી ત્રણ ભુવનમાં આપની કીર્તિ કલંક રહિત વિસ્તાર પામે." આ પ્રમાણે પૌરલોકો ઘણા પ્રકારના વચનોવડે તેને વારશે ત્યારે ભાવ વિના પણ લોકોની અનુવૃત્તિએ કરીને તેમનું વચન અંગીકાર કરશે.

એકદા તે રાજા શ્રેષ્ઠ રથ પર આરૂઢ થઈ બહાર ફરવા નીકળશે. ત્યાં સારા ભૂમિભાગવાળા (સુભૂમિભાગ નામના) ઉદ્યાનમાં ત્રણ જ્ઞાનને પામેલા, વિસ્તારવાળી તેજોલેશ્યાના માહાત્મ્યવડે બીજાથી પરાભવ ન પામે તેવા અને વિવિધ પ્રકારના તપનું આચરણ કરવામાં તત્પર **સુમંગળ** નામના તપસ્વી આતાપના લેતા હશે. તે પ્રદેશથી જતો રાજા તેને જોઇને કારણ વિના તીવ્ર કોપરૂપી અગ્નિ ઉત્પન્ન થવાથી કાયોત્સર્ગે રહેલા તે સુમંગળ મુનિ સાથે રથનો અગ્રભાગ અથડાવશે. તેના અથડાવાથી તે મુનિ પૃથ્વી પર પડી જશે, તો પણ ધીમે ધીમે ઉઠીને ફરીથી લાંબી ભુજા કરીને કાયોત્સર્ગે રહેશે. ત્યારે તે રાજા તેને ઊભા થયેલા જોઇને ફરીથી રથનો અગ્રભાગ અથડાવશે. તે વખતે પણ તે મુનિ ધીમે ધીમે ઉઠીને તે જ પ્રમાણે કાયોત્સર્ગે રહેશે; પરંતુ અવધિજ્ઞાનનો ઉપયોગ આપીને તેના પૂર્વભવને જાણશે. જાણીને આ પ્રમાણે કહેશેઃ— "અરે ! અધમ રાજા ! તું મહાપદ્મ નથી, દેવસેન નથી અને વિમળવાહન પણ નથી, પરંતુ તું મંખલીપુત્ર ગોશાળો છે કે જેણે મહાતપસ્વીઓને બાળી નાંખ્યા હતા, અને પોતાના ધર્મગુરુની આશાતના કરી હતી; તો અરે ! જો કદાચ તેં વખતે ઉત્તમ મુનિ સર્વાનુભૂતિએ સમર્થ છતાં પણ સામો ઘાત કર્યા વિના અનુપમ (અત્યંત) ઉપશમનું અવલંબન કરીને તારી દુષ્ટ ચેષ્ટાને સમ્યક્ પ્રકારે સહન કરી, અથવા સુનક્ષત્ર મહામુનિએ સહન કરી, અથવા તો સમગ્ર ત્રણ ભુવનરૂપી રંગમંડપમાં કોઇની તુલ્યતા ન પામે એવા મહામલ્લરૂપ શ્રી **મહાવીરસ્વામીએ** સહન કરી, પરંતુ હું તો નહિ સહન કરું; તો હવે તું જો મને રથ અથડાવીશ તો હું રથ સહિત, અશ્વ સહિત અને સારથિ સહિત તને પોતાના (મારા) તપના તેજવડે રાખનો ઉકરડો (ઢગલો) કરી નાંખીશ." આ પ્રમાણે સાંભળીને તે રાજાનો કોપાગ્નિ અત્યંત ઉછળશે, તેથી ફરીને તે રથનો અગ્રભાગ તેને અથડાવશે. આ રીતે ત્રીજી વાર અફળાવેલા તે સુમંગળ સાધુ પ્રશમરૂપી સર્વસ્વને ભૂલી જશે, ગુરુનો ઉપદેશ નાશ પામશે અને તે સાત આઠ પગલાં પાછા ફરીને તેના પર તેજોલેશ્યા મૂકશે. તેથી તે રાજા રથ સહિત, અશ્વ સહિત અને સારથિ સહિત બળી જશે. સુમંગળ સાધુ પણ તેને બાળીને ફરીથી પાછા શુભ અધ્યવસાયમાં આવી, પોતાના દુશ્ચરિત્રની આલોચના કરી, વિચિત્ર પ્રકારના તપકર્મવડે કર્મની નિર્જરા કરી, ઘણા વર્ષ સુધી ચારિત્રનું પાલન કરી, એક માસની સંલેખનાવડે શરીરની સંલેખના કરી, મરણ પામીને, સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેત્રીશ

સાગરોપમના આયુષ્યવાળા દેવ થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિપદને પામશે." આ સર્વ સાંભળી ગૌતમસ્વામીએ પૂછયું કે-"હે ભગવન! તે વિમળવાહન કયાં ઉત્પન્ન થશે ?" ભગવાને કહ્યું—"હે ગૌતમ ! તે મુનિ (સુમંગળ) તે વિમળવાહનને બાળશે ત્યારે તે સાતમી નરકપૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં તેત્રીશ સાગરોપમના આયુષ્યવાળો નારકી થશે. ત્યારપછી ત્યાં સર્વત્ર પ્રસરેલા તીક્ષ્ણ વજ્ર જેવા શૂળના અગ્રભાગવડે વીંધવાથી ઉત્પન્ન થયેલા મોટાં દુ:ખોને તે નિરંતર તેત્રીશ સાગરોપમ સુધી સહન કરશે. ત્યાંથી નીકળીને મત્સ્યનો ભવ પામીને, પૂર્વભવે સાધુને મારવાથી ઉત્પન્ન થયેલા તીવ્ર પાપના દોષે કરીને શસ્ત્રથી હણાઇને, દાહજ્વરની ઘોર વેદનાથી પરાભવ પામીને મરીને ફરીથી સાતમી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને ફરીથી મત્સ્ય થશે. ત્યાંથી મરીને છઠ્ઠી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને સ્ત્રી થશે. ત્યાંથી મરીને છઠ્ઠી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને સ્ત્રી થશે. ત્યાંથી મરીને પાંચમી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને ઉરગ (સર્પ) થશે. ત્યાંથી મરીને પાંચમી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને ફરી ઉરગ થશે. ત્યાંથી મરીને ચોથી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને સિંહ થશે. ત્યાંથી મરીને ચોથી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને સિંહ થશે. તે મરીને ત્રીજી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને પક્ષી થશે. તે મરીને ત્રીજી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને પક્ષી થશે. તે મરીને બીજી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને ભુજપરિસર્પ થશે. તે મરીને બીજી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને ભુજપરિસર્પ થશે. તે મરીને પહેલી પૃથ્વીમાં નારકી થશે. ત્યાંથી નીકળીને સંજ્ઞી અને અસંજ્ઞી થશે. ત્યાંથી પહેલી પૃથ્વીમાં નારકી થશે. પૂર્વે મુનિઘાતથી ઉપાર્જન કરેલા તે પાપવડે નરક સિવાયની બીજી તિર્યંચ ગતિમાં સર્વત્ર શસ્ત્રથી હણાઇને દાહજ્વરથી વ્યાપ્ત થશે અને મરશે. ત્યારપછી પક્ષી, સરીસૃપ (સર્પ), ઉરપરિસર્પ વિગેરે અનેક ભેદવાળા સ્થળચરોમાં અને જળચરયોનિમાં ઘણીવાર ઉત્પન્ન થઇને પછી ચતુરિંદ્રિયમાં, ત્રીંદ્રિયમાં, દ્વીંદ્રિયમાં અનેક વાર ઉત્પન્ન થઇને, સર્વત્ર શસ્ત્રથી હણાઇને મરણ પામશે. પછી વિવિધ પ્રકારની વનસ્પતિ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વીની જાતિમાં અસંખ્યાત કાળ વસીને અકાળ મરણવડે મરશે. આ પ્રમાણે પોતાના મોટા દુશ્ચરિત્રરૂપી અગ્નિની જ્વાળાના સમૂહથી સંતાપ પામેલો તે બિચારો એવું કોઈ પણ દુઃખ દુનિયામાં નથી કે જે દુઃખને તે નહીં પામે.

આ પ્રમાણે અનેક ભવમાં વારંવાર પડવું અને નીકળવું કરીને કોઈક

પ્રકારે કાંઇક કર્મનું વિવર પામીને તે ગોશાળકનો જીવ રાજગૃહ નગરની બહાર વૈશ્ય( વાણીયા )ની સ્ત્રીપણે ઉત્પન્ન થશે. ત્યાં પણ ઘણા ભવોમાં કરેલા સાધુઓના વધથી ઉત્પન્ન થયેલા નિકાચિત કર્મના પ્રભાવના વશવડે તે રાત્રિએ સૂતી હશે, તે વખતે તેણીના આભરણ લઈ લેવાની ઇચ્છાવાળો એક જાર પુરુષ નિર્દયપણે જ તીક્ષ્ણ ખડ્ગવડે તેણીનું ઉદર ચીરી નાંખશે. ત્યાંથી તે મરીને ફરીથી રાજગૃહ નગરની અંદર વૈશ્યની સ્ત્રીપણે ઉત્પન્ન થઇને મરશે. ત્યારપછી આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિંધ્ય પર્વતની તળેટીમાં **બિભેલક** નામના ગામમાં બ્રાહ્મણના કુળમાં પુત્રીપણે ઉત્પન્ન થશે. કાળક્રમે તે બાલ્યવયથી મુક્ત થશે ત્યારે તેણીના માતા–પિતા તેણીને એક લાયક બ્રાહ્મણપુત્રની સાથે ભાર્યાપણે પરણાવશે એકદા તે ગર્ભિણી થશે ત્યારે સસરાના ઘરથી પિતાને ઘેર જતાં માર્ગમાં ઉછળતા પ્રબળ દાવાનળની જ્વાલાના સમૂહવડે કોળીયારૂપ કરાયેલી તે મરણ પામીને અગ્નિકુમાર નિકાયને વિષે દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મનુષ્યપણે ઉત્પન્ન થઇ, તથાપ્રકારના સદ્ગુરુના દર્શનથી સર્વજ્ઞ ધર્મનો બોધ પામીને ભવનો વૈરાગ્ય પામીને પ્રવ્રજ્યા ગ્રહણ કરશે. ત્યાં કોઇ કોઈ બાબતમાં પ્રમાદના વશથી ચારિત્રની વિરાધના કરી અસુરકુમાર દેવજાતિમાં ઉત્પન્ન થશે. આ પ્રમાણે કેટલાક ભવોમાં વારંવાર ચારિત્રની વિરાધના કરી, વારંવાર ભવનપતિ દેવમાં અને જ્યોતિષી દેવમાં દેવની સંપદા ભોગવીને, ફરીથી મનુષ્ય ભવ પામીને અતિચારના કલંક વિના ચારિત્રનું પાલન કરી સૌધર્મ દેવલોકમાં દેવ થશે. આ પ્રમાણે સાત ભવ સુધી કલંક(અતિચાર) રહિત ચારિત્રનું પાલન કરીને, મહાવિદેહ ક્ષેત્રમાં **દૃઢપ્રતિજ્ઞ** નામે ઇભ્ય(વણિક)પુત્ર થઇને સંસાર પરથી વૈરાગ્ય પામી, ધન અને સ્વજન વિગેરેનો ત્યાગ કરી, સ્થવિર મુનિની પાસે સર્વવિરતિને ગ્રહણ કરી, છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે વિશેષ પ્રકારના તપકર્મવડે પૂર્વભવોની પરંપરાએ ઉપાર્જન કરેલા પાપકર્મોને ખપાવી કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે. ત્યારપછી તે દૃઢપ્રતિજ્ઞ કેવળી ગુરુજનનું અપમાન કરવાથી થયેલા મહાપાપથી ભવાટવીમાં પડવારૂપ કટુક વિપાક થાય છે એમ જાણવામાં આવતાં પોતાના શ્રમણ સંઘને બોલાવીને આ પ્રમાણે કહેશેઃ—

"હે દેવાનુપ્રિયો ! જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં હું પહેલાં ગોશાળક નામનો મંખલીપુત્ર હતો. ત્યાં હું ઘણા કૂડકપટમાં તત્પર હતો, વિપરીત પ્રરૂપણા કરતો હતો, સાધુઓનો ઘાત કરતો હતો, ધર્મ અને ગુરુનો પ્રત્યનીક (શત્રુ) થયો હતો અને સમગ્ર દોષોનું કુળગૃહરૂપ હતો. તે વખતે પોતાના તેજ-

વડે જ અત્યંત દાહ પામી, બહુ દુઃખાર્ત્ત થઇ, કરુણાજનક વિલાપ કરતો હું મરણ પામ્યો. તે પાપના મૂળભૂત ચાર ગતિરૂપ સર્પવડે ભયંકર આ સંસારરૂપી અરણ્યમાં ભયંકર દુઃખોને સહન કરતો હું ચિરકાળ સુધી ભમ્યો, તેથી હે દેવાનુપ્રિયો ! આ વૃત્તાંત સાંભળીને કદાપિ સદ્ગુરુનું, સંઘનું અને શાસ્ત્રનું પ્રત્યનીકપણું (શત્રુપણું) કરશો નહીં. ઘણા પાપના સમૂહ પણ ગુરુ, સાધુ, સંઘ, સિદ્ધાંત અને ધર્મના વાત્સલ્યપણાથી મુહૂર્ત્તમાત્રમાં નાશ પામે છે." આ પ્રમાણે તે વખતે પોતાના સાધુઓને શિક્ષા આપીને તે મહત્ત્વવાળા કેવળી ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરી શાશ્વતસ્થાન(મોક્ષ)ને પામશે." આ પ્રમાણે ત્રણ લોકને પ્રકાશ કરવામાં સૂર્ય સમાન શ્રી વીરજિનેશ્વરે ગૌતમસ્વામીની પાસે ગોશાળાનું સમગ્ર ચરિત્ર કહ્યું.

આ પ્રમાણે મહાદુઃખના વિપાકનું મૂળ કારણરૂપ તે ગોશાળાનું ચરિત્ર સાંભળીને ઘણા સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા સર્વે વિશેષે કરીને ગુર્વાદિકની આશાતના ત્યાગ કરવામાં તત્પર થયા. ત્યારપછી ભગવાન મહાવીર સ્વામી મેંઢકગ્રામ નગરમાંથી નીકળીને શ્રમણસંઘ સહિત એક ગામથી બીજે ગામ વિહાર કરતા રાજગૃહનગરમાં પધાર્યા. તે નગરની બહાર સમીપ દેશમાં **ગુણશીલ** નામના ચૈત્ય(ઉદ્યાન)માં દેવોએ સમવસરણ રચ્યું. પૂર્વના ક્રમે કરીને જગદ્ગુરુ સિંહાસન પર બેઠા, અને મહાકલ્પ વૃક્ષ જેવા ઉત્તમ ધર્મને કહેવા લાગ્યા. તે ધર્મરૂપી કલ્પવૃક્ષને દયારૂપી મૂળ છે, ક્ષમારૂપી મોટું સ્કંધ (થડ) છે, મૂળગુણરૂપી શાખાઓવડે વ્યાપ્ત છે, ઉત્તરગુણરૂપી પાંદડાંના સમૂહવડે ઢંકાયેલ છે, અતિશયોરૂપી પુષ્પોવડે વિરાજિત છે, યશરૂપી સુગંધવડે ભુવનનો મધ્ય ભાગ વ્યાપ્ત કરેલ છે, કામદેવરૂપી સૂર્યના તાપનો નાશ કરનાર છે, સ્વર્ગ અને મોક્ષના સુખરૂપી ફળને આપવામાં તત્પર છે અને ઉત્તમ મનુષ્યોરૂપી પક્ષીઓવડે સેવવા લાયક છે. આ અવસરે **શ્રેણિક** રાજા સમવસરણમાં વિરાજમાન ભગવાનને સાંભળીને **અભયકુમાર, મેઘકુમાર** અને **નંદિષેણ** વિગેરે પુત્ર અને પરિવાર સહિત જગદ્ગુરુને વાંદવા માટે ચાલ્યો. કેવી રીતે ? તે કહે છેઃ—

તે રાજાના મસ્તક પર સમુદ્રના ફીણના સમૂહ જેવું ઉજ્જવળ છત્ર ધારણ કરવામાં આવ્યું હતું. તેનાથી સૂર્યના બિંબના કિરણોનો પ્રચાર હરણ કરાયો હતો, હર્ષવાળી સ્ત્રીઓના કરતલને વિષે વીંઝાતા ચામરો શોભતા હતા, ગર્જના કરતા મદોન્મત્ત હાથીઓના મદજળવડે ધૂળનો સમૂહ શાંત થયો હતો, અત્યંત ચપળ અશ્વોના સમૂહવડે પૃથ્વીતળનો વિસ્તાર ક્ષોભ પામતો

હતો (ખેદાતો હતો), ઝણઝણાટ કરતી સુવર્ણની ઘુઘરીઓના સમૂહવડે વ્યાપ્ત રથોના સમૂહવડે તે રાજા પરિવરેલો હતો, ગર્વથી ઉદ્ધત થયેલા હજારો સુભટોવડે સર્વ દિશાઓનો સમૂહ રુંધાયો હતો-આ રીતે અત્યંત હર્ષના ઉત્કર્ષને ધારણ કરતો શ્રેણિક રાજા હાથણીના સ્કંધ ઉપર ચડીને પોતાના નગરમાંથી બહાર નીકળ્યો.

ત્યારપછી તે રાજા સમવસરણમાં પ્રાપ્ત થયો. વિધિપૂર્વક તેની અંદર તેણે પ્રવેશ કર્યો. જગદ્ગુરુને ત્રણ પ્રદક્ષિણા કરી, વંદના કરી ઉચિત પૃથ્વી પર બેઠો. તે વખતે ભગવાને પણ તેને ઉચિત ધર્મકથા કહી કેવી રીતે? તે કહે છેઃ—

"હે મોટા પ્રભાવવાળા (ભાગ્યશાળી)! ઇચ્છા સહિત નિર્મળ બુદ્ધિવડે તમે સ્મશાનની જેવા આ ઘોર સંસારને વિચારો. તે આ પ્રમાણેઃ—આ ભયંકર સંસારરૂપી સ્મશાનમાં મહાઉદ્ધત અને ફાડેલા મુખવાળી વિષયની પિપાસારૂપી મોટી શિયાળણી અત્યંત અનિવારિત પ્રચારવાળી ચોતરફ ભમે છે, દેવ, મનુષ્ય અને વિદ્યાધરોના પરાક્રમનો પરાભવ કરનારી, મંત્ર અને તંત્રથી ગ્રહણ (વશ) કરી ન શકાય તેવી અને મહાભયંકર જરારૂપી ડાકિણી નિરંતર અનિવારિતપણે પ્રવર્તે છે, મોટી પાંખોને વિસ્તારનારા, કોઇની અપેક્ષા વિના જ જીવોના માહાત્મ્યને આક્રમણ કરનાર અને સર્વથા પાસે રહેલા કષાયરૂપી ગીધ પક્ષીઓ પ્રસરે છે, વિવિધ પ્રકારના વિકારને આપનારા, જીવિતનું હરણ કરવામાં પણ સામર્થ્યને પામેલા તથા જેનો પ્રચાર જાણી શકાય તેવો નથી એવા રોગરૂપી સર્પો વિલાસ કરે છે, થોડા છિદ્રને પામીને પણ જેને તત્કાળ હર્ષનો પ્રકર્ષ ઉત્પન્ન થાય છે અને જે ત્રણ ભુવનમાં ફર્યા કરે છે એવો મરણરૂપી પિશાચ વિસ્તારને પામે છે, ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ વિગેરે દુઃખોરૂપી વૃક્ષોનો સમૂહ ચોતરફથી વિવેકરૂપી સૂર્યના કિરણોના પ્રચારને નિવારે છે. આવા સંસારમાં હે દેવાનુપ્રિયો! સુખની ઇચ્છાવાળા તમારે ક્ષણ વાર પણ વસવું યોગ્ય નથી."

આ પ્રમાણે ભગવાને સંસારનું સ્વરૂપ કહ્યું ત્યારે ઘણા જીવો પ્રતિબોધ પામ્યા, અને ભાવપૂર્વક ઘણા જીવોએ દેશવિરતિ અને સર્વવિરતિની દીક્ષા અંગીકાર કરી. ત્યારપછી હર્ષવડે વિકસ્વર શરીરવાળો રાજા પરિવાર સહિત જેમ આવ્યો હતો તેમ પોતાને સ્થાને ગયો. વિશેષ એ કે-મેઘકુમાર નામના રાજપુત્રના હૃદયમાં હર્ષનો પ્રચાર વિકસ્વર થયો અને તે સંસાર પરથી અત્યંત વૈરાગ્યને પામ્યો, તેથી તે શ્રેણિક રાજાને અને પોતાની માતાને પ્રણામ કરી કહેવા લાગ્યો કે-"હે માતાપિતા! હવે હું તમારી અનુમતિથી ભગવાનની

સમીપે પ્રવ્રજ્યા લેવા ઇચ્છું છું." ત્યારે તેઓએ કહ્યું કે–"હે પુત્ર ! યૌવનનો આરંભ વિષમ છે, કામદેવના બાણનો પ્રહાર દુઃખે કરીને રક્ષણ (સહન) કરી શકાય તેવો છે, વિષયોની સન્મુખ થતા ઇંદ્રિયોરૂપી અશ્વો પકડી શકાય તેવા નથી, સુંદર સ્ત્રીજનોના વિલાસો મોહને આપનારા છે, પ્રવ્રજ્યાનું પાલન કરવું અતિ દુષ્કર છે અને પરિષહો અત્યંત દુઃખે કરીને સહન કરી શકાય તેવા છે; તેથી હે પુત્ર ! કેટલાક દિવસો તું રાહ જો." તે સાંભળી મેઘકુમારે કહ્યું કે–"હે માતા–પિતા ! આયુષ્યનો વિલાસ વીજળીના વિલાસ જેવો ચંચળ છે, યુવાવસ્થા શરદઋતુમાં પર્વતની નદીના જળના વેગ જેવું ચપળ છે, રાજ્યલક્ષ્મી મહોન્મત્ત સ્ત્રીના કટાક્ષ જેવી ક્ષણભંગુર છે, યજ્ઞના આરંભની જેવા ઇષ્ટજનના સંયોગો દેખાતા ઘણા [1]વિપ્રયોગવાળા છે, તેથી હવે ગૃહનિવાસે કરીને સર્યું. તમે સર્વથા પ્રકારે ધર્મમાં વિઘ્ન ન કરો." આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે માતા–પિતાએ મહાકષ્ટથી તેને અનુજ્ઞા આપી. ત્યારપછી મોટા વૈભવના સમુદાયવડે તેણે ભગવાનની સમીપે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. તેને દીક્ષા ગ્રહણ કરતા જોઇને બીજા ઘણા રાજપુત્રો, શ્રેષ્ઠીપુત્રો અને સેનાપતિના પુત્રોએ પણ સંસાર ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થવાથી દીક્ષા ગ્રહણ કરી.

હવે પરિસહોનું દુઃસહપણું હોવાથી અને ચિત્તવૃત્તિનું ચંચળપણું હોવાથી તે મેઘકુમાર સાધુ અનુક્રમે પહેલી રાત્રિએ જ સૂતા હતા ત્યારે પ્રવેશ કરતા અને બહાર નીકળતા મુનિઓના ચરણ અથડાવાથી તેની નિદ્રા જતી રહી, તેથી કરીને તેનું મન પ્રવ્રજ્યાનો ત્યાગ કરવાની સન્મુખ થયું, અને કોઇપણ પ્રકારે આર્તધ્યાન કરતા તેની રાત્રિ મહાદુઃખે કરીને વ્યતીત થઇ. પછી સૂર્યમંડળનો ઉદય થયો ત્યારે જેનું મુખ ગ્લાનિ પામ્યું હતું એવો તે મેઘકુમાર સાધુ તે સ્થાનથી ઉઠીને પ્રવ્રજ્યાનો ત્યાગ કરવાની ઇચ્છાથી ભગવાનની સમીપે ગયો.

હવે કેવળજ્ઞાનવડે તે મેઘકુમાર સાધુનું ભગ્ન થયેલું મન જાણીને જિનેશ્વરે તેને મધુર વાણીવડે આ પ્રમાણે કહ્યું–"હે દેવાનુપ્રિય ! કેમ તું સંયમના યોગમાં ભંગને વહન કરે છે ? પોતે જ અનુભવેલો પૂર્વભવનો વૃત્તાંત શું તને નથી સાંભરતો ? આ ભવની પહેલા ત્રીજા ભવે તું એક અરણ્યમાં હાથી હતો. ત્યાં ચોતરફ પ્રસરતા વનના અગ્નિવડે તે સર્વ અંગે તાપ પામ્યો અને અત્યંત તૃષાતુર થયો તેથી જળ પીવા માટે એક સરો-

૧ બ્રાહ્મણોના યોગવાળા યજ્ઞ અને વિયોગવાળા ઇષ્ટજનના સંયોગ.

વરમાં ગયો. ત્યાં કાંઠે જ તે કાદવમાં ખૂંચી ગયો. ત્યાંથી નીકળવાને અસમર્થ થયો. તેવામાં બીજા સામા (શત્રુ) હાથીએ આવી દાંતના અગ્રભાગવડે તેને દઢ પ્રહાર કર્યો, તેથી ઉત્પન્ન થયેલી તીવ્ર વેદનાવડે મરીને તું ફરીને વિંધ્યગિરિમાં હાથીનો અધિપતિ (મોટો હાથી) થયો. ત્યાં એકદા દાવાનળ જોવાથી તેને જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી ભયના વશથી બીક પામેલા તેણે વૃક્ષોને ઉખેડી નાંખીને તથા તૃણ–પળાળ વિગેરેને કાઢી નાંખીને, હાથની હથેળી જેવા ચોખ્ખા મોટા પ્રમાણવાળા ત્રણ સ્થંડિલ નદીને કાંઠે પોતાના હાથીના જૂથનું રક્ષણ કરવા માટે કર્યા. હવે એકદા કદાપિ મોટા વૃક્ષોના પરસ્પર ઘસાવાથી ઉત્પન્ન થયેલો પ્રલયાગ્નિના જેવો ભયંકર અગ્નિ (દાવાનળ) તે વનને બાળવા લાગ્યો. તે જોઇને ભય પામેલો તું સ્થંડિલની સન્મુખ દોડ્યો. ત્યાં વાંદરા, હરણ, સસલા, ભુંડ વિગેરેવડે બે સ્થંડિલ ભરાઇ ગયા હતા. તેને ઓળંગીને ત્રીજા સ્થંડિલમાં રહેવા માટે તું ગયો અને ત્યાં ઊભો રહ્યો. તેવામાં શરીરે ખરજ આવવાથી ખજવાળવા માટે તેં એક પગ ઊંચો કર્યો તેવામાં બીજા બીજા પ્રાણીઓની પ્રેરણાથી (ધક્કાધક્કીથી) એક સસલો પોતાના જીવની રક્ષાને માટે તારા ઊંચા કરેલા પગની નીચે આવીને રહ્યો તેને પગની નીચે રહેલો જોઈને તેં મોટી કરુણાવડે તારો તે પગ સંકોચીને આકાશપ્રદેશમાં (અદ્ધર) ધારણ કર્યો. ત્યારપછી વનનો દાવાનળ પણ મોટા વૃક્ષોએ કરીને ભરેલા તે સમગ્ર વનને બાળીને શાંત થયો, એટલે તે સસલા વિગેરે સર્વ જીવો જેમ આવ્યા હતા તેમ પોતપોતાને સ્થાને ગયા. તે વખતે ક્ષુધા અને તૃષાથી પીડા પામેલો તું પણ શીઘ્રવેગે કરીને પોતાના પીડાયેલા (થંભાઈ ગયેલા) પગને જાણ્યા વિના જળની સન્મુખ દોડ્યો તેથી એક ચરણના રહિતપણાએ કરીને મોટા પર્વતની જેમ એકદમ પડી ગયો, અને ક્ષુધા–તૃષાથી વ્યાપ્ત થયેલો તું ઘણા કલેશથી મરણ પામ્યો. સસલા પરની અનુકંપાથી ઉપાર્જન કરેલા ઉત્કૃષ્ટ પુણ્યના વશથી સંસારને લઘુ કરી તું હમણાં રાજપુત્ર થયો છે. આ પ્રમાણે હે દેવાનુપ્રિય! તે વખતે તેં પશુએ પણ તેવા પ્રકારના સસલાના જીવના રક્ષણવડે જો ઘણાં દુઃખો સહન કર્યાં, તો બ્રહ્મચારી અને ચારિત્રધર્મમાં તત્પર આ શ્રેષ્ઠ સાધુઓના ચરણાદિકના સંઘટ્ટાએ કરીને પણ હમણાં તું કેમ સંતાપને વહન કરે છે? હે સુંદર! અંગીકાર કરેલા વ્રતનો ત્યાગ કરવાથી શરદ ઋતુના પૂર્ણ ચંદ્રની જેવા ઉજ્જવળ તારા કુળને વિષે આ પૃથ્વી પર ચંદ્રની હયાતી હોય ત્યાંસુધી કલંક થશે. થોડા દિવસના સુખને માટે થઇને મોટા પાપને ઉપાર્જન કરી શું કોઈ સકર્ણ (પંડિત પુરુષ)

પોતાના આત્માને ભવસાગરમાં પાડે ? તે તું કહે" આવા પ્રકારના વચનવડે ભુવનમાં દીવા સમાન શ્રી વીરભગવાને તે શ્રેષ્ઠ મુનિ મેઘકુમાર મહાત્માને પ્રતિબોધ કર્યો ત્યારે તે મુનિનું મન જિનેંદ્રે કહેલા માર્ગમાં કોઇપણ રીતે તથાપ્રકારે નિશ્ચળ થયું, જેથી દુષ્કર તપમાં તત્પર રહેલા સાધુઓમાં તે દૃષ્ટાંતરૂપ થયો. સંવેગને કરનારી ભગવાનની અનુશિષ્ટિ (શિખામણ) સાંભળીને બીજા પણ શ્રેષ્ઠ સાધુઓ વિશેષે કરીને અપ્રમાદી થઇ સંયમના ઉદ્યોગને પામ્યા.

હવે અન્ય દિવસે જિનેશ્વરની પાસે ધર્મ સાંભળીને રાજપુત્ર નંદિષેણ પણ ભવથકી વૈરાગ્યને પામ્યો. પ્રવ્રજ્યા અંગીકાર કરવાની ઇચ્છાવાળા તેણે શ્રેણિક રાજા પાસે અને પોતાની માતા પાસે ઘણા પ્રકારના વચનોવડે વિનંતિ કરીને જેટલામાં દીક્ષા ગ્રહણ કરવા માટે ત્રણ ભુવનના એક પ્રભુની પાસે આવ્યો, તેટલામાં આકાશમાં રહેલી દેવીએ તેને આ પ્રમાણે કહ્યું કે-" હે કુમાર! તું પ્રવ્રજ્યા ગ્રહણ કરવાથી વિરામ પામ, કારણ કે હજી તારે ભોગના ફળવાળું ચારિત્રાવરણ કર્મ બાકી છે, તેથી કરીને થોડો કાળ સ્વગૃહને વિષે તું વસ. કેમ બહુ ઉત્સુક ( ઉતાવળો ) થાય છે ? હે પુત્ર ! અતિ વેગથી ( વિચાર રહિત-સહસા ) કરેલા કાર્યો પ્રશંસાને પામતા નથી. યોગ્ય કાળે ઉદ્યમ કરવામાં આવે તો તે કાર્યને સાધનાર થાય છે,'અને સમય વિના ઘણું સીંચ્યું હોય તો પણ ધાન્ય ફળતું નથી." આ પ્રમાણે સાંભળીને કુમારે કહ્યું કે-" હે દેવી ! કેમ તું આ પ્રમાણે કહે છે ? મેં પોતે જ વિરતિ લેવાની મતિ અંગીકાર કરી છે, તેનો શી રીતે ત્યાગ કરું ? અથવા તો કુશીલના સંગથી રહિત અને ગાઢ તપવડે અંગને શુષ્ક કરનારા મને તે ચારિત્રાવરણ કર્મ શું કરશે ? " આ પ્રમાણે કહી તે દેવીના વચનની અવગણના કરીને શીઘ્રપણે સમવસરણમાં ગયો. વિશેષ એ કે-જગદ્‌ગુરુએ પણ તેને તે જ પ્રમાણે નિષેધ કર્યો, તો પણ અત્યંત વેગના વશથી થવાના વિરતિના ભંગને વિચાર્યા વિના જ ભુવનગુરુની સમીપે તેણે પાપ રહિત પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ત્યારપછી છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે દુષ્કર તપશ્ચર્યા કરતો તે જગદ્‌ગુરુની સાથે બહાર ગામ અને આકર વિગેરેમાં વિહાર કરવા લાગ્યો. તે વિચિત્ર ( જુદા જુદા ) સૂત્રોને ભણવા લાગ્યો, નિરંતર તેના અર્થનો વિચાર કરવા લાગ્યો, ગુરુની પાસે જ રહેતો હતો, સ્થિરચિત્તે પરિષહોને સહન કરતો હતો, સંયમનું પાલન કરવામાં તત્પર હતો, વિષયો ઉપર અત્યંત વૈરાગ્યને ધારણ કરતો હતો તથા સ્મશાન અને શૂન્ય આશ્રમ વિગેરે સ્થાનોમાં નિરંતર આતાપના લેતો હતો. હવે એકદા કદાચિત્ એકલવિહારી પ્રતિમાના કર્મને

કરવાની ઈચ્છાવાળા તે મહાત્માએ છઠ્ઠનું પારણું આવ્યું ત્યારે ભિક્ષા લેવા માટે એકલા જ અનાભોગ( અજ્ઞાનપણા )ના દોષથી સહસા વેશ્યાના ઘરમાં પ્રવેશ કર્યો અને ધર્મલાભ કહ્યો. તે વખતે વેશ્યાએ હાંસી સહિત તેમજ વિકાર સહિત કહ્યું કે–" હે સાધુ! દ્રવ્યલાભ મૂકીને મારે ધર્મલાભવડે કાંઇ કાર્ય નથી." તે સાંભળીને " અહો ! આ મૂર્ખ સ્ત્રી હમણાં મને પણ કેમ હસે છે ?" એમ વિચારીને તેણે પોતાના તપની લબ્ધિવડે તત્કાળ છાપરાના નેવા ઉપર રહેલા તૃણને ખેંચીને ઘણો મોટો રત્નનો ઢગલો પાડ્યો, અને "આ દ્રવ્યલાભ" એમ કહી નીકળી ગયા. તે જોઇ તેણીએ આનંદ સહિત કહ્યું કે–"હે ભગવન! આ દુષ્કર તપનું આચરણ મૂકી દો અને મારા સ્વામી થાઓ; નહિં તો હું મારા જીવનો નાશ કરીશ." આ પ્રમાણે તેણીએ ફરી ફરીથી કહ્યું ત્યારે ભાવિત મતિવાળા છતાં પણ, તપવડે શોષિત અંગવાળા છતાં પણ અને વિષયનો દોષ જાણતા છતાં પણ કર્મના વશથી ભગ્ન પરિણામવાળા થઇને તેમણે તેણીનું વચન અંગીકાર કર્યું. વિશેષ એ કે–"જો હું હંમેશાં દશ અથવા તેથી અધિક ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ ન કરું તો વિષની જેમ વિષયોનો ત્યાગ કરીશ." એવી પ્રતિજ્ઞા તેણે ગ્રહણ કરી. પછી દેવતાના અને જગદ્-ગુરુના પણ તે વચનને ચિંતવતા તેણે મુનિવેષનો ત્યાગ કર્યો, અને તે મહાત્મા વેશ્યાના ઘરમાં રહ્યા. ત્યાં તે વિષયસુખને ભોગવવા લાગ્યા, તથા ધર્મકથા-વડે ભવ્ય પ્રાણીઓને બોધ કરીને તેમને પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે જિનેંદ્રની પાસે મોકલવા લાગ્યા. હવે એકદા કદાચિત્ ભોગના ફળવાળું કર્મ ક્ષીણ થયું ત્યારે તેની બુદ્ધિ વૈરાગ્યને પામી, એટલે તે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. "સાંસારિક સુખ તુચ્છ છે, આયુષ્ય વીજળી જેવું ચપળ છે, યુવાવસ્થા ક્ષણ-ભંગુર છે અને શરીર રોગોવડે વ્યાપ્ત છે, તથા ધર્મની સામગ્રી મળવી દુર્લભ છે. જેણે શિયળવ્રત ખંડિત કર્યું હોય તેમને નિરંતર દુઃસહ દુઃખો આવી પડે છે. આ પ્રમાણે હોવાથી હવે મારે અહીં રહેવું યોગ્ય નથી." એમ વિચારીને પછી તેણે જગદ્ગુરુની પાસે જઇ ફરીથી પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને પોતાના દુશ્ચરિત્રની આલોચના કરી, જિનેંદ્રની સાથે વિચરવા લાગ્યા. ત્યારબાદ ભાવ સહિત ચિરકાળ સુધી દીક્ષાપર્યાયનું પાલન કરી તે નંદિષેણ સાધુ કાળ કરીને દેવપણું પામ્યા.

હવે અહીં તે **સુદાઢ** નામના નાગકુમાર દેવે પ્રથમ ભગવાન વહાણ ઉપર ચડ્યા હતા ત્યારે તેને ઉપસર્ગ કર્યા હતા, તે આયુષ્યનો ક્ષય થયે

ચ્યવીને એક દરિદ્રીના કુળમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તે વૃદ્ધિને પામ્યો (મોટો થયો) ત્યારે ખેડુતની વૃત્તિ (ધંધો) કરીને આજીવિકા કરવા લાગ્યો. તે અવસરે તે ખેડુત જેટલામાં હળવડે પોતાના ક્ષેત્રને ખેડતો હતો તેવામાં તે ગામમાં ભુવનના એક બંધુરૂપ ભગવાન પધાર્યા. તે વખતે ભગવાને તેના પરની દયાને લીધે તેને પ્રતિબોધ કરવા માટે ગૌતમસ્વામીને મોકલ્યા. એટલે તે તેની પાસે ગયા. ગૌતમસ્વામીએ તેને કહ્યું કે-"હે ભદ્ર! તું આ શું કરે છે?" ખેડુતે કહ્યું--"આ અધમ વિધાતા (નશીબ) જે કરાવે તે કરું છું, કળાની કુશળતા વિનાના અમારી જેવાને બીજો જીવવાનો ઉપાય કયાંથી હોય?" ગૌતમસ્વામીએ કહ્યું:—

"હે મુગ્ધ! આવા પ્રકારના ગાઢ કલેશથી ઉપાર્જન કરેલા ભોજનવિધિવડે દિવસને નિર્ગમન કરતા તારી આ શી હુશિયારી છે? અથવા આવું કાર્ય કરવાથી તને શું શરીરનું સુખ પ્રાપ્ત થાય છે? આ શો વિષયનો વ્યામોહ છે? આનાથી સારા આચરણની શી પ્રાપ્તિ સંભવે છે? દિવ્ય સુખની ઇચ્છાવાળા તારી જેવાને આનો ત્યાગ કરવો કંઈ પણ દુષ્કર થતો નથી, કારણ કે આ સમયે પણ મહાસત્ત્વવાળા ધન્ય પુરુષો મણિ, સુવર્ણ અને રત્નના મોટા ઢગલા, યુવાન સ્ત્રીઓ અને મનોહર ગૃહોને સર્પની જેમ છોડીને ધર્મને વિષે લાગે છે. વળી બીજા કેટલાક પુરુષો મરણપર્યંત મોટા દારિદ્રોથી અત્યંત પીડા પામ્યા છતાં પણ પાપના આરંભમાં પ્રવર્ત્તીને આખો જન્મ ગુમાવે છે. તેઓ બીજા જન્મમાં પણ તે જ પ્રમાણે વારંવાર દુઃખથી તાપ પામીને થોડા જળમાં મત્સ્યની જેમ તરફડીયા મારે છે. પરંતુ તેઓ જો ઘરના વ્યાપારના લાખમા ભાગે પણ ધર્મકાર્યને વિષે ઉદ્યમ કરે તો અનુપમ (ઘણા) દુઃખના દ્વારને રુંધે છે. વળી બીજું એક તરફ ઇચ્છા પ્રમાણે ભોગોપભોગની પ્રાપ્તિ કરવામાં ઉત્કૃષ્ટ ધન પ્રાપ્ત થાય છે, અને બીજી તરફ સજ્જનોને પ્રશંસા કરવા લાયક પ્રવ્રજ્યા પ્રાપ્ત થાય છે. વળી એક તરફ છ ખંડના અધિપતિ મહારાજાની સેવા કરાય છે, અને બીજી તરફ સદ્ધર્મમાં આસક્ત મુનિજનની સેવા કરાય છે. હે સુંદર! આ બે પ્રકારની ગતિ લોકમાં સુપ્રસિદ્ધ જ છે. આમાંથી કોઈ પણ એકને જે કુશળ પુરુષો હોય તે અંગીકાર કરે છે, તેથી કરીને હે મહાસત્ત્વ! તું આ ખેતીના કર્મને છોડી દે અને ધર્મનું આચરણ કર. દીન અને દુઃખી પ્રાણીઓને આ એક જ ઉત્તમ શરણ છે." આ પ્રમાણે ગૌતમસ્વામીએ કહ્યું ત્યારે બળદ સહિત હળને મૂકીને, તે ખેડુત તેના ચરણને નમીને ભક્તિવડે ભરપૂર થઇ કહેવા લાગ્યો કે-"હે ભગવન! જ્ઞાન

રહિત મારી જો કાંઇ પણ યોગ્યતા હોય, તો સંસારવાસથી વિરક્ત થયેલા મને તમારી દીક્ષા આપો.” આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે જો કે તે પરાવર્તન પામવાનો હતો (દીક્ષા મૂકી દેવાનો હતો) તો પણ “ આને બોધિબીજ પ્રાપ્ત થાય છે ” એમ જાણીને શ્રી ગૌતમસ્વામીએ તેને તત્કાળ દીક્ષા આપી. આ પ્રમાણે દીક્ષિત થયેલા તેની સાથે ગૌતમસ્વામી ભગવાનની સન્મુખ ચાલ્યા. પછી જગદ્ગુરુની દૃષ્ટિના વિષયમાં (નજરમાં) આવેલા તે ખેડુતને સિંહના ભવમાં ઉપાર્જન કરેલા મોટા વૈરના વશપણાથી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ નાશ પામી, અને તેને ઘણો કોપ ઉત્પન્ન થવાથી તે કહેવા લાગ્યો કે–“ હે ભગવન! આ કોણ છે ? ” ગૌતમસ્વામીએ કહ્યું કે-“ અમારા ધર્મગુરુ છે. ” તેણે કહ્યું–“ જો આ તમારા ધર્મગુરુ છે, તો મારે તમારું પણ કામ નથી. પ્રવ્રજ્યાએ કરીને સર્યું.” એમ કહીને રજોહરણનો ત્યાગ કરી દોડીને પોતાના ખેતરમાં ગયો. ત્યાં પોતાના બળદો ગ્રહણ કર્યા, હળ ઊભું કર્યું અને પ્રથમની જેમ ખેડવા લાગ્યો. ગૌતમસ્વામી પણ મનમાં વિસ્મય પામીને ભગવાનને પ્રણામ કરી કહેવા લાગ્યા કે—

“ ભુવનને વિષે આશ્ચર્યકારક મહાપ્રભાવવડે પ્રાણીસમૂહની પીડાને હરણ કરનારા હે જગન્નાથ ! મેં આજે આ અસમાન ( મોટું ) આશ્ચર્ય જોયું. તે એ કે–આપનું દર્શન સુખકારક છતાં પણ તે ખેડુત દૂરથી જ સૂર્યના તેજને ઘુવડ સહન ન કરે તેમ આપના તેજને સહન કરવાને અશક્ત થઈ, પોતે અંગીકાર કરેલી પ્રવ્રજ્યાનો ત્યાગ કરી, ભ્રાંતિ સહિત વિપરીત મતવાળો થઇ, પોતાના ક્ષેત્રની સન્મુખ અત્યંત શીઘ્રતાથી દોડી ગયો. આપની કથા ( નામ ) પણ મનુષ્યોને અપૂર્વ સંતોષ ઉત્પન્ન કરે છે, તો પછી ચૈત્યવૃક્ષ વિગેરે આઠ પ્રાતિહાર્યોથી શોભતું આપનું રૂપ સંતોષ ઉત્પન્ન કરે તેમાં શું કહેવું ? ” તે સાંભળી જગદ્ગુરુ બોલ્યા કે–“ હે ગૌતમ ! તે આ કેસરીસિંહનો જીવ છે કે જે ત્રિપૃષ્ઠ વાસુદેવને કાળે મેં તેને બે પ્રકારે ફાડી નાંખ્યો હતો. તે વખતે કોપથી તરફડતા શરીરવાળા તેને મારા સારથિરૂપ તમે “ સિંહવડે સિંહ હણાયો છે” ઇત્યાદિક મધુર વચનવડે શાંતિ આપી હતી. તે વખતને અનુસરનારા દ્વેષે કરીને આ ભવમાં પણ મારે વિષે તે વૈરને ધારણ કરે છે. તેથી જ તેને પ્રતિબોધ કરવા માટે મેં તમને મોકલ્યા હતા. આ પ્રમાણે પૂર્વકર્મના વશમાં વર્તનારા પ્રાણીઓ આ સંસારમાં વિવિધ પ્રકારના વ્યાપાર (ચેષ્ટા) કર્યા કરે છે; તેથી ખરી રીતે જોતાં કાંઈ પણ આશ્ચર્ય છે જ નહીં.”

આ પ્રમાણે ગૌતમને કહીને સ્વામી **તામલિપ્તિ**, **દશાર્ણપુર**, **વીતભય** પટ્ટણ, **ચંપાપુરી**, **ઉજ્જયિની** નગરી, **ગજપુર**, કાંપીલ્ય નગર, **નંદિપુર** અને **મથુરા** નગરી વિગેરે મોટા નગરોમાં ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરતા **પ્રસન્નચંદ્ર**, **દશાર્ણભદ્ર**, **ઉદાયન**, **શાલ** અને **મહાશાલ** વિગેરે રાજાના સમૂહને પ્રવ્રજ્યા આપી, **ચંડપ્રદ્યોત**, **અરિમર્દન** અને **જિતશત્રુ** વિગેરે રાજાઓના સમૂહને શ્રાવકધર્મમાં સ્થાપન કરી કેટલાક કાળ પછી **રાજગૃહ** નગરમાં પધાર્યા. અને ત્યાં—

કર્કેતન, નીલ, લોહિતાક્ષ વિગેરે રત્નોના સમૂહવડે એક યોજનપ્રમાણ ભૂમિમાં દેવોએ ભૂમિતળ બાંધ્યું. પછી મણિરત્નનો, જાત્ય સુવર્ણનો અને રૂપાનો એમ ત્રણ શ્રેષ્ઠ પ્રાકાર (કિલ્લા) દરવાજા સહિત તત્કાળ બનાવ્યા. તે ત્રણ પ્રાકારની વચ્ચેના પ્રાકારને મધ્યે વિચિત્ર રત્નોના સમૂહના કિરણોવડે વ્યાપ્ત અને જગદ્ગુરુને લાયક સિંહાસનો સ્થાપન કર્યા. તેમાં પૂર્વ દિશા સિવાયના બાકીના ત્રણ સિંહાસનો ઉપર ત્રણ જગતના જીવોને વિસ્મય કરનારા ભગવાનની જેવા જ ત્રણ રૂપ બનાવ્યાં (સ્થાપન કર્યાં). બળતાં અગરુ, ઘનસાર, સેલ્હક વિગેરે ધૂપના સુગંધવડે સર્વ દિશાઓને સુગંધી કરનાર ધૂપધાણાના સમૂહો ચોતરફ મૂકવામાં આવ્યા. કંકેલ્લી વૃક્ષના પાંદડાંને ધીમે ધીમે કંપાવતો અને ધ્વજાઓના સમૂહને ધ્રૂજાવતો શીતળ વાયુ તીર્થંકરના પ્રભાવથી વિસ્તાર પામ્યો (વાવા લાગ્યો). આ પ્રમાણે સર્વ આદરવડે દેવોના સમૂહે સમવસરણ રચ્યું ત્યારે પૂર્વ દિશાના સિંહાસન પર પ્રભુ પૂર્વાભિમુખે બેઠા. તે વખતે જગદ્ગુરુની પ્રવૃત્તિમાં નીમેલા પુરુષોએ શ્રેણિક રાજાને જિનેશ્વરના આગમનના સમાચાર આપ્યા, ત્યારે તે રાજા **અભયકુમાર** વિગેરે કુમારો સહિત હર્ષથી વિકસ્વર થયેલા શરીરવાળો થઇને ભગવાનને વાંદવા માટે તત્કાળ સમવસરણમાં આવ્યો. તથા અસુર, સુર, વાણવ્યંતર, જ્યોતિષી વિગેરે દેવો પણ આવ્યા. તેઓ મોટી ભક્તિના સમૂહવડે ત્રણ પ્રદક્ષિણાપૂર્વક નાથને નમીને સદ્ધર્મ સાંભળવા માટે પોતપોતાના સ્થાને બેઠા. ત્યારપછી ભુવનગુરુ ભગવાને ભવ્ય પ્રાણીઓને સંસારના ભયને હરણ કરનાર ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રિપદીથી યુક્ત સમગ્ર વસ્તુના પરમાર્થને કહ્યો. ભુવનબંધુ ભગવાને દેશના આપી ત્યારે સમગ્ર પદાર્થોને જાણતા છતાં પણ ગૌતમસ્વામીએ ભવ્ય પ્રાણીઓના બોધને માટે આ પ્રમાણે કહ્યું (પૂછ્યું) કે—"હે ભગવન! વારંવાર થતા જન્મ, જરા, મરણ અને શોકથી ભરેલા આ સંસારનું મૂળ કારણ શું છે? કે જેથી આ સંસારમાં રહેલા જીવો વૈરાગ્ય પામતા જ નથી તથા આપના ચરણકમળની

પૂજા વિગેરે વ્યાપારમાં ઉદ્યમ કરતા નથી ? તેમજ ભાવપૂર્વક દેશવિરતિ કે સર્વવિરતિને ગ્રહણ કરતા નથી ?" ત્યારે જિનેશ્વરે કહ્યું કે–"હે ગૌતમ ! તેનું મૂળ કારણ મિથ્યાત્વ અને અવિરતિ છે. તેને પામેલા જીવો ભવભ્રમણથી વૈરાગ્ય પામતા જ નથી, જિનેશ્વરને પણ બહુમાનતા નથી, અને વિરતિને પણ ગ્રહણ કરતા નથી. અથવા તો મિથ્યાત્વરૂપી મદિરાથી મત્ત થયેલા જીવો કયા અકાર્યને ન કરે ? જો કદાચ તેઓ પણ અત્યંત કઠણ એવી કર્મરૂપી ગ્રંથિને કોઇપણ પ્રકારે ભેદીને સમ્યક્ત્વ પામે તો તેઓ સંસારના વાસથકી વૈરાગ્ય પામે, અને તેથી તેઓ જિનેશ્વર અને સાધુઓની પૂજાદિક ધર્મકાર્યમાં ઉદ્યમ કરે; પરંતુ તેવા પ્રકારના કર્મના વશથી તેઓ પણ વિરતિ ગ્રહણ કરવામાં સમર્થ થતાં નથી, કારણ કે દેશવિરતિ પણ વિશેષ પ્રકારના કર્મના ક્ષયોપશમથી જ થાય છે, તો પછી ઉત્તમ મુનિજનને કરવાને ઉચિત એવી સર્વવિરતિ તો કયાંથી જ પ્રાપ્ત થાય ?" આ પ્રમાણે સાંભળીને ગૌતમ-સ્વામીએ કહ્યું કે–"હે ભગવન ! જો એમ છે તો સમકિતરૂપ રત્નના લાભથી અધિક ગુણનું સ્થાન આ વિરતિપણું છે, તો હે જગદ્ગુરુ ! ઘરના મોટા વ્યાપારોમાં જેમનું મન પરોવાયેલું છે એવા ગૃહસ્થીઓને દેશથી વિરતિ પણ શી રીતે સંભવે ? તે કહો." ત્યારે જગદ્ગુરુએ કહ્યું કે–"પાંચ, ત્રણ અને ચાર એમ બાર વ્રતોમાંના એક પણ વ્રતનું ગ્રહણ કરવામાં તે દેશવિરતિ નિર્દોષ થઇ શકે છે." તે સાંભળી ગૌતમસ્વામીએ કહ્યું કે–"જો એમ છે તો હે જિનેંદ્ર ! ઉદાહરણ સહિત અને ભેદો સહિત તે સર્વ વ્રતો કહો, કારણ કે હે ભગવન ! આપના વિના બીજો કોઇ આ બાબત દેખાડવા શક્તિમાન નથી. સર્વ આકાશને પ્રકાશિત કરવામાં સૂર્ય જ સમર્થ છે." આ પ્રમાણે તેમણે કહ્યું ત્યારે ધર્મરૂપી પ્રાસાદના મૂળ સ્તંભરૂપ શ્રી વીર ભગવાને કહ્યું કે–"હે ગૌતમ ! હું આ સર્વ કહું છું તે તમે સાંભળો. પાંચ અણુ-વ્રતો છે, ત્રણ ગુણવ્રતો છે અને ચાર શિક્ષાવ્રત છે. આ બાર વ્રત, તે ગૃહસ્થી લોકની વિરતિ છે. તેમાં અણુવ્રતને વિષે કહેલું પ્રાણાતિપાતવિરમણ નામનું વ્રત સર્વ વ્રતોમાં પ્રધાન છે. તે પ્રાણાતિપાત બે પ્રકારે છે, એમ બુદ્ધિમાન પુરુષે જાણવું. તે સૂક્ષ્મ અને સ્થૂળ. તેમાં જે સૂક્ષ્મ છે તે એકેંદ્રિય જીવના વિષયવાળું છે અને સ્થૂળ છે તે દ્વીંદ્રિયાદિકના વિષયવાળું છે. તેમાં જે સ્થૂળ પ્રાણાતિપાત છે તે પણ સંકલ્પ અને આરંભે કરીને બે પ્રકારનું છે. તેમાં પાસે જઇને એટલે જાણીને–ઉપયોગપૂર્વક જે પ્રાણીનો નાશ કરવો તે સંકલ્પથી સ્થૂળ પ્રાણાતિપાત છે, અને રાંધવું, ખેતી કરવી વિગેરે

ક્રિયા કરતાં જે દ્વીંદ્રિયાદિક મરી જાય તે આરંભથી સ્થૂળ પ્રાણાતિપાત છે. હવે સંકલ્પ પણ સાપરાધ અને નિરપરાધ એમ બે પ્રકારે છે. તેમાં શરીર, ધન વિગેરેને જે હરણ કરે તે સાપરાધ છે અને તે સિવાય બીજા નિરપરાધ છે. આ પ્રમાણે જાણીને સ્થૂળ અને અપરાધ રહિત જીવને સંકલ્પવડે (ઈરાદાપૂર્વક) દ્વિવિધત્રિવિધાદિક ભેદે કરીને હણવા નહીં. આ પ્રમાણે જીવના વધની વિરતિ ગ્રહણ કરવાથી સુંદર અને અનુકંપા(દયા)માં તત્પર શ્રાવકે અત્યંત કોપ આવે તો પણ ગાય અને મનુષ્યાદિકનો વધ કરવો નહીં. બંધ, વધ, છવિચ્છેદ, ઘણો ભાર ભરવો અને ખાવા-પીવાનો વિચ્છેદ કરવો આ પાંચ અતિચારો છે. તે પહેલા વ્રતની વિરતિને દૂષણ કરનારા છે. આ વ્રતમાં દૂષણ લગાડવાથી સર્વ ધર્મવ્યાપાર નિષ્ફળ છે, અને કષ્ટવાળું અનુષ્ઠાન પણ અરણ્યમાં રૂદનની જેમ નિરર્થક છે; કેમકે પ્રાણીના વધમાં આસક્ત થયેલો પ્રાણી તેવું કાંઈક પાપ આચરે છે કે જેથી તે નરકાદિક ગતિમાં જઈને એક નિમેષ માત્ર પણ સુખને પામતો નથી. તેમજ સર્વ ઠેકાણે (તિર્યંચ અને મનુષ્ય ગતિમાં) ઉપક્રમવાળું અને અલ્પ આયુષ્યને પામે છે. અથવા હરિવર્મ રાજાની જેમ પ્રિય પુત્રના વિયોગને પામે છે."

આ પ્રમાણે સાંભળી ગૌતમસ્વામીએ કહ્યું કે-" હે ભગવન ! આ હરિવર્મ રાજાધિપ આપે કહ્યો તે કોણ ?" ત્યારે ભગવાન બોલ્યા કે-" હે ગૌતમ ! સાંભળો ! આ ભરતક્ષેત્રમાં કુરુદેશમાં **ગજપુર** નામનું નગર છે. ત્યાં અસંખ્ય ધનવાળો **દત્ત** નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેને રૂપ અને યૌવન વિગેરે ગુણવાળી **શ્રી** નામની ભાર્યા હતી. તથા સર્વ કાર્યમાં પૂછવા લાયક, પ્રાણથી અધિક પ્રિય અને પ્રશમ, સુશીલ વિગેરે સર્વ ગુણવાળો **નંદ** નામનો બાળમિત્ર હતો. તે કોયલની જેવા અત્યંત કોમળ કંઠવાળો હતો, તેથી પોતાના તથાપ્રકારના ગૃહવ્યાપાર સમાપ્ત કરીને નગરની બહાર નિર્જન પ્રદેશમાં જઈને સંગીતના વિનોદને કરતો હતો. એ પ્રમાણે કેટલાક દિવસો ગયા. ત્યારપછી એક દિવસ તે દત્ત નામના ઉત્તમ બ્રાહ્મણને મોટી શિરોવેદના પ્રગટ થઈ. તેના વશથી તેની રતિ (મનની પ્રીતિ) નાશ પામી, સંતાપ વિકાસ પામ્યો, શરીરના અવયવો શિથિલ થયા, દુષ્ટ સ્ત્રીની જેમ નિદ્રા ચક્ષુના વિષયથી દૂર જતી રહી, ભોજનની ઇચ્છા નાશ પામી અને જીવવાની આશા તૂટી ગઈ (નષ્ટ થઈ). આ પ્રમાણે વિષમ દશાને પામેલા તેણે નંદ મિત્રને બોલાવ્યો, અને તેને કહ્યું કે-" હે મિત્ર ! કાંઇ પણ ઉપાય કર. સર્વથા પ્રકારે જાણે બન્ને નેત્રોને ઉખેડી નાંખતી હોય તેવી મહાબળવાન મસ્તકની પીડા થાય

છે, સુખશય્યામાં રહ્યા છતાં પણ જરા પણ નિરાંતે બેસી શકતો નથી. જો કોઇ પણ પ્રકારે મને જરા નિદ્રા માત્ર જ આવે તો હું મારા આત્માને ફરીથી જીવતો થયો માનું." આ પ્રમાણે તેનું દીન વચન સાંભળીને નંદે કહ્યું કે–"હે પ્રિય મિત્ર! ધીરજ રાખ, કાયરપણાનો ત્યાગ કર. હું તે પ્રકારે કરીશ કે જે પ્રકારે થોડા કાળમાં જ સારા શરીરવાળો થઇશ." આ રીતે તેને ધીરજ આપીને રાત્રિને સમયે તેણે તેને કાગલી નામનું ગાયન આરંભ્યું.

જેમ જેમ ગીતનો ધ્વનિ દત્તના કર્ણવિવરમાં પેસતો હતો તેમ તેમ નિદ્રા પણ જાણે લજ્જા પામી હોય તેમ ધીમે ધીમે આવવા લાગી. એ પ્રમાણે નિદ્રા આવવાથી તે દત્ત અત્યંત ઊંઘી ગયો. તે વખતે તેની ભાર્યાનું હૃદય તે નંદના કર્ણને સુખ કરનારા ગીતના શબ્દવડે હરણ કરાયું, અને તેમાં જ તે એક મનવાળી ( તલ્લીન ) થઇ. રાત્રિ વ્યતીત થઇ ત્યારે દત્તની પણ શિરોવેદના નાશ પામી. શરીરની સુખાકારી થઈ. એક દિવસ એકાંતમાં શ્રીએ નંદને પ્રેમ સહિત કહ્યું—

"હે સુખને આપનાર! જેમ તમે તમારા મિત્રના શરીરની પીડા હરણ કરી તેમ હવે મારા પણ શરીરના સંતાપને હરણ કરો." આ પ્રમાણે સાંભળી ઋજુપણાને લીધે તેણીના મનમાં રહેલા અભિપ્રાયને નહીં જાણવાથી નંદે કહ્યું કે–"હે સારા શરીરવાળી! તને શાનો સંતાપ છે?" ત્યારે તેણીએ કહ્યું કે–"હે સુંદર! તમે પોતે જ સંતાપ કરીને જાણતા નથી? શું હું સત્ય કહું?" તેણે કહ્યું—"કહો, શો દોષ છે?" ત્યારે તેણીએ મધુર ગીતના શ્રવણથી આરંભીને અત્યંત અનુરાગના સંબંધવાળો સર્વ પોતાનો વૃત્તાંત કહ્યો. તે સાંભળીને તેણીનો અસુંદર ભાવ જાણીને નંદે તેણીને કહ્યું કે–"હે સારા શરીરવાળી! તમે કેમ આમ બોલો છો? જે કાર્ય કરવાથી પોતાના કુળને દૂષણ લાગે છે, અને સર્વ દિશાઓમાં અપયશ ફેલાય છે તેવું કાર્ય ધીર પુરુષો કોઇ પણ રીતે મરણ આવ્યા છતાં પણ કરે નહીં. વળી પરદારમાં આસક્ત થયેલા મનુષ્યોને નરકમાં વિવિધ પ્રકારની વેદનાઓ પ્રાપ્ત થવાનું શાસ્ત્રમાં સંભળાય છે, તો હે મૃગાક્ષી! ખોટી વાંછાનો ત્યાગ કર." આ પ્રમાણે ઘણા પ્રકારના વચનોવડે તેણીને સમજાવીને તે મહાભાગ્યવાન નંદ તે સ્થાનથી શીઘ્ર વેગે કરીને નીકળી ગયો.

આ સર્વ વૃત્તાંત ભીંતને ઓથે રહેલા દત્તે સાંભળ્યો. તે વખતે તેણે વિચાર કર્યો કે–"અહો! કાર્ય વિનાશ પામ્યું કે જેથી મારી ભાર્યાએ નંદની સાથે આ પ્રમાણે વાત કરી. હું ધારૂં છું કે–"નંદ મને અહીં રહેલો જાણીને

પોતાનો અભિપ્રાય ગુપ્ત રાખવા માટે શુભ આચારવાળા પોતાના આત્માને દેખાડતો આ પ્રમાણે બોલીને આ સ્થાનથી શીઘ્રપણે જતો રહ્યો તેથી મારે ઉપેક્ષા કરવી યોગ્ય નથી; કેમકે સ્ત્રીઓનું ચિત્ત બીજા પુરુષોમાં ખેંચાયેલું (આસક્ત) હોય તો તે કોઈક વખત પોતાના મનોરથમાં વિઘ્ન કરનાર પતિ છે એમ સંભાવના કરીને (ધારીને) વિષ વિગેરે દેવાવડે પતિનો વિનાશ કરે, અથવા પોતે વિનાશ કરવામાં અસમર્થ હોય તો તેનો વિનાશ કરવા માટે જાર પુરુષને પ્રેરણા કરે. તેથી કરીને જેટલામાં હજુ સુધી કાંઇ પણ વિનાશ થયો નથી તેટલામાં આ નંદને હું મારી નાખું, કેમકે તે સર્વથા પ્રકારે સારો નથી. અન્યથા કેમ તે મારી સ્ત્રીની સાથે એકાંતમાં રહે ? શું તે નથી જાણતો કે પરસ્ત્રીના ઉપર ચક્ષુ નાંખવી પણ સત્પુરુષોને લાયક નથી, તો પછી અત્યંત પ્રેમ સહિત પરસ્પર એકાંતમાં વાતચીત કરવી તો શાની યોગ્ય હોય ?" આ પ્રમાણે નિશ્ચય કરીને તેને મારી નાંખવા માટે તે ઉપાય ચિંતવવા લાગ્યો. તેની સ્ત્રી પણ કામવિકારનો નિગ્રહ નહીં કરી શકવાથી અપયશની અપેક્ષા રાખ્યા વિના અને સ્ત્રીઓનો સ્વભાવ જ ગાઢ અનુરાગવાળો હોવાથી જ્યાં જ્યાં માણસોને મધ્યે તે નંદને જોતી હતી ત્યાં ત્યાં જાણે આળેખેલી હોય, સ્તંભિત થઇ હોય અને ચેતના રહિત થઇ હોય તેમ નિશ્ચળ થઇને નિમેષ રહિત દૃષ્ટિવડે તેને જ જોઇ રહેતી હતી. તેણીને તથાપ્રકારની જોઇને દત્ત ઘણી રીતે સંતાપ પામતો હતો. નંદ પણ શુદ્ધ શીલપણાને લીધે પૂર્વના પ્રવાહે કરીને જ શંકા વિના તે(દત્ત)ની પાસે હંમેશાં આવતો હતો. એકદા પૂર્વના ઉપકારને નહીં ગણીને, ચિરકાળના ઉત્પન્ન થયેલા સ્નેહનો ત્યાગ કરીને, યુક્તાયુક્તનો વિચાર નહીં કરીને અને પરલોકના ભયની અપેક્ષા નહીં રાખીને તે દત્ત બ્રાહ્મણે હૃદયમાં વિશ્વાસ પામેલા નંદને તાલપુટ વિષવડે મિશ્ર તાંબૂલનું બીડું આપ્યું. નંદે તે બીડું વિકલ્પ (શંકા) વિના જ ગ્રહણ કર્યું અને તે ખાવા લાગ્યો.

હવે તે બીડું ખાવાથી વિષનો વિકાર અતિ ઉત્કટ હોવાથી ચેતના રહિત થઇને તે તત્કાળ પૃથ્વીપીઠ ઉપર પડી ગયો. માયાવીપણાને લીધે પ્રેમનો પ્રકાશ કરતો દત્ત બ્રાહ્મણ પણ મોટી પોક મૂકીને હાહાકારના શબ્દ સહિત રુદન કરવા લાગ્યો. એટલે ત્યાં નગરના લોકો એકઠા થયા. તેમની પાસે તેણે તેનો વૃત્તાંત કહ્યો કે-" એકદમ કાંઇપણ કારણ વિના આનો જીવ નીકળી ગયો." ત્યારે નગરના લોકો બોલ્યા કે-" શોકે કરીને સર્યું. હવે કરવા લાયક કાર્ય કરો. યમરાજના સ્વચ્છંદવિલાસનું શું વર્ણન કરવું ? "

આવાં વચન બોલીને નગરજનો પોતપોતાને ઘેર ગયા. પછી દત્તે પણ તેનો શરીરસત્કાર વિગેરે વિધિ કર્યો.

આ પ્રમાણે તે નંદને મારી નાંખ્યા પછી કુવિકલ્પનો નાશ થવાથી તે દત્ત બ્રાહ્મણ પોતાની ભાર્યાની સાથે વિઘ્નની શંકા રહિતપણે વિષયના સુખને અનુભવતો કાળ નિર્ગમન કરવા લાગ્યો. એકદા વર્ષાઋતુમાં તે ભાર્યા સહિત ઝરૂખામાં બેઠો હતો, અને જળધારાનો સમૂહ પડવાથી મનોહર દેખાતા આકાશતળને જોતો હતો તેવામાં એકદમ તડતડ શબ્દથી ભયંકર અને અગ્નિકણીયાના સમૂહવડે દિશામંડળને દેદીપ્યમાન કરતી વીજળી તેના મસ્તક પર પડી. તેથી ઘાસના પૂળાની જેમ તે દત્ત બળી ગયો અને મરીને ત્રીજી નરકપૃથ્વીમાં સાત સાગરોપમના આયુષ્યવાળો નારકી થયો. ત્યાં નિરંતર બળવું, કુંભીમાં પાકવું, શામલિવૃક્ષની શાખા ઉપર ચડવું, કરવતવડે કપાવું, વૈતરણી નદીમાં તણાવું અને મુદ્‌ગરવડે ચૂર્ણ થવું–એ વિગેરે અનેક તીક્ષ્ણ દુઃખોને નિરંતર અનુભવીને, આયુષ્યનો ક્ષય થયો ત્યારે ત્યાંથી નીકળીને મત્સ્ય, કાચબો, પક્ષી, સર્પ વિગેરે તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થયો. તેમાં પણ ચિરકાળ ભમીને, વારંવાર નરકાદિકમાં ઉત્પન્ન થઇને કોઇક પ્રકારે કર્મનું હલકાપણું થવાથી એક અનાર્ય કુળમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું મંગળક એવું નામ પાડયું. ત્યાં જે દિવસે તે જન્મ્યો તે જ દિવસથી આરંભીને તે કુળમાં વિવિધ પ્રકારના રોગોની પીડા ઉત્પન્ન થઈ, અને વિવિધ પ્રકારના અનર્થો ઉત્પન્ન થયા. ત્યારે તે માતા–પિતાએ વિચાર્યું કે–" અહો ! આ આપણો પુત્ર દુષ્ટ લક્ષણવાળો છે તેથી જેટલામાં તે અકાળે જ આપણને મરણ ન આપે ત્યાં સુધીમાં છાની રીતે જ તેને અરણ્યમાં લઇ જઇને મૂકી દઇએ. આપણે જીવતા હશું તો બીજા પુત્રો થશે, પરંતુ આ સર્પને વૃદ્ધિ પમાડવાથી શું ફળ ? " આ પ્રમાણે વિચારીને એક વર્ષની વયવાળા તે પુત્રને એક જંગલમાં મૂકી દીધો. તેવામાં તે જ પ્રદેશમાં એક શિવ નામનો સાર્થવાહ આવ્યો. તેણે તે બાળકને જોયો, દયાએ કરીને ગ્રહણ કર્યો અને વૃદ્ધિ પમાડ્યો. એકદા તેના કર્મના પ્રભાવે કરીને તે સાર્થવાહ ધન અને સ્વજન સહિત કાળક્ષેપ વિના ( શીઘ્રપણે ) જ ક્ષય પામ્યો ત્યારે તે છોકરો ભિક્ષાવૃત્તિથી પોતાના આત્માનું પોષણ કરતો અનુક્રમે યુવાવસ્થાને પામ્યો. એકદા વસંત માસમાં ઉત્તમ વેષવડે મનોહર પુરલોકોને વિલાસ કરતા જોઇને તેણે વિચાર્યું કે–" અહો ! ખરેખર હું મહાપાપી છું. અન્યથા મનુષ્યપણું સરખું છતાં આ

પુણ્યશાળી નગરના લોકો આ પ્રમાણે વિલાસ કેમ કરે ? હું તો હંમેશાં લુખી ભિક્ષાના કોળીયા ખાવાવડે પોતાનું ઉદરમાત્ર પણ ભરી શકતો નથી, તેથી મારે ગૃહવાસે કરીને સર્યું. ધર્મનું જ ઉપાર્જન કરું." આ પ્રમાણે વિચારીને તે **જ્વલનપ્રભ** નામના તાપસની પાસે ગયો. ત્યાં તેણે તેની પાસે દીક્ષા ગ્રહણ કરી અને વિવિધ પ્રકારના તપ કરવા લાગ્યો. આ પ્રમાણે અજ્ઞાન તપવડે તેણે ભોગ ઉપાર્જન કર્યા. એક દિવસે ઘણા કંદમૂળ અને ફળ ખાવાવડે કરીને તેને પેટમાં શૂળ ઉત્પન્ન થયું. તેનાથી હણાઇને મરણ પામીને **વસંતપુર** નગરમાં **હરિચંદ્ર** રાજાની **અનંગસેના** નામની પટ્ટરાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. સમય પૂર્ણ થયે જન્મ્યો. તેનું વધામણું કર્યું અને તેનું **હરિવર્મ** નામ પાડયું. પછી બાલ્યાવસ્થાથી મુક્ત થયો ત્યારે કળાનું કુશળપણું પમાડ્યો અને આઠ રાજકન્યાઓ સાથે પરણાવ્યો. એકદા રાજ્યને યોગ્ય છે એમ જાણીને હરિચંદ્ર રાજાએ મોટા વૈભવવડે મંત્રી, સામંત અને પુરના લોકોની સમક્ષ તેને પોતાના સ્થાન પર સ્થાપન કર્યો. તે મોટો રાજા થયો. પછી હરિચંદ્ર રાજા પણ કામભોગથી નિર્વેદ પામી વનમાં ગયો. ત્યાં [1]દિશાપ્રોક્ષક જાતિના તાપસોની પાસે દીક્ષા ગ્રહણ કરી, અને તેમના કહેવા પ્રમાણે તેમનો ધર્મ પાળવા લાગ્યો. હરિવર્મ રાજા પણ વિધિ પ્રમાણે પ્રજાનું પાલન કરતો હતો અને કાળને અનુસરીને નીતિમાર્ગને પ્રવર્તાવતો હતો. એ રીતે રાજ્યભારને વહન કરવા લાગ્યો. અનુક્રમે વિષયસુખને અનુભવતા તેને પુત્ર ઉત્પન્ન થયો. તેનું **હરિદત્ત** નામ પાડયું. હવે તે રાજાને સમગ્ર રાજ્યના વ્યાપારને જાણવામાં નિપુણ અને સમગ્ર નીતિશાસ્ત્રમાં વિચક્ષણ **વૈશ્રમણ** નામનો અમાત્ય (પ્રધાન) હતો. તે એક વખત અવસર પામીને વિચારવા લાગ્યો કે-" જો હું કાંઈ પણ છિદ્ર પામું તો આ રાજાને મારી નાંખીને હું પોતે જ રાજ્યને અંગીકાર કરું. સામંત રાજા મારે આધિન છતાં શા માટે મારે દાસપણું કરવું જોઇએ ? તો પણ કોઈ પણ ઉપાયવડે આ રાજાના પુત્રનો પ્રથમ વિનાશ કરું. પછી આ રાજાનો વિનાશ સુખે કરીને થશે." આ પ્રમાણે વિચારીને બીજે દિવસે કેટલાક મુખ્ય માણસોને સાથે લઇ ઉદ્યાનમાં ગયો. ત્યાં ઉત્તમ વૃક્ષની છાયામાં બેઠો. પછી એક ક્ષણવાર બેસીને કપટથી એકદમ તે સ્થાનથી ઊભો થયો. બોલતા (પૂછપરછ કરતા) પરિવારને નિવારીને ઊંચું મુખ રાખી, નિમેષ રહિત દષ્ટિવડે આકાશ સન્મુખ જોઇને અત્યંત વિસ્મયને ધારણ કરતો પોતાના પરિવારને આ પ્રમાણે કહેવા લાગ્યો કે-" હે હે સેવકો !

૧ માર્ગમાં ચાલતાં પાણી છાંટતા જાય એવા આચારવાળા.

શું તમે અહીં કાંઈપણ સાંભળ્યું ?" તેઓ બોલ્યા-" હે સ્વામી ! શું ?" પ્રધાને કહ્યું-" આકાશમાં જતી દેવીઓએ આ પ્રમાણે કહ્યું કે-' આ રાજા પોતાના પુત્રના દોષથી મરણ પામશે." આ પ્રમાણે તે પ્રધાનનું વચન સાંભળીને ' અનુકૂળ બોલવું એ જ સેવકનો ધર્મ છે ' એમ વિચારીને તેની અનુવૃત્તિવડે તે પરિવાર બોલ્યો કે—" હે સ્વામી ! હા અમે પણ સાંભળ્યું, પરંતુ આ અમંગળ છે એમ જાણીને અમે પહેલાં ન બોલ્યા." ત્યારે પ્રધાન બોલ્યો કે—" અરે ! જો પિતાતુલ્ય સ્વામીનું આ પ્રમાણે થાય, તો મારા જીવિતવડે સર્યું." એમ બોલીને તે પ્રધાન પોતાની પાસે રહેલા કાજળના સમૂહ જેવા શ્યામ વિકસ્વર કાંતિસમૂહવાળા ખડ્ગને ગ્રહણ કરી માયાકપટથી પોતાનું ઉદર વિદારવા લાગ્યો. તે વખતે કોઈ પણ પ્રકારે બળાત્કારથી તેનો હાથ મરડીને, ખડ્ગ ઝુંટવી લઇને પરિવારજનો તેને ઘેર લઈ ગયા. ત્યાં તે મહાકપટના સ્વભાવથી ખાવું, પીવું અને શરીરનો સત્કાર વિગેરે સર્વનો ત્યાગ કરી એક જીર્ણ માંચા ઉપર પડીને આખો દિવસ રહ્યો. દિવસને છેડે સભામાં રહેલા રાજાએ અમાત્યને નહીં જોઇને પ્રતિહારીને પૂછ્યું કે-" આજે અમાત્ય નથી આવ્યા તેનું શું કારણ છે ?" તેણે જવાબ આપ્યો કે-" હે દેવ ! હું બરાબર જાણતો નથી." રાજાએ કહ્યું—" તું પોતે અમાત્યને ઘેર જઇને તેને નહીં આવવાનું કારણ પૂછ." તે સાંભળી " જેવી આપની આજ્ઞા " એમ કહીને પ્રતિહારી તેને ઘેર ગયો. ત્યાં જીર્ણ માંચામાં પડેલા શ્યામ વર્ણવાળા અમાત્યને જોયો. એટલે તેણે તેને પૂછ્યું કે-" હે અમાત્ય ! કેમ અકસ્માત્ આવા પ્રકારની અવસ્થાને પામ્યા છો ? તેનું કારણ કહો. તમારા નહીં આવવાથી રાજા સંતાપ પામે છે." આ પ્રમાણે તેણે કહ્યું ( પૂછ્યું ) ત્યારે લાંબો નિઃશ્વાસ મૂકીને અમાત્યે કહ્યું કે—" હે પ્રતિહારી ! નિરર્થક પૂર્વવૃત્તાંતના કહેવાથી શું ફળ છે ? હમણાં માત્ર આટલું જ કહેવા લાયક છે કે—

" જેના પ્રસાદવડે સમગ્ર લોકમાં મને પૂજ્યપણું પ્રાપ્ત થયું છે અને ચિરકાળ સુધી લક્ષ્મી ભોગવી છે, તે હરિવર્મ દેવ( રાજા )નું સાંભળી ન શકાય તેવું વિનાશને સૂચવનારું તેવા પ્રકારનું વચન સાંભળીને હજુ સુધી આ નિર્લજ્જ જીવિતને હું કેમ ધારણ કરું છું ?"

આ પ્રમાણે બે ગાથા કહીને તે અમાત્ય વસ્ત્રવડે પોતાનું મુખ ઢાંકીને મૌનપણે રહ્યો. આના વચનનો પરમાર્થ નહીં જાણવાથી તે પ્રતિહારે તેના

પરિવારને પૂછ્યું કે-" અહો ! આ અમાત્ય આવું શું બોલે છે? " ત્યારે તેઓએ કહ્યું કે-" હે પ્રતિહારી ! આજે અમે ઉદ્યાનમાં ગયા હતા ત્યાં અમે અને અમાત્યે આકાશવાણી સાંભળી કે—'દેવ (રાજા) પુત્રનાં દોષે કરીને મરણ પામશે.' આવું વચન સાંભળીને તરતજ અમાત્ય પોતાનો નાશ કરવા તૈયાર થયો. તે વખતે અમે મહાકષ્ટથી નિષેધ કર્યો, તો પણ હજુ સુધી મરણનો અધ્યવસાય હોવાથી ભોજન કરતા નથી." આ વચન સાંભળીને પ્રતિહારે કહ્યું કે-" અહો ! અકૃત્રિમ રાજભક્તિ ! અહો ! અસદૃશ કૃતજ્ઞપણું ! અને અહો ! પોતાના શરીરની નિરપેક્ષતા ! ખરેખર આ હરિવર્મ રાજા ધન્ય છે કે જેને આવા અમાત્ય છે." આ પ્રમાણે વર્ણન (પ્રશંસા) કરીને તે પ્રતિહારી રાજા પાસે ગયો અને એકાંતમાં તેણે તેનો સર્વ વૃત્તાંત કહ્યો. તે સાંભળીને પોતાનું જીવિત અત્યંત વહાલું હોવાથી અને પૂર્વે કરેલા પાપકર્મનો ઉદય હોવાથી રાજા ક્ષોભ પામ્યો (વ્યાકુળ થયો). તેણે અમાત્યને પોતાની પાસે બોલાવ્યો અને સર્વ યથાર્થ વૃત્તાંત પૂછ્યો. ત્યારે તેણે તે જ પ્રમાણે વૃત્તાંત કહ્યો. ત્યારપછી રાજાએ કહ્યું-" હે અમાત્ય ! અત્યારે કાળને ઉચિત શું છે? " અમાત્યે કહ્યું-" હે દેવ ! આ બાબતમાં જે ઉચિત હોય તે તમે જ જાણો. હું તો પોતે જ આપની થવાની વિષમ અવસ્થા સાંભળવાથી જીવિતને સર્વથા ધારણ કરીશ નહીં; કેમકે તમારા ચરણનો વિયોગ થાય ત્યારે અમારી શી શોભા ? શી પ્રભુભક્તિ ? અને શું સ્વકાર્યનું સાધન ? તેથી સ્વામી મને આજ્ઞા આપો. આ બાબત અમારે કાંઇ પણ બોલવું યોગ્ય નથી." રાજાએ કહ્યું—" મરણે કરીને સર્યું. જે અહીં યોગ્ય હોય તે કર." અમાત્યે કહ્યું-" હે દેવ ! આ તો મહાસંકટ છે. તમે કોણ અથવા તમારો પુત્ર કોણ ? (બન્ને એક જ છો.) તેથી કાંઈ પણ કરી શકાય તેમ નથી." રાજાએ કહ્યું-" જેને દેવીઓએ વિનાશકારક કહ્યો તે પુત્ર છતાં પણ પરમાર્થપણે શત્રુ જ છે, તેથી મારા હુકમથી તેને યોગ્ય કાર્ય તું કર." અમાત્યે કહ્યું-" હે દેવ ! આવા પ્રકારના દુષ્ટને શિક્ષા કરવા માટે દંડપાશિક(કોટવાળ)નો અધિકાર છે, તેથી આપ તેને જ હુકમ આપવા કૃપા કરો." તે સાંભળી રાજાએ કુમારનો વિનાશ કરવા માટે દંડપાશિકને હુકમ કર્યો. ત્યારે તેણે તેનો વિનાશ કર્યો. તે જાણી અમાત્ય હર્ષ પામ્યો અને પછી તેણે ભોજનાદિક ક્રિયા કરી. ફરી તેણે વિચાર્યું કે-" આ એક કંટકનો તો નાશ કર્યો. હવે રાજાનો વિનાશ કરવો જોઇએ."

હવે તે રાજપુત્રનો વધ થયા પછી નગરનાં લોકો પરસ્પર આ પ્રમાણે કહેવા લાગ્યા કે-" હા ! હા ! અરે ! ખરેખર રાજાએ આ અકાર્ય કર્યું, કે જે રાજ્યનો ભાર વહન કરવામાં સમર્થ પુત્ર હતો, તેને પરમાર્થનો વિચાર કર્યા વિના ખરાબ વચન સાંભળવાથી ઉત્પન્ન થયેલા ભયના વશથી એકદમ મારી નંખાવ્યો ! બીજાનું કહેવું તો દૂર રહો, પરંતુ પોતે જ તથાપ્રકારના દુષ્ટ નિમિત્તાદિક જોયા હોય તો પણ કુશળ પુરુષો યોગ્યાયોગ્યનો વિચાર કરે છે. વળી બીજું એ કે-ગ્રહની પીડા, મરકી, દુષ્ટ નિમિત્ત, દુષ્ટ સ્વપ્ન, વિગેરે દોષના સમૂહો દેવોની પૂજા વિગેરે કરવાથી અવશ્ય શીઘ્ર શાંત થઇ જાય છે, તેથી રાજાએ આ ધર્મમાર્ગ વિનાનું અત્યંત અનુચિત કાર્ય કર્યું છે, અથવા તો મોટાને મોટો મોહ ઉત્પન્ન થાય છે."

આ હકીકત રાજાએ કર્ણપરંપરાએ સાંભળી. તે વખતે તેને અરતિ ઉત્પન્ન થઇ, પશ્ચાત્તાપ થયો, મોટો શોક વૃદ્ધિ પામ્યો, રાજ્યચિંતા નાશ પામી અને આ પ્રમાણે તે વિચાર કરવા લાગ્યો કે-" અહો ! હું મહાપાપી છું કે જે મેં આવા પ્રકારનું અકાર્ય કરતાં ધર્મને ગણ્યો નહીં, અપયશની અપેક્ષા કરી નહીં, પુરુષાર્થનો અંગીકાર કર્યો નહીં, તથા ક્ષમાનું અવલંબન કર્યું નહીં; તો શું હવે હું આ રાજ્યનો ત્યાગ કરું ? અગ્નિમાં પ્રવેશ કરું ? અથવા વનમાં જઇ દીક્ષા ગ્રહણ કરું ? શું કરવાથી આ મારા પાપનો મોક્ષ (નાશ) થાય ? " આ પ્રમાણે રાજા વિચાર કરતો હતો તેવામાં પ્રતિહારે આવીને રાજાને વિનંતિ કરી કે-" હે દેવ ! દ્વારમાં નંદન નામના ઉદ્યાનના પાલકો (માળીઓ) આવ્યા છે અને તેઓ આપના દર્શનની ઇચ્છા કરે છે. " રાજાએ કહ્યું કે-" તેમને શીઘ્ર પ્રવેશ કરાવ." આ પ્રમાણે તેના કહેવાથી તેણે તેઓને પ્રવેશ કરાવ્યો. તેઓ આવીને રાજાના પગમાં પડી વિજ્ઞપ્તિ કરવા લાગ્યા-" હે દેવ ! તમારા ઉદ્યાનમાં ભગવાન **અરિષ્ટનેમિ** સમવસર્યા (પધાર્યા) છે, તેથી તેમના આગમનની વધામણી અમો તમને આપીએ છીએ. " તે સાંભળીને રાજાએ વિચાર્યું કે-" હવે શોક કરવાથી સર્યું. કેવળજ્ઞાનવડે ત્રણ લોકના વ્યાપારને જાણનાર તે ભગવાનને યથાર્થપણે પુત્રના વિનાશનું કારણ દુષ્ટ નિમિત્તને પૂછીને પછી ઉચિત હશે તેમ કરીશ. " એમ વિચારીને તે જિનેશ્વર પાસે ચાલ્યો. અહીં તે અમાત્ય સર્વજ્ઞ ભગવાનનું આગમન જાણી " હવે મારા કપટનો વિલાસ પ્રગટ થઇ જશે " એમ પોતાના દુશ્ચરિત્રની શંકા પામીને, જાતિવંત અશ્વ ઉપર ચડીને જીવિતના ભયથી એકદમ નાશી ગયો. રાજા પણ ભગવાનની

સમીપે ગયો. તેના ચિત્તની અંદર હર્ષનો પ્રચાર ઉલ્લસિત થયો અને તેનું શરીર ઘણા રોમાંચે કરીને વ્યાપ્ત થયું. તેણે ભગવાનને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદના કરીને આ પ્રમાણે સ્તુતિ કરી:—

"નવા તમાલ વૃક્ષના પાંદડા જેવા શ્યામ શરીરવાળા, નિર્મળ ગુણોરૂપી રત્નોના સમૂહના ઘરરૂપ, અત્યંત દુઃખે કરીને જીતી શકાય તેવા કામદેવને જીતનારા અને ભવ્ય પ્રાણીઓને મોક્ષસ્થાન દેખાડનારા એવા હે જિનેશ્વર! તમે જયવંતા વર્તો. ઊંચા (મોટા) સ્તનવાળી, હરિણના સરખા નેત્રવાળી, નવા યૌવનવાળી અને પૂર્ણિમાના ચંદ્ર જેવા મુખવાળી ઉગ્રસેન રાજાની પુત્રીનો જેણે ત્યાગ કર્યો તે એક જ તમે જગતમાં જયવંત વર્તો છો. હે નાથ! સમુદ્રના સમગ્ર રત્નોની તુલના કરનાર ચિંતામણિ રત્ન જેવા તમે યાદવકુળમાં અવતર્યા, તેથી સમુદ્રવિજય રાજા ખરેખર સમુદ્રનો વિજય કરનાર થયા. શંખને અત્યંત પૂરીને તેના શબ્દવડે જગતના લોકોને ક્ષોભ પમાડનાર, દોષ રહિત, ભુજાવડે શ્રી કૃષ્ણને આંદોલિત કરનાર, સર્વ આદરવડે દેવોએ જેના ચરણને નમસ્કાર કર્યા છે, ત્રણ જગતરૂપ ભવનમાં નિર્મળ દીવા સમાન, પરમ આદરવડે સમગ્ર જીવોનું રક્ષણ કરનાર એવા હે અરિષ્ટનેમિ અરિહંત સ્વામી! તમે ભવે ભવે અમારું શરણ હોજો." આ પ્રમાણે મોટી ભક્તિવડે જગદ્‌ગુરુ શ્રીનેમિનાથની સ્તુતિ કરીને મનમાં હર્ષ પામેલો રાજા ત્યારપછી પૃથ્વીપીઠ પર બેઠો.

ત્યારપછી ભગવાને ધર્મકથા કહી. ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા. પછી સર્વ લોકો પોતપોતાની શક્તિને અનુરૂપ વિશેષ પ્રકારના અભિગ્રહોને ગ્રહણ કરીને જેમ આવ્યા હતા તેમ પોતપોતાને સ્થાને ગયા. હવે અવસર જાણીને રાજાએ ભગવાનને પૂછયું કે—"હે ભગવન! પહેલાં અમાત્યે જે અમને કહ્યું તે સત્ય છે કે અસત્ય છે?" ભગવાને કહ્યું—"અસત્ય છે." રાજાએ પૂછયું—"હે ભગવન! તેણે આવા પ્રકારનું અકાર્ય કેમ આચર્યું?" ભગવાને કહ્યું—"હે રાજન! ભોગના અર્થી, રાજ્યના અર્થી અને પરિવારના અર્થી પ્રાણીઓ શું શું પાપ નથી કરતા? શું માયા–મૃષાને પ્રગટ નથી કરતા? અથવા તો તેનો શો દોષ છે? આ સર્વ પૂર્વકર્મનો જ વિલાસ છે. તે બિચારો તો નિમિત્તમાત્ર જ છે." રાજાએ પૂછયું—"હે ભગવન! મેં પૂર્વ ભવમાં એવા પ્રકારનું શું પાપ આચર્યું હતું કે જેના પ્રભાવથી અત્યંત વહાલા પુત્રનો સહસાકારે વિનાશ કરાવ્યો?"

ત્યારે ભગવાને જે પ્રકારે તેણે પૂર્વભવમાં સ્ત્રીના દોષને લીધે દોષ વિનાના મિત્રનો વિનાશ કરીને અતિ મોટું પાપ ઉપાર્જન કર્યું હતું, જે પ્રકારે નારક અને તિર્યંચના ભવોમાં ઘણીવાર જન્મ-મરણ પામીને કોઇ પણ પ્રકારે મનુષ્ય જન્મ પામીને બાળતપ કરીને અહીં રાજ્ય પામ્યો, અને જે પ્રકારે મિત્રનો વિનાશ કરવારૂપ દોષે કરીને પુત્રનો વિનાશ થયો તે સર્વ કહી બતાવ્યું.

તે સાંભળીને હરિવર્મ રાજાને અત્યંત ભવનો ભય ઉત્પન્ન થયો, તેથી તે કહેવા લાગ્યો કે-" હે ભગવન ! જો પ્રાણાતિપાત( જીવહિંસા )નો આવા પ્રકારનો અશુભ સ્વભાવ છે, તો મારે રાજ્યવડે કરીને સર્યું. આપની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરું, જેટલામાં મારે સ્થાને કોઇને અભિષેક કરું." એમ કહીને તે પોતાની નગરીમાં ગયો. પોતાના રાજ્ય પર પોતાના ભાણેજને સ્થાપન કર્યો. તે અમાત્ય નાશી ગયો એમ જાણ્યું. ત્યારપછી રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી હરિવર્મ રાજાએ ચારિત્ર અંગીકાર કર્યું.

આ પ્રમાણે હે ગૌતમ ! પ્રાણિવધની વિરતિ વિનાના જીવોને જેથી કરીને આવો મોટો અનર્થનો સમૂહ પ્રગટ થાય છે તેથી કરીને સ્વર્ગ અને મોક્ષના સુખને ઇચ્છનાર પ્રાણીઓએ સર્વ પ્રયત્નવડે સંકલ્પથી પ્રાણીવધની વિરતિ કરવી યોગ્ય છે. આ પહેલું **અણુવ્રત** કહ્યું. (૧)

હવે અસત્ય વચનની વિરતિરૂપ આ બીજું અણુવ્રત અમે કહીએ છીએ. વળી તે અલીક ( અસત્ય ) સ્થૂળ અને સૂક્ષ્મ એમ બે પ્રકારે છે. તેમાં સ્થૂળ અસત્ય પાંચ પ્રકારે છે-કન્યા સંબંધી અલીક, ગાય સંબંધી અલીક, ભૂમિ સંબંધી અલીક, થાપણ ઓળવવી અને ખોટી સાક્ષી પૂરવી. આ પાંચ નિયમોનો વિશેષ આ પ્રકારે છે. કન્યા શબ્દનું ગ્રહણ કર્યું છે તે સર્વ બે પગવાળાનું સૂચક છે, ગાય શબ્દનું ગ્રહણ કર્યું છે તે સર્વ ચાર પગવાળાનું સૂચક છે અને ભૂમિ શબ્દ કહ્યો છે તે પગ રહિત સર્વ પદાર્થોને સૂચવનાર છે. ( બાકીના બે અપદના ગ્રહણથી જ આવી જાય છે છતાં કેમ જુદા કહ્યા ? તેનો જવાબ આપે છે કે- ) બીજા બાકીના છેલ્લા બેનું ગ્રહણ પ્રધાનપણું ( મુખ્યપણું ) જણાવવા માટે કહ્યું છે. હવે સૂક્ષ્મ અસત્ય વચન હાંસી વિગેરેમાં જાણવું. આ સ્થૂળ મૃષાવાદવિરમણ નામના અણુવ્રતમાં ઉત્તમ શ્રાવકે આ પાંચ અતિચારો સદા ત્યાગ કરવા યોગ્ય છે: ૧ સહસા અભ્યાખ્યાન એટલે વિના વિચારે એકદમ કોઇને ખોટું આળ આપવું, ૨ કોઇની છાની વાત પ્રગટ કરવી. ૩ પોતાની સ્ત્રીની ખાનગી વાત જાહેર

કરવી. ૪ ખોટો ઉપદેશ આપવો અને ૫ ખોટો લેખ લખવો. આ વ્રતને પાળવામાં ગુણ પ્રગટ દેખાય છે અને નહીં પાળવામાં દોષ પ્રગટ દેખાય છે. તે ઉપર બે ભાઈઓનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

હે ગૌતમ ! તે બે ભાઈઓનું દૃષ્ટાંત સાંભળો. આ જ ભરતક્ષેત્રમાં **વટપદ્ર** નામના નગરમાં **પ્રભાકર** નામે રાજા હતો. તે નગરમાં **સત્ય** નામનો એક શ્રેષ્ઠી હતો. તેનો યશ સર્વત્ર વિખ્યાત ( પ્રસિદ્ધ ) હતો. તે શ્રાવક ધર્મના બાર વ્રત પાળવામાં તત્પર હતો, સાધુજનોની વૈયાવચ્ચ કરવામાં તલ્લીન હતો તથા પરોપકારાદિ હજારો ગુણોવડે અલંકૃત હતો. તેનો નાનો ભાઈ **બળદેવ** નામે હતો. તે માત્ર આ લોક સંબંધી કાર્યમાં જ તત્પર હતો, અને ધર્મક્રિયાથી રહિત હતો. તે બળદેવ વહાણવડે પરદેશમાં વેપાર કરવા જાય છે. એકદા ઘણો લાભ થવાનું સાંભળીને તે **ચૌડ** દેશમાં ગયો. ત્યાંના ચૌડ રાજાએ પણ લોકોએ વર્ણન કરાતા સત્ય શ્રેષ્ઠીના ગુણનો સમૂહ સાંભળીને તેના દર્શનની પ્રીતિમાં રાગી થવાથી તેના ભાઈ બળદેવને કહ્યું કે–" મારા દર્શનને માટે તું સર્વથા પ્રકારે સત્ય શ્રેષ્ઠીને અહીં લાવજે." આ પ્રમાણે તે રાજાનો આદર જોઈને તેણે તેનું વચન અંગીકાર કર્યું. પછી કાળક્રમે બળદેવ પોતાને ઘેર આવ્યો , અને તેણે સત્યને તે વાત કહી. ત્યારપછી કોઈક દિવસ લક્ષ્મીના ચપળપણાને લીધે અને અંતરાયકર્મના ઉદયને લીધે સત્ય શ્રેષ્ઠી અલ્પ ધનવાળો થઈ ગયો, તેથી તેણે ચૌડ દેશમાં જવા માટે પ્રભાકર રાજાને પૂછયું ( તેની રજા માગી ) ત્યારે તેણે અનુજ્ઞા આપી. ત્યારપછી ઉચિત, મહાઅર્થવાળા અને મોટા મૂલ્યવાળા વિવિધ પ્રકારના કરીયાણાં ગ્રહણ કરી, પોતાના ભાઈ બળદેવની સાથે સત્ય શ્રેષ્ઠી ચૌડ દેશમાં ગયો. તેનું આગમન સાંભળીને ચૌડરાજ તુષ્ટમાન થયો. તેને રહેવા માટે ઘર અપાવ્યું, ઉચિત સત્કારવડે તેની પૂજા ( ભક્તિ–પરોણાગત ) કરી, અને કેટલાક દિવસ પોતાની પાસે રાખ્યો. ત્યારપછી પોતે આણેલા કરીયાણાં વેચી, પોતાના દેશને યોગ્ય સામા કરીયાણાં ગ્રહણ કરી, ચૌડ દેશના રાજાની અનુજ્ઞા લઈ સત્ય શ્રેષ્ઠી વહાણ ઉપર ચડ્યો.

ત્યારપછી અનુકૂળ પવનથી પ્રેરાયેલા મોટા ધ્વજપટ( સઢ )ને લીધે વેગ વધવાથી તે વહાણ પોતાના નગર તરફ શીઘ્રપણે જવા લાગ્યું. તેમાં બેઠેલા તે સર્વ લોકો જેટલામાં કૌતુકથી વાયુવડે ઉછળતા કલ્લોલોએ કરીને ભયંકર સમુદ્રનો વિસ્તાર જુએ છે તેટલામાં તત્કાળ જળ ઉપર પોતાના શરીરની મોટાઈવડે વિંધ્ય પર્વતની ભ્રાંતિ કરે તેવો મોટા શરીરવાળો

મહામત્સ્ય જોવામાં આવ્યો. તે જોઇ બળદેવે કહ્યું કે–" અહીં આ પર્વત છે. આપણે ગયા ત્યારે આ પર્વત નહોતો, તેથી તમે માર્ગથી ચૂકયા છો. " તે સાંભળી ખલાસીઓએ કહ્યું કે–" આ પર્વત નથી પણ મોટો મત્સ્ય છે, તો હે સ્વામી ! તે જ આ માર્ગ છે. તમો મોહ ન પામો ( મુંઝાઇ ન જાઓ )."

ત્યારે બળદેવ બોલ્યો કે–" જો આ મત્સ્ય હોય તો હું વિવિધ કરીયાણાંથી ભરેલું આખું વહાણ હારી જાઉં. " આ પ્રમાણે બન્ને પક્ષવાળાએ સત્ય શ્રેષ્ઠીને સાક્ષી રાખીને હોડ કરી. પછી તેની પરીક્ષા (ખાત્રી) કરવા માટે તે ખલાસીઓએ નાની હોડીમાં બેસી ત્યાં જઈ તે મત્સ્યની પીઠ ઉપર ઘાસના પૂળા સળગાવ્યા, તેથી તે મત્સ્યના શરીરને તાપ લાગ્યો એટલે તે તત્કાળ અથાગ જળમાં ડૂબી ગયો. આ રીતે થવાથી બળદેવ પોતાનું તે આખું વહાણ હારી ગયો. ખલાસીઓ તુષ્ટમાન થયા. અનુક્રમે તેઓ પોતાના નગર પહોંચ્યા. તે વખતે તે ખલાસીઓએ તે વહાણ રોકયું અને બળદેવને વહાણમાંથી ઉતારીને કાંઠે મૂકયો. ત્યારે તેણે ખલાસીઓ સાથે ઝગડો આરંભ્યો કે— " આ મત્સ્યનો આહાર કરનારા કિરાતો ( ખલાસીઓ ) ખોટા છે અને ' અમે જીત્યા છીએ ' એમ કહીને ખોટો આડંબર કરે છે. " એમ કહીને તે બળદેવ કરીયાણાં ઉતારવા લાગ્યો. તે વખતે ખલાસીઓએ રાજાની આજ્ઞા માનવાનું કહ્યું, તો પણ બળદેવ માન્યો નહીં. ત્યારપછી બન્ને પક્ષ રાજા પાસે ગયા. તેઓ પરસ્પર વિવાદ કરવા લાગ્યા. તેમાં સાચો કોણ છે ? એવો પરમાર્થ નહીં જણાવાથી રાજાએ કહ્યું કે—"અરે ! આ બાબતમાં કોણ સાક્ષી છે ? " ત્યારે ખલાસીઓ બોલ્યા કે–" હે દેવ ! સાક્ષી તો છે જ, પરંતુ તે પોતાના ભાઇની ઉપેક્ષા કરીને અમારી સાક્ષી પૂરે કે ન પણ પૂરે. " રાજાએ પૂછયું– " તેવો કોણ છે ? " તેઓ બોલ્યા કે–" સત્ય શ્રેષ્ઠી. " આ પ્રમાણે તેઓએ કહ્યું ત્યારે રાજાએ તેને એકાંતમાં રાખીને (બોલાવીને) કાર્યનો પરમાર્થ પૂછયો.

ત્યારે તે સત્ય શ્રેષ્ઠીએ વિચાર કર્યો કે—" આ પ્રમાણે કાર્ય પ્રાપ્ત થયું છે તેમાં મારે શું કરવું ? જો હું સત્ય ન બોલું તો મારા વ્રતમાં કલંક લાગશે. જો કદાચ જેવું થયું છે તેવું કહું તો નાનો ભાઇ અનર્થ પામે છે (હારે છે), પૈસો જાય છે અને પ્રસિદ્ધિ(પ્રતિષ્ઠા)ની હાનિ થાય છે; તેથી આ બન્ને કાર્ય મોટાં આવી પડ્યાં. એકેનો ત્યાગ કરવા હું શક્તિમાન નથી. હવે શું કરું ? અથવા તો ગુરુની પાસે અંગીકાર કરેલા અને ચિરકાળ સુધી પાલન કરેલા નિયમને જાણી જોઇને આ લોકને માટે થઈને કેમ

વિરાધું (ભાંગું)? આથી બીજું મોટું પાપ શું છે કે સંસારની અસારતા જાણતા છતાં નિષેધ કરેલી બાબતમાં મોહથી પ્રવૃત્તિ થાય? ઘણું શું કહેવું? જો મસ્તક પર વજ્ર પડે, સ્વજન પણ અવળા મુખવાળા થાય અને લક્ષ્મી નાશ પામે, તો પણ હું કોઈ પણ પ્રકારે અસત્ય નહીં બોલું."

આ પ્રમાણે મનમાં નિશ્ચય કરીને તે શ્રેષ્ઠીએ રાજાને કહ્યું કે-" આ બિચારા ખલાસીઓ કહે છે તે સત્ય છે અને મારો ભાઇ અસત્યવાદી છે." આ પ્રમાણે સાંભળીને તુષ્ટમાન થયેલો રાજા વિચાર કરવા લાગ્યો કે-"અહો! આજ પણ આવા સત્યવાદી દેખાય છે, કે જેઓ પોતાના ભાઈની લક્ષ્મીનો નાશ થાય તો પણ પોતાની મર્યાદાને છોડતા નથી, તેથી કરીને આવા પ્રકારના પુરુષોએ કરીને જ આ કળિકાળને વિષે પણ ભૂમિતળ શોભે છે." એમ વિચારીને રાજાએ તે ખલાસીઓને બોલાવ્યા, અને ક્રોધથી તેમની તર્જના કરીને કહ્યું કે-" અરે દુરાચારી! જો કે કોઇ પણ પ્રકારે પરમાર્થ જાણ્યા વિના મને તે વણિકે તે પ્રકારે (તમારા પક્ષનું સત્ય) કહ્યું છે, તો પણ તમે માત્ર વચનના છળવડે કરીને જ અનેક કરીયાણાંથી ભરેલા વહાણને ગ્રહણ કરવા (છીનવી લેવા) શું તૈયાર થયા છો?" આવા વચનોવડે તેમનો તિરસ્કાર કરીને કંઈક (થોડું દ્રવ્ય) આપીને કાઢી મૂકયા, અને સર્વ દ્રવ્યનો સાર સત્ય શ્રેષ્ઠીને સોંપ્યો. તથા બળદેવને પણ કહ્યું કે—" ફરીથી આવું ન કરીશ."

આ પ્રમાણે અસત્ય વચનનો ત્યાગ કરનાર પુરુષો આ ભવમાં પણ લોકપૂજ્ય થાય છે, અને પરલોકમાં લીલાએ કરીને મોક્ષે જાય છે. આ પ્રમાણે **બીજું અણુવ્રત** કહ્યું. ( ૨ )

હવે ત્રીજું વ્રત અદત્તાદાન કહેવાય છે. તે સમગ્ર અનર્થના સમૂહને દૂર કરવામાં સમર્થ છે. તે અદત્ત બે પ્રકારનું છે: સ્થૂળ અને સૂક્ષ્મ. તેમાં સૂક્ષ્મ આ પ્રમાણે છે:-વૃક્ષની છાયામાં બેસવું વિગેરે સાધુને અનુજ્ઞા આપેલું નથી, તથા જે અતિ સંકલેશને ઉત્પન્ન કરનારું અને રાજાના દંડને લાયક હોય તે સ્થૂળ અદત્ત [1]સચિત્તાદિક ત્રણ પ્રકારનું છે. તેમાં સ્થૂળ અદત્તને વિષે ગૃહસ્થીઓને નિયમ હોય છે. આ વ્રત ગ્રહણ ન કરવાથી જે દોષો થાય છે તે લોકમાં પણ ચોરને વધ, બંધ, વૃક્ષ પર લટકાવવું અને મસ્તકનો છેદ વિગેરે સુપ્રસિદ્ધ જ છે. આ વ્રત અંગીકાર કર્યા છતાં પણ સંસારના ભયથી બીકણપણાને ધારણ કરતા ઉત્તમ શ્રાવકે આ પાંચ અતિચારો

૧ સચિત્ત, અચિત્ત અને મિશ્ર.

સદા વર્જવાના છેઃ—૧ ચોરે આણેલી વસ્તુ ગ્રહણ કરવી, ૨ ચોરને ચોરી કરવા જવાની પ્રેરણા કરવી, ૩ વિરુદ્ધ રાજ્યમાં જવું, ૪ ખોટા તોલા તથા માપ કરવા, અને ૫ ઘી વિગેરે એક વસ્તુમાં તેવી બીજી હલકી વસ્તુ ભેળવીને વેપાર કરવો. ચોરીથી પરાઙ્મુખ થયેલા લોકો કોઇ પણ પ્રકારે ચોરની સાથે મળેલા હોય તો પણ પવિત્ર આચારવાળા તેઓ **વસુદત્ત**ની જેમ આપત્તિને પામતા નથી."

આ પ્રમાણે સાંભળી ગૌતમસ્વામીએ પૂછ્યું કે-"હે ભગવન! તે વસુદત્ત કોણ હતો!" જગદ્ગુરુએ કહ્યું-"વ્યાક્ષેપ રહિત ચિત્તવડે (સ્થિર ચિત્તવડે) સાંભળો. **વસંતપુર** નગરમાં **વસુદેવ** નામે ઇભ્ય (શ્રેષ્ઠી) રહેતો હતો. તેને **વસુમિત્રા** નામની ભાર્યા હતી. તેણીને કાંઇ પણ સંતાન નહોતું, તેથી તેણીએ વિચાર્યું કે-"જો સંતતિને કારણે આ મારા ભર્તાર બીજી સ્રીને પરણશે તો હું ઘરની સ્વામિની નહીં રહું, અને જો મારા પરના અત્યંત ગાઢ અનુરાગવડે મનમાં રંજિત થવાથી બીજી સ્રી નહીં પરણે, તો તેના મરણને છેડે રાજા અને પિત્રાઇ વિગેરે ઘરનો સાર લઇ જશે તો હું વિશેષે કરીને અસ્વામિની'જ થઇશ; તેથી જો કોઇ પણ પ્રકારે મને પુત્ર થાય તો સારું થાય." આવા પ્રકારના અભિપ્રાયે કરીને તે વસુમિત્રા હંમેશાં દેવતાઓની સેંકડો માનતાઓ કરે છે, અને મંત્ર, તંત્રને જાણનાર માણસને પૂછે છે. હવે આ અવસરે **સૌધર્મ** કલ્પમાં **અરૂણાભ** વિમાનમાં મહર્દ્ધિક **વિદ્યુત્પ્રભ** નામનો દેવ હતો. તે પોતાનો ચ્યવનકાળ નજીક હોવાથી પોતાની પ્રકૃતિનો વિપર્યાસ (ફેરફાર) જોઇને વ્યાકુળ ચિત્તવાળો અને ભયભ્રાંત થઇને વિચારવા લાગ્યો કે—

'આ કલ્પવૃક્ષનું મૂળ (થડ) રત્નના સમૂહવડે બનાવેલી ગાઢ પીઠિકાથી દૃઢ બંધાયેલું છે અને આ વૃક્ષ નિરંતર અવસ્થિત રૂપવાળો છે, છતાં કેમ કંપે છે? સુંદર મંદાર વૃક્ષના પુષ્પની માળા પૂર્વે કોઇ વખત કરમાઇ ન હોતી, છતાં કારણ વિના પણ હમણા એકદમ કેમ કરમાઇ ગઈ? જાતિવંત સુવર્ણ જેવો દેદીપ્યમાન શરીરની કાંતિનો સમૂહ તાવિચ્છના ગુચ્છાથી જાણે ઢંકાયો હોય તેમ મલિનતાને કેમ ધારણ કરે છે? સર્પની કાંચળી જેવા નિર્મળ (ઉજ્જવળ) દેવદૂષ્ય વસ્રો કાજળના જળથી જાણે ધોયા હોય તેમ અત્યંત કાળા કેમ દેખાય છે? મારા બે નેત્રો સ્વભાવથી જ નિમેષ રહિત છે, તે હમણાં દેવપણામાં વિરુદ્ધ એવું મીંચાવું અને ઉઘાડવું કેમ કરે છે?

મારું ચિત્ત નાટક વિગેરેમાં વ્યગ્ર છે, છતાં વૈરિણીની જેમ પાપી નિદ્રા વચ્ચે વચ્ચે અવસર પામીને કેમ મને ઉપદ્રવ કરે છે ? અત્યંત પ્રેમવડે પરવશ ચિત્તવાળો પણ સર્વ પરિવાર જાણે કે થોડા દિવસમાં જોયેલો હોય તેમ હમણાં મારા વચનને કેમ વખાણતો (માનતો) નથી ? તેથી કરીને હું મારા જીવિતનું સર્વથા કુશળ જાણતો નથી, કેમકે ઉત્પાતો કદાપિ કલ્યાણકારક ન જ હોય." આ પ્રમાણે ચિંતાની પરંપરાથી તેને તીવ્ર સંતાપ ઉત્પન્ન થયો અને તેથી કરીને તે દેવ દાવાનળથી બળી ગયેલા કલ્પવૃક્ષની જેવો ઝાંખો દેખાવા લાગ્યો.

આ પ્રમાણે શોકથી ગ્લાનિ પામેલા મુખવાળો તે જેટલામાં સિંહાસન પર બેઠો હતો તેવામાં તેનો પ્રિય મિત્ર **કનકપ્રભ** નામનો દેવ તે પ્રદેશમાં આવ્યો. તેને તેવા પ્રકારે રહેલો જોઇને તેણે વિચાર્યું કે-"કેમ આજે પ્રિય મિત્ર શૂન્ય ચિત્તવાળો દેખાય છે ? કારણ કે બીજે વખતે તો દૂરથી જ મને આવતો જોઇને આદર સહિત અને પ્રેમ સહિત પ્રથમથી જ બોલાવી, આસન આપી, પ્રણામાદિક કરી આનંદ પામતો હતો. આજ તો પાસે ગયા છતાં પણ મને ઓળખતો પણ નથી. તો ખરેખર કાંઇક કારણ હોવું જોઇએ." આ પ્રમાણે વિચારીને તેણે કહ્યું કે—

"વિદ્યુત્પ્રભ ! તું શું વિચારે છે ?" તે સાંભળી ઊંચું જોઇ વિદ્યુત્પ્રભે કહ્યું કે—"હે શ્રેષ્ઠ મિત્ર ! કનકપ્રભ ! અહીં આવ. આ આસનને અલંકાર કર." આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે તે બેઠો અને તેણે ખરાબ મન થવાનું કારણ પૂછ્યું. ત્યારે વિદ્યુત્પ્રભે પોતાનો વૃતાંત કહ્યો. તે સાંભળી કનકપ્રભે કહ્યું કે-"હે પ્રિય મિત્ર ! આ લક્ષણો સર્વથા પ્રકારે સારા નથી, તેથી ચાલ આપણે તીર્થંકરને પૂછીએ કે અહીંથી ચ્યવીને તારી ક્યાં ઉત્પત્તિ થશે ?" વિદ્યુત્પ્રભે કહ્યું-"એમ હો." પછી તે બન્ને મહાવિદેહ ક્ષેત્રમાં ગયા. તીર્થંકરને વંદના કરીને વિનય સહિત પૂછ્યું કે-"હે ભગવન ! હું ક્યાં ઉત્પન્ન થઇશ ?" ભગવાને કહ્યું-"વસંતપુર નગરમાં વસુદેવ નામના વણિકની વસુમિત્રા નામની ભાર્યાની કુક્ષિમાં તું પુત્રપણે ઉત્પન્ન થઇશ." આ પ્રમાણે સાંભળીને વિદ્યુત્પ્રભ જેમ આવ્યો હતો તેમ પાછો પોતાને સ્થાને ગયો. બીજે દિવસે તે સિદ્ધપુત્રનું રૂપ વિકુર્વીને વસુદેવને ઘેર આવ્યો. "આ કોઇક અતિશયવાળા છે." એમ જાણીને વસુમિત્રા તેની સન્મુખ ઊભી થઇ. તેને આદરથી પૂછ્યું કે-"હે મહાભાગ્યવાન ! તમે જાણો છો કે મારે પુત્ર થશે કે નહીં ?" દેવે કહ્યું-"જો તું તે પુત્રને પ્રવ્રજ્યા લેતાં નિવારે નહીં, તો હું તે

પ્રકારે કરું કે જેથી તને પુત્ર થાય." તેણીએ તે વાત કબૂલ કરી ત્યારે કપટથી તે દેવે મંડળ પૂરી, અગ્રપૂજાપૂર્વક મોટા વિસ્તારથી દેવતાનું પૂજન કરીને કહ્યું કે-'હે ભદ્રે ! અમુક દિવસે ઉત્તમ સ્વપ્નથી સૂચિત થયેલો પુત્ર તારા ગર્ભમાં આવશે.' તેણીએ કહ્યું-'તમારા પ્રસાદથી એમ થાઓ.' પછી દેવ અદ્રશ્ય થયો. પછી કોઈક દિવસે તે દેવ ચ્યવીને તેણીના ગર્ભમાં ઉત્પન્ન થયો. કાળ પૂર્ણ થયે જન્મ થયો. તેની વધામણી કરી તથા તેનું **વસુદત્ત** નામ પાડયું. ઉચિત સમયે તેને કળાની કુશળતા ગ્રહણ કરાવી. એકદા તેનો પિતા તેને સાધુની સમીપે લઇ ગયો. સાધુએ તેને બાર વ્રત સહિત શ્રાવક ધર્મ કહ્યો. તે તેને પૂર્વભવમાં તીર્થંકરના વચન ઉપર અનુરાગ ને આસક્તપણું હોવાથી પરિણમ્યો (રુચ્યો); તેથી તેણે ભાવપૂર્વક અંગીકાર કર્યો, બારે વ્રતો ગ્રહણ કર્યા અને તે અતિચાર રહિતપણે પાળવા લાગ્યો. એકદા વિશેષ ધર્મની વાસના વિશેષે કરીને ઉત્પન્ન થવાથી તેણે સાધુની પાસે મુનિધમ પૂછયો. ત્યારે તેમણે આ પ્રમાણે તે ધર્મ કહ્યોઃ—

પાંચ મહાવ્રત, ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, અતિચાર રહિત અઢાર હજાર શીલાંગરથ, અત્યંત દુઃખે કરીને સહન થઈ શકે તેવા ક્ષુધા, તૃષ્ણા વિગેરે બાવીશ પરીષહો, ચાર પ્રકારનો વિનય, અનિયમિત વાસ, અલોભ, પિંડવિશુદ્ધિ, સૂત્ર અને અર્થનું ચિંતવન, સદા ગુરુકુળમાં વસવું, નિરંતર તપશ્ચર્યામાં ઉદ્યમ, ક્રોધનો ત્યાગ, ગામ અને કુળ વિગેરેને વિષે પ્રતિબંધનો ત્યાગ, નિરંતર ઉત્તરોત્તર ગુણ ઉપાર્જન કરવામાં ઉદ્યમ, અત્યંત સંસાર ઉપર નિર્વેદ (કંટાળો), યથાર્થ રીતે જિનેશ્વરના માર્ગની પ્રરૂપણા, સર્વ પ્રાણીઓ ઉપર દયાભાવ, પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ તથા નિરંતર આત્મતત્ત્વની વિચારણા. આ પ્રમાણે હે સુંદર ! સાધુધર્મના સાધનનો વિધિ સાંભળીને અત્યંત પ્રમાદ રહિત કરવાથી તે મોક્ષપદ આપે છે." આ પ્રમાણે મુનિએ કહ્યું ત્યારે વસુદત્તનો ધર્મપરિણામ અત્યંત વૃદ્ધિ પામ્યો, તેથી તેણે કહ્યું કે-"હે ભગવન્ ! મને શીઘ્રપણે પ્રવજ્યા આપો." ત્યારે મુનિએ કહ્યું કે-"માતા-પિતાની અનુજ્ઞાપૂર્વક પ્રવજ્યા ગ્રહણ કરવી યોગ્ય છે, અન્યથા ગ્રહણ કરવી યોગ્ય નથી; તેથી પોતાના કુટુંબની રજા લઈને શીઘ્રપણે તું દીક્ષા ગ્રહણ કર. સર્વ સંગનો ત્યાગ કરવો તે જ સારા જ્ઞાનનું ફળ છે."

આ પ્રમાણે મુનિઓએ કહ્યું ત્યારે તે માતા-પિતાની પાસે ગયો અને પોતાના ચિત્તનો પરિણામ કહ્યો. ત્યારે તેમણે કહ્યું કે-"હે પુત્ર ! ભોગ

ભોગવ્યા પછી પ્રવ્રજ્યા ગ્રહણ કરજે. ત્યાંસુધી હાલ અણુવ્રતાદિક શ્રાવકધર્મવડે આત્માને પવિત્ર કર." તે સાંભળીને તે તેમના અવિશ્વાસને દૂર કરવા માટે સાધુની પાસે ભણતો ગૃહસ્થપણે રહ્યો. દીક્ષા લેવાનો નિશ્ચય હોવાથી યૌવન અવસ્થાવાળો થયા છતાં પણ તે પરણવાને ઈચ્છતો નહોતો. તેને તેવા પ્રકારનો જોઇને માતાએ વસુદેવને કહ્યું કે–"આ પુત્ર તપસ્વી જનના સંગને લીધે ધર્મના પરિણામવાળો થયો છે, તેથી વિષયના અંગીકારની અપેક્ષા કરતો નથી, સ્ત્રીને પરણવાનું માનતો નથી અને શરીરની શોભા કરતો નથી; તેથી કરીને ધાર્મિક જનોની સેવાથી સર્યું. સર્વથા આને જુગારી જેવાની સોબતમાં નાંખો કે જેથી કદાચ તેવા પ્રકારના સંબંધને લીધે તેના ભાવનો ફેરફાર થાય." આ વાત શ્રેષ્ઠીએ અંગીકાર કરી. પછી જે વાણીયાના પુત્રો જાતિ, વય અને વૈભવમાં સમાન હતા તેમની સાથે આને મેળવી દીધો. તેઓ અત્યંત વિષયમાં લુબ્ધ હતા અને દ્રવ્યનો નાશ કરતા હતા. તેમને તેમના માતા–પિતા ઘણી રીતે શિખામણ આપતા હતા તો પણ ઇંદ્રિયો દુર્દાંત હોવાથી તેઓ પાછા વળી શકતા નહોતા. પોતાને ઘેર ધન નહીં મળવાથી તેઓ ચોરી પણ કરતા હતા. એક દિવસ તેઓએ ચોરી કરવા માટે વિચાર કર્યો ત્યારે ઘણા ધન અને ધાન્યથી ભરેલું **મહેશ્વરદત્ત** શ્રેષ્ઠીનું ઘર જોયું. તે વખતે તેના ઘરના સર્વ માણસો એક વૃદ્ધાને ઘર સોંપી મોટી તીર્થયાત્રા કરવા નીકળી ગયા હતા, તેથી નિર્જન છે એમ જાણીને રાત્રિને સમયે તે ઘરમાં ચોરી કરવા ગયા. તે વસુદત્ત કાદવના કલંકવડે કમળના પત્રની જેમ અને કુશીળિયાના સંગવડે સારા સાધુની જેમ તેઓના ખરાબ આચારવડે જરા પણ લીંપાયો ન હોતો. માત્ર માતા–પિતાની આજ્ઞાનું અવલંબન કરતો દોરડાથી બાંધેલા વૃષભની જેમ પરમાર્થને જાણ્યા વિના જ તેમની સાથે ચાલ્યો હતો. પછી તેઓ ધીમે ધીમે તે મહેશ્વરદત્તના ઘરમાં પ્રવેશ કરતા હતા તે વખતે વસુદત્તે તેમને પૂછ્યું કે–" તમે અહીં કેમ પ્રવેશ કરો છો ?" તેઓએ કહ્યું કે–" હે ભદ્ર ! અહીં ચોરી કરવાને માટે આપણે પ્રવેશ કરીશું, તેથી ચરણ અને વચનનો વ્યાપાર ધીમે ધીમે કરતો તું ચાલ." ત્યારે તે બોલ્યો કે–" હું ત્યાં નહીં આવું. તમારી જેવી ઈચ્છા હોય તેમ તમે કરો." એમ કહીને તે બહાર જ રહ્યો અને તેઓ તે ઘરની અંદર પેઠા. તેમને વૃદ્ધાએ જાણ્યા. ત્યારે તે વૃદ્ધા ચોરી કરતા તેમના પગમાં પડવાના મિષથી "હે પુત્રો ! તમે આમ ન કરો." એમ બોલીને મોરપીંછવડે તેમના પગમાં ચિહ્ન કરવા લાગી.

અહીં વસુદત્ત વિચાર કરવા લાગ્યો કે-" અહો ! માતા-પિતાનું મૂઢપણું જુઓ કે આવા પ્રકારના કુશીળિયાની મધ્યે નાંખતા તેમણે આટલો પણ વિચાર ન કર્યો કે પાપી જનોની સંગતિના વશથી ગુણની હાનિ થાય છે, અને વિવિધ પ્રકારની આપદાઓ પ્રાપ્ત થાય છે. આ સંસારી જીવ પોતે જ પાપના કાર્ય સાધવામાં ઉદ્યમી હોય જ છે, તો પછી કુમિત્રના સંયોગથી અશુભ સ્વભાવ ઉત્પન્ન થાય તેમાં શું કહેવું ? તેથી હમણાં આ લોકોનો ત્યાગ કરીને હું મારે ઘેર જાઉં, કેમકે અન્યાયી માણસોના સંબંધથી મરણ પણ આવી પડે છે. અથવા તો તે માતા-પિતાના વચનને ઉલ્લંઘન કરીને હું હમણાં ઘેર જઇશ, તો મારો અવિનય કહેવાશે માટે જે થવાનું હોય તે ભલે થાઓ."

આ પ્રમાણે તે વિચાર કરતો હતો તેટલામાં તેઓ સમગ્ર ઘરનો સાર ચોરીને તે ઘરમાંથી બહાર નીકળ્યા અને ઉદ્યાનમાં ગયા. ત્યાં વિવિધ પ્રકારે ક્રીડા કરવા લાગ્યા. ગુરુ( માતા-પિતા )ના વચનરૂપી દોરડાથી બંધાયેલ વસુદત્ત પણ અત્યંત વૈરાગ્ય સહિત તેમની સમીપે રહ્યો. આ અવસરે સૂર્યમંડળ ઉદય પામ્યું. અંધકારનો સમૂહ નાશ પામ્યો. તે વૃદ્ધા ભેટણું ગ્રહણ કરીને રાજાની પાંસે ગઇ. તેણીએ રાત્રિનો સર્વ વૃત્તાંત યથાર્થ કહ્યો. રાજાએ કહ્યું-" આ અત્યંત ગંભીર ( મોટા ) નગરમાં કોણ કયાં હાથ લાગે ? " તેણીએ કહ્યુ -" તે સર્વ ચોરોને મેં મોરપીંછવડે પગમાં ચિહ્નવાળા કર્યા છે." આ પ્રમાણે તેણીએ કહ્યું ત્યારે રાજાએ પોતાના સેવકોને સર્વત્ર જોવાની આજ્ઞા આપી. તે સાંભળી તે સેવકો સર્વત્ર શોધ કરવા લાગ્યા. તેમાં ઉદ્યાનમાં રહેલા તેમને સર્વેને દીઠા અને ઇંગિત આકારવડે તેમને ઓળખ્યા. તેમને રાજા પાસે લઇ ગયા. તેણે પછી વૃદ્ધાને બોલાવી. તેણીએ પણ એક વસુદત્તને મૂકીને બીજા સર્વને ચોર કહ્યા. રાજાએ કહ્યું-" આ ચોરોના મંડળમાં રહ્યા છતાં પણ કેમ ચોર નથી ? " વૃદ્ધાએ કહ્યું-" તેના પગમાં મેં ચિહ્ન કર્યું નથી." રાજાએ કહ્યું-" જો તે દોષ રહિત હોય તો તેને મૂકી દો." વસુદત્તે કહ્યું-" હે દેવ! દુષ્ટ જનોના સંસર્ગે કરીને પણ હું દોષવાળો કેમ ન કહેવાઉં કે જેથી મારો પણ નિગ્રહ કરતા નથી ? " રાજાએ કહ્યું-" હે ભદ્ર ! જો આટલું પણ તું જાણે છે તો દુષ્ટના સંસર્ગનો મૂળથી જ ત્યાગ કેમ નથી કરતો ? " તેણે કહ્યું-" હે દેવ ! મારા નસીબને પૂછો." આ અવસરે તેનો સર્વ વૃત્તાંત યથાર્થપણે જાણતા એક પુરુષે કહ્યું કે-" હે દેવ ! આ પ્રવ્રજ્યા લેવાની ઇચ્છાવાળો છે, તેનો ભાવ પરાવર્તન કરવા (બદલાવવા) માટે તેના માતા-પિતાએ સ્નેહના અનુબંધને લીધે હમણાં જ આ દુર્લલિત

મિત્રોની મધ્યે નાંખ્યો છે, તેથી તેમને અનુસરવારૂપ જ આનો અપરાધ છે." આ પ્રમાણે સાંભળીને રાજાએ તાંબૂલ વિગેરે આપીને તેનું સન્માન કરી તેને પોતાને ઘેર મોકલ્યો, અને બીજા સર્વેને મહાદુઃખની રીતે (રીબાવીને) મારી નંખાવ્યા.

આવા અવસરે મુનિજનને ઉચિત વિહારવડે ભવ્ય જીવોને પ્રતિબોધ કરતાં, પ્રતિબંધ રહિત છતાં પણ જિનેશ્વરની આજ્ઞામાં પ્રતિબંધવાળા, દુષ્કર તપના આચરણવડે કર્મવનને બાળનાર છતાં પણ સર્વ પ્રાણીઓને સુખ કરનારા **વિજયસિંહ** નામના સૂરિ ત્યાં પધાર્યા. તે વખતે ત્રિક, ચતુષ્ક અને ચત્વર વિગેરે સ્થાનોમાં હર્ષના ભારથી ભરાયેલા લોકો પરસ્પર બોલવા લાગ્યા કે-" અહો ! અહો ! અગાધ સંસારસમુદ્રમાં પડતા જંતુના સમૂહને વહાણ સમાન, અને મોક્ષસુખને સાધવામાં આસક્ત અને જેનું નામ ગ્રહણ કરવાથી પણ સુખ ઉપજે એવા ભગવાન (પૂજ્ય) આચાર્ય અહીં પધાર્યા છે. તેવા મહાત્માઓનું નામ શ્રવણ કરવું તે પણ પાપના સમૂહને નાશ કરવામાં સમર્થ છે, તો પછી તેમને વંદન કે નમસ્કાર કરવાથી પાપનો નાશ થાય તેમાં શું કહેવું ? તેથી હે દેવાનુપ્રિયો ! આપણે તેમને વાંદવા જઇએ." આ પ્રમાણે સાંભળીને નગરના લોકો સૂરિની સમીપે ચાલ્યા. તે વસુદત્ત પણ રાજાના મોકલવાથી પોતાને ઘેર ગયો અને માતા-પિતાને પૂર્વનો વૃત્તાંત કહ્યો કે-" તમારા ખોટા વાત્સલ્યે કરીને હું આજે ધર્મ કર્યા વિના જ વિનાશ પામ્યો હોત, તો સ્નેહના વાત્સલ્યપણાએ કરીને મને અનર્થના સમૂહમાં કેમ નાંખો છો ? કે જેથી મને ધર્મ કરવા માટે મૂકતા (રજા આપતા) નથી ? " આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે માતા-પિતાએ તેને અનુજ્ઞા આપી. એટલે તે સૂરિની પાસે ગયો. પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ત્યારપછી એકાંત ધર્મકાર્યમાં જ ઉદ્યમવંત થયો.

આ પ્રમાણે હે ઇંદ્રભૂતિ ગૌતમ ! જેઓએ ચોરીરૂપી એક ( અદ્વિતીય ) પાપસ્થાનનો ત્યાગ કર્યો હોય તેવા મનુષ્યોનું જીવિત બન્ને લોકને વિષે સફળ થાય છે. **ઇતિ ત્રીજું અણુવ્રત** (૩).

આ પ્રમાણે ત્રીજું અણુવ્રત કહ્યું. હવે મૈથુનની વિરતિથી ઉત્પન્ન થયેલું ચોથું અણુવ્રત કહેવાય છે તે સાવધાન ચિત્તે સાંભળો. તે મૈથુન બે પ્રકારનું છે : સૂક્ષ્મ અને સ્થૂળ. તેમાં કામના ઉદયવડે ઇંદ્રિયોનો જે કાંઇક વિકાર તે સૂક્ષ્મ કહેવાય છે તથા જે સંભોગ કરવો અથવા કામભોગને માટે મન, વચન અને કાયાની ચેષ્ટા કરવી તે સ્થૂળ મૈથુન કહેવાય છે. તે સ્થૂળ મૈથુન ઔદારિક અને વૈક્રિય એવા ભેદે કરીને બે પ્રકારનું જાણવું.

તેમાં ઔદારિક મનુષ્ય અને તિર્યંચના ભેદે કરીને બે પ્રકારનું છે, અને વૈક્રિય પણ દેવ અને મનુષ્ય સંબંધી બે પ્રકારનું છે. હવે આ મૈથુનની વિરતિનું વ્રત ત્રણ પ્રકારનું છે : ૧ પરસ્ત્રીનો ત્યાગ, ૨ સ્વદારાનો સંતોષ અને ૩ સર્વથા બ્રહ્મચર્ય. તેમાં નિશ્ચળ ચિત્તવાળો અને સુધર્મમાં પ્રતિબંધવાળો જે સુશ્રાવક દેવતા, તિર્યંચ અને પરદારાના મૈથુનનો ત્યાગ કરે તે તેની (મૈથુનની) વિરતિવાળો કહેવાય છે. આ વ્રતવાળો નિરતિચારપણાને માટે સમ્યક્ પ્રકારે ૧ ઇત્વરાગમન, ૨ અપરિગૃહીતા( વેશ્યા )ગમન, ૩ અનંગક્રીડા, ૪ પરના વિવાહ કરવા અને ૫ કામનો તીવ્ર અભિલાષ-આ પાંચ અતિચારને વર્જે છે.

વળી બીજું-અપવિત્ર, નિંદિત અને પરિણામે દુ:ખનો ઉદય આપનારા કામભોગને વિષે કોઇક ધન્ય પ્રાણીઓ સ્વભાવથી જ વૈરાગ્ય પામે છે. અને બીજા કેટલાક ઉત્કટ કામદેવના બાણવડે સર્વ અંગમાં ભેદાઇને, યોગ્યાયોગ્યની અવગણના કરીને, પોતાના શરીરના વિનાશને વિચાર્યા વિના લાજ અને મર્યાદા મૂકીને પરસ્ત્રીને વિષે ભોગ ભોગવવાની લાલસાવાળા તે જ જન્મમાં આપત્તિને પામે, છે, તો પરભવમાં આપત્તિને પામે તેમાં શું કહેવું ? વળી બીજા કેટલાક તેવા પ્રકારના ગુરુના ઉપદેશથી નિર્મળ વિવેકવાળા થઇ, પ્રયત્નવડે પરસ્ત્રીના સંગનો ત્યાગ કરી, માત્ર તેની વિરતિથી જ વૃદ્ધિ પામતા વિશુદ્ધ ધર્મના પ્રતિબંધવાળા ઉત્તમ પુરુષો **સુરેન્દ્રદત્તની** જેમ મોક્ષનગરમાં નિવાસ કરનારા થાય છે."

તે સાંભળી ગૌતમસ્વામીએ કહ્યું કે-' હે ત્રણ લોકને પ્રકાશ કરવામાં સૂર્ય સમાન ભગવન ! આ સુરેંદ્રદત્ત કોણ ? તેને ગુરુના ઉપદેશથી વિવેકનો લાભ શી રીતે થયો ? અને માત્ર પરદારાની વિરતિથી જ તેને મોક્ષની પ્રાપ્તિ શી રીતે થઇ ?" ત્યારે જગદ્ગુરુએ કહ્યું કે-" સાંભળો. આ ભરતક્ષેત્રમાં સમગ્ર પૃથ્વીના વિસ્તારનું ભૂષણરૂપ **વિજયપુર** નામનું નગર છે. તેમાં ઊંચા શિખરવાળા જિનચૈત્યોમાં શબ્દ કરતી મણિની ઘુઘરીઓવડે મનોહર દેખાતી ધ્વજાઓ ફરકી રહી છે, તથા તે નગર શૃંગારવડે ઉત્કટ રૂપવાળી સ્ત્રીઓના સમૂહથી શોભિત છે. તે નગરમાં **શિવભદ્ર** નામનો રાજા હતો. તેની આજ્ઞાને નમ્રતાપૂર્વક સર્વ રાજાઓનો સમૂહ માન્ય કરતો હતો. તેને સમગ્ર અંત:પુરમાં શ્રેષ્ઠ **રાજશ્રી** નામની ભાર્યા હતી. તેમને દેવકુમાર જેવા રૂપવાળો અને ધનુર્વિદ્યાદિક કળાની કુશળતાના ઘરરૂપ **સુરેંદ્રદત્ત**

નામનો પુત્ર હતો. તેણે પૂર્વભવમાં બાળ, ગ્લાન, ગુરુ, સ્થવિર, તપસ્વી અને જ્ઞાની મુનિજનની સેવા( વૈયાવચ્ચ )વડે પુણ્યનો સમૂહ ઉપાર્જન કર્યો હતો. તેના વશથી ગાઢ સૌભાગ્યનો ઉદય વૃદ્ધિ પામ્યો હતો, તથા ઊગતી જુવાનીના ગુણો વિકસ્વરપણાને પામ્યા હતા; તેથી અત્યંત સુશોભિત શરીરવાળો તે જ્યાં જ્યાં નગરમાં ફરતો હતો ત્યાં ત્યાં બીજા સર્વ વ્યાપાર ( કામકાજ )નો ત્યાગ કરી, ગુરુજનની લજ્જાની અવગણના કરી, કુળના અભિમાનની અપેક્ષા નહીં રાખીને નગરની સ્ત્રીઓ નિમેષ રહિત દૃષ્ટિવડે તેને જોતી હતી. અત્યંત પ્રાર્થના કરાયેલો તે કુમાર સદ્ધર્મમાં અવળા મુખવાળો થઇને શ્રેષ્ઠી, સાર્થવાહ અને પ્રધાન જનોની યુવતીઓ સાથે ક્રીડા કરતો હતો. નગરના લોકો આ વૃત્તાંતને જાણતા હતા, તો પણ " જે રક્ષણ કરનાર તે જ લોપ (ભક્ષણ) કરનાર છે " એમ મનમાં વિચારીને કાંઇ પણ બોલતા નહિ.

એકદા તે નગરમાં અત્યંત ચોરનો ઉપદ્રવ થયો. તે વખતે પૌરજનોએ તે વાત રાજાને જણાવી ત્યારે રાજાએ પણ કોટવાળની તર્જના કરી અને નગરના સર્વ પ્રદેશોમાં પહેરેગીરોને રાખ્યા. પછી રાત્રિએ તે પહેરેગીરો સૂઇ ગયા છે કે પ્રમાદી થયા છે? તે જોવા માટે વેષ બદલીને, હાથમાં ખડ્ગ ગ્રહણ કરીને રાજા પોતે જ ઘરથી બહાર નીકળ્યો, અને ત્રિક, ચતુષ્ક અને ચત્વર વિગેરે સર્વ ઠેકાણે ફરવા લાગ્યો. તથાપ્રકારે રાજા ફરતો હતો તે સમયે નિર્જન સ્થાન જાણીને એક સ્થવિર પુરુષ આ પ્રમાણે બોલ્યો:–

" ચોરો ઘરનો સાર લુંટી લે છે અને કુમાર નગરની જુવાન સ્ત્રીઓને હરી લે છે. આવા પ્રકારની રક્ષાવડે હે શિવભદ્ર રાજા! તમારું કલ્યાણ થાઓ." પાછળ રહેલો રાજા આ પ્રમાણે સાંભળીને મનમાં અત્યંત વિસ્મય પામી તેની સમીપે ગયો, અને તેને ધીમેથી કહેવા લાગ્યો કે–" હે વૃદ્ધ ! તેં જે આ ગાથા કહી તેનો પરમાર્થ કહે. " તેણે કહ્યું કે–" હે સુખને આપનાર! તે રાજવિરુદ્ધ કથા કહેવાથી મારે શું ફળ ? " રાજાએ કહ્યું–" તું કહે છે તે સત્ય છે, પરંતુ અહીં એકાંતમાં કહેવાથી કાંઈ પણ દોષ નથી માટે કહે. " ત્યારે તેણે નગરની યુવતીઓના વિષયવાળો કુમારનો સમગ્ર વૃત્તાંત ચોરના ઉપદ્રવ સહિત તે શિવભદ્ર રાજાની પાસે કહ્યો. તે સાંભળીને રાજાના નેત્ર પ્રલયકાળના અગ્નિ જેવા ભયંકર કોપવડે રક્ત થયા, અને ઉત્કટ ભૃકુટી ચડાવીને તે આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે–" અહહ ! મારા પાપી પુત્રે મોટું અકાર્ય કર્યું કે જેણે ચંદ્ર જેવા નિર્મળ મારા કુળને આ પ્રમાણે

મલિન કર્યું, તો શું હમણાં જ તે મહાપાપીને ગળાથી પકડીને નગરમાંથી કાઢી મૂકું કે દુર્વચનવડે તેની તર્જના કરું ? અથવા તો મંત્રીઓ સાથે સારી રીતે વિચાર કરીને તેને ઉચિત કરું; કેમકે સહસા કરેલા કાર્ય પરિણામે દુઃખદાયી છે."

આ પ્રમાણે વિચારીને રાજા પોતાના ભવનમાં ગયો અને સુખશય્યામાં સૂતો. પછી પ્રભાત સમય થયો ત્યારે મંત્રીઓને બોલાવ્યા. તેમને રાત્રિનો વૃત્તાંત કહ્યો. મંત્રીઓએ કહ્યું–" હે દેવ ! અમે પહેલાં પણ આ કુસમાચારની વાર્તા સાંભળી હતી, પરંતુ તેવો કોઈ પણ અવસર મળ્યો ન હોતો કે આપને કહી શકાય." રાજાએ કહ્યું–" પ્રથમ તો ગયેલા વૃત્તાંતને કહેવાથી સર્યું. હવે કહો. તેનો ( પુત્રનો ) શો દંડ કરશું ?" મંત્રીઓએ કહ્યું–" હે દેવ ! દંડે કરીને સર્યું. આપને હવે આટલું જ કરવું યોગ્ય છે કે એને સારા સાધુની પાસે લઇ જવો, અને એને ધર્મશાસ્ત્ર સંભળાવવા, રાજનીતિ ભણાવવી, તથા સજ્જનોની ગોષ્ઠીમાં બેસાડવો. આમ કરવાથી પણ તેનો ખરાબ આચારના ત્યાગનો પરિણામ થશે." તે સાંભળી રાજાએ તેમનું વચન અંગીકાર કર્યું. પછી તેણે કુમારને બોલાવ્યો. તેને સાથે લઇને રાજા **ધર્મસેન** સૂરિની સમીપે ગયો. તેને વાંદીને ઉચિત સ્થાને બેઠો. સૂરિએ પણ આ પ્રમાણે ધર્મકથા પ્રારંભી:—

" હે દેવાનુપ્રિયો ! જો તમે મોક્ષસુખ પામવાને ઇચ્છતા હો તો પ્રમાદ મૂકીને જિનેંદ્રના ધર્મને વિષે ઉદ્યમ કરો. અહીં અતિ કોપ પામેલા પણ લુંટારા, સર્પ, સિંહ, શત્રુ અને વાઘ વિગેરે તેવો અનર્થ નહીં કરે કે મહાપાપી પ્રમાદ જે અનર્થ કરે. વળી તે પ્રમાદ મદ્ય, કષાય, નિદ્રા, વિકથા અને વિષયના ગ્રહણવડે પાંચ પ્રકારનો છે. તે મોક્ષનો નાશ કરનાર જાણવો. મદિરાપાન કરવાથી જેના મનનો પ્રસાર પરવશ થયો છે એવો પુરુષ યુક્ત-અયુક્તને જાણતો નથી, અને તેથી કરીને તેવું કોઇ પાપ નથી કે જે પાપને તે ન આચરે. આ મદિરાના દોષથી જ દેવોએ કરેલા સુવર્ણના શ્રેષ્ઠ પ્રાકાર અને દરવાજાવાળી દ્વારકા નગરી કે જે યાદવોવડે વ્યાપ્ત હતી, તે પણ મૃત્યુના સુખને પામી. કષાયો પણ પરિણામે ખેદ કરાવનારા છે, મોટા પિશાચની જેમ અપવાદને આપનારા છે, અને દુષ્ટ અધ્યવસાયને ઉત્પન્ન કરનારા છે; તેથી તે સુખને આપનારા નથી. આ કષાયવડે જેની બુદ્ધિ હણાઈ ગઇ છે એવા જીવો દુષ્કર તપનું આચરણ કરનારા હોય તો પણ તે કરડ અને ઉત્કરડ નામના મુનિઓની જેમ સાતમી નરકપૃથ્વીમાં પડે છે.

નિદ્રારૂપી પ્રમાદના ચિત્તવાળા પ્રાણીઓ પણ કદાપિ શ્રુતજ્ઞાનરૂપી ધનને પામતા નથી, અને કોઈ પણ પ્રકારે પ્રાપ્ત થયું હોય તો પણ બુદ્ધિ રહિત તેઓ તેને હારી જાય છે. તેથી કરીને જ ચૌદ પૂર્વધર પણ શ્રેષ્ઠ શ્રુતરત્નનો નાશ કરી, મરણ પામી અનંત કાળ સુધી અનંતકાયને વિષે વસે છે. વળી જેઓ પોતાના ( આત્માના ) કાર્યને મૂકીને ભોજનકથા, દેશકથા, સ્ત્રીકથા અને રાજકથારૂપી વિકથાને કરે છે તેઓ કેમ દુઃખી ન હોય ? અથવા તો અજ્ઞાની મનુષ્યો પણ વિકથા કરનાર ને અનર્ગળ બડબડાટ કરનારને ગ્રથિલ છે એમ કહે છે. અથવા તેઓને મનુષ્યભવનો શો ગુણ છે ? તથા વળી જે વિષયો માત્ર સ્મરણ કરવાથી પણ દુરંત સંસાર આપે છે, તો સેવન કરવાથી અનિષ્ટ કરનાર થાય તેમાં શું આશ્ચર્ય છે ? મનુષ્યો વિષયોને માટે દુષ્કર વ્યવસાય( ઉદ્યમ )ને પણ કરે છે, અને પોતાના જીવિતને પણ સંશયરૂપી તુલામાં આરોપણ કરે છે ( નાંખે છે ). તે વિષયને વશ થયેલા પ્રાણીઓ ચિરકાળની પાલન કરેલી કુળમર્યાદાનો પણ ત્યાગ કરે છે, સર્વત્ર વિસ્તાર પામતા અપયશરૂપી ધૂળને પણ ગણતા નથી, સ્વજન-વર્ગને છેતરે છે, પોતાના પિતાને પણ તૃણ સમાન ગણે છે, ધર્મોપદેશને આપનારા ગુરુજનની પણ અવગણના કરે છે, વૈરાગ્યવાળા લોકોની હાંસી કરે છે, ઉત્તમ મનુષ્યોની ગોષ્ઠીને દૂરથી તજે છે, સનત્કુમારાદિકના ચરિત્રો સાંભળવાને પણ ઇચ્છતા નથી. આ પ્રમાણે તેઓ વિષયરૂપી મહાવિષવડે મૂઢ થયેલા મનવાળા લેશ માત્ર પણ સુખને નહીં પામવાથી પાપને વિષે જ અત્યંત આસક્ત રહે છે. કદાચ બાહ્યવૃત્તિથી તથાપ્રકારના ધર્મમાં પ્રવર્ત્યા છતાં પણ અને પંચાગ્નિ વિગેરે દુષ્કર તપવડે શરીરને તપાવ્યા છતાં પણ કર્મના વશવડે વિષયની વાંછા પૂર્ણ થયા વિના જ તે પાપીઓ ભાગવત મતના **શુભંકર** મુનિની જેમ વિનાશ પામીને દુર્ગતિમાં પડે છે. આ પ્રમાણે હે રાજા ! આવા પ્રકારના દોષથી દૂષિત થયેલા પાંચ પ્રકારના પ્રમાદને જાણીને તેમાં જ એક મન રાખી જિનેંદ્રના ધર્મમાં ઉદ્યમ કરો. ”

આ પ્રમાણે સૂરિએ પ્રમાદના વિસ્તારનો ઉપદેશ આપ્યો ત્યારે સુરેંદ્રદત્ત કુમારના ચિત્તનો પરિણામ નિર્મળ થયો, તેથી તે કહેવા લાગ્યો કે-“ હે ભગવન્ ! આ તમે પૂર્વે કહેલ શુભંકર મુનિ કોણ ? અને કેવી રીતે તે વિષયની વાંછા પૂર્ણ કર્યા વિના મરીને દુર્ગતિમાં ગયો ? તે મને કહો. ” ત્યારે સૂરિએ કહ્યું કે-“ કહું છું:—

**માલવ** દેશમાં પ્રખ્યાત કીર્તિવાળી **ચક્રપુરી** નામની નગરી છે. તેમાં ઘણા વણિકજનોનો ચક્ષુરૂપ અને ઘણા દ્રવ્યના સમૂહવાળો **સોમદત્ત** નામનો શ્રેષ્ઠી હતો. તેને સાત પુત્રો ઉપર અનેક સેંકડો માનતાથી ઉત્પન્ન થયેલી એક **દેવશ્રી** નામની નાની પુત્રી હતી. તે અત્યંત રૂપવાળી યૌવનવયને પામ્યા છતાં પણ તથાપ્રકારના વરને અભાવે કાળને નિગર્મન કરતી હતી. તે સમયે તે નગરીની સમીપે ઉછળતા મોટા તરંગોવડે કાંઠાને દળી નાખનાર અને અનેક પક્ષીઓના કુળવડે દિશાઓના આંતરાને વાચાળ કરનાર **યમૂના** નામની મોટી નદીના ઈશાન ખૂણામાં એક શુભંકર નામનો લૌકિક તપસ્વી રહેતો હતો. તે વેદ, પુરાણ, ભારત અને રામાયણની કથા કહેવામાં જ્ઞાન અને વિજ્ઞાનવડે નિપુણ હતો, પોતાના દર્શન(મત)નો અર્થવિસ્તાર કરવામાં તત્પર હતો, તેનો યશ સર્વત્ર પ્રખ્યાત હતો અને સર્વ ભાગવત મતના મુનિઓમાં પ્રધાન ( મુખ્ય ) હતો. વળી તે તપવડે, વચનની સુંદરતાવડે, ભવિષ્યના જ્ઞાનવડે અને લોકોના સંમતપણાવડે સમગ્ર નગરના મનુષ્યોને અત્યંત પૂજ્ય હતો. એકદા તેના ગુણસમૂહવડે જેનું હૃદય વશ થયું હતું એવા તે સોમદત્ત શ્રેષ્ઠીએ તેને ભોજન કરવા માટે પોતાને ઘેર આમંત્રણ કર્યું. તેના વચનના ઘણા આગ્રહને લીધે તે કેટલાક શિષ્યોના પરિવાર સહિત ભોજન સમયે તેને ઘેર ગયો. તેને પરિવાર સહિત સોમદત્તે મોટી ભક્તિથી નમસ્કાર કર્યા પછી સાફ કરેલા અને લીપેલા ઘરના એક ભાગમાં તેને આસન આપ્યું. ત્યાં તે બેઠો. શ્રેષ્ઠીના પુત્રોએ મોટા આદરથી તેના પાદ ધોયા, તથા તેની પાસે સુવર્ણમય અનેક કચોળા અને છીપલીઓમાં સુગંધી દ્રવ્યો ભરીને મૂકયા. પછી અત્યંત ભક્તિના સમૂહથી ભરેલા ચિત્તવાળો શ્રેષ્ઠી પોતે જ વિવિધ પ્રકારના શાક સહિત ઘણા ખાંડ, ખાજા વિગેરે મનોહર રસોઇ પીરસવા લાગ્યો. તે વખતે વાગતા મણિના નૂપુરના શબ્દવડે દિશાઓના આંતરાને વાચાળ કરતી, હાર, અર્ધહાર, કુંડળ, કટક, અંગદ અને રસના ( કંદોરા ) વિગેરે આભરણોવડે શરીરને અલંકૃત કરી, દિવ્ય ચીનાંશુક ( રેશમી વસ્ત્ર ) ને શરીરે ધારણ કરતી તે શ્રેષ્ઠીની પુત્રી દેવશ્રી પોતાના હાથમાં સુવર્ણના દંડવાળા વીંઝણાને ધારણ કરી ભોજન કરતા તે મુનિને વીંઝવા લાગી. આ અવસરે તેણીને અભિલાષ સહિત જોઇને શુભંકર તપસ્વીનું હૃદય તત્કાળ પ્રગટ થયેલા કામદેવરૂપી અગ્નિવડે પ્રદીપ્ત થયું. તેથી તે વિચાર કરવા લાગ્યો કે—

સર્પે મૂકેલા દેદીપ્યમાન ફૂત્કારરૂપી અગ્નિની જ્વાળાનો સમૂહ સહન કરવો સહેલો છે, અને ઉત્કટ ધનુષ્યથી મૂકેલા તીક્ષ્ણ બાણોનો સમૂહ પણ સહન કરવો સહેલો છે, પરંતુ નિર્દય કામદેવના ભાવથી મિશ્ર થયેલા આ કન્યાના કમળના પાંદડા જેવા લાંબા નેત્રના વિક્ષોભ સહન કરી શકાય તેવા નથી. હું માનું છું કે આના રૂપથી લજ્જા પામેલી રતિ, રંભા, લક્ષ્મી, તિલોત્તમા વિગેરે દેવાંગનાઓ કયાંય પણ દેખાતી નથી. જો આ કન્યાને હું પ્રાપ્ત ન કરું તો મારું જ્ઞાન, ધ્યાન, શાસ્ત્રની કુશળતા અને દેવપૂજા વિગેરે સર્વ નિષ્ફળ છે. માત્ર કોઈ પણ ઉપાયથી આનો સંગમ થયા છતાં પણ જો દૈવના વશથી સર્વત્ર મારો અવર્ણવાદ ( અપયશ ) વિસ્તાર પામે તો તેને અટકાવવો દુઃસહ છે. અથવા તો આ ચિંતાએ કરીને શું ? કેમકે હરિ, હર, બ્રહ્મા, વસિષ્ઠ, જમદગ્નિ, ચાર અને દુર્વાસા વિગેરે દેવો અને ઋષિઓ પણ પહેલાં જો સ્ત્રીઓના વચનના નિર્દેશ કરનારા થયા હતા, તો સામાન્ય ધર્મને પામેલા અમારી જેવા મુનિજનને તેમાં શી લજ્જા અને શી નિંદા ? તેથી કરીને વિકલ્પવડે સર્યું. તે પ્રકારે કાંઈ પણ કરું કે જે પ્રકારે આની સાથે સંગમ થાય." આ પ્રમાણે નિશ્ચય કરીને તે ગંભીર[1] ભાવને પામ્યો.

પછી તે પોતાના આકારનો સંવર કરીને ( ગુપ્ત કરીને ) જે પ્રમાણે ઇચ્છા હતી તે પ્રમાણે ભોજન કરવા લાગ્યો. ત્યારપછી તત્કાળ વિકાસ પામેલા કામદેવરૂપી ગુરુના ઉપદેશના વશથી જ જાણે હોય તેમ તેને બુદ્ધિ ઉત્પન્ન થઈ કે–" આ શ્રેષ્ઠીને હું છેતરું કે જેથી નિંદા રહિત આનો લાભ મને થાય." એમ વિચારીને શ્રેષ્ઠી જુએ ( જાણે ) તેમ દુઃસહ દુઃખના આવેશને સૂચન કરનારો લાંબો સીત્કાર તેણે મૂક્યો. તે સંભ્રમ સહિત શ્રેષ્ઠીએ જોયો. ક્ષણ વાર ગયા પછી ફરીથી પણ બે ત્રણ વાર પૂર્વના ક્રમે કરીને ( પ્રથમની જેમ ) પ્રગટ થયેલા રુંવાડાના રોમાંચથી ભરેલ અને પોતાના મુખના ભંગવડે દેદીપ્યમાન એવો સીત્કાર મૂક્યો. ત્યારે " અહો ! કાંઈક મોટું અનિષ્ટ આવી પડશે." એમ વિચારતો શ્રેષ્ઠી જેટલામાં રહ્યો છે તેટલામાં તે મુનિ મુખશુદ્ધિ કરીને ભોજનમંડપમાંથી ઉઠ્યો અને બીજે ઠેકાણે બેઠો. શ્રેષ્ઠી પણ બાકીનું કાર્ય કરીને તેની સમીપે આવ્યો. તેના પગમાં પડ્યો અને બે હાથ જોડી કહેવા લાગ્યો કે–" હે પૂજ્ય ! પ્રસાદ કરીને કહો કે શા માટે ભોજન કરતા તમે ત્રણ વાર જાણે દુઃસહ દુઃખના

[1] મનમાં ગંભીરતાને ધારણ કરી.

આવેશને સૂચવનાર હોય તેવો સીત્કાર મૂક્યો ?" ત્યારે શુભંકરે કહ્યું–" હે મહાભાગ્યશાળી ! શું કહેવું ? આવી જ હતવિધાતાની ઇચ્છા છે કે જેથી તે સર્વ રત્નને ઉપદ્રવ સહિત જ બનાવે છે. તે આ પ્રમાણે—

સમગ્ર કથાઓનું ઘર, આકાશરૂપી સરોવરનું કમળ અને સ્વર્ગલોકરૂપી ભવનના મંગળકલશરૂપ ચંદ્રનો પ્રતિપક્ષે ક્ષય કર્યો છે. સમગ્ર તિરછાલોકના દીવારૂપ અને કમળના વનની જડતાનો નાશ કરવામાં એક પ્રચંડ કિરણોવાળા ભગવાન સૂર્યના ચરણો નાશ ન પામે તેવા ઉગ્ર કોઢના દોષવડે નાશ પમાડ્યા છે. તથા જેનો ગંભીર કુક્ષિભાગ અનેક રત્નોના સમૂહવડે ભરેલો છે, અને પુષ્કળ જળના સમૂહવડે હજારો નદીઓના પ્રવાહ જેણે પરાઙ્મુખ (અવળા મુખવાળા) કર્યા છે–પાછા હઠાવ્યા છે એવા સમુદ્રની કુક્ષિમાં પણ નિરંતર જળનો સંહાર કરવામાં સમર્થ વજ્રનળ (ઉર્વાનળ) સ્થાપન કર્યો છે. આ પ્રમાણે વસ્તુઓનો પરમાર્થ રહેલો છે ત્યાં શું કહેવા લાયક છે ? અથવા તો ચિત્તમાં સંતાપ શો કરવો ?" તે સાંભળી શ્રેષ્ઠીએ કહ્યું–" હે ભગવન ! તમારા ગંભીર વચનવડે હું કાંઈ પણ સમજતો નથી, તેથી સ્પષ્ટ અક્ષરે કહો કે અહીં શું કારણ છે ?" ત્યારે શુભંકરે કહ્યું–" શું કહું ? આ બાબત કહેવાથી સર્યું. મુનિજન તો પોતાની મર્યાદાના વિઘાતનો પરિહાર કરવામાં જ ઉદ્યમવંત હોય છે." આ પ્રમાણે કહીને દંભ(કપટ)પણાએ કરીને ઉઠીને તે પોતાના આશ્રમસ્થાને ગયો. શ્રેષ્ઠી પણ અકસ્માત્ ઉપદ્રવને સૂચવનારું તેનું વચન સાંભળીને વ્યાકુળ થઈ વિચારવા લાગ્યો કે–" અહો ત્રણ કાળમાં રહેલા પદાર્થોને જાણવામાં નિપુણ આ મહાતપસ્વીએ ખરેખર અમારી ઉપર કાંઈ પણ ગાઢ આપદાનું આવી પડવું જાણીને પણ ચિત્તની પીડા દૂર કરવા માટે પ્રગટ અક્ષરથી કાંઈ પણ કાર્ય કહ્યું નહીં; તેથી કરીને જ્યાંસુધી હજુ કાંઇ પણ અનર્થ ઉત્પન્ન થયો નથી ત્યાંસુધીમાં તે શ્રેષ્ઠ મુનિને અત્યંત આગ્રહપૂર્વક પૂછીને જેમ ઉચિત હોય તેમ કરું." એમ વિચારીને તે તેના આશ્રમમાં ગયો, તેના પગમાં પડ્યો, વિનયપૂર્વક પ્રાર્થનાવડે ઘણા પ્રકારે તે તે પ્રકારે તેને કહ્યું કે જેથી તે અનુકૂળ ચિત્તવાળો થયો. તે વખતે તે મુનિએ કહ્યું કે–" અહો સોમદત્ત ! આ અત્યંત ન કહેવાય તેવું છે. કેવળ તારા અસમાન પક્ષપાતે કરીને મારું હૃદય વિહ્વળ થયું છે, તેથી હવે હું ગુપ્ત રાખી શકતો નથી; તેથી તું સાંભળ. હે મહાયશવાળા ! જે આ તારી પુત્રી છે તે થોડા દિવસમાં જ કુટુંબનો ક્ષય કરશે, એમ તેણીના લક્ષણવડે જાણીને મેં ભોજન કરતી વખતે અકસ્માત્ ઉપદ્રવ કરનાર હોવાથી

વ્યાકુળ ચિત્તવડે તથાપ્રકારનું અનિષ્ટ ગોપવી નહીં શકવાથી વારંવાર સીત્કાર કર્યો હતો. તે કારણ માટે હે મહાનુભાવ ! આ જ તેનું કારણ છે." આ પ્રમાણે સાંભળીને વજ્રના અગ્નિથી તાડન કરાયો હોય તેમ મૂર્છાવડે તે શ્રેષ્ઠીના નેત્રો મીંચાઇ ગયા. તેવી સ્થિતિએ ક્ષણવાર રહીને કોઇ પણ પ્રકારે ધીરજનું અવલંબન કરીને તે કહેવા લાગ્યો કેઃ—

"હે ભગવન ! તમે શ્રેષ્ઠ બુદ્ધિવડે જેમ આટલું જાણ્યું તેમ તેનો પ્રતિકાર પણ કાંઇક જાણતા હશો તેથી તે કહો; કારણ કે લોકમાં આ વાત પ્રસિદ્ધ જ છે કે—જે વૈદ્ય રોગીના રોગને જાણે છે તે તેને ઉચિત ઔષધ પણ જાણે જ છે. હે ભગવન ! કૃપા કરો. તમારા જ અનુગ્રહવડે અદીન મનવાળા અમે દેવગુરુની પૂજા કરીએ છીએ, તેથી અહીં શું અમારું કાંઇ અયુક્ત થાય ? નિરુપમ ધર્મના આધારભૂત તમારે અમારી ઉપેક્ષા કરવી યોગ્ય નથી, કેમકે પરનું હિત કરવામાં જ એક તત્પર એવા પરોપકારી જનો પોતાના જીવિતનો પણ ત્યાગ કરે છે; તેથી તમે અનુચિત ક્ષોભનો ત્યાગ કરો, અને જે અહીં કરવા લાયક હોય તે કહો; કેમકે પૂર્વના મુનિઓ પણ સદા પરોપકારને જ કરતા હતા."

આ પ્રમાણે શ્રેષ્ઠીએ કહ્યું ત્યારે કાંઇક નેત્રને બંધ કરીને તેણે કહ્યું કે—"હે સોમદત્ત ! તારી દાક્ષિણ્યતારૂપી દોરડાવડે હું દઢ બંધાયો છું. આ કારણથી જ મોટા અનુભાવવાળા પૂર્વના મુનિઓએ ગૃહસ્થોના સંગને મૂકીને નિર્જન વનમાં નિવાસ અંગીકાર કર્યો હતો." તે સાંભળી શ્રેષ્ઠીએ કહ્યું—"તેઓની કથા દૂર રહો. હમણાં તો કાળને ઉચિત હોય તે કહો." ત્યારે ઘણા કાળ સુધી કપટવડે મસ્તક ધુણાવીને તેણે કહ્યું કે—"હે શ્રેષ્ઠી ! જો આ દોષનું અવશ્ય નિવારણ કરવાને તું ઇચ્છતો હો, તો છિદ્ર વિનાના, વિશેષ પ્રકારના ( મજબૂત ) અને અત્યંત મળેલા કાષ્ઠની ઘડેલી પેટીમાં આ તારી પુત્રીને સમગ્ર અલંકારે કરીને સહિત સારા મુહૂર્ત્તે મૂકીને દિશાના દેવતાની પૂજા કરવાપૂર્વક યમૂના નદીના જળમાં તરતી મૂકી દેવી. તેમ કરવાથી ઘરના બીજા મનુષ્યોના જીવની રક્ષા થશે." તે સાંભળીને ગુરુનું વચન અન્યથા ન હોય એમ જાણીને ભયભીત થયેલા તેણે તેના અભિપ્રાયનો વિચાર કર્યા વિના અને કાળક્ષેપ કર્યા વિના ( તરત જ ) તેના કહ્યા પ્રમાણે સર્વ સામગ્રીપૂર્વક પોતાની પુત્રીને પેટીમાં નાંખીને શુભંકર મુનિની સમક્ષ દુઃસહ પુત્રીના વિયોગના શોકના સમૂહવડે જેનો કંઠ રુંધાયો હતો, અને

નિરંતર નેત્રમાંથી ઝરતા અશ્રુના પ્રવાહવડે તેના ગંડસ્થળ ધોવાતા હતા એવા તે શ્રેષ્ઠીએ યમૂના નદીના જળમાં તે પેટી વહેતી મૂકી. તે પેટી અનુપ્રવાહે તરતી તરતી જવા લાગી. હવે આનંદના સમૂહને ધારણ કરતા તે શુભંકરે પણ પોતાના આશ્રમમાં જઈને પોતાના શિષ્યોને કહ્યું કે–" અરે ! તમે શીઘ્ર વેગવડે જઇને એક કોશ માત્ર નદીના નીચેના ભાગે જઇને રહો. ત્યાં તરતી પેટીને જ્યારે આવતી જુઓ ત્યારે તેને ગ્રહણ કરીને તેનું દ્વાર ઉઘાડ્યા વિના અહીં મારી પાસે લાવજો. " તે સાંભળીને તેઓ ગયા અને કહેલા સ્થાને જઇને રહ્યા. હવે તે પેટી તરંગોવડે પ્રેરણા કરાતી જેટલામાં અર્ધ કોશ માત્ર ગઇ તેટલામાં ત્યાં દૂરથી સ્નાનક્રીડા કરતા એક રાજપુત્રે જોઈ, અને પોતાના પુરુષોને કહ્યું કે–" અરે ! શીઘ્ર વેગે કરીને દોડો. આ જળના પ્રવાહથી વહેતા પદાર્થ ( પેટી )ને ગ્રહણ કરો. " તે સાંભળીને તે પુરુષો તત્કાળ જળમાં પેઠા. તેઓએ પેટી ગ્રહણ કરી, રાજપુત્રને આપી. તેણે પણ કૌતુકથી ઉઘાડી. પાતાળકન્યાની જેવી સર્વ અલંકારોવડે મનોહર શરીરવાળી તે યુવતી તેમાંથી નીકળી. હર્ષથી રાજપુત્રે તેણીને ગ્રહણ કરી અને વિચાર્યું કે–" અહો ! મારા કર્મની પરિણતિ અનુકૂળ છે. કેવળ આવા પ્રકારના સ્રીરત્નનો આ રીતે ત્યાગ કરવાથી કોઈએ ખરેખર પોતાના અકલ્યાણની શાંતિની સંભાવના કરી હશે એમ જણાય છે; તેથી આ પેટીને ખાલી જ પ્રવાહમાં મૂકવી યોગ્ય નથી. " આ પ્રમાણે વિચારીને પાસેના વનમાંથી એક દુષ્ટ વાંદરીને તેની અંદર નાંખી, તેનું દ્વાર મજબૂત રીતે બંધ કરીને " હે ભગવતી યમૂના નદી ! મારા પર કોપ ન કરીશ. " એમ કહીને પ્રથમની જ રીતે તે પેટી પ્રવાહમાં વહેતી મૂકી. પોતે સ્વર્ગની લક્ષ્મીનો સમૂહ પામ્યો હોય તેમ પોતાના આત્માને માનતો તે કુમાર કમળના પત્ર જેવા દીર્ઘ નેત્રવાળી તેણીને ગ્રહણ કરીને જેમ આવ્યો હતો તેમ પોતાને સ્થાને ગયો. તે પેટી પણ જળમાં વહેતી એક કોશ પ્રમાણ ગઈ. તેને શુભંકરના શિષ્યોએ જોઇ ત્યારે પોતાના ગુરુના જ્ઞાનના અતિશયનું વર્ણન કરતા તેઓએ નદી મધ્યે પ્રવેશ કરીને તે પેટી ખેંચી કાઢી, અને ગુરુની પાસે લઈ ગયા. તેણે પણ અનુપમ આનંદના સમૂહને પામીને ઘરની અંદર તેને ગોપવી, અને પછી પોતાના શિષ્યોને કહ્યું કે–"અરે ! આજે આખી રાત્રી હું ઘરની અંદર રહીને મોટા વિસ્તારથી દેવતાની પૂજા કરવાનો છું, તેથી તમારે આ સ્થાન અત્યંત નિર્જન કરવું. " તે

વચન તેઓએ અંગીકાર કર્યું. હવે રાત્રિનો સમય થયો ત્યારે કામદેવના નિર્દય હજાર બાણોના પ્રહારથી જર્જરિત શરીરવાળો તે શ્રેષ્ઠ વિલેપન, પુષ્પ, તાંબૂલ વિગેરે ઉપકરણ ગ્રહણ કરી, ઘરના સર્વ દ્વારો બંધ કરી તે પેટીને ઉઘાડી આ પ્રમાણે બોલ્યોઃ—

"હે હરણના જેવા નેત્રવાળી ! હે કૃશ ઉદરવાળી ! હે પુષ્ટ સ્તનવાળી ! હે કમળની જેવા મુખવાળી ! હે શ્રેષ્ઠ યુવતી ! ભયની શંકાનો ત્યાગ કરી હાલ તું મને પતિની જેમ ભજ. હે શ્રેષ્ઠ શરીરવાળી ! તારા સંગમવડે હમણાં મનોરથ સહિત મારું નેત્રકમળ વિકાસ પામો, અને કામદેવ પણ કાંઇક શાંત થાઓ." આ અવસરે ગાઢ બંધનથી ઉત્પન્ન થયેલ તીવ્ર કોપવાળી, ક્ષુધા–તૃષાથી ગ્લાનિ પામેલી અને અત્યંત ચપળતાવાળી તે વનની દુષ્ટ વાંદરી પુંછડાની છટાવડે તડતડ તાડન કરતી ( શબ્દ કરતી ), વિડંબિત મુખવાળી અને ઘુરઘુર શબ્દ કરતી તેમાંથી બહાર નીકળી. તે વખતે "હે ચંદ્ર સમાન મુખવાળી ! કેમ રોષ કરે છે ?" એમ બોલતો તે ચુંબન કરવાની ઇચ્છાથી તેણીની સન્મુખ પોતાના મુખને જેટલામાં સ્થાપન કરે છે તેટલામાં પ્રથમ જ તેણીએ પોતાના તીક્ષ્ણ દાંતના અગ્રભાગવડે તેની આખી નાસિકા મૂળથી જ તડ દઇને તોડી નાંખી. ત્યારપછી અતિતીક્ષ્ણ નખના સમૂહવડે તેનું શરીર ફાડી નાંખ્યું, અને બે કાન પણ મૂળથી ઉખેડી નાંખ્યા. આ પ્રમાણે અનિવારિત પ્રસરવાળી તેણીએ તેને હણ્યો, એટલે તે ભયથી કંપવા લાગ્યો, અને ઊંચે સ્વરે કરીને આ પ્રમાણે બોલ્યો કે–"હે શિષ્યો ! ઘરના દ્વાર ઉઘાડો. આ પિશાચી મને યમરાજને ઘેર લઇ જાય છે." આ પ્રમાણે તે બોલવા લાગ્યો, તેનું મન ભયના વશથી અત્યંત ક્ષોભ પામ્યું. તે કોઇ પણ રક્ષણ કરનારને પામ્યો નહીં. તેવામાં ઉત્કટ રોષવાળી વારંવાર ઘુરઘુર શબ્દને કરતી તે વનની વાંદરીએ તેનું સર્વ અંગ નખ અને દાંતવડે ઉતરડી નાંખ્યું અને એવી રીતે તે બિચારાને હણ્યો કે જેથી તે તરત જ મરણ પામ્યો.

હવે સૂર્ય ઉદય પામ્યો ત્યારે તેના શિષ્યો આવ્યા. તેમણે મોટેથી શબ્દ કર્યા પણ તેમને તેણે પ્રત્યુત્તર આપ્યો નહીં. ત્યારે તેઓએ કમાડ ઉઘડ્યા. શુભંકરને જીવ રહિત જોયો. તે વનની વાંદરી પણ કમાડ ઉઘડ્યા કે તરતજ નાશીને જેમ આવી તેમ કોઇક ઠેકાણે જતી રહી. શિષ્યોને કાંઇ પણ પરમાર્થ ( સત્ય હકીકત )ની ખબર પડી નહીં. પછી તેઓએ તે શુભંકરના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો.

આ પ્રમાણે હે કુમાર ! વિષયમાં વ્યાકુળ થયેલા અને જેમના વાંછિત અર્થ પૂર્ણ થયા ન હોય એવા લોકોને પ્રગટપણે જ આપત્તિઓ આવી પડે છે. તે બાબત આગમમાં કહ્યું છે કે-કામ શલ્યરૂપ છે, કામ વિષરૂપ છે, કામ આશીવિષ ( સર્પ ) જેવા છે, કામની પ્રાર્થના કરનાર પ્રાણીઓ કામને પૂર્ણ કર્યા વિના જ દુર્ગતિમાં જાય છે. આ કારણથી જ મહાપ્રભાવવાળા મુનિઓ વિકારવાળી દૃષ્ટિથી સ્ત્રીઓની સન્મુખ જોતા પણ નથી અને શૂન્ય અરણ્યમાં વસે છે."

આ પ્રમાણે સૂરિની દેશના સાંભળીને તે સુરેંદ્રદત્ત કુમારને વિષય ઉપર અત્યંત વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેથી ભાવપૂર્વક સૂરિના પાદમાં પડીને તે કહેવા લાગ્યો કે-" હે ભગવન ! હવે મારું મન વિષયના પ્રતિબંધથી વિરક્ત થયું છે, તેથી મને સર્વવિરતિ વ્રત આપો, ભવસાગરમાંથી મને ઉગારો, અને પૂર્વના દુશ્ચરિત્રરૂપી શત્રુના સમૂહથી મને મૂકાવો." ત્યારે સૂરિએ કહ્યું કે-" હે મહાયશસ્વી ! હજુ ભોગના ફળવાળું કર્મ બાકી હોવાથી તારી પ્રવ્રજ્યાની યોગ્યતા નથી, તેથી ગૃહસ્થ ધર્મે કરીને પણ કેટલોક કાળ આત્માની તુલના કર." રાજાએ કહ્યું કે-" હે વત્સ ! સર્વ ( કોઇ પણ ) કાર્ય સમયે કરવાથી જ સુખને કરનારું થાય છે. ગૃહસ્થવાસમાં પણ ઈંદ્રિયોનું દમન કરનાર, અલ્પ થયેલા કામ, ક્રોધ અને લોભવાળા, તીર્થંકર અને સાધુઓની પૂજા કરવામાં તત્પર અને વિશેષ પ્રકારના ન્યાયને પાલન કરવામાં તત્પર પુરુષોને ધર્મ નથી થતો એમ નથી; તેથી હે પુત્ર ! સ્થવિરપણું પ્રાપ્ત થાય ત્યારે પ્રવ્રજ્યા ગ્રહણ કરજે. હમણાં તો તું સ્વદારાસંતોષ વ્રત ગ્રહણ કર, કુમિત્રના સંગનો ત્યાગ કર, નિરંતર ધર્મશાસ્ત્રશ્રવણ કરવામાં ઈચ્છાવાળો થા, નિરંતર સત્યપુરુષોએ આદરેલા ન્યાયને અનુસરવાના પરિણામવાળો થા અને ઘરને વિષે જ રહે." આ પ્રમાણે સાંભળી દાક્ષિણ્યપણાએ કરીને કુમારે તે અંગીકાર કર્યું. પોતાની સ્ત્રીના પરિભોગને મૂકીને સર્વ પરસ્ત્રીનું પ્રત્યાખ્યાન કર્યું, તેમજ જિનવંદન, જિનપૂજન, ગ્લાન સાધુની વૈયાવચ્ચ, તેમને ઔષધ આપવું વિગેરે બીજા ઘણા અભિગ્રહો ગ્રહણ કર્યા. પરિપૂર્ણ મનોરથવાળો રાજા કુમાર સહિત સૂરિને વાંદીને પોતાને સ્થાને ગયો. બીજે દિવસે સાથે ક્રીડા કરનાર એક મિત્રે કુમારને કહ્યું કે-" હે મિત્ર ! તમે બહુ સારું કર્યું કે તમે પોતે જ પરસ્ત્રીના પરિભોગનો ત્યાગ કર્યો. ન કર્યો હોત તો તમારું દુશ્ચરિત્ર સાંભળીને રાજાને તમારા પર અતિ ક્રોધ ઉત્પન્ન થયો હતો, તેથી આટલા દિવસમાં તો તેણે તમને દૂર દેશમાં કાઢી મૂક્યા હોત." કુમારે કહ્યું-" અરે ! તું આ સત્ય બોલે છે કે હાંસી કરે

છે ?" તેણે કહ્યું "સત્ય કહું છું." કુમારે કહ્યું "જો એમ છે તો જેવું થયું હોય તેવું મૂળથી કહે." ત્યારે તેણે રાજા અને મંત્રીજનોનો પરસ્પર થયેલો વાતચીતનો વૃત્તાંત કહ્યો. તે સાંભળીને કુમારને લજ્જા ઉત્પન્ન થઇ, અને તેણે વિચાર કર્યો કે-" અહો ! મેં અત્યંત અયોગ્ય આચરણ કર્યું કે જેથી તથાપ્રકારનું કુળક્રમથી વિરુદ્ધ કાર્ય કરતા મેં લોકઅપવાદ ગણ્યો નહીં, ધર્મનો વિરોધ વિચાર્યો નહીં, અને પિતાના લઘુપણાનો પણ વિચાર ન કર્યો. આ પ્રમાણે થવાથી હવે હું ઉત્તમ પુરુષોને મારું મુખ દેખાડતાં કેમ ન લાજું ? તેથી મારે અહીં રહેવું યોગ્ય નથી." આ પ્રમાણે વિચારીને મધ્ય રાત્રિને સમયે સર્વ પરિવાર ગાઢ નિદ્રામાં હતો ત્યારે ભાથું અને ધનુષ ગ્રહણ કરીને પૂર્વ દેશની સન્મુખ જવા લાગ્યો.

આ અવસરે **ગગનવલ્લભ** નામના નગરમાં **મહાવેગ** નામના વિદ્યાધર રાજાએ **જ્ઞાનસાર** નામના નૈમિત્તિકને પૂછયું કે-" આ મારી પુત્રી **વસંતસેના**નો પતિ કોણ થશે ?" તેણે કહ્યું-" જે પુરુષ એકલો જ પોતાના ભુજબળવડે **શ્રાવસ્તિ** નગરીના સ્વામી **કુસુમશેખર** નામના રાજાને પરાક્રમ રહિત કરશે તે તમારી પુત્રીનો સ્વામી થશે." તે સાંભળી વિદ્યાધર રાજાએ પોતાના **ક્ષેમંકરાદિક** વિદ્યાધરોને કહ્યું કે-" અરે ! તમે શ્રાવસ્તિ નગરીમાં જાઓ. ત્યાં રહેલા તમે જ્યારે આવા પરાક્રમવાળા પુરુષને દેખો ત્યારે તેને જલદી ગ્રહણ કરીને અહીં મારી પાસે લાવજો." તે સાંભળી "જેવી આપની આજ્ઞા" એમ કહી, તેની આજ્ઞા મસ્તક પર ચડાવી તેઓ તે નગરીમાં ગયા. તેવામાં સુરેંદ્રદત્ત કુમાર પણ એકલો વિવિધ પ્રકારના દેશોમાં ફરતો ફરતો તે જ નગરીમાં આવ્યો, અને નગરીની પાસે રહેલા એક ઉદ્યાનમાં લતામંડપને વિષે રહ્યો. ત્યાં તે જેટલામાં સૂતો રહ્યો હતો તેટલામાં કેટલીક દાસીઓથી પરિવરેલી કુસુમશેખર રાજાની પુત્રી આમતેમ ક્રીડા કરતી કોઇ પણ પ્રકારે કર્મના વિચિત્રપણાને લીધે એકલી તે જ લતામંડપમાં પેઠી. ત્યાં અનુપમ રૂપવાળો તે કુમાર સૂતેલો દીઠો. તેને જોઇ તેણીને તીવ્ર અનુરાગ ઉત્પન્ન થયો, તેથી તેણીએ તેને જગાડીને અનુકૂળ વચનવડે ઉપસર્ગ કરવા માંડ્યો. તે વખતે "આ મારા નિયમને વિઘ્ન કરનારી છે." એમ જાણીને કુમારે તેણીનો તિરસ્કાર કર્યો. કેવી રીતે ? તે કહે છે.

"હે પાપિષ્ઠ ! હે દુષ્ટ શીળવાળી ! હે કારણ વિના ધર્મની વેરી ! તું મારા ચક્ષુમાર્ગથી દૂર જા. તારા દર્શનવડે સર્યું. તારી જેવીની સાથે

ભાષણ કરવામાં પણ વજ્રાગ્નિના જેવો ભયંકર તથા આ ભવ અને પરભવમાં પ્રતિકૂળ અત્યંત ( મોટા ) અનર્થનો સમૂહ આવી પડે છે. ” આવા પ્રકારના વચનોવડે તર્જના કર્યા છતાં પણ તે જેટલામાં ત્યાંથી નીકળી ગઇ નહીં તેટલામાં તેણીનો હાથ ઝાલીને દૃઢતાવાળા કુમારે તેણીને કાઢી મૂકી. ત્યારે “ અરે પાપી ! તું મરણ પામીશ. ” એમ બોલીને કપટથી તેણીએ પોતે જ નખના અગ્રભાગવડે પોતાની શરીરરૂપી લતાને ઉખેડી નાંખી, અને પછી દૂર રહીને મોટેથી આ પ્રમાણે બૂમ પાડવા લાગી કે– “ અરેરે ! લતાગૃહમાં રહેલા આ અધમ પુરુષને પકડો, પકડો. તેણે કુળયુવતીને દૂષિત કરી છે, મારી આવી અવસ્થા કરી છે. હમણાં તેની ઉપેક્ષા કરતા તમે રાજાને શી રીતે મુખ દેખાડી શકશો ? ” આ પ્રમાણે રાજપુત્રીનું વચન સાંભળીને અત્યંત કોપ પામેલા આરક્ષક( કોટવાળ )ના સુભટોએ તત્કાળ તે લતાગૃહ વીંટી લીધું. કુમાર પણ તેણીના હૃદયની જેવું નિષ્ઠુર ધનુષ હાથમાં લઇને તે લતાગૃહમાંથી બહાર નીકળી તેમના ચક્ષુની સન્મુખ ઊભો રહ્યો. તે વખતે તેઓએ તેની ઉપર એકી સાથે ચક્ર, પત્થરો અને બાણના સમૂહ મૂકયા. તે સર્વને કુમારે ચતુરાઈથી છેતરી લીધા, અને વળી તે કુમારે તેમને શીયાળીયાની જેમ શીઘ્રપણે તેમના જ પ્રહરણોવડે હણ્યા. ત્યારપછી આ વૃત્તાંત સાંભળીને રાજા પણ ત્યાં આવ્યો. અત્યંત કોપ થવાથી રાજા પોતે જ યુદ્ધ કરવા તત્પર થયો, તેની સાથે હાથી, ઘોડા અને રથમાં આરૂઢ થયેલા સુભટોના સમૂહો પણ આવ્યા. ત્યારપછી ચારે દિશામાં પ્રસરેલા શત્રુના સૈન્યને જોઇને પણ કુંભકર્ણની જેમ તે કુમાર ક્ષોભ પામ્યો નહીં. અને તેના પરિવારને પીડા પમાડતો તે દૃઢ પ્રહાર કરતો યુદ્ધ કરવા લાગ્યો. તેણે શત્રુના પાખરેલા અશ્વોના સમૂહને બાણોવડે કાપી નાંખ્યા, વેરીના સુભટ સમૂહને તોડી નાંખ્યા, તે કુમારની સન્મુખ જે કોઇ ચક્ષુ નાંખતો હતો તે તત્કાળ યમરાજનું ભક્ષ્ય થતો હતો. તે એકલો હતો તો પણ ભયના વશથી કંપતા શત્રુઓને તે અનેક રૂપે દેખાતો હતો. જેમ મેઘ જળધારાને મૂકે તેમ તે બાણના સમૂહને મૂકતો હતો. ઊંચે બાંધેલા કેશવાળાં અને ભ્રકુટિ ચડાવવાથી ભયંકર દેખાતા શત્રુઓના મસ્તકને તે બાણવડે કાપી નાંખવા લાગ્યો. તેના આવા ભયંકર રણસંગ્રામથી તુષ્ટમાન થયેલા દેવો પણ જોવા માટે આકાશમાં ઉતર્યા ( આવ્યા ). પરસ્પર પીડા પામેલા સુભટોના સમૂહ ત્યાંથી અત્યંત નાશી જવા લાગ્યા. શ્રાવસ્તિ નગરીનો રાજા પણ યુદ્ધથી પરાઙ્મુખ થયો ( નાશી ગયો ), યુદ્ધભૂમિ મનુષ્યોના રુધિરના પ્રવાહને

વહેવા લાગી. જેટલામાં તે કુમાર રણભૂમિને ખાલી જુએ છે અને શત્રુઓ પર પ્રહાર કર્યા વિના રહેલો હતો તેટલામાં પૂર્વે કહેલા વિદ્યાધરો હર્ષના સમૂહથી વ્યાપ્ત થઇ તેનું હરણ કરી વિદ્યાધર રાજાની પાસે લઇ ગયા. તેને જોઈ તેનું મુખકમળ હર્ષથી વિકાસ પામ્યું. પછી શુભ દિવસ આવ્યો ત્યારે તેણે તે કુમારને પોતાની પુત્રી વસંતસેના પરણાવી. તેણીની સાથે તે કુમાર પાંચ પ્રકારના અનુપમ કામભોગ ભોગવવા લાગ્યો. અત્યંત નિશ્ચળ જિનધર્મને પાળતો હતો અને પાપકર્મને દૂરથી વર્જતો હતો. કાળક્રમે વિષયો પરથી વૈરાગ્ય પામી તેણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. પ્રશાંત ચિત્તવાળા તેણે તપશ્ચરણવડે પાપકર્મનો નાશ કર્યો. જાણે પ્રત્યક્ષ જ્ઞાતધર્મ હોય તેમ તે શોભવા લાગ્યો. પછી ચંદ્ર જેવા ઉજ્જવળ કેવળજ્ઞાનને પામી, ચિરકાળ ભવ્યપ્રાણીઓને બોધ કરી, કલ્યાણના નંદનવન સમાન અને સંસારના ભયને મર્દન કરનાર તે મોક્ષરૂપી શ્રેષ્ઠ નગરમાં ગયો. આ પ્રમાણે પરસ્ત્રીની નિવૃત્તિ માત્ર પણ અણુવ્રત અંગીકાર કર્યું હોય તો તે આ પ્રમાણે ઉત્તરોત્તર કલ્યાણના કારણરૂપ થાય છે. આ પ્રમાણે ચોથું અણુવ્રત કહ્યું. (૪).

હવે અનુક્રમે આવેલું **પાંચમું અણુવ્રત** કહેવાય છે. તેમાં સમગ્ર પરિગ્રહનું પ્રમાણ કરવાનું છે. તે પરિગ્રહ બે પ્રકારનો છે: સ્થૂળ અને સૂક્ષ્મ. તેમાં પારકી વસ્તુને વિષે થોડો પણ મૂર્છાનો પરિણામ તે સૂક્ષ્મ કહેવાય છે. સ્થૂળના નવ ભેદ છેઃ–ધન ૧, ધાન્ય ૨, ક્ષેત્ર ૩, વાસ્તુ ૪, રુપ્ય ૫, સુવર્ણ ૬, ચતુષ્પદ ૭, દ્વિપદ ૮, અને [૧]કુપ્ય ૯. આ નવના વિષયવાળો સ્થૂળ પરિગ્રહ જાણવો. આ પ્રમાણે નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ ભાવથી ગ્રહણ કરીને બુદ્ધિમાન શ્રાવકે તેના પાંચ અતિચાર વર્જવામાં તત્પર થવું. તે આ રીતેઃ–પરિમાણથી વધી જતા ક્ષેત્ર–વાસ્તુનું યોજન એટલે બેનું એક કરવું તે ૧, હિરણ્યાદિક (સુવર્ણ–રુપું)નું પ્રદાન એટલે સ્ત્રી–પુત્રાદિકને આપવું તે ૨, ધનાદિ (ધન–ધાન્ય)નું બંધન એટલે મૂંઢા બાંધી કોઇને ત્યાં અમુક મુદ્દત રાખવા તે ૩, દ્વિપદાદિ (દાસ–ગાય વિગેરે)નું કારણ એટલે ગર્ભાદિક સંખ્યા ન ગણવી તે ૪ અને કુપ્યના પ્રમાણમાં અધિક થવાના ભયથી ભાવ એટલે નાના વાસણને બદલે મોટા વાસણ કરીને રાખવા તે ૫,–આ પાંચ અતિચાર લગાડવા નહીં. વળી જે માણસ અતિલોભના વશથી ગુરુજનોએ ઘણી રીતે કહ્યા છતાં પણ થોડા પણ પરિગ્રહના પ્રમાણરૂપ વ્રતને ગ્રહણ ન કરે, તે

૧ સુવર્ણ અને રુપા સિવાયની ધાતુ.

ધનાદિકને કારણે દૂર દેશ અને નગરમાં જાય, સમુદ્રમાં પ્રવેશ કરે, વિવિધ પ્રકારનો વ્યવસાય કરે, લાભ થયા છતાં પણ હમેશાં વૃદ્ધિ પામતા ધનનો અભિલાષ કરે. ઇત્યાદિ કરવાથી **વાસવદત્ત**ની જેમ અત્યંત મોટા દુઃખને પામે છે." તે સાંભળી ગૌતમસ્વામીએ કહ્યું કે-" હે જિનેંદ્ર! આ વાસવદત્ત કોણ ?" ત્યારે જગદ્ગુરુએ કહ્યું કે-" હે શિષ્ય ! સમ્યક્પ્રકારે સાંભળો.

**કનકખલ** નામના મોટા નગરમાં **સુવલયચંદ્ર** નામે શ્રેષ્ઠી હતો. તેને **ધના** નામની સ્ત્રી હતી. તેમને અત્યંત વલ્લભ અને સર્વ કળાના સમૂહમાં નિપુણ **વાસવદત્ત** નામે પુત્ર હતો. તે મહાઆરંભવાળો, મહાપરિગ્રહવાળો, મહાલાભ મળ્યા છતાં પણ મોટા લોભને વશ થયેલો અને હંમેશાં દ્રવ્ય ઉપાર્જનના ઉપાયમાંજ પ્રવૃત્તિ કરતો કાળને નિર્ગમન કરતો હતો. તેના માતા-પિતા અત્યંત શ્રાવકધર્મને પાળનારા હતા, અને જિનવચન સાંભળવાથી અવિરતિના કટુ ( કડવા ) વિપાકને જાણનારા હતા; તેથી તેઓએ નિરંતર અનેક પાપસ્થાનમાં પ્રવર્તેલા તે પોતાના પુત્રને જોઇને કહ્યું કે-"હે વત્સ! આ જીવિત સ્વપ્ન જેવું છે, વિષયો અસાર છે, સ્વજનના સંયોગ માત્ર પોતાના કાર્ય( સ્વાર્થ )ને જ અનુસરનારા હોય છે, અને સમૃદ્ધિના સમુદાય ક્ષણમાત્રમાં વિપરીત પરિણામવાળા થાય છે, તો શા માટે તું ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય, સુવર્ણ, દ્વિપદ અને ચતુષ્પદ વિગેરેમાં ઇચ્છાનું પરિમાણ નથી કરતો ? અથવા પરલોકમાં સુખ આપનારા ધર્મને નથી ઉપાર્જન કરતો ? તથા વળી હે પુત્ર ! પિતા-પિતામહાદિક પુરુષોની પરંપરાથી ચાલ્યું આવતું દ્રવ્ય આપણા ઘરમાં માતું નથી, તેથી તે ધનને ઉપાર્જન કરવાનો ગાઢ પરિશ્રમ કરવો નિરર્થક છે. જો કદાચ અપૂર્વ ( નવી ) લક્ષ્મીને ઉપાર્જન કરવાને તું ઇચ્છતો હોય તો પણ શક્તિને અનુસાર ઇચ્છાપરિમાણ કરવું એજ કલ્યાણકારક છે. " આ વિગેરે ઘણા પ્રકારના વચનોવડે સમજાવ્યા છતાં પણ કર્મના ભારેપણાને લીધે તેણે જરા પણ તેમનું વચન અંગીકાર કર્યું નહીં ત્યારે "આ સ્વચ્છંદાચારી છે" એમ જાણીને માતા-પિતાએ તેની ઉપેક્ષા કરી. હવે એકદા તે વાસવદત્તે દેશાંતરથી આવેલા વાણીઆઓને પૂછ્યું કે-" અરે! તમારા દેશમાં કયા કયા ભાંડ મોંઘા છે?" તેઓએ કહ્યું કે-" અમુક મોંઘા છે." ત્યારે તેમનું વચન સાંભળવાથી ચારગુણા થયેલા લોભથી પરાભવ પામેલો તે તે દેશને યોગ્ય ભાંડના સમૂહવડે ભરેલ ગાડા-ગાડી ગ્રહણ કરીને દેશાંતરમાં જવા લાગ્યો તે વખતે માતા-પિતાએ તેને અત્યંત નિષેધ કર્યો. તો પણ તે રહ્યો નહિ. પછી તે નિરંતર પ્રમાણ કરતો **તામ્રલિપ્તિ** નગરીમાં ગયો. ત્યાં

ભાંડનો વિનિમય (અદલોબદલો)[1] કર્યો. તેમાં તેને દશગુણો લાભ થયો તેથી તેનો લોભસાગર અત્યંત ઉછળ્યો; અને ઘણું દ્રવ્ય ઉપાર્જન કરવાની ઇચ્છા થઇ. એક દિવસે નગરના દરવાજે ગયેલા તેણે દૂર દેશથી આવેલા અને વિવિધ પ્રકારની સાર વસ્તુથી ભરેલા વહાણો જોયા. તે જોઈને તેણે તેના વાણીયાને પૂછ્યું કે-"હે મહાયશવાળા! આ વહાણો કયાંથી આવ્યા?" તેણે કહ્યું કે-"કલહદ્વીપથી." વાસવદત્તે પૂછ્યું છે કે-"હે ભદ્ર! અહીંના ભાંડ ત્યાં લઈ જઇએ તો કેટલો લાભ થાય?" તેણે કહ્યું-"વીશગુણો." વાસવદત્તે કહ્યું—"શું આ સત્ય છે?" તેણે કહ્યું કે-"હે આર્ય! અસત્ય બોલવામાં શું ફળ છે?" આ પ્રમાણે સાંભળીને વાસવદત્તે વિવિધ પ્રકારના કાંસાના પાત્રો અને વસ્ત્રો વિગેરે ભાંડવડે ભાડુતી વહાણો ભર્યાં. પછી તે કલહદ્વીપ તરફ ચાલ્યો.

તે વખતે તેના પરિવારે તેને કહ્યું કે-"હે સ્વામી! તમારા વિયોગને લીધે ઘણા કાળથી મૂકેલા તમારા માતા-પિતાને ઘણો અનુતાપ થતો હશે; તેથી હમણાં ઘરની સંભાળ લ્યો, સ્વજન વર્ગનું સન્માન કરો. વળી પૂરીથી ધન ઉપાર્જન કરવામાં તમને કોણ નિવારે છે?" તે સાંભળીને રોષ પામેલો તે કઠોર વચનથી બોલવા લાગ્યો કે-"અરે! આવા પ્રકારનું વચન બોલવામાં તમારો શો અધિકાર છે? હે પાપીઓ! શું હું તમારા કરતાં વધારે યુક્તાયુક્તને નથી જાણતો? અથવા તો ચાકરો અવકાશ પામીને શું શું નથી બોલતા?" આ પ્રમાણે દોષ રહિત છતાં પણ તેઓને તેણે તે પ્રકારે કઠણ તીક્ષ્ણ શબ્દોવડે તર્જના કરી કે જેથી તેઓ લજ્જાવડે નેત્ર મીંચીને મૌન જ થઇ ગયા.

પછી તેણે પણ સમુદ્રમાં પોતાના વહાણ ચલાવ્યાં. તે શીઘ્ર વેગવડે ચાલવા લાગ્યા. અનુક્રમે કલહદ્વીપ પહોંચ્યા. તેમાંથી સર્વ ભાંડ ઉતાર્યાં. પછી તેને વેચ્યા. ઘણો લાભ થયો અને તે કેટલાક દિવસ ત્યાં રહ્યો. ત્યાંથી મણિ, મોતી, શંખ, પટ્ટકૂળ વિગેરે ઉત્તમ કરીયાણાં લીધા. પછી તામલિપ્તિ નગરી તરફ ચાલ્યો. જતાં સમુદ્ર મધ્યે ખલાસીઓએ તેને રત્નદ્વીપ દેખાડ્યો. તેણે કૌતુકથી તેઓને પૂછ્યું કે-"અરે! તેમાં શું ઉત્પન્ન થાય છે?" ખલાસીઓએ કહ્યું-"કર્કેતન રત્ન, પદ્મરાગ મણિ, વજ્રમણિ, ઇંદ્રમણિ, નીલમણિ વિગેરે મોટા રત્નો અહીં ઉત્પન્ન થાય છે. તે રત્ન માત્ર સમીપે જ ધારણ

1. વેચાણ કર્યું.

કર્યા હોય તો તે મોટા દારિદ્રયના ઉપદ્રવનો નાશ કરે છે, ઉત્કટ ગર્વવાળો સર્પ પાસે આવતો નથી, પ્રચંડ ડાકિણી પણ સમીપે આવતી નથી, અને જાણે મુખ ખીલાઇ ગયું હોય તેમ ખળ પુરુષ પણ કટુક શબ્દ બોલી શકતો નથી." તે સાંભળીને પોતાના વિનાશનો વિચાર કર્યા વિના તે રત્નોને ગ્રહણ કરવાનો ગાઢ અભિલાષ થવાથી વાસવદત્તે કહ્યું કે-"હે ખલાસીઓ! જો તમે તેની સન્મુખ મારું વહાણ લઇ જાઓ, તો તમને ચારગુણી વૃત્તિ (પગાર) આપું." તેઓએ કહ્યું:-"તે પૃથ્વી માત્ર પથ્થરના સમૂહથી વ્યાપ્ત છે તેથી જો કોઇ પણ પ્રકારે વહાણ ભાંગી જાય તો સર્વનો નાશ થાય." તે સાંભળી કાંઇક હસીને વાસવદત્તે કહ્યું કે—

"જો આકાશ તૂટી પડે, પૃથ્વી રસાતળમાં પેસી જાય, કુળપર્વતો પાંખવાળા થઇને પૃથ્વીને ત્રાસ પમાડે, સમુદ્રો પોતાની વેળાવડે ચોતરફથી પૃથ્વીતળને બોળી દે, અથવા જો માતા પોતાના પ્રથમ જન્મેલા પુત્રને હણે, તો અરણ્યની જેવું શૂન્ય જગત થાય; પરંતુ એવું તો કાંઇ નથી. સર્વથા પ્રકારે આવું અઘટિત વિચારવું યોગ્ય નથી. વળી જે માણસ આવો વિચાર કરીને કાર્યમાં પ્રવર્તે તે ખરેખર મહામુગ્ધ જાણવો, અને તે હસ્તકમળના વિષયમાં આવેલી લક્ષ્મીને હારી જાય તેમાં શું આશ્ચર્ય? તેથી કરીને કુવિકલ્પને મૂકી દ્યો, દ્વીપની સન્મુખ વહાણને ચલાવો, અને રત્નો ગ્રહણ કરીને જ્યાં સુધી જગતમાં ચંદ્ર છે ત્યાં સુધીનું દારિદ્રય છેદી નાંખો."

આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે મરણનો ભય છોડીને ખલાસીઓએ તે દ્વીપની સન્મુખ વહાણ ચલાવ્યું. જેટલામાં કેટલોક વિભાગ આગળ ગયા તેટલામાં મોટો મગર પ્રગટ થયો. મંદરાચલ પર્વતની જેમ તેણે સમુદ્રના જળનું મથન કર્યું, પ્રચંડ તરંગો ઉછાળ્યા, તેના આઘાતવડે સો કકડા થઇને વહાણ ભાંગી ગયું, સર્વ ધનનો સાર ડૂબી ગયો. મોટા વાયુથી ઊડેલા ઘાસના પૂળાની જેમ સર્વ પરિવાર જુદી જુદી દિશામાં નાશી ગયો. વાસવદત્ત પણ કોઇ પ્રકારે પાટીયાનો કકડો પામીને વેળાના જળથી વહન કરાતો સમુદ્રના પારને (તીરને) પામ્યો. તે વખતે તેના પ્રાણ કંઠે આવ્યા હતા તેવામાં એક તાપસે તેને જોયો. દયાને લીધે તે તેને પોતાના આશ્રમમાં લઇ ગયો. તેને કંદ, મૂળ વિગેરે વડે પ્રાણવૃત્તિ કરાવી. તે કેટલાક દિવસ ત્યાં વિશ્રાંતિને પામ્યો. પછી શરીરની શક્તિ પ્રાપ્ત થઇ ત્યારે તે પોતાના નગર તરફ ચાલ્યો.

હવે આ તરફ તેના માતા-પિતા પરલોકમાં ગયા, અને નગરમાં વાર્તા પ્રસરી કે-" વાસવદત્ત પણ સમુદ્રમાં વહાણ ભાંગવાથી વિનાશ પામ્યો છે." આ પ્રમાણે સાંભળી રાજાએ સ્વામી વિનાનું તે ઘર જાણી ધન અને સુવર્ણ વિગેરે સહિત તેનું ઘર લઇ લીધું. ત્યારપછી ભ્રાતા રહિતપણાએ કરીને અને ધનના વિનાશથી ઉત્પન્ન થયેલા શોકે કરીને શરીરે પીડા પામતો તે વાસવદત્ત પણ મહાકષ્ટની કલ્પનાએ કરીને એક વર્ષે પોતાના કનકખલ નામના નગરમાં આવ્યો અને ઘરમાં પ્રવેશ કરવા લાગ્યો. તેવામાં રાજાએ નીમેલા ઘરના રક્ષક પુરુષો ઊંચી લાકડીઓ કરીને દોડ્યા, અને કહેવા લાગ્યા કે-"હે ભીખારી! ઘરના સ્વામીની જેમ નિર્ભયપણે કેમ આમાં પ્રવેશ કરે છે? શું આ રાજાનું ઘર છે એમ નથી જાણતો?" તે સાંભળી તેણે કહ્યું-"કેમ આ કુવલયચંદ્ર શેઠનું ઘર નથી?" તેઓએ કહ્યું-"હા, પહેલાં હતું. અત્યારે તો સ્વામી રહિત હોવાથી રાજાનું થયું છે." ત્યારે તે બોલ્યો:-" અરે! હું જીવતાં છતાં સ્વામી રહિત છે એમ કેમ કહો છો? શું હું કુવલયચંદ્ર શેઠનો પુત્ર વાસવદત્ત તમે સાંભળ્યો નથી કે જોયો નથી?" આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે " અરે! પ્રલાપ કેમ કરે છે?" એમ તેનો તિરસ્કાર કરી, ગળે પકડવાપૂર્વક તેઓએ તેને ઘરમાંથી કાઢી મૂકયો. ત્યારે તે પોતાના સ્વજનોની સમીપે ગયો. તેઓએ પણ " આ પ્રથમનું લેણું ન માગો " એમ ખોટો વિકલ્પ કરી ઓળખતાં છતાં પણ દૃષ્ટિમાત્રથી પણ તેની સંભાવના કરી નહીં. રાજાએ પણ ઘેલો છે એમ જાણી તેની ઉપેક્ષા કરી.

હવે ઘર, સ્વજન અને ધનના નાશ વિગેરેના દુઃખરૂપી અગ્નિની જ્વાળાથી બળેલો અને લાવણ્યનો નાશ થવાથી દીન મુખવાળો તે વિચાર કરવા લાગ્યો કે-" પિતા, પિતામહાદિક પૂર્વે પુરુષોની પરંપરાથી આવેલું અગણિત દ્રવ્ય કયાં ગયું? અથવા મારા ભુજબળથી ઉપાર્જન કરેલું અત્યંત-ઘણું ધન પણ કયાં ગયું? મારા મંદ ભાગ્યને લીધે તે સર્વ એકી સાથે જ કેમ નાશ પામ્યું? હા! હવે હું શું કરું? પ્રથમની જેમ મારે શી રીતે ધનની પ્રાપ્તિ થાય?" આ પ્રમાણે વિચિત્ર પ્રકારના વિકલ્પની કલ્પના કરવાથી તેના ચિત્તમાં વ્યામોહ ઉત્પન્ન થયો, તેથી નગરના માર્ગોમાં ભ્રમણ કરતો તે ઉન્મત્તપણાને પામ્યો. ઘણા રોગ અને શોકથી તાપ પામતો અને ચિરકાળ સુધી આયુષ્યનું પાલન કરી આર્ત્તધ્યાનને પામેલો તે મરીને તિર્યંચપણું પામ્યો. આ પ્રમાણે હે ગૌતમ! પરિગ્રહ અને આરંભની વિરતિ વિનાના જીવોને આપત્તિઓ આવી પડે છે, તેથી આ વ્રત ગ્રહણ કરવું ગુણકારક છે. (૫)

આ પ્રમાણે પ્રથમ પાંચ અણુવ્રતો ઉદાહરણ સહિત કહ્યાં. હવે ત્રણ ગુણવ્રતોને લેશથી હું કહું છું. તેમાં ઊર્ધ્વદિશા, અધોદિશા અને તિરછી દિશામાં ચાર માસ વિગેરે કાળના માનવડે ગમનનું પરિમાણ કરવું તે અહીં પહેલું ગુણવ્રત છે. આ વ્રતમાં અનાભોગાદિકને કારણે ઊર્ધ્વાદિ દિશાનું જે પરિમાણ કર્યું હોય તેનું ઉલ્લંઘન કરવું એટલે પ્રમાણથી અધિક જવું ૧, પ્રમાણથી અધિક સ્થાનેથી કાંઇ ચીજ મંગાવવી ૨, અથવા ત્યાં કાંઇ ચીજ મોકલવી ૩, ક્ષેત્રની વૃદ્ધિ કરવી એટલે એક દિશામાં રાખેલા યોજન બીજી દિશામાં ભેળવવા ૪, અને સ્મૃતિનો નાશ એટલે પચાસ યોજનનું પ્રમાણ મેં રાખ્યું છે કે સો યોજનનું ? એ યાદ ન હોય અને પચાસ યોજનથી અધિક જવું તે ૫. આ પાંચ અતિચાર વર્જવાના છે. આ દિગ્વ્રત અતિચાર રહિત ભાવથી પાળ્યું હોય તો **જિનપાલિત** શ્રાવકની જેમ લક્ષ્મી અને અનુક્રમે મોક્ષ પણ પ્રાપ્ત થાય છે."

આ પ્રમાણે સાંભળી ગૌતમસ્વામીએ કહ્યું કે-"હે જગન્નાથ ! આ **જિનપાલિત** કોણ હતો ?" સ્વામીએ કહ્યું-"હે ગૌતમ ! સાંભળો. **પુંડ્રવર્ધન** નામના નગરમાં **વિક્રમસેન** નામે રાજા હતો. તેને **મદનમંજૂષા** નામની પટ્ટરાણી હતી, અને **સુબુદ્ધિ** નામનો પ્રધાન હતો. તે નગરમાં **જિનદત્ત** શ્રેષ્ઠી અને તેની **સુલસા** નામની ભાર્યાનો પુત્ર **જિનપાલિત** નામે શ્રાવક રહેતો હતો. તેનું મન જૈનધર્મથી વાસિત હતું. તેણે ગુરુની સમીપે દિશાગમનના પરિમાણનું વ્રત ગ્રહણ કરતી વખતે ચારે દિશામાં પચાસ પચાસ યોજનની છૂટ રાખી હતી. આ પ્રમાણે તે ઉત્તરોત્તર ગુણના અભ્યાસને કરતો હતો. હવે એકદા વિક્રમસેન રાજાના રાજ્યની સીમામાં રહેનારો **સિંહસેન** નામનો ભિલ્લ રાજા દેશમાં ઉપદ્રવ કરવા લાગ્યો. તેની ઉપર ચડાઈ કરવા અશ્વ, હાથી, રથ અને યોદ્ધાના સમૂહથી પરિવરેલો વિક્રમસેન રાજા તત્કાળ મોટા આડંબરથી ચાલ્યો. તે વખતે તેને સુબુદ્ધિ પ્રધાને કહ્યું કે-"હે દેવ ! તે શીયાળ જેવાની ઉપર તમે પોતે વિજયયાત્રાને કેમ કરો છો ? તમારા પગના પ્રતાપથી હણાયેલા પરાક્રમવાળા તેની શી શક્તિ છે ? તેથી તમે નગર તરફ પાછા જાઓ, અને મને આજ્ઞા આપો કે જેથી હું તે પ્રકારે કરું કે જે પ્રકારે તે આપની આજ્ઞાનો મસ્તકવડે સ્વીકાર કરે." આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે રાજાએ તે મંત્રીને ચતુરંગ સેના સહિત મોકલ્યો. સિંહસેન પણ પોતાના ચરપુરુષોથી તેને બળ-વાહન સહિત આવતો જાણીને પર્વતના વિષમ ભાગનો આશ્રય કરીને રહ્યો. તે પ્રકારે રહેલા તેને જોઇને (જાણીને)

અમાત્ય પણ યુદ્ધ કરવાને શક્તિમાન ન હોવાથી તે જ પર્વતના કટકને (વિષમ ભાગને) વીંટીને ત્યાં જ રહ્યો. દુર્ગમ માર્ગ હોવાથી તે સૈન્યમાં ધાન્ય, ઘી વગેરે મોંઘા થયાં. તે વાત લોકની પરંપરાએ જિનપાલિત શ્રાવકે સાંભળી ત્યારે ઘણા ઘીના ભરેલા કુડલા વિગેરે પાત્રોને ઉંટ ઉપર ભરીને (ચડાવીને) વણિગ્ જન સહિત તે સૈન્યની તરફ ચાલ્યો. તેવામાં તે સિંહસેન પોતાના દુર્ગમાં તૃણાદિકનો પ્રચાર રુંધેલો હોવાથી રહી શક્યો નહીં, તેથી સાર ધન (ઉત્તમ વસ્તુ) તથા હાથી-ઘોડા વિગેરે વાહનો લઇને રાત્રિને સમયે તે ત્યાંથી નાઠો. તે વૃત્તાંત જાણીને અમાત્ય પણ તેની પાછળ માર્ગે જવા લાગ્યો, અને નાશી જતા તે સિંહસેનને દશ યોજન જઇને તે અમાત્યે ચોતરફથી ઘેરી લીધો. ત્યાં તે સિંહસેન ઘણા વૃક્ષોની ઝાડીમાં પર્વતના નિકુંજને આશ્રીને રહ્યો. અહીં તે જિનપાલિત પ્રથમ નિવાસ કરેલા સેનાના પડાવને સ્થાને આવ્યો. ત્યાં જઇ દિક્પરિમાણનો વિચાર કરી તે બોલ્યો કે-"અહો! હવે હું શું કરું? મારે પચાસ યોજનનું પરિમાણ છે, તે આટલા માત્રવડે જ પ્રાયે પરિપૂર્ણ થયું છે અને સૈન્ય તો અહીંથી હજી દશ યોજન દૂર છે, તેથી હું અહીંથી પાછો વળીશ. અહીંથી એક ગાઉ પણ આગળ નહીં જાઉં." તે સાંભળી સાથે આવેલા લોકોએ કહ્યું કે-"અહો! તમે ફોગટ ધનની હાનિ ન કરો. ત્યાં જવાથી તમને ઘણા દ્રવ્યનો લાભ થશે." તેણે કહ્યું-"જે દ્રવ્યે કરીને નિયમનો ભંગ થાય તે દ્રવ્યે કરીને સર્યું."

આ અવસરે તેના નિયમમાં નિશ્ચળ મનની પરીક્ષા કરવા માટે એક દેવ મોટો શણગાર સજી, ચોતરફથી માણસોના પરિવાર સહિત સાર્થવાહનું રૂપ ધારણ કરી, દેવલોકથી નીચે ઉતરી, પાસે રહીને આ પ્રમાણે કહેવા લાગ્યો-"હે શ્રાવક! તું ઘી વેચવા માટે કેમ નથી જતો?" જિનપાલિતે કહ્યું-"જો જાઉં તો મારા વ્રતનો ભંગ થાય છે." દેવે કહ્યું-"તને ધૂર્ત લોકોએ છેતર્યો છે કે જેથી તું હાથમાં રહેલા મોટા લાભને કદાગ્રહને લીધે હારી જાય છે. અથવા કદાચ વ્રતનો ભંગ કરવાથી પાપ લાગે એમ તું ધારતો હોય તો તે લાભમાંથી જ તું તેનું પ્રાયશ્ચિત્ત કરજે." જિનપાલિતે કહ્યું-"અહો! આ પ્રમાણે તું મર્યાદા વિનાનું વચન કેમ બોલે છે? શું ધર્મગુરુઓ કદાપિ ભવ્ય પ્રાણીઓને ઠગે? અરે! જો કદાચ તે ધર્મગુરુઓ પણ કોઈ પ્રકારે ઠગે, તો શું અમૃતમય ચંદ્રના બિંબથકી પ્રદીપ્ત આકાશાગ્નિ(વીજળી)ના કણીયાનો સમૂહ ન પડે? અથવા સૂર્યનું બિંબ પ્રકાશમાન છતાં અંધકારનો સમૂહ

જગતના મધ્યભાગને ભરીને શું અકાળે પણ રાત્રિને ઉત્પન્ન ન કરે ? તેથી કરીને હે ભદ્ર! તારે ગુરુ સંબંધી આ પ્રમાણે બોલવું યોગ્ય નથી, અને આવું વચન અત્યંત પાપને ઉત્પન્ન કરનાર હોવાથી મારે સાંભળવું પણ યોગ્ય નથી. વળી તેં જે કહ્યું કે–વ્રતના લોપથી ઉત્પન્ન થયેલા પાપને શમાવવા માટે પાછળથી પ્રાયશ્ચિત્તનું સેવન કરજે એમ કહ્યું તે અયુક્ત છે; કેમકે જે કરવાથી વ્રતનો લોપ થાય તે કાર્ય પ્રથમથી જ કરવું યોગ્ય નથી. અને તે વ્રતનો લોપ કર્યા પછી પ્રાયશ્ચિત્તાદિકનો જે વ્યાપાર કરવો તે નિષ્ફળ છે. સહસાત્કારથી અને અનાભોગથી વ્રતનું મલિનપણું થયું હોય, તો તેનું પ્રાયશ્ચિત્ત થઇ શકે છે, પરંતુ પ્રથમથી જ જાણતાં છતાં જે વ્રતનો લોપ કરે છે તેને તે પ્રાયશ્ચિત્ત નિષ્ફળ છે.” આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે તે દેવ મનમાં હર્ષ પામ્યો, તેથી તેણે પોતાનું વિશિષ્ટ રૂપ ધારણ કર્યું. ચલાયમાન મણિના કુંડલોના નિર્મળ કિરણોવડે તેનું ગંડસ્થળ વ્યાપ્ત થયું. આ રીતે તે પ્રગટ થઇને સ્નેહ સહિત બે હાથ જોડી આ પ્રમાણે કહેવા લાગ્યો કે—“હે શ્રાવક ! તને ધન્ય છે કે જે તું આ પ્રમાણે વ્રતમાં નિશ્ચળ છે. હું દેવ છું. તારા સત્ત્વની પરીક્ષા કરવા માટે હમણા પ્રાપ્ત થયો છું, અને હવે તારા પર તુષ્ટમાન થયો છું તેથી કહે તને શું આપું ?” જિનપાલિતે કહ્યું–“જિનેશ્વર અને મુનિરાજના ચરણની પૂજાના પ્રભાવે કરીને મારે સર્વ પરિપૂર્ણ છે. અહીં મારે કાંઈ પણ માગવાનું છે નહી.” ત્યારે દેવે કહ્યું–“ ધર્મને વિષે જેનું આવું નિશ્ચળપણું છે તે તું કૃતાર્થ જ છે, તો પણ હે મહાસત્ત્વ ! મારા પર અનુગ્રહ કરીને વિષના દોષને નાશ કરવામાં નિપુણ આ રત્નને તું ગ્રહણ કર.” એમ કહી તેને રત્ન આપી દેવ અદૃશ્ય થયો.

ત્યારપછી તે જિનપાલિત પણ તે રત્ન ગ્રહણ કરી તથા ઘી વિગેરેના પાત્રો ગ્રહણ કરી, કેટલુંક બીજા વાણીયાઓને આપીને પોતાના નગરમાં ગયો. ત્યાં તે કેટલાક દિવસ રહ્યો તેટલામાં એક દિવસ તે રાજાની રાણી મદનમંજૂષા શયનગૃહમાં સુખે સૂતી હતી તેને સર્પ ડસ્યો, તેથી તે તત્કાળ ચેતના રહિત થઇ ગઈ. તે જોઇ વિક્રમસેન રાજા આકુળવ્યાકુળ થયો. ગારુડિક મંત્રોના જાણનારાને બોલાવ્યા. તેઓએ મંત્ર–તંત્રના ઉપચારો કર્યા, પરંતુ તેણીને કાંઇ પણ વિશેષ થયું નહીં ( અસર થઈ નહીં ). ત્યારે તેઓએ તેણીનો ત્યાગ કર્યો. પછી તેણીના ગાઢ સ્નેહથી મોહ પામેલા રાજાએ પડહ વગડાવ્યો, અને આઘોષણા કરાવી કે–“જે માણસ રાણીને ઉઠાડે ( જીવાડે ) તેને હું ગામ અને નગરની સમૃદ્ધિવાળા અર્ધ રાજ્યને

આપીશ." આ પ્રમાણે પડહ વગાડવાપૂર્વક આઘોષણા થતી હતી તેને જિનપાલિતે સાંભળી ત્યારે તેણે પડહને નિવાર્યો. હવે આપેલું રત્ન લઇને તે રાજમહેલમાં ગયો. રત્નના અભિષેકનું પાણી પાવાના વિધિએ કરીને દેવીને વિષના વિકાર રહિત કરી, તેથી તે સૂઇને જાગી હોય તેમ શય્યાથકી ઊભી થઇ. રાજા તુષ્ટમાન થયો, તેથી તેને અર્ધ રાજ્ય આપવા લાગ્યો. જિનપાલિતે ઉચિત હતું તેટલું લઇને બાકીનો નિષેધ કર્યો. રાજા પણ તેના નિર્લોભીપણાને જોઇને પ્રતિબોધ પામી રાણી સહિત શ્રાવક થયો. જિનપાલિત પણ સંપૂર્ણ ધનના વિસ્તારવાળો થઇ, ચૈત્ય અને સાધુની પૂજામાં રક્ત થઇ સમ્યક્ પ્રકારે બન્ને લોકનું જીવિત સફળ કરી, મરણ પામી પરંપરાએ મોક્ષના સુખનો ભાગી થયો. આ પ્રમાણે હે ગૌતમ! અતિચારરૂપી પંક રહિત દિગ્વ્રત પાળવાથી આ ભવ અને પર ભવ સંબંધી વિશિષ્ટ સુખને કરનારા ગુણના સમૂહ થાય છે. ( ૧ )

હવે પછી ભોગ-પરિભોગના પ્રમાણ કરવારૂપ બીજું ગુણવ્રત કહું છું. તે વ્રત ભોજનથી અને કર્મથી એમ બે પ્રકારનું જાણવું. તેમાં ભોજનથી આ વ્રત અંગીકાર કર્યું હોય તેણે અનંતકાયાદિક, પાંચ ઉંબરા, મધ, મદિરા અને રાત્રિભોજનનો ત્યાગ કરવો. તેમાં ભોજનને આશ્રીને આ પાંચ અતિચારો વર્જવાના છે.-( સચિત્તના ત્યાગીએ અનાભોગ અથવા સહસાત્કારે ) સચિત્ત વસ્તુ મુખમાં નાંખવી ૧, સચિત્તથી મિશ્ર અચિત્ત વસ્તુ મુખમાં નાખવી ૨, એ જ પ્રમાણે અપક્વ ૩, તથા દુષ્પક્વ (અર્ધ પાકેલો આહાર લેવો) ૪ અને તુચ્છ (વનસ્પતિઓનું) ઔષધીઓનું ભક્ષણ ૫. તથા કર્મથી આ વ્રત અંગીકાર કર્યું હોય તેણે સર્વ ખરકર્મ નિરંતર વર્જવાના છે. તે ખરકર્મ ઇંગાલ કર્માદિક પંદર પ્રકારનું આ પ્રમાણે છેઃ-ઇંગાલકર્મ ૧, વનકર્મ ૨, સાડિકર્મ ૩, ભાડિકર્મ ૪ ફોડિકર્મ ૫. આ પાંચ કર્મ વર્જવા. તથા દાંત ૧, લાખ ૨, રસ ૩, કેશ ૪ અને વિષ સંબંધી ૫. એ પાંચ વાણિજ્યકર્મ વર્જવા. તથા એ જ પ્રમાણે યંત્રપીલનકર્મ ૧, નિર્લાંછન ૨, દવદાન ૩, સરોવર, દ્રહ અને તળાવનું શોષણ ૪ અને અસતીપોષણ ૫. એ પાંચ વર્જવા. આ બન્ને પ્રકારનું વ્રત કહેલી વિધિ પ્રમાણે પાલન કરનારા ધન્ય પ્રાણીઓને રવિ અને પાલકની જેમ સંસારનો ભય હોતો નથી." તે સાંભળી ઇંદ્રભૂતિ ( ગૌતમસ્વામી ) એ કહ્યું-"હે ભગવન! આ રવિ અને પાલક કોણ હતા?" જગદ્ગુરુ બોલ્યા-"કહું છુંઃ-આ જંબૂદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં કોશલ દેશમાં મુખ્ય દશપુર નગરમાં રાજાના માનીતા, બ્રાહ્મણના કુળમાં ઉત્પન્ન થયેલા, ચૌદ વિદ્યાના પારગામી રવિ અને પાલક નામના બે ભાઇઓ

વસતા હતા. એકદા એક ગામથી બીજે ગામ વિહાર કરતા, ઘણા શિષ્યોના સમૂહથી પરિવરેલા **વિજયસેન** નામના સૂરિ પધાર્યા. તેઓ તેમની અનુજ્ઞા લઇને તેમની યાનશાળામાં વર્ષા ચાતુર્માસ રહ્યા. તે બન્ને ભાઇઓ સૂરિની સમીપે ધર્મ સંબંધી વિચાર કરવા માટે આવીને બોલવા લાગ્યા કે–"હે ભગવન ! તમારો ધર્મ કહો." સૂરિમહારાજ બોલ્યા. "સાંભળો:—

જીવદયાનો અધ્યવસાય, સર્વજ્ઞે કહેલા પદાર્થોનો અંગીકાર અને પરિગ્રહનું પરિમાણ આ જ સંક્ષેપથી ધર્મ છે."

તે સાંભળી તેઓ બોલ્યા—"હે ભગવન ! જે તમે જીવદયાનો પરિણામ કહ્યો તે ઘટતો નથી; કેમકે યજ્ઞની ક્રિયામાં પશુનો વિનાશ પણ ધર્મપણાએ કહ્યો છે. તથા સર્વજ્ઞે કહેલા પદાર્થોનો અંગીકાર જે કહ્યો તે પણ સુંદર નથી, કેમકે વેદમાં સર્વજ્ઞ કહ્યા નથી. તથા વળી જે પરિગ્રહનુ પરિમાણ કહ્યું તે પણ નિરર્થક છે, કેમકે જેઓની પાસે કોડીમાત્ર પણ ધન નથી તેઓને પરિગ્રહનું પરિમાણ કરવું તે નિષ્ફળ જ છે. વિદ્યમાન પદાર્થને વિષે જ પરિમાણનું ગુણકારીપણું છે. (પરિમાણ ગુણકારક છે) જેમ કે ગામ હોય તો જ તેની સીમા કરવી સફળ છે, તેથી બીજો કાંઇક ધર્મ કહો." ત્યારે સૂરિમહારાજ બોલ્યા–"હે આયુષ્યમાન ! તમે આ પ્રમાણે કહો છો તે યોગ્ય નથી, કેમકે યજ્ઞકર્મમાં પશુનો વિનાશ કરવો તે ધર્મ છે એમ જે કહેવું તે આ લોક સંબંધી પ્રતિબંધવાળા પુરુષનું વચન છે." તેઓએ પૂછયું–"કેમ એમ ?" ત્યારે ગુરુ બોલ્યા કે–"જે સર્વ પ્રાણીઓને પોતાના આત્માની જેમ જુએ (જાણે) તે જ જુએ છે (જાણે છે) એવું પારમાર્થિક મુનિનું વચન છે. જો કદાચ જીવનો વિનાશ કરવામાં ધર્મ હોય તો મચ્છીમાર અને શિકારી વિગેરે પણ સ્વર્ગમાં જશે. વળી વેદમાં સર્વજ્ઞ કહ્યા નથી એમ તમે જે કહ્યું તે પણ વેદનું રહસ્ય તમે સાંભળ્યું નથી તેથી કહ્યું છે, કેમકે વેદમાં જ શાંતિની ઉદ્‌ઘોષણાના પ્રસંગે કહ્યું છે કે–"લોકમાં પ્રતિષ્ઠા પામેલા ઋષભથી આરંભીને વર્ધમાનસ્વામી પર્યંત ચોવીશ તીર્થંકરો સિદ્ધિપદને પામેલા છે, તેમનું અમે શરણ કરીએ છીએ." તથા–"અમે પવિત્ર અગ્નિનો સ્પર્શ કરીએ છીએ. જેમનો જન્મ સુજન્મ છે, જેમનું વીરપણું સુવીરપણું છે, જેમનું નગ્નપણું સુનગ્નપણું છે, જેમનું બ્રહ્મચર્ય સુબ્રહ્મચર્ય છે, ઉચિત મનવડે, અનુદિત (અનુદ્ધત) મનવડે મહર્ષિઓ મહર્ષિઓવડે દેવનો હોમ કરે છે. યજ્ઞ કરનારા લોકોની આ રક્ષા હો, શાંતિ હો, વૃદ્ધિ હો, તુષ્ટિ હો, સ્વાહા." આ પ્રમાણે પ્રસિદ્ધ અને સર્વત્ર પ્રતિષ્ઠા પામેલા (રહેલા)

સર્વજ્ઞો છે, છતાં તેમના અભાવની કલ્પના કરવી તે મહામોહ છે. વળી જે તમે કહ્યું કે વિદ્યમાન પદાર્થ હોય તેનું જ પરિમાણ કરવું યોગ્ય છે તે તમારું કહેવું પણ અનુચિત છે, કેમકે ધન નહીં છતાં પણ આશ્રવનો નિરોધ થતો હોવાથી પ્રત્યાખ્યાન કરવું તે ગુણકારક જ છે; તેથી હે મહાનુભાવો! સમગ્ર દોષરૂપી અગ્નિને શમાવવામાં મેઘ સમાન અને અજરામર કરનાર સર્વજ્ઞના મતરૂપી અમૃતનું પાન કરો. મિથ્યાત્વના મોહથી ઉત્પન્ન થયેલ ખોટા અભિપ્રાયનો ત્યાગ કરો. મધ્યસ્થપણાનું અવલંબન કરીને પરમાર્થનો વિચાર કરો. જાત્ય સુવર્ણની જેમ કષ, છેદ, તાપ વિગેરે ઘણી પરીક્ષાવડે સારી રીતે પરીક્ષા કરીને સુખને કરનારા ધર્મને સમ્યક્ પ્રકારે આચરો." આ પ્રમાણે સૂરિમહારાજે કહ્યું ત્યારે મોટા પ્રભાવવાળા તે બન્ને ભાઈઓ લઘુકર્મી હોવાથી પ્રતિબોધ પામ્યા. તેથી તેમણે ભાવપૂર્વક જિનધર્મ અંગીકાર કર્યો, અણુવ્રતો ગ્રહણ કર્યા, ત્રણે ગુણવ્રતોનો સ્વીકાર કર્યો, અને તે વ્રતોને સર્વ પ્રયત્નવડે પાળવા લાગ્યા. હવે એકદા રવિ બ્રાહ્મણ ભોજન કરતો હતો ત્યારે ઉપરની ભૂમિ પર રહેલી ઢેઢગરોળી તેના ભોજનમાં ચરકી. ચિત્તનું વ્યાક્ષેપપણું હોવાથી તેની તેને ખબર રહી નહીં, તેથી તેના વડે મિશ્રિત થયેલું તે ભોજન કરવાથી તેનું ઉદર વૃદ્ધિ પામ્યું, તેનું લોહી-માંસ ક્ષીણ થયું, હાથ પાતળા થયા, જંઘા સુકાઈ ગઈ, મુખ શુષ્ક થયું, તૃષ્ણા વૃદ્ધિ પામી અને સાવશેષ (થોડા) આયુષ્યવાળો થયો. તેને પાલકે ઘણા વૈદ્યોને દેખાડ્યો. તેઓએ પણ આ અસાધ્ય છે એમ ધારીને તેનો ત્યાગ કર્યો. આ પ્રમાણે વિષમ દશામાં પડેલા તેને જોઈને તેનો પરિવાર ઝુરવા લાગ્યો, તેની ભાર્યા રુદન કરવા લાગી. પાલક ઘણે પ્રકારે વિલાપ કરવા લાગ્યો, પરંતુ તે રવિ તો મનની દીનતા રહિતપણે સમ્યક્ પ્રકારે સહન કરતો હતો. કોઇ દિવસે દેશાંતરથી એક વૈદ્ય આવ્યો. તેના સ્વજનવર્ગે રવિને તેને દેખાડ્યો. તે વૈદ્યે પણ સારી રીતે જોઇને કહ્યું કે-"અહો! ભીંત પર રહેલી ઘરોળીની વિષ્ટાથી ઉત્પન્ન થયેલો આ દોષ છે. તેથી પાંચ ઉંબરાના ફળ સમભાગે લઇ, ચિત્તા અને રોઝનાં માંસથી મિશ્ર કરી તેને મદિરા સાથે વાટીને આપો (પાઓ). તેમ કરવાથી આ મહોદરનો વ્યાધિ શીઘ્ર શાંત થશે." તે સાંભળી રવિએ કહ્યું કે-"હે વૈદ્ય! ભોજનથી બીજા ગુણવ્રતનું પરિમાણ કરતી વખતે મેં આ સર્વેનું પ્રત્યાખ્યાન કર્યું છે." ત્યારે વૈદ્યે અને સ્વજનવર્ગે પણ કહ્યું કે-"શરીર સારું થયા પછી તે પાપની શુદ્ધિ કરજે." તેણે કહ્યું-"જરારૂપી ઘુણવડે આ

નાશવંત શરીરરૂપી પાંજરું જર્જરિત અને અસાર કરાયેલું છે તેને હું જાણું છું માટે મરણ થયા છતાં પણ હું તેવું આચરણ નહીં કરું." તે સાંભળીને વૈદ્યે તેનો ત્યાગ કર્યો. હવે એક દિવસે જેટલામાં તે રવિ એકાંત પ્રદેશમાં બેઠેલો રહ્યો હતો તેટલામાં એક બળદના મૂત્રમાં તેણે એક ઘરોળી પડેલી જોઇ. તેને તત્કાળ વિનાશ પામતી જોઇને તેણે વિચાર્યું કે-" અહો ! જેમ આ મૂત્ર ઘરોળીનો વિનાશ કરવામાં સમર્થ છે તેમ તેના દુષ્ટ વિષવિકારને પણ નાશ કરવામાં સમર્થ હશે, તેથી મારે આ મૂત્ર પીવું યોગ્ય છે." એમ વિચારી સારા મુહૂર્તે નવકાર મંત્રના સ્મરણપૂર્વક તે બળદનું મૂત્ર તેણે પીધું, તેથી ધર્મના પ્રભાવવડે, વેદનીય કર્મનો ક્ષયોપશમ થવાવડે અને ઔષધના માહાત્મ્યવડે તેનો જળોદરનો વ્યાધિ શાંત થયો. ફરીથી તે નવા શરીરવાળો થયો. તે જોઇ 'જિનેંદ્રના ધર્મનું સામર્થ્ય જયવંત વર્તે છે' એવો પ્રવાદ નગરના લોકોએ સર્વત્ર વિસ્તાર્યો.

હવે એકદા તે નગરના રાજાએ પાલકને કહ્યું કે-" તું મારું અમાત્યપણું અંગીકાર કર." પાલકે કહ્યું-"હે દેવ! સૈન્યનું અધિપતિપણું અને કોટવાળપણું વિગેરે સર્વ ખરકર્મનો મેં નિયમ કર્યો છે." રાજાએ કહ્યું-"તેનું શું કારણ ?" તેણે કહ્યું-"હે દેવ! શ્રાવકોને તેવો અધિકાર યોગ્ય નથી, કેમકે તેવા અધિકારમાં નીમાયેલા પુરુષોએ લોકોને પીડા પમાડવી જોઈએ, પરના છિદ્ર જોવા પડે અને રાજાના ચિત્તને વશ કરવા માટે સર્વ પ્રકારે ધન ઉપાર્જન કરવું પડે. આ સર્વ બાબતો વ્રતવાળાને કરવી યોગ્ય નથી." રાજાએ કહ્યું-" દુષ્ટને શિક્ષા કરવામાં અને સારા લોકોનું પાલન કરવામાં શું અયોગ્ય છે ?" પાલકે કહ્યું-"હે દેવ! આ દુષ્ટ છે અને આ સારો છે, એમ કોણ જાણી શકે ? કેમકે અપરાધી માણસ પણ પોતાને સારો જ કહે છે, અને દોષ અંગીકાર કર્યા વિના તેનો વિનાશ (દંડ) કરી શકાય નહીં. તેમજ કોઇક વખત ચાડીયા પુરુષે પ્રાપ્ત કરેલો સજ્જન પુરુષ પણ હણાઇ જાય છે, તેથી દુષ્ટનો નિગ્રહ (દંડ) અને સારાનું પાલન અતિશય જ્ઞાનથી જ સાધી શકાય છે. અતિશય જ્ઞાનવાળા ન હોય તેવા પુરુષથી કદાચ વિપરીતપણું પણ થાય છે." આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે પ્રચંડ શાસનવાળો રાજા રોષ પામીને કહેવા લાગ્યો કે-" અરે અધમ બ્રાહ્મણ! વેદ અને પુરાણમાં પ્રતિપાદન કરેલું બ્રાહ્મણપણું તજીને બીજો ધર્મ પાળવાથી પ્રથમ જ તું નિગ્રહ(દંડ)નું સ્થાન છે, અને હમણા મારી આજ્ઞાનો

લોપ કરવામાં પ્રવર્તેલો હોવાથી વિશેષે કરીને નિગ્રહનું સ્થાન છે, તેથી હવે તું નથી." આ પ્રમાણે કહીને તેનો વધ કરવાની આજ્ઞા કરી તેથી તે સ્મશાનભૂમિમાં લઇ જવાયો અને તેને શૂળિકા ઉપર ચડાવ્યો. આ અવસરે તે સ્થાને આવેલા એક વાણવ્યંતરે તેને જોયો. "આ ધર્મમાં દ્રઢ છે" એમ જાણી તે દેવને તેના પર અનુકંપા થઇ, તેથી તેણે શૂળિકાને સ્થાને સુવર્ણનું સિંહાસન કર્યું. ત્યારે રાજસેવકોએ તેને ખડ્ગના પ્રહારથી હણ્યો, તો પણ તે દેવના પ્રભાવથી પ્રહારને સ્થાને ગ્રૈવેયક વિગેરે આભૂષણો થઇ ગયા. તે વૃત્તાંત રાજાને જણાવ્યો. તે સાંભળી મનમાં ભયથી વ્યાકુળ થયેલો રાજા પોતે પરિવાર સહિત તેની પાસે આવી, બે હાથ જોડી કહેવા લાગ્યો:– "સદ્ધર્મમાં જ એકચિત્તવાળા હે પાલક! કારણ વિના જ મૂઢપણાથી મેં તને આવી અવસ્થા પમાડ્યો તે મારો અપરાધ તું ક્ષમા કર." આ પ્રમાણે ચિરકાળ સુધી તેને પ્રસન્ન કરીને હાથણીના સ્કંધ પર ચડાવીને મોટી વિભૂતિવડે તે પાલકને નગરમાં પ્રવેશ કરાવ્યો, અને યથાયોગ્યપણે તાંબૂલ વિગેરેવડે તેનું સન્માન કરી તેને તેના ઘેર મોકલ્યો. તે જોઇ તેનો મોટો ભાઇ તુષ્ટમાન થયો. તેણે તેનો વર્ધાપન મહોત્સવ કર્યો. હવે એક દિવસ પાલકે કહ્યું કે–"હે ભાઇ! સર્વજ્ઞના ધર્મનું આ માહાત્મ્ય છે કે જેથી માત્ર વૃષભના મૂત્રથી જ તારો જળોદરનો વ્યાધિ શાંત થયો, અને મને પણ કારણ વિના જ શૂળિકા પણ સુવર્ણના સિંહાસનરૂપે જ પરિણમી તથા પ્રહારો પણ આભરણરૂપે થયા; તેથી હવે આપણે ગૃહવાસના સંગને મૂકી દઇએ, અને સર્વવિરતિ અંગીકાર કરીએ. અમૃતના પાનનો ગુણ જાણનાર કયો માણસ વિષનું પાણી પીવાની ઇચ્છા કરે?" તે સાંભળી રવિએ કહ્યું–"એમ હો." ત્યારપછી તે બન્ને ભાઇઓ સ્થવિર મુનિની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી, સંપૂર્ણ શ્રમણધર્મનું આરાધન કરી અનુક્રમે દેવ અને મોક્ષના સુખનું ભાજન થયા.

આ પ્રમાણે હે ઇંદ્રભૂતિ મુનિવર! આ બીજું ગુણવ્રત કહ્યું. હવે અનર્થદંડની વિરતિ નામનું ત્રીજું ગુણવ્રત કહું છું. તે અનર્થદંડ ચાર પ્રકારનો જાણવો—અપધ્યાન ૧, પ્રમાદાચરણ ૨, હિંસપ્રદાન ૩ અને પાપોપદેશ ૪. આ વ્રતના પાંચ અતિચાર વર્જવાના છે. —કંદર્પ (કામકથા) ૧, કૌકુચ્ય ૨, મૌખર્ય ૩, સંયુક્તાધિકરણ ૪ અને ઉપભોગ–પરિભોગની અધિકતા ૫. જેઓ અનર્થદંડની વિરતિવાળા હોતા નથી તેઓ અનર્થ વચન બોલવાથી કોરિંટક નામના લૌકિક મુનિની જેમ

અવશ્ય મરણ પામે છે. આ કોરિંટક મુનિ જે પ્રમાણે મરણ પામ્યો તે પ્રમાણે હું કહું છું. તે સર્વ હે ગૌતમ! તમે સાંભળો—

**શાલિશીર્ષક** નામના ગામમાં **ભદ્રિલ** નામનો બ્રાહ્મણ હતો. તેને **સોમદિન્ના** નામની ભાર્યા હતી. તેમને કોરિંટક નામનો પુત્ર હતો. તે અત્યંત વિરૂપ હતો. તે આ પ્રમાણેઃ–તેના લાંબા અને [1]વિરલ દાંત મુખની બહાર નીકળ્યા હતા તેથી તેના ઓષ્ઠપુટ (બન્ને ઓષ્ઠ) ભાંગેલા (કપાયેલા) હતા, ઊંટના બાળકના પુંછડાની જેમ તેના મસ્તકના વાળ ફુટેલા (ફાટેલા) હોવાથી તે [2]દુઃપ્રેક્ષ્ય હતો, તેની આંખો બિલાડાની જેવી કર્કશ (કઠોર) હતી, તેના ઘોર કર્ણયુગલ અત્યંત વિકરાળ દેખાતા હતા, તેનું શરીર અત્યંત કપિલ (પીળા વર્ણવાળું) હતું, તેના શરીરની નસોનો સમૂહ પ્રગટ દેખાતો હતો અને પ્રાપ્ત થતા તથાપ્રકારના ભોજનના સમૂહવડે તેનું ઉદર પૂરાયેલું હતું તો પણ જાણે એક માસના ઉપવાસ કર્યા હોય તેમ તેનું સર્વ અંગ અત્યંત કૃશ દેખાતું હતું. આ પ્રમાણે તે પૂર્વના કરેલા કર્મના દોષથી ગામને મધ્યે [3]દુર્દર્શનપણાએ કરીને અત્યંત હીલના (નિંદા)નું સ્થાન થયો હતો.

આવા પ્રકારનો તે પુત્ર યૌવન વયને પામ્યો ત્યારે તેના માતા–પિતાએ વિચાર્યું કે–" શી રીતે આ સ્ત્રીને ભોગવનારો થશે? કેમકે સર્વ આદરથી માગણી કર્યા છતાં પણ આ ગામના રહીશ કોઈ પણ આને કન્યા આપતા નથી." ત્યારપછી એકદા અતિ દૂર ગામના નિવાસી એક બ્રાહ્મણની મોટી થયેલી કુમારિકા તેણે તે પુત્રને માટે ઘણું દ્રવ્ય આપીને વરી (લીધી). પછી લગ્નનો સમય આવ્યો ત્યારે કરેલા શણગારવડે મનોહર વેષવાળા કોરિંટકને લઈને તેઓ ત્યાં ગયા. ત્યાં વિવાહનો ઉપક્રમ પ્રારંભ્યો, વેદિકા રચી, ઘી અને મધવડે અગ્નિ દેદીપ્યમાન કર્યો, વેદિકાના મંડપમાં કોરિંટકને બેસાડ્યો. તેને તત્કાળ તે વૃદ્ધ કુમારિકાએ જોયો. તેને જોઈ ચમત્કાર સહિત તે બોલી કે–

" અહો! શું આ પિશાચ અહીં આવ્યો છે કે કોઈ રાક્ષસ છે? કે યમરાજનો પુરુષ છે? ના, ના, આ તો તેનાથી પણ ભયંકર છે. હે સખી! જો. જો. આનો દિવ્ય આભૂષણોનો સમૂહ જાણે કે લોઢાના ખીલા ઉપર આરોપણ કર્યો હોય તેવો જણાય છે, તેથી તે આ પાપીને વિષે કાંઈ પણ શોભાને પામતો નથી. વિવાહના પ્રારંભમાં જ આ ધૂમકેતુની જેવો દેખાય છે, તેથી આને જોતાં જ મારું મન ભય પામે છે."

---

૧ છૂટાછવાયા. ૨ દુઃખેથી જોઈ શકાય તેવા. ૩ જેનું દર્શન અત્યંત ખરાબ હોય તે પણાએ કરીને.

તે સાંભળી સખી બોલી કે-" હે સારા અંગવાળી ! તું આ પ્રમાણે ન બોલ. આ તો તારો પ્રાણનાથ થવાનો છે." તેણીએ કહ્યું-" હે સખી ! શું આ તું સત્ય બોલે છે ? કે આ મારો પ્રાણનાથ થશે ?" સખી બોલી-" એમાં શો સંશય છે ?" તે સાંભળી વૃદ્ધકુમારિકા પણ-" જો કદાચ પરભવમાં (આ મારો પતિ થાય તો)" એમ કહી, ખેદના વશથી પ્રસરતા તીવ્ર સંતાપને પામી ધીમે ધીમે ચાલીને, લોકોની વચ્ચે થઇને શીઘ્રપણે ગામના મોટા કુવામાં પડી. ત્યાર-પછી આમતેમ ફરતા પાસે રહેલા લોકોએ હાહારવ કર્યો તે સાંભળી તેના સંબંધીજનો તેણીને કુવામાંથી કાઢવા દોડ્યા. તેટલામાં તો તે કુવામાં ઘણું પાંણી હોવાથી અને વિનાશની અવશ્ય ભવિતવ્યતા હોવાથી તે મરણ પામી. જીવિત રહિત થયેલી તેણીને કુવામાંથી બહાર કાઢી, અને તેણીના શરીરનો અગ્નિ-સંસ્કાર કર્યો. પછી લોકોવડે નિંદા કરાતા તે કોરિંટક અને તેના માતા-પિતા વિગેરે સર્વે પોતાને ગામ ગયા. પછી તેઓએ તેને કહ્યું કે-"હે પુત્ર કોરિંટક ! તારા વિવાહને નિમિત્તે કોઇ પણ એવો ઉપાય નથી કે જે અમે ન કર્યો હોય. કેવળ તારા કર્મના પરિણામના વશે કરીને તે સર્વ ઉપાય નિષ્ફળ થયા છે, તેથી તું એમ ન જાણીશ કે માતા-પિતાએ મારી ઉપેક્ષા કરી છે." તે સાંભળીને તે બોલ્યો કે-" આ બાબતમાં મારું પૂર્વકૃત કર્મ જ અપરાધી છે. તેમાં તમારી ઉપેક્ષા શાની ? જો કદાચ કુબ્જ મનુષ્ય ઘણા ઊંચા હાથ કરે તો પણ ફળને પામે નહીં, તો તેમાં ઉત્તમ કલ્પવૃક્ષનો શો અપરાધ ?" આ પ્રમાણે તેઓ પરસ્પર વાતો કરતા હતા તેવામાં રાત્રિ થઈ. પછી તેઓ અત્યંત નિદ્રાવશ થયા ત્યારે મોટા ચિત્તસંતાપને પામેલો કોરિંટક પોતાના ઘરમાંથી બહાર નીકળ્યો, તીર્થયાત્રાને માટે પ્રવર્ત્યો. અનુક્રમે સમગ્ર લૌકિક તીર્થો જોઇને તેણે કાપાલિક તપસ્વીની દીક્ષા ગ્રહણ કરી. તેના દર્શન (શાસ્ત્ર)નો અભિપ્રાય જાણ્યો. પૃથ્વીનું લક્ષણ વિગેરે જાણવાની કળાઓ શીખ્યો.

આ અવસરે **કુશાગ્રપુર** નામના નગરમાં **અરિમર્દન** નામે રાજા હતો. તેને **સુમતિ** નામનો મંત્રી હતો. તે સ્વભાવથી જ દયા, દાક્ષિણ્ય, સત્ય અને વિશિષ્ટ બુદ્ધિ સહિત હતો. હવે તે રાજાએ એક મોટું સરોવર કરાવ્યું. તેની પાળ ઉપર વિવિધ પ્રકારના વૃક્ષોનો સમૂહ આરોપણ કરાવ્યો. તેની ચારે પડખે (દિશાએ) અનાથ શાળાઓ કરાવી. તેમાં નિષેધ વિનાની [1]દાનશાળાઓ કરાવી. તે સરોવર પાણીથી અત્યંત ભરેલું છતાં પણ તેમાંથી વિવર(છિદ્ર)ના દોષને

---

૧ અન્નક્ષેત્ર.

લીધે કેટલાક દિવસમાં જ સૂકાઇ જતા પાણીને જોઇને ખેદ પામેલા રાજાએ કહ્યું કે–"અહો! દ્રવ્યનો વ્યય નિરર્થક થયો." તે સાંભળી તેના પરિવારે કહ્યું–"હે દેવ? તમે ખેદ ન કરો. આ વિવરને પથ્થર વિગેરે વડે પૂરાવી દ્યો. એમ કરવાથી કદાચ પાણીનો વિનાશ નહીં થાય." રાજાએ કહ્યું–"એમ કરો." ત્યારપછી તત્કાળ તે વિવરને કાષ્ઠ, શિલા અને ઇંટોવડે પૂર્ણ કર્યું. પછી વર્ષાકાળ થયો ત્યારે મોટી જળની ધારા પડવાથી તે સરોવર ભરાઇ ગયું. તે વાત લોકોએ રાજાને કહી.

તે સાંભળી રાજા તુષ્ટમાન થઇ તે જોવા માટે પોતે જ ત્યાં ગયો. જેટલામાં એક ક્ષણવાર તે ત્યાં રહ્યો તેટલામાં તે વિવર પાછું ભેદાયું, તેથી ફરીને પણ તે વિવરના માર્ગે કરીને પૂર્વની જેમ પ્રવાહવડે તે પાણી અનિવારિતપણે પાતાળમાં જવા લાગ્યું. તે જોઇને રાજા શોકરૂપી મહાશલ્યથી પીડા પામ્યો અને તરત જ તેણે મંત્રાદિક શાસ્ત્રમાં કુશળ નગરના લોકોને બોલાવ્યા, અને કહ્યું કે–"તમે શાસ્ત્રના અર્થના પારગામી છો, તેથી કહો કે આ પાણી પાતાળમાં જાય છે તે કયા ઉપાયે કરીને બંધ થઇ શકે?" તે સાંભળી તેઓએ સારી રીતે વિચાર કરીને કહ્યું કે–"હે દેવ! આ વિષયમાં અમારું કાંઇ પણ જ્ઞાન નથી તેથી અમે શું કહીએ?" ત્યારે ફરીથી રાજાએ કહ્યું કે–"તો પણ કહો, અહીં શું કરવું? ઘણા દ્રવ્યનો વ્યય કર્યો છે તે નિષ્ફળ ન જાઓ."

ત્યારે તેઓ બોલ્યા કે–"જો એમ હોય તો નગરની બહાર પરદેશીઓની ધર્મશાળાઓમાં, પરબનાં મંડપોમાં, દેવમંદિરોમાં, મુસાફરોના સમૂહના મેળામાં અને તપસ્વી જનોના આશ્રમોમાં તેવા પુરુષોની તપાસ કરાવો અને ત્યાં રહેલા લોકોને વિવર પૂરવાનો ઉપાય પૂછાવો. કદાચ તેઓમાંથી કોઇક કાંઇક ઉપાય બતાવશે." તે સાંભળી રાજાએ કહ્યું–"તમે સારું કહ્યું. પૃથ્વી ઘણાં રત્નવાળી છે તેથી તેમાં શું ન સંભવે?" આ પ્રમાણે તેમના વચનને અનુમતિ આપીને તેમના કહેવા પ્રમાણે સર્વ સ્થાનોમાં પોતાના પુરુષો મોકલ્યા. ત્યારે તેઓ પણ કહેલી વિધિ પ્રમાણે સર્વ ઠેકાણે પૂછવા લાગ્યા.

તેવા સમયમાં તે કોરિંટક કાપાલિક આમતેમ દેશાંતરોમાં ભ્રમણ કરતો, મંત્ર, તંત્ર અને ઔષધોનો સંગ્રહ કરતો, ધાતુવાદ અને [૧]ખન્યવાદ વિગેરે દ્રવ્યને ઉપાર્જન કરવાના ઉપાયને ચિંતવતો તે જ નગરમાં આવ્યો. ત્યાં દેશી લોકોની ધર્મશાળામાં રહ્યો. "આ સર્વ પ્રકારે કોઇ અપૂર્વ છે" એમ જાણી રાજપુરુષોએ તેને વિનય સહિત સરોવરના વિવરને પૂરવાનો ઉપાય પૂછ્યો.

૧ ખાણમાંથી નીકળતા રત્નાદિક સંબંધી જ્ઞાન.

તે અવસરે પોતાની કળાના ગર્વવડે નૃત્ય કરતા તેણે અહંકાર સહિત કહ્યું કે–"આ તે મારી પાસે કયા હિસાબમાં છે ?" ત્યારે રાજપુરુષોએ કહ્યું કે–"જો એમ છે તો તમે રાજા પાસે આવો, પોતાનું વિજ્ઞાન પ્રગટ કરો અને પૃથ્વીતળમાં પ્રસિદ્ધિને પામો."

આ પ્રમાણે કહ્યું ત્યારે તે પોતાના વિજ્ઞાનવડે ત્રણ ભુવનને તૃણ સમાન ગણતો તેઓની સાથે રાજકુળ તરફ ચાલ્યો. અને અનુક્રમે સભામંડપમાં ગયો. 'આ મુનિ છે.' એમ જાણી રાજાએ તેને પ્રણામ કર્યા અને તેને આસન અપાવ્યું. તેના પર તે બેઠો. સમય આવ્યો ત્યારે તે પુરુષોએ રાજાને તેનું વિજ્ઞાનકુશળપણું જણાવ્યું ત્યારે હર્ષથી પ્રફુલ્લિત નેત્રવાળા રાજાએ તેને કહ્યું કે–" હે શ્રેષ્ઠ ઋષિ ! કૃપા કરો, અને સરોવરના વિવરનો નાશ કરો કે જેથી તૃષ્ણાવડે શુષ્ક શરીરવાળા ચારે પ્રકારના પ્રાણીસમૂહો સુખે કરીને સર્વ કાળ ઇચ્છા પ્રમાણે જળપાન કરે." ત્યારે કૌરિંટકે કહ્યું–"હે મહારાજ ! આ કાર્ય તો કેટલા માત્ર ( શા હિસાબમાં ) છે ? તે વિવર મને દેખાડો કે જેથી હું તેને લાયક ઉપાય કરું." આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે તેને તે પ્રદેશ દેખાડ્યો. તેણે પણ ચોતરફ તે જોઇ કહ્યું કે– "હે મહારાજ ! જો આ વિવરમાં ભયંકર કાનવાળા, મંકડ જેવા વર્ણવાળા, બોકડા જેવા દાઢી–મૂછવાળા, તાળની જેવા રૂપવાળા, કુક્કડ જેવી કાંતિવાળા, અતિ બીભત્સ ( નિંદિત ), બ્રાહ્મણ જાતિના અને સંયમવાળા પુરુષને દિગ્દેવતાના બળિદાન કરવાપૂર્વક નાંખો તો અવશ્ય આ વિવર પૂરાઇ જાય, અને થોડું પણ પાણી ઓછું થાય નહીં." આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે રાજાએ ગામ, આકર વિગેરે સર્વ સ્થાને પુરુષોને મોકલ્યા. તેઓ કહેલા ગુણવાળા બ્રાહ્મણને શોધવા લાગ્યા. કોઇ પણ ઠેકાણે તેવા પુરુષને નહીં જોવાથી તેઓએ પાછા આવીને રાજાને નિવેદન કર્યું ત્યારે ચિત્તમાં ભ્રાંતિ પામેલા રાજાએ કહ્યું કે–"હે સુમતિ મંત્રી ! અમારા આ ધર્મકાર્યમાં તું આ પ્રમાણે નિરુદ્યમી કેમ છે ?. કહેલા ગુણવાળા બ્રાહ્મણને કેમ પ્રાપ્ત કરતો નથી ?" તે સાંભળી મંત્રીએ વિચાર્યું કે–"અહો ! મુગ્ધ લોક ધર્મના મિષથી પાપનું ઉપાર્જન કેવું કરે છે ? અહો ! આ અધમ પાખંડીનું અનર્થદંડમાં પંડિતપણું કેવું છે ? કે જેથી આવા પ્રકારના પાપસ્થાનનો ઉપદેશ કરતા તેણે પંચેંદ્રિયનો વિનાશ ન ગણ્યો, બ્રાહ્મણ-હત્યાનું કલંક ન વિચાર્યું, અને પોતાના તપનો લોપ પણ ન જાણ્યો. અથવા આનાવડે શું ? હું જ તે પ્રકારે કરું કે જેથી બીજા લોકોને પણ પાપોપદેશ કરવાની ઇચ્છા પણ ન થાય." આ પ્રમાણે વિચારીને તેણે કહ્યું કે–"હે

દેવ! આ કાપાલિક મુનિએ જેવા પ્રકારનો પુરુષ કહ્યો તેવા પ્રકારનો જો હોય તો આ જ છે; તેથી હે દેવ! આ ધર્મસ્થાનમાં જો આનેજ નાંખવામાં આવે તો શું અયોગ્ય છે? "ઇષ્ટ માણસને ધર્મમાં જોડવો" એમ લોકમાં પણ કહેવાય છે." ત્યારે રાજાએ કહ્યું-"એમ હો." પછી ચતુર્દશીનો દિવસ આવ્યો ત્યારે તેજ કોરિંટકને કહેલા વિધિ પ્રમાણે

" हितं न वाच्यं अहितं न वाच्यं, हिताहितं नैव च भाषणीम् ।
कोरिंटकः स्माह महाव्रती यत्, स्ववाक्यदोषाद्विवरं विशामि ॥ १ ॥"

"હિતવચન કહેવું નહીં, અહિત વચન કહેવું નહીં, તથા હિત કે અહિત કાંઇ પણ કહેવું નહીં; કેમકે મહાવ્રતી કોરિંટક કહે છે કે-પોતાના જ વચનના દોષથી હું વિવરમાં પેસું છું."

આ પ્રમાણે વારંવાર બોલતા, વિરસ બૂમ પાડતા તેને બળાત્કારે જ વિવરમાં નાંખ્યો અને તે મરણ પામ્યો.

પછી નગરમાં સર્વ ઠેકાણે વાત પ્રસરી કે-"કાપાલિક તપસ્વી પોતાના જિહ્વાના દોષથી પરાધીનપણે મૃત્યુ પામ્યો." ત્યારપછી સર્વ લોક સારા મુનિની જેમ ભાષાના ગુણ-દોષ ચિંતવવામાં ઉદ્યમી થયો, કેમકે "મરણથી ભય પામેલા પ્રાણીઓને શું અશક્ય છે?" આ પ્રમાણે હે ગૌતમ! ઉદ્ધત વચન બોલવારૂપ અને યમરાજના દંડ જેવો પ્રચંડ તથા દુઃખના સમૂહને કરનારો અનર્થદંડ મેં તમને કહ્યો.

આ ત્રણે ગુણવ્રત મેં તમને કહ્યાં. હવે હે ગૌતમ ગોત્રી! ચાર શિક્ષાવ્રતને તમે સાંભળો:-તેમાં સામાયિક નામનું પહેલું શિક્ષાવ્રત છે. તે સાવદ્ય યોગનું વર્જન અને ઇતર એટલે નિરવદ્યયોગનું સેવન એમ બે સ્વરૂપવાળું છે. તેમાં મન, વચન અને કાયાનું દુષ્પ્રણિધાન વર્જવું નહીં ૩ તથા શયનાદિકવડે સ્મૃતિનું ન કરવું ૪ અને અનવસ્થિતપણે એટલે અસાવધાનપણે સામાયિક કરવું ૫. આ પાંચ અતિચારો છે. તે ગૃહસ્થીએ વર્જવાના છે. સામાયિક કરવામાં ઉદ્યમવાળા અને દેવના ઉપસર્ગ થયા છતાં પણ જેમનું ચિત્ત ચલાયમાન ન થાય તેવા પ્રાણીઓ **કામદેવ**ની જેમ સંસારના પારગામી થાય છે. જે પ્રકારે મારી પાસે સમકિત પામેલો **કામદેવ** શ્રાવક દેવનો ઉપસર્ગ થયા છતાં પણ સામાયિકમાં નિષ્કંપ રહ્યો તે પ્રકારે તમે સાંભળો:—

**ચંપા** નગરીમાં દેશોને જીતનાર **જિતશત્રુ** નામે રાજા હતો. ત્યાં **કામદેવ** નામનો શ્રેષ્ઠી હતો. તેઓ પોતપોતાના કાર્યમાં સાવધાન થઈ કાળ

નિર્ગમન કરતા હતા. એકદા એક ગામથી બીજે ગામ વિહાર કરતા અમે ત્યાં સમવસર્યા. તે વખતે ઉદ્યાનપાલકોએ રાજાને વિનંતિ કરી કે–"હે દેવ ! ભવ્ય પ્રાણીઓરૂપી કમળોને પ્રબોધ કરવામાં સૂર્ય જેવા છેલ્લા તીર્થંકર **સહસ્રામવન** નામના ઉદ્યાનમાં સમવસર્યા છે." તે સાંભળી રાજાએ તેમને મોટું ઇનામ આપ્યું, અને નગરીમાં પડહ વગડાવ્યો કે–"જ્ઞાતકુળમાં ધ્વજા સમાન **મહાવીરસ્વામી** ભગવાનને વાંદવા માટે રાજા નીકળે છે, તેથી હે લોકો ! તમે સર્વે ભગવાનને વાંદવા ચાલો." આ પ્રમાણે કહેવાથી તત્કાળ પુરજનો એકઠા થયા. તેઓ સહિત રાજા મારી પાસે આવ્યો. તે અવસરે તે કામદેવ શ્રેષ્ઠી પોતાના પ્રાસાદના ઉપલા ભાગ ઉપર બેઠો હતો. તેણે એક જ દિશાની સન્મુખ જતો લોકોનો સમૂહ જોઇ પોતાના સેવકોને પૂછયું કે–"હે દેવાનુપ્રિય ! આ પુરલોકોનો સમૂહ એક જ દિશાએ ક્યાં જાય છે ? આ અર્થ જાણીને મને કહો." ત્યારે તેઓએ નિશ્ચય કરીને કહ્યું કે–"ત્રણ ભુવનના એકસ્વામી જિનેશ્વર અહીં સમવસર્યા છે. તેમને વાંદવા માટે નગરજનો જાય છે." તે સાંભળીને તે કામદેવે અત્યંત શ્રદ્ધા ઉત્પન્ન થવાથી સ્નાન કર્યું, ચંદનવડે ગાત્રને લેપ કર્યો, થોડા અને મોટી કીંમતવાળા અલંકારોવડે શરીરને ભૂષિત કર્યું અને શ્વેત પુષ્પની માળાવડે તે શોભિત થયો. પછી ચાર ઘંટાવાળા રથ ઉપર આરૂઢ થઇ તે નગરમાંથી નીકળ્યો. સમવસરણની નજીક જઈ, તે શ્રેષ્ઠ રથ ઉપરથી નીચે ઉતરી, પુષ્પની માળાનો ત્યાગ કરી, મુખમાંથી તાંબૂલને કાઢી નાંખી, મુખની શુદ્ધિ કરી, એક વસ્ત્રનું ઉત્તરાસણ કરી, ભગવાનને ચક્ષુનો સ્પર્શ થતાં બે હાથ જોડી, મનનું એકાગ્રપણું કરી સમવરણમાં પેઠો. ત્રણ વાર પ્રદક્ષિણા કરીને તેણે મને વંદના કરી, અને યોગ્ય આસને ( સ્થાને ) બેઠો. પછી મારી ધર્મદેશના સાંભળીને તેને ધર્મનો પરિણામ થયો, તેથી સમકિત સહિત પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત ભાવપૂર્વક ગ્રહણ કરીને તે પોતાના ઘેર ગયો. પછી તે અતિચાર રહિત શ્રાવક ધર્મ પાળવા લાગ્યો. એકદા કુટુંબની ચિંતા( સારસંભાળ )ને વિષે મોટા પુત્રને સ્થાપન કરી પૌષધશાળામાં પ્રતિમાનું પરિકર્મ ( અભ્યાસ ) કરવા માટે રાત્રિસમયે સામાયિક અંગીકાર કરીને કાયોત્સર્ગે રહ્યો. તે વખતે તેના ભાવના નિશ્ચળપણાની પરીક્ષા કરવા માટે કોઈ એક દેવ તેની સમીપે ઊભો રહી ક્રોધથી આ પ્રમાણે બોલ્યો:—

"રે રે ! અધમ વણિક્ ! આ ધર્મકર્મને તું શીઘ્રપણે છોડી દે. હે પાપિષ્ઠ ! આવી સાધુની ચેષ્ટા( ક્રિયા )માં તારો શો અધિકાર છે ? મારા વચ-

નની અવગણુના કરીને તું પુત્ર, સ્ત્રી વિગેરે પરિવાર સહિત અકાળે જ ઉગ્ર દાઢવાળા યમરાજના મુખરૂપી ગુહામાં પ્રવેશ ન કર." આ પ્રમાણે કહ્યા છતાં પણ તે વખતે તે મહાસત્ત્વવાન જેટલામાં કંપિત ન થયો તેટલામાં રોષ પામેલા દેવે ગજેંદ્રનું રૂપ વિકુર્વ્યું. ત્યારપછી પ્રચંડ સુંઢને ઉછાળી મેઘની જેવી ગર્જના કરતા તેણે શીઘ્રપણે વેગથી દોડીને તે શ્રાવકને ગ્રહણ કર્યો. પછી તેણે તેના શરીરને ચોતરફથી પગવડે મર્દન કર્યું. પછી આકાશમાં ઉછાળ્યો, ત્યાંથી પડતા તેને દાંતના અગ્રભાગવડે વીંધ્યો. આ પ્રમાણે તેને ઘણે પ્રકારે પીડા કરીને પછી તેણે સર્પનું રૂપ વિકુર્વ્યું. પછી તીક્ષ્ણ દાઢોવડે તેના શરીરને વિદાર્યું, તો પણ ગૃહસ્થીઓમાં મુખ્ય એવો તે કામદેવ ક્ષોભ ન પામ્યો ત્યારે રાક્ષસનું રૂપ કરીને તે ઉપસર્ગ કરવા લાગ્યો. ત્યારપછી એક ક્ષણ વાર ભયંકર અટ્ટહાસ કરીને અને હાથની તાળીઓ પાડીને થાકી ગયેલા તે દેવે ભક્તિથી તેને આ પ્રમાણે કહ્યું કે–"હે કામદેવ શ્રાવક! હું દેવ છું. તારા સત્ત્વને જાણવા માટે અહીં આવ્યો છું, તેથી હે મહાયશસ્વી! તું પ્રસન્ન થઈને વરદાન માગ. ગુણના નિધાનરૂપ તારી જેવા ઉપર કરેલો થોડો પણ ઉપકાર ખરેખર અસંખ્ય સુખના સમૂહનું કારણ થાય છે." આ પ્રમાણે આદર સહિત તે દેવે કહ્યા છતાં પણ ઉત્તમ મુનિની જેમ તે કામદેવે જેવામાં કોઈ પણ પ્રકારે થોડો પણ પ્રત્યુત્તર આપ્યો નહીં તેવામાં અત્યંત આશ્ચર્ય પામેલો તે દેવ તેના ચરણને નમીને, તેના ગુણસમૂહનું કીર્તન કરીને જેમ આવ્યો હતો તેમ પાછો ગયો. બીજો પણ (કામદેવ પણ) ધર્મને આરાધીને, ત્રીજે ભવે કર્મના અંશને ખપાવીને શાશ્વત આનંદ અને સુખવાળા મોક્ષને પામશે. જો આ પ્રમાણે ગૃહસ્થીઓ પણ ધર્મમાં નિશ્ચળ થઈ અત્યંત ઉદ્યમ કરે છે, તો ગૃહવાસનો ત્યાગ કરનાર તપસ્વીઓ કેમ પ્રમાદ કરે? આ પ્રમાણે શ્રીવીર જિનેશ્વરે સાધુઓને આશ્રયીને કહ્યું ત્યારે શ્રમણસંઘ(સાધુસમુદાય)નું ચિત્ત વિશેષ કરીને સંયમમાં ઉદ્યમી થયું. આ પ્રમાણે જેમ ભવના ભયથી ભય પામેલા કામદેવ શ્રાવકે સામાયિકને વિષે નિશ્ચલપણું કર્યું તેમ બીજાઓએ પણ કરવું.

દિગ્વ્રતમાં ગ્રહણ કરેલા દિશાના પરિમાણનું જે હંમેશા ગમનનું પરિમાણ કરવું તે બીજું શિક્ષાવ્રત છે. આ વ્રતમાં આનયનપ્રયોગ ૧, પ્રેષ્યપ્રયોગ ૨, શબ્દાનુપાત ૩, રૂપાનુપાત ૪ અને બહાર પુદ્ગળ નાંખવું તે ૫–આ પાંચ અતિચાર વર્જવાના છે. આ લોકને વિષે પણ હંમેશાં દિશાનું પરિમાણ કર્યું હોય તો સાગરદત્તની જેમ આ લોક અને પરલોક સંબંધી અનર્થો પ્રાપ્ત થતા નથી."

તે સાંભળી ગૌતમસ્વામીએ કહ્યું કે-"હે જગદ્ગુરુ ! તે સાગરદત્ત કોણ? અને દિગ્વ્રતના પરિમાણનું સેવન કરવાથી તેને આ ભવ અને પરભવના અનર્થનો વિનાશ શી રીતે થયો? તે કહો. તે સાંભળવામાં મને ઘણો આનંદ છે." ત્યારે ભગવાને કહ્યું-"કહું છું:—**પાટલીખંડ** નામના નગરમાં **ધનસાર** નામના શ્રેષ્ઠીનો **સાગરદત્ત** નામે પુત્ર હતો. તે સમગ્ર સેંકડો વ્યસનથી ગ્રહણ કરાયેલો અને [1]દુર્લલિત પુરુષોની ગોષ્ઠીમાં (મિત્રાઇમાં) પડેલો હતો, તેથી તે તે (દ્યૂતાદિક) પ્રકારે કરીને દ્રવ્યનો વિનાશ કરતો હતો. એકદા દ્રવ્યનો વિનાશ થવાથી તે દેશાંતરમાં ગયો. ત્યાં દ્રવ્ય ઉપાર્જન કરવાના ઘણા ઉપાયો કર્યા, તેથી દ્રવ્યના કેટલાક સેંકડા તેણે પ્રાપ્ત કર્યા. તે દ્રવ્યવડે કાંઇક ભાંડ ગ્રહણ કરીને તે સિંધુ દેશમાં ગયો. ત્યાં તે ભાંડ વેચ્યું. તેનાથી ઘણો લાભ પ્રાપ્ત થયો, તેથી તેને સંતોષ થયો, અને તે વિચારવા લાગ્યો કે-"અહો ! આ દ્રવ્યનું શું ફળ કે જે પોતાના મિત્ર અને સ્વજનવર્ગના ઉપયોગમાં ન આવે? તેથી હું મારા નગરમાં જાઉં. પિતાને જોઉં. તેને આ દ્રવ્યનો સમૂહ આપું. મોટા પ્રભાવવાળા તે (પિતા)નો પ્રત્યુપકાર થઇ શકે તેમ નથી; કેમકે મેં તો તેમને વિવિધ પ્રકારના અનર્થના સમૂહવડે સંતાપ જ ઉત્પન્ન કર્યો છે." આ પ્રમાણે વિચારીને જાતિવંત અશ્વોને ગ્રહણ કરી તે પાટલીખંડ નગર તરફ ચાલ્યો. નિરંતર પ્રયાણવડે જતાં અર્ધમાર્ગે જ વર્ષાઋતુ પ્રાપ્ત થઇ. નિરંતર પ્રસરતી જળની વૃષ્ટિ પડવા લાગી. પર્વતની નદીઓ વહેવા લાગી. પૃથ્વીમંડળ નવા લીલા ઘાસવડે શોભિત થયું. મુસાફરોનો સમૂહ પોતપોતાના ગૃહાદિકમાં લીન થયો. ઘણા ચીકણા કાદવવડે પૃથ્વીના માર્ગો દુર્ગમ[2] થયા, તેથી ચાલવાને અસમર્થ થયેલો તે ત્યાંજ વાસ કરીને રહ્યો. એક દિવસે પોતાના અશ્વો ચરતા હતા, તેમની પાછળ ચાલતો તે જેટલામાં કેટલીક ભૂમિ દૂર ગયો તેટલામાં તેણે પર્વતની ગુફામાં રહેલા **આર્યસમિત** નામના એક ચારણ મુનીશ્વરને જોયા. ચાર માસના તપ વિશેષને અંગીકાર કરી તે મુનિ એક પગ ઉપર સર્વ શરીરનો ભાર રાખીને ઊભા હતા. મૂર્તિમાન જાણે ધર્મનો સમૂહ હોય તેવા દેખાતા હતા. સિંહ, હરણ, વ્યાઘ્ર, સૂવર વિગેરે તિર્યંચો પરસ્પર વેરનો ત્યાગ કરી તથા ચરવું અને પાણી પીવું વિગેરેને છોડી તે મુનિની સેવા કરતા હતા. તેમને જોઇ મોટા વિસ્મયને પામેલા સાગરદત્તે વિચાર્યું કે-"અહો આશ્ચર્ય ! આશ્ચર્ય ! કે જેથી ઘણા દુષ્ટ પ્રાણીઓ પણ આ પ્રમાણે

---

૧ જુગારી વિગેરે. ૨ જઇ ન શકાય તેવા.

આ મહામુનિની સેવા કરે છે. સર્વથા આ મુનિ સામાન્ય સત્ત્વવાળા નથી. આનું દર્શન પણ પવિત્રતાનું કારણ છે, તો પછી વંદન તો વિશેષ પવિત્રતાનું કારણ હોય તેમાં શું કહેવું?" આ પ્રમાણે વિચાર કરી ઉછળતા મોટા ભક્તિના સમૂહને લીધે તેના શરીર પર રોમાંચ ખડા થયા, તેથી તે તેમની સમીપે જઇ પંચાંગ પ્રણામપૂર્વક તેમના ચરણમાં પડ્યો. ત્યારે મુનિએ પણ 'આ ભવ્ય છે' એમ જાણી, કાયોત્સર્ગ પારી, ધર્મલાભવડે તેને પડિલાભ્યો. પછી હર્ષથી વિકસ્વર નેત્રવાળા સાગરદત્તે તેમને કહ્યું કે—"હે ભગવન્! આવું અતિ દુષ્કર તપ તમે કેમ આચરો છો? અને આવા એકાંતવાસમાં કેમ રહો છો? તથા દુઃખે કરીને આચરી શકાય તેવા આ અનુષ્ઠાનનું શું વિશેષ ફળ છે?" મુનિએ કહ્યું—"હે મહાનુભાવ! જે આ સંયમનું પાલન કરવું તે જ આ અવશ્ય નાશવંત શરીરનો મોટો લાભ છે, અને આ સંયમ મનની એકાગ્રતા કર્યા વિના સારી રીતે પાળી શકાતો નથી, તેથી સારા તપસ્વીઓ એકાંતવાસને જ સેવે છે. વળી તેં કહ્યું કે—આનું શું ફળ છે? તે બાબત હે સુંદર! તું સાંભળઃ—

સારા આચરણરૂપ સંયમવાળા પુરુષો મનુજ અને તિર્યંચ વિગેરે દુર્ગતિમાં પડવાથી ઉત્પન્ન થયેલા અત્યંત તીવ્ર દુઃખોને તથા દારિદ્ર, વ્યાધિ, વેદના, જરાવસ્થા અને મરણ વિગેરે કષ્ટોને લીલામાત્રથી જ ઉખેડી નાંખીને મોક્ષપદને પામે છે, તેથી તેનું મોટું ફળ છે. આ કારણથી જ સત્પુરુષો રાજ્યને, લક્ષ્મીને તથા ભોગના વિસ્તારને એકદમ તજીને સંયમના યોગને અંગીકાર કરે છે. જેઓ પરલોકમાં સુખ આપનાર એક ધર્મને જ ઉપાર્જન કરે છે તેઓ ધન્ય છે, તેઓ કૃતપુણ્ય (પુણ્યશાળી) છે, અને તેઓ જ કલ્યાણના નિધિરૂપ છે." આ પ્રમાણે સાંભળી સાગરદત્તને ધર્મ ઉપર મોટી શ્રદ્ધા ઉત્પન્ન થઈ, તેથી તેણે કહ્યું કે—"હે ભગવન! તમારું આ ઉત્કૃષ્ટ ચરિત્ર ભુવનને વિષે એક આશ્ચર્યકારક છે, કે જે તમે પ્રથમ વયમાં જ દુર્જય કામદેવને જીત્યો છે, મોહનું ઉન્મૂલન કર્યું છે, ક્રોધરૂપી યોદ્ધાનો નિગ્રહ કર્યો છે, લોભનો ધ્વંસ કર્યો છે, અભિમાનનો સર્વથા નાશ કર્યો છે, અને ધ્યાનરૂપી અગ્નિવડે માયારૂપી વાંસની ઝાડીના વનને બાળી નાંખ્યું છે, આવા પ્રકારના તમોએ સમગ્ર ત્રિભુવન પવિત્ર કર્યું છે. ભવરૂપી કુવામાં પડતો લોક પણ આલંબનવાળો થયો છે. એક હું જ અધન્ય છું કે જે આ લોકના તુચ્છ સુખને માટે થઈને હજુ સુધી તમારી પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરતો નથી. અથવા તો ચિંતામણિ રત્નોનો લાભ થયા છતાં પણ જે માણસ જેટલા

વૈભવને લાયક હોય તે માણુસ તેટલો જ વૈભવ પામે છે. તેથી મારે લાયક ધર્મ મને કહો. ”

આ પ્રમાણે તેણે ભાવપૂર્વક કહ્યું ત્યારે તેના મનના પરિણામને અનુસરીને તે મુનિએ સમકિત મૂળ બાર વ્રતવાળો શ્રાવકધર્મ તેની પાસે પ્રગટ કર્યો. તે તેણે ગ્રહણ કર્યો. ત્યારપછી કેટલાક દિવસ સુધી બીજા સર્વ વ્યાપારોનો ત્યાગ કરી મુનિની પાસે ભેદ સહિત શ્રાવકધર્મ સારી રીતે જાણ્યો. પછી જ્યારે શરદ્ઋતુ આવી, પર્વતની નદીઓ શાંત થઇ અને પથિકો ચાલવા લાગ્યા ત્યારે તે પોતાના જાત્ય અશ્વો લઇને પોતાના નગરમાં ગયો. તેણે પોતાના પિતાને જોયા, અને તેને તેણે દ્રવ્યનો સમૂહ આપ્યો. તેથી તેના પિતાને સંતોષ થયો. તે સાગરદત્ત સામાયિકાદિક ધર્મમાં લીન થઇને કાળ નિર્ગમન કરવા લાગ્યો. એક દિવસે તે સાગરદત્તે દિશાગમનનો સંક્ષેપ કર્યો કે–“ આજે રાત્રિદિવસમાં ઘરની બહાર હું નીકળીશ નહીં. ” હવે તે જ દિવસે તે જાત્ય અશ્વો ચરવાને માટે બહાર ગયા. તેમને બે ચોરો હરી ગયા. તેમનું હરણ રક્ષકોએ સાગરદત્તને જણાવ્યું. તેણે તે સાંભળ્યા છતાં પણ પોતાના ધર્મના અનુષ્ઠાનમાં નિશ્ચલ ચિત્ત હોવાથી પ્રત્યુત્તર પણ આપ્યો નહીં. ત્યારે સ્વજનવર્ગ પણ તેને કહેવા લાગ્યો કે–“ અહો ! સાગરદત્ત ! કેમ આમ કાષ્ઠની જેમ મૌન ધારીને રહ્યો છે ? ચોરની પાછળ કેમ દોડતો નથી ? કેમકે ગોસ્વામી[1] ઉદાસીન રહે તો તેના સેવકો શી રીતે પ્રવૃત્તિ કરે ?” સાગરદત્તે કહ્યું–“ જે થવાનું હોય તે થાઓ. હું જરા પણ મારા વ્રતની વિરાધના નહીં કરું. ” તે સાંભળી તેનો નિશ્ચય જાણી તેનો સ્વજનવર્ગ ક્રોધ કરી જેમ આવ્યો હતો તેમ પાછો ગયો. હવે અહીં તે બન્ને ચોરો પોતાની પાછળ આવતાં કોઇ વામન જેવા માણુસને પણ નહીં જોવાથી નિર્ભય અને ઉદ્વેગ રહિત જવા લાગ્યા. જતાં જતાં ‘ સર્વ અશ્વોને હું એકલો જ ગ્રહણ કરું ’ એવા લોભના દોષે કરીને બન્નેને પરસ્પર વધ કરવાનો પરિણામ ઉત્પન્ન થયો. ત્યારપછી ભોજનને સમયે તે બન્ને એક ગામમાં પેઠા. ત્યાં કોઇ રાંધણુને ઘેર જુદી જુદી તપેલીમાં ભોજન તૈયાર કરાવ્યું. તેમાં એક બીજા ન જાણે તેમ તે બન્નેએ મહાવિષ નાંખ્યું. પછી ભોજન તૈયાર થયું ત્યારે તે વખતે કરવા લાયક કાર્ય ( સ્નાનાદિક ક્રિયા ) કરીને પરસ્પરના અભિપ્રાયને નહિ જાણતા તે બન્ને ભોજન કરવા બેઠા. તે

૧ રાજા, ગોવાળ અથવા સામાન્ય રીતે પશુનો સ્વામી.

વખતે પહેલો કોળીયો ખાતાં જ તે બન્ને વિષના વિકારથી પરાભવ પામ્યા અને પૃથ્વીતળ ઉપર પડી ગયા. તે જોઇ રાંધણે કલકલ શબ્દો કર્યો, એટલે ગામના લોકો એકઠા થયા. તેમને તેણીએ વૃત્તાંત કહ્યો. તેટલામાં વિષથી પરાભવ પામેલા તે બન્ને તત્કાળ મરણ પામ્યા. અશ્વો પણ સ્વામી વિનાના છે એમ જાણી ગામના લોકોએ સાચવ્યા. હવે અહીં સાગરદત્ત પોતાનો દેશાવકાશિક નિયમ પૂર્ણ થયો ત્યારે જિનપ્રતિમાની પૂજા–ભક્તિ કરીને કેટલાક પુરુષો સહિત અશ્વોના માર્ગે ચાલ્યો. અત્યંત શુભ શકુનની પ્રાપ્તિ થવાથી તેને લાભનો નિશ્ચય થયો. તેના ચિત્તમાં ઉત્સાહ પ્રાપ્ત થયો તેથી વિલંબ રહિત ગતિવડે ચાલવા લાગ્યો. માર્ગમાં સામા મળતા પથિક લોકને અશ્વોના સમાચાર પૂછતો તે કર્મ અને ધર્મના સંયોગો કરીને તે જ ગામમાં પહોંચ્યો. ત્યાં વસનારા લોકોને પૂછ્યું, એટલે તેઓએ પણ અશ્વો આપ્યા, અને ચોરનો વૃત્તાંત કહ્યો. સાગરદત્તે પણ ગામના લોકોને પોતાના નિયમનો વૃત્તાંત કહ્યો, તેથી જિનેંદ્ર ધર્મની સર્વત્ર પ્રશંસા થઇ.

ત્યારપછી સંસાર પર વૈરાગ્ય ઉત્પન્ન થવાથી સાગરદત્તે વિચાર્યું કે—"મેં જિનધર્મનો પ્રભાવ પ્રત્યક્ષ જોયો, તો હજુસુધી વ્યામૂઢ ચિત્તવાળો હું તીક્ષ્ણ દુ:ખને દેનારા પાશની જેવા ઘરવાસને સો કકડા કરીને કેમ તોડી નાંખતો નથી ?" આ પ્રમાણે વિચારી તેણે સર્વ પાપસ્થાનોનો ત્યાગ કર્યો, જિનેંદ્રની દીક્ષા ગ્રહણ કરી અને શિવસુખનો ભાગી થયો. આ પ્રમાણે હે ઇંદ્રભૂતિ ! બીજું શિક્ષાવ્રત પાળવાનું ફળ કહ્યું. હવે ત્રીજું શિક્ષાવ્રત કહીએ છીએ:—

અહીં આહાર, દેહસત્કાર, અબ્રહ્મચર્ય અને વ્યાપાર એ ચારનો ત્યાગ કરવાથી બનેલું પૌષધ નામનું ત્રીજું શિક્ષાવ્રત ઉત્તમ કહેવાય છે. આ વ્રત દેશથી અને સર્વથી એમ બે પ્રકારનું છે. તેમાં સાધુની જેમ ઉપયોગપૂર્વક નિશ્ચે સામાયિક અંગીકાર કરવું તે સર્વથી પૌષધ કહેવાય છે. આ વ્રતમાં આહારાદિક ચારને વિષે અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત શય્યા સંસ્તારક ૧, અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિ ૨, અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત શય્યા સંસ્તારક ૩, અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિત ઉચ્ચાર પ્રસ્રવણ ભૂમિ ૪ અને સમ્યક્ પ્રકારે પાલન ન કરવું ૫–આ પાંચ અતિચારો વર્જવા. જિનેશ્વરે કહેલા વિધિ પ્રમાણે જે કુશળ ધર્મને પોષણ કરે તથા જેમાં આહારાદિક ત્યાગનું અનુષ્ઠાન થાય તે અહીં પૌષધ કહેવાય છે. પ્રાણાંત ઉપસર્ગ થયા

છતાં પણ જે માણસ પૌષધ ગ્રહણ કરીને તેનો ભંગ કરે નહીં, તે જિનદાસની જેમ દેવના સુખને અને છેવટ મોક્ષને પામે છે."

તે સાંભળી ગૌતમસ્વામીએ કહ્યું કે–" હે જગતને વિષે એક સૂર્યસમાન ભગવન ! આ જિનદાસ કોણ હતો ? " ભગવાન બોલ્યા–" હું કહું છું. **વસંતપુર** નામના નગરમાં **જિનદાસ** નામે શ્રાવક હતો. તેનું ચિત્ત સંસારથી અત્યંત વિરક્ત હતું, અને તેની મતિ સર્વજ્ઞે કહેલા પરમાર્થવડે ભાવિત હતી. તેને નાવની જેમ પ્રતિકૂળ[1] ચાલનારી અને મંગળની મૂર્તિની જેમ તીવ્ર રાગને[2] પામેલી **મંગળા** નામની ભાર્યા હતી. તે જિનદાસ સામાયિક, પૌષધ અને વિશેષ પ્રકારના તપનું સેવન કરવામાં રક્ત ( આસક્ત ) અને પ્રવ્રજ્યા અંગીકાર કરવાની ઈચ્છાવાળો હતો, તેથી પોતાના બળની તુલના કરતો હતો. અને તેની તે ભાર્યા તો અત્યંત સંક્લિષ્ટપણાએ કરીને અને ઉત્કૃષ્ટ સ્ત્રીવેદપણાએ કરીને સાધુની જેમ કામવિકારને જીતનાર તેને જોઈને કઠોર વાણીવડે નિર્ભર્ત્સના કરતી કહેવા લાગી કે—

" હે મુગ્ધ ! ધૂર્તલોકે તમને છેતર્યા છે કે જે તમે વિદ્યમાન ભોગોનો પણ ત્યાગ કરી અવિદ્યમાન મોક્ષને ઈચ્છો છો. હે લક્ષણ રહિત ! દુઃખે કરીને આચરી શકાય તેવા વિશેષ તપનું સેવન કરી શા માટે પોતાના શરીરનું શોષણ કરો છો ? શું તમારો આત્મા તમારો વેરી છે ? જો તમે વિષયમાં વિરક્ત હતા, તો તમે પ્રથમથી જ કેમ પ્રવ્રજિત થયા નહીં કે જેથી હમણાં મને પરણીને મારી આ પ્રમાણે વિડંબના કરો છો ? હવે જો તમે મારી અપેક્ષા રાખ્યા વિના આ પ્રમાણે તમારી ઈચ્છા પ્રમાણે કરો છો, તો હું પણ તમારી અપેક્ષા રાખ્યા વિના જે મને ગમશે તે કરીશ." આ પ્રમાણે તેણીએ મર્યાદા રહિત કહ્યું ત્યારે ઉપશમવડે ભાવિત ચિત્તવાળા જિનદાસે તેણીને મધુર વાણીવડે આ પ્રમાણે કહ્યું કે–"હે ભદ્રે ! તું સદ્ધર્મથી પરાઙ્મુખ છો, તેથી આવું મર્યાદા રહિત વચન બોલે છે, એમ ન હોય તો આ તુચ્છ વિષયસુખમાં આટલો બધો પ્રતિબંધ ( કદાગ્રહ ) કેમ હોય ? હે સુતનુ[3] ! આયુષ્ય અલ્પ છે. તેમાં પણ જરા, મરણ, રોગ અને શોક વિગેરેનો પ્રસાર નીવારી શકાય તેવો નથી. આવો સંસાર છતાં પણ તું વિષયને વિષે કેમ મોહ પામે છે ?" ત્યારે તેણીએ કહ્યું કે–"તમારી સદ્ધર્મ દેશનાએ કરીને

---

૧ નાવ કાંઠા પ્રત્યે ચાલનારી હોય છે. ૨ મંગળની મૂર્તિ રાતી હોય છે. ૩ સારા અંગવાળી.

મારે સર્યું. હે દુષ્ટ ચેષ્ટાવાળા! તમે પોતે જ નાશ પામ્યા છો, અને હે ભ્રષ્ટ! બીજાને પણ નાશ પમાડો છો." આ પ્રમાણે દુષ્ટ અને કઠોર મુખવાળી અને દુર્વિનયની મૂળભૂમિરૂપ તેણીએ નિર્ભર્ત્સના કરેલો જિનદાસ મૌન રહ્યો.

ત્યારપછી એકદા ચતુર્દશીને દિવસે તેણે ઉપવાસ કર્યો, ચારે પ્રકારનો પૌષધ ગ્રહણ કર્યો, અને રાત્રિએ ઘરની એકાંતવાળી યાનશાળામાં કાયોત્સર્ગે રહ્યો. તે વખતે મંગળા પણ કામદેવથી પીડા પામી, કુળના અભિમાનનો ત્યાગ કરી, અપવાદની અવગણના કરી 'સ્ત્રીઓ નીચગામિની[1] હોય છે' એ કહેવતને જાણે સત્ય કરતી હોય તેમ જારને વિષે આસક્ત થઈ. ઘરના લોકોની લજ્જાએ કરીને પ્રગટપણે અકાર્ય આચરણ કરવાને અસમર્થ હોવાથી તે પ્રથમથી આવેલા શ્રૃંગારવાળા જાર પુરુષની સાથે રાત્રિને સમયે તે જ યાનશાળામાં આવી. અત્યંત અંધકારને લીધે ત્યાં કાયોત્સર્ગે રહેલા જિનદાસને નહીં જોવાથી તેણીએ તે જ ઠેકાણે લોઢાના ખીલાવડે તીક્ષ્ણ [2]પ્રતિષ્ઠાનવાળો પલ્યંક મૂક્યો. તે ખીલાવડે પાસે રહેલા જિનદાસનો સ્વભાવિક કોમળ પગ વીંધાયો. તે તે જારની સાથે અકાર્ય કરવા લાગી.

અત્યંત તીક્ષ્ણ લોઢાના ખીલાથી જિનદાસનું ચરણતળ વીંધાવાથી તેને ગાઢ વેદના ઉત્પન્ન થઈ. તે વખતે જિનદાસ આ પ્રમાણે ચિંતવવા લાગ્યો–" હે જીવ! અકાર્યમાં આસક્ત થયેલી ભાર્યાનો વિનાશ તેં પોતે જોયા છતાં પણ તું જરા પણ ચિત્તમાં સંતાપ કરીશ નહીં, કેમકે પરમાર્થ રીતે તો આ જગતમાં કોઈ પણ ભાર્યા કે સ્વજનવર્ગ છે જ નહીં; કેમકે પોતાના કાર્યનો વિનાશ થાય એટલે કે પોતાનું કાર્ય સધાય નહીં ત્યારે તે સર્વે પરાઙ્મુખ જ થાય છે. વળી પ્રેમીજન જ્યાંસુધી પોતાના કાર્યની પ્રતિકૂળતા ન જુએ ત્યાંસુધી જ પ્રીતિભાવને દેખાડે છે અને ત્યાંસુધી જ અનુકૂળપણું આચરે છે. તેથી ધર્મના અર્થ(તત્ત્વ)થી શૂન્ય ચિત્તવાળી આ સ્ત્રીનો આમાં શો દોષ છે? કેમકે સ્ત્રીઓ સ્વભાવથી જ દુર્ગ્રાહ્ય કહેવાય છે. સ્ત્રીઓનું અત્યંત રક્ષણ કર્યું હોય, અત્યંત પાલન કર્યું હોય, તેના પર અતિ ગાઢ અને રૂઢ પ્રેમ રાખ્યો હોય, તથા તેનો અત્યંત ઉપચાર કર્યો હોય, તો પણ તે દુરંત ભય આપનારી થાય છે. આ કારણથી જ પોતાની બુદ્ધિ-(જ્ઞાન)ના માહાત્મ્યથી પરમાર્થને જાણનારા શ્રેષ્ઠ મુનિઓ પ્રત્યક્ષ રાક્ષસીના જેવી સ્ત્રીઓની સાથે બોલતાં જ નથી. તેથી કરીને જેઓ સ્ત્રીઓનો ત્યાગ

૧ નીચ માર્ગે જનારી. ૨ પાયાવાળો,

કરી સંયમરૂપી પર્વત ઉપર આરૂઢ થયા છે તેઓ જ આ જગતમાં ધન્ય છે, અને તેઓએ જ જન્મ અને જીવિતનું ફળ સારી રીતે પ્રાપ્ત કર્યું છે. ઉત્કૃષ્ટ આત્માવાળો **સનત્કુમાર** ચક્રવર્તી જ ધન્ય છે કે જેણે પોતાનું નગર, અંતઃપુર, લક્ષ્મી અને રાજ્ય એ સર્વનો ત્યાગ કરી મોક્ષસુખને માટે દીક્ષા ગ્રહણ કરી અને હું જ એક અધન્ય છું કે જે હું કુલટા, અનર્થનું મૂળ અને અતિદુષ્ટ સ્ત્રીને માટે આ પ્રમાણે ગૃહવાસમાં રહ્યો છું. અથવા તો વ્યતીત થયેલા આ અર્થનો બહુ શોક કરવાથી શું ફળ છે ? અત્યારે પણ હું ભાવથી સર્વવિરતિ અંગીકાર કરું." આ પ્રમાણે વિચારીને તે ત્રિવિધે ત્રિવિધે સર્વ સંગનો ત્યાગ કરી નિરંતર પંચપરમેષ્ઠી મંત્રનું સ્મરણ કરવા લાગ્યો. તેવામાં પાદની પ્રબળ પીડાવડે આયુષ્યનો ઉપક્રમ (ક્ષય) થવાથી તે પોતાના શરીરનો ત્યાગ કરી દેદીપ્યમાન શરીરને ધારણ કરનાર વૈમાનિક દેવ થયો. ત્યાંથી આયુષ્યને ક્ષયે ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ, દીક્ષા ગ્રહણ કરી, કર્મગ્રંથીનો ક્ષય કરી શાશ્વત સ્થાન(મોક્ષ)ને પામશે. આ પ્રમાણે હે ગૌતમ ! જિનેશ્વરે કહેલા ધર્મકાર્યમાં નિશ્ચળ મનવાળા જીવને કાળક્ષેપ (વિલંબ) વિના અવશ્ય મોક્ષનો લાભ થાય છે.

આ પ્રમાણે ત્રીજું શિક્ષાવ્રત કહ્યું. હવે ક્રમથી પ્રાપ્ત થયેલું ચોથું શિક્ષાવ્રત જે પ્રમાણે હોય છે તે તમે સાંભળો. જે શુદ્ધ, કલ્પનીય અને દેશકાળયુક્ત એવું અન્નાદિકનું ઉચિત દાન યતિઓને આપવામાં આવે, તે ચોથું શિક્ષાવ્રત કહેવાય છે. તેમાં સચિત્ત વસ્તુનો નિક્ષેપ ૧, સચિત્તવડે ઢાંકવું ૨, કાલાતિક્રમ કરવો ૩, પરનો વ્યપદેશ ૪, અને મત્સર ૫—આ પાંચ અતિચારો વર્જવાના છે. હંમેશાં અન્નાદિકનું દાન આપવું તે ગૃહસ્થીજનોને ઉચિત છે, તો પછી પૌષધના ઉપવાસને પારણે યતિને ઉદ્દેશીને દાન આપવું, તેમાં શું કહેવું ? જેઓ અતિથિસંવિભાગ કર્યા વિના ભોજન કરતા નથી તેઓ **સાધુરક્ષિતની** જેમ દેવોને પણ પૂજ્ય થાય છે."

તે સાંભળી ગૌતમસ્વામીએ કહ્યું—"હે ત્રણ ભુવનના નાથ ! એ સાધુરક્ષિત કોણ ? અને તે શી રીતે દેવોને પૂજ્ય થયો ? તે કહો." ત્યારે ભગવાને કહ્યું—"સાંભળોઃ-સમગ્ર દિશાના સમૂહમાં વિખ્યાત **વાણારસી** નામની નગરી છે. તેમાં **વસુ** નામે રાજા હતો. તેને સર્વ અંતઃપુરમાં પ્રધાન **વસુમતી** નામની રાણી હતી, તથા તે નગરીમાં વણિગજનને સંમત **જિનપાલિત** નામનો શ્રેષ્ઠી હતો. તેને **જિનમતી** નામની ભાર્યા હતી. આ

ચારે પરમ શ્રાવક હતા, તેમને પરસ્પર ગાઢ પ્રેમ ઉત્પન્ન થયો હતો, અને તેઓ એકચિત્તવડે જિનધર્મ પાળતા હતા. એકદા તે શેઠાણી અને રાજાની રાણી એ બન્ને પંચવર્ણી સુગંધી પુષ્પો, દહીં, અક્ષત, સુગંધી ગંધ, ધૂપ અને વાસક્ષેપવડે છાબડીઓને પૂર્ણ ભરી હાથમાં લઇ જિનાલયમાં ગઇ. ત્યાં જિનેશ્વરની પ્રતિમાઓની અનેક પ્રકારની રચનાવડે મનોહર પૂજા કરી. ત્યારપછી વિચિત્ર સ્તુતિ, સ્તોત્ર અને દંડકવડે ચિરકાળ સુધી જિનેશ્વરની પ્રાર્થના કરી, પ્રદક્ષિણા કરી બહાર નીકળી. ત્યાં તેમણે એક પ્રદેશમાં અત્યંત દુઃખે કરીને જોઇ શકાય એવો એક પુરુષ જોયો. તેનું શરીર કુષ્ઠના વ્યાધિથી નષ્ટ થયું હતું, તેથી માખીઓના સમૂહના ગણગણાટ શબ્દવડે તે ભયંકર દેખાતો હતો. આખા શરીર પર પડેલા ચાંદાના મુખથી નીકળતા કૃમિવડે મિશ્ર થયેલો પરુનો પ્રવાહ વહેતો હતો, અને તેની આંગળી, નાસિકા તથા ઓષ્ઠ સડી ગયા હતા. તેને જોઇ રાણીએ તેને કહ્યું કે-" હે મહાનુભાવ ! અહીં રહીને તું સર્વજ્ઞની કેમ આશાતના કરે છે ? " તેણે કહ્યું-" હું અહીં નિવાસ કરવા માટે આવ્યો નથી પરંતુ ચૈત્યવંદન કરવા આવ્યો છું. " ત્યારે શેઠાણીએ કહ્યું-" હે દેવી ! જો આટલા જ પ્રયોજનને આશ્રીને તે અહીં રહ્યો છે તો ભલે રહે. તેમાં શો દોષ છે ? કેમકે સારા સાધુઓ પણ જ્યાં સુધી ચૈત્યવંદન કરે છે, અથવા વ્યાખ્યાન કરે છે, અથવા જિનેશ્વરના દર્શન કરે છે, અથવા શિષ્યોને વાચના આપે છે ત્યાંસુધી જિનચૈત્યને વિષે રહે છે. " રાણીએ કહ્યું-" તોપણ આનું શરીર વિનષ્ટ થયું છે તેથી આને અહીં રહેવું યોગ્ય નથી. અથવા તો થુંક વિગેરે કર્યા વિના સમ્યક્ પ્રકારે ઉપયોગ રાખીને એક ક્ષણમાત્ર જિનપ્રતિમાના દર્શનવડે પોતાના આત્માની સમાધિને ભલે ઉત્પન્ન કરે. તેમાં શું અયોગ્ય છે ? " શેઠાણીએ કહ્યું-" એમ જ છે. તેમાં આ મહાનુભાવનો શો અપરાધ છે ? પ્રતિકાર ન થઇ શકે તેવાં પાપકર્મો આવા પ્રકારની વિડંબનાવડે શરણ વિનાના પ્રાણીસમૂહની કદર્થના કરે જ છે. " રાણીએ કહ્યું-" ઊંચા-નીચા વચન કહેવાથી સર્યું. હે મહાનુભાવ ! તું સાધર્મિક છે તેથી તું પૂજવા લાયક છે, તેથી તું કહે કે અમે તારું શું પ્રિય કરીએ ? " તેણે કહ્યું-" અહીં શું કરવાનું છે ? પૂર્વે આચરેલા દુષ્ટ કર્મોના ફળના વિપાકનો અનુભવ કરતાં મારે સમાધિમરણ જ માગવાનું છે. તે પણ ભાગ્યરહિત હોવાથી મને દુર્લભ જણાય છે. " ત્યારે તે બન્ને બોલી-" એમ કેમ જણાય ? " કુષ્ઠીએ કહ્યું-" હું મંદ ભાગ્યવાળો છું. મને

એક અતિશય જ્ઞાનવાળાએ કહ્યું છે કે–તું મરણ સમયે સમકિતને વમી નાંખીશ, તેથી હું જાણું છું અને ચિત્તમાં સંતાપ કરું છું." તે બન્નેએ કહ્યું–"હે ભદ્ર ! જો આ પ્રમાણે હોય તો તને વિષમપણું આવી પડયું." આ પ્રમાણે ત્યાં ક્ષણમાત્ર નિર્ગમન કરીને મનમાં વિસ્મય પામેલી તે બન્ને પોતપોતાને ઘેર ગઇ. ત્યારપછી એક દિવસ ચાર જ્ઞાનને ધારણ કરનાર **સૂરતેજ** નામના સૂરિમહારાજ ત્યાં સમવસર્યા. તે વખતે શેઠાણી અને રાણી તેમને વાંદવા ગઈ. ત્યાં તેમણે ધર્મકથા સાંભળી. અવસરે તેઓએ પૂછ્યું કે–"હે ભગવન ! પહેલાં અમે ચૈત્યમાં ગઇ હતી તે વખતે અમે જે કુષ્ઠીને જોયો હતો તે મરણ સમયે કેમ સમકિતને વમી નાંખશે ?" સૂરિમહારાજ બોલ્યા કે–"તે અંતસમયે મનુષ્ય ગતિમાં આયુષ્યનો બંધ કરી ઉત્પન્ન થશે, અને સમકિતપણું ગ્રહણ કરીને અનંતર ભવમાં મનુષ્યપણું કે તિર્યંચપણું પ્રાપ્ત થતું નથી. તે વિષે કહ્યું છે કેઃ–

"સમકિતદૃષ્ટિ જીવ વૈમાનિક દેવ સિવાય બીજું આયુષ્ય બાંધે નહીં–જો તેણે પ્રથમ સમકિતનો ત્યાગ કર્યો ન હોય અથવા સમકિત પામ્યા પહેલાં અયુષ્ય બાંધ્યું ન હોય તો."

તે સાંભળી રાણીએ કહ્યું–"તે કયાં ઉત્પન્ન થશે ?" સૂરિએ કહ્યું–"આ શેઠાણીના પુત્રપણે તે ઉત્પન્ન થશે." આ પ્રમાણે સાંભળીને વિસ્મય પામેલી તે બન્ને સૂરિને નમી પોતાને ઘેર ગઇ. પછી ભાવી પુત્રના સ્નેહે કરીને શેઠાણીએ તે કુષ્ઠીની શોધ કરાવી પરંતુ તેને કોઇ ઠેકાણે જોયો નહીં. પછી કેટલાક દિવસો ગયા ત્યારે તે મરીને તે શેઠાણીના ગર્ભમાં ઉત્પન્ન થયો અને પરિપૂર્ણ દિવસે જન્મ્યો. તેનું વર્ધાપન કર્યું. રાજા વસુમતી રાણી સહિત આવ્યો. શ્રેષ્ઠીએ તેમનું ઉચિત કાર્ય કર્યું. દેવકુમાર જેવા તે પુત્રને જોઇને રાણીએ કહ્યું કે–"હે જિનમતી ! આશ્ચર્યકારક કર્મની પરિણતિને જો. જેના શરીરમાંથી પરુનો પ્રવાહ વહેતો હતો, ભયંકર ચાંદામાંથી કૃમિનો સમૂહ નીકળતો હતો, માખીઓવડે બણબણતો હતો, આંગળીઓ સડી ગઈ હતી, તથા નાસિકા અને ઓષ્ઠ ગળી ગયા હતા–આવા પ્રકારનો તે રાંકડો કુષ્ઠી પુણ્ય કરેલું હોવાથી મોટા વૈભવવાળા તારા ઘરમાં સુંદર શરીરવાળા પુત્રરૂપે કેવી રીતે ઉત્પન્ન થયો ?"

શેઠાણીએ કહ્યું–"હે દેવી ! આવા પ્રકારનું જ સંસારનું વિલસિતપણું છે, તેમાં પરમાર્થ રીતે કાંઈ પણ આશ્ચર્ય નથી; કેમકે કર્મવશ વર્તનારા પ્રાણીઓ

કયા કયા પ્રકારે પરિણામ પામતા નથી ? " દેવીએ કહ્યું–" એ એમ જ છે." હવે બાર દિવસ વ્યતીત થયા ત્યારે તે પુત્રનું સાધુરક્ષિત નામ પાડયું. કાળે કરીને તે કુમાર અવસ્થાને પામ્યો. સમગ્ર કળાઓ શીખ્યો. પછી યૌવન પામ્યો ત્યારે તેને શુભ તિથિ અને મુહૂર્તને વિષે એક શ્રેષ્ઠીની કન્યા સાથે પરણાવ્યો. વિવાહને છેડે શ્રેષ્ઠીએ રાણી સહિત રાજાને બોલાવ્યો અને શ્રેષ્ઠ રત્નના આભરણ અને વસ્ત્રો આપવાવડે તેની પૂજા કરી. તથા તેમના પગમાં નવી વહુ સહિત સાધુરક્ષિતને નમાડયો. તેને દેવીએ હાસ્ય સહિત કહ્યું કે–" હે વત્સ ! તે તેવા પ્રકારનું અને આ આવા પ્રકારનું તું જો." તે સાંભળી સાધુરક્ષિતે કહ્યું–" હે માતા ! એનો અર્થ હું કાંઈ સમજ્યો નથી." આ પ્રમાણે તેણે કહ્યું ત્યારે રાણી અને શેઠાણી પરસ્પર હસ્તની તાળીઓ આપવાપૂર્વક હસી. ત્યારે રાજાએ કહ્યું–" હે શ્રેષ્ઠી ! આ બે જણી કેમ હસે છે ? " શ્રેષ્ઠીએ કહ્યું–" હે દેવ ! હું પણ બરાબર જાણતો નથી તેથી મને પણ આશ્ચર્ય થાય છે; માટે આપ પૂછો." ત્યારે રાજાએ પૂછયું–" હે દેવી ! આ પ્રમાણે તમે શું કહ્યું ? તે સર્વથા પ્રકારે કહો." એમ રાજાએ કહ્યું ત્યારે તેણીએ પૂર્વોક્ત કુષ્ઠીનો વૃત્તાંત કહ્યો. તે સાંભળી સાધુરક્ષિતને પૂર્વ ભવ સાંભર્યો, અને તેથી સંસારવાસ ઉપર અત્યંત વૈરાગ્ય પામ્યો. એકદા તેના પુણ્યના સમૂહથી જાણે ખેંચાયા હોય તેમ **વિજયઘોષ** નામના સૂરિ-મહારાજ ત્યાં પધાર્યા. નગરના લોકોની સાથે તે સાધુરક્ષિત તેમને વાંદવા માટે ગયો. વિનય સહિત પ્રણામ કરીને તે ગુરુના ચરણની પાસે બેઠો. તેમની પાસે ધર્મદેશના સાંભળી તેથી તથાપ્રકારના કર્મના ક્ષયોપશમે કરીને તેને દેશવિરતિનો પરિણામ થયો તેથી તેણે સૂરિની સમીપે બાર પ્રકારનો શ્રાવકધર્મ ગ્રહણ કર્યો. એકદા અષ્ટમીને દિવસે તેણે પૌષધ ઉપ-વાસ કર્યો. એટલામાં માસકલ્પ પૂરો થવાથી સૂરિમહારાજે ત્યાંથી વિહાર કર્યો. પછી પારણાને દિવસે પૌષધ પારીને ઉચિત સમયે ( ભોજનસમયે ) અતિથિસંવિભાગ કરવાની ઇચ્છાથી તે સાધુની સમીપે જવા ચાલ્યો. ઘરની બહાર નીકળતાં જ તેની માતાએ તેને કહ્યું કે–" હે વત્સ ! તું કયાં જાય છે ? પ્રથમ ભોજન કરી લે. રસોઇ તૈયાર છે." સાધુરક્ષિત બોલ્યો–" હે માતા ! અતિથિસંવિભાગ વ્રતને ગ્રહણ કરીને કેમ હું ગુરુનો સંવિભાગ[૧] કર્યા વિના પોતે જ ભોજન કરું ? તેથી પ્રથમ હું સાધુઓને બોલાવી લાવું." ત્યારે તેણીએ કહ્યું–" હે પુત્ર ! પૂજ્ય સાધુઓએ અન્યત્ર વિહાર

૧ વહોરાવ્યા વિના.

કર્યો છે તે શું તું નથી જાણતો ?" આ પ્રમાણે તેણીએ કહ્યું ત્યારે તે રણરણ શબ્દવડે ગ્રહણ કરાયો, શોકથી હણાયો અને અરતિને પામ્યો. પાછો વળીને માંચામાં પડ્યો અને આ પ્રમાણે વિચારવા લાગ્યો:-"મેં કેમ પૌષધ ઉપવાસ કર્યો ? અને ગુરુમહારાજે કેમ વિહાર કર્યો ? મેં અન્ય ચિંતવ્યું અને મંદભાગ્યવાળા મને અન્ય આવી પડયું. અથવા મારવાડ દેશમાં શું કદાપિ કલ્પવૃક્ષ ઊગે ? અથવા ચંડાળને ઘેર શું ઐરાવણ હાથી શોભે ? અથવા વિકસ્વર નીલકમળના પત્ર જેવા વિશાલ નેત્રવાળી અને કમળવડે શોભતા હસ્તતલવાળી લક્ષ્મી શું કદાપિ જન્મથી જ આરંભીને દારિદ્રયવાળાને ઘેર પ્રવેશ કરે ? તેમ અમારી જેવા પુણ્ય રહિતને ઘેર આવા અવસરે શું ચિંતામણિનો તિરસ્કાર કરનાર મુનિઓ ભિક્ષાને માટે આવે ? આ પ્રમાણે થવાથી હું માનું છું કે સ્વર્ગ અને મોક્ષના સંસર્ગનું મૂળ કારણરૂપ સમકિતનો લાભ પણ પાપી એવા મને અનુબંધવાળો[1] થયો નથી."

આ પ્રમાણે તે જેવામાં આહટ્ટદોહટ્ટવાળો અને શોકના સમુદાયથી રુંધાયેલા કંઠવાળો રહ્યો હતો, તેટલામાં તેની માતાએ તેને ફરીથી કહ્યું કે-"હે પુત્ર ! તું વિલંબ ન કર. ભોજન કરી લે." સાધુરક્ષિતે કહ્યું-"હે માતા ! ભોજનથી સર્યું. જો આ અવસરે હું સાધુને મારા હાથવડે નહીં વહોરાવું તો અવશ્ય હું ભોજન નહીં કરું." આ સમયે તે પ્રદેશમાં આવેલા કોઈ દેવે તેને દેખ્યો. ત્યારે તેણે વિચાર કર્યો કે-"અહો ! આ મહાભાગ્યશાળીની પરિણતિ કેવી છે ? અહો ! પોતાના શરીરની પણ નિરપેક્ષતા કેવી છે ? તેથી હું તે પ્રમાણે કરું કે જે પ્રકારે તે પારણું કરે." એમ વિચારીને તેણે સાધુનો સંઘાટક વિકુર્વ્યો, અને તે તેના ઘરમાં પેઠો. તેને જોઈ તેની માતાએ એકદમ કહ્યું કે-"હે પુત્ર ! તારા પુણ્યના ઉદયે કરીને કયાંયથી પણ સાધુઓ આવ્યા છે તેથી તું આવ અને પોતાના જ હાથે હમણાં તેમને પડિલાભ." તે સાંભળીને અનુપમ હર્ષના ઉલ્લાસને ધારણ કરતો તે તત્કાળ શય્યાનો ત્યાગ કરી સાધુઓને વંદના કરી મોટી ભક્તિથી પડિલાભીને પોતાના આત્માને કૃતાર્થ માનતો કેટલાક ભૂમિભાગ સુધી તેમની પાછળ જઈને પોતાને ઘેર આવ્યો. પછી ગ્લાનાદિકની ચિંતા ( સારસંભાળ ) કરીને તેણે ભોજન કર્યું. આ પ્રમાણે તે ઉભય લોકને સાધનાર થયો.

આ પ્રમાણે હે ગૌતમ ! તમને મેં સંક્ષેપથી બારે વ્રતો કહ્યાં. આટલો જ શ્રાવક ધર્મનો પરમાર્થ છે. આ ધર્મનું સેવન કરવાથી અનંત જીવો

---

૧ પરંપરાવાળો-નિરંતર રહેનારો.

ભવસાગરના પર્યંતને પામીને શાશ્વત સુખવાળા મોક્ષને પામ્યા છે. જેઓ આ ઉત્તમ ધર્મને ભાવપૂર્વક ગ્રહણ કરે છે તે સત્પુરુષો ધન્ય છે, અને તેઓએ મનુષ્ય–જન્મ સારો પ્રાપ્ત કર્યો છે ( કૃતાર્થ કર્યો છે ). હે ગૌતમ ! તમે પ્રથમ મને જે પૂછયું હતું કે આ સંસારમાં જીવો અનંત દુઃખના સમૂહથી પીડા પામીને કેમ વારંવાર ભ્રમણા કરે છે ? તો તેનું મુખ્ય કારણ એ જ છે કે તેઓ કહેલા વિધિ પ્રમાણે સમ્યક્ત્વ ગુણ સહિત વિરતિને હર્ષ સહિત ગ્રહણ કરતા નથી માટે આ પ્રમાણે તીર્થંકરે ગૃહસ્થધર્મ વિસ્તારથી કહ્યો." ત્યારે તુષ્ટમાન થયેલા પ્રથમ શિષ્ય ( ગૌતમસ્વામી ) પ્રભુના પાદ–પીઠ પર પોતાનું મસ્તક નમાવી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા–" ભવરૂપી ખાડામાં પડતાં જનસમૂહના શરણરૂપ, રણ (શબ્દ, યુદ્ધ) રહિત, દેવોએ પૂજેલા, જ્ઞાતકુલરૂપી આકાશમાં પૂર્ણિમાના ચંદ્રરૂપ અને વ્યાધિ રહિત એવા હે પ્રભુ ! તમે જય પામો, જય પામો. તમે એકલાએ જ જે પ્રમાણે જગતમાં પદાર્થના સમૂહ વિસ્તારથી કહ્યા છે તે પ્રમાણે સમર્થ એવા પણ અન્ય તીર્થિકોએ જરા પણ વિસ્તાર્યા નથી. હું માનું છું કે અન્ય તીર્થિકો રંકની જેમ તમારા અર્થના ( પદાર્થના ) સારના લેશને પામીને જ્ઞાનના વૈભવે કરીને અનુપમ માહાત્મ્યવડે ગર્વિષ્ઠ થયા છે. હે પ્રભુ ! જે અંધકારને સૂર્યના કિરણોનો પ્રચાર, દીવાનો પ્રકાશ કે રત્નો પણ હણી શકતા નથી, તે ચિત્તને વિષે લીન થયેલા અંધકારને પણ તમે હણ્યું છે. " આ પ્રમાણે જગદ્ગુરુ પરની મોટી ભક્તિના પ્રભાવથી રોમાંચિત થયેલા મોટા ગણધર અસમાન સ્તુતિ કરીને પોતાના સ્થાને બેઠા.

આ અવસરે બાર વ્રત સંબંધી દેશના સાંભળીને ભવને વિષે વૈરાગ્ય ઉત્પન્ન થવાથી કેટલાકે દેશવિરતિ ગ્રહણ કરી, કેટલાકે મિથ્યાત્વના કાર્યનો ત્યાગ કર્યો, અને કેટલાકે સર્વવિરતિ ગ્રહણ કરી. તે વખતે ત્યાં રહેલા શ્રેણિક રાજા થોડી પણ વિરતિ લેવાને અસમર્થ હોવાથી તીર્થંકરને પ્રણામ કરીને કહેવા લાગ્યા કે–" હે ભગવન ! જે મનુષ્ય અત્યંત મોટા આરંભ કરનાર, મોટા પરિગ્રહને ધારણ કરનાર અને સર્વથા વિરતિ રહિત હોય તે કેવી રીતે ભવસાગરને તરી શકે ? " ત્યારે જગદ્ગુરુ બોલ્યા કે–" હે શ્રેણિક રાજા ! દેશવિરતિ અને સર્વવિરતિ ગ્રહણ કરવામાં અસમર્થ એવો તું સમકિતમાં નિશ્ચળ થા. " આ પ્રમાણે જગદ્ગુરુના વચનને ' બહુ સારું ' એમ કહી, અંગીકાર કરી તે રાજા ભગવાનને મસ્તક નમાવી જેમ આવ્યા હતા તેમ પાછા ગયા અને ઇંદ્રો સ્વર્ગમાં ગયા. તે વખતે પહેલી પોરસી

વ્યતીત થઇ. તે વખતે ચારણુના સમૂહોવડે સ્તુતિ કરાતા જગદ્ગુરુ સિંહાસન પરથી ઊભા થઇને પ્રથમથી જ દેવોએ રચેલા દેવચછંદામાં સુખશય્યા ઉપર બેઠા ત્યારે ગૌતમસ્વામી પણ ‘ કલ્પ ( આચાર )છે ’ એમ જાણીને ભગવાનના મણિરચિત પાદપીઠ પર બેસીને ધર્મદેશના કરવા લાગ્યા. તે કેટલા પૂર્વભવને કહી શકે ? અને તે કેવા લાગે ? તે ઉપર કહે છે.—

જે કોઇ અન્ય પ્રાણી કાંઈપણ પૂછે તેના અસંખ્ય ભવ કહે છે. અને તે અતિશાયી જ્ઞાનવાળો ન હોવાથી આ છદ્મસ્થ છે એમ જાણતો નથી. ( અર્થાત્ તેને તો કેવળી જેવા લાગે છે. ) અસુર, સુર, ખેચર, કિન્નર, નર અને તિર્યંચ એ સર્વે સમગ્ર વ્યાપારને મૂકીને શ્રવણરૂપી અંજળિવડે તેમની દેશનારૂપી અમૃતને અત્યંત પીએ છે. બીજી પોરસી પૂરી થાય ત્યાંસુધી ગણધર મહારાજ ધર્મને કહે છે. ત્યારપછી પ્રતિદિન આચરવા લાયક સમાચારીને આચરે છે

આ પ્રમાણે કેટલાક દિવસો વ્યતીત થયા ત્યારે એક દિવસે શ્રીવર્ધમાન-સ્વામી સિંહાસન ઉપર બેઠા હતા, ચાર પ્રકારના દેવનિકાયના દેવો પોત-પોતાને સ્થાને બેઠા હતા અને શ્રેણિક મહારાજા અંજલિ જોડીને પ્રભુને સેવતા હતા ત્યારે કોઇ એક દેવ માયાના સ્વભાવને લીધે કુષ્ઠીનું રૂપ વિકુર્વીને શરીરમાંથી નીકળતા પરુની શંકા કરનારા ( પરુની જેવા દેખાતા ) રસવાળા ગોશીર્ષ ચંદનના રસના છાંટાવડે ભગવાનની સમીપે બેસીને તેમના ચરણકમળને વિલેપન કરવા લાગ્યો. તેવા પ્રકારના દુગંછા કરવા લાયક રૂપવાળા તેને જોઇને શ્રેણિક રાજાએ વિચાર્યું કે-“ અહો ! કોણ આ દુરા-ચારી ગળતા કોઢવડે સંકોચ પામેલા શરીરના દુર્ગંધી ગંધના પ્રવાહવડે સમગ્ર પર્ષદાને દુભાવી, જગન્નાથની સમીપે રહી આ પ્રમાણે તેમની અતિ આશાતના કરે છે ? અથવા હમણાં કાંઇ પણ ભલે કરો પરંતુ પર્ષદા ઉઠશે ત્યારે અવશ્ય મારે તેનો નિગ્રહ કરવો છે. ” આ પ્રમાણે તે રાજા વિચાર કરતા હતા તેવામાં પોતાને છીંક આવી ત્યારે તે કુષ્ઠીદેવ બોલ્યો કે-“ ઘણું જીવો. ” ક્ષણવાર વ્યતીત થયા પછી અભયકુમારે છીંક ખાધી ત્યારે તે દેવે કહ્યું કે-“ જીવો કે મરો. ” ત્યારપછી કાળસૌકરિકે છીંક ખાધી ત્યારે તેણે કહ્યું કે-“ ન જીવો, ન મરો.” ક્ષણવાર પછી જગદ્ગુરુએ છીંક ખાધી, ત્યારે તેણે કહ્યું કે—‘મરો’. તે સાંભળી જિનેશ્વર ઉપર પોતાનો અત્યંત પક્ષપાત હતો તેથી રાજાને ભયંકર કોપાનળ ઉત્પન્ન થયો, તેથી તેણે સમીપે રહેલા પોતાના પુરુષોને કહ્યું કે-“ અરે ! આ દુરાચારી અને ગુરુના શત્રુને

પર્ષદા ઉઠે ત્યારે હાથમાં પકડીને મને અર્પણ કરજો, કે જેથી તેના દુર્વિનયનું ફળ બતાવું." તેઓએ કહ્યું-"જેમ દેવ આજ્ઞા આપે તેમ." (આપની આજ્ઞા પ્રમાણે કરશું). ત્યારપછી પોરસી પૂરી થઇ ત્યારે સર્વ દેવો પોતાને સ્થાને ચાલ્યા. તે કુષ્ઠી દેવ પણ જગદ્ગુરુને મોટા આદરથી પ્રણામ કરીને જવા લાગ્યો. તે વખતે તે રાજપુરુષો રાજાના આદેશને અનુસરીને તેને પકડવા ઉઠ્યા. ત્યારપછી-"આ ગયો. આ ગયો તે કુષ્ઠી." એમ બોલતા રાજપુરુષોની પાસે જ તે દેવ અદૃશ્ય થઇ ગયો. ત્યારે તેઓએ મનમાં વિલખા થઇને તે વૃત્તાંત રાજાને જણાવ્યો. ત્યારપછી બીજે દિવસે મોટા કૌતુકને પામેલા રાજાએ અવસરે જગદ્ગુરુને પૂછ્યું કે-"હે ભગવન્ ! ગઇ કાલે આપની સમીપે બેઠેલો કોઢથી નષ્ટ થયેલી કાયાવાળો અને નહીં જાણવા લાયક છે સ્વરૂપ જેનું એવો કયો પુરુષ હતો ?" ભગવાને કહ્યું—"હે મહારાજા! તે દેવ હતો. તે હમણાં **દર્દુરાંક** નામના વિમાનમાં ઉત્પન્ન થયો છે." રાજાએ કહ્યું—"કેવી રીતે ?" પ્રભુએ કહ્યું "સાંભળો":—

**વત્સ** દેશમાં **કૌશાંબી** નામની નગરી છે. ત્યાં **શતાનીક** નામે રાજા છે. તે નગરીમાં એક **સેડુક** નામનો બ્રાહ્મણ હતો. તે જન્મ થયા પછી તરત જ મોટા દારિદ્રયના ઉપદ્રવથી પીડા પામેલો હોવાથી મહાકષ્ટવડે ભિક્ષાવૃત્તિએ કરીને કાળ નિર્ગમન કરતો હતો. એકદા ગર્ભવતી થયેલી **ખરમુખી** નામની તેની ભાર્યાએ તેને કહ્યું કે—"હે બ્રાહ્મણ ! મારો પ્રસૂતિસમય નજીક આવ્યો છે, અને ઘરમાં ઘી, ચોખા વિગેરે કાંઇ પણ નથી, તો કેમ તમે નિશ્ચિંત રહ્યા છો ?" ત્યારે તેણે કહ્યું—"હે ભદ્ર ! હંમેશા ભિક્ષાભ્રમણ કરવાથી મારી બુદ્ધિ નાશ પામી છે, તેથી તું જ કહે કે આ સમયે દ્રવ્ય ઉપાર્જન કરવાનો કયો ઉપાય છે ? " તેણીએ કહ્યું—" જાઓ, સર્વ આદરથી રાજાને વળગો. તેના વિના દારિદ્રય નાશ પામશે નહીં." આ પ્રમાણે તેણીના કહેવાથી તે હંમેશા હાથમાં પુષ્પ લઇ રાજાનો આશ્રય કરવા લાગ્યો. એકદા વિધાતાની અનુકૂળતાને લીધે તેના વિનયને જોઇને રાજા તુષ્ટમાન થયો, એટલે તેણે કહ્યું કે—"હે બ્રાહ્મણ ! તારી ઇચ્છા પ્રમાણે માગ." ત્યારે તેણે કહ્યું કે—"હે દેવ ! બ્રાહ્મણીને પૂછીને હું માગીશ." રાજાએ તેનું વચન અંગીકાર કર્યું. તે બ્રાહ્મણ પોતાને ઘેર ગયો. બ્રાહ્મણીને પૂછ્યું—"હે ભદ્રે ! રાજા તુષ્ટમાન થયા છે, તો તું કહે કે હું શું માગું ?" તેણીએ કહ્યું—"હંમેશા પ્રથમ આસન પર બેસીને ભોજન કરવું, દક્ષિણામાં એક સોનામહોર અને દિવસને મધ્યે એક વાર રાજા પાસે જવું. આ ત્રણ બાબત માગો. આટલાથી

જ તમારું પ્રયોજન સિદ્ધ થશે; પણ ક્લેશ અને પ્રયાસના કારણભૂત બીજા અધિકારાદિકવડે શું ફળ છે?" તે સાંભળી બ્રાહ્મણે તે વાત કબૂલ કરી, અને તેજ પ્રમાણે રાજાને નિવેદન કર્યું. તેણે પણ તે અંગીકાર કર્યું. આ પ્રમાણે હંમેશા રાજાની પાસે ભોજન કરતો તે મોટો ધનવાન થયો. તથા રાજાના અનુસરવાવડે હંમેશા મંત્રી અને સામંત રાજાઓ પણ તેને ભોજન કરવા માટે આમંત્રણ કરવા લાગ્યા. ત્યારે તે દક્ષિણાના લોભથી ગળામાં આંગળી નાખવાપૂર્વક પ્રથમ જમેલું ભોજન વમીને વારંવાર બીજા બીજા ઘરે ભોજન કરવા લાગ્યો, તેથી તે કુષ્ઠના વ્યાધિવડે ગ્રહણ કરાયો. તેના શરીરના સર્વ અવયવો ભેદાયા (સડી ગયા). પછી "આ જોવા લાયક નથી." એમ જાણીને રાજાએ તેનો નિષેધ કર્યો. તેને સ્થાને તેના મોટા પુત્રને સ્થાપન કર્યો, તેથી તે રાજકુળમાં ભોજન કરવા લાગ્યો. બીજો એટલે તેનો બાપ સમયે ભોજનમાત્ર પણ પામતો નહોતો, અને પુત્રોએ એકાંત (સર્વથા) ત્યાગ કરેલો હતો, તેથી પોતાનો પરાભવ થયો જાણી હૃદયમાં ઇર્ષ્યાપૂર્વક વિચારવા લાગ્યો કે—"અહો! આ મારો પુત્રાદિક પરિવાર અકૃતજ્ઞ અને ખળની જેવા સ્વભાવવાળો છે, કે જેથી આ પ્રમાણે મારો પરાભવ કરે છે; તેથી હું તે પ્રમાણે કરું કે જે પ્રકારે આની પણ આવી (મારા) જેવી અવસ્થા થાય." એમ વિચારીને તેણે મોટા પુત્રને બોલાવ્યો અને કહ્યું કે—"હે વત્સ! હું ઘણા રોગના ભારથી પીડિત થયો છું અને તમારી જેવાના મુખકમળને જોવા પણ અસમર્થ થયો છું, તેથી મારે હવે ક્ષણ વાર પણ જીવવું યોગ્ય નથી; પરંતુ હે વત્સ! આપણા કુળમાં આ આચાર છે કે—મંત્રોવડે પશુને ચિરકાળ સુધી મંત્રીને તે પશુ કુટુંબને ભક્ષણ કરવા આપવો. પછી પોતાના આત્માનો નાશ કરવો. આ પ્રમાણે કરવાથી પુત્રાદિક સંતાન(પરંપરા)નું કલ્યાણ થાય છે; તેથી તું મને એક પશુ આપ કે જેથી હું તે પ્રમાણે કરું." તે સાંભળી ખુશી થયેલા પુત્રે તેને પશુ આપ્યો. તેણે પણ ઘૃતાદિકવડે પોતાના શરીરને અભ્યંગન (વિલેપન) કરી, પછી તેનું ઉદ્વર્તન કરી (બહાર કાઢી), તે હંમેશ તેને ખવરાવી તે પશુને કુષ્ઠના વ્યાધિવાળો કર્યો. વ્યાધિથી ભેદાયેલા શરીરવાળા તેને જાણીને તેણે પોતાના મોટા પુત્રને બોલાવ્યો, અને કહ્યું કે—"આ પશુને મંત્ર્યો છે, તેથી તું પરિવાર સહિત આનું માંસ ખા કે જેથી તું કલ્યાણને ભજનારો થા. હું પણ હવે શરીરનો ત્યાગ કરું છું." તે સાંભળી પુત્રે તે પ્રમાણે કર્યું. તેનું માંસ ભક્ષણ કરવાથી પરિવાર સહિત તેને કુષ્ઠનો વ્યાધિ

સંક્રમ્યો (થયો). ત્યારપછી હૃદયમાં હર્ષ પામી તે બ્રાહ્મણ નગરની બહાર નીકળ્યો. હંમેશાં ચાલતા ચાલતા તે એક મોટી અટવીમાં આવ્યો. ત્યાં ગ્રીષ્મઋતુના તાપથી પીડા પામેલો તે પાણીની શોધ કરવા માટે આમતેમ ભમતો એક પર્વતની ઝાડીમાં ગયો. ત્યાં વિવિધ જાતિના કષાય (તુરા) સ્વાદવાળા વૃક્ષોના પત્ર, પુષ્પ અને ફળના રસના પાકથી વ્યાપ્ત જળ જોયું. તે તેણે કંઠ સુધી પીધું. તેના વશથી તેને વિરેચન લાગ્યું, કૃમિના સમૂહ ખરી પડ્યા, શરીર સારું થવા લાગ્યું. એ પ્રમાણે હંમેશાં તે પાણી પીવાથી તેનો કોઢનો વ્યાધિ નષ્ટ થયો અને ફરીથી નવા શરીરવાળો થયો. એટલે તે પાછો ફરીને પોતાને ઘેર ગયો. ત્યાં પુત્રાદિક પરિવારના શરીર ગળતા કોઢવડે નષ્ટ થયેલા જોઇ ઇર્ષ્યાથી તેણે કહ્યું કે–" અરે! તમારી દુષ્ટ ચેષ્ટાનું કડવું ફળ જુઓ." તેઓએ કહ્યું–" શી રીતે?" આ પ્રમાણે તેમણે કહ્યું ત્યારે તેણે પૂર્વનો વૃત્તાંત કહ્યો. તે સાંભળી ક્રોધ પામેલા તેઓ તેને આ પ્રમાણે આક્રોશ કરવા લાગ્યા:—

" અરે પાપકર્મવાળા! નિર્દય! ભિલ્લની જેવા સ્વભાવવાળા! આવું અકાર્ય કરીને હજુ પણ અમારી પાસે તારું મુખ કેમ બતાવે છે? ચંડાળને પણ અનુચિત આવા પ્રકારના કર્મને આચરતા તેં અસંખ્ય કુળકોટિ નરકમાં પાડી. અરે દુષ્ટ કર્મથી પેદા થયેલા! શું આ લોકની કહેવત પણ તેં સાંભળી નથી કે પોતાના હાથવડે વૃદ્ધિ પમાડેલો વિષવૃક્ષ પણ છેદવા યોગ્ય નથી."

આ પ્રમાણે ઘરના માણસોએ તેના શરીરને (મનને) ઘણા પ્રકારના દુર્વચનવડે પીડા પમાડ્યું, એટલે તે ત્યાંથી નીકળીને આ નગરમાં આવ્યો.

અહીં તે ક્ષુધાથી હણાયો એટલે તે નગરના દ્વારપાળની પાસે આવ્યો. તેણે પણ કાંઇક ભોજન વિશેષ આપીને તેને કહ્યું કે–" અરે! તું અહીં દ્વારદેવની પાસે રહેજે. તેટલામાં હું ભગવાન મહાવીરસ્વામીને વાંદીને આવું છું." તે વચન તેણે અંગીકાર કર્યું. બીજો (દ્વારપાળ) પણ મને વાંદવા આવ્યો. હવે ત્યાં અવસરે ઉત્સવ વિશેષ હોવાથી પુરની સ્ત્રીઓ બળિદાન માટે પુડલા લઇને તે દ્વારદેવતાની પૂજા કરવા આવી. તે બ્રાહ્મણે રંકની જેમ અપૂર્ણ ઇચ્છાવાળા થઇ તે બળિદાનનું ભક્ષણ કર્યું. ઘણું ખાવાથી રાત્રિએ તેને તૃષા ઉત્પન્ન થઇ, પરંતુ પેટ અત્યંત ભરેલું હોવાથી અંદર પાણી ન માવાથી આર્ત્તધ્યાનવડે મરીને અહીં જ નગરની સમીપે રહેલી ઘણા જળથી ભરેલી વાવમાં દર્દુર (દેડકો) થયો. ત્યાં જેટલામાં

પર્યાપ્તિપણાને પામ્યો તેટલામાં તેણે પાણી ભરનારી સ્ત્રીઓની પરસ્પર વાત આ પ્રમાણે સાંભળી કે–" હે સખી ! હે સખી ! મને જલદી માર્ગ આપ કે જેથી ઘરનું કામ કરી શીઘ્રપણે ભગવાન મહાવીરસ્વામીને હું વાંદું." આ પ્રમાણે સાંભળીને " મેં પૂર્વે કોઇ પણ ઠેકાણે આ શબ્દ સાંભળ્યો છે." એમ ઊહાપોહ કરતા તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્વ ભવ યાદ આવ્યો ત્યારે " હું પણ તે ભગવાનને વાંદું." એમ ભક્તિથી વિચારી વાવમાંથી બહાર નીકળ્યો અને રાજમાર્ગે ચાલવા લાગ્યો. તે અવસરે હે શ્રેણિક રાજા ! તમારા ચપળ અશ્વની તીક્ષ્ણ ખરીના પ્રહારવડે તેનું શરીર જર્જરિત થયું. તે વખતે શુભ અધ્યવસાયના વશથી તે મરીને દર્દુરાંક નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં અવધિજ્ઞાનવડે પૂર્વનો વૃત્તાંત જાણી મને વાંદવા અહીં આવ્યો તેથી હે દેવાનુપ્રિય ! તે કુષ્ઠી નથી પણ દેવ છે."

તે સાંભળી શ્રેણિક રાજાએ કહ્યું કે–" હે ભગવન ! મેં છીંક ખાધી ત્યારે તેણે કેમ એમ કહ્યું કે–જીવ, અભયકુમારે છીંક ખાધી ત્યારે જીવ અથવા મર, કાલસૌકરિકે છીંક ખાધી ત્યારે ન જીવ, ન મર અને આપે છીંક ખાધી ત્યારે મર ?" જગદ્ગુરુએ કહ્યું–" હે રાજા ! આનું કારણ સાંભળો. તમે જીવો છો ત્યાંસુધી રાજ્યસુખને ભોગવો છો અને મર્યા પછી નરકે જવાના છો, તેથી તે મહાનુભાવે કહ્યું કે તું જીવ. અભયકુમાર પણ ધર્મમાં રક્ત છે અને સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવામાં પ્રીતિવાળો છે તેથી તેને જીવતાં રાજ્યલક્ષ્મીનો ભોગ છે અને મર્યા પછી પણ દેવના સુખનો લાભ છે, તેથી તેણે કહ્યું કે–જીવ અથવા મર. કાલસૌકરિક પણ જીવતો છે ત્યાં સુધી અનેક નિરપરાધી પ્રાણીઓના સમૂહના ઘાતવડે ઘણું પાપ ઉપાર્જન કરે છે, અને મરીને અવશ્ય નરકે જશે; તેથી તેણે કહ્યું કે–તું ન જીવ અને ન મર. વળી રાજા વિગેરેને અતિદુષ્ટ કર્મના વશથી અવશ્ય નરકે જવાનું છે, તેથી તેનું એક જીવિત જ શ્રેયકારક છે. તપ–નિયમમાં સારી રીતે રહેલા જીવોને જીવતાં અને મર્યા પછી પણ કલ્યાણ જ છે; કેમકે તેઓ જીવતાં ગુણો ઉપાર્જન કરે છે અને મરીને સદ્ગતિમાં જાય છે. પાપકર્મ કરનારા જીવોને મરણ પણ અહિતકારક છે અને જીવિત પણ અહિતકારક છે, કેમકે તેઓ મરીને નરકમાં પડે છે અને જીવતાં વેરને વધારે છે.

વળી મેં છીંક ખાધી ત્યારે 'મરો' એમ જે કહ્યું તેમાં પણ આ કારણ છે કે–વિવિધ પ્રકારની આપત્તિના સ્થાનરૂપ આ મનુષ્યલોકમાં

તમે કેમ વસો છો ? કેમકે તમે તો આ મનુષ્ય શરીરનો ત્યાગ કરી એકાંત સુખવાળા મોક્ષમાં જવાના છો."

હવે શ્રેણિક રાજા પ્રથમ કહેલો નરકમાં પડવાનો વૃત્તાંત સાંભળવાવડે ગાઢ શોકનો આવેશ ઉત્પન્ન થવાથી કહેવા લાગ્યા કે–"હે ભગવન ! સમગ્ર ત્રણ ભુવનનું રક્ષણ કરવામાં તત્પર રહેલા આપ મારા સ્વામી છતાં કેમ મારે નરકમાં જવાનું થશે ? કેમકે—

માત્ર આપના નામનું કીર્તન જ દિવસનાં થયેલાં પાપનો નાશ કરે છે, આપના ચરણકમળનું દર્શનમાત્ર પણ પાપના સમૂહનું પણ નિવારણ કરે છે, હે નાથ ! આપના ચરણમાં નાંખેલા એક જ પુષ્પવડે પણ નરકના વિશાળ દ્વારો પણ બંધ થઈ જાય છે તે આશ્ચર્ય છે. હે સ્વામી ! ભક્તિથી આપને કરેલો એક પણ નમસ્કાર સ્વર્ગ અને મોક્ષમાં રહેવાના સુખનું કારણરૂપ થાય છે. હે નાથ ! જ્યાં સુધી આપનું વચનામૃત શ્રવણપુટમાં પ્રવેશ કરતું નથી ત્યાંસુધી જ અસહ્ય રોગ અને શોકથી ઉત્પન્ન થયેલાં દુઃખો વિલાસ કરે છે, તો હે નાથ ! પત્થરમાં કોતરેલા હોય તેવા મંત્રના સારભૂત અક્ષરોવડે આપનું નામ–ચિંતવન કરતા મને નરકના દુઃખની પ્રાપ્તિ કેમ થાય ? દુર્ગતિરૂપ ખાડાની મધ્યે પડતાં ત્રણ ભુવનના એક આધારરૂપ આપ નાથ છતાં પણ મને આવા પ્રકારનું વ્યસન (દુઃખ) કેમ આવી પડયું ? મારા નિરર્થક જીવિતને ધિક્કાર છે ! ધિક્કાર છે !! કે જેથી મંદભાગ્યમાં શિરોમણિ સમાન જેને (મને) આવા પ્રકારની સામગ્રી છતાં પણ આવી દુર્ગતિ પ્રાપ્ત થઇ !" આ પ્રમાણે આવા પ્રકારના અતિગાઢ શોકને લીધે નેત્રમાંથી અશ્રુપાત કરતા અને નરકથી ભય પામેલા રાજાએ જગદ્ગુરુને વિનંતિ કરી.

આ પ્રમાણે શોક સહિત બોલતા રાજાને જોઇને દયાના ભારથી મંદ થયેલા નેત્રવાળા જિનેશ્વરે કહ્યું કે–"હે દેવાનુપ્રિય ! તમો શા માટે સંતાપ કરો છો ? જો કે સમકિતની પ્રાપ્તિ થયા પહેલાં જ નરકનું આયુષ્ય બાંધેલું હોવાથી તમે નરકમાં પડશો, તો પણ તમે મેળવવા લાયક મેળવ્યું છે; કેમ કે તમે ક્ષાયિક સમ્યક્ત્વવાળા થયા છો, અને તેથી આવતી ઉત્સર્પિણીમાં ત્યાંથી નીકળીને **પદ્મનાભ** નામના પહેલા તીર્થંકર થશો." આ પ્રમાણે સાંભળીને હર્ષ પામેલ રાજા શ્રેણિક કહેવા લાગ્યા કે—

"હે નાથ ! જો હું આપના ચરણની પૂજાના પ્રસાદથી તીર્થંકર થઇશ, તો થોડા કાળની નરકવેદના મને શું કરશે ? હે જગતબંધુ ! હે સ્વામી ! આપના

શરણે રહેલા મારી જેવા પ્રાણી શીઘ્રપણે ભુવનને વિષે આશ્ચર્યકારક સુખોને પામે તેમાં શું આશ્ચર્ય છે? અથવા તો યોગ્યતા જોયા છતાં પણ જે પ્રભુ સેવકજનને પોતાની જેવું સ્થાન ન આપે, તે પ્રભુ શું સેવવા લાયક છે? આવા પ્રકારના ઉત્તમ કલ્યાણને આપનારા આપને જાણ્યા છતાં પણ જે મનુષ્ય આપની સેવા ન કરે તે ખરેખર આત્માનો શત્રુ જ છે."

આ પ્રમાણે ચિરકાળ સુધી જગદ્ગુરુની સ્તુતિ કરીને શ્રેણિક રાજાએ નગરમાં પ્રવેશ કર્યો (પોતાને સ્થાને ગયા). પછી તેણે મંત્રીઓ, સામંતો અને અંતઃપુર વિગેરે લોકોને બોલાવ્યા અને તેમને કહ્યું કે-"જે કોઇ જગદ્ગુરુની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરશે તેને હું નિવારીશ નહીં." આ પ્રમાણે સાંભળીને ઘણા કુમારો, મંત્રીઓ, સામંતો, અંતઃપુરના લોક અને નગરના લોકો ભગવાનની સમીપે દીક્ષિત થયા. કેટલાક દિવસો ગયા પછી અનેક કોટિ દેવોએ અનુસરાતા ભગવાન વર્ધમાનસ્વામી બહાર વિચરવા લાગ્યા.

એકદા તે દિવસના જ દીક્ષિત થએલા અને થોડા પ્રવ્રજ્યાના પર્યાયવાળા મુનિઓને કેવળજ્ઞાન ઉત્પન્ન થતું જોઇને ગૌતમસ્વામીએ સંશય ઉત્પન્ન થવાથી જગદ્ગુરુને પૂછયું કે-"હે ભગવન! શું હું કેવળજ્ઞાનને ભજનારો થઈશ કે નહીં?" સ્વામી બોલ્યા-"હે દેવાનુપ્રિય! તમે સંતાપ ન કરો. છેવટે આપણે બન્ને તુલ્ય થશું." તે સાંભળી ગૌતમસ્વામી સંતોષ પામ્યા. ત્યારપછી ભગવાન તે તે નગર અને આકર વિગેરેને વિષે **અતિમુક્તક, લોહધ્વજ, અભયકુમાર, ધન્યક, શાલિભદ્ર, સ્કંદક** અને **શિવ** વિગેરે ભવ્યજનોને પ્રવ્રજ્યા આપી **ચંપા** નગરી તરફ જતા હતા ત્યારે તેમને **શાલ** અને **મહાશાલ** મુનિઓએ વિનંતિ કરી કે-"હે સ્વામી! આપની આજ્ઞાથી અમે **પૃષ્ઠચંપા** નગરીમાં જઇએ. કદાચ અમારા ત્યાં જવાથી અમારા સ્વજનવર્ગને સમ્યક્ત્વાદિકનો લાભ થાય." આ પ્રમાણે તેમણે કહ્યું ત્યારે તેમના નાયક તરીકે ગૌતમસ્વામીને સ્થાપીને ભુવનના એકબંધુરૂપ ભગવાન ચંપાપુરીમાં ગયા. ત્યાં પૂર્વના ક્રમે રચેલા સમવસરણમાં જગદ્ગુરુ બેઠા. ત્યાં ચાર નિકાયના દેવો તથા નગરના લોકો આવ્યા. પછી તીર્થાધિપતિએ ધર્મદેશના આરંભી. તેમાં કોઇક પ્રસંગે સ્વામીએ આ પ્રમાણે કહ્યું કે-"જે પોતાની શક્તિથી અષ્ટાપદ પર્વત પર જાય તે તે જ ભવે મોક્ષે જાય." તે સાંભળીને મનમાં વિસ્મય પામેલા દેવો એક બીજાને તે વાત કહેવા લાગ્યા. તેવામાં ગૌતમસ્વામી પૃષ્ઠચંપા નગરીમાં શાલ-મહાશાલના ભાણેજ **ગાગલિ** નામના રાજાને તથા તેમના માતા-પિતાને પ્રવ્રજ્યા આપીને તથા બીજા લોકોને

ધર્મને વિષે સ્થાપન કરીને ચંપા નગરી તરફ જવા લાગ્યા. માર્ગમાં શાલ મહાશાલ તથા તેના માતા-પિતા સહિત ગાગલિમુનિને શુભ અધ્યવસાયના વશથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આ પ્રમાણે કેવળજ્ઞાન ઉત્પન્ન થયા છતાં તેમનું સ્વરૂપ ન જણાય તેવી રીતે તેઓ માર્ગમાં ચાલ્યા. ત્યારપછી ગૌતમસ્વામીએ જગદ્‌ગુરુએ કહેલા અષ્ટાપદ પર ચડનારને સિદ્ધિના લાભ થવાના સ્વરૂપવાળો દેવનો પ્રવાદ સાંભળ્યો, તેથી હૃદયમાં વિસ્મય પામેલા તે જિનેશ્વરની પાસે આવ્યા. ત્યાં જગદ્‌ગુરુને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રણામ કરીને તેણે જેટલામાં પાછળ જોયું તેટલામાં શાલ-મહાશાલ વિગેરે પાંચે કેવળીઓ સ્વામીને પ્રદક્ષિણા કરી "**नमो तीत्थस्स**" ( તીર્થને નમસ્કાર ) એમ બોલી કેવળીની પર્ષદા તરફ ચાલ્યા. તેમને જોઇ તેણે કહ્યું કે-" અરે ! તમો *ક્યાં જાઓ છો ? અહીં આવો, સ્વામીને વાંદો."* ત્યારે મહાવીરસ્વામીએ તેને કહ્યું કે-" હે ગૌતમ ! કેવળીઓની આશાતના ન કરો." તે સાંભળીને તેણે તેઓને ખમાવ્યા. પછી સંવેગને પામીને તેણે વિચાર્યું કે-" અહો ! આ મોટા અનુભાવવાળાઓએ પ્રવ્રજ્યાના થોડા પર્યાયવડે પણ પામવા લાયક કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને મેં તો ચિરકાળ સુધી ચારિત્રનું પાલન કર્યું તો પણ મને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું નહીં, તો હવે હું શું કરું ? અથવા તો આ ચિંતાથી શું ? અષ્ટાપદ પર્વત પર જાઉં, કેમકે દેવોએ આ પ્રમાણે કહ્યું છે કે-" જે કોઇ પોતાની શક્તિથી અષ્ટાપદ પર ચડે તે મનુષ્ય તે જ ભવમાં સિદ્ધ થાય." આ પ્રમાણે મનમાં વિચાર કરતા ગૌતમસ્વામીના અભિપ્રાયને તથા અષ્ટાપદના કટક ઉપર રહેલા તાપસોના ઉપકારને જાણીને જિનેશ્વરે કહ્યું કે-" હે ગૌતમ ! ચૈત્યોને વાંદવા માટે તમે અષ્ટાપદ પર્વત પર જાઓ." ત્યારે મનમાં હર્ષ પામેલા ગૌતમસ્વામી અષ્ટાપદ તરફ ચાલ્યા. તે વખતે તે જ દેવોના પ્રવાદને સાંભળીને પાંચસો પાંચસો તાપસોના પરિવારવાળા **કુંડિન્ન, દિન્ન અને સેવાલ** નામના ત્રણ કુલપતિઓ અનુક્રમે એક, બે અને ત્રણ ઉપવાસ કરીને તેના પારણાને દિવસે સચિત્ત કંદ-મૂળનું, ખરી પડેલા પીળા પાંદડાંનું અને શુષ્ક શેવાળનું ભોજન કરનારા, પહેલી, બીજી અને ત્રીજી મેખળા સુધી ચડીને રહ્યા હતા ( તેથી ઉપર જઇ શકતા ન હોતા ). તેવામાં તરુણ સૂર્યની જેવા દેદીપ્યમાન મોટા શરીરવાળા ગૌતમસ્વામી તત્કાળ તે ઠેકાણે આવ્યા. તેમને જોઈ તેઓ બોલ્યા કે-" અહો ! આ પુષ્ટ શરીરવાળો સાધુ શી રીતે ચડી શકશે ? તપવડે કૃશ શરીરવાળા અમે મહાતપસ્વીઓ પણ ચડવાને સમર્થ નથી." આ પ્રમાણે તેઓ બોલતા હતા

તેટલામાં તો ભગવાન ગૌતમસ્વામી જંઘાચારણની લબ્ધિએ કરીને કરોળીયાના તંતુ અને સૂર્યના કિરણમાત્રનું પણ અવલંબન કરીને શીઘ્ર ગતિવડે અષ્ટાપદ પર્વત પર ચડી ગયા. તે ગૌતમસ્વામી નેત્રના વિષયને ઓળંગીને આગળ ગયા ત્યારે તે ત્રણે કુલપતિઓ મનમાં વિસ્મય પામી વિચારવા લાગ્યા કે–"જો આ મહાત્મા આ માર્ગવડે ઉતરશે તો અમે તેના શિષ્યો થશું." ગૌતમસ્વામીએ પણ ઋષભાદિક જિનેશ્વરોને વાંદીને ઈશાન દિશાના વિભાગમાં અશોક વૃક્ષની નીચે મણિની શિલારૂપી પાટ ઉપર રાત્રિવાસો કર્યો. તે અવસરે **વૈશ્રમણ** નામનો ઇંદ્રનો દિક્પાળ ચૈત્યપૂજા કરીને પછી ગૌતમસ્વામીને વાંદી તેમની સમીપે બેઠો. ભગવાને પણ તેની પાસે વિસ્તારથી સાધુના ગુણો કહ્યા કે–"પૂજ્ય સાધુઓ અંત-પ્રાંત આહાર કરનારા અને વિચિત્ર તપ કરવાવડે કૃશ શરીરવાળા હોય છે–વિગેરે." તે સાંભળી વૈશ્રમણે વિચાર કર્યો કે–"આ ભગવાન સાધુના આવા ગુણો કહે છે અને પોતે તો એવી શરીરની લક્ષ્મી ધારણ કરે છે કે જેવી દેવોને પણ નથી." આવો તેનો અભિપ્રાય જાણીને ગૌતમસ્વામીએ તેની પાસે પુંડરીક અધ્યયન કહ્યું. તે આ પ્રમાણે:—

**પુંડરીકિણી** નામની નગરીમાં **પુંડરીક** નામે રાજા હતો. તેને **કુંડરીક** નામનો ભાઇ હતો. તેણે દીક્ષા ગ્રહણ કરી. સંયમના અતિદુષ્કરપણાને લીધે તે એકદા ભગ્ન પરિણામવાળો થયો, તેથી પ્રવ્રજ્યા મૂકી દેવાનું મન થયું અને વિષયતૃષ્ણામાં પડયો. પછી તે ગુરુકુળવાસનો ત્યાગ કરી ભાઈની પાસે આવ્યો. તેણે પણ તેને જાણયો કે 'આ રાજ્યને ઇચ્છે છે.' તે વખતે પુંડરીકે પોતાનું રાજ્ય તેને આપ્યું અને તેનો સાધુ વેષ લઈને પોતે ગુરુની પાસે જવા ચાલ્યો. જતાં માર્ગમાં અયોગ્ય આહારના દોષથી તે મહાત્મા મરીને શુદ્ધ અધ્યવસાયને લીધે પુષ્ટ શરીરવાળા છતાં પણ સર્વાર્થવિમાનમાં ઉત્પન્ન થયા. અને બીજો (કંડરીક) અત્યંત કૃશ શરીરવાળો છતાં પણ રૌદ્રધ્યાનના વશથી સાતમી પૃથ્વીમાં નારકી થયો. તેથી કરીને હે દેવાનુપ્રિય! કૃશપણું કે બીજું (પુષ્ટપણું) એ કાંઇ અહીં કારણ નથી, પરંતુ શુભ અધ્યવસાય જ કારણ છે. તે શુભ અધ્યવસાય જે પ્રમાણે થાય તે પ્રમાણે કરવું." આ પ્રમાણે ગૌતમસ્વામીએ કહ્યું ત્યારે તે દેવ મનમાં વિકલ્પને જાણીને, ભક્તિથી તેમને વાંદીને જેમ આવ્યો હતો તેમ પાછો પોતાને સ્થાને ગયો.

ગૌતમસ્વામી પણ રાત્રિને છેડે ( પ્રાતઃકાળે ) જિનપ્રતિમાઓને વાંદી તે શ્રેષ્ઠ પર્વત પરથી ઉતરવા લાગ્યા. તે વખતે હર્ષથી ઊંચી ડાક કરીને તાપસોએ તેમને વિનય સહિત વિજ્ઞપ્તિ કરી કે-" હે ભગવન ! અમે તમારા શિષ્યો અને તમે અમારા ધર્મગુરુ, તેથી દીક્ષા દેવાવડે અમારા પર પ્રસન્ન થાઓ " ગણધરે કહ્યું કે-" હે મોટા ભાવવાળા ! ત્રણ લોકના સ્વામી જ તમારા અને અમારા ગુરુ છે." તેઓએ કહ્યું-" શું તમારા પણ બીજા ગુરુ છે ? " ત્યારે ગૌતમસ્વામીએ જગદ્ગુરુના ગુણોની સ્તુતિ કરી. ત્યારે તે સર્વે સારી રીતે પરિણામની વૃદ્ધિ થવાથી પ્રવજ્યા લેવા તૈયાર થયા. ગણધરે તેમને દીક્ષા આપી. તે સર્વને દેવતાએ રજોહરણ આપ્યાં. પછી તે પંદર સો તાપસો સહિત જવા લાગ્યા. ભોજન સમય થયો ત્યારે ગૌતમસ્વામીએ તેમને કહ્યું કે-" હે દેવાનુપ્રિયો ! તમને કયું પ્રિય ભોજન લાવી આપું ? " તેઓએ કહ્યું-" પાયસ ( ખીર ). " પછી સર્વ લબ્ધિવાળા ગૌતમસ્વામી ઘી અને મધુ ( સાકર ) સહિત પાયસનું પાત્ર ભરીને આવ્યા, અને અક્ષિણમહાનસ લબ્ધિના સામર્થ્યવડે સર્વેને યથેષ્ટ ભોજન કરાવ્યું. તેથી બાકી શેષ રહેલાવડે પોતે ભોજન કર્યું. આવા પ્રકારનો ગૌતમસ્વામીનો અતિશય જોઇને તેઓ અત્યંત આનંદ પામ્યા. વિશેષ એ કે- ( અઠ્ઠમને પારણે ) શુષ્ક શેવાળને ભક્ષણ કરનારા પાંચસો તાપસોને ( તે જ વખતે ) શુભ અધ્યવસાયના વશથી કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પછી અનુક્રમે ત્યાંથી ચાલી ચંપાપુરીએ આવ્યા. ત્યાં પરિવાર સહિત દિન્નને ભગવાનના છત્રાતિચ્છત્ર જોતાં જ અને કોડિન્નને સ્વામીનું રૂપ દેખતાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આ પ્રમાણે ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાનવાળા પંદર સો સાધુઓ સહિત ગૌતમસ્વામી ભગવાનને પ્રદક્ષિણા દેવા લાગ્યા. ત્યારે તેઓ પ્રદક્ષિણાને અંતે તીર્થને પ્રણામ કરીને કેવળીની પર્ષદા તરફ જવા લાગ્યા. તેમને જોઇને ગૌતમસ્વામીએ કહ્યું કે-"હે મુનિઓ ! કેમ આવી રીતે જાઓ છો ? આવો. સ્વામીને વાંદો." ત્યારે જગદ્ગુરુએ કહ્યું કે-" કેવળીઓની આશાતના ન કરો." તે સાંભળી ગૌતમસ્વામી મિથ્યાદુષ્કૃત આપી પોતાને જ્ઞાન નહીં ઉત્પન્ન થવાથી અધૃતિને કરતા હતા. તે જાણી ભગવાને તેને કહ્યું કે-" હે દેવાનુપ્રિય ! તમારે દેવોનું વચન ગ્રહણ કરવું યોગ્ય છે કે જિનેશ્વરનું વચન ગ્રહણ કરવું યોગ્ય છે ? " ગૌતમસ્વામી બોલ્યા-" જિનેશ્વરનું. " જગદ્ગુરુએ કહ્યું-" જો એમ છે તો કેમ અધૃતિ કરો છો ? કેમકે મેં તમને પ્રથમથી જ કહ્યું છે કે-છેવટે આપણે બન્ને સરખાં થઇશું. વળી હમણાં જ તમને કેવળજ્ઞાન ઉત્પન્ન થતું નથી તેમાં આ કારણ છે—

તમને મારી સાથે ચિરકાળ સુધી ભવપરંપરાનો પરિચય છે, તથા મારા ઉપર તમારો ગાઢ સ્નેહ ચિરકાળથી આરૂઢ થએલો છે, તેથી હે ગૌતમ ! તમને કેવળજ્ઞાન થતું નથી. ઘણા થોડા પરિચયથી ઉત્પન્ન થએલો સ્નેહ પણ દુઃખે કરીને મૂકી શકાય તેવો હોય છે, તો પછી ઘણા કાળના પરસ્પર તુલ્ય સંવાસથી ઉત્પન્ન થએલો સ્નેહ દુસ્ત્યજ્ય હોય તેમાં શું કહેવું ? આ કારણથી જ જેનો નાયક હણાયો તેની સેના જેમ દળાઈ જાય છે તેમ મોહ હણાએથી સમગ્ર કર્મના સમૂહ લીલામાત્રથી જ દળી નંખાય છે, તેથી તમે સ્નેહના પ્રચારનો વિચ્છેદ કરીને મધ્યસ્થપણાનો સ્વીકાર કરો, કેમકે ઉત્તમ સાધુઓ મોક્ષ અને સંસારમાં નિઃસ્પૃહ હોય છે." આ પ્રમાણે જગદ્ગુરુએ કહ્યું ત્યારે વિનય સહિત પ્રણામ કરી '**तहत्ति**' ( બહુ સારું ) એમ કહી શ્રેષ્ઠ મુનીંદ્ર ગૌતમસ્વામીએ તે વચન અંગીકાર કર્યું.

આ પ્રમાણે ગૌતમસ્વામીને પ્રતિબોધ કરી જગદ્ગુરુએ ત્યાંથી વિહાર કર્યો. પછી ગામ, આકર અને નગરોવડે સુંદર ( શોભતા ) પૃથ્વીમંડળ ઉપર વિચરતા ભગવાન અનુક્રમે **મિથિલા** નગરીમાં પ્રાપ્ત થયા. ત્યાં **માણિભદ્ર** નામના ચૈત્યમાં સમવસર્યા ( રહ્યા ). સુરઅસુરાદિકની પર્ષદા એકઠી થઈ. તેની પાસે ભગવાને અહિંસારૂપી પ્રધાન મૂળવાળો, અસત્ય વચનની વિરતિવાળો, પરધનને વર્જવાથી મનોહર, દેવ, મનુષ્ય અને તિર્યંચની સ્ત્રીઓની ક્રીડાથી પરાઙ્મુખ ( રહિત ) અને અકિંચનતારૂપી ગુણે કરીને અનર્ઘ્ય ( અમૂલ્ય ) એવો સાધુધર્મ કહ્યો. તથા પાંચ અણુવ્રત સહિત ત્રણ ગુણવ્રતવડે શોભિત અને ચાર શિક્ષાવ્રતવાળો શ્રાવકધર્મ પણ કહ્યો. તે સાંભળી ઘણા પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા. તેમાં કેટલાકે સાધુપણું ગ્રહણ કર્યું અને કેટલાકે સમકિત અંગીકાર કર્યું. આ અવસરે ગૌતમસ્વામીએ મોટા વિનયથી પ્રણામ કરી જગદ્ગુરુને કહ્યું કે-" હે ભગવન ! દુષમ કાળના સ્વરૂપને સાંભળવાના વિષયમાં મને મોટું કોતુક છે, તેથી મારા પર અનુગ્રહ કરો, અને જેવું થવાનું હોય તેવું કહો." ત્યારે જિનેશ્વરે કહ્યું કે-" હે ગૌતમ ! દુષમ કાળમાં થનારું વૃત્તાંત હું કહું છું તે તમે એકાગ્રચિત્તે સાંભળો:—

હું નિર્વાણ પામીશ ત્યારે દુષમ નામનો પાંચમો આરો હશે. તેના વશથી ભવ્યજન પણ ધર્મનો ઉદ્યમ નહીં કરે, મુનિઓ પણ બહોળતાએ કરીને પરસ્પર કલહ કરશે, ઘણા પરિગ્રહમાં આસક્ત થશે, અને પોતાના ધર્મમાં સારી રીતે વર્તશે નહીં. પાખંડીઓ ( અન્ય દર્શનીઓ ) પણ પોતપોતાના

ગ્રંથના અર્થ જાણવામાં પરાઙ્મુખ થશે, કામદેવના મોહમાં પડશે અને ધર્મકર્મનો ત્યાગ કરી રાજાઓના આશ્રિત થશે. બીજા સામાન્ય લોકો પણ પોતપોતાના કુળની મર્યાદા મૂકીને આજીવિકાને માટે અત્યંત નિંદ્ય એવા તે તે કાર્યોમાં પ્રવર્તશે. ધનને વિષે પ્રીતિવાળા, અતિગર્વિષ્ઠ અને બીજાના છિદ્ર જોવામાં તત્પર થએલા રાજાઓ પ્રચંડ દંડવડે જનસમૂહને પીડા કરશે. એક જ માતાથી ઉત્પન્ન થયેલા ભાઇઓ પણ પિતાનાં ધનના લોભથી પરસ્પરના જીવનો ઘાત કરવાનો દૃઢ અભિલાષ કરશે. પશુમેધ (યજ્ઞ) અને કુવા ખોદાવવા વિગેરે કાર્યમાં પ્રવર્તતા મૂઢમતિવાળા લોકો ધર્મના મિષથી પાપનું આચરણ કરશે. ભૂત-ભવિષ્યના પદાર્થનું જ્ઞાન, દેવનું આગમન અને ઉત્તમ વિદ્યાસિદ્ધિ આ સર્વ પ્રાયે કરીને થશે નહીં. ઉન્માર્ગની દેશના, માર્ગનો નાશ અને પરને છેતરવામાં આસક્ત ચિત્તવાળા ગુરુઓ પણ સ્વેચ્છાપૂર્વક ધર્મના આચારને આચરશે. સૂર્ય ઉગ્રપણે તપશે, મેઘ યોગ્ય સમયે વરસશે નહીં, તથા રોગ, સંતાપ અને મારી (મરકી) જનસમૂહને ઉપદ્રવ કરશે. ઉદ્ધત અને ખળપુરુષોની હીલનાવડે તથા કારણ વિના અનર્થના સંયોગવડે ઉત્તમ મનુષ્યો ક્ષણમાત્ર પણ સુખ પામશે નહીં. આ ભરતક્ષેત્રમાં એકવીશ હજાર વર્ષ સુધી એટલે **દુષ્પ્રસહ** આચાર્ય સુધી નિર્દોષ ચારિત્ર પ્રવર્તશે. આ પ્રમાણે હે ગૌતમ! ભવ્યજનોને ભય ઉત્પન્ન કરનાર આ દુષમાકાળમાં થવાનો વૃત્તાંત મેં તમને સંક્ષેપથી કહ્યો. આ પ્રમાણે સાંભળીને હે મુનિઓ! તમે સંયમના કાર્યમાં તે પ્રમાણે પ્રવર્તો, કે જે પ્રમાણે તમે તે કાળે ઉત્પન્ન થતી વિડંબનાઓને ન પામો." આ પ્રમાણે જિનેશ્વરે કહ્યું ત્યારે સાધુઓ સંયમને વિષે વિશેષે કરીને ઉદ્યમવાળા થયા. પછી ભગવાન **મિથિલા** નગરીથી નીકળ્યા.

અનુક્રમે ભગવાન **પોતનપુર** નગરમાં પધાર્યા. ત્યાં **શંખ, વીર** અને **શિવભદ્ર** વિગેરે રાજાઓને દીક્ષા આપી. આ પ્રમાણે જગતના એકનાથ શ્રીમહાવીરસ્વામીને ગૌતમસ્વામી વિગેરે ચૌદ હજાર સાધુઓ, આર્ય **ચંદના** વિગેરે છત્રીશ હજાર સાધ્વીઓ, **આનંદ** અને **શંખ** વિગેરે એક લાખ ને ઓગણસાઠ હજાર શ્રાવકો, **સુલસા** અને **રેવતી** વિગેરે ત્રણ લાખ ને અઢાર હજાર શ્રાવિકાઓ, ત્રણશે ચૌદપૂર્વી અને આઠસો અનુત્તરવિમાનમાં ઉપજનારા સાધુઓ હતા. તે સર્વના માર્ગદેશકપણાને, ગુરુપણાને અને સ્વામીપણાને ધારણ કરતા તથા જ્ઞાનરૂપી કિરણોવડે અંધકારના સમૂહનો નાશ કરતા

ભગવાન ચિરકાળ સુધી પૃથ્વી પર વિચર્યા. હવે અગ્નિભૂતિ ૧, વાયુભૂતિ ૨, વ્યક્ત ૩, મંડિત ૪, મૌર્યપુત્ર ૫, અંકપિત ૬, અચલભ્રાતા ૭, મેતાર્ય ૮ અને પ્રભાસ ૯—આ નામના નવ ગણધરો સિદ્ધિપદ પામ્યા; પછી કેટલોક કાળ ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરી પોતાના મોક્ષગમનનો ( નિર્વાણનો ) કાળ સમીપે આવ્યો જાણી ભગવાન વર્ધમાનસ્વામી સમગ્ર દેશોમાં પ્રસિદ્ધિને પામેલી **પાવાપુરીમાં** ગયા, ત્યાં પોતાના બાહુબળવડે શત્રુઓને હણી નાખનાર **હસ્તિપાળ** નામે રાજા હતો, તેની અતિ મોટી શુલ્કશાળામાં રાજાની અનુજ્ઞા લેવા પૂર્વક જગદ્ગુરુ છેલ્લું ચાતુર્માસ રહ્યા. તે શાળામાં અનેક સેંકડો સ્તંભો રહેલા હતા, વિવિધ પ્રકારના શ્રેષ્ઠ ચિત્રકર્મવડે તે મનોહર દેખાતી હતી, દ્વારના તોરણને વિષે શ્રેષ્ઠ પુતળીઓવડે તે મનોહર હતી, તથા સર્વ જાતિના પ્રાણીઓના ઉપરોધ ( ઉપદ્રવ ) રહિત હતી. અનુક્રમે કાર્તિક ( આશ્વિન ) માસની અમાવાસ્યાનો દિવસ પ્રાપ્ત થયો ત્યારે જગદ્ગુરુએ કેવળજ્ઞાનનું વિઘ્ન કરનાર, અને પોતાની ઉપર સ્નેહને ધારણ કરનાર ગૌતમ ગણધરને કહ્યું કે–"હે દેવાનુપ્રિય ! અહીં પાસેના ગામમાં જઈને **દેવશર્મા** નામના બ્રાહ્મણને તમે પ્રતિબોધ કરો." તે સાંભળી "જેવી સ્વામીની આજ્ઞા." એમ કહી ગૌતમસ્વામી ત્યાં ગયા, અને ભગવાનની આજ્ઞા પ્રમાણે કર્યું. પછી ત્યાં જ રહ્યા. તેવામાં તે જ દિવસની રાત્રિના પાછલા ભાગે સ્વાતિ નક્ષત્ર હતું ત્યારે ત્રીશ વર્ષનો કેવળીપર્યાય પાળીને છઠની તપસ્યા કરીને પલ્યંક આસને રહેલા ભગવાન મહાવીરસ્વામીએ સર્વ સંવરરૂપ શૈલેશીકરણ જેટલામાં અંગીકાર નથી કર્યું ( અંગીકાર કરવાની તૈયારીમાં હતા) તેટલામાં ઇંદ્રના નેત્રોરૂપી કમલિનીનું વન એકદમ વિકસ્વર થયું અને તત્કાળ ભસ્મરાશિ નામનો ક્રૂર ગ્રહ ઉદય પામવાનો છે તેથી જિનશાસન પીડા પામશે એમ જાણી તે ઇંદ્રે બહુમાનપૂર્વક પ્રભુને વિજ્ઞપ્તિ કરી કે––

"હે ભગવાન! પ્રસાદ કરો. આ પ્રમાણે જ એક ક્ષણ નિર્ગમન કરો કે જેથી ભસ્મરાશિનો ઉદય (પ્રભાવ) પાછો હઠે; ( આપની હયાતીમાં ઉદય થાય તો તેનું જોર કમી થાય. ) કેમકે આના ઉદયથી કુતીર્થિકો આપના તીર્થને અત્યંત પીડશે અને મનુષ્યો તેનો સત્કાર કરશે નહીં. વળી આપ આવા પ્રકારનું કાર્ય સાધવામાં અસમર્થ નથી, કારણ કે જે પોતાના બળવડે ત્રણ લોકને તોળી શકે છે તેને ( આપને ) આવા કાર્યની કંઇ ગણતરી છે? વળી હે પ્રભુ! જો આપ એક ક્ષણ વાર નહીં રહો તો "જિનેશ્વરો અનંત શક્તિવાળા હોય છે" એ વચનને અમે શી રીતે સત્ય માનશું?"

તે સાંભળી જગદ્ગુરુ બોલ્યા કે—" હે સુરેન્દ્ર ! અતીતાદિક ત્રણે કાળમાં પણ આ કાર્ય થયું નથી, થશે નહીં અને થતું પણ નથી કે અત્યંત અનંત વિશેષ પ્રકારની શક્તિના ભારવડે યુક્ત કોઇ ( તીર્થંકર ) પણ આયુષ્ય કર્મ પૂર્ણ થયા છતાં પણ એક સમય માત્ર પણ રહી શકે. વજ્રની ખાણમાંથી ઉત્પન્ન થયેલા વજ્રરત્નના સેંકડો કકડા કરીને પણ કદાચ તે કકડા સાંધીને રત્ન બનાવી શકાય છે; પરંતુ વિલય પામેલા આયુષ્યનાં દળિયા કોઇ પણ પ્રકારે સાંધી શકાતા નથી; તેથી જો કદાચ કોઇ પણ વખત બિલકુલ નહીં બનેલા આ અર્થને ( કાર્યને ) અમે ન સાધી શકીએ તો તેટલાથી અમે શું અનંત શક્તિવાળા ન કહેવાઇએ ? તેથી કરીને હે ઇંદ્ર ! આ મોહ તમે મૂકી દો. " આ પ્રમાણે શક્રેંદ્રને બોધ કરી જગદ્ગુરુ શૈલેશીકરણ ઉપર આરૂઢ થઇ, એકી સાથે જ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચારે ઘાતી કર્મને ખપાવી જેને માટે પુર, મંદિર રાજ્ય અને લક્ષ્મીનો ત્યાગ કરાય છે; સ્નેહે કરીને વ્યાપ્ત એવા બંધુજનોનો ગાઢ પ્રતિબંધ મૂકાય છે; વારંવાર ગ્રીષ્મઋતુના ઉષ્ણ તાપથી તપેલી રેતીના સમૂહમાં ઊભા રહી આતાપના લેવાય છે; શીત કાળમાં હિમના કણિયાવડે દુઃસહ ભૂતળને વિષે સુવાય છે; વારંવાર શુદ્ધ, [1]ઉંછ, તુચ્છ અને નિરસ ભોજન અને પાણીનો આહાર કરાય છે; ભયંકર સ્મશાન, શૂન્ય ગૃહ અને અરણ્યાદિકમાં નિવાસ કરાય છે; હંમેશા વીરાસન વિગેરે સ્થાનો સેવાય છે; છઠ્ઠ, અઠ્ઠમ વિગેરે દુષ્કર તપનું આચરણ કરાય છે; મનુષ્ય, તિર્યંચ અને દેવોએ કરેલા ઉપસર્ગના સમૂહ સહન કરાય છે, તથા દુઃસહ પરીષહોનો સમૂહ પણ ગણકારાતો નથી તે મોક્ષપદને ત્રણ ભુવનવડે ચરણમાં નમન કરાતાં અને સંસારના ભયને મથન કરનારા શ્રી મહાવીર જિનેશ્વર એ પ્રકારે મોક્ષપદને એકલા જ પામ્યા. તે વખતે સર્વે દેવેંદ્રો પોતપોતાના સિંહાસન ચલાયમાન થવાથી જિનેશ્વરનું નિર્વાણ જાણીને ચારે પ્રકારના દેવો સહિત ત્યાં ઉતર્યા ( આવ્યા ). તે વખતે તેઓ આનંદ રહિત થયા. તેમના નેત્રોના છેડા અશ્રુના પ્રવાહથી વ્યાપ્ત થયા અને તેઓ જગન્નાથના શરીરને નમીને સમીપે રહ્યા. પછી સૌધર્માધિપતિએ નંદન વનમાંથી મંગાવેલા ગોશીર્ષ અને અગરુ વિગેરેના કાષ્ઠોવડે એકાંત સ્થળે ચિતા રચાવી. પછી સુગંધી ક્ષીરસમુદ્રના જળવડે જિનેશ્વરના શરીરને નવરાવી હરિચંદનનો લેપ કર્યો, નિર્મળ દુકૂલ ( રેશમી ) વસ્ત્ર પહેરાવ્યું. વિવિધ પ્રકારના રત્નના કિરણોવડે દેદીપ્યમાન અલંકારો પોતપોતાના સ્થાને ( અંગોમાં ) પહેરાવીને

૧. ઘણે ઠેકાણેથી થોડું થોડું લેવું તે.

તે શરીર મનોહર કર્યું. પછી તેને શિબિકામાં સ્થાપન કરી ચિતાની સમીપે લઇ ગયા. પછી દેવેંદ્રો અત્યંત જય જય શબ્દ કરવા લાગ્યા, ખેચરના સમૂહો ચોતરફ પુષ્પોના સમૂહ મૂકવા લાગ્યા (વૃષ્ટિ કરવા લાગ્યા), દેવાંગનાઓ નૃત્ય કરવા લાગી, વાજીંત્રો વાગવા લાગ્યા અને અતિ શોકથી વ્યાકુલ થયેલો સંઘ સ્તુતિ કરવા લાગ્યો. તે વખતે અગ્નિકુમારોએ તત્કાળ અગ્નિની જવાળાના સમૂહવડે પ્રદીપ્ત કરેલી ચિતામાં અસુરેંદ્રો અને સુરેંદ્રોએ જિનેશ્વરનું શરીર આરોપણ કર્યું. પછી તેમાં વાયુકુમાર દેવોએ વાયુ વિકુર્વ્યો. બીજા દેવતાઓ વારંવાર તેમાં સુગંધી ધૂપની મુષ્ટિઓ અને ઘી તથા મધના કુંભો નાંખવા લાગ્યાં. પછી માંસાદિક બળી ગયા ત્યારે સ્તનિતકુમાર દેવોએ શીતળ અને સુગંધી ક્ષીરસાગરના જળની ધારાવડે તે ચિતાને બુઝાવી. પછી મંગળને માટે શક્રેંદ્રે પ્રભુની ઉપલી જમણી દાઢા ગ્રહણ કરી અને નીચેની દાઢા ચમર અસુરેંદ્રે ગ્રહણ કરી, ડાબી ઉપલી દાઢા ઇશાનેંદ્રે ગ્રહણ કરી અને તેની નીચેની દાઢા બલીંદ્રે ગ્રહણ કરી, તથા બીજા સુરેંદ્રો અને અસુરેંદ્રોએ યથાયોગ્ય અંગોપાંગ ગ્રહણ કર્યાં. પછી ચિતાને સ્થાને વિચિત્ર રત્નોવડે સ્તૂભ રચી, જગદ્દગુરુના નિર્વાણગમનનો મહોત્સવ યત્નવડે કર્યો. પછી સર્વ દેવેંદ્રો અને દેવો તે કાળને યોગ્ય પોતપોતાનું સમગ્ર કાર્ય કરીને શોકના ભારથી મંદ વાણીવડે આ પ્રમાણે બોલવા લાગ્યાઃ—"ત્રણ લોકના નાથ આજે મોક્ષમાં જવાથી આજે જ સૂર્ય અસ્ત પામ્યો. આજે જ ભરતક્ષેત્રનું સારભૂત રત્ન હરણ કરાયું. હે નાથ! આપનો વિરહ થવાથી હવે પ્રચંડ ભવરૂપી વેરીથી પીડાતા અને નષ્ટ બુદ્ધિવાળા અમારી જેવાનું કોણ શરણ થશે? હે જિનેશ્વર! સુર-અસુર સહિત આ સમગ્ર ત્રણ ભુવન પુણ્યહીન છે એમ અમે માનીએ છીએ, નહીં તો આપ કુળપર્વતની જેટલા આયુષ્યવાળા થયા હો. અથવા અવશ્ય થનારી વસ્તુને વિષે સંતાપ કરવો નિષ્ફળ છે. હે જગન્નાથ! હવે તો સર્વદા આપનું તીર્થ જ એક જયવંત વર્તો." આ પ્રમાણે કહીને જગદ્દગુરુના દુઃસહ વિરહાગ્નિવડે પીડા પામેલા ઇંદ્રો નંદીશ્વરદ્વીપમાં જઈ અષ્ટાહ્નિકા મહોત્સવ કરી દેવલોકમાં ગયા. ત્યાં ગોળ અને શ્રેષ્ઠ વજ્રમય સમુદ્ગક-(દાબડા)માં તે જિનેશ્વરની દાઢાઓ યત્નવડે પૂજીને મૂકી. હવે તે જિનેશ્વરના નિર્વાણની રાત્રિએ દેવોના શરીરવડે ઉદ્યોત કરેલો હોવાથી આજ સુધી દરવર્ષે મનુષ્યો દીપોત્સવ કરે છે. અહીં ગૌતમસ્વામી પણ આકાશથી ઉતરતા દેવોના શ્રેષ્ઠ વિમાનો જોવાથી જિનેશ્વરનું નિર્વાણ જાણી આ

પ્રમાણે ચિંતવવા લાગ્યા. "માત્ર એક જ દિવસના કાર્ય માટે સ્વામીએ મને કેમ અહીં મોકલ્યો ? ચિરકાળના પરિચિતને વિષે શું આ પ્રમાણે કરવું યોગ્ય છે ? હા ! હા ! હું અધન્ય છું કે જે ચિરકાળ સુધી ચરણકમળ સેવીને પણ છેવટ આ પ્રમાણે હમણાં જગદ્ગુરુના વિયોગને પામ્યો. અથવા તો હે હૃદય ! રાગદ્વેષ રહિત જિનેશ્વરને વિષે શા માટે પ્રથમથી જ તેં પ્રતિબંધ કર્યો કે જેથી આટલો બધો શોક કરે છે ? કેમકે આ પ્રતિબંધ સંસારરૂપી લતાને પાણીની નીક સમાન છે, ભયંકર દુર્ગતિનું દ્વાર છે અને મોક્ષસુખની ઇચ્છાવાળાને અનર્થનું મૂળ છે. તે જ ઉત્તમ પુરુષોને ધન્ય છે કે જેઓએ સુખરૂપી હરણનો ક્ષય કરનાર મોહરૂપી મોટા સિંહના બાળકનો નાશ કર્યો છે." આ પ્રમાણે ગૌતમસ્વામીએ શુક્લ-ધ્યાનરૂપી અગ્નિવડે ગાઢ ઘાતિકર્મરૂપી કાષ્ઠને બાળી નાંખ્યા. એટલે તેમને તત્કાળ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. પછી તે ગૌતમસ્વામી બાર વર્ષ સુધી ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ કરી મોક્ષમાં ગયા ત્યારે ભગવાન સુધર્માસ્વામી નિર્વાણમાર્ગને પ્રકાશ કરવા લાગ્યા. પછી તે પણ ચિરકાળ સુધી વિચરીને **શ્રી જંબૂસ્વામીને** ગચ્છની અનુજ્ઞા આપીને સિદ્ધિપદને પામ્યા. એ જ પ્રમાણે વિદ્યાધરેંદ્રો, નરેંદ્રો અને દેવેંદ્રોના સમૂહને વાંદવાલાયક **શય્યંભવ** વિગેરે મોટા આચાર્યો થઇ ગયા. પછી અતિશય ગુણોરૂપી રત્નના નિધિ-સમાન, મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્યસમાન અને વૈરને દૂરથી જ ત્યાગ કરનાર **વજ્રસ્વામી** ઉત્પન્ન થયા. તેમની શાખામાં અને ચંદ્ર નામના કુળમાં અનુપમ સમતાના તો કુળભવનરૂપ અને સંયમના નિધાનરૂપ **શ્રી વર્દ્ધમાન** નામના મુનીંદ્ર થયા. મોટા કળિકાળરૂપી અંધ-કારના પ્રચારવડે જેના સર્વ વિષમ અને સમભાગ પૂરાઇ ગયા હતા એવો મુક્તિમાર્ગ મુનિઓની પાસે દીવાની જેવા તેમણે પ્રકાશ કર્યો હતો. મહા-દેવના હાસ્યની જેવા ઉજ્જવળ યશવડે જેણે સર્વ દિશાઓ પ્રકાશિત કરી હતી એવા તે મુનિપતિને સૂર્ય અને ચંદ્રની જેવા જગતમાં પ્રસિદ્ધ બે શ્રેષ્ઠ શિષ્યો હતા. તેમાં પહેલા **શ્રી જિનેશ્વરસૂરિ** મોટા અર્થને જાણનારા હતા. તે વહાણની જેમ સંસારસમુદ્રના તરંગોથી આમતેમ ભમતા ભવ્ય પ્રાણીઓના સમૂહને તારવામાં સમર્થ હતા. મોટા સારવાળા અને ઉજ્જવળ એવા તેનાથકી હિમવંતથકી ગંગા નીકળે તેમ સમગ્ર જનને પૂજવા લાયક અને નિર્મળ સાધુ સંતતિ[1] નીકળી. બીજા પૂર્ણિમાના ચંદ્ર જેવા સુંદર **બુદ્ધિસાગર** નામના

૧ સમૂહ.

સૂરિ થયા. પ્રશસ્ત બુદ્ધિવાળા તેમણે ઉત્તમ વ્યાકરણ અને છંદઃશાસ્ત્ર રચ્યા હતા. એકાંતવાદવડે વિલાસ કરતા પરવાદીરૂપી મૃગલાનો ભંગ કરવામાં સિંહ સમાન તે સૂરિના **જિનચંદ્રસૂરિ** નામના શિષ્ય થયા. તેમણે સંવેગરંગની શાળારૂપ કેવળ કાવ્યની રચના જ કરી એમ નહીં, પરંતુ ભવ્યજનોને વિસ્મય કરનારી સંયમની પ્રવૃત્તિ પણ કરી હતી. તથા બીજા **અભયદેવ** સૂરિ થયા તે [1] સ્વસમય અને પરસમયને જાણનારા, વિશુદ્ધ સિદ્ધાંતની દેશના દેવામાં કુશળ અને સમગ્ર પૃથ્વીપીઠમાં પ્રસિદ્ધ હતા. તેમણે નવાંગવૃત્તિ રચવાવડે સ્ત્રીની જેમ [2] અલંકારને ધારણ કરનારી, [3] લક્ષણવાળી, વરપદવાળી[4] સરસ્વતીને પ્રસન્ન કરી હતી. તેમના શિષ્ય **પ્રસન્નચંદ્ર** સૂરિ થયા. તેમની મતિ સમગ્ર શાસ્ત્રના અર્થ જાણવામાં કુશળ હતી, અને તે ચંદ્રની જેમ મનુષ્યોના મનને આનંદ આપનારા હતા. તેમના કહેવાથી **શ્રીસુમતિ** વાચકના લઘુ શિષ્ય **ગુણચંદ્ર** ગણિએ આ શ્રી વીરચરિત્ર રચ્યું છે.

## પ્રશસ્તિ

આ ચરિત્ર રચવામાં જેમનો ગાઢ આગ્રહ હતો તેમને હું મૂળથી જ કહું છું તે તમે સાંભળો:–પહેલાં મહર્ષિઓવડે નમાયેલા શ્રી**જીવદેવ** પ્રભુ (સૂરિ) હતા. તેમણે ચંદ્રની જેમ ઉજ્જવળ યશરૂપી જ્યોત્સ્નાવડે જ્ઞાતકુળરૂપી આકાશ તળને ઉજ્જવળ કર્યું હતું. તેમને **જિનદત્ત** સૂરિ નામના પ્રસિદ્ધ સુશિષ્ય હતા. તેઓ સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે ઉત્તમ સંયમ પાળવામાં તત્પર અને ગુણરૂપી રત્નના રોહણાચળ જેવા હતા. ગંભીરતા, સમતા, બુદ્ધિનો વૈભવ, દક્ષિણતા ( ચતુરાઈ ) અને મનોહર નયવડે કરીને જગતમાં તેની તુલ્ય કોઈ પણ થયો ન હોતો. તેમનાથી પ્રતિબોધ પામેલો **કપ્પડવાણિજ્ય** નગરનો રહીશ **ગોવર્ધન** નામનો શ્રેષ્ઠી હતો. તે **વાયડ** કુળરૂપી મહેલ ઉપર જયપતાકા સમાન હતો. તેણે નંદીશ્વર દ્વીપને જોવાની ઇચ્છાવાળા ભવ્ય પ્રાણીઓને દેખાડવા માટે અતિ મોટું બાવનજિનાલય કરાવ્યું હતું. ધર્મની પૃથ્વીરૂપ તેની **સોઢી** નામની

---

૧ પોતાનું શાસ્ત્ર અને બીજાનું શાસ્ત્ર. ૨ ઉપમા વિગેરે અલંકાર, બીજે અર્થ ઘરેણાં. ૩ વ્યાકરણવાળી. બીજે અર્થ રેખાદિક—લક્ષણવાળી. ૪ સારા શબ્દોવાળી. બીજે અર્થ સારા પગવાળી,

પત્નીએ અગણિત ગુણના સમૂહના સ્થાનરૂપ ચાર ઉત્તમ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. તેમાં પહેલો **અમ્મય** નામનો, બીજો સિદ્ધ નામનો, ત્રીજો **જજ્જણાગ** નામનો અને **ચોથો નન્નય** નામનો પ્રસિદ્ધ હતો. નય, વિનય, સત્ય, ધર્મ, અર્થ અને શીળે કરીને સહિત તેઓને જોઈને ખરેખર **યુધિષ્ઠિરાદિક** સત્પુરુષો હતા એમ શ્રદ્ધા થાય છે. છેવટે અનુક્રમે ગોવર્ધન શ્રેષ્ઠી અને મોટા બે પુત્રો શ્રેષ્ઠ ભાવપૂર્વક સંથારા દીક્ષાને ગ્રહણ કરી સ્વર્ગે ગયા. ત્યારે તે **જજ્જણાગ** નામના શ્રેષ્ઠીએ **છત્રાવળી** નગરીમાં વાસ કર્યો, અને સર્વથી નાનો **નન્નય** શ્રેષ્ઠી પોતાના મૂળ સ્થાનમાં જ રહ્યો. તેમનો ભાણેજ પોતાના પુત્રથી પણ અત્યંત વહાલો અને ઉત્તમ ગુણોનું સ્થાનરૂપ **જસનાગ** નામે શ્રેષ્ઠી હતો. હવે નન્નયને **સાવિત્રી** નામની ભાર્યાથી ઉત્પન્ન થયેલા **ગોપાદિત્ય** અને **કપર્દી** નામના બે પુત્રો પ્રસિદ્ધ હતા. જેણે શત્રુંજયાદિક સમસ્ત તીર્થોની યાત્રા પ્રથમ પ્રવર્તાવી તે કપર્દી શ્રેષ્ઠીની તુલ્ય બીજો કોણ હોય ? પુરુષાર્થ સાધવામાં તત્પર અને પ્રસિદ્ધ યશવાળા જજ્જણાગને જિનધર્મ પાળવામાં તત્પર **સુંદરી** નામની ભાર્યા હતી. તેણીને સુંદર અને વિચિત્ર લક્ષણોવડે શોભિત શરીરવાળો **શિષ્ટ** નામનો મોટો અને બીજો **વીર** નામનો એમ બે પુત્ર હતા. દાન, વિજ્ઞાન, બુદ્ધિ અને વિશુદ્ધ ધર્મના ઘરરૂપ તેમના લેશ ગુણને પણ કહેવા માટે કયો નિપુણ માણસ પણ સમર્થ હોય ? શરદ ઋતુની પૂર્ણિમાના ચંદ્ર જેવી કાંતિવાળો જેનો યશસમૂહ નહીં સમાવાથી સર્પની જેમ બ્રહ્માંડરૂપી કંડીયામાં પિંડરૂપ કર્યો હોય એમ શોભે છે. જિનબિંબ અને સુપ્રશસ્ત તીર્થયાત્રાદિક ધર્મકાર્ય કરવાથી તેમણે ધાર્મિક જનોમાં પ્રથમ રેખા પ્રાપ્ત કરી હતી. તેમણે સર્વ આગમના પુસ્તકો લખાવીને ભવ્ય પ્રાણીઓની અજ્ઞાનરૂપી તૃષાને શમાવનારી શ્રુતજ્ઞાનરૂપી [1]પ્રપા નિરંતર પ્રવર્તાવી હતી, તીર્થંકરોની પરમ ભક્તિનો સર્વસ્વને વહન કરતા તેમને મુગ્ધજનોને બોધ કરનારું આ શ્રી**વીરચરિત્ર** રચાવ્યું છે. અહીં પોતાની મતિની દુર્બળતાને લીધે મારાથી કાંઈપણ અયુક્ત લખાયું હોય તો તે ગુણોવડે આઢ્ય અને મત્સર રહિત વિદ્વાનોએ શુદ્ધ કરવું. છત્રાવલિ નગરીમાં મુનિ અંબેશ્વરના ઘરમાં રહીને રચેલું આ ચરિત્ર ગુણના નિધાનરૂપ **માધવ** નામના લહીયાએ લખ્યું છે. વિક્રમથી ૧૧૩૯ વર્ષ વ્યતીત થયા ત્યારે જેઠ માસના શુકલપક્ષની ત્રીજ અને સોમવારે આ ચરિત્ર સમાપ્ત થયું છે.

૧ પાણીની પરબ

સમર્થ વિઘ્નને હણનારા મોટા માહાત્મ્યવડે યુક્ત અને જગતમાં પ્રસિદ્ધશ્રી વર્ધમાન જિનેશ્વર જયવંત વર્તે છે. ત્યારપછી અસંખ્ય સુખનું એકમૂળરૂપ અને મોટા સંસારના ભયને નાશ કરનાર તેમનું શાસન જયવંત વર્તે છે. અકલ્યાણને સમાવવામાં ( નાશ કરવામાં ) નિપુણ, પ્રાણીઓને કલ્પવૃક્ષ સમાન અને જગતને પ્રકાશ કરનાર **શ્રીપાર્શ્વનાથ** જિનેશ્વર જયવંત વર્તે છે. ત્યારપછી દિવ્ય કમળમાં નિવાસ કરનારી, હાથમાં કમળને ધારણ કરનારી અને શ્રુતરૂપી રત્નની પૃથ્વીરૂપ સરસ્વતી જયવંત વર્તે છે.

આ પ્રમાણે શ્રીવીર જિનેશ્વરનો '**મોક્ષપદને આપનાર**' એવા નામનો આ આઠમો પ્રસ્તાવ કહ્યો. તે કહેવાથી આ ચરિત્ર પણ સમાપ્ત થયું. તે તમોને ચંદ્ર સૂર્ય રહે ત્યાં સુધી સુખ કરનાર થાઓ.

આ શ્રીવીર જિનેશ્વરનું ચરિત્ર જે મનુષ્યો ભાવપૂર્વક નિશ્ચળ મનવાળા થઇને નિત્ય વ્યાખ્યાન કરે છે, ભણે છે અને સાંભળે છે તેમને ઇષ્ટવિયોગ, અનિષ્ટ-સંયોગ, દુર્ગતિ, રોગ, આપત્તિ વિગેરે સર્વ પ્રકારનું દુઃખ ક્ષય પામે છે અને સુખ વૃદ્ધિ પામે છે.

શ્રી મહાવીરચરિત્રઃ

સંપૂર્ણઃ

